૫



# દ્રવ્ય ગુણ પર્યાયનો રાસ

- મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી મ.સા.

## દ્રવ્યાનુયોગ પરામર્શ - પંન્યાસ યશોવિજય


જ્ઞાન પરિણતિ
રાગ-દ્વેષ મુક્ત કેવલ વિષયનું જ્ઞાતૃત્વ
રાગ-દ્વેષ મુક્ત કેવલ વિષયનું જ્ઞાતૃત્વ
જ્ઞેય કેવળજ્ઞાનમાં સ્વત: પ્રતિબિંબિત થાય છે, જેમ દર્પણમાં દેહ! અને આત્મા આ જ્ઞાનને જાણે છે, 'રાગ' ન કરે!

સ્વલક્ષણીભૂત પારિણામિકભાવ પ્રધાનતાઈ

# પરમભાવ સ્વભાવ કહિજઈ જિમ જ્ઞાનસ્વરૂપ આત્મા.


(રાસ : ૧૧/૧૨ સ્વોપજ્ઞ ટબો)

આત્માનો પરમસ્વભાવ માત્ર સહજ જ્ઞાન!

પોતાના જ્ઞાનમાં પ્રતિબિંબિત થતા તમામ જ્ઞેયનું

## સાક્ષિભાવે સંવેદન!!!

ધન્ય અવસ્થા!



પરમ પૂજ્ય સકલ સંઘ હિતચિંતક આચાર્યદેવેશ
શ્રીમદ્ વિજય ભુવનભાનુ સૂરીશ્વરજી મહારાજા
समर्पणम्
त्वदीयं तुभ्यं समर्पयामि
प्राञ्जललेखविख्यात-
ग्रन्थभूत्या प्रभास्वरम्।
भुवनभानुसूरीशम्,
भीमे भावाद्भजे भवे।।८।।



## પરમને પામવાનું પરિપૂર્ણ પરિબળ

# દ્રવ્ય ગુણ પર્યાયનો રાસ

વિકલ્પો અને વિભાવોથી બનાવે ઉદાસ
શુદ્ધ આત્મદ્રવ્યનો કરાવે પ્રતિભાસ
આનંદઘનસ્વરૂપમાં જે કરાવે નિવાસ
એવો છે આ દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ.

વધાર્યો વ્યર્થ વાતો ને વિકથાઓનો વ્યાસ
માટે જ વેઠ્યો કર્મોનો અનહદ ત્રાસ
હવે પ્રગટી છે પરમપદની પાવન પ્યાસ
તેથી જ વાંચવો છે દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ.

॥ શ્રીઆદિનાથાય નમઃ ॥

।। णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स ।।

પંન્યાસ યશોવિજય રચિત

દ્રવ્યાનુયોગપરામર્શ-દ્રવ્યાનુયોગપરામર્શકર્ણિકા-કર્ણિકાસુવાસથી વિભૂષિત

**મહામહોપાધ્યાય શ્રીયશોવિજયજી મ.સા. દ્વારા વિરચિત**

**સ્વોપજ્ઞટબાર્થ યુક્ત**

# દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ

## ભાગ-૫

• દિવ્યાશિષ •

પરમ પૂજ્ય ન્યાયવિશારદ સ્વ.આચાર્યદેવ શ્રીમદ્ વિજય

**ભુવનભાનુસૂરીશ્વરજી** મહારાજા

• શુભાશિષ •

પરમ પૂજ્ય સિદ્ધાન્તદિવાકર ગચ્છાધિપતિ આચાર્યદેવેશ

શ્રીમદ્ વિજય **જયઘોષસૂરીશ્વરજી** મહારાજા

• દ્રવ્યાનુયોગપરામર્શાદિકાર + ગુર્જરવિવેચનકાર + સંપાદક •

પરમ પૂજ્ય પૂના જિલ્લા ઉદ્ધારક પંન્યાસ પ્રવર

**શ્રીવિશ્વકલ્યાણવિજયજી** મહારાજના શિષ્યાણુ

પંન્યાસ યશોવિજય


• પ્રકાશક •

**શ્રેયસ્કર શ્રી અંધેરી ગુજરાતી જૈન સંઘ**

ઈર્લાબ્રીજ, ૧૦૬, એસ.વી.રોડ, વિલેપાર્લા (વેસ્ટ),

મુંબઈ-૪૦૦૦૫૬. ફોન : (૦૨૨) ૨૬૭૧૯૩૫૭

* ગ્રન્થનું નામ : દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ

* મૂળકાર + સ્વોપજ્ઞ ટબાકાર : મહામહોપાધ્યાય શ્રીયશોવિજયજી મ.સા.

* દ્રવ્યાનુયોગપરામર્શ : નવનિર્મિત સંસ્કૃત પદ્યો

* દ્રવ્યાનુયોગપરામર્શકર્ણિકા : સ્વોપજ્ઞ ટબાર્થ અનુસારી વિસ્તૃત સંસ્કૃતવ્યાખ્યા

* દ્રવ્યાનુયોગપરામર્શકર્ણિકાસુવાસ / કર્ણિકાસુવાસ : ગુર્જર વિવેચન

* સંશોધક : પ.પૂ.આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય પુણ્યરત્નસૂરીશ્વરજી મ.સા. આદિ

* આવૃત્તિ : પ્રથમ * કુલ ભાગ : સાત

* મૂલ્ય : સંપૂર્ણ સેટના ₹ ૫૦૦૦/-

* પ્રકાશન વર્ષ : વિ.સં.૨૦૬૯ • વી.સં.૨૫૩૯ • ઈ.સ.૨૦૧૩ *

* © સર્વ હક્ક શ્રમણ પ્રધાન જૈન સંઘને આધીન છે *

* પ્રાપ્તિ સ્થાન : (૧) પ્રકાશક

(૨) શ્રી દિવ્યદર્શન ટ્રસ્ટ
૩૯ કલિકુંડ સોસાયટી, ધોળકા-૩૮૭૮૧૦.
જિ.અમદાવાદ.ફોન : ૦૨૭૧૪-૨૨૫૪૮૨

(૩) શ્રી સતીષભાઈ બી. શાહ
૫, મૌલિક ફલેટ્સ, ઓપેરા ફલેટ્સની સામે, સુખીપુરા,
પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૬. મો. : ૯૮૨૫૪૧૨૪૦૨

(૪) ડૉ. હેમન્તભાઈ પરીખ
૨૧, તેજપાલ સોસાયટી, ફતેહનગર બસ સ્ટેન્ડ પાસે,
પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭. મો. : ૯૪૨૭૮૦૩૨૬૫

(૫) શ્રી મહેન્દ્રભાઈ ઝવેરી
૫૦૨, સંસ્કૃતિ કોમ્પ્લેક્ષ, અતિથિ ચોકની પાસે,
કાલાવાડ રોડ, રાજકોટ-૩૬૦૦૦૫. મો.૯૮૨૫૧૬૮૮૩૪

* મુદ્રક : શ્રી પાર્શ્વ કોમ્પ્યુટર્સ, અમદાવાદ. ફોન : (૦૭૯) ૨૫૪૬૦૨૯૫, મો.૯૯૦૯૪૨૪૮૬૦ *

## ક્યાં શું નિહાળશો ?


| | પૃષ્ઠ |
|---|---|
| ❖ પ્રકાશકીય નિવેદન | 6 |
| ❖ શ્રુત અનુમોદના | 7 |
| ❖ પ્રસ્તાવના : 'તૃપ્તિની તૃષા' પૂજ્ય મુનિરાજ શ્રીભક્તિયશવિજયજી મ.સા. | 8-13 |
| ❖ પાંચમા ભાગની વિષયમાર્ગદર્શિકા | 14-26 |
| ❖ ઢાળ-૧૧ | ૧૬૪૭ - ૧૮૪૪ |
| ❖ ઢાળ-૧૨ | ૧૮૪૫ - ૧૯૬૦ |

॥ ઈર્લામંડન શ્રીઆદિનાથાય નમઃ ॥

# પ્રકાશકીય નિવેદન

**મહોપાધ્યાય શ્રીયશોવિજયજી મહારાજ** વિરચિત **'દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ'** તથા તે ઉપર વિદ્વદ્વર્ય પંન્યાસ શ્રીયશોવિજયજી મહારાજ દ્વારા વિરચિત વિસ્તૃત નૂતન રચના વગેરેને ૭ ભાગમાં પ્રકાશિત કરી શ્રીસંઘના ચરણોમાં સમર્પિત કરતા અનહદ આનંદ અનુભવીએ છીએ. આ નવલા ગ્રંથના પ્રકાશનનો લાભ અમારા શ્રીસંઘને પ્રાપ્ત થયાનો અમોને અનેરો આનંદ છે.

ભગવાનના વચનો સાંભળવા, તેના ઉપર ગહન વિચાર કરવો, નિરંતર વાગોળવા, સતત ઘૂંટવા જેથી આત્મા તદ્રૂપ બની જાય તે શુભ પ્રવૃત્તિ છે. અર્થાત્ જીવ અશુભથી દૂર થઈ શુભમાં જોડાય છે અને જીવને પુણ્ય બંધાય છે. આ પુણ્યબંધ એવા પ્રકારનો પડે છે કે જેના ફળ સ્વરૂપે જીવને મોક્ષ (=શાશ્વત સુખ) પ્રાપ્ત થાય છે. વળી, શાશ્વત સુખ પ્રાપ્ત થતાં જેટલા ભવો લાગે તે દરમ્યાન જીવને અનુકૂળ સામગ્રી અને સંયોગો પ્રાપ્ત થતા રહે છે - **આ પ્રમાણે પરમ શ્રદ્ધેય ગુરુભગવંતો પાસેથી જાણ્યું છે.**

પ્રસ્તુત ગ્રંથ જિનવચન સાપેક્ષ છે. તેમ જ આ ગ્રંથનું ઉદ્ગમ સ્થાન પણ જિનવચન જ છે. તેથી આ સંપૂર્ણ ગ્રંથનું શ્રવણ, મનન, નિદિધ્યાસન વગેરે શુભ પ્રવૃત્તિ રૂપ જ છે. આ કારણે અમારા શ્રીસંઘને પ્રકાશનનો લાભ પ્રાપ્ત થયાનો વિશિષ્ટ આનંદ હોય એ સ્વાભાવિક છે.

સંસ્કૃત ભાષામાં રચાયેલા અનેક ગ્રંથોના ગુજરાતી ભાષામાં અનુવાદ થયેલ છે. પરંતુ આ ગ્રંથની વિશેષતા એ છે કે તેની રચના ગુજરાતી ભાષામાં થયેલ છે અને તેના ઉપર એકથી વધુ સંસ્કૃત ભાષામાં અનુવાદ થયેલ છે. પ્રાચીન ૩૦૦ વર્ષ જૂની ભાષાના ભલે આપ જાણકાર હો, તેમ છતાં ગુરુગમ તેમ જ શાસ્ત્રના ઉચ્ચ કક્ષાના અભ્યાસ વિના, પ્રસ્તુત ગ્રંથનો સમ્યક્ બોધ થવો સરલ નથી. કેમ કે આ ગ્રંથનો વિષય દ્રવ્યાનુયોગ છે.

જૈન-જૈનેતર દર્શનના અનેક ગ્રંથોનું વિશદ વાંચન, ગહન ચિંતન અને અદ્ભુત ઉપસ્થિતિ જેઓશ્રીને પ્રાપ્ત છે એવા વિશિષ્ટ ક્ષયોપશમથી યુક્ત વિદ્વદ્વર્ય પરમ પૂજ્ય પંન્યાસ શ્રીયશોવિજયજી મહારાજે એક માત્ર પરમાર્થના હેતુથી, સર્વે જિજ્ઞાસુ યોગ્ય જીવોને બોધ સુગમ બની રહે તે માટે ૭ વર્ષથી અધિક સમયનો પરિશ્રમ લઈ આ પ્રમાણે ગ્રંથનું આંતરિક સ્વરૂપ ગોઠવેલ છે :- (૧) દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ - મૂળ ગ્રંથ. (૨) તે ઉપર સ્વોપજ્ઞ (ઉપા.કૃત) વ્યાખ્યા - ટબો. (૩) તેના ઉપર દ્રવ્ય-ગુણ-પર્યાય રાસને અનુસરતો શ્લોકબદ્ધ દ્રવ્યાનુયોગ પરામર્શ. (૪) તથા સ્વોપજ્ઞ ટબાને અનુસરતી દ્રવ્યાનુયોગ-પરામર્શકર્ણિકા નામની સંસ્કૃત વ્યાખ્યા. (૫) કર્ણિકા સુવાસ નામક ગુજરાતી વિવેચન (આધ્યાત્મિક ઉપનય વગેરે સહિત).

પ.પૂ.પંન્યાસજી મહારાજે અથાગ પ્રયત્નથી ૩૬ હસ્તપ્રતો દ્વારા મૂળ ગ્રંથ તથા સ્વોપજ્ઞ ટબાનું સંશોધન કરેલ છે. જે અત્યંત સ્તુતિને પાત્ર છે. અમારો શ્રીસંઘ તેઓશ્રીનો સદાય ઋણી રહેશે.

પરમશ્રદ્ધેય સિદ્ધાન્તમહોદધિ આચાર્યદેવ **શ્રીપ્રેમસૂરીશ્વરજી** મહારાજ, પરમારાધ્યપાદ સકલસંઘહિતચિંતક આચાર્યદેવ **શ્રીભુવનભાનુસૂરીશ્વરજી** મહારાજની દિવ્યકૃપા અમારા શ્રીસંઘ ઉપર સદૈવ વરસતી રહે છે. પરમ પૂજ્ય સિદ્ધાંતદિવાકર આચાર્યદેવ **શ્રીજયઘોષસૂરીશ્વરજી** મહારાજ અમારા શ્રીસંઘનું સદૈવ યોગક્ષેમ કરી રહ્યા છે. પરમ પૂજ્ય તર્કનિપુણમતિ આચાર્યદેવ **શ્રીજયસુંદરસૂરીશ્વરજી** મહારાજનું મંગલ માર્ગદર્શન અમારા શ્રીસંઘને સતત મળતું રહે છે. પરમ પૂજ્ય પંન્યાસપ્રવર **શ્રીવિશ્વકલ્યાણવિજયજી** મહારાજનું પણ આ અવસરે અમે અત્યંત આદરભાવે સ્મરણ કરીએ છીએ.

આ ગ્રંથના મુદ્રણ-પ્રકાશન વગેરે કાર્યોમાં સાક્ષાત્ કે પરોક્ષ સહકાર આપનારા નામી-અનામી સૌનો અમારો શ્રીસંઘ આભાર માને છે.

સર્વે વાચકોને આ ગ્રંથ કલ્યાણકારી બની રહે તેવા પ્રકારની મંગલ કામના. તથા વધુને વધુ આવા અણમોલ લાભ અમારા શ્રીસંઘને મળતા રહે તેવી શાસનદેવને પ્રાર્થના.

**✍ શ્રેયસ્કર શ્રીઅંધેરી ગુજરાતી જૈન સંઘ, ઈર્લા-મુંબઈ**

# દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ

## ભાગ - ૧ થી ૭

* સંપૂર્ણ લાભાર્થી *

## શ્રેયસ્કર શ્રી અંધેરી ગુજરાતી જૈન સંઘ

ઈર્લા, મુંબઈ

ધન્ય શ્રુતભક્તિ !

ધન્ય શ્રુતપ્રેમ !

ધન્ય શ્રુતલગની !

ભૂરિ - ભૂરિ અનુમોદના...

નોંધ :- આ સાતેય પુસ્તકો જ્ઞાનદ્રવ્યમાંથી છપાયેલ હોવાથી
મૂલ્ય ચૂકવ્યા વિના ગૃહસ્થે માલિકી કરવી નહી.

ऐँ ।। णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स ।। नमः

।। ॐ ह्रीँ श्रीँ श्रीयशोविजयसद्‌गुरुभ्यो नमः ।।

# તૃપ્તિની તૃષા !!!

અફાટ રેતસાગર ચોતરફ ક્ષિતિજ સુધી પથરાયેલો પડ્યો છે. સૂર્યનારાયણના એક એક કિરણ તીક્ષ્ણ બાણ જેવા વેધક બની ચૂક્યા છે. સતત તાપ વેઠી વેઠી રેતી, તેના એકેક કણ અંગારા સમાન થઈ ચૂક્યા છે. દૂર-સુદૂર નજર નાંખતા માત્ર ને માત્ર રેતી જ નજરે ચડે છે. ક્યાંક ક્યારેક રેતીમાં આખા નગરો ઊભા થતા દેખાય છે, મૃગજળ ઠેર ઠેર પથરાયેલા દેખાય છે. પણ આ બધું ભ્રાંતિ, વ્યર્થ, આભાસ ! આ રેતસમંદરમાં ભૂલો પડેલ મુસાફર સાન-ભાન ગુમાવી રહેલ છે. દષ્ટિભ્રમો અકળાવી નાંખે છે. લૂમાં ઉડતી ઉની-ઉની રેતી શરીર ઉપર અંગારાની જેમ ચંપાય છે. પવનની એકેક લહેરખી જાણે શરીરમાં રહેલા પાણીના એક-એક ટીપાને શોષી રહી છે. આખા શરીરનું લોહી જાણે ઉકળી રહેલ હોય તેવી દારુણ વ્યથા, અંગ-અંગમાં દાહ મુસાફરને જીવતા નરકના દર્શન કરાવે છે. મંજિલ દેખાતી નથી, મુસાફરી અનંત લાગે છે.

ત્યાં નજીકમાં જ ખળખળ વહેતાં પાણીનો નાદ સંભળાય, નાદના સાદને સાંભળી આગળ વધતાં પાણીના દર્શન થાય, પાણીનો સ્પર્શ થાય, તેનું આચમન થાય, અદ્‌ભુત ઠંડક અર્પતું... અર્પતું પાણી ગળામાંથી પેટમાં પહોંચે... સમગ્ર શરીરમાં અપૂર્વ શીતલતા વ્યાપી જાય.... ક્રમશઃ વર્ધમાન અદ્‌ભુત સુખાનુભૂતિ, આનંદાનુભૂતિ... કદાચ એ અનુભવનાર જ તેનું કંઈક બયાન કરી શકે. એ તૃપ્તિનું કારણ તેની પૂર્વેની અપૂર્વ તૃષા છે. તૃષા જેટલી તીવ્ર, તૃપ્તિ તેટલી જ અપૂર્વ !

અનંત સંસારરણમાં ભટકતા જીવની આવી જ કરુણદશા હોય છે. કરુણતામાં ય વધુ કરુણતા એ છે કે ક્યારેક એટલી હદે મન ભ્રમિત થઈ ચૂક્યું હોય છે કે પોતાની દુર્દશા ઉપર બે આંસુ પણ પડતા નથી. જ્યારે અંદરમાં આર્ત્તનાદ પ્રગટે છે, દોષોનો દાહ અસહ્ય બને છે, આત્માને સંવેદવાની અને તેના શુદ્ધસ્વરૂપને ઓળખવાની તલપ તીવ્ર બને છે, મિથ્યાત્વે જમાવેલો પગદંડો અસહ્ય થાય છે, તૃષા વધુ ને વધુ તીવ્ર થાય છે, ત્યારે જો કોઈ મીઠી વીરડી મળે તો તૃપ્તિ પણ તેવી જ થાય છે.

આ મીઠી વીરડી તરીકે આપણે **મહામહોપાધ્યાય શ્રીયશોવિજયજી** મહારાજાના શબ્દઝરણાને નિર્વિવાદ રીતે સ્થાન આપી શકીએ છીએ. યુગ-યુગમાં કદાચિત્-ક્યારેક જ આવા મહાપુરુષો આ ધરતી ઉપર અવતરે છે. આ અવની ઉપર તેમનું અવતરણ પણ આશ્ચર્ય ! એમનું સર્જન પણ આશ્ચર્ય ! એમના શબ્દો પણ આશ્ચર્ય ! અરે ! એમની પ્રત્યેક ક્રિયા પણ આશ્ચર્ય ! શબ્દો તો આ મહાપુરુષની આગળ હાથ જોડી ખડા રહેતા. એમની સેવામાં શબ્દો જાણે પોતાની ધન્યતા અનુભવતા. લાખો અને કરોડો અર્થો આ શબ્દોમાં નિહિત રહેતા. એમના શબ્દો એટલે સૃષ્ટિના સનાતન સત્યો !

બુદ્ધિજીવીને એ બુદ્ધિનો વ્યાયામ કરાવશે. ભાવુકને એમાંથી ભાવનાનો ઝરો મળી રહેશે. અધ્યાત્મવાંછુને એમાંથી અધ્યાત્મનું રહસ્ય સાંપડી જશે. એમની શબ્દસરિતાનું એક મનગમતું મીઠું મધુર ઝરણ એટલે જ પ્રસ્તુત ગ્રંથરાજ - **દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ** ! જેમ જોશો આ ગ્રન્થરાજને, તેમ તમને

ગ્રંથરાજ મળશે. સાગર લવણાકર પણ છે, રત્નાકર પણ છે. જેમ જોશો તેમ મળશે. જો તમને એ શુષ્કતર્કનો નિરર્થક અખાડો લાગશે, તો તેમાંથી તે જ મળશે. જો તમને એ ભાવનાનો અખંડ સ્રોત લાગશે તો અમૃત મળશે. આ ગ્રંથરાજથી તૃપ્તિ તેટલી જ તીવ્ર, અપૂર્વ અને અજોડ થશે, જેટલી તૃષા તીવ્ર !

આ ગ્રંથરાજનો મહદ્અંશ કદાચ વાચકની દૃષ્ટિ હેઠળ પસાર થઈ ચૂક્યો હશે. હાલ આ પાંચમા ભાગમાં ૧૧-૧૨ ઢાળ સમાવિષ્ટ છે. આના પ્રત્યેક પદ પોતાના ઉદરમાં મહાન્ અર્થ છૂપાવીને બેસેલ છે. જેમ જેમ પદ ઉકેલાશે, તેમ તેમ પ્રકાશ લાધશે. અપૂર્વ આનંદની અનુભૂતિ પ્રગટશે. મોક્ષમાર્ગનું દિગ્દર્શન થશે, જીવનની ખામીઓ પકડાશે... કદાચ વિશ્વાસ નહીં આવે. પણ, આ સત્ય છે. આત્માર્થિતા પ્રગટાવી તે તે દૃષ્ટિકોણથી આ ગ્રન્થરાજને અવગાહો. દરેક ગાથાના અંતે આપેલ આધ્યાત્મિક ઉપનયના સહારે કોઈક વિચારમૌક્તિકો એવા હાથ લાધશે કે જે જરૂર આત્માની મોહનિદ્રાને ઉડાડશે.

અહીં સમીક્ષા પણ છે, સાથે સાથે સુલેહ પણ છે. તર્કકર્કશતાની સાથે સંવેદન પણ ભર્યું પડ્યું છે. શ્રીફળ જેવા આ ગ્રંથરત્નમાં અમૃતથી ય મીઠું-મધુરું, સત્ય ભર્યું પડ્યું છે, ચાખો ત્યારે જ જે સમજાય તેવું.

હવે આ ગ્રંથરાજનું કંઈક વૈશિષ્ટ્ય જોઈએ. ૧૧-૧૨મી ઢાળ આ ભાગમાં સમાવિષ્ટ છે. મુખ્યતયા દાર્શનિક જગતના વીખરાયેલા મૌક્તિકોને અહીં કંઈક પરોવશું. છેલ્લે છેલ્લે એ માળાને આ ગ્રંથરાજના ગળામાં આરોપવાનો, આભાસિક તો આભાસિક, આનંદ તો મળશે જ ને !

૧૧મી ઢાળમાં ગુણનું નિરૂપણ તથા સામાન્ય સ્વભાવનું નિરૂપણ દિગંબર **દેવસેન**ને અનુસારે કરવામાં આવેલ છે. ૧૦મી ઢાળમાં દ્રવ્યનું નિરૂપણ થઈ ચૂક્યું હોવાથી ૧૧મી ઢાળમાં ગુણનિરૂપણ અવસરપ્રાપ્ત છે. ગુણોમાં પણ સામાન્ય ગુણ અને વિશેષ ગુણ - એમ બે ભેદ પાડવામાં આવ્યા છે.

- દાર્શનિક જગતમાં સત્ત્વ અને વસ્તુત્વ બન્ને પર્યાયવાચી રૂપે પ્રદર્શિત થતા આવ્યા છે. મહોપાધ્યાયજીએ તે બન્ને વચ્ચે પણ ભેદ સાબિત કરેલ છે. **ગાથા-૧.**
- સામાન્યગુણો ન્યાયજગતની જાતિને મીલતા-ઝૂલતા છે. જો કે મહોપાધ્યાયજી મહારાજે 'દ્રવ્યત્વ વગેરે જાતિ નથી, પણ ગુણ જ છે' - તેવું સયુક્તિક સાબિત કરેલ છે. **ગાથા-૧.**

વિશ્વની માળખાકીય વ્યવસ્થાને સુસ્પષ્ટ રીતે રજૂ કરનારા શ્રી**મહાવીર** મહારાજાના એક-એક વચનના તાત્પર્યને પી-પીને **મહોપાધ્યાયજી** મ.સા. સદા સત્યનું દિગ્દર્શન કરાવવા લાલાયિત રહે છે. પરમાત્મા પ્રત્યેની અગાધ શ્રદ્ધાના બળે તેઓ પ્રસંગોપાત્ત અન્યદર્શનોના ભ્રાન્તિમૂલક અને ભ્રાન્તિજનક સિદ્ધાન્તોની સમીક્ષા કરીને જ રહે છે અને એ સમીક્ષા માટે ઉચ્ચરાયેલા કે લખાયેલા વાક્યો અપાર વેધકતાને ધારી રહે છે. કારણ કે તેની પાછળ તર્કપૂર્ણ અગાધ શ્રદ્ધા બેઠી પડી છે.

મહોપાધ્યાયજી મ.સા.ના પ્રત્યેક વિધાનો પાછળ ગૂંથાયેલ અર્થગાંભીર્યને સમજવા માટે **દ્રવ્યાનુયોગપરામર્શકર્ણિકા** એક અદ્ભુત માધ્યમ બની રહે છે. દરેકે દરેક પદાર્થની તલસ્પર્શી છણાવટ આ વ્યાખ્યામાં મળી રહેશે. દરેક શાસ્ત્રપાઠને એવા પરિપ્રેક્ષ્યમાં રજૂ કરેલ છે કે તે શાસ્ત્રપાઠ અત્યંત

મહત્ત્વપૂર્ણ બની રહે છે. જે ગ્રંથ વાંચી ગયા હશો, છતાં પણ તેનો શાસ્ત્રપાઠ જ્યારે કર્ણિકામાં જોશો અને તમને આશ્ચર્ય થશે. 'ઓહ ! આ પાઠ આટલું બધું કહી શકે છે !' દરેક શાસ્ત્રપાઠ પોતાના ઉદરે ઘણી જ મહત્ત્વપૂર્ણ વાત લઈને બેસેલ છે. જરૂર છે તેને યોગ્ય પરિપ્રેક્ષ્યમાં મૂકવાની. તો એની કિંમત સમજાય. અન્યથા માત્ર તે 'વંચાઈ' જાય છે. શાસ્ત્રો ઉપરની અગાધ શ્રદ્ધા, પ્રત્યેક વચનનું અગાધ ઊંડાણ હૃદયમાં જન્માવવા માટે આ વિવેચન સંપૂર્ણ પરિબળ બની રહે છે.

- અચેતનત્વ ચેતનત્વઅભાવ રૂપ નથી પણ અતિરિક્ત સામાન્ય ગુણ છે. **ગા.૨**
- અમૂર્ત્તત્વ પણ મૂર્ત્તત્વઅભાવ રૂપ નહીં પણ અતિરિક્ત સામાન્ય ગુણ છે. **ગા.૨**
- નઞ્ નો અર્થ બધે અભાવ જ થાય તે જરૂરી નથી. **ગા.૨**

આવા દાર્શનિક વિચારમૌક્તિકો અહીં સામાન્યગુણનિરૂપણમાં અત્ર તત્ર સર્વત્ર વેરાયેલા જોવા મળશે.

ગાથા-૩થી વિશેષગુણનિરૂપણ શરૂ થાય છે.

- ગુણ કથંચિત્ પર્યાય, પર્યાય કથંચિત્ ગુણ. **ગા.૩**
- ચેતનતા સામાન્યગુણ પણ છે અને વિશેષગુણ પણ છે. **ગા.૪**
- આત્માના જ્ઞાન, દર્શન, સુખ, વીર્ય વગેરે ગુણો સ્થૂલ વ્યવહારથી છે. મુખ્યવૃત્તિએ તો આત્માનો વિશેષગુણ એક જ છે - ઉપયોગ. **ગા.૪**
- દેવસેને દર્શાવેલા સામાન્યગુણના ૧૦ ભેદ વ્યર્થ !
  વસ્તુતઃ સામાન્યગુણના અનંત ભેદ ! **ગા.૪**

ગા.૪ની કર્ણિકા અદ્‌ભુત શાસ્ત્રસુમનની સુવાસને સંગૃહીત કરી ઉપસ્થિત થાય છે. છ દ્રવ્યના લક્ષણ છ જ હોય કે વધુ ? તે અંગે આગમ અને તર્કના સીધા ટકરાવનું યુદ્ધ રમણીય છે. મહોપાધ્યાયજી મ.સા.એ રણક્ષેત્રમાં સામ-સામા બન્ને પક્ષને ઊભા કરી ધનુષટંકાર કરી મેદાન છોડી દીધું છે. પણ, પછી કર્ણિકાકાર એને આગળ ધપાવે છે. અદ્‌ભુત છે એ યુદ્ધ ! યુદ્ધની કથા આમે ય હંમેશા રમણીય જ હોય છે ને !

આગમ અને તર્ક સ્વસ્થાનમાં બળવાન છે. કર્ણિકાકારે ઉપસ્થિત થયેલ આગમ અને તર્ક - બન્નેને સામસામા ઉપસ્થાપિત કરી બન્નેને પોતાનું ગૌરવ બક્ષ્યું છે. ગજબ યુદ્ધ કે જેમાં બન્ને પક્ષનો જ્વલંત વિજય !

ગાથા-૫થી સામાન્ય સ્વભાવનું નિરૂપણ શરૂ થાય છે. હકીકતમાં પોતાને ગુણ કરતાં અતિરિક્ત સ્વભાવ માન્ય ન હોવા છતાં પોતાની અદ્‌ભુત મધ્યસ્થતા-ઉદારતા-વિશાળતાનો પરિચય આપી મહોપાધ્યાયજી મ.સા.એ વિસ્તારથી સ્વભાવનિરૂપણ કરેલ છે. તેની સિદ્ધિના તર્કો પણ રજૂ કર્યા છે.

☞ અસ્તિ, નાસ્તિ આદિ સ્વભાવનું મનનીય, મધુર વિવેચન ઉપલબ્ધ છે. **ગા.૧૧-૧૨** સુધી. તે અંતર્ગત -

- એકત્ર નિત્યત્વ-અનિત્યત્વ ઉભયધર્મનું સ્થાપન.
- બૌદ્ધમત ખંડન.
- પર્યાયઅતિરિક્ત વાસનાનું ખંડન.
- એકાંત નિત્યત્વ-અનિત્યત્વનું ખંડન.
- નિત્યાનિત્યત્વની જાત્યંતરતાનું સ્થાપન.
- આકાશમાં પણ અનેકસ્વભાવ સ્થાપન.
- ભેદાભેદસિદ્ધિ.

ઈત્યાદિ અનેક પ્રમેયો સમાવિષ્ટ છે.

પદે પદે પરમાત્માએ પ્રકાશેલ પરમ તત્ત્વ પ્રત્યેની પ્રીતિમાં પારાવાર વધારો થાય છે.

આધ્યાત્મિક ઉપનયની સાથે થતું આ વિષયનું અવગાહન શુષ્કતાને રવાના કરી વાચકોને આર્દ્રતા બક્ષે છે, મધુરપ લાવે છે, મીઠાશ લાવે છે.

ક્યારેક એકાંતમાં શાંતિચિત્તે તે તે પદાર્થોને ધારી લઈ પળ - બે પળ એમાં ખોવાઈ જજો, એને મમળાવજો...

કોઈક રતન હાથે લાગ્યા વિના નહીં રહે. જાત અનુભવ એ જ આમાં પ્રધાન પ્રમાણ છે.

સામાન્યસ્વભાવનું નિરૂપણ થયા બાદ વિશેષસ્વભાવનું નિરૂપણ અવસરપ્રાપ્ત છે. માટે **બારમી** ઢાળમાં વિશેષસ્વભાવનું વિસ્તૃતનિરૂપણ કરેલ છે. તે ૧૪ શ્લોકોમાં ઉપલબ્ધ થાય છે.

ચૈતન્ય વગેરે વિશેષ સ્વભાવો છે.

- રાગ-દ્વેષ પણ ચેતના ! **ગા.૧**
- જીવમાં અચેતનસ્વભાવ વિના ધ્યાનાદિ વ્યર્થ ! **ગા.૨**
- મૂર્ત્તત્વાદિ વિશેષ સ્વભાવ પણ સર્વત્ર ! **ગા.૩**
- અનેકપ્રદેશ વિના સકંપતાદિ અઘટિત. **ગા.૬**
- ઉપાધિ કર્મથી છે. તેનાથી ઉપચરિત સ્વભાવ આવે. **ગા.૧૧**
- ઉપાધિ સાથે સંબંધ થવાની યોગ્યતા તે જ વિભાવ સ્વભાવ. **ગા.૮**

  આવા અનેક વિચારરત્નો આ રત્નાકરમાં સમાયેલા છે.
- એકસાથે અનેક આયામોમાં પ્રમાણના ૧૦૦ લક્ષણોનો અદ્ભુત સંગ્રહ. **ગા.૧૪**

  તુલનાશીલ વિદ્વદ્વર્ગ માટે આ અનૂઠો ઉપહાર છે.

આ ઢાળ એક ખજાના-અમૂલ્યનિધાન સમાન બની ચૂકી છે. કારણ કે કર્ણિકાકાર આ ઢાળમાં ખૂબ ખીલ્યા છે. એમણે પીરસેલો આધ્યાત્મિક ઉપનય ઉચ્ચ દશાને અભિમુખ થવા માટે પ્રેરક પીઠબળ પૂરું પાડે છે. આત્માની અંદર ઘર કરી ગયેલી સંસારરસિકતાને લપડાક લગાવે છે. આત્માને ઢંઢોળે છે. તેના સાચા સ્વરૂપની પ્યાસ જગાડે છે. જેની પ્રાપ્તિ વિના સંપૂર્ણ ક્રિયાકલાપ વ્યર્થપ્રાયઃ છે, તે

સમ્યક્ત્વની મહત્તા અને દુષ્પ્રાપ્યતા ઘોતિત કરે છે. આત્માના અતલ ઊંડાણમાં ડૂબકી લગાવવા લાલાયિત કરી મૂકે છે.

નૈશ્ચયિક મોક્ષમાર્ગની અદ્ભુત છણાવટ આ આધ્યાત્મિક ઉપનયમાં દેખાશે. શાસ્ત્રોના પેટાળમાં ધરબાયેલ આ તત્ત્વજ્ઞાન જગતના ચોગાનમાં કર્ણિકાકારે ખૂલ્લું મૂક્યું છે. એક નવો આયામ તેમણે રજૂ કર્યો છે. મનોમંથન કરવા વિવશ કરી મૂકે તેવું સત્ય પીરસ્યું છે. આત્માની અવનતિની દાસ્તાન રજૂ કરી છે. તેના કારણો રજૂ કર્યા છે. સાથે ઉન્નતિની દશા પ્રાપ્ત કરવાની દિશા પણ રજૂ કરી છે. જગતના સમગ્ર વૈભવને તુચ્છ લેખતા અનુપમ આત્મિકસુખ પ્રત્યે ઉજાગર કર્યા છે.

સાધક માટે સિદ્ધ થવાનું આ અણમોલ સાધન છે. ગ્રન્થાભ્યાસની સાર્થકતા આના અભ્યાસથી જ સિદ્ધ થશે. એક અનુપમ તત્ત્વખજાનો પીરસવાના લીધે સમગ્ર જૈનશાસન તેમનું ઋણી રહેશે. એકવાર એને દિલથી માણજો, આત્માર્થિતા પ્રગટાવી પીજો, ઘૂંટડે ઘૂંટડે અમૃતનો આસ્વાદ અનુભવાશે. જ્યારે જ્યારે પણ સાધનામાં ઉત્સાહ ખૂટે ત્યારે એકાદ વાક્યનો પણ ઘૂંટ પી જો જો, નિર્મળ ચૈતન્ય રગેરગમાં દોડતું થઈ જશે. કર્ણિકાકાર ખૂબ જ આત્મીયતાથી વાતની રજૂઆત કરી રહ્યા છે. તેમના વાક્યો હૃદયવેધી બની જાય છે.

શબ્દો તો વામણા છે. પણ જ્યારે મહોપાધ્યાયજી મ.સા. જેવા મહાપુરુષોનું પીઠબળ તેને મળે છે ત્યારે અચિંત્ય શક્તિ તેનામાં આવી પડે છે. તે શબ્દો કૈંકના મોહને ચૂર-ચૂર કરી દે છે. દિલને ચોટ લગાવી દે છે. સત્યનો પ્રકાશ મેળવી આપે છે. મૂંઝવણના સમયમાં સાચું માર્ગદર્શન આપીને જ રહે છે. નિર્જીવ શબ્દોની શું આવી તાકાત હોઈ શકે ? ના, આ તો લેખકના ઊર્મિલ ભાવોનો પ્રતાપ છે, જે શબ્દોમાં અચિંત્ય શક્તિ ધરબીને જાય છે. માટે જ જેમ તીર્થંકરાદિ આત્માની ઉન્નતતાથી તેમનો દેહ પણ ઉન્નત અને ઉત્કૃષ્ટ બને છે, તેમ અક્ષર એ પણ કર્તાનો એક દેહ છે. કર્તાના આત્માની ઊર્જા અક્ષરમાં પણ વહે છે. માટે જ બોલનાર કે લખનાર વ્યક્તિના આધારે શબ્દોમાં પણ જમીન -આસમાનનો તફાવત પડી જાય છે.

કોઈકના શબ્દો પર હજારો પ્રાણ અર્પી દે છે. જ્યારે કોઈકનો એ જ શબ્દ એનો પોતાનો જ પ્રાણ હરી શકે છે. શબ્દોની પાછળ એક એવી ઊર્જા વહે છે, જે આત્માને સત્યનું અજવાળું આપી દે છે. આ ગ્રંથને એવી રીતે 'સ્પર્શવો' છે, માત્ર વાંચવો નથી. સ્પર્શજ્ઞાન બલવત્તર છે. અક્ષર વાંચવાના હોય. પણ, અક્ષરની પાછળ રહેલી ઊર્જા સ્પર્શવાની હોય. જે અક્ષરની પાસે આ ઊર્જા નથી એ તો કાળી શાહીનો પિંડ માત્ર છે. અક્ષરના સ્પાર્શનથી અનક્ષરનું સાચું લક્ષ્ય પકડાશે. લક્ષ્ય પ્રમાણે ગતિ કરવામાં સથવારો મળશે. આ જ તો ગ્રન્થનું મૂળભૂત તત્ત્વ છે, સ્વત્વ છે. આ જ તો ગ્રંથની પોતાની કિંમત છે, ગ્રંથનો પ્રાણ છે.

રાગ-દ્વેષ વિનાના અક્ષર સદાના સાચા સાથી છે. આ ગ્રંથ એટલે જ આ દિશામાં એક અલગ ભાત ઉપસાવી શકશે. પૂજ્ય કર્ણિકાકારે પ્રથમ શાખાની પ્રથમ ગાથામાં જ અદ્ભુત વાત દર્શાવે છે - જેમ વીર્યાચાર જ્ઞાનાદિ ચારે ય આચારમાં વ્યાપ્ત છે, તેમ અધ્યાત્મ દ્રવ્યાદિચારેય અનુયોગમાં અનુવિદ્ધ

છે. એના વિના ચારેય અનુયોગ વ્યર્થપ્રાયઃ બની રહે છે. એનો અનોખો સંવેધ આધ્યાત્મિક ઉપનય દ્વારા કરવાનો કર્ણિકાકારે સુંદરતમ પ્રયાસ કર્યો છે. અને તેમાં તેમણે સફળતા પણ પ્રાપ્ત કરી છે.

સંસ્કૃતની આ કૃતિને વધુ આદરણીય બનાવશે તેનું ગુજરાતી વિવેચન ! ગુર્જરવિવેચનકારની પાસે હંમેશા બે તકાદા હોય છે - (૧) મૂળ ગ્રંથનું અક્ષરશઃ વિવેચન કરવું, અને સાથે (૨) વિવેચનને પ્રવાહી અને રસાળ રાખવું. આમાંથી એકને પકડવા જતા લગભગ બીજું છૂટી જતું હોય છે. પણ, આ ગુર્જરવિવેચન વાંચનારને ખાતરી થશે કે આમાં બન્ને વાત ખૂબ જ સારી રીતે જળવાઈ રહી છે. એકલું ગુજરાતી વિવેચન વાંચશો તો લાગશે કે એક સ્વતંત્ર ગુજરાતી ગ્રંથ તમે વાંચી રહ્યા છો. અને જ્યારે સંસ્કૃતવિવેચનની સાથે તુલના કરશો તો લાગશે કે આ શબ્દોમાં સંસ્કૃતના પદે પદનો અર્થ પોતાના 'મોભા' પ્રમાણે ગોઠવાઈ ગયો છે.

આ ગ્રંથરાજ બાલ, યુવા અને પ્રૌઢ - ત્રણે ય દશામાં વહેંચાયેલો છે. દરેક ગાથાનો સામાન્યથી અર્થ સૌ પ્રથમ આપવામાં આવેલ છે. જે ગ્રંથની બાલદશા કહી શકાય. ત્યાર બાદ તર્કનું તોફાન શરૂ થાય છે. પૂર્વપક્ષે રજૂ કરેલા તર્કોની સામે ટકરાવ કરતો આ ગ્રંથરાજ ત્યારે યુવાદશાને પ્રાપ્ત કરે છે અને અંતે આધ્યાત્મિક ઉપનય રૂપે આ ગ્રંથરાજ પ્રૌઢઅવસ્થામાં આવી જાય છે.

વિશેષ તો શું કહું ? કેટલું કહું ? વિરાટ ગ્રંથરાજ તમારી પાસે જ છે. ભાવનાથી ભીના હૈયે, હૃદયથી ઉર્મિલ નમસ્કાર કરી ગ્રંથરાજને માણવાનું શરૂ કરજો. પહેલાં તીવ્ર આત્માર્થિતા પ્રાપ્ત કરી પ્રબળ તૃષા પ્રગટાવજો. પ્રબળ તૃષા, ઘેલી તૃષ્ણા, અનેરી આકાંક્ષા, તીવ્ર અભીપ્સા... વધુ ને વધુ, વધુ ને વધુ માત્રામાં જગાડો અને પછી પાનું ફેરવી ઘૂંટડે ઘૂંટડે 'ચાવી-ચાવી', મમળાવી-મમળાવી એક એક શીતલ અમૃતના ઘૂંટડા આત્મામાં ઉતારજો... અનેરી શીતલતા, અજબ-ગજબની શાંતિ, અપૂર્વ શુદ્ધિ, અલૌકિક જ્ઞાનાનંદ અને અનુપમ ઠંડક આત્માના પ્રદેશે-પ્રદેશે વ્યાપ્ત થઈ જશે. દોષદાહથી સંતપ્તને જાણે તૃપ્તિનો સંતોષ થશે.

'હે ગ્રંથરાજ ! આ તૃપ્તિ અમારે માણવી છે. આ તૃપ્તિને સાંભળી તો ઘણી વાર. પણ હવે એને સંવેદવી છે. આ તૃપ્તિની તૃષા પ્રગટી છે, સ્વાનુભૂતિની પ્યાસ પ્રગટી છે. અનુગ્રહ કરજે અમારા ઉપર ! કચાશ ના રાખતો..' - આ ગ્રંથરાજના ચરણે આ ભાવભીની પ્રાર્થના સાથે અંતરના અનંતશઃ વંદન....!!!

વિ.સં. ૨૦૬૮
આસો સુદ-૭
તા.૨૧-૧૦-૨૦૧૨
રવિવાર
ભુજ (કચ્છ).

✍ ...... લિ.
પરમ પૂજ્ય પરમારાધ્યપાદ ભવોદધિતારક
પંન્યાસપ્રવર **શ્રીયશોવિજયજી** મહારાજના
ચરણકર્ણિકાની સુવાસમાં મગ્ન રહેવા
માશુક ભ્રમર
મુનિ ભક્તિયશવિજય

# વિષયમાર્ગદર્શિકા


| વિષય | પૃષ્ઠ |
|---|---|
| **શાખા - ૧૧ : ગુણસામાન્ય-સ્વભાવનિરૂપણમ્** | **૧૬૪૭-૧૬૮૪** |
| ટૂંકસાર (શાખા - ૧૧) | ૧૬૪૮ |
| गुणनिरूपणम् | १६४९ |
| ગુણનિરૂપણ પ્રારંભ | ૧૬૪૯ |
| समानतन्त्रसिद्धान्तप्रक्रियोपदर्शनम् | १६५० |
| ગુણની વ્યાખ્યા | ૧૬૫૦ |
| ગુણ દ્રવ્યપ્રકાશક | ૧૬૫૦ |
| अस्तित्वं सत्त्वरूपम् | १६५१ |
| ગુણના પંદર નિક્ષેપ - શ્વેતાંબરમત | ૧૬૫૧ |
| અસ્તિતા ગુણનો પરિચય | ૧૬૫૧ |
| भिन्नेषु एकत्वविमर्शः | १६५२ |
| અસ્તિત્વ ઐક્યસંપાદક | ૧૬૫૨ |
| અસ્તિત્વ : શ્રીદેવચન્દ્રજીની દૃષ્ટિએ | ૧૬૫૨ |
| અસ્તિત્વ અંગે ભર્તૃહરિમત | ૧૬૫૨ |
| 'વસ્તુત્વ' ગુણની ઓળખાણ | ૧૬૫૨ |
| सामान्य-विशेषात्मकत्वं वस्तुत्वम् | १६५३ |
| આંશિક તથા પૂર્ણ ઉપયોગના વિષયનો વિચાર | ૧૬૫૩ |
| અર્થપર્યાયગ્રાહક દર્શન, વચનપર્યાય-ગ્રાહક જ્ઞાન | ૧૬૫૩ |
| अवग्रहेहयोः दर्शनत्वम् अपाय-धृत्योश्च ज्ञानत्वम् | १६५४ |
| આંશિક-પૂર્ણ ઉપયોગની વસ્તુત્વ દ્વારા સંગતિ | ૧૬૫૪ |
| વસ્તુત્વ દેવચન્દ્રજીની દૃષ્ટિએ | ૧૬૫૪ |
| द्रव्यत्वव्यञ्जकविचारः | १६५५ |
| દ્રવ્યત્વ ગુણનું પ્રતિપાદન | ૧૬૫૫ |
| ગુણ-પર્યાયમાં કથંચિત્ ભેદ માન્ય | ૧૬૫૫ |
| દ્રવ્યત્વવ્યંજક પર્યાયાધારતા | ૧૬૫૫ |
| દ્રવ્યત્વવ્યંજક કોટિમાંથી ગુણનો બહિર્ભાવ | ૧૬૫૫ |
| पर्यायान् द्रवतीति द्रव्यम् | १६५६ |
| અભ્યુપગમવાદથી દ્રવ્યત્વ જાતિસ્વરૂપ | ૧૬૫૬ |
| આલાપપદ્ધતિકારની દૃષ્ટિએ દ્રવ્યત્વ | ૧૬૫૬ |
| દ્રવ્યલક્ષણ : કુંદકુંદસ્વામી વગેરેની દૃષ્ટિમાં | ૧૬૫૬ |
| द्रव्यत्वस्वरूपविमर्शः | १६५७ |
| દ્રવ્યત્વ જાતિસ્વરૂપ નથી | ૧૬૫૭ |
| गुण-पर्यायव्यवस्थाप्रकाशनम् | १६५८ |
| દિગંબર સંપ્રદાયમાં ગુણસ્વરૂપ | ૧૬૫૮ |
| શ્વેતાંબર સંપ્રદાયમતે ગુણસ્વરૂપ | ૧૬૫૮ |
| द्रव्यत्वं गुणात्मकम् | १६५९ |
| ગુણ કરતાં પર્યાય સૂક્ષ્મ, દ્રવ્ય સ્થૂલ - મતવિશેષ | ૧૬૫૯ |
| गुणस्योत्कर्षापकर्षभाक्त्वनियमाऽभावः | १६६० |
| દ્રવ્યત્વને ગુણ માનવામાં બાધ | ૧૬૬૦ |
| દ્રવ્યત્વમાં ગુણત્વ નિર્બાધ | ૧૬૬૦ |
| દ્રવ્યત્વ : શ્રીદેવચન્દ્રજીની દૃષ્ટિએ | ૧૬૬૦ |
| પ્રમેયતાનો પરિચય | ૧૬૬૦ |
| प्रमेयताया अनुगतत्वं न वा ? | १६६१ |
| પ્રમેયતા અતિરિક્ત કે અનતિરિક્ત ? મીમાંસા | ૧૬૬૧ |
| व्यवहार्यतावच्छेदकगौरवापादनम् | १६६२ |
| પ્રમેયત્વ નહિ, પ્રમાત્વ અનુગત : નૈયાયિક | ૧૬૬૨ |
| નૈયાયિકમતમાં ગૌરવ | ૧૬૬૨ |
| प्रमेयव्यवहारविमर्शः | १६६३ |
| પ્રમાત્વ અનનુગત - પટ્ટાભિરામશાસ્ત્રી | ૧૬૬૩ |
| પ્રમાત્વ નહિ, પ્રમેયત્વ અનુગત : જૈન | ૧૬૬૩ |
| सूक्ष्मतत्त्वम् आज्ञाग्राह्यम् | १६६४ |
| પ્રમેયત્વ : દેવચન્દ્રજીની દૃષ્ટિએ | ૧૬૬૪ |
| અગુરુલઘુતા ગુણનું પ્રતિપાદન | ૧૬૬૪ |
| અગુરુલઘુત્વ વિશેષરૂપે શબ્દઅગોચર | ૧૬૬૪ |
| आज्ञाग्राह्यत्वविचारः | १६६५ |
| અચિંત્ય ભાવો પ્રત્યે તર્ક પાંગળો | ૧૬૬૫ |
| અનન્ત અગુરુલઘુપર્યાયની વિચારણા | ૧૬૬૫ |
| ધર્માસ્તિકાય વગેરેમાં અગુરુલઘુપર્યાયો | ૧૬૬૫ |
| अगुरुलघुत्वस्य अर्थपर्यायता | १६६६ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| અગુરુલઘુગુણમાં ષટ્સ્થાન વૃદ્ધિ-હાનિ | ૧૬૬૬ |
| સ્વભાવતઃ સ્વરૂપપ્રતિષ્ઠા | ૧૬૬૬ |
| **अगुरुलघुगुणोत्पादादिविमर्शः** | ૧૬૬૭ |
| સ્વભાવતઃ અગુરુલઘુ ગુણમાં ઉત્પાદ-વ્યય | ૧૬૬૭ |
| કૈલાશચન્દ્રમત સમીક્ષા | ૧૬૬૭ |
| **मृतिभयं त्याज्यम्** | ૧૬૬૮ |
| અગુરુલઘુત્વ : શ્રીદેવચન્દ્રજીની દષ્ટિએ | ૧૬૬૮ |
| સ્વતંત્ર વિશેષ પદાર્થનું નિરાકરણ | ૧૬૬૮ |
| ગુણસ્વરૂપવિચારણા નિર્ભયતા આપે | ૧૬૬૮ |
| **प्रदेशत्वव्याख्यानम्** | ૧૬૬૯ |
| પ્રદેશત્વ ગુણનું નિરૂપણ | ૧૬૬૯ |
| **चैतन्यम् = अनुभवनम्** | ૧૬૭૦ |
| ચેતનતા ગુણનું તરતમભાવે પ્રકાશન | ૧૬૭૦ |
| અવ્યક્ત-વ્યક્ત ચેતનાનો વિમર્શ | ૧૬૭૦ |
| **अचैतन्यं भावात्मकम्** | ૧૬૭૧ |
| અચેતનતાને ઓળખો | ૧૬૭૧ |
| અચેતનતા = જડતા | ૧૬૭૧ |
| અનુભવ મુજબ પદાર્થસ્વરૂપ માન્ય | ૧૬૭૧ |
| **मूर्त्तत्वाऽमूर्त्तत्वविचारः** | ૧૬૭૨ |
| મૂર્તતાનું પ્રતિપાદન | ૧૬૭૨ |
| અમૂર્ત્તતાની પિછાણ | ૧૬૭૨ |
| રૂપાદિશૂન્યતા અમૂર્ત્તતાનું લિંગ છે, લક્ષણ નહિ | ૧૬૭૨ |
| **अचेतनत्वाऽमूर्त्तत्वयोः स्वतन्त्रगुणरूपता** | ૧૬૭૩ |
| અચૈતન્ય-અમૂર્ત્તત્વ અભાવાત્મક નથી | ૧૬૭૩ |
| **चैतन्याऽचैतन्ययोः स्वतन्त्रगुणरूपता** | ૧૬૭૪ |
| અચૈતન્યસાધક વ્યતિરેકી અનુમાન | ૧૬૭૪ |
| અચૈતન્યપ્રત્યક્ષના ઉચ્છેદની આપત્તિ | ૧૬૭૪ |
| સમનૈયત્ય અંગે વિચારણા | ૧૬૭૪ |
| **ग्रहणादिकारणता मूर्त्तत्वे** | ૧૬૭૫ |
| કારણતાઅવચ્છેદક તરીકે અમૂર્ત્તત્વાદિની સિદ્ધિ | ૧૬૭૫ |
| **अमूर्त्तत्वसिद्धिविमर्शः** | ૧૬૭૬ |
| અમૂર્ત્તતાસાધક પ્રાચીન સંદર્ભ | ૧૬૭૬ |
| અનુગતવ્યવહારનિયમ્ય ગુણ | ૧૬૭૬ |
| સમયસારવૃત્તિની સમીક્ષા | ૧૬૭૬ |
| **अमूर्त्तत्वशक्तिपरामर्शः** | ૧૬૭૭ |
| સ્વતંત્ર અચેતનત્વાદિની સિદ્ધિ | ૧૬૭૭ |
| નઞ્ગર્ભિતપદાર્થમીમાંસા | ૧૬૭૭ |
| **नञर्थद्वयप्रतिपादनम्** | ૧૬૭૮ |
| પ્રસજ્ય-પર્યુદાસપ્રતિષેધપ્રતિપાદન | ૧૬૭૮ |
| **न्यायवार्त्तिक-तत्त्वचिन्तामणिप्रभृतिसंवादः** | ૧૬૭૯ |
| 'અબ્રાહ્મણ' પદાર્થ વિચારણા | ૧૬૭૯ |
| નઞ્ગર્ભિતપદાર્થ અત્યન્તાભાવભિન્ન પણ સંભવે | ૧૬૭૯ |
| **अनुष्णाऽशीताऽपाकजस्पर्शविमर्शः** | ૧૬૮૦ |
| વાયવીય વિજાતીયસ્પર્શની સિદ્ધિ : ઉદયનાચાર્યમતાનુસાર | ૧૬૮૦ |
| **भावान्तररूपोऽभावः** | ૧૬૮૧ |
| અભાવ ભાવાન્તરસ્વરૂપ : નયવિશેષ | ૧૬૮૧ |
| **चित्तधातुसप्तकोपदर्शनम्** | ૧૬૮૨ |
| રઘુનાથશિરોમણિમત | ૧૬૮૨ |
| અમૂર્તપદાર્થ : બૌદ્ધદર્શનના અભિપ્રાયથી | ૧૬૮૨ |
| **प्रतिद्रव्यम् अष्टौ सामान्यगुणाः** | ૧૬૮૩ |
| પ્રત્યેક દ્રવ્યમાં આઠ સામાન્યગુણો | ૧૬૮૩ |
| સામાન્યગુણનિર્દેશ : દેવસેનમત મુજબ | ૧૬૮૩ |
| **निरुपाधिकानावृतचैतन्यं प्रकटनीयम्** | ૧૬૮૪ |
| નિષ્ક્રિયતાને ખંખેરીએ | ૧૬૮૪ |
| **आत्मविशेषगुणनिरूपणम्** | ૧૬૮૫ |
| વિશેષગુણોનું પ્રતિપાદન | ૧૬૮૫ |
| **गुणानां पर्यायेऽन्तर्भावः प्रकारान्तरेण** | ૧૬૮૬ |
| પુદ્ગલાદિના વિશેષગુણને જાણીએ | ૧૬૮૬ |
| **धर्मादिद्रव्याणां विशेषगुणोपदर्शनम्** | ૧૬૮૭ |
| સોળ વિશેષગુણનો નિર્દેશ | ૧૬૮૭ |
| પુદ્ગલ-જીવના વિશેષ ગુણનું પ્રતિપાદન | ૧૬૮૭ |
| **अवान्तरविशेषगुणप्रतिपादनम्** | ૧૬૮૮ |
| શેષ ચાર દ્રવ્યમાં ત્રણ વિશેષ ગુણ | ૧૬૮૮ |
| ૪૪ વિશેષ ગુણની છણાવટ | ૧૬૮૮ |
| **परमप्रयोजनम् आत्मविशेषगुणप्रकटनम्** | ૧૬૮૯ |
| વિશેષ ગુણનો ઉપદેશ | ૧૬૮૯ |

| વિષય | પૃષ્ઠ |
| --- | --- |
| ચેતનત્વાદીનાં સામાન્ય-વિશેષગુણત્વ-કથનપ્રયોજનમ્ | ૧૬૯૦ |
| સામાન્ય-વિશેષ ગુણોનો અનુવેધ | ૧૬૯૦ |
| ચેતનત્વાદીનામ્ અનુવૃત્તિ-વ્યાવૃત્તિબુદ્ધિજનકત્વમ્ | ૧૬૯૧ |
| અપેક્ષાભેદથી ગુણસ્વરૂપભેદ | ૧૬૯૧ |
| પુનરુક્તિનિરાકરણમ્ | ૧૬૯૨ |
| ઉપધેયસાંકર્ય, ઉપાધિમાં અસાંકર્ય | ૧૬૯૨ |
| એકત્ર વિરોધી ધર્મનો સમાવેશ | ૧૬૯૨ |
| સ્થૂલદૃષ્ટ્યા આત્માદેઃ વિશેષગુણચતુષ્કશાલિત્વમ્ | ૧૬૯૩ |
| ઉપાધિભેદથી વિભિન્ન વિભાગમાં સમાવેશ | ૧૬૯૩ |
| દેવસેનમત સ્થૂલવ્યવહારસંમત | ૧૬૯૩ |
| સૂક્ષ્મ દૃષ્ટિએ વિશેષ ગુણો અનંતા | ૧૬૯૩ |
| આગમસૂત્રશૈલીવિમર્શઃ | ૧૬૯૪ |
| દ્રવ્યવિભાજકોપાધિરૂપાઃ ષડ્ વિશેષગુણાઃ | ૧૬૯૫ |
| વિશેષગુણ અંગે ભગવતીસૂત્રસંદર્ભ | ૧૬૯૫ |
| વિભક્ત વિશેષગુણ છ આગમસંમત | ૧૬૯૫ |
| દેવસેનમતસમીક્ષા | ૧૬૯૬ |
| દેવસેનસંમત સામાન્યગુણવિભાગ ન્યૂનતાગ્રસ્ત | ૧૬૯૬ |
| દિગંબરમતે પણ સામાન્યગુણો અનેક છે | ૧૬૯૬ |
| વિશેષગુણવિભાગસઙ્ગતિઃ | ૧૬૯૭ |
| ષડ્વિધ વિશેષગુણવિભાગ સપ્રયોજન | ૧૬૯૭ |
| એક લક્ષ્યના અનેક લક્ષણની મીમાંસા | ૧૬૯૭ |
| આત્મનઃ સ્વાભાવિકલક્ષણમ્ ઉપયોગઃ | ૧૬૯૮ |
| સ્વભાવ-વિભાવગુણની વિચારણા | ૧૬૯૮ |
| સ્વભાવગુણસ્ય વિભાવગુણતયા પરિણમનમ્ | ૧૬૯૯ |
| દિગંબર સંપ્રદાયમાં જીવનું લક્ષણ | ૧૬૯૯ |
| મતિજ્ઞાન પણ નિશ્ચયથી વિભાવગુણ ! | ૧૬૯૯ |
| વિભાવલક્ષણપ્રદર્શનમ્ | ૧૭૦૦ |
| વિભાવગુણ સ્વભાવગુણનો વ્યાપ્ય | ૧૭૦૦ |
| વિભાવલક્ષણમીમાંસા | ૧૭૦૧ |
| પુદ્ગલલક્ષણ મીમાંસા | ૧૭૦૧ |
| અનેકલક્ષણપ્રદર્શનનું પ્રયોજન | ૧૭૦૧ |
| વિભાવ-સ્વભાવલક્ષણની સમવ્યાપ્તિ | ૧૭૦૧ |
| સ્વભાવ-વિભાવલક્ષણમીમાંસા | ૧૭૦૨ |
| વાસ્તવિક સ્વભાવ-વિભાવગુણની સ્પષ્ટતા | ૧૭૦૨ |
| જીવના સ્વભાવ-વિભાવલક્ષણોને ઓળખીએ | ૧૭૦૨ |
| સિદ્ધાનાં વીર્યાઽભાવસમર્થનમ્ | ૧૭૦૩ |
| ગ્રહણપરિણામસ્વરૂપવિચારણમ્ | ૧૭૦૪ |
| પુદ્ગલના સ્વભાવ-વિભાવલક્ષણોને સમજીએ | ૧૭૦૪ |
| પુદ્ગલલક્ષણમાં લાઘવ-ગૌરવ વિચાર | ૧૭૦૪ |
| ગ્રહણગુણવ્યાખ્યાનમ્ | ૧૭૦૫ |
| લક્ષણશબ્દ લિંગદર્શક | ૧૭૦૫ |
| સ્વભાવ-વિભાવલક્ષણપરિષ્કારઃ | ૧૭૦૬ |
| ગ્રહણગુણની સ્પષ્ટતા | ૧૭૦૬ |
| શુદ્ધપરિણામસ્વભાવ આવિર્ભાવનીયઃ | ૧૭૦૭ |
| સ્વભાવગુણપરિણમન આપણું કર્તવ્ય | ૧૭૦૭ |
| સ્વભાવગુણપરિણમનમસ્મત્કર્તવ્યમ્ | ૧૭૦૮ |
| સ્વભાવ-ગુણાભેદોપદર્શનમ્ | ૧૭૦૯ |
| સ્વભાવનિરૂપણ | ૧૭૦૯ |
| સ્વભાવત્વાવચ્છેદેન ગુણાત્મકત્વાઽભાવઃ | ૧૭૧૦ |
| ગુણ અને સ્વભાવ વચ્ચે તફાવત | ૧૭૧૦ |
| સ્વભાવવ્યાખ્યાદર્શનમ્ | ૧૭૧૧ |
| ગુણો સ્વભાવ-દ્રવ્યાત્મક બને | ૧૭૧૧ |
| સ્વભાવની વ્યાખ્યા | ૧૭૧૧ |
| ગુણ-સ્વભાવની ઓળખ | ૧૭૧૧ |
| સ્વભાવ અંગે વિજયાનંદસૂરિનું મંતવ્ય | ૧૭૧૧ |
| સામાન્ય-વિશેષસ્વભાવનિર્દેશઃ | ૧૭૧૨ |
| સામાન્યસ્વભાવ : ૧૧, વિશેષસ્વભાવ : ૧૦ | ૧૭૧૨ |
| અસ્તિસ્વભાવનું પ્રકાશન | ૧૭૧૨ |
| અસ્તિત્વં સત્તાસ્વરૂપમ્ | ૧૭૧૩ |
| અસ્તિસ્વભાવ સફળ | ૧૭૧૩ |
| અસ્તિસ્વભાવસ્યાનુભવૌપયિકત્વમ્ | ૧૭૧૪ |
| અસ્તિત્વ : અમૃતચન્દ્રની દૃષ્ટિમાં | ૧૭૧૪ |
| અસ્તિસ્વભાવનું પ્રયોજન | ૧૭૧૪ |
| સર્વશૂન્યતાપત્તિઃ | ૧૭૧૫ |
| અસ્તિસ્વભાવમાં વિપક્ષબાધક પ્રમાણ | ૧૭૧૫ |
| સ્વભાવલાભપ્રયુક્તસંશયવિમર્શઃ | ૧૭૧૬ |
| સંશય પણ વસ્તુસત્ત્વસાધક | ૧૭૧૬ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| શૂન્યવાદ પ્રત્યક્ષવિરુદ્ધ | ૧૭૧૬ |
| प्रकरणपञ्जिकासंवादः | ૧૭૧૭ |
| અસ્તિસ્વભાવ અંગે શાલિકનાથમત | ૧૭૧૭ |
| સ્વદ્રવ્યાદિસાપેક્ષ અસ્તિસ્વભાવ | ૧૭૧૭ |
| सापेक्षास्तित्वाभ्युपगमः | ૧૭૧૮ |
| અસ્તિસ્વભાવ શ્રીદેવચન્દ્રજીની દૃષ્ટિએ | ૧૭૧૮ |
| નાસ્તિસ્વભાવનું નિરૂપણ | ૧૭૧૮ |
| सापेक्षनास्तित्वनिरूपणम् | ૧૭૧૯ |
| अस्ति-नास्तिस्वभावसमर्थनम् | ૧૭૨૦ |
| સર્વ સર્વાત્મક થવાની આપત્તિ | ૧૭૨૦ |
| નાસ્તિસ્વભાવ ન માનો તો સંકરાદિ દોષ | ૧૭૨૦ |
| અસ્તિ-નાસ્તિસ્વભાવ ન માનો તો... | ૧૭૨૦ |
| सर्वम् अनेकान्तात्मकम् | ૧૭૨૧ |
| સર્વ વસ્તુ અસ્તિ-નાસ્તિસ્વભાવમય | ૧૭૨૧ |
| પદાર્થ સ્વરૂપથી સત્, પરરૂપથી અસત્ | ૧૭૨૧ |
| સત્-અસત્ સ્વભાવનું સમર્થન | ૧૭૨૧ |
| नास्तिस्वभावस्य तुच्छत्वापत्तिः | ૧૭૨૨ |
| નાસ્તિસ્વભાવ શ્રીદેવચન્દ્રજીની દૃષ્ટિમાં | ૧૭૨૨ |
| નાસ્તિત્વ કાલ્પનિક : બૌદ્ધ | ૧૭૨૨ |
| નાસ્તિસ્વભાવ પારમાર્થિક : જૈન | ૧૭૨૨ |
| व्यञ्जकविलम्बप्रयुक्ताभिव्यक्तिविलम्बः | ૧૭૨૩ |
| સર્વથા અસત્‌ની અભિવ્યક્તિનો અસંભવ | ૧૭૨૩ |
| વ્યંજકવિલંબથી અભિવ્યક્તિમાં વિલંબ | ૧૭૨૩ |
| वस्तुस्वभाववैचित्र्यम् अप्रत्याख्येयम् | ૧૭૨૪ |
| સ્વભાવવૈવિધ્યનો અપલાપ અશક્ય | ૧૭૨૪ |
| સ્વભાવવૈવિધ્ય પ્રસિદ્ધ | ૧૭૨૪ |
| वस्तुस्वभावनिषेधाऽयोगः | ૧૭૨૫ |
| સાપેક્ષભાવો પારમાર્થિક | ૧૭૨૫ |
| અસ્તિસ્વભાવ પણ વ્યંજકવ્યંગ્ય | ૧૭૨૫ |
| सापेक्ष-निरपेक्षपदार्थप्रस्थापनम् | ૧૭૨૬ |
| પર્યાયના બે ભેદમાં વ્યવહાર-નિશ્ચયમત | ૧૭૨૬ |
| પ્રતિયોગીસ્મરણ સાપેક્ષભાવજ્ઞાનજનક | ૧૭૨૬ |
| प्रतीत्यभावानां पारमार्थिकता | ૧૭૨૭ |
| પ્રતીત્યભાવ વિડંબનાપાત્ર નથી | ૧૭૨૭ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| ધર્મીજ્ઞાનસામગ્રી એ જ ધર્મજ્ઞાનસામગ્રી : મીમાંસા | ૧૭૨૭ |
| शराव-कर्पूरगन्धप्रतिभासविचारः | ૧૭૨૮ |
| સાપેક્ષ-નિરપેક્ષ ભાવની સિદ્ધિ | ૧૭૨૮ |
| વિલક્ષણ ભાવોમાં વિરોધ નિરવકાશ | ૧૭૨૮ |
| જલસંપર્ક નૂતનગંધજનક : બૌદ્ધ | ૧૭૨૮ |
| पृथ्वीत्वेन शरावे गन्धसिद्धिः | ૧૭૨૯ |
| જલસંપર્ક પૂર્વગંધઅભિવ્યંજક : જૈન | ૧૭૨૯ |
| ગંધનાશાદિ કલ્પનામાં ગૌરવ | ૧૭૨૯ |
| साधनातः सिद्धिः | ૧૭૩૦ |
| સાધના અને સિદ્ધિ અંગે સમજણ | ૧૭૩૦ |
| तृतीयसामान्यस्वभावप्रकाशनम् | ૧૭૩૧ |
| નિત્યસ્વભાવની વિચારણા | ૧૭૩૧ |
| तृतीयसामान्यस्वभावसाधनम् | ૧૭૩૨ |
| પ્રત્યભિજ્ઞા નિત્યસ્વભાવની સાધક | ૧૭૩૨ |
| દ્રવ્યત્વાવચ્છેદેન નિત્યસ્વભાવ : શ્રીહેમચંદ્રસૂરિ | ૧૭૩૨ |
| पुद्गलत्वेन परमाणोः नित्यता | ૧૭૩૩ |
| નિત્યલક્ષણ વિચારણા | ૧૭૩૩ |
| પુદ્ગલમાં નિત્યસ્વભાવનો વિચાર | ૧૭૩૩ |
| ध्वंसाऽप्रतियोगित्वं नित्यत्वम् | ૧૭૩૪ |
| નૈયાયિકનો જૈનમતમાં સમાવેશ | ૧૭૩૪ |
| ઘટગત નિત્યતાની મીમાંસા | ૧૭૩૪ |
| विशेषस्य सामान्यरूपेण नित्यता | ૧૭૩૫ |
| આત્મગત અને ઘટગત નિત્યત્વમાં તફાવત | ૧૭૩૫ |
| તદ્ભાવથી વ્યયની અપ્રસિદ્ધિ | ૧૭૩૫ |
| ध्वंसप्रतियोगितानवच्छेदकरूपवत्त्वं नित्यत्वम् | ૧૭૩૬ |
| તત્ત્વાર્થસૂત્રની છણાવટ | ૧૭૩૬ |
| નવ્યન્યાયની પરિભાષામાં નિત્યત્વનો પરિચય | ૧૭૩૬ |
| કંબુગ્રીવાદિમત્ત્વરૂપે નિત્યત્વની આપત્તિ | ૧૭૩૬ |
| चतुर्थसामान्यस्वभावप्रज्ञापनम् | ૧૭૩૭ |
| ગુરુધર્મ પણ અવચ્છેદક બને | ૧૭૩૭ |
| અનિત્યસ્વભાવની વિચારણા | ૧૭૩૭ |
| परमाणोः नित्यानित्यता | ૧૭૩૮ |
| એકત્ર નયભેદથી શાશ્વત-અશાશ્વતસ્વભાવ | ૧૭૩૮ |
| સર્વ વસ્તુ નિત્યાનિત્ય | ૧૭૩૮ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| जात्यन्तरात्मकोऽर्थो नित्याऽनित्यः | १७३९ |
| ચય-અપચય છતાં આકૃતિ-જાતિ પ્રતિનિયત | १७३९ |
| ત્રૈલક્ષણ્યથી વસ્તુમાં નિત્યાનિત્યતા પ્રસિદ્ધ | १७३९ |
| सामान्यस्य विशेषरूपेण विनाशः | १७४० |
| સ્વભાવ અનેક છતાં નિયત | १७४० |
| नित्यानित्यस्वभावयोः सर्वव्यापिता | १७४१ |
| દ્રવ્ય પણ અનિત્ય, પર્યાય પણ નિત્ય | १७४१ |
| સૂયગડાંગવ્યાખ્યાનું સ્પષ્ટીકરણ | १७४१ |
| वैयाकरणमहाभाष्यप्रदीपोक्तिमीमांसा | १७४२ |
| ત્રિવિધ અનિત્યતા : કૈયટ | १७४२ |
| કૈયટમતમીમાંસા | १७४२ |
| સાન્વયનાશની વિચારણા | १७४२ |
| निरन्वयनाशनिरासः | १७४३ |
| વિભાગજન્ય નાશમાં સર્વાત્મના નાશનો સમાવેશ | १७४३ |
| એક પર્યાયના નાશમાં સર્વથા નાશ અપ્રસક્ત | १७४३ |
| अन्यायकारिणोऽनित्यस्वभावः स्मर्तव्यः | १७४४ |
| નિત્યાનિત્યસ્વભાવનો ઉપયોગ | १७४४ |
| बौद्धमतद्योतनम् | १७४५ |
| સર્વ વસ્તુ સર્વથા ક્ષણિક - બૌદ્ધ | १७४५ |
| विनाशविषयिणी विकल्पत्रितयी | १७४६ |
| बौद्धमते कार्य-कारणभावमीमांसा | १७४७ |
| બૌદ્ધમતમાં કાર્યોત્પત્તિનો અસંભવ | १७४७ |
| बौद्धमते कार्य-कारणभावभङ्गः | १७४८ |
| બૌદ્ધમતમાં કાર્ય-કારણભાવનો ઉચ્છેદ | १७४८ |
| અવિદ્યમાન હોય તે અજનક | १७४८ |
| એકાન્તક્ષણિક પક્ષમાં કાર્યજન્મ અસંભવ : શ્રીશીલાંકાચાર્યજી | १७४८ |
| बौद्धमते उत्पाद-व्यययोरवस्तुता | १७४९ |
| તુલા નમન-ઉન્નમન મીમાંસા | १७४९ |
| વિનાશાદિ અવસ્તુ થવાની આપત્તિ | १७४९ |
| सर्वेषां स्वलक्षणत्वे नियतकारणत्वाऽयोगः | १७५० |
| ઉત્પત્તિ વસ્તુનાશક નથી | १७५० |
| અવ્યવહિતપૂર્વક્ષણગત કારણતા : બૌદ્ધ | १७५० |
| બૌદ્ધસંમત કારણતા દોષગ્રસ્ત | १७५० |
| बौद्धसम्मतसामग्रीविमर्शः | १७५१ |
| બૌદ્ધસંમત કાર્ય-કારણભાવની વિચારણા | १७५१ |
| बौद्धमते कारणताविशेषाऽसम्भवः | १७५२ |
| બૌદ્ધસંમત કાર્યકારણભાવનું નિરાકરણ | १७५२ |
| निरन्वयनाशनिरासः | १७५३ |
| બૌદ્ધમતમાં સાજાત્ય-સંતાનનો અસંભવ | १७५३ |
| સર્વથા એક અનેકકાર્યજનક ન બને | १७५३ |
| भामहालङ्कारसन्दर्भः | १७५४ |
| આનન્તર્ય અનિયામક | १७५४ |
| બૌદ્ધસંમત સંતાન અપારમાર્થિક | १७५४ |
| न्यायमञ्जरीसंवादः | १७५५ |
| સંતાનમીમાંસા | १७५५ |
| બૌદ્ધમતમાં લોકવ્યવહારનો ઉચ્છેદ | १७५५ |
| बौद्धसंमतवासनानिरासः | १७५६ |
| સૂત્રકૃતાંગવૃત્તિ સંવાદની વિચારણા | १७५६ |
| वासना पर्यायात्मिका | १७५७ |
| સંસ્કાર સંક્રમણની વિચારણા | १७५७ |
| બૌદ્ધમતમાં સંસ્કારસંક્રમનો અસંભવ | १७५७ |
| सिद्धिविनिश्चयसाक्षी | १७५८ |
| પૌર્વાપર્ય આપત્તિજનક | १७५८ |
| બૌદ્ધમતે વાસ્ય-વાસકભાવનો અસંભવ | १७५८ |
| स्वलक्षणपक्षेऽन्वयाऽसम्भवः | १७५९ |
| રૂપાદિજનક શક્તિની મીમાંસા | १७५९ |
| નિરન્વયનાશમતમાં શક્તિનો અયોગ | १७५९ |
| બૌદ્ધમતમાં નિમિત્ત ઉપાદાન બનવાની આપત્તિ | १७५९ |
| नाऽवस्तुनो वस्तुसिद्धिः | १७६० |
| અભાવ ભાવ ન બને, ભાવ અભાવ ન બને | १७६० |
| નિરન્વયનાશમતમાં સર્વશૂન્યતા આપત્તિ | १७६० |
| शून्यवादापादनम् | १७६१ |
| એકાન્તસાધક હેતુ અસિદ્ધ-વિરુદ્ધ-અનૈકાન્તિક | १७६१ |
| एकान्तक्षणिकस्य नाऽर्थक्रियाकारित्वम् | १७६२ |
| એકાન્તવાદીનું દૃષ્ટાન્ત પણ સાધ્યશૂન્ય | १७६२ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| ક્ષણિકત્વસાધક હેતુમાં ચાર દોષ | ૧૭૬૨ |
| સત્ત્વ અનેકાન્તવ્યાપ્ય | ૧૭૬૨ |
| दीपशिखायाः षट्क्षणस्थायित्वम् | ૧૭૬૩ |
| બૌદ્ધસંમત દૃષ્ટાંત સાધ્યશૂન્ય | ૧૭૬૩ |
| એકાન્તક્ષણિકપક્ષમાં તૃપ્તિ, શ્રમ, સ્મરણ આદિનો અસંભવ | ૧૭૬૩ |
| ક્ષણિક વસ્તુ અર્થક્રિયાકારી ન બને | ૧૭૬૩ |
| क्षणिकसंस्कारनिरासः | ૧૭૬૪ |
| અનેકાંતવાદ સર્વ વ્યવહારનો પ્રાણ | ૧૭૬૪ |
| सन्तानपक्षाऽपाकरणम् | ૧૭૬૫ |
| ક્ષણભંગુરવાદમાં બંધ-મોક્ષાદિનો અસંભવ | ૧૭૬૫ |
| ક્ષણિકપક્ષમાં પ્રત્યભિજ્ઞાનો અસંભવ | ૧૭૬૫ |
| ક્ષણિકપક્ષમાં લોકવ્યવહારનો અસંભવ | ૧૭૬૫ |
| अनेकान्तवादे सर्वव्यवहारसङ्गतिः | ૧૭૬૬ |
| બૌદ્ધમતમાં કૃતનાશ-અકૃતઆગમ દોષ | ૧૭૬૬ |
| एकान्तनित्यवादनिराकरणम् | ૧૭૬૭ |
| અનિત્યસ્વભાવનો અસ્વીકાર સદોષ | ૧૭૬૭ |
| अर्थक्रियाकारित्वं कार्यकर्तृत्वम् | ૧૭૬૮ |
| નિત્યમાં ઉપચારનો અસંભવ | ૧૭૬૮ |
| સર્વથા નિત્ય અર્થક્રિયાકારી ન બને | ૧૭૬૮ |
| नित्यत्वविरहे निरन्वयकार्याऽऽपादनम् | ૧૭૬૯ |
| એકાંત નિત્યમાં સ્વભાવપરિવર્તન અશક્ય | ૧૭૬૯ |
| નિત્યત્વ-અનિત્યત્વવિરહ દોષજનક | ૧૭૬૯ |
| नित्यदर्शने शक्तिनियन्त्रणाऽसम्भवः | ૧૭૭૦ |
| ક્રમ-અક્રમથી અર્થક્રિયાનો વિચાર | ૧૭૭૦ |
| સર્વથા નિત્યમાં અવસ્થાભેદ અશક્ય | ૧૭૭૦ |
| અધ્યાત્મસારનો સંદર્ભ | ૧૭૭૦ |
| एकान्तनित्येऽर्थक्रियाकारित्वाऽसम्भवः | ૧૭૭૧ |
| દ્રવ્યાલંકારસંદર્ભની વિચારણા | ૧૭૭૧ |
| એકાન્તનિત્યમાં અર્થક્રિયાવિરહ : સૂયગડાંગસૂત્રવ્યાખ્યાકાર | ૧૭૭૧ |
| एकान्तनित्यस्वभावनिरासः | ૧૭૭૨ |
| એકાન્તનિત્યમાં દ્વિતીયક્ષણે અકર્તૃત્વાપત્તિ | ૧૭૭૨ |
| अनेकान्तवादे अर्थक्रियासङ्गतिः | ૧૭૭૩ |
| અર્થક્રિયા અનેકાન્તપક્ષમાં વિશ્રાન્ત | ૧૭૭૩ |
| ઈન્દ્રિયસન્નિકર્ષ કારણ મીમાંસા | ૧૭૭૩ |
| आत्मनि अनित्यस्वभावस्थापनम् | ૧૭૭૪ |
| સ્વભાવની વ્યાખ્યા | ૧૭૭૪ |
| ઉપયોગપરિણતિ દ્વારા આત્મા જ્ઞાનજનક | ૧૭૭૪ |
| कारकत्वस्य सव्यापारकत्वव्याप्तता | ૧૭૭૫ |
| એકાંતનિત્યવાદમાં જ્ઞાનોત્પત્તિવિચાર | ૧૭૭૫ |
| સમવાય સંબંધનું નિરાકરણ | ૧૭૭૫ |
| समवायमीमांसा | ૧૭૭૬ |
| અનવસ્થાનિવારણપ્રયાસ | ૧૭૭૬ |
| જ્ઞાન સ્વયમેવ આત્મસંબદ્ધ | ૧૭૭૬ |
| 'इहेदम्' इतिप्रतीतिविमर्शः | ૧૭૭૭ |
| સમવાયસાધક પ્રમાણનું નિરાકરણ | ૧૭૭૭ |
| જયધવલાસંવાદથી સમવાયનિરાસ | ૧૭૭૭ |
| द्रव्यत्वावच्छिन्ने कथञ्चिदनित्यस्वभावः | ૧૭૭૮ |
| આત્મા કથંચિદ્ અનિત્ય | ૧૭૭૮ |
| મૃત્પિંડાદિમાં નિત્યાનિત્યરૂપતા | ૧૭૭૮ |
| एकान्तनित्यतामीमांसा | ૧૭૭૯ |
| સ્વજાતિના ઉચ્છેદ વિના નિત્યતા : શ્રીશીલાંકાચાર્યજી | ૧૭૭૯ |
| એકાન્તભેદપક્ષમાં દ્રવ્યનો ઉચ્છેદ | ૧૭૭૯ |
| भेदपक्षे गुणस्य अनन्तद्रव्यवृत्तित्वापादनम् | ૧૭૮૦ |
| સર્વ ગુણ તમામ દ્રવ્યમાં રહેવાની આપત્તિ | ૧૭૮૦ |
| પ્રત્યેક ગુણમાં અનન્તદ્રવ્યવૃત્તિતાની આપત્તિ | ૧૭૮૦ |
| દિગંબરમત મુજબ ગુણ-ગુણીઅભેદની વિચારણા | ૧૭૮૦ |
| सम्मतितर्कसंवादः | ૧૭૮૧ |
| ગુણ-ગુણીમાં પ્રદેશભેદનો અસંભવ | ૧૭૮૧ |
| દ્રવ્ય-ગુણ વચ્ચે સર્વથા ભેદ અમાન્ય | ૧૭૮૧ |
| વસ્તુમાં નિત્યાનિત્યતા પ્રત્યક્ષસિદ્ધ : શ્રીહરિભદ્રસૂરિ | ૧૭૮૧ |
| एकान्तनित्यवादप्रत्याख्यानम् | ૧૭૮૨ |
| એકાંતપક્ષમાં બંધ-મોક્ષનો અસંભવ | ૧૭૮૨ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| नित्यानित्यपदार्थस्थापनम् | १७८३ |
| એકાંત નિત્ય-અનિત્ય બન્ને પક્ષ અયોગ્ય | १७८३ |
| સ્યાદ્વાદમાં સર્વપ્રવૃત્તિનો સંભવ | १७८३ |
| नित्यानित्यस्वभावाऽविरोधः | १७८४ |
| નિત્યત્વ-અનિત્યત્વ એક પણ ન માનો તો સર્વ વ્યવહારોચ્છેદ | १७८४ |
| અવચ્છેદકભેદથી સ્વભાવદ્વયસમાવેશ | १७८४ |
| अनेकान्ते नाऽवच्छेदकभेदयाञ्चा | १७८५ |
| અપેક્ષાભેદથી સ્વભાવદ્વયસમાવેશ | १७८५ |
| જાત્યન્તરાત્મક ઘટ - સિદ્ધાન્તપક્ષ | १७८५ |
| घटस्य जात्यन्तरता | १७८६ |
| सर्वजनसंवेद्यसंवेदनाऽपलापोऽनर्हः | १७८७ |
| ભેદાભેદ દ્વારા નિત્યાનિત્યતાની સિદ્ધિ | १७८७ |
| એક દ્રવ્યના પર્યાયોમાં સર્વથા ભેદ નથી | १७८७ |
| शुक्लध्यानोपायप्रदर्शनम् | १७८८ |
| નિત્યાનિત્યસ્વભાવપ્રતિપાદનનું પ્રયોજન | १७८८ |
| पञ्चमसामान्यस्वभावप्रज्ञापना | १७८९ |
| એકસ્વભાવની વિચારણા | १७८९ |
| उपधेयसाङ्कर्येऽपि उपाध्यसाङ्कर्यम् | १७९० |
| એકસ્વભાવ અને નિત્યસ્વભાવની ભેદરેખા | १७९० |
| અનેકસ્વભાવ દ્રવ્યગત એકતામાં અબાધક | १७९० |
| पर्यायेऽप्यनेकस्वभावसमर्थनम् | १७९१ |
| અનેકસ્વભાવની વિચારણા | १७९१ |
| પર્યાયમાં દ્રવ્યત્વનો ઉપચાર | १७९१ |
| गुणान्तरयोगेऽनेकस्वभावताऽऽविर्भावः | १७९२ |
| વસ્તુના સ્વરૂપ એક-અનેક : હરિભદ્રસૂરિજી | १७९२ |
| ઘટમાં દ્રવ્યરૂપતા પારમાર્થિક | १७९२ |
| એકમાં અનેકસ્વભાવ પરદર્શનસંમત | १७९२ |
| द्रव्याऽभेदेऽपि स्वभावभेदसिद्धिः | १७९३ |
| આકાશ વગેરેમાં અનેક સ્વભાવની સંગતિ | १७९३ |
| स्वस्मिन् स्वभेदसिद्धिः | १७९४ |
| એક આકાશના અનેક ભેદ | १७९४ |
| अवच्छेदकभेदे अवच्छिन्नभेदः | १७९५ |
| વેદાન્તદર્શનમાં ભેદના બે પ્રકાર | १७९५ |
| આકાશ વગેરેમાં પણ વિભાવપર્યાયો વાસ્તવિક | १७९५ |
| उपाधिभेदे उपहितभेदस्य न्याय्यत्वात् | १७९६ |
| ઉપશાંતકષાયાદિ ભેદની વિચારણા | १७९६ |
| एकानेकस्वभावविमर्शः | १७९७ |
| પ્રત્યેક દ્રવ્યમાં અનેક સ્વભાવ | १७९७ |
| એકત્વ-અનેકત્વશક્તિ | १७९७ |
| એકાનેકસ્વભાવ શ્રીદેવચન્દ્રજીની દૃષ્ટિએ | १७९७ |
| આકાશના અનંત ભેદ - શિવાદિત્ય | १७९७ |
| तत्त्वोपप्लवसिंहसंवादः | १७९८ |
| એકાન્તક્ષણિકપક્ષમાં એકમાં અનેકસ્વભાવસિદ્ધિ | १७९८ |
| એકસ્વભાવમાં વિપક્ષબાધક પ્રમાણ | १७९८ |
| एकत्र एकानेकस्वभावसाधनम् | १७९९ |
| અનેકસ્વભાવમાં વિપક્ષબાધક પ્રમાણ | १७९९ |
| व्यवहारतः सामान्यस्य विशेषाऽनतिरिक्तत्वम् | १८०० |
| 'तु' શબ્દના બે અર્થની વિભાવના | १८०० |
| વસ્તુની જેમ સામાન્ય-વિશેષમાં એકાનેકસ્વભાવ | १८०० |
| द्रव्य-पर्याययोः सामान्य-विशेषवाचकता | १८०१ |
| પર્યાયમાં પણ એકાનેકસ્વભાવ માન્ય | १८०१ |
| સામાન્ય-વિશેષની સમવ્યાપ્તિ શ્વેતાંબરસંમત | १८०१ |
| अनेकान्ते कुमारिलभट्टसंमतिः | १८०२ |
| દ્રવ્ય-પર્યાયની સમવ્યાપ્તિ દિગંબરસંમત | १८०२ |
| સામાન્ય-વિશેષની સમવ્યાપ્તિ મીમાંસકમાન્ય | १८०२ |
| એકાનેકસ્વભાવના અસ્વીકારમાં દ્રવ્યોચ્છેદ | १८०२ |
| वाक्यपदीयसंवादः | १८०३ |
| એક-અનેકરૂપતાની સમવ્યાપ્તિ ભર્તૃહરિમાન્ય | १८०३ |
| અનેકસ્વભાવના અસ્વીકારમાં સ્વ-સ્વામીભાવાદિનો ઉચ્છેદ | १८०३ |
| સામાન્ય-વિશેષ કથંચિત્ અભિન્ન | १८०३ |
| એકાનેક સ્વભાવનું પ્રયોજન | १८०३ |
| आराधकस्वभावस्थैर्यं कर्तव्यम् | १८०४ |
| सप्तमसामान्यस्वभावप्रद्योतनम् | १८०५ |
| ભેદસ્વભાવનું પ્રતિપાદન | १८०५ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| अभेदस्वभावविमर्शः | १८०६ |
| સ્વભાવભેદ-અગુરુલઘુપર્યાયભેદ દ્વારા ભેદસ્વભાવની સિદ્ધિ | १८०६ |
| અભેદસ્વભાવનું નિરૂપણ | १८०६ |
| अविभक्तप्रदेशवृत्तित्वम् अभेदस्वभावः | १८०७ |
| દિગંબરગ્રંથની સ્પષ્ટતા | १८०७ |
| ભેદાભેદવિરોધ નિર્મૂલ | १८०७ |
| भेदस्वभावविरहे प्रतिनियतरूपतोच्छेदः | १८०८ |
| ભેદ-અભેદસ્વભાવની સિદ્ધિ : શ્રીદેવચન્દ્રજી | १८०८ |
| વસ્તુ ભેદાભેદસ્વભાવી : અકલંકસ્વામી | १८०८ |
| ભેદાભેદ સ્વભાવનો અસ્વીકાર અશક્ય | १८०८ |
| भेदः वस्तुस्वरूपम् | १८०९ |
| ભેદસ્વભાવ આવશ્યક | १८०९ |
| મંડનમિશ્રના મતનું નિરાકરણ | १८०९ |
| गुणादीनां निराधारतापत्तिः | १८१० |
| અભેદ વિના આધારાધેયભાવ અસંગત | १८१० |
| વેદાન્તદર્શનમાં પર્યાય-પર્યાયી વચ્ચે ભેદાભેદ | १८१० |
| કાર્ય-કારણ વચ્ચે ભેદાભેદ પ્રકારાન્તરથી શંકરાચાર્યસંમત | १८१० |
| पर्याय-पर्यायिणोः भेदाभेदौ परदर्शनसम्मतौ | १८११ |
| ગુણ-ગુણી વગેરે વચ્ચે ભેદાભેદ : ભાસ્કરાચાર્ય | १८११ |
| અવયવ-અવયવી વચ્ચે ભેદાભેદ : વાચસ્પતિમિશ્ર | १८११ |
| ગુણ-ગુણી, અવયવ-અવયવી વચ્ચે ભેદાભેદ : મીમાંસક | १८११ |
| अवयवाऽवयविनोः भेदाभेदौ परदर्शनसम्मतौ | १८१२ |
| ધર્મ-ધર્મી વચ્ચે ભેદાભેદ | १८१२ |
| एकान्तवादे हिंसा-परलोकाद्यसम्भवः | १८१३ |
| ભેદ-અભેદનો અસ્વીકાર ગુણ-ગુણી-ભાવનાશાદિનો આપાદક | १८१३ |
| પર્યાય-પર્યાયી વચ્ચે ભેદાભેદ : શ્રીહેમચન્દ્રસૂરિજી | १८१३ |
| बृहन्नयचक्रवृत्तिसंवादः | १८१४ |
| એકાન્તભેદપક્ષનું અને સર્વથા અભેદપક્ષનું નિરસન | १८१४ |
| એકાન્તપક્ષમાં ગુણાદિ અર્થક્રિયાકારી ન બને | १८१४ |
| आधाराधेययोः अभेदसम्बन्धः | १८१५ |
| નિરાધાર ગુણાદિપક્ષની સમસ્યા | १८१५ |
| આધારતામાં સમવાય અનિયામક | १८१५ |
| गुण-गुणिनोरविभक्तप्रदेशता | १८१६ |
| પૃથક્ત્વ અને ભેદની વિચારણા : દિગંબર મત મુજબ | १८१६ |
| અમૃતચન્દ્રાચાર્યમતદર્શન | १८१६ |
| અતદ્ભાવસ્વરૂપ ભેદની વિચારણા | १८१६ |
| सत्ता-द्रव्ययोः न सर्वथैक्यम् | १८१७ |
| વિધાયક વૃત્તિસ્વરૂપ સત્તા | १८१७ |
| भेदोऽभेदरूपः अभेदश्च भेदरूपः | १८१८ |
| ભેદ અભેદસ્વરૂપ અને અભેદ ભેદસ્વરૂપ | १८१८ |
| પંચાધ્યાયીમાં આઠ સ્વભાવનો નિર્દેશ | १८१८ |
| દ્રવ્યોમાં પરસ્પર ભેદાભેદ | १८१८ |
| दोषान्विता न द्वेष्याः | १८१९ |
| ભેદાભેદસ્વભાવનો ઉપદેશ સાંભળીએ | १८१९ |
| गुणाऽभेदस्वभावस्य फलोपधायकत्वं कार्यम् | १८२० |
| नवमसामान्यस्वभावप्रतिपादनम् | १८२१ |
| ભવ્યસ્વભાવની ભાવના | १८२१ |
| भव्यस्वभावविचारः | १८२२ |
| આલાપપદ્ધતિ ગ્રંથની સ્પષ્ટતા | १८२२ |
| પરિણામી દ્રવ્યમાં જ ભવ્યસ્વભાવ | १८२२ |
| મુક્તિગમનયોગ્યતા સામાન્યસ્વભાવ નથી | १८२२ |
| द्रव्यत्वावच्छेदेन भव्याभव्योभयस्वभावाङ्गीकारः | १८२३ |
| અભવ્યસ્વભાવનો પરિચય | १८२३ |
| પરદ્રવ્યસ્વરૂપે અપરિણમન | १८२३ |
| दशमसामान्यस्वभावप्रकाशनम् | १८२४ |
| અસ્તિત્વ-જીવત્વાદિ ધર્મો અભવ્ય-સ્વભાવ : શ્રીદેવચંદ્રજી | १८२४ |
| भव्यस्वभावानङ्गीकारे शून्यवादापत्तिः | १८२५ |
| ભવ્ય-અભવ્ય સ્વભાવના અસ્વીકારમાં દોષ | १८२५ |
| પ્રત્યેક દ્રવ્ય સર્વદ્રવ્યાત્મક થવાની આપત્તિ | १८२५ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| अभव्यत्वविरहे द्रव्यान्तरतापादनम् | १८२६ |
| ભવ્ય-અભવ્યસ્વભાવ ન હોય તો સમસ્યા સર્જાય | १८२६ |
| કાર્યસાંકર્ય દોષ | १८२६ |
| अभव्यस्वभावमाहात्म्यम् | १८२७ |
| કાર્યસાંકર્યપરિહાર અભવ્યસ્વભાવપ્રયુક્ત | १८२७ |
| भव्यताव्याख्या | १८२८ |
| સંકર અને શૂન્યતા દોષની આપત્તિ | १८२८ |
| ભવ્યસ્વભાવ અંગે શ્રીહરિભદ્રસૂરિજીનો મત | १८२८ |
| उपदेशपदादिसंवादः | १८२९ |
| તથાભવ્યત્વ કાળાદિને ખેંચી લાવે | १८२९ |
| યોગબિંદુ સંવાદની વિચારણા | १८२९ |
| તથાભવ્યત્વ નિમિત્તને ખેંચી લાવે | १८२९ |
| सर्व-स्वजन-स्वकल्याणचिन्तादिकं तथाभव्यत्वनियम्यम् | १८३० |
| અંતિમ નિર્ણાયક તથાભવ્યત્વ | १८३० |
| તથાભવ્યત્વ તીર્થંકરપદપ્રાપક | १८३० |
| तथाभव्यत्वप्रभावप्रद्योतनम् | १८३१ |
| તથાભવ્યત્વથી સંશુદ્ધયોગબીજગ્રહણ | १८३१ |
| તથાભવ્યત્વ-અધ્યાત્માદિ દ્વારા કર્મમલનાશ | १८३१ |
| तथाभव्यत्वतः सर्वेषां युगपदमुक्तिः | १८३२ |
| પંચસૂત્ર સંદર્ભવિચાર | १८३२ |
| ભવ્ય-અભવ્યસ્વભાવ જાણી યોગ્યતાને સક્રિય બનાવીએ | १८३२ |
| जीवस्याऽजीवत्वाऽयोगः | १८३३ |
| મૈત્રી વગેરે ભાવો ટકાવવા | १८३३ |
| ज्ञानस्वरूप आत्मा | १८३४ |
| પરમભાવ સ્વભાવની ઓળખાણ | १८३४ |
| परमभावस्वभावप्रज्ञापनम् | १८३५ |
| વિવિધ પારિણામિક ભાવોની ઓળખાણ | १८३५ |
| ધર્માસ્તિકાયાદિમાં પરમભાવનો વિચાર | १८३५ |
| चैतन्यं चेतनपरमस्वभावः | १८३६ |
| પરમભાવના અસ્વીકારમાં વ્યવહારવિલોપ | १८३६ |
| પરમસ્વભાવ વિના અનુગત વ્યવહારનો અસંભવ | १८३६ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| विशेषगुणाः परमगुणाः | १८३७ |
| જીવત્વ સ્વાભાવિક ધર્મ | १८३७ |
| પરમસ્વભાવવશ વિશેષગુણાનુયાયી સાધારણાદિ-ગુણપ્રવર્તન : શ્રીદેવચંદ્રજી | १८३७ |
| માર્ગાનુસારિણી પ્રજ્ઞા પામીએ | १८३७ |
| जिनवचनम् अप्रतिक्षेप्यम् | १८३८ |
| સામાન્ય-વિશેષસ્વભાવ અંગે શ્રીદેવચન્દ્રમત | १८३८ |
| पूर्वापरशाखासम्बन्धयोजनम् | १८३९ |
| વસ્તુ અનંત સામાન્યસ્વભાવમય | १८३९ |
| शुद्ध-पूर्णचैतन्यस्वभावाविर्भावः परमप्रयोजनम् | १८४० |
| પરમભાવને પૂર્ણ વિશુદ્ધ કરીએ | १८४० |
| एकादशशाखोपसंहारः | १८४१ |
| શાખા - ૧૧ - અનુપ્રેક્ષા | १८४२ |
| **શાખા - ૧૨ : विशेषस्वभावनिरूपणम्** | **१८४५-१९६०** |
| ટૂંકસાર (શાખા - ૧૨) | १८४६ |
| सामान्य-विशेषयोः कथञ्चिदैक्यम् | १८४७ |
| વિશેષસ્વભાવ લક્ષણ | १८४७ |
| प्रथमविशेषस्वभावनिरूपणम् | १८४८ |
| ચેતનસ્વભાવની વિચારણા | १८४८ |
| આત્મા સ્વતઃ જ્ઞાતા | १८४८ |
| ચૈતન્યશક્તિ આત્મસ્વરૂપ | १८४८ |
| ज्ञस्वभाव आत्मा | १८४९ |
| જ્ઞાન-જ્ઞાની વચ્ચે અભેદ | १८४९ |
| એકાંતભેદપક્ષમાં ગુણ-ગુણીભાવ અસંગત | १८४९ |
| અસંજ્ઞી જીવોમાં પણ સ્વાભાવિક ચેતના | १८४९ |
| द्वितीयविशेषस्वभावप्रकाशनम् | १८५० |
| અચેતનસ્વભાવનું પ્રતિપાદન | १८५० |
| પંચાસ્તિકાય સંદર્ભ | १८५० |
| जीवस्य जडत्वे कर्मबन्धाऽभावः | १८५१ |
| દ્વિવિધ ચૈતન્યનું પ્રતિપાદન | १८५१ |
| રાગાદિ કર્મબંધકારણ | १८५१ |

| विषय | પૃષ્ઠ |
| --- | --- |
| प्रशमरतिसंवादः | १८५२ |
| રાગાદિ ભાવથી કર્મબંધ | १८५२ |
| અશુદ્ધ ચેતનાને ટાળીએ | १८५२ |
| स्व-परविवेकविज्ञानफलम् | १८५३ |
| 'હું રાગી' - તેવું આત્માનુભવી ન માને | १८५३ |
| रुच्यनुयायि वीर्यस्फुरणम् | १८५४ |
| શુદ્ધ ચૈતન્યસ્વભાવને પ્રગટાવીએ | १८५४ |
| शुद्धचैतन्यप्रादुर्भावनं मुमुक्षुकर्तव्यम् | १८५५ |
| चेतनस्वभावमीमांसा | १८५६ |
| આત્મા સર્વથા ચેતન નથી | १८५६ |
| સર્વથાચેતનપક્ષમાં ધ્યાનાદિ નિરર્થક | १८५६ |
| ध्यानाद्युच्छेदापत्तिः | १८५७ |
| आत्मा कथञ्चिद् अचेतनः | १८५८ |
| આત્મા અનાદિ શુદ્ધ નથી | १८५८ |
| નઞ્ અલ્પાર્થવાચક | १८५८ |
| 'नञ्'ના છ અર્થ | १८५८ |
| नञर्थविमर्शः | १५५९ |
| 'अ' તથા 'नञ्'ના વિવિધ અર્થો | १५५९ |
| 'अचेतन आत्मा' इति वाक्यविमर्शः | १८६० |
| આત્મા ચેતન-અચેતનસ્વભાવી | १८६० |
| सर्वत्र स्याद्वादो विजयी | १८६१ |
| ચેતનાનો વિકાસ કરી વિશુદ્ધિ વરીએ | १८६१ |
| प्रयोजनसिद्धये व्यवहारदृष्टिः त्याज्या | १८६२ |
| શુદ્ધનયને પ્રધાન બનાવતાં સમકિત પ્રગટે | १८६२ |
| ग्रन्थिभेदपूर्वं नयसमाहारे ज्ञानसिद्धौ अपि प्रयोजनाऽसिद्धिः | १८६३ |
| સમ્યગ્ એકાંત ઉપાદેય | १८६३ |
| ગ્રંથિભેદના પુરુષાર્થમાં બે નય ભેગા ન કરો | १८६३ |
| शुद्धचैतन्यस्वभावे दृष्टिः स्थाप्या | १८६४ |
| અર્જુનદૃષ્ટિ કેળવીએ | १८६४ |
| तृतीयविशेषस्वभावप्रकाशनम् | १८६५ |
| મૂર્તસ્વભાવનું પ્રકાશન | १८६५ |
| चतुर्थविशेषस्वभावद्योतनम् | १८६६ |

| विषय | પૃષ્ઠ |
| --- | --- |
| અમૂર્તસ્વભાવને ઓળખીએ | १८६६ |
| भवभङ्गापादनम् | १८६७ |
| કર્માનુવિદ્ધ આત્મા કથંચિત્ મૂર્ત : શ્રીહરિભદ્રસૂરિજી | १८६७ |
| મૂર્તસ્વભાવનો અસ્વીકાર સદોષ | १८६७ |
| आत्मनि मूर्तत्वमीमांसा | १८६८ |
| કર્મસંબંધથી જીવ મૂર્ત | १८६८ |
| શંકરાચાર્યમત નિરાકરણ | १८६८ |
| कर्मोपाधयः परिहर्तव्याः | १८६९ |
| સંસારી = મૂર્ત, સિદ્ધ = અમૂર્ત | १८६९ |
| જીવમાં અમૂર્તતા પારમાર્થિક, મૂર્તતા ઔપચારિક : દિગંબર | १८६९ |
| કર્મજન્ય ઉપાધિઓને ટાળીએ | १८६९ |
| મૂર્તસ્વભાવને વિદાય દઈએ | १८६९ |
| आहारादिपुद्गलैः देहपुद्गलपुष्टिः | १८७० |
| कर्तृत्व-भोक्तृत्वभावोच्छेदोपायोपदर्शनम् | १८७१ |
| સંસાર-મોક્ષમાં આત્મા સમાન | १८७१ |
| केवलबाह्यक्रियारतः गूढतत्त्वाऽज्ञः | १८७२ |
| સિદ્ધસુખને સમજીએ | १८७२ |
| બાહ્ય ક્રિયામાં ગળાડૂબ તત્ત્વદર્શી ન હોય | १८७२ |
| मोक्षोच्छेदप्रसङ्गः | १८७३ |
| અમૂર્તતાનો અસ્વીકાર સદોષ | १८७३ |
| पञ्चमविशेषस्वभावप्रतिपादनम् | १८७४ |
| નિશ્ચયથી આત્મા મૂર્ત નથી | १८७४ |
| એકાન્તતઃ મૂર્ત આત્મા અમાન્ય | १८७४ |
| એકપ્રદેશસ્વભાવની પ્રરૂપણા | १८७४ |
| मूर्त्ताऽमूर्त्तस्वभावोपयोगप्रतिपादनम् | १८७५ |
| ભ્રાન્તિને છોડીએ | १८७५ |
| અમૂર્તસ્વભાવવિચાર ઉત્સાહવર્ધક | १८७५ |
| सिद्धस्वरूपसौलभ्यसाधनसन्दर्शनम् | १८७६ |
| षष्ठविशेषस्वभावविद्योतनम् | १८७७ |
| અનેકપ્રદેશસ્વભાવની વિચારણા | १८७७ |
| नानाधर्मास्तिकायप्रसक्तिः | १८७८ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| એકપ્રદેશસ્વભાવનો અસ્વીકાર સદોષ | ૧૮૭૮ |
| पापिद्वेषः त्याज्यः | ૧૮૭૯ |
| અવયવકંપનથી અવયવીમાં કંપનની પ્રતીતિ | ૧૮૭૯ |
| અવિભક્તત્વનું અભિમાન ટાળીએ | ૧૮૭૯ |
| अस्तित्वादिस्वभावाः सिद्धवर्तिनः | ૧૮૮૦ |
| सकम्पताऽकम्पतामीमांसा | ૧૮૮૧ |
| અનેકપ્રદેશસ્વભાવનો અસ્વીકાર સદોષ | ૧૮૮૧ |
| अवयविनि अवयवगतकम्पनप्रतीतिविचारः | ૧૮૮૨ |
| અવયવ સકંપ, અવયવી નિષ્કંપ : નૈયાયિક | ૧૮૮૨ |
| 'वस्त्रं कम्पते' - પ્રતીતિ નૈયાયિકમતમાં અસંગત | ૧૮૮૨ |
| પરંપરાસંબંધથી સકંપ બુદ્ધિ અનુપપન્ન | ૧૮૮૨ |
| 'वस्त्रं कम्पते' - वाक्यविचारः | ૧૮૮૩ |
| સકંપ-નિષ્કંપપ્રતીતિ નૈયાયિક મતમાં અસંગત | ૧૮૮૩ |
| नानाप्रदेशस्वभावसमर्थनम् | ૧૮૮૪ |
| અવયવીમાં સર્વથા એકસ્વભાવ સદોષ | ૧૮૮૪ |
| अंशे रक्ते सर्वत्र रक्तत्वापत्तिः | ૧૮૮૫ |
| તત્ત્વસંગ્રહની સ્પષ્ટતા | ૧૮૮૫ |
| અવયવ-અવયવીનો અવિષ્વગ્ભાવ સંબંધ | ૧૮૮૫ |
| 'वस्त्रम् इह कम्पते, तत्र ने'ति प्रतीतिपरामर्शः | ૧૮૮૬ |
| અવયવ-અવયવી વચ્ચે સમવાયસંબંધનું નિરાકરણ | ૧૮૮૬ |
| શંકરમિશ્રમત વિચાર | ૧૮૮૬ |
| અવયવ-અવયવી વચ્ચે અપૃથગ્ભાવ સંબંધ | ૧૮૮૬ |
| अनेकान्तेऽन्यदर्शनिसम्मतिः | ૧૮૮૭ |
| જયરાશિભટ્ટનું અનેકાન્તવાદને અનુમોદન | ૧૮૮૭ |
| અનેકાન્તવાદમાં વર્ધમાન ઉપાધ્યાયનો પ્રવેશ | ૧૮૮૭ |
| આકાશ-અણુસંયોગની મીમાંસા | ૧૮૮૭ |
| अनेकप्रदेशस्वभावोपदेशः | ૧૮૮૮ |
| અનેકપ્રદેશસ્વભાવ વિચાર કોમળતા આપે | ૧૮૮૮ |
| सम्मतितर्कसंवादः | ૧૮૮૯ |
| બે પ્રકારની વૃત્તિતાની વિચારણા | ૧૮૮૯ |
| આકાશ પણ સાવયવ જ છે | ૧૮૮૯ |
| परमाणुवृत्तिताविचारः | ૧૮૯૦ |
| નિરવયવ દ્રવ્યમાં અવ્યાપ્યવૃત્તિ સંયોગનો અસંભવ | ૧૮૯૦ |
| भेदधिक्कार-तद्वृत्तिसंवादः | ૧૮૯૧ |
| અવયવભેદથી એકત્ર સંયોગ-સંયોગાભાવ માન્ય - નૃસિંહાશ્રમ | ૧૮૯૧ |
| સંપૂર્ણવૃત્તિતા અણુને ગગનતુલ્ય બનાવશે | ૧૮૯૧ |
| विशेषाभावकूटस्य सामान्याभावव्याप्यत्वे परिष्कारः | ૧૮૯૨ |
| યાવદ્વિશેષાભાવ સામાન્યાભાવસાધક | ૧૮૯૨ |
| स्वरूपाऽसिद्धि-सिद्धसाधननिवारणम् | ૧૮૯૩ |
| સ્વરૂપ અસિદ્ધિ દોષનું નિવારણ | ૧૮૯૩ |
| સિદ્ધસાધન દોષનું નિવારણ | ૧૮૯૩ |
| अनेकप्रदेशस्वभावाऽनङ्गीकारः दोषावहः | ૧૮૯૪ |
| પરમાણુ અવૃત્તિ બનવાની આપત્તિ | ૧૮૯૪ |
| આકાશ સાવયવ : સમ્મતિતર્ક વ્યાખ્યા | ૧૮૯૪ |
| कर्मोच्छेदोपदेशः | ૧૮૯૫ |
| દ્રવ્યકર્મ કરતાં ભાવકર્મ વધુ બળવાન | ૧૮૯૫ |
| सप्तमविशेषस्वभावाऽऽख्यानम् | ૧૮૯૬ |
| વિભાવસ્વભાવ નિષ્ઠુર જ્વર | ૧૮૯૬ |
| વિભાવપરિણામની વિચારણા | ૧૮૯૬ |
| વિભાવસ્વભાવ વિના કર્મબંધનો અસંભવ | ૧૮૯૬ |
| उपाधिसम्बन्धयोग्यता विभावस्वभावः | ૧૮૯૭ |
| શુદ્ધાત્માનો સંસાર અસંભવિત | ૧૮૯૭ |
| વિભાવાત્મક મહારોગને ટાળીએ | ૧૮૯૭ |
| विभावपरिणाम-विकल्पादिभ्यो विरन्तव्यम् | ૧૮૯૮ |
| વિભાવવળગાડમાંથી છૂટવાનો ઉપાય | ૧૮૯૮ |
| विभावस्वभावः निराकार्यः | ૧૮૯૯ |
| શુદ્ધચૈતન્યસ્વભાવધ્યાનના સાત ફળને સમજીએ | ૧૮૯૯ |
| विरक्तो विमुच्यते | ૧૯૦૦ |
| अष्टमस्वभावव्याख्यानम् | ૧૯૦૧ |
| શુદ્ધસ્વભાવને પ્રગટાવીએ | ૧૯૦૧ |
| અશુદ્ધસ્વભાવને ઓળખીએ | ૧૯૦૧ |
| વિભાવ-અશુદ્ધસ્વભાવમાં તફાવતની વિચારણા | ૧૯૦૧ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| नवमस्वभावनिरूपणम् | ૧૯૦૨ |
| એકાન્તે અશુદ્ધ આત્માનો મોક્ષ અસંભવ | ૧૯૦૨ |
| સર્વથા અશુદ્ધ જીવમાં શુદ્ધ જ્ઞાનનો અનુદય | ૧૯૦૨ |
| आत्मा शुद्धाऽशुद्धोभयस्वभावी | ૧૯૦૩ |
| શુદ્ધાત્મામાં કર્મલેપ અસંભવ | ૧૯૦૩ |
| વ્યવહાર-નિશ્ચયથી આત્મા બદ્ધ-અબદ્ધ | ૧૯૦૩ |
| वेदान्तिमतनिराकरणम् | ૧૯૦૪ |
| શુદ્ધ-અશુદ્ધ ઉભયસ્વભાવી આત્મા | ૧૯૦૪ |
| अशुद्धस्वभावतः संसारः | ૧૯૦૫ |
| અશુદ્ધસ્વભાવથી કર્મબંધ | ૧૯૦૫ |
| બહિર્ભાવપરિણમન ટાળીએ | ૧૯૦૫ |
| शुद्धस्वभावाऽभिमुख्योपदेशः | ૧૯૦૬ |
| યોગી વ્યવહારમાં સૂતેલા, આત્મકાર્યમાં જાગૃત | ૧૯૦૬ |
| शुद्धात्मज्ञानात् शुद्धात्माऽऽविर्भावः | ૧૯૦૭ |
| दशमविशेषस्वभावप्रतिपादनम् | ૧૯૦૮ |
| ઉપચરિતસ્વભાવની સમજણ | ૧૯૦૮ |
| उपचरितस्वभावं विना परज्ञानाऽसम्भवः | ૧૯૦૯ |
| પરજ્ઞાતૃત્વ ઔપચારિક | ૧૯૦૯ |
| જ્ઞાનમાં સ્વપ્રકાશકત્વ પણ છે | ૧૯૦૯ |
| ज्ञाने परविषयता औपचारिकी | ૧૯૧૦ |
| પરવિષયતા પરસાપેક્ષ | ૧૯૧૦ |
| આત્મભિન્ન પદાર્થમાં જ્ઞાન ઔપચારિક | ૧૯૧૦ |
| इन्द्रियादौ ज्ञानवत्त्वम् औपचारिकम् | ૧૯૧૧ |
| આત્મા જ્ઞાનમય છે | ૧૯૧૧ |
| જ્ઞાનમાં સ્વપ્રકાશકત્વ અનુપચરિત | ૧૯૧૧ |
| ज्ञानसामर्थ्य-स्वभावपरिचयः | ૧૯૧૨ |
| વ્યવહાર-નિશ્ચયસંમત કથન | ૧૯૧૨ |
| ज्ञेयाकारप्रतिभास उपचारनिबन्धनम् | ૧૯૧૩ |
| જ્ઞાનમાં પરપ્રતિભાસને ગૌણ બનાવીએ | ૧૯૧૩ |
| ज्ञातुः ज्ञानात्मता मुक्तिः | ૧૯૧૪ |
| જ્ઞાન સિવાયના પરિણામોની ઉપેક્ષા કરીએ | ૧૯૧૪ |
| असङ्गदशोपायोपदर्शनम् | ૧૯૧૫ |
| ઉપચાર વખતે જાગૃતિ કેળવીએ | ૧૯૧૫ |
| एकपञ्चाशद् ज्ञातृविशेषणानि | ૧૯૧૬ |
| 'गौर्वाहीकः' वाक्यमीमांसा | ૧૯૧૭ |
| ઉપચરિતસ્વભાવના બે ભેદ | ૧૯૧૭ |
| 'गौः वाहीकः' - વાક્યની વિચારણા | ૧૯૧૭ |
| गौणी सारोपा लक्षणा | ૧૯૧૮ |
| તર્કપ્રકાશકારમતનો વિચાર | ૧૯૧૮ |
| કાવ્યપ્રકાશકારના મતનું પ્રદર્શન | ૧૯૧૮ |
| ગાગાભટ્ટના મતનું આવિષ્કરણ | ૧૯૧૮ |
| आरोपितमूर्त्तत्वेन आत्मबोधः | ૧૯૧૯ |
| નાગેશભટ્ટના મતનું પ્રગટીકરણ | ૧૯૧૯ |
| જગન્નાથમતનો પરિચય | ૧૯૧૯ |
| रसगङ्गाधरदर्शितनव्यमतद्योतनम् | ૧૯૨૦ |
| બાધનિશ્ચયપ્રતિબધ્યતા કોટિની વિચારણા | ૧૯૨૦ |
| पञ्चमतोपसंहारः | ૧૯૨૧ |
| પાંચ વિભિન્ન અભિપ્રાયના તફાવતને સમજીએ | ૧૯૨૧ |
| સંસારી જીવમાં મૂર્ત્તત્વ માન્ય | ૧૯૨૧ |
| परज्ञतादिकं सिद्धे सहजोपचरितम् | ૧૯૨૨ |
| કર્મશૂન્ય આત્મામાં અજ્ઞાનનો અસંભવ | ૧૯૨૨ |
| સહજ ઉપચરિતસ્વભાવનો પરિચય | ૧૯૨૨ |
| अकर्मणो व्यवहाराऽभावः | ૧૯૨૩ |
| અષ્ટકર્મજન્ય ઉપાધિઓની ઓળખાણ | ૧૯૨૩ |
| नयमतभेदेन आत्मनि स्व-परज्ञताविमर्शः | ૧૯૨૪ |
| આત્મા નિશ્ચયથી સ્વજ્ઞાતા, વ્યવહારથી પરજ્ઞાતા | ૧૯૨૪ |
| કથંચિત્ ઉપચરિત-અનુપચરિત સ્વભાવનો સ્વીકાર | ૧૯૨૪ |
| एकान्तनिश्चय-व्यवहाराभ्युपगमे बाधोपदर्शनम् | ૧૯૨૫ |
| અનેકાન્તવ્યવસ્થા પ્રકરણનો સંદર્ભ | ૧૯૨૫ |
| પરજ્ઞત્વ સિદ્ધનો સ્વાભાવિક ઉપચરિતસ્વભાવ | ૧૯૨૫ |
| आत्मनि सोपचार-निरुपचारस्वभावता | ૧૯૨૬ |
| દ્વાત્રિંશિકાવૃત્તિનો સંદર્ભ | ૧૯૨૬ |
| નવી ઉપાધિઓ ભેગી ન કરીએ | ૧૯૨૬ |
| अन्तरङ्गसाधनापरायणतया भाव्यम् | ૧૯૨૭ |
| રાગ રાગમાં વસે, જ્ઞાન જ્ઞાનમાં વસે | ૧૯૨૭ |
| दर्पणकल्पं ज्ञानम् | ૧૯૨૮ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| 'આત્મા રાગાદિનો કર્તા-ભોક્તા-જ્ઞાતા નથી' - તેવું સંવેદન કરીએ | ૧૯૨૮ |
| परप्रतिभासौदासीन्यपरतया भाव्यम् | ૧૯૨૯ |
| જ્ઞાની શુભ ક્રિયા-ભાવને પણ જ્ઞાનદર્પણમાં સ્થાપે | ૧૯૨૯ |
| उपाधिरिक्तीकरणे मानवभवसाफल्यम् | ૧૯૩૦ |
| કર્મપરિણામના કર્તા નહિ, જ્ઞાતા રહીએ | ૧૯૩૦ |
| બાહ્ય-આંતર સાધનામાં લીન થઈએ | ૧૯૩૦ |
| विशेषस्वभावस्य प्रतिनियतद्रव्यवृत्तित्वम् | ૧૯૩૧ |
| વિશેષસ્વભાવનિરૂપણ ઉપસંહાર | ૧૯૩૧ |
| જીવ-પુદ્ગલમાં ૨૧ સ્વભાવ | ૧૯૩૧ |
| चेतनादिस्वभावाविर्भावकृते यतितव्यम् | ૧૯૩૨ |
| મુખ્ય ધ્યેયને ઝડપથી હાંસલ કરીએ | ૧૯૩૨ |
| ઉપયોગમાં રાગાદિતાદાત્મ્યના ભાનને છોડીએ | ૧૯૩૨ |
| विभावपरिणामा भाररूपाः | ૧૯૩૩ |
| રાગાદિથી અને વિકલ્પોથી જ્ઞાનને છૂટું પાડીએ | ૧૯૩૩ |
| शुद्धात्ममाहात्म्यप्रादुर्भावः | ૧૯૩૪ |
| ગ્રંથિભેદ માટે પુરુષાર્થ કરીએ | ૧૯૩૪ |
| अपूर्ववीर्योल्लासेन ग्रन्थिभेदः | ૧૯૩૫ |
| નયમર્યાદામાં રહીને તત્ત્વવિચારણા કરીએ | ૧૯૩૫ |
| कालस्वभावोपदर्शनम् | ૧૯૩૬ |
| વિભિન્ન દ્રવ્યમાં સ્વભાવવિચાર | ૧૯૩૬ |
| કાળના પંદર સ્વભાવનો પરિચય | ૧૯૩૬ |
| प्रतिद्रव्यं स्वभावविभजनम् | ૧૯૩૭ |
| ધર્માસ્તિકાય વગેરેમાં સોળ સ્વભાવ | ૧૯૩૭ |
| નયદૃષ્ટિથી સ્વભાવવિચારણા કરવી | ૧૯૩૭ |
| અસંભવિત સ્વભાવ અંગે વિચારણા | ૧૯૩૭ |
| कालद्रव्येऽनेकप्रदेशस्वभावाऽभावः | ૧૯૩૮ |
| બંધદશાને ફગાવો | ૧૯૩૮ |
| अबद्धात्मप्रकाशः | ૧૯૩૯ |
| શુદ્ધાત્માની સન્મુખ રહીએ | ૧૯૩૯ |
| विशुद्धैकचेतनस्वभावस्थैर्यलाभविचारः | ૧૯૪૦ |
| प्रमाण-नयैः अधिगमः | ૧૯૪૧ |
| સુનય-પ્રમાણ દ્વારા તત્ત્વબોધ | ૧૯૪૧ |
| પ્રમાણ-નય દ્વારા પદાર્થ નિર્ણય | ૧૯૪૧ |
| श्वेताम्बरसम्मतानि प्रमाणलक्षणानि | ૧૯૪૨ |
| પ્રમાણના લક્ષણોને જાણીએ | ૧૯૪૨ |
| दिगम्बरसम्मतानि प्रमाणलक्षणानि | ૧૯૪૫ |
| वैशेषिक-न्यायतन्त्रानुसारेण प्रमाणलक्षणानि | ૧૯૪૭ |
| मीमांसकदर्शनानुसारेण प्रमाणलक्षणानि | ૧૯૪૮ |
| मीमांसक-बौद्धदर्शनसम्मतानि प्रमाणलक्षणानि | ૧૯૪૯ |
| साङ्ख्य-योगादिदर्शनानुसारेण प्रमाणलक्षणानि | ૧૯૫૦ |
| वेदान्ताद्यनुसारेण प्रमाणलक्षणद्योतनम् | ૧૯૫૧ |
| अवशिष्टप्रमाणलक्षणनिर्देशः | ૧૯૫૨ |
| પ્રમાણલક્ષણપરીક્ષાનો અતિદેશ | ૧૯૫૨ |
| નિરપેક્ષ એકાન્તપક્ષને છોડીએ | ૧૯૫૨ |
| निरपेक्षैकान्तपक्षे साङ्कर्यादिदोषाः | ૧૯૫૩ |
| નિરપેક્ષ નય વ્યર્થ | ૧૯૫૩ |
| ચાર પ્રકારના કાદવને પખાળો | ૧૯૫૩ |
| विस्तररुचिसम्यग्दर्शनं प्राप्तव्यम् | ૧૯૫૪ |
| 'स्यात्'નિરપેક્ષ બોધ મિથ્યા | ૧૯૫૪ |
| વિસ્તારરુચિ સમકિતને મેળવીએ | ૧૯૫૪ |
| सम्यक्त्वस्य तात्त्विकं स्वरूपम् | ૧૯૫૫ |
| તત્ત્વનિર્ણય નયવાદથી નહિ, સ્યાદ્વાદથી સાધ્ય | ૧૯૫૫ |
| તાત્ત્વિક સમ્યગ્દર્શનની ઓળખ | ૧૯૫૫ |
| एकविंशतिस्वभावनिर्देशः | ૧૯૫૬ |
| પ્રશસ્ત ભાવને ઓળખીએ | ૧૯૫૬ |
| अवञ्चकयोगतः शरणागति-दुष्कृतगर्हादिना बहिर्मुखतोच्छेदः | ૧૯૫૭ |
| શુદ્ધ વિકલ્પ દ્વારા નિર્વિકલ્પસમાધિને પ્રગટાવીએ | ૧૯૫૭ |
| निर्विकल्पसमाधिलाभविमर्शः | ૧૯૫૮ |
| શાખા - ૧૨ - અનુપ્રેક્ષા | ૧૯૫૯ |

*दिक्पटग्रन्थसन्दर्भाः ग्रन्थे न्यस्ताः बहुत्र हि ।*
*तद्ग्रन्थानामतः सूचिरियमत्र प्रदर्श्यते ।।*


## • द्रव्यानुयोगपरामर्शकर्णिकामां उपयुक्त दिगंबरग्रन्थोनी नामावली •

(१) **अष्टशतीभाष्य** (आप्तमीमांसाभाष्य)*
(२) **अष्टसहस्री** (आप्तमीमांसाव्याख्या)
(३) **आत्मख्याति**
(४) **आप्तमीमांसा**
(५) **आलापपद्धति**
(६) **इष्टोपदेश**
(७) **कार्त्तिकेयानुप्रेक्षा**
(८) **कार्त्तिकेयानुप्रेक्षावृत्ति**
(९) **गोम्मटसार**
(१०) **जयधवला** (कषायप्राभृतवृत्ति)
(११) **जैनेन्द्रव्याकरणसूत्र**
(१२) **ज्ञानार्णव** (दिगंबरीय)
(१३) **तत्त्वानुशासन**
(१४) **तत्त्वार्थराजवार्तिक**
(१५) **तत्त्वार्थश्लोकवार्तिक**
(१६) **तत्त्वार्थसर्वार्थसिद्धि**
(१७) **तत्त्वार्थसार**
(१८) **तत्त्वार्थसूत्रवृत्ति** (श्रुतसागरी)
(१९) **तत्त्वार्थधिगमसूत्र** (दिगम्बरीय)
(२०) **त्रिलोकप्रज्ञप्ति** (तिलोयपन्नति)
(२१) **त्रैलोक्यदीपक**
(२२) **दर्शनप्राभृत**
(२३) **द्रव्यस्वभावप्रकाश**
(२४) **द्रव्यस्वभावप्रकाशवृत्ति**
(२५) **धर्मशर्माऽभ्युदय**
(२६) **धवला** (षट्खण्डागमवृत्ति)
(२७) **नयचक्र**
(२८) **नयचक्र विवरण**
(२९) **नय विवरण**
(३०) **नियमसार**
(३१) **नियमसारवृत्ति**
(३२) **न्यायकुमुदचन्द्र**
(३३) **न्यायदीपिका**
(३४) **न्यायविनिश्चय**
(३५) **न्यायविनिश्चयविवरण**
(३६) **पञ्चसङ्ग्रह** (दिगम्बरीय प्राचीन)
(३७) **पञ्चाध्यायीप्रकरण**
(३८) **पञ्चास्तिकाय तत्त्वप्रदीपिकावृत्ति**
(३९) **पञ्चास्तिकाय तात्पर्यवृत्ति**
(४०) **पञ्चास्तिकायसङ्ग्रह**
(४१) **परीक्षामुख**
(४२) **पुरुषार्थसिद्ध्युपाय**
(४३) **प्रमाणसङ्ग्रह**
(४४) **प्रमाणसङ्ग्रहवृत्ति**
(४५) **प्रमेयकमलमार्तण्ड**
(४६) **प्रवचनसार**
(४७) **प्रवचनसार तात्पर्यवृत्ति**
(४८) **प्रवचनसार तत्त्वप्रदीपिकावृत्ति**
(४९) **बृहत्स्वयम्भूस्तोत्र**
(५०) **बृहद्द्रव्यसङ्ग्रह**

---

* પ્રસ્તુત ગ્રંથોના પૃષ્ઠ ક્રમાંકની માહિતી માટે ભાગ - ૭ પરિશિષ્ટ - ૭ માં જુઓ - પૃષ્ઠ ૨૬૫૦ થી ૨૬૭૯

(५१) बृहदद्रव्यसङ्ग्रहवृत्ति
(५२) बृहन्नयचक्र
(५३) बृहन्नयचक्रवृत्ति
(५४) भगवतीआराधना
(५५) भगवती आराधनावृत्ति
(५६) भावत्रिभङ्गी
(५७) भावप्राभृत
(५८) भावसङ्ग्रह
(५९) महापुराण
(६०) मुक्तावलीकोश
(६१) मोक्षप्राभृत
(६२) युक्तिअनुशासन
(६३) योगसारप्राभृत
(६४) रत्नकरण्डकश्रावकाचार
(६५) लक्षणावली
(६६) लघीयस्त्रय
(६७) लघीयस्त्रयस्वोपज्ञवृत्ति
(६८) लघुद्रव्यसङ्ग्रह
(६९) लब्धिसार
(७०) वर्धमानपुराण
(७१) विश्वलोचनकोश
(७२) शीलप्राभृत
(७३) षट्खण्डागमवृत्ति
(७४) समयसार
(७५) समयसारवृत्ति
(७६) समाधितन्त्र
(७७) समाधिशतक
(७८) सर्वार्थसिद्धि (तत्त्वार्थवृत्ति)
(७९) सिद्धिविनिश्चय
(८०) सिद्धिविनिश्चयउपटीका
(८१) सिद्धिविनिश्चयस्वोपज्ञवृत्ति
(८२) सूत्रप्राभृत


દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ
ઢાળ-૧૧
ગુણસામાન્ય સ્વભાવનિરૂપણ
द्रव्यानुयोगपरामर्शः शाखा-११
गुण-सामान्यस्वभावनिरूपणम्

# દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ

## ઢાળ-૧૧

## द्रव्यानुयोगपरामर्शः शाखा-११

गुण-सामान्यस्वभावनिरूपणम्

# शाखा - ११ : गुण-सामान्यस्वभावनिरूपणम्


गुणप्रकारकथनम् (अस्तिता, वस्तुता, द्रव्यता, प्रमेयता, अगुरुलघुता) (११/१)

गुणप्रकारकथनम् (प्रदेशता, चेतनता, अचेतनता, मूर्त्तता, अमूर्त्तता) (११/२)

प्रसज्य-पर्युदासप्रतिषेधनिरूपणम् (११/२)

प्रतिद्रव्यम् अष्टौ सामान्यगुणाः (११/२)

षोडशविशेषगुणप्रतिपादनम् (११/३)

देवसेनदर्शितगुणविभागसमीक्षा (११/४)

स्वभाव-विभावगुणविचारः (११/४)

पुद्गललक्षणमीमांसा (११/४)

स्वभावनिरूपणम् (११/५)

अस्ति-नास्तिस्वभावयोः सिद्धिः, अस्ति-नास्तिस्वभावमयवस्तुनिरूपणञ्च (११/६)

नित्याऽनित्यस्वभावविचारः (११/७)

नित्याऽनित्यस्वभावाऽस्वीकारे दोषः (बौद्धमतनिरासः) (११/८)

एकाऽनेकस्वभावविचारः (११/९)

एकस्वभाव-नित्यस्वभावयोः भेदः (११/९)

वेदान्ताभिमतभेदद्विविधता (११/९)

भेदाऽभेदस्वभावप्ररूपणा (११/१०)

भव्याऽभव्यस्वभावप्ररूपणा, तदस्वीकारे च दोषनिरूपणम् (११/११)

'तथाभव्यत्व'विषयकविचारः (११/११)

'परमभाव'स्वभावस्य निरूपणम् (११/१२)

## ❋ ટૂંકસાર ❋

: શાખા - ૧૧ :

અહીં ગુણ તથા સામાન્ય સ્વભાવ દેખાડાય છે. સર્વ દ્રવ્યમાં અસ્તિતા વગેરે દસ સામાન્ય ગુણો છે. જ્ઞાન, સુખ, ચેતનતા વગેરે સોળ વિશેષ ગુણોમાંથી પુદ્ગલમાં અને આત્મામાં છ-છ વિશેષ ગુણો છે. ધર્માસ્તિકાય વગેરે ચારમાં ત્રણ-ત્રણ વિશેષ ગુણો છે. આત્માના પ્રગટ ગુણોને સાચવીને અપ્રગટ ગુણોને પ્રગટાવવાના છે. **(૧૧/૧-૨-૩)**

ચેતનતા વગેરે ગુણો સામાન્ય-વિશેષ ઉભયાત્મક છે. સંસારી અને સિદ્ધ બન્નેમાં સામાન્યરૂપે જીવત્વ છે. વિશેષરૂપે સિદ્ધત્વ શુદ્ધસ્વરૂપમાં છે. તેથી અનંતગુણાત્મક સિદ્ધત્વને પ્રગટાવવા પ્રયત્ન કરવો.**(૧૧/૪)**

સ્વભાવ ગુણનું સ્વરૂપ છે. તથા તે ગુણથી ભિન્ન ધર્મસ્વરૂપ પણ છે. તે સ્વભાવના સામાન્ય અને વિશેષ એમ બે પ્રકાર પડે છે. સામાન્ય સ્વભાવ અગિયાર છે. વિશેષ સ્વભાવ દસ જાણવા. પહેલો સામાન્ય સ્વભાવ અસ્તિસ્વભાવ છે. તે આત્માના શાશ્વત અસ્તિત્વની યાદ અપાવે છે.**(૧૧/૫)**

નાસ્તિસ્વભાવના લીધે વસ્તુ પરસ્વરૂપે હાજર નથી. 'જીવ કાયમ જીવાત્મા સ્વરૂપે હાજર છે, જડરૂપે ગેરહાજર છે' - એમ જાણી આત્માને પુદ્ગલોની પરવશતાથી છોડાવવો. **(૧૧/૬)**

'આ તે જ છે' - આ પ્રતીતિ નિત્યસ્વભાવ કરાવે છે. વિવિધ પર્યાયો અનિત્યસ્વભાવને સૂચવે છે. ચાર ગતિમાં ભટકતો જીવ અનિત્ય છે. છતાં આત્મસ્વભાવ એનો એ જ છે. માટે ધ્રુવ આત્માની શુદ્ધિ માટે પ્રયત્ન કરવો. **(૧૧/૭)**

આત્મા નિત્યાનિત્ય હોવાથી મનુષ્યમાંથી સિદ્ધસ્વરૂપમાં તેનું રૂપાંતરણ કરવા પ્રયત્ન કરવો.**(૧૧/૮)**

એકસ્વભાવ = સમાનસ્વભાવ. દરેક વસ્તુમાં રૂપ, રસ વગેરે એક સ્વભાવ મળે છે. તથા કાળા રંગનો ઘડો ભઠ્ઠીમાં પાકીને લાલ બને છે. તેથી તેમાં અનેકસ્વભાવ = વિવિધસ્વભાવ પણ છે. આપણો મૂળભૂત સ્વભાવ સિદ્ધ ભગવંત જેવો જ છે. તેને પ્રગટ કરવા પ્રયત્ન કરવો. **(૧૧/૯)**

ગુણ અને ગુણી વચ્ચે ભેદસ્વભાવ છે. ભેદસ્વભાવ વ્યવહાર-પ્રવૃત્તિમાં સહાય કરે છે. તથા તેમાં અવિભક્તપ્રદેશવૃત્તિસ્વરૂપ અભેદસ્વભાવ પણ છે. આ બે સ્વભાવને આધારે આપણે દોષોથી આપણો ભેદ અને ગુણો સાથે અભેદ થાય તેવી પ્રવૃત્તિ કરવી. **(૧૧/૧૦)**

જેવું નિમિત્ત મળે તે રીતે વસ્તુ પોતાને બનાવે તે ભવ્યસ્વભાવ જાણવો. દા.ત. પાણી અગ્નિથી ગરમ થાય નિમિત્ત મળવા છતાં વસ્તુનું સ્વરૂપ બદલાય નહિ તે અભવ્ય સ્વભાવ. દા.ત. રેતીમાંથી ઘડો ન બને. આપણી કેવળજ્ઞાનદશાને અનુકૂળ ભવ્યસ્વભાવ ઉપર ભાર મૂકવો. તથા આપણા ગુણોને સાચવવા માટે નબળા નિમિત્તોથી અપરિવર્તનશીલ અભવ્યસ્વભાવ ઉપર ભાર મૂકવો. **(૧૧/૧૧)**

વસ્તુનો અસાધારણ ભાવ એટલે પરમભાવ. તેની અપેક્ષાએ "આત્મા જ્ઞાનસ્વરૂપ છે." પરમભાવને પૂર્ણતયા પ્રગટાવવાનો ઉદ્યમ આપણે કરવાનો છે. **(૧૧/૧૨)**

ઢાળ - ૧૧

(રાગ : □સોવનગિરિ ભૂષણ ત્રિશલાનંદન - એ દેશી)

**હિવઈ ભેદ ગુણના ભાખીજઈ, તિહાં (૧) અસ્તિતા કહિઈ જી,**
**સદ્રૂપતા⁸, (૨) વસ્તુતા ❋જાતિ-વ્યક્તિરૂપતા લહિઈ જી;**
**(૩) દ્રવ્યભાવ દ્રવ્યત્વ, (૪) પ્રમાણઈ પરિચ્છેદ્ય જે ★રૂપ જી,**
**પ્રમેયત્વ, (૫) ♦આણાગમ ✡સૂખિમ♦ અગુરુલઘુત્વસ્વરૂપ જી ॥૧૧/૧॥ (૧૮૩)**

• द्रव्यानुयोगपरामर्शः •

शाखा - ११

अधुनाऽवसरसङ्गतिप्राप्तं गुणं भेदादिप्रदर्शनद्वारा सवैयाच्छन्दसा निरूपयति – '**गुणे**'ति।

**गुणभेदा अधुना प्रोच्यन्ते तत्राऽऽद्योऽस्तितागुणो येन,**
**सद्रूपताया व्यवहारो हि वस्तुत्वं जातिभेदचारि।**
**द्रव्यभावो भवेद् द्रव्यत्वं प्रमाणगम्या प्रमेयता हि,**
**चागुरुलघुतासुगुणः सूक्ष्मो ग्राह्योऽस्ति मुदा जिनवचनेन।।११/१।।**

• द्रव्यानुयोगपरामर्शकर्णिका •

प्रकृते दण्डान्वयस्त्वेवम् – अधुना गुणभेदाः प्रोच्यन्ते। तत्र आद्यः (१) अस्तितागुणः, येन सद्रूपतायाः व्यवहारः (भवति)। (२) वस्तुत्वं (गुणो) हि जातिभेदचारि। (३) द्रव्यत्वं (गुणो) हि द्रव्यभावः। (४) प्रमेयता (गुणः) हि प्रमाणगम्या। (५) अगुरुलघुतासुगुणः (पञ्चमः) सूक्ष्मः च। (अतः) मुदा जिनवचनेन ग्राह्यः अस्ति।।११/१।।

❋ **દ્રવ્યાનુયોગપરામર્શકર્ણિકા સુવાસ** ❋

[redacted] :- ૧૦ મી શાખામાં દ્રવ્યનું નિરૂપણ પૂર્ણ થયું. હવે ગુણનું નિરૂપણ કરવાનો અવસર ઉપસ્થિત થયો છે. તેથી ગ્રંથકારશ્રી અવસરસંગતિપ્રાપ્ત ગુણના ભેદ = પ્રકાર વગેરે દેખાડવા દ્વારા સવૈયા છંદથી ગુણનું નિરૂપણ કરે છે :-

**卐 ગુણનિરૂપણ પ્રારંભ 卐**

[redacted] :- હવે ગુણના ભેદો = પ્રકારો કહેવાય છે. તેમાં પ્રથમ (૧) અસ્તિતાગુણ તે છે કે જેના દ્વારા **સદ્રૂપતાનો** વ્યવહાર થાય. (૨) વસ્તુત્વ ગુણ સામાન્યનો અને વિશેષનો વ્યવહાર કરાવે છે. (૩) દ્રવ્યભાવ એ દ્રવ્યત્વ છે. (૪) પ્રમેયતા પ્રમાણથી જાણવા યોગ્ય છે. તથા (૫) 'અગુરુલઘુતા'

□ કો.(૧૩)માં 'ઉત્સર્પિણી અવસર્પિણી આરો રે - ધવલ ધન્યાસી - એ દેશી' પાઠ. ⁸ કો.(૧૩)માં 'અદ્ભૂતતા' પાઠ. ❋ P(૨)માં 'જાણી' અશુદ્ધ પાઠ. ★ P(૨)માં 'રૂપી' પાઠ. ♦ આણાગમ = આજ્ઞાગમ્ય. ✡ કો.(૨)માં 'સૂક્ષ્મ' પાઠ છે. લા.(૨)માં 'સુષિમ સુષિમ' પાઠ. ♦ સૂખિમ = સૂક્ષ્મ. આધારગ્રંથ - **ઐતિહાસિક રાસસંગ્રહ** ભાગ-૧ પ્રકા.યશોવિજય ગ્રંથમાળા, ભાવનગર. સંપા. વિજયધર્મસૂરિ.

▸એતલે ઢાળેં કરી◂ દ્રવ્યના ભેદ કહિયા *= વર્ણવ્યા*.

**હિવઈ ગુણના ભેદ** સમાનતંત્રપ્રક્રિયાઈં (**ભાખીજઈ**=) કહિઈં છઈ. *તે સાંભળો હે ! ભવ્ય જીવો !*

---

एतावता पूर्विलशाखायां द्रव्यभेदाः सङ्क्षेपत आगमाद्यनुसारेण प्रोक्ताः। **अधुना गुणभेदाः प्रोच्यन्ते** समानतन्त्रसिद्धान्तप्रक्रियया = श्वेताम्बरशास्त्रसदृशाऽऽशाम्बरशास्त्रोपदर्शितराद्धान्तपद्धत्या इति यावत्।

"गुण्यते = पृथक्क्रियते द्रव्यं द्रव्यान्तराद् यैः ते गुणाः" (आ.प.पृ.१०,का.अ.गा.२४२/वृ.पृ.१७३) इति **आलापपद्धतौ देवसेनः कार्त्तिकेयानुप्रेक्षावृत्तौ च शुभचन्द्रः**। पूर्वोक्तानि (२/१६) गुणलक्षणानि नेह विस्मर्तव्यानि। देवसेनवचनानुसारेण गुणस्य द्रव्यभेदकत्वं सिध्यति। तथाहि – ज्ञानादिगुणैः आत्मद्रव्यं पुद्गलादिभ्यो भिद्यते, रूपादिगुणैश्च पुद्गलद्रव्यं जीवादिद्रव्येभ्योऽतिरिच्यते इति। स्वाश्रयं द्रव्यं द्रव्यान्तराद् भिन्दाना गुणा उच्यन्त इति तदाशयः।

अत एव द्रव्यप्रकाशका इमे भवन्ति। गुणलक्षण-कार्यनिरूपणाभिप्रायेण **पञ्चाध्यायीप्रकरणे** "द्रव्याश्रया गुणाः स्युर्विशेषमात्रास्तु निर्विशेषाश्च। करतलगतं यदेतैर्व्यक्तमिवाऽऽलक्ष्यते वस्तु।।" (पञ्चा.

---

નામનો સુંદર ગુણ સૂક્ષ્મ છે. તેથી શ્રદ્ધાપૂર્વક જિનવચન દ્વારા તેનું જ્ઞાન કરવા યોગ્ય છે. **(૧૧/૧)**

**વ્યાખ્યાર્થ** :- (**एता.**) આગમ વગેરેને અનુસરીને ૧૦ મી શાખામાં સંક્ષેપથી દ્રવ્યના ભેદોનું નિરૂપણ કર્યું. હવે ગુણના ભેદોનું નિરૂપણ સમાનતંત્રસિદ્ધાન્તપ્રક્રિયા દ્વારા કરવામાં આવે છે. સમાનતંત્ર = સમાન સંપ્રદાય તથા તેના શાસ્ત્રો. સિદ્ધાન્ત એટલે નિયમો. પ્રક્રિયા એટલે પદ્ધતિ. તેથી સમાનતંત્રસિદ્ધાન્તપ્રક્રિયાનો મતલબ એ થશે કે શ્વેતાંબર શાસ્ત્રો જેવા દિગંબર શાસ્ત્રોમાં બતાવેલા સિદ્ધાન્તોની પદ્ધતિ. તે મુજબ અહીં ગુણના ભેદો દર્શાવાય છે.

## ❋ ગુણની વ્યાખ્યા ❋

("**गुण्यते.**) **આલાપપદ્ધતિ** નામના ગ્રંથમાં દિગંબર **દેવસેનજી**એ તથા **કાર્ત્તિકેયાનુપ્રેક્ષાવ્યાખ્યા**માં દિગંબર **શુભચન્દ્રજી**એ ગુણની વ્યાખ્યા આ મુજબ બતાવેલ છે કે 'એક દ્રવ્ય જેના દ્વારા બીજા દ્રવ્યથી જુદું પડાય, ભિન્ન સિદ્ધ કરાય તે ગુણ કહેવાય.' પૂર્વે બીજી શાખાના સોળમાં શ્લોકની વ્યાખ્યામાં ગુણલક્ષણો જણાવેલ છે તે અહીં ભૂલવા નહિ. દેવસેનજીના વચન દ્વારા 'ગુણ દ્રવ્યભેદક છે' - તેવું સિદ્ધ થાય છે. જેમ કે જ્ઞાનાદિ ગુણોના કારણે જીવ એ પુદ્ગલાદિથી ભિન્ન છે. તથા રૂપાદિ ગુણોના લીધે પુદ્ગલ એ જીવાદિ દ્રવ્યોથી અલગ છે. 'દ્રવ્યમાં રહીને જે પદાર્થ પોતાના આશ્રયને બીજા દ્રવ્યથી ભિન્ન સિદ્ધ કરે તે ગુણ કહેવાય' - આવો દેવસેનજીનો આશય છે.

## ✥ ગુણ દ્રવ્યપ્રકાશક ✥

(**अत.**) પોતાના આશ્રયને બીજા દ્રવ્યથી ભિન્ન સિદ્ધ કરવાનું સામર્થ્ય ગુણમાં હોવાના લીધે જ પ્રસ્તુત ગુણો દ્રવ્યના સ્વરૂપને દર્શાવનારા હોય છે. ગુણનું લક્ષણ અને ગુણનું કાર્ય જણાવવાના અભિપ્રાયથી જ **પંચાધ્યાયીપ્રકરણ**માં જણાવેલ છે કે 'ગુણો દ્રવ્યમાં રહેનારા હોય છે. ગુણો વિશેષાત્મક હોય છે

---

▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ કો.(૯+૧૦+૧૧) + સિ.માં નથી. *...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત પાલિ.માં છે.

તિહાં અસ્તિત્વ *તે **અસ્તિતા*** ગુણ •**કહીઈ** જેહથી **સદ્રૂપતા**નો વ્યવહાર થાઇ. (૧)

१/१०४) इत्युक्तम्।

श्वेताम्बराम्नाये गुणस्य पञ्चदशधा निक्षेपोऽङ्गीक्रियते। तदुक्तम् **आचाराङ्गनिर्युक्तौ** "(१) [1]दव्वे, (२) खेत्ते, (३) काले, (४) फल, (५) पज्जव, (६) गणण, (७) करण, (८) अब्भासे। (९) गुण-अगुणे, (१०) अगुणगुणे, (११) भव, (१२) सीलगुणे य (१३) भावगुणे।।" (आ.नि.१/२/१/१६९) इति गुणस्य त्रयोदशभेदाः नाम-स्थापनामिलनेन पञ्चदश। ते भेदास्तु ततोऽवगन्तव्याः। इह तु दिगम्बरदेवसेन-सम्मतगुणभेदाः प्रोच्यन्तेऽग्रे च (११/४) समालोचयिष्यन्ते लेशत इत्यवधेयम्।

**तत्र** = तेषु **आद्यः (१) अस्तितागुणः** स कथ्यते **येन सद्रूपतायाः** = सत्स्वरूपताया **व्यवहारः** = शिष्टशब्दप्रयोगो भवति। "अस्तीत्येतस्य भावः = अस्तित्वं = सद्रूपत्वम्" (आ.प.पृ. १०) इति **आलापपद्धतौ देवसेनः**। "अस्तित्वं हि सत्ता नाम, सतो भावः = सत्त्वम्" (पञ्चा.८ वृ.) इति **पञ्चास्तिकायतत्त्वप्रदीपिकावृत्तौ अमृतचन्द्रः**।

અને નિર્વિશેષ હોય છે. હથેળીમાં રહેનાર વસ્તુની જેમ આ ગુણો દ્વારા વસ્તુ સ્પષ્ટ જણાય છે.'

### ❈ ગુણના પંદર નિક્ષેપ - શ્વેતાંબરમત ❈

**(શ્વેતા.)** શ્વેતાંબર આમ્નાયમાં ગુણના પંદર પ્રકારના નિક્ષેપ સ્વીકારવામાં આવે છે. તેથી **આચારાંગ-નિર્યુક્તિ**માં ગુણના નિક્ષેપ બતાવતાં શ્રી**ભદ્રબાહુસ્વામીજી** મહારાજે જણાવેલ છે કે "(૧) દ્રવ્યગુણ, (૨) ક્ષેત્રગુણ, (૩) કાલગુણ, (૪) ફલગુણ, (૫) પર્યાયગુણ, (૬) ગણનગુણ, (૭) કરણગુણ, (૮) અભ્યાસગુણ, (૯) ગુણઅગુણ, (૧૦) અગુણગુણ, (૧૧) ભવગુણ, (૧૨) શીલગુણ, (૧૩) ભાવગુણ." તેમાં (૧૪) નામગુણ અને (૧૫) સ્થાપનાગુણ ઉમેરવામાં આવે તો પંદરભેદે ગુણના નિક્ષેપ થાય. તે પંદર ભેદોને જિજ્ઞાસુવર્ગે ત્યાંથી જાણી લેવા. આ ગ્રંથમાં તો દિગંબર દેવસેનજીને માન્ય એવા ગુણના ભેદો કહેવાય છે. તથા આગળ ચોથા શ્લોકમાં તેની **સંક્ષેપથી** સમાલોચના પણ કરવામાં આવશે. આ વાતને વાચકવર્ગે ખ્યાલમાં રાખવી.

### ❈ અસ્તિતા ગુણનો પરિચય ❈

**(તત્ર.)** (૧) તે ગુણોની અંદર સૌપ્રથમ ગુણ અસ્તિતા છે. 'અસ્તિતા' ગુણ તેને કહેવાય છે કે જેના દ્વારા સત્ સ્વરૂપતાનો વ્યવહાર = શિષ્ટ પુરુષોનો શબ્દપ્રયોગ થાય. **દેવસેનજીએ આલાપપદ્ધતિ** ગ્રંથમાં જણાવેલ છે કે 'અસ્તિનો ભાવ એટલે અસ્તિત્વ. અસ્તિત્વનો અર્થ છે સત્તા = સદ્રૂપતા.' **પંચાસ્તિકાય** ગ્રંથની **તત્ત્વપ્રદીપિકા** નામની વ્યાખ્યામાં દિગંબર **અમૃતચન્દ્રાચાર્ય**એ પણ અસ્તિત્વની વ્યાખ્યા કરતા જણાવેલ છે કે "અસ્તિત્વ એટલે સત્તા. 'સત્' નો ભાવ = સત્તા."

*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત કો.(૧૩)માં છે. • શાં.માં 'કલિઈ' અશુદ્ધ પાઠ. કો.(૯)+સિ.+લી.(૪)+ મ.નો પાઠ લીધો છે. 1. द्रव्ये, क्षेत्रे, काले, फल-पर्यव-गणन-करणाऽभ्यासे। गुणागुणे, अगुणगुणे भव-शीलगुणे च भावगुणे।।

**વસ્તુત્વ**ગુણ તે કહીયઈં જેહથી **જાતિ-વ્યક્તિરૂપપણું** (લહિઈં=) જાણિઈં.
જિમ ઘટ તે જ સામાન્યથી જાતિરૂપ છઈં, વિશેષથી તત્તદ્વ્યક્તિરૂપ છઈં.

---

अस्तित्वस्य सत्ताऽपराऽभिधानस्य सामान्यगुणत्वादेव जाति-कालादिभिः भिन्नानामपि सर्वेषां द्रव्याणामैक्यसम्पादकत्वं सङ्गच्छते। प्रकृते "कालादिभिः भिन्नत्वेऽपि सत्त्व-प्रमेयत्व-संस्थान-रूपादिभिरेकत्वाद्" (वि.आ.भा.१८९ वृ.) इति **विशेषावश्यकभाष्यमलधारवृत्ति**प्रबन्धोऽपि स्मर्तव्यः।

"नित्यत्वादीनाम् उत्तरसामान्यानां पारिणामिकत्वादीनां विशेषस्वभावानाम् आधारभूतधर्मत्वम् अस्तित्वम्" (न.च.सा.१३१) इति **नयचक्रसारे श्रीदेवचन्द्रवाचकाः**।

**वाक्यपदीये** "अस्तित्वं वस्तुमात्रस्य बुद्ध्या तु परिगृह्यते" (वा.प.३/९/११३) इत्युक्त्या **भर्तृहरिणा** अस्तित्वस्य सामान्यगुणत्वमेवाऽऽविष्कृतम्।

(२) **वस्तुत्वं गुणो हि** = एव **जातिभेदचारि** = सामान्य-विशेषव्यवहारकारि भवति। "हि हेतौ पादपूर्त्तौ च विशेषे चावधारणे'।। स्फुटे दाने" (एका.४६-४७) इति **एकाक्षरनाममालायां मुनिसुधाकलश**-वचनादत्र हि अवधारणार्थे प्रयुक्तः। यथा घटः सामान्यात्मना जातिस्वरूपः विशेषात्मना च

---

## ❀ અસ્તિત્વ ઐક્યસંપાદક ❀

(**अस्ति.**) અસ્તિત્વનું બીજું નામ સત્તા છે. તે સામાન્યગુણ હોવાથી જાતિ, કાળ વગેરેથી જુદા જુદા એવા પણ સર્વ દ્રવ્યોમાં એકતાનું સંપાદન કરી શકે છે. પ્રસ્તુતમાં **વિશેષાવશ્યકભાષ્યની મલધારવ્યાખ્યાની** એક વાત યાદ કરવા યોગ્ય છે. ત્યાં શ્રી**હેમચન્દ્રસૂરિ**જીએ જણાવેલ છે કે 'વસ્તુ કાલ વગેરેથી ભિન્ન હોવા છતાં પણ સત્તા, પ્રમેયત્વ, સંસ્થાન, રૂપ વગેરેના માધ્યમથી તે એક બને છે.'

## ❀ અસ્તિત્વ શ્રીદેવચન્દ્રજીની દૃષ્ટિએ ❀

("**नित्य.**) 'નિત્યત્વ વગેરે અવાન્તરસામાન્ય તથા પારિણામિકત્વ વગેરે વિશેષસ્વભાવ-આ બન્નેના આધારભૂતધર્મત્વને અસ્તિત્વ કહેવું' - આમ **નયચક્રસાર**માં શ્રી**દેવચન્દ્રજી** ઉપાધ્યાય જણાવે છે.

## ❀ અસ્તિત્વ અંગે ભર્તૃહરિમત ❀

(**वाक्य.**) **વાક્યપદીય** ગ્રંથમાં **ભર્તૃહરિ**એ અસ્તિત્વનો પરિચય આપતાં કહેલ છે કે 'વસ્તુમાત્રમાં = વસ્તુસામાન્યમાં = વસ્તુત્વઅવચ્છિન્નમાં = વસ્તુત્વવિશિષ્ટમાં અસ્તિત્વ તો બુદ્ધિથી પકડી શકાય છે.' આવું કહેવા દ્વારા 'અસ્તિત્વ સામાન્યગુણ છે, વિશેષગુણ નહિ' - આ પ્રમાણે સિદ્ધ થાય છે.

**સ્પષ્ટતા** :- દિગંબરસંપ્રદાય મુજબ અહીં ગુણનિરૂપણ ચાલી રહેલ છે. દિગંબરો અસ્તિત્વને સામાન્ય ગુણ તરીકે જ માને છે. આ વાત આગળ (૧૧/૨) સ્પષ્ટ થઈ જશે. ભર્તૃહરિનું વચન પણ આ જ વાતનું સમર્થન કરે છે. તેથી અહીં ભર્તૃહરિના વચનને સંવાદરૂપે ગ્રહણ કરેલ છે.

## ❀ 'વસ્તુત્વ' ગુણની ઓળખાણ ❀

(**वस्तु.**) (૨) **એકાક્ષરનામમાલાકોશ**માં **સુધાકલશ** મુનિએ (૧) હેતુ, (૨) પાદપૂર્તિ, (૩) વિશેષ, (૪) અવધારણ = જકાર, (૫) સ્ફુટ અને (૬) દાન - આટલા અર્થમાં 'हि' અવ્યય જણાવેલ છે. તેને અનુસરીને અહીં મૂળ શ્લોકમાં રહેલો 'हि' જકાર અર્થમાં સમજવો. તેથી અર્થઘટન આ પ્રમાણે થશે કે

**अत एव** અવગ્રહઈ સામાન્યરૂપ સર્વત્ર ભાખઇ છઇ, અપાયઈ વિશેષ રૂપ ભાખઈ છઈ, પૂર્ણોપયોગઈ સંપૂર્ણ વસ્તુગ્રહણ થાઈ છઈ. (૨)

तत्तद्व्यक्तिस्वरूप इति वस्तुत्वगुणतो ज्ञायते। इदमेवाभिप्रेत्य **आलापपद्धतौ** "वस्तुनो भावः = वस्तुत्वम्। सामान्य-विशेषात्मकं वस्तु" (आ.प.पृ.१०) इत्युक्तम्। इह वस्तुनि सामान्य-विशेषात्मकत्वलक्षणवस्तुत्वद्वारा सामान्य-विशेषव्यवहारः प्रवर्तते घटत्वद्वारा घटव्यवहारवदिति तदाशयः।

अत एव अवग्रहेहाऽपाय-धारणामध्ये "अवग्रहस्य अनाकारोपयोगरूपतया सूत्रेऽधीतत्वात्, अनाकारोपयोगस्य च सामान्यमात्रविषयत्वाद्" (वि.आ.भा.२६२ वृ.) इति **विशेषावश्यकभाष्यमलधारवृत्ति**वचनाद् अवग्रहे मतिज्ञानप्रथमभेदे सर्वत्र वस्तुनि सामान्यस्वरूपं प्रतिभासते, ईहालक्षणे मतिज्ञानद्वितीयभेदे सर्वत्र वस्तुनि अवधारणाभिमुखतया सामान्यस्वरूपं विभासते, अपाये मतिज्ञानतृतीयभेदे सर्वत्र वस्तुनि अवधारणात्मकतया विशेषस्वरूपं प्रकाशते, धारणालक्षणे च मतिज्ञानचतुर्थभेदे सर्वत्र वस्तुनि धारणाख्यविषयताऽऽक्रान्ततया विशेषस्वरूपमवभासते।

तत एवाऽवग्रहेहयोः दर्शनत्वम् अपाय-धृत्योश्च ज्ञानत्वमाम्नातं विवक्षान्तरेण। यथोक्तं **विशेषा-**

વસ્તુત્વ એ બીજો ગુણ છે. તે જ સામાન્ય-વિશેષગોચર વ્યવહારને કરાવે છે. જેમ કે 'ઘટ સામાન્યરૂપે જાતિસ્વરૂપ છે તથા વિશેષરૂપે તે તે વ્યક્તિસ્વરૂપ છે' - આ હકીકત વસ્તુત્વગુણથી જણાય છે. આ જ આશયથી **આલાપપદ્ધતિ**માં જણાવેલ છે કે "વસ્તુનો ભાવ = અવસ્થા કે સ્વરૂપ એ 'વસ્તુત્વ' ગુણ છે. તથા વસ્તુ સામાન્ય અને વિશેષ ઉભયસ્વરૂપ હોય છે." આશય એ છે કે વસ્તુ = સામાન્ય-વિશેષાત્મક પદાર્થ. તેથી વસ્તુત્વ = સામાન્ય-વિશેષાત્મકતા. તેથી જેમ ઘટત્વ દ્વારા ઘટનો વ્યવહાર પ્રવર્તે, તેમ સામાન્ય -વિશેષાત્મકતા સ્વરૂપ વસ્તુત્વ દ્વારા વસ્તુને વિશે સામાન્યનો અને વિશેષનો વ્યવહાર પ્રવર્તે છે.

### ❁ આંશિક તથા પૂર્ણ ઉપયોગના વિષયનો વિચાર ❁

(अत एव.) વસ્તુ સામાન્ય-વિશેષ ઉભયસ્વરૂપ હોવાના કારણે જ અવગ્રહમાં વસ્તુનું સામાન્યસ્વરૂપ અને અપાયમાં વસ્તુનું વિશેષસ્વરૂપ ભાસે છે. કહેવાનો મતલબ એ છે કે મતિજ્ઞાનના ચાર ભેદ છે. અવગ્રહ, ઈહા, અપાય અને ધારણા. આ ચાર ભેદમાંથી સૌપ્રથમ ભેદ અવગ્રહ છે. આ અવગ્રહ વિશે **વિશેષાવશ્યકભાષ્યમલધારવ્યાખ્યા**માં જણાવેલ છે કે "અવગ્રહ અનાકારઉપયોગસ્વરૂપે આગમસૂત્રમાં જણાવેલ છે. તથા અનાકાર ઉપયોગ તો માત્ર સામાન્યવિષયક જ હોય છે." તેથી નક્કી થાય છે કે અવગ્રહમાં તો તમામ વસ્તુનું સામાન્યસ્વરૂપ જ ભાસે છે. મતિજ્ઞાનના બીજા ભેદ સ્વરૂપ ઈહામાં સર્વ વસ્તુનું સામાન્ય સ્વરૂપ નિશ્ચિતરૂપે નહિ પણ નિશ્ચયસન્મુખરૂપે જણાય છે. મતિજ્ઞાનના ત્રીજા ભેદ સ્વરૂપ અપાયમાં સર્વ વસ્તુનું વિશેષસ્વરૂપ જ નિશ્ચયાત્મકરૂપે જણાય છે. તથા મતિજ્ઞાનના ચોથા ભેદસ્વરૂપ ધારણામાં સર્વ વસ્તુનું વિશેષસ્વરૂપ ધારણા નામની વિલક્ષણ વિષયતાથી આક્રાન્તરૂપે ભાસે છે.

### ⁂ અર્થપર્યાયગ્રાહક દર્શન, વચનપર્યાયગ્રાહક જ્ઞાન ⁂

(तत.) તેથી જ અવગ્રહ અને ઈહા દર્શનાત્મક છે તથા અપાય-ધારણા જ્ઞાનાત્મક છે - આવું પણ અમુક વિવક્ષાથી શાસ્ત્રકારોને માન્ય છે. આ આશયથી **વિશેષાવશ્યકભાષ્યની મલધારવૃત્તિ**માં જણાવેલ

**દ્રવ્યભાવ** જે ગુણ-પર્યાયાધારતાઅભિવ્યङ्ग्यજાતિવિશેષ, તે **દ્રવ્યત્વ.**

**वश्यकभाष्यमलधारवृत्तौ** "अपाय-धृती एते वचनपर्यायग्राहकत्वेन विशेषावबोधस्वभावत्वाद् ज्ञानम् इष्टम्, अवग्रहश्चेहा च अर्थपर्यायविषयत्वेन सामान्याऽवबोधाद् दर्शनम्" (वि.आ.भा.५३६ वृ.) इति। तदुक्तं **बृहत्कल्पभाष्ये** अपि [1]"दंसणमोग्गह ईहा, नाणमवातो उ धारणा" (बृ.क.भा.१३३) इति। **भगवतीसूत्रवृत्तौ** अपि "ज्ञानस्य अवाय-धारणारूपत्वात्, अवग्रहेहयोः दर्शनत्वाद्" (भ.सू.८/२/३२३/पृ.३५७) इत्युक्तम्।

तेषाम् आंशिकोपयोगरूपत्वाद् वस्त्वंशग्राहकत्वमुपपद्यते। अवग्रहेहापायधारणामये अन्तर्मुहूर्त्त-कालव्यापिनि पूर्णोपयोगे तु सम्पूर्णवस्तुग्रहः सम्पद्यते। वस्तुत्वगुणमाहात्म्यमेतत्। न हि वस्तुनि सामान्य-विशेषात्मकत्वस्य असत्त्वे तस्य सामान्य-विशेषव्यवहाराऽजनकत्वे वा आंशिकोपयोगे वस्तुनः सामान्य-विशेषान्यतररूपेण पूर्णोपयोगे च तस्य उभयरूपेण ग्रहणमुपपद्येतेति।

**नयचक्रसारे** श्रीदेवचन्द्रवाचकाः "गुण-पर्यायाधारत्वं = वस्तुत्वम्" (न.च.सा.पृ.१३१) इति प्राहुः। उक्तो द्वितीयो गुणः।

છે કે "આ અપાય અને ધૃતિ વચનપર્યાયના ગ્રાહક હોવાથી વિશેષબોધસ્વભાવવાળા છે. તેથી તે જ્ઞાનસ્વરૂપે માન્ય છે. તથા અવગ્રહ અને ઈહા અર્થપર્યાયના ગ્રાહક હોવાથી સામાન્યઅવબોધસ્વભાવવાળા છે. તેથી તે બન્ને દર્શનસ્વરૂપે માન્ય છે." **બૃહત્કલ્પભાષ્ય**માં તથા **ભગવતીસૂત્રવૃત્તિ**માં પણ જણાવેલ છે કે 'અપાય-ધારણા = જ્ઞાન. તથા અવગ્રહ-ઈહા = દર્શન.'

## ✡ આંશિક-પૂર્ણ ઉપયોગની વસ્તુત્વ દ્વારા સંગતિ ✡

(**तेषाम्.**) અવગ્રહ વગેરે ચારેય આંશિક ઉપયોગ સ્વરૂપ હોવાથી તેમાં વસ્તુના આંશિક સ્વરૂપનું જ ભાન થાય છે - આ વાત વ્યાજબી જ છે. તથા અવગ્રહ-ઈહા-અપાય-ધારણામય અન્તર્મુહૂર્તકાલવ્યાપી મતિજ્ઞાનસ્વરૂપ પૂર્ણ ઉપયોગમાં તો વસ્તુના સંપૂર્ણ સ્વરૂપનું જ ભાન થાય છે. ઘટાદિ વસ્તુના સંપૂર્ણ સ્વરૂપનું ગ્રહણ તથાવિધ પૂર્ણ ઉપયોગ કરે છે. કહેવાનો આશય એ છે કે આત્માનો મતિજ્ઞાનસ્વરૂપ ઉપયોગ અવગ્રહાદિ ચાર વિભાગમાં વહેંચાયેલ છે. તેમાંથી મતિજ્ઞાનનો અંશ (= આંશિક મતિજ્ઞાન) વસ્તુના આંશિક સ્વરૂપનું ગ્રહણ કરે છે. તથા સંપૂર્ણ મતિજ્ઞાન વસ્તુના સંપૂર્ણ સ્વરૂપનું ગ્રહણ કરે છે. આંશિક વસ્તુબોધ આંશિક મતિઉપયોગ દ્વારા થાય છે અને સંપૂર્ણ વસ્તુબોધ પૂર્ણ મતિઉપયોગ દ્વારા થાય છે. તે વસ્તુત્વગુણનો મહિમા છે. કારણ કે વસ્તુમાં જો સામાન્ય-વિશેષાત્મકત્વ સ્વરૂપ 'વસ્તુત્વ' નામનો ગુણ રહેતો ન હોય અથવા તે વસ્તુત્વ જો સામાન્ય-વિશેષવિષયક વ્યવહારનું કારણ ન બનતો હોય તો અવગ્રહાદિ આંશિક ઉપયોગમાં વસ્તુનું સામાન્યરૂપે કે વિશેષરૂપે ગ્રહણ સંગત થઈ ન શકે. તથા પૂર્ણ ઉપયોગમાં વસ્તુનું સામાન્ય-વિશેષ ઉભયસ્વરૂપે ગ્રહણ = ભાન સંગત થઈ ન શકે. પરંતુ તે પ્રમાણે ભાન તો પ્રસિદ્ધ જ છે. તેથી તેની સંગતિ માટે 'વસ્તુત્વ' નામનો ગુણ માન્ય કરવો જ પડશે.

## ✡ વસ્તુત્વ દેવચન્દ્રજીની દૃષ્ટિએ ✡

(**नय.**) **નયચક્રસાર** ગ્રંથમાં ખરતરગચ્છીય ઉપાધ્યાયજી **દેવચન્દ્રજી**એ તો 'ગુણ-પર્યાયની આધારતા એ જ વસ્તુત્વ છે' - આમ જણાવેલ છે. આ રીતે બીજા ગુણનું પ્રતિપાદન થયું.

1. दर्शनमवग्रह ईहा, ज्ञानमपायः तु धारणा।

(३) तृतीयं गुणमाह – **द्रव्यत्वं** = द्रव्यत्वाभिधानो गुणो **हि द्रव्यभावः** = गुण-पर्यायाधारताऽभिव्यङ्ग्यजातिविशेषो **भवेत्**। अयमाशयः – गुण-पर्यायाधारतायाः प्रतिद्रव्यं सत्त्वाद् द्रव्येभ्योऽन्यत्राऽसत्त्वाच्च तादृशाधारताया यत्र भानं तत्रैव द्रव्यत्वजातिरभिव्यज्यते नान्यत्रेति तादृशाधारताभिव्यङ्ग्यजातिविशेष एव द्रव्यत्वमिति।

यद्यपि गुण-पर्यायान्यतरग्रहणेऽपि न कश्चिद् दोषः तथापि तयोः कथञ्चिद्भेददर्शनाय तदुभयग्रहणेऽदोषः।

यद्वा गुणात्मकद्रव्यत्वव्यञ्जककोटौ गुणप्रवेशेन गुणानभिज्ञं प्रति आत्माश्रयभिया पर्यायाऽऽधारताऽभिव्यङ्ग्यजातिविशेषः द्रव्यत्वमित्यभ्युपगमे न कश्चिद् दोषः।

***एतेन*** विनिगमकाभावादुभयग्रहणमिति ***प्रत्यस्तम्,*** आत्माश्रयात्, गौरवाच्च।

### ❀ દ્રવ્યત્વ ગુણનું પ્રતિપાદન ❀

(૩) હવે ગ્રંથકારશ્રી ત્રીજા ગુણને બતાવે છે. ત્રીજા ગુણનું નામ દ્રવ્યત્વ છે. દ્રવ્યનો ભાવ એટલે દ્રવ્યત્વ. 'દ્રવ્યનો ભાવ' આવું કહેવા દ્વારા 'ગુણ-પર્યાયની આધારતાથી અભિવ્યંગ્ય એક પ્રકારની જાતિ તે દ્રવ્યત્વ છે' - આવું દર્શાવવું અહીં અભિપ્રેત છે. કહેવાનો આશય એ છે કે દ્રવ્ય ગુણ-પર્યાયનો આધાર બને છે. ગુણ-પર્યાયની આધારતા સર્વ દ્રવ્યોમાં અવશ્ય હોય છે. તથા દ્રવ્ય સિવાય બીજે ક્યાંય પણ ગુણ-પર્યાયની આધારતા રહેતી નથી. આથી જે પદાર્થમાં ગુણ-પર્યાયનિરૂપિત આધારતાનું ભાન થશે તેમાં જ દ્રવ્યત્વ જાતિનું ભાન થશે, અન્યત્ર નહિ. આમ 'દ્રવ્યત્વ' એ એક એવી જાતિ છે કે જેની અભિવ્યક્તિ = બુદ્ધિ ગુણ-પર્યાયની આધારતા દ્વારા થાય છે. આમ ગુણ-પર્યાયની આધારતાથી અભિવ્યંગ્ય = અભિવ્યક્તિયોગ્ય એવી એક વિશેષ પ્રકારની જાતિ એટલે જ દ્રવ્યત્વ.

### ❀ ગુણ-પર્યાયમાં કથંચિત્ ભેદ માન્ય ❀

**(यद्य.)** જો કે દ્રવ્યત્વજાતિની વ્યંજક ગુણાધારતા કે પર્યાયાધારતા - કોઈ પણ એક કહીએ તો પણ કોઈ દોષ નથી આવતો. છતાં પણ 'ગુણમાં અને પર્યાયમાં કથંચિત્ ભેદ રહેલો છે' - આવું જણાવવા માટે દ્રવ્યત્વજાતિવ્યંજક આધારતાના નિરૂપક તરીકે ગુણ અને પર્યાય બન્નેનું ગ્રહણ કરેલ છે. તેથી ગુણ-પર્યાયાધારતાવ્યંગ્ય જાતિવિશેષ તરીકે દ્રવ્યત્વનો ઉલ્લેખ કરવામાં કોઈ દોષ રહેલો નથી.

### ❀ દ્રવ્યત્વવ્યંજક પર્યાયાધારતા ❀

**(यद्वा.)** જો કે દ્રવ્યત્વ ગુણવિશેષ છે. તેથી તેની વ્યંજક એવી આધારતાના નિરૂપક તરીકે ગુણનો ઉલ્લેખ કરવામાં આવે તો જે વ્યક્તિ ગુણને જ ન ઓળખતી હોય તે દ્રવ્યત્વ નામના વિશેષ ગુણને ઓળખી નહિ શકે. દ્રવ્યત્વગુણની જાણકારી માટે ગુણની જાણકારી આવશ્યક બનવાથી અહીં આત્માશ્રય દોષ આવે છે. તેના ભયથી ગુણનો ઉલ્લેખ વ્યંજકકોટિમાંથી કાઢીને 'પર્યાયાધારતાવ્યંગ્ય દ્રવ્યત્વ છે' - એવો સ્વીકાર કરવામાં આવે તો કોઈ દોષ રહેતો નથી.

### ❀ દ્રવ્યત્વવ્યંજક કોટિમાંથી ગુણનો બહિર્ભાવ ❀

**(एतेन.)** "દ્રવ્યત્વવ્યંજક આધારતાની નિરૂપક કોટિમાં ગુણનો પ્રવેશ કરવો કે પર્યાયનો પ્રવેશ કરવો ?

इह द्रव्यत्वस्य जातित्वं नैयायिकमताभ्युपगमेनोक्तम्, अनुपदमेव तस्य जातित्वमपाकरिष्यते। जैनमतानुसारेण तूपादानकारणतावच्छेदकधर्मविधया पर्यायाधारतावच्छेदकविधया वा सिध्यद् द्रव्यत्वं यावद्द्रव्यभावि गुणविशेषात्मकमेवेति विभावनीयम्।

इदमेवाभिप्रेत्य **आलापपद्धतौ** "द्रव्यस्य भावः = द्रव्यत्वम्। निज-निजप्रदेशसमूहैः अखण्डवृत्त्या स्वभाव-विभावपर्यायान् द्रवति, द्रोष्यति, अदुद्रवदिति द्रव्यम्। सद् द्रव्यलक्षणम्। सीदति = स्वकीयान् गुण-पर्यायान् व्याप्नोतीति सत्। उत्पाद-व्यय-ध्रौव्ययुक्तं सद्" (आ.प.पृ.१०) इत्युक्तम्।

***एतेन*** [1]"दवियदि = गच्छदि ताइं ताइं सब्भावपज्जयाइं जं। दवियं तं भण्णंते अणण्णभूदं तु

---

- આ બાબતમાં કોઈ વિનિગમક ન હોવાથી તે બન્નેનો ત્યાં પ્રવેશ કરવો જોઈએ" - આવી દલીલનું પણ ઉપરોક્ત કથન દ્વારા નિરાકરણ થઈ જાય છે. કેમ કે દ્રવ્યત્વવ્યંજકીભૂત આધારતાના નિરૂપક તરીકે ગુણનો સ્વીકાર કરવામાં ઉપર મુજબ ગુણઅનભિજ્ઞ માણસ માટે આત્માશ્રય દોષ લાગુ પડે છે. તથા ગુણ-પર્યાય બન્નેનો દ્રવ્યત્વવ્યંજક કોટિમાં પ્રવેશ કરવામાં ગૌરવ પણ આવે છે.

### ✧ અભ્યુપગમવાદથી દ્રવ્યત્વ જાતિસ્વરૂપ ✧

(इह.) અહીં ગુણનું નિરૂપણ ચાલી રહ્યું છે. તેમાં ત્રીજા ગુણ તરીકે દ્રવ્યત્વનો ઉલ્લેખ કરવામાં આવેલો છે. તેમ છતાં અહીં દ્રવ્યત્વને જાતિવિશેષરૂપ જણાવેલ છે તે નૈયાયિક મતના અભ્યુપગમવાદથી જણાવેલ છે. બાકી હમણાં જ 'દ્રવ્યત્વ જાતિ નથી' - આવું નિરૂપણ અહીં કરવામાં આવશે. જૈન મત મુજબ તો ઉપાદાનકારણતાઅવચ્છેદક ધર્મ તરીકે અથવા પર્યાયની આધારતાના અવચ્છેદક ધર્મ તરીકે સિદ્ધ થનાર દ્રવ્યત્વ એ યાવદ્દ્રવ્યભાવી (= નિત્ય) ગુણવિશેષસ્વરૂપ જ છે. આ રીતે પ્રસ્તુતમાં વિચારણા કરવી.

### ✥ આલાપપદ્ધતિકારની દૃષ્ટિએ દ્રવ્યત્વ ✥

**(इदमेवा.)** દ્રવ્યત્વગુણનું આવું સ્વરૂપ જણાવવાના અભિપ્રાયથી જ **આલાપપદ્ધતિ** ગ્રંથમાં કહેલ છે કે 'દ્રવ્યના ભાવને દ્રવ્યત્વ કહેવાય છે. પોત-પોતાના પ્રદેશસમૂહો દ્વારા અખંડસ્વરૂપે જે પદાર્થ સ્વાભાવિક અને વૈભાવિક પર્યાયોને વર્તમાન કાળે પ્રાપ્ત કરે છે, ભવિષ્યમાં પ્રાપ્ત કરશે તથા પૂર્વે પ્રાપ્ત કરેલ હતા તે પદાર્થ દ્રવ્ય છે. અર્થાત્ દ્રવ્ય ત્રિકાલઅવસ્થાયી હોવા છતાં પણ પરિણમનશીલ છે. દ્રવ્યનું લક્ષણ સત્ છે. તથા જે પોતાના ગુણ-પર્યાયોમાં વ્યાપ્ત હોય તે સત્ હોય. ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યથી યુક્ત વસ્તુ હોય તેને સત્ કહેવાય.'

**[illegible]** :- **આલાપપદ્ધતિકાર**નું તાત્પર્ય દ્રવ્યમાં ગુણ-પર્યાયની આધારતા દર્શાવવા દ્વારા દ્રવ્યત્વજાતિનો બોધ કરાવવાનું જણાય છે. આથી 'દ્રવ્યત્વજાતિ અભિવ્યંગ્ય અને ગુણ-પર્યાયઆધારતા અભિવ્યંજક છે' - એવું ફલિત થાય છે.

### ✵ દ્રવ્યલક્ષણ : કુંદકુંદસ્વામી વગેરેની દૃષ્ટિમાં ✵

(एतेन.) (૧) **કુંદકુંદસ્વામી**એ પણ **પંચાસ્તિકાય** ગ્રંથમાં દ્રવ્યનો પરિચય આપતાં જણાવેલ છે કે

---

1. द्रवति = गच्छति तांस्तान् सद्भावपर्यायान् यत्। द्रव्यं तद् भणन्ति अनन्यभूतं तु सत्तातः।।

"એ જાતિરૂપ માટઈં ગુણ ન હોઈ" એહવી નૈયાયિકાદિવાસનાઈં આશંકા ન કરવી. જે માટઈં **"सहभुवो गुणाः, क्रमभुवः पर्यायाः"** એહવી જ જૈનશાસ્ત્રની વ્યવસ્થા છઈ.

---

सत्तादो।।"(पञ्चा.९) इति पूर्वोक्तं (१०/१) **पञ्चास्तिकाय**वचनम्, "यथास्वं पर्यायैः द्रूयन्ते द्रवन्ति वा तानि द्रव्याणि" (त.सर्वा.५/२) इति **तत्त्वार्थसर्वार्थसिद्धि**वचनम्, "द्रवति, द्रोष्यति, अदुद्रवदिति वा द्रव्यम्" (ल.त्र.वृ.न्या.कु. पृष्ठ-२००) इति **न्यायकुमुदचन्द्र**वचनम्, [1]"दवदि दविस्सदि दवियं जं सब्भावेहि विविहपज्जाए।" (न.च.३५) इति **नयचक्र**वचनञ्च ***व्याख्यातम्,*** पर्यायाधारतायाः द्रव्यत्वाऽभिव्यञ्जकत्वसङ्गतेः।

***न च*** द्रव्यत्वस्य जातिरूपतया न गुणत्वमिति एकान्तवादिनैयायिकादिवितथवासनया ***शङ्कनीयम्,*** नैयायिकसम्मतजातिलक्षणस्य **स्याद्वादरहस्यादौ** अस्मत्कृततद्वृत्त्यादौ च दूषितत्वात्। अतद्व्यावृत्तित्व-रूपमपि न जातित्वम्, अभावज्ञाने प्रतियोगिज्ञानापेक्षणेन अतद्भानं विना अतद्व्यावृत्तिभानस्य असङ्गततया द्रव्यत्वज्ञानाऽनापत्तेः। अतः 'सहभुवो गुणाः, क्रमभुवश्च पर्याया' इत्येवमेव जैन-शास्त्रोक्तव्यवस्था प्रसिद्धा।

---

'તે તે સદ્ભાવ પર્યાયોને = સદ્ભૂત પર્યાયોને જે પામે છે તેને શાસ્ત્રકારો દ્રવ્ય કહે છે. સત્તાથી તો તે અભિન્ન છે.' (૨) **તત્ત્વાર્થસર્વાર્થસિદ્ધિ** ગ્રંથમાં દ્રવ્યનું નિરૂપણ કરતાં જણાવેલ છે કે 'યથાયોગ્ય પોતાના પર્યાયો દ્વારા જે પ્રાપ્ત કરાય અથવા પોતાના પર્યાયોને પ્રાપ્ત કરે તે દ્રવ્યો જાણવા.' (૩) **લઘીયસ્ત્રય**ની વ્યાખ્યાસ્વરૂપ **ન્યાયકુમુદચંદ્ર** ગ્રંથમાં **પ્રભાચંદ્ર** નામના દિગંબરાચાર્ય દ્રવ્યની ઓળખાણ આપતાં કહે છે કે 'પર્યાયોને જે પ્રાપ્ત કરે છે, પ્રાપ્ત કરશે તથા પૂર્વે જેણે પર્યાયોને પ્રાપ્ત કર્યા હતા તે દ્રવ્ય કહેવાય.' તથા (૪) **નયચક્ર** ગ્રંથમાં **દેવસેનજી**એ જણાવેલ છે કે 'સદ્ભૂતરૂપે વિવિધ પર્યાયોને જે પ્રાપ્ત કરે છે, પ્રાપ્ત કરશે અને પૂર્વે પ્રાપ્ત કર્યા છે તે દ્રવ્ય કહેવાય.' ઉપરોક્ત ચારેય દિગંબર ગ્રંથકારોના વચનની સંગતિ અમે ઉપર જે જણાવ્યું તે મુજબ થઈ જાય છે. કારણ કે 'પર્યાયઆધારતા દ્વારા તેના આશ્રયમાં રહેલી દ્રવ્યત્વજાતિનું ભાન થઈ જાય છે' - આ પ્રમાણે ત્યાં અર્થઘટન કરી શકાય છે.

### ❋ દ્રવ્યત્વ જાતિસ્વરૂપ નથી ❋

**(ન ચ.)** 'દ્રવ્યત્વ તો જાતિસ્વરૂપ છે. તેથી તેને ગુણ તરીકે બતાવી ન શકાય' - આ પ્રમાણે એકાન્તવાદી નૈયાયિક વગેરેના મિથ્યા સંસ્કારોથી પ્રેરાઈને શંકા ન કરવી. કારણ કે નૈયાયિકમાન્ય જાતિલક્ષણનું **સ્યાદ્વાદરહસ્ય** (મધ્યમપરિમાણ) વગેરે ગ્રંથોમાં અને અમે બનાવેલી તેની **જયલતા** વગેરે વ્યાખ્યાઓમાં નિરાકરણ થઈ ચૂકેલ છે. બૌદ્ધ વિદ્વાનો અતદ્વ્યાવૃત્તિસ્વરૂપ જાતિને માને છે. અઘટની બાદબાકી એ ઘટત્વ. અપટની નિવૃત્તિ = પટત્વ. આ રીતે અતદ્વ્યાવૃત્તિત્વસ્વરૂપ જાતિત્વ બૌદ્ધો માને છે. પરંતુ તે વાત પણ વ્યાજબી નથી. કારણ કે વ્યાવૃત્તિના = અભાવના જ્ઞાન પ્રત્યે પ્રતિયોગીના જ્ઞાનની અપેક્ષા હોવાથી અતદ્ના = પ્રતિયોગીના જ્ઞાન વિના અતદ્વ્યાવૃત્તિનું ભાન અસંગત બની જશે. તેથી અદ્રવ્યજ્ઞાન વિના દ્રવ્યત્વગોચરબોધ નહિ થઈ શકે. પણ આ બાબત તો કોઈને પણ માન્ય નથી. તેથી જૈન શાસ્ત્રની પ્રસ્તુતમાં વ્યવસ્થા એવી પ્રસિદ્ધ છે કે 'દ્રવ્યસહભાવી હોય તે ગુણ કહેવાય અને

---

1. द्रवति, द्रोष्यति द्रुतं यत् सद्भावैः विविधपर्यायान्।

तदुक्तम् **आलापपद्धतौ** "सहभुवो गुणाः, क्रमवर्तिनः पर्यायाः" (आ.प.पृ.१०) इति, **परमात्मप्रकाशे** [1]"सहभुव जाणहि ताइँ गुण, कमभुव पज्जउ वुत्तु" (प.प्रका.५७) इति, **न्यायविनिश्चये** "गुण-पर्यायवद् द्रव्यम्, ते सह-क्रमवृत्तयः" (न्या.वि.११५) इति, **सिद्धिविनिश्चयवृत्तौ** "सहविदां = रूप-रसादिगुणग्रहणानाम्, क्रमविदां = मृत्पिण्ड-शिवक-छत्रकादिपर्यायग्रहणानाम्" (सि.वि.६/४१ वृ.पृष्ठ-४४१) इति, **प्रवचनसारवृत्तौ** "अन्वयो द्रव्यम्, अन्वयविशेषणं गुणः, अन्वयव्यतिरेकाः पर्यायाः" (प्र.सा.८० वृ.) इति, तत्रैवाऽग्रे च "पर्यायलक्षणं हि कादाचित्कत्वम्, गुणलक्षणं तु नित्यत्वम्" (प्र.सा.१३२ वृ.) इति, **पञ्चास्तिकायजयसेनीयवृत्तौ** "अन्वयिनो गुणाः, व्यतिरेकिणश्च पर्यायाः, अथवा सहभुवो गुणाः क्रमवर्तिनः पर्यायाः" (पञ्चा.५ वृ.) इति, **पञ्चास्तिकायामृतचन्द्रीयवृत्तौ** च "अनेकान्तात्मकस्य वस्तुनोऽन्वयिनो विशेषाः = गुणाः, व्यतिरेकिणः पर्यायाः ते" (पञ्चा.१० वृ.) इति।

**सम्मतितर्कवृत्तौ** "सहभाविनो गुणाः, क्रमभाविनः पर्यायाः" (स.त.२/१/पृ.४७८) इति, **प्रमाणनय-**

---

ક્રમભાવી = (દ્રવ્યમાં) ક્રમશઃ ઉત્પન્ન થાય તે પર્યાય કહેવાય.'

### દિગંબર સંપ્રદાયમાં ગુણસ્વરૂપ

**(तदु.)** આ વ્યવસ્થાને દેખાડતા **આલાપપદ્ધતિ** ગ્રંથમાં જણાવેલ છે કે **(૧)** 'દ્રવ્યની સાથે સદા રહે તેને ગુણ કહેવાય. તથા દ્રવ્યમાં ક્રમશઃ એક પછી એક ઉત્પન્ન થાય તેને પર્યાય કહેવાય.' (૨) **પરમાત્મપ્રકાશ** નામના દિગંબરીય ગ્રંથમાં પણ જણાવેલ છે કે 'દ્રવ્યસહભાવી હોય તેને ગુણ જાણો. ક્રમભાવી હોય તે પર્યાય કહેવાયેલા છે.' (૩) દિગંબરીય **ન્યાયવિનિશ્ચય** ગ્રંથમાં પણ જણાવેલ છે કે 'ગુણ-પર્યાયયુક્ત હોય તે દ્રવ્ય કહેવાય. ગુણો દ્રવ્યસહવૃત્તિ છે તથા પર્યાયો ક્રમવર્તી છે.' (૪) દિગંબરીય **સિદ્ધિવિનિશ્ચય** ગ્રંથની **વ્યાખ્યા**માં ગુણ-પર્યાયની વ્યવસ્થા જણાવતાં કહેલ છે કે 'દ્રવ્યસહવર્તી તરીકે રૂપ, રસ આદિ ગુણોનું તથા ક્રમવર્તી તરીકે મૃત્પિંડ, શિવક, છત્રક આદિ મૃદ્દ્રવ્યના પર્યાયોનું જ્ઞાન થાય છે.' **(૫) પ્રવચનસારવ્યાખ્યા**માં દર્શાવેલ છે કે 'અન્વય = દ્રવ્ય. અન્વયવિશેષણ = ગુણ. અન્વયના વ્યતિરેક = પર્યાય.' **(૬) પ્રવચનસારવ્યાખ્યા**માં જ આગળ જણાવેલ છે કે 'કાદાચિત્કત્વ એ પર્યાયનું લક્ષણ છે. તથા નિત્યત્વ એ ગુણનું લક્ષણ છે.' (૭) **પંચાસ્તિકાયવ્યાખ્યા**માં **જયસેન** નામના દિગંબરાચાર્યે એમ કહેલ છે કે 'અન્વયી હોય તે ગુણ કહેવાય. વ્યતિરેકી હોય તે પર્યાય કહેવાય. અથવા દ્રવ્યસહભાવી હોય તેને ગુણ તરીકે તથા દ્રવ્યવ્યતિરેકી હોય તેને પર્યાય તરીકે સમજવા.' (૮) **પંચાસ્તિકાય** ગ્રંથની **અમૃતચન્દ્રાચાર્ય**કૃત **વ્યાખ્યા**માં ગુણ-પર્યાયની વ્યાખ્યા આ મુજબ જણાવેલ છે કે 'અનેકાન્તાત્મક વસ્તુમાં જે અન્વયી વિશેષસ્વરૂપ છે તે ગુણ કહેવાય તથા વ્યતિરેકી વિશેષસ્વરૂપ છે તે પર્યાય કહેવાય.'

### શ્વેતાંબર સંપ્રદાયમતે ગુણસ્વરૂપ

**(सम्मति.)** શ્વેતાંબર સંપ્રદાયના ગ્રંથોમાં પણ આવા પ્રકારની જ વ્યવસ્થા દર્શાવેલ છે. જેમ કે (૯) **સમ્મતિતર્કવ્યાખ્યા**માં તર્કપંચાનન **શ્રીઅભયદેવસૂરિજી** મહારાજે જણાવેલ છે કે 'દ્રવ્યની સાથે જ કાયમ રહે તે ગુણ કહેવાય. તથા દ્રવ્યમાં કાળક્રમે જે ઉત્પન્ન થાય, તે પર્યાય કહેવાય.' (૧૦) પૂર્વોક્ત

---

1. सहभुवः जानीहि तेषां गुणाः, क्रमभुवः पर्यायाः उक्ताः।

**तत्त्वालोकालङ्कारसूत्रे** पूर्वोक्ते (२/३) "गुणः सहभावी धर्मः" (प्र.न.त. ५/७), "पर्यायस्तु क्रमभावी" (प्र.न.त. ५/८) इति, **प्रज्ञापनावृत्तौ** "सहवर्त्तिनः = गुणाः, क्रमवर्त्तिनः = पर्यायाः" (प्र.प.२/सू.५४/वृ.पृ.११०) इति, "गुणो द्रव्यगतो धर्मः सहभावित्वलक्षणः। पर्येत्युत्पाद-नाशौ च पर्यायः स उदाहृतः।।" (जै.स्या.मु.१/१२) इति **जैनस्याद्वादमुक्तावल्याम्**, "सहोत्पन्ना गुणा द्रव्ये, पर्यायाः क्रमभाविनः" (जै.वि.त.८) इति च **जैनविशेषतर्के** दर्शितमत्र स्मर्तव्यम्।

यच्च "अन्ये तु व्याचक्षते – पर्यवा द्विविधाः गुणाः पर्यायाश्च। तत्र सहवर्त्तिनो गुणाः शुक्लादयः, क्रमवर्त्तिनस्तु पर्याया नव-पुराणादयः। तत्र गुणेषु अष्टौ समयान् अवध्युपयोगावस्थानम्, पर्यायेषु सप्त समयानिति। स्थूलं हि द्रव्यम्। तेन तत्र अन्तर्मुहूर्त्तं तदुपयोगस्थितिः। गुणास्तु ततः सूक्ष्माः। तेन एतेषु अष्टौ समयान्। गुणेभ्योऽपि पर्यायाः सूक्ष्मा इति तेषु सप्त समयान्" (वि.आ.भा.७१७ वृ.) इति **विशेषावश्यकभाष्यवृत्तौ श्रीहेमचन्द्रसूरिभिः** मतान्तरम् उपदर्शितम्, तदनुसारेण द्रव्य-गुण-पर्यायाणां यथोत्तरं स्थूल-सूक्ष्म-सूक्ष्मतरत्वं विभावनीयम्।

इत्थञ्च अस्माकं मते पर्यायाधारताभिव्यङ्ग्यद्रव्यत्वस्य द्रव्यसहभावित्वाद् गुणत्वमेव, न तु जातित्वमिति फलितम्।

---

(२/३) **પ્રમાણનયતત્ત્વાલોકાલંકાર** સૂત્રમાં **શ્રીવાદિદેવસૂરિજી** મહારાજે જણાવેલ છે કે 'ગુણ દ્રવ્યની સાથે રહેનારો ધર્મ છે. તથા પર્યાય તો ક્રમભાવી વસ્તુધર્મ છે.' **(૧૧) પ્રજ્ઞાપનાસૂત્રવ્યાખ્યામાં શ્રીમલયગિરિસૂરિજીએ** પણ ગુણ-પર્યાયની ઓળખાણ આપતાં જણાવેલ છે કે 'સહવર્તી = ગુણ તથા ક્રમવર્તી = પર્યાય.' **(૧૨) જૈનસ્યાદ્વાદમુક્તાવલીમાં યશસ્વત્સાગરજીએ** પણ કહેલ છે કે 'દ્રવ્યગત સહભાવિત્વલક્ષણ ધર્મ ગુણ છે. તથા જે ઉત્પાદ-વ્યયને પામે, તે પર્યાય કહેવાયેલ છે.' **(૧૩)** તેમણે **જૈનવિશેષતર્ક** પ્રકરણમાં પણ જણાવેલ છે કે 'દ્રવ્યમાં સાથે ઉત્પન્ન થયેલા ધર્મો ગુણ કહેવાય તથા ક્રમભાવી ધર્મો પર્યાય કહેવાય.' તે વાતને પણ અહીં યાદ કરવી.

### * ગુણ કરતાં પર્યાય સૂક્ષ્મ, દ્રવ્ય સ્થૂલ - મતવિશેષ *

**(यच्च.)** મલધારી **શ્રીહેમચન્દ્રસૂરિજીએ વિશેષાવશ્યકભાષ્યવ્યાખ્યામાં** એક મતાન્તરને જણાવતાં કહેલ છે કે "અમુક વિદ્વાનો એમ કહે છે કે - પર્યવ બે પ્રકારના છે. (૧) ગુણ અને (૨) પર્યાય. તેમાં સહવર્તી શુક્લરૂપ વગેરે ગુણ કહેવાય. તેમજ ક્રમવર્તી હોય તેને પર્યાય કહેવાય. જેમ કે નવીનત્વ, જીર્ણત્વ વગેરે. આ બન્નેની અંદર વિચાર કરીએ તો ગુણોને વિશે આઠ સમય સુધી નિરંતર અવધિજ્ઞાનીનો ઉપયોગ ટકી શકે છે. તથા પર્યાયોને વિશે સાત સમય સુધી સતત અવધિજ્ઞાનનો ઉપયોગ ટકે છે. દ્રવ્ય સ્થૂલ છે. તે કારણે દ્રવ્યમાં અવધિના ઉપયોગની સ્થિતિ અંતર્મુહૂર્ત્ત કાળ સુધી છે. જ્યારે ગુણો તો દ્રવ્ય કરતાં સૂક્ષ્મ છે. તેથી તેમાં આઠ સમય સુધી અવધિજ્ઞાનનો ઉપયોગ રહે છે. જ્યારે પર્યાયો તો ગુણો કરતાં પણ અતિ સૂક્ષ્મ છે. તેથી પર્યાયમાં અવધિનો ઉપયોગ સાત સમય સુધી રહે છે." આ મતાંતર મુજબ 'દ્રવ્ય સ્થૂલ, ગુણ સૂક્ષ્મ અને પર્યાય સૂક્ષ્મતર' - આ પ્રમાણે વિભાવના કરવી.

**(इत्थ.)** આ રીતે ઉપરોક્ત છણાવટ અનુસાર, અમારા મતે પર્યાયાધારતાથી અભિવ્યંગ્ય એવું દ્રવ્યત્વ

**"द्रव्यत्वं चेद् गुणः स्यात्, रूपादिवदुत्कर्षापकर्षभागि स्यात्" इति तु कुचोद्यम्, एकत्वादिसङ्ख्यायां परमतेऽपि व्यभिचारेण *तथाव्याप्त्यभावादेव निरसनीयम्।** (३)

'द्रव्यत्वं चेद् गुणः स्याद्, रूपादिवदुत्कर्षाऽपकर्षभागि स्याद्' इति तु कुचोद्यम्,

एकत्वादिसङ्ख्यायां पृथक्त्वादिगुणे च परमतेऽपि व्यभिचारेण तथाव्याप्त्यभावादेव तद् निरसनीयम्।

**नयचक्रसारे देवचन्द्र**वाचकास्तु "अर्थक्रियाकारित्वं = द्रव्यत्वम्। अथवा उत्पाद-व्यययोः मध्ये उत्पादपर्यायाणां जनकत्वप्रसवस्य आविर्भावलक्षणस्य व्ययीभूतपर्यायाणां (च) तिरोभाव्यभावरूपायाः शक्तेः आधारत्वम् = द्रव्यत्वम्" (न.च.सा.पृ.१३१) इति प्राहुः। चलनसहकारादिगुणप्रवृत्तिरूपम् अर्थक्रियाकारित्वं धर्मास्तिकायादिद्रव्येषु प्रत्येकं भावनीयम्।

(४) **प्रमेयता** चतुर्थो गुणः। सा **हि प्रमाणगम्या** = प्रमाणपरिच्छेद्यता = प्रमाविषयत्तेति

એ દ્રવ્યસહભાવી હોવાથી ગુણ જ છે, પરંતુ જાતિસ્વરૂપ નહિ. આ અહીં નિષ્કર્ષ સમજવો.

## ✡ દ્રવ્યત્વને ગુણ માનવામાં બાધ ✡

**આક્ષેપ** :- ('द्रव्यत्वं.) જો દ્રવ્યત્વ ગુણસ્વરૂપ હોય તો તેમાં ઉત્કર્ષ અને અપકર્ષ પણ દેખાવો જોઈએ. જેમ કે રૂપ ગુણ છે તો રૂપમાં ઉત્કર્ષ-અપકર્ષસ્વરૂપ તરતમભાવ દેખાય છે. તેમ દ્રવ્યત્વમાં પણ તરતમભાવ દેખાવો જોઈએ. જેમ નીલ, નીલતર, નીલતમ વગેરે ભેદો નીલરૂપ નામના ગુણમાં દેખાય છે તેમ દ્રવ્યત્વ, દ્રવ્યત્વતર, દ્રવ્યત્વતમ આવું તારતમ્ય દ્રવ્યત્વમાં ઉપલબ્ધ થવું જોઈએ.

## ❖ દ્રવ્યત્વમાં ગુણત્વ નિર્બાધ ❖

**પ્રત્યાક્ષેપ** :- (एकत्वा.) આ આક્ષેપ અનુચિત છે. કારણ કે એકત્વ-દ્વિત્વાદિ સંખ્યા તથા પૃથક્ત્વ વગેરે પદાર્થો નૈયાયિક દર્શનમાં ગુણસ્વરૂપ હોવા છતાં પણ તેમાં તરતમભાવ = ઉત્કર્ષ-અપકર્ષ જણાતો નથી. તેથી 'જે જે ગુણ હોય તે તે તરતમભાવવાળા જ હોય' - આવી વ્યાપ્તિ છે જ નહિ. એકત્વાદિગુણમાં ગુણત્વ હોવા છતાં ઉત્કર્ષ-અપકર્ષ ન હોવાથી તેવી વ્યાપ્તિમાં વ્યભિચાર = વિસંવાદ આવે છે. વિસંવાદના લીધે તેવી વ્યાપ્તિ અસિદ્ધ હોવાથી ઉપરોક્ત આક્ષેપનું નિરાકરણ થઈ જાય છે.

## ✻ દ્રવ્યત્વ : શ્રીદેવચન્દ્રજીની દૃષ્ટિએ ✻

(नय.) **નયચક્રસાર** ગ્રંથમાં ખરતરગચ્છીય ઉપાધ્યાયશ્રી **દેવચન્દ્રજી**એ તો દ્રવ્યત્વની વ્યાખ્યા આ પ્રમાણે કરી છે કે 'અર્થક્રિયાકારિત્વ = દ્રવ્યત્વ. અથવા ઉત્પાદ અને વ્યય - આ બે પર્યાયમાંથી જેટલા ઉત્પાદપર્યાયો છે તેની પ્રસવશક્તિ એટલે કે આવિર્ભાવસ્વરૂપ શક્તિ અને વ્યયીભૂત પર્યાયનો તિરોભાવ કે અભાવ થવા સ્વરૂપ શક્તિ - આ બન્ને શક્તિની આધારતા એ જ દ્રવ્યત્વ છે.' અહીં ચલનસહકારાદિ ગુણની પ્રવૃત્તિસ્વરૂપ અર્થક્રિયાકારિત્વને ધર્માસ્તિકાયાદિ પ્રત્યેક દ્રવ્યમાં વિચારવું.

## ✻ પ્રમેયતાનો પરિચય ✻

(प्रमे.) (૪) ચોથો ગુણ પ્રમેયતા છે. પ્રમેયતા પ્રમાણથી જ્ઞેય છે. પ્રમાણ દ્વારા પ્રમેયતાનો નિશ્ચય

* કો.(૧૩)માં 'द्रव्यभावे तथा...' પાઠ છે.

**પ્રમાણઈં પરિચ્છેદ્ય જે રૂપ** ♦પ્રમાવિષયત્વ તે **પ્રમેયત્વ** કહિઈં. તે પણિ કથંચિત્ ⁑સ્વરૂપથી અનુગત સર્વ સાધારણ ગુણ છઈ.

---

यावत्, निर्देशस्य भावप्रधानत्वात्। तदुक्तम् **आलापपद्धतौ** "प्रमेयस्य भावः = प्रमेयत्वम्। प्रमाणेन स्व-परस्वरूपपरिच्छेद्यं = प्रमेयम्" (आ.प.पृ.११) इति। साऽपि कथञ्चित् = स्वरूपतोऽनुगता सर्वपदार्थ-साधारणगुणतया मता। तत एव 'प्रमेयं प्रमेयमि'त्यनुगतप्रतीति-व्यवहारोपपत्तेः।

***एतेन*** प्रमेयतायाः प्रमेयस्वरूपत्वेऽननुगमः, अतिरिक्तत्वे सर्वत्र अनुगतत्वेन कथञ्चित्पदमतिरिच्यते इति ***निरस्तम्,***

स्वाश्रयसामग्रीप्रयुक्तघटत्वस्येव स्वाश्रयगोचरज्ञानप्रयुक्तायाः प्रमेयतायाः भेदनयदृष्ट्या स्वाश्रय-भिन्नत्वेन स्वरूपतोऽनुगतत्वेऽपि प्रागुक्तरीत्या (९/९) अन्वय-व्यतिरेकित्वेन सर्वथा सर्वत्रानुगतत्वा-

---

થઈ શકે છે. અહીં 'પ્રમેયતા પ્રમાણગમ્ય' - આ મુજબ જણાવેલ છે તે ભાવપ્રધાન = ભાવવાચક નિર્દેશ છે. તેથી 'પ્રમેયતા એ પ્રમાગમ્યતારૂપ = પ્રમાવિષયતાસ્વરૂપ છે' - તેમ સમજવું. **આલાપપદ્ધતિ** ગ્રંથમાં જણાવેલ છે કે 'પ્રમેયનો ભાવ એટલે પ્રમેયતા. પ્રમાણ દ્વારા નિશ્ચય કરવા યોગ્ય સ્વ અને પર પદાર્થ તે પ્રમેય કહેવાય છે.' અર્થાત્ પ્રમાણ દ્વારા જેનું જ્ઞાન થાય તે પ્રમેય કહેવાય. તેમાં રહેલી પ્રમાવિષયતા તે જ પ્રમેયત્વ. આ પ્રમેયતા પણ કથંચિત્ સ્વરૂપથી અનુગત છે. તેથી જ સર્વ પદાર્થના સાધારણ = સામાન્ય ગુણ તરીકે તે માન્ય છે. અનુગત પ્રમેયતાના લીધે જ 'આ પ્રમેય છે. તે પ્રમેય છે' - આવો અનુગત બોધ અને અનુગત વ્યવહાર સંગત થઈ શકે છે.

### ❯ પ્રમેયતા અતિરિક્ત કે અનતિરિક્ત ? મીમાંસા ❯

[illegible] :- (एते.) જો પ્રમેયતા પ્રમેયાત્મક હોય તો પ્રમેય પદાર્થો અનંત હોવાથી પ્રમેયતા પણ અનંતસ્વરૂપ બની જશે. તેથી અનનુગમ દોષ આવશે. મતલબ કે અનનુગત એવી પ્રમેયતા દ્વારા અનંત પ્રમેય પદાર્થોનો અનુગમ નહિ થઈ શકે. તથા જો પ્રમેયતા એ પ્રમેય કરતાં અતિરિક્ત હોય, સ્વતંત્ર હોય તો તે સર્વત્ર અનુગત બનવાથી તેના દ્વારા અનંત પ્રમેય પદાર્થોનો અનુગમ થઈ શકશે. પરંતુ તેવી પરિસ્થિતિમાં 'કથંચિત્' પદ નિરર્થક બની જશે. કારણ કે અતિરિક્ત = સ્વાશ્રયભિન્ન પ્રમેયત્વ તો ઘટત્વની જેમ અનુગત બુદ્ધિને ઉત્પન્ન કરી શકશે. તે માટે 'કથંચિત્' શબ્દની જરૂર નથી.

[illegible] :- (स्वा.) તમારી દલીલ વ્યાજબી નથી. જૈનમતે પ્રમેયતા ભેદનયદષ્ટિએ પ્રમેયથી ભિન્ન છે. જેમ નૈયાયિકમતે ઘટત્વ પોતાના આશ્રયીભૂત ઘટની સામગ્રીથી પ્રયુક્ત છે (બાકી ઘટમાં ઘટત્વ જ કેમ રહે ? પટત્વ કેમ ન રહે ? તેનું નિયમન થઈ ન શકે) અને સર્વ ઘડાઓમાં ઘટત્વ અનુગત એક છે, તેમ જૈનમતે પ્રમેયતા પોતાના આશ્રયીભૂત પ્રમેયને વિષય બનાવનાર જ્ઞાનથી પ્રયુક્ત છે અને સર્વ પ્રમેયમાં અનુગત એક છે. જેમ ઘટત્વ સ્વાશ્રયથી ભિન્ન છે, તેમ અમારા મતે પ્રમેયતા એ પ્રમેયસ્વરૂપ નથી પરંતુ સ્વાશ્રયથી = પ્રમેયથી ભિન્ન છે. તેથી જ પ્રમેયત્વ સર્વત્ર સ્વરૂપથી અનુગત છે. તેમ છતાં તે સર્વથા સર્વત્ર અનુગત = કેવલાન્વયી નથી. કેમ કે પૂર્વે (૯/૯) બતાવ્યા મુજબ પ્રમેયતા અન્વયી

---

♦ ધ.માં 'પ્રમાણવિષયત્વ' પાઠ. ⁑ ફક્ત P(૨)માં 'સ્વરૂપથી' પાઠ.

☆પરંપરા સંબંધઈ ⁕પ્રમાત્વાજ્ઞાનઈ પણિ પ્રમેયવ્યવહાર♦ થાઈ છઈ.

ऽभावात्। अत एव कथञ्चित्पदोपादानम् उपयुज्यते। प्रमेयत्वावच्छिन्ने प्रमेयता सापेक्षतया स्वरूपतोऽनुगतेत्याशयः।

***न च*** प्रमेयत्वं न सर्वत्रानुगतम् किन्तु प्रमात्वमेव तथा, स्वाश्रयविषयतासम्बन्धेन तत एवाऽनुगतव्यवहारोपपत्तेः इति ***शङ्कनीयम्,***

व्यवहार्यतावच्छेदकसम्बन्धगौरवात्, स्वाश्रयविषयतासम्बन्धेन प्रमात्वाऽज्ञानेऽपि सर्वत्र प्रमेयव्यवहारात्,

અને વ્યતિરેકી ઉભયસ્વરૂપ છે. એકાન્તતઃ કેવલાન્વયિત્વ પ્રમેયતામાં ન હોવાથી જ પ્રમેયતાગત સ્વરૂપતઃ અનુગતપણું કથંચિત્ જણાવેલ છે તે જરૂરી છે. સાપેક્ષપણે પ્રમેયતા સર્વ પ્રમેય પદાર્થોમાં સ્વરૂપતઃ અનુગત છે - તેવો આશય છે. આમ કથંચિત્ સ્વરૂપતઃ અનુગત એવી પ્રમેયતાના નિમિત્તે જ 'આ પ્રમેય છે, તે પ્રમેય છે' ... ઈત્યાદિ અનુગત વ્યવહારની સંગતિ થઈ શકે છે.

## ❀ પ્રમેયત્વ નહિ, પ્રમાત્વ અનુગત : નૈયાયિક ❀

**નૈયાયિક** :- (न च प्र.) પ્રમેયત્વ તો પ્રમાવિષયતા સ્વરૂપ છે. તથા વિષયતા તો વિષયાત્મક છે. વિષય બદલાતાં વિષયતા પણ બદલાય છે. તેથી વિષયતા અનુગત ધર્મ નથી. પરંતુ પ્રમાત્વ એ જ અનુગત = સાધારણ ગુણધર્મ છે. તથા 'इदं प्रमेयम्, तत् प्रमेयम्' ઈત્યાદિ અનુગત વ્યવહાર અનુગત એવા પ્રમાત્વધર્મ દ્વારા જ સંગત થઈ શકે છે. યદ્યપિ પ્રમાત્વ એ પ્રમાત્મક જ્ઞાનમાં રહેનારો ગુણધર્મ છે. તેમ છતાં સ્વાશ્રયવિષયતાસંબંધથી પ્રમાત્વ ગુણધર્મ પ્રમેયમાં રહીને ઉપરોક્ત અનુગત વ્યવહારને કરાવી શકશે. પ્રમાત્વ ધર્મનો આશ્રય પ્રમા જ્ઞાન છે. તથા તેનો વિષય પ્રમેય પદાર્થ છે. તેથી પ્રમેય પદાર્થમાં પ્રમાત્વઆશ્રયવિષયતા નામનો ગુણધર્મ ઉત્પન્ન થશે. 'જેની અપેક્ષાએ જ્યાં જે ગુણધર્મ ઉત્પન્ન થાય તે ગુણધર્મ તેને ત્યાં રહેવા માટે સંબંધનું કામ કરે' - આ નિયમ મુજબ સ્વાશ્રયવિષયતા નામનો ગુણધર્મ પ્રમાત્વને પ્રમેયમાં રહેવા માટે સંબંધ તરીકેનું કામ કરશે. કારણ કે પ્રમેયમાં પ્રમાત્વની અપેક્ષાએ તે ગુણધર્મ ઉત્પન્ન થાય છે. આમ અનનુગત એવા પણ પ્રમેય પદાર્થોમાં સ્વાશ્રયવિષયતા સંબંધથી પ્રમાત્વ અનુગત હોવાથી તેના દ્વારા 'इदं प्रमेयम्, तत् प्रमेयम्' ઈત્યાદિ અનુગત વ્યવહાર સંગત થઈ જશે. તેથી પ્રમેયત્વ દ્વારા તેવા અનુગત વ્યવહારની સંગતિ કરવી ઉચિત નથી.

## ❀ નૈયાયિકમતમાં ગૌરવ ❀

**જૈન** :- (व्यवहा.) તમારી આ માન્યતા વ્યાજબી નથી. કારણ કે (૧) સ્વાશ્રયવિષયતાસંબંધથી પ્રમાત્વને ઉપરોક્ત વ્યવહારનું નિયામક માનવાથી વ્યવહાર્યતાઅવચ્છેદક સંબંધમાં ગૌરવ આવે છે. પ્રસ્તુતમાં પ્રમેય વ્યવહાર્ય છે. કારણ કે હાલ તેના વ્યવહારની વાત ચાલી રહી છે. પ્રમાત્વને પ્રમેયસંબંધી અનુગત વ્યવહારનું નિયામક માનવામાં તો પ્રમેયમાં રહેલી અનુગત વ્યવહર્તવ્યતાના = વ્યવહાર્યતાના નિયામક = અવચ્છેદક સંબંધ તરીકે સ્વાશ્રયવિષયતાને માનવો પડશે. જ્યારે પ્રમેયતાને તથાવિધ અનુગત વ્યવહારનું નિયામક માનવામાં આવે તો સ્વાશ્રયત્વ = સ્વાપૃથગ્ભાવ સંબંધ જ વ્યવહાર્યતાઅવચ્છેદક

☆ શાં.માં 'પરપદા' અશુદ્ધ પાઠ. મ.+સિ.+લી.(૨+૪)+કો.(૯)નો પાઠ લીધો છે. ⁕ **દ્રવ્યાનુયોગતર્કણા**માં 'प्रमात्वज्ञाने' इत्यशुद्धः पाठः। ♦ આ.(૧)માં 'પ્રમેયજ્ઞાન' પાઠ. પ.માં 'પ્રમાવ્યવહાર' પાઠ. મો.(૨)નો પાઠ લીધો છે.

તે માટઈ પ્રમેયત્વ ગુણ સ્વરૂપથી અનુગત છઈ.

***तद्वृत्तित्वे सति तदितराऽवृत्तित्वं असाधारणत्वम्।*** (૪).

---

**मुक्तावलीवृत्तिमञ्जूषाकृत्पट्टाभिरामशास्त्रि**दर्शितरीत्या तद्वद्विशेष्यकत्वे सति तत्प्रकारकत्वरूपप्रमात्वस्य विषयभेदेन भिन्नतया अननुगतत्वात्, एकविषयघटितप्रमात्वग्रहणे अन्यविषये अव्याप्तेश्च (मुक्तावली - का.१३ म.वृ.पृ.१६९)।

अस्मन्मते तु लाघवात् स्वाऽपृथग्भावसम्बन्धेनैव प्रमाविषयत्वत एव 'प्रमेयम्, प्रमेयमि'त्यनुगतव्यवहारोपपत्तेः प्रमेयत्वगुणः स्वाऽपृथग्भावलक्षणस्वरूपसम्बन्धेन स्वरूपेण सर्वत्राऽनुगत इति अनेकवृत्तित्वलक्षणं साधारणत्वं प्रमेयत्वे सिद्धम्। असाधारणत्वन्तु तद्वृत्तित्वे सति तदितराऽवृत्तित्व-

---

સંબંધ બનશે. પ્રમેયતા કાંઈ પ્રમેયથી સર્વથા પૃથગ્ નથી. તેથી અપૃથગ્ભાવસંબંધથી જૈન મતે પ્રમેયતા પ્રમેયમાં રહે છે. વળી, બીજી મહત્ત્વની વાત એ છે કે (૨) તમે જણાવેલ સ્વાશ્રયવિષયતાસ્વરૂપ પરંપરા સંબંધથી પ્રમાત્વનું જ્ઞાન ન હોવા છતાં લોકો 'इदं प्रमेयम्, इदं प्रमेयम्' આ પ્રમાણે અનુગત વ્યવહાર કરે છે. તેથી પ્રમાત્વને તથાવિધ વ્યવહારનું નિયામક માની ન શકાય. નિયામકના જ્ઞાન વિના નિયમ્યનો વ્યવહાર કઈ રીતે થાય ? તેથી પ્રમાત્વને ઉપરોક્ત અનુગત વ્યવહારનો નિયામક માની ન શકાય.

### ❖ પ્રમાત્વ અનનુગત - પટ્ટાભિરામશાસ્ત્રી ❖

**(मुक्ता.)** (૩) વળી, **વિશ્વનાથ**કૃત **કારિકાવલી** ગ્રંથની સ્વોપજ્ઞ **મુક્તાવલી** વ્યાખ્યા ઉપર **પટ્ટાભિરામશાસ્ત્રી** નામના વિદ્વાને **મંજૂષા** નામની પ્રૌઢ વ્યાખ્યા રચેલી છે. તેમાં જણાવ્યા મુજબ વિષયભેદે પ્રમાત્વ ભિન્ન છે. કારણ કે પ્રમાત્વ એટલે તદ્વદ્વિશેષ્યકત્વવિશિષ્ટ તત્પ્રકારકત્વ છે. તત્ = પ્રકાર = વિશેષણ. તથા તદ્વદ્ = વિશેષણવિશિષ્ટ = વિશેષ્ય. તેથી પ્રમાત્વઘટક વિષય બદલાતાં પ્રમાત્વ પણ બદલાઈ જાય. તેથી આવું પ્રમાત્વ તો અનનુગત હોવાથી સર્વત્ર રહી ન શકે. માટે પ્રમેયવ્યવહારના નિયામક તરીકે સંમત એવા પ્રમાત્વથી અનુગત બુદ્ધિ તથા અનુગત વ્યવહાર થઈ ન શકે. તથા (૪) જો એક વિષયથી ઘટિત પ્રમાત્વનું ગ્રહણ કરવામાં આવે તો અન્ય વિષયમાં વિવક્ષિત પ્રમાત્વ ન રહેવાથી તેમાં પ્રમેયવ્યવહાર ન થવાથી અવ્યાપ્તિ આવશે. આમ પ્રમેયત્વના બદલે પ્રમાત્વને સર્વત્ર અનુગત વ્યવહારનું નિયામક માનવામાં ઉપરોક્ત ચાર દોષ લાગુ પડે છે.

### ❄ પ્રમાત્વ નહિ, પ્રમેયત્વ અનુગત : જૈન ❄

**(अस्म.)** ઉપરોક્ત કારણસર અમારા મત મુજબ લાઘવથી સ્વઅપૃથગ્ભાવ સંબંધથી જ પ્રમાવિષયતાને = પ્રમેયતાને જ તથાવિધ વ્યવહારનું નિયામક માનવું વ્યાજબી છે. તેનાથી જ 'इदं प्रमेयम्, इदं प्रमेयम्' આવો વ્યવહાર સંગત થઈ શકે છે. આમ સ્વઅપૃથગ્ભાવ નામના સ્વરૂપસંબંધથી પ્રમેયત્વ ગુણ જ, પૂર્વે જણાવ્યા મુજબ, સર્વત્ર પ્રમેયમાં સ્વરૂપતઃ અનુગત સિદ્ધ થાય છે. અનેકમાં હોય (અર્થાત્ તેમાં પણ હોય અને બીજામાં પણ હોય) તેને સાધારણ કહેવાય. આવું સાધારણપણું પ્રમેયત્વમાં રહેલું હોવાથી પ્રમેયત્વ એ સાધારણ ગુણ છે. તથા અસાધારણત્વનું લક્ષણ છે 'તેમાં હોય અને બીજામાં ન હોય.'

---

*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત કો.(૧)માં છે.

અગુરુલઘુત્વ(સ્વરૂપ) ગુણ (**સૂખિમ**=) સૂક્ષ્મ (**આણાગમ**=) આજ્ઞાગ્રાહ્ય છઈ. "**सूक्ष्मं जिनोदितं तत्त्वं हेतुभिर्नैव हन्यते। आज्ञासिद्धं तु तद् ग्राह्यं नाऽन्यथावादिनो जिनाः।।**" (आ.प.पृ.११ उद्धृत)

"**अगुरुलघुपर्यायाः सूक्ष्मा अवाग्गोचराः।**" (आ.प.पृ.११) (५) ॥११/१॥

---

लक्षणम्। तच्च वक्ष्यमाणे (११/३) ज्ञानादिलक्षणे विशेषगुणे योजनीयम्।

**नयचक्रसारे देवचन्द्र**वाचकास्तु "स्व-परव्यवसायिज्ञानं = प्रमाणम्। प्रमीयते अनेनेति प्रमाणम्। तेन प्रमाणेन प्रमातुं योग्यं = प्रमेयम्। ज्ञानेन ज्ञायते तद्योग्यत्वं = प्रमेयत्वम्" (न.च.सा.पृ.१३१) इति प्राहुः।

(५) **अगुरुलघुतासुगुणः च** पञ्चमो ज्ञेयः। अयं **सूक्ष्मः** गुणः। अत एव **मुदा** = श्रद्धया **जिनवचनेन** = जिनाज्ञया **ग्राह्यः** = ज्ञेयः **अस्ति**। तदुक्तम् – **आलापपद्धतौ** "अगुरुलघोः भावः = अगुरुलघुत्वम्। सूक्ष्माः अवाग्गोचराः प्रतिक्षणं वर्तमानाः (? विपरिवर्तमानाः) आगमप्रमाणादभ्युपगम्याः अगुरुलघुगुणाः। "सूक्ष्मं जिनोदितं तत्त्वं हेतुभिर्नैव हन्यते। आज्ञासिद्धं तु तद्ग्राह्यं नाऽन्यथावादिनो जिनाः।।" ( ) (आ.प. पृ.११)" इति।

'इदम् अगुरुलघुत्वम्' इति शृङ्गग्राहिकया निर्देष्टुमशक्यत्वाद् अवाग्गोचरत्वमत्र प्रतिपादितम्,

---

આ જ શાખાના ત્રીજા શ્લોકમાં જે જ્ઞાનાદિ વિશેષગુણો જણાવવામાં આવશે, તેમાં અસાધારણત્વ રહે છે. જ્ઞાન ગુણ આત્મામાં જ રહે, બીજે ન રહે. તેથી તે વિશેષગુણ અસાધારણ કહેવાય. જ્યારે પ્રમેયત્વ તો જડ, ચેતન સર્વમાં રહે છે. તેથી પ્રમેયત્વને સાધારણગુણ = સામાન્યગુણ સમજવો.

### ❄ પ્રમેયત્વ : દેવચન્દ્રજીની દૃષ્ટિએ ❄

(**નય.**) **નયચક્રસાર** ગ્રંથમાં શ્રી**દેવચન્દ્ર**જી ઉપાધ્યાય જણાવે છે કે 'સ્વ-પરવ્યવસાયી જ્ઞાન = પ્રમાણ. જેના દ્વારા પ્રમા ઉત્પન્ન થાય તે પ્રમાણ. પ્રમાણથી જાણવા યોગ્ય વસ્તુ એટલે પ્રમેય. જ્ઞાન દ્વારા પ્રમેયની જે યોગ્યતા જણાય (અર્થાત્ જ્ઞાનના ઉપયોગમાં આવે તેવી જે શક્તિ) તે પ્રમેયત્વ.' આ રીતે પ્રમેયત્વ નામના ચોથા ગુણનું નિરૂપણ પૂર્ણ થાય છે.

### ❁ અગુરુલઘુતા ગુણનું પ્રતિપાદન ❁

(**૫**) પાંચમો ગુણ અગુરુલઘુતા જાણવો. તે સૂક્ષ્મ ગુણ છે. આ જ કારણસર શ્રદ્ધાથી જિનાજ્ઞા દ્વારા તેને જાણવો જોઈએ. **આલાપપદ્ધતિ** ગ્રંથમાં જણાવેલ છે કે "અગુરુલઘુ દ્રવ્યનો ભાવ તે અગુરુલઘુતા. આ અગુરુલઘુત્વ ગુણ સૂક્ષ્મ છે. તેથી તે વાણીનો વિષય બનતો નથી. પ્રતિક્ષણ તે પરિવર્તનશીલ હોય છે. તેથી આવા સ્વરૂપવાળા અગુરુલઘુગુણોનો આગમ પ્રમાણથી જ સ્વીકાર કરવો જોઈએ. (કહ્યું છે કે) જિનેશ્વર ભગવંતોએ બતાવેલ આજ્ઞાગમ્ય સૂક્ષ્મ તત્ત્વનું હેતુઓ દ્વારા ખંડન થઈ શકતું નથી. 'તે આજ્ઞાસિદ્ધ = કેવલ જિનાગમગમ્ય છે' - આ રીતે જ તેનું જ્ઞાન કરી શકાય છે. કારણ કે જિનેશ્વર ભગવંતો કદાપિ અન્યથા = મિથ્યા બોલે નહિ."

### ➤ અગુરુલઘુત્વ વિશેષરૂપે શબ્દઅગોચર ➤

('**इदम्.**) અહીં **આલાપપદ્ધતિ** ગ્રંથમાં અગુરુલઘુત્વ ગુણને વાણીનો અવિષય બતાવેલ છે તેનું તાત્પર્ય એવું છે કે જેમ અનેક કાળી, ધોળી ગાયોની વચ્ચે શીંગડું પકડીને 'આ મારી ગાય છે' એવો નિર્દેશ

न तु सर्वथैव, अन्यथा अगुरुलघुत्वपदेनाऽपि तस्य अप्रतिपाद्यतापत्तेः। अतिसूक्ष्मप्रज्ञागम्यत्वादेवाऽस्याऽऽज्ञासिद्धत्वमपि सङ्गच्छते। अधिकमस्मत्कृत**नयलता**तः (द्वा.द्वा.१५/३०-३१ वृ.) ज्ञेयम्।

***एतेन*** "अचिन्त्याः खलु ये भावा न तांस्तर्केण साधयेद्" (म.भा.भीष्मपर्व ५/१२) इति **महाभारत**वचनम्, "न हि ते तर्केण साधयितुं शक्यन्ते, तर्कान्तरेण तेषां बाधसम्भवाद्" (उप.साह.७५५) इति **उपदेशसाहस्री**वचनञ्च ***व्याख्यातम्***।

तदुक्तं **नन्दीसूत्रचूर्णौ** [1]"एक्केक्के आगासप्पदेसे अणंता अगुरुलहुपज्जाया भवंति तम्हा ते बहुविकप्पत्ति। ते य सव्वण्णुवयणतो सद्धेया" (न.सू.७४/पृ.५३) इति। तदुक्तं **श्रीमलयगिरिसूरि**भिः अपि **नन्दीसूत्रवृत्तौ प्रज्ञापनावृत्तौ** च "एकैकस्मिन् आकाशप्रदेशे अनन्ताऽगुरुलघुपर्यायभावाद्" (न.सू.१३६ वृ., प्र.सू. ३/८१ वृ. पृ.१४३) इति।

एवं धर्मास्तिकायादिष्वपि बोध्यम्। तदुक्तं **बृहत्कल्पभाष्ये** [2]"एवं तु अणंतेहिं अगुरुलहुपज्जएहिं

---

કરી શકાય છે તેમ 'આ અગુરુલઘુત્વ ગુણ છે' આવો નિર્દેશ કરી શકાતો નથી. તેથી તેને વાણીનો અવિષય કહેલ છે. પરંતુ 'સર્વથા તે વાણીનો વિષય નથી' - એવું ન કહેવું. કેમ કે તેવું કહીએ તો 'અગુરુલઘુત્વ' શબ્દથી પણ તેનું પ્રતિપાદન થઈ ન શકે. માટે 'વિશેષરૂપે તેનો નિર્દેશ શક્ય નથી' - આટલા જ અંશમાં તેને શબ્દનો અગોચર સમજવો. તથા આ અગુરુલઘુત્વ ગુણ અત્યંત સૂક્ષ્મ પ્રજ્ઞાનો વિષય છે. સ્થૂલ બુદ્ધિથી તેને જાણી શકાય તેમ નથી. તેથી જ 'તે આજ્ઞાસિદ્ધ છે, કેવલ જિનાજ્ઞાગમ્ય છે' - આ વાત પણ સંગત થાય છે. આજ્ઞાગમ્ય બાબત અંગે અમે અધિક નિરૂપણ **દ્વાત્રિંશિકાપ્રકરણ**ની **નયલતા** વ્યાખ્યામાં કરેલ છે. જિજ્ઞાસુએ ત્યાંથી તે જાણવું.

### ❈ અચિંત્ય ભાવો પ્રત્યે તર્ક પાંગળો ❈

**(एतेन.)** આથી જ **મહાભારત**માં **વેદવ્યાસજી**એ જે જણાવેલ છે કે 'જે ભાવો અચિંત્ય છે, જે ભાવો વિચારી શકાય તેવા નથી હોતા તેવા ભાવોને તર્કથી સિદ્ધ કરવાનો પ્રયાસ ન કરવો.' તેની પણ સ્પષ્ટતા ઉપરોક્ત રીતે થઈ જાય છે. તેમ જ **ઉપદેશસાહસ્રી** ગ્રંથમાં જે જણાવેલ છે કે 'અચિંત્ય = બુદ્ધિઅગમ્ય એવા ભાવો તર્ક દ્વારા સિદ્ધ કરવા શક્ય નથી. કારણ કે બીજા તર્ક દ્વારા તેનો બાધ સંભવે છે' - તે વાતની પણ ઉપરોક્ત રીતે સંગતિ થઈ શકે છે.

### ❈ અનન્ત અગુરુલઘુપર્યાયની વિચારણા ❈

**(तदुक्तं.)** **નંદીસૂત્ર**ની **ચૂર્ણિ**માં જણાવેલ છે કે 'એક-એક આકાશપ્રદેશમાં અનંતા અગુરુલઘુ પર્યાયો રહે છે. તેથી તેના બહુ વિકલ્પો = ભેદો છે. તે અગુરુલઘુપર્યાયો સર્વજ્ઞના વચનથી શ્રદ્ધા કરવા યોગ્ય છે.' શ્રી**મલયગિરિસૂરિજી** મહારાજે પણ **નંદીસૂત્રવૃત્તિ**માં તથા **પન્નવણાવ્યાખ્યા**માં જણાવેલ છે કે 'એક-એક આકાશપ્રદેશમાં અનંતા અગુરુલઘુ પર્યાયો રહેલા છે.'

### ❈ ધર્માસ્તિકાય વગેરેમાં અગુરુલઘુપર્યાયો ❈

**(एवं.)** એ જ રીતે ધર્માસ્તિકાય વગેરેમાં પણ અગુરુલઘુપર્યાયો જાણવા. તેથી જ **બૃહત્કલ્પભાષ્ય**માં

---

1. एकैकस्मिन् आकाशप्रदेशे अनन्ताः अगुरुलघुपर्यायाः भवन्ति तस्मात् ते बहुविकल्पाः इति। ते च सर्वज्ञवचनतः श्रद्धेयाः।
2. एवं तु अनन्तैः अगुरुलघुपर्यायैः संयुक्तम्। भवतु अमूर्त्तं द्रव्यम् अरूपिकायाणां तु चतुर्णाम्।।

संजुत्तं। होतु अमुत्तं दव्वं अरूविकायाण तु चतुण्हं।।" (बृ.क.भा.७०) इति पूर्वोक्तम् (१०/१९) अत्रानुसन्धेयम्। अमूर्त्तत्वाद् धर्मादिषु अगुरुलघुपर्यायसिद्धिरत्राऽभिप्रेता। **प्रज्ञापनासूत्रवृत्तौ श्रीमलयगिरिसूरिभिः** अपि इन्द्रियपदप्रथमोद्देशे अलोकाकाशमुद्दिश्य "अगुरुलघुकः, अमूर्त्तत्वाद्" (प्र.सू.१५/१/१९८ वृ.पृ.३०८) इत्युक्तमित्यवधेयम्।

**प्रवचनसारस्य तात्पर्यवृत्तौ जयसेनाचार्येण** "अगुरुलघुकगुणषड्वृद्धि-हानिरूपेण प्रतिक्षणं प्रवर्तमाना अर्थ-पर्यायाः" (प्र.सा.१/८/८० ता.) इत्युक्तम्।

तदुक्तं **पञ्चास्तिकायवृत्तौ अमृतचन्द्रसूरिभिः** "अगुरुलघवो गुणास्तु तेषाम् अगुरुलघुत्वाऽभिधानस्य

---

જણાવેલ છે કે 'આ રીતે અનંતા અગુરુલઘુ પર્યાયોથી યુક્ત અમૂર્ત્ત દ્રવ્ય હોય છે. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ અને જીવ સ્વરૂપ ચાર અરૂપી અસ્તિકાય દ્રવ્યોમાં અગુરુલઘુ પર્યાયો છે.' પૂર્વે (૧૦/૧૯) આ સંદર્ભ દર્શાવેલ છે. અમૂર્ત્ત હોવાના લીધે ધર્માસ્તિકાય વગેરેમાં અગુરુલઘુપર્યાયની સિદ્ધિ કરવી **બૃહત્કલ્પભાષ્ય**માં અભિપ્રેત છે. અર્થાત્ 'अमूर्त्त' - આવું વિશેષણ માત્ર સ્વરૂપદર્શક નથી પણ હેતુમુખી છે. **પન્નવણાસૂત્રવ્યાખ્યા**ના આધારે આ સિદ્ધ થાય છે. ત્યાં શ્રી**મલયગિરિસૂરિજી**એ ઈન્દ્રિયપદના પ્રથમ ઉદ્દેશામાં અલોકાકાશને ઉદ્દેશીને જણાવેલ છે કે "અલોક અમૂર્ત્ત હોવાના કારણે અગુરુલઘુપર્યાયવાળો છે." આ રીતે અમૂર્ત્તત્વ અને અગુરુલઘુપર્યાય વચ્ચે હેતુ-હેતુમદ્ભાવ વાચકવર્ગે ખ્યાલમાં રાખવો.

## અગુરુલઘુગુણમાં ષટ્સ્થાન વૃદ્ધિ-હાનિ

**(प्रवचनसार.) પ્રવચનસાર** ગ્રંથની '**તાત્પર્યવૃત્તિ**' નામની વ્યાખ્યામાં **જયસેન** નામના દિગંબરાચાર્ય કહે છે કે 'અગુરુલઘુ ગુણની છ પ્રકારની વૃદ્ધિરૂપે અને હાનિરૂપે પ્રતિસમય બદલાતા અર્થપર્યાયો છે.'

**સ્પષ્ટતા** :- ષટ્સ્થાનપતિત વૃદ્ધિ-હાનિ નીચે મુજબ સમજવી :-

| | |
|---|---|
| (૧) અનંતભાગ વૃદ્ધિ. | (૧) અનંતભાગ હાનિ. |
| (૨) અસંખ્યેયભાગ વૃદ્ધિ. | (૨) અસંખ્યેયભાગ હાનિ. |
| (૩) સંખ્યાતભાગ વૃદ્ધિ. | (૩) સંખ્યાતભાગ હાનિ. |
| (૪) સંખ્યાતગુણ વૃદ્ધિ. | (૪) સંખ્યાતગુણ હાનિ. |
| (૫) અસંખ્યાતગુણ વૃદ્ધિ. | (૫) અસંખ્યાતગુણ હાનિ. |
| (૬) અનંતગુણ વૃદ્ધિ. | (૬) અનંતગુણ હાનિ. |

અગુરુલઘુગુણની ઉપરોક્ત છ પ્રકારે વૃદ્ધિ અને હાનિ થાય છે. કહેવાનો આશય એ છે કે અગુરુલઘુપર્યાયો કોઈક દ્રવ્યમાં કોઈક સમયે અનંતભાગ હાનિરૂપે પરિણમે છે. તો અન્ય દ્રવ્યમાં અનંતભાગ વૃદ્ધિરૂપે પરિણમે છે. એક દ્રવ્યના અમુક પ્રદેશમાં પૂર્વસમયની અપેક્ષાએ વર્ત્તમાનસમયે અસંખ્યગુણ હાનિસ્વરૂપે અગુરુલઘુપર્યાયો પરિણમે છે. તથા ત્યારે જ તે દ્રવ્યના અન્ય પ્રદેશોમાં અસંખ્યગુણ વૃદ્ધિરૂપે તે પરિણમે છે. ઉપર જણાવ્યા મુજબ બાર પ્રકારે અગુરુલઘુપર્યાયનું પરિણમન થાય છે. તે સ્વરૂપે અર્થપર્યાયો સર્વ દ્રવ્યમાં અને સર્વ પ્રદેશમાં પ્રતિસમય બદલાય છે. અર્થપર્યાયની પ્રરૂપણા આગળ (૧૪/૨) કરવામાં આવશે.

## સ્વભાવતઃ સ્વરૂપપ્રતિષ્ઠા

**(तदु.) પંચાસ્તિકાય** ગ્રંથની **વૃત્તિ**માં **અમૃતચન્દ્રસૂરિજી**એ જણાવેલ છે કે 'ધર્માસ્તિકાય વગેરેમાં

स्वरूपप्रतिष्ठितत्वनिबन्धनस्य स्वभावस्याऽविभागपरिच्छेदाः प्रतिसमयं सम्भवत्षट्स्थानपतितवृद्धि-हानयः अनन्ताः" (पञ्चा.३२, वृ.) इति।

**समयसारवृत्तौ आत्मख्यातौ** अपि **अमृतचन्द्राचार्येण** "षट्स्थानपतितवृद्धि-हानिपरिणतस्वरूपप्रतिष्ठत्व-कारणविशिष्टगुणात्मिका अगुरुलघुशक्तिः" (स.सा.आ.४१५, शक्तिनिरूपण-१७, पृ.६१२) इत्युक्तम्। **तत्त्वार्थ-राजवार्तिके अकलङ्काचार्येण** "अनन्तानाम् अगुरुलघुगुणानाम् आगमप्रामाण्याद् अभ्युपगम्यमानानां षट्स्थान-पतितया वृद्ध्या हान्या च वर्तमानानां स्वभावाद् एषाम् उत्पादो व्ययश्च" (त.रा.वा.५/७/३) इति व्याख्यातम्।

***यत्तु*** **बृहन्नयचक्रविवरणे** दिगम्बर**कैलाशचन्द्रेण** "यया शक्त्या द्रव्यं द्रव्यान्तरतया न परिणमति, गुणो गुणान्तरतया न परिणमति, द्रव्याच्च गुणाः पृथग् न भवन्ति स अगुरुलघुत्वगुण" (बृ.न.च.१३/पृ.७) इत्युक्तम्, ***तच्चिन्त्यम्,*** वक्ष्यमाणाऽभव्यस्वभाववशेन (११/११) द्रव्यस्य द्रव्यान्तररूपेणाऽपरिणमनात्। गुणास्तु विभावगुणरूपेण परिणमन्त्येव, ज्ञानादिगुणा वीर्यादिगुणतया तु तथाविधाऽभव्यस्वभाववशेनैव न परिणमन्ति। अपृथग्भावसम्बन्धवशेन भेदाऽभेदसम्बन्धवशेन वा द्रव्याद् गुणा न पृथग् भवन्तीति न तत्राऽगुरुलघुगुणाऽपेक्षेति विभावनीयम्।

---

અગુરુલઘુગુણો તો અનંતા છે. કારણ કે તેની છ પ્રકારે વૃદ્ધિ અને હાનિ થાય છે. અગુરુલઘુ ગુણમાં અગુરુલઘુત્વ નામનો સ્વભાવ રહે છે તથા તે સ્વભાવ જ અગુરુલઘુ ગુણના સ્વરૂપની પ્રતિષ્ઠામાં (= પ્રસિદ્ધિમાં કે પ્રાપ્તિમાં) કારણ છે. તે સ્વભાવના સૂક્ષ્મ અવિભાજ્ય અંશો સંભવતયા પ્રતિસમય ષટ્સ્થાનપતિત વૃદ્ધિ-હાનિને ધારણ કરે છે. તેથી અગુરુલઘુ ગુણો અનંતા છે.'

## સ્વભાવતઃ અગુરુલઘુ ગુણમાં ઉત્પાદ-વ્યય

**(समय.) કુંદકુંદસ્વામી**એ રચેલ **સમયસાર** ગ્રંથની **આત્મખ્યાતિ** વ્યાખ્યામાં **અમૃતચંદ્ર** નામના દિગંબરાચાર્ય જણાવે છે કે 'ષટ્સ્થાનપતિત વૃદ્ધિ-હાનિથી પરિણત એવા સ્વરૂપની પ્રતિષ્ઠાનું કારણ બને તેવી વિશિષ્ટગુણ સ્વરૂપ અગુરુલઘુશક્તિ છે.' **તત્ત્વાર્થરાજવાર્તિક**માં **અકલંકાચાર્ય** જણાવે છે કે 'અનંત અગુરુલઘુગુણો આગમના પ્રામાણ્યના આધારે સ્વીકારવામાં આવે છે. ષટ્સ્થાનપતિત એવી વૃદ્ધિથી અને હાનિથી તે અગુરુલઘુગુણો પ્રવર્તી રહેલા છે. એવા અગુરુલઘુગુણોની ઉત્પત્તિ અને વિનાશ સ્વભાવથી જ થાય છે.'

## કૈલાશચન્દ્રમત સમીક્ષા

**(यत्तु.) બૃહદ્નયચક્રવિવરણ**માં **કૈલાશચંદ્રશાસ્ત્રી** નામના દિગંબર પંડિતે જણાવેલ છે કે "જે શક્તિથી એક દ્રવ્ય બીજા દ્રવ્યરૂપે પરિણમન કરતું નથી તથા એક ગુણ બીજા ગુણરૂપે પરિણમતો નથી તથા દ્રવ્યથી ગુણો છૂટા પડતા નથી તે અગુરુલઘુત્વ ગુણ કહેવાય છે." શાસ્ત્રીજીની આ વાત વિચારણીય છે. કારણ કે એક દ્રવ્યનું બીજા દ્રવ્યરૂપે પરિણમન થતું નથી તે અગુરુલઘુત્વગુણના નિમિત્તે નહિ પરંતુ આ જ શાખામાં આગળ (૧૧ મા શ્લોકમાં) જેનું નિરૂપણ થવાનું છે તે અભવ્યસ્વભાવના પ્રભાવે છે. તથા ગુણો તો વિભાવગુણરૂપે પરિણમે જ છે. જ્ઞાનાદિગુણ એ વીર્યાદિગુણ સ્વરૂપે નથી પરિણમતા તેમાં તો તથાવિધ અભવ્યસ્વભાવ જ કામ કરે છે. તથા ગુણ દ્રવ્યથી છૂટા નથી પડતા તેનું કારણ પણ અગુરુલઘુત્વ ગુણ નથી પણ ગુણ-ગુણી વગેરેનો અપૃથગ્ભાવ કે ભેદાભેદસંબંધ છે - આ મુજબ અહીં વિભાવના કરવી.

**नयचक्रसारे देवचन्द्र**वाचकाः "षड्गुणहानि-वृद्धिस्वभावा अगुरुलघुपर्यायाः, तदाधारत्वम् = अगुरुलघुत्वम्" (न.च.सा.पृ.१३१) इति प्राहुः। अगुरुलघुपर्यायपरिणमनशक्तिः = अगुरुलघुत्वमित्याशयः। अगुरुलघुपर्यायभेदाद् द्रव्य-प्रदेशभेदसिद्धिरिति **नयचक्रसारविवरणे** व्यक्तम्।

परमाणु-सूक्ष्मस्कन्ध-धर्मास्तिकायादीनां परस्परं भेदसिद्धिः अपि अगुरुलघुपर्यायभेदाद् द्रष्टव्या। ***एतेन*** परमाण्वादिभेदसिद्धिकृतेऽतिरिक्तविशेषविषयिणी नैयायिककल्पना ***प्रत्यस्ता***, "तद्गुणेषु अपि तत्स्वीकारापत्तेः" (स्या.र.भाग-२/का.७/पृ.५०५) इति व्यक्तं **स्याद्वादरहस्ये**। अधिकमवोचाम तद्वृत्तौ **जयलतायाम्** (पृ.५०५-५१२)।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – 'गुणः सहभावी' इति कृत्वा व्याधि-जरा-मरणावसरेऽपि अस्मदीयः अस्तित्वप्रभृतिगुणः सन्तिष्ठते एवेति चेतसिकृत्य मरणकालेऽपि निर्भयता आस्थेया। इत्थमेव क्रमेण "अदेहा दर्शन-ज्ञानोपयोगमयमूर्त्तयः। आकालं परमात्मानः सिद्धाः सन्ति निरामयाः।।" (प.प.२२) इति **परमात्मपञ्चविंशतिका**व्यावर्णितं सिद्धस्वरूपं सुलभं स्यात्।।११/१।।

### ❀ અગુરુલઘુત્વ : શ્રીદેવચન્દ્રજીની દૃષ્ટિએ ❀

**(नय.) નયચક્રસાર** ગ્રંથમાં શ્રી**દેવચન્દ્ર**જી ઉપાધ્યાય એમ કહે છે કે '૭ પ્રકારની હાનિ અને વૃદ્ધિ સ્વભાવવાળા અગુરુલઘુપર્યાય છે. તેની આધારતા એ જ અગુરુલઘુત્વ છે.' તેઓશ્રીનો આશય એ છે કે અગુરુલઘુપર્યાયની પરિણમન શક્તિ તે જ અગુરુલઘુત્વ છે. દ્રવ્ય અને પ્રદેશ વચ્ચે ભેદની સિદ્ધિ અગુરુલઘુપર્યાયના ભેદથી થાય છે. આ પ્રમાણે **નયચક્રસારવિવરણ**માં તેઓશ્રીએ સ્પષ્ટપણે જણાવેલ છે.

### ✤ સ્વતંત્ર વિશેષ પદાર્થનું નિરાકરણ ✤

**(पर.)** પરમાણુ, સૂક્ષ્મ પૌદ્ગલિક સ્કંધો, ધર્માસ્તિકાય વગેરેમાં પરસ્પર ભેદની સિદ્ધિ પણ અગુરુલઘુપર્યાયના ભેદથી સમજવી. તેથી પરમાણુ વગેરેમાં ભેદની સિદ્ધિ માટે અતિરિક્ત વિશેષ પદાર્થની નૈયાયિક જે કલ્પના કરે છે, તેનું નિરાકરણ થાય છે. કારણ કે પરમાણુ વગેરે દ્રવ્યની જેમ પરમાણુ વગેરેના ગુણોમાં પણ અતિરિક્ત વિશેષ પદાર્થની કલ્પના નૈયાયિકે કરવી પડશે. કેમ કે યોગી પુરુષોને તેના ગુણોમાં પણ ભેદની પ્રતીતિ થાય જ છે. તેથી પરમાણુ વગેરેમાં ભેદની સિદ્ધિ માટે વિશેષ પદાર્થની કલ્પના અપ્રામાણિક છે. આ વાત લઘુ + મધ્યમ **સ્યાદ્વાદરહસ્ય** ગ્રંથમાં સ્પષ્ટપણે જણાવેલ છે. પરમાણુ વગેરે સૂક્ષ્મ દ્રવ્યોના વર્ણાદિ અગુરુલઘુસ્વભાવવાળા છે. **ભગવતીસૂત્રવૃત્તિ** (૧/૯/૭૩) મુજબ આ બાબત પ્રસિદ્ધ છે. તેનાથી ભેદપ્રતીતિ થઈ શકે છે. તો શા માટે સ્વતંત્ર વિશેષ પદાર્થ માનવો? વિશેષપદાર્થનું નિરાકરણ **સ્યાદ્વાદરહસ્ય**ની **જયલતા** વ્યાખ્યામાં વિસ્તારથી અમે કરેલ છે.

### ☫ ગુણસ્વરૂપવિચારણા નિર્ભયતા આપે ☫

**આધ્યાત્મિક ઉપનય** :- 'ગુણ સહભાવી છે' - આ વાત ઉપરથી એટલો બોધપાઠ મેળવવા જેવો છે કે રોગ, ઘડપણ, મોત વખતે પણ આપણા અસ્તિતા વગેરે ગુણ ટકી જ રહે છે. અર્થાત્ આપણું અસ્તિત્વ, વસ્તુત્વ વગેરે ક્યારેય નાશ પામવાનું નથી. આ હકીકતને નજર સમક્ષ રાખી મોત વખતે પણ નિર્ભયતાને ટકાવવા આપણે પ્રયાસ કરવો જોઈએ. આ રીતે આગળ વધતાં ક્રમશઃ સિદ્ધસ્વરૂપ સુલભ બને. તેનું વર્ણન કરતાં **પરમાત્મપંચવિંશતિકા**માં **મહોપાધ્યાય શ્રીયશોવિજયજી** મહારાજે જણાવેલ છે કે 'દેહશૂન્ય, દર્શન-જ્ઞાનઉપયોગમય સ્વરૂપને ધરનારા, સિદ્ધ પરમાત્મા કાયમ નિરાબાધ = પીડારહિત રહે છે.' (૧૧/૧)

**(૬) પ્રદેશત્વ અવિભાગી પુદ્ગલ *ક્ષેત્રભાવ જે વ્યાપ્યો♦ જી,**
**(૭) ચેતનતા અનુભૂતિ, (૮) અચેતનભાવ અનનુભવ થાપ્યો✡ જી;**
**(૯) મૂરતતા રૂપાદિક સંગતિ, (૧૦) અમૂરતતા❦ તદભાવો જી,**
**દસ સામાન્ય ગુણા, પ્રત્યેકઈં આઠ આઠ •એમ ભાવો જી ॥૧૧/૨॥ (૧૮૩)**

**અવિભાગી પુદ્ગલ** (જે=) યાવત્ ક્ષેત્રઈં (વ્યાપ્યો=) રહઇ, તાવત્ક્ષેત્રવ્યાપીપણું તે **પ્રદેશત્વ**ગુણ ❖કહીઈં. (૬)

---

अवशिष्टसामान्यगुणानेवाऽऽह – '**स्वे**'ति।

**स्वाश्रयव्यापित्वमविभागिनि पुद्गले तु प्रदेशत्वं हि,**
**चेतनता स्वानुभूतिरुक्ताऽचेतनत्वं तु विपर्ययेण।**
**मूर्त्तता रूपादिमत्ता स्याज्ज्ञेयाऽमूर्त्तता व्यत्ययेन,**
**दश सामान्यगुणा विज्ञेयाः प्रतिद्रव्यमष्टौ तत्त्वेन।।११/२।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – (६) अविभागिनि पुद्गले तु प्रदेशत्वं हि स्वाश्रयव्यापित्वम्। (७) स्वानुभूतिः चेतनता उक्ता। (८) विपर्ययेण तु अचेतनत्वम्। (९) मूर्त्तता रूपादिमत्ता स्यात्। (१०) अमूर्त्तता व्यत्ययेन ज्ञेया। (इत्थं) दश सामान्यगुणाः विज्ञेयाः। प्रतिद्रव्यं तत्त्वेन अष्टौ।।११/२।।

(६) **प्रदेशत्वं हि** षष्ठो गुण उच्यते। "हि हेतौ पादपूर्त्तौ च" (प.ना.मा.४३) इति **परमानन्दीयनाममालायां मकरन्ददास**वचनादत्र पादपूर्त्तौ हिः बोध्यः। **अविभागिनि** = निर्विभागे **तु** = एव **पुद्गले** परमाणुलक्षणे **स्वाश्रयव्यापित्वं** = स्वावगाढक्षेत्रव्यापित्वं **प्रदेशत्वम्**। "तु पादपूरणे भेदे समुच्चये-

---

**અવતરણિકા** :- હવે બાકીના સામાન્યગુણોને જ ગ્રંથકારશ્રી બીજા શ્લોક દ્વારા જણાવે છે :-

**શ્લોકાર્થ** :- અવિભાગી પુદ્ગલમાં પ્રદેશત્વ એ સ્વાશ્રયવ્યાપિત્વ સ્વરૂપ છે. સ્વાનુભૂતિ એ ચેતનતા ગુણ છે. તેનાથી વિપરીત અચેતનતા ગુણ છે. મૂર્તતા રૂપાદિવૈશિષ્ટ્ય સ્વરૂપ છે. તેના વિપર્યાસથી અમૂર્તતા જાણવી. આમ દસ સામાન્યગુણ જાણવા. દરેક દ્રવ્યમાં પરમાર્થથી આઠ ગુણ હોય છે. (૧૧/૨)

## ❀ પ્રદેશત્વ ગુણનું નિરૂપણ ❀

**વ્યાખ્યાર્થ** :- **પરમાનંદીયનામમાલામાં મકરન્દદાસે** હેતુ અને પાદપૂર્ત્તિ અર્થમાં 'हि' જણાવેલ છે. તે મુજબ અહીં પાદપૂર્ત્તિ અર્થમાં 'हि' જાણવો. (૬) પ્રદેશત્વ એ છઠ્ઠો ગુણ કહેવાય છે. મૂળ શ્લોકના પ્રથમ પાદમાં રહેલ 'तु' શબ્દ અવધારણ = જકાર અર્થમાં પ્રયોજાયેલ છે. આ અંગે **વિશ્વપ્રકાશએકાક્ષરકોશમાં મહેશ્વરકવિએ** જણાવેલ છે કે '(૧) પાદપૂર્ત્તિ, (૨) ભેદ, (૩) સમુચ્ચય અને (૪) અવધારણ અર્થમાં

---

* પુસ્તકોમાં 'ખેત્ર' પાઠ. કો.(૧૩)નો પાઠ લીધો છે. ♦ પુસ્તકોમાં 'વ્યાપિઉ' પાઠ. સિ. + કો.(૯+૧૧) + આ.(૧)નો પાઠ લીધો. ✡ પુસ્તકોમાં 'થાપિઓ' પાઠ. કો.(૧૩) + આ.(૧)નો પાઠ લીધો છે. ❦ પુસ્તકોમાં 'અમૂર્ત્તતા' પાઠ. આ.(૧)નો પાઠ લીધેલ છે. • પુસ્તકોમાં 'એ' પાઠ. આ.(૧)નો પાઠ લીધેલ છે. ❖ પુસ્તકોમાં 'કહીઈં' નથી. આ.(૧) + કો.(૧૩)માં છે.

**ચેતનત્વ** તે (**અનુભૂતિ=**) આત્માનો અનુભવરૂપ ગુણ કહિઇં. જેહથી "**अहं सुख-दुःखादि चेतये**" એ વ્યવહાર થાઈ છઈ.

---

ऽवधारणे" (वि.प्र.एका.८) इति **विश्वप्रकाशैकाक्षरकोशे महेश्वर**वचनादत्राऽवधारणार्थे तुः प्रायोजि। यावति क्षेत्रे परमाणुः अवगाहते तावत्क्षेत्रव्यापित्वं प्रदेशत्वमिति भावः। तदुक्तम् **आलापपद्धतौ** "प्रदेशस्य भावः = प्रदेशत्वम् = क्षेत्रत्वम् = अविभागिपुद्गलपरमाणुनाऽवष्टब्धत्वम्" (आ.प.पृ.११) इति। आकाशप्रदेशे इदं प्रदेशत्वं सुज्ञेयम्। धर्मास्तिकायादिप्रदेशेऽपि तादृशमेव प्रदेशत्वम्।

(७) **चेतनता** हि सप्तमो गुणः। सा **स्वानुभूतिः उक्ता**। आत्मनोऽनुभवलक्षणो गुणः चेतनतेत्यर्थः। तया च 'अहं सुख-दुःखादिकं चेतये' इति व्यवहारो भवति। अत्र स्वपदञ्चोपलक्षणतया ज्ञेयम्। ततश्च निगोदादौ आत्मानुभवविरहेऽपि न क्षतिः। अनुभूतिलक्षणः आत्मगुणः चेतनतेत्यर्थः। तदुक्तम् **आलापपद्धतौ** "चेतनस्य भावः = चेतनत्वम्। चैतन्यम् = अनुभवनम्" (आ.प.पृ.११) इति।

एकेन्द्रियेषु मूर्च्छितादिदशायाञ्च पञ्चेन्द्रियादिषु चेतनता अव्यक्ता, अन्यथा जडत्वाऽऽपत्तेः।

---

'तु' શબ્દ વપરાય છે.' નિર્વિભાગી = નિરંશ એવા જ પરમાણુસ્વરૂપ પુદ્ગલ દ્રવ્યમાં જે સ્વઅવગાઢક્ષેત્રવ્યાપિતા છે તે પ્રદેશત્વ ગુણ છે. જેટલા ક્ષેત્રમાં (= એકઆકાશપ્રદેશપ્રમાણ ક્ષેત્રમાં) અવગાહીને પરમાણુ રહે છે તેટલા ક્ષેત્રમાં તે પરમાણુ વ્યાપીને રહે છે. આમ સ્વઅવગાઢ ક્ષેત્રમાં વ્યાપીને રહેવાપણું એ જ પ્રદેશત્વ ગુણ છે. આવું અહીં તાત્પર્ય છે. **આલાપપદ્ધતિ**માં જણાવેલ છે કે 'પ્રદેશનો ભાવ = પ્રદેશત્વ. પ્રદેશત્વ એટલે ક્ષેત્રત્વ. જેનો બીજો વિભાગ થઈ ન શકે તેવા પુદ્ગલ-પરમાણુ દ્વારા રોકાયેલ ક્ષેત્ર તે પ્રદેશ. તેવું ક્ષેત્રત્વ એટલે પ્રદેશત્વ.' આકાશપ્રદેશમાં આવું ક્ષેત્રત્વાત્મક પ્રદેશત્વ સરળતાથી જાણી શકાય તેમ છે. ધર્માસ્તિકાયપ્રદેશ વગેરેમાં પણ તેવું જ પ્રદેશત્વ છે.

### ચેતનતા ગુણનું તરતમભાવે પ્રકાશન

(૭) ચેતનતા એ સાતમો ગુણ છે. તે સ્વાનુભૂતિસ્વરૂપ કહેવાયેલ છે. મતલબ કે આત્માનો અનુભવાત્મક ગુણ એ જ ચેતનતા છે. તે ચેતનતા ગુણ દ્વારા 'હું સુખ, દુઃખ વગેરેનો અનુભવ કરું છું' - ઈત્યાદિ વ્યવહાર થાય છે. અહીં ચેતનતાનું લક્ષણ જે સ્વાનુભૂતિ કહેલ છે, તેમાં 'સ્વ' શબ્દ ઉપલક્ષણ છે, વિશેષણ નહિ. તેથી નિગોદ વગેરેમાં આત્માની અનુભૂતિ ન હોવા છતાં પણ અવ્યાપ્તિ નહિ આવે. કેમ કે ચેતનતા એ અનુભવસ્વરૂપ આત્મગુણ છે - આ રીતે લક્ષણનું અર્થઘટન કરવાનું છે. તેથી જ **આલાપપદ્ધતિ**માં કહેલ છે કે 'ચેતનનો ભાવ = ચેતનત્વ = ચૈતન્ય. ચૈતન્ય એટલે અનુભવ.'

### અવ્યક્ત-વ્યક્ત ચેતનાનો વિમર્શ

(**एके.**) નિગોદ વગેરે એકેન્દ્રિય જીવોમાં ચેતના અવ્યક્ત હોય છે. પરંતુ હોય છે જરૂર. બાકી તો જીવ જડ થઈ જવાની આપત્તિ આવે. તે જ રીતે બેભાન વગેરે અવસ્થામાં પંચેન્દ્રિય વગેરે જીવોમાં પણ અવ્યક્ત ચેતના હોય છે. તે સિવાયના સભાનદશામાં રહેલા પંચેન્દ્રિય વગેરેમાં વ્યક્ત એવી ચેતના હોય છે. પરંતુ એક વાત ખ્યાલમાં રાખવી કે પંચેન્દ્રિય જીવમાં જેટલી ચેતના વ્યક્ત થયેલી છે, તેટલી જ બેઈન્દ્રિય વગેરે જીવોની ચેતના વ્યક્ત થયેલી નથી હોતી. પરંતુ તેના કરતાં અલ્પ માત્રામાં વ્યક્ત

જેહથી જાતિ-વૃદ્ધિ-ભગ્નક્ષતસંરોહણાદિ જીવનધર્મ હોઇ છઇ. (૭)
એહથી વિપરીત (=**અનનુભવ રૂપ**) **અચેતનત્વ** અજીવમાત્રનો ગુણ (**થાપ્યો**) છઇ. (૮)

अन्यत्र तु तरतमभावेन व्यक्ता। इला-जलाऽनलाऽनिलाऽग-द्वि-त्रि-चतुः-पञ्चेन्द्रियाणां क्रमेण विशुद्धतरा चेतनता **बृहत्कल्पभाष्यवृत्तौ** (गा.७५) दर्शिता। कर्मोदयसहकृतया तयैव शरीरप्रादुर्भाव-वृद्धि-भग्नक्षतसंरोहण-रुधिराभिसरण-चयापचय-पाचनक्रियादिजीवनधर्मा अपि भवन्ति।

(८) **अचेतनत्वं विपर्ययेण तु** = अननुभवनमेव। अजीवमात्रगुणोऽचेतनत्वम्। तदुक्तम् **आलापपद्धतौ** "अचेतनस्य भावः = अचेतनत्वम्। अचैतन्यम् = अननुभवनम्" (आ.प.पृ.११)।

इदञ्चाऽत्राऽवधेयं यदुत अननुभवनं नाऽनुभवाभावात्मकम् अपि तु जाड्यलक्षणं भावात्मकमेव, अचेतनं घटादिकमुद्दिश्य 'जडोऽयमि'ति भावत्वेन प्रतीतेः जायमानत्वात्। न च भावत्वेनाऽनुभूयमानस्याऽभावत्वमाधातुं शक्यते, अतिप्रसङ्गात्।

तदुक्तं **विशेषावश्यकभाष्यवृत्तौ श्रीहेमचन्द्रसूरि**भिरपि "न च तथाऽनुभूयमानस्य अभावत्वमाधातुं शक्यते अतिप्रसङ्गात्, घटादिष्वपि तथात्वप्राप्तेः। तेऽपि अनुभववशेनैव भावरूपा व्यवस्थाप्यन्ते। यदि

હોય છે. આમ તરતમભાવથી ચેતના ગુણ વ્યક્ત હોય છે. પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય અને પંચેન્દ્રિયમાં ક્રમશઃ ચઢિયાતી વિશુદ્ધતર ચેતનતા **બૃહત્કલ્પભાષ્યવૃત્તિ**માં જણાવેલી છે. તથા કર્મોદયસહકૃત ચેતના દ્વારા જ શરીરનો પ્રાદુર્ભાવ, શરીરની વૃદ્ધિ, શરીર ભાંગી જાય કે છોલાઈ જાય ત્યારે તે ભાગની છોલાયેલી ચામડીમાં રુઝ આવવી, રુધિરાભિસરણ ક્રિયા (Blood circulation), ચયાપચયક્રિયા, પાચનક્રિયા વગેરે જીવનના ગુણધર્મો પણ પ્રવર્તે છે.

### ❀ અચેતનતાને ઓળખો ❀

(૮) આઠમો ગુણ અચેતનતા છે. ચેતનતાથી વિપરીત અચેતનતા ગુણ છે. અર્થાત્ અનનુભવ એટલે અચેતનતા. અચેતનતા માત્ર અજીવનો = જડનો ગુણ છે. તેથી **આલાપપદ્ધતિ** ગ્રંથમાં કહેલ છે કે 'અચેતનનો ભાવ = અચેતનતા. અચૈતન્ય એટલે અનનુભવ.'

### ❀ અચેતનતા = જડતા ❀

(**इद.**) અહીં એક વાત ખાસ ખ્યાલમાં રાખવી કે અચેતનતાના લક્ષણ તરીકે જણાવેલ અનનુભવ એ અનુભવના અભાવસ્વરૂપ નથી પણ જડતાસ્વરૂપ ભાવાત્મક પદાર્થ છે. અચેતન એવા ઘટ વગેરેને ઉદ્દેશીને 'આ જડ છે' - આમ ભાવરૂપે પ્રતીતિ થાય છે. જડત્વપ્રકારક ઘટાદિવિશેષ્યક પ્રતીતિ દ્વારા ઘટાદિમાં જડત્વ ભાવરૂપે જણાતું હોવાથી તે જડત્વને અભાવસ્વરૂપ માની ન શકાય. ભાવસ્વરૂપે જેની પ્રતીતિ સર્વ લોકોને થાય તેમાં અભાવાત્મકતા માની ન શકાય. બાકી તો ભાવસ્વરૂપે જણાતા આત્મા, પુદ્ગલ વગેરે સર્વ પદાર્થોને અભાવાત્મક માનવાની આપત્તિ આવે.

### ❀ અનુભવ મુજબ પદાર્થસ્વરૂપ માન્ય ❀

(**तदु.**) **વિશેષાવશ્યકભાષ્યવ્યાખ્યા**માં **શ્રીહેમચન્દ્રસૂરિ**જીએ પણ જણાવેલ છે કે "ભાવસ્વરૂપે જેની અનુભૂતિ થતી હોય તેમાં અભાવત્વને મૂકવું - ગોઠવવું શક્ય જ નથી. કેમ કે તેવું માનવામાં અનેક

*મૂર્તતાગુણ રૂપાદિસંનિવેશાભિવ્યઙ્ગ્ય પુદ્ગલદ્રવ્યમાત્ર વૃત્તિ☐ છઇં *રૂપાદિક પુદ્ગલાદિક સંગઈં મૂર્ત્તત્વ ગુણ કહીઈં.* (૯)

***તે રૂપાદિકનો** જિહાં જિહાં **અભાવ** તિહાં તિહાં **અમૂર્તત્વ** ગુણ કહીઈં.* **અમૂર્ત્તતાગુણ** મૂર્ત્તત્વાભાવસમનિયત છઇં.* (૧૦)

चाऽनुभवोऽप्यप्रमाणं तदा घटादिषु अपि भावरूपतायाम् अनाश्वासः" (वि.आ.भा.१९० वृ.) इति। अधिकं तु अनुपदमेव वक्ष्यते।

(९) **मूर्त्तता = रूपादिमत्ता** स्यात्। तदुक्तम् **आलापपद्धतौ** "मूर्त्तस्य भावः = मूर्त्तत्वं = रूपादिमत्त्वम्" (आ.प.पृ.१९) इति। रूपादिसन्निवेशाऽभिव्यङ्ग्यः पुद्गलमात्रवृत्तिः नवमोऽयं गुणः।

**(१०) अमूर्त्तता व्यत्ययेन** = मूर्त्तताव्यत्यासेन **ज्ञेया**। यत्र यत्र रूपाद्यभावः तत्र तत्र अमूर्त्तत्वगुण उच्यते, यतः मूर्त्तत्वाभावसमनियता अमूर्त्तता। रूपादिशून्यत्वाद् जीवोऽमूर्त्तताशाली इत्याशयः।

***यत्तु* आलापपद्धतौ** "अमूर्त्तस्य भावः = अमूर्त्तत्वं = रूपादिरहितत्वम्" (आ.प.पृ.११) इत्युक्तम्,

આપત્તિઓ આવે છે. જેમ કે ઘટ, પટ વગેરે ભાવ પદાર્થોને પણ અભાવસ્વરૂપ માનવાની આપત્તિ આવે. અનુભવના આધારે જ 'ઘટ-પટ વગેરે પદાર્થો ભાવસ્વરૂપ છે' - એવી વ્યવસ્થા કરવામાં આવે છે. જો સર્વ લોકોને સ્વાભાવિક રીતે થતો અનુભવ પણ અપ્રમાણ હોય તો 'ઘટ-પટ વગેરે ભાવસ્વરૂપ છે' - આ બાબતમાં પણ તમને વિશ્વાસ નહિ આવે. તેથી તેને પણ તમારે અભાવાત્મક માનવા પડશે." આથી અચેતનત્વને જડતાસ્વરૂપ ભાવાત્મક પદાર્થ તરીકે સ્વીકારવો જરૂરી છે. આ અંગે અધિક યુક્તિઓ હમણાં જ આગળ અમૂર્ત્તત્વ ગુણના નિરૂપણ વખતે જણાવવામાં આવશે.

### ❖ મૂર્તતાનું પ્રતિપાદન ❖

(૯) મૂર્ત્તતા એટલે રૂપાદિવૈશિષ્ટ્ય. **આલાપપદ્ધતિ**માં જણાવેલ છે કે 'મૂર્ત્તનો ભાવ = મૂર્ત્તતા. મૂર્ત્તત્વનો અર્થ છે રૂપ, રસ આદિથી યુક્ત હોવાપણું.' રૂપાદિના સાન્નિધ્યથી મૂર્ત્તત્વની અભિવ્યક્તિ થાય છે. આ નવમો મૂર્ત્તતા ગુણ માત્ર પુદ્ગલમાં જ રહે છે.

### ❋ અમૂર્ત્તતાની પિછાણ ❋

(૧૦) અમૂર્ત્તતા દસમો ગુણ છે. મૂર્ત્તતાથી વિપરીતરૂપે અમૂર્ત્તતા ગુણને જાણવો. કહેવાનો આશય એ છે કે જ્યાં જ્યાં રૂપાદિનો અભાવ હોય ત્યાં ત્યાં અમૂર્તતા ગુણ કહેવાય છે. કેમ કે મૂર્ત્તત્વાભાવને સમનિયત અમૂર્ત્તતા ગુણ છે. તેથી જ્યાં જ્યાં મૂર્ત્તત્વાભાવ હોય ત્યાં ત્યાં અમૂર્ત્તતા ગુણ હોય. તથા જ્યાં જ્યાં અમૂર્ત્તતા ગુણ હોય ત્યાં ત્યાં મૂર્ત્તત્વાભાવ હોય. મતલબ કે રૂપાદિથી રહિત હોવાથી જીવમાં અમૂર્ત્તતા રહે છે.

### ✡ રૂપાદિશૂન્યતા અમૂર્ત્તતાનું લિંગ છે, લક્ષણ નહિ ✡

**(યત્તુ.) આલાપપદ્ધતિ** ગ્રંથમાં **દેવસેનજી**એ "અમૂર્ત્તનો ભાવ = અમૂર્ત્તતા = રૂપાદિશૂન્યત્વ" -

*....* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ કો.(૯)+સિ.માં નથી. ☐ મ.માં 'વૃત્રિ' પાઠ. કો.(૧૦+૧૧+૧૩)+લી(૨+૩)+લા.(૨)નો પાઠ લીધો છે. *....* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત કો.(૧૩)માં છે. *...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. આ.(૧)+કો.(૧૩)માં છે.

"अचेतनत्वामूर्त्तत्वयोश्चेतनत्व-मूर्त्तत्वाभावरूपत्वान्न गुणत्वम्" इति नाशङ्कनीयम्,

***तदसत्***, एवं सति अमूर्त्तत्वस्य अभावरूपताऽऽपत्त्या पृथग्गुणत्वाऽसिद्धेः। रूपादिरहितत्वं तु अमूर्त्तत्वस्य ज्ञापकं लिङ्गम्, न तु लक्षणमित्यवधेयम्। तदुक्तं **द्रव्यस्वभावप्रकाशे** [1]"रूव-रस-गंध-फासा सद्दवियप्पा वि णत्थि जीवस्स। णो संठाणं किरिया तेण अमुत्तो हवे जीवो।।" (द्र.स्व.प्र.११९) इति।

***न च*** अचेतनत्वाऽमूर्त्तत्वयोः चेतनत्व-मूर्त्तत्वाभावरूपत्वान्न गुणत्वमिति ***शङ्कनीयम्***,

एवं सति 'अचेतनत्वाऽमूर्त्तत्वाभावरूपत्वाच्चैतन्य-मूर्त्तत्वयोः न पृथग्गुणरूपता' इति वदतो मुखं पिधातुमशक्यमेव स्यात्, विनिगमकाभावात्।

***न च*** चैतन्यादिलिङ्गोपलब्धेरेव विनिगमकत्वमिति ***वक्तव्यम्***,

अचैतन्यादिलिङ्गोपलब्धेरपि अप्रत्याख्येयत्वात्।

આવું જે જણાવેલ છે, તે વ્યાજબી નથી. કારણ કે જો અમૂર્તતાને રૂપાદિશૂન્યતાસ્વરૂપ માનવામાં આવે તો અમૂર્ત્તત્વ અભાવાત્મક બની જશે. તેથી તે મૂર્ત્તત્વની જેમ સ્વતંત્ર ગુણ તરીકે સિદ્ધ થઈ નહિ શકે. રૂપાદિશૂન્યત્વને અમૂર્ત્તત્વનું જ્ઞાપક લિંગ સમજવું. અર્થાત્ જ્યાં રૂપાદિશૂન્યતા હોય ત્યાં અમૂર્ત્તતા ગુણ જાણી શકાય. પરંતુ રૂપાદિશૂન્યતા એ જ અમૂર્ત્તતા છે - તેમ ન સમજવું. કેમ કે અમૂર્ત્તતાનું લક્ષણ = સ્વરૂપ રૂપાદિશૂન્યતા નથી. તેથી જ **દ્રવ્યસ્વભાવપ્રકાશ** ગ્રંથમાં જણાવેલ છે કે 'જીવમાં રૂપ, રસ, ગંધ, સ્પર્શ, શબ્દ, વિકલ્પો, સંસ્થાન, ક્રિયા નથી. તેથી જીવ અમૂર્ત્ત છે.'

**તર્ક** :- (**न च.**) ચેતનતા અને મૂર્ત્તતા ભલે ગુણાત્મક હોય. પણ અચેતનત્વ તો ચેતનત્વના અભાવસ્વરૂપ જ છે. તથા મૂર્ત્તત્વના અભાવસ્વરૂપ જ અમૂર્ત્તત્વ છે. તેથી અચેતનત્વને અને અમૂર્તત્વને ગુણ કહેવા વ્યાજબી નથી.

### ❋ અચૈતન્ય-અમૂર્ત્તત્વ અભાવાત્મક નથી ❋

**પ્રતિતર્ક** :- (एवं.) જો તમે ચેતનત્વાભાવસ્વરૂપ અચેતનત્વ અને મૂર્ત્તત્વાભાવસ્વરૂપ અમૂર્ત્તત્વ કહો છો, તો તેની સામે કોઈ પ્રતિવાદી એમ કહે કે 'અચેતનત્વાભાવસ્વરૂપ ચેતનત્વ અને અમૂર્ત્તત્વાભાવસ્વરૂપ મૂર્ત્તત્વ છે' - તો તેનું મોઢું બંધ કરવુ તમારા માટે અશક્ય જ બની જશે. કેમ કે તમારી વાત સાચી કે તેની વાત સાચી ? તેનો નિર્ણય કરવાનું કોઈ સાધન ઉભયપક્ષે નથી. તેથી તમારે અચેતનત્વગુણના અભાવ સ્વરૂપે ચૈતન્યનો અને અમૂર્ત્તત્વગુણના અભાવ સ્વરૂપે મૂર્ત્તતાનો સ્વીકાર કરવા મજબૂર બનવું પડશે. તેથી ચૈતન્ય અને મૂર્ત્તત્વ સ્વતંત્ર ગુણ તરીકે સિદ્ધ નહિ થઈ શકે.

**સ્વપક્ષ** :- (**न च चै.**) અમારા મતમાં વિનિગમક છે. કેમ કે ચૈતન્ય વગેરેના શ્વાસ-ઉચ્છ્વાસાદિ લિંગો ઉપલબ્ધ થાય છે. તેથી ચૈતન્ય અચૈતન્યાભાવસ્વરૂપ નહિ બને તથા મૂર્ત્તત્વ અમૂર્ત્તત્વાભાવાત્મક નહિ બને.

**જૈન** :- (अचै.) જેમ ચૈતન્ય વગેરેના લિંગો ઉપલબ્ધ થાય છે, તેમ અચૈતન્ય વગેરેના પણ લિંગો ઉપલબ્ધ થાય જ છે. તેનો અપલાપ કરી શકાય તેમ નથી. તેથી જેમ ચેતનમાં જણાતા ચૈતન્યના લિંગો

1. रूप-रस-गन्ध-स्पर्शाः शब्दविकल्पा अपि न सन्ति जीवस्य। नो संस्थानं क्रिया तेनाऽमूर्त्तो भवेज्जीवः।।

***न च*** चैतन्यादिलिङ्गानुपलब्धिलिङ्गकव्यतिरेक्यनुमानतोऽचैतन्यादिसिद्धिरिति ***वाच्यम्,***

सार्वलौकिकस्वारसिकाऽचैतन्यप्रत्यक्षोच्छेदापत्तेः। न चेष्टापत्तिः, घटादौ 'अयम् अचेतन' इति सार्वजनीनसाक्षात्कारस्य सुरगुरुणाऽपि प्रत्याख्यातुमशक्यत्वात्। तस्मात् चैतन्याऽचैतन्ययोः स्वातन्त्र्येण गुणरूपता स्वीकर्तव्या।

यदि च मूर्त्तत्वाभावसमनियतत्वेन अमूर्त्तत्वस्य मूर्त्तत्वाभावरूपतोच्यते तदा अमूर्त्तत्वाभावसमनिय-

---

દ્વારા ચૈતન્યને તમે ગુણરૂપે સિદ્ધ કરો છો, તેમ અચેતનમાં જણાતા અચૈતન્યના (= જડતાના) લિંગો (= વર્ણાદિ) દ્વારા અચૈતન્યને અમે ગુણરૂપે સિદ્ધ કરશું. તેથી અચૈતન્યને પણ ચૈતન્યાભાવરૂપ માની ન શકાય.

### ❀ અચૈતન્યસાધક વ્યતિરેકી અનુમાન ❀

**નૈયાયિક** :- (न च.) અચેતનતાના કોઈ સ્વતંત્ર લિંગ પરમાર્થથી છે જ નહિ. જ્યાં ચૈતન્ય વગેરેના લિંગો (= અનુમાપક ચિહ્નો) જણાતા ન હોય ત્યાં તે અનુપલબ્ધિહેતુક વ્યતિરેકી અનુમાનપ્રયોગથી ઘટ, પટાદિ પદાર્થમાં અચૈતન્ય વગેરેની અનુમિતિ થઈ જ શકશે. દા.ત. આ ઘટ (પક્ષ) અચેતન છે (સાધ્યકોટિ). કારણ કે તેમાં ચેતનાના લિંગો જણાતા નથી (હેતુ). અહીં ચૈતન્યાભાવ સાધ્ય છે. ચૈતન્યલિંગની અનુપલબ્ધિ હેતુ છે. જ્યાં અચૈતન્ય ન હોય ત્યાં ચૈતન્યલિંગની અનુપલબ્ધિ ન હોય. જેમ કે આત્મા. પરંતુ ઘટમાં તો ચૈતન્યલિંગની અનુપલબ્ધિ જ છે. તેથી ઘડામાં અચૈતન્ય સિદ્ધ થશે. આમ જે અનુમાનપ્રયોગ દ્વારા અચૈતન્યની સિદ્ધિ થાય છે તે અનુમાનપ્રયોગ અચૈતન્યલિંગઉપલબ્ધિહેતુક નથી, પરંતુ ચૈતન્યલિંગ-અનુપલબ્ધિહેતુક છે. તેથી તેના દ્વારા સિદ્ધ થતો ચૈતન્યાભાવ એ જ અચૈતન્ય છે. તેથી અચૈતન્ય અભાવાત્મક જ છે, સ્વતંત્ર ગુણ નહિ. આ રીતે અમૂર્ત્તત્વ અંગે પણ સમજી લેવું.

### ❈ અચૈતન્યપ્રત્યક્ષના ઉચ્છેદની આપત્તિ ❈

**જૈન** :- (सार्व.) જો તમે અચૈતન્યની આ રીતે વ્યતિરેકી અનુમાનપ્રયોગથી જ સિદ્ધિ કરતા હો તો સર્વ લોકોને સ્વૈચ્છિક રીતે અચૈતન્યનું જે પ્રત્યક્ષ થાય છે તેનો ઉચ્છેદ-અપલાપ કરવાનું કલંક તમારા મસ્તકે ચોંટશે. તેને તમે નૈયાયિક ઈષ્ટાપત્તિ તરીકે સ્વીકારી નહિ શકો. કેમ કે ઘટ, પટ વગેરેને જોઈને સર્વ લોકોને 'આ અચેતન છે' - આવો સાક્ષાત્કાર થાય જ છે. તેનો અપલાપ બૃહસ્પતિ પણ કરી શકે તેમ નથી. સામાન્ય લોકો નૈયાયિકદર્શિત પદ્ધતિ મુજબ વ્યતિરેકી અનુમાનપ્રયોગથી ઘટાદિમાં અચૈતન્યની સિદ્ધિ કરતા નથી. તેથી તમે નૈયાયિકો ચૈતન્યલિંગઅનુપલબ્ધિહેતુક અનુમાનપ્રયોગથી ચૈતન્યાભાવસ્વરૂપ અચૈતન્યની ઘટાદિમાં સિદ્ધિ કરો છો, તે વ્યાજબી નથી. તેથી ચૈતન્યની જેમ અચૈતન્યને પણ સ્વતન્ત્ર ગુણરૂપે સ્વીકારવો જોઈએ. અનુમાનપ્રયોગ વિના પ્રત્યક્ષ પ્રમાણથી ઘટમાં જણાતું ઘટત્વ જેમ ભાવાત્મક પદાર્થ છે તેમ પ્રત્યક્ષ પ્રમાણથી જણાતું અચૈતન્ય પણ ભાવાત્મક જ છે, અભાવસ્વરૂપ નહિ.

### ❉ સમનૈયત્ય અંગે વિચારણા ❉

**જૈન** :- (यदि.) અહીં પૂર્વે અમૂર્ત્તતાને મૂર્ત્તત્વાભાવસમનિયત જણાવેલી હતી. તેના આધારે જો નૈયાયિક અમૂર્ત્તત્વને મૂર્ત્તત્વાભાવસ્વરૂપ જણાવે તો મૂર્ત્તતા અમૂર્ત્તત્વાભાવસમનિયત હોવાથી મૂર્ત્તતાને અમૂર્ત્તત્વાભાવસ્વરૂપ માનવાની આપત્તિ નૈયાયિક માટે અપરિહાર્ય જ બનશે. સમનિયતને એક = અભિન્ન

**अचेतनामूर्त्तद्रव्यवृत्तिकार्यजनकतावच्छेदकत्वेन व्यवहारविशेषनियामकत्वेन च तयोरपि पृथग्गुणत्वात्।**

तत्वेन मूर्त्तत्वस्य अमूर्त्तत्वाभावरूपतापत्तेरपि अपरिहार्यतैव प्रसज्येत। अतः मूर्त्तत्वाऽमूर्त्तत्वयोः स्वतन्त्रतया गुणरूपतैव कक्षीकर्तव्या। इत्थञ्चाऽमूर्त्तत्वं न रूपादिशून्यत्वरूपम्, न वा मूर्त्तत्वाऽभावसमनियतत्वलक्षणम्, न वा मूर्त्तत्वाभावात्मकं किन्तु रूपाभावाधारताऽभिव्यङ्ग्यगुणविशेष एव यद्वा रूपाभावाधारतावच्छेदकगुणविशेष एव तदित्यवधेयम्।

किञ्च, अचेतनाऽमूर्त्तद्रव्यवृत्तिकार्यजनकतावच्छेदकत्वेन अचेतनत्वाऽमूर्त्तत्वयोरपि पृथग्गुणत्वात्। यथा चेतनद्रव्यनिष्ठा या सुख-दुःखादिकार्यजनकता तदवच्छेदकतया चैतन्यगुणः, मूर्त्तद्रव्यनिष्ठा च या ग्रहणगुणादिकार्यनिरूपिता कारणता तदवच्छेदकतया मूर्त्तत्वगुणः सिध्यतः तथैव अचेतनद्रव्यनिष्ठा या मनोऽग्राह्यतापरिणामोपादानहेतुता तदवच्छेदकतया अचेतनत्वगुणः, अमूर्त्तद्रव्यनिष्ठा च या बाह्येन्द्रियाऽग्राह्यतापरिणामनिरूपिता रूपाभावाधिकरणतापरिणामनिरूपिता वा उपादानकारणता तदवच्छेदकतया अमूर्त्तत्वगुणः सेत्स्यतः इत्याशयः।

માનવાનો સિદ્ધાન્ત તો બન્ને સ્થળે સમાન રીતે લાગુ પડે છે. બન્નેમાંથી એક પણ પક્ષમાં વિનિગમક ન હોવાથી મૂર્ત્તત્વ અને અમૂર્ત્તત્વ - બન્ને સ્વતંત્ર ગુણરૂપે જ સ્વીકારવા યોગ્ય છે. આ રીતે નક્કી થાય છે કે અમૂર્ત્તત્વ રૂપાદિશૂન્યતાથી અભિવ્યંગ્ય = જ્ઞાપ્ય હોવા છતાં રૂપાદિશૂન્યતાસ્વરૂપ નથી. અમૂર્ત્તત્વ મૂર્ત્તત્વાભાવનું સમનિયત હોવા છતાં તે નથી તો મૂર્ત્તત્વાભાવસમનિયતત્વસ્વરૂપ કે નથી મૂર્ત્તત્વાભાવસ્વરૂપ. પરંતુ રૂપાભાવની અધિકરણતાથી અભિવ્યંગ્ય ગુણવિશેષ એ જ અમૂર્ત્તત્વ છે. અથવા રૂપાભાવની આધારતાનો અવચ્છેદક બનનાર ગુણવિશેષ એ જ અમૂર્ત્તત્વ છે. આ ધ્યાનમાં રાખવું.

(**किञ्च.**) વળી, કારણતાઅવચ્છેદકવિશેષરૂપે પણ અચેતનત્વ અને અમૂર્ત્તત્વ ગુણસ્વરૂપ જ સિદ્ધ થાય છે. તે આ રીતે - અચેતનદ્રવ્યવૃત્તિ કાર્યનું જનકતાઅવચ્છેદક અચેતનત્વ છે. તથા અમૂર્ત્તદ્રવ્યવૃત્તિ કાર્યનું જનકતાઅવચ્છેદક અમૂર્ત્તત્વ છે. તેથી તે બન્નેને પણ સ્વતંત્ર ગુણસ્વરૂપે માનવા જરૂરી છે. જો તે બન્ને અભાવાત્મક હોય તો તે દ્રવ્યવૃત્તિ કાર્યનું ઉપાદાનકારણતાઅવચ્છેદક બની ન શકે. જે રીતે ચેતનદ્રવ્યમાં જે સુખ-દુ:ખાદિકાર્યજનકતા રહેલી છે, તેના અવચ્છેદક તરીકે ચૈતન્ય ગુણ સિદ્ધ થાય છે. તથા મૂર્ત્તદ્રવ્યમાં જે ગ્રહણગુણાદિકાર્યનિરૂપિત ઉપાદાનકારણતા રહેલી છે, તેના અવચ્છેદક = નિયામક સ્વરૂપે મૂર્ત્તત્વ ગુણ સિદ્ધ થાય છે. તે જ રીતે ઘટાદિ અચેતનદ્રવ્યમાં મનઅગ્રાહ્યતા પરિણામથી નિરૂપિત જે ઉપાદાનકારણતા રહેલી છે, તેના અવચ્છેદક તરીકે અચેતનત્વ ગુણ સિદ્ધ થશે. તથા અમૂર્ત્ત દ્રવ્યમાં બહિરિન્દ્રિયઅગ્રાહ્યતા પરિણામથી નિરૂપિત જે ઉપાદાનકારણતા રહેલી છે, તેના અવચ્છેદક તરીકે વ્યાવહારિક અમૂર્ત્તત્વ ગુણ સિદ્ધ થશે. અથવા અમૂર્ત્ત દ્રવ્યમાં રૂપાભાવઅધિકરણતાપરિણામથી નિરૂપિત જે ઉપાદાનકારણતા રહેલી છે, તેના અવચ્છેદક તરીકે નૈશ્ચયિક અમૂર્ત્તત્વ ગુણ સિદ્ધ થશે. આ અહીં તાત્પર્ય છે.

### ❀ કારણતાઅવચ્છેદક તરીકે અમૂર્ત્તત્વાદિની સિદ્ધિ ❀

**આધ્યાત્મિક** :- મૂર્ત્ત દ્રવ્યનું જ ગ્રહણ થઈ શકે છે. તેથી ગ્રહણગુણવાળું મૂર્ત્ત દ્રવ્ય કહેવાય છે. ગુણ

बाह्येन्द्रियाऽग्राह्यतापरिणामस्य रूपाभावाधिकरणतापरिणामस्य वा उपादानकारणतावच्छेदकतया अमूर्त्तत्वगुणसिद्धिकृते च [1]"जे खलु इंदियगेज्झा विसया जीवेहिं होंति ते मुत्ता। सेसं हवदि अमुत्तं" (प.का.स.९९) इति **पञ्चास्तिकायसङ्ग्रहोक्तिः** "स्पर्श-रस-गन्ध-वर्णाऽभावस्वभावम् इन्द्रियग्रहणयोग्यताया अभावाद् अमूर्त्तम् उच्यते" (प.का.स.९९ वृ.पृ.१४५) इति **तद्व्याख्योक्तिश्चाऽनुसन्धेया** तार्किकैः।

'अयम् अचेतनः अयञ्चाचेतनः', 'सोऽमूर्त्तः स चाऽमूर्त्तः' इति अनुगतव्यवहारविशेषनियामकतयाऽपि अचेतनत्वाऽमूर्त्तत्वयोः स्वतन्त्रगुणरूपता सेत्स्यति।

***यत्तु*** **समयसारवृत्तौ आत्मख्यातौ** परिशिष्टे सप्तचत्वारिंशच्छक्तिनिरूपणे **अमृतचन्द्राचार्येण** "कर्मबन्ध-

---

કાર્ય હોય તો દ્રવ્ય તેનું ઉપાદાનકારણ બને. તેથી ગ્રહણગુણસ્વરૂપ કાર્યનો કારણતાઅવચ્છેદક ગુણધર્મ મૂર્ત્તત્વ બને. ઉપાદાનકારણતાઅવચ્છેદક અભાવાત્મક ન હોય. તેથી મૂર્ત્તત્વ જેમ ગુણાત્મક સિદ્ધ થાય છે, તેમ અચેતનત્વ અને અમૂર્ત્તત્વ પણ ગુણસ્વરૂપે જ સિદ્ધ થશે. કારણ કે એક પણ જડ દ્રવ્ય મનોગ્રાહ્ય ન હોવાથી અચેતન દ્રવ્યમાં રહેલ મનઅગ્રાહ્યતા પરિણામનું ઉપાદાનકારણતાઅવચ્છેદક અચેતનત્વ ગુણ જ બનશે. તથા આત્મા મનોગ્રાહ્ય છે પણ બહિરિન્દ્રિયગ્રાહ્ય નથી. ધર્માસ્તિકાય વગેરે પણ બહિરિન્દ્રિયગ્રાહ્ય નથી. તેથી બહિરિન્દ્રિયઅગ્રાહ્યતા પરિણામનું કારણતાઅવચ્છેદક અમૂર્ત્તત્વ ગુણ જ બનશે. આમ અચેતનત્વ અને અમૂર્ત્તત્વ પણ સ્વતંત્ર ગુણાત્મક જ છે, અભાવાત્મક નથી.

### ❖ અમૂર્તતાસાધક પ્રાચીન સંદર્ભ ❖

(**बाह्ये.**) અમૂર્ત્તત્વ ગુણની સિદ્ધિ બહિરિન્દ્રિયઅગ્રાહ્યતા પરિણામની કે રૂપાભાવાધિકરણતા પરિણામની ઉપાદાનકારણતાના અવચ્છેદક ધર્મ તરીકે અહીં કરેલ છે. તેમાં **પંચાસ્તિકાયસંગ્રહ** તેમજ તેની **વ્યાખ્યા** - બન્નેના વચનોનું અનુસંધાન કરવાથી વધુ સ્પષ્ટતા થશે. **કુંદકુંદસ્વામીએ પંચાસ્તિકાયસંગ્રહ**માં જણાવેલ છે કે 'જે વિષયોને જીવો ઈન્દ્રિયો વડે ગ્રહણ કરી શકે, જાણી શકે તે વિષયો ખરેખર મૂર્ત્ત છે. તથા તે સિવાયના વિષયો અમૂર્ત્ત છે.' તેમજ તેની **વ્યાખ્યામાં અમૃતચંદ્રાચાર્યે** જણાવેલ છે કે 'સ્પર્શ, રસ, ગંધ,વર્ણ - આ ચારેયથી રહિત રહેવાના સ્વભાવવાળી વસ્તુ અમૂર્ત્ત કહેવાય છે. કેમ કે તે વસ્તુમાં ઈન્દ્રિય દ્વારા જણાવાની યોગ્યતા રહેલી નથી.' જે તાર્કિક વિદ્વાનો ઉપરોક્ત બન્ને સંદર્ભનું અનુસંધાન કરશે, તેમને અમૂર્ત્તત્વની જે સિદ્ધિ અમે ઉપર કરેલી છે તે વધુ સ્પષ્ટ થઈ જશે.

### ❋ અનુગતવ્યવહારનિયમ્ય ગુણ ❋

(**'अयम्.**) વળી, બીજી મહત્ત્વની વાત એ છે કે 'આ અચેતન છે, આ અચેતન છે...' ઈત્યાદિ સ્વરૂપે જે અનુગત વ્યવહાર પ્રસિદ્ધ છે તેના નિયામક તરીકે અચેતનત્વ સ્વતંત્ર ગુણરૂપે સિદ્ધ થશે. તથા 'તે અમૂર્ત્ત છે. તે અમૂર્ત્ત છે...' ઈત્યાદિ સ્વરૂપે જે અનુગત વ્યવહાર પ્રસિદ્ધ છે તેના નિયામક તરીકે અમૂર્ત્તત્વ પણ સ્વતંત્ર ગુણ સ્વરૂપે સિદ્ધ થશે.

### ⊛ સમયસારવૃત્તિની સમીક્ષા ⊛

(**यत्तु.**) દિગંબર **કુંદકુંદસ્વામીએ** રચેલ **સમયસાર** ગ્રન્થની **આત્મખ્યાતિ** નામની વ્યાખ્યામાં છેલ્લે

---

1. ये खलु इन्द्रियग्राह्या विषया जीवैः भवन्ति ते मूर्त्ताः। शेषं भवति अमूर्त्तम्।

व्यपगमव्यञ्जितसहजस्पर्शादिशून्यात्मप्रदेशात्मिका अमूर्त्तत्वशक्तिः" (स.सा.वृ.पृ.६१२) इत्युक्तं ***तत्तु*** धर्मास्तिकायाद्यमूर्तद्रव्येऽसम्भवाद् आत्ममात्रवृत्तित्वाऽपेक्षया बोध्यम्। व्यापकं तु तत्स्वरूपं रूपाभावाधिकरणतावच्छेदकगुणविशेषात्मकमेवेहोक्तं सङ्गच्छते।

किञ्च, धर्माऽधर्मशब्दयोरिव चेतनत्वाऽचेतनत्व-मूर्त्तत्वाऽमूर्त्तत्वशब्दानां परम्परसम्बन्धितया चेतनत्वादिसत्तायाः अचेतनत्वादिस्वतन्त्रसत्तानान्तरीयकत्वात् चेतनत्वादेरिव अचेतनत्वादेः स्वातन्त्र्येण अस्तित्वम् अप्रत्याख्येयम्। तदुक्तं **सूत्रकृताङ्गसूत्रवृत्तौ श्रीशीलाङ्काचार्येण** अपि "सम्बन्धिशब्दानाम् एकांशस्य सत्ता अपरसत्तानान्तरीयका। अतो नैकतरस्य (एव) सत्ता" (सू.कृ.श्रु.स्क.२/अ.५/सू.१७/पृ.३७९) इति।

***ननु*** 'अघटं भूतलमि'त्यादौ नञ्पदवाच्यस्याऽभावात्मकता दृष्टा, तत्र अघटपदेन घटात्यन्ता-

---

પરિશિષ્ટમાં ૪૭ શક્તિઓના નિરૂપણ પ્રસંગે **અમૃતચન્દ્રાચાર્ય**એ "કર્મબંધના અભાવથી વ્યક્ત કરાયેલ સહજ સ્પર્શાદિશૂન્ય આત્મપ્રદેશાત્મક અમૂર્ત્તત્વશક્તિ જાણવી' - આ પ્રમાણે જે કહ્યું છે તે ફક્ત આત્મામાં રહેનારી અમૂર્ત્તત્વશક્તિની અપેક્ષાએ જાણવું. સર્વ અમૂર્ત્તદ્રવ્યની અપેક્ષાએ તે સંગત થતું નથી. કારણ કે ધર્માસ્તિકાય વગેરે દ્રવ્યોમાં કર્મબંધ જ થતો ન હોવાથી તથા આત્મપ્રદેશો ન હોવાથી તેમાં તથાવિધ અમૂર્ત્તત્વ અસંભવિત છે. સર્વ અમૂર્ત્તદ્રવ્યોમાં રહેનાર અમૂર્ત્તત્વનું વ્યાપકસ્વરૂપ = અનુગતસ્વરૂપ તો પૂર્વે અહીં જણાવેલ રૂપાભાવની અધિકરણતાના અવચ્છેદક તરીકે સિદ્ધ થનાર ગુણવિશેષાત્મક જ સંગત થાય છે.

## ✡ સ્વતંત્ર અચેતનત્વાદિની સિદ્ધિ ✡

(**किञ्च.**) વળી, બીજી મહત્ત્વની વાત એ છે કે જેમ 'ધર્મ' અને 'અધર્મ' શબ્દ પરસ્પરસંબંધી છે, તેમ 'ચેતનત્વ' અને 'અચેતનત્વ' શબ્દ તથા 'મૂર્ત્તત્વ' અને 'અમૂર્ત્તત્વ' શબ્દ પરસ્પરસંબંધી છે. તેથી જેમ ધર્મનું અસ્તિત્વ અધર્મના સ્વતંત્ર અસ્તિત્વનું વ્યાપ્ય છે, તેમ ચેતનત્વનું અસ્તિત્વ અચેતનત્વના સ્વતંત્ર અસ્તિત્વનું વ્યાપ્ય છે તથા મૂર્ત્તત્વનું અસ્તિત્વ અમૂર્ત્તત્વના સ્વતંત્ર અસ્તિત્વનું વ્યાપ્ય છે. તેથી અધર્મ જેમ ધર્મના અભાવસ્વરૂપ નથી પણ સ્વતંત્ર છે, તેમ અચેતનત્વ ચેતનત્વાભાવાત્મક કે અમૂર્ત્તત્વ મૂર્ત્તત્વાભાવસ્વરૂપ નથી. પરંતુ અધર્મની (= પાપની) જેમ અચેતનત્વ અને અમૂર્ત્તત્વ બન્ને સ્વતંત્ર પદાર્થ છે - તેમ જાણવું. આ અંગે **સૂયગડાંગસૂત્રવ્યાખ્યા**માં શ્રી**શીલાંકાચાર્ય**જીએ અનાચારશ્રુત અધ્યયનનું વિવરણ કરતી વખતે એક સુંદર વાત કરી છે. તેનો અર્થ આ મુજબ છે કે 'જે શબ્દો પરસ્પરસંબંધી હોય, તેમાંના એકનું અસ્તિત્વ એ બીજાના અસ્તિત્વનું વ્યાપ્ય = સાધક હોય છે. તેથી ત્યાં બેમાંથી એક જ વસ્તુ હાજર હોય અને બીજો પદાર્થ તેના અભાવસ્વરૂપ હોય - તેવું ન બને." તેથી અચેતનત્વ અને અમૂર્ત્તત્વ સ્વતંત્ર ભાવાત્મક પદાર્થ સિદ્ધ થાય છે.

## ❅ નઞ્ગર્ભિતપદાર્થમીમાંસા ❅

**પૂર્વપક્ષ** :- (**ननु.**) અચેતનતા કે અમૂર્ત્તતા ભાવાત્મક નહિ પણ અભાવાત્મક છે - તેવું માનવું યુક્તિસંગત છે. આનું કારણ એ છે કે 'अघटं भूतलम्' વગેરે સ્થળમાં 'अ' નઞ્પદ છે. તથા તે પદથી વાચ્ય અર્થ અભાવાત્મક જણાય છે. જે રીતે ત્યાં 'अघटं' પદથી ઘટના અત્યન્તાભાવનો જ બોધ થાય

नञः पर्युदासार्थकत्वात्,

भावस्यैव प्रतिपादनात्। तद्वदेव 'घटे अचेतनता' इत्यत्र अचेतनतापदस्य चैतन्यात्यन्ताभाववाचकत्वम्, 'गगने अमूर्त्तता' इत्यादौ च अमूर्त्ततापदस्य मूर्त्तत्वाऽत्यन्ताभाववाचकत्वं सेत्स्यति, नञ्गर्भपदवाच्यताया अत्यन्ताभावत्वव्याप्यत्वादिति ***चेत्*** ?

***न***, 'अघटं भूतलमि'त्यादौ नञः प्रसज्यप्रतिषेधार्थकतया अत्यन्ताभाववाचकत्वेऽपि 'अब्राह्मण-मानये'त्यादाविव 'घटेऽचेतनता', 'गगनेऽमूर्त्तता' इत्यादौ पर्युदासार्थकत्वाद् अचेतनत्वाऽमूर्त्तत्वयोः चेतनत्व-मूर्त्तत्वाऽत्यन्ताभावरूपताया असम्भवात्। न हि 'अब्राह्मणमानये'त्युक्ते व्युत्पन्नः ब्राह्मणा-त्यन्ताभावादिकमानयति किन्तु ब्राह्मणभिन्नत्वे सति मनुष्यत्वादिना ब्राह्मणसदृशमपरमनुष्यं क्षत्रियादि-कमेव। तद्वदेव प्रकृतेऽपि चेतनतादिभिन्नं गुणत्वेन चेतनतादिसदृशं अचेतनतादिगुणमेव अचेतनतादि-

છે, તે જ રીતે 'घटे अचेतनता' સ્થળમાં પણ 'અચેતનતા' પદ ચેતનતાના અત્યન્તાભાવનો જ વાચક છે - આમ સિદ્ધ થશે. તે જ રીતે 'गगने अमूर्त्तता' ઈત્યાદિ સ્થળમાં 'અમૂર્ત્તતા' પદ મૂર્ત્તત્વના અત્યન્તાભાવનો જ વાચક છે - આમ સિદ્ધ થશે. કારણ કે નઞ્પદની વાચ્યતા અત્યન્તાભાવત્વની વ્યાપ્ય છે. જ્યાં જ્યાં નઞ્પદની વાચ્યતા હોય ત્યાં ત્યાં અવશ્ય અત્યન્તાભાવત્વ હોય છે. આ વ્યાપ્તિના = નિયમના બળથી 'અચેતનતા' પદ ચેતનતાના અત્યન્તાભાવાત્મક અર્થનું તથા 'અમૂર્ત્તતા' પદ મૂર્ત્તત્વના અત્યન્તાભાવાત્મક પદાર્થનું બોધક છે - તેમ નક્કી થાય છે. તેથી 'અચેતનતા અને અમૂર્ત્તતા ગુણસ્વરૂપ નથી' - એવું ફલિત થાય છે.

## ⁕ પ્રસજ્ય-પર્યુદાસપ્રતિષેધપ્રતિપાદન ⁕

**ઉત્તરપક્ષ** :- (न, 'अघटं.) ના, તમારી આ દલીલ વ્યાજબી નથી. કારણ કે 'નઞ્' બે અર્થને જણાવે છે - (૧) પ્રસજ્યપ્રતિષેધ તથા (૨) પર્યુદાસપ્રતિષેધ. પ્રસજ્યપ્રતિષેધાર્થક નઞ્ અત્યન્તાભાવનો બોધક છે. તથા પર્યુદાસપ્રતિષેધાર્થક નઞ્ તદ્ભિન્ન તત્સદૃશ અર્થનો બોધક છે. આ પ્રમાણેની શાસ્ત્રવ્યવસ્થા દાર્શનિક જગતમાં પ્રસિદ્ધ છે. 'अघटं भूतलम्' વગેરે સ્થળમાં નઞ્ પ્રસજ્યપ્રતિષેધાર્થક છે. તેથી તે ઘટના અત્યન્તાભાવનો બોધ કરાવે - આ વાત બરાબર છે. પરંતુ 'घटे अचेतनता', 'गगने अमूर्त्तता' વગેરે સ્થળમાં તો નઞ્ બરાબર એ રીતે પર્યુદાસપ્રતિષેધાર્થક છે કે જે રીતે 'अब्राह्मणम् आनय' વગેરે સ્થળમાં રહેલો નઞ્. કહેવાનો આશય એ છે કે 'अब्राह्मणम् आनय' વગેરે સ્થલમાં બ્રાહ્મણના અત્યન્તાભાવને લાવવાનો આદેશ થતો નથી પરંતુ બ્રાહ્મણભિન્ન તથા મનુષ્યત્વરૂપે બ્રાહ્મણસદૃશ કોઈક ક્ષત્રિય આદિ મનુષ્યને લાવવાનો આદેશ થાય છે. તેથી જ ઉપરોક્ત વાક્ય સાંભળીને હોંશિયાર માણસ બ્રાહ્મણના અત્યન્તાભાવને લાવવાનો પ્રયત્ન નથી કરતો. પરંતુ બ્રાહ્મણભિન્ન અને મનુષ્યત્વાદિરૂપે બ્રાહ્મણતુલ્ય એવા ક્ષત્રિયાદિ માણસને જ તે લાવે છે. તે જ રીતે 'घटे अचेतनता', 'गगने अमूर्त्तता' વગેરે સ્થળમાં પણ નઞ્ પર્યુદાસપ્રતિષેધાર્થક હોવાથી ત્યાં ચેતનતાના કે મૂર્ત્તતાના અત્યન્તાભાવનો બોધ થતો નથી. પરંતુ ચેતનતાભિન્ન અને ગુણત્વરૂપે ચેતનતાસદૃશ એવા ગુણવિશેષનો જ બોધ 'અચેતનતા' પદના શ્રવણથી થાય છે તથા મૂર્ત્તતાભિન્ન અને ગુણત્વરૂપે મૂર્ત્તતાસદૃશ એવા ગુણવિશેષનો જ બોધ 'અમૂર્ત્તતા' પદના શ્રવણથી થાય છે. કારણ કે

**नञ्पदवाच्यतायाश्च[ॾ] 'अनुष्णाशीतस्पर्शः' इत्यादौ व्यभिचारेण परेषामप्य भावत्वानियामकत्वाद्,**

पदं बोधयति, पर्युदासप्रतिषेधस्य तद्भिन्नत्वे सति तत्सदृशार्थप्रत्यायकत्वात्।

तदुक्तं **न्यायवार्तिके भारद्वाजोद्योतकरेण** अपि "अब्राह्मणशब्दः पर्युदासप्रतिषेधविषयत्वेन प्रवर्तमानो यदुत्तरं पदं तत् प्रतिषेधति न पुनरयमभावं प्रतिपादयति" (न्या.वा.१/२/५) इति। तदुक्तं **तत्त्वचिन्तामणौ गङ्गेशेन** अपि "नञ्समासे 'अब्राह्मणमानये'त्यत्र पर्युदासे पूर्वपदे नञि उत्तरपदार्थसम्बन्धिनि क्षत्रिये लक्षणा" (त.चि.भाग-४, शब्दखण्डे - समासवादे - पृ.७८६) इति। "नञर्थो द्विविधः (१) प्रसज्यप्रतिषेधः (२) पर्युदासश्च" (न्या.सि.म.प्र.पृ.४८) इति **न्यायसिद्धान्तमञ्जरीप्रकाशवचन**मप्यत्र स्मर्तव्यमित्यलं प्रसङ्गेन।

***एतेन*** नञ्पदवाच्यताया अत्यन्ताभावत्वव्याप्यताऽपि ***निराकृता,*** नञ्पदवाच्यतायाः 'अनुष्णाऽशीताऽपाकजस्पर्शवान् वायुः' इत्यादौ व्यभिचारेण नैयायिकानामपि अत्यन्ताभावत्वाऽनियामकत्वात्।

પર્યુદાસપ્રતિષેધ નઞ્ તદ્ભિન્ન તત્સદૃશ એવા અર્થને જણાવે છે. આથી 'અચેતનતાદિ અત્યન્તાભાવાત્મક નહિ પણ ભાવાત્મક - ગુણાત્મક છે' - તેવું સિદ્ધ થાય છે.

## ❀ 'અબ્રાહ્મણ' પદાર્થ વિચારણા ❀

(तदुक्तं.) પર્યુદાસપ્રતિષેધ તદ્ભિન્ન તત્સદૃશ અર્થનો બોધક છે. આ કોઈ નવીન વાત નથી. **ન્યાયવાર્તિક** ગ્રંથમાં **ભારદ્વાજ ઉદ્યોતકર** નામના પ્રાચીન નૈયાયિકે પણ આ જ અભિપ્રાયથી કહેલ છે કે "અબ્રાહ્મણ શબ્દ પર્યુદાસપ્રતિષેધવિષયક હોવા સ્વરૂપે પ્રવર્તે છે. તેથી 'અબ્રાહ્મણ' પદમાં રહેલ 'બ્રાહ્મણ' નામના ઉત્તરપદનો તે પ્રતિષેધ કરે છે. તેથી ત્યાં બ્રાહ્મણપદાર્થનો નિષેધ થાય છે. પરંતુ 'અબ્રાહ્મણ'પદ બ્રાહ્મણના અત્યન્તાભાવનું પ્રતિપાદન કરતું નથી." નવ્યન્યાયપ્રસ્થાપક **ગંગેશ ઉપાધ્યાયે** પણ **તત્ત્વચિંતામણિ** ગ્રંથમાં કહેલ છે કે "જ્યાં 'अब्राह्मणम् आनय' આવું બોલવામાં આવે છે ત્યાં 'अ' એવું પૂર્વપદ પર્યુદાસપ્રતિષેધ-રૂપે બોલાય છે. તેથી ત્યાં 'नञ् = अ' પછી રહેલ 'બ્રાહ્મણ' પદનો જે અર્થ છે તે અર્થના સંબંધી = બ્રાહ્મણતુલ્ય એવા ક્ષત્રિય મનુષ્યમાં લક્ષણા કરવામાં આવે છે." ગંગેશજીના વચનથી પણ પર્યુદાસ નઞ્ ઉત્તરપદાર્થના અત્યન્તાભાવને નહીં પણ ઉત્તરપદાર્થસદૃશ અર્થને જણાવે છે - તેમ સિદ્ધ થાય છે. **ન્યાયસિદ્ધાન્તમંજરીપ્રકાશ** નામના વ્યાખ્યાગ્રંથમાં જણાવેલ છે કે 'નઞ્ના બે પ્રકારે અર્થ છે. (૧) પ્રસજ્યપ્રતિષેધ અને (૨) પર્યુદાસ.' અહીં આ વાતને પણ યાદ રાખવી. આ બાબત પ્રાસંગિક હોવાથી તેનું અધિક નિરૂપણ અહીં કરવામાં નથી આવતું.

## ✾ નઞ્ગર્ભિતપદાર્થ અત્યન્તાભાવભિન્ન પણ સંભવે ✾

(एतेन.) ઉપરોક્ત નિરૂપણ દ્વારા 'નઞ્ પદની વાચ્યતા અત્યન્તાભાવત્વની વ્યાપ્ય છે' - આવી પૂર્વપક્ષની વાતનું પણ નિરાકરણ થઈ જાય છે. વળી, નૈયાયિક લોકોને પણ નઞ્પદની વાચ્યતા અત્યન્તાભાવત્વની નિયામક = અત્યન્તાભાવત્વવ્યાપ્ય હોય તેવું માન્ય નથી. કારણ કે 'અનુષ્ણ-અશીત -અપાકજ સ્પર્શવાળો પદાર્થ વાયુ કહેવાય' - આવા સ્થળે નઞ્ગર્ભિત અનુષ્ણ વગેરે પદના વાચ્યાર્થમાં અત્યન્તાભાવત્વ ન હોવાથી ઉપરોક્ત વ્યાપ્તિમાં વ્યભિચાર = અનૈકાન્તિકતા દોષ લાગુ પડે છે. ઉપરોક્ત

ॾ. કો.(૧૦+૧૧+૧૩)+ આ.(૧) +કો.(૯)+સિ.માં 'नञ्गर्भ' પદ છે.

न हि 'उष्णत्व-शीतत्व-पाकजत्वाऽत्यन्ताऽभावविशिष्टस्पर्शवान् यः स वायुः' इत्यभ्युपगम्यते नैयायिकैः, पटादावपि वायुलक्षणातिव्याप्तेः। किन्तु उष्णादिभिन्नः विजातीयस्पर्श एव वायुलक्षणतयाऽभ्युपगम्यते। तज्जनकतावच्छेदकतया च वायुत्वसिद्धिरिति नैयायिकप्रक्रिया **न्यायसिद्धान्तमुक्तावल्यादौ** (का.४२ मु.पृ.१४४) प्रसिद्धैव।

वायवीयस्पर्शगताऽवान्तरजातिविशेषस्य इक्षु-क्षीरादिगतरसवृत्तिजातिविशेषस्येव अनुभवसिद्धत्वमेव। अत एव स नाऽपलपनीयः। तदुक्तं **अध्यात्मोपनिषदि यशोविजयवाचकैः** "यो ह्याख्यातुमशक्योऽपि प्रत्याख्यातुं न शक्यते। प्राज्ञैर्न दूषणीयोऽर्थः स माधुर्यविशेषवद्।।" (अ.उप.२/४६) इति। प्रकृते "इक्षु-क्षीर-गुडादीनां माधुर्यस्याऽन्तरं महत्। तथापि न तदाख्यातुं सरस्वत्याऽपि शक्यते।।" (का.द.१/१०२) इति **काव्यादर्श**कारिकाऽपि स्मर्तव्या। ततश्चात्र वायुस्पर्शवैजात्याऽनभ्युपगमे निबिडान्धकारे स्वशरीरस्या-

સ્થળે નૈયાયિકો 'ઉષ્ણત્વશૂન્ય, શીતત્વશૂન્ય, પાકજત્વશૂન્ય એવો સ્પર્શ જેમાં હોય તેને વાયુ કહેવાય' આવું માનતા નથી. કેમ કે તેવું માન્ય કરવામાં આવે તો પટ વગેરેમાં વાયુના લક્ષણની અતિવ્યાપ્તિ આવે. કેમ કે પટ વગેરે પદાર્થમાં જે સ્પર્શ રહેલ છે તેમાં ઉષ્ણત્વ, શીતત્વ અને પાકજત્વ નથી. આથી 'નઞ્પદથી જે અર્થ વાચ્ય હોય તે અત્યન્તાભાવસ્વરૂપ જ હોય' - આવી વ્યાપ્તિ વ્યભિચરિત બને છે. ઉપરોક્ત સ્થળે પટાદિમાં વાયુના લક્ષણની અતિવ્યાપ્તિના નિરાકરણ માટે નૈયાયિકો એવું માને છે કે "ઉષ્ણત્વાદિશૂન્ય સ્પર્શ જેમાં હોય તે વાયુ કહેવાય - તેવું નથી. પરંતુ 'અનુષ્ણ-અશીત-અપાકજ સ્પર્શ' શબ્દથી પ્રતિપાદ્ય ઉષ્ણાદિસ્પર્શભિન્ન વિજાતીય સ્પર્શ એ જ વાયુનું લક્ષણ છે. તેમજ તથાવિધ વિજાતીયસ્પર્શની કારણતાના અવચ્છેદક તરીકે વાયુત્વ જાતિની સિદ્ધિ થાય છે." આ નૈયાયિકપ્રક્રિયા **ન્યાયસિદ્ધાન્તમુક્તાવલી** વગેરેમાં પ્રસિદ્ધ જ છે. તેથી તે પ્રક્રિયાને વિશેષ રીતે જાણવા વાચકવર્ગે ત્યાં દૃષ્ટિપાત કરવો.

## ❀ વાયવીય વિજાતીયસ્પર્શની સિદ્ધિ : ઉદયનાચાર્યમતાનુસાર ❀

**પ્રાચીન નૈયાયિક** :- (**વાય.**) વાયુના સ્પર્શમાં રહેલ અનુષ્ણ-અશીતસ્પર્શત્વ નામની વિલક્ષણ જાતિ અનુભવસિદ્ધ જ છે. જેમ શેરડીના રસની મધુરતા અને દૂધની મધુરતા - આ બન્નેમાં રહેલ વૈજાત્ય અનુભવસિદ્ધ છે, તેમ આ સમજવું. તેથી જ તે જાતિવિશેષ અપલાપ કરવા યોગ્ય નથી. તેથી જ **અધ્યાત્મોપનિષદ્‌માં ઉપાધ્યાય શ્રીયશોવિજયજી** મહારાજે જણાવેલ છે કે 'જુદી-જુદી મીઠાશમાં રહેલો તફાવત જેમ કહી શકતો નથી. છતાં પણ તે અપલાપ કરવા યોગ્ય નથી. તેમ જે અર્થને કહેવાનું શક્ય ન હોય તો પણ તેનો અપલાપ કરવો યોગ્ય નથી. તે અર્થનું પંડિતોએ ખંડન ન કરવું.' પ્રસ્તુતમાં **કાવ્યાદર્શની** કારિકા યાદ કરવા યોગ્ય છે. ત્યાં **દંડી** કવિએ જણાવેલ છે કે 'શેરડી, દૂધ, ગોળ વગેરેની મીઠાશમાં ઘણો તફાવત હોય છે. છતાં તેને કહેવાનું સરસ્વતી માતાથી પણ શક્ય નથી.' તેમ છતાં તે તફાવત અપલાપયોગ્ય નથી જ. તેથી પ્રસ્તુતમાં પૃથ્વી વગેરેના સ્પર્શનું વૈજાત્ય વાયુસ્પર્શમાં રહે છે, તેનો નિષેધ કરી ન શકાય. જો પૃથ્વીના સ્પર્શનું વૈજાત્ય વાયુસ્પર્શમાં માનવામાં ન આવે, તો ગાઢ અંધકારમાં આપણા શરીરનું પણ પ્રત્યક્ષ ન થાય તેવી અવસ્થામાં સ્પર્શ દ્વારા વાયુની પ્રતીતિ

"**भावान्तरमभावो हि, कयाचित्तु व्यपेक्षया**"( ) इति **नयाश्रयणेन दोषाभावाच्च इति।**

ऽप्रत्यक्षत्वदशायां स्पर्शेन वायुप्रतीतिः न स्यादिति प्राञ्चो **नैयायिकाः**। इदमेवाभिप्रेत्य **उदयनाचार्येण लक्षणावल्यां** "अवान्तरजातिभेदस्य इक्षु-क्षीरमाधुर्यादिवद् अनुभवसिद्धत्वात्, अन्यथा महान्धकारे स्पर्शोपलम्भ-मात्रेण 'वायुर्वाती'ति प्रत्ययो न स्याद्" (लक्ष.पृ.७७) इत्युक्तम्। ततश्च 'नञ्गर्भपदम् अत्यन्ताभावस्यैव बोधकम्' इति नियमो नास्ति।

***अत एव*** अचेतनत्वाऽमूर्त्तत्वयोः भावात्मकत्वे नञ्प्रयोगानुपपत्तिरिति ***प्रत्यस्तम्,*** "भावान्तरमभावो हि, कयाचित् तु व्यपेक्षया। भावान्तरादभावोऽन्यो न कश्चिदनिरूपणाद्।।" (स.प.१५७ मि.भा.उद्धृ.पृ.९०) इति **सप्तपदार्थीमितभाषिणी**वृत्त्युद्धृतकारिकादर्शितनयाश्रयेण नञोऽभाववाचकत्वेऽपि दोषाभावाच्च। यथोक्तं **तत्त्वसङ्ग्रहे शान्तरक्षितेन** अपि **कुमारिलभट्ट**मतनिरूपणाऽवसरे "भावान्तरात्मकोऽभावो येन सर्वो व्यवस्थितः"

થઈ ન શકે. જો પૃથ્વીના સ્પર્શ કરતાં વાયુનો સ્પર્શ વિજાતીય ન હોય તો સ્પર્શ દ્વારા ત્યારે વાયુની જ પ્રતીતિ શા માટે થાય ? 'પૃથ્વી વાય છે' - આવી પ્રતીતિ કેમ ન થાય ? તેથી માનવું પડે કે પાર્થિવ સ્પર્શ કરતાં વાયવીય સ્પર્શ વિજાતીય છે. આ પ્રમાણે પ્રાચીન નૈયાયિકો કહે છે. આ જ અભિપ્રાયથી **લક્ષણાવલી** ગ્રંથમાં **ઉદયનાચાર્ય** જણાવે છે કે "વાયુગત સ્પર્શમાં વૈજાત્ય તો શેરડીમાધુર્ય, દૂધમાધુર્ય વગેરેમાં રહેલ વૈજાત્યની જેમ અનુભવસિદ્ધ છે. જો પૃથ્વીસ્પર્શ કરતાં વાયુસ્પર્શને વિજાતીય માનવામાં ન આવે તો ગાઢ અંધકારમાં સ્પર્શની ઉપલબ્ધિમાત્રથી 'વાયુ વાય છે' - આ મુજબ પ્રતીતિ થઈ ન શકે." પ્રસ્તુતમાં તો ઉપરોક્ત ચર્ચા દ્વારા એટલું જ સિદ્ધ કરવું અભિપ્રેત છે કે "નઞ્ગર્ભિત હોવા માત્રથી 'અચેતનતા'પદ કે 'અમૂર્ત્તતા'પદ 'અશીત-અનુષ્ણસ્પર્શ'પદની જેમ અત્યન્તાભાવના બોધક ન બને." તેથી 'નઞ્ગર્ભિત પદ અત્યન્તાભાવનું જ બોધક બને' - તેવો નિયમ અસિદ્ધ છે.

### ❖ અભાવ ભાવાન્તરસ્વરૂપ : નયવિશેષ ❖

(**अत एव**.) "જો અચેતનત્વ અને અમૂર્ત્તત્વ ગુણ હોય તો તે ભાવાત્મક હોવા જોઈએ. તથા જો તે ભાવાત્મક હોય તો 'नञ्' = 'अ' નો પ્રયોગ અચેતનત્વાદિ પદમાં અસંગત બની જશે" - આવી દલીલનું પણ ઉપરોક્ત નિરૂપણ દ્વારા નિરાકરણ થઈ જાય છે. કારણ કે પર્યુદાસપ્રતિષેધાત્મક નઞ્ ભાવનો બોધક બની શકે છે. વળી, બીજી વાત એ છે કે **શિવાદિત્ય**રચિત **સપ્તપદાર્થી** ગ્રંથની **મિતભાષિણી** નામની વ્યાખ્યામાં **માધવ** નામના વિદ્વાને એક પ્રાચીન કારિકા ઉદ્ધૃત કરેલ છે. તેનો અર્થ એવો થાય છે કે 'અમુક અપેક્ષાએ તો અભાવ ભાવાન્તરાત્મક = અન્ય ભાવપદાર્થસ્વરૂપ છે. કેમ કે ભાવાન્તરાત્મક અભાવથી ભિન્ન એવા અભાવનું નિરૂપણ કરી શકાતું નથી. તેથી ભાવાન્તરભિન્ન અભાવ નથી.' આ મંતવ્યનો સ્વીકાર કરીએ તો 'અચેતનતા' અને 'અમૂર્ત્તતા' પદ અભાવના બોધક બને તો પણ કોઈ દોષ આવતો નથી. કારણ કે અભાવ પણ ભાવાત્મક જ છે. તેથી "પ્રસ્તુતમાં 'અચેતનતા' વગેરે પદો અભાવના બોધક છે" - આવું પણ માની શકાય છે. તથા 'અચેતનતા અને અમૂર્ત્તતા ગુણસ્વરૂપ છે, ભાવાત્મક છે' - આવું પણ માની શકાય છે. ઉપરોક્ત વિવક્ષાથી ભાવાત્મક ગુણને પણ અભાવ તો કહી જ શકાય છે. આવું માનવામાં તો કોઈ દોષ આવતો નથી. **શાંતરક્ષિત** નામના બૌદ્ધાચાર્યએ પણ **તત્ત્વસંગ્રહ** ગ્રંથમાં મીમાંસકમૂર્ધન્ય **કુમારિલભટ્ટ**ના મતનું નિરૂપણ કરવાના

(त.स.९१६) इति। तदुक्तं **कुमारिलभट्टेन** स्वयं **मीमांसाश्लोकवार्त्तिके** निरालम्बनवादे "भावान्तरमभावोऽन्यो न कश्चिदनिरूपणाद्' (मी.श्लो.वा.निरा.११८) इति।

अत एव "संसर्गाभावोऽन्योऽन्याभावश्च नञोऽर्थः" (न.वा.पृ.१) इति **नञ्वादे रघुनाथशिरोमणि**-गदितमपि नाऽस्माकं बाधकम्, अब्राह्मणपदवद् अचेतनतादिपदस्य भेदबोधकत्वेऽपि अचेतनतादेः भावात्मकत्वे क्षतिविरहादित्यवधेयम्।

बौद्धदर्शने चक्षुर्विज्ञान-श्रोत्रविज्ञान-कायविज्ञान-जिह्वाविज्ञान-घ्राणविज्ञान-मनोविज्ञान-मनोलक्षणाः सप्त चित्तधातवः धर्मधातुश्चेत्यष्टौ सङ्घाताऽपराभिधानोपचयशून्या अमूर्त्ताः। शेषाश्च दश धातवो मूर्त्ताः। तदुक्तम् **अभिधर्मदीपे** "अमूर्त्ता नौपचायिकाः" (अ.ध.दी.१/३८) इति। यथोक्तं **तद्वृत्तौ विभाषाप्रभायाम्** "सप्त चित्तधातवो धर्मधातुश्चामूर्त्ताः" (अ.ध.दी.१/३८ वि.प्र.) इति परदर्शनमप्यत्रानुसन्धेयम्।

---

અવસરે જણાવેલ છે કે "પ્રાગભાવ વગેરે ચારેય પ્રકારના અભાવ ભાવાન્તરસ્વરૂપે રહેલા છે." સ્વયં **કુમારિલભટ્ટે** પણ **મીમાંસાશ્લોકવાર્ત્તિક** ગ્રંથના નિરાલંબનવાદમાં જણાવેલ છે કે "અભાવ ભાવાન્તરાત્મક છે. તેનાથી ભિન્ન અભાવપદાર્થ નથી. કારણ કે ભાવાન્તરભિન્ન અભાવનું નિરૂપણ કરી શકાતું નથી.

### ❋ રઘુનાથશિરોમણિમત ❋

(अत.) તેથી જ 'નઞ્‌ના બે અર્થ છે. સંસર્ગાભાવ અને અન્યોન્યાભાવ' - આ પ્રમાણે **નઞ્‌વાદ** પ્રકરણમાં **રઘુનાથશિરોમણિ** નામના નવ્ય નૈયાયિકનું વચન પણ અમારા ઉપરોક્ત મંતવ્યમાં કોઈ દોષનું આપાદક બનતું નથી. કારણ કે ચેતનતાનો અન્યોન્યાભાવ = ભેદ અચેતનતા ગુણમાં રહે જ છે. તથા મૂર્ત્તતાનો ભેદ અમૂર્ત્તતા ગુણમાં રહે જ છે. તેનો બોધ તે બન્ને પદમાં રહેલ 'अ' = નઞ્ કરાવી શકે જ છે. 'નઞ્' ને ભેદબોધક માનવા છતાં 'અબ્રાહ્મણ' શબ્દની જેમ 'અચેતનતા' અને 'અમૂર્ત્તતા' શબ્દ ભાવાત્મક પદાર્થના પણ બોધક માની શકાય છે. તેથી અચેતનતાને અને અમૂર્ત્તતાને ભાવાત્મક માનવામાં કોઈ બાધ નથી. આ વાત ખ્યાલમાં રાખવી.

### ❋ અમૂર્ત્તપદાર્થ : બૌદ્ધદર્શનના અભિપ્રાયથી ❋

(बौद्ध.) જૈન દર્શનમાં પુદ્ગલ સિવાયના દ્રવ્યો અમૂર્ત્ત કહેવાય છે. જ્યારે બૌદ્ધદર્શનમાં આઠ ધાતુઓ અમૂર્ત્ત કહેવાય છે. તે આ મુજબ - (૧) ચક્ષુવિજ્ઞાન, (૨) શ્રોત્રવિજ્ઞાન, (૩) કાયવિજ્ઞાન, (૪) જિહ્વાવિજ્ઞાન, (૫) ઘ્રાણવિજ્ઞાન, (૬) મનોવિજ્ઞાન, (૭) મન - આ સાત ચિત્તધાતુઓ છે. તથા (૮) ધર્મધાતુ - આમ કુલ આઠ ધાતુઓ અમૂર્ત્ત છે. કારણ કે તેમાં ઉપચય થતો નથી. ઉપચય એટલે ભેગા થવું, તગડા થવું. આથી તેનું બીજું નામ સંઘાત છે. આ આઠ સિવાયની દશ ધાતુઓ બૌદ્ધદર્શનમાં મૂર્ત્ત કહેવાય છે. તેથી **અભિધર્મદીપ** નામના બૌદ્ધગ્રંથમાં જણાવેલ છે કે 'અમૂર્ત્ત ધાતુઓ ઉપચયશૂન્ય હોય છે.' અભિધર્મદીપ ગ્રંથની **વિભાષાપ્રભા** નામની વ્યાખ્યામાં જણાવેલ છે કે 'સાત ચિત્તધાતુઓ તથા આઠમી ધર્મધાતુ - આ આઠ ધાતુ અમૂર્ત્ત છે.' આ પ્રમાણે બૌદ્ધદર્શનની માન્યતાનું પણ પ્રસ્તુતમાં અમૂર્ત્તતા ગુણની વિચારણામાં અનુસંધાન કરવું.

એ **૧૦ સામાન્ય ગુણ** છઈં. મૂર્ત્તત્વ-અમૂર્ત્તત્વ, ચેતનત્વ-અચેતનત્વ પરસ્પર પરિહારઈં રહઈં; તે માટઈં **પ્રત્યેકઈં** એક એકદ્રવ્યનઈં વિષઈં ૮ ૮ પામિઇં. **ઈમ ભાવો** = ▸આત્મબોધે કરીને◂ વિચારી લ્યો*. ||૧૧/૨||

---

इत्थम् अस्तित्वादयः अमूर्त्ततान्ताः **दश सामान्यगुणाः विज्ञेयाः**। यथोक्तं **द्रव्यस्वभावप्रकाशे** [1]"अत्थित्तं, वत्थुत्तं, दव्वत्तं, पमेयत्तं, अगुरुलहुगत्तं। देसत्तं, चेदणिदरं, मुत्तममुत्तं वियाणेह।।" (द्र.स्व.प्र.१२) इति। तत्र मूर्त्तत्वाऽमूर्त्तत्वे चेतनत्वाऽचेतनत्वे च परस्परपरिहारेण तिष्ठत इति **प्रतिद्रव्यम्** = एकैकस्मिन् द्रव्ये **तत्त्वेन** = परमार्थेन **अष्टौ** गुणाः लभ्यन्ते। तथाहि – जीवद्रव्येऽचेतनत्वं मूर्त्तत्वं च न स्तः पुद्गलद्रव्ये चेतनत्वममूर्त्तत्वञ्च न स्तः। धर्माऽधर्माऽऽकाश-कालद्रव्येषु चेतनत्वं मूर्त्तत्वञ्च न स्तः। एवं दिगम्बरमतानुसारेण अष्टौ सामान्यगुणाः प्रतिद्रव्यं भवन्ति।

इदमेवाभिप्रेत्योक्तम् **आलापपद्धतौ** अपि "(१) अस्तित्वम्, (२) वस्तुत्वम्, (३) द्रव्यत्वम्, (४) प्रमेयत्वम्, (५) अगुरुलघुत्वम्, (६) प्रदेशत्वम्, (७) चेतनत्वम्, (८) अचेतनत्वम्, (९) मूर्त्तत्वम्, (१०) अमूर्त्तत्वं द्रव्याणां दश सामान्यगुणाः। प्रत्येकमष्टावष्टौ सर्वेषाम्" (आ.प.पृ.२) इति। यथोक्तं **द्रव्यस्वभाव-**

---

## ● પ્રત્યેક દ્રવ્યમાં આઠ સામાન્યગુણો ●

**(इत्थम्.)** આ રીતે અસ્તિત્વથી માંડીને અમૂર્ત્તતા સુધીના દશ સામાન્યગુણો જાણવા. આ અંગે **દ્રવ્યસ્વભાવપ્રકાશ** ગ્રંથમાં **માઈલ્લધવલજી**એ જણાવેલ છે કે "(૧) અસ્તિત્વ, (૨) વસ્તુત્વ, (૩) દ્રવ્યત્વ, (૪) પ્રમેયત્વ, (૫) અગુરુલઘુત્વ, (૬) પ્રદેશત્વ, (૭) ચેતનત્વ, (૮) અચેતનત્વ, (૯) મૂર્ત્તત્વ, (૧૦) અમૂર્ત્તત્વ - આ દશ સામાન્યસ્વભાવ જાણવા." તેમાં મૂર્ત્તત્વ તથા અમૂર્ત્તત્વ તેમજ ચેતનત્વ અને અચેતનત્વ - આ યુગલમાંથી પ્રત્યેક સાધારણ ગુણ એક-બીજાનો પરિહાર કરીને રહે છે. જ્યાં મૂર્ત્તત્વ હોય ત્યાં અમૂર્ત્તત્વ ન હોય. તથા જ્યાં અમૂર્ત્તત્વ હોય ત્યાં મૂર્ત્તત્વ ન હોય. તે જ રીતે જ્યાં ચેતનત્વ હોય ત્યાં અચેતનત્વ ન હોય. તથા જ્યાં અચેતનત્વ હોય ત્યાં ચેતનત્વ ન હોય. આમ આ ગુણધર્મયુગલમાં એક-એક સાધારણ ગુણ એક-બીજાનો પરિહાર કરીને રહે છે. તેથી પ્રત્યેક દ્રવ્યમાં પરમાર્થથી આઠ સાધારણ ગુણો મળે છે. તે આ રીતે - જીવદ્રવ્યમાં અચેતનત્વ અને મૂર્ત્તત્વ ગુણ રહેતા નથી. તથા પુદ્ગલદ્રવ્યમાં ચેતનત્વ અને અમૂર્ત્તત્વ ગુણ રહેતા નથી. જ્યારે ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ તથા કાળ દ્રવ્યમાં ચેતનત્વ અને મૂર્ત્તત્વ ગુણ રહેતા નથી. આ રીતે દિગંબરમત મુજબ દશમાંથી બે-બે ગુણ સિવાય આઠ સાધારણગુણ પ્રત્યેક દ્રવ્યમાં હોય છે.

## ➤ સામાન્યગુણનિર્દેશ : દેવસેનમત મુજબ ➤

**(इदमे.)** આ જ અભિપ્રાયથી **આલાપપદ્ધતિ** ગ્રંથમાં **દેવસેનજી**એ જણાવેલ છે કે '(૧) અસ્તિત્વ, (૨) વસ્તુત્વ, (૩) દ્રવ્યત્વ, (૪) પ્રમેયત્વ, (૫) અગુરુલઘુત્વ, (૬) પ્રદેશત્વ, (૭) ચેતનત્વ, (૮) અચેતનત્વ, (૯) મૂર્ત્તત્વ, (૧૦) અમૂર્ત્તત્વ - આમ દ્રવ્યોના આ દસ સાધારણગુણો = સામાન્યગુણો છે. પ્રત્યેક દ્રવ્યમાં

---

▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત પાલિ.માં છે. * કો.(૧૩)માં 'વિચારજ્યો' પાઠ.

1. अस्तित्वं वस्तुत्वं द्रव्यत्वं प्रमेयत्वमगुरुलघुकत्वम्। देशत्वं चेतनमितरद् मूर्त्तममूर्त्तं विजानीहि।।

**प्रकाशे** [1]"एक्केक्के अट्ठाट्ठा सामण्णा हुंति सव्वदव्वाणं" (द्र.स्व.प्र.१५) इति दिगम्बरमतानुसारेण भावनीयम्।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – अस्मदीयं चैतन्यं साधारणः गुणः तथापि साम्प्रतं तत् सोपाधिकं कर्मावृतञ्च। तस्य निरुपाधिकता अनावृतता च सम्पादनीया। परं 'चैतन्यं साधारणगुणत्वाद् न नङ्क्ष्यति' इति विमृश्य निष्क्रियता नाऽङ्गीकार्या। निजचैतन्यनिरुपाधिकत्वादिसम्पादनमेव चास्माकं परमं कर्तव्यम्। ततश्च "निराकारो निराभासो निष्प्रपञ्चो निरञ्जनः। सदानन्दमयो देवः सिद्धो बुद्धो निरामयः।।" (यो.प्र.२७) इति **योगप्रदीपदर्शितं** सिद्धस्वरूपमविलम्बेन प्रादुर्भवेत्।।११/२।।

---

આઠ - આઠ ગુણો રહે છે.' તથા **દ્રવ્યસ્વભાવપ્રકાશ** ગ્રંથમાં જણાવેલ છે કે 'સર્વ દ્રવ્યોની અંદર એક -એક દ્રવ્યમાં આઠ-આઠ સામાન્ય ગુણ હોય છે' - આ રીતે દિગંબરમતાનુસાર વિભાવના કરવી.

### નિષ્ક્રિયતાને ખંખેરીએ

[redacted] :- આપણું ચૈતન્ય સાધારણ ગુણ છે. પણ વર્તમાનમાં તે સોપાધિક છે, આવૃત છે, કર્મથી આવરાયેલ છે. તેને નિરુપાધિક અને અનાવૃત કરવાનું છે. પરંતુ 'ચૈતન્ય સાધારણ ગુણ છે. કદાપિ નષ્ટ થવાનો નથી' - એમ વિચારી નિષ્ક્રિય બેસી રહેવાનું નથી. આપણા ચૈતન્યને નિરુપાધિક અને અનાવૃત કરવું એ જ આપણું પરમ કર્તવ્ય છે. તે કર્તવ્યપાલનથી શીઘ્રતાથી **યોગપ્રદીપ** ગ્રંથમાં દર્શાવેલ સિદ્ધસ્વરૂપ પ્રગટ થાય છે. ત્યાં જણાવેલ છે કે '(૧) નિરાકાર, (૨) આભાસશૂન્ય, (૩) નિષ્પ્રપંચ, (૪) નિરંજન, (૫) સદાનંદમય, (૬) દિવ્યસ્વરૂપયુક્ત, (૭) કેવલજ્ઞાનાત્મકબોધયુક્ત, (૮) રોગમુક્ત સિદ્ધ ભગવંત છે.' (૧૧/૨)

લખી રાખો ડાયરીમાં.....

- **દુનિયાનો અર્થ બનવા મથતી વાસના વ્યર્થ બનીને જીવન વ્યતીત કરે છે.**
  **દુન્વયી દૃષ્ટિએ વ્યર્થ લાગતી ઉપાસના પરમાત્માનો અર્થ-પરમાર્થ બને છે.**
- **બુદ્ધિ ધર્મને આવતીકાલ ઉપર રાખી આજે મજેથી પાપ કરે છે.**
  **કરવા પડતા પાપને પણ આવતીકાલ ઉપર ઠેલી શ્રદ્ધા આજે મસ્તીથી ધર્મને કરે છે.**

---

1. एकैकस्मिन् अष्टाऽष्टौ सामान्या भवन्ति सर्वद्रव्याणाम्।।

**જ્ઞાન, દૃષ્ટિ, સુખ, વીર્ય, ફરસ, રસ, ગંધ, વર્ણ એ જાણો જી,**
**ગતિ-થિતિ-અવગાહના♦-વર્તનાહેતુભાવ□ મનિ આણો જી;**
**ચેતનતાદિક ચ્યારઈ ⧖ભેલાવિ, વિશેષગુણ એ સોલઈ જી,**
**ષટ્ પુદ્ગલ-આતમનઈ, તીનહ અન્ય દ્રવ્યનઈ ટોલઈ જી ॥૧૧/૩॥ (૧૮૫)**

**જ્ઞાન-દર્શન-સુખ-વીર્ય** એ ♦૪ = ચાર આત્માના, **સ્પર્શ-રસ-ગંધ-વર્ણ** એ ૪ પુદ્ગલના વિશેષગુણ છે (એ જાણો).

सामान्यगुणा व्याख्याताः। साम्प्रतं विशेषगुणानभिधत्ते – '**ज्ञानमि**'ति।

**ज्ञानं दृष्टिः सुखञ्च वीर्यं स्पर्श-रस-गन्ध-वर्णाश्चैव,**
**गति-स्थित्यवगाहन-वर्त्तनाहेतुता ज्ञेया विशेषेण।**
**चेतनतादयश्चत्वारो हि विशेषगुणास्तु षोडश तेन,**
**पुद्गलात्मनोः षड् गुणास्त्रयस्त्रयः खलु तदन्यद्रव्येषु।।११/३।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – ज्ञानम्, दृष्टिः, सुखम्, वीर्यञ्च, स्पर्श-रस-गन्ध-वर्णाश्चैव, गति-स्थित्यवगाहन-वर्त्तनाहेतुता विशेषेण (गुणाः) ज्ञेयाः। चेतनतादयश्च चत्वारः हि (विशेषगुणाः)। तेन विशेषगुणाः तु षोडश। पुद्गलाऽऽत्मनोः षड् गुणाः। तदन्यद्रव्येषु खलु त्रयः त्रयः।।११/३।।

(१) **ज्ञानं** मत्यादि, (२) **दृष्टिः** चक्षुर्दर्शनादिका, (३) **सुखम्** अनुकूलवेदनीयम्, (४) **वीर्यं** च सामर्थ्यरूपम्। एते आत्मनो विशेषगुणाः। **समयसारवृत्तौ आत्मख्यातौ** परिशिष्टे **अमृतचन्द्राचार्येण** "अनाकारोपयोगमयी दृशिशक्तिः, साकारोपयोगमयी ज्ञानशक्तिः, अनाकुलत्वलक्षणा सुखशक्तिः, स्वरूपनिर्वर्तन-

**અવતરણિકા** :- સામાન્યગુણોની વ્યાખ્યા થઈ. હવે ગ્રંથકારશ્રી વિશેષગુણોને જણાવે છે :-

### ✻ વિશેષગુણોનું પ્રતિપાદન ✻

**શ્લોકાર્થ** :- જ્ઞાન, દૃષ્ટિ, સુખ, વીર્ય (= શક્તિ), સ્પર્શ-રસ-ગંધ-વર્ણ અને ગતિ-સ્થિતિ-અવગાહના-વર્ત્તનાહેતુતા વિશેષરૂપે ગુણો જાણવા. તથા ચેતનતા આદિ ચાર વિશેષ ગુણો છે. તેથી ૧૬ વિશેષગુણો જાણવા. પુદ્ગલમાં અને આત્મામાં છ-છ ગુણો છે. તે બે સિવાયના ચાર દ્રવ્યોમાં ત્રણ-ત્રણ વિશેષ ગુણ છે. (૧૧/૩)

**વ્યાખ્યાર્થ** :- (૧) મતિ, શ્રુત વગેરે જ્ઞાન, (૨) ચક્ષુદર્શન, અચક્ષુદર્શન વગેરે દર્શન, (૩) અનુકૂલરૂપે વેદન કરવા યોગ્ય સુખ તથા (૪) સામર્થ્યસ્વરૂપ વીર્ય (= શક્તિ) - આ ચાર આત્માના વિશેષગુણો છે. **સમયસાર** ગ્રંથની **આત્મખ્યાતિ** નામની વ્યાખ્યામાં દિગંબરાચાર્ય **અમૃતચન્દ્ર**જીએ પરિશિષ્ટમાં મુક્તાત્માની ૪૭ શક્તિઓના નિરૂપણમાં જણાવેલ છે કે "અનાકાર ઉપયોગમય દર્શનશક્તિ છે. સાકાર

♦ પુસ્તકોમાં 'અવગાહન' પાઠ. અહીં કો.(૫+૬+૮+૯+૧૦+૧૧)નો પાઠ લીધો છે. □ મો.(૨)માં 'હેતુસ્વભાવ' પાઠ.
⧖ કો.(૧૩)માં 'ભેલવી' પાઠ. ♦ મ.માં 'એ જ' પાઠ. P(૩)નો પાઠ લીધેલો છે.

શુદ્ધ દ્રવ્યઇં અવિકૃત રૂપ એ ♦અવિશિષ્ટ રહઇં. તે માટઈં એ ગુણ કહિયા. વિકૃતસ્વરૂપ તે પર્યાયમાં ✡ભલઈ.એ વિશેષ જાણવો. **ગતિહેતુતા (૧), સ્થિતિહેતુતા (૨), અવગાહનાહેતુતા (૩), વર્त્તનાહેતુતા** (૪) એ ૪ ધર્માસ્તિકાય (૧), અધર્માસ્તિકાય (૨), આકાશાસ્તિકાય (૩), કાલ (૪) દ્રવ્યના પ્રત્યેકિં વિશેષગુણ (**મનિ આણો**). એહ✝ ૧૨ ગુણમાં (**ચેતનતાદિક**=) ચેતનત્વ, અચેતનત્વ, મૂર્त્તત્વ, અમૂર્त્તત્વ

सामर्थ्यरूपा वीर्यशक्तिः" (स.सा.वृ.पृ.६११) इत्येवं मुक्तात्मशक्तिनिरूपणे यदुक्तं तदत्रानुसन्धेयम्।

(५-६-७-८) **स्पर्श-रस-गन्ध-वर्णाः** प्रसिद्धाः पुद्गलस्य विशेषगुणाः इमे चत्वारः। इमे अविशिष्टाः शुद्धद्रव्येऽविकृतस्वरूपेणाऽवतिष्ठन्ते। अतो गुणा उच्यन्ते। रक्तत्वादिविशिष्टस्वरूपार्पणायां तु विकृतस्वरूपेणाऽवतिष्ठमानाः ते एव पर्यायेषु अन्तर्भवन्तीति विशेषो ज्ञेयः। **गति-स्थित्यवगाहन-वर्त्तनाहेतुता** = द्वन्द्वान्ते श्रूयमाणं पदं प्रत्येकमभिसम्बध्यत इति न्यायेन (९) गतिहेतुता, (१०) स्थितिहेतुता, (११) अवगाहनहेतुता, (१२) वर्त्तनाहेतुता **चैव** क्रमशो धर्मादीनां प्रत्येकं **विशेषेण** = विशेषरूपेण गुणा **ज्ञेयाः**। **चेतनतादयश्च** = पुनः पूर्वोक्ताः (१३-१४-१५-१६) चैतन्याऽचैतन्य-मूर्त्तत्वाऽमूर्त्तत्वलक्षणाः **हि चत्वारः**। **तेन** कारणेन सर्वमिलने **विशेषगुणाः तु षोडश** स्युः। "तु

ઉપયોગમય જ્ઞાનશક્તિ છે. અનાકુલત્વસ્વરૂપ સુખશક્તિ છે. આત્મસ્વરૂપની રચના કરવાના સામર્થ્યસ્વરૂપ વીર્યશક્તિ છે.'' તેનું પણ પ્રસ્તુતમાં વાચકવર્ગે અનુસંધાન કરવું.

## ● પુદ્ગલાદિના વિશેષગુણને જાણીએ ●

(**૫-૬-૭-૮**) તથા વર્ણ-ગંધ-રસ-સ્પર્શ આ વિશેષગુણોનું સ્વરૂપ તો પ્રસિદ્ધ છે. તે ચારેય પુદ્ગલના વિશેષગુણો છે. આ બધા જ વર્ણાદિના લાલ-પીળો વગેરે વિશેષસ્વરૂપની વિવક્ષા કરવામાં ન આવે તો અવિશિષ્ટ એવા તે શુદ્ધદ્રવ્યમાં અવિકૃતસ્વરૂપે રહે છે. તેથી તે ગુણો કહેવાય છે. તથા રક્તત્વ, પીતત્વ વગેરે વિશેષસ્વરૂપની વિવક્ષા કરવામાં આવે તો વિકૃતસ્વરૂપે રહેતા એવા તે જ વર્ણાદિનો પર્યાયમાં અંતર્ભાવ થઈ જાય - આટલી અહીં વિશેષતા જાણવી. તથા ગતિ-સ્થિતિ... પદમાં છેલ્લે જે 'હેતુતા' શબ્દ રહેલ છે તેનો ગતિ વગેરે પ્રત્યેક શબ્દની સાથે અન્વય કરવો. કારણ કે 'દ્વન્દ્વ સમાસને છેડે સંભળાતો શબ્દ દ્વન્દ્વસમાસના ઘટકીભૂત પ્રત્યેક શબ્દમાં જોડાય છે' - આવો નિયમ છે. 'गतिश्च स्थितिश्च अवगाहनञ्च वर्त्तना च इति गति-स्थित्यवगाहन-वर्त्तनाः' આ પ્રમાણે દ્વન્દ્વસમાસ અહીં અભિપ્રેત છે. તેના છેડે 'हेतुता' શબ્દ રહેલ છે. તેથી 'हेतुता' શબ્દનો 'गति' વગેરે ચારેય શબ્દમાં સંબંધ જોડવાથી (૯) ગતિહેતુતા, (૧૦) સ્થિતિહેતુતા, (૧૧) અવગાહનહેતુતા, (૧૨) વર્त્તનાહેતુતા- આવો અર્થ પ્રાપ્ત થશે. આ ચાર વિશેષગુણોમાંથી એક-એક ગુણ ક્રમશઃ ધર્માસ્તિકાય વગેરેના વિશેષ ગુણ જાણવા. અર્થાત્ ધર્માસ્તિકાયનો ગતિહેતુતા, અધર્માસ્તિકાયનો સ્થિતિહેતુતા, આકાશાસ્તિકાયનો અવગાહનહેતુતા તથા કાલદ્રવ્યનો વર્त્તનાહેતુતા વિશેષગુણ છે. બીજા શ્લોકમાં દર્શાવેલ ચેતનતા, અચેતનતા, મૂર્त્તતા અને અમૂર્त્તતા આ ચાર ગુણ પણ વિશેષગુણ છે. તેથી પૂર્વોક્ત ચેતનતાદિ ચાર

♦ શાં+મ.માં 'અવિશષ્ટ' અશુદ્ધ પાઠ. ધ.+B(૨)નો પાઠ લીધો છે. ✡ લી.(૧) + લા.(૨)માં 'પર્યાય સાંભલી' પાઠ.
✝ પુસ્તકોમાં 'એહ' નથી. લા.(૨)માં છે.

એ (**ચ્યારઈ=**) ૪ ગુણ **ભેલિઈ**, તિવારઇં (**એ**) **૧૬ વિશેષગુણ** થાયઇં.

તે મધ્યે **પુદ્ગલ** દ્રવ્ય**નઈ** વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, મૂર્ત્તત્વ, અચેતનત્વ એ ૬ હોઇં. **આત્મ**દ્રવ્ય**નઈ** જ્ઞાન, દર્શન, સુખ, વીર્ય, અમૂર્ત્તત્વ, ચેતનત્વ● એ છ હોઇં.

(**અન્ય=**) બીજા **દ્રવ્યનઈ ટોલઈ** = સમુદાયઇં ૩ ગુણ હોઈ. એક નિજગુણ, ૨ અચેતનત્વ, ૩ અમૂર્ત્તત્વ* - ઇમ ફલાવીનઇં ધારવું. ॥**૧૧/૩**॥

---

पादपूरणे भेदे समुच्चयेऽवधारणे। पक्षान्तरे नियोगे च प्रशंसायां विनिग्रहे।।" (मे.ए.ना.मा.१४/१५) इति **मेदिनीकरकृतैकाक्षरनाममाला**वचनादत्र तुः पूर्वोक्तसामान्यगुणापेक्षया भेदद्योतनार्थम् अलेखि।

तदुक्तं **बृहन्नयचक्रा**पराभिधाने **द्रव्यस्वभावप्रकाशे** [1]"णाणं दंसण-सुह-सत्ति-रूव-रस-गंध-फास-गमण-ठिदी। वट्टण-गाहणहेउं मुत्तममुत्तं खु चेदणिदरं च।।" (द्र.स्व.प्र.१३) इति।

**प्रकृते पुद्गलाऽऽत्मनोः षड् गुणाः**। तथाहि – (१) पुद्गले स्पर्श-रस-गन्ध-वर्णाः मूर्त्तत्वमचेतनत्वञ्चेति षड् विशेषगुणाः। (२) आत्मनि ज्ञान-दर्शन-सुख-वीर्याणि चेतनत्वममूर्त्तत्वञ्चेति षड् विशेषगुणाः। **तदन्येषु** = धर्माऽधर्माऽऽकाश-कालेषु **द्रव्येषु** प्रत्येकं **खलु त्रयः त्रयः** विशेषगुणा भवन्ति। तथाहि – (३) धर्मास्तिकायद्रव्ये गतिहेतुत्वाऽचेतनत्वाऽमूर्त्तत्वलक्षणाः त्रयो विशेषगुणाः। (४)

---

ગુણ અને આ શ્લોકમાં દર્શાવેલ ૧૨ ગુણ એમ બધા ભેગા કરીને કુલ ૧૬ વિશેષગુણ થાય છે. પ્રસ્તુતમાં મૂળ શ્લોકમાં 'तु' શબ્દ પૂર્વોક્ત સામાન્યગુણની અપેક્ષાએ ભેદને = વિશેષને = તફાવતને જણાવવા માટે લખાયેલ છે. **મેદિનીકરે** રચેલ **એકાક્ષરનામમાલા**માં ભેદ અર્થમાં પણ 'तु' અવ્યયને જણાવેલ છે. ત્યાં જણાવેલ છે કે '(૧) પાદપૂર્તિ, (૨) ભેદ, (૩) સમુચ્ચય, (૪) અવધારણ, (૫) પક્ષાન્તર, (૬) નિયોગ, (૭) પ્રશંસા તથા (૮) વિનિગ્રહ - આટલા અર્થમાં 'तु' પ્રસિદ્ધ છે.'

### ✻ સોળ વિશેષગુણનો નિર્દેશ ✻

(**तदुक्तं.**) તેથી **બૃહદ્નયચક્ર** જેનું બીજું નામ છે તે **દ્રવ્યસ્વભાવપ્રકાશ** ગ્રંથમાં જણાવેલ છે કે 'જ્ઞાન, દર્શન, સુખ, શક્તિ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ, ગમનહેતુતા, સ્થિતિહેતુતા, વર્ત્તનાહેતુતા, અવગાહનાહેતુતા, મૂર્ત્તત્વ, અમૂર્ત્તત્વ, ચેતનત્વ અને અચેતનત્વ - આ વિશેષ ગુણો છે.'

### 卐 પુદ્ગલ-જીવના વિશેષ ગુણનું પ્રતિપાદન 卐

(**प्रकृते.**) તેમાં પુદ્ગલના અને આત્માના છ ગુણો છે. તે આ રીતે - (**૧**) પુદ્ગલમાં સ્પર્શ, રસ, ગંધ, રૂપ (= વર્ણ), મૂર્ત્તત્વ અને અચેતનત્વ - આમ છ વિશેષ ગુણો છે. (૨) આત્મામાં જ્ઞાન, દર્શન, સુખ, શક્તિ, ચૈતન્ય અને અમૂર્ત્તત્વ - આમ છ વિશેષ ગુણો છે. તે સિવાયના ધર્મ -અધર્મ-આકાશ-કાળ દ્રવ્યની અંદર પ્રત્યેકમાં ત્રણ-ત્રણ વિશેષ ગુણો છે. તે આ રીતે - (૩) ધર્માસ્તિકાય દ્રવ્યમાં ગતિહેતુત્વ, અચેતનત્વ, અમૂર્ત્તત્વ - આ ત્રણ વિશેષ ગુણો છે. (૪) અધર્માસ્તિકાયમાં

---

● મ.માં 'અચેતનત્વ' અશુદ્ધ પાઠ. કો.(૧૦)+લા.(૨)નો પાઠ લીધો છે. * આ.(૧)માં 'અમૂર્તિ' પાઠ.

1. ज्ञानं दर्शन-सुख-शक्ति-रूप-रस-गन्ध-स्पर्श-गमन-स्थिति। वर्त्तनाऽवगाहनहेतुं मूर्त्तममूर्त्तं खलु चेतनमितरच्च।।

अधर्मास्तिकायद्रव्ये स्थितिहेतुत्वाऽचेतनत्वाऽमूर्त्तत्वलक्षणाः त्रयो विशेषगुणाः। (५) आकाशास्तिकायद्रव्ये अवगाहनाहेतुत्वमचेतनत्वममूर्त्तत्वञ्चेति त्रयो विशेषगुणाः। (६) कालद्रव्ये पुनः वर्तनाहेतुत्वमचेतनत्वममूर्त्तत्वञ्चेति त्रयो विशेषगुणाः इति प्रतिद्रव्यं विशेषगुणा भावनीयाः।

***एतेन*** [1]"छवि जीव-पोग्गलाणं इयराण वि सेस ति-तिभेदा" (द्र.स्व.प्र.१५) इति **द्रव्यस्वभावप्रकाश**वचनमपि ***व्याख्यातम्***। तदुक्तम् **आलापपद्धतौ** अपि "ज्ञान-दर्शन-सुख-वीर्याणि, स्पर्श-रस-गन्ध-वर्णाः, गतिहेतुत्वम्, स्थितिहेतुत्वम्, अवगाहनहेतुत्वम्, वर्त्तनाहेतुत्वम्, चेतनत्वम्, अचेतनत्वम्, मूर्त्तत्वम्, अमूर्त्तत्वं द्रव्याणां षोडश विशेषगुणाः। प्रत्येकं जीव-पुद्गलयोः षट्, इतरेषां प्रत्येकं त्रयो गुणाः" (आ.प.पृ.२) इति।

तत्र मत्यादिज्ञानपञ्चक-मत्यज्ञानादित्रितयभेदेन ज्ञानम् अष्टधा, चक्षुरचक्षुरवधि-केवलभेदेन दर्शनं चतुर्धा, इन्द्रियजाऽतीन्द्रियभेदेन सुखमपि द्विविधम्, क्षायोपशमिक-क्षायिकभेदेन वीर्यं = शक्तिः द्विधा, शुक्लादयः पञ्च वर्णाः, तिक्तादयः पञ्च रसाः, सुरभि-दुरभिभेदेन द्वौ गन्धौ, शीतादयः स्पर्शा अष्टौ इति अवान्तरप्रकारमिलनेन चतुश्चत्वारिंशद् विशेषगुणाः ज्ञेयाः। तदुक्तं **द्रव्य-**

સ્થિતિહેતુત્વ, અચેતનત્વ, અમૂર્તત્વ - આ ત્રણ વિશેષ ગુણો છે. (૫) આકાશદ્રવ્યમાં અવગાહનાહેતુતા, અચેતનત્વ, અમૂર્ત્તત્વ - આ ત્રણ વિશેષ ગુણો છે. (૬) કાલદ્રવ્યમાં વર્ત્તનાહેતુતા, અચેતનત્વ, અમૂર્ત્તત્વ - આ ત્રણ વિશેષ ગુણો છે. આ રીતે દરેક દ્રવ્યમાં વિશેષ ગુણોની વિચારણા કરવી.

### ❀ શેષ ચાર દ્રવ્યમાં ત્રણ વિશેષ ગુણ ❀

**(एतेन.)** **દ્રવ્યસ્વભાવપ્રકાશ** ગ્રંથમાં જણાવેલ છે કે 'જીવમાં અને પુદ્ગલમાં છ જ ગુણો છે. તથા બીજા દ્રવ્યોના પણ બાકીના ત્રણ-ત્રણ વિશેષ ગુણો છે.' આ વચનની પણ સમજણ ઉપર જણાવેલ વિગત દ્વારા મેળવી લેવી. **આલાપપદ્ધતિ** ગ્રંથમાં પણ જણાવેલ છે કે "જ્ઞાન-દર્શન-સુખ-વીર્ય, સ્પર્શ-રસ-ગંધ-વર્ણ, ગતિહેતુતા, સ્થિતિહેતુતા, અવગાહનહેતુતા, વર્ત્તનાહેતુતા, ચેતનતા, અચેતનતા, મૂર્ત્તત્વ અને અમૂર્ત્તત્વ - આ દ્રવ્યોના ૧૬ વિશેષ ગુણો છે. જીવ અને પુદ્ગલ - આ પ્રત્યેક દ્રવ્યમાં છ વિશેષ ગુણો છે. બાકીના ચાર દ્રવ્યોમાં પ્રત્યેકની અંદર ત્રણ-ત્રણ વિશેષ ગુણો હોય છે."

### ❀ ૪૪ વિશેષ ગુણની છણાવટ ❀

**(तत्र.)** વિશેષગુણોમાં મતિ આદિ પાંચ જ્ઞાન તથા મતિઅજ્ઞાન વગેરે ત્રણ અજ્ઞાન હોય છે - આમ જ્ઞાન આઠ પ્રકારે છે. ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, અવધિદર્શન, કેવલદર્શન - આ ભેદથી દર્શન ચાર પ્રકારે છે. ક્ષાયોપશમિક અને ક્ષાયિક ભેદથી શક્તિ બે પ્રકારે છે. ઈન્દ્રિયજન્ય સુખ અને અતીન્દ્રિય સુખ - આમ સુખ પણ બે પ્રકારે છે. શુક્લ-પીત-રક્ત-નીલ-કૃષ્ણ - આમ પાંચ પ્રકારે વર્ણના = રૂપના ભેદ પડે છે. કડવો, તીખો, ખાટો, મીઠો, તૂરો - આમ પાંચ પ્રકારે રસ હોય છે. સુરભિ-દુરભિ ભેદથી ગંધ બે પ્રકારે છે. શીત, ઉષ્ણ, ગુરુ, લઘુ, રૂક્ષ, સ્નિગ્ધ, કર્કશ, મૃદુ - આમ આઠ પ્રકારે સ્પર્શ હોય છે. આથી ૧૬ પ્રકારના વિશેષ ગુણોના અવાન્તર ભેદોની ગણતરી કરવાથી કુલ ૪૪ પ્રકારના વિશેષ ગુણો છે - તેમ જાણવું. તેથી **દ્રવ્યસ્વભાવપ્રકાશ** ગ્રંથમાં જણાવેલ છે કે 'અહીં જ્ઞાનના

1. षडेव जीव-पुद्गलयोः इतरेषामपि शेषास्त्रित्रिभेदाः।

**स्वभावप्रकाशे** [1]"अट्ठ चदु णाण-दंसणभेया सत्ति-सुहस्स इह दो दो। वण्ण-रस पंच, गंधा दो, फासा अट्ठ णायव्वा।।" (द्र.स्व.प्र.१४) इति।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – ज्ञाने केवलज्ञानस्य, दर्शने केवलदर्शनस्य, सुखे अतीन्द्रियसुखस्य शक्तौ च क्षायिकशक्तेः विशुद्धतमविशेषगुणत्वम्। ततश्च (१) तत्प्रादुर्भाव एवाऽखिलाऽऽत्मार्थिनां परमं लक्ष्यम्। (२) अमूढलक्ष्या आत्मार्थिनः आराधनावसरे इदम् आध्यात्मिकं लक्ष्यं नैव विस्मरन्ति। (३) एतल्लक्ष्यबाधिकाम् (४) एतल्लक्ष्यविस्मारिकां वा प्रवृत्तिं ते नैव विदधति। (५) अधिकृतलक्ष्यप्रापिकायां प्रवृत्तौ ते नैवोद्विजन्ति। (६) तथाविधसाधनाप्रणालिकया अहङ्कारादिभावाऽजीर्णाऽयोगेन ते नाऽऽध्यात्मिकलक्ष्याद् दूरमपसरन्ति। (७) शीघ्रं निर्विघ्नतया परमप्रयोजनसिसाधयिषा-तदुपायमीमांसा-तदुपायपरायणता-जागृत्यादिकमात्मार्थिषु दृश्यते।

दर्शितसप्तविषयावधान एव तात्त्विकम् आत्मार्थित्वं प्रादुर्भवतीत्युपदेशः। ततश्चैव "यः शाश्वतः शिवावासः कृत्यपारमुपागतः। परमात्मा सदानन्दः सर्वज्ञः परमेश्वरः।।" (न.त.सं.८) इति **नवतत्त्वसंवेदने अम्बप्रसाद**प्रदर्शितः शुद्धात्मा शीघ्रं प्रादुर्भवेत्।।११/३।।

---

આઠ ભેદ, દર્શનના ચાર ભેદ, શક્તિના બે ભેદ, સુખના બે ભેદ, વર્ણના અને રસના પાંચ-પાંચ ભેદ, ગંધના બે ભેદ, સ્પર્શના આઠ ભેદ જાણવા.'

### ❀ વિશેષ ગુણનો ઉપદેશ ❀

[illegible] :- જ્ઞાનમાં કેવલજ્ઞાન, દર્શનમાં કેવલદર્શન, સુખમાં અતીન્દ્રિય સુખ, શક્તિમાં ક્ષાયિક શક્તિ - આ ચાર વિશેષગુણો વિશુદ્ધતમ છે.

(૧) તેથી તેને પ્રગટ કરવા એ જ પ્રત્યેક આત્માર્થી જીવનું પરમ લક્ષ્ય છે.

(૨) અમૂઢલક્ષ્યવાળા જીવો સાધના કરતી વખતે આ આધ્યાત્મિક લક્ષ્યને ચૂકતા નથી.

(૩) આ લક્ષ્યને સિદ્ધ કરવામાં બાધક બને તેવી પ્રવૃત્તિ તેઓ કરતા નથી.

(૪) લક્ષ્યને ભૂલાવી દે તેવી કોઈ પણ પ્રવૃત્તિ તેઓ કરતા નથી.

(૫) આ લક્ષ્યની નજીક પહોંચાડે તેવી પ્રવૃત્તિમાં આત્માર્થી જીવો જરા ય કંટાળતા નથી.

(૬) સાધના કરવાની પદ્ધતિ પણ તેવી જ હોય છે કે સાધનાનું અહંકારાદિરૂપે અજીર્ણ તેઓને થતું નથી. તેથી તેઓ લક્ષ્યથી દૂર જતા નથી.

(૭) બહુ ઝડપથી નિર્વિઘ્નતયા મુખ્ય લક્ષ્યને સિદ્ધ કરવાની ઝંખના, તેના ઉપાયની વિચારણા, સાધનામાં તત્પરતા, મોહોદય વખતે સાવધાની-જાગૃતિ આત્માર્થી જીવોમાં વણાયેલી જોવા મળે છે.

**(દર્શિ.)** આ સાત બાબતમાં સદા લક્ષ્ય ટકી રહે તો જ તાત્ત્વિક આત્માર્થીપણું પ્રગટ થઈ શકે. તથા તેનાથી જ **નવતત્ત્વસંવેદન**માં દર્શાવેલ શુદ્ધાત્મા શીઘ્રતાથી પ્રગટે. શ્રાદ્ધવર્ય **અંબપ્રસાદ**જીએ ત્યાં જણાવેલ છે કે 'જે શાશ્વત, મુક્તિપુરીવાસી, કર્તવ્યના પારને પામેલ, સદાઆનંદમય, સર્વજ્ઞ, પરમેશ્વર છે તે જ પરમાત્મા = શુદ્ધાત્મા છે.' (૧૧/૩)

---

1. अष्टौ चत्वारो ज्ञान-दर्शनभेदाः शक्ति-सुखयोरिह द्वौ द्वौ। वर्ण-रसाः पञ्च, गन्धौ द्वौ, स्पर्शा अष्ट ज्ञातव्याः।।

ચેતનત્વાદિ ૪ સામાન્યગુણમાંહિં પણિ કહિયા છઈ♦, અનઈં વિશેષગુણમાંહિં પણિ કહિયા છઈ♦ તિહાં✡ સ્યૂં કારણ ? તે કહઈ છઈ –

**ચેતનતાદિક ચ્યારે સ્વજાતિં ગુણ સામાન્ય કહાઈ ⌘ જી,**
**વિશેષ ગુણ પરજાતિઅપેક્ષા ગ્રહતાં ચિત્તિ સુહાઈ જી;**
**વિશેષ ગુણ છઈ સૂત્રઈં ભાખિઆ, બહુસ્વભાવ આધારો જી,**
**અર્થ તેહ કિમ ગણિઆ જાઈ, એહ⁕ થૂલ •વ્યવહારો જી ॥૧૧/૪॥ (૧૮૬)**

**ચેતનત્વાદિ** ૪ ❖ગુણ (**સ્વજાતિં=**) સ્વજાત્યપેક્ષાઈં અનુગત વ્યવહાર કરઈ છઈ. તે માટઈં **સામાન્યગુણ**

---

ननु चेतनत्वादयः चत्वारो दशसु सामान्यगुणेष्वपि दर्शिताः विशेषगुणषोडशकेऽपि ते प्रदर्शिताः तत्र किं प्रयोजनम् ? इत्याशङ्कायाम् – '**चेतनते**'त्यादि व्याचष्टे।

**चेतनतादयश्चत्वारः स्वजात्या सामान्यगुणाः सन्ति,**
**परजात्या व्यावृत्तिकरणे च विशेषगुणास्त एव भवन्ति।**
**स्थूलव्यवहृत्येदमनन्ताः, सौक्ष्म्येण विशेषगुणा येन**
**सूत्राणि विशेषगुणान् बहुस्वभावाश्रयतया खलु वदन्ति।।११/४।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – चेतनतादयः चत्वारः स्वजात्या सामान्यगुणाः सन्ति। परजात्या च व्यावृत्तिकरणे ते एव विशेषगुणाः भवन्ति। स्थूलव्यवहृत्या इदं (ज्ञेयं), येन सौक्ष्म्येण विशेषगुणाः अनन्ताः (वर्त्तन्ते)। सूत्राणि खलु बहुस्वभावाश्रयतया विशेषगुणान् वदन्ति।।११/४।।

**चेतनतादयः** = चैतन्याऽचैतन्य-मूर्त्तत्वाऽमूर्त्तत्वलक्षणाः **चत्वारः स्वजात्या** = स्वजात्यपेक्षया

---

**અવતરણિકા** :- 'ચેતનતા, અચેતનતા, મૂર્ત્તત્વ અને અમૂર્ત્તત્વ - આ ચાર ગુણો પૂર્વે દસ સામાન્ય ગુણોમાં પણ બતાવેલા હતા. તથા ત્રીજા શ્લોકમાં ૧૬ પ્રકારના વિશેષગુણોમાં પણ તે દર્શાવેલા છે. તેનું શું પ્રયોજન છે ?' આવો પ્રશ્ન ઉપસ્થિત થાય તો તેના સમાધાન માટે ગ્રંથકારશ્રી જણાવે છે કે :-

## સામાન્ય-વિશેષ ગુણોનો અનુવેધ

**શ્લોકાર્થ** :- ચેતનતા વગેરે ચાર ગુણો સ્વજાતિની અપેક્ષાએ સામાન્યગુણ છે. તથા પરજાતિની અપેક્ષાએ વ્યાવૃત્તિ = પરદ્રવ્યબાદબાકી કરે તો તે જ વિશેષગુણ બને છે. આ વાત સ્થૂલ વ્યવહારથી કરેલ છે. કારણ કે સૂક્ષ્મ દૃષ્ટિથી તો વિશેષ ગુણો અનંતા છે. ખરેખર, આગમસૂત્રો 'વિશેષગુણો બહુસ્વભાવનો આશ્રય બને છે' - આ રીતે વિશેષગુણોને વર્ણવે છે. (૧૧/૪)

**વ્યાખ્યાર્થ** :- ચૈતન્ય, અચૈતન્ય, મૂર્ત્તત્વ, અમૂર્ત્તત્વ - આ ચાર સ્વજાતિની અપેક્ષાએ સામાન્ય ગુણો છે તથા કહેવાય છે. કેમ કે પોતાના આશ્રયમાં તે ગુણો અનુગત બુદ્ધિના ઉત્પાદક છે.

---

♦ પુસ્તકોમાં 'છઈ' પાઠ નથી. આ.(૧)+કો.(૧૩)માં છે. ✡ આ.(૧)માં 'તેનું' પાઠ. ⌘ મો.(૨)માં 'કહાઈ' પાઠ નથી. ⁕ કો.(૨)માં 'પુદ્ગલ' પાઠ. • આ.(૧)માં 'વિવ...' પાઠ. ❖ પુસ્તકોમાં 'ગુણ' નથી. આ.(૧)માં છે.

કહિયઈ *ઇતિ ભાવ*.

**પરજાતિની અપેક્ષાઈ** ચેતનત્વાદિક *અચેતનાદિક દ્રવ્યથી સ્વાશ્રયવ્યાવૃત્તિ♦ કરઈ છઈ. તે માટઈ **વિશેષ** ગુણ કહિઈ. (ઈમ **ગ્રહતાં ચિત્તિ સુહાઈ**) **"परापरसामान्यवत् सामान्य-विशेषगुणत्वमेषाम्" इति भावः***।

**सामान्यगुणाः सन्ति** उच्यन्ते च, स्वाश्रये अनुगतबुद्धिजनकत्वात्।

**परजात्या च** = परजात्यपेक्षया पुनः **व्यावृत्तिकरणे** = स्वाश्रयस्य अन्यद्रव्येभ्यो व्यतिरेकसम्पादने **त एव** चेतनतादयः चत्वारो **विशेषगुणा भवन्ति**। चैतन्यं सर्वचेतनद्रव्येषु अनुवर्त्तमानं सद् अनुगतबुद्धिं जनयतीति सामान्यगुण उच्यते, अखिलाऽचेतनद्रव्येभ्यो व्यावर्तमानं सत् स्वाश्रयेऽचेतनद्रव्यव्यावृत्तिबुद्धिं जनयतीति विशेषगुण उच्यते। एवमचेतनत्वादिषु त्रिषु भावनीयम्। इत्थञ्च पृथिवीत्वादीनां परमते पराऽपरसामान्यत्वमिव चेतनत्वादीनां चतुर्णां सामान्य-विशेषगुणत्वं सिध्यतीति भावः।

इदमेवाभिप्रेत्य **द्रव्यस्वभावप्रकाशे** [1]"चेदणमचेदणा तह मुत्तममुत्तावि चरिम जे भणिया। सामण्ण सजाईणं ते वि विसेसा विजाईणं।।" (द्र.स्व.प्र.१६) इत्युक्तम्।

(**पर.**) તથા પરજાતિની અપેક્ષાએ સ્વાશ્રયની અન્ય દ્રવ્યોથી વ્યાવૃત્તિનું = બાદબાકીનું = ભેદબુદ્ધિનું ઉત્પાદન કરે તો તે જ ચૈતન્ય વગેરે ચારેય ગુણો વિશેષગુણ કહેવાય છે. દા.ત. સર્વ ચેતન દ્રવ્યોમાં અનુગત = સાધારણ એવું ચૈતન્ય 'આ ચેતન છે. તે ચેતન છે' - આવી અનુગત બુદ્ધિને ઉત્પન્ન કરે છે. તેથી તે સાધારણ ગુણ = સામાન્ય ગુણ કહેવાય છે. તથા તમામ અચેતન દ્રવ્યોમાંથી રવાના થતું ચૈતન્ય પોતાના આશ્રયમાં = ચેતનમાં 'આ અચેતન નથી' એવી અચેતનદ્રવ્યની વ્યાવૃત્તિને = ભેદબુદ્ધિને ઉત્પન્ન કરે છે. તેથી તે વિશેષગુણ = વ્યાવર્તકગુણ = વ્યાવૃત્તિબુદ્ધિજનક ગુણ = સ્વાશ્રયવ્યાવૃત્તિબુદ્ધિજનક ગુણ કહેવાય છે. આ રીતે અચૈતન્ય, મૂર્ત્તત્વ અને અમૂર્ત્તત્વ - આ ત્રણ ગુણમાં પણ અનુવૃત્તિબુદ્ધિજનકતાના નિમિત્તે સામાન્યગુણરૂપતા તથા વ્યાવૃત્તિબુદ્ધિકારણતાના નિમિત્તે વિશેષગુણરૂપતા વિચારી લેવી. જેમ નૈયાયિક વગેરે પરદર્શનીઓના મતમાં પૃથ્વીત્વ વગેરે જાતિ પરસામાન્ય અને અપરસામાન્ય કહેવાય છે તેમ જૈન દર્શનમાં ચૈતન્ય વગેરે ચારેય ભાવો સામાન્યગુણસ્વરૂપ અને વિશેષગુણસ્વરૂપ સિદ્ધ થાય છે. આ પ્રમાણે અહીં આશય છે.

## અપેક્ષાભેદથી ગુણસ્વરૂપભેદ

(**इदमे.**) આ જ અભિપ્રાયથી **દ્રવ્યસ્વભાવપ્રકાશ** ગ્રંથમાં જણાવેલ છે કે 'ચેતના, અચેતના, મૂર્ત્તતા અને અમૂર્ત્તતા - આ પ્રમાણે જે છેલ્લે ચાર ગુણો બતાવ્યા તે સ્વજાતિની અપેક્ષાએ સામાન્ય ગુણ છે તથા વિજાતિની = પરજાતિની અપેક્ષાએ તે વિશેષગુણ છે.'

**[illegible]** :- ચેતનત્વ ગુણ જીવમાં જ મળે છે અને જીવદ્રવ્ય તો અનંત છે અને તે સર્વમાં ચેતનત્વ ગુણ મળે છે. આ અપેક્ષાએ તે સામાન્ય ગુણ છે. પણ અચેતન દ્રવ્યોની અપેક્ષાએ તે જ વિશેષ ગુણ

*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. આ.(૧)માં છે. * પુસ્તકોમાં 'અચેતનત્વાદિક' પાઠ. કો.(૧૦+૧૧)નો પાઠ લીધો છે. ♦ લી.(૧)માં 'સ્વાશ્રયવૃત્તિ' પાઠ. * કો.(૧૩)માં '**ज्ञेयः**' પાઠ.

1. चेतनमचेतना तथा मूर्त्तममूर्त्तमपि चरमा ये भणिताः। सामान्याः स्वजातीनां तेऽपि विशेषाः विजातीनाम्।।

***एतेन*** सामान्यगुणेषु विशेषगुणेषु च चैतन्यादीनां चतुर्णामुक्तेः पौनरुक्त्यमिति ***निरस्तम्,*** उपधेयसाङ्कर्येऽपि उपाध्यसाङ्कर्यात्। न ह्यनुगतबुद्धिजनकत्व-व्यावृत्तिबुद्धिजनकत्वलक्षणयोः उपाध्योः ऐक्यं कस्यचिदपि सम्मतम्।

***अत एव*** "अन्तस्थाः चत्वारो गुणाः स्वजात्यपेक्षया सामान्यगुणाः, विजात्यपेक्षया त एव विशेषगुणाः" (आ.प.पृ.३) इति **आलापपद्धतिवचनमपि** ***व्याख्यातम्,*** स्वजात्यपेक्षया अनुगतबुद्धिजनकत्वस्य परद्रव्यगतजात्यपेक्षया च व्यावृत्तिधीहेतुत्वस्य तत्र अवगमात्।

---

છે. અચેતનત્વ ગુણ પાંચેય અચેતન દ્રવ્યોમાં મળે છે. તેથી તે સામાન્ય ગુણ છે પણ ચેતન જીવમાં ન હોવાથી તે જ વિશેષ ગુણ બની જાય છે. મૂર્ત્તત્વ ગુણ માત્ર પુદ્ગલ દ્રવ્યોમાં જ મળે છે અને પુદ્ગલ દ્રવ્ય તો જીવો કરતાં પણ અનંતગુણ છે. આ અપેક્ષાએ તે સામાન્ય ગુણ છે. પણ અમૂર્ત્ત દ્રવ્યોમાં ન હોવાથી તે જ વિશેષ ગુણ બની જાય છે. અમૂર્ત્તત્વ ગુણ પુદ્ગલ સિવાય બાકી બધા દ્રવ્યોમાં મળે છે. આથી તે સામાન્ય ગુણ છે. પણ પુદ્ગલ દ્રવ્યમાં ન મળતું હોવાથી તે જ વિશેષ ગુણ છે. આ કારણે આ ચાર ગુણોની ગણના સામાન્ય તેમજ વિશેષ ગુણોમાં કરેલ છે. આ પ્રમાણે **દ્રવ્યસ્વભાવપ્રકાશકાર**નો આશય જણાય છે.

## ઉપધેયસાંકર્ય, ઉપાધિમાં અસાંકર્ય

**(एतेन.)** 'સામાન્ય ગુણોમાં અને વિશેષ ગુણોમાં ચૈતન્ય વગેરે ચાર ગુણોનો નિર્દેશ કરવાથી પુનરુક્તિ દોષ આવશે' - આવી દલીલનું પણ નિરાકરણ ઉપરોક્ત કથન દ્વારા થઈ જાય છે.

**(उप.)** આનું કારણ એ છે કે પ્રસ્તુતમાં ઉપધેયસાંકર્ય હોવા છતાં પણ ઉપાધિમાં સાંકર્ય નથી. અહીં ઉપાધિ એટલે અવચ્છેદકધર્મ. તેનાથી અવચ્છિન્ન = વિશિષ્ટ બને તે ઉપધેય કહેવાય. ચૈતન્ય ગુણમાં રહેનાર અનુગતબુદ્ધિજનકતા અને વ્યાવૃત્તિબુદ્ધિજનકતા સ્વરૂપ અવચ્છેદકધર્મ = ઉપાધિ વિભિન્ન છે. તેમાં સાંકર્ય = ઐક્ય કોઈને પણ માન્ય નથી. તે બન્નેનો આશ્રય ચૈતન્ય ગુણ બને છે. તે ભલે એક હોય. આમ ઉપધેય સંકીર્ણ = એક હોવા છતાં પણ ઉપાધિ = અવચ્છેદકધર્મ તો અસંકીર્ણ = વિભક્ત જ હોવાના લીધે પુનરુક્તિ દોષને અવકાશ નથી. ચૈતન્ય ગુણની જેમ અચૈતન્ય વગેરે ત્રણેય ગુણોમાં પણ ઉપધેયસાંકર્ય હોવા છતાં ઉપાધિના અસાંકર્યની વિચારણા સમજી લેવી.

## એકત્ર વિરોધી ધર્મનો સમાવેશ

**(अत एव.)** "છેલ્લા ચાર ચૈતન્ય આદિ ગુણો સ્વજાતિની અપેક્ષાએ સામાન્યગુણો છે. તથા વિજાતિની = પરજાતિની (= પરદ્રવ્યગત જાતિની) અપેક્ષાએ તે જ ચૈતન્ય આદિ ચાર વિશેષગુણો છે" - આ પ્રમાણે **આલાપપદ્ધતિ** ગ્રંથમાં જે કહેલ છે તેની પણ સ્પષ્ટતા ઉપરોક્ત રીતે થઈ જાય છે. કેમ કે ચૈતન્ય આદિ ચારેય ગુણોમાં સ્વજાતિની અપેક્ષાએ અનુગતબુદ્ધિજનકત્વ નામના ગુણધર્મનો તથા પરદ્રવ્યગત જાતિની અપેક્ષાએ વ્યાવૃત્તિબુદ્ધિજનકત્વ નામના ગુણધર્મનો સમાવેશ કરવો ત્યાં અભિપ્રેત છે - તેમ સમજી શકાય છે.

"જ્ઞાન, દર્શન, સુખ, વીર્ય એ ૪ આત્મવિશેષગુણ, **સ્પર્શ, રસ, ગંધ, વર્ણ** એ ૪ પુદ્ગલ વિશેષગુણ."
▸એવ રના **વિશેષ ગુણ** જે **સૂત્રેં** (ભાખિયા=) કહ્યા,◂ તે (=એહ) **સ્થૂલ વ્યવહારઈં** જાણવું.

***एतेन*** चेतनत्वादीनां सामान्यगुणत्वे विशेषगुणा द्वादश, विशेषगुणत्वे वा सामान्यगुणाः षडेवेति एकान्तोऽपि ***प्रत्याख्यातः***, उपाधिभेदेन उभयत्रैव तेषां समावेशात्। ततश्च सुष्ठूक्तं **बृहन्नयचक्रे** [1]"दव्वाणं सहभूदा सामण्ण-विसेसदो गुणा णेया। सव्वेसिं सामण्णा दह भणिया, सोलस विसेसा।।" (बृ.न.च.११) इति।

**देवसेनेन आलापपद्धति**प्रमुखग्रन्थे 'ज्ञान-दर्शन-सुख-वीर्याभिधानाः चत्वार एव आत्मन विशेषगुणाः स्पर्श-रस-गन्ध-वर्णाख्याश्च चत्वार एव पुद्गलद्रव्यस्य विशेषगुणा' इत्यादि यदुक्तं तद् **इदं स्थूल-व्यवहृत्या** = स्थूलव्यवहारनयानुसारेण विज्ञेयम्, **येन** कारणेन **सौक्ष्म्येण** = सूक्ष्मदृष्ट्या तु **विशेषगुणा अनन्ताः** भवन्ति।

**सूत्राणि** = आगमसूत्राणि **खलु** विवक्षाभेदेन **बहुस्वभावाश्रयतया** नानाभेदभिन्नतया **विशेषगुणान्**

### ❋ ઉપાધિભેદથી વિભિન્ન વિભાગમાં સમાવેશ ❋

**(एतेन चेत.)** "ચૈતન્ય વગેરે સામાન્ય ગુણ છે કે વિશેષ ગુણ ? જો તે સામાન્ય ગુણ હોય તો તેની વિશેષ ગુણમાંથી બાદબાકી થવાથી વિશેષ ગુણ ફક્ત ૧૨ જ રહેશે, ૧૬ નહિ. તથા જો તે ચૈતન્યાદિ ચારેય વિશેષ ગુણ સ્વરૂપ હશે તો સામાન્ય ગુણોમાંથી તેની બાદબાકી થવાથી સામાન્ય ગુણો છ જ રહેશે, દસ નહિ" - આમ બોલનારા એકાન્તવાદીનું પણ ઉપરોક્ત કથન દ્વારા નિરાકરણ થઈ જાય છે. કારણ કે અનુગતબુદ્ધિજનકત્વ અને વ્યાવૃત્તિબુદ્ધિજનકત્વ સ્વરૂપ જુદી-જુદી ઉપાધિની = અવચ્છેદકધર્મની વિવક્ષાથી તે ચારેય સામાન્યગુણસ્વરૂપ અને વિશેષગુણસ્વરૂપ બની શકે છે. તેથી તે ચારેયનો સામાન્યગુણવિભાગમાં અને વિશેષગુણવિભાગમાં પ્રવેશ થઈ શકે છે. આમ સામાન્ય ગુણો ૧૦ અને વિશેષ ગુણો ૧૬ થાય છે. તેથી **બૃહદ્નયચક્ર** ગ્રંથમાં સરસ વાત કરી છે કે 'દ્રવ્યોમાં જે સહભાવી ધર્મો હોય તેને ગુણ કહેવાય. તે સામાન્યરૂપે અને વિશેષરૂપે જાણવા. સર્વ દ્રવ્યોમાં કુલ સામાન્ય ગુણો દસ તથા વિશેષ ગુણો સોળ કહેવાયેલા છે.'

### ❋ દેવસેનમત સ્થૂલવ્યવહારસંમત ❋

**(देवसेने.)** દિગંબર **દેવસેનજીએ આલાપપદ્ધતિ** વગેરે ગ્રંથોમાં 'જ્ઞાન, દર્શન, સુખ, શક્તિ - આ નામના ફક્ત ચાર વિશેષ ગુણો જ આત્મામાં રહે છે. તથા સ્પર્શ, રસ, ગંધ, વર્ણ - નામના ફક્ત ચાર વિશેષ ગુણો જ પુદ્ગલ દ્રવ્યના વિશેષગુણ છે' - ઈત્યાદિ જે વાત કરેલ છે, તે સ્થૂલ વ્યવહારનયની અપેક્ષાએ જાણવી. કારણ કે સૂક્ષ્મ દૃષ્ટિથી તો વિશેષગુણો અનંતા થાય છે.

### ❋ સૂક્ષ્મ દૃષ્ટિએ વિશેષ ગુણો અનંતા ❋

**(सूत्राणि.)** ખરેખર આગમસૂત્રો અનેક સ્વભાવના આધાર સ્વરૂપે વિશેષગુણોને જણાવે છે. જુદી

▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. આ.(૧)માં છે.

1. द्रव्याणां सहभूताः सामान्य-विशेषतो गुणा ज्ञेयाः। सर्वेषां सामान्या दश भणिताः, षोडश विशेषाः।।

જે માટઈં "**अष्टौ सिद्धगुणाः, एकत्रिंशत् सिद्धादिगुणाः, एकगुणकालकादयः पुद्गला अनन्ताः**" ઇત્યાદિ સૂત્રાર્થ*વિચારણાઇં (**બહુસ્વભાવ આધારો**) વિશેષગુણ અનંતા થાઈ છે. **તે** (**અર્થ**) છદ્મસ્થ **કિમ ગણી**

**वदन्ति**। इदं सूत्रशैल्या विज्ञायते। तथाहि – [1]"नाणं च दसणं चेव अव्वाबाहं तहेव सम्मत्तं। अक्खयठिई अरूवं अगुरुलघू वीरियं हवई।।" (आ.प्र.४/१५०) इति **आत्मप्रबोधे जिनलाभसूरि**सन्दृब्धे, [2]"सम्मत्त-णाण -दंसण-वीरिय-सुहुमं तहेव अवगहणं। अगुरुलहुगं अव्वाबाहं अट्ठगुणा–हुंति सिद्धाणं।।" (प.प्र. गाथा ६१ वृत्तौ उद्धृतेयं गाथा) इत्येवं च **परमात्मप्रकाशव्याख्यो**द्धृतगाथायाम् अष्टौ सिद्धगुणाः दर्शिताः। [3]"इगतीसाए सिद्धाइगुणेहिं" (आ.सू.पगामसिज्झाय) इति **आवश्यकसूत्रेण** [4]"एक्कतीसं सिद्धाइगुणा पण्णत्ता" (सम.३१) इति च **समवायाङ्गसूत्रेण** तु एकत्रिंशत् सिद्धगुणाः प्रतिपाद्यन्ते। पूर्वम् (१०/२०) **आचाराङ्ग**संवादेन ते इहोपदर्शिताः अनुसन्धेयाः। क्षायोपशमिकगुणाभावापेक्षया ते सिद्धा विगुणा अपि उच्यन्ते, सूक्ष्मदृष्ट्या चानन्तगुणा अपि ते भवन्ति। [5]"जेऽणंतगुणा विगुणा इगतीसगुणा य अहव अट्ठगुणा। सिद्धाणंतचउक्का ते सिद्धा दिंतु मे सिद्धिं।।" (न.मा.३६) इति **नवपदमाहात्म्यगर्भितप्रकरण**गाथाऽप्यत्र स्मर्तव्या। **सङ्ग्रहशतके** (गाथा-१००) अपीदृशी गाथा शब्दलेशभेदतो वर्त्तते। न च ते सर्वे देवसेनोपदर्शिते

જુદી વિવક્ષાથી વિવિધ સ્વભાવો વિશેષ ગુણોમાં રહે છે. તેથી અનેક પ્રકારો પડવાથી વિશેષગુણો વિવિધ બની જાય છે - તેવું આગમસૂત્રોની શૈલીથી જણાય છે. તે આ રીતે સમજવું. **આત્મપ્રબોધ** ગ્રંથમાં શ્રી**જિનલાભસૂરિ**જીએ સિદ્ધ ભગવંતના આઠ ગુણ આ મુજબ જણાવેલ છે કે "(૧) જ્ઞાન, (૨) દર્શન, (૩) અવ્યાબાધ (પીડારહિત આનંદ), (૪) સમ્યક્ત્વ, (૫) અક્ષયસ્થિતિ, (૬) અરૂપીપણું, (૭) અગુરુલઘુ તથા (૮) વીર્ય = શક્તિ - આ આઠ ગુણ સિદ્ધમાં હોય છે." તથા "(૧) સમ્યક્ત્વ, (૨) જ્ઞાન, (૩) દર્શન, (૪) શક્તિ, (૫) સૂક્ષ્મતા, (૬) અવગાહના, (૭) અગુરુલઘુ અને (૮) અવ્યાબાધ - આમ સિદ્ધ ભગવંતના આઠ ગુણો હોય છે" - આવું **પરમાત્મપ્રકાશ** ગ્રંથની **વ્યાખ્યા**માં ઉદ્ધૃત કરેલી ગાથામાં દર્શાવેલ છે. જ્યારે **આવશ્યકસૂત્ર**માં અને **સમવાયાંગસૂત્ર**માં સિદ્ધ ભગવંતના ૩૧ મુખ્ય ગુણો દર્શાવેલા છે. પૂર્વે (૧૦/૨૦) **આચારાંગસૂત્ર**ના સંવાદથી સિદ્ધના એકત્રીશ ગુણો જણાવેલા, તેનું અહીં વાચકવર્ગે અનુસંધાન કરવું. ક્ષાયોપશમિક ગુણનો અભાવ હોવાથી સિદ્ધો વિગુણ = ગુણશૂન્ય પણ કહેવાય છે. સૂક્ષ્મદષ્ટિથી તે અનન્તગુણવાળા પણ હોય છે. પ્રસ્તુતમાં **નવપદમાહાત્મ્યગર્ભિત પ્રકરણ**ની એક ગાથા પણ યાદ કરવા યોગ્ય છે. ત્યાં જણાવેલ છે કે 'જે અનન્તગુણવાળા છે, વિગુણ છે, એકત્રીશગુણયુક્ત છે, અથવા આઠગુણવાળા છે, પ્રસિદ્ધ અનન્તચતુષ્કવાળા છે તે સિદ્ધો મને સિદ્ધિ આપો.' **સંગ્રહશતક**માં પણ થોડાક શબ્દભેદથી આ જ અર્થને જણાવનારી ગાથા આવે છે. પરંતુ આ તમામ વિશેષગુણોનો **દેવસેન**જીએ દર્શાવેલ સોળ વિશેષગુણમાં સમાવેશ થઈ શકતો નથી. કેમ કે

* સિ.માં 'વિચારી' પાઠ. 1. ज्ञानं च दर्शनं चैव अव्याबाधं तथैव सम्यक्त्वम्। अक्षयस्थितिः अरूपम् अगुरुलघुः वीर्यं भवति।। 2. सम्यक्त्व-ज्ञान-दर्शन-वीर्य-सूक्ष्मं तथैव अवगाहनम्। अगुरुलघुकम् अव्याबाधम् अष्टौ गुणा भवन्ति सिद्धानाम्।। 3. एकत्रिंशद्भिः सिद्धादिगुणैः। 4. एकत्रिंशत् सिद्धगुणाः प्रज्ञप्ताः।
5. येऽनन्तगुणा विगुणा एकत्रिंशद्गुणाश्च अथवा अष्टगुणाः। सिद्धानन्तचतुष्काः ते सिद्धाः ददतु मे सिद्धिम्।।

સકઈ ? ❒तस्माद् "धर्मास्तिकायादीनां गति-स्थित्यवगाहना-वर्त्तनाहेतुत्वोपयोग-ग्रहणाख्याः षडेव (विशेषगुणाः)।

विशेषगुणषोडशकेऽन्तर्भवन्ति, अक्षयस्थित्यादीनां ततो विलक्षणत्वादिति।

तथा [1]"एगगुणकालए, दुगुणकालए... जाव अणंतगुणकालए, एवं वन्न-गंध-रस-फास... जाव अणंतगुणलुक्खे। एवं सुहुमपरिणए पोग्गले एवं बादरपरिणए पोग्गले" (भ.सू.५/७/२१७) इत्येवं **भगवतीसूत्रेण** एकगुण -द्विगुणकालकादयोऽनन्ताः विशेषगुणाः पुद्गलेषु सूक्ष्मदृष्ट्या प्रदर्शिताः। तान् सर्वान् विशेषगुणान् कात्स्न्येन छद्मस्थः कथं गणयितुं शक्नुयात् ? ततश्च 'षोडश एव विशेषगुणा ज्ञानादय' इत्यभ्युपगमो **देवसेनस्य** न श्रेयान्।

तस्माद् धर्माऽधर्माऽऽकाश-कालाऽऽत्म-पुद्गलद्रव्याणां क्रमशः गति-स्थित्यवगाहना-वर्त्तनाहेतुत्वोपयोग-ग्रहणाऽऽख्याः षडेव विशेषगुणाः द्रव्यविभाजकोपाधिरूपेण पूर्वमत्रैव दशमशाखायां (१०/४-५-८-१०-२०) व्याख्यातस्वरूपाः इति [2]"गुणओ गमणगुणे" (भ.सू.श.२/१०/११८) इत्यादि**भगवतीसूत्रा**द्यनुसारेणाऽभ्युपगन्तुं युज्यते।

અક્ષયસ્થિતિ વગેરે આત્મગુણો દેવસેનદર્શિત સોળ વિશેષગુણ કરતાં વિલક્ષણ છે.

### ✤ વિશેષગુણ અંગે ભગવતીસૂત્રસંદર્ભ ✤

**(तथा.)** તેમજ **ભગવતીસૂત્ર**માં તો સૂક્ષ્મ દૃષ્ટિથી એકગુણ શ્યામવર્ણ, દ્વિગુણ કાળો વર્ણ... વગેરે અનંતા વિશેષગુણો પુદ્ગલોમાં દર્શાવેલા છે. તે સૂત્રસંદર્ભ આ મુજબ છે - 'પુદ્ગલ દ્રવ્યમાં એકગુણ કૃષ્ણવર્ણ, દ્વિગુણ કૃષ્ણવર્ણ... યાવત્ અનંતગુણ કૃષ્ણવર્ણ હોય છે. આ જ રીતે અન્ય વર્ણ, ગંધ, રસ અને સ્પર્શમાં પણ એકગણો, બમણો, ત્રણ ગણો... વગેરે ભેદો સમજવા. તથા વર્ણ, ગંધ, રસ અને સ્પર્શના અવાન્તર ભેદોની દૃષ્ટિએ વિચારીએ તો છેલ્લે અનંતગુણ રૂક્ષ સ્પર્શ સુધી સમજી લેવું. આ રીતે સૂક્ષ્મપરિણામવાળા પુદ્ગલમાં જાણવું. તે જ રીતે બાદરપરિણામવાળા પુદ્ગલમાં પણ જાણવું.' **ભગવતીસૂત્ર**માં આ રીતે બતાવેલ વર્ણ-ગંધ વગેરે વિશેષ ગુણોના અનંત ભેદોને સંપૂર્ણપણે તો છદ્મસ્થ = અસર્વજ્ઞ જીવ કઈ રીતે ગણી શકે ? તેથી 'જ્ઞાન વગેરે વિશેષગુણો સોળ જ છે' - આવો **દેવસેન**મત વ્યાજબી નથી.

### ✲ વિભક્ત વિશેષગુણ છ આગમસંમત ✲

**(तस्माद्.)** ગુણવિભાગપ્રદર્શક દેવસેનમત વ્યાજબી નથી. તેથી જ ધર્માસ્તિકાયમાં ગતિહેતુત્વ, અધર્માસ્તિકાયમાં સ્થિતિહેતુત્વ, આકાશાસ્તિકાયમાં અવગાહનાહેતુત્વ, કાળમાં વર્ત્તનાહેતુત્વ, આત્મામાં ઉપયોગ અને પુદ્ગલમાં ગ્રહણ (= ગ્રહણયોગ્યતા) નામના જે એક-એક વિશેષગુણ પૂર્વે દશમી શાખામાં વર્ણવેલ તે જ વ્યાજબી છે. કારણ કે 'ગુણની અપેક્ષાએ ધર્માસ્તિકાયદ્રવ્ય ગમનગુણવાળું છે' - ઈત્યાદિ નિર્દેશ **ભગવતીસૂત્ર** વગેરેમાં તે મુજબ જ મળે છે. પૂર્વોક્ત છ જ વિશેષગુણોનો દ્રવ્યવિભાજક ઉપાધિસ્વરૂપે

❒...❒ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ કો.(૧૩)માં નથી. 1. एकगुणकालः, द्विगुणकालः... यावद् अनन्तगुणकालः, एवं वर्णः, गन्धः, रसः, स्पर्शः... यावद् अनन्तगुणरूक्षः। एवं सूक्ष्मपरिणतः पुद्गलः एवं बादरपरिणतः पुद्गलः। 2. गुणतो गमनगुणः।

अस्तित्वादयः सामान्यगुणास्तु विवक्षयाऽपरिमिताः" इत्येव न्याय्यम्।

अस्तित्वादयः सामान्यगुणास्तु पृथक्त्व-परिमाण-परिणामित्व-वाच्यत्वैकत्व-संयोग-विभाग -परत्वाऽपरत्वादिभिः समन्विताः विवक्षयाऽपरिमिताः भवन्ति इत्येवाऽङ्गीकरणं न्याय्यम्।

अत एव पारिणामिकभावनिरूपणावसरे **तत्त्वार्थराजवार्तिके** अस्तित्वाऽन्यत्वादयः जीवाजीववृत्तित्वात् साधारणगुणतया दर्शिताः। तदुक्तम् **अकलङ्कस्वामिना तत्त्वार्थराजवार्तिके** "अस्तित्वान्यत्व-कर्तृत्व-भोक्तृत्व -पर्यायवत्त्वाऽसर्वगतत्वाऽनादिसन्ततिबन्धनबद्धत्व-प्रदेशवत्त्वाऽरूपवत्त्व-नित्यत्वादिसमुच्चयार्थः चशब्दः" (त.रा.वा. २/७/१२) इति। **प्रवचनसारवृत्तौ अमृतचन्द्राचार्येण** अपि "तत्राऽस्तित्वम्, नास्तित्वमेकत्वमन्यत्वम्, द्रव्यत्वम्, पर्यायत्वम्, सर्वगतत्वमसर्वगतत्वम्, सप्रदेशत्वमप्रदेशत्वम्, मूर्त्तत्वममूर्त्तत्वम्, सक्रियत्वमक्रियत्वम्, चेतनत्वम-चेतनत्वम्, कर्तृत्वमकर्तृत्वम्, भोक्तृत्वमभोक्तृत्वमगुरुलघुत्वं चेत्यादयः सामान्यगुणाः" (प्र.सा.२/३ आ.वृ.) इत्युक्तमिति 'दश सामान्यगुणा' इति सामान्यगुणविभागप्रदर्शनं देवसेनस्य नैव युज्यते, न्यूनतादोष-ग्रस्तत्वादिति भावनीयम्।

સ્વીકાર કરવો એ જ વ્યાજબી જણાય છે.

### ❖ દેવસેનસંમત સામાન્યગુણવિભાગ ન્યૂનતાગ્રસ્ત ❖

(**अस्ति.**) તે જ રીતે અસ્તિત્વ વગેરે દેવસેનદર્શિત સામાન્યગુણો પણ ફક્ત તેટલા જ નથી. કારણ કે પૃથક્ત્વ, પરિમાણ, પરિણામિત્વ, વાચ્યત્વ, એકત્વ, સંયોગ, વિભાગ, પરત્વ, અપરત્વ વગેરે પણ સામાન્ય ગુણો જ છે. તેથી તે બધાનો સામાન્યગુણવિભાગમાં ઉમેરો કરવામાં આવે તો તેના સહિત સામાન્ય ગુણો તો વિવક્ષાથી અપરિમિત થઈ જાય - આવું માનવું જ વ્યાજબી છે. તેથી ફક્ત દશ જ સામાન્ય ગુણ નથી.

### ❈ દિગંબરમતે પણ સામાન્યગુણો અનેક છે ❈

(**अत.**) સામાન્ય ગુણો દશ કરતાં વધુ હોવાથી જ **તત્ત્વાર્થરાજવાર્તિક** ગ્રંથમાં પારિણામિક ભાવનું નિરૂપણ કરવાના અવસરે અસ્તિત્વ, અન્યત્વ વગેરે ગુણો જીવ-અજીવમાં વિદ્યમાન હોવાથી સાધારણગુણ તરીકે જણાવેલા છે. આ અંગે દિગંબરાચાર્ય **અકલંકસ્વામી**એ **તત્ત્વાર્થરાજવાર્તિક** ગ્રંથમાં કહેલ છે કે "અસ્તિત્વ, અન્યત્વ, કર્તૃત્વ, ભોક્તૃત્વ, પર્યાયવત્ત્વ, અસર્વગતત્વ, અનાદિસંતતિબંધનબદ્ધત્વ, પ્રદેશવત્ત્વ, અરૂપવત્ત્વ, નિત્યત્વ વગેરેનો સમુચ્ચય કરવા માટે 'ચ' શબ્દનો **તત્ત્વાર્થસૂત્ર**માં પ્રયોગ કરેલ છે." **પ્રવચનસાર** ગ્રંથની વ્યાખ્યામાં દિગંબર **અમૃતચન્દ્રાચાર્ય**એ પણ જણાવેલ છે કે '(૧) અસ્તિત્વ, (૨) નાસ્તિત્વ, (૩) એકત્વ,(૪) અન્યત્વ, (૫) દ્રવ્યત્વ, (૬) પર્યાયત્વ, (૭) સર્વગતત્વ, (૮) અસર્વગતત્વ, (૯) સપ્રદેશત્વ, (૧૦) અપ્રદેશત્વ, (૧૧) મૂર્ત્તત્વ, (૧૨) અમૂર્ત્તત્વ, (૧૩) સક્રિયત્વ, (૧૪) અક્રિયત્વ, (૧૫) ચેતનત્વ, (૧૬) અચેતનત્વ, (૧૭) કર્તૃત્વ, (૧૮) અકર્તૃત્વ, (૧૯) ભોક્તૃત્વ, (૨૦) અભોક્તૃત્વ, (૨૧) અગુરુલઘુત્વ વગેરે સામાન્ય ગુણો છે.' તેથી 'સામાન્યગુણ દશ છે' - આ પ્રમાણે **દેવસેનજી**એ જે સામાન્યગુણવિભાગને જણાવેલ છે તે બિલકુલ સંગત નથી. કારણ કે તેવું માનવામાં નાસ્તિત્વ, એકત્વ વગેરે ગુણોનો સમાવેશ ન થવાના લીધે વિભાગમાં ન્યૂનતા દોષ લાગુ

**"षण्णां लक्षणवतां लक्षणानि षडेव" इति हि को न श्रद्दधीत ?**□

***अथ*** अष्टौ सिद्धगुणाः, एकत्रिंशत् सिद्धगुणाः, पुद्गले चैकगुण-द्विगुणाद्यनन्तगुणपर्यवसानाः कालवर्णादयो विशेषगुणा इति भवद्भिः एव आगमानुसारेण दर्शितत्वात् कथं 'षड्विधा विशेष-गुणाः' इति वचनं श्रद्धेयं स्याद् इति ***चेत्*** ?

***अत्रोच्यते,*** विशेषगुणानां सूक्ष्मदृष्ट्या अनन्तविधत्वेऽपि प्रकृते द्रव्यविभाजकोपाधिरूपेणैव विशेषगुणविभागस्य विवक्षितत्वात्। ततश्च विशेषगुणविभागः षड्विध एव सङ्गतः। 'षण्णां लक्षणवतां लक्षणानि षडेव' इति हि को न श्रद्दधीत ? इदमेवाऽभिप्रेत्य **उत्तराध्ययनसूत्रे**ऽपि [1]"गइलक्खणो उ धम्मो, अहम्मो ठाणलक्खणो। भायणं सव्वदव्वाणं नहं ओगाहलक्खणं।। वत्तणालक्खणो कालो, जीवो उवओगलक्खणो।" (उत्त.२८/९-१०) इत्यादिना प्रतिद्रव्यमेकैकं तल्लक्षणमुक्तम्।

***ननु*** लक्ष्यस्यैक्ये लक्षणमेकमेवेति तु युक्तिवैकल्यात् शपथमात्रश्रद्धेयम्, यद्वा अश्रद्धेयमेव,

પડે છે. આ પ્રમાણે પ્રસ્તુતમાં ઊંડાણથી વિચારવું.

:- (अथ.) તમે જ આગમ મુજબ હમણાં જણાવ્યું કે 'સિદ્ધ ભગવંતના આઠ ગુણ છે, ૩૧ ગુણ છે. તથા પુદ્ગલદ્રવ્યમાં એકગુણ-દ્વિગુણથી માંડીને અનંતગુણ કાળો વર્ણ વગેરે વિશેષગુણો અનંત છે.' તો પછી 'વિશેષગુણો છ જ છે.' આવા તમારા વચનની શ્રદ્ધા કોણ કરશે ?

### ❀ ષડ્વિધ વિશેષગુણવિભાગ સપ્રયોજન ❀

:- (अत्रो.) ના, તમારી શંકા વ્યાજબી નથી. આનું કારણ એ છે કે વિશેષગુણો સૂક્ષ્મ દૃષ્ટિથી અનંત હોવા છતાં પણ પ્રસ્તુતમાં દ્રવ્યવિભાજકઉપાધિસ્વરૂપે જ વિશેષગુણવિભાગ દર્શાવવો અમને વિવક્ષિત છે. તથા તે રીતે તો છ પ્રકારનો જ વિશેષગુણવિભાગ સંગત થાય છે. 'લક્ષ્ય છ હોય તો તેના લક્ષણ પણ કુલ છ જ હોય' - આ વાતની શ્રદ્ધા કોણ ન કરે ? આ જ અભિપ્રાયથી **ઉત્તરાધ્યયનસૂત્ર**માં વિશેષગુણો છ જ જણાવેલ છે. તે આ રીતે કે 'ધર્મદ્રવ્યનું લક્ષણ ગતિ છે. અધર્મદ્રવ્યનું લક્ષણ સ્થિતિ છે. સર્વ દ્રવ્યોનું ભાજન (= આધાર) બનનાર આકાશનું લક્ષણ અવગાહના છે. કાલનું લક્ષણ વર્તના છે. જીવનું લક્ષણ ઉપયોગ છે.' આમ **ઉત્તરાધ્યયનસૂત્ર**માં પ્રત્યેક દ્રવ્યનું એક-એક જ લક્ષણ જણાવેલ છે. તેથી છ દ્રવ્યના લક્ષણરૂપે દ્રવ્યવિભાજકઉપાધિસ્વરૂપે વિશેષગુણો છ જ પ્રકારે સંભવે. આ વાત આગમાનુસારે યુક્તિસંગત જ છે.

### ❀ એક લક્ષ્યના અનેક લક્ષણની મીમાંસા ❀

:- (ननु.) "ભાગ્યશાળી ! 'લક્ષ્ય એક હોય તો લક્ષણ એક જ હોય, અનેક નહિ' - આ વાત હું તમને સોગંદ ખાઈને કહું છું" - આ પ્રમાણે તમે કહો એટલા માત્રથી અમે તમારી વાતનો સ્વીકાર કેમ કરી શકીએ ? કેમ કે તમારી વાતમાં કોઈ યુક્તિ નથી. સોગંદ ખાવા માત્રથી શ્રદ્ધા કરવા યોગ્ય યુક્તિશૂન્ય વાતનો સ્વીકાર કોઈ બુદ્ધિમાન માણસ કઈ રીતે કરે ? અથવા તો તમારી

□...□ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ કો.(૧૩)માં નથી. 1. गतिलक्षणः तु धर्म्मः, अधर्म्मः स्थानलक्षणः। भाजनं सर्व्वद्रव्याणां नभः अवगाहलक्षणम्।। वर्त्तनालक्षणः कालः, जीवः उपयोगलक्षणः।।

[1]**नाणं च दंसणं चेव, चरित्तं च तवो तहा। वीरियं उवओगो य, एयं जीवस्स लक्खणं।।** (उत्त.२८/११, न.त.५)
[2]**सद्दंधयारउज्जोअ, पभा [3]छाया तहेव य। वण्ण-रस-गंध-फासा, पुग्गलाणं तु लक्खणं।।** (उत्त.२८/१२, न.त.११)
**इत्यादि तु**

---

आगमविरोधात्। **उत्तराध्ययनसूत्रे नवतत्त्वप्रकरणे** च [1]"नाणं च दंसणं चेव चरित्तं च तवो तहा। वीरियं उवओगो य एयं जीवस्स लक्खणं।।" (उत्त.२८/११, न.त.५) इत्येवं जीवस्य षड् लक्षणानि ज्ञानादीनि, [2]"सद्दंधयारउज्जोओ पभा छायाऽऽतवुत्ति य। वण्ण-रस-गंध-फासा पुग्गलाणं तु लक्खणं।।" (उत्त.२८/१२, न.त.११) इत्येवं नानाविधानि पुद्गललक्षणानि प्रदर्शितानि। ततः 'लक्ष्यस्य षड्विधत्वे लक्षणानामपि षड्विधत्वमेवे'ति कः श्रद्दधीत ? न हि युक्तिशून्यमागमविरुद्धञ्च वचनं प्राज्ञोऽङ्गीकरोतीति ***चेत्*** ?

***न***, अभिप्रायाऽपरिज्ञानात्। तथाहि – षड्विधजीवलक्षणप्रतिपादकोत्तराध्ययनसूत्रोपस्थितावपि [4]"जीवो उवओगलक्खणो" (उत्त.२८/१०) इत्यु**त्तराध्ययनसूत्रो**क्तिम्, [5]"उवओगलक्खणे णं जीवे" (भ.सू.२/१०/१२०) इति पूर्वोक्तां (१०/२०) **भगवतीसूत्रो**क्तिं च चेतसिकृत्य वाचकवर्येण "उपयोगो लक्षणम्" (त.सू. २/८) इति **तत्त्वार्थसूत्रे** दर्शितत्वाद् इदं सिध्यति यदुत जीवस्य स्वाभाविकलक्षणम् उपयोग एव।

---

ઉપરોક્ત વાત અશ્રદ્ધેય જ છે. કારણ કે તેવું માનવામાં આગમનો વિરોધ આવે છે. આગમવિરોધ આ રીતે આવે છે. **ઉત્તરાધ્યયનસૂત્ર**માં તથા **નવતત્ત્વપ્રકરણ**માં '(૧) જ્ઞાન, (૨) દર્શન, (૩) ચારિત્ર, (૪) તપ, (૫) વીર્ય (= શક્તિ) તથા (૬) ઉપયોગ - આટલા જીવના લક્ષણો છે' - આ પ્રમાણે દર્શાવેલ છે. તથા તે જ બન્ને ગ્રંથમાં પુદ્ગલના પણ અનેક લક્ષણો બતાવેલા છે. તે આ પ્રમાણે - 'શબ્દ, અંધકાર, ઉદ્યોત, પ્રભા, છાયા, આતપ, વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ - આટલા પુદ્ગલના લક્ષણો છે.' આના દ્વારા 'એક જ દ્રવ્યના અનેક લક્ષણો સંભવી શકે છે' - આ મુજબ સિદ્ધ થાય છે. તેથી 'લક્ષ્યના છ પ્રકાર હોય તો લક્ષણોના પણ છ જ પ્રકાર = ભેદ હોય' - આવી તમારી વાતની કોણ શ્રદ્ધા કરે ? યુક્તિશૂન્ય અને આગમવિરુદ્ધ વાતનો બુદ્ધિમાન માણસ સ્વીકાર કરે નહિ.

## ❈ સ્વભાવ-વિભાવગુણની વિચારણા ❈

**ઉત્તરપક્ષ** :- (**न, अभि.**) ના, તમારી વાત વ્યાજબી નથી. આનું કારણ એ છે કે તમે અમારો આશય જાણતા નથી. અમારો અભિપ્રાય એવો છે કે **ઉમાસ્વાતિજી** મહારાજે **તત્ત્વાર્થસૂત્ર**માં 'ઉપયોગ જીવનું લક્ષણ છે' - આમ જણાવેલ છે. તેમની સમક્ષ જીવના છ લક્ષણ બતાવનાર **ઉત્તરાધ્યયનસૂત્ર** ઉપસ્થિત હતું. તેમ છતાં તેમણે જીવના છ લક્ષણ બતાવવાના બદલે 'ઉપયોગ જીવનું લક્ષણ છે' - આવા **ઉત્તરાધ્યયનસૂત્ર**ના અને **ભગવતીસૂત્ર**ના પૂર્વોક્ત (૧૦/૨૦) વચનને મનમાં રાખીને જીવનું એક જ લક્ષણ બતાવ્યું. એનાથી એવું ફલિત થાય છે કે ઉપયોગ એ જ જીવનું સ્વાભાવિક લક્ષણ છે.

---

**1**. ज्ञानं च दर्शनं चैव चारित्रं च तपः तथा। वीर्यम् उपयोगः च एतद् जीवस्य लक्षणम्।। **2**. शब्द-अन्धकार-उद्योताः प्रभा छाया-आतपे इति च (तथैव च)। वर्ण्ण-रस-गन्ध-स्पर्शाः पुद्गलानां तु लक्षणम्।। **3**. उत्तराध्ययनसूत्रे 'छायातवुत्ति य' इति पाठः। क्वचित् 'छायातवे इ वा' इति पाठः। **4**. जीव उपयोगलक्षणः। **5**. उपयोगलक्षणो णं जीवः।

एतदभिप्रायेण **कुन्दकुन्दस्वामिना**ऽपि **पञ्चास्तिकायसङ्ग्रहे** [1]"जीवो त्ति हवदि चेदा उवओगविसेसिदो" (प.स.२७) इत्युक्तम्। तदुक्तं **समयसारे**ऽपि [2]"जीवो उवओगलक्खणो" (स.सा.२४) इति। **नियमसारे**ऽपि [3]"जीवो उवओगमओ" (नि.सा.१०) इति एवं जीवलक्षणम् उक्तम्। **प्रवचनसारे**ऽपि [4]"उवओगमओ जीवो" (प्र.सा.१७५) इति उक्तम्। **योगीन्द्रदेवेन परमात्मप्रकाशे** [5]"जीवहँ लक्खणु जिणवरहि भासिउ दंसण-णाणु" (प.प्र.२/९८) इत्येवं जीवलक्षणतयाऽभिमत उपयोग तत्प्रकारोपदर्शनपुरस्सरमुक्तः। **अमितगतिना योगसारप्राभृते** "उपयोगो विनिर्दिष्टस्तत्र लक्षणमात्मनः" (यो.सा.प्रा.६) इति दर्शितम्।

परं जीवस्य कर्मच्छन्नतया गतीन्द्रिय-काय-योगादिमार्गणास्थानेषु स्वभावगुणस्य विभावगुणरूपतया परिणमनमपि तावदस्त्येव, अन्यथा संसारिणाम् अज्ञानित्व-मिथ्यादृष्टित्वादिकमनुपपन्नं स्यात्।

अत एव निश्चयेन छाद्मस्थिकमत्यादिज्ञानादीनि विभावगुणतया समाम्नातानि गत्यादिमार्गणा-

## ❋ દિગંબર સંપ્રદાયમાં જીવનું લક્ષણ ❋

**(एतद.)** આ જ અભિપ્રાયથી **કુંદકુંદસ્વામી**એ પણ **પંચાસ્તિકાયસંગ્રહ**માં જણાવેલ છે કે 'ઉપયોગથી યુક્ત જીવ ચેતયિતા = અનુભવનાર છે.' **સમયસાર**માં પણ જણાવેલ છે કે 'ઉપયોગ એ જીવનું લક્ષણ છે.' **નિયમસાર**માં પણ 'જીવ ઉપયોગમય હોય' એ પ્રમાણે જીવનું લક્ષણ કહેલ છે. **પ્રવચનસાર**માં પણ એ પ્રમાણે જણાવેલ છે કે 'ઉપયોગમય જીવ હોય છે.' **યોગીન્દ્રદેવે પરમાત્મપ્રકાશ**માં 'દર્શન અને જ્ઞાન એ જીવોનું લક્ષણ છે - એવું તીર્થંકરો વડે કહેવાયેલું છે' એ પ્રમાણે જીવના લક્ષણ તરીકે માન્ય એવો ઉપયોગ એના ભેદો બતાવવાપૂર્વક જણાવેલ છે. **યોગસારપ્રાભૃત**માં દિગંબર **અમિતગતિ**એ 'જીવ -અજીવસ્વરૂપ બે મૂળતત્ત્વોમાં આત્માનું લક્ષણ ઉપયોગ બતાવાયેલ છે' - એમ દર્શાવેલ છે.

**(परं.)** પરંતુ જીવ સંસારીદશામાં કર્મથી ઢંકાયેલ છે. તેથી ગતિ, ઈન્દ્રિય, કાય, યોગ વગેરે માર્ગણાસ્થાનોમાં રહેલા જીવના ઉપયોગાત્મક સ્વભાવગુણનું વિભાવગુણસ્વરૂપે પરિણમન પણ થાય છે જ. જો જીવના સ્વભાવગુણનું વિભાવગુણરૂપે પરિણમન ન થતું હોય તો સંસારી જીવો કદાપિ અજ્ઞાની, મિથ્યાદષ્ટિ, અવિરતિધર વગેરે સ્વરૂપે બની ન જ શકે. કારણ કે શુદ્ધ ઉપયોગ જો સ્વભાવગુણરૂપે જ સર્વદા ટકે પરંતુ અશુદ્ધ ઉપયોગરૂપે કે વિભાવગુણરૂપે ન પરિણમે, તો 'આ જીવ મતિઅજ્ઞાનવાળો છે, મિથ્યાત્વવાળો છે...' ઈત્યાદિ પ્રસિદ્ધ હકીકત અસંગત જ બની જશે. અજ્ઞાનરૂપે - મતિઅજ્ઞાનાદિસ્વરૂપે ઉપયોગ પરિણમે તો જ જીવ અજ્ઞાની બની શકે ને ?! તેથી 'સ્વભાવગુણ વિભાવગુણરૂપે પરિણમે છે' - તેટલું નક્કી થાય છે.

## ❋ મતિજ્ઞાન પણ નિશ્ચયથી વિભાવગુણ ! ❋

**(अत एव.)** સ્વભાવગુણ વિભાવગુણસ્વરૂપે પરિણમે છે. તેથી નિશ્ચયનય એવું માને છે કે 'ગતિ, ઈન્દ્રિય વગેરે માર્ગણાસ્થાનોમાં જીવ પાસે રહેલા છદ્મસ્થકાલીન મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન વગેરે પરિણામો વિભાવગુણસ્વરૂપ જ છે.' નિશ્ચયદષ્ટિએ મતિઅજ્ઞાનની જેમ મતિજ્ઞાન વગેરે પણ વિભાવગુણો જ છે.

1. जीव इति भवति चेतयिता उपयोगविशेषितः। 2. जीव उपयोगलक्षणः। 3. जीव उपयोगमयः। 4. उपयोगमयो जीवः।
5. जीवानां लक्षणं जिनवरैः भाषितं दर्शनं ज्ञानम्।

स्थानेषु, अशुद्धत्वात्।

ज्ञानस्य विशेषविषयकत्वेन दर्शनस्य च सामान्यविषयकत्वेन परसापेक्षत्वाद् अशुद्धत्वम्। निजचैतन्यस्वरूपानुविधायिपरिणामलक्षणस्य उपयोगस्य तु उपयोगत्वेन रूपेण केवलं स्वविषयकतया अन्यनिरपेक्षत्वात्, कर्मक्षयोपशमादिनिरपेक्षत्वाच्च शुद्धगुणत्वम्। निजस्वरूपग्रहणप्रवृत्त उपयोगः विशेषसन्निपाते सति ज्ञानरूपेण सामान्योपनिपाते च दर्शनरूपेण परिणमति। इत्थं स्वभावगुणस्य विभावगुणरूपेण परिणमनं बोद्धव्यम्। परापेक्षत्वादेव ज्ञानस्य विभावगुणत्वं ज्ञानगतस्य च परप्रकाशकत्वस्य उपचरितत्वमिति वक्ष्यमाणरीत्या (१२/१०) बोध्यम्।

परं विभावगुणसत्त्वे स्वभावगुणेनाऽपि नियमेन भवितव्यम्, तस्य तद्व्याप्यत्वात्। ततश्च मुख्यं जीवलक्षणन्तूपयोग एव, स्वभावगुणत्वेन अनुगतत्वात्। तदुक्तं **प्रशमरतौ** अपि **उमास्वाति**वाचकेन "सामान्यं खलु लक्षणमुपयोगो भवति सर्वजीवानाम्" (प्र.र.१९४) इति।

---

કારણ કે તે સમ્યગ્ જ્ઞાન હોવા છતાં ક્ષાયોપશમિક હોવાના લીધે આંશિક અશુદ્ધિથી યુક્ત જ છે.

### ❀ વિભાવગુણ સ્વભાવગુણનો વ્યાપ્ય ❀

**(ज्ञान.)** જ્ઞાન વિશેષ પદાર્થને પોતાનો વિષય બનાવે છે. તથા દર્શન સામાન્ય પદાર્થને પોતાનો વિષય બનાવે છે. આમ જ્ઞાન-દર્શન સ્વભિન્ન પર પદાર્થને સાપેક્ષ છે. પોતાની ઉત્પત્તિ-સ્થિતિ વગેરે માટે જ્ઞાન-દર્શન પરસાપેક્ષ હોવાથી જ તે અશુદ્ધ ગુણ છે. જ્યારે ઉપયોગ તો પોતાના ચૈતન્યસ્વરૂપને અનુસરનારો પરિણામ છે. તેથી તેવો ઉપયોગ ઉપયોગત્વરૂપે માત્ર પોતાને જ પોતાનો વિષય બનાવે છે. તેથી તે અન્યનિરપેક્ષ છે. તથા ઉપયોગત્વરૂપે ઉપયોગ ક્ષયોપશમાદિથી પણ નિરપેક્ષ છે. તેથી જ તે શુદ્ધગુણ છે. અહીં વિશેષતા એટલી છે કે પોતાના સ્વરૂપને ગ્રહણ કરવા માટે પ્રવૃત્ત થયેલ ઉપયોગ વિશેષપદાર્થના સાન્નિધ્યમાં જ્ઞાનરૂપે પરિણમે છે. તથા સામાન્યપદાર્થના સાન્નિધ્યમાં દર્શનરૂપે પરિણમે છે. આમ સ્વભાવગુણનું વિભાવગુણરૂપે પરિણમન સમજવું. પોતાનાથી ભિન્ન વિશેષપદાર્થાદિની અપેક્ષા રાખતું હોવાથી જ જ્ઞાન વિભાવગુણ છે. તથા તેથી જ જ્ઞાનમાં જે પરપ્રકાશકત્વ ગુણધર્મ છે, તે પણ ઉપચરિત છે. મતલબ કે પરસાપેક્ષતાપ્રયુક્ત વિભાવગુણત્વ = અશુદ્ધગુણત્વ જ્ઞાનમાં રહે છે. તથા જ્ઞાનગત પરપ્રકાશકત્વ પણ પરસાપેક્ષ હોવાથી જ ઉપચરિત છે, અનુપચરિત નથી. આગળ (૧૨/૧૦) જણાવવામાં આવશે તે પદ્ધતિ મુજબ જ્ઞાનમાં જે પરપ્રકાશકત્વ છે, તે કઈ રીતે ઉપચરિત છે ? તે બાબત વિસ્તારથી જાણી લેવી.

**(परं.)** પરંતુ વિભાવગુણ હાજર હોય તો સ્વભાવગુણ પણ નિયમા હાજર હોય. કારણ કે વિભાવગુણ સ્વભાવગુણનો વ્યાપ્ય છે. (તથા સ્વભાવગુણ તેનો વ્યાપક છે. વ્યાપ્ય હોય ત્યાં વ્યાપક અવશ્ય હોય. તેથી કોઈક સંસારી જીવમાં મતિ-શ્રુત જ્ઞાન હોય, કોઈકમાં મતિઅજ્ઞાન વગેરે હોય, કોઈકમાં અવધિજ્ઞાન હોય. આમ વિભાવગુણ જીવોમાં જુદા-જુદા હોય. પરંતુ તે તમામ વિભાવગુણોનો વ્યાપક એવો ઉપયોગ ગુણ તો બધા જ જીવોમાં અનુગત છે.) આમ જીવનું મુખ્ય લક્ષણ તો ઉપયોગ જ છે. કારણ કે તે ઉપયોગ જીવનો સ્વભાવગુણ હોવાથી સર્વ જીવોમાં અનુગત છે. તેથી **પ્રશમરતિ**માં પણ **ઉમાસ્વાતિ** વાચકે જણાવેલ છે કે 'સર્વ જીવોનું સામાન્યલક્ષણ ઉપયોગ જ છે.'

"स्वभाव-विभावलक्षणयोरन्योऽन्यनान्तरीयकत्वप्रतिपादनाय"इत्यादि **पण्डितैर्विचारणीयम्** ॥११/४॥

एवं पुद्गले ग्रहणलक्षणं स्वाभाविकम्, शब्दान्धकारादीनि तु विभावलक्षणानि, कदाचित् सन्ति कदाचिन्न, कदाचिच्च द्वे त्रीणि वेति न विभावलक्षणस्य नैयत्यं सार्वत्रिकत्वं वा समस्ति। अतः शब्दादीनां मीलितानां पुद्गललक्षणत्वेऽसम्भवः प्रसज्येत, तेषाम् उपादानकारणे सहानवस्थानात्।

इत्थं विभावलक्षणानां स्वभावलक्षणव्याप्यत्वप्रतिपादनायैव नानाविधानां जीव-पुद्गलयोः लक्षणानां प्रतिपादनम् **उत्तराध्ययनसूत्रे**ऽवसेयम्।

इदञ्चात्राऽवधेयम् – विभावलक्षणस्वरूपज्ञान-दर्शन-चारित्र-तपो-वीर्यान्यतमस्य स्वभावलक्षणस्य चोपयोगस्य मिथः समव्याप्तत्वम्। एवं विभावलक्षणस्वरूपशब्दान्धकारोद्योत-प्रभा-छायाऽऽतपाऽन्यतमस्य स्वभावलक्षणस्य च ग्रहणगुणस्य मिथः समव्याप्तत्वम्। अतः एकस्याऽपि कस्यचिद् दर्शने व्याप्ति-

### ❋ પુદ્ગલલક્ષણ મીમાંસા ❋

(**एवं.**) આ જ રીતે પુદ્ગલનું સ્વાભાવિક લક્ષણ ગ્રહણ = ગ્રહણયોગ્યતા છે. શબ્દ, અન્ધકાર વગેરે તો પુદ્ગલના વિભાવલક્ષણો છે. કારણ કે તે પરિણામો પુદ્ગલમાં ક્યારેક હોય છે અને ક્યારેક નથી હોતા. હોય તો પણ ક્યારેક પુદ્ગલમાં શબ્દ વગેરે બે કે ત્રણ લક્ષણો હોય છે. શબ્દાદિ બધા જ પુદ્ગલલક્ષણો બધા જ પુદ્ગલોમાં કાયમ નથી હોતા. આમ પુદ્ગલદ્રવ્યોમાં વિભાવલક્ષણો નિયત કે સાર્વત્રિક નથી. તેથી મીલિત શબ્દાદિને પુદ્ગલલક્ષણ માનવામાં અસંભવ દોષ લાગુ આવશે. કારણ કે એક જ ઉપાદાનકારણમાં તે પરિણામો સાથે રહેતા નથી. તે આ રીતે - અંધકાર દ્રવ્ય શબ્દાત્મક નથી. શબ્દપુદ્ગલ અંધકારસ્વરૂપ નથી. તેથી 'શબ્દાદિ બધા જ પરિણામો જ્યાં હોય તેને પુદ્ગલ કહેવાય' - તેવું કહી શકાતું નથી.

### ❋ અનેકલક્ષણપ્રદર્શનનું પ્રયોજન ❋

(**इत्थं.**) આ રીતે શબ્દત્વ, અંધકારત્વ વગેરે પુદ્ગલના સ્વાભાવિક લક્ષણ નથી. પરંતુ સ્વાભાવિક લક્ષણના વ્યાપ્ય છે. તેથી જ તે પુદ્ગલના સ્વભાવલક્ષણ નહિ પણ વિભાવલક્ષણ કહેવાય છે. 'વિભાવલક્ષણમાં સ્વભાવલક્ષણની વ્યાપ્તિ = વ્યાપ્યતા રહેલી હોય છે' - એવું જણાવવા માટે જ **ઉત્તરાધ્યયનસૂત્ર** વગેરેમાં જીવના અને પુદ્ગલના અનેકવિધ લક્ષણો બતાવવામાં આવેલ છે. તે અનેકવિધ લક્ષણો સ્વાભાવિક લક્ષણ નથી પણ વિભાવલક્ષણ છે.

### ❋ વિભાવ-સ્વભાવલક્ષણની સમવ્યાપ્તિ ❋

(**इदञ्चा.**) અહીં એક વાત ધ્યાનમાં રાખવી કે જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, વીર્ય - આ પાંચ જીવના વિભાવલક્ષણ છે. તથા ઉપયોગ એ જીવનું સ્વભાવલક્ષણ છે. જ્ઞાનાદિઅન્યતમ અને ઉપયોગ એ બન્ને પરસ્પર સમવ્યાપ્ત છે. જ્યાં જ્ઞાનાદિ પાંચમાંથી કોઈ એક હોય ત્યાં ઉપયોગ અવશ્ય હોય. તથા જ્યાં ઉપયોગ હોય ત્યાં જ્ઞાનાદિ પાંચમાંથી કોઈ પણ એક અવશ્ય હોય. આથી તે બન્ને વચ્ચે સમનિયતત્વ = સમવ્યાપ્તિ છે. તે જ રીતે શબ્દ, અંધકાર, ઉદ્યોત, પ્રભા, છાયા, આતપ - આ છમાંથી કોઈ એક જે હોય તે અવશ્ય ગ્રહણયોગ્ય દ્રવ્ય હોય છે. તથા જે ગ્રહણયોગ્ય દ્રવ્ય હોય તે અવશ્ય

ज्ञानबलाद् जीव-पुद्गलयोः निश्चयः सम्भवत्येव। न तु ज्ञान-दर्शनादीनां शब्दान्धकारोद्योतादीनां वा सर्वेषामेवोपलब्धौ जीवस्य पुद्गलस्य वा निश्चयः।

वस्तुतस्तु सिद्धवर्तिनां निरुपाधिक-शाश्वतिक-शुद्धकेवलज्ञान-दर्शनादीनां परमाण्वादिवृत्तीनाञ्च वर्ण-गन्ध-रस-स्पर्शानां स्वभावगुणत्वमेव, न तु विभावगुणत्वम्; "स्वभावादन्यथाभवनं विभावः" (आ.प. पृ.१२) इति **आलापपद्धति**दर्शितविभावलक्षणाऽयोगात्। ततश्च - छाद्मस्थिक-सोपाधिकमतिज्ञानादीनां कादाचित्कशब्दान्धकारादीनामेव च विभावगुणत्वम्, तल्लक्षणयोगादिति ध्येयम्।

इदमप्यत्रावधेयं यदुत इह स्वभावगुणत्वं विभावगुणत्वं वा न प्रक्रान्तम्, न वा जीवादिगुणानां स्वभाव-विभावलक्षणानि अधिकृतानि किन्तु जीव-पुद्गलयोः स्वभाव-विभावलक्षणानि विचारयितुम् उपक्रान्तानि। स्वाश्रयसत्ताव्यापककालवृत्तियावदभावाऽप्रतियोगित्वं स्वभावलक्षणत्वम्, तत्प्रतियोगित्वञ्च

---

શબ્દાદિ છમાંથી કોઈ એક હોય. તેથી પુદ્ગલનું વિભાવલક્ષણ = શબ્દાદિ અને પુદ્ગલનું સ્વભાવલક્ષણ = ગ્રહણગુણ - આ બન્ને પણ ઉપરોક્ત રીતે પરસ્પર સમનિયત છે. તે બન્ને વચ્ચે સમવ્યાપ્તિ = સમનિયતતા રહેલ છે. તેથી સ્વભાવલક્ષણ કે વિભાવલક્ષણ - બેમાંથી એક પણ જ્યાં દેખાય - જણાય ત્યાં ઉપરોક્ત વ્યાપ્તિના બળથી જીવ તરીકેનો કે પુદ્ગલ તરીકેનો નિશ્ચય થઈ જ શકે છે. જ્ઞાન-દર્શન વગેરે બધા જ લક્ષણો જોવા મળે તો જ જીવ તરીકેનો નિશ્ચય થાય - તેવું નથી. તે જ રીતે શબ્દ, અંધકાર વગેરે બધા જોવા મળે તો જ પુદ્ગલ તરીકેનો નિશ્ચય થાય - તેવું ય નથી. જ્ઞાનાદિ પાંચમાંથી કોઈ પણ એક કે ઉપયોગ જ્યાં જણાય, તેમાં જીવ તરીકેનો નિશ્ચય થઈ જાય છે. તથા શબ્દાદિમાંથી કોઈ પણ એક કે ગ્રહણગુણ જ્યાં જણાય તે પુદ્ગલ છે - તેવો નિશ્ચય થઈ જાય છે.

### ✡ વાસ્તવિક સ્વભાવ-વિભાવગુણની સ્પષ્ટતા ✡

(**वस्तु.**) વાસ્તવમાં તો સિદ્ધ ભગવંતમાં રહેલા નિરુપાધિક શાશ્વત શુદ્ધ કેવલજ્ઞાન-કેવલદર્શન વગેરે ગુણો એ આત્માના સ્વભાવગુણ જ છે, વિભાવગુણ નથી. તથા પરમાણુ વગેરેમાં રહેલા વર્ણ, ગંધ, રસ, સ્પર્શ પણ પુદ્ગલદ્રવ્યના સ્વભાવગુણ જ છે, વિભાવગુણ નહિ. આનું કારણ એ છે કે તે ગુણોમાં વિભાવનું લક્ષણ જ નથી રહેતું. **આલાપપદ્ધતિ** ગ્રંથમાં વિભાવનું લક્ષણ આ પ્રમાણે જણાવેલું છે કે 'સ્વભાવથી અન્યથાસ્વરૂપે પરિણમન થવું તે વિભાવ છે.' સિદ્ધોના કેવલજ્ઞાન વગેરેમાં કે પુદ્ગલના વર્ણાદિમાં સ્વભાવથી અન્ય પ્રકારે પરિણમન થવા સ્વરૂપ વિભાવપણું નથી. તેથી છદ્મસ્થ જીવોમાં રહેલ સોપાધિક મતિજ્ઞાન વગેરે જ જીવના વિભાવગુણ છે. કારણ કે શુદ્ધ અખંડ નિરુપાધિક ચૈતન્ય સ્વભાવથી અન્ય પ્રકારે તે પરિણમેલા છે. તથા કાદાચિત્ક શબ્દ, અંધકાર વગેરે પરિણામો જ પુદ્ગલના વિભાવગુણ છે. કેમ કે તે શાશ્વતિક સ્વભાવથી અન્ય પ્રકારે પરિણમેલા છે. આ વાત ધ્યાનમાં રાખવી.

### ✡ જીવના સ્વભાવ-વિભાવલક્ષણોને ઓળખીએ ✡

(**इद.**) વળી, અહીં બીજી એક એ વાત પણ ખ્યાલમાં રાખવા યોગ્ય છે કે - અહીં સ્વભાવગુણ કે વિભાવગુણ અધિકૃત નથી. તેમજ જીવ વગેરેના ગુણોના સ્વભાવલક્ષણ કે વિભાવલક્ષણો પ્રસ્તુત નથી. પરંતુ જીવના અને પુદ્ગલના સ્વભાવ-વિભાવલક્ષણો વિચારવાનું પ્રસ્તુત છે. સ્વાશ્રયસત્તાવ્યાપકકાલવૃત્તિ

विभावलक्षणत्वम्। उपयोग एव जीवस्य स्वभावलक्षणम्, अवशिष्टानि च पञ्च विभावलक्षणानि। तथाहि – स्वपदेन उपयोगादिग्रहणम्। उपयोगाश्रयजीवनिष्ठसत्ताव्यापकीभूतकाले यदाकदाचिद् वृत्तिः यो ज्ञानाद्यभावः तदप्रतियोगित्वेन उपयोगः जीवस्य स्वभावलक्षणम्। दर्शनोपयोगकाले ज्ञानस्य अभावः, ज्ञानोपयोगकाले दर्शनस्य विरहः, निगोदादिदशायां चारित्र-तपसोः वियोगः, सिद्धदशायाञ्च वीर्यनिषेधो लभ्यते, [1]"सिद्धा णं अवीरिया" (भ.सू.१/८/सू.७०/ पृ.९४) इति निश्चयनयानुपाति**भगवतीसूत्र**वचनात्, फलोपधायकस्यैव वस्तुनः तन्मते सत्त्वात्, **भगवतीसूत्रवृत्तौ** अष्टमशतकस्य द्वितीयोद्देशके कृतकृत्यत्व-निष्प्रयोजनत्वादिहेतुभिः सिद्धेषु दानादिलब्धिपञ्चकाऽभावस्य समर्थितत्वाच्च (भ.सू.८/२/३२०/पृ.३५३)। सिद्धानां लब्धिवीर्य-करणवीर्योभयाऽभावसमर्थनं **स्याद्वादकल्पलतातो** (९/२६-पृ.११४) द्रष्टव्यम्। किन्तूपयोगत्वेन उपयोगोच्छेदस्तु न जातुचिदात्मनि वर्त्तते इति उपयोगो जीवस्य स्वभावलक्षणम्। स्वाश्रयजीवसत्ताव्यापकीभूतपूर्वोत्तरकालवृत्त्यभावप्रतियोगित्वाद् ज्ञानादीनां जीवस्य विभाव-

તમામ અભાવની અપ્રતિયોગિતા એ જ સ્વભાવલક્ષણત્વ છે. તેમ જ વિભાવલક્ષણત્વ એટલે સ્વાશ્રયસત્તાવ્યાપકકાલવૃત્તિ અભાવની પ્રતિયોગિતા છે. આ મુજબ ઉપયોગ એ જીવનું સ્વભાવલક્ષણ છે તથા બાકીના જ્ઞાનાદિ પાંચ જીવના વિભાવલક્ષણો છે. તે આ મુજબ સમજવું. 'સ્વ' પદથી ઉપયોગ વગેરેને લેવા. તેથી અર્થઘટન આ રીતે થશે કે ઉપયોગના આશ્રયભૂત જીવની સત્તાના વ્યાપક એવા કાળમાં ગમે ત્યારે જે અભાવ રહે, તે જ્ઞાન-દર્શનાદિના અભાવ હશે. તે અભાવનો પ્રતિયોગી ઉપયોગ નથી બનતો. તેથી તાદૃશઅપ્રતિયોગિતાસ્વરૂપ જીવસ્વભાવલક્ષણત્વ ઉપયોગમાં રહે છે. જીવને જ્યારે દર્શનોપયોગ હોય ત્યારે જ્ઞાનનો અભાવ હોય છે. જ્યારે જીવને જ્ઞાનોપયોગ હોય ત્યારે દર્શનનો અભાવ હોય છે. નિગોદ વગેરે દશામાં જીવમાં કાયમ ચારિત્ર-તપનો અભાવ હોય છે. સિદ્ધદશામાં જીવમાં વીર્યનો અભાવ મળે છે. કારણ કે **ભગવતીસૂત્ર**માં જણાવેલ છે કે 'સિદ્ધો વીર્યશૂન્ય હોય છે.' પ્રસ્તુત વચન નિશ્ચયનયને અનુસરનારું છે. નિશ્ચયનયના મતે જે વસ્તુ ફલોત્પાદક હોય તે જ સત્ છે, પારમાર્થિક છે. સિદ્ધવીર્ય ફલોપધાયક ન હોવાથી નિશ્ચયમતાનુસાર સિદ્ધ ભગવંતો વીર્યશૂન્ય છે. તથા **ભગવતીસૂત્ર** (૮/૨/૩૨૦)ની **વ્યાખ્યા**માં શ્રી**અભયદેવસૂરિ**એ કૃતકૃત્યત્વ અને નિષ્પ્રયોજનત્વ વગેરે હેતુ દ્વારા સિદ્ધ ભગવંતમાં દાનાદિ પાંચેય લબ્ધિઓના નિષેધનું સમર્થન કરેલ છે. તેથી સિદ્ધોમાં વીર્યવિરહ સિદ્ધ થાય છે. સિદ્ધોમાં લબ્ધિવીર્ય અને કરણવીર્ય ઉભયના અભાવનું વિસ્તારથી સમર્થન **સ્યાદ્વાદકલ્પલતા**માંથી જાણી લેવું. આમ જ્ઞાનાદિના આશ્રયભૂત જીવના અસ્તિત્વના વ્યાપક એવા પૂર્વોત્તર કાળમાં જ્ઞાનાદિ પાંચનો અભાવ મળશે. પરંતુ ઉપયોગાભાવ નહિ મળે. અર્થાત્ જીવનું અસ્તિત્વ જ્યાં સુધી હોય ત્યાં સુધીમાં ક્યારેક-ક્યારેક પૂર્વોત્તરકાળમાં જ્ઞાન-દર્શનાદિ પાંચનો અભાવ મળી શકે છે. તેથી જ્ઞાનાદિ પાંચ તાદૃશઅભાવપ્રતિયોગી બનવાથી જીવના વિભાવલક્ષણ છે - તેમ અમુક વિવક્ષાથી કહી શકાય. પરંતુ ઉપયોગસ્વરૂપે ઉપયોગનો અભાવ તો જીવમાં ક્યારેય નથી હોતો. તેથી ઉપયોગ તાદૃશઅભાવનો અપ્રતિયોગી બને છે. તે કારણે ઉપયોગ જીવનું સ્વભાવલક્ષણ બને છે. ટૂંકમાં, જીવમાં ક્યારેક હોય

1. सिद्धाः णं अवीर्याः।

लक्षणत्वं विवक्षया विभावनीयम्।

एवं ग्रहणमेव समवायस्थानीयेन अपृथग्भावसम्बन्धेन पुद्गलस्य स्वभावलक्षणम्, शब्दादीनि च तादात्म्यसम्बन्धेन विभावलक्षणानीति भावनीयम्।

***यद्यपि*** वर्ण-गन्ध-रस-स्पर्शानां पुद्गलत्वावच्छिन्ने सर्वदा सत्त्वात् तल्लक्षणता भवितुमर्हति, शब्दादीनाञ्चोपलक्षणत्वम्। अत एव **तत्त्वार्थसूत्रे** "स्पर्श-रस-गन्ध-वर्णवन्तः पुद्गलाः"(त.सू.५/२३), "शब्द -बन्ध-सौक्ष्म्य-स्थौल्य-संस्थान-भेद-तमश्छायाऽऽतपोद्योतवन्तश्च" (त.सू.५/२४) इत्येवं पार्थक्येन सूत्रद्वयमकारि **उमास्वातिवाचकैः** ***तथापि*** [1]"पोग्गलत्थिकाए णं.... गुणओ गहणगुणे" (भ.सू.२/१०/११८) इति पूर्वोक्त(१०/२०)-

અને ક્યારેક ન હોય તેવા જ્ઞાન-દર્શન-ચારિત્ર વગેરે પાંચ જીવના વિભાવલક્ષણો છે. તથા જીવમાં સદા કાળ હોય તેવો ઉપયોગ જીવનું સ્વભાવલક્ષણ છે. આ રીતે અહીં વિવક્ષાવશ વિભાવના કરવી.

### ❃ પુદ્ગલના સ્વભાવ-વિભાવલક્ષણોને સમજીએ ❃

(एवं.) આ રીતે 'ગ્રહણ' એ જ પુદ્ગલનું સ્વભાવલક્ષણ છે. જ્યાં અપૃથગ્ભાવસંબંધથી ગ્રહણ રહે, તેને પુદ્ગલ કહેવાય. નૈયાયિક જ્યાં સમવાયસંબંધ માને છે, ત્યાં જૈનમતે અપૃથગ્ભાવસંબંધ માન્ય છે. તથા તાદાત્મ્યસંબંધથી શબ્દો વગેરે પુદ્ગલના વિભાવલક્ષણો છે. અર્થાત્ જે શબ્દ, અંધકાર વગેરે સ્વરૂપ હોય, તે પુદ્ગલદ્રવ્ય જ હોય. આ અંગે વિભાવના કરવી. શબ્દ, અંધકાર, ઉદ્યોત, પ્રભા, છાયા આદિ બાદર પરિણામવાળા છે. તે બાદરપરિણામી સ્કંધમાંથી જન્મેલ છે. તે બાદર પુદ્ગલસ્કંધાત્મક છે. તેમ જ તે સ્કંધ પુદ્ગલવિકારસ્વરૂપ છે. તેથી શબ્દ, અંધકાર વગેરે ઔપાધિક-વૈભાવિક છે. તમામ પુદ્ગલસ્કંધમાં શબ્દ, અંધકાર વગેરે કાયમ હોતા નથી. વર્ત્તમાનકાળે શબ્દ વગેરે સ્વરૂપે પરિણમેલ પુદ્ગલમાં કાયમ માટે શબ્દાદિ હોય જ - તેવો નિયમ નથી. તેથી શબ્દાદિપરિણામના આશ્રયીભૂત પુદ્ગલની સત્તાના વ્યાપકીભૂત કાળમાં ક્યારેક શબ્દાદિનો અભાવ અવશ્ય મળે છે. તાદૃશ અભાવની પ્રતિયોગિતા હોવાથી શબ્દાદિમાં વિભાવલક્ષણત્વ રહેશે. આમ શબ્દાદિ પુદ્ગલના વિભાવલક્ષણ બનશે.

### ❖ પુદ્ગલલક્ષણમાં લાઘવ-ગૌરવ વિચાર ❖

(यद्यपि.) જો કે વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ તો તમામ પુદ્ગલદ્રવ્યમાં (= પુદ્ગલત્વઅવચ્છિન્નમાં) રહેલ જ છે. તેથી વર્ણાદિ પુદ્ગલદ્રવ્યનું લક્ષણ બની શકે છે. તથા શબ્દાદિ છ પરિણામો પુદ્ગલના ઉપલક્ષણ = પરિચાયક બની શકે છે. તેથી જ **તત્ત્વાર્થસૂત્ર**માં 'સ્પર્શ, રસ, ગંધ અને વર્ણવાળા પુદ્ગલો કહેવાય છે' - આ પ્રમાણે પુદ્ગલલક્ષણરૂપે એક સૂત્ર **ઉમાસ્વાતિજી** મહારાજે બતાવેલ છે. તથા બીજા અલગ સૂત્રમાં તેમણે જણાવ્યું કે 'શબ્દ, બંધ, સૂક્ષ્મતા, સ્થૂલતા, સંસ્થાન, ભેદ (ભેદપરિણામ), અંધકાર, છાયા, આતપ અને ઉદ્યોત જ્યાં હોય તે પુદ્ગલ કહેવાય છે.' આમ બે અલગ-અલગ સૂત્ર બનાવવાનું પ્રયોજન એવું જણાય છે કે સ્પર્શાદિ પુદ્ગલના લક્ષણ તથા શબ્દાદિ પુદ્ગલના ઉપલક્ષણ (= લક્ષણસમીપવર્તી કે પરિચાયક કે અવિદ્યમાનત્વે સતિ વ્યાવર્તક) છે. તેથી **ઉત્તરાધ્યયનસૂત્ર**માં બતાવેલ દસેયને પુદ્ગલના વિભાવલક્ષણ માનવાના બદલે તેમાંથી પ્રથમ છને વિભાવલક્ષણ અને પાછલા ચારને સ્વભાવલક્ષણ

1. पुद्गलास्तिकायः णं... गुणतः ग्रहणगुणः।

**भगवतीसूत्रा**नुसारेण लाघवाद् ग्रहणमेव पुद्गललक्षणतयाऽभिधातुमर्हति, 'पुद्गलसहभावित्वेन गृह्यते यत् तद् ग्रहणमि'ति व्युत्पत्त्या एकेनैव ग्रहणपदेन वर्ण-गन्ध-रस-स्पर्शानां पुद्गलस्वभावलक्षणविधया उपादानात्। ततश्च पुद्गलानामपि स्वभावलक्षणं ग्रहणाख्यम् एकमेव अवसेयम्। ततश्च सुष्ठूक्तम् - 'षण्णां लक्षणवतां लक्षणानि षडेव - इति हि को न श्रद्दधीत ?' इति। अत्र लक्षणपदं स्वभावलक्षणपरम् उपलक्षणपदञ्च विभावलक्षणपरं ज्ञेयम्।

वस्तुतस्तु [1]"नाणं च दंसणं चेव" (उत्त.२८/११, न.त.प्र.५) इत्यत्र लक्षणशब्दो 'लक्ष्यते अनेन' इति व्युत्पत्त्या लिङ्गार्थकः, व्यञ्जकार्थक इति यावद् बोध्यम्। ततश्च ज्ञानादीनां जीवस्वरूपव्यञ्जकत्वरूपं जीवलक्षणत्वम्, उक्तलिङ्गं विनाऽपि लैङ्गिकसद्भावेऽप्यविरोधश्च (ध.स.२२ वृ. पृ.६७) इत्यादिकं **धर्मसङ्ग्रहवृत्त्य**नुसारेण अवसेयम्। यथोक्तम् **अध्यात्ममतपरीक्षायां यशोविजयवाचकैः**

માની શકાય છે. તો પણ પ્રસ્તુત ગ્રંથમાં પૂર્વોક્ત (૧૦/૨૦) **ભગવતીસૂત્ર** સંદર્ભ મુજબ લાઘવસહકારથી ગ્રહણને જ પુદ્ગલલક્ષણ તરીકે જણાવેલ છે. એ સંદર્ભ આ મુજબ છે કે 'પુદ્ગલાસ્તિકાય ગુણની અપેક્ષાએ ગ્રહણગુણયુક્ત છે.' અલગ-અલગ વર્ણાદિ ચારને પુદ્ગલનું લક્ષણ કહેવામાં ગૌરવ છે. જ્યારે ગ્રહણગુણને પુદ્ગલલક્ષણ કહેવામાં લાઘવ છે. તેથી 'ગ્રહણ નામનો વિશેષગુણ જ પુદ્ગલનું સ્વભાવલક્ષણ છે' - આમ કહેવું યોગ્ય જ છે. અહીં સમજવા જેવી વાત એ છે કે 'पुद्गलसहभावित्त्वेन गृह्यते तद् ग्रहणम्' - આવી વ્યુત્પત્તિ મુજબ 'ગ્રહણ' શબ્દથી વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ - આ ચાર જ પકડાશે. કેમ કે તે ચારેય સર્વ પુદ્ગલમાં કાયમ માટે હાજર હોય છે. શબ્દ, અંધકાર, ઉદ્યોત વગેરેને 'ગ્રહણ' નહિ કહી શકાય. કેમ કે તે તમામ કાયમ માટે સર્વ પુદ્ગલમાં હાજર નથી હોતા. આમ એક જ 'ગ્રહણ' પદ દ્વારા વર્ણાદિ ચારેય પુદ્ગલના સ્વભાવલક્ષણ તરીકે પકડાશે. તેથી પુદ્ગલોમાં પણ સ્વભાવલક્ષણ એક 'ગ્રહણ' જ જાણવું. શબ્દ વગેરે પુદ્ગલના વિભાવલક્ષણ છે. તેથી - 'છ લક્ષ્યના લક્ષણ છ જ હોય' આવી શ્રદ્ધા કોને ન થાય ? - આ પ્રમાણે પૂર્વે જે જણાવેલ તે બરાબર જ છે. અહીં 'લક્ષણ' શબ્દ સ્વભાવલક્ષણને દર્શાવવામાં તત્પર સમજવો. અર્થાત્ 'છ લક્ષ્યના સ્વભાવલક્ષણ છ જ હોય' - આવો અર્થ સત્ય સમજવો. તથા 'ઉપલક્ષણ' શબ્દ વિભાવલક્ષણને દર્શાવવામાં તત્પર જાણવો.

### ❖ લક્ષણશબ્દ લિંગદર્શક ❖

(वस्तु.) વાસ્તવમાં તો જ્ઞાન, દર્શનાદિને જીવના લક્ષણ તરીકે બતાવનારી પૂર્વોક્ત **ઉત્તરાધ્યયનસૂત્ર** ગાથામાં જે 'લક્ષણ' શબ્દ કહેલ છે, તેનો અર્થ લિંગ સમજવો. 'જેના વડે વસ્તુ જણાય તે લક્ષણ' - આવી વ્યુત્પત્તિ મુજબ 'લક્ષણ' શબ્દ પ્રસ્તુતમાં લિંગને અર્થાત્ વ્યંજકને દર્શાવે છે. તેથી જ્ઞાન, દર્શન વગેરેમાં જે જીવલક્ષણત્વ રહેલ છે, તે જીવસ્વરૂપવ્યંજકત્વમાં ફલિત થાય છે. તથા ચારિત્રાદિ લિંગ (= જ્ઞાપકહેતુ) વિના પણ લિંગી (= સાધ્ય કે લક્ષ્ય) રહે તો પણ કોઈ વિરોધ નહિ આવે. અર્થાત્ સિદ્ધ ભગવંતમાં ચારિત્રાદિ ન હોવા છતાં પણ જીવત્વને ત્યાં માનવામાં કોઈ વિરોધ નહિ આવે. ઈત્યાદિ બાબત **ધર્મસંગ્રહવૃત્તિ** મુજબ જાણવી. **અધ્યાત્મમતપરીક્ષામાં મહોપાધ્યાય શ્રીયશોવિજયજી**

1. ज्ञानञ्च दर्शनञ्चैव।

अपि [1]"जं च जियलक्खणं तं उवइट्ठं तत्थ लक्खणं लिंगं। तेण विणा सो जुज्जइ धूमेण विणा हुयासुव्व।।" (अ.म.प.१५२) इति। ततश्च चारित्रादिस्वरूपं लिङ्गम् ऋतेऽपि सिद्धानां जीवत्वम् अव्याहतम्, असाधारणस्य उपयोगलक्षणस्य जागरूकत्वात्। अत एव अन्तरङ्गं तल्लक्षणम् अनूद्यैव बहिर्लक्षणाभिधानाय एतद्गाथाधिकारः। बहिर्विज्ञायमानत्वं असार्वदिकत्वं वा अत्र बहिस्त्वं तद्वृत्तिविलोकनाद् विज्ञायते। ततश्चात्र अन्तरङ्गलक्षणं = स्वभावलक्षणम्, बहिर्लक्षणं = विभाव-लक्षणमिति विभावनीयम्।

***यद्यपि*** पुद्गलस्य स्वभावलक्षणविधया अभिप्रेतं ग्रहणं तु पूर्वोक्तरीत्या (१०/२०)

(१) परस्परमेकीभावेन सम्बन्धनम्,

(२) जीवेन वा औदारिकादिशरीरविधया उपादानम्,

(३) इन्द्रियादिना वा ज्ञानविषयीभवनम्,

---

મહારાજે પણ કહેલ છે કે 'તે ચારિત્રાદિ જે જીવલક્ષણ (તરીકે ઉત્તરાધ્યયનાદિમાં) કહેવાયેલ છે, ત્યાં (= ઉત્તરાધ્યયનાદિમાં) લક્ષણ = લિંગ તેમ સમજવું. તેથી તે ચારિત્રાદિ વિના સિદ્ધસ્વરૂપ જીવ યુક્તિસંગત બને છે. જેમ ધૂમ વિના અગ્નિ હોય છે, તેમ આ બાબત સમજવી.' તેથી ચારિત્રાદિસ્વરૂપ લિંગ વિના પણ સિદ્ધોમાં જીવત્વ અવ્યાહત છે. કેમ કે ત્યાં જીવનું અસાધારણ લક્ષણ ઉપયોગ જીવંત છે. આથી જ જીવના અંતરંગ લક્ષણને ઉદ્દેશીને જ બાહ્ય લક્ષણોને કહેવા માટે 'नाणं च दंसणं चेव' ઈત્યાદિ **ઉત્તરાધ્યયનસૂત્ર**ગાથાનો અધિકાર છે. અર્થાત્ ઉત્તરાધ્યયનમાં ઉપયોગ શબ્દથી અંતરંગ લક્ષણનું કથન છે. પણ ઉપયોગવાળો જીવ બાહ્ય લક્ષણ વિના જાણી શકાતો નથી. તેથી બાહ્ય લક્ષણો પણ ત્યાં બતાવેલ છે. બહારમાં જણાય તે બાહ્ય લક્ષણ. અથવા કાયમ જે અવશ્ય સાથે રહે તેવો નિયમ ન હોય તે બાહ્ય લક્ષણ. આ પ્રમાણે **અધ્યાત્મમતપરીક્ષાની વ્યાખ્યા** જોવાથી જણાય છે. તેથી પ્રસ્તુતમાં દ્રવ્ય-ગુણ-પર્યાયરાસનો ટબો અને અધ્યાત્મમતપરીક્ષાવૃત્તિ બન્નેનો સમન્વય કરવાથી ફલિત થાય છે કે અન્તરંગલક્ષણ = સ્વભાવલક્ષણ. તથા બાહ્યલક્ષણ = વિભાવલક્ષણ. આ મુજબ અહીં વિભાવના કરવી.

## * ગ્રહણગુણની સ્પષ્ટતા *

**(યદ્યપિ.)** અત્યાર સુધીની ચર્ચા દ્વારા આ શ્લોકની વ્યાખ્યામાં જે 'ગ્રહણ' ગુણ પુદ્ગલના સ્વભાવલક્ષણ તરીકે અભિપ્રેત છે, તેનું સ્વરૂપ તો પૂર્વે (૧૦/૨૦) જણાવ્યા પ્રમાણે **જો કે** આ મુજબ છે :-

(૧) ગ્રહણ એટલે પરસ્પર એકીભાવથી સંબંધ. અર્થાત્ એકમેક બનીને એકબીજાની સાથે જોડાવું તે જ ગ્રહણ છે. પુદ્ગલ જ એકબીજા સાથે જોડાય છે. જીવ, ધર્માસ્તિકાય વગેરે પરસ્પર એકમેક બનીને પરસ્પર જોડાતા નથી.

(૨) અથવા એમ પણ કહી શકાય છે કે જીવ દ્વારા જે ઔદારિક વગેરે શરીરસ્વરૂપે પકડાય તે પુદ્ગલ કહેવાય. એથી આ રીતે વિચારીએ તો 'જીવ વડે ઔદારિકાદિ શરીરસ્વરૂપે થતો સ્વીકાર એ જ ગ્રહણ છે' - આમ કહી શકાય છે.

(૩) અથવા તો એમ પણ કહી શકાય છે કે ઈન્દ્રિય વગેરે દ્વારા પુદ્ગલ જ જ્ઞાનનો વિષય

---

1. यच्च जीवलक्षणं तदुपदिष्टं तत्र लक्षणं लिङ्गम्। तेन विना स युज्यते धूमेन विना हुताश इव।।

(४) तद्योग्यत्वं वा

***तथापि*** (५) 'पुद्गलसहभावित्वेन गृह्यते यत् तद् ग्रहणमि'ति निरुक्तव्युत्पत्त्या वर्ण-गन्ध-रस-स्पर्शात्मकमपि तत् सम्भवत्येवेति न कश्चिद् दोषः।

लक्षणषट्कान्तर्गता वर्त्तना तु जीवाऽजीवस्वरूपैवेति प्रागुक्तयुक्त्या (१०/१०+११+१३+१९) कालस्य न षष्ठद्रव्यत्वम् इत्यादिकमत्र आगम-प्रकरण-तर्कादिपरिशीलनपरायणैः पण्डितैः विचारणीयम्।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – [1]"जीवो परिणमदि जदा सुहेण असुहेण वा सुहो असुहो। सुद्धेण

બનાવાય છે. તેથી ઈન્દ્રિય દ્વારા જ્ઞાનનો વિષય બનવું એ જ ગ્રહણ છે.

(૪) ઉપરના ત્રણેય લક્ષણોમાં અવ્યાપ્તિ સંભવે છે. કેમ કે પરમાણુ વગેરે પણ પુદ્ગલ દ્રવ્યો છે. તેમ છતાં તે પરમાણુદશામાં પરસ્પર એકીભાવથી જોડાતા નથી, જીવ દ્વારા ઔદારિકાદિરૂપે ગ્રહણ કરાતા નથી કે ઈન્દ્રિયનો વિષય બનતાં નથી. તેથી પરસ્પર એકીભાવથી સંબંધ કે જીવ દ્વારા પકડાવું કે ઈન્દ્રિયકરણકજ્ઞાનવિષયીભવન સ્વરૂપ ગ્રહણને પુદ્ગલનું લક્ષણ કહેવામાં પુદ્ગલપરમાણુ વગેરેમાં પુદ્ગલલક્ષણની અવ્યાપ્તિ આવશે. તેથી આ અવ્યાપ્તિના નિરાકરણ માટે ગ્રહણનું અર્થઘટન એવું કરી શકાય છે કે પરસ્પર એકીભાવથી ગ્રહણ થવાની યોગ્યતા અથવા જીવ દ્વારા ઔદારિકાદિ શરીરસ્વરૂપે ગ્રહણ થવાની યોગ્યતા અથવા ઈન્દ્રિય વગેરે દ્વારા જ્ઞાનનો વિષય બનવાની યોગ્યતા એ જ ગ્રહણ છે. પરમાણુદશામાં પુદ્ગલપરમાણુ ભલે પરસ્પર ભેગા ન થાય કે જીવ દ્વારા ગ્રહણ ન કરાય કે ઈન્દ્રિયજન્ય જ્ઞાનનો વિષય ન બનતા હોય. પરંતુ પરસ્પર એકીભાવે ભેગા થવાની કે જીવ દ્વારા ગ્રહણ થવાની કે ઈન્દ્રિયજન્ય જ્ઞાનનો વિષય બનવાની યોગ્યતા તો તેનામાં રહેલી છે જ. તેથી જ તો તે પુદ્ગલપરમાણુ ભવિષ્યમાં જ્યારે બાદર સ્કંધરૂપે પરિણત થાય તથા જીવ દ્વારા શરીરરૂપે ગ્રહણ થાય, ત્યારે ઈન્દ્રિયસન્નિકર્ષાદિ હોય તો તેનું ઈન્દ્રિયજન્ય જ્ઞાન પણ થાય જ છે. તેથી પરસ્પર એકીભાવે ભેગા થવાની યોગ્યતા કે જીવ દ્વારા ઔદારિક વર્ગણારૂપે ગ્રહણ થવાની યોગ્યતા કે ઈન્દ્રિયાદિકરણક જ્ઞાનનો વિષય બનવાની યોગ્યતા એ જ ગ્રહણ તરીકે પુદ્ગલલક્ષણમાં નિવિષ્ટ છે.

**(૫) તો પણ** 'પુદ્ગલદ્રવ્યના સહભાવી તરીકે જેનું જ્ઞાન થાય તે ગ્રહણ' - આવી વ્યુત્પત્તિ હમણાં દર્શાવી ગયા તે મુજબ વર્ણ-ગંધ-રસ-સ્પર્શાત્મક પણ 'ગ્રહણ' સંભવે જ છે. માટે આવા પાંચમા પ્રકારના ગ્રહણને પુદ્ગલનું સ્વભાવલક્ષણ માનવામાં કોઈ દોષ નથી.

**(લક્ષ.)** છ દ્રવ્યના છ લક્ષણ જે દર્શાવ્યા તેમાંથી વર્તના તો જીવ-અજીવસ્વરૂપ જ છે. તેથી પૂર્વે (૧૦/૧૦+૧૧+૧૩+૧૯) જણાવેલ યુક્તિ મુજબ કાળ છઠ્ઠું સ્વતંત્ર દ્રવ્ય સિદ્ધ થવાની સમસ્યા નહિ સર્જાય. આગમગ્રંથો, પ્રકરણગ્રંથો, તર્ક વગેરેનું પરિશીલન કરવામાં પરાયણ એવા પંડિતોએ આવી અનેક બાબતોનું અહીં ઊંડાણથી ચિંતન કરવું. આવી સૂચના આપીને વ્યાખ્યાકારશ્રીએ આ શ્લોકની વ્યાખ્યા પૂર્ણ કરેલ છે.

## ✹ સ્વભાવગુણપરિણમન આપણું કર્તવ્ય ✹

**આધ્યાત્મિક ઉપનય** :- **પ્રવચનસાર** ગ્રંથમાં **કુંદકુંદસ્વામી**એ જણાવેલ છે કે 'જીવ પરિણામસ્વભાવી હોવાથી (૧) જ્યારે શુભ ભાવથી જીવ પરિણમે છે ત્યારે જીવ પોતે જ શુભ થાય છે. (૨) જ્યારે

1. जीवः परिणमति यदा शुभेनाऽशुभेन वा शुभोऽशुभः। शुद्धेन तदा शुद्धो भवति हि परिणामस्वभावः।।

तदा सुद्धो हवदि हि परिणामसब्भावो।।" (प्र.सा.९) इति **प्रवचनसार**वचनाद् जीवस्य सर्वदा सर्वत्र निजोपयोगपरिणामस्वभावत्वाद् बाह्यनिमित्त-कर्म्म-संस्कारादिपारवश्येन निजोपयोगस्य यथा यथा बहिर्मुखत्वम्, जिनाज्ञानिरपेक्षत्वम्, तृष्णाद्यधीनत्वं प्रमादग्रस्तत्वं वा सम्पद्यते तथा तथा स विभावगुणस्वरूपेण व्यवहारनयतः परिणमति। तद्वैपरीत्ये च तस्य विभावगुणत्वेन परिणमनं स्खलति, मन्दीभवति स्वभावगुणत्वेन च परिणमनं प्रारभ्यते। सामान्य-विशेषगुणस्वरूपस्य स्वकीयोपयोगस्य विभावगुणत्वेन परिणमनं निरुध्य स्वभावगुणत्वेन परिणमनं कार्यम्। तदेव मोक्षमार्गसाधनम्। तदैव चात्मा शुद्धो भवति। अप्रमत्ततयेदृशाऽपवर्गमार्गप्रसाधनप्रेरणाऽत्रोपलभ्या। तदनुसरणेन च "अनन्तदर्शन-ज्ञान-सौख्य-शक्तिमयः प्रभुः। त्रैलोक्यतिलकीभूतस्तत्रैवास्ते निरञ्जनः।।" (कु.प्र.प्र.का.४३५/पृ.१६८) इति **कुमारपालप्रबोध-प्रबन्ध**समुद्धृतकारिकादर्शितं सिद्धस्वरूपं तरसा समुपतिष्ठते।।११/४।।

---

અશુભ ભાવથી જીવ પરિણમે છે ત્યારે જીવ પોતે જ અશુભ થાય છે. તથા (૩) જ્યારે જીવ શુદ્ધ ભાવથી પરિણમે છે ત્યારે જીવ પોતે જ શુદ્ધ થાય છે.' આમ જીવ સર્વદા સર્વત્ર સ્વકીયઉપયોગ-પરિણામસ્વભાવવાળો હોવાથી બહારના નિમિત્તો, કર્મ કે સંસ્કાર વગેરેની પરવશતાના લીધે જેમ જેમ આપણો ઉપયોગ (= ચેતનતા) બહિર્મુખ બને, જિનાજ્ઞાનિરપેક્ષ બને, તૃષ્ણાદિવશ બને કે પ્રમાદગ્રસ્ત બને તેમ તેમ વ્યવહારનયથી તે વિભાવગુણસ્વરૂપે પરિણમે છે. જેમ જેમ તે જ ઉપયોગ (=ચૈતન્ય) અંતર્મુખ બને, જિનાજ્ઞાસાપેક્ષ બને, તૃપ્ત બને, શાંત બને, સ્થિર બને, અપ્રમત્ત બને તેમ તેમ તેનું વિભાવગુણરૂપે પરિણમન સ્ખલિત થાય, મંદ થાય, સ્વભાવગુણરૂપે પરિણમન શરૂ થાય. સામાન્ય-વિશેષ ગુણ સ્વરૂપ ઉપયોગને વિભાવગુણરૂપે પરિણમાવવાનું બંધ કરી સ્વભાવગુણરૂપે પરિણમાવવો એનું નામ સાધના છે. તથા ત્યારે જ આપણો આત્મા શુદ્ધ થાય છે. અપ્રમત્તપણે આવી મોક્ષમાર્ગની સાધના કરવાની પ્રેરણા આ શ્લોક દ્વારા મેળવવા યોગ્ય છે. તે પ્રેરણાને અનુસરવાથી સિદ્ધસ્વરૂપ ઝડપથી ઉપસ્થિત થાય છે. **કુમારપાલપ્રબોધપ્રબંધ**માં ઉદ્ધૃત કરેલી કારિકામાં સિદ્ધસ્વરૂપ આ મુજબ જણાવેલ છે કે 'અનન્ત દર્શન-જ્ઞાન-સુખ-શક્તિમય, ત્રૈલોક્યમાં તિલક સમાન, નિરંજન સિદ્ધ ભગવંત ત્યાં સિદ્ધશિલામાં જ રહે છે.' (૧૧/૪)

લખી રાખો ડાયરીમાં....

- **અપવાદને સાંભળતા બુદ્ધિને ગલગલીયા થાય છે. સામાન્યતઃ શ્રદ્ધાને ઉત્સર્ગના આચરણમાં વિશેષ રુચિ છે.**
- **વાસનાને ઉત્પાદનમાં રસ છે. ઉપાસનાને સર્જનની લગની છે.**

**ધર્મ અપેક્ષાઈ ઈહાં અલગા સ્વભાવ ગુણથી ભાખ્યા જી,**
**નિજ નિજ રૂપ મુખ્યતા લેઈ, ♦સ્વભાવ ગુણ કરી દાખ્યા જી;**
**(૧) અસ્તિ સ્વભાવ તિહાં નિજ રૂપઈં, ભાવરૂપતા✿ દેખો જી,**
**પર અભાવ પરિ નિજ ભાવઈં, પણિ અરથ અનુભવી લેખો જી ॥૧૧/૫॥ (૧૮૭)**

અનુવૃત્તિ-વ્યાવૃત્તિ સંબંધઈ **ધર્મ**માત્રની (**અપેક્ષાઈ**=) વિવક્ષા કરીનઇં **ઈહાં સ્વભાવ ગુણથી અલગા**

---

सामान्य-विशेषगुणाः सभेदमुक्ताः परीक्षिताश्च। साम्प्रतं स्वभावनिरूपणावसरः, तेषां गुणरूपत्वात्। अथ स्वभावानां गुणरूपत्वे कुतः पार्थक्येनोक्तिः ? इत्याशङ्कायामाह – '**अनुवृत्ती**'ति।

**अनुवृत्ति-व्यावृत्त्यपेक्षया स्वभावेषु गुणान्यतोक्तेह,**
**चानुवृत्तिस्वरूपार्पणे तु गुणो ननूक्तः स्वभाव एव।**
**अस्तिस्वभावं स्वद्रव्यादितया भावरूपं जानीहि,**
**नास्तित्वमिवाऽपरद्रव्याद्यभावेन निजद्रव्यत्वेन।।११/५।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् — अनुवृत्ति-व्यावृत्त्यपेक्षया इह स्वभावेषु गुणान्यता उक्ता। ननु च अनुवृत्तिस्वरूपार्पणे तु स्वभाव एव गुणः उक्तः। स्वद्रव्यादितया अस्तिस्वभावं भावरूपं जानीहि। अपरद्रव्याद्यभावेन नास्तित्वमिव निजद्रव्यत्वेन अस्तिस्वभावं जानीहि।।११/५।।

**अनुवृत्ति-व्यावृत्त्यपेक्षया** = अन्वय-व्यतिरेकसम्बन्धाभ्यां स्वभावत्व-गुणत्वधर्मविवक्षया **इह स्वभावेषु**

---

**અવતરણિકા** :- સામાન્ય ગુણોને અને વિશેષ ગુણોને ભેદ સહિત જણાવ્યા. તથા તેની પરીક્ષા પણ યુક્તિ દ્વારા અને આગમ દ્વારા કરી. હવે સ્વભાવનું નિરૂપણ કરવાનો અવસર ઉપસ્થિત થયેલ છે. કારણ કે તે ગુણસ્વરૂપ છે. તેથી અહીં કોઈને શંકા થઈ શકે છે કે 'જો સ્વભાવ ગુણસ્વરૂપ હોય તો તેને ગુણથી જુદા સ્વરૂપે કેમ જણાવો છો ?' - આ શંકાનું નિરાકરણ કરવા માટે ગ્રંથકારશ્રી જણાવે છે કે :-

### ❯ સ્વભાવનિરૂપણ ❯

**શ્લોકાર્થ** :- અનુવૃત્તિની અને વ્યાવૃત્તિની અપેક્ષાએ અહીં સ્વભાવમાં ગુણભેદ જણાવેલ છે. તથા ઓ ! ભાગ્યશાળી ! અનુવૃત્તિસ્વરૂપની અર્પણા કરવામાં આવે તો સ્વભાવ જ ગુણ તરીકે જણાવેલ છે. અસ્તિસ્વભાવને સ્વદ્રવ્યાદિરૂપે ભાવાત્મક જાણવો. નાસ્તિસ્વભાવ જેમ અન્યદ્રવ્યાદિના અભાવથી જણાય છે તેમ અસ્તિસ્વભાવને નિજદ્રવ્યત્વ વિગેરે દ્વારા જાણવો. (૧૧/૫)

**વ્યાખ્યાર્થ** :- અન્વયસંબંધસ્વરૂપ અનુવૃત્તિ દ્વારા અને વ્યતિરેકસંબંધાત્મક વ્યાવૃત્તિ દ્વારા વિવક્ષિત સ્વભાવત્વ અને ગુણત્વ નામના ધર્મની અપેક્ષાએ સ્વભાવ ગુણથી જુદો પડી જાય છે. તેથી અહીં સ્વભાવમાં ગુણભેદ **દેવસેન** પંડિતે જણાવેલ છે. મતલબ કે સ્વભાવ એ ગુણરૂપે હોય પણ છે અને

---

♦ પુસ્તકોમાં 'ગુણ સ્વભાવ' પાઠ. કો.(૧૧)નો પાઠ લીધો છે. ✿ કો.(૧)માં 'નાસ્તિ સ્વભાવ તિહાં દેખો જી' પાઠ.

પંડિતે **ભાખ્યા** = [ह]કહ્યા. **નિજ નિજ** કહેતાં આપ આપણા **રૂપની મુખ્યતા લેઈ**, અનુવૃત્તિ સંબંધ માત્ર અનુસરીનઈં **સ્વભાવ** છઈં, તે જ **ગુણ કરી દાખ્યા** = દેખાડ્યા.

सामान्यविशेषभेदभिन्नेषु **गुणान्यता** = गुणभिन्नता **देवसेन**पण्डितेन **उक्ता**। स्वभावाः गुणा भवन्ति, नापि भवन्तीति अन्वय-व्यतिरेकौ स्तः। अतः स्वभावेषु गुणान्यता इहोक्ता। स्वभावत्व-गुणत्व-धर्मापेक्षया स्वभावाः गुणा न भवन्ति। अयमाशयः – गुणत्वावच्छिन्नाः स्वभावा भवन्ति किन्तु स्वभावत्वावच्छेदेन गुणात्मकता नास्ति इति स्वभावेषु गुणान्यत्वमुक्तम्।

ननु आमन्त्रणे, "प्रश्नाऽवधारणाऽनुज्ञाऽनुनयाऽऽमन्त्रणे ननु" (अ.को.३/३/२४८) इति पूर्वोक्ताद् (९/६) **अमरकोश**वचनात्, निज-निजद्रव्यादिचतुष्टयस्वरूपप्राधान्यविवक्षया **च अनुवृत्तिस्वरूपार्पणे** = अन्वयसम्बन्धमात्रानुसरणे **तु स्वभाव एव गुण उक्तो देवसेनेन**। चकार इतरेतरयोगार्थे, "चाऽन्वाचये समाहारेतरेतर-समुच्चये" (ए.का.३०) इति **एकाक्षरकाण्डे राघव**वचनात्, तु भेदे दृश्यः, "ह्रस्व-दीर्घौ तु -तू भेदे प्रश्ने ध्यानेऽव्ययं द्वयम्" (ए.ना.मा.६३) इति **एकाक्षरनाममालिकायां विश्वशम्भु**वचनात्। एवं धर्मापेक्षया स्वभावा गुणा न भवन्ति, स्वद्रव्यादिचतुष्टयापेक्षया च स्वभावा एव गुणा भवन्ति।

નથી પણ હોતા. સ્વભાવનું ગુણરૂપે હોવું તે અનુવૃત્તિ = અન્વય કહેવાય. તથા સ્વભાવનું ગુણસ્વરૂપે ન હોવું તે વ્યાવૃત્તિ = વ્યતિરેક કહેવાય. આથી સ્વભાવમાં ગુણભિન્નતા અહીં દેવસેનજીએ જણાવેલ છે. સ્વભાવત્વ અને ગુણત્વ નામના ધર્મની અપેક્ષાએ (=દૃષ્ટિએ) સ્વભાવ ગુણરૂપે નથી હોતા. મતલબ એ છે કે તમામ ગુણો સ્વભાવાત્મક હોય છે. પરંતુ બધા સ્વભાવ ગુણાત્મક નથી હોતા. તેથી સ્વભાવને ગુણથી ભિન્ન જણાવેલ છે.

## ❋ ગુણ અને સ્વભાવ વચ્ચે તફાવત ❋

**(ननु.)** "(૧) પ્રશ્ન, (૨) અવધારણ, (૩) અનુજ્ઞા, (૪) અનુનય તથા (૫) આમંત્રણ - આટલા અર્થમાં 'ननु' જાણવો' - આવું પૂર્વોક્ત (૯/૬) **અમરકોશ** સંદર્ભમાં જણાવેલ છે. તે મુજબ અહીં મૂળ શ્લોકમાં 'ननु' શબ્દ આમંત્રણ અર્થમાં પ્રયોજાયેલ છે. મૂળ શ્લોકમાં રહેલ 'च' નો અર્થ છે ઈતરેતરયોગ = એકબીજાનું પરસ્પરમાં મળવું. **એકાક્ષરકાંડ**માં **રાઘવજી**એ જણાવેલ છે કે "(૧) અન્વાચય (અનેક કાર્યોમાંથી એક કાર્યનું ગૌણ હોવું), (૨) સમાહાર = સમૂહ, (૩) ઈતરેતરયોગ તથા (૪) સમુચ્ચય - આટલા અર્થમાં 'च' વપરાય." તથા પૂર્વે જણાવેલ અનુવૃત્તિ-વ્યાવૃત્તિઉભય અપેક્ષાના બદલે અપેક્ષાભેદને દર્શાવવા 'तु' જાણવો. **વિશ્વશંભુ**એ **એકાક્ષરનામમાલા**માં કહેલ છે કે "હ્રસ્વ तु અને દીર્ઘ तू આ બન્ને અવ્યય (૧) ભેદ = તફાવત, (૨) પ્રશ્ન અને (૩) ધ્યાન અર્થમાં વપરાય છે." તેથી અર્થઘટન એવું થશે કે - ઓ ! ભાગ્યશાળી ! નિજ-નિજ દ્રવ્ય-ક્ષેત્રાદિ ચતુષ્કસ્વરૂપની મુખ્યતા અભિપ્રેત કરવાથી અનુવૃત્તિ સંબંધ માત્રને અનુસરવામાં આવે તો સ્વભાવ એ જ ગુણ છે. આ મુજબ **દેવસેનજી** જણાવે છે. તેમજ ધર્મની અપેક્ષાએ વિચાર કરીએ તો સ્વભાવો ગુણ નથી થતા. તથા સ્વદ્રવ્યાદિ ચતુષ્ટયની વિવક્ષાથી સ્વભાવો એ જ ગુણ થાય છે. આમ સ્વભાવ ગુણરૂપે છે તથા નથી.

[ह] 'કહ્યા' પાઠ ફક્ત કો.(૧૩)માં છે.

તે માટઈં ગુણવિભાગ કહીનઈં, સ્વભાવવિભાગ હિવઈં* કહિઈં છઈં–

स्वद्रव्यादिचतुष्टयापेक्षया तु गुणाः स्वभावा भवन्त्येव, द्रव्याण्यपि भवन्ति, स्वद्रव्यादीनां समानत्वेन तदपेक्षया द्रव्य-गुण-स्वभावानां कथञ्चिदभिन्नत्वात्। इदमेवाभिप्रेत्य **देवसेनेन आलापपद्धतौ** "धर्मापेक्षया स्वभावा गुणा न भवन्ति। स्वद्रव्यादिचतुष्टयापेक्षया परस्परं गुणाः स्वभावा भवन्ति, द्रव्याण्यपि भवन्ति" (आ.प.पृ.१२) इत्युक्तम्। अतो गुणविभागप्रतिपादनोत्तरं स्वभावविभागप्रतिपादनं सङ्गच्छते।

"स्वभावो हि स्वद्रव्य-गुण-पर्यायानुगतं स्वरूपाऽस्तित्वम्" (म.स्या.रह.श्लो.२/पृ.१७८) इति **मध्यमपरिमाण-स्याद्वादरहस्ये यशोविजयवाचकाः**।

गुण-पर्याययोः स्वकार्ये प्रवृत्तिः = स्वभावः इत्यभिप्रायेण **सङ्ग्रहशतके** [1]"गुण-पज्जायपवित्ति भावो, निअवत्थुधम्मो सो" (स.श.४१) इत्युक्तम्।

**प्रवचनसारव्याख्यायां** "स्वभावः तु द्रव्यस्य परिणामः अभिहितः। यः एव द्रव्यस्य स्वभावभूतः परिणामः, सः एव सदविशिष्टः गुणः" (प्र.सा.१०९ वृ.पृ.२१३) इति **अमृतचन्द्रः**।

**तत्त्वनिर्णयप्रासादे** तु **श्रीविजयानन्दसूरिभिः** "यद्यपि गुण-पर्याययोः एव अन्तर्भूतत्वेन स्वभावः न

## ❖ ગુણો સ્વભાવ-દ્રવ્યાત્મક બને ❖

**(स्व.)** જ્યારે સ્વ-સ્વ દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવની અપેક્ષાએ ગુણો તો સ્વભાવાત્મક બને છે જ. તદુપરાંત, ગુણો દ્રવ્યાત્મક પણ બને છે. કારણ કે દ્રવ્ય, ગુણ અને સ્વભાવના સ્વદ્રવ્ય-ક્ષેત્રાદિ સમાન છે. તેથી તેની અપેક્ષાએ દ્રવ્ય-ગુણ-સ્વભાવ કથંચિત્ અભિન્ન છે. આ જ અભિપ્રાયથી **દેવસેનજીએ આલાપપદ્ધતિ** ગ્રંથમાં જણાવેલ છે કે 'ધર્મની અપેક્ષાએ સ્વભાવો ગુણ નથી બનતા. જ્યારે સ્વદ્રવ્યાદિચતુષ્ટયની અપેક્ષાથી પરસ્પર ગુણો સ્વભાવ થઈ જાય છે (અને સ્વભાવો ગુણ થઈ જાય છે), તેમજ ગુણો દ્રવ્ય પણ થઈ જાય છે.' તેથી ગુણવિભાગનું નિરૂપણ કર્યા બાદ સ્વભાવના વિભાગનું પ્રતિપાદન કરવું તે સંગત જ છે.

## ❯ સ્વભાવની વ્યાખ્યા ❯

("**स्व.)** **મહોપાધ્યાય શ્રીયશોવિજયજી** મહારાજે મધ્યમપરિમાણ **સ્યાદ્વાદરહસ્ય** ગ્રંથમાં જણાવેલ છે કે 'પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયમાં અનુગત એવું સ્વરૂપઅસ્તિત્વ એ જ સ્વભાવ છે.' સ્વભાવની આ વ્યાખ્યાને પણ અહીં ખ્યાલમાં રાખવી.

**(गुण.)** 'ગુણ-પર્યાયની સ્વકાર્યમાં પ્રવૃત્તિ તે સ્વભાવ કહેવાય' - આવા અભિપ્રાયથી **સંગ્રહશતક**માં જણાવેલ છે કે 'ગુણ-પર્યાયની પ્રવૃત્તિ એ ભાવ = સ્વભાવ છે. તે નિજવસ્તુનો ધર્મ છે.'

## ❀ ગુણ-સ્વભાવની ઓળખ ❀

**(प्रव.)** **પ્રવચનસારવ્યાખ્યા**માં **અમૃતચન્દ્રાચાર્ય** સ્વભાવ અને ગુણ અંગે જણાવે છે કે "સ્વભાવ તો દ્રવ્યનો પરિણામ કહેવાયેલ છે. દ્રવ્યસ્વભાવાત્મક જે પરિણામ છે તે જ 'સત્' થી = અસ્તિત્વથી અવિશિષ્ટ = અભિન્ન (તરીકે અભિપ્રેત હોય તો) ગુણ છે."

## ❀ સ્વભાવ અંગે વિજયાનંદસૂરિનું મંતવ્ય ❀

**(तत्त्व.)** **તત્ત્વનિર્ણયપ્રાસાદ** ગ્રંથમાં **શ્રીવિજયાનંદસૂરિજીએ** (= આત્મારામજી મહારાજે) તો આ અંગે

* પુસ્તકોમાં 'હિવઈં' નથી. આ.(૧)+કો.(૧૩)માં છે. 1. गुण-पर्यायप्रवृत्तिः = भावः, निजवस्तुधर्मः सः ।

पृथक् तथापि इयांस्तु विशेषः यदुत गुणः गुणिमात्रवृत्तिः स्वभावस्तु गुण-गुणिनोः उभयत्रैव वृत्तिः, गुण -गुणिनोः निज-निजपरिणतिरूपेण परिणमनात्। सैव हि परिणतिः स्वभावपदेन उच्यते" (त.नि.प्रा.स्तम्भ-३६/ पृ.७०५) इत्युक्तमित्यवधेयम्।

स्वभावाः द्विधा – सामान्य-विशेषभेदात्। तत्र सामान्यस्वभावा एकादश, विशेषस्वभावाश्च दश इति एकविंशतिः स्वभावाः। तदुक्तं **देवसेनेन आलापपद्धतौ** "(१) अस्तिस्वभावः, (२) नास्तिस्वभावः, (३) नित्यस्वभावः, (४) अनित्यस्वभावः, (५) एकस्वभावः, (६) अनेकस्वभावः, (७) भेदस्वभावः, (८) अभेदस्वभावः, (९) भव्यस्वभावः, (१०) अभव्यस्वभावः, (११) परमस्वभावः। (एते) द्रव्याणाम् एकादश सामान्यस्वभावाः। (१) चेतनस्वभावः, (२) अचेतनस्वभावः, (३) मूर्त्तस्वभावः, (४) अमूर्त्तस्वभावः, (५) एकप्रदेशस्वभावः, (६) अनेकप्रदेशस्वभावः, (७) विभावस्वभावः, (८) शुद्धस्वभावः, (९) अशुद्धस्वभावः, (१०) उपचरितस्वभावः। एते द्रव्याणां दश विशेषस्वभावाः" (आ.प.पृ.५) इति। इह सामान्यस्वभावा निरूपयिष्यन्ते, उत्तरत्र (१२/१-११) च विशेषस्वभावा इत्यवधेयम्।

(१) तत्रादौ दिगम्बरमतानुसारेणाऽत्र अस्तिस्वभावः प्रतिपाद्यते – **अस्तिस्वभावं स्वद्रव्यादितया** = स्वकीयद्रव्य-क्षेत्र-काल-भावस्वरूपेण **भावरूपं** = सत्त्वात्मकं **जानीहि**। तदुक्तं **तत्त्वार्थभाष्यवृत्तौ सिद्धसेनगणि**वरैः "अस्तित्वं भावानां मौलो धर्मः सत्तारूपत्वम्" (त.सू.२/८/भा.सि.वृ.पृ.१४८) इति।

---

જણાવેલ છે કે 'જો કે ગુણ-પર્યાયમાં જ અંતર્ભાવ થવાના લીધે સ્વભાવ પૃથક્ નથી. તો પણ અહીં આટલો તફાવત સમજવો કે ગુણ તો ગુણીમાં જ રહે છે. જ્યારે સ્વભાવ ગુણ-ગુણી બન્નેમાં રહે છે. કારણ કે ગુણ-ગુણી પોત-પોતાની પરિણતિસ્વરૂપે પરિણમે છે. તે પરિણતિ જ સ્વભાવ તરીકે કહેવાય છે.'

### ❊ સામાન્યસ્વભાવ : ૧૧, વિશેષસ્વભાવ : ૧૦ ❊

**(स्वभा.)** સ્વભાવના બે ભેદ છે. સામાન્ય અને વિશેષ. તેમાં સામાન્યસ્વભાવ ૧૧ પ્રકારે છે. તથા વિશેષ સ્વભાવ દસ પ્રકારે છે. આમ કુલ ૨૧ સ્વભાવ છે. તેથી જ **દેવસેનજીએ આલાપપદ્ધતિ** ગ્રંથમાં જણાવેલ છે કે '(૧) અસ્તિસ્વભાવ, (૨) નાસ્તિસ્વભાવ, (૩) નિત્યસ્વભાવ, (૪) અનિત્યસ્વભાવ, (૫) એકસ્વભાવ, (૬) અનેકસ્વભાવ, (૭) ભેદસ્વભાવ, (૮) અભેદસ્વભાવ, (૯) ભવ્યસ્વભાવ, (૧૦) અભવ્યસ્વભાવ અને (૧૧) પરમસ્વભાવ. આમ દ્રવ્યોના કુલ ૧૧ સામાન્ય સ્વભાવ છે. તથા (૧) ચેતનસ્વભાવ, (૨) અચેતનસ્વભાવ, (૩) મૂર્ત્તસ્વભાવ, (૪) અમૂર્ત્તસ્વભાવ, (૫) એકપ્રદેશસ્વભાવ, (૬) અનેકપ્રદેશસ્વભાવ, (૭) વિભાવસ્વભાવ, (૮) શુદ્ધસ્વભાવ, (૯) અશુદ્ધસ્વભાવ, (૧૦) ઉપચરિત સ્વભાવ - આમ દ્રવ્યોના કુલ દસ વિશેષસ્વભાવ છે.' આ ૧૧ મી શાખામાં સામાન્યસ્વભાવનું તથા ૧૨ મી શાખામાં વિશેષસ્વભાવનું પ્રતિપાદન કરવામાં આવશે. આ બાબત ખ્યાલમાં રાખવી.

### ❀ અસ્તિસ્વભાવનું પ્રકાશન ❀

(तत्रादौ.) તે ૧૧ સામાન્યસ્વભાવમાં સૌપ્રથમ દિગંબરમત મુજબ અહીં અસ્તિસ્વભાવનું પ્રતિપાદન કરવામાં આવે છે. સ્વકીય દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવસ્વરૂપે અસ્તિસ્વભાવ ભાવાત્મક છે, સત્ત્વસ્વરૂપ છે - તેમ સમજવું. તેથી **તત્ત્વાર્થભાષ્યવૃત્તિ**માં **શ્રીસિદ્ધસેનગણિવરે** જણાવેલ છે કે 'અસ્તિત્વ એ ભાવોનો મૂળભૂત ગુણધર્મ છે. તે સત્તાસ્વરૂપ છે.'

**તિહાં પ્રથમ અસ્તિસ્વભાવ** તે **નિજરૂપઈં** = સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવસ્વરૂપઈં **ભાવરૂપતાયેં દેખો**. જિમ **પર** ▸વસ્તુચતુષ્ક◂ **અભાવઈં**● ❖નાસ્તિત્વસ્વભાવ અનુભવિયઇં છઇં, ✱તિમ (=પરિ) **નિજભાવઈં** અસ્તિત્વસ્વભાવ **પણિ (અરથ) અનુભવિઇં (લેખો)** છઇં.✱

તે માટઈં અસ્તિસ્વભાવ **લેખઈં** છઈ. ॥**૧૧/૫**॥

***अथ*** अस्तिस्वभावो ज्ञायते कथम् ?

***उच्यते*** – **नास्तित्वमिव** = यथा नास्तित्वस्वभावः **अपरद्रव्याद्यभावेन** = अन्यद्रव्य-क्षेत्र-काल-भावाभावेन हेतुना ज्ञायते तथा **अस्तिस्वभावं निजद्रव्यत्वेन** उपलक्षणात् स्वकीयक्षेत्र-काल-भावैः चैव **जानीहि**। अयमाशयः – यथा परद्रव्याद्यभावेन ज्ञायमानो वस्तुस्वभावो नास्तिस्वभावं ज्ञापयति तथा स्वद्रव्यादिसद्भावेन ज्ञायमानो वस्तुस्वभावोऽस्तिस्वभावं ज्ञापयति। ततश्च यथा नास्तिस्वभावात् 'परद्रव्याद्यपेक्षया वस्तु नास्ति' इत्यनुभूयते तथाऽस्तिस्वभावात् 'स्वद्रव्याद्यपेक्षया वस्तु अस्ति' इत्यनुभूयते। एतावताऽस्तिस्वभावकार्यमप्युपदर्शितम्। ततश्च अस्तिस्वभावसाफल्यम्। अत एव शास्त्रेषु द्रव्यस्यास्तिस्वभावः प्रतिपाद्यते।

प्रकृते "स्वद्रव्यादिचतुष्टयेन परतस्तेनैव तद्धेतुना। भावाऽभावयुगात्मकस्तु कलशो जातस्तथा प्रत्ययाद्।।" (जै.स्या.मु.१/२५ – पूर्वार्धः) इति **जैनस्याद्वादमुक्तावल्यां यशस्वत्सागरोक्तिरपि** भावनीयाः।

[illegible] :- (**अथ.**) અસ્તિત્વભાવ કઈ રીતે જણાય ?

### ❁ અસ્તિસ્વભાવ સફળ ❁

[illegible] :- (**उच्यते.**) જેમ નાસ્તિત્વસ્વભાવનો અનુભવ પરકીય દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવના અભાવ દ્વારા થાય છે, તેમ અસ્તિસ્વભાવ સ્વકીય દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ દ્વારા જ અનુભવાય છે. એ જ વસ્તુની અંદર અસ્તિસ્વભાવ હોવામાં પ્રમાણ છે - એમ તમે સ્વીકારો. આશય એ છે કે - જેમ પરદ્રવ્ય વગેરેના અભાવની અપેક્ષાથી જણાતો વસ્તુસ્વભાવ વસ્તુના નાસ્તિસ્વભાવમાં સાક્ષી છે, તેમ સ્વદ્રવ્યાદિ દ્વારા જણાતો વસ્તુસ્વભાવ એ વસ્તુના અસ્તિસ્વભાવમાં સાક્ષી છે. નાસ્તિસ્વભાવના લીધે જેમ 'પરદ્રવ્યાદિની અપેક્ષાએ વસ્તુ નથી' - તેવો અનુભવ થાય છે તેમ અસ્તિસ્વભાવના લીધે 'સ્વદ્રવ્યાદિની અપેક્ષાએ વસ્તુ છે' - તેવો અનુભવ થાય છે. આવું કહેવા દ્વારા અસ્તિસ્વભાવનું કાર્ય પણ જણાવાઈ ગયું. આમ વસ્તુનો અસ્તિસ્વભાવ લેખે લાગે છે. તેથી જ શાસ્ત્રોમાં દ્રવ્યનો અસ્તિસ્વભાવ જણાવેલ છે.

(**प्रकृ.**) પ્રસ્તુતમાં **જૈનસ્યાદ્વાદમુક્તાવલીમાં યશસ્વત્સાગરજીએ** જે જણાવેલ છે તેના ઉપર પણ ઊંડાણથી સકારાત્મક (=હકારાત્મક) વિભાવના કરવા જેવી છે. ત્યાં તેમણે દર્શાવેલ છે કે 'સ્વદ્રવ્યાદિ ચતુષ્ટયની અપેક્ષાએ કળશ (ઘડો) ભાવાત્મક ઉત્પન્ન થયેલો છે તથા પરદ્રવ્યાદિ ચતુષ્કની દૃષ્ટિએ તે અભાવસ્વરૂપે ઉત્પન્ન થયેલ છે. તેવા પ્રકારની પ્રતીતિ થવાના લીધે તે ભાવાભાવઉભયાત્મક છે.'

▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. આ.(૧)માં છે. ● કો.(૧૧)માં 'ભાવઈં' પાઠ. ❖ કો.(૧૦+૧૧)માં 'નાસ્તિ સ્વભાવ' પાઠ છે. ✱...✱ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ કો.(૯) + પા. + સિ.માં નથી.

"अस्तित्वं हि तावद् उत्पाद-व्यय-ध्रौव्यैक्यात्मिका वृत्तिः" (प्र.सा.१४४ वृ.पृ.१८५) इति **प्रवचनसारवृत्तौ अमृतचन्द्रः**।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् — अस्तिस्वभावतः अस्मदीयम् अस्तित्वमनुभूयते। स च 'आत्मत्वेन वयं साम्प्रतं स्मः' इत्यनुभवाऽऽधानकृते सर्वदा सज्ज एव, नित्यत्वात्। शास्त्रपरिकर्मित-बुद्धिसत्त्वे 'असङ्ख्येयप्रदेशमयः, देहादिभिन्नः, देहव्यापी शाश्वतचैतन्यरूपेण सर्वदा अहम् अस्मि एव' इत्यनुभवः तत उपजायते। ततश्च विषयवैराग्यमुत्कृष्यते। तदुक्तं **पूज्यपादस्वामिना इष्टोपदेशे** "यथा यथा समायाति संवित्तौ तत्त्वमुत्तमम्। तथा तथा न रोचन्ते विषयाः सुलभा अपि।।" (इष्टो. ३७) इति। ततश्च गुणवैराग्यसम्प्राप्तौ मरणान्तोपसर्ग-परिषहादिगतानां गजसुकुमाल-मेतार्यमुनिप्रभृतीनाम् अस्तिस्वभावोपहितोपदर्शितानुभवबलेनैव कैवल्यलक्ष्मीप्रादुर्भावसम्भवः। ततश्च "निरञ्जनाश्चिदानन्दरूपा रूपादिवर्जिताः। स्वभावप्राप्तलोकाग्राः सिद्धानन्तचतुष्टयाः।।" (न.मा.८/२) इति **नमस्कारमाहात्म्ये सिद्धसेनाचार्य**दर्शितस्वरूपाः ते बभूवुः। ततश्चाऽस्माभिः अपि तद्दिशैव प्रगन्तव्यम्, अस्तिस्वभावस्य सदा तत्र सहायकत्वादित्युपदेशः।।११/५।।

### ❁ અસ્તિત્વ : અમૃતચન્દ્રની દૃષ્ટિમાં ❁

("अस्ति.) **પ્રવચનસારવ્યાખ્યા**માં દિગંબરાચાર્ય **અમૃતચન્દ્રજી** અસ્તિત્વની ઓળખ આ પ્રમાણે આપે છે કે 'અસ્તિત્વ તે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યની એકતાસ્વરૂપ વૃત્તિ (હયાતી) છે.'

### ❁ અસ્તિસ્વભાવનું પ્રયોજન ❁

**આધ્યાત્મિક ઉપનય** :- અસ્તિસ્વભાવના લીધે આપણું અસ્તિત્વ અનુભવાય છે. અસ્તિસ્વભાવ કાયમ હાજર છે. તેથી 'આત્મા તરીકે આપણે વર્તમાનમાં વિદ્યમાન છીએ' - આવો અનુભવ આપણને કરાવવા તે સદા તૈયાર જ છે. શાસ્ત્રપરિકર્મિત બુદ્ધિ હોય તથા તેવું લક્ષ હોય, ઉપયોગ હોય તો 'અસંખ્યાતપ્રદેશમય, દેહાદિભિન્ન, દેહવ્યાપી શાશ્વત ચૈતન્યસ્વરૂપે હું સર્વદા વિદ્યમાન જ છું' - આવો આપણને અનુભવ અસ્તિસ્વભાવ કરાવે. તેનાથી વિષયવૈરાગ્ય ઉત્કૃષ્ટ થાય છે. આ અંગે દિગંબર **પૂજ્યપાદસ્વામી**એ **ઈષ્ટોપદેશ**માં જણાવેલ છે કે 'જેમ જેમ ઉત્તમ આત્મતત્ત્વ અનુભૂતિમાં આવે છે તેમ તેમ સરળતાથી મળે તેવા પણ વિષયો જીવને ગમતા નથી.' ત્યાર બાદ પ્રાપ્ત થયેલા ગુણોને વિશે પણ અભિમાન કરવાના બદલે તેના પ્રત્યે વૈરાગ્ય પ્રાપ્ત થતાં મરણાંત કષ્ટો-ઉપસર્ગો-પરિષહોની વચ્ચે રહેલા ગજસુકુમાલ મહામુનિ, મેતારજ મુનિ વગેરે અસ્તિસ્વભાવજનિત ઉપરોક્ત અનુભૂતિના આધારે જ કૈવલ્યલક્ષ્મીને પામી ગયા હશે ! ત્યાર બાદ તેઓએ **નમસ્કારમાહાત્મ્ય** ગ્રંથમાં જણાવેલ સિદ્ધસ્વરૂપને ધારણ કર્યું. ત્યાં શ્રી**સિદ્ધસેનાચાર્ય** ભગવંતે જણાવેલ છે કે 'સિદ્ધ ભગવંતો (૧) નિરંજન, (૨) ચિદાનંદરૂપી, (૩) રૂપાદિરહિત, (૪) સ્વભાવથી લોકાગ્ર ભાગે પહોંચેલા અને (૫) અનંતજ્ઞાન-દર્શન-સુખ-શક્તિસ્વરૂપ અનંતચતુષ્ટયની સિદ્ધિવાળા હોય છે.' ચાલો, આપણે પણ એ જ દિશામાં આગેકૂચ કરીએ. અસ્તિસ્વભાવ એ દિશામાં સહાય કરવા સદા સજ્જ છે. આવો ઉપદેશ અહીં પ્રાપ્ત થાય છે. **(૧૧/૫)**

**[♦]નહિ તો સકલશૂન્યતા હોવઈ, (૨) [§]નાસ્તિભાવ પરભાવઈ જી,**
**પરભાવઈ પણિ સત્તા કહતાં, એકરૂપ સવિ પાવઈ જી;**
**સત્તા જિમ અસત્તા ન [♦]ફુરઈ, વ્યંજક અમિલન વશથી જી,**
**[*]છતો [☆]શરાવગંધ નવિ ભાસઈ, જિમ વિણ નીરફરસથી[□] જી[*] ॥૧૧/૬॥ (૧૮૮)**

(**નહિ તો**=) જો અસ્તિસ્વભાવ ન માંનિઈં તો પરભાવાપેક્ષાઈં જિમ નાસ્તિતા, તિમ સ્વભાવાપેક્ષાઈં પણિ નાસ્તિતા થતાં, **સકલશૂન્યતા** (**હોવઈ**=) થાઈ.

---

विपक्षबाधमाह – '**अन्यथे**'ति।

**अन्यथा सर्वशून्यता भवेद् (२) नास्तित्वं खलु परभावेन,**
**परभावेनाऽस्तित्वे सर्वं ह्येकस्वरूपमापद्येत।**
**अस्तित्ववन्नास्तित्वं द्रुतं न स्फुरति व्यञ्जकविरहेण,**
**न भाति सन्नपि शरावगन्धः सदा व्यञ्जकवियोगवशेन।।११/६।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – अन्यथा (=अस्तित्वभावानभ्युपगमे) सर्वशून्यता भवेत्। नास्तित्वं खलु परभावेन (कथ्यते)। परभावेन अस्तित्वे सर्वम् एकस्वरूपं हि आपद्येत। व्यञ्जकविरहेण अस्तित्ववद् नास्तित्वं द्रुतं न स्फुरति। शरावगन्धः सन्नपि व्यञ्जकवियोगवशेन सदा न भाति।।११/६।।

**अन्यथा** = अस्तिस्वभावाऽनभ्युपगमे **सर्वशून्यता** = वस्तुमात्रराहित्यं **भवेत्** = प्रसज्येत, परकीयद्रव्य-क्षेत्र-काल-भावापेक्षया नास्तित्ववत् स्वकीयद्रव्य-क्षेत्रादिनाऽपि नास्तित्वाऽभ्युपगमात्। सा

---

**અવતરણિકા** :- અસ્તિસ્વભાવનો સ્વીકાર કરવામાં સહાયક એવું પ્રમાણ દેખાડી ગયા. હવે ગ્રંથકારશ્રી અસ્તિસ્વભાવનો સ્વીકાર ન કરવામાં આવે તો શું સમસ્યા સર્જાય ? તેને દર્શાવે છે :-

**શ્લોકાર્થ** :- અસ્તિસ્વભાવનો સ્વીકાર કરવામાં ન આવે તો સર્વશૂન્યતાની આપત્તિ આવે. (૨) પરભાવથી નાસ્તિત્વ જાણવું. પરભાવથી જો વસ્તુ હાજર હોય તો બધી વસ્તુ એકસ્વરૂપ જ બની જાય. વ્યંજક ન હોવાથી અસ્તિત્વની જેમ નાસ્તિત્વ ઝડપથી સ્ફુરતું = જણાતું નથી. માટીના કોડિયામાં વિદ્યમાન એવી પણ ગંધ વ્યંજકના અભાવના લીધે સર્વદા જણાતી નથી. (૧૧/૬)

## 卐 અસ્તિસ્વભાવમાં વિપક્ષબાધક પ્રમાણ 卐

**વ્યાખ્યાર્થ** :- અસ્તિસ્વભાવનો સ્વીકાર કરવામાં ન આવે તો સર્વશૂન્યતાની આપત્તિ આવશે. અસ્તિસ્વભાવ ધારણ કરવા કોઈ પણ વસ્તુ તૈયાર જ ન હોય તો તમામ વસ્તુનો ઉચ્છેદ = અભાવ જ થઈ જાય ને ! કારણ કે અસ્તિસ્વભાવનો અસ્વીકાર કરવાનો મતલબ જ એવો થાય છે કે પરદ્રવ્ય -ક્ષેત્ર-કાળ-ભાવથી જેમ વસ્તુ હાજર નથી તેમ સ્વકીય દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી પણ વસ્તુ હાજર નથી.

---

♦ મો.(૨)માં 'નૈકે' પાઠ. § કો.(૧૩)માં 'નાસ્તિતાભાવ' પાઠ. ♦ ફુરઈ = સ્ફુરે. આધારગ્રંથ - **ગુર્જર રાસાવલી, તેરમા-ચૌદમા શતકના ત્રણ પ્રાચીન ગુજરાતી કાવ્યો** સંપા. હરિવલ્લભ ભાયાણી. □ મો.(૨)માં 'નીરસથી' અશુદ્ધ પાઠ. *...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ કો.(૧૧)માં નથી. ☆ શરાવ = કોડીયું.

च प्रत्यक्षविरुद्धत्वान्नाभ्युपगन्तुमर्हति।

इदमेवाभिप्रेत्योक्तं **बृहन्नयचक्रे** [1]"सत्तं जो ण हु मण्णइ पच्चक्खविरोहियं हि तस्समयं। णो णेयं, ण हि णाणं, ण संसयं, ण णिच्छयं जम्हा।।" (बृ.न.च.५०) इति। अयमाशयः – सत्स्वभावानङ्गीकारे ज्ञेय-ज्ञानाद्युच्छेदः प्रसज्येत। किन्तु ज्ञेयादिकमिहास्त्येव। ज्ञेयसत्त्वादेव कस्यचित् क्वचित् संशय उत्पद्यते। ततश्च संशयोऽपि वस्तुसत्त्वमेव साधयति। न हि खरशृङ्गादिसन्देहः कस्यचिद् भवति। खरादेः शृङ्गादेश्च सत्त्वेऽपि तयोः अवयवाऽवयविभावस्य उपादानोपादेयभावस्य वाऽसत्त्वेन 'इदं खरशृङ्गम् अश्वशृङ्गं वा ?' इति संशयादिः न भवति। ततश्च वस्तुसत्त्वानङ्गीकारे संशयादिः नैव सङ्गच्छेत।

स्वरूपसत्ताया विरहे शशशृङ्गवत् प्रमाणग्राह्यत्वस्यैवाऽयोगेन ज्ञान-ज्ञेय-ज्ञातृविरहात् शून्यतापत्तिः द्रष्टव्या। किञ्च ज्ञान-ज्ञेयादिविरहे शून्यवादोऽपि कथं ज्ञायेत? तत्परिच्छेदे ज्ञान-ज्ञेयसत्त्वं सिध्येत।

તો પછી વસ્તુ કયા સ્વરૂપે હાજર રહે ? કોઈ પણ સ્વરૂપે નહિ. નિઃસ્વભાવ વસ્તુ તો હોય જ નહિ. તેથી સર્વ વસ્તુના ઉચ્છેદની આપત્તિ આવશે. તથા આ આપત્તિને ઈષ્ટાપત્તિ તરીકે સ્વીકારી શકાતી નથી. કેમ કે તે બાબત પ્રત્યક્ષ પ્રમાણથી વિરુદ્ધ છે. પ્રત્યક્ષ પ્રમાણ દેરાસર-ઉપાશ્રય-ઉપકરણ આદિ વસ્તુને જણાવે જ છે. તેથી તેનો અભાવ માન્ય બની શકે તેમ નથી. તેના લીધે સર્વશૂન્યતાની = શૂન્યવાદની આપત્તિ ઈષ્ટાપત્તિ તરીકે વધાવી શકાય તેમ નથી.

### ❈ સંશય પણ વસ્તુસત્ત્વસાધક ❈

**(इद.)** આ જ અભિપ્રાયથી **બૃહદ્નયચક્ર** ગ્રંથમાં જણાવેલ છે કે 'જે સત્સ્વભાવવાળી વસ્તુને માનતો નથી તેનો મત તો પ્રત્યક્ષ પ્રમાણથી વિરુદ્ધ છે. કારણ કે તેમના મતમાં નથી કોઈ જ્ઞેય કે નથી કોઈ જ્ઞાન, નથી કોઈ સંશય કે નથી કોઈ નિશ્ચય.' કહેવાનો આશય એ છે કે અસ્તિસ્વભાવનો સ્વીકાર કરવામાં ન આવે તો જ્ઞાન-જ્ઞેય વગેરેનો પણ ઉચ્છેદ થશે. પરંતુ હકીકત એ છે કે સંસારમાં જ્ઞેય પણ છે અને સંશય-નિશ્ચયાદિ સ્વરૂપ જ્ઞાન પણ છે. આથી જ 'આ સાપ છે કે દોરડું ?' - એવો સંશય ક્યારેક કોઈને થઈ જાય છે. સંશય પણ વસ્તુના અસ્તિત્વને જ સિદ્ધ કરે છે. કેમ કે જે વસ્તુઓ વર્તમાન હોય છે તેને જ લઈને સંશય ઉત્પન્ન થાય છે. કોઈને પણ 'આ ગધેડાનું શીંગડું છે કે ઘોડાનું શીંગડું છે ?' - આવી શંકા નથી થતી. કેમ કે ગધેડાને કે ઘોડાને શીંગડું જ હોતું નથી. હા, ગધેડો, ઘોડો અને શીંગડુ એ ત્રણેય વસ્તુ જરૂર છે. પરંતુ ગધેડામાં કે ઘોડામાં શીંગડા સાથે અવયવ-અવયવીભાવ સંબંધ કે ઉપાદાન-ઉપાદેયભાવ સંબંધ નથી હોતો. આ કારણે ઉપરોક્ત સંશય વગેરે થતા નથી. તેથી વસ્તુસત્તાનો સ્વીકાર કરવામાં ન આવે તો સંશય કે નિશ્ચય કશું નહિ થઈ શકે.

### ❈ શૂન્યવાદ પ્રત્યક્ષવિરુદ્ધ ❈

**(स्वरूप.)** જે વસ્તુ સ્વરૂપતઃ સત્ ન હોય તે વસ્તુનું પ્રમાણથી જ્ઞાન જ થઈ ન શકે. શશશૃંગનું કદાપિ કોઈને પ્રત્યક્ષાદિ પ્રમાણથી જ્ઞાન થતું નથી. કારણ કે તે સ્વરૂપતઃ સત્ નથી, અસત્ છે. તેથી

1. सत्त्वं यो न हि मन्यते प्रत्यक्षविरोधितो तत्समयः। नो ज्ञेयम्, न हि ज्ञानम्, न संशयः, न निश्चयो यस्मात्।।

તે માટઈં સ્વદ્રવ્યાદ્યપેક્ષાઈં અસ્તિસ્વભાવ ♦સર્વથા માનવો. (૧)

तदपरिच्छेदे च तदसिद्धेः शून्यवादोऽपि न निरापदः। ततश्च स्वरूपसत्त्वमभ्युपेयमेव।

अनेनैवाऽभिप्रायेणोक्तं **प्रकरणपञ्चिकायां शालिकनाथमिश्रेण** "स्वरूपसत्तैव प्रमाणसम्बन्धयोग्यता। यस्य हि स्वरूपमस्ति तत् प्रमाणेन परिच्छिद्यते" (प्र.प.पृ.९९) इति।

परद्रव्यादिना नास्तित्ववत् स्वद्रव्यादिनाऽपि नास्तित्वाभ्युपगमे वस्तुनः कुतः सत्त्वं सम्भवेत् ? अस्तिस्वभावशालित्वादेव वस्तुनः सत्त्वं सम्पद्यते। उत्पाद-व्यय-ध्रौव्यमयास्तिस्वभावाधीनैव वस्तुनिष्पत्तिरिति भावः। तदुक्तं **प्रवचनसारे कुन्दकुन्दस्वामिना** [1]"णत्थि विणा परिणामं अत्थो, अत्थं विणेह परिणामो। दव्व-गुण-पज्जयत्थो अत्थो अत्थित्तणिव्वत्तो।।" (प्र.सा.१०) इति। तदुक्तं **माइल्लधवलेन** अपि **द्रव्यस्वभावप्रकाशे** [2]"अत्थिसहावे सत्ता" (द्र.स्व.प्र.६०) इति। ततः स्वद्रव्याद्यपेक्षया सर्वथा = नियमेन अस्तिस्वभावः

તમામ વસ્તુમાં શશશૃંગની જેમ સ્વરૂપતઃ સત્તાને સ્વીકારવામાં ન આવે તો જ્ઞાન-જ્ઞેય-જ્ઞાતાના વિરહથી શૂન્યતાની આપત્તિ આવે - તેમ સમજવું. તેમજ જ્યારે જ્ઞાન, જ્ઞેય વગેરે જ નહીં હોય ત્યારે આપણે શૂન્યવાદને જાણી જ કેવી રીતે શકશું ? કેમ કે જો ત્યારે 'શૂન્યવાદ છે' એવી જાણ થાય તો જ્ઞાન અને જ્ઞેય બન્નેનું અસ્તિત્વ સિદ્ધ થઈ જાય છે. કેમ કે જે જાણે છે તે જ્ઞાન છે અને જેને જાણે છે તે જ્ઞેય છે. આથી શૂન્યવાદ જ જ્ઞેય થઈ જાય છે. અને જો શૂન્યવાદ જ્ઞેય (જ્ઞાનનો વિષય) ન હોય તો 'શૂન્યવાદ છે' - આવું સિદ્ધ કરવું શક્ય જ નહીં બને. આથી શૂન્યવાદ પણ સર્વથા નિરાપદ નથી, અનિષ્ટાપત્તિશૂન્ય નથી. તેથી વસ્તુની સ્વરૂપસત્તાને માનવી જ જોઈએ.

### ❋ અસ્તિસ્વભાવ અંગે શાલિકનાથમત ❋

(**અને.**) આ અભિપ્રાયથી જ **પ્રકરણપંચિકા** ગ્રંથમાં મીમાંસકમૂર્ધન્ય **શાલિકનાથમિશ્રે** જણાવેલ છે કે 'સ્વરૂપસત્તા એ જ વસ્તુમાં પ્રમાણનો સંબંધ થવાની યોગ્યતા છે. કારણ કે જેનું સ્વરૂપ સત્ હોય, જે વસ્તુ સ્વરૂપતઃ સત્ હોય, જે સ્વરૂપસત્તાને ધારણ કરે તે જ વસ્તુનો પ્રમાણથી નિશ્ચય થઈ શકે.'

### ❋ સ્વદ્રવ્યાદિસાપેક્ષ અસ્તિસ્વભાવ ❋

(**પરદ્ર.**) 'પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી વસ્તુ જેમ ગેરહાજર છે તેમ સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી પણ વસ્તુ ગેરહાજર જ છે' - એમ સ્વીકારવામાં આવે તો વસ્તુનું અસ્તિત્વ જ કઈ રીતે સંભવે ? કારણ કે અસ્તિસ્વભાવને ધારણ કરવાથી જ વસ્તુ સત્ બને છે. આશય એ છે કે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યમય અસ્તિસ્વભાવને આધીન વસ્તુજન્મ છે. તેથી જ **પ્રવચનસાર** ગ્રંથમાં **કુંદકુંદસ્વામી**એ જણાવેલ છે કે 'આ લોકમાં પરિણામ વિના પદાર્થ નથી. તથા પદાર્થ વિના પરિણામ નથી. પદાર્થ દ્રવ્ય-ગુણ-પર્યાયમાં રહેલો છે. તથા (ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યમય) અસ્તિત્વથી પદાર્થ નિષ્પન્ન થયેલો છે.' તેથી **માઈલ્લધવલ** નામના દિગંબર વિદ્વાને પણ **દ્રવ્યસ્વભાવપ્રકાશ** ગ્રંથમાં જણાવેલ છે કે 'અસ્તિસ્વભાવ હોય તો જ વસ્તુમાં સત્તા = અસ્તિતા = વિદ્યમાનતા સંભવે.' તેથી સ્વદ્રવ્ય-ક્ષેત્રાદિની અપેક્ષાએ વસ્તુમાં અવશ્ય અસ્તિસ્વભાવ

♦ 'સર્વથા' પાઠ ધ.માં નથી. 1. नास्ति विना परिणामम् अर्थः, अर्थं विना इह परिणामः। द्रव्य-गुण-पर्ययस्थः अर्थः अस्तित्वनिर्वृत्तः। 2. अस्तिस्वभावे सत्ता।

**પરભાવઈં** = પરદ્રવ્યાદ્યપેક્ષાઇં **નાસ્તિસ્વભાવ** કહિયઈં.

---

कक्षीकर्तव्यः, अनेकान्तस्य सम्यगेकान्ताऽविनाभावित्वात्। तदुक्तं "नित्यैकान्तमतं यस्य तस्याऽनेकान्तता कथम्?। अथानेकान्तता यस्य तस्यैकान्तमतं स्फुटम्।।" (द्र.स्व.प्र.५६ वृ.) इति **द्रव्यस्वभावप्रकाशवृत्तौ**। प्रथमस्वभावमुद्दिश्योक्तम् **आलापपद्धतौ** "स्वभावलाभाद् अप्रच्युतत्वाद् अस्तिस्वभावः" (आ.प.पृ.१२) इति। स्वद्रव्य-क्षेत्रादिप्रयुक्तस्वभावलाभस्थितेः वस्तुनोऽस्तिस्वभाव इत्यभिप्रायः।

**नयचक्रसारे देवचन्द्रवाचकैस्तु** "स्वद्रव्यादिचतुष्टयेन व्याप्य-व्यापकादिसम्बन्धिस्थितानां स्वपरिणामात् परिणामान्तराऽगमनहेतुः वस्तुनः सद्रूपतापरिणतिः = अस्तिस्वभावः" (न.च.सा.पृ.१३५) इत्युक्तमित्यवधेयम्। उक्तः प्रथमः सामान्यस्वभावः।

(२) साम्प्रतमवसरसङ्गतिप्राप्तं द्वितीयं सामान्यस्वभावमाह – **नास्तित्वं** = नास्तिस्वभावः **खलु**

---

માનવો જ જોઈએ. કારણ કે જૈનોનો અનેકાન્તવાદ સમ્યગ્ એકાન્તને વ્યાપીને રહેલો છે. **દ્રવ્યસ્વભાવપ્રકાશવૃત્તિ**માં આ અંગે સ્પષ્ટપણે જણાવેલ છે કે 'જે નિત્ય (=સર્વથા) એકાન્તમતને માને છે તેના મતમાં અનેકાન્તપણું કઈ રીતે સંભવે ? પરંતુ જે વાદીના મતમાં અનેકાન્તપણું છે તે સમ્યગ્ એકાન્તવાદી પણ સ્પષ્ટપણે છે.' તથા પ્રથમ સ્વભાવને ઉદ્દેશીને **આલાપપદ્ધતિ** ગ્રંથમાં જણાવેલ છે કે 'સ્વભાવલાભથી ભ્રષ્ટ ન થવાના લીધે વસ્તુમાં અસ્તિસ્વભાવ રહેલો છે.' સ્વભાવલાભ સ્વદ્રવ્ય-ક્ષેત્ર -કાળ-ભાવને આધીન છે. તેથી સ્વદ્રવ્ય-ક્ષેત્રાદિપ્રયુક્ત સ્વભાવલાભની સ્થિરતાના કારણે વસ્તુમાં અસ્તિસ્વભાવ સ્વીકારવો જરૂરી છે. આવું અહીં તાત્પર્ય છે.

### ✾ અસ્તિસ્વભાવ શ્રીદેવચન્દ્રજીની દૃષ્ટિએ ✾

(नय.) 'પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ આ ચતુષ્ટયની સાથે વ્યાપ્ય-વ્યાપક વગેરે સંબંધથી રહેલા પરિણામો સ્વપરિણામથી ભિન્ન પરિણામ તરીકે ન પરિણમે તેમાં કારણભૂત બને તેવી વસ્તુગત સદ્રૂપતાપરિણતિ એ જ વસ્તુનો અસ્તિસ્વભાવ છે' - આ પ્રમાણે **દેવચન્દ્રજી** ઉપાધ્યાય **નયચક્રસાર**માં જણાવે છે. તે વાતને ખ્યાલમાં રાખવી. આમ પ્રથમ અસ્તિસ્વભાવનું નિરૂપણ પૂર્ણ થયું.

**સ્પષ્ટતા** :- સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાલ અને સ્વભાવ - આ ચારની સાથે વ્યાપ્ય-વ્યાપકભાવથી રહેલા પરિણામો પોતાનો મૂળ ધર્મ છોડીને અન્યધર્મસ્વરૂપે કદાપિ પરિણમતા નથી. તેનું કારણ વસ્તુનો અસ્તિસ્વભાવ છે. વસ્તુની સદ્રૂપતાપરિણતિ એ જ તેનો અસ્તિસ્વભાવ. સર્વ દ્રવ્યોમાં પોતાના ગુણ -પર્યાયનો અસ્તિસ્વભાવ હોય છે. જીવ જીવદ્રવ્યરૂપે પરિણમે, અજીવરૂપે નહિ. એક જીવ અન્યજીવરૂપે ન પરિણમે પણ સ્વાત્મક સ્વરૂપે જ પરિણમે. જ્ઞાનગુણ જ્ઞાનગુણરૂપે જ પરિણમે. પરંતુ દર્શન-ચારિત્રાદિ ગુણસ્વરૂપે તે ન પરિણમે. જ્ઞાનગુણની જ્ઞાનત્વસ્વરૂપે જ અસ્તિતા છે. સર્વ દ્રવ્ય-ગુણ-પર્યાયો પોતાના દ્રવ્ય-ક્ષેત્રાદિપણે પરિણમે છે, તે અસ્તિસ્વભાવનો પ્રભાવ છે. **સ્વોપજ્ઞ નયચક્રસારવિવરણ**માં આ મુજબ ખરતરગચ્છીય શ્રી**દેવચન્દ્રજી** ઉપાધ્યાયે નિરૂપણ કરેલું છે.

### ❋ નાસ્તિસ્વભાવનું નિરૂપણ ❋

(૨) હવે બીજા સામાન્યસ્વભાવનું નિરૂપણ કરવાનો અવસર પ્રાપ્ત થયો છે. અવસરસંગતિથી

**પરભાવઈં પણિ સત્તા** = અસ્તિસ્વભાવ **કહતાં સર્વ** સર્વસ્વરૂપઈં અસ્તિ થયું; તિવારિં જગ **એકરૂપ** **(પાવઈ=)** થાઇ.

તે તો સકલશાસ્ત્રવ્યવહારવિરુદ્ધ છઇ. તે માટઈં પરાપેક્ષાઈં નાસ્તિસ્વભાવ છઇ, ▸શૂન્યપણા થકી.◂(२)

---

**परभावेन** = परकीयद्रव्य-क्षेत्र-काल-भावापेक्षया कथ्यते। खलु वाक्यालङ्कारे बोध्यः, **लघुतमनामकोशे** "निषेध-वाक्याऽलङ्कार-जिज्ञासाऽनुनये खलु" (ल.ना.को.१६०) इति **सागरानन्दसूरि**वचनात्। स्वद्रव्यादिनेव **परभावेन** = अन्यदीयद्रव्य-क्षेत्र-काल-भावापेक्षया वस्तुनः **अस्तित्वे** = अस्तिस्वभावे सत्त्वाऽपराभिधाने स्वीक्रियमाणे '**सर्वं** = वस्तुत्वावच्छिन्नं सर्वस्वरूपमस्ति' इत्यापद्येत। तदा सचराचरं **सर्वं** जगद् **एकस्वरूपम्** = अभिन्नस्वरूपं **हि** = एव **आपद्येत**, सर्वस्य वस्तुनः सर्वद्रव्य-क्षेत्राद्यपेक्षया अस्ति-स्वभावशालित्वाभ्युपगमात्।

तच्च सकलशास्त्र-व्यवहार-प्रतीतिविरुद्धम्। अतः परकीयद्रव्य-क्षेत्राद्यपेक्षया वस्तुनो नास्तिस्वभावोऽभ्युपगन्तव्य एवेत्याशयः। परद्रव्याद्यपेक्षयैव नास्तिस्वभावः, न तु स्व-परद्रव्याद्यपेक्षया, शून्यवादापत्तेः। "हि हेतौ पादपूर्त्तौ तु विशेषेऽप्यवधारणे" (ए.ना.मा.१४५) इति **एकाक्षर्यां नाममालायां दामोदरपुत्रकालिदासव्यासो**क्तेः प्रकृते अवधारणार्थे हिः योजितः।

---

પ્રાપ્ત થયેલ બીજા સામાન્યસ્વભાવને ગ્રંથકારશ્રી જણાવે છે કે ખરેખર પરકીય દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની અપેક્ષાએ નાસ્તિસ્વભાવ કહેવાય છે. મૂળ શ્લોકમાં રહેલ खलु અવ્યય વાક્યની શોભા માટે છે. **શ્રીસાગરાનંદસૂરિ**જીએ **લઘુતમનામકોશ**માં જણાવેલ છે કે "(૧) નિષેધ, (૨) વાક્યાલંકાર, (૩) જિજ્ઞાસા તથા (૪) અનુનય (મનાવવું) - આટલા અર્થોને જણાવવા માટે 'खलु' વપરાય છે." 'જેમ વસ્તુ સ્વદ્રવ્ય-ક્ષેત્રાદિની અપેક્ષાએ અસ્તિસ્વભાવને ધારણ કરે છે તેમ પરકીય દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની અપેક્ષાએ પણ વસ્તુ અસ્તિસ્વભાવને = સત્તાને ધારણ કરે છે' - એવું માનવામાં આવે તો 'વસ્તુત્વઅવચ્છિન્ન = વસ્તુત્વવિશિષ્ટ = સર્વ વસ્તુ સર્વસ્વરૂપ છે' - એવું માનવાની આપત્તિ આવે. તથા તેવું બને ત્યારે સચરાચર આખું જગત એકસ્વરૂપ જ બની જશે. કોઈ પણ વસ્તુના સ્વરૂપમાં લેશ પણ ભેદ નહીં પડી શકે. કારણ કે 'સર્વ વસ્તુ સર્વ દ્રવ્ય-ક્ષેત્રાદિની અપેક્ષાએ હાજર છે - તેવું તમે માનો છો.

**(तच्च.)** પરંતુ તે વાત તો સર્વ શાસ્ત્રથી, સર્વ વ્યવહારથી અને સર્વ પ્રતીતિથી વિરુદ્ધ છે. તેથી જગતની એકરૂપતા માન્ય ન બને. આથી પરદ્રવ્ય-ક્ષેત્રાદિની અપેક્ષાએ નાસ્તિસ્વભાવ માનવો જરૂરી છે. આ પ્રમાણે તાત્પર્ય છે. તથા આ નાસ્તિસ્વભાવ પરદ્રવ્યાદિની અપેક્ષાએ જ જાણવો, સ્વ-પરદ્રવ્યાદિની અપેક્ષાએ નહિ. બાકી તો શૂન્યવાદની આપત્તિ આવે. મૂળ શ્લોકમાં રહેલ 'हि' શબ્દ **એકાક્ષરી નામમાલા** મુજબ અવધારણ = જકાર અર્થમાં દર્શાવેલ છે. ત્યાં **દામોદરપુત્ર કાલિદાસવ્યાસે** દર્શાવેલ છે કે "(૧) હેતુ, (૨) પાદપૂર્ત્તિ, (૩) વિશેષ અને (૪) અવધારણ અર્થને જણાવવા 'हि' વપરાય."

---

▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી ફક્ત કો.(૧૧)માં છે.

यच्च **बृहन्नयचक्रवृत्तौ** "सर्वथैकान्तेन सद्रूपस्य न नियतार्थव्यवस्था, सङ्करादिदोषत्वाद्" (बृ.न.च.६९ वृ.पृ.३६) इत्युक्तं तदप्यत्रानुसन्धेयम्। सर्वथा = स्व-परद्रव्य-क्षेत्रादिप्रकारैः वस्तुनः सद्रूपत्वमेवेत्यभ्युपगमे मृण्मयो घटः पटरूपतामापद्येत तन्तुमयश्च पटः घटरूपतामापद्येत। इदमेवाऽत्र घट-पटयोः साङ्कर्यम्। एवञ्च 'घटो घटपदवाच्यः पटपदवाच्यो वा ? पटः पटपदवाच्यो घटपदवाच्यो वा ?' इत्यनिश्चयात् प्रतिनियतार्थव्यवस्थोच्छिद्येत। अतः परस्वरूपेण नास्तिस्वभावोऽपि कक्षीकर्तुमर्हतीति भावः।

यदपि **नयचक्रसारे देवचन्द्रवाचकैः** "अस्तित्वाऽभावे गुणाऽभावात् पदार्थे शून्यताऽऽपत्तिः। नास्तित्वाऽभावे कदाचित् परभावत्वेन परिणमनात् सर्वसङ्करताऽऽपत्तिः" (न.च.सा.पृ.१५१) इत्युक्तं तदप्यत्रानुयोज्यम्। "तथाऽनेकान्ततो वस्तु भावाभावोभयात्मकम्। यथा सत्त्वं स्वरूपेण पररूपेण चान्यथा।।" (जै.वि.त.१/१९) इति **जैनविशेषतर्के यशस्वत्सागरोक्तिरत्र** स्मर्तव्या।

### ❀ સર્વ સર્વાત્મક થવાની આપત્તિ ❀

**સ્પષ્ટતા** :- સ્વકીય-પરકીય દ્રવ્ય-ક્ષેત્રાદિની અપેક્ષાએ સર્વ વસ્તુ અસ્તિસ્વભાવને ધારણ કરે તો ઘટ, પટ, મઠ વગેરે એકસરખા થવાની આપત્તિ આવશે. કારણ કે સર્વ દ્રવ્ય-ક્ષેત્રાદિની અપેક્ષાએ ઘટ, પટ જો સત્ = હાજર હોય તો ઘટ માટીસ્વરૂપે હાજર છે, તેમ તંતુ વગેરે સ્વરૂપે પણ હાજર થઈ જશે. તથા પટ જેમ તંતુસ્વરૂપે હાજર છે, તેમ માટી વગેરે સ્વરૂપે પણ હાજર થઈ જશે. તેથી તમામ વસ્તુ એકસરખી બનવાની આપત્તિ દુર્વાર બનશે.

### ❀ નાસ્તિસ્વભાવ ન માનો તો સંકરાદિ દોષ ❀

**(यच्च.)** તથા **બૃહદ્નયચક્ર** ગ્રંથની **વ્યાખ્યા**માં જે જણાવેલ છે કે 'જો વસ્તુનું સ્વરૂપ સર્વથા = સર્વ પ્રકારે સત્ જ હોય તો સંકર વગેરે દોષના લીધે પ્રતિનિયત એવી વસ્તુવ્યવસ્થા સંભવી નહિ શકે' - તે વાતનું પણ પ્રસ્તુતમાં અનુસંધાન કરવું. અહીં કહેવાનો આશય એ છે કે સર્વ પ્રકારે = સ્વ-પર દ્રવ્ય-ક્ષેત્રાદિ સ્વરૂપે વસ્તુ જો સત્ = હાજર જ હોય તો માટીસ્વરૂપ એવો ઘટ તંતુસ્વરૂપ બની જશે તથા તંતુસ્વરૂપ = તંતુમય એવો પટ મૃણમય = માટીમય બની જવાની આપત્તિ આવશે. આ જ અહીં ઘટ-પટનું સાંકર્ય જાણવું. એક વસ્તુનું સ્વરૂપ બીજી વસ્તુમાં જાય તે 'સંકર' દોષ તરીકે અહીં અભિપ્રેત છે. તેથી 'ઘટને ઘટ કહેવો કે પટ કહેવો ?' તથા 'પટને પટ કહેવો કે ઘટ કહેવો ?' તેનો નિર્ણય નહિ થઈ શકે. કારણ કે ઉપરોક્ત મત મુજબ ઘટ ઘટરૂપે અને પટરૂપે જણાશે. તથા પટ પટસ્વરૂપે અને ઘટસ્વરૂપે જણાશે. તેથી 'આ ઘટ છે. તે પટ છે' - આવી પ્રતિનિયત પ્રસિદ્ધ વસ્તુવ્યવસ્થાનો ઉચ્છેદ થવાની આપત્તિ આવશે. તેથી સર્વત્ર પરસ્વરૂપે નાસ્તિસ્વભાવ માનવો જરૂરી છે.

### ❀ અસ્તિ-નાસ્તિસ્વભાવ ન માનો તો... ❀

**(यदपि.)** **નયચક્રસાર**માં ઉપાધ્યાય શ્રી**દેવચન્દ્રજી**એ જણાવેલ છે કે 'જો અસ્તિસ્વભાવ ન હોય તો પદાર્થમાં ગુણનો ઉચ્છેદ થવાથી શૂન્યતાની આપત્તિ આવે. તથા નાસ્તિસ્વભાવ જો પદાર્થમાં ન હોય તો ક્યારેક પરભાવસ્વરૂપે = અન્યપદાર્થસ્વરૂપે પરિણમન થવાથી સર્વ પદાર્થોમાં સાંકર્યની આપત્તિ આવે.' આનું અહીં અનુસંધાન કરવું. 'તથા અનેકાન્તથી વસ્તુ ભાવાભાવઉભયાત્મક છે. જેમ સ્વરૂપથી

ततश्च सुष्ठूक्तं **सिद्धसेनदिवाकरेण न्यायावतारे** "अनेकान्तात्मकं वस्तु गोचरः सर्वसंविदाम्" (न्या.२९) इति तथा **न्यायकुमुदचन्द्रे प्रभाचन्द्रेण** "सर्वमनेकान्तात्मकम्" (न्या.कु.पृ.३६८) इति। एकत्र स्व-परद्रव्य-क्षेत्राद्यपेक्षयाऽस्ति-नास्तिस्वभावाभ्युपगमेन अनेकान्तवादात् सर्वार्थव्यवस्थोपपत्तेः। अतः परापेक्षया नास्तिस्वभावः = नास्तित्वम् = असत्त्वं स्वीकर्तव्यमेव। यथोक्तम् **आलापपद्धतौ** "परस्वरूपेणाऽभावाद् नास्तिस्वभावः" (आ.प.पृ.१२) इति। ***एतेन*** [1]"असंतरूवा हु अण्णमण्णेण" (द्र.स्व.प्र.६०) इति **द्रव्यस्वभावप्रकाश**वचनमपि ***व्याख्यातम्।***

प्रकृते "सर्वमस्ति स्वरूपेण पररूपेण नास्ति च। अन्यथा सर्वभावानामेकत्वं संप्रसज्यते।।" (भ.सू. १/३/३२/पृ.५५) इति **भगवतीसूत्रवृत्तौ** समुद्धृता कारिका स्मर्तव्या।

तदुक्तं **समन्तभद्रा**चार्येणाऽपि **आप्तमीमांसायां** "सदेव सर्वं को नेच्छेत् ? स्वरूपादिचतुष्टयात्। असदेव

---

સત્ત્વ છે, તેમ પરરૂપથી અસત્ત્વ છે' - આ મુજબ **જૈનવિશેષતર્ક**માં **યશસ્વત્સાગરજી**ની ઉક્તિને અહીં યાદ કરવી.

### ❁ સર્વ વસ્તુ અસ્તિ-નાસ્તિસ્વભાવમય ❁

**(ततश्च.)** તેથી **ન્યાયાવતાર** પ્રકરણમાં **શ્રીસિદ્ધસેનદિવાકરજી**એ સરસ વાત કરી છે કે 'સર્વ સમ્યક્ બોધનો વિષય અનેકાન્તાત્મક વસ્તુ છે.' તેમજ **ન્યાયકુમુદચન્દ્ર** ગ્રંથમાં દિગંબર **પ્રભાચંદ્રાચાર્યે** પણ સુંદર વાત કરેલ છે કે 'સર્વ વસ્તુ અનેકાન્તાત્મક છે.' નિજસ્વરૂપે અસ્તિસ્વભાવ અને પરસ્વરૂપે નાસ્તિસ્વભાવ સર્વત્ર માનવાથી અનેકાન્તવાદની સંગતિ થઈ જશે. તેથી પ્રસિદ્ધ વસ્તુવ્યવસ્થાની સંગતિ થઈ જશે. આ કારણથી પરકીય દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની અપેક્ષાએ નાસ્તિસ્વભાવનો = નાસ્તિત્વનો = અસત્ત્વનો સ્વીકાર જરૂરી જ છે. જેમ કે **આલાપપદ્ધતિ** ગ્રંથમાં જણાવેલ છે કે 'પરસ્વરૂપે વસ્તુનો અભાવ હોવાથી વસ્તુમાં નાસ્તિસ્વભાવ છે.' **દ્રવ્યસ્વભાવપ્રકાશ** ગ્રંથમાં જે જણાવેલ છે કે 'અન્ય-અન્યસ્વરૂપે વસ્તુ અસત્ સ્વરૂપ છે' - તેની પણ સ્પષ્ટતા આના દ્વારા થઈ જાય છે. કેમ કે અન્ય એટલે પરકીય દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ. તે સ્વરૂપે સર્વ વસ્તુ અસત્ જ છે. તેથી 'ઘટસ્વરૂપે પટ અસત્ છે તથા પટસ્વરૂપે ઘટ અસત્ છે' - તેમ જાણવું.

### ❉ પદાર્થ સ્વરૂપથી સત્, પરરૂપથી અસત્ ❉

**(प्रकृते.)** આ સંદર્ભમાં **ભગવતીસૂત્રવ્યાખ્યા**માં એક કારિકા ઉદ્ધૃત કરેલી છે તે યાદ કરવા યોગ્ય છે. તેમાં જણાવેલ છે કે 'સર્વ વસ્તુ નિજસ્વરૂપથી હાજર છે તથા પરસ્વરૂપે ગેરહાજર છે. જો આવું ન માનવામાં આવે તો સર્વ ભાવો એક = અભિન્ન બની જવાની આપત્તિ આવે.'

### ❋ સત્-અસત્ સ્વભાવનું સમર્થન ❋

**(तदु.)** શ્રી**સમન્તભદ્રાચાર્ય**એ પણ **આપ્તમીમાંસા** ગ્રંથમાં અસ્તિ-નાસ્તિસ્વભાવની ઓળખાણ કરાવવાના આશયથી જણાવેલ છે કે "સ્વરૂપ આદિની = સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ આ ચારની અપેક્ષાએ બધું સત્ જ છે - તેવું કોણ ન ઈચ્છે ? તથા પરદ્રવ્ય-ક્ષેત્રાદિ ચારની અપેક્ષાએ બધું અસત્ જ છે - તેમ કોણ ન માને ? જો આ મુજબ માનવામાં ન આવે તો પદાર્થસ્વરૂપ અંગે વ્યવસ્થા ન સંભવે." અસ્તિ

---

1. असद्रूपा हि अन्यदन्येन।

"સત્તા તે સ્વભાવઈં વસ્તુમાંહિં જણાઇ છઈ. તે માટઇં સત્ય છઈ. અસત્તા તે સ્વજ્ઞાનઈં પરમુખ-નિરીક્ષણ કરઇ છઇ. તે માટઈં કલ્પનાજ્ઞાનવિષયપણઈં અસત્ય છઈ" - એહવું *બૌદ્ધ* મત છઇ, તે ખંડવાનઈં કહઇ છઈ - **સત્તાની (જિમ=)** પરિં તત્કાલ **અસત્તા** જે **નથી સ્ફુરતી**, તે **વ્યંજક અણમિલ્યાના વશથી**

विपर्यासात्, न चेद् ? न व्यवतिष्ठते।।" (आ.मी.१५) इति। अधिकञ्चाऽग्रे त्रयोदशशाखायां (१३/१) व्यक्तीभविष्यति।

**नयचक्रसारे देवचन्द्रवाचकैः** "अन्यजातीयद्रव्यादीनां स्वीयद्रव्यादिचतुष्टयतया व्यवस्थितानां विवक्षिते परद्रव्यादिके सर्वदैव अभावाविच्छिन्नानाम् अन्यधर्माणां व्यावृत्तिरूपो भावः = नास्तिस्वभावः" (न.च.सा. पृ.१३६) इत्युक्तम्।

ननु सत्त्वं स्वत एव वस्तुनि ज्ञायते। अतः तत् पारमार्थिकम्। किन्तु असत्त्वं तु स्वज्ञानकृते परमुखप्रेक्षि, अभावबुद्धौ प्रतियोगिज्ञानस्य अपेक्षणात्। सत्त्वलक्षणप्रतियोगिज्ञानाऽभिव्यङ्ग्यत्वादेव असत्त्वस्य तुच्छत्वमिति बौद्धाऽऽशङ्कामपाकर्तुमाह –

**अस्तित्ववद्** = अस्तिस्वभाव इव **नास्तित्वं** = नास्तिस्वभावः **व्यञ्जकविरहेण** = प्रतिनियत-व्यञ्जकविलम्बवशेन एव **द्रुतं** = झटिति **न स्फुरति** = न ज्ञायते, न तु नास्तिस्वभावविरहेण।

-નાસ્તિસ્વભાવનો સ્વીકાર ન કરવામાં આવે તો વ્યવસ્થા કઈ રીતે ન સંભવે ? તે વાત આગળ તેરમી શાખાના પ્રથમ શ્લોકમાં સ્પષ્ટ થઈ જશે.

### ❋ નાસ્તિસ્વભાવ શ્રીદેવચન્દ્રજીની દૃષ્ટિમાં ❋

**(नय.) નયચક્રસાર** ગ્રંથમાં શ્રીદેવચન્દ્રજી ઉપાધ્યાયે નાસ્તિસ્વભાવને આ રીતે જણાવેલ છે કે 'જે વિજાતીય દ્રવ્ય-ગુણ-પર્યાયો પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવસ્વરૂપે રહેલા હોય તેનો વિવક્ષિત પરદ્રવ્ય -ગુણ-પર્યાયમાં સર્વદા અભાવપણે અવિચ્છેદ છે. તેથી પરદ્રવ્ય-ગુણ-પર્યાયની વ્યાવૃત્તિસ્વરૂપ = બાદબાકીસ્વરૂપ જે ભાવ, તે જ પ્રસ્તુત દ્રવ્યાદિનો નાસ્તિસ્વભાવ છે.'

### ✻ નાસ્તિત્વ કાલ્પનિક : બૌદ્ધ ✻

**બૌદ્ધ** :- (ननु.) વસ્તુમાં સત્ત્વ = અસ્તિસ્વભાવ તો સ્વતઃ જ જણાય છે. એથી સત્ત્વ એ જ પારમાર્થિક વસ્તુધર્મ છે. પરંતુ અસત્ત્વ તો પોતાના જ્ઞાન માટે બીજાનું = પ્રતિયોગીનું મોઢું જુએ છે, બીજાની અપેક્ષા રાખે છે. કારણ કે અભાવબુદ્ધિ પ્રત્યે પ્રતિયોગિજ્ઞાનની અપેક્ષા રહે છે. સત્ત્વસ્વરૂપ પ્રતિયોગીના જ્ઞાનથી અભિવ્યંગ્ય હોવાથી અસત્ત્વ તુચ્છ જ છે. જે પરમાર્થસત્ હોય તેને પોતાના જ્ઞાન માટે બીજાના જ્ઞાનની અપેક્ષા શા માટે હોય ? પરંતુ અસત્ત્વ પોતાના જ્ઞાન માટે સ્વપ્રતિયોગીના જ્ઞાનની અપેક્ષા રાખે છે. તેથી તે તુચ્છ છે.

### ۞ નાસ્તિસ્વભાવ પારમાર્થિક : જૈન ۞

**જૈન** :- (अस्तित्व.) હે બૌદ્ધો ! તમારી આ દલીલ વ્યાજબી નથી. (તેના નિરાકરણ માટે ગ્રંથકારશ્રી શ્લોકના ઉત્તરાર્ધમાં જણાવે છે કે) અસ્તિસ્વભાવની જેમ નાસ્તિસ્વભાવ તુરંત સ્ફુરાયમાન નથી થતો. કારણ કે ત્યાં પ્રતિનિયત વ્યંજકનો વિલંબ થાય છે. કહેવાનો આશય એ છે કે 'નાસ્તિસ્વભાવવિષયક

પણિ તુચ્છપણા થકી નહીં. **જિમ છતોઈ શરાવનો ગંધ** □તે **નીરસ્પર્શ** (વિણ=) વિના (ભાસઈ=) જણાઈ

व्यञ्जकविरहप्रयुक्तः नास्तित्वप्रकारकज्ञानाऽभावः, न तु विषयविरहप्रयुक्त इत्याशयः। अत एव कालान्तरे व्यञ्जकोपस्थितौ तदभिव्यक्तिः जायते, शशशृङ्गस्य तु न जातुचित्, असत्त्वात्।

***एतेन*** पारमार्थिकश्चेद् नास्तिस्वभावः, अस्तिस्वभाववद् झटिति स्वतो ज्ञायेत। न चैवं ज्ञायते इति शशशृङ्गसहोदर एव स इति ***निरस्तम्,***

शशशृङ्गस्य व्यञ्जकसहस्रसन्निधावप्यनभिव्यक्तेः, नास्तिस्वभावस्य तु व्यञ्जकसन्निधौ अभिव्यक्तेः।

***न च*** विषयसत्त्वेऽपि व्यञ्जकविरहाद् ज्ञानाऽभावः कुत्र दृष्टः ? *इति* ***वाच्यम्,***

यतः **सन्नपि** = विद्यमानोऽपि **शरावगन्धः** = मार्त्तशरावगन्धः **व्यञ्जकवियोगवशेन** = नीर-

જ્ઞાન પોતાનો વિષય ગેરહાજર = અસત્ = તુચ્છ હોવાના લીધે નથી થતું' - એવું નથી. પરંતુ ચોક્કસ પ્રકારના અભિવ્યંજકના વિલંબના લીધે નાસ્તિસ્વભાવનું જ્ઞાન તુરંત થતું નથી. તેથી નાસ્તિ સ્વભાવને તુચ્છ-મિથ્યા-શશશૃંગતુલ્ય માની ન શકાય. અભિવ્યંજક તેની અભિવ્યક્તિ કરે છે. તેથી જ કાલાન્તરે વ્યંજક = પ્રતિયોગિજ્ઞાન = પરકીયદ્રવ્ય-ક્ષેત્રાદિજ્ઞાન હાજર થતાં નાસ્તિસ્વભાવની અભિવ્યક્તિ = બુદ્ધિ ઉત્પન્ન થાય છે. વ્યંજક જુદા-જુદા સ્થળે જુદા-જુદા હોય છે. તે વાત અલગ છે. પરંતુ શશશૃંગની તો કદાપિ અભિવ્યક્તિ થતી નથી. કારણ તે અસત્ = અવિદ્યમાન જ છે.

**દલીલ** :- (एतेन.) જો નાસ્તિસ્વભાવ પારમાર્થિક હોય તો અસ્તિસ્વભાવની જેમ તુરંત સ્વતઃ જણાવો જોઈએ. પણ અસ્તિસ્વભાવની જેમ તે તરત જણાતો નથી. માટે તે શશશૃંગતુલ્ય જ છે.

### ✱ સર્વથા અસત્‌ની અભિવ્યક્તિનો અસંભવ ✱

**સમાધાન** :- (**शशशृ.**) ના, તમારી ઉપરોક્ત દલીલ વ્યાજબી નથી. કારણ કે અમારી ઉપરોક્ત વાત દ્વારા જ તેનું નિરાકરણ થઈ જાય છે. નાસ્તિસ્વભાવ શશશૃંગતુલ્ય નથી. કારણ કે હજારો વ્યંજક હાજર થાય તો પણ શશશૃંગની અભિવ્યક્તિ = બુદ્ધિ કદાપિ કોઈને પણ થતી નથી. જ્યારે નાસ્તિસ્વભાવની અભિવ્યક્તિ = બુદ્ધિ = ઉપલબ્ધિ તો વ્યંજકની હાજરીમાં થાય જ છે. તેથી નાસ્તિસ્વભાવ શશશૃંગતુલ્ય નથી, અત્યન્ત તુચ્છ નથી.

**શંકા** :- (**न च विषय.**) 'નાસ્તિસ્વભાવ શશશૃંગની જેમ અત્યન્ત તુચ્છ નથી પણ સત્ છે, પારમાર્થિક છે, હાજર છે' - આમ તમે કહો છો. પણ એક વાત સમજાતી નથી કે નાસ્તિસ્વભાવ સ્વરૂપ વિષય હાજર હોય તો તેનું જ્ઞાન કેમ ન થાય ? વિષય વિદ્યમાન હોવા છતાં પણ વ્યંજકના = જ્ઞાનોત્પાદકસામગ્રીના વિલંબથી વિષયનું જ્ઞાન થતું ન હોય તેવું ક્યાં જોવા મળે છે ?

### ✡ વ્યંજકવિલંબથી અભિવ્યક્તિમાં વિલંબ ✡

**સમાધાન** :- (यतः.) તમારી આ શંકા વ્યાજબી નથી. કારણ કે માટીના કોડીયામાં ગંધ વિદ્યમાન હોવા છતાં પણ કાયમ માટે તેનું પ્રત્યક્ષ થતું નથી. પરંતુ જ્યારે પાણીના સ્પર્શ સ્વરૂપ વ્યંજક (ગંધજ્ઞાનજનક) હાજર હોય ત્યારે જ તેનું જ્ઞાન થાય છે. (નવો વરસાદ પડે ત્યારે ખેતરની કે જમીનની

□ પુસ્તકોમાં 'તે' નથી. આ.(૧)માં છે.

નહીં, एतावता અસત્ય નહીં.

કેટલાઈક વસ્તુના ગુણ સ્વભાવઈં જ જણાઈં છઈ. કેટલાઈક પ્રતિનિયતવ્યંજકવ્યઙ્ગ્ય છઈ. એ વસ્તુવૈચિત્ર્ય છઈ.

---

स्पर्शलक्षणाभिव्यञ्जकाभाववशेन **सदा न भाति**, किन्तु व्यञ्जकोपनिपाते एव। न चैतावता मार्त्ते शरावे नीरस्पर्शपूर्वकालावच्छेदेन गन्धः असन् असत्यो वा।

ततश्च प्रतिपत्तव्यमिदं यदुत केचिद् वस्तुगुणाः स्वत एव ज्ञायन्ते केचिच्च प्रतिनियतव्यञ्जकव्यङ्ग्या इति। वस्तुस्वभाववैचित्र्यमेवाऽत्र शरणम्, तत्र के वयं निषेद्धारः ? अभ्युपगम्यते च सौगतैरेवाऽर्थस्वभाववैचित्र्यम्। तदुक्तं **धर्मकीर्त्तिना प्रमाणवार्त्तिके** "यदीदं स्वयमर्थानां (? मर्थेभ्यो) रोचते तत्र के वयम् ?" (प्र.वा.२/२१०) इति।

तदुक्तं प्रवचनोपनिषद्वेदिभिः **यशोविजयवाचकैः अनेकान्तव्यवस्थाप्रकरणे** "वस्तुतः केचिद् भावाः प्रतिनियतव्यञ्जकव्यङ्ग्याः केचिन्नेत्यत्र स्वभावविशेष एव शरणम्, कर्पूर-शरावगन्धादौ तथास्वभावदर्शनात्,

---

માટીની ગંધ જણાય છે, અન્યથા નહિ. આવો આપણને અનુભવ પણ છે.) તેથી ગંધવ્યંજક પાણીસ્પર્શના વિલંબના લીધે માટીના કોડિયામાં વિદ્યમાન એવી પણ ગંધ સર્વદા જણાતી નથી. પરંતુ ગંધવ્યંજક પાણીસ્પર્શ હાજર થાય તો જ તેનું ભાન થાય છે. પરંતુ માટીના કોડિયામાં ગંધ સર્વદા જણાતી ન હોય તેટલા માત્રથી, નીરસ્પર્શના પૂર્વકાળમાં માટીના કોડિયામાં ગંધ અસત્ = મિથ્યા કે અસત્ય ન કહેવાય.

### ❖ સ્વભાવવૈવિધ્યનો અપલાપ અશક્ય ❖

(ततश्च.) તેથી એવું સ્વીકારવું જોઈએ કે વસ્તુના કેટલાક ગુણો સ્વતઃ જ જણાય છે તથા કેટલાક ગુણો પ્રતિનિયત એવા અભિવ્યંજકથી વ્યંગ્ય હોય છે (વ્યંજકથી જણાતા હોય છે) - તેમાં વસ્તુસ્વભાવગત વિવિધતા એ જ કારણ છે. તેથી 'અમુક વસ્તુગુણો સ્વતઃ જણાય છે અને અમુક વસ્તુગુણો વ્યંજકવ્યંગ્ય છે' આવું કેમ ? - આવી સમસ્યાનું સમાધાન આ સ્વભાવવૈવિધ્ય જ છે. સ્વભાવવૈવિધ્ય સિવાય અહીં બીજું કોઈ શરણ નથી. આ સ્વભાવવૈવિધ્યનો નિષેધ કરનારા આપણે કોણ ? બૌદ્ધ લોકો પણ વસ્તુના સ્વભાવનું વૈવિધ્ય માને જ છે. તેથી તો **ધર્મકીર્ત્તિ** નામના બૌદ્ધ વિદ્વાને **પ્રમાણવાર્ત્તિક** ગ્રંથમાં જણાવેલ છે કે 'વસ્તુને જ જાતે આવું સ્વભાવવૈવિધ્ય ગમે તો તેમાં આપણે કોણ અટકાવનારા છીએ ?'

### ✵ સ્વભાવવૈવિધ્ય પ્રસિદ્ધ ✵

(तदुक्तं.) જિનશાસનના ગૂઢ રહસ્યોને જાણનારા **મહોપાધ્યાય શ્રીયશોવિજયજી** ગણિવરે પણ **અનેકાંતવ્યવસ્થા પ્રકરણ**માં જણાવેલ છે કે "વસ્તુના કેટલાક ભાવો = પરિણામો પ્રતિનિયત વ્યંજકથી વ્યંગ્ય હોય છે. તથા કેટલાક પરિણામો વ્યંજકવ્યંગ્ય નથી હોતા. આ બાબતમાં તેનો વિશેષ પ્રકારનો સ્વભાવ એ જ શરણભૂત છે. કપૂરની ગંધ પોતાની જાતે જ વ્યક્ત થાય છે. જ્યારે માટીના કોડીયાની ગંધ પાણીસ્પર્શસ્વરૂપ વ્યંજક દ્વારા વ્યક્ત = જ્ઞાત થાય છે. આ પ્રમાણે કપૂરની ગંધમાં અને કોડીયાની ગંધમાં જુદા-જુદા સ્વભાવ દેખાય જ છે. તે જ રીતે વસ્તુનો સદ્ અંશ = અસ્તિસ્વભાવ સ્વતઃ વ્યક્ત થાય છે. તથા વસ્તુનો અસદ્ અંશ = નાસ્તિસ્વભાવ પરતઃ = પ્રતિયોગિજ્ઞાનથી વ્યક્ત થાય છે. તેનો

પણિ એકઈની તુચ્છતા કહિંઇ, તો ઘણો વ્યવહાર વિલોપાઈ.

---

तद्वत् सदंशाऽसदंशयोरपि नैकस्य तुच्छत्वमपरस्याऽतुच्छत्वम्" (अने.व्य.नयनिरूपणपूर्व-भाग-१/पृ.४०) इति।

ततश्चाऽस्ति-नास्तिस्वभावयोः परस्परविलक्षणयोः नास्तिस्वभावस्याऽऽपेक्षिकतया तुच्छत्वाभिधाने तु अणुत्व-महत्त्व-ज्येष्ठत्व-कनिष्ठत्व-द्वित्वादिसापेक्षभावगोचरबहुविधसार्वजनीनस्वारसिकव्यवहारविलोपाद् मध्यमसंविन्मात्रे विश्रान्तिः स्यात्। सा च बहुधा दूषिता **सम्मतितर्क-द्वादशारनयचक्र-स्याद्वादरत्नाकर-शास्त्रवार्त्तासमुच्चयाऽनेकान्तजयपताकादौ**। अतो व्यवहारतः केचिदर्थाः निरपेक्षाः केचिच्च सापेक्षा अनुभवबलेनैव श्रद्धेयाः, तथैव पदार्थवैचित्र्यस्य व्यवस्थितत्त्वात्।

वस्तुतः यथा नास्तिस्वभावः परद्रव्य-क्षेत्राद्यपेक्षः तथा अस्तिस्वभावोऽपि स्वद्रव्य-क्षेत्राद्यपेक्ष एवेति उभयत्र व्यञ्जकव्यङ्ग्यत्वं तुल्यमेव। इदमेवाऽभिप्रेत्योक्तं **देवचन्द्रवाचकैः नयचक्रसारे** "व्यञ्जक-योगे सत्ता स्फुरति। तथा असत्ताया अपि स्फुरणात् पदार्थानाम् अनियता प्रतिपत्तिः" (न.च.सा.पृ.१५१)

---

તથાપ્રકારનો સ્વભાવ જ અહીં નિયામક છે. તેથી 'વસ્તુનો અસ્તિસ્વભાવ અતુચ્છ = પારમાર્થિક છે. જ્યારે વસ્તુનો નાસ્તિસ્વભાવ તુચ્છ = કાલ્પનિક છે' - આવું કહી શકાતું નથી." આમ અસ્તિસ્વભાવ અને નાસ્તિસ્વભાવ ઉપરોક્ત રીતે અવ્યંગ્ય અને વ્યંગ્ય હોવા સ્વરૂપે પરસ્પરવિલક્ષણ સિદ્ધ થાય છે. તેમ છતાં બન્ને છે તો પારમાર્થિક જ. એવું ઉપરોક્ત ચર્ચા દ્વારા નક્કી થાય છે.

## ● સાપેક્ષભાવો પારમાર્થિક ●

(**ततश्चा.**) તેથી પરસ્પર વિલક્ષણ એવા અસ્તિસ્વભાવ અને નાસ્તિસ્વભાવ - આ બેની અંદર 'નાસ્તિ સ્વભાવ આપેક્ષિક = પરદ્રવ્યાદિસાપેક્ષ હોવાથી તુચ્છ છે' - એવું જો કહેવામાં આવે તો અણુત્વ, મહત્ત્વ, જ્યેષ્ઠત્વ, કનિષ્ઠત્વ, દ્વિત્વ વગેરે સાપેક્ષ ભાવો પણ તુચ્છ સાબિત થવાથી તે સંબંધી અનેક પ્રકારના સર્વજનપ્રસિદ્ધ સ્વારસિક વ્યવહારનો વિલોપ થઈ જશે. તેથી તે બધા વ્યવહાર અને વ્યવહાર્ય વસ્તુનો ઉચ્છેદ થઈ જવાના લીધે કેવલ મધ્યમ સંવિત્માત્રમાં = જ્ઞેયાકારશૂન્ય જ્ઞાનમાત્રમાં જ જગતની વિશ્રાન્તિ થઈ જશે. તથા મધ્યમજ્ઞાનમાત્રવિશ્રાન્તિ સ્વરૂપ શૂન્યવાદનું તો **સંમતિતર્ક, દ્વાદશારનયચક્ર, સ્યાદ્વાદરત્નાકર, શાસ્ત્રવાર્તાસમુચ્ચય, અનેકાન્તજયપતાકા** વગેરે ગ્રંથમાં અનેક પ્રકારે ખંડન કરેલ છે. આથી વ્યવહારની અપેક્ષાએ કેટલાક પદાર્થો નિરપેક્ષ છે અને કેટલાક પદાર્થો સાપેક્ષ છે - તેમ અનુભવના બળથી જ સ્વીકારવું જોઈએ. કેમ કે પદાર્થમાં વૈવિધ્ય તે જ પ્રમાણે રહેલ છે.

## ✡ અસ્તિસ્વભાવ પણ વ્યંજકવ્યંગ્ય ✡

(**वस्तु.**) વાસ્તવમાં તો જેમ નાસ્તિસ્વભાવ પરદ્રવ્ય-ક્ષેત્રાદિને સાપેક્ષ છે તેમ અસ્તિસ્વભાવ પણ સ્વદ્રવ્ય-ક્ષેત્રાદિને સાપેક્ષ જ છે. તેથી અસ્તિસ્વભાવ અને નાસ્તિસ્વભાવ - બન્નેમાં વ્યંજકવ્યંગ્યત્વ = પ્રતિયોગિજ્ઞાનવ્યંગ્યત્વ = પ્રતિયોગિજ્ઞાનજન્યજ્ઞાનવિષયત્વ તો સમાન રીતે રહેલું જ છે. આ જ અભિપ્રાયથી ઉપાધ્યાય શ્રી**દેવચન્દ્રજી**એ **નયચક્રસાર** ગ્રંથમાં જણાવેલ છે કે "વ્યંજકનો યોગ થતાં સત્તા = અસ્તિસ્વભાવ જણાય છે. તથા અસત્તા = નાસ્તિસ્વભાવ પણ વ્યંજકના યોગથી જણાય છે. પરંતુ પદાર્થોની જાણકારી અનિયત હોય છે." અનિયત = અનિયતવ્યંજકસંપાદ્ય. મતલબ કે જુદા-જુદા વ્યંજકો દ્વારા પદાર્થોની

उक्तं चास्माभिर्भाषारहस्यप्रकरणे –

[1]ते हुंति परावेक्खा, वंजयमुहदंसिणो त्ति* ण य तुच्छा।

**दिट्ठमिणं वेचित्तं, सराव-कप्पूरगंधाणं।।** (भा.रह.३०) इति॥११/६॥

---

इति। अनियता = अनियतव्यञ्जकसम्पाद्येत्यर्थः।

***एतेन*** [2]"पज्जाओ दुवियप्पो स-परावेक्खो य णिरवेक्खो" (नि.सा.१४) इति **नियमसारे कुन्दकुन्द**स्वाम्युक्तिः ***व्याख्याता,*** सापेक्षस्य पर्यायस्य अस्ति-नास्तिस्वभावद्वयलक्षणस्य स्वज्ञानं प्रति क्रमशः स्वकीय-परकीयद्रव्य-क्षेत्रादिज्ञानापेक्षणात् सापेक्षता कर्पूरगन्धादेश्च गन्धत्वादिप्रकारकज्ञानं प्रति व्यञ्जकाऽनपेक्षणाद् निरपेक्षतेत्याशयात्। इदञ्च व्यवहारतो ज्ञेयम्। "तत्त्वतस्तु सामान्यदृष्ट्या सर्वे निरपेक्षाः विशेषदृष्ट्या च सर्वे सापेक्षा इति व्यापकोऽनेकान्त एव विजयते" (**आप्तमीमांसा** अ.स.ता.वि.१/१५/ पृ.१९५) इति व्यक्तमुक्तं **यशोविजय**वाचकैः **अष्टसहस्रीतात्पर्यविवरणे**।

तदुक्तं तैरेव **भाषारहस्यप्रकरणे** [1]"ते होंति परावेक्खा वंजयमुहदंसिणो त्ति ण य तुच्छा।

दिट्ठमिणं वेचित्तं सराव-कप्पूरगंधाणं।।" (भा.र.३०) इति।

---

જાણકારી સંપન્ન થાય છે. અહીં સ્પષ્ટપણે અસ્તિસ્વભાવને પણ વ્યંજકવ્યંગ્ય તરીકે જણાવેલ છે.

### ❯ પર્યાયના બે ભેદમાં વ્યવહાર-નિશ્ચયમત ❯

(**एतेन.**) "પર્યાયના બે ભેદ છે, સ્વ-પરસાપેક્ષ અને નિરપેક્ષ" - આ પ્રમાણે **નિયમસાર** ગ્રંથમાં **કુંદકુંદસ્વામી**એ જે કહેલું છે તેની પણ સ્પષ્ટતા ઉપરોક્ત પ્રતિપાદનથી થઈ જાય છે. અમે જણાવેલ સાપેક્ષ ભાવો = પર્યાયો સ્વ-પરની અપેક્ષાએ જ સાપેક્ષ કહેવાય છે. મતલબ એ છે કે અસ્તિસ્વભાવાત્મક પર્યાયના જ્ઞાન પ્રત્યે સ્વકીયદ્રવ્ય-ક્ષેત્રાદિના જ્ઞાનની અપેક્ષા રહે છે. નાસ્તિસ્વભાવ નામના પર્યાયના જ્ઞાન પ્રત્યે પરકીયદ્રવ્ય-ક્ષેત્રાદિના જ્ઞાનની અપેક્ષા રહે છે. માટે તે બન્ને સાપેક્ષ છે. તથા કપૂરગંધ વગેરેનું ગંધસ્વરૂપે જ્ઞાન કરવામાં વ્યંજકની અપેક્ષા રહેતી નથી. તેથી તે નિરપેક્ષ છે. આ વાત વ્યવહાર અનુસારે જાણવી. "પરમાર્થથી = નિશ્ચયથી તો તમામ પદાર્થો સામાન્યદૃષ્ટિથી નિરપેક્ષ છે. તથા વિશેષદૃષ્ટિથી બધા જ પદાર્થો સાપેક્ષ છે. તેથી અહીં પણ સર્વવ્યાપી અનેકાન્તવાદ જ વિજય પામે છે" - આ પ્રમાણે **અષ્ટસહસ્રીતાત્પર્યવિવરણ**માં મહોપાધ્યાય **શ્રીયશોવિજયજી** મહારાજે સ્પષ્ટપણે જણાવેલ છે.

### ❈ પ્રતિયોગીસ્મરણ સાપેક્ષભાવજ્ઞાનજનક ❈

(**तदुक्तं.**) તથા તેઓશ્રીએ જ **ભાષારહસ્યપ્રકરણ**માં જણાવેલ છે કે 'તે પરસાપેક્ષ હોય છે કે જે વ્યંજકનું મોઢું જુએ છે. પરંતુ તે તુચ્છ = અત્યંત અસત્ નથી હોતા. કારણ કે વ્યંજક- સાપેક્ષતા અને વ્યંજકનિરપેક્ષતા સ્વરૂપ વૈવિધ્ય માટીના કોડિયાની ગંધમાં અને કપૂરની ગંધમાં જોવા મળે છે.' **ભાષારહસ્યપ્રકરણ**ની સ્વોપજ્ઞ **વ્યાખ્યા**માં **મહોપાધ્યાયજી** મહારાજે આ ગાથાની વિસ્તૃત સમજણ આપી છે.

---

* **'वि.' द्रव्यानुयोगतर्कणायाम्**। 1. ते भवन्ति परापेक्षा व्यञ्जकमुखदर्शिन इति न च तुच्छाः। दृष्टमिदं वैचित्र्यं शराव-कर्पूरगन्धयोः।। 2. पर्यायो द्विविकल्पः स्व-परापेक्षश्च निरपेक्षः।

**तद्वृत्ति**लेशस्त्वेवम् "ते = प्रतीत्यभावाः, व्यञ्जकमुखदर्शिनः = प्रतिनियतव्यञ्जकव्यङ्ग्याः सन्तः परापेक्षा इति न च = नैव तुच्छाः।

प्रतियोग्यनुस्मरणमत्र सप्रतियोगिकज्ञानसामग्रीसम्पादनार्थम्, न तु विकल्पशिल्पकदर्थनार्थमिति भावः।

अथ धर्मिज्ञानसामग्र्या एव धर्मज्ञानसामग्रीत्वात्कथमणुत्व-महत्त्वादिधर्मिज्ञाने तज्ज्ञानहेतुविलम्ब इत्यत आह –

---

(त.) તેનો પ્રસ્તુતમાં ઉપયોગી થોડોક અંશ નીચે મુજબ છે. "હ્રસ્વત્વ-દીર્ઘત્વાદિ પ્રતીત્યભાવો = સાપેક્ષભાવો વ્યંજકનું મોઢું જોનારા છે, સ્વવ્યંજકની અપેક્ષા રાખનારા છે. તેથી તે પ્રતિનિયત એવા અભિવ્યંજકથી = પ્રતિયોગીજ્ઞાનથી અભિવ્યંગ્ય બને છે. આવું હોવાથી તે પરસાપેક્ષ છે. પરંતુ તેટલા માત્રથી તે હ્રસ્વત્વ-દીર્ઘત્વાદિ પ્રતીત્યભાવો વંધ્યાપુત્રવત્ તુચ્છ = કલ્પિત = મિથ્યા બની જતા નથી. (જેમ કે અનામિકા આંગળીમાં રહેલ હ્રસ્વત્વ એ મધ્યમા અંગુલીને સાપેક્ષ હોવાથી મધ્યમાના જ્ઞાન દ્વારા તેની અભિવ્યક્તિ = બુદ્ધિ થાય છે. તથા અનામિકામાં રહેલ દીર્ઘત્વ એ કનિષ્ઠા આંગળીને સાપેક્ષ હોવાથી કનિષ્ઠા [છેલ્લી] આંગળીના જ્ઞાન દ્વારા અનામિકાગત દીર્ઘત્વની અભિવ્યક્તિ થાય છે. આથી અનામિકામાં રહેલ હ્રસ્વત્વ મધ્યમાપ્રતિયોગિક તથા દીર્ઘત્વ કનિષ્ઠાપ્રતિયોગિક છે.)

### ❖ પ્રતીત્યભાવ વિડંબનાપાત્ર નથી ❖

(**प्रति.**) પ્રસ્તુતમાં પ્રતિયોગીનું જ્ઞાન હ્રસ્વત્વ-દીર્ઘત્વાદિ પ્રતીત્યભાવોની = સાપેક્ષભાવોની = સપ્રતિયોગિક ભાવોની અભિવ્યક્તિની = બુદ્ધિની સામગ્રીનું સંપાદન કરવા માટે છે. પરંતુ 'સપ્રતિયોગિક ભાવો સત્ હોય તો સ્વઅભિવ્યક્તિ માટે તે બીજાની અપેક્ષા શા માટે રાખે ? તથા પરસાપેક્ષ = પ્રતિયોગિજ્ઞાનસાપેક્ષ હોય તો તે પરમાર્થથી સત્ = વાસ્તવિક કઈ રીતે કહેવાય ?' આવા વિકલ્પોનું નિર્માણ કરીને સાપેક્ષ ભાવોની કદર્થના = વિડંબના = ખંડન કરવા માટે પ્રતિયોગીના જ્ઞાનની વાત અહીં કરવામાં નથી આવી. આ પ્રમાણે અહીં તાત્પર્ય છે.

### ❊ ધર્મીજ્ઞાનસામગ્રી એ જ ધર્મજ્ઞાનસામગ્રી : મીમાંસા ❊

**પૂર્વપક્ષ** :- (अथ.) ઘટનું જ્ઞાન કરવા માટે ચક્ષુસન્નિકર્ષ, આલોકસંયોગ વગેરે જે કારણસામગ્રીની અપેક્ષા હોય છે તે જ સામગ્રી દ્વારા ઘટના નીલ-પીત વર્ણ વગેરે ગુણધર્મોનું પણ જ્ઞાન થઈ જ જાય છે. કારણ કે ધર્મીજ્ઞાનની સામગ્રી એ જ ધર્મજ્ઞાનની સામગ્રી છે. ધર્મી = ઘટ. ધર્મ = નીલ-પીત રૂપ વગેરે. ઘટનું ચાક્ષુષ પ્રત્યક્ષ થયા પછી ઘટના નીલ રૂપનું ચાક્ષુષ પ્રત્યક્ષ કરવા માટે બીજા કોઈ કારણની અપેક્ષા નથી રહેતી. તેથી ઘટચાક્ષુષ થયા પછી, અન્યવિધ કારણની ગેરહાજરીથી, ઘટના નીલ-પીતરૂપનું ચાક્ષુષ ઉત્પન્ન થવામાં વિલંબ થતો નથી. આ હકીકતને બધા જ લોકો નિર્વિવાદપણે સ્વીકારે છે. તેથી અણુત્વ-મહત્ત્વ, હ્રસ્વત્વ-દીર્ઘત્વ, સ્થૂલત્વ-કૃશત્વ, દૂરત્વ-સમીપત્વ વગેરે સાપેક્ષ ગુણધર્મો જો પરમાર્થસત્ હોય તો તેના આશ્રયભૂત ઘટ-પટ-આંગળી-શરીર-પર્વત-મકાન વગેરે ધર્મીનું જ્ઞાન થાય ત્યારે અણુત્વ-મહત્ત્વ, હ્રસ્વત્વ-દીર્ઘત્વાદિ ગુણધર્મોનું ભાન થવામાં વિલંબ થવો ન જોઈએ. કારણ કે ધર્મીજ્ઞાનસામગ્રી એ જ ધર્મજ્ઞાનસામગ્રીસ્વરૂપ છે. તેનાથી અતિરિક્ત કોઈ કારણની અપેક્ષા ધર્મજ્ઞાનને હોતી નથી. ધર્મીજ્ઞાન થાય ત્યારે ધર્મીજ્ઞાનસામગ્રી પણ હાજર જ હોય. તેથી ધર્મીજ્ઞાન થતાં

दृष्टं = साक्षात्कृतम् इदं वैचित्र्यं = केचिद् भावाः सहकारिव्यङ्ग्यरूपाः केचिच्च न तथेति वैलक्षण्यं शराव-कर्पूरगन्धयोः। कर्पूरगन्धो हि स्वरसत एव भासते, शरावगन्धस्तु जलसम्पर्कादिति।

न च जलसम्पर्काच्छरावेऽभिनवगन्ध एवोत्पद्यते न तु प्रागुत्पन्न एव गन्धोऽभिव्यज्यत इति,

---

ધર્મજ્ઞાનની સામગ્રીનો વિલંબ કઈ રીતે સંગત થઈ શકે ? માટે 'ધર્મીજ્ઞાન થવા છતાં અભિવ્યંજકના વિલંબથી પ્રતીત્ય ભાવોની અભિવ્યક્તિ = બુદ્ધિ થવામાં વિલંબ થાય છે' - આવું કહી શકાતું નથી. મતલબ એ છે કે જો પ્રતીત્યભાવો પારમાર્થિક હોય તો અનામિકા આંગળીનું જ્ઞાન થતાં જ તેમાં રહેલ હ્રસ્વત્વ, દીર્ઘત્વ વગેરે પ્રતીત્યભાવોનું ભાન થઈ જ જવું જોઈએ. મધ્યમા આંગળીના જ્ઞાનની કે કનિષ્ઠાના જ્ઞાનની તેને આવશ્યકતા શા માટે હોય ? પરંતુ જે માણસ મધ્યમા કે કનિષ્ઠા આંગળીને ન જુએ, ન જાણે તેને અનામિકામાં રહેલ હ્રસ્વત્વ કે દીર્ઘત્વનું ભાન થતું નથી. તેથી સિદ્ધ થાય છે કે હ્રસ્વત્વાદિ પ્રતીત્યભાવો આરોપિત છે, કાલ્પનિક છે, વાસ્તવિક નહિ.

### સાપેક્ષ-નિરપેક્ષ ભાવની સિદ્ધિ

**ઉત્તરપક્ષ** :- (दृष्टं.) તમારી આ દલીલ વ્યાજબી નથી. આનું કારણ એ છે કે અમુક ભાવો સહકારી કારણથી વ્યંગ્ય હોય છે તથા કેટલાક ભાવો તેવા નથી હોતા. આ પ્રમાણે ભાવોમાં = પદાર્થોમાં રહેલું વૈલક્ષણ્ય માટીના કોડિયાની ગંધમાં અને કપૂરની ગંધમાં સાક્ષાત્ જોવા મળેલ જ છે. કપૂરની ગંધ સ્વાભાવિક રીતે જ જણાય છે. જ્યારે કોડિયાની ગંધ તો પાણીના સંપર્કથી અભિવ્યક્ત થાય છે.

### વિલક્ષણ ભાવોમાં વિરોધ નિરવકાશ

**સ્પષ્ટતા** :- માટીના કોડિયાની ઉપર પાણી છાંટવામાં આવે તો તેની ગંધની અભિવ્યક્તિ થાય. અન્યથા નહિ. આથી તેની ગંધ સાપેક્ષ છે, જલસ્પર્શથી વ્યંગ્ય છે. જ્યારે કપૂરની ગંધ પોતાની જાતે જ ચારે બાજુ ફેલાય છે. કપૂરની ગંધના જ્ઞાન માટે જલસંપર્ક વગેરે અભિવ્યંજકની આવશ્યકતા રહેતી નથી. તેથી કપૂરગંધ નિરપેક્ષ છે, વ્યંજકવ્યંગ્ય નથી. પરંતુ 'કોડિયાની ગંધ પરસાપેક્ષ = જલસંપર્કસાપેક્ષ = જલસંપર્કવ્યંગ્ય હોવાથી મિથ્યા = અત્યંત તુચ્છ = સર્વથા અસત્ છે' - આવું કહી શકાતું નથી. પ્રથમ વરસાદ પડે ત્યારે ચોમાસામાં ખેતરની માટીની ગંધની અભિવ્યક્તિ થાય છે. વરસાદ પૂર્વે નહિ. પરંતુ જલસંપર્કવ્યંગ્ય હોવા માત્રથી 'અનુભૂયમાન મૃત્તિકાગંધ મિથ્યા છે. માટી પરમાર્થથી ગંધશૂન્ય જ છે' - તેવું કહી શકાતું નથી. તે જ રીતે પ્રતિનિયત અભિવ્યંજકથી અભિવ્યંગ્ય હોવા માત્રથી 'અણુત્વ -મહત્ત્વ, હ્રસ્વત્વ-દીર્ઘત્વ વગેરે પ્રતીત્યભાવો અસત્ છે, સર્વથા મિથ્યા છે' - તેમ કહી શકાતું નથી. ભાવો વિવિધ પ્રકારના હોઈ શકે છે. વિલક્ષણત્વને ધારણ કરવા છતાં તેવા ભાવોને પારમાર્થિક માનવામાં જેમ પ્રત્યક્ષવિરોધ વગેરે કોઈ પણ દોષ આવતો નથી, તેમ નીલ-પીતાદિ રૂપો કપૂર જેવા હોવાથી ધર્મીનું જ્ઞાન થતાં તે જ સામગ્રીથી સ્વતઃ તેનું જ્ઞાન થઈ જાય છે. પ્રતિયોગીના જ્ઞાનસ્વરૂપ જલસંપર્કની તેમાં આવશ્યકતા નથી. જ્યારે અણુત્વ, મહત્ત્વ વગેરેનું જ્ઞાન માટીના કોડિયા જેવું છે. તે પ્રતિયોગિજ્ઞાનસ્વરૂપ જલસંપર્કથી પોતાનું જ્ઞાન કરાવે છે. તેમ છતાં તે બન્ને પારમાર્થિક જ છે.

### જલસંપર્ક નૂતનગંધજનક : બૌદ્ધ

**શંકા** :- (न च.) પાણી છાંટવાથી માટીના કોડિયામાં નવી જ ગંધ ઉત્પન્ન થાય છે. 'પાણીના

पृथ्वीत्वेन पूर्वमपि तत्र गन्धाऽऽवश्यकत्वात्,

तन्नाशादिकल्पनायां मानाऽभावात्, विलक्षणाऽग्निसंयोगादीनामेव पृथिवीगन्धनाशकत्वाच्च" (भा.र.३०

સંપર્ક પૂર્વે તેમાં ગંધ હતી અને જલસંપર્કથી તેની અભિવ્યક્તિ થાય છે' - તેવું નથી. (આમ વ્યંજકના વિલંબથી તેની બુદ્ધિમાં વિલંબ થતો નથી પરંતુ ઉત્પાદકના વિલંબથી તેની ઉત્પત્તિમાં જ વિલંબ થાય છે. જલસંપર્ક ગંધનો વ્યંજક નથી પરંતુ ઉત્પાદક છે. જલસંપર્કથી માટીના કોડિયાની ગંધની જ્ઞપ્તિ નથી થતી પરંતુ ઉત્પત્તિ થાય છે. આવું માનીએ તો શું વાંધો ?)

### ☫ જલસંપર્ક પૂર્વગંધઅભિવ્યંજક : જૈન ☫

[illegible] :- (**पृथ्वीत्वेन.**) ના, તમારી દલીલ વ્યાજબી નથી. કારણ કે માટીનું કોડિયું પાર્થિવ છે. તથા પૃથ્વીત્વ ગંધવ્યાપ્ય છે. તેથી જે જે પૃથ્વી હોય તે તે ગંધયુક્ત જ હોય. જ્યાં જ્યાં પૃથ્વીત્વ હોય ત્યાં ત્યાં ગંધ હોય જ. માટીના કોડિયામાં પૃથ્વીત્વ નામનો ગુણધર્મ રહે છે. તેથી જલસંપર્ક પૂર્વે પણ તેમાં ગંધ માનવી જરૂરી છે. આમ પાણી છાંટવાથી ગંધની અભિવ્યક્તિ જ થાય છે, ઉત્પત્તિ નહિ.

[illegible] :- જલસંપર્કની પૂર્વે માટીના કોડિયામાં રહેલી ગંધ અનભિવ્યક્ત છે. તથા જલસંપર્ક પછી ગંધ અભિવ્યક્ત બને છે. આ હકીકત પ્રસિદ્ધ છે. તેનો અમે સ્વીકાર કરીએ છીએ. પરંતુ અભિવ્યક્તત્વ અને અનભિવ્યક્તત્વ - આ બે તો પરસ્પર વિરોધી ગુણધર્મ છે. તેથી એક જ ગંધ તે બન્ને ગુણધર્મોનો આશ્રય બની ન શકે. એટલે અમે એમ કહીએ છીએ કે 'જલસંપર્કની પૂર્વે માટીના કોડિયામાં રહેલી અનભિવ્યક્ત ગંધનો નાશ થાય છે તથા જલસંપર્કથી તેમાં અભિવ્યક્ત ગંધની ઉત્પત્તિ થાય છે. જલસંપર્ક અનભિવ્યક્ત ગંધનો નાશક છે તથા અભિવ્યક્ત ગંધનો ઉત્પાદક છે. આમ અનભિવ્યક્ત ગંધ અને અભિવ્યક્ત ગંધ જુદી જ છે. કોડિયામાં પૂર્વે વિદ્યમાન એવી અનભિવ્યક્ત ગંધ કાંઈ જલસંપર્કથી જણાતી નથી.'

### ☬ ગંધનાશાદિ કલ્પનામાં ગૌરવ ☬

**જૈન** :- (**तन्ना.**) માટીના કોડીયામાં અનભિવ્યક્ત ગંધનો નાશ અને અભિવ્યક્ત ગંધની ઉત્પત્તિ વગેરેની કલ્પના કરવામાં કોઈ પ્રમાણ નથી. એ તમારા મનની કલ્પના છે. તેવી કલ્પનામાં કોઈ પ્રત્યક્ષ -અનુમાન આદિ પ્રમાણનો સહકાર નથી. ઊલટું ગૌરવાદિ દોષ તેમાં લાગુ પડે છે. તેથી તેવી કલ્પના માન્ય થઈ શકતી નથી. વળી, બીજી મહત્ત્વની વાત એ છે કે પૃથ્વીની ગંધનો નાશક જલસંપર્ક નથી પરંતુ વિલક્ષણ અગ્નિસંયોગ વગેરે જ છે. (તેથી જલસંપર્કથી કોડિયાની અનભિવ્યક્ત ગંધનો નાશ પણ થઈ શકતો નથી. જે નાશક ન હોય તેનાથી નાશ કઈ રીતે ઉત્પન્ન થઈ શકે ? તેથી જલસંપર્કથી અનભિવ્યક્ત ગંધના નાશની અને અભિવ્યક્ત ગંધની ઉત્પત્તિની ગૌરવગ્રસ્ત કલ્પના કરવાના બદલે એમ જ માનવું વ્યાજબી છે કે 'કોડિયામાં પૂર્વે જે ગંધ હતી, તે જ ગંધની અભિવ્યક્તિ જલસંપર્ક દ્વારા થાય છે.' કારણ કે આવું માનવાથી (૧) અનભિવ્યક્ત અને અભિવ્યક્ત એવી બે ગંધની કલ્પના, (૨) જલસંપર્કમાં અનભિવ્યક્ત ગંધની નાશકતાની (૩) તથા અભિવ્યક્ત ગંધની ઉત્પાદકતાની કલ્પના, (૪) કોડિયામાં અભિવ્યક્ત નવીન ગંધની ઉત્પત્તિની (૫) અને અનભિવ્યક્ત ગંધના નાશની કલ્પના કરવાનું વ્યર્થ ગૌરવ લાગુ પડતું નથી. આમ લાઘવસહકારથી જલસંપર્કને ગંધવ્યંજક માનવો વ્યાજબી છે. તેથી 'કોઈક ભાવો સહકારીથી વ્યંગ્ય હોય છે અને કેટલાક ભાવો તેવા નથી હોતા' - આ અમારી

वृत्ति) इति।

अधिकन्त्ववोचाम **तद्वृत्तौ मोक्षरत्नायाम्** (भा.र.गा.३० मो.वृ. पृष्ठ-११५)।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् - यथा जलसम्पर्कात् शरावगन्धः अभिव्यङ्ग्यः न तूत्पाद्यः तथा केवलज्ञानाद्यात्मगुणा अपि रत्नत्रयाराधना-तत्त्वत्रयोपासनातः व्यङ्ग्याः न तूत्पाद्याः, तेषामनादिकालत आत्मनि सत्त्वात्। तदभिव्यक्त्युद्यम एव साधना, तदभिव्यक्तिश्च सिद्धिरित्युच्यते। सिद्धिः साधनासामर्थ्येन लभ्यते, न तु वाद-विवादादितः। अतो वाद-विवादादिविभ्रमं विमुच्य सम्यग्दर्शनादिरत्नत्रयाराधना-देवादितत्त्वत्रयोपासनागोचरः एव यथाशक्ति प्रयत्नः कार्यः। तदन्यत् सर्वमालजालं कायादिक्लेश एव वेति ततः सुदूरं यातव्यमात्मार्थिनेत्युपदेशः। ततश्च [1]"जेऽणंतनाण-दंसण-वीरिय-सुहरूवऽणंतचउसहिया। भवदुक्ख-सुक्खरहिया लोयग्गठिया अरिहमहिया।।" (आ.प.२४९) इति **आराधनापताकावर्णितं** सिद्धस्वरूपमनायासेनाऽऽविर्भवेत्।।११/६।।

અનેકાન્તવાદીની વાત યુક્તિસંગત જ છે.)" આ પ્રમાણે મહોપાધ્યાયજી મહારાજે **ભાષારહસ્યપ્રકરણ**ની સ્વોપજ્ઞ ટીકામાં જણાવેલ છે.

(**अधि.**) આ બાબતનું અધિક પ્રતિપાદન અમે (દ્રવ્યાનુયોગપરામર્શકર્ણિકાકાર યશોવિજય ગણીએ) ભાષારહસ્ય ઉપર [૧]'**મોક્ષરત્ના**' નામની વ્યાખ્યામાં કરેલ છે. જિજ્ઞાસુ વાચકવર્ગ ત્યાં દૃષ્ટિપાત કરી શકે છે.

## સાધના અને સિદ્ધિ અંગે સમજણ

**આધ્યાત્મિક ઉપનય** :- ટબામાં દર્શાવ્યા મુજબ, જેમ કોડિયાની ગંધ જલસંપર્કથી વ્યંગ્ય છે, ઉત્પાદ્ય નહિ તેમ કેવલજ્ઞાનાદિ આત્મગુણો પણ રત્નત્રયની આરાધના દ્વારા અને તત્ત્વત્રયની ઉપાસના દ્વારા વ્યંગ્ય છે, ઉત્પાદ્ય નહિ. કેમ કે કેવલજ્ઞાનાદિ ગુણો આત્મામાં અનાદિ કાળથી વિદ્યમાન જ છે. તેની અભિવ્યક્તિ માટેનો ઉદ્યમ એટલે સાધના તથા તેની અભિવ્યક્તિ એટલે સિદ્ધિ. સાધનાથી જ સિદ્ધિ મળે છે, કેવળ ચર્ચાથી નહિ. આથી વ્યર્થ વાદ-વિવાદ-વિતંડાવાદમાં ક્યારેય અટવાયા વિના, પ્રલાપ કે બકવાટ કર્યા વગર સમ્યગ્દર્શનાદિ રત્નત્રયની આરાધના અને દેવ-ગુરુ-ધર્મસ્વરૂપ તત્ત્વત્રયીની ઉપાસના કરવાનો જ ઉદ્યમ શક્તિને છૂપાવ્યા વિના પ્રામાણિકપણે કરવો. એ જ પરમાર્થથી શ્રેયસ્કર છે. એ સિવાય બીજી બધી પ્રવૃત્તિ કેવળ મોહરાજાની માયાજાળ, આળપંપાળ કે મજૂરી જ છે. તેનાથી દૂર રહેવાની આત્માર્થી જીવને આ શ્લોક દ્વારા પ્રેરણા મળે છે. તેના લીધે **આરાધનાપતાકા** ગ્રંથમાં જણાવેલ સિદ્ધસ્વરૂપ સરળતાથી પ્રગટે છે. ત્યાં જણાવેલ છે કે 'એ સિદ્ધ ભગવંતો અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતશક્તિ, અનંતસુખ સ્વરૂપ અનંતચતુષ્ટયથી યુક્ત છે. સાંસારિક સુખ-દુઃખથી રહિત છે. લોકાગ્રભાગમાં રહેલા છે. તેમજ દીક્ષા લેતા અરિહંત પરમાત્માઓ દ્વારા 'णमो सिद्धाणं' - આ પ્રમાણે બોલવા વડે સિદ્ધો પૂજાયેલા છે.' (**११/६**)

1. येऽनन्तज्ञान-दर्शन-वीर्य-सुखरूपाऽनन्तचतुःसहिताः। भवदुःख-सुखरहिताः लोकाग्रस्थिताः अर्हन्महिताः।।

૧. યશોવિજય ગણીએ મુનિ અવસ્થામાં પોતાના જીવનમાં કરેલી સૌપ્રથમ સંસ્કૃતરચના એટલે '**મોક્ષરત્ના**' વ્યાખ્યા. ભાષારહસ્ય પ્રકરણનું સ્વોપજ્ઞ વિવરણ, મોક્ષરત્ના ટીકા, 'કુસુમામોદા' નામનું હિન્દીવિવેચન પુસ્તકાકારે દિવ્યદર્શન ટ્રસ્ટ, ધોળકા દ્વારા પ્રકાશિત થયેલ છે. તેની બીજી આવૃત્તિનું પણ થોડા સમય પૂર્વે પ્રકાશન થયેલ છે.

**(૩) નિજ ♦નાના પર્યાયઈ "તેહ જ દ્રવ્ય એહ" ઈમ કહિઈ જી,**
**નિત્ય ☆સ્વભાવેં, (૪) અનિત્ય સ્વભાવઈ, પજ્જયપરિણતિ લહીઈ જી;**
**છતી વસ્તુનઈ રૂપાંતરથી નાશઈ, દ્વિવિધા ♣ભાસઈ જી,**
**વિશેષનઈ સામાન્યરૂપથી, થૂલત્થંતર● નાશઈ જી ॥૧૧/૭॥ (૧૮૯)**

**નિજ** કહતાં આપણા❖, જે ક્રમભાવી **નાના પર્યાય** શ્યામત્વ-રક્તત્વાદિક, તે ભેદક ✠છઈ. તઈ હુતઈ

---

उक्तो द्वितीयः सामान्यस्वभावः। साम्प्रतं तृतीयं सामान्यस्वभावमाह – '**निजे**'ति।

**निजनानापर्याये सत्यपि 'तदेवेदं द्रव्यमि'ति येन,**
**धीः स नित्यस्वभावः पर्ययपरिणतिरनित्यस्वभावेन।**
**सदेव रूपान्तरेण नश्यति ततो नित्यानित्यं हि वस्तु,**
**सामान्येन विशेषनित्यता सामान्यनाशो विशेषेण।।११/७।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – निजनानापर्याये सति अपि 'तदेवेदं द्रव्यम्' इति धीः येन (जायते) सः नित्यस्वभावः, अनित्यस्वभावेन पर्ययपरिणतिः। सद् एव वस्तु रूपान्तरेण नश्यति। ततो वस्तु नित्यानित्यं हि। सामान्येन विशेषनित्यता। विशेषेण सामान्यनाशः।।११/७।।

(३) **निजनानापर्याये** = स्वकीय-क्रमभावि-श्यामत्व-रक्तत्वादिबहुविधपर्यायकदम्बके स्वाश्रयभेदके

---

**અવતરણિકા** :- બીજો સામાન્ય સ્વભાવ બતાવ્યો. હવે ગ્રંથકારશ્રી ત્રીજો સામાન્ય સ્વભાવ જણાવે છે :-

**શ્લોકાર્થ** :- પોતાના અનેક પર્યાયો હોવા છતાં પણ 'આ તે જ દ્રવ્ય છે' - આવી પ્રતીતિ જે સ્વભાવ દ્વારા થાય તે નિત્યસ્વભાવ કહેવાય છે. અનિત્ય સ્વભાવથી પર્યાયની પરિણતિ ઉત્પન્ન થાય છે. વિદ્યમાન એવી જ વસ્તુ અન્યસ્વરૂપે નાશ પામે છે. તેથી વસ્તુ નિત્ય-અનિત્ય ઉભયસ્વભાવવાળી જ છે. વિશેષ પણ સામાન્યસ્વરૂપે નિત્ય છે. તથા સામાન્ય પણ વિશેષસ્વરૂપે નાશ પામે છે. (૧૧/૭)

### ❀ નિત્યસ્વભાવની વિચારણા ❀

**વ્યાખ્યાર્થ** :- ઘટાદિ વસ્તુમાં શ્યામત્વ-રક્તત્વ વગેરે અનેકવિધ પર્યાયો ઉત્પન્ન થાય છે. આ પર્યાયો ઘટાદિના પોતાના જ છે, પારકા નહિ. તથા આ પર્યાયો ક્રમભાવી છે. પૂર્વે ઘડો શ્યામ હોય છે. નિભાડામાં પાકી ગયા પછી ઘડો લાલ થાય છે. તથા શ્યામત્વ, રક્તત્વ વગેરે પર્યાયો પરસ્પર વિરોધી છે. તેથી તે પર્યાયો પોતાના આશ્રયમાં ભેદને = ભિન્નતાને = જુદાપણાને સિદ્ધ કરવા માટે સમર્થ છે. (જેમ કે ઘટ લાલ હોય અને વસ્ત્ર કાળું હોય. તેવા સંયોગમાં ઘટમાં અને પટમાં ભેદની સિદ્ધિ વર્ણભેદ દ્વારા થઈ શકે છે. કારણ કે ઉત્કટ શ્યામવર્ણ અને ઉત્કટ રક્તવર્ણ પરસ્પર વિરોધી છે. તેવી જ રીતે શ્યામરૂપ પોતાના આશ્રયને = ઘટને લાલવર્ણના આશ્રયીભૂત ઘટથી જુદો સિદ્ધ કરે છે.) તેમ

---

♦ લા.(૨)માં 'નિજ ભાવિના' પાઠ. ☆ પુસ્તકોમાં 'સ્વભાવ' પાઠ. કો.(૯)નો પાઠ લીધો છે. ♣ કો.(૨)માં 'ભાવે' પાઠ. કો.(૧)માં 'એહવિધ' પાઠ. ● કો.(૧)માં 'પટંતર' પાઠ છે. ❖ કો.(૧૦+૧૧+૧૩)+આ.(૧)માં 'આપ આપણાં' પાઠ છે. ✠ આ.(૧)માં 'છતે હુંતે' પાઠ.

પણિ "**એ દ્રવ્ય તેહ જ**, જે પૂર્વિ અનુભવિઉં *હુતું" - એહ જ્ઞાન જેહથી થાઈ છઈ, તે **નિત્યસ્વભાવ** કહિઈં.

---

**सति अपि 'तदेवेदं** घटादिकं **द्रव्यं** यत् पूर्वं दृष्टम्' **इति धीः** = प्रत्यभिज्ञा पूर्वोत्तरविलक्षणपर्यायाश्रयीभूतद्रव्यैक्यसाधिका **येन** हेतुना जायते **स** वस्तुनो **नित्यस्वभावो** निगद्यते।

तदुक्तम् **आलापपद्धतौ** "निज-निजनानापर्यायेषु 'तदेवेदम्' इति द्रव्यस्य उपलम्भाद् नित्यस्वभावः" (आ.प.पृ.१२) इति। ***एतेन*** "क्षणं त्वेकमवस्थानं स्वहेतोरेव" (त.स.६८७) इति **तत्त्वसङ्ग्रहे शान्तरक्षितो**क्तिरपि ***निराकृता***, प्रसिद्धप्रत्यभिज्ञाऽनुपपत्तिबलेनैव क्षणिकत्वबाधात्। तदुक्तं **द्रव्यस्वभावप्रकाशे** अपि [1]"सोऽयं इदि तं णिच्चा" (द्र.स्व.प्र.६०) इति। प्रतिक्षणं प्रतिद्रव्यं वैविध्योपलम्भेऽपि 'तदेवेदमि'ति प्रत्यभिज्ञाजनकध्रौव्यमेव तन्नित्यस्वभाव इत्याशयः।

द्रव्यार्थिकनयाऽभिप्रायेण **विशेषावश्यकभाष्यवृत्तौ श्रीहेमचन्द्रसूरि**भिः "यथा हि घट-पटादिसम्बन्धेन बहुरूपमपि आकाशं स्वयमविकारित्वाद् नित्यम्, एवं द्रव्यमपि" (वि.आ.भा.गा.६७ वृ.) इत्येवं द्रव्यत्वा-

---

છતાં પણ 'આ ઘટાદિ દ્રવ્ય તે જ છે કે જેને મેં પૂર્વે જોયેલ હતું' - આવા પ્રકારની પ્રત્યભિજ્ઞા જેના દ્વારા ઉત્પન્ન થાય તે નિત્યસ્વભાવ કહેવાય છે. ઘટાદિ દ્રવ્યમાં પૂર્વોત્તર પર્યાયો વિલક્ષણ હોય છે. શ્યામત્વ, રક્તત્વ વગેરે પર્યાયો પરસ્પર વિલક્ષણ જ છે. આવા પૂર્વોત્તરકાલીન વિલક્ષણ પર્યાયોના આધારભૂત ઘટાદિ દ્રવ્યમાં પ્રત્યભિજ્ઞા પ્રતીતિ ઐક્યને = એકતાને = અભેદને સિદ્ધ કરે છે. આવી પ્રત્યભિજ્ઞા થવાનું કારણ વસ્તુમાં રહેલો નિત્યસ્વભાવ છે.

### પ્રત્યભિજ્ઞા નિત્યસ્વભાવની સાધક

(तदुक्तम्.) તેથી જ **આલાપપદ્ધતિ** ગ્રંથમાં **દેવસેન**જીએ જણાવેલ છે કે "પોત-પોતાના અનેક વિલક્ષણ પર્યાયો દ્રવ્યમાં હાજર હોવા છતાં 'આ તે જ છે' - આવી પ્રતીતિ = પ્રત્યભિજ્ઞા દ્રવ્યમાં થાય છે. તેથી દ્રવ્યમાં નિત્યસ્વભાવ છે." 'પોતાના કારણના લીધે જ પદાર્થ માત્ર એક ક્ષણ રહે છે' - આ પ્રમાણે **તત્ત્વસંગ્રહ**માં બૌદ્ધાચાર્ય **શાન્તરક્ષિતે** જે જણાવેલ છે તેનું પણ નિરાકરણ ઉપરની યુક્તિથી જ થઈ જાય છે. કારણ કે સર્વલોકપ્રસિદ્ધ પ્રત્યભિજ્ઞા જ ક્ષણિકપક્ષમાં અસંગત થઈ જાય છે. પ્રસિદ્ધ પ્રત્યભિજ્ઞાની અનુપપત્તિના બળથી જ એકાન્તક્ષણિકત્વ બાધિત થઈ જાય છે. **દ્રવ્યસ્વભાવપ્રકાશ** ગ્રંથમાં પણ દર્શાવેલ છે કે "દ્રવ્યમાં 'આ તે જ છે' આવી પ્રતીતિ = પ્રત્યભિજ્ઞા થાય છે તે દ્રવ્યના નિત્યસ્વભાવના લીધે થાય છે." આશય એ છે કે પ્રત્યેક પદાર્થ પરિવર્તનશીલ છે. પ્રતિક્ષણ દરેક વસ્તુમાં વિવિધ સ્વરૂપે પરિણમન થયા જ કરે છે. પ્રતિક્ષણ વિલક્ષણ પરિણમન થવા છતાં દ્રવ્યમાં એવું એકત્વ-ધ્રૌવ્ય રહે છે કે જેના લીધે 'આ તે જ છે' આવી પ્રત્યભિજ્ઞાત્મક પ્રતીતિ થાય છે. આ પ્રત્યભિજ્ઞાજનક ધ્રૌવ્ય તે જ દ્રવ્યનો નિત્યસ્વભાવ છે.

### દ્રવ્યત્વાવચ્છેદેન નિત્યસ્વભાવ : શ્રીહેમચંદ્રસૂરિ

(द्रव्या.) મલધારી **શ્રીહેમચન્દ્રસૂરિજીએ વિશેષાવશ્યકભાષ્યવ્યાખ્યા**માં "જેમ ઘટ-પટ વગેરેના સંબંધથી બહુરૂપી એવું પણ આકાશ સ્વયં નિર્વિકારી હોવાથી નિત્ય છે, તેમ દ્રવ્ય પણ સ્વયં નિર્વિકારી હોવાના

---

* 'હુતું = હતું'. આધારગ્રંથ- **ઐતિહાસિક રાસ સંગ્રહ ભાગ-૨, આનંદઘન બાવીસી સ્તબક**. 1. 'सोऽयमि'ति तद् नित्यात्।

"तद्भावाव्ययं नित्यम्" (त.सू.५/३०) इति सूत्रम्।

---

ऽवच्छेदेन नित्यस्वभावो दर्शितः। ***एतेन*** [1]"उप्पाय-व्वयरहिअं दव्वं चिय निव्वियारं तं" (वि.आ.भा.६६) इति **विशेषावश्यकभाष्योक्तिः** ***व्याख्याता,*** चतुर्थशाखादर्शितरीत्या (४/१) पर्यायत्वाऽवच्छेदेन उत्पाद -व्ययसत्त्वेऽपि द्रव्यत्वाऽवच्छेदेन ध्रौव्याऽव्याहतेः। द्रव्यार्थादेशोऽयम्।

नित्यत्वव्याख्याऽवसरे प्रोक्तं **तत्त्वार्थसूत्रे** "तद्भावाऽव्ययं नित्यम्" (त.सू.५/३०) इति पूर्वोक्तम् (९/३) अत्रानुसन्धेयम्। "यत् सतो भावाद् न व्येति न व्येष्यति तन्नित्यम्" (त.सू.५/३०) इति **तत्त्वार्थसूत्रभाष्ये उमास्वाति**वाचककुलावतंसाः। यथा पुद्‌गलत्वेन परमाणोः नित्यत्वम्।

इदमेवाभिप्रेत्य **भगवतीसूत्रे** [2]"एस णं भंते ! पोग्गले तीतमणंतं सासयं समयं भुवीति वत्तव्वं सिया ? हंता गोयमा ! एस णं पोग्गले अतीतमणंतं सासयं समयं भुवीति वत्तव्वं सिया। एस णं भंते ! पोग्गले पडुप्पन्नं सासयं समयं भवतीति वत्तव्वं सिया ? हंता गोयमा ! तं चेव उच्चारेयव्वं। एस णं भंते !

---

લીધે નિત્ય છે" - આ પ્રમાણે દ્રવ્યાર્થિકનયના અભિપ્રાયથી દ્રવ્યત્વાવચ્છેદેન નિત્યસ્વભાવ જણાવેલ છે. તેનાથી **વિશેષાવશ્યકભાષ્ય**ની એક પંક્તિની પણ સ્પષ્ટતા થઈ જાય છે. તે પંક્તિ આ મુજબ છે કે 'ઉત્પાદ-વ્યયશૂન્ય દ્રવ્ય જ છે. તે નિર્વિકારી છે.' મતલબ એ છે કે ચોથી શાખામાં જણાવેલ પદ્ધતિ મુજબ તમામ પર્યાયોના આવિર્ભાવ-તિરોભાવ થવા છતાં મૂળભૂત દ્રવ્ય તો નિર્વિકારી હોવાથી નિરાબાધપણે નિત્ય જ છે. આ પ્રમાણે દ્રવ્યાર્થિકનયનું મંતવ્ય છે.

## ❋ નિત્યલક્ષણ વિચારણા ❋

**(नित्य.)** નિત્યત્વની વ્યાખ્યા કરવાના અવસરે વાચકકુલશિરોમણિ **ઉમાસ્વાતિજી** મહારાજે **તત્ત્વાર્થસૂત્ર**માં જણાવેલ છે કે 'તેના ભાવનો વ્યય ન થાય તો તે નિત્ય.' પૂર્વે (૯/૩) આ સંદર્ભ જણાવેલ છે. તેનું અહીં અનુસંધાન કરવું. **તત્ત્વાર્થસ્વોપજ્ઞભાષ્ય**માં ઉપરોક્ત સૂત્રને સ્પષ્ટ કરતાં જણાવેલ છે કે 'જે પારમાર્થિક સ્વરૂપથી જે પદાર્થ વર્તમાનમાં નાશ પામતો નથી કે ભવિષ્યમાં નાશ પામવાનો નથી તે સ્વરૂપે તે પદાર્થ નિત્ય કહેવાય.' જેમ કે પુદ્‌ગલત્વરૂપે પરમાણુ નિત્ય છે.

## ❋ પુદ્‌ગલમાં નિત્યસ્વભાવનો વિચાર ❋

**(इदमे.)** 'પુદ્‌ગલત્વસ્વરૂપે પરમાણુ નિત્ય છે' - આવું જણાવવાના અભિપ્રાયથી જ **ભગવતીસૂત્ર**માં પ્રશ્નોત્તરી સ્વરૂપે નીચે મુજબ જણાવેલ છે કે -

**પ્રશ્ન** :- 'હે ભગવંત ! જગતમાં આ પુદ્‌ગલ દ્રવ્ય ભૂતકાળમાં અનંત શાશ્વત કાળથી છે - આવું શું કહી શકાય ?'

**ઉત્તર** :- 'હે ગૌતમ ! હા. જગતમાં આ પુદ્‌ગલ દ્રવ્ય ભૂતકાળમાં અનંત શાશ્વત કાળથી છે - આ પ્રમાણે કહી શકાય છે.'

---

1. उत्पाद-व्ययरहितं द्रव्यं चैव निर्विकारं तत्। 2. एषः णं भदन्त ! पुद्‌गलः अतीतम्, अनन्तम्, शाश्वतम्, समयं भूत इति वक्तव्यं स्यात् ? हन्त गौतम ! एष णं पुद्‌गलः अतीतम्, अनन्तं, शाश्वतं, समयं भूत इति वक्तव्यं स्यात्। एष णं भदन्त ! पुद्‌गलः प्रत्युत्पन्नं शाश्वतं समयं भवति इति वक्तव्यं स्यात् ? हन्त गौतम ! तद् एव उच्चारयितव्यम्। एष णं भदन्त !

"प्रध्वंसाप्रतियोगित्वं नित्यत्वम्" इत्यस्याप्यत्रैव पर्यवसानम्,

[1]पोग्गले अणागयमणंतं सासयं समयं भविस्सतीति वत्तव्वं सिया ? हंता गोयमा ! तं चेव उच्चारेयव्वं" (भ.सू.१/४, सू.४१) इत्युक्तम्। अत्र पुद्गलपदेन परमाणोरेव ग्रहणम्, उत्तरत्र सूत्रे स्कन्धग्रहणाद् इति **तद्वृत्तौ** व्यक्तम्।

यत्तु नैयायिकैः 'प्रध्वंसाऽप्रतियोगित्वं = नित्यत्वमि'त्युच्यते-तदप्यत्रैव तत्त्वार्थसूत्रोक्तनित्यलक्षणे पर्यवस्यति।

***न च*** एवं घटस्य ध्वंसप्रतियोगितया नित्यत्वं व्याहन्येतेति ***वाच्यम्,***

**પ્રશ્ન** :- 'હે ભગવંત ! આ પુદ્ગલ વર્તમાન કાળને આશ્રયીને શાશ્વત સમયપ્રમાણ હોય છે - તેવું શું કહી શકાય ?'

**ઉત્તર** :- 'હે ગૌતમ ! હા. તે પ્રમાણે કહી શકાય છે.'

**પ્રશ્ન** :- 'હે ભગવંત ! આ પુદ્ગલ ભવિષ્યકાળમાં અનંત શાશ્વત સમય સુધી હશે - તેવું શું કહી શકાય છે ?'

**ઉત્તર** :- 'હે ગૌતમ ! હા. તે જ પ્રમાણે કહી શકાય છે.' ઉપરોક્ત ભગવતીસૂત્રના સંદર્ભમાં 'પુદ્ગલ' શબ્દથી પરમાણુનું જ ગ્રહણ કરવાનું અભિપ્રેત છે. કારણ કે આગળના સૂત્રમાં ત્યાં સ્કંધનું ગ્રહણ કરેલ છે. આ પ્રમાણે **ભગવતીસૂત્રવ્યાખ્યા**માં **શ્રીઅભયદેવસૂરિજી** મહારાજે સ્પષ્ટતા કરેલ છે.

## ❀ નૈયાયિકનો જૈનમતમાં સમાવેશ ❀

**(यत्तु.)** નૈયાયિક વિદ્વાનો 'પ્રધ્વંસની પ્રતિયોગિતાનો અભાવ એટલે નિત્યત્વ' - આ પ્રમાણે જે કહે છે તેનું પણ **તત્ત્વાર્થસૂત્ર**માં જણાવેલ નિત્યના લક્ષણમાં જ પર્યવસાન થાય છે.

**સ્પષ્ટતા** :- 'ઘટ, પટ વગેરેનો નાશ થાય છે. તેથી ઘટ, પટ વગેરે ધ્વંસના પ્રતિયોગી = સંબંધી બને છે. તેથી તેમાં ધ્વંસની પ્રતિયોગિતા રહે છે. પરંતુ આત્માનો કદાપિ નાશ થતો નથી. તેથી આત્મામાં ધ્વંસની પ્રતિયોગિતા રહેતી નથી. આમ આત્મામાં રહેલ ધ્વંસનિરૂપિત પ્રતિયોગિતાનો અભાવ એ જ આત્મગત નિત્યત્વ છે' - આ પ્રમાણે નૈયાયિકો કહે છે. જૈનમતમાં જણાવેલ નિત્યસ્વભાવ તરફ જ પ્રસ્તુત નિત્યત્વલક્ષણ પ્રયાણ કરે છે. અહીં નૈયાયિકદર્શન અને જૈનદર્શન લગભગ સમાંતર ચાલે છે.

## ❀ ઘટગત નિત્યતાની મીમાંસા ❀

**શંકા** :- (न च.) ધ્વંસનિરૂપિત પ્રતિયોગિતાનો અભાવ એ જ જો નિત્યત્વ હોય તો ઘટ-પટ વગેરે પદાર્થ ધ્વંસના પ્રતિયોગી હોવાથી તેમાં નિત્યતા બાધિત થશે. જૈનમતમાં તો નિત્યસ્વભાવ એ દ્રવ્યનો સામાન્યસ્વભાવ છે. તેથી જૈનદર્શન મુજબ, દરેક દ્રવ્યમાં નિત્યસ્વભાવ રહે છે. પરંતુ ધ્વંસપ્રતિ-યોગિત્વાભાવને જ જો નિત્યત્વ કહેવામાં આવે તો તેવું નિત્યત્વ ઘટાદિ પદાર્થમાં ઉપરોક્ત રીતે બાધિત થશે. તેથી નૈયાયિકમત મુજબ નિત્યત્વનો સ્વીકાર કરવામાં જૈનોને અપસિદ્ધાંત દોષ લાગુ પડશે.

1. पुद्गलः अनागतम्, अनन्तम्, शाश्वतम्, समयं भविष्यति इति वक्तव्यं स्यात् ? हन्त गौतम ! तद् एव उच्चारयितव्यम्।

**केनचिद् रूपेणैव तल्लक्षणव्यवस्थितेः। (૩)**

मृत्त्वादिना पुद्गलत्वादिना वा घटस्य ध्वंसाऽप्रतियोगितया नित्यत्वाऽप्रच्यवात्, केनचिद् रूपेणैव तल्लक्षणव्यवस्थितेः, न तु सर्वैरेव वस्तुगतधर्मैः; पर्यायविशेषरूपेण ध्वंसप्रतियोगितायाः द्रव्यत्वावच्छिन्ने सत्त्वात्। ततश्च येन सामान्यरूपेण ध्वंसाऽप्रतियोगित्वं तेन रूपेण नित्यत्वमिति भावः।

इयांस्तु विशेषो यद् आत्मादिपदप्रवृत्तिनिमित्तभूतेन आत्मत्वादिना आत्मादेः नित्यत्वं तेन रूपेण तद्भावाऽव्ययत्वात्, घटादिपदप्रवृत्तिनिमित्तभूतेन घटत्वादिना घटस्य तु नेति।

***ननु*** तद्भावेन व्ययश्चेत् प्रसिद्धः तदा तदभावरूपं नित्यत्वं आत्मत्वादिना आत्मादौ सम्भवेत्। स एव गगनारविन्दसोदर इति ***चेत्*** ?

**સમાધાન** :- **(मृत्त्वा.)** ના, તમારી શંકા વ્યાજબી નથી. કારણ કે ઘટનો સર્વથા નાશ થતો નથી. પરંતુ ઘટત્વાદિસ્વરૂપે જ નાશ થાય છે. ઘટ ઉપર દંડપ્રહાર કરવા છતાં ઘટનો માટીસ્વરૂપે નાશ થતો નથી. તેથી ઘટ ઘટત્વસ્વરૂપે ભલે ધ્વંસનો પ્રતિયોગી બને. પરંતુ મૃત્ત્વાદિસ્વરૂપે કે પુદ્ગલત્વાદિરૂપે ઘટ ધ્વંસનો પ્રતિયોગી બનતો નથી. મૃત્ત્વાદિરૂપે કે પુદ્ગલત્વાદિરૂપે તો ઘટમાં ધ્વંસની અપ્રતિયોગિતા જ રહેલી છે. તેથી મૃત્ત્વ-પુદ્ગલત્વાદિરૂપે ઘટમાં ધ્વંસનિરૂપિત પ્રતિયોગિતાનો અભાવ હાજર જ છે. તે કારણસર ઘટમાં નિત્યત્વ બાધિત થતું નથી. મૃત્ત્વાદિલક્ષણ કોઈક ચોક્કસ સ્વરૂપે જ ધ્વંસપ્રતિયોગિત્વાભાવાત્મક નિત્યત્વલક્ષણ ઘટમાં રહે છે. વસ્તુગત બધા જ ગુણધર્મોથી નિત્યત્વલક્ષણ ક્યાંય રહેતું નથી. કારણ કે વિશેષપર્યાયસ્વરૂપે ધ્વંસપ્રતિયોગિતા તો બધા જ દ્રવ્યમાં રહે જ છે. તેથી જે સામાન્ય સ્વરૂપે પદાર્થમાં ધ્વંસની અપ્રતિયોગિતા હોય તે સ્વરૂપે પદાર્થમાં નિત્યતા જાણવી - આવું અહીં તાત્પર્ય છે.

### ❊ આત્મગત અને ઘટગત નિત્યત્વમાં તફાવત ❊

**(इयांस्तु.)** જૈનદર્શન મુજબ, સર્વ દ્રવ્યોમાં નિત્યસ્વભાવ રહેલો છે. તેમ છતાં ફરક એટલો છે કે આત્મા વગેરે પદની પ્રવૃત્તિના (પ્રયોગના) નિમિત્તભૂત આત્મત્વ વગેરે સ્વરૂપે આત્મા નિત્ય છે. કારણ કે તદ્ભાવનો = આત્મત્વરૂપે આત્માના અસ્તિત્વનો ઉચ્છેદ થતો નથી. જ્યારે ઘટ વગેરે પદની પ્રવૃત્તિના નિમિત્તભૂત ઘટત્વ વગેરે રૂપે ઘટ વગેરેના અસ્તિત્વનો વિલય થાય છે. તેથી જેમ આત્મત્વરૂપે આત્મા નિત્ય છે તેમ ઘટત્વરૂપે ઘટ નિત્ય નથી.

### ❁ તદ્ભાવથી વ્યયની અપ્રસિદ્ધિ ❁

**શંકા** :- **(ननु.)** જૈનદર્શન મુજબ, **તત્ત્વાર્થસૂત્ર**માં જણાવ્યા પ્રમાણે તદ્ભાવનો = મૂળભૂત સ્વરૂપનો અવ્યય = અનુચ્છેદ એ નિત્યત્વનું સ્વરૂપ છે. અનુચ્છેદ એટલે ઉચ્છેદનો અભાવ. તેથી સાદી ભાષામાં કહીએ તો 'મૂળભૂત સ્વરૂપથી વસ્તુના ઉચ્છેદનો અભાવ એટલે નિત્યત્વ.' પરંતુ આત્મત્વ-પુદ્ગલત્વાદિ મૂળભૂત સ્વરૂપે વસ્તુનો ઉચ્છેદ પ્રસિદ્ધ હોય તો તેના અભાવને નિત્યત્વ કહી શકાય. તથા તે મુજબ આત્મત્વરૂપે આત્માના ઉચ્છેદનો અભાવ એ જ આત્મનિષ્ઠ નિત્યત્વ આવું કહી શકાય. પરંતુ મૂળભૂત સ્વરૂપે વસ્તુનો ઉચ્છેદ જ આકાશપુષ્પસમાન છે. જેમ આકાશપુષ્પ અપ્રસિદ્ધ હોવાથી તેનો અભાવ પણ અપ્રસિદ્ધ છે તેમ મૂળભૂત સ્વરૂપે વસ્તુનો ઉચ્છેદ અપ્રસિદ્ધ હોવાથી તેના અભાવસ્વરૂપ નિત્યત્વ

***न,*** ध्वंसप्रतियोगितानवच्छेदकरूपवत्त्वस्यैव तदर्थत्वात्।

*"**न च** एवं कम्बुग्रीवादिमत्त्वेन घटस्य नित्यत्वं स्यादिति **वाच्यम्,***

પણ અપ્રસિદ્ધ બની જશે. સર્વથા અસત્ = અવિદ્યમાન વસ્તુનો નિષેધ થઈ શકતો નથી. કોઈક સ્વરૂપે જે વસ્તુ પ્રસિદ્ધ હોય, ક્યાંક રહેતી હોય તેનો જ અન્યત્ર અભાવ કહી શકાય. મૂળસ્વરૂપે વસ્તુનો ઉચ્છેદ ક્યાંય પણ પ્રસિદ્ધ નથી. તેથી તેના અભાવ રૂપે નિત્યત્વનું વિધાન કરવું કઈ રીતે વ્યાજબી કહેવાય? મૌલિક સ્વરૂપે ધ્વંસની પ્રતિયોગિતા અપ્રસિદ્ધ હોવાથી મૌલિકસ્વરૂપે ધ્વંસપ્રતિયોગિતાના અભાવાત્મક નિત્યત્વની પ્રસિદ્ધિ અશક્ય છે. તેથી આત્મત્વ-પુદ્ગલત્વાદિથી અવચ્છિન્ન ધ્વંસપ્રતિયોગિતાના અભાવને આત્માદિગત નિત્યત્વ કહી ન શકાય.

## ❁ તત્ત્વાર્થસૂત્રની છણાવટ ❁

**સમાધાન** :- (**ન, ધ્વંસ.**) ના, તમારી દલીલ વ્યાજબી નથી. કારણ કે વાચકશિરોમણિ **ઉમાસ્વાતિજી** મહારાજે **તત્ત્વાર્થસૂત્ર**માં 'तद्भावाव्ययं नित्यम्' - આ પ્રમાણે જે કહેલું છે, તેનો પારમાર્થિક અર્થ એટલો જ છે કે ધ્વંસપ્રતિયોગિતાઅનવચ્છેદકરૂપવત્ત્વ એટલે નિત્યત્વ. તદ્ભાવનો અવ્યય એટલે ધ્વંસની પ્રતિયોગિતાનો અભાવ નહિ પરંતુ ધ્વંસપ્રતિયોગિતાનો અનવચ્છેદક ગુણધર્મ. આવું માનવાથી કોઈ દોષ આવતો નથી.

## ✥ નવ્યન્યાયની પરિભાષામાં નિત્યત્વનો પરિચય ✥

**સ્પષ્ટતા** :- ધ્વંસની પ્રતિયોગિતાનો અવચ્છેદક ગુણધર્મ હોવો તે જ વસ્તુગત અનિત્યતા છે. તથા ધ્વંસની પ્રતિયોગિતાનો અનવચ્છેદક ગુણધર્મ હોવો તે જ વસ્તુગત નિત્યતા છે. આત્મામાં રહેલ ધ્વંસપ્રતિયોગિતાઅનવચ્છેદક આત્મત્વ ધર્મ એ જ આત્માની નિત્યતા છે. ઘટમાં રહેલ ધ્વંસપ્રતિયોગિતાઅનવચ્છેદક મૃત્ત્વાદિ ગુણધર્મ એ જ ઘટની નિત્યતા છે. આત્મામાં ધ્વંસપ્રતિયોગિતાઅવચ્છેદક મનુષ્યત્વાદિ ધર્મ પ્રસિદ્ધ છે. તથા ઘટમાં ધ્વંસપ્રતિયોગિતાના અવચ્છેદક તરીકે ઘટત્વાદિ ધર્મ પ્રસિદ્ધ છે. આમ ધ્વંસપ્રતિયોગિતાઅવચ્છેદક ધર્મ પ્રસિદ્ધ હોવાથી 'ધ્વંસપ્રતિયોગિતાઅવચ્છેદકભિન્ન ગુણધર્મની હાજરી એ જ દ્રવ્યગત નિત્યતા છે' - આવું કહેવામાં પ્રતિયોગીની અપ્રસિદ્ધિ વગેરે કોઈ દોષ આવતો નથી. આત્મત્વ-મૃત્ત્વ વગેરેમાં ધ્વંસપ્રતિયોગિતાઅવચ્છેદકભેદ રહે જ છે. મતલબ કે આત્માદિનિષ્ઠ ધ્વંસપ્રતિયોગિતાના અવચ્છેદકીભૂત મનુષ્યત્વાદિનો ભેદ આત્મત્વ વગેરેમાં રહે જ છે. આમ 'તત્ત્વાર્થસૂત્રમાં દર્શાવેલ તદ્ભાવઅવ્યય ધ્વંસપ્રતિયોગિતાઅનવચ્છેદકધર્મવત્ત્વસ્વરૂપ છે' - તેવું માનવું નિર્દોષ છે.

## ❋ કંબુગ્રીવાદિમત્ત્વરૂપે નિત્યત્વની આપત્તિ ❋

**શંકા** :- ("**ન ચ.**) ધ્વંસપ્રતિયોગિતાઅનવચ્છેદક ધર્મવત્ત્વ એ જ જો નિત્યતા હોય તો ઘટ કંબુગ્રીવાદિમત્ત્વસ્વરૂપે નિત્ય બનવાની આપત્તિ આવશે. કારણ કે ઘટધ્વંસની પ્રતિયોગિતાનો અવચ્છેદક ઘટત્વ છે, કંબુગ્રીવાદિમત્ત્વ નથી. ઘટત્વની અપેક્ષાએ કંબુગ્રીવાદિમત્ત્વ ગુરુધર્મ છે. તથા 'લઘુધર્મ હાજર હોય તો ગુરુધર્મ અવચ્છેદક બનતો નથી' - આવો નિયમ તાર્કિક જગતમાં પ્રસિદ્ધ છે. મૃત્ત્વ, દ્રવ્યત્વની જેમ કંબુગ્રીવાદિમત્ત્વ ઘટીય ધ્વંસપ્રતિયોગિતાનો અનવચ્છેદક હોવાથી ઘટ જેમ મૃત્ત્વ, દ્રવ્યત્વની અપેક્ષાએ નિત્ય છે તેમ કંબુગ્રીવાદિમત્ત્વની અપેક્ષાએ પણ નિત્ય બની જશે. તેથી ધ્વંસપ્રતિયોગિતાઅનવચ્છેદકધર્મવત્ત્વને

**અનિત્ય સ્વભાવ તે** *પર્યાય (=**પજ્જય) પરિણતિ લહિઈં** જેણઇં. ▸તે વિશેષ કહે છે◂ જેણઇં રૂપઇં ઉત્પાદ-વ્યય છઈં, તેણઇં *રૂપઇં અનિત્ય સ્વભાવ છઇ.

गुरुधर्मस्यापि प्रतीतिबलादवच्छेदकत्वस्वीकारादिति" (स्या.रह.का.१/खण्ड-१/पृष्ठ-२५+२६) व्यक्तं मध्यमपरिमाणे **स्याद्वादरहस्ये**, पूर्वं (९/३) चात्राप्युक्तम्। अधिकन्तु **जयलता**भिधानायां (पृष्ठ-२६+२७) तद्वृत्तावुक्तमस्माभिस्ततोऽवसेयम्। उक्तः तृतीयः सामान्यस्वभावः।

(४) साम्प्रतं चतुर्थं सामान्यस्वभावं कार्यद्वारा निरूपयति – **पर्ययपरिणतिः** = उत्पाद-व्यय-परिणामसन्ततिः **अनित्यस्वभावेन** जायते। **विशेषावश्यकभाष्यवृत्तौ** "पर्याया हि सर्वेषामपि वस्तूनामनित्या" (वि.आ.भा.३३४४ मल.वृ.) इत्युक्त्या पर्यायत्वावच्छिन्नस्य यदनित्यत्वमुक्तं तद् वस्तुनोऽनित्यस्वभावेनैव निर्वहति, वस्तुनो द्रव्य-पर्यायोभयरूपत्वात्, पर्याय-पर्यायिणोश्च कथञ्चिदभेदेन तत्तत्पर्यायरूपतया वस्तुनोऽपि अनित्यत्वोपपत्तेः। यद्रूपेण वस्तुन उत्पाद-व्ययौ तेन रूपेणाऽनित्यस्वभाव इति

નિત્યત્વ કઈ રીતે માની શકાય ?

### ❀ ગુરુધર્મ પણ અવચ્છેદક બને ❀

[redacted] :- (**ગુરુ.**) ના, તમારી શંકા વ્યાજબી નથી. કારણ કે દંડપ્રહાર પછી ઘટનું ઘટત્વરૂપે અસ્તિત્વ જેમ ઉપલબ્ધ થતું નથી તેમ કંબુગ્રીવત્વાદિમત્ત્વસ્વરૂપે પણ ઘટનું અસ્તિત્વ ઉપલબ્ધ થતું નથી. તેથી જ લોકોને ત્યારે અસ્ખલિત રીતે 'ઘડો ઘડાસ્વરૂપે નાશ પામ્યો' - તેવી પ્રતીતિ જેમ થાય છે તેમ 'ઘડો કંબુગ્રીવાદિમત્ત્વરૂપે નાશ પામ્યો' તેવી પણ પ્રતીતિ થાય છે. સર્વ લોકોને સ્વારસિક રીતે જે પ્રતીતિ થાય છે, તેના બળથી ઘટત્વની જેમ કંબુગ્રીવાદિમત્ત્વ પણ પ્રતિયોગિતાઅવચ્છેદક બની શકે છે. તેથી અમે જૈનો અબાધિત અનુભવના આધારે લઘુધર્મની જેમ ગુરુધર્મને પણ ધ્વંસીય પ્રતિયોગિતાના અવચ્છેદક તરીકે સ્વીકારીએ છીએ. તેથી ઘટત્વની જેમ કંબુગ્રીવાદિમત્ત્વ પણ ધ્વંસપ્રતિયોગિતાનો અવચ્છેદક જ બને છે. તેથી ઘટ જેમ ઘટત્વસ્વરૂપે અનિત્ય છે તેમ કંબુગ્રીવાદિમત્ત્વસ્વરૂપે પણ અનિત્ય બની શકશે. તેથી ધ્વંસપ્રતિયોગિતાઅનવચ્છેદક ધર્મવત્ત્વને નિત્યત્વ તરીકે માનવામાં કોઈ દોષ નથી. આ પ્રમાણે **મહોપાધ્યાય શ્રીયશોવિજયજી** મહારાજે **સ્યાદ્વાદરહસ્ય**માં જણાવેલ છે. તથા પૂર્વે (૯/૩) અહીં પણ જણાવેલ છે. આ બાબતમાં અધિક નિરૂપણ અમે **સ્યાદ્વાદરહસ્યની જયલતા** વ્યાખ્યામાં કરેલ છે. તેથી જિજ્ઞાસુએ ત્યાંથી જાણી લેવું. આમ ત્રીજા સામાન્યસ્વભાવનું નિરૂપણ પૂર્ણ થયું.

### ❀ અનિત્યસ્વભાવની વિચારણા ❀

(૪) હવે ચોથા સામાન્યસ્વભાવને કાર્ય દ્વારા ગ્રંથકારશ્રી જણાવે છે. વસ્તુમાં ઉત્પાદ-વ્યય પરિણામની ધારા અનિત્યસ્વભાવથી ઉત્પન્ન થાય છે. **વિશેષાવશ્યકભાષ્યમલધારવૃત્તિ**માં "બધી જ વસ્તુઓના પર્યાયો અનિત્ય છે" - આવું કહેવા દ્વારા સર્વ પર્યાયમાં જે અનિત્યત્વ દર્શાવેલ છે, તે વસ્તુના અનિત્યસ્વભાવથી જ સંપન્ન થાય છે. કારણ કે વસ્તુ દ્રવ્ય-પર્યાયઉભયસ્વરૂપ છે. તથા પર્યાય અને પર્યાયી = વસ્તુ પરસ્પર કથંચિદ્ અભિન્ન હોવાથી તે તે પર્યાયસ્વરૂપે વસ્તુમાં પણ અનિત્યત્વ સંગત થઈ શકે છે. મતલબ

* પુસ્તકોમાં નથી. કો.(૧૦+૧૧+૧૩)+P(૪)+આ.(૧)માં છે. ▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત કો.(૧૩)માં છે.

**છતી વસ્તુનઈ રૂપાંતરથી** = પર્યાયવિશેષથી **નાશ**[ā] છઈ. તેણઈં કરી એ **દ્વિવિધા** "આ રૂપઈં

यावत् तात्पर्यम्। तदुक्तम् **आलापपद्धतौ** "तस्यापि अनेकपर्यायपरिणतत्त्वाद् अनित्यस्वभावः" (आ.प.पृ.१२) इति। **बृहन्नयचक्रे**ऽपि [1]"अणिच्चरूवा हु पज्जाया" (बृ.न.च.६१) इत्युक्तम्।

इत्थञ्च नित्यस्वभावेन द्रव्यार्थादेशात् **सदेव वस्तु** अनित्यस्वभावतया पर्यायार्थादेशाद् **रूपान्तरेण नश्यति**। इदमेवाभिप्रेत्य **भगवतीसूत्रे** [2]"परमाणुपोग्गले णं भंते ! किं सासए असासए ?, गोयमा ! सिय सासए सिय असासए। से केणट्ठेणं भंते ! एवं वुच्चइ सिय सासए सिय असासए ?, गोयमा ! दव्वट्ठयाए सासए, वन्नपज्जवेहिं जाव फासपज्जवेहिं असासए। से तेणट्ठेणं जाव सिय सासए सिय असासए" (भ.सू.१४/४, सू.५१२) इत्युक्तम् इति पूर्वोक्तं (९/२६) स्मर्तव्यमत्र।

**ततो वस्तु** = वस्तुत्वावच्छिन्नं **नित्यानित्यं** = कृताऽकृतं **हि** = एव सिध्यति जात्यन्तर-

કે જે સ્વરૂપે વસ્તુના ઉત્પાદ-વ્યય થાય તે સ્વરૂપે વસ્તુમાં અનિત્યસ્વભાવ આવે - આવું તાત્પર્ય સમજવું. આ અંગે **આલાપપદ્ધતિ**માં જણાવેલ છે કે 'ધ્રુવ એવું પણ દ્રવ્ય અનેક પર્યાયોથી પરિણત હોવાના લીધે અનિત્યસ્વભાવ ધરાવે છે.' **બૃહદ્નયચક્ર**માં જણાવેલ છે કે 'પર્યાયથી વસ્તુ અનિત્યસ્વરૂપ છે.'

### ✡ એકત્ર નયભેદથી શાશ્વત-અશાશ્વતસ્વભાવ ✡

**(इत्थ.)** આ રીતે દ્રવ્યાર્થિકનયના અભિપ્રાયથી નિત્યસ્વભાવ હોવાના કારણે સત્ એવી જ વસ્તુ પર્યાયાર્થિકનયના અભિપ્રાયથી અનિત્યસ્વભાવવાળી હોવાથી રૂપાન્તરથી નાશ પામે છે. આ જ અભિપ્રાયથી **ભગવતીસૂત્ર**માં પ્રશ્નોત્તરીસ્વરૂપે નીચે મુજબ જણાવેલ છે કે -

**પ્રશ્ન** :- 'હે ભગવંત ! પરમાણુ પુદ્ગલ શું શાશ્વત છે કે અશાશ્વત ?'

**ઉત્તર** :- 'હે ગૌતમ ! પરમાણુ પુદ્ગલ કથંચિત્ શાશ્વત છે અને કથંચિત્ અશાશ્વત છે.'

**પ્રશ્ન** :- 'હે ભગવંત ! શા માટે એવું કહેવામાં આવે છે કે - પરમાણુ પુદ્ગલ કથંચિત્ શાશ્વત છે અને કથંચિત્ અશાશ્વત છે ?'

**ઉત્તર** :- 'હે ગૌતમ ! દ્રવ્યાર્થિકનયથી પરમાણુપુદ્ગલ શાશ્વત છે તથા વર્ણપર્યાય, ગંધપર્યાય.... યાવત્ સ્પર્શપર્યાયથી પરમાણુપુદ્ગલ અશાશ્વત છે. આથી કહેવાય છે કે - પરમાણુ પુદ્ગલ કથંચિત્ શાશ્વત છે, કથંચિત્ અશાશ્વત છે.' આ સંદર્ભ પૂર્વે (૯/૨૬) દર્શાવેલ તેને અહીં યાદ કરવો.

### ❖ સર્વ વસ્તુ નિત્યાનિત્ય ❖

**(ततो.)** **ભગવતીસૂત્ર**ના ઉપરોક્ત સંદર્ભ મુજબ વસ્તુ દ્રવ્યાર્થથી નિત્ય અને પર્યાયાર્થથી અનિત્ય હોવાથી તમામ વસ્તુ નિત્યાનિત્યસ્વભાવવાળી = કૃતાકૃતસ્વભાવવાળી જાત્યન્તરસ્વરૂપ જ સિદ્ધ થાય

ā લા.(૨)માં 'નાશિ' પાઠ. 1. अनित्यरूपा हि पर्यायाः। 2. परमाणुपुद्गलः णं भदन्त ! किं शाश्वतः अशाश्वतः ? गौतम ! स्यात् शाश्वतः स्याद् अशाश्वतः। अथ केन अर्थेन भदन्त ! एवम् उच्यते स्यात् शाश्वतः स्याद् अशाश्वतः ? गौतम ! द्रव्यार्थतया शाश्वतः, वर्ण्ण-पर्यायैः... यावत् स्पर्शपर्यायैः अशाश्वतः। अथ तेन अर्थेन... यावत् स्यात् शाश्वतः स्याद् अशाश्वतः।

નિત્ય◆, આ રૂપઈં અનિત્ય" એ □વૈચિત્રતા **ભાસઈ** છઈં, *જણાઈ છેં, દીસઈ છઈં.*

स्वरूपम्। तदुक्तं **श्रीहरिभद्रसूरिभिः शास्त्रवार्त्तासमुच्चये** "जात्यन्तरात्मकं वस्तु नित्यानित्यम्" (शा.वा. स.७/५५) इति। तथाहि – आत्मत्वादिना आत्मनो नित्यत्वं मनुष्यत्वादिना चाऽनित्यत्वम्, मृत्त्व -पुद्गलत्वादिना घटस्य नित्यत्वम्, घटत्वादिना चाऽनित्यत्वमिति द्वैविध्यं वस्तुस्वभाववैचित्र्यतो भासते।

इदमेवाऽभिप्रेत्य **सूत्रकृताङ्गवृत्तौ** "सर्वव्यक्तिषु नियतं क्षणे क्षणेऽन्यत्वमथ च न विशेषः। सत्योश्चित्य-पचित्योराकृति-जातिव्यवस्थानाद्।।" (सू.कृ.१/१/१/१६ वृ. समुद्धृतमिदं पद्यम्) इत्युक्तम् उद्धरणरूपेण।

प्रकृते [1]"उप्पाय-ट्ठिई-भंगस्सभावओ इय कयाकयं सव्वं" (वि.आ.भा.३३७५) इति **विशेषावश्यकभाष्यो**क्तिरपि स्मर्तव्या। "हि हेतौ पादपूर्त्तौ च विशेषेऽप्यवधारणे" (एका.का.४४) इति **एकाक्षरसंज्ञकाण्डे महीपसचिव**वचनादत्रावधारणे हि उपादर्शि।

છે. તેથી જ **શ્રીહરિભદ્રસૂરિજીએ શાસ્ત્રવાર્તાસમુચ્ચયમાં** સાતમા સ્તબકમાં જણાવેલ છે કે 'વસ્તુ જાત્યન્તરસ્વરૂપ નિત્યાનિત્ય છે.' તે આ રીતે સમજવું :- આત્મત્વ સ્વરૂપે આત્મા નિત્ય છે તથા મનુષ્યત્વાદિ સ્વરૂપે આત્મા અનિત્ય છે. મૃત્ત્વ, પુદ્ગલત્વ આદિ સ્વરૂપે ઘટ નિત્ય છે તથા ઘટત્વાદિસ્વરૂપે ઘટ અનિત્ય છે. આમ વસ્તુનો સ્વભાવ વિવિધ પ્રકારનો હોવાથી નિત્યત્વ અને અનિત્યત્વ - આ બન્ને ધર્મો તેમાં ભાસે છે.

### ❯ ચય-અપચય છતાં આકૃતિ-જાતિ પ્રતિનિયત ❯

(**इदमे.**) પ્રત્યેક વસ્તુમાં નિત્યાનિત્યત્વ પ્રમાણસિદ્ધ છે. આવા અભિપ્રાયથી જ **સૂયગડાંગસૂત્રવ્યાખ્યામાં** ઉદ્ધરણસ્વરૂપે જણાવેલ છે કે "દરેક વ્યક્તિમાં ચોક્કસ પ્રતિક્ષણ ફરક પડે જ છે. કેમ કે પ્રતિક્ષણ સર્વ વ્યક્તિઓમાં ચય-અપચય = વધ-ઘટ થયા જ કરે છે. તેમ છતાં પણ દરેક વ્યક્તિ ઉત્તર કાળમાં સર્વથા ભિન્ન બનતી નથી. કારણ કે પૂર્વે જે આકૃતિ અને જાતિ હતી તે જ આકૃતિ અને જાતિ પશ્ચાત્ કાળે પણ ઉપલબ્ધ થાય છે. આકૃતિ-જાતિ તો તેની તે જ રહે છે." કહેવાનો આશય એ છે કે દેવદત્ત, યજ્ઞદત્ત વગેરેમાં પ્રતિક્ષણ વધ-ઘટ થવાથી ફેરફાર (અનિત્યતા) પ્રાપ્ત થવા છતાં પણ તેનો આકાર માણસના બદલે પશુનો નથી બની જતો. બ્રાહ્મણ જાતિના બદલે ક્ષત્રિય જાતિ થઈ નથી જતી. અથવા શારીરિક ચયાપચયના લીધે મનુષ્યજાતિ નાશ પામીને બીજી ક્ષણે દેવત્વજાતિ આવી ન જાય. આમ ચય-અપચયથી અનિત્યતા અને આકૃતિ-જાતિનૈયત્યથી નિત્યતા સિદ્ધ થાય છે. તેથી 'દરેક વ્યક્તિ-વસ્તુ નિત્યાનિત્ય છે' - તેવું આના દ્વારા જણાવાય છે.

### ✡ ત્રૈલક્ષણ્યથી વસ્તુમાં નિત્યાનિત્યતા પ્રસિદ્ધ ✡

(**प्रकृते.**) પ્રસ્તુતમાં **વિશેષાવશ્યકભાષ્યની** એક વાત પણ યાદ કરવા લાયક છે. ત્યાં **શ્રીજિનભદ્રગણી-**ક્ષમાશ્રમણે જણાવેલ છે કે "દરેક વસ્તુ કૃત-અકૃત = નિત્યાનિત્ય છે. કારણ કે દરેક વસ્તુનો સ્વભાવ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યાત્મકત્વ છે." **મહીપ** મંત્રીશ્વરે **એકાક્ષરસંજ્ઞકાંડમાં** "હેતુ, પાદપૂર્ત્તિ, વિશેષ, અવધારણ

◆ શાં.માં 'અનિત્ય' અશુદ્ધ પાઠ. □ પુસ્તકોમાં 'વૈચિત્રી' પાઠ. કો.(૧૩)નો પાઠ લીધો છે. *...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. આ.(૧)માં છે. 1. उत्पाद-स्थिति-भङ्गस्वभावत इति कृताकृतं सर्वम्।

**વિશેષનઈં સામાન્ય રૂપથી** અન્વયઈં ★નિત્યતા, જિમ ઘટનાશઈં, પણિ મૃદ્દ્રવ્યાનુવૃત્તિ. તથા સામાન્યનઈં = મૃદાદિકનઈં પણિ **સ્થૂલાર્થાન્તર** ઘટાદિક **નાશઈં** અનિત્યતા, "**घटरूपेण मृन्नष्टा**" **इति प्रतीतेः**। (૪) ॥૧૧/૭॥

---

वस्तुस्वभाववैचित्र्येऽपि स्वभावनैयत्यमनपलपनीयम्। तथाहि – वस्तुत्त्वावच्छिन्नं सामान्य-विशेषोभयात्मकम्, यथा कम्बुग्रीवादिमान् पदार्थः मृत्त्वलक्षणसामान्य-घटत्वलक्षणविशेषोभयात्मकः। तत्र हि **सामान्येन** = सामान्यरूपेण अन्वयाद् **विशेषनित्यता** = विशेषस्य सामान्यरूपेण नित्यता = ध्वंसाऽप्रतियोगिता, यथा घटनाशेऽपि मृद्रूपेणाऽन्वयोपलब्धेः घटस्य मृत्त्वेन नित्यता अप्रत्याख्येया। परं **विशेषेण** = विशेषरूपेण तु **सामान्यनाशः** = सामान्यस्यापि ध्वंसः सम्मतः, यथा मृदादिसामान्यमपि घटादिलक्षणविशेषरूपेण स्थूलार्थान्तरात्मकेन नश्यति, 'घटरूपेण मृद् नष्टा' इति स्वारसिक-सार्वजनीनप्रतीतेः। ततश्च सामान्यस्याऽपि विशेषरूपेणाऽनित्यत्वमभ्युपगन्तव्यम्।

---

અર્થમાં 'हि' વપરાય" - તેમ જણાવેલ હોવાથી અહીં મૂળશ્લોકમાં રહેલ 'हि' અવ્યય અવધારણ = જકાર અર્થમાં જણાવેલ છે.

### ❋ સ્વભાવ અનેક છતાં નિયત ❋

(**वस्तु.**) વસ્તુનો સ્વભાવ અનેક પ્રકારનો હોવા છતાં પણ 'વસ્તુસ્વભાવ ચોક્કસ સ્વરૂપે જ છે' - આ બાબતનો અપલાપ થઈ શકતો નથી. મતલબ કે ગમે તે અપેક્ષાએ ગમે તે સ્વભાવ કોઈ પણ વસ્તુમાં રહેતો નથી. પરંતુ ચોક્કસ પ્રકારની અપેક્ષાએ જ ચોક્કસ પ્રકારનો સ્વભાવ પ્રત્યેક વસ્તુમાં રહે છે. તે આ રીતે - તમામ વસ્તુ સામાન્ય-વિશેષ ઉભયસ્વરૂપ છે. જેમ કે કંબુગ્રીવાદિમાન્ ઘટપદાર્થ મૃત્ત્વસ્વરૂપ સામાન્યધર્માત્મક છે તથા ઘટત્વસ્વરૂપ વિશેષધર્માત્મક પણ છે. સામાન્ય-વિશેષ ઉભયાત્મક એવા ઘટમાં સામાન્યરૂપે વિશેષ અંશ પણ નિત્ય છે. તથા વિશેષસ્વરૂપે તો સામાન્ય અંશ પણ અનિત્ય છે. સામાન્યરૂપે વિશેષ અંશ નિત્ય હોવાનું કારણ એ છે કે સામાન્યરૂપે વિશેષ અંશનો અન્વય જોવા મળે છે. સામાન્યસ્વરૂપે વિશેષ અંશનો ઉચ્છેદ થતો નથી. ઘટનો ઘટસ્વરૂપે નાશ થવા છતાં પણ માટીસ્વરૂપે નાશ થતો નથી. વસ્તુનો ઘટાત્મક વિશેષ અંશ મૃત્ત્વસ્વરૂપે સદા હાજર રહેવાથી મૃત્ત્વસ્વરૂપે ધ્વંસઅપ્રતિયોગિતાસ્વરૂપ નિત્યતાનો તેમાં અપલાપ થઈ શકતો નથી. તથા વિશેષસ્વરૂપે વસ્તુના સામાન્ય અંશનો નાશ માન્ય હોવાનું કારણ એ છે કે માટી વગેરે સામાન્ય અંશ પણ ઘટાદિસ્વરૂપ વિશેષ અંશની અપેક્ષાએ નાશ પામે છે. સ્થૂલ અર્થાન્તરસ્વરૂપ ઘટાદિ પર્યાયરૂપે માટીનો નાશ લોકોને પણ માન્ય છે. કેમ કે સર્વ લોકોને પણ પ્રતીતિ થાય છે કે 'ઘટસ્વરૂપે માટી નાશ પામેલી છે.' આ પ્રતીતિ કોઈની બળજબરીથી થતી નથી પરંતુ સ્વરસતઃ થાય છે, સ્વભાવતઃ થાય છે, સ્વેચ્છાથી થાય છે. તેથી વસ્તુનું સામાન્ય સ્વરૂપ પણ વિશેષરૂપે નાશ પામતું હોવાથી વિશેષરૂપે સામાન્ય અંશની અનિત્યતા માનવી જરૂરી છે.

---

★ 'અનિત્યત્વમ્' द्रव्यानुयोगतर्कणायाम्.. અને નિત્યતા. ભા૦ થી નિત્યતા. પાલિ૦

***एतेन*** द्रव्यलक्षणसामान्यस्य नित्यत्वात् पर्यायलक्षणविशेषस्य चाऽनित्यत्वात् सर्वत्र नित्यानित्यस्वभावद्वयसिद्धान्तबाध इति ***निरस्तम्,***

मृद्द्रव्यस्य मृत्त्वेन ध्वंसाऽप्रतियोगित्वेऽपि घटत्वेन ध्वंसप्रतियोगित्वात्, घटपर्यायस्य घटत्वेन ध्वंसप्रतियोगित्वेऽपि मृत्त्वेन ध्वंसाऽप्रतियोगित्वात् सर्वत्रैव नित्यानित्यस्वभावद्वयराद्धान्ताऽबाधात्।

***एनेन*** "सामान्यम् अन्वयिनम् अंशम् आश्रित्य स्यान्नित्यमिति भवति। तथा विशेषांशं प्रतिक्षणम् अन्यथा चान्यथा च नव-पुराणादिदर्शनतः स्यादनित्य" (सू.कृ.श्रु.स्क.२/अ.५/सू.३/पृ.३७२) इति **सूत्रकृताङ्गसूत्रवृत्तिवचनमपि** ***व्याख्यातम्,*** सामान्य-विशेषोभयात्मकस्य वस्तुनः सामान्यरूपेण नित्यत्वाद् विशेषरूपेण चाऽनित्यत्वाद् वस्त्वभिन्नस्य विशेषस्य सामान्यरूपेण नित्यत्वे सामान्यस्य च विशेषरूपेणाऽनित्यत्वे-

---

**शंका** :- (एतेन.) દ્રવ્ય વસ્તુનું સામાન્યસ્વરૂપ છે. તે તો નિત્ય જ છે, અનિત્ય નહિ. તથા પર્યાય એ વસ્તુનું વિશેષસ્વરૂપ છે. તે અનિત્ય જ છે, નિત્ય નહિ. આથી 'સર્વત્ર નિત્ય-અનિત્ય બન્ને પ્રકારના સ્વભાવ હોય' - આવો જૈન સિદ્ધાન્ત બાધિત થાય છે.

### ● દ્રવ્ય પણ અનિત્ય, પર્યાય પણ નિત્ય ●

**समाधान** :- (मृद्.) તમારી શંકાનું તો સમાધાન ઉપર જણાવેલ બાબત દ્વારા જ થઈ જાય છે. તે આ રીતે - માટીદ્રવ્ય વસ્તુનો સામાન્ય અંશ કહેવાય છે. તેનો મૃત્ત્વરૂપે નાશ થતો ન હોવાથી તેમાં મૃત્ત્વરૂપે ધ્વંસપ્રતિયોગિતાસ્વરૂપ અનિત્યત્વ ભલે રહેતું ન હોય. તેમ છતાં પણ ઘટત્વરૂપે તો મૃદ્દ્રવ્યાત્મક સામાન્યનો નાશ થાય જ છે. તેથી ઘટત્વસ્વરૂપે મૃત્સામાન્યમાં ધ્વંસપ્રતિયોગિતાસ્વરૂપ અનિત્યતા રહે જ છે. તે જ રીતે ઘટપર્યાય વસ્તુનો વિશેષ અંશ કહેવાય છે. તેનો ઘટસ્વરૂપે નાશ થતો હોવાથી તેમાં ઘટત્વરૂપે ધ્વંસઅપ્રતિયોગિતારૂપ નિત્યત્વ ભલે રહેતું ન હોય. તેમ છતાં પણ મૃત્ત્વસ્વરૂપે તો ઘટપર્યાયનો નાશ થતો નથી જ. તેથી મૃત્ત્વરૂપે ઘટપર્યાયસ્વરૂપ વિશેષ અંશમાં ધ્વંસઅપ્રતિયોગિતાસ્વરૂપ નિત્યતા રહે જ છે. તેથી મૃત્ સામાન્ય પણ નિત્યાનિત્ય છે તથા ઘટપર્યાય = વિશેષ અંશ પણ નિત્યાનિત્ય છે. તેથી 'નિત્યાનિત્ય ઉભયસ્વભાવ સર્વવ્યાપી છે' - આવો જૈન સિદ્ધાન્ત અબાધિત જ રહે છે.

### ✻ સૂયગડાંગવ્યાખ્યાનું સ્પષ્ટીકરણ ✻

(एनेन.) **સૂયગડાંગસૂત્રવ્યાખ્યામાં શ્રીશીલાંકાચાર્યજીએ** અનાચારશ્રુત અધ્યયનનું વિવરણ કરતાં જણાવેલ છે કે "વસ્તુનો સામાન્ય અંશ અન્વયી છે. તેની અપેક્ષાએ વસ્તુ કથંચિત્ નિત્ય થાય છે. તથા વસ્તુનો વિશેષ અંશ પ્રતિક્ષણ જુદા-જુદા સ્વરૂપે બદલાયા કરે છે. કેમ કે પૂર્વે વસ્તુ નવી દેખાતી હતી. પછી જૂની દેખાય છે. તેથી વિશેષ અંશની અપેક્ષાએ વસ્તુ કથંચિત્ અનિત્ય છે." અમે જે પૂર્વે જણાવ્યું તેના દ્વારા શ્રીશીલાંકાચાર્યજીના ઉપરોક્ત વચનની પણ છણાવટ થઈ જાય છે. કેમ કે વસ્તુ સામાન્ય-વિશેષઉભયાત્મક છે. સામાન્યરૂપે વસ્તુ નિત્ય હોવાથી વસ્તુથી અભિન્ન વિશેષ અંશને પણ સામાન્યસ્વરૂપે નિત્ય બનવામાં કોઈ વિવાદને અવકાશ રહેતો નથી. તેમ જ વિશેષરૂપે વસ્તુ અનિત્ય હોવાના કારણે વસ્તુથી અભિન્ન સામાન્ય અંશને પણ વિશેષસ્વરૂપે અનિત્ય બનવામાં કોઈ

ऽविप्रतिपत्तेरिति भावनीयम्।

***यत्तु* पतञ्जलिकृतवैयाकरणमहाभाष्यस्य प्रदीपे** विवरणे **कैयटेन** "त्रिविधा च अनित्यता - (१) संसर्गाऽनित्यता, यथा स्फटिकस्य लाक्षाद्युपधाने स्वरूपतिरोधानेन पररूपप्रतिभासः। उपधानापगमे स्वरूपप्रतिभासात् तु परिणामाऽभावः । (२) परिणामाऽनित्यता, यथा बदरफलस्य श्यामतातिरोभावे लौहित्यस्याऽऽविर्भावः। (३) प्रध्वंसाऽनित्यता, सर्वात्मना विनाशः" (वै. म. भा. पस्पशा. वार्तिक १, प्रदी.) इत्युक्तम्,

***तच्चिन्त्यम्,*** 'सर्वात्मना विनाश' इत्यस्य निरन्वयनाशाभिप्रायेऽप्रसिद्धिः, सान्वयनाशोपगमे च परिणामानित्यतायामेव तदन्तर्भावात्।

स्वनाशेऽपि स्वस्य कारणरूपेण मौलिकस्वरूपेण सामान्यधर्मेण वोपलम्भे सान्वयनाशोऽभिप्रेतः।

विवादने स्थान मळतुं नथी. आ रीते प्रस्तुत विषयमां ऊंडाणथी विभावना करवी.

## ❈ त्रिविध अनित्यता : कैयट ❈

(यत्तु.) **पतंजलि** ऋषिए करेल **वैयाकरणमहाभाष्य** उपर **'प्रदीप'** नामनी व्याख्याने बनावनार **'कैयट'** नामना विद्वाने अनित्यता अंगे नीचे मुजब जणावेल छे के 'अनित्यता त्रण प्रकारनी छे. (१) संसर्गअनित्यता. जेम के स्फटिकनी बाजुमां लाक्षारसना पिंडने (= लाखने) राखवामां आवे तो स्फटिकनुं पोतानुं स्वरूप ढंकाई जाय छे अने परस्वरूपनो प्रतिभास थाय छे. स्फटिकना उज्ज्वळ स्वरूपनुं आ तिरोधान ए तेनी संसर्गअनित्यता छे. लाक्षारसपिंड स्वरूप उपाधि रवाना थतां स्फटिक पोताना उज्ज्वळ स्वरूपे जणाय छे. तेथी त्यारे तेमां औपाधिक एवा लालाश-काळाश वगेरे परिणामनो अभाव थई जाय छे. (२) परिणाम अनित्यता. जेम के बोरनुं फळ काचुं होय त्यारे काळुं (के लीलुं) होय छे अने पाके एटले लाल थाय छे. तेथी बोरना फळनी काळाशनो तिरोभाव अने लालाशनो आविर्भाव ए तेनी परिणामअनित्यता छे. (३) प्रध्वंसअनित्यता एटले सर्वात्मना = सर्वस्वरूपे विनाश.'

## ❈ कैयटमतमीमांसा ❈

(तच्चि.) अहीं त्रीजी अनित्यतामां 'सर्वात्मना' आ प्रमाणे **कैयटे** जे जणावेल छे ते विचारणीय छे. कारण के 'सर्वात्मना नाश' आवुं कहेवाथी जो 'निरन्वयनाश = उपादानकारणसहित कार्यनो नाश'- आवो अभिप्राय कैयटने अभिमत होय तो तेवो नाश अप्रसिद्ध छे. घटनो घटत्वरूपे नाश थवा छतां मृत्त्वरूपे = कारणस्वरूपे तो तेनो अन्वय ज उपलब्ध थाय छे. तेथी निरन्वय नाश = निर्मूळ नाश अप्रसिद्ध होवाथी तत्स्वरूप प्रध्वंसअनित्यता अप्रसिद्ध बनवानो दोष कैयटमतमां प्रसक्त थशे. तथा जो 'सर्वात्मना नाश' शब्दथी सान्वयनाश कैयटने अभिप्रेत होय तो परिणामअनित्यतामां ज प्रध्वंसअनित्यतानो समावेश थई जवाथी अनित्यताना त्रण भेदना बदले बे ज भेद बनी जशे.

## ❈ सान्वयनाशनी विचारणा ❈

(स्व.) 'सान्वयनाश' एटले अन्वययुक्त नाश. नाश पामवा छतां कारणस्वरूपे के मूळ स्वरूपे के स्वगत सामान्यधर्मस्वरूपे जेनी उपलब्धि थती होय ते नाश सान्वयनाश कहेवाय. दा.त.घटनाश

तथाहि – घटनाशोत्तरं घटस्य मृद्रूपेणोपलब्धेः घटनाशः सान्वयनाशः, एवं बदरफलश्यामवर्णध्वंसोत्तरं बदरफलवर्णस्य रक्तत्वेनोपलम्भाद् बदरफलवर्णध्वंसोऽपि सान्वयनाश एवेति प्रध्वंसाऽनित्यतायाः परिणामाऽनित्यतायामेवान्तर्भावाद् अनित्यता द्विविधैवेत्याशयः।

अवयवविघटनस्य तदर्थत्वेऽस्माकं विभागजविनाशे पूर्वोक्ते (९/१६) तदन्तर्भाव इति दिक्।

***यत्तु*** तत्पर्यायनाशे पर्यायिणः सर्वथा विनाशापत्तिः, पर्याय-पर्यायिणोरभेदादिति,

***तन्न***, एकपर्यायनाशेऽपि तदन्यानन्तपर्यायसत्त्वेन निरन्वयनाशाऽयोगात्। इदमेवाभिप्रेत्योक्तं **विशेषावश्यकभाष्ये** [1]"जइ तप्पज्जयनासो, को दोसो होइ ? सव्वहा नत्थि। जं सो उप्पाय-व्वय

પછી ઘટની મૃત્ત્વરૂપે ઉપલબ્ધિ થતી હોવાથી ઘટનાશ સાન્વયનાશ સમજવો. પાકા બોરમાં કાળા વર્ણનો શ્યામત્વરૂપે નાશ થવા છતાં વર્ણત્વસ્વરૂપે = સામાન્યધર્મસ્વરૂપે તેનો નાશ થતો નથી. લાલવર્ણરૂપે તે પરિણમી જાય છે. આમ બોરના કાળારૂપનો નાશ એ તેની પરિણામઅનિત્યતા છે. તે પણ સાન્વયનાશસ્વરૂપ છે. પરંતુ નિરન્વય નાશ તો ક્યાંય પણ પ્રસિદ્ધ નથી. તેથી પ્રધ્વંસઅનિત્યતાનો પરિણામઅનિત્યતામાં જ સમાવેશ થશે. તેથી અનિત્યતાના બે જ ભેદ થશે. માટે કૈયટે અનિત્યતાના ત્રણ ભેદ બતાવેલ છે તે ઉચિત નથી. આવો અહીં આશય છે.

### ❀ વિભાગજન્ય નાશમાં સર્વાત્મના નાશનો સમાવેશ ❀

(अवय.) 'સર્વાત્મના નાશ' શબ્દથી અવયવીના અવયવોનું વિઘટન થવું એ જ જો અર્થરૂપે અભિપ્રેત હોય તો અમારા જૈનદર્શનમાં જે વિભાગજન્ય વિનાશ માન્ય છે તેમાં જ પ્રધ્વંસઅનિત્યતા સ્વરૂપ ત્રીજી અનિત્યતાનો સમાવેશ થઈ જશે. પૂર્વે નવમી શાખાના ૨૯ મા શ્લોકની વ્યાખ્યામાં વિભાગજન્ય વિનાશની વાત જણાવેલ છે. પટના તંતુઓ છૂટા પડે અને પટનો નાશ થાય તે વિભાગજન્ય વિનાશ છે. અવયવવિઘટનને 'સર્વથા નાશ' તરીકે માન્ય કરવામાં આવે તો **કૈયટસંમત** ત્રીજી પ્રધ્વંસ અનિત્યતા વિભાગજન્ય વિનાશમાં અંતર્ભાવ પામશે. અહીં આ જે કાંઈ કહેવાયેલ છે તે તો એક **દિશાસૂચન** માત્ર છે. આ દિગ્દર્શન મુજબ હજુ આગળ ઘણું વિચારી શકાય તેમ છે. આવું જણાવવા માટે 'दिक्' શબ્દનો વ્યાખ્યાનકારશ્રીએ પ્રયોગ કરેલ છે.

**શંકા** :- (यत्तु.) એક પર્યાયનો નાશ થાય તો પર્યાયી = દ્રવ્ય સર્વથા વિનષ્ટ થવાની આપત્તિ આવશે. કારણ કે પર્યાય અને પર્યાયી વચ્ચે અભેદ રહેલો છે.

### ❀ એક પર્યાયના નાશમાં સર્વથા નાશ અપ્રસક્ત ❀

**સમાધાન** :- (तन्न.) ના, તમારી વાત વ્યાજબી નથી. કારણ કે વસ્તુમાં ફક્ત એક પર્યાય નથી રહેતો પણ ઉત્પત્તિ વગેરે અનંત પર્યાય રહે છે. તેથી વસ્તુનો એક પર્યાય નાશ પામવા છતાં પણ તે સિવાયના બીજા અનંત પર્યાય વિદ્યમાન હોવાથી સર્વથા વસ્તુનો ધ્વંસ થવાની આપત્તિને અવકાશ નથી. કાનખજૂરાનો એક પગ નાશ પામે તો પણ બીજા ઘણા પગો હોવાથી કાનખજૂરો જેમ જીવે છે તેમ આ વાત સમજવી. આ જ અભિપ્રાયથી **વિશેષાવશ્યકભાષ્ય** ગ્રંથમાં જણાવેલ છે કે "વસ્તુનો

1. यदि तत्पर्यायनाशः, को दोषो भवति ? सर्वथा नास्ति। यत् स उत्पाद-व्यय-ध्रुवधर्मानन्तपर्यायः।।

-धुवधम्माणंतपज्जाओ।।" (वि.आ.भा.३४३४) इति। अष्टमशाखोपदर्शितरीत्या (८/२) भावनीयं तत्त्वमेतत्।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – 'शरीरं स्थूलं भवतु कृशं वा, व्याधिग्रस्तं भवतु जराजर्जरं वा, विक्रियतां विनश्यतां वा। सर्वदा आत्मनि नित्यतास्वभावस्त्वव्याहत एवे'ति विमृश्य अखिलाऽवस्थायां निर्भयतया निश्चलतया निश्चिन्ततयाऽस्माभिः भाव्यम्। तथा पूर्वकालीनप्रतिकूलव्यवहारकारी यदा पुनः मिलति तदा तदनित्यतास्वभावमुररीकृत्य तन्निर्दोषस्वभावमभ्युपेत्य च तेन सार्द्धं मैत्र्यादिभावगर्भः व्यवहारः कार्यः। 'पूर्वकालीनरक्तनेत्र-विकृतवदन-कर्कशभाषा-क्रुद्धान्तःकरण-क्रोधवशवेपमानदेहादिकमधुनाऽस्मिन्नेक्ष्यते इति नाऽयमन्यायाऽनुचितव्यवहारकारी'त्येवं तदीयानित्यस्वभावं विभाव्य स्वस्थतया भाव्यं प्रशान्तचेतसा चोचितव्यवहारः तेन साकं कार्यः। इत्थं नित्याऽनित्यस्वभावावलम्बनतो निरुक्तनिर्मलपरिणतिः कर्तव्येत्युपदिश्यतेऽत्र। ततश्च [1]"णिक्कम्मा अट्ठगुणा किंचूणा चरमदेहदो सिद्धा। लोयग्गठिदा णिच्चा उप्पाद-वयएहिं संजुत्ता।।" (बृ.द्र.स.१४) इति **बृहद्द्रव्यसङ्ग्रहे नेमिचन्द्राचार्योक्तं** नित्याऽनित्यस्वभावानुविद्धं सिद्धात्मस्वरूपमविलम्बेन उपतिष्ठेत।।११/७।।

એક પર્યાય નાશ પામે તો શું દોષ છે ? કોઈ પણ પદાર્થનો સર્વથા નાશ શક્ય નથી. કેમ કે તે પદાર્થ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યધર્મરૂપ અનંત પર્યાયમય છે." તેથી એક પર્યાયનો નાશ થતાં વસ્તુનો સર્વથા નાશ નહિ થાય. પૂર્વે આઠમી શાખાના બીજા શ્લોકમાં 'શ્રુતજ્ઞાનનો નાશ થતાં જીવનો સર્વથા નાશ ન થાય' તે બાબતની વિભાવના જે રીતે કરી છે, બરાબર તે જ રીતે વિશેષાવશ્યકભાષ્યમાં ઉપર જણાવેલ તત્ત્વની વિજ્ઞ વાચકવર્ગે વિચારણા કરવી.

## નિત્યાનિત્યસ્વભાવનો ઉપયોગ

**આધ્યાત્મિક ઉપનય** :- "શરીર જાડું થાય, દૂબળું થાય, માંદુ પડે, ઘરડું થાય, બેડોળ થાય કે રવાના થાય. આ તમામ સંયોગમાં આત્મામાં 'નિત્યતાસ્વભાવ' અવ્યાહત રહે છે." આમ વિચારી સર્વ સંયોગમાં નિર્ભય, નિશ્ચલ અને નિશ્ચિંત બનવું. તથા પૂર્વે પ્રતિકૂળ વ્યવહાર કરનાર માણસ ભવિષ્યમાં બીજી વાર મળે ત્યારે તેનો અનિત્યસ્વભાવ વિચારી, તેને નિર્દોષ માની, તેની સાથે મૈત્રી-સૌહાર્દપૂર્ણ વ્યવહાર કેળવવો. 'પૂર્વે ખરાબ વ્યવહાર કરનાર માણસની આંખ લાલ હતી, મોઢું વિકરાળ હતું, વાણીમાં આક્રોશ હતો, મગજમાં ક્રોધ હતો, શરીર ક્રોધવશ ધ્રુજતું હતું. પરંતુ વર્તમાનમાં તો તેમાનું કશું પણ જોવા મળતું નથી. તેથી અન્યાય કે અનુચિત વ્યવહાર કરનાર તે માણસ આ નથી' - આમ તેનો અનિત્યસ્વભાવ વિચારી આપણે સ્વસ્થ રહેવું તથા શાંત ચિત્તે યોગ્ય વ્યવહાર તે માણસ સાથે કરવો. નિત્ય-અનિત્ય સ્વભાવના માધ્યમથી આપણી આવી નિર્મલ પરિણતિ કેળવવાનો આધ્યાત્મિક ઉપદેશ આ શ્લોક દ્વારા મળે છે. તે નિર્મલપરિણતિના લીધે **બૃહદ્દ્રવ્યસંગ્રહ**માં વર્ણવેલ નિત્યાનિત્યસ્વભાવાનુવિદ્ધ સિદ્ધાત્મસ્વરૂપ વિના વિલંબે ઉપસ્થિત થાય છે. ત્યાં દિગંબરાચાર્ય **નેમિચંદ્રજી**એ જણાવેલ છે કે 'સિદ્ધ ભગવંતો (૧) કર્મરહિત, (૨) આઠ ગુણવાળા, (૩) ચરમ શરીર કરતાં કંઈક ન્યૂનઅવગાહનાવાળા, (૪) લોકાગ્ર ભાગમાં રહેલા, (૫) નિત્ય તથા (૬) ઉત્પાદ-વ્યયથી યુક્ત હોય છે.' (૧૧/૭)

1. निष्कर्माणः अष्टगुणाः किञ्चिदूनाः चरमदेहतः सिद्धाः। लोकाग्रस्थिताः नित्या उत्पाद-व्ययैः संयुक्ताः।।

**જો નિત્યતા ન છઈ તો, અન્વય વિના ન કારય હોવઈ જી,**
**કારય♦કાલિં અછતૂં કારણ, પરિણતિરૂપ વિગોવઈ જી;**
**અનિત્યતા જો નહીં સર્વથા, અર્થક્રિયા તો ન ઘટઈ જી,**
**દલનિં કારયરૂપ પરિણતિ, અનુત્પન્ન તો વિઘટઈ જી ॥૧૧/૮॥ (૧૯૦)**

नित्यानित्यस्वभावयोः अनभ्युपगमे विपक्षबाधमाह – '**द्रव्ये**'ति।

**द्रव्यनित्यता नास्ति चेत् ? तदा कार्याऽयोगोऽन्वयविरहेण,**
**कार्यकाले कारणाऽसत्त्वे कार्यकारणताभङ्ग एव।**
**सर्वथैवाऽनित्यताविरहेऽर्थक्रियाविरह आपद्येत,**
**दले कार्यरूपतापरिणतौ सर्वथाऽजन्मता विघटेत।।११/८।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – द्रव्यनित्यता नास्ति चेत् ? तदा अन्वयविरहेण कार्याऽयोगः। कार्यकाले कारणाऽसत्त्वे कार्य-कारणताभङ्गः एव। सर्वथैव अनित्यताविरहे अर्थक्रियाविरहः आपद्येत। (सा च) दले कार्यरूपतापरिणतौ (सत्यामेव)। (तथा च) सर्वथा अजन्मता विघटेत।।११/८।।

***ननु*** नाशकमेवेह किमपि न सम्भवति। मुद्गरादिप्रहारानन्तरं घटादिनाशमवलोक्य लोके मुद्गरादेः घटादिनाशकत्वमुच्यते तन्न चारुतरम्, तथाहि – मुद्गरादिना विनाशकाले किं घटादिरेव क्रियते, आहोस्वित् कपालादयः, उतः तुच्छरूपोऽभावः ? इति त्रयी गतिः।

**અવતરણિકા** :- વસ્તુમાં નિત્યસ્વભાવનો અને અનિત્યસ્વભાવનો સ્વીકાર કરવામાં ન આવે તો શું દોષ આવે ? તેને ગ્રંથકારશ્રી દેખાડે છે :-

**શ્લોકાર્થ** :- જો દ્રવ્યમાં નિત્યતા ન હોય તો અન્વય ન હોવાથી કાર્યની ઉત્પત્તિ જ થઈ નહિ શકે. કાર્યસમયે કારણ જ હાજર ન હોય તો કાર્ય-કારણભાવનો ભંગ જ થઈ જાય. તથા દ્રવ્યમાં સર્વથા જો અનિત્યતા ન હોય તો અર્થક્રિયાનો અભાવ આવી પડશે. તથા તે અર્થક્રિયા તો ઉપાદાન કારણમાં કાર્યરૂપતાપરિણતિ હોય તો જ સંભવે. તેથી કારણમાં કાર્યરૂપતાનો પરિણામ માનવામાં આવે તો સર્વથા અનુત્પન્નતાનું = એકાન્તનિત્યતાનું વિઘટન થશે. (૧૧/૮)

## સર્વ વસ્તુ સર્વથા ક્ષણિક - બૌદ્ધ

**વ્યાખ્યાર્થ** :- બૌદ્ધ વિદ્વાનો એવું માને છે કે "કોઈ પણ પદાર્થનું નાશક કોઈ જ કારણ જગતમાં સંભવતું નથી. હથોડાનો પ્રહાર ઘડા ઉપર થવાથી ઘડો નાશ પામતો દેખાવાથી લોકો હથોડાને ઘટનાશક માને છે. પરંતુ આ વાત વ્યાજબી નથી. તે આ રીતે - ઘડા વગેરેનો નાશ ઉત્પન્ન થાય તે સમયે હથોડા વગેરે દ્વારા (૧) શું ઘટાદિ જ ઉત્પન્ન કરવામાં આવે છે ? કે (૨) કપાલ-ઠીકરા વગેરે ઉત્પન્ન કરવામાં આવે છે ? કે (૩) તુચ્છસ્વરૂપ અભાવ ઉત્પન્ન કરવામાં આવે છે ? આ ત્રણ વિકલ્પ ઊભા થાય છે.

♦ પુસ્તકોમાં 'કાલે' પાઠ. કો.(૬+૧૦+૧૧)નો પાઠ લીધો છે.

**જો નિત્યતા નથી** અનઇં એકાંતક્ષણિક જ સ્વલક્ષણ છઇં

तत्र (१) न तावद् घटादिः, तस्य स्वहेतुभूतकुलालादिसामग्रीत एवोत्पत्तेः। (२) नापि कपालदयः, तत्करणे घटादेस्तदवस्थत्वप्रसङ्गात्। न ह्यन्यस्य करणेऽन्यस्य निवृत्तिर्युक्तिमती, एकनिवृत्तौ शेषभुवनत्रयस्यापि निवृत्तिप्रसङ्गात्। (३) नापि तुच्छरूपोऽभावः, खरशृङ्गस्येव नीरूपस्य तस्य कर्तुमशक्यत्वात्। करणे वा घटादेस्तदवस्थताप्रसङ्गात्, अन्यकरणेऽन्यनिवृत्त्यसम्भवाद्। इत्थं नाशहेतोरयोगेन स्वतो नश्वरस्वभावम् एकान्तक्षणिकं स्वलक्षणमेव अखण्डं परमार्थसदिति **द्रव्यनित्यता** = द्रव्यान्वयिता सर्वथैव **नास्ति** इति बौद्धेनोच्यते **चेत्** ? अत्र स्याद्वादात् पक्षान्तरबोधनाय चेद् बोध्यः, "पक्षान्तरे चेद्" (श.र.६/१०९) इति **शब्दरत्नाकरे साधुसुन्दरगणि**वचनात्।

(**तत्र.**) તેમાં (૧) પ્રથમ વિકલ્પ તો માન્ય ન જ થઈ શકે. કારણ કે ઘડા વગેરે તો પોતાના કારણ એવા કુંભાર વગેરે સામગ્રી દ્વારા જ ઉત્પન્ન થાય છે, હથોડાથી નહિ. તેથી હથોડાથી ઘડા વગેરે જ ઉત્પન્ન કરવામાં આવે છે - આવો પ્રથમ વિકલ્પ વ્યાજબી નથી. (૨) ઠીકરા વગેરે પણ હથોડા દ્વારા ઉત્પન્ન કરાતા નથી. કેમ કે ઠીકરા વગેરે હથોડા વગેરેથી ઉત્પન્ન થાય તો પણ ઘટ વગેરે તો પૂર્વવત્ જ રહેશે. કેમ કે 'એક પદાર્થ ઉત્પન્ન થાય એટલે બીજો પદાર્થ નાશ પામી જાય' - તેવું માનવું યુક્તિસંગત નથી. સ્વસામગ્રીજન્ય ઘડો પણ રહે અને ઠીકરા પણ ઉત્પન્ન થાય - તો શું વાંધો ? જો ઘટભિન્ન ઠીકરા ઉત્પન્ન થવાથી ઘડો નાશ પામી જતો હોય તો ત્રણ ભુવનમાં રહેલી બાકીની તમામ વસ્તુ નષ્ટ થવાની આપત્તિ આવશે. તેથી કપાલજનક હથોડો ઘટનાશક છે - આવો બીજો વિકલ્પ પણ માન્ય કરી શકાય તેમ નથી. તથા (૩) 'હથોડા દ્વારા તુચ્છસ્વરૂપ અભાવ ઉત્પન્ન થાય છે' - આ ત્રીજો વિકલ્પ પણ માની શકાય તેમ નથી. કારણ કે તુચ્છ વસ્તુ તો ગધેડાના શીંગડાની જેમ સર્વથા અસત્ = સ્વરૂપશૂન્ય હોવાથી હથોડા દ્વારા તેની ઉત્પત્તિ કરવી શક્ય જ નથી. તથા કદાચ જો હથોડાથી તુચ્છ અભાવ ઉત્પન્ન થાય તો પણ ઘટ વગેરે પદાર્થ તો પૂર્વવત્ જ રહેશે. કેમ કે 'એકની ઉત્પત્તિ થાય એટલે બીજી વસ્તુ રવાના થઈ ન જાય' - આ વાત તો બીજા વિકલ્પના નિરાકરણ વખતે જ જણાવેલ છે. આ સિવાય ચોથો વિકલ્પ સંભવતો નથી. તેથી હથોડા વગેરેને ઘટનાશક માની ન શકાય. આમ નાશકનો અભાવ હોવાથી ઘટાદિ વસ્તુ સ્વતઃ નશ્વરસ્વભાવવાળી છે. સ્વતઃ વિનશ્વર વસ્તુને પોતાના નાશમાં અન્ય કોઈ કારણની અપેક્ષા ન હોવાથી ઉત્પત્તિની બીજી જ ક્ષણે તે નાશ પામે છે. આમ દરેક વસ્તુ એકાંતે ક્ષણિક છે. બીજી ક્ષણે નવી વસ્તુ ઉત્પન્ન થાય છે. પૂર્વ ક્ષણમાં જે વસ્તુ હતી તેનાથી તે તદ્દન ભિન્ન જ છે. પૂર્વોત્પન્ન વસ્તુનું કોઈ લક્ષણ કે સાદૃશ્ય ઉત્તર ક્ષણમાં ઉત્પન્ન થયેલ વસ્તુમાં જોવા મળતું નથી. પ્રત્યેક ક્ષણે ઉત્પદ્યમાન વસ્તુ સર્વથા વિલક્ષણ હોય છે. પોતાનું લક્ષણ પોતે જ છે. બીજું કશું નથી. પ્રત્યેક વસ્તુ અખંડ છે. આમ દરેક વસ્તુ સ્વલક્ષણાત્મક જ છે. આથી વિનશ્વર એકાંતક્ષણિક સ્વલક્ષણસ્વરૂપ અખંડ વસ્તુ એ જ પરમાર્થસત્ છે, વાસ્તવિક છે. તેથી દ્રવ્યની નિત્યતા = ઉત્તરક્ષણે અન્વયિતા બિલકુલ નથી જ. પૂર્વકાલીન દ્રવ્ય કોઈ પણ સ્વરૂપે ઉત્તરક્ષણે હાજર રહેતું નથી. તેનો બીજી જ ક્ષણે નિરન્વયનાશ થાય છે. તેથી કોઈ પણ દ્રવ્યમાં નિત્યસ્વભાવ છે જ નહિ." **સાધુસુંદરગણીએ શબ્દરત્નાકર**માં 'ચેત્' શબ્દને પક્ષાન્તર અર્થમાં જણાવેલ છે. તે મુજબ મૂળ શ્લોકમાં રહેલ 'ચેત્' શબ્દને સ્યાદ્વાદથી ભિન્ન બૌદ્ધપક્ષને દર્શાવવા માટે સમજવો.

**તો** કારણના **અન્વય વિના કાર્ય ન** (**હોવઈ=**) **નીંપજઈ.** જે માટઈં **કારણક્ષણ કાર્યક્ષણોત્પત્તિકાલઈં** નિર્હેતુક નાશ અનુભવતો **અછતો** છઈં, તે (**પરિણતિરૂપ=**) કાર્યક્ષણપરિણતિ કિમ કરઈ ?

અછતોઇં કારણક્ષણ ✱કાર્યક્ષણ કરઈં, તો ચિરનષ્ટ ♦કારણપરિણતિથી અથવા અનુત્પન્ન કારણપરિણતિથી

**तदा** निरन्वयनाशाभ्युपगमाद् **अन्वयविरहेण** = कारणानुगमस्य सर्वथैवाऽभावेन निर्हेतुकोत्पाद आपद्येत। तदुक्तं श्री**शीलाङ्काचार्येण सूत्रकृताङ्गसूत्रवृत्तौ** "सर्वथा क्षणिकत्वे पूर्वस्य सर्वथा विनष्टत्वाद् उत्तरस्य निर्हेतुक उत्पादः स्याद्" (सू.कृ.श्रु.स्क.२/अ.५/सू.३० वृ.पृ.३८३) इति। तथा च कार्योत्पत्तिः सदा सती असती वा प्रसज्येत। तदुक्तं **धर्मकीर्त्ति**ना एव **प्रमाणवार्त्तिके** "नित्यं सत्त्वमसत्त्वं वाऽहेतोरन्यानपेक्षणात्। अपेक्षातो हि भावानां कादाचित्कत्वसम्भवः।।" (प्र.वा.३/३) इति पूर्वोक्तं (९/७ + १०/७) स्मर्तव्यमत्र। तथा च **कार्याऽयोगः** = कादाचित्ककार्योदयाऽसम्भव एव प्रसज्येत। **कार्यकाले** = कार्यक्षणोत्पत्तिसमये **कारणाऽसत्त्वे** = कारणक्षणस्य कार्यक्षणवृत्तिनिर्हेतुकनाशप्रतियोगिताम् आबिभ्राणस्य विरहे अभ्युपगम्यमाने सति कार्यक्षणपरिणतिः कथं भवितुमर्हति? न ह्यसता कारणेन कार्यं जनयितुं शक्यते, अन्यथा चिरनष्टात्, अनुत्पन्नात्, अनुत्पन्नकुर्वद्रूपपरिणामाद् वा कारणात्

## ☫ બૌદ્ધમતમાં કાર્યોત્પત્તિનો અસંભવ ☫

(**तदा.**) જો બૌદ્ધ કહે છે તેવું માન્ય કરીએ તો દ્રવ્યનો બીજી જ ક્ષણે નિરન્વય નાશ સ્વીકારવાના લીધે કારણીભૂત દ્રવ્યનો ઉત્તરક્ષણે કોઈ પણ સ્વરૂપે અન્વય (= હાજરી) નહીં હોય. તેથી કાર્યની ઉત્પત્તિ નિર્હેતુક બનવાની આપત્તિ આવશે. આ અંગે શ્રી**શીલાંકાચાર્યજી**એ **સૂયગડાંગસૂત્રવ્યાખ્યા**માં જણાવેલ છે કે 'સર્વથા ક્ષણિકપક્ષમાં પૂર્વક્ષણ = કારણક્ષણ સર્વથા વિનષ્ટ થવાથી ઉત્તરકાલીન કાર્યની ઉત્પત્તિ નિર્હેતુક બનવાની આપત્તિ આવશે.' તથા આવી પરિસ્થિતિમાં કાર્યજન્મ નિત્ય સત્ કે અસત્ થવાની સમસ્યા સર્જાશે. આ વાત માત્ર અમને જ માન્ય છે એવું નથી. પરંતુ બૌદ્ધાચાર્ય **ધર્મકીર્ત્તિ**એ જ **પ્રમાણવાર્ત્તિક**માં જણાવેલ છે કે 'જેનો કોઈ હેતુ નથી, તે બીજાની અપેક્ષા ન રાખવાના લીધે કાં તો કાયમ હાજર રહેશે કાં તો કાયમ ગેરહાજર રહેશે. જે પદાર્થો બીજાની અપેક્ષા રાખે તે જ ક્યારેક હોય અને ક્યારેક ન હોય તેવું સંભવે.' આ સંદર્ભ પૂર્વે (૯/૭ + ૧૦/૭) દર્શાવેલ. તેને અહીં યાદ કરવો. તેથી સર્વથા ક્ષણિકપક્ષમાં કાર્યની કાદાચિત્ક ઉત્પત્તિનો અસંભવ જ થશે. આવી અનિષ્ટ આપત્તિ બૌદ્ધ મતમાં આવી પડશે. કારણ કે કાર્યોત્પત્તિક્ષણે કારણ જ ગેરહાજર હોય તો કાર્યક્ષણની પરિણતિ જ કઈ રીતે થઈ શકે ? કોઈ પણ વસ્તુનો નાશ નિર્હેતુક હોવાથી કારણ કે કાર્ય – જે કહો તે બધું જ બૌદ્ધમતમાં ક્ષણિક છે. તેનો શ્રોતાને બોધ કરાવવા માટે બૌદ્ધ વિદ્વાનો 'કારણ' કે 'કાર્ય' બોલવાના બદલે 'કારણક્ષણ' કે 'કાર્યક્ષણ' શબ્દનો પ્રયોગ કરે છે. તેથી 'કારણક્ષણ નિર્હેતુક નાશની પ્રતિયોગિતાને ધારણ કરે છે. અર્થાત્ બીજી જ ક્ષણે કારણ સ્વતઃ સર્વથા નાશ પામે છે' - તેવું માનવામાં આવે તો કાર્યક્ષણનો જન્મ કઈ રીતે થઈ શકે ? કેમ કે અવિદ્યમાન એવા કારણથી કાર્યની ઉત્પત્તિ થવી શક્ય જ નથી. જેનું વિશ્વમાં અસ્તિત્વ જ ન હોય તેના દ્વારા કોઈ પણ કાર્ય કઈ રીતે ઉત્પન્ન થઈ શકે? જો સર્વથા અવિદ્યમાન

✱ કો.(૯)માં 'કાર્યક્ષણ' પાઠ નથી. ♦ પુસ્તકોમાં 'કારણથી' પાઠ. P(૨)નો પાઠ લીધેલ છે.

કાર્ય નીપજવું♦ જોઈએ. ઈમ તો કાર્ય-કારણભાવની વિડંબના થાઈ (**વિગોવઈ=**).

---

साम्प्रतं कार्योत्पत्तिः प्रसज्येत।

तथा च **कार्यकारणताभङ्गः** = कार्य-कारणभावोच्छेद **एव** स्यात्। इदमेवाऽभिप्रेत्य **श्रीहरिभद्रसूरिभिः शास्त्रवार्त्तासमुच्चये** "किञ्च तत्कारणं कार्यभूतिकाले न विद्यते। ततो न जनकं तस्य तदाऽसत्त्वात् परं यथा।।" (शा.वा.स.४/४६) इत्युक्तम्।

यथा पटोत्पत्तिक्षणावच्छेदेन मृदसत्त्वेऽपि पटोत्पादाद् मृदो न पटकारणता तथा पटोत्पत्तिक्षणावच्छेदेन तन्त्वसत्त्वे एव पटोत्पादाभ्युपगमे मृद इव तन्तूनां न पटकारणता बौद्धमते सम्भवतीति भावः।

एवं सति क्षणिककार्योत्पत्तिरेव दुर्घटा बौद्धमते। इदमेवाभिप्रेत्य सापेक्ष-परिहारं **श्रीशीलाङ्काचार्येण सूत्रकृताङ्गसूत्रव्याख्यायाम्** – "क्षणक्षयित्वे कारणकार्याऽभावात् कारकाणां व्यापार एवाऽनुपपन्नः कुतः

---

એવી વસ્તુ પણ કોઈક કામ કરી શકતી હોય, તો (૧) દીર્ઘ કાળ પૂર્વે નાશ પામી ચૂકેલ કે (૨) ઉત્પન્ન જ ન થયેલ અથવા (૩) જેમાં કુર્વદ્રૂપ = કાર્યને ઉત્પન્ન કરવાનો પરિણામ જ ઉત્પન્ન નથી થયેલા તેવા (કુર્વદ્રૂપશૂન્ય) તંતુ વગેરે કારણ દ્વારા વર્તમાનમાં પટાદિ કાર્ય ઉત્પન્ન થવાની આપત્તિ આવે.

### ❁ બૌદ્ધમતમાં કાર્ય-કારણભાવનો ઉચ્છેદ ❁

(तथा.) તથા તેવું માનવામાં આવે તો કાર્ય-કારણભાવનો ઉચ્છેદ જ થઈ જશે. આ જ અભિપ્રાયથી **શાસ્ત્રવાર્તાસમુચ્ચય** ગ્રંથમાં શ્રી**હરિભદ્રસૂરિજી** મહારાજે જણાવેલ છે કે 'વળી, ક્ષણિકવાદમાં પૂર્વવર્તી કારણક્ષણ કાર્યની ઉત્પત્તિ સમયે ગેરહાજર હોય છે. તેથી તે અવિદ્યમાન કારણ કાર્યનું ઉત્પાદક બની ન શકે. કેમ કે ત્યારે તે ગેરહાજર છે. જેમ અન્ય ગેરહાજર વસ્તુ કાર્યજનક બની ન શકે, તેમ અવિદ્યમાન કારણ પણ કાર્યોત્પાદક બની ન શકે.'

### 卐 અવિદ્યમાન હોય તે અજનક 卐

(यथा.) જેમ પટોત્પત્તિક્ષણે માટી ગેરહાજર હોવા છતાં પટ ઉત્પન્ન થાય છે. તેથી માટી પટનું કારણ ન કહેવાય. તેમ પટોત્પત્તિક્ષણે તંતુ પણ ગેરહાજર જ હોય અને પટ ઉત્પન્ન થાય તો તંતુ પણ પટનું કારણ કહી ન શકાય. બૌદ્ધમતે તો પટોત્પત્તિક્ષણે તંતુ ગેરહાજર જ હોય છે. તેથી માટીની જેમ તંતુ પણ પટજનક બની ન શકે. આ પ્રમાણે પ્રસ્તુતમાં શ્રીહરિભદ્રસૂરિજી મહારાજનું તાત્પર્ય છે.

### ❀ એકાન્તક્ષણિક પક્ષમાં કાર્યજન્મ અસંભવ : શ્રીશીલાંકાચાર્યજી ❀

(एवं.) તથા આ રીતે માનવામાં આવે તો ક્ષણિક કાર્યની ઉત્પત્તિ જ બૌદ્ધ મતમાં દુર્ઘટ બની જશે. આ જ આશયથી પ્રશ્નોત્તરપૂર્વક **શ્રીશીલાંકાચાર્યજીએ સૂયગડાંગસૂત્રની વ્યાખ્યામાં** જણાવેલ છે કે "વસ્તુને ક્ષણિક માનવામાં આવે તો કાર્ય-કારણભાવનો ઉચ્છેદ થવાના લીધે કારકોની (કારણોની) પ્રવૃત્તિ જ અસંગત થઈ જશે. તો પછી કારણોના માધ્યમથી ક્ષણિક એવા કાર્યની ઉત્પત્તિ કઈ રીતે

---

♦ પુસ્તકોમાં 'નીંપનું' પાઠ કો.(૯)નો પાઠ લીધો છે.

क्षणिकाऽनित्यस्य कारणेभ्य उत्पाद इति ? ***अथ*** पूर्वक्षणादुत्तरक्षणोत्पादे सति कार्य-कारणभावो भवतीत्युच्यते, ***तदयुक्तम्***, यतोऽसौ पूर्वक्षणो विनष्टो वोत्तरक्षणं जनयेदविनष्टो वा ? न तावद्विनष्टः तस्याऽसत्त्वाज्जनकत्वानुपपत्तेः। नाऽप्यविनष्टः, उत्तरक्षणकाले पूर्वक्षणव्यापारसमावेशात्क्षणभङ्गभङ्गापत्तेः।

पूर्वक्षणो विनश्यंस्तूत्तरक्षणमुत्पादयिष्यति तुलान्तयोर्नामोन्नामवदिति चेत् ?

एवं तर्हि क्षणयोः स्पष्टैवैककालताऽऽश्रिता। तथाहि – याऽसौ विनश्यदवस्था साऽवस्थातुरभिन्ना, उत्पादावस्था अप्युत्पित्सोः। ततश्च तयोर्विनाशोत्पादयोर्यौगपद्याभ्युपगमे तद्धर्मिणोरपि पूर्वोत्तरक्षणयोरेककालावस्थायित्वमिति। तद्धर्मताऽनभ्युपगमे च विनाशोत्पादयोरवस्तुत्वाऽऽपत्तिः" (सू.कृ.१/१/१/१८ वृ.) इत्युक्तम्।

---

થઈ શકે ? જો બૌદ્ધ લોકો એમ કહે કે 'પૂર્વક્ષણથી ઉત્તરક્ષણની ઉત્પત્તિ થતાં કાર્ય-કારણભાવ સંગત થઈ શકશે' તો બૌદ્ધની આ વાત પણ યુક્તિસંગત નથી. કારણ કે આ અંગે અનેકાંતવાદી અમે બૌદ્ધને પ્રશ્ન કરીએ છીએ કે 'પ્રસ્તુત પૂર્વક્ષણ (= કારણક્ષણ) વિનષ્ટ થઈને ઉત્તરક્ષણને (= કાર્યક્ષણને) ઉત્પન્ન કરશે કે વિનષ્ટ થયા વિના જ તે કાર્યક્ષણને ઉત્પન્ન કરશે ?' સૌપ્રથમ વિકલ્પ તો વ્યાજબી નથી. કારણ કે વિનષ્ટ પૂર્વક્ષણ અસત્ હોવાના કારણે ઉત્તરક્ષણની ઉત્પાદક બની જ ન શકે. તથા 'અવિનષ્ટ પૂર્વક્ષણ ઉત્તરક્ષણને ઉત્પન્ન કરશે' - આ પ્રમાણે બીજા વિકલ્પનો તો બૌદ્ધ સ્વીકાર કરી શકે તેમ છે જ નહિ. કારણ કે તેવું માનવામાં ઉત્તરક્ષણના (= કાર્યના) કાળમાં પૂર્વક્ષણની પ્રવૃત્તિનો સ્વીકાર કરવાથી ક્ષણભંગના (= ક્ષણિકત્વના) સિદ્ધાંતના ભંગની આપત્તિ બૌદ્ધને આવશે.

## ☫ તુલા નમન-ઉન્નમન મીમાંસા ☫

**બૌદ્ધ** (पूर्व.) :- ત્રાજવાનો એક છેડો જે સમયે નમે તે જ સમયે ત્રાજવાનો બીજો છેડો ઊંચો થાય છે. તે રીતે જે સમયે પૂર્વક્ષણનો વિનાશ થશે તે જ ક્ષણે ઉત્તરક્ષણને તે ઉત્પન્ન કરશે. જેમ ત્રાજવાના બન્ને પલ્લાની નમન-ઉન્નમન ક્રિયા સમકાલીન હોવા છતાં તે બન્ને વચ્ચે કાર્ય-કારણભાવ છે, તેમ નાશ પામતી પૂર્વક્ષણ અને ઉત્તરક્ષણ સમકાલીન હોવા છતાં તે બન્ને વચ્ચે કાર્ય-કારણભાવ છે.

## ✾ વિનાશાદિ અવસ્તુ થવાની આપત્તિ ✾

**સ્યાદ્વાદી** (एवं.) :- જો નાશ પામી રહેલ પૂર્વક્ષણ (= કારણ) ઉત્તરક્ષણને ઉત્પન્ન કરે તો સ્પષ્ટપણે પૂર્વક્ષણ અને ઉત્તરક્ષણ એક કાળને આશ્રયીને રહેલી છે - તેવું સિદ્ધ થઈ જશે. તે આ રીતે - વિનાશ પામી રહેલ પૂર્વક્ષણની અવસ્થા પૂર્વક્ષણથી અભિન્ન છે. તથા ઉત્પન્ન થનાર ઉત્તરક્ષણની ઉત્પત્તિ અવસ્થા ઉત્તરક્ષણથી અભિન્ન છે. આ હકીકતનો સ્વીકાર બૌદ્ધે કરવો પડે તેમ છે. કારણ કે અવસ્થા અને અવસ્થાવિશિષ્ટ - આ બન્ને વચ્ચે કોઈ ભેદ હોતો નથી. જેમ તેલથી તેલની ધારા અભિન્ન હોય છે, તેમ વિનાશ પામનાર પૂર્વક્ષણથી વિનાશઅવસ્થા અભિન્ન છે અને ઉત્પન્ન થનાર ઉત્તરક્ષણથી ઉત્પાદઅવસ્થા અભિન્ન છે. તેથી 'વિનાશ પામી રહેલ પૂર્વક્ષણ ઉત્તરક્ષણને ઉત્પન્ન કરશે' - આવું જો બૌદ્ધ સ્વીકારે તો વિનાશ અને ઉત્પાદ - આ બન્નેની આશ્રયભૂત પૂર્વોત્તર ક્ષણ સમકાલીન સિદ્ધ થશે. આશય એ છે કે ઉત્પાદ-વ્યય સમકાલીન છે. તથા ઉત્પાદાશ્રયથી ઉત્પાદ અભિન્ન છે અને વિનાશાશ્રયથી વિનાશ અભિન્ન છે. તેથી ઉત્પાદાશ્રય એવી ઉત્તરક્ષણ અને વિનાશાશ્રય એવી પૂર્વક્ષણ પણ સમકાલીન સિદ્ધ થશે. તથા જો ઉત્પાદને ઉત્તરક્ષણનો ધર્મ ન માનવામાં આવે અને વિનાશને પૂર્વક્ષણનો ધર્મ ન માનવામાં આવે તો ઉત્પાદ અને

***एतेन*** "जातिरेव हि भावानां विनाशे हेतुरिष्यते। यो जातश्च न च ध्वस्तो नश्येत् पश्चात् स केन च ?।।" (**सूत्रकृताङ्गवृत्तौ** उद्धृता-१/१/१/गाथा १६/पृ.७५ + गाथा १७, पृ.७८, **कषायप्राभृतजयधवलावृत्तौ** उद्धृतेयं कारिका-भाग१/गा.१४ पृ.२०७, **सिद्धिविनिश्चयोपटीका**याञ्चोद्धृता - ४/१४ पृ.२९०) इति, "जातिरेव हि भावानां विनाशे हेतुरिष्यते। पश्चाद् विनाशकाऽभावान्न विनश्येत् कदाचन।।" (**द्वादशारनयचक्रे** उद्धृता भाग-४/पृ.१०८४) इति च बौद्धोक्तिरपि ***निरस्ता,***

क्षणिकैकान्तपक्षे कार्य-कारणभावस्याऽघटमानतया उत्पत्तेरेवाऽसम्भवेन तस्या नाशकत्वाऽयोगात्।

***अथ*** कार्योत्पादाऽव्यवहितपूर्वः कारणक्षण एव कार्यक्षणं जनयिष्यतीति ***चेत्*** ?

***न,*** एवं सति विश्ववर्तिनां समस्तानां कार्योत्पादाऽव्यवहितपूर्वक्षणानां तदुपादानकारणत्वापत्तेः, तदव्यवहितपूर्ववर्तित्वसाम्यात्।

---

વિનાશ અવસ્તુ = મિથ્યા બનવાની આપત્તિ આવશે." આવું **સૂયગડાંગ** સૂત્રના પ્રથમ શ્રુતસ્કંધના પ્રથમ અધ્યયનના પ્રથમ ઉદ્દેશાની ૧૮ મી ગાથાની **વ્યાખ્યા**માં કહેવા દ્વારા શ્રી**શીલાંકાચાર્યજી**એ એકાંતક્ષણિકપક્ષમાં ક્ષણિક કાર્યક્ષણની ઉત્પત્તિ જ પરમાર્થથી અસંભવિત છે - તેવું જણાવેલ છે.

**બૌદ્ધ** :- (एतेन.) વસ્તુને ક્ષણિક માનવાનું કારણ એ છે કે વસ્તુની ઉત્પત્તિ એ જ વસ્તુના નાશનું કારણ છે. જે વસ્તુ ઉત્પન્ન થયા પછી બીજી ક્ષણે નાશ ન પામે તો પાછળથી તે કોના દ્વારા નાશ પામે ? પાછળથી કોઈ વિનાશક બની ન શકવાથી વસ્તુમાત્ર નિત્ય થવાની આપત્તિ આવશે. પરંતુ ઘટ-પટાદિ પદાર્થોમાં એકાન્ત નિત્યતા તો પ્રત્યક્ષ પ્રમાણથી બાધિત છે. તેથી તેના નાશનું કારણ તેની ઉત્પત્તિને જ મનાય. ઉત્પત્તિ વસ્તુનાશક હોવાથી બીજી જ ક્ષણે વસ્તુનો નાશ થઈ જશે.

### ✡ ઉત્પત્તિ વસ્તુનાશક નથી ✡

**જૈન** :- (क्षणि.) હમણાં ઉપર જણાવી ગયા તે મુજબ સર્વથા ક્ષણિકવાદમાં કાર્ય-કારણભાવ જ અસંગત હોવાથી વસ્તુની ઉત્પત્તિ જ થઈ નહિ શકે. તેથી વસ્તુની ઉત્પત્તિને વસ્તુનો નાશક માની ન શકાય. તેથી એકાન્ત ક્ષણિકવાદ અનુચિત છે.

### ❀ અવ્યવહિતપૂર્વક્ષણગત કારણતા : બૌદ્ધ ❀

**બૌદ્ધ** :- (अथ.) કાર્યોત્પત્તિની અવ્યવહિત પૂર્વ એવી કારણક્ષણ જ કાર્યક્ષણને ઉત્પન્ન કરશે. કાર્યોત્પત્તિ સમયે કારણક્ષણની હાજરી અપેક્ષિત નથી. પટોત્પત્તિક્ષણની અવ્યવહિતપૂર્વ તંતુક્ષણ હોય છે. તેથી તે પટજનક (= પટનું ઉપાદાનકારણ) બની શકશે. અહીં ક્ષણ એટલે નૈયાયિકાદિસંમત નિરંશ કાળ ન સમજવો. પરંતુ ક્ષણિક તંતુ એટલે તંતુક્ષણ એમ સમજવું.

### ❀ બૌદ્ધસંમત કારણતા દોષગ્રસ્ત ❀

**જૈન** :- (न.) ના, તમારી આ દલીલ વ્યાજબી નથી. કેમ કે આ રીતે કાર્યોત્પત્તિક્ષણની અવ્યવહિતપૂર્વવર્તી ક્ષણને જ જો ઉપાદાન કારણ માનવામાં આવે અને તેની અવ્યવહિત ઉત્તરવર્તી ક્ષણને તેનું કાર્ય માનવામાં આવે તો કાર્યોત્પત્તિની અવ્યવહિતપૂર્વવર્તી વિશ્વની તમામ વસ્તુઓને (= ક્ષણોને) તે કાર્યના ઉપાદાનકારણ તરીકે માનવી પડશે. કારણ કે તે તમામ વસ્તુક્ષણોમાં કાર્યનું અવ્યવહિતપૂર્વવર્તિત્વ તો એકસરખું જ છે.

"અવ્યવહિત જ કારણક્ષણ કાર્યક્ષણ રૂપાદિકને♦ કરઈ" ઈમ કહિયઈ,

किञ्चैकान्तक्षणिकत्वपक्षे कारणत्वेनाभिमतस्य नीलादिरूपस्य अव्यवहितोत्तरवृत्ति नीलादिरूपमेव कार्यम्, न तु आलोकादिकमित्यत्रापि नास्ति किञ्चिन्नियामकम्, नीलादिरूपगतस्य कस्यचिदपि धर्मस्य उत्तरकालीने नीलादिरूपे आलोकादिके वा अविद्यमानत्वात्, पूर्वकालीनानां नीलादिरूपाणाम् उत्तरकालीनानाञ्च नीलादिरूपाऽऽलोक-मनस्कारादीनां सर्वेषामेव स्वलक्षणत्वात्। ततश्च निरन्वयनाशवादिबौद्धमते कार्य-कारणभावव्यवस्था दुर्घटैवेति फलितम्।

किञ्चैवं चाक्षुषबुद्ध्यादेः कार्यजातस्य रूपाऽऽलोक-मनस्कार-चक्षुःसन्निधानप्रभृतिरूपा या सामग्री [1]अन्त्यैव जनकत्वेन सौगतैः कल्प्यते (**स्याद्वादकल्पलता** ४/६६), तदर्थं 'रूपस्य अव्यवहितोत्तरं

(**किञ्चैका.**) વળી, એકાન્ત ક્ષણિક પક્ષમાં 'કારણ તરીકે અભિમત અવ્યવહિતપૂર્વક્ષણવર્તી નીલાદિરૂપનું કાર્ય અવ્યવહિતોત્તરવર્તી નીલાદિરૂપ જ છે, આલોક વગેરે નથી' - આ બાબતમાં નિયામક તત્ત્વ છે જ નહિ. કારણ કે ક્ષણિકપક્ષમાં કારણરૂપે માન્ય એવા અવ્યવહિતપૂર્વવર્તી નીલાદિરૂપમાં રહેલો કોઈ પણ ગુણધર્મ, નથી તો ઉત્તરકાલીન નીલાદિરૂપમાં રહેતો કે નથી તો આલોક (પ્રકાશ) વગેરેમાં રહેતો. તેથી બૌદ્ધો એમ ન કહી શકે કે 'નીલરૂપનું કાર્ય નીલરૂપ જ છે, આલોક વગેરે નહિ.' પૂર્વકાલીન નીલાદિરૂપક્ષણો અને ઉત્તરકાલીન નીલાદિ રૂપ, આલોક, મનસ્કાર વગેરે તમામ ક્ષણોની વચ્ચે કશું જ સાધર્મ્ય નથી. બધી જ કાર્યક્ષણો-કારણક્ષણો સ્વલક્ષણ જ છે, પરસ્પર સર્વથા વિલક્ષણ છે. તેથી કારણનો કોઈ પણ ગુણધર્મ કાર્યક્ષણમાં આવે તેવું નિરન્વયનાશવાદી બૌદ્ધના મતે માન્ય ન હોવાથી કાર્ય-કારણભાવની વ્યવસ્થા બૌદ્ધમતમાં દુર્ઘટ છે. આ મુજબ નક્કી થાય છે.

### બૌદ્ધસંમત કાર્ય-કારણભાવની વિચારણા

(**किञ्चैवं.**) વળી, બીજી એક મહત્ત્વની વાત એ છે કે બૌદ્ધ લોકો એવું માને છે કે "ચાક્ષુષ બુદ્ધિ વગેરે કાર્યસમુદાયની સામગ્રી એટલે રૂપ, આલોક (= પ્રકાશ), મનસ્કાર (= ઉપયોગ કે પ્રણિધાન), ચક્ષુસન્નિધાન વગેરેનો સમૂહ. અંત્યક્ષણવર્તી રૂપાદિ સામગ્રીના સહકારથી ચાક્ષુષ પ્રત્યક્ષ વગેરે કાર્ય ઉત્પન્ન થાય છે. જે ક્ષણની અવ્યવહિત ઉત્તરક્ષણે ચાક્ષુષાદિ કાર્ય ઉત્પન્ન થવાનું હોય તે ક્ષણ અહીં અંત્યક્ષણ તરીકે માન્ય છે. ચાક્ષુષ પ્રત્યક્ષ આદિ કાર્યની અવ્યવહિત પૂર્વક્ષણવર્તી એવા જ રૂપ, આલોક વગેરે ચાક્ષુષાદિના ઉત્પાદક છે." તથા ઉપરોક્ત કાર્ય-કારણભાવની સંગતિ કરવા માટે બૌદ્ધોએ નિમ્નોક્ત વ્યવસ્થા માનવી પડે છે. તે આ રીતે – "નીલાદિ રૂપ ક્ષણિક હોવાથી પ્રતિક્ષણ રૂપની ઉત્પત્તિ અને નાશ થયા કરે છે. રૂપના ઉત્પાદ-વિનાશની ધારા ચાલે છે. પૂર્વ-પૂર્વ રૂપ ઉત્તર-ઉત્તર રૂપનું કારણ છે. જો કે વિશ્વમાં અનેક જગ્યાએ અનેક પ્રકારના રૂપો ઉત્પન્ન થાય છે. તે તમામ રૂપો પ્રત્યે પ્રસ્તુત રૂપ ઉપાદાનકારણ નથી. પરંતુ પોતાની જે રૂપસન્તતિ ચાલે છે, તેમાં અવ્યવહિતોત્તરક્ષણે ઉત્પન્ન થનાર રૂપ પ્રત્યે જ તે કારણ બને છે. તથા આ કાર્ય-કારણભાવ નિમિત્ત-નૈમિત્તિકભાવ સ્વરૂપ નથી પરંતુ ઉપાદાન-

♦ પુસ્તકાદિમાં 'રૂપાદિકને' પાઠ નથી. ફક્ત કો.(૧૨+૧૩)માં છે.

1. अन्त्या = यदव्यवहितोत्तरक्षणे कार्यं सम्पद्यते तत्क्षणवर्तिनी।

तोई 'રૂપાલોક-મનસ્કારાદિક ▸ક્ષણ રૂપાદિક◂નઈં વિષઈં ઉપાદાન આલોકાદિકનઈં વિષઈં નિમિત્ત✿' - એ વ્યવસ્થા કિમ ઘટઈ ?

स्वसन्तानगतरूपं प्रति उपादानकारणता आलोकादिकम् अवशिष्टकार्यमात्रं प्रति च निमित्तकारणता, तथैव आलोकस्य स्वसन्ततिगतमालोकं प्रति उपादानकारणता रूपादिकं प्रति च निमित्तकारणता, पूर्वं (९/६) व्यावर्णितस्य च मनस्कारस्य अव्यवहितोत्तरं स्वसन्तानान्तःप्रविष्टमनस्कारं प्रति उपादान-कारणता रूपाऽऽलोक-चक्षुःसन्निधानप्रभृतिषु च निमित्तकारणतेत्यादिका व्यवस्था बौद्धैः स्वीक्रियते।

परं सा नैव युज्यते निरन्वयनाशपक्षे। न हि 'रूपादेः रूपादिकं प्रति एव उपादानकारणता, आलोकादिकं प्रति तु निमित्तकारणते'त्यत्र विनिगमकं बौद्धमते किञ्चिदस्ति, पूर्वकालीननीलादि-रूपगतस्य कस्यचिदपि धर्मस्य उत्तरकालीननीलादिरूपाऽऽलोक-मनस्कारादिष्वसत्त्वात्, सर्वेषामेव तेषां

ઉપાદેયભાવ સ્વરૂપ છે. અર્થાત્ રૂપક્ષણ સ્વસંતતિગત અવ્યવહિતોત્તરવર્તી રૂપ પ્રત્યે ઉપાદાનકારણ છે. તથા તે જ ક્ષણે ઉત્પન્ન થનાર રૂપ સિવાયના આલોક, મનસ્કાર વગેરે તમામ કાર્યો પ્રત્યે તે વિવક્ષિત રૂપ નિમિત્તકારણ છે. તે જ રીતે આલોક (= પ્રકાશ) પણ સ્વસન્તાનગત અવ્યવહિતોત્તરવર્તી આલોકક્ષણ પ્રત્યે ઉપાદાનકારણ છે. તથા તત્કાલીન નીલાદિ રૂપ વગેરે પ્રત્યે તે જ આલોક નિમિત્તકારણ બને છે. તે જ રીતે નવમી શાખાના છઠ્ઠા શ્લોકમાં જેનું વર્ણન કરી ગયા છીએ તે (બુદ્ધિ-પ્રણિધાન-ઉપયોગ વગેરે સ્વરૂપ) મનસ્કાર પણ સ્વસંતતિગત અવ્યવહિતોત્તરવર્તી મનસ્કાર પ્રત્યે ઉપાદાનકારણ છે. તથા તત્કાલીન રૂપ, આલોક, ચક્ષુસન્નિધાન પ્રત્યે તે મનસ્કાર નિમિત્તકારણ છે. આમ જગતમાં વર્તમાનક્ષણે ઉત્પન્ન થનાર દરેક કાર્ય પ્રત્યે અવ્યવહિતપૂર્વવર્તી તમામ વસ્તુઓ અવશ્ય કારણ બને છે. પરંતુ સ્વસંતાનગત કાર્ય પ્રત્યે અવ્યવહિતપૂર્વવર્તી ક્ષણ ઉપાદાનકારણ છે તથા તે સિવાયના તમામ અવ્યવહિતઉત્તરવર્તી કાર્યો પ્રત્યે તે વિવક્ષિત વસ્તુક્ષણ નિમિત્તકારણ બને છે. આ રીતે જુદા-જુદા કાર્યો પ્રત્યે ઉપાદાનકારણતા અને નિમિત્તકારણતા ધરાવનાર રૂપ-આલોક આદિ કારણો ચાક્ષુષ પ્રત્યક્ષ વગેરે કાર્યને ઉત્પન્ન કરે છે."

### ✽ બૌદ્ધસંમત કાર્યકારણભાવનું નિરાકરણ ✽

(परं सा.) પરંતુ બૌદ્ધ વિદ્વાનોએ આ રીતે ચાક્ષુષ પ્રત્યક્ષાદિની જે સામગ્રી બતાવેલ છે, તે બૌદ્ધના સિદ્ધાન્ત મુજબ સંગત થતી નથી. કેમ કે બૌદ્ધમતે દરેક વસ્તુનો પ્રતિક્ષણ નિરન્વય નાશ થાય છે. કોઈ પણ વસ્તુ કોઈ પણ સ્વરૂપે ઉત્તરક્ષણે હાજર રહેતી જ નથી. તેથી 'નીલાદિ રૂપ વગેરે પ્રત્યે નીલાદિ રૂપ વગેરે ઉપાદાનકારણ જ બને, આલોક વગેરે પ્રત્યે તો તે નિમિત્તકારણ જ બને' - આ બાબતમાં નિયમન કરનાર કોઈ જ તત્ત્વ બૌદ્ધમતે વિદ્યમાન નથી. પૂર્વકાલીન નીલાદિ રૂપમાં રહેલો કોઈ પણ ગુણધર્મ ઉત્તર ક્ષણે ઉત્પન્ન થનાર નીલાદિ રૂપમાં કે આલોકાદિમાં રહેતો નથી કે જેના આધારે કહી શકાય કે 'નીલાદિ રૂપનો આ ગુણધર્મ ઉત્તરકાલીન નીલાદિ રૂપમાં રહે છે, આલોકાદિમાં નથી રહેતો. તેથી નીલાદિ રૂપ ઉત્તરકાલીન આલોકાદિનું નિમિત્તકારણ બને અને નીલાદિ રૂપનું ઉપાદાનકારણ બને.' બૌદ્ધમતે દરેક વસ્તુ સ્વલક્ષણાત્મક = પરસ્પર અત્યંત વિલક્ષણ જ છે. કોઈ પણ એક ગુણધર્મ

▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. કો.(૧૦+૧૧) + લા.(૨) + લી.(૧+૨+૩+૪) + સિ. + કો.(૯+૭) + પા. + ભા. + B(૨) + મો.(૨) + આ.(૧)માં છે. ✿ નિશ્ચિતમ્ દ્રવ્યાનુયોગતર્કણા + પાલિ.

सुगतमते स्वलक्षणत्वादित्युक्तोत्तरत्वात्।

न हि सर्वथासमुच्छेदवादे साजात्यं सन्तानो वा परमार्थतः सम्भवत्यपि। इदमभिप्रेत्यैव **विशेषावश्कभाष्ये** [1]"को सव्वहा विणासे संताणो किं व सामण्णं ?।।" (वि.आ.भा.२३९७) [2]"संताणिणो न भिण्णो जइ संताणो न नाम संताणो। अह भिन्नो न क्खणिओ, खणिओ वा जइ न संताणो।।" (वि.आ.भा.२३९८) [3]"पुव्वाणुगमे समया हुज्ज, न सा सव्वहा विणासम्मि। अह सा न सव्वनासो तेण समं वा णणु खपुप्फं।।" (वि.आ.भा.२३९९) इत्यादिकमुक्तम्। ततश्च रूपे एव रूपस्य उपादानत्वम् आलोकादौ च निमित्तत्वमित्यत्र नियामकं किञ्चिद् न निरन्वयक्षणभङ्गपक्षे सम्भवति।

किञ्च, निरंशस्वलक्षणक्षणस्य सर्वथा एकत्वे रूपस्य रूपोपादानकारणता आलोकादिनिमित्तकारणता

બે વસ્તુમાં રહેતો નથી. તેથી કારણ તરીકે વિવક્ષિત પૂર્વવર્તી નીલાદિ રૂપ, આલોક, મનસ્કાર વગેરે તથા તેના કાર્ય તરીકે વિવક્ષિત ઉત્તરકાલીન નીલાદિ રૂપ, આલોક, મનસ્કાર વગેરે બધી જ વસ્તુઓ સ્વલક્ષણાત્મક છે, પરસ્પર અત્યંત વિલક્ષણ છે, સમાન નથી. આ વાત તો હમણાં જણાવેલ જ છે.

## ❋ બૌદ્ધમતમાં સાજાત્ય-સંતાનનો અસંભવ ❋

**(न हि.)** બૌદ્ધ માને છે માટે વસ્તુઓમાં સાજાત્ય = સાધર્મ્ય રહેતું નથી - એવું નથી. હકીકત પણ એવી છે કે ઉત્પત્તિની બીજી જ ક્ષણે જો પ્રત્યેક વસ્તુનો સર્વથા સમુચ્છેદ થઈ જતો હોય તો સાજાત્ય કે સન્તાન સંભવે પણ નહિ. આ જ અભિપ્રાયથી **વિશેષાવશ્યકભાષ્ય**માં કહેલ છે કે "સર્વથા વિનાશ માનો તો કોણ સંતાન બને અથવા તો શું સાજાત્ય હોય ? બન્ને ન જ સંભવે. જો સંતાની (= ક્ષણ) કરતાં સન્તાન ભિન્ન ન હોય તો તેને સંતાન જ નહિ કહેવાય. તેને ક્ષણ જ કહેવાશે. જો સન્તાની = ક્ષણ કરતાં સન્તાન ભિન્ન હશે તો ક્ષણિક નહિ હોય. કેમ કે બૌદ્ધો સન્તાનને સ્થિર માને છે. તથા જો સન્તાન ક્ષણિક હોય તો તેને કદાપિ સંતાન નહિ કહી શકાય. ક્ષણિક હોવાથી તેને ક્ષણ જ કહી શકાય. તથા સાધર્મ્ય પણ બૌદ્ધમતે અસંભવિત છે. કારણ કે પૂર્વક્ષણનો કોઈક સ્વરૂપે અનુગમ = અન્વય = હાજરી ઉત્તરસમયે હોય તો જ પૂર્વોત્તર ક્ષણોમાં સમાનરૂપતા સંભવી શકે. પરંતુ સર્વથા નિરન્વયનાશ માનવામાં તો તે પણ ન સંભવે. જો પૂર્વોત્તર ક્ષણો વચ્ચે સમાનરૂપતા હોય તો પૂર્વક્ષણ કોઈક સ્વરૂપે બીજા સમયે હાજર હોવાથી પૂર્વક્ષણનો સર્વથા વિનાશ નહિ થાય. જો સર્વથા નાશ થવા છતાં સમતા = સમાનરૂપતા માનો તો જેમ પૂર્વક્ષણ જેવી ઉત્તરક્ષણ હોય છે, તેમ પૂર્વક્ષણ જેવું આકાશપુષ્પ બની જશે." પરંતુ આવું તો સંભવતું જ નથી. આમ એકાન્ત નાશપક્ષમાં સાજાત્ય અને સંતાન અસંભવિત હોવાથી 'રૂપ એ રૂપ પ્રત્યે ઉપાદાનકારણ જ બને અને આલોકાદિ પ્રત્યે નિમિત્તકારણ જ બને' - આ બાબતનું કોઈ નિયામક નિરન્વયક્ષણભંગવાદમાં સંભવતું જ નથી.

## ❋ સર્વથા એક અનેકકાર્યજનક ન બને ❋

**(किञ्च.)** વળી, બીજી મહત્ત્વપૂર્ણ વાત એ છે કે બૌદ્ધમતે રૂપાદિ ક્ષણ નિરંશ છે, સ્વલક્ષણાત્મક

1. कः सर्वथा विनाशे सन्तानः किं वा सामान्यम् ?
2. सन्तानिनो न भिन्नो यदि सन्तानः, न नाम सन्तानः। अथ भिन्नः, न क्षणिकः; क्षणिको वा यदि न सन्तानः।।
3. पूर्वानुगमे समता भवेत्, न सा सर्वथा विनाशे।। अथ सा न सर्वनाशः, तेन समं वा ननु खपुष्पम्।।

च नैव सम्भवास्पदा, सर्वथैवैकस्य कार्यद्वयजनकत्वाऽयोगात्। तदुक्तं **भामहालङ्कारे** "न चैकस्य फलद्वयम्" (भाम.परि.६/श्लो.१८) इति।

***एतावता*** यदेव स्वसन्तानगतं रूपादिकम् अव्यवहितोत्तरं तत् प्रत्येव पूर्ववर्तिनो रूपादेः उपादानकारणता इत्यपि ***निरस्तम्,***

आनन्तर्यमात्रस्य तदन्यसाधारण्येनोपादानोपादेयभावाऽनियामकत्वात्,

निरन्वयनाशाभ्युपगमेन सन्तानस्य काल्पनिकत्वाच्च।

---

છે તથા સર્વથા એક છે. તેથી રૂપક્ષણ એ રૂપ પ્રત્યે ઉપાદાનકારણ અને આલોકાદિ પ્રત્યે નિમિત્તકારણ બને તે સંભવિત નથી. કારણ કે સર્વથા એકસ્વરૂપ પદાર્થ કદાપિ બે કાર્યનો ઉત્પાદક બની ન શકે. રૂપ-આલોક વગેરેને એક અખંડ રૂપક્ષણના કાર્ય તરીકે માની ન શકાય. **ભામહાલંકાર**માં જણાવેલ છે કે 'સર્વથા એક વસ્તુના બે કાર્ય = ફળ ન હોય.'

**બૌદ્ધ** :- (एतावता.) અમારા મતમાં અસંભવ જેવું કશું નથી. કારણ કે અમે સ્વસન્તાનગત અવ્યવહિતઉત્તરવર્તી રૂપાદિ પ્રત્યે જ પૂર્વવર્તી રૂપાદિને ઉપાદાનકારણ માનીએ છીએ. તેથી પરસંતાનવર્તી આલોક-રૂપાદિ પ્રત્યે કે વ્યવહિતોત્તરવર્તી રૂપાદિ પ્રત્યે વિવક્ષિત રૂપાદિક્ષણને ઉપાદાનકારણ બનવાની કોઈ આપત્તિને અમારા મતમાં અવકાશ નથી. અમે દર્શાવેલ કાર્ય-કારણભાવમાં અવ્યવહિતોત્તરવર્તિતા અને સ્વસન્તાનવર્તિતા - આ બે મુખ્ય વિનિગમક = નિયામક તત્ત્વ છે.

## ❀ આનન્તર્ય અનિયામક ❀

**જૈન** :- (आन.) તમારી ઉપરોક્ત દલીલ વ્યાજબી નથી. કારણ કે 'સર્વથા એક પદાર્થ હોય તે અનેકને ઉત્પન્ન કરી ન શકે' - આ વાત હમણાં જ ઉપર જણાવેલ છે. તદુપરાંત, ફક્ત આનન્તર્ય = અનન્તર-ઉત્તરવર્તિતા = અવ્યવહિતઉત્તરવર્તિતા તો નૂતન રૂપાદિના સમકાલીન આલોક, મનસ્કાર વગેરેમાં પણ અનુગત છે. તેથી પૂર્વવર્તી રૂપાદિ જેમ અનન્તરઉત્તરવર્તી રૂપાદિ પ્રત્યે ઉપાદાનકારણ છે તેમ અવ્યવહિત-ઉત્તરક્ષણવૃત્તિ આલોક, મનસ્કાર વગેરે પ્રત્યે પણ તે ઉપાદાનકારણ બનવાની સમસ્યા દુર્વાર થશે. તેથી આનન્તર્યમાત્રને ઉપરોક્ત ઉપાદાન-ઉપાદેયભાવનું નિયામક માની શકાતું નથી. ઉપાદેય કાર્ય તરીકે જે આલોકાદિ માન્ય ન હોય તેમાં પણ રહેનાર આનન્તર્ય ધર્મ કાર્યતાનું નિયમન કઈ રીતે કરી શકે ?

**બૌદ્ધ** :- માત્ર અવ્યવહિતઉત્તરવર્તિત્વ નહિ પરંતુ સ્વસન્તાનવર્તિત્વ પણ ઉપરોક્ત ઉપાદાન -ઉપાદેયભાવમાં નિયામક છે. આ વાત તો હમણાં જ અમે તમને જણાવી ગયા છીએ ને ! આલોકાદિ પ્રસ્તુતમાં રૂપના અવ્યવહિતઉત્તરવર્તી હોવા છતાં રૂપસન્તાનવર્તી નથી. તેથી તેના પ્રત્યે રૂપને ઉપાદાન-કારણ માનવાની આપત્તિ અમારા મતમાં નહિ આવે.

## ❀ બૌદ્ધસંમત સંતાન અપારમાર્થિક ❀

**જૈન** :- (निर.) ના, તમારું ઉપરોક્ત સમાધાન પણ વ્યાજબી નથી. કારણ કે તમે બૌદ્ધો તો નિરન્વય નાશને સ્વીકારો છો. વર્તમાનક્ષણવર્તી રૂપાદિનો ઉત્તર ક્ષણમાં નિરન્વય = નિર્મૂલ નાશ થાય છે. કોઈ પણ સ્વરૂપે તેનો ઉત્તર કાલમાં અન્વય = અનુગમ હોતો નથી. સર્વથા વિલક્ષણ નૂતન

तदुक्तं **पञ्चलिङ्गिप्रकरणे जिनेश्वरसूरिभिः** [1]"संताणो उ अवत्थू" (प.लि.८०) इति।

वस्तुत्वेऽपि तस्य क्षणिकत्वे तु न क्षणेभ्यो विशेषः कश्चित्। तदक्षणिकत्वे तु दत्तः क्षणभिदेलिमपक्षाय जलाञ्जलिः। तदुक्तं कटाक्षरूपेण **न्यायमञ्जर्यां जयन्तभट्टेन** "अथाऽपि नित्यं परमार्थसन्तं सन्ताननामानमुपैषि भावम्! उत्तिष्ठ भिक्षो ! फलितास्तवाऽऽशाः सोऽयं समाप्तः क्षणभङ्गवादः।।" (न्या.म.पृ.४६४) इति।

एकान्तक्षणिकवादसमीक्षाऽवसरे **धर्मसङ्ग्रहण्यां श्रीहरिभद्रसूरिभिः** [2]"अन्नो वेदेइ सुहं अण्णो दुक्खं पवत्तए अण्णो। पावेति वेदती सुमरती य पत्तेयमन्नो तु।।" (ध.स.२३२), [3]"अन्नो करेइ कम्मं फलमन्नो भुंजती तु मोक्खत्थं। कुणइ पयासं अन्नो पावेति य तं पि अण्णो तु।।" (ध.स.२३३), [4]"संताणातो अह सो

રૂપાદિ કાર્યો ઉત્તર ક્ષણે ઉત્પન્ન થાય છે. તેથી રૂપાદિના સંતાનની વાત જ કલ્પિત છે, કલ્પનામાત્ર છે.

(तदु.) શ્રી**જિનેશ્વરસૂરિજી**એ **પંચલિંગી** પ્રકરણમાં જણાવેલ છે કે 'સંતાન તો અવસ્તુ છે.' સંતાન તમારા મતે પણ પારમાર્થિક નથી પરંતુ કાલ્પનિક છે. તેથી 'રૂપાદિના સંતાનવર્તી રૂપાદિ જ છે, આલોકાદિ નહિ' - આવું પણ વાસ્તવિક રીતે બૌદ્ધ મતમાં કહી શકાતું નથી. તેથી રૂપાદિને રૂપાદિસંતાનવર્તી માનીને તેના પ્રત્યે પૂર્વકાલીન રૂપાદિને ઉપાદાનકારણ માનવાની બૌદ્ધ માન્યતાનો સ્વીકાર કરી શકાતો નથી. કાલ્પનિક વસ્તુ દ્વારા કોઈ તાત્ત્વિક હકીકતનો નિર્ણય કરી ન શકાય.

### ❊ સંતાનમીમાંસા ❊

**(वस्तु.)** જો રૂપાદિસંતાન વાસ્તવિક હોય તો પણ જો તે ક્ષણિક હશે તો રૂપાદિક્ષણો અને રૂપાદિસંતાન - આ બંન્નેમાં કોઈ ફરક નહિ પડે. તેથી ક્ષણિક પક્ષમાં બતાવેલા દોષો ઊભા જ રહેશે. જો રૂપાદિસંતાન ક્ષણિક ન હોય પણ નિત્ય હોય તો ક્ષણભંગુરપક્ષને તમે જલાંજલિ આપી દીધી. તેથી તો કટાક્ષરૂપે **જયંતભટ્ટે ન્યાયમંજરી**માં જણાવેલ છે કે 'જો સન્તાન નામના ભાવાત્મક પદાર્થને તમે પરમાર્થસત્ અને નિત્ય માનો તો બૌદ્ધ સાધુ ! તમે ઊભા થઈ જાવ. તમારી આશા ફળીભૂત થઈ ગઈ ! તમને માન્ય આ ક્ષણભંગવાદ સમાપ્ત = નષ્ટ થઈ ગયો.' માટે રૂપાદિસંતાનની કલ્પના એકાન્તક્ષણિક પક્ષમાં વ્યાજબી નથી.

### ❁ બૌદ્ધમતમાં લોકવ્યવહારનો ઉચ્છેદ ❁

**(एका.)** એકાન્તક્ષણિકવાદની સમીક્ષા કરવાના અવસરે **ધર્મસંગ્રહણિ**માં જે જણાવેલ છે તેનું અહીં અનુસંધાન કરવું. ત્યાં શ્રી**હરિભદ્રસૂરિજી**એ જણાવેલ છે કે "આત્મા વગેરે જો માત્ર એક જ ક્ષણ ટકે તો એક જ આત્મા સુખને ભોગવશે અને દુઃખને ભોગવનારો આત્મા બીજો જ હશે. પ્રવૃત્તિ કરનાર આત્મા જુદો હશે. તથા ફળને પ્રાપ્ત કરનાર જુદો આત્મા હશે. તથા ફળને ભોગવનાર અન્ય જ હશે. તેમજ ફલાનુભવનું સ્મરણ કરનાર આત્મા જુદો જ હશે. શુભાશુભ કર્મને જુદો આત્મા કરશે (બાંધશે). તથા તેના ફળને બીજો આત્મા ભોગવશે. મોક્ષ માટે પ્રયત્ન જુદો આત્મા કરશે અને મોક્ષને મેળવનાર જીવ પણ જુદો જ હશે. (કારણ કે કર્મ કરનાર કે સાધના કરનાર તો બૌદ્ધમતે બીજા

1. सन्तानस्तु अवस्तु। 2. अन्यो वेदयते सुखम् अन्यो दुःखं प्रवर्त्ततेऽन्यः। प्राप्नोति वेदयते स्मरति च प्रत्येकम् अन्यः तु।। 3. अन्यः करोति कर्म फलमन्यो भुङ्क्ते तु मोक्षार्थम्। करोति प्रयासम् अन्यः प्राप्नोति च तमपि अन्यः तु।। 4. सन्तानतः अथ स व्यवहारः सर्व एव युक्तस्तु। स सन्तानिभ्यः अन्योऽनन्यो वेति वक्तव्यम्।।

ववहारो सव्व एव जुत्तो तु। सो संताणीहिंतो अन्नोऽणन्नो त्ति वत्तव्वं।। [1]जइ अन्नो किं णिच्चो किं वा खणियो त्ति ? णिच्चपक्खम्मि। होइ पतिन्नाहाणी, इतरम्मि उ पुव्वदोसा तु।।" (ध.स.२३५/२३६) इत्यादिकं यदुक्तं तदत्राऽनुसन्धेयम्।

***एतेन*** "यस्मिन्नेव □हि सन्ताने आहिता कर्मवासना। फलं तत्रैव सन्धत्ते, कर्पासे रक्तता यथा।।" (**अनेकान्तजयपताकावृत्त्युद्धृतमिदं** पद्यं-भाग-२ पृ.१३४, **अनेकान्तवादप्रवेशे** पृ.९५, **सूत्रकृताङ्गवृत्तौ** १/१/१/१८, **शास्त्रवार्त्तासमुच्चये** ४/९, **न्यायावतारसूत्रवार्त्तिकवृत्तौ** का.५, **धर्मसङ्ग्रहणिवृत्तौ** गा.२३५, **स्याद्वादमञ्जर्यां** का.२७ चोद्धृतम्) इत्यपि कार्य-कारणभावसमर्थनपरा बौद्धोक्तिः ***निरस्ता,***

यतः "सा वासना किं क्षणेभ्यो व्यतिरिक्ता अव्यतिरिक्ता वा ? यदि व्यतिरिक्ता, वासकत्वानुपपत्तिः। अथाऽव्यतिरिक्ता क्षणवत् क्षणक्षयित्वं तस्या" इति (सू.कृ.वृ.१/१/१/१८-पृ.२६) **सूत्रकृताङ्गवृत्तौ श्रीशीलाङ्काचार्यः**।

---

જ સમયે સર્વથા નષ્ટ થાય છે.) જો બૌદ્ધ એમ કહે કે 'સંતાનને આશ્રયીને બધો જ વ્યવહાર સંગત બનશે' - તો તે વાત વ્યાજબી નથી. કારણ કે તે સંતાન સંતાનીથી = ક્ષણથી ભિન્ન છે કે અભિન્ન ? આ પ્રશ્નનો જવાબ બૌદ્ધોએ આપવો પડશે. જો સંતાન સંતાનીથી સર્વથા ભિન્ન જ હોય તો ફરીથી ત્યાં પ્રશ્ન ઉપસ્થિત થશે કે 'સંતાન નિત્ય છે કે ક્ષણિક છે ?' નિત્યપક્ષના સ્વીકારમાં બૌદ્ધસંમત એકાન્તક્ષણિકવાદપ્રતિજ્ઞાની હાનિ થશે. તથા સંતાન પણ સંતાનીની જેમ ક્ષણિક હશે તો ઉપરોક્ત દોષો ફરીથી બૌદ્ધમતમાં આવી જશે. સંતાનીથી સંતાન અભિન્ન હોય તો પણ ઉપરના દોષો દુર્વાર બનશે."

**બૌદ્ધ** :- (**एतेन.**) જેમ કપાસના બીજમાં લાખ વગેરેના રસથી સંપ્રાપ્ત રક્તતા તે જ બીજથી ઉગેલા અને વિકસિત થનાર કપાસમાં જ લાલાશ લાવે છે, તેમ જે સન્તાનમાં = ક્ષણપ્રવાહમાં કર્મવાસનાનું = સંસ્કારનું આધાન થયેલ હશે તે જ સંતાનમાં ફળની નિષ્પત્તિને સંસ્કાર કરશે. માટે સન્તાનપક્ષમાં કાર્ય-કારણભાવ = હેતુ-ફલવદ્ભાવ સંભવી શકશે.

## ❋ સૂત્રકૃતાંગવૃત્તિ સંવાદની વિચારણા ❋

**જૈન** :- (**यतः.**) ના, તમારી આ કલ્પનાનું નિરાકરણ તો અમે તમને માન્ય એવા સંતાનનું નિરાકરણ કર્યું તેનાથી જ થઈ જાય છે. સંતાન જ જો મિથ્યા હોય તો સંતાનઆધારિત કાર્ય-કારણભાવ કઈ રીતે સત્ય સંભવે ? તેમ છતાં **શ્રીશીલાંકાચાર્યજીએ સૂયગડાંગસૂત્રની દીપિકા** નામની વ્યાખ્યામાં 'સંતાનગત વાસના વાસક = ફલોત્પાદક છે' - આવી તમારી માન્યતાનું નિરાકરણ કરેલ છે તે તેમના જ શબ્દોમાં જોઈએ. ત્યાં તેઓશ્રીએ જણાવેલ છે કે "સંતાનગત વાસના (= સંસ્કાર) સન્તાનીથી = ક્ષણથી ભિન્ન છે કે અભિન્ન છે ? જો ભિન્ન હોય તો તે વાસક = ફલોત્પાદક જ બની ન શકે. (બાકી તો ભિન્નત્વ સમાન હોવાથી હિમાલય પણ વાસક બનવાની આપત્તિ આવશે.) તથા જો વાસના ક્ષણોથી અભિન્ન હોય તો ક્ષણની જેમ તે પણ ક્ષણિક બની જશે. તેથી જેમ ક્ષણ સન્તાનની વાસક બની શકતી નથી તેમ ક્ષણથી અભિન્ન વાસના પણ સન્તાનની = ક્ષણપ્રવાહની વાસક બની નહિ શકે." તેથી આત્મસન્તાનમાં

---

□ ક્યાંક 'तु' પાઠ. 1 यद्यन्यः किं नित्यः किं वा क्षणिक इति ? नित्यपक्षे। भवति प्रतिज्ञाहानिः इतरस्मिन् तु पूर्वदोषास्तु।।

***एतेन*** प्रकृते वासनासङ्क्रमकल्पनाऽपि ***पराकृता***,

वासनायाः पर्यायरूपत्वात्, "पर्यायस्य च वस्त्वन्तरसङ्क्रमाऽयोगाद्" (वि.आ.भा.१०८३ मल.वृ.) इति व्यक्तं **विशेषावश्यकभाष्यमलधारवृत्तौ**। सान्वयनाश एव सङ्क्रमसम्भवात्, निरन्वयक्षणभङ्गपक्षे वास्य-वासकसंयोगाऽसम्भवेन वासनाया अयोगात्। तदुक्तं **विशेषावश्यकभाष्ये** [1]"सा वि हु वासंत -वासणिज्जाणं। जुत्ता समेच्च दोण्हं, न उ जम्माणंतरहयस्स।।" (वि.आ.भा.१६७७) इति। 'सा = वासना', शिष्टं स्पष्टम्। पौर्वापर्यं तु न वासनासङ्क्रमनियामकम्, अतिप्रसङ्गात्। तदुक्तम् **अध्यात्मसारे यशोविजय**वाचकैः "एकद्रव्यान्वयाऽभावाद् वासनासङ्क्रमश्च न। पौर्वापर्यं हि भावानां सर्वत्राऽतिप्रसक्तिमद्।।" (अ.सा.१३/३५) इति।

---

સંસ્કારના સંક્રમણની બુદ્ધસંમત માન્યતા વ્યાજબી નથી.

### ✡ સંસ્કાર સંક્રમણની વિચારણા ✡

**બૌદ્ધ** :- (एतेन.) ના, તમારી વાત વ્યાજબી નથી. સંતાનવાદી એવા અમારા મતમાં પ્રસ્તુતમાં કાર્ય-કારણભાવ સંભવી શકે છે. આનું કારણ એ છે કે રૂપાદિના સંસ્કારનો સંક્રમ રૂપાદિમાં જ થાય છે, આલોકાદિમાં નહિ. તેથી રૂપાદિ જ રૂપાદિસંતાનવર્તી છે, આલોકાદિ પદાર્થ નહિ. તેથી રૂપાદિ પ્રત્યે જ રૂપાદિ ઉપાદાનકારણ છે, આલોકાદિ પ્રત્યે નહિ.

### ❋ બૌદ્ધમતમાં સંસ્કારસંક્રમનો અસંભવ ❋

**જૈન** :- (**वास.**) ના, તમારી આ દલીલનું પણ અમારા ઉપરોક્ત કથન દ્વારા નિરાકરણ થઈ જાય છે. કારણ કે વાસના પર્યાયસ્વરૂપ છે. તથા 'પર્યાયનો બીજી વસ્તુમાં સંક્રમ ન થઈ શકે' - આમ **વિશેષાવશ્યકભાષ્યમલધારવ્યાખ્યા**માં સ્પષ્ટપણે જણાવેલ છે. આ બાબત અનુભવસિદ્ધ પણ છે. વળી, તમે બૌદ્ધો તો નિરન્વયનાશ માનો છો. સાન્વયનાશ માનતા નથી. તથા સંસ્કારસંક્રમ તો સાન્વયનાશ માનો તો જ સંભવી શકે. કોઈક સ્વરૂપે કારણનો અન્વય = અનુગમ ઉત્તરવર્તી પદાર્થમાં થાય તે રીતે કારણનો નાશ (= સાન્વયનાશ) થાય તો જ ઉત્તરક્ષણવર્તી કાર્યમાં તેના સંસ્કારનો સંક્રમ થઈ શકે. બૌદ્ધમતે પૂર્વવર્તી રૂપાદિ ક્ષણનો સંપૂર્ણતયા નાશ = નિરન્વય નાશ થતો હોવાથી રૂપાદિના સંસ્કારનું સંક્રમણ ઉત્તરકાલવર્તી રૂપાદિમાં કઈ રીતે થઈ શકે ? કેમ કે સંક્રમણસમયે વાસ્ય-વાસકનો સંયોગ અસંભવિત હોવાથી સંસ્કારસંક્રમણ પણ થઈ ન જ શકે. તેથી જ **વિશેષાવશ્યકભાષ્ય**માં જણાવેલ છે કે 'ઉત્પત્તિ પછીની જ ક્ષણે સર્વથા સર્વ વસ્તુનો નાશ થઈ જાય તો વાસના = સંસ્કાર થઈ ન શકે. પરંતુ વાસ્ય-વાસક બન્ને ભેગા થાય તો જ સંસ્કાર યુક્તિસંગત બને.' ક્ષણોમાં રહેલ પૂર્વોત્તરભાવને તો સંસ્કારસંક્રમણનું નિયામક ન જ માની શકાય. કેમ કે તેવું માનવામાં તો અકાર્યમાં પણ સંસ્કારસંક્રમણની આપત્તિ આવશે. તેથી જ **અધ્યાત્મસાર**માં **મહોપાધ્યાય શ્રીયશોવિજયજી** મહારાજે જણાવેલ છે કે 'અભિન્ન દ્રવ્યનો અન્વય, બૌદ્ધમત મુજબ, ઉત્તરવર્તી ક્ષણમાં માન્ય ન હોવાથી કારણીભૂત વસ્તુના સંસ્કારનો સંક્રમ પણ થઈ શકતો નથી. તથા ભાવોમાં રહેલ પૌર્વાપર્ય તો સર્વત્ર અતિપ્રસંગને લાવનારું છે.'

---

1. साऽपि खलु वासक-वासनीययोः। युक्ता समेत्य द्वयोर्न तु जन्माऽनन्तरहतस्य।।

पौर्वापर्यस्याऽकारणाऽकार्येषु अपि सत्त्वेन तत्राऽप्युपादानोपादेयभावकल्पना निरन्वयनाशवादि-बौद्धमते आपद्येतेति द्रव्ये नित्यस्वभावोऽप्यभ्युपगम्य इत्याशयः।

तदुक्तम् **अकलङ्कस्वामिना**ऽपि **सिद्धिविनिश्चये** बौद्धमतनिराकरणावसरे "कार्य-कारणता नैव, चित्तानां सन्ततिः कुतः ?। सन्तानान्तरवद् भेदात्, वास्य-वासकता कुतः ?।।" (सि.वि.४/३) इति। **तदीयस्वोपज्ञवृत्तौ** अपि "सत्यां च कार्य-कारणतायां कुतः क्वचित् सन्ताननियमः ? सर्वत्र सर्वेषाम् आनन्तर्याऽविशेषात्। सत्यपि वास्य-वासकता न भवत्येव, प्रत्यासत्तेरभावाद्" (सि.वि.४/३/स्वो.वृ./भा-१/पृ.२४०) इत्याद्युक्तम्।

### ❋ પૌર્વાપર્ય આપત્તિજનક ❋

(**पौर्वा.**) બૌદ્ધમત મુજબ, 'પૌર્વાપર્ય' શબ્દથી એવું અભિપ્રેત છે કે પૂર્વવર્તી = અવ્યવહિતપૂર્વવર્તી હોય તે ઉપાદાનકારણ બને. તથા અપરવર્તી = અવ્યવહિતઉત્તરક્ષણવૃત્તિ હોય તે ઉપાદેય = કાર્ય થાય. આ મુજબ ઉપાદાન-ઉપાદેયમાં પૂર્વાપરભાવ = પૌર્વાપર્ય બને. પરંતુ ફક્ત ઉપરોક્ત પૌર્વાપર્ય તો અકારણમાં અને અકાર્યમાં રહેવાના લીધે બૌદ્ધમતમાં અનિષ્ટ આપત્તિને લાવનારું બની જશે. રૂપોત્પત્તિકાલીન એવી ઉત્પત્તિને ધરાવનારા આલોક વગેરે પ્રત્યે પણ (રૂપજનક) પૂર્વવર્તી રૂપાદિને ઉપાદાનકારણ માનવા પડશે. તથા રૂપોત્પત્તિની અવ્યવહિત પૂર્વ ક્ષણે રહેનારા આલોકાદિને તથા ઘટ-પટાદિ પદાર્થને પણ અવ્યવહિત ઉત્તરક્ષણે ઉત્પન્ન થનારા રૂપ પ્રત્યે ઉપાદાનકારણ માનવા પડશે. તેથી નિરન્વયનાશવાદી બૌદ્ધના મતમાં ઉપાદાન-ઉપાદેયભાવ સુસંગત થઈ શકતો નથી. માટે દ્રવ્યમાં નિત્યસ્વભાવનો પણ સ્વીકાર કરવો જરૂરી છે. એવું અહીં તાત્પર્ય સમજવું.

### ❋ બૌદ્ધમતે વાસ્ય-વાસકભાવનો અસંભવ ❋

(**तदु.**) દિગંબર **અકલંકસ્વામીએ** પણ **સિદ્ધિવિનિશ્ચય** ગ્રંથમાં બૌદ્ધમતનું નિરાકરણ કરવાના અવસરે જણાવેલ છે કે "ચિત્તક્ષણોમાં કાર્ય-કારણભાવ જ સંગત થતો નથી. તો તેની સંતતિ કઈ રીતે સંભવે ? અન્ય સંતતિની જેમ વિવક્ષિત પૂર્વોત્તર ચિત્તક્ષણો પણ પરસ્પર ભિન્ન જ છે. તો પછી પૂર્વોત્તર ચિત્તક્ષણો વચ્ચે વાસ્ય-વાસકભાવ પણ ક્યાંથી સંભવે ?" ઉપરોક્ત કારિકાની **સ્વોપજ્ઞવ્યાખ્યામાં** પણ **અકલંકસ્વામીએ** આગળ વધીને જણાવેલ છે કે "કાર્ય-કારણભાવ હોય તો પણ સંતાનનું નિયમન ક્યાંય પણ કેવી રીતે સંભવે ? કારણ કે સર્વત્ર સંતાનોમાં સંતાનીઓનું = ક્ષણોનું આનન્તર્ય તો એકસરખું જ છે. (તેથી આલોકક્ષણ પ્રત્યે પૂર્વવર્તી રૂપાદિ ક્ષણોને ઉપાદાનકારણ માનવાની આપત્તિ તો પૂર્વે જણાવ્યા મુજબ દુર્વાર જ રહેશે. તથા પોતાના સન્તાનમાં રહેલી પૂર્વોત્તર ક્ષણોમાં ઉપાદાન-ઉપાદેયભાવ માનવામાં આવે તો ઉપરની આપત્તિનું વારણ કદાચ શક્ય બને. પણ પરમાર્થથી સ્થિર સંતાન જ વિદ્યમાન ન હોવાથી તે પણ શક્ય નથી. કદાચ અભ્યુપગમવાદથી) સંતાન વિદ્યમાન હોય તો પણ પૂર્વ ચિત્તક્ષણ વાસક બને અને ઉત્તર ચિત્તક્ષણ વાસ્ય બને - આવું નિયમન તો બૌદ્ધમતે નહિ જ થાય. કારણ કે નિરન્વય ક્ષણિક સિદ્ધાન્તમાં પૂર્વોત્તર ક્ષણો વચ્ચે કોઈ સંબંધ જ નથી હોતો."

જે માટઈં અન્વય વિના શક્તિમાત્રઈં ઉપાદાનતા ❖નિમિત્તમાંહિં પણિં કહી✱ સકાઇં. તે માટઈં ઉપાદાન તે અન્વયી માનવું.

***न च*** रूपादिजननशक्तिविशेषयोगाद्रूपादौ रूपाद्युपादानकारणता नाऽऽलोकोपादानकारणतेति ***वाच्यम्,*** निर्हेतुक-निरन्वयनाशमतानुसारेण उपादेये सर्वथैव कारणान्वयविरहेण 'रूपादौ रूपादिजननशक्तिः वर्तते, न त्वालोकादिजननशक्तिः' इति नियन्तुमशक्यत्वात्, उत्तरकालीनोभयतोऽपि पूर्वकालीनस्य रूपादेः स्वतो विलक्षणत्वात्।

इत्थञ्चाऽऽलोकादिनिमित्तकारणविधयाऽभिमतेऽपि रूपादौ आलोकाद्युपादानकारणताऽऽपत्तिर्वज्रलेपायितैव। तस्मादुपादानकारणस्य कथञ्चिदन्वयोऽभ्युपगन्तव्य एव। युक्तञ्चैतत्, उपादेयेऽन्वयि

## ❀ રૂપાદિજનક શક્તિની મીમાંસા ❀

**બૌદ્ધ** :- (**न च.**) અમે નિરન્વયનાશ માનીએ છીએ તેમ છતાં અમારા મતમાં પ્રસિદ્ધ ઉપાદાન-ઉપાદેયભાવ સંગત થઈ શકે છે. તે આ રીતે - રૂપાદિમાં રૂપાદિને જ ઉત્પન્ન કરવાની શક્તિ રહેલી છે, આલોકાદિને ઉત્પન્ન કરવાની નહિ. તેથી રૂપાદિ પ્રત્યે જ રૂપાદિ ઉપાદાનકારણ બનશે, આલોકાદિ પ્રત્યે નહિ. જેમાં જેને ઉત્પન્ન કરવાની શક્તિ જ ન હોય તે તેનું ઉપાદાનકારણ કઈ રીતે બની શકે ?

## ❀ નિરન્વયનાશમતમાં શક્તિનો અયોગ ❀

**જૈન** :- (**निर्हेतुक.**) ના, તમારી ઉપરોક્ત દલીલ પણ વ્યાજબી નથી. કારણ કે તમે બૌદ્ધો તો વસ્તુનો નિર્હેતુક નાશ = સ્વતઃ નાશ માનો છો તથા નિરન્વય નાશ (= સંપૂર્ણતયા ઉપાદાનકારણસહિત કાર્યનો નાશ) માનો છો. તેથી તમારા મત મુજબ તો રૂપાદિ કાર્યમાં કોઈ પણ પ્રકારે કારણનો અન્વય = અનુગમ તો સંભવતો જ નથી. તેથી 'રૂપાદિમાં રૂપાદિને જ ઉત્પન્ન કરવાની શક્તિ હોય. આલોકાદિને ઉત્પન્ન કરવાની શક્તિ રૂપાદિમાં ન હોય' - આવું નિયમન કરવું શક્ય જ નથી. ઉત્તરવર્તી આલોક અને રૂપાદિ - આ બન્ને કરતાં પૂર્વવર્તી રૂપાદિ તદ્દન વિલક્ષણ = સ્વલક્ષણ = સ્વતો વિલક્ષણ જ છે. તેથી પૂર્વવર્તી રૂપાદિમાં એકને ઉત્પન્ન કરવાની શક્તિ હોય અને બીજાને ઉત્પન્ન કરવાની શક્તિ ન હોય - તેવું કેમ બની શકે ? ઉત્તરવર્તી રૂપાદિમાં પૂર્વવર્તી રૂપાદિનો કોઈ અન્વય નથી કે જેના લીધે તમે બૌદ્ધો એમ કહી શકો કે 'રૂપાદિમાં રૂપાદિજનક શક્તિ છે, આલોકાદિજનક શક્તિ નથી.' તેથી ઉપાદાન-ઉપાદેયભાવની સંગતિ બૌદ્ધદર્શનમાં થઈ શકતી નથી.

## ❀ બૌદ્ધમતમાં નિમિત્ત ઉપાદાન બનવાની આપત્તિ ❀

(**इत्थ.**) આ રીતે સ્વતો નિરન્વય નાશને માનનારા બૌદ્ધના મતમાં આલોકાદિના નિમિત્તકારણ તરીકે માન્ય એવા રૂપાદિમાં આલોકાદિની ઉપાદાનકારણતા માનવાની આપત્તિ વજ્રલેપ જેવી જ થશે. આવી આપત્તિને ટાળવા ઉપાદાનકારણનો કાર્યમાં કથંચિત્ અન્વય માનવો જ જોઈએ. તો જ આલોકાદિમાં રૂપાદિનો અન્વય ન હોવાથી આલોકાદિ પ્રત્યે રૂપાદિને ઉપાદાનકારણ માનવાની આપત્તિનું નિવારણ થઈ શકશે. કાર્યમાં ઉપાદાનકારણનો અન્વય માનવાની વાત વ્યાજબી જ છે. કારણ કે કાર્યમાં જેનો

❖ આ.(૧)માં 'નિમિત્તમાં હોઈ' પાઠ. ✱ કહી ન સકાઈ. B(૨) + **પાલિ૦** + **દ્રવ્યાનુયોગતર્કણા.**

અન્વયિપણું તેહ જ નિત્યસ્વભાવ.

एवोपादानमुच्यते, कार्योत्पादकालेऽपि उपादानान्वयोपलब्धेः। अन्वयित्वमेव द्रव्यत्वाऽवच्छिन्ने नित्य-स्वभाव उच्यते।

प्रकृते "नाऽभावो भावतां याति, शशशृङ्गे तथाऽगतेः। भावो नाऽभावमेतीह, तदुत्पत्त्यादिदोषतः।।" (शा.वा.स.४/११) इति **शास्त्रवार्त्तासमुच्चय**कारिकाऽपि स्मर्तव्या। तदुक्तं पूर्वोक्ते (२/८) **भगवद्गीता**श्लोके अपि "नाऽसतो विद्यते भावः, नाऽभावो विद्यते सतः" (भ.गी.२/१६)। यथोक्तं **साङ्ख्यसूत्रे**ऽपि "नाऽवस्तुनो वस्तुसिद्धिः" (सा.सू.१/७८)। पूर्वोक्तः (२/८) ओघशक्तिप्रबन्धोऽत्रानुसन्धेयः। "अन्वयाऽविनाभूतो व्यतिरेकः व्यतिरेकाऽविनाभूतश्चान्वयः इति वस्तुस्वभावः" (अ.ज.प.पृ.१२) इति **अनेकान्तजयपताका**वचनमपि नैव विस्मर्तव्यमत्र। व्यतिरेकसहभाविना अन्वयेन एकान्तक्षणिकता निराक्रियत इत्याशयः।

किञ्च, निरन्वयनाशाऽभ्युपगमे सर्वशून्यताऽऽपत्तिः दुर्वारा। तदुक्तं **विशेषावश्यकभाष्यवृत्तौ**

અન્વય જોવા મળે તેને જ ઉપાદાનકારણ કહેવાય છે. કાર્યની ઉત્પત્તિ થાય તે સમયે પણ કાર્યમાં ઉપાદાનનો અન્વય જોવા મળે જ છે. ઘડો ઉત્પન્ન થઈ રહેલો હોય કે ઉત્પન્ન થઈ ચૂક્યો હોય તેમાં મૃત્તિકાદ્રવ્યનો અન્વય જોવા મળે જ છે. માટે જ માટીને ઘડાનું ઉપાદાનકારણ કહેવાય છે. આમ કાર્યમાં ઉપાદાનકારણનો અન્વય જોવા મળે છે. તેથી અન્વયિત્વ = અનુગામીપણું એ જ ઉપાદાનકારણનો નિત્યસ્વભાવ કહેવાય છે. તમામ દ્રવ્યમાં આવો નિત્યસ્વભાવ હોય જ છે.

### ❊ અભાવ ભાવ ન બને, ભાવ અભાવ ન બને ❊

(प्रकृ.) પ્રસ્તુતમાં શ્રી**હરિભદ્રસૂરિ**રચિત **શાસ્ત્રવાર્તાસમુચ્ચય** ગ્રંથની એક કારિકા યાદ કરવા યોગ્ય છે. ત્યાં બૌદ્ધમતની સમીક્ષા કરતાં જણાવેલ છે કે "અભાવ ક્યારેય પણ ભાવ કાર્ય સ્વરૂપે પરિણમી ન શકે. કારણ કે સસલાનું શીંગડું ભાવસ્વરૂપે પરિણમી જતું હોય તેમ જણાતું નથી. તથા ભાવ પદાર્થ ક્યારેય પણ તુચ્છ અભાવાત્મક બની ન શકે. બાકી તો તુચ્છ એવા અભાવની ઉત્પત્તિ વગેરેને માનવાની આપત્તિ આવે." માટે 'ઉત્પન્ન થયેલ ભાવ પદાર્થ બીજી જ ક્ષણે સર્વથા નાશ પામી જાય' - આવી બૌદ્ધમાન્યતા અપ્રામાણિક સિદ્ધ થાય છે. પૂર્વોક્ત (૨/૮) **ભગવદ્ગીતાશ્લોક**માં પણ જણાવેલ છે કે 'જે અસત્ હોય તેની ઉત્પત્તિ નથી થતી. તથા જે સત્ હોય તેનો ઉચ્છેદ થતો નથી.' **સાંખ્યસૂત્ર**માં પણ જણાવેલ છે કે 'અવસ્તુથી વસ્તુની સિદ્ધિ ન થાય.' તેથી નિરન્વયનાશ અને નિરન્વયનષ્ટ અસત્ કારણક્ષણ દ્વારા સત્ કાર્યની ઉત્પત્તિ - આ બન્ને બૌદ્ધસંમત બાબત મિથ્યા સિદ્ધ થાય છે. અહીં પૂર્વે બીજી શાખામાં જણાવેલ ઓઘશક્તિપ્રબંધનું પણ અહીં અનુસંધાન કરવું. "અન્વય વિના વ્યતિરેક રહેતો નથી. અને વ્યતિરેક વિના અન્વય રહેતો નથી. આ પ્રમાણે વસ્તુનો સ્વભાવ છે" - આ મુજબ શ્રી**હરિભદ્રસૂરિ**જીએ **અનેકાંતજયપતાકા**માં જણાવેલ છે. તે પણ અહીં ભૂલવા યોગ્ય નથી. વ્યતિરેકસહભાવી અન્વયથી એકાંતક્ષણિકતાનું નિરાકરણ થઈ જશે. આ મુજબ આશય સમજવો.

### ❊ નિરન્વયનાશમતમાં સર્વશૂન્યતા આપત્તિ ❊

(किञ्च.) વળી, નિરન્વયનાશનો સ્વીકાર કરવામાં આવે તો સર્વશૂન્યતાની આપત્તિ બૌદ્ધમતમાં

"यदि हि यद् यद् देव-नारकादिकं घट-पटादिकं च विनश्यति तत् तत् सर्वथा निरन्वयम् अपैति तदा कालस्य अपर्यवसितत्वात् क्रमेण सर्वस्य अपि जीव-पुद्गलराशेः व्यवच्छेदात् सर्वमेव विश्वं शून्यं स्याद्" (वि.आ.भा.५३७) इति। सर्वशून्यतोपगमे च बौद्धदीक्षा-पञ्चशीलपालनादिवैयर्थ्यमेव। ततश्च मोक्ष-पुरुषार्थोच्छेदापत्तिः। ततश्चैकान्ताऽनित्यस्वभावो न युज्यते।

वस्तुतस्तु एकान्तक्षणिकत्वादिसाधका हेतवः असिद्ध-विरुद्धाऽनैकान्तिकत्वदोषग्रस्ता एवाऽवसेयाः। तदिदमभिप्रेत्योक्तम् **अकलङ्कस्वामिना सिद्धिविनिश्चये प्रमाणसङ्ग्रहे** च "असिद्धः सिद्धसेनस्य, विरुद्धो देवनन्दिनः। द्वेधा समन्तभद्रस्य, हेतुरेकान्तसाधने।।" (सि.वि.६/२१, प्र.स.५६) इति। **शान्तिसूरिभिः न्यायावतारसूत्रवार्त्तिके वादिदेवसूरि**भिश्च **स्याद्वादरत्नाकरे** "असिद्धः सिद्धसेनस्य, विरुद्धो मल्लवादिनः। द्वेधा समन्तभद्रस्य, हेतुरेकान्तसाधने।।" (न्या.सू.वा.३/५३/पृ.१०७, स्या.र.६/५७/पृ. १०३२) इत्येवं सर्वत्र श्वेताम्बराचार्योल्लेखोऽकारि। अधिकं तु तद्वृत्तितोऽवसेयम्।

---

દુર્વાર થશે. તેથી જ **વિશેષાવશ્યકભાષ્યવૃત્તિ**માં શ્રી**હેમચન્દ્રસૂરિ**જીએ જણાવેલ છે કે "જે જે દેવ-નારક વગેરે સજીવ વસ્તુ છે તથા જે જે ઘટ-પટ વગેરે અજીવ વસ્તુ છે તે તે જો સર્વથા નિરન્વય = ઉપાદાનકારણસહિત નાશ પામે તો કાલ અનંત હોવાથી ક્રમસર તમામ જીવરાશિનો અને પુદ્ગલરાશિનો નાશ થવાથી આખું જ વિશ્વ શૂન્ય થઈ જવાની આપત્તિ આવે." તથા જો બૌદ્ધ લોકો સર્વશૂન્યતાનો સ્વીકાર કરે તો બૌદ્ધદીક્ષા, પંચશીલપાલન વગેરે બૌદ્ધમતમાં નિરર્થક જ બની જાય. તેથી તો મોક્ષ-પુરુષાર્થનો જ ઉચ્છેદ થવાની સમસ્યા બૌદ્ધમતમાં સર્જાય. માટે વસ્તુનો એકાન્તે અનિત્યસ્વભાવ માનવો વ્યાજબી નથી.

### ❀ એકાન્તસાધક હેતુ અસિદ્ધ-વિરુદ્ધ-અનૈકાન્તિક ❀

(**वस्तु.**) વાસ્તવમાં તો એકાન્તક્ષણિકત્વ = નિરન્વયક્ષણભંગ વગેરેને સિદ્ધ કરનારા હેતુઓ અસિદ્ધત્વ, વિરુદ્ધત્વ અને અનૈકાન્તિકત્વ દોષથી ગ્રસ્ત જ જાણવા. મતલબ કે એકાન્તવાદીએ રજૂ કરેલા હેતુઓ પક્ષમાં વાસ્તવિક રીતે ન રહેવાથી અસિદ્ધ છે. દા.ત. 'सर्वं क्षणिकम्, सत्त्वात्' - અહીં અર્થક્રિયાકારિત્વ સ્વરૂપ સત્ત્વ નામનો બૌદ્ધસંમત હેતુ એકાન્તક્ષણિક એવી કોઈ પણ વસ્તુમાં વાસ્તવિક રીતે ન રહી શકવાથી અસિદ્ધ બને. ઊલટું, અર્થક્રિયાકારિત્વરૂપ સત્ત્વ તો ક્ષણિકત્વના અભાવને સિદ્ધ કરવાથી વિરુદ્ધ બને. તથા ક્ષણિકત્વની વ્યાપ્તિ સત્ત્વ હેતુમાં ન રહેવાથી 'सत्त्व' હેતુ વ્યભિચારી = અનૈકાન્તિક બને. આ જ અભિપ્રાયથી **અકલંકસ્વામી**એ **સિદ્ધિવિનિશ્ચય** તથા **પ્રમાણસંગ્રહ** ગ્રંથમાં જણાવેલ છે કે "એકાન્ત (ક્ષણિકત્વાદિ) ને સાધવામાં **સિદ્ધસેન દિવાકરજી**ના મતે હેતુ અસિદ્ધ = સ્વરૂપાસિદ્ધ છે, **દેવનંદી** આચાર્યના મતે વિરુદ્ધ છે, **સમન્તભદ્રસૂરિ**ના મતે દ્વેધા = સાધ્ય-સાધ્યાભાવઉભયસંબદ્ધ = અનૈકાન્તિક છે." શ્વેતાંબરશિરોમણિ શ્રી**વાદિદેવસૂરિ**જીએ **સ્યાદ્વાદરત્નાકર**માં તથા શ્રી**શાંતિસૂરિ**જીએ **ન્યાયાવતારસૂત્રવાર્ત્તિક**માં આવા ભાવનો જે શ્લોક દર્શાવેલ છે ફક્ત તેમાં **દેવનંદી**ના બદલે **મલ્લવાદી** સૂરિજીનો ઉલ્લેખ કરેલો છે. આ રીતે **વાદિદેવસૂરિ**જીએ ત્રણેય શ્વેતાંબરાચાર્ય ભગવંતોના નામનો નિર્દેશ ત્યાં કર્યો છે. આ વાત વિજ્ઞ વાચકવર્ગે ખ્યાલમાં રાખવી. આ અંગે અધિક જાણકારી તેના વિવરણમાંથી મેળવી લેવી.

प्रकृते "एकान्तवादिपक्षोक्ता असिद्धाः सर्वहेतवः। विरुद्धा ज्ञातमप्येषां साध्यादिपरिवर्जितम्।।" (प्र.ल.८१) **प्रमालक्षण**कारिकाऽपि न विस्मर्तव्या।

***एतेन*** यत् सत् तत् क्षणिकम्, दीपशिखादिवदित्येकान्तो ***निरस्तः***, अर्थक्रियाकारित्वलक्षणस्य सत्त्वस्य एकान्तक्षणिके वस्तुनि असत्त्वेन स्वरूपाऽसिद्धत्वात्, सत्त्वस्य नित्यताऽनुविद्धानित्यत्वलक्षणाऽनेकान्तव्याप्यत्वेन विरुद्धत्वात्, अनैकान्तिकत्वाच्च।

इह "यत् सत् सर्वम् अनेकान्तात्मकं तत्। एकान्तस्य असत्त्वम्, उपलब्धिलक्षणप्राप्तौ अनुपलभ्यमानत्वाद्" (सि.वि.१/९/भाग-१/पृ.३९ वृ.) इति **सिद्धिविनिश्चयस्वोपज्ञवृत्तौ अकलङ्कस्वामि**वचनं स्मर्तव्यम्। नित्यत्वाऽनित्यत्व-सत्त्वाऽसत्त्व-भेदाऽभेद-वाच्यत्वाऽवाच्यत्वादिविरुद्धधर्मयुगलापेक्षया सत्त्वव्यापिका अनेकान्तात्मकता अत्र भावनीया।

## ➤ એકાન્તવાદીનું દૃષ્ટાન્ત પણ સાધ્યશૂન્ય ➤

(प्रकृ.) **પ્રમાલક્ષણ**માં **શ્રીજિનેશ્વરસૂરિ**એ બનાવેલી એક કારિકા પણ પ્રસ્તુતમાં ભૂલવી નહિ. ત્યાં જણાવેલ છે કે "એકાન્તવાદીના પક્ષમાં જણાવેલા તમામ હેતુઓ અસિદ્ધ = પક્ષમાં અવિદ્યમાન છે. તથા વિરોધદોષથી ગ્રસ્ત છે. તેમજ એકાન્તવાદીઓના ઉદાહરણ પણ સાધ્ય વગેરેથી શૂન્ય હોય છે." જેમ કે यत् सत् तत् क्षणिकम्, यथा जलधरादयः' - આ બૌદ્ધસંમત અનુમાનમાં દૃષ્ટાન્ત તરીકે જણાવેલ વાદળા વગેરેમાં ક્ષણમાત્રસ્થાયિત્વ રહેતું નથી. વાદળા વગેરે અનેક ક્ષણ સુધી રહે છે. તેથી એકાન્તવાદીના દૃષ્ટાન્ત પણ સાધ્યશૂન્યતા વગેરે દોષથી કલંકિત હોય છે. બાકીની વિગત ઉપર સ્પષ્ટ છે.

## ✡ ક્ષણિકત્વસાધક હેતુમાં ચાર દોષ ✡

(एतेन.) 'જે સત્ હોય તે ક્ષણિક હોય જેમ કે દીપકજ્યોત વગેરે' - આ પ્રમાણે બૌદ્ધસંમત એકાન્તનું પણ ઉપર મુજબ નિરાકરણ થઈ જાય છે. કારણ કે (૧) ઉપરોક્ત ઉદાહરણ સાધ્યશૂન્ય છે. તેમજ (૨) પ્રસ્તુતમાં ક્ષણિકત્વને સાધવા માટે સત્ત્વ નામનો જે હેતુ બૌદ્ધને માન્ય છે તે અર્થક્રિયાકારિત્વસ્વરૂપ છે. તથા એકાન્ત ક્ષણિક વસ્તુમાં તો અર્થક્રિયાકારિત્વસ્વરૂપ સત્ત્વ નામનો હેતુ જ રહેતો નથી. પક્ષમાં હેતુ ન રહેવાથી સ્વરૂપઅસિદ્ધિ નામનો દોષ લાગુ પડે છે. (૩) ઊલટું સત્ત્વ તો નિત્યત્વમિશ્રિત અનિત્યત્વ સ્વરૂપ અનેકાન્તનું વ્યાપ્ય છે. એકાન્તક્ષણિકત્વ નામના બૌદ્ધમાન્ય સાધ્ય કરતાં વિરુદ્ધ એવા નિત્યત્વમિશ્રિતઅનિત્યત્વાત્મક અનેકાન્તનું વ્યાપ્ય હોવાથી સત્ત્વ હેતુ વિરુદ્ધ હેત્વાભાસસ્વરૂપ પણ બને છે. સાધ્યાભાવ સાધક હેતુને વિરુદ્ધ કહેવાય છે. તથા (૪) એકાન્તક્ષણિકત્વ નામના સાધ્યથી શૂન્ય એવી નિત્યાનિત્ય વસ્તુમાં સત્ત્વ નામનો હેતુ રહેવાના લીધે અનૈકાન્તિકતા = વ્યભિચાર દોષ પણ લાગુ પડે છે. સાધ્યાભાવાશ્રયમાં વૃત્તિત્વ એ તો પ્રસ્તુત અનૈકાન્તિકતા દોષનું લક્ષણ છે.

## ❈ સત્ત્વ અનેકાન્તવ્યાપ્ય ❈

(इह.) **સિદ્ધિવિનિશ્ચયસ્વોપજ્ઞવૃત્તિ**માં **અકલંકસ્વામી**ની વાતને અહીં યાદ કરવી. ત્યાં જણાવેલ છે કે "જે સત્ હોય તે તમામ અનેકાન્તાત્મક હોય. એકાન્ત તો અસત્ છે. કારણ કે તેને જાણવાની સામગ્રી હાજર હોવા છતાં પણ તે જણાતું નથી." સત્ત્વવ્યાપક અનેકાન્તાત્મકતા અહીં નિત્યત્વાનિત્યત્વ,

'यत् सत् तत् क्षणमात्रस्थितिकम्, दीपशिखादिवदि'त्यत्रोदाहरणं षट्क्षणस्थायित्वात् साध्यशून्यम्। तदुक्तं **प्रमालक्षणप्रकरणे जिनेश्वरसूरिभिः** "यत् सत् तत् क्षणिकं ज्ञेयं यथा दीपशिखादयः। साध्येन विकलं ज्ञातं षट्क्षणस्थायिनो ह्यमी।।" (प्र.ल.९३) इति।

किञ्चैकान्तानित्यपक्षे तृप्ति-श्रम-स्मरणादीनामप्यनुपपत्तिः, तेषां नानाक्षणस्थायिवस्तुनान्तरीयकत्वात्। इदमभिप्रेत्योक्तं **विशेषावश्यकभाष्ये** [1]"तित्ती समो किलामो सारिक्ख-विवक्ख-पच्चयाईणि। अज्झयणं झाणं भावणा य का सव्वनासम्मि ?।।" (वि.आ.भा.२४०४) इत्यादिकं विस्तरेण।

प्रकृते [2]"पज्जयमित्तं तच्चं विणस्सरं खणे खणे वि अण्णण्णं। अण्णइदव्वविहीणं ण य कज्जं किं पि

સત્ત્વાસત્ત્વ, ભેદાભેદ, વાચ્યત્વાવાચ્યત્વ વગેરે વિરુદ્ધ ધર્મયુગલોની અપેક્ષાએ ઊંડાણથી વિચારવી.

### ❀ બૌદ્ધસંમત દૃષ્ટાંત સાધ્યશૂન્ય ❀

(**'यत्**.) 'જે સત્ હોય તે ક્ષણમાત્રસ્થાયી હોય, દીપજ્યોત વગેરેની જેમ' - આ પ્રમાણે બૌદ્ધે જે અનુમાનપ્રયોગ કરેલ છે, તેમાં દૃષ્ટાંત સાધ્યશૂન્ય છે. દીપજ્યોત માત્ર એક ક્ષણ સુધી નથી રહેતી પરંતુ છ ક્ષણ સુધી તે ટકે છે. તેથી બૌદ્ધસંમત ઉદાહરણમાં ક્ષણમાત્રસ્થિતિકત્વ નામનું સાધ્ય ન રહેવાથી સાધ્યવૈકલ્ય દોષ રહેલો છે. આ અંગે **પ્રમાલક્ષણ**માં **જિનેશ્વરસૂરિજી**એ જણાવેલ છે કે "જે સત્ હોય તેને ક્ષણિક = ક્ષણમાત્રસ્થાયી જાણવું. જેમ કે દીપશિખા વગેરે - આ મુજબ બૌદ્ધે કરેલા અનુમાનપ્રયોગમાં ઉદાહરણ સાધ્યથી વિકલ = રહિત છે. કેમ કે દીપશિખા વગેરે છ ક્ષણ સુધી ટકે છે."

### ❀ એકાન્તક્ષણિકપક્ષમાં તૃપ્તિ, શ્રમ, સ્મરણ આદિનો અસંભવ ❀

(**किञ्चै**.) વળી, બીજી મહત્ત્વપૂર્ણ વાત એ છે કે એકાન્તઅનિત્યપક્ષમાં બીજી જ ક્ષણે દરેક વસ્તુનો સર્વથા નાશ થઈ જવાના લીધે તૃપ્તિ, શ્રમ, સ્મરણ વગેરેની પણ અસંગતિ જ રહેશે. કારણ કે એક જીવ વગેરે સ્વરૂપ આધાર અનેક ક્ષણ સુધી ટકે તો જ ભોજનમાં તૃપ્તિ વગેરે સંભવે. જો એક જ સમય જીવ જીવવાનો હોય તો તેમાં કઈ રીતે ભોજનઉત્તરકાલીન તૃપ્તિ, દીર્ઘકાલીનપ્રવૃત્તિજન્ય શ્રમ વગેરે સંભવે ? આ જ અભિપ્રાયથી **વિશેષાવશ્યકભાષ્ય**માં જણાવેલ છે કે "(૧) તૃપ્તિ, (૨) પરિશ્રમ = થાક, (૩) ગ્લાનિ = માંદગી, (૪) સાધર્મ્ય, (૫) વૈધર્મ્ય, (૬) પ્રત્યય = પ્રત્યભિજ્ઞા આદિ (= તપાસ, સ્મરણ વગેરે), (૭) વારંવાર શાસ્ત્રપરિશીલન, (૮) ધ્યાન અને (૯) ભાવના એકાન્તક્ષણિકપક્ષમાં કઈ રીતે સંભવે ?" અર્થાત્ ન જ સંભવે. ત્યાં વિસ્તારથી આ બાબતની છણાવટ કરેલી છે.

### ❀ ક્ષણિક વસ્તુ અર્થક્રિયાકારી ન બને ❀

(**प्रकृ**.) પ્રસ્તુતમાં દિગંબર **સ્વામિકુમારે** રચેલ **કાર્ત્તિકેયાનુપ્રેક્ષા**ની ત્રણ ગાથા અહીં યાદ કરવી કે - 'ક્ષણે-ક્ષણે અન્ય-અન્યસ્વરૂપે થનાર વિનશ્વર પર્યાયમાત્ર જ જો પારમાર્થિક તત્ત્વ હોય તો તે ખરેખર અન્વયી દ્રવ્ય વિના કોઈ પણ કાર્યને કરી ન શકે. અન્વયી વસ્તુઓમાં ત્રણેય કાળમાં નવા-નવા વિશેષ પ્રકારના કાર્યો પ્રત્યેક સમયે પૂર્વ તથા ઉત્તર પરિણામની અપેક્ષાએ ઉત્પન્ન થાય છે. પૂર્વ પરિણામથી

1. तृप्तिः श्रमः क्लमः सादृश्य-विपक्ष-प्रत्ययादीनि। अध्ययनं ध्यानं भावना च का सर्वनाशे ?।।
2. पर्यायमात्रं तत्त्वं विनश्वरं क्षणे क्षणे अपि अन्यद् अन्यत्। अन्वयिद्रव्यविहीनं न च कार्यं किम् अपि साधयति।।

साहेदि।। [1]णव-णवकज्जविसेसा तीसु वि कालेसु होंति वत्थूणं। एक्केक्कम्मि य समये पुव्वुत्तरभावमासज्ज।। [2]पुव्वपरिणामजुत्तं कारणभावेण वट्टदे दव्वं। उत्तरपरिणामजुदं तं चिय कज्जं हवे णियमा।।" (का.अ.२२८/२२९/२३०) इति **कार्त्तिकेयाऽनुप्रेक्षागाथाः** स्मर्तव्याः। इदमेवाभिप्रेत्य **प्रमालक्षणे जिनेश्वरसूरिणा** "क्षणिकोऽप्यर्थक्रियाकारी कुतो मानाद् विनिश्चितम् ?" (प्र.ल.७६) इत्युक्तम्। ***एतेन*** "क्षणिकाः सर्वसंस्काराः, अस्थितानां कुतः क्रिया ?। भूतिर्येषां क्रिया सैव, कारकं सैव चोच्यते।।" (बो.च.प.पृ.३७६) इति **बोधिचर्यावतारपञ्जिकायां शान्तिदेववचनम्** ***अपहस्तितम्***, तृप्ति-श्रम-प्रत्यभिज्ञाद्यनुपपत्तेः।

किञ्च, एकान्तक्षणिकपक्षे एककर्तृकदानफललाभ-बन्ध-मोक्षव्यवस्थाऽनुपपत्तिः। तदुक्तं **सूराचार्येण दानादिप्रकरणे** "क्षणेन दातरि क्षीणे भोक्ता दानफलस्य कः ?। क्षणोऽन्यश्चेत् कृतध्वंसः स्यादेवं चाकृतागमः।। विनाशे प्राणिनोः सद्यो हिंसा-ध्यानादिकारिणोः। बन्ध-मोक्षौ कयोः स्यातामन्ययोश्चेदहेतुकौ।।" (दा.प्र.५/२८-२९) इति। क्षणिकेऽर्थक्रियाविरहः **सम्मतितर्कवृत्तौ** (३/६०/पृ.७२८) विस्तरतः स्थापितः।

યુક્ત દ્રવ્ય નિયમા કારણસ્વરૂપે હોય છે તથા તે જ દ્રવ્ય જ્યારે ઉત્તર પરિણામથી યુક્ત થાય છે ત્યારે અવશ્ય કાર્યસ્વરૂપ બને છે.' આ જ અભિપ્રાયથી **પ્રમાલક્ષણ**માં **શ્રીજિનેશ્વરસૂરિજી**એ જણાવેલ છે કે 'ક્ષણિક એવો પણ પદાર્થ અર્થક્રિયાકારી છે - આવો નિશ્ચય બૌદ્ધોએ કયા પ્રમાણથી કર્યો છે ?' મતલબ કે પ્રમાણથી અર્થક્રિયાકારિત્વ ક્ષણિક વસ્તુમાં સંભવતું નથી. તેથી 'સર્વ સંસ્કારો ક્ષણિક છે. તથા અસ્થિર = ક્ષણિક વસ્તુમાં ક્રિયા ક્યાંથી સંભવે ? ક્ષણિક વસ્તુઓની જે ઉત્પત્તિ છે, તે જ ક્રિયા કહેવાય છે તથા તે જ કારક કહેવાય છે' - આ પ્રમાણે **બોધિચર્યાવતારપંજિકા**માં બૌદ્ધાચાર્ય **શાંતિદેવે** જે જણાવેલ છે, તેનું પણ નિરાકરણ ઉપરોક્ત યુક્તિઓથી થઈ જાય છે. તૃપ્તિ, થાક, પ્રત્યભિજ્ઞા વગેરે અસંગત બનવાના લીધે સંસ્કારોને ક્ષણમાત્રજીવી માની ન શકાય.

### ॐ અનેકાંતવાદ સર્વ વ્યવહારનો પ્રાણ ॐ

**(किञ्च.)** વળી, એકાંતક્ષણિકપક્ષમાં જે દાન કરે તે જ જીવને દાનનું ફળ મળે આવી વ્યવસ્થા તથા જે જીવ બંધાય તે જ મુક્ત થાય આવી વ્યવસ્થા સંગત નહિ થઈ શકે. તેથી **સૂરાચાર્યજી**એ **દાનાદિપ્રકરણ**માં પાંચમા અવસરમાં જણાવેલ છે કે 'દાન કરનાર જો ક્ષણ વારમાં સર્વથા નાશ પામે તો દાનના ફળનો ભોક્તા કોણ બનશે ? જો અન્ય = દાતાભિન્નક્ષણ દાનના ફળને ભોગવે તો આ રીતે કૃતનાશ (કર્તાને ફળનો અભાવ) તથા અકૃતાગમ (દાન ન કરનારને દાનફળની પ્રાપ્તિ) - આ દોષ લાગુ પડશે. તેમજ હિંસા કરનાર જીવનો બીજી જ ક્ષણે જો સર્વથા નાશ થતો હોય તો કર્મબંધ કોને થશે ? તેમ જ ધ્યાન વગેરે કરનાર સાધક તરત જ સર્વથા નાશ પામે તો મોક્ષ કોનો થાય ? (અર્થાત્ આત્મા એકાંત ક્ષણિક હોય તો હિંસા-ધ્યાનાદિના કર્તાને ફળસ્વરૂપે કર્મબંધ અને મોક્ષ કઈ રીતે પ્રાપ્ત થાય ? ન જ થાય.) જો હિંસાદિના કર્તાથી ભિન્ન વ્યક્તિને કર્મબંધ વગેરે ફળ મળતું હોય તો બંધ અને મોક્ષ નિર્હેતુક થવાની આપત્તિ આવશે.' **સંમતિતર્કવ્યાખ્યા**માં 'ક્ષણિક પદાર્થ કોઈ પણ ક્રિયા કરી ન શકે' - આ બાબતનું વિસ્તારથી સ્થાપન કરવામાં આવેલ છે.

1. नव-नवकार्यविशेषाः त्रिषु अपि कालेषु भवन्ति वस्तूनाम्। एकैकस्मिन् च समये पूर्वोत्तरभावम् आसाद्य।।

2. पूर्वपरिणामयुक्तं कारणभावेन वर्त्तते द्रव्यम्। उत्तरपरिणामयुतं तद् एव कार्यं भवेद् नियमात्।।

"कर्म-तत्फलसम्बन्ध-बन्ध-मोक्षाद्यसङ्गतिः। स्फुटैव सर्वथोच्छेदे सन्तानः स्वः परो न वा ?।।" (उ.सि.१५) इति **उत्पादादिसिद्धिप्रकरणे चन्द्रसेनाचार्यो**क्तिरप्यत्रानुसन्धेया।

यथोक्तं **समन्तभद्राचार्येण** अपि **युक्त्यनुशासने** "न बन्ध-मोक्षौ क्षणिकैकसंस्थौ" (यु.अनु.१५) इत्यादि। **आप्तमीमांसा**यामपि तेनैव "क्षणिकैकान्तपक्षेऽपि प्रेत्यभावाद्यसम्भवः। प्रत्यभिज्ञाद्यभावान्न कार्यारम्भः कुतः फलम् ?।।" (आ.मी.४१) इत्याद्युक्तम्।

"न च विशेषदर्शनमात्रेण वस्त्वन्यत्वं भवति। न हि देवदत्तः सङ्कोचितहस्त-पादः प्रसारितहस्तपादश्च विशेषेण दृश्यमानोऽपि वस्त्वन्यत्वं गच्छति, 'स एव' इति प्रत्यभिज्ञानाद्" (ब्र.सू.२/१/१८ शा.भा.पृ.४८०) इति **ब्रह्मसूत्रशारीरकभाष्ये शङ्कराचार्यः**।

कलिकालसर्वज्ञश्री**हेमचन्द्रसूरि**भिरपि **त्रिषष्टिशलाकापुरुषचरित्रे** प्रथमसर्गे "आकाशपुष्पवत् कूर्मरोमवच्च निरन्वयम्। नैव वस्तु भवत्यत्र तद् वृथा क्षणभङ्गधीः।। वस्तु चेत् क्षणविध्वंसि, सन्तानः क्षणिको न किम् ?। सन्तानस्य च नित्यत्वे, समस्तं क्षणिकं कुतः ?।। सर्वभावेष्वनित्यत्वे, निहितप्रतिमार्गणम्। स्मरणं

---

(**"कर्म.**) **ઉત્પાદાદિસિદ્ધિ**માં શ્રી**ચન્દ્રસેનસૂરિ**જીએ જણાવેલ છે કે "સર્વથા ઉચ્છેદવાદમાં કર્મ, કર્મફળસંબંધ, બંધ, મોક્ષ વગેરેની અસંગતિ સ્પષ્ટ જ છે. 'સંતાન સ્વાત્મક = ક્ષણાત્મક છે કે ક્ષણભિન્ન છે ?' - આ વિકલ્પ દ્વારા સંતાન પણ સંકટગ્રસ્ત છે. તેથી સંતાન દ્વારા પણ ઉપરની સમસ્યા અટકશે નહિ."

### ⁂ ક્ષણભંગુરવાદમાં બંધ-મોક્ષાદિનો અસંભવ ⁂

(**યથો.**) **સમન્તભદ્રાચાર્યે** પણ **યુક્તિઅનુશાસન** ગ્રંથમાં જણાવેલ છે કે "ક્ષણિક એકાન્તપક્ષમાં બંધ -મોક્ષ સંભવતા નથી." તેમણે જ **આપ્તમીમાંસા**માં પણ જણાવેલ છે કે 'એકાન્તક્ષણિકપક્ષમાં પણ પરલોક વગેરેનો અસંભવ છે. કારણાદિમાં પ્રત્યભિજ્ઞા વગેરે ન થવાના લીધે ખેડૂત વગેરે કાર્યનો આરંભ જ નહિ કરી શકે. તો ફળ ક્યાંથી મળે ?'

### ક્ષણિકપક્ષમાં પ્રત્યભિજ્ઞાનો અસંભવ

(**"ન ચ.**) "કાંઈક વિશેષતા વસ્તુમાં દેખાય તેટલા માત્રથી વસ્તુ બદલાઈ જતી નથી. દેવદત્તે પહેલાં હાથ-પગ સંકોચેલા હોય અને પછી હાથ-પગ પહોળા કરેલા હોય - આટલી વિશેષતા દેખાવા છતાં પણ દેવદત્ત કાંઈ અલગ બની જતો નથી. કારણ કે 'આ તે જ દેવદત્ત છે' - આવી પ્રત્યભિજ્ઞા પ્રમા ત્યાં ઉત્પન્ન થાય છે" - આ મુજબ આદ્ય **શંકરાચાર્ય**એ **બ્રહ્મસૂત્રશારીરકભાષ્ય**માં જણાવેલ છે. એકાન્તક્ષણિકવાદનું આ એક પ્રકારે ખંડન જ છે.

### ❖ ક્ષણિકપક્ષમાં લોકવ્યવહારનો અસંભવ ❖

(**કલિ.**) કલિકાલસર્વજ્ઞ શ્રી**હેમચંદ્રાચાર્ય**જીએ પણ **ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર**માં પ્રથમ પર્વમાં **સ્વયંબુદ્ધ** મંત્રી રાજાને ઉપદેશ આપે છે, તે પ્રસંગે એકાંતક્ષણિકવાદનું નિરાકરણ કરતા જણાવેલ છે કે 'જેમ આકાશપુષ્પ અને કાચબાના રુવાંટા જગતમાં નથી, તેમ આ જગતમાં નિરન્વય (સર્વથા નાશ પામનાર) વસ્તુ છે જ નહિ. તેથી ક્ષણભંગની કલ્પના મિથ્યા છે. જો વસ્તુ ક્ષણમાત્રમાં સર્વથા નાશ પામતી હોય તો બૌદ્ધસંમત સંતાન શા માટે ક્ષણભંગુર = ક્ષણમાત્રસ્થાયી ન હોય ? તથા જો સંતાન નિત્ય હોય

प्रत्यभिज्ञा च कथं नामोपपद्यते ?।। जन्मानन्तरनाशित्वे द्वितीयक्षणसम्भवी। पित्रोर्न पुत्रः पितरौ, न पुत्रस्येत्यसङ्गतिः।। विवाहसमयादूर्ध्वं, जम्पत्योः क्षणनाशिनोः। न जायायाः पतिः पत्युर्न जायेत्यसमञ्जसम्।। इह कृत्वाऽशुभं कर्म, स नाऽमुत्राऽश्नुते फलम्। भुङ्क्तेऽन्यः किन्तु तदिति, कृतनाशाऽकृतागमौ।।" (त्रि.श. पु.१/१/३७८-३७९-३८०-३८१-३८२-३८३) इत्याद्युक्तम्।

ततश्च सर्वे व्यवहारा अनेकान्तवादे एव सम्भवन्ति। तदिदमभिप्रेत्योक्तं **सूराचार्येण दानादिप्रकरणे** "यस्याभावे सर्वे व्यवहाराः सम्भवन्ति न जनस्य। जीयात् स जीवितसमोऽनेकान्तः सर्वथा कान्तः।।" (दा.प्र.५/३७) इति। तदुक्तं **सम्मतितर्कप्रकरणे**ऽपि [1]"जेण विणा लोगस्स वि ववहारो सव्वहा न निव्वडइ। तस्स भुवणेक्कगुरुणो नमो अणेगंतवायस्स।।" (स.त.३/६९) इति।

एकान्ताऽनित्यस्वभावे कृतनाशादिदोषाऽऽवेदनार्थमुक्तं **पञ्चलिङ्गिप्रकरणे जिनेश्वरसूरि**भिः [2]"अकयागम

---

તો સમસ્ત જગત શા માટે પ્રતિક્ષણ એકાન્તે નાશ પામે ? તથા સર્વ પદાર્થો જો એકાંતે ક્ષણિક હોય તો જમીન વગેરેમાં દાટેલી વસ્તુને શોધવાની પ્રવૃત્તિ (કે થાપણરૂપે કોઈને ત્યાં મૂકેલી વસ્તુને પાછી માંગવાની પ્રવૃત્તિ), સ્મરણ અને પ્રત્યભિજ્ઞા કઈ રીતે સંગત થઈ શકે ? તથા જન્મ પછી જ સર્વ વ્યક્તિ પૂર્ણતયા નાશ પામી જતી હોય તો દ્વિતીય ક્ષણે ઉત્પન્ન થનાર પુત્ર માતા-પિતાનો નહિ બની શકે તથા તે પુત્રના જનક માતા-પિતા નહિ બની શકે. અર્થાત્ પુત્ર તથા મા-બાપ વચ્ચે કાર્ય-કારણભાવ અસંગત થશે. જો પુત્રજન્મસમયે મા-બાપ સ્વયં વિદ્યમાન ન હોય તો તે પુત્ર અને મા-બાપ વચ્ચે જન્ય-જનકભાવ કઈ રીતે કહી શકાય ? વળી, લગ્ન પછીની બીજી જ ક્ષણે જો પતિ-પત્ની સંપૂર્ણપણે નાશ પામતા હોય તો પછીના સમયે 'આ તેણીનો પતિ તથા તે આની પત્ની' - આવો વ્યવહાર પણ સંગત નહિ થાય. કારણ કે જેના લગ્ન થયેલા હતા તે તો અત્યારે વિદ્યમાન જ નથી. તથા જે વિદ્યમાન છે તે તો હમણાં જ ઉત્પન્ન થયેલા હોવાથી તેમના તો લગ્ન જ થયેલા નથી. તેથી પતિ -પત્નીવ્યવહાર પણ એકાન્તક્ષણિકપક્ષમાં સંગત નથી થતો. તથા ક્ષણિકપક્ષ મુજબ, આ લોકમાં પાપ કર્મ કરીને તે જીવ પરલોકમાં ફળને ભોગવતો નથી. પરંતુ બીજો જીવ = નૂતનવિજ્ઞાનક્ષણ જ પાપજન્ય ફળને ભોગવે છે. તેથી કૃતનાશ અને અકૃતઆગમ - આ બે દોષ પણ ક્ષણભંગુરમતમાં દુર્વાર બને છે.'

(तत.) આથી ફલિત થાય છે કે સર્વ વ્યવહારો અનેકાંતવાદમાં જ સંભવે. આ અભિપ્રાયથી **સૂરાચાર્યજી**એ **દાનાદિપ્રકરણ**માં જણાવેલ છે કે 'જેના અભાવમાં લોકોમાં તમામ વ્યવહારો સંભવી શકતા નથી, તે અનેકાંતવાદ જય પામો. અનેકાંત સર્વ વ્યવહારમાં પ્રાણભૂત છે. તેથી તે અત્યંત ઝળહળતો છે.' **સંમતિતર્કપ્રકરણ**માં પણ જણાવેલ છે કે 'જે અનેકાંત વિના લોકવ્યવહારનો પણ સર્વથા નિર્વાહ થઈ શકતો નથી, તે અનેકાંત જગતમાં મુખ્ય ગુરુના સ્થાને છે. તે અનેકાંતવાદને નમસ્કાર થાઓ.'

### ❁ બૌદ્ધમતમાં કૃતનાશ-અકૃતઆગમ દોષ ❁

(एकान्ता.) જો દ્રવ્યમાં નિત્યસ્વભાવ માન્ય કરવામાં ન આવે અને બૌદ્ધોની જેમ કેવલ અનિત્યસ્વભાવ

---

1. येन विना लोकस्याऽपि व्यवहारः सर्वथा न निर्वर्त्तते (निर्वहति)। तस्मै भुवनैकगुरवे नमः अनेकान्तवादाय।।
2. अकृतागम-कृतनाशौ विज्ञानक्षणे भावतः सन्तौ। उदयानन्तरनाशे येन कृतं स न भुक्तवान् इति।।

હિવઈં **જો** સર્વથા નિત્યસ્વભાવ માનિઇં, અનઇં **અનિત્યસ્વભાવ સર્વથા ન** માનિઇં **તો અર્થક્રિયા**

-कयनासो विन्नाणखणम्मि भावओ सन्ते। उदयाणंतरनासे जेण कयं सो न भुत्त त्ति।।' (प.लि.७९) इति। यथोक्तं श्री**हेमचन्द्रसूरि**भिः अपि **वीतरागस्तोत्रे** "स्यातामेकान्तनाशेऽपि कृतनाशाऽकृतागमौ" (वी.स्तो.८/१) इति पूर्वोक्तम् (४/५) अनुसन्धेयम्। अधिकं त्वत्रत्यं तत्त्वम् अस्मत्कृतायां **जयलता**भिधानायां **स्याद्वादरहस्यवृत्तौ** विज्ञेयम्।

***ननु*** भवतु तर्हि सर्वथा नित्यस्वभावः, न तु कथञ्चिदप्यनित्यस्वभाव इति ***चेत्*** ?

***न, सर्वथैव अनित्यताविरहे*** = केनाऽपि रूपेण अनित्यस्वभावानभ्युपगमे **अर्थक्रियाविरहः** =

જ માનવામાં આવે તો કૃતનાશ વગેરે દોષો પણ અહીં લાગુ પડશે. આ બાબતને દર્શાવવા **પંચલિંગી** પ્રકરણમાં શ્રી**જિનેશ્વરસૂરિ**જીએ જણાવેલ છે કે 'વિજ્ઞાનક્ષણસ્વરૂપ આત્મા હોય તો અકૃતઆગમ અને કૃતનાશ દોષ પરમાર્થથી આવે છે. કારણ કે જન્મ પછીની જ ક્ષણે સર્વથા આત્મા નાશ પામે તો જે આત્માએ (= વિજ્ઞાનક્ષણે) સાચું-ખોટું કામ કર્યું હોય તે તો ભોગવતો જ નથી.' તેથી કૃતનાશ દોષ. તથા જે ફળને ભોગવે છે તે પૂર્વક્ષણે હાજર ન હોવાથી તેણે સાચું-ખોટું કાર્ય કરેલ જ નથી. તેથી અકૃતઆગમ (= ન કરેલા કાર્યના ફળનું આગમન) દોષ દુર્વાર બનશે. કલિકાલસર્વજ્ઞ શ્રી**હેમચન્દ્રસૂરિજી** મહારાજે પણ **વીતરાગસ્તોત્ર** ગ્રંથમાં જણાવેલ છે કે "દ્રવ્યનો એકાન્તે નાશ માનવામાં આવે તો 'કૃતનાશ' અને 'અકૃતઆગમ' નામના બે દોષ લાગુ પડશે." આ સંદર્ભ પૂર્વે (૪/૫) દર્શાવેલ. તેનું અનુસંધાન અહીં કરવું. આ અંગે અધિક તત્ત્વ અમે બનાવેલ **જયલતા** નામની **સ્યાદ્વાદરહસ્યવૃત્તિ**માંથી જાણવું.

**સ્પષ્ટતા** :- જીવ પાપ કે પુણ્ય કરે છે અને તે મુજબ તેનું ફળ ભોગવે છે. આસ્તિકદર્શનનો આ પ્રસિદ્ધ અને પાયાનો નિયમ છે. પરંતુ જો આત્માને એકાન્તે ક્ષણિક માનવામાં આવે તો આત્માએ કરેલા સારા કે ખરાબ કામનું ફળ કોને મળે ? પુણ્ય કે પાપ કરનાર જીવ તો બીજી જ ક્ષણે, બૌદ્ધમત મુજબ, સર્વથા નષ્ટ થઈ ગયેલ છે. તેથી તેણે કરેલા પુણ્ય-પાપ કર્મનું ફળ નાશ પામશે. ફળ ભોગવ્યા વિના જ કરેલા કર્મનો નાશ એટલે 'કૃતનાશ.' તથા જે જીવ દેવલોકમાં કે નરકમાં ઉત્પન્ન થશે તે તો સર્વથા નવો જ જીવ છે. તેણે પૂર્વે કોઈ પણ સારું કે ખરાબ કામ કરેલ નથી. જેણે સારું કે ખરાબ કામ કરેલ છે તેનો તો સ્વર્ગ-નરકગમનની પૂર્વે જ નાશ થઈ ચૂકેલ છે. જે દેવલોક વગેરેમાં ઉત્પન્ન થાય છે તેના જીવનમાં તો ન કરેલા એવા પુણ્યાદિ કર્મના ફળનું આગમન થાય છે. આ 'અકૃતઆગમ' દોષ જાણવો. બૌદ્ધ મતમાં આ રીતે 'કૃતનાશ' અને 'અકૃતઆગમ' દોષ લાગુ પડે છે - આવું શ્રી**હેમચન્દ્રાચાર્ય**જીનું તાત્પર્ય છે.

**શંકા** :- **(નનુ.)** જો દ્રવ્યને એકાન્તે અનિત્યસ્વભાવયુક્ત માનવામાં ઉપરોક્ત દોષ લાગુ પડતા હોય તો દ્રવ્યનો સર્વથા નિત્યસ્વભાવ જ માનો. દ્રવ્યમાં કોઈ પણ પ્રકારે અનિત્યસ્વભાવ માનવાની જરૂર નથી. આવું માનો તો શું વાંધો ?

### ❀ અનિત્યસ્વભાવનો અસ્વીકાર સદોષ ❀

**સમાધાન** :- **(ન, સર્વ.)** ના, તમારી વાત વ્યાજબી નથી. કારણ કે જો દ્રવ્યમાં સર્વથા નિત્યસ્વભાવ જ માનવામાં આવે, કોઈ પણ પ્રકારે અનિત્યસ્વભાવ માનવામાં ન આવે તો દ્રવ્યમાં અર્થક્રિયાકારિત્વનો અભાવ આવી પડશે. અર્થક્રિયા એટલે પોતાનું કાર્ય. કારિત્વ એટલે કર્તૃત્વ. દ્રવ્યમાં એકાન્તે નિત્યસ્વભાવ

**ન ઘટઈ.** જે માટઈ **દલનઈ** = કારણનઈ, **કાર્યરૂપતાપરિણતિ** કથંચિત્ ઉત્પન્નપણું જ આવ્યું, **સર્વથા અનુત્પન્નપણું** વિઘટિઉં.

---

अर्थक्रियाकारित्वाऽभाव **आपद्येत**। अर्थक्रियाकारित्वं हि स्वकार्यकर्तृत्वमुच्यते। तच्च **दले** = ज्ञानाद्युपादानकारणीभूते आत्मादौ न सर्वदा भवति किन्तु स्वकार्याऽकरणपरिणामपरित्यागेन **कार्यरूपतापरिणतौ** = ज्ञानादिकार्यकरणपरिणतौ सत्यामेव। ततश्च कार्यकरणरूपतापरिणत्यपेक्षया आत्मनि उत्पन्नत्वमेवाऽऽगतम्। तथा च आत्मनि **सर्वथा** = एकान्तेनैव **अजन्मता** = अनुत्पन्नता = उत्पादाऽप्रतियोगिता = नित्यता **विघटेत** = उच्छिद्येत एव। कार्यकरणाऽकरणकालावच्छेदेन कार्यकरणाऽकरणस्वभावभेद आत्मादिद्रव्येऽनित्यतां दर्शयतीति एकान्तनित्यता बाध्यत इति भावः।

प्रकृते [1]"जो णिच्चमेव मण्णदि तस्स ण किरिया हु अत्थकारित्तं । ण हु तं वत्थू भणियं जं रहियं अत्थकिरियाहिं।। [2]णिच्चे दव्वे ण गमणट्ठाणं पुण किह सुहासुहा किरिया। अह उवयारा किरिया, कह उवयारो हवे णिच्चे।।" (द्र.स्व.प्र.४५-४६) इति **द्रव्यस्वभावप्रकाशगाथे** स्मर्तव्ये।

---

હોય તો દ્રવ્ય પોતાનું કાર્ય કરી ન શકે. એકાન્તનિત્ય દ્રવ્યમાં સ્વકાર્યકર્તૃત્વ સંભવી નહિ શકે. એનું કારણ એ છે કે જ્ઞાનાદિ કાર્યના ઉપાદાનકારણભૂત આત્માદિ દ્રવ્યમાં સર્વદા સ્વકાર્યકર્તૃત્વ નથી હોતું. પરંતુ સ્વકાર્યને ન કરવાના પરિણામનો ત્યાગ કરીને જ્ઞાનાદિ કાર્યને કરવાની પરિણતિ હોય ત્યારે જ તે જ્ઞાનાદિ કાર્યને ઉત્પન્ન કરે છે. તેથી કાર્ય કરવાની પરિણતિની અપેક્ષાએ આત્મામાં ઉત્પન્નત્વ જ આવશે. જ્ઞાનાદિ કાર્યને કરતી વખતે આત્મા જ્ઞાનાદિજનનપરિણતિની અપેક્ષાએ ઉત્પન્ન થવાથી (= ઉત્પત્તિનો પ્રતિયોગી બનવાથી) આત્મામાં એકાન્તે = સર્વથા = બધી જ રીતે અનુત્પન્નતા = નિત્યતા ઉચ્છેદ જ પામશે. આશય એ છે કે કાર્ય કરતી વખતે કારણમાં કાર્યકરણસ્વભાવ હોય છે. તથા કાર્ય ન કરતી વખતે કારણમાં કાર્યઅકરણસ્વભાવ હોય છે. આમ કરણ-અકરણ સ્વભાવભેદ આત્માદિ દ્રવ્યમાં અનિત્યતાને દર્શાવે છે. તેથી એકાન્તનિત્યતા બાધિત થાય છે.

## ❉ નિત્યમાં ઉપચારનો અસંભવ ❉

(**प्रकृते.**) પ્રસ્તુતમાં **દ્રવ્યસ્વભાવપ્રકાશ** ગ્રન્થની બે ગાથા યાદ કરવા લાયક છે. તેનો અર્થ નીચે મુજબ છે. "જે લોકો વસ્તુને સર્વથા નિત્ય માને છે તેમના મતમાં એકાન્તનિત્ય વસ્તુમાં અર્થકારિત્વ = સ્વકાર્યકર્તૃત્વ સ્વરૂપ ક્રિયા = અર્થક્રિયા સંભવી શકતી નથી. તથા જે ઉપરોક્ત અર્થકારિત્વથી = અર્થક્રિયાકારિત્વથી રહિત હોય તે વસ્તુ કહેવાતી નથી. નિત્ય દ્રવ્યમાં ગમનનો અને સ્થિતિનો જ સંભવ નથી. તો શુભ અને અશુભ ક્રિયાની તો શી વાત કરવી ? જો નિત્ય દ્રવ્યમાં ઉપચારથી ક્રિયા માનો તો પ્રશ્ન એ ઉપસ્થિત થશે કે નિત્યમાં ઉપચાર કઈ રીતે થઈ શકે ?"

## ❋ સર્વથા નિત્ય અર્થક્રિયાકારી ન બને ❋

**સ્પષ્ટતા** :- અર્થક્રિયાકારિત્વ = સ્વકાર્યકર્તૃત્વ. જેમાં અર્થક્રિયા હોય તે જ પરમાર્થસત્ છે - આવું

---

1. यः नित्यम् एव मन्यते तस्य न क्रिया हि अर्थकारित्वम्। न हि तद् वस्तु भणितं यद् रहितम् अर्थक्रियाभिः।।
2. नित्ये द्रव्ये न गमनस्थाने पुनः कथं शुभाशुभा क्रिया। अथ उपचारात् क्रिया, कथम् उपचारः भवेद् नित्ये।।

प्रकृते "नित्यताऽभावे निरन्वयता कार्यस्य भवति, कारणाऽभावता च भवति। अनित्यताया अभावे

બધા માને છે. પણ સર્વથા નિત્ય કે સર્વથા ક્ષણિક પક્ષમાં અર્થક્રિયા સંભવિત નથી. અર્થક્રિયાના બે જ પ્રકાર છે. કાં તો તે ક્રમિક હોય કાં તો એકીસાથે થાય. પરંતુ નિત્ય વસ્તુમાં ક્રમિક અર્થક્રિયા સંભવિત નથી. તેમજ એકીસાથે પણ સંભવિત નથી. આનો ખુલાસો આ પ્રમાણે છે - પહેલાં એક કાર્ય કરીને પછી બીજું કાર્ય કરવું તેને ક્રમ કહેવાય. સર્વથા નિત્ય પદાર્થ ક્રમથી કાર્ય ન કરી શકે. કેમ કે નિત્ય પદાર્થમાં બધા કાર્યોને એકીસાથે ઉત્પન્ન કરવાનું સામર્થ્ય છે. જો 'તે સમયે તેમાં અન્ય કાર્યોને ઉત્પન્ન કરવાનું સામર્થ્ય નથી અને ભવિષ્યમાં તે સામર્થ્ય આવશે' - આવું માનવામાં આવે તો તે વસ્તુ સર્વથા નિત્ય ન હોઈ શકે. કેમ કે પોતાના અસમર્થ એવા સ્વભાવને છોડીને સમર્થ સ્વભાવને ગ્રહણ કરવા સ્વરૂપ પરિણમન એટલે અનિત્યતા જ કહેવાય.

તેમજ નિત્ય પદાર્થ એકીસાથે પણ બધા કાર્યને ન કરી શકે. કેમ કે એક જ સમયમાં જો તે બધા કાર્યોને કરી લેશે તો બીજા સમયે તેને કરવાનું કાંઈ બાકી જ નહીં રહે. તથા આવી સ્થિતિમાં તો અર્થક્રિયાનો અભાવ થવાથી બીજા સમયે વસ્તુની ગેરહાજરીની જ આપત્તિ આવશે. તેમજ અનેક કાર્યોને કરવાથી નિત્ય વસ્તુમાં અનેક સ્વભાવની હાજરીની પણ આપત્તિ આવશે. કેમ કે એક સ્વભાવથી અનેક કાર્યોનું કરવું તો યોગ્ય નથી. છતાં જો તેવું માનવામાં આવે તો બધા કાર્યો એકરૂપ જ થઈ જશે. જો એમ કહેશો કે સહકારી કારણોની વિવિધતા હોવાના કારણે કાર્યોમાં વૈવિધ્ય આવે છે તો આવું કહેવું પણ યોગ્ય નથી. કેમ કે જે સહકારીની હાજરી હોવા છતાં નિત્યના સ્વભાવમાં પરિવર્તન નથી થતું તેને સહકારી જ ન કહી શકાય. તેમજ સહકારીની હાજરીથી નિત્યના સ્વભાવમાં પરિવર્તન જો થાય તો સર્વથા નિત્યતામાં બાધ આવે છે. આ રીતે સર્વથા નિત્ય પક્ષમાં ક્રમશઃ અને યુગપદ્ અર્થક્રિયાનો સંભવ ન હોવાથી તેનું અસત્ત્વ જ સિદ્ધ થશે.

### ❀ એકાંત નિત્યમાં સ્વભાવપરિવર્તન અશક્ય ❀

**દ્રવ્યસ્વભાવપ્રકાશ**ની ઉપરોક્ત બીજી ગાથાની સ્પષ્ટતા આ પ્રમાણે છે - નિત્ય દ્રવ્યમાં જો ગમનરૂપ ક્રિયા માનવામાં આવે તો તે નિત્ય ન હોઈ શકે. જ્યારે તે ગમનને છોડીને સ્થિતિ કરશે અથવા સ્થિતિને છોડીને ગમન કરશે તો અનિત્ય કહેવાશે. કેમ કે પૂર્વસ્વભાવને છોડીને ઉત્તરસ્વભાવને ધારણ કરનાર દ્રવ્ય સર્વથા નિત્ય ન કહેવાય. આવી સ્થિતિમાં સર્વથા નિત્ય આત્મા શુભ અને અશુભ ક્રિયાનો કર્તા કેવી રીતે હોઈ શકે ? જો તે દાન, પૂજા, હિંસા, ચોરી વગેરે ક્રિયાઓનો કર્તા હોય તો તે સર્વથા નિત્ય નહીં કહેવાય. કેમ કે સર્વથા નિત્ય તો તે જ હોઈ શકે કે જેના સ્વભાવમાં પણ પરિવર્તન ન થાય. જો એમ કહેશો કે 'અમે ઉપચારથી ક્રિયા માનશું' તો તે ઉપચરિત ક્રિયા વાસ્તવિક છે કે અવાસ્તવિક છે ? જો વાસ્તવિક હોય તો તે નિત્ય પદાર્થને સર્વથા નિત્ય કેવી રીતે કહેવાશે ? જો ક્રિયા અવાસ્તવિક હોય તો અવાસ્તવિક ક્રિયા કાલ્પનિક જ થઈ. તેનાથી નિત્યમાં વાસ્તવિક શુભાશુભ ક્રિયા કેવી રીતે થઈ શકે ?

### ❀ નિત્યત્વ-અનિત્યત્વવિરહ દોષજનક ❀

(**प्रकृ.**) પ્રસ્તુતમાં **નયચક્રસાર** ગ્રંથમાં ઉપાધ્યાય **શ્રીદેવચન્દ્રજી**એ એક વાત જણાવેલ છે તે પણ અવશ્ય અનુસંધાન કરવા યોગ્ય છે. ત્યાં તેઓશ્રીએ જણાવેલ છે કે "જો દ્રવ્યમાં નિત્યતા = નિત્યસ્વભાવ

ज्ञायकतादिशक्तेरभावः अर्थक्रियाऽसम्भवः" (न.च.सा. पृ.१२६) इति **नयचक्रसारे देवचन्द्र**वाचकोक्तिरपि अवश्यम् अनुसन्धेया। अनित्यस्वभावाऽभावे प्रतिसमयं प्रत्यात्मद्रव्यं विपरिवर्त्तमानस्य नानाऽर्थज्ञातृत्वस्य अयोगेन आत्मनि अङ्गीक्रियमाणा ज्ञायकतादिशक्तिः अकिञ्चित्करी प्रसज्येत पूर्वपर्यायध्वंस-व्याप्याभिनवपर्यायनिष्पादनानुकूलगुणप्रवृत्तिलक्षणा चाऽर्थक्रिया असम्भवाऽऽस्पदा स्यादित्याशयः।

**श्रीहेमचन्द्रसूरि**भिस्तु **वीतरागस्तोत्रे** "क्रमाऽक्रमाभ्यां नित्यानां युज्यतेऽर्थक्रिया न हि" (वी.स्तो.८/४) इत्युक्तम्।

"यदि घटो नित्यः तदा जलाहरणं न करोति। कुतः ? नित्य एकरूप एव, न तु रिक्त-भृताद्यवस्था-वैचित्र्यं भजते" (वी.स्तो.अव.८/४/पृ.७४) इति **वीतरागस्तोत्राऽवचूर्णौ विशालराजसूरयः**।

तदाशयोद्घाटनं **यशोविजय**वाचकैः **अध्यात्मसारे** मिथ्यात्वत्यागाधिकारे "स्वभावहानितोऽध्रौव्यं क्रमे-

---

ન હોય તો કાર્ય નિરન્વય = ઉપાદાનઅન્વયશૂન્ય બની જશે. તથા કારણપણાનો પણ ઉચ્છેદ થશે. કાર્યજન્મસમયે જે હાજર ન હોય તેને કઈ રીતે ઉપાદાનકારણ કહી શકાય. તેમજ જો દ્રવ્યમાં અનિત્યસ્વભાવ ન હોય તો આત્મા વગેરે દ્રવ્યમાં જ્ઞાયકતા વગેરે શક્તિનો અભાવ થઈ જશે તથા અર્થક્રિયાનો = ગુણપ્રવૃત્તિનો અસંભવ થઈ જશે." કહેવાનો આશય એ છે કે જો આત્મામાં અનિત્યસ્વભાવ ન જ હોય તો પ્રત્યેક સમયે સર્વ આત્મદ્રવ્યોમાં જુદા-જુદા પદાર્થોનું પરિવર્તનશીલ એવું જે જ્ઞાતૃત્વ પ્રસિદ્ધ છે તે જ સંભવી નહિ શકે. તથા જ્ઞાતૃત્વ જ જો આત્મામાં ન રહેતું હોય તો આત્મામાં સ્વીકારવામાં આવતી જ્ઞાયકતા વગેરે શક્તિ પણ અકિંચિત્કર = નિષ્ફળ જ બની જવાની સમસ્યા સર્જાશે. તથા અનિત્યસ્વભાવશૂન્ય દ્રવ્યમાં અર્થક્રિયાનો અસંભવ આ રીતે સમજવો કે જૂનો પર્યાય નાશ પામે તો જ નવો પર્યાય ઉત્પન્ન થાય - આવો નિયમ છે. મતલબ કે પૂર્વપર્યાયનાશ વ્યાપક છે તથા નૂતનપર્યાયઉત્પાદ વ્યાપ્ય છે. વ્યાપક ન હોય ત્યાં વ્યાપ્ય ન જ સંભવે. એકાંતનિત્ય દ્રવ્યમાં પૂર્વપર્યાયનાશ ન હોવાથી નૂતનપર્યાયની નિષ્પત્તિ શક્ય જ નથી. તેથી નૂતનપર્યાયનિષ્પત્તિને અનુકૂળ એવી ગુણપ્રવૃત્તિ થવા સ્વરૂપ અર્થક્રિયાનો પણ અનિત્યસ્વભાવશૂન્ય દ્રવ્યમાં અસંભવ જ રહેશે.

### ક્રમ-અક્રમથી અર્થક્રિયાનો વિચાર

**(श्रीहेम.)** કલિકાલસર્વજ્ઞ **શ્રીહેમચન્દ્રસૂરિ**જી મહારાજે **વીતરાગસ્તોત્ર** ગ્રંથમાં જણાવેલ છે કે 'એકાન્ત નિત્ય એવા પદાર્થોમાં ક્રમથી કે અક્રમથી અર્થક્રિયા સંગત થઈ શકતી નથી.'

### સર્વથા નિત્યમાં અવસ્થાભેદ અશક્ય

**("यदि.) વીતરાગસ્તોત્રની અવચૂર્ણિ**માં **શ્રીવિશાલરાજસૂરિ**એ જણાવેલ છે કે 'જો ઘટ સર્વથા નિત્ય હોય તો પાણીને લાવવાની ક્રિયાને તે કરી નહિ શકે. કારણ કે સર્વથા નિત્ય વસ્તુ એક સરખા સ્વરૂપવાળી જ હોય. તેથી જો ઘડો એકાન્તનિત્ય હોય તો પૂર્વે ઘડો પાણીથી ખાલી હોવો, પછી પાણીથી ભરાઈ જવું વગેરે વિભિન્ન અવસ્થા ઘડામાં સંગત થઈ ન શકે.'

### અધ્યાત્મસારનો સંદર્ભ

**(तदाश.)** તેઓશ્રીના આશયની સ્પષ્ટતા કરતાં **મહોપાધ્યાય શ્રીયશોવિજયજી** મહારાજે **અધ્યાત્મસાર**ના

णाऽर्थक्रियाकृतौ। अक्रमेण च तद्भावे युगपत्सर्वसम्भवः।।" (अ.सा.१३/३२) इत्येवमकारि।

**द्रव्यालङ्कारे श्रीरामचन्द्र-गुणचन्द्राभ्यां** "प्रतिक्षणमविकारिणोऽर्थक्रियाऽभावात्, समर्थस्य सदा जननाऽजननप्रसङ्गाद्" (द्रव्या.प्रकाश-३/पृ.१६२) इत्येवमेकान्तनित्येऽर्थक्रियाविरहः समर्थितः। यथोक्तं **प्रमालक्षणप्रकरणे श्रीजिनेश्वरसूरि**भिरपि "नित्यं नाऽर्थक्रियाकारि वान्ध्येयादिवदिष्यताम्" (प्र.ल.९४) इति।

**सूत्रकृताङ्गसूत्रव्याख्यायां श्रीशीलाङ्काचार्येण** नित्यैकवस्तुनि अर्थक्रियाविरह इत्थमुपदर्शितः "यदेवार्थक्रियाकारि तदेव परमार्थतः सदिति। स च नित्योऽर्थक्रियायां प्रवर्तमानः क्रमेण वा प्रवर्तेत यौगपद्येन

---

'મિથ્યાત્વત્યાગ' નામના તેરમા અધિકારમાં જણાવેલ છે કે 'જો વસ્તુ ક્રમશઃ અર્થક્રિયાને = સ્વકાર્યને કરે તો પૂર્વોત્તર અવસ્થામાં સ્વભાવનો નાશ થવાથી વસ્તુમાં અધ્રૌવ્ય = અનિત્યત્વ આવશે. તથા જો વસ્તુ અક્રમથી = એકીસાથે અર્થક્રિયા કરે તો યુગપત્ સર્વ અર્થક્રિયા ઉત્પન્ન થઈ જવાની આપત્તિ આવશે.'

**સ્પષ્ટતા** :- ત્રણ કાળમાં તમામ ક્રિયાને આત્મા એકીસાથે કરતો હોય તેવું ક્યારેય ઉપલબ્ધ થતું નથી. તેથી 'યુગપત્' સર્વ અર્થક્રિયાને સર્વથા નિત્ય પદાર્થ કરી ન શકે - તેમ સિદ્ધ થાય છે. બાકીની વિગત તો '**દ્રવ્યસ્વભાવપ્રકાશ**' ગ્રંથના સંદર્ભની સ્પષ્ટતા કરતી વખતે હમણાં જ અમે દર્શાવી ગયા છીએ.

## ❀ દ્રવ્યાલંકારસંદર્ભની વિચારણા ❀

**(द्रव्या.)** કલિકાલસર્વજ્ઞ **શ્રીહેમચન્દ્રસૂરિજી** મહારાજના **શ્રીરામચન્દ્ર** તથા **શ્રીગુણચન્દ્ર** નામના બે વિદ્વાન શિષ્યોએ '**દ્રવ્યાલંકાર**' નામનો ગ્રંથ બનાવેલ છે. તેમાં તેઓશ્રીએ જણાવેલ છે કે 'પ્રત્યેક ક્ષણમાં કોઈ પણ જાતનો ફેરફાર જેમાં બિલકુલ ન થાય તેવો એકાન્તનિત્ય પદાર્થ અર્થક્રિયા = સ્વકાર્ય કરી ન શકે. કારણ કે જો તે સમર્થ હોય તો સર્વદા સ્વપ્રાયોગ્ય તમામ અર્થક્રિયાની ઉત્પત્તિની આપત્તિ આવશે. અથવા પ્રથમ ક્ષણે જ સ્વપ્રાયોગ્ય તમામ અર્થક્રિયાઓને ઉત્પન્ન કરવાથી હવે કશું પણ કાર્ય ઉત્પન્ન કરવાનું બાકી ન રહેવાના લીધે દ્વિતીયાદિ તમામ ક્ષણોમાં સર્વદા તેના દ્વારા અર્થક્રિયાની અનુત્પત્તિની આપત્તિ આવશે.' આ રીતે અર્થક્રિયાનો એકાંતનિત્ય પદાર્થમાં અસંભવ છે - તેવું ત્યાં સમર્થન કરવામાં આવેલ છે. **પ્રમાલક્ષણપ્રકરણ**માં **શ્રીજિનેશ્વરસૂરિજી**એ પણ જણાવેલ છે કે 'વંધ્યાપુત્રની જેમ એકાન્ત નિત્ય વસ્તુ અર્થક્રિયાકારી નથી - તેવું માન્ય છે.'

**સ્પષ્ટતા** :- 'એકાંત નિત્ય વસ્તુમાં પોતાનું કાર્ય કરવાનું સામર્થ્ય છે કે નહિ ?' - આવો પ્રશ્ન ઉપસ્થિત થાય છે. જો તેમાં તેનું સામર્થ્ય ન હોય તો કદાપિ તેના દ્વારા અર્થક્રિયા = સ્વકાર્ય થઈ જ નહિ શકે. તથા જો તેમાં સામર્થ્ય હોય તો સર્વદા તે સ્વકાર્યને કરે જ રાખશે. પરંતુ આ બન્ને પરિસ્થિતિ પ્રત્યક્ષાદિ પ્રમાણથી બાધિત છે. તેથી કોઈ પણ વસ્તુને એકાંત નિત્ય માની ન શકાય.

## ❖ એકાન્તનિત્યમાં અર્થક્રિયાવિરહ : સૂયગડાંગસૂત્રવ્યાખ્યાકાર ❖

**(सूत्र.)** એકાન્ત નિત્ય પદાર્થમાં અર્થક્રિયાનો અભાવ **સૂયગડાંગસૂત્રની વ્યાખ્યા**માં **શ્રીશીલાંકાચાર્યજી**એ આ પ્રમાણે જણાવેલ છે કે "જે અર્થક્રિયાકારી હોય તે જ વસ્તુ પરમાર્થથી સત્ = વાસ્તવિક હોય છે. તેથી નિત્ય પદાર્થ અર્થક્રિયામાં પ્રવર્તતો હોય તો તે અર્થક્રિયામાં ક્રમથી પ્રવર્તશે કે એકીસાથે પ્રવર્તશે ? સૌ પ્રથમ ક્રમથી તો અર્થક્રિયામાં નિત્ય પદાર્થની પ્રવૃત્તિ સંભવી શકતી નથી. કારણ કે એક અર્થક્રિયા

वा ? न तावत् क्रमेण, यतो ह्येकस्या अर्थक्रियायाः काले तस्यापरार्थक्रियाकरणस्वभावो विद्यते वा न वा ? यदि विद्यते किमिति क्रमकरणं ? सहकार्यपेक्षयेति चेत् ? तेन सहकारिणा तस्य कश्चिदतिशयः क्रियते न वा ? यदि क्रियते किं पूर्वस्वभावपरित्यागेनाऽपरित्यागेन वा ? यदि परित्यागेन ततोऽतादवस्थ्यापत्तेरनित्यत्वम्। अथ पूर्वस्वभावाऽपरित्यागेन ततोऽतिशयाभावात्किं सहकार्यपेक्षया ? अथ अकिञ्चित्करोऽपि विशिष्टकार्यार्थमपेक्ष्येत तदयुक्तम्, यतः – "अपेक्षते परं♦ कश्चिद्यदि कुर्वीत किञ्चन। यदकिञ्चित्करं वस्तु, किं केनचिदपेक्ष्यते ?।।" (**प्रमाणवार्त्तिक**-१/२८२)।

अथ तस्यैकार्थक्रियाकरणकालेऽपरार्थक्रियाकरणस्वभावो न विद्यते, तथा च सति स्पष्टैव नित्यताहानिः, अथासौ नित्यो यौगपद्येनार्थक्रियाः कुर्यात् तथा सति प्रथमक्षण एवाशेषार्थक्रियाणां करणाद् द्वितीये

કરવાના સમયે નિત્ય પદાર્થમાં અન્ય અર્થક્રિયા કરવાનો સ્વભાવ વિદ્યમાન હોય છે કે નહિ ? આવા બે પ્રશ્ન ક્રમપક્ષમાં ઉપસ્થિત થાય છે. જો એક અર્થક્રિયાને (સ્વકાર્યને) કરવાના સમયે અન્ય અર્થક્રિયાને (સ્વકાર્યને) કરવાનો સ્વભાવ નિત્ય પદાર્થમાં હોય તો નિત્ય પદાર્થ અલગ અલગ અર્થક્રિયાને શા માટે ક્રમસર કરે ? અનેક કાર્યને કરવાનો સ્વભાવ નિત્ય પદાર્થમાં હોય તો એકીસાથે જ તે તમામ અર્થક્રિયાને કરે - તેવું માનવું વ્યાજબી ગણાય. માટે ક્રમપક્ષ બરાબર નથી. જો 'અનેક અર્થક્રિયાને કરવાનો સ્વભાવ નિત્ય પદાર્થમાં હોવા છતાં પણ સહકારી કારણની અપેક્ષા રાખવાના કારણે નિત્ય પદાર્થ સહકારી કારણના વિલંબથી ક્રમસર અનેક અર્થક્રિયાને કરે છે' - આવું નિત્યવાદી તરફથી કહેવામાં આવે તો તે પણ વ્યાજબી નથી. કારણ કે અહીં અમે નિત્યવાદીને પ્રશ્ન કરીએ છીએ કે 'તે સહકારી કારણ નિત્ય પદાર્થમાં કોઈક અતિશય ઉત્પન્ન કરે છે કે નહિ ?' જો સહકારી કારણ નિત્ય વસ્તુમાં કોઈક અતિશયને ઉત્પન્ન કરતો હોય તો અહીં ફરીથી અમારા બે પ્રશ્ન છે કે 'સહકારી કારણ નિત્ય વસ્તુનો પૂર્વસ્વભાવ છોડાવીને અતિશય ઉત્પન્ન કરે છે કે છોડાવ્યા વગર ?' જો નિત્ય વસ્તુનો પૂર્વકાલીન અતિશયશૂન્ય સ્વભાવ છોડાવીને સહકારી કારણ તેમાં કોઈક અતિશયનું આધાન કરે તો નિત્ય વસ્તુની પૂર્વ અવસ્થાનો ત્યાગ થવાના લીધે તેમાં અનિત્યપણાની આપત્તિ દુર્વાર બનશે. તથા નિત્ય વસ્તુના પૂર્વ સ્વભાવનો ત્યાગ કરાવ્યા વગર જ જો અતિશયને સહકારી ઉત્પન્ન કરે તો નિત્ય વસ્તુમાં પૂર્વકાલીન નિરતિશય સ્વભાવ = અતિશયશૂન્ય સ્વભાવ હાજર હોવાના કારણે નિત્ય વસ્તુ તો અતિશયરહિત જ સાબિત થશે. તેથી સહકારીની અપેક્ષા રાખવાથી સર્યું. તથા સહકારી કારણ નિત્ય વસ્તુમાં કશું ન કરે છતાં પણ વિશિષ્ટ કાર્યની (અન્ય અર્થક્રિયાની) ઉત્પત્તિ માટે નિત્ય વસ્તુ દ્વારા સહકારીની અપેક્ષા રખાય તો તે અયુક્ત છે. કારણ કે આ અંગે **પ્રમાણવાર્ત્તિક**માં પણ જણાવેલ છે કે - 'કોઈ પણ વસ્તુ તો જ બીજાની અપેક્ષા રાખે, જો તે કશુંક કરે. અકિંચિત્કર વસ્તુની શું કોઈના દ્વારા અપેક્ષા રખાય છે ?'

### એકાન્તનિત્યમાં દ્વિતીયક્ષણે અકર્તૃત્વાપત્તિ

(**अथ तस्यै.**) જો નિત્યવાદી તરફથી એવી દલીલ કરવામાં આવે કે 'એક અર્થક્રિયા કરવાના સમયે બીજી અર્થક્રિયાને કરવાનો સ્વભાવ નિત્ય વસ્તુમાં હોતો નથી' - તો નિત્ય વસ્તુમાં નિત્યતાની હાનિ સ્પષ્ટ જ બની જશે. સ્વભાવભેદ એ તો અનિત્યતાનું સૂચક છે. તથા જો નિત્ય પદાર્થ એકી સાથે

♦. साम्प्रतमुपलभ्यमाने **प्रमाणवार्त्तिके** – 'परः कार्यं यदि विद्येत' इति पाठः। शिष्टं तुल्यम्। (प्रकाशक- किताब महल, **इलाहाबाद**)। मोतीलाल-बनारसीदासप्रकाशिते **प्रमाणवार्त्तिके** (३/२८०-२८१) 'अपेक्ष्येत परः कार्यम्...' इति पाठः।

क्षणेऽकर्तृत्वमायातम्। तथा च सैवाऽनित्यता। अथ तस्य तत्स्वभावत्वात्ता एवाऽर्थक्रिया भूयो भूयो द्वितीयादिक्षणेष्वपि कुर्यात्, तदसाम्प्रतम्, कृतस्य करणाभावादिति। किं च द्वितीयादिक्षणसाध्या अप्यर्थाः प्रथमक्षण एव प्राप्नुवन्ति तस्य तत्स्वभावत्वात्, अतत्स्वभावत्वे च तस्यानित्यत्वापत्तिः" (सू.कृ.१/१/२/१९ पृ.२५) इति।

प्रकृते [1]"को वा निच्चग्गाहो सव्वं चिय वि भव-भङ्ग-ठिइमइयं। पज्जायंतरमेत्तप्पणादनिच्चाइववएसो।।" (वि.आ.भा.१९८६) इति **विशेषावश्यकभाष्य**गाथा नैव विस्मर्तव्या।

इत्थञ्च तीराऽदर्शिशकुनिन्यायेन एकान्तक्षणिकत्व-नित्यत्वपक्षाभ्यां व्यावर्त्तमाना अर्थक्रिया तृतीये नित्यत्वसमनुविद्धाऽनित्यत्वपक्षे विश्राम्यतीत्याशयोऽत्रोन्नेयः।

***यदि*** च 'कारणीभूतमात्मादिद्रव्यं कूटस्थनित्यमेव, तद्वृत्ति च ज्ञानादिकार्यमनित्यमेव। घट-

તમામ અર્થક્રિયાને કરે તો પ્રથમ ક્ષણે જ નિત્ય વસ્તુના તમામ કાર્યો નિષ્પન્ન થવાના લીધે દ્વિતીય ક્ષણે નિત્ય વસ્તુને કશું જ કરવાનું બાકી નહિ રહે. તેથી દ્વિતીય ક્ષણે નિત્ય વસ્તુમાં અકર્તૃત્વ આવશે. પ્રથમ ક્ષણે કર્તૃત્વ અને દ્વિતીય ક્ષણે અકર્તૃત્વ આવવાના લીધે નિત્ય વસ્તુમાં તે જ અનિત્યતાની આપત્તિ આવી પડશે. જો નિત્યવાદી એવી દલીલ કરે કે 'નિત્ય વસ્તુનો તેવો સ્વભાવ હોવાના લીધે પ્રથમ ક્ષણે ઉત્પન્ન કરેલી તે જ અનેક અર્થક્રિયાઓને ફરી ફરી દ્વિતીય વગેરે ક્ષણોમાં પણ નિત્ય પદાર્થ ઉત્પન્ન કરશે' - તો નિત્યવાદીની આ દલીલ યોગ્ય નથી. કારણ કે એક વખત ઉત્પન્ન કરેલી વસ્તુને બીજી વખત ઉત્પન્ન નથી કરાતી. વળી દ્વિતીય, તૃતીય વગેરે ક્ષણમાં કરવા લાયક તમામ કાર્યોને નિત્ય વસ્તુ પ્રથમ ક્ષણે જ ઉત્પન્ન કરી દેશે. કારણ કે નિત્ય વસ્તુનો તે તે વસ્તુઓને ઉત્પન્ન કરવાનો સ્વભાવ છે. તેથી દ્વિતીય, તૃતીય વગેરે ક્ષણોમાં ઉત્પન્ન કરવા લાયક કાર્યો પણ પ્રથમ ક્ષણે જ પ્રાપ્ત થવાની આપત્તિ આવશે. તથા પ્રથમ ક્ષણે દ્વિતીયાદિ ક્ષણમાં સાધ્ય એવા કાર્ય કરવાનો સ્વભાવ જો નિત્ય પદાર્થમાં ન હોય તો નિત્ય પદાર્થ અનિત્ય બનવાની આપત્તિ આવશે." (**સૂયગડાંગ વ્યાખ્યા**)

(**प्रकृ.**) પ્રસ્તુતમાં **વિશેષાવશ્યકભાષ્ય**ની ગાથા ભૂલવા જેવી નથી. ત્યાં જણાવેલ છે કે "એકાન્તનિત્યત્વનો શું આગ્રહ રાખો છો ? બધી જ વસ્તુ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યમય છે. માત્ર અન્ય પર્યાયની વિવક્ષા કરવાથી 'આ અનિત્ય છે' - વગેરે વ્યવહાર થાય છે."

### ❋ અર્થક્રિયા અનેકાન્તપક્ષમાં વિશ્રાન્ત ❋

(**इत्थ.**) જેમ મધદરિયે પહોંચેલ વહાણ ઉપરથી ઉડીને દૂર-દૂર જવા છતાં કિનારો ન દેખાવાથી થાકી મેળવીને પંખી પાછું વહાણ ઉપર આવીને વિશ્રાન્તિ લે છે, તેમ એકાન્તક્ષણિકત્વપક્ષમાંથી અને એકાન્તનિત્યત્વપક્ષમાંથી પાછી ફરતી અર્થક્રિયા નિત્યત્વમિશ્રિતઅનિત્યત્વ નામના ત્રીજા પક્ષમાં વિશ્રાન્ત થાય છે - આ મુજબનો આશય અહીં વાચકવર્ગે ઉદ્ઘાટિત કરવો.

### ❋ ઈન્દ્રિયસન્નિકર્ષ કારણ મીમાંસા ❋

**પૂર્વપક્ષ** :- (**यदि च.**) જ્ઞાનાદિનું ઉપાદાનકારણ આત્માદિ દ્રવ્ય તો કૂટસ્થ નિત્ય = સર્વથા નિત્ય જ છે અને આત્મામાં રહેનાર જ્ઞાનાદિ કાર્ય અનિત્ય જ છે. તથા ઘટજ્ઞાન વગેરે વિશેષ પ્રકારના કાર્ય

1. को वा नित्यग्रहः सर्वं चैवाऽपि भव-भङ्ग-स्थितिमयम्। पर्यायान्तरमात्राऽर्पणाद् अनित्यादिव्यपदेशः।

અનઈં જો ઈમ* કહિઈં "કારણ તે નિત્ય જ, □તદ્દવૃત્તિ કાર્ય તે અનિત્ય જ."
તો કાર્ય-કારણનઈં અભેદસંબંધ કિમ ઘટઈં ?

ज्ञानादिरूपविशेषकार्यं तु घटेन्द्रियसन्निकर्षादिविशेषसामग्रीवशादुदेती'ति ***उच्यते***,

***तदा*** कार्य-कारणयोरभेदसम्बन्धाऽनुपपत्तिः। न ह्येवं नित्याऽनित्ययोः आत्म-ज्ञानयोः अभेदः सम्भवेत्।

किञ्च, स्वस्य = आत्मनः भावः = कार्यजननपरिणतिः स्वभाव उच्यते। सा चाऽत्र घटोपयोगादिरूपा घटज्ञानादिभेदाय भिद्यत एव। ततश्च नात्मन एकान्तनित्यत्वम्।

"सुषुप्तिकाले ज्ञानानुत्पत्तिदर्शनेनोपयोगरूपव्यापारसाचिव्येनैव जीवस्य ज्ञानजनकत्वात्,

સર્વદા ઉત્પન્ન થતા નથી. પરંતુ જ્યારે ઘટ અને ઈન્દ્રિયનો સન્નિકર્ષ, ઈન્દ્રિયનો અને મનનો સંબંધ વગેરે વિશેષ કારણોનો સમૂહ હાજર થાય ત્યારે જ સ્વસામગ્રીવશ ઘટજ્ઞાન આદિ કાર્યો ઉત્પન્ન થાય છે. આમ આત્મા એકાન્તે નિત્ય હોવા છતાં અર્થક્રિયાનો અસંભવ દોષ લાગુ નહિ પડે.

## ❀ સ્વભાવની વ્યાખ્યા ❀

**ઉત્તરપક્ષ** :- (तदा.) હે ભાગ્યશાળી ! જો તમે ઉપર મુજબ કારણને એકાન્તનિત્ય અને કાર્યને એકાન્તે અનિત્ય કહેતા હો તો કાર્ય અને કારણ વચ્ચે અભેદ સંબંધ અસંગત થઈ જશે. કારણ કે એકાન્ત નિત્ય અને એકાન્ત અનિત્ય વચ્ચે અભેદ કઈ રીતે હોઈ શકે ? તેથી આ રીતે માનવામાં આત્મા અને જ્ઞાન વચ્ચેનો અભેદસંબંધ ઉચ્છેદ પામશે.

(किञ्च.) વળી, બીજી મહત્ત્વની વાત એ છે કે - 'સ્વ' નો ભાવ એટલે સ્વભાવ. સ્વનો = આત્માનો ભાવ = કાર્યજનક પરિણતિ. તેથી આત્માની જ્ઞાનાદિજનક પરિણતિ એ જ આત્માનો સ્વભાવ કહેવાય છે. તે પરિણતિ પ્રસ્તુતમાં ઘટવિષયક ઉપયોગાદિ સ્વરૂપ છે. જ્યારે ઘટજ્ઞાન ઉત્પન્ન કરવું હોય ત્યારે આત્મામાં ઘટઉપયોગ હોય છે. પટવિષયક જ્ઞાન ઉત્પન્ન કરવું હોય ત્યારે આત્મામાં પટઉપયોગાત્મક પરિણતિ જન્મે છે. આમ અલગ-અલગ વિષયનું જ્ઞાન કરવા માટે વિભિન્ન ઉપયોગસ્વરૂપ પરિણતિ આત્મામાં જન્મે છે. તેથી આત્માનો સ્વભાવ વિભિન્નવિષયક જ્ઞાનની ઉત્પત્તિ માટે બદલાય જ છે. તેથી આત્માને એકાન્તે નિત્ય કહી નહિ શકાય.

**પ્રશ્ન** :- જ્ઞાનને ઉત્પન્ન કરવા માટે ઉપયોગાત્મક પરિણતિને કારણ માનવાની જરૂર શી છે ? ઈન્દ્રિયસન્નિકર્ષને જ જ્ઞાનજનક માનવાથી પ્રસિદ્ધ વ્યવસ્થા સંગત થઈ શકે છે.

## ❀ ઉપયોગપરિણતિ દ્વારા આત્મા જ્ઞાનજનક ❀

**ઉત્તર** :- ("सुषु.) તમારા પ્રશ્નનું સમાધાન સરળ છે. તે એ છે કે નિદ્રા અવસ્થામાં ત્વગિન્દ્રિય, કર્ણેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય વગેરેને શય્યા, સંગીત, સુગંધ વગેરે સાથે સન્નિકર્ષ હાજર હોવા છતાં પણ તે તે વિષયોનું જ્ઞાન ઉત્પન્ન થતું નથી - આવું જોવા મળે છે. તેથી ફક્ત ઈન્દ્રિયસન્નિકર્ષને જ કારણ માનવાથી કામ ચાલી શકતું નથી. હકીકત એ છે કે ત્યારે જીવને ઉપયોગ ન હોવાથી તે તે વિષયોનું જ્ઞાન થતું નથી. તેથી 'તત્ તત્ વિષયક ઉપયોગસ્વરૂપ વ્યાપાર = પ્રવૃત્તિ દ્વારા જ જીવ ઘટાદિજ્ઞાનનો કર્તા બને

* પ.માં 'એમ ન કહીએ' આવો અશુદ્ધ પાઠ. □ આ.(૧)માં 'તેહુતિ' પાઠ.

ભેદ સંબંધ માનિઈં, તો તત્સંબંધાન્તરાદિગવેષણાઈં[ॐ] અનવસ્થા થાઈ.

कारकत्वस्य सव्यापारकत्वव्याप्तत्वाच्च। तथा च घटाद्युपयोगपरिणत्यभेदेनैव आत्मनो ज्ञानजनकत्वमास्थेयमिति" (स्या.रह.का.४/खण्ड-२, पृ.२०४) व्यक्तं **स्याद्वादरहस्ये**। अधिकं **तद्वृत्तौ जयलतायाम्** अवोचाम।

***अथ*** उपयोगद्वारा आत्मनो ज्ञानजनकत्वेऽपि न तयोरभेदः येन आत्मनोऽनित्यस्वभावः सिध्येत्, समवायेनैव तदुपपत्तेः इति ***चेत्*** ?

***न***, यतः यदि ज्ञानादिलक्षणकार्य-जीवलक्षणकारणयोः यः सम्बन्धः इष्यते स चेद् अभेदात्मकः तर्हि ज्ञानादि-जीवयोरभेदसिद्ध्या ज्ञानाद्युत्पाद-विनाशद्वारा आत्मनोऽपि तेन रूपेण उत्पाद-व्यय-सिद्धेरनित्यस्वभावोऽनाविलः। यदि च कार्य-कारणयोः भेदसम्बन्ध एवाङ्गीक्रियते समवायाख्यः

છે' - તેમ માનવું જરૂરી છે. જીવ જ્ઞાનાદિનો કર્તા છે, કારક છે. જે જે કારક હોય તેનો કોઈને કોઈ વ્યાપાર અવશ્ય હોય છે - આવો નિયમ છે. જેમ કુંભાર મૃત્પિંડસ્થાપન-ચક્રભ્રમણાદિ વ્યાપાર દ્વારા ઘટજનક બને છે, તેમ આત્મા ઉપયોગસ્વરૂપ પરિણતિ દ્વારા જ્ઞાનજનક બને છે. તેથી ઘટાદિગોચર ઉપયોગાત્મક પરિણતિ દ્વારા જ આત્મા ઘટાદિનું જ્ઞાન ઉત્પન્ન કરી શકે - તેમ સિદ્ધ થાય છે. તથા તે ઉપયોગપરિણતિ જો આત્માથી સર્વથા ભિન્ન હોય તો વિભિન્ન સંબંધની કલ્પનામાં અનવસ્થા દોષ લાગુ પડે છે. તેથી માનવું જોઈએ કે ઉપયોગપરિણતિ આત્માથી અભિન્ન જ છે. તથા ઉપયોગ બદલાય તો તેનાથી અભિન્ન આત્મા પણ તે સ્વરૂપે બદલાય જ. આમ આત્મા સર્વથા નિત્ય સ્વભાવને નહિ પરંતુ કથંચિત્ અનિત્ય સ્વભાવને પણ ધરાવે છે - તેવું સિદ્ધ થાય છે. આ પ્રમાણે **મહોપાધ્યાય શ્રીયશોવિજયજી** મહારાજે મધ્યમપરિમાણ **સ્યાદ્વાદરહસ્ય** ગ્રંથમાં સ્પષ્ટપણે જણાવેલ છે. તેની **'જયલતા'** વ્યાખ્યામાં આ બાબતનું અધિક નિરૂપણ અમે (યશોવિજય ગણીએ) કરેલ છે. જિજ્ઞાસુ ત્યાં દૃષ્ટિપાત કરી શકે છે.

### ॐ એકાંતનિત્યવાદમાં જ્ઞાનોત્પત્તિવિચાર ॐ

**નૈયાયિક** :- (**अथ.**) જ્ઞાનાદિ કાર્યને આત્મા ઉપયોગ દ્વારા ઉત્પન્ન કરે છે. આ તમારી વાત એક વાર અમે અભ્યુપગમવાદથી સ્વીકારી લઈએ છીએ. પણ આત્મા અને ઉપયોગપરિણતિ વચ્ચે અભેદ નથી કે જેના લીધે ઉપયોગ બદલાવાથી આત્માનો અનિત્યસ્વભાવ સિદ્ધ થઈ શકે. આત્મા અને ઉપયોગ, જ્ઞાન વગેરે જુદા છે. તે બન્ને વચ્ચે તાદાત્મ્યસંબંધ નથી પણ સમવાય સંબંધ છે. જે બે પદાર્થ પરસ્પર ભિન્ન હોવા છતાં એકબીજાથી છૂટા પડી શકે તેવા ન હોય તો તે બે ગુણ-ગુણી વગેરે પદાર્થ વચ્ચે 'સમવાય' નામનો સંબંધ અમે માનીએ છીએ. આમ આત્મા અને ઉપયોગ, જ્ઞાન વગેરે જુદા હોવાથી ઉપયોગ બદલાય છતાં આત્મા બદલાતો નથી. તેથી આત્મામાં અનિત્યસ્વભાવની સિદ્ધિ થઈ શકતી નથી.

### ॐ સમવાય સંબંધનું નિરાકરણ ॐ

**જૈન** :- (न, यतः.) ના, તમારી ઉપરોક્ત માન્યતા વ્યાજબી નથી. કારણ કે જ્ઞાનાદિ કાર્ય અને આત્મા વચ્ચે જે સંબંધ તમે માનો છો તે જો અભેદસંબંધ હોય તો આત્મા અને જ્ઞાનાદિ પરસ્પર અભિન્ન સિદ્ધ થઈ જશે. તેથી જ્ઞાનાદિની ઉત્પત્તિ-નાશ દ્વારા આત્માનો તે સ્વરૂપે ઉત્પત્તિ-નાશ સિદ્ધ થવાથી આત્મામાં અનિત્યસ્વભાવ નિરાબાધપણે સિદ્ધ થઈ જશે. તથા કાર્ય-કારણ વચ્ચે જો તે 'સમવાય'

ॐ લા.(૨)માં 'સંબંધાન્તરગવે...' પાઠ.

तर्हि तेनाऽपि तत्र सम्बन्धान्तरेण सम्बद्धतया भाव्यम्, असम्बद्धस्य सम्बन्धत्वाऽयोगात्। सम्मतञ्चेदं भवतामपि। तदुक्तं **सुदर्शनाचार्येण व्युत्पत्तिवादादर्शवृत्तौ** "असम्बद्धपदार्थस्य संसर्गत्वाऽसम्भवाद्" (व्यु.वा.का.२/खण्ड-२/पृ.३२५) इति। अतः तेनाऽपि तत्र सम्बन्धान्तरेण सम्बद्धतया भवितव्यमित्यप्रामाणिकानन्तसम्बन्धगवेषणेनाऽनवस्थाऽऽपत्तिः दुर्निवारा।

***अथ*** निजस्वरूपेणैव समवायः ज्ञान-जीवाभ्यां सम्बद्ध इति ***चेत्*** ?

***तर्हि*** ज्ञानमेव निजस्वरूपेण आत्मना सह सम्बध्यत इति लाघवेन किं नाऽभ्युपगम्यते ? तदिदं वितर्क्य प्रोक्तं श्री**हरिभद्रसूरि**भिः **धर्मसङ्ग्रहण्यां** [1]"समवाया संबंधो तेसिं तस्सेव तेहि णणु केण ?। जति अन्नेणणवत्था अह उ सयं किन्न तेसिं पि।।" (ध.स.४८१) इति। 'तेसिं = ज्ञानात्मनोः गुण

નામનો ભેદસંબંધ જ હોય તો, તમારા મત મુજબ, આત્મા અને જ્ઞાનાદિ ભિન્ન હોવાથી જ્ઞાનાદિને આત્મા સાથે જોડાવા માટે જેમ 'સમવાય' નામના સંબંધની જરૂર રહે છે, તેમ આત્મા અને સમવાય પણ પરસ્પર ભિન્ન હોવાથી સમવાયને પણ આત્મા સાથે જોડાવા માટે કોઈક નવા સંબંધ (**A**)ની અપેક્ષા રહેશે. તે સંબંધ પણ ભેદસંબંધાત્મક હોય તો તેને સમવાયની સાથે અને આત્માની સાથે જોડાવા માટે અન્ય નવા સંબંધ (**B**)ની જરૂર પડશે. કારણ કે જે આધાર-આધેય સાથે સંબદ્ધ ન હોય તે સંબંધાત્મક જ ન બની શકે. આ વાત તમને પણ માન્ય જ છે. તેથી જ **સુદર્શનાચાર્ય**એ **વ્યુત્પત્તિવાદ** ગ્રંથની **આદર્શવ્યાખ્યા**માં જણાવેલ છે કે 'અસંબદ્ધ પદાર્થ સંસર્ગ = સંબંધ બને તે વાત અસંભવ છે.' તેથી નવા (**B**) સંબંધને પણ જૂના (**A**) સંબંધ સાથે જોડવા માટે અન્ય અભિનવ (**C**) સંબંધની આવશ્યકતા રહેશે. આમ નવા-નવા (**A-B-C** વગેરે) સંબંધની કલ્પના કરવામાં આવે તો અનન્તા સંબંધોની કલ્પના કરવી પડશે. આ કલ્પના અપ્રામાણિક છે, પ્રમાણશૂન્ય છે. તેથી આવી અનંત સંબંધકલ્પના દ્વારા અનવસ્થા દોષની આપત્તિ નૈયાયિકમતમાં દુર્વાર બનશે.

## ❀ અનવસ્થાનિવારણપ્રયાસ ❀

**નૈયાયિક** :- (अथ.) સમવાય સંબંધ પોતાનાથી ભિન્ન સંબંધના માધ્યમથી જ્ઞાન અને આત્મા સાથે જોડાતો નથી. પરંતુ પોતાના સ્વરૂપથી જ સમવાય તે બન્ને સાથે જોડાયેલો છે. તેથી અનવસ્થા નહિ રહે.

## ❋ જ્ઞાન સ્વયમેવ આત્મસંબદ્ધ ❋

**જૈન** :- (तर्हि.) સમવાય નામના સ્વતંત્ર સંબંધની કલ્પના કરીને તે નિજસ્વરૂપથી જ્ઞાન અને આત્મા સાથે જોડાય છે - તેવી ગૌરવગ્રસ્ત કલ્પના તમે કરો છો. તેના કરતાં સમવાયની કલ્પના કર્યા વિના 'જ્ઞાન પોતે જ નિજસ્વરૂપથી આત્માની સાથે જોડાય છે' - તેવી કલ્પના તમે લાઘવસહકારથી કેમ નથી કરતા ? અન્યથા અર્ધજરતીય ન્યાય લાગુ પડશે. આ જ અભિપ્રાયથી તો શ્રી**હરિભદ્રસૂરિજી**એ **ધર્મસંગ્રહણિ** ગ્રંથમાં જણાવેલ છે કે "સમવાયના માધ્યમથી આત્મા જ્ઞાનની સાથે જોડાતો હોય તો સમવાય પોતે જ્ઞાન અને આત્મા સાથે કોના માધ્યમથી જોડાશે ? જો જ્ઞાન અને આત્મા - આ બન્નેની સાથે સમવાય બીજા સંબંધથી જોડાય તો અનવસ્થા લાગુ પડશે. તથા જો જ્ઞાન અને આત્મા સાથે સમવાય સ્વયમેવ =

1. समवायात् सम्बन्धः तयोः तस्यैव ताभ्यां ननु केन ? यद्यन्येनाऽनवस्था अथ तु स्वयं किं न तयोरपि ?।।

-गुणिनोः', शिष्टमतिरोहितार्थम्।

वस्तुतः समवाय एव नास्तीत्यत्र तात्पर्यम् अवसेयम्। न च 'इहेदमि'ति प्रतीतिः तत्र प्रमाणम्, 'इह कुण्डे बदरमि'त्यादिप्रतीत्या व्यभिचारात्, 'इह कपालेषु घट' इत्यादिप्रतीतेः अनुदयाच्च।

तदिदमभिप्रेत्योक्तं **वीरसेनाचार्येण जयधवला**ऽभिधानायां **कषायप्राभृतवृत्तौ** [1]"न च 'इहेदं' पच्चयगेज्झसमवाओ, तहाविहपच्चओवलंभाऽभावादो, आहाराहेयभावेण दिट्ठकुंड-बदरेसु चेव तदुवलंभादो। 'इह कवालेसु घडो', 'इह तंतुसु पडो'त्ति पच्चओ वि उप्पज्जमाणो दीसइ त्ति चे ? ण, घडावत्थाए खप्पराणं, पडावत्थाए तंतूणं च अणुवलंभादो। घडस्स पद्धंसाभावो खप्पराणि, पडस्स पागभावो तंतवो। ण ते घड-पडकालेसु संभवंति, घड-पडाणमभावप्पसंगादो" (क.प्रा.भाग-१, पेज्जदोसविहत्ती-गा.१ ज.ध.पृ.४३)

નિજસ્વરૂપથી જ જોડાય, તો પછી શા માટે નિજસ્વરૂપથી જ્ઞાન જ આત્માની સાથે સંબદ્ધ ન થાય?"

## સમવાયસાધક પ્રમાણનું નિરાકરણ

**(वस्तु.)** વાસ્તવમાં તો સમવાય જ નથી - આવું જણાવવાનું અહીં તાત્પર્ય સમજવું. 'અહીં આ છે' - આવી પ્રતીતિને નૈયાયિકો સમવાયની સિદ્ધિ માટે પ્રમાણભૂત માને છે. પણ તે બરાબર નથી. કારણ કે (૧) નૈયાયિકસંમત સમવાયસંબંધ જે બે પદાર્થ વચ્ચે ન હોય ત્યાં પણ 'અહીં આ છે' - આવી પ્રતીતિ થાય જ છે. જેમ કે 'અહીં કુંડમાં બોર છે' આવી પ્રતીતિ થાય છે. પણ કુંડ અને બોર વચ્ચે નૈયાયિકને સમવાયસંબંધ માન્ય નથી. તેથી વ્યભિચારગ્રસ્ત = વિસંવાદી હોવાથી તે પ્રતીતિ દ્વારા કાર્ય-કારણ વગેરે વચ્ચે સમવાયની સિદ્ધિ થઈ શકે તેમ નથી. તથા (૨) જે બે અયુતસિદ્ધ પદાર્થ વચ્ચે સમવાય નૈયાયિકને માન્ય હોય ત્યાં તો 'અહીં આ છે' - આવી પ્રતીતિ થતી જ નથી. જેમ કે 'આ કપાલોમાં (= ઠીકરામાં) ઘટ છે' - આવી બુદ્ધિ કોઈને પણ પ્રામાણિક રીતે થતી જ નથી. મતલબ કે જ્યાં સમવાય-સાધક પ્રતીતિ ન થવી જોઈએ ત્યાં તે થાય છે. તથા જ્યાં સમવાયસાધક પ્રતીતિ થવી જોઈએ ત્યાં તે થતી નથી. તો પછી તેવી પ્રતીતિ દ્વારા કઈ રીતે સમવાયસંબંધની સિદ્ધિ થઈ શકે? ન જ થઈ શકે.

## જયધવલાસંવાદથી સમવાયનિરાસ

**(तदि.)** આ જ અભિપ્રાયથી **કષાયપ્રાભૃત**ની **જયધવલા** વ્યાખ્યામાં **જયસેનાચાર્ય**એ જણાવેલ છે કે "પ્રસ્તુતમાં 'इह इदं' પ્રતીતિથી સમવાયની સિદ્ધિ થતી નથી. કારણ કે તેવા પ્રકારની પ્રતીતિની ઉપલબ્ધિ જ થતી નથી. તથા જો તેવી પ્રતીતિ થાય તો પણ (સમવાયભિન્ન) આધાર-આધેયભાવ સંબંધથી રહેલા કુંડ અને બોર વચ્ચે જ 'આ કુંડમાં બોર છે' - આ પ્રકારે 'इह इदं' પ્રતીતિ થાય છે, બીજે નહિ.

**શંકા** :- 'આ કપાલોમાં ઘટ છે', 'આ તંતુઓમાં પટ છે' - આ પ્રકારે પણ 'इह इदं' - આવી પ્રતીતિ તો ઉત્પન્ન થતી દેખાય જ છે. તેથી ત્યાં તો સમવાય સંબંધની સિદ્ધિ થઈ શકશે ને ?

**સમાધાન** :- ના, તમારી વાત બરાબર નથી. કારણ કે ઘટદશામાં કપાલોની = ઠીકરાઓની

1. न च 'इहेदं' प्रत्ययग्राह्यसमवायः, तथाविधप्रत्ययोपलम्भाऽभावात्, आधाराधेयभावेन दृष्टकुण्ड-बदरेषु चैव तदुपलम्भात्। 'इह कपालेषु घटः, इह तन्तुषु पट-इति प्रत्ययोऽपि उत्पद्यमानो दृश्यते' इति चेत् ? न, घटावस्थायां कर्पराणां पटावस्थायां तन्तूनाञ्चाऽनुपलम्भात्। घटस्य प्रध्वंसाभावः कर्पराणि, पटस्य प्रागभावः तन्तवः। न ते घट-पटकालेषु सम्भवन्ति, घट-पटयोः अभावप्रसङ्गात्।

તે માટઈં કથંચિત્ અનિત્યસ્વભાવ પણિ માનવો. *इति गाथार्थः इति तत्त्वम्* ॥११/८॥

इत्यादिकम्। अधिकं ततोऽवसेयम्।

"युक्तेः, शब्दान्तराच्च" (ब्र.सू.२/१/१८) इति पूर्वोक्तस्य (३/३) **ब्रह्मसूत्रस्य शारीरकभाष्ये**ऽपि विस्तरेण समवायो निरस्तः।

ततश्चोपादानोपादेययोः कथञ्चिदभेदोऽपि कक्षीकर्तव्यः। इत्थञ्च गुणादिनाशोत्पादाभ्यां गुण्यादिनाशोत्पादौ सेत्स्यतः। ततश्चाऽऽत्मादिद्रव्ये कथञ्चिदनित्यस्वभावोऽपि स्वीकार्यः। इत्थं फलजननाऽजननावस्थायां स्वभावभेदेन द्रव्यत्वावच्छिन्ने कथञ्चिदनित्यस्वभावः सिध्यत्येव।

मृत्पिण्डादिरपि वृत्ताद्याकार-शक्तिविशेषोभयलक्षणपर्यायविनाशसमकालमेव कम्बुग्रीवादिसंस्थान-जलाहरणादिशक्तिस्वरूपपर्यायात्मना उत्पद्यते रूप-रस-गन्ध-स्पर्श-मृद्द्रव्यादिरूपतया उत्पाद-व्यया-ऽप्रतियोगित्वाद् ध्रुवश्च। तदुक्तं **विशेषावश्यकभाष्ये**[1]"इह पिण्डो पिण्डागार-सत्तिपज्जायविलयसमकालं।

તથા પટદશામાં તંતુઓની ઉપલબ્ધિ થતી નથી. આનું કારણ એ છે કે ઘટનો પ્રધ્વંસઅભાવ કપાલ છે તથા પટનો પ્રાગભાવ તંતુઓ છે. મતલબ કે ઘડો ફૂટે પછી ઠીકરા ઉત્પન્ન થાય છે તથા પટ ઉત્પન્ન થાય તે પૂર્વે તંતુઓ હોય છે. તેથી ઘટ-પટસ્વરૂપ કાર્ય હાજર હોય ત્યારે કપાલ અને તંતુઓ હાજર હોય તે શક્ય નથી. જો ઘટ-પટની હાજરી હોય ત્યારે પણ સ્વતન્ત્રપણે ઠીકરાઓને અને તંતુઓને વિદ્યમાન માનવામાં આવે તો ઘટ-પટનો અભાવ થવાની જ આપત્તિ આવે." **જયધવલા**માં વિસ્તારથી સમવાયનું નિરાકરણ કરવામાં આવેલ છે. જિજ્ઞાસુઓએ ત્યાંથી અધિક જાણકારી મેળવી લેવી.

"युक्तेः, शब्दान्तराच्च" - આ પૂર્વોક્ત (૩/૩) **બ્રહ્મસૂત્ર**ના **શારીરકભાષ્ય**માં આદ્ય **શંકરાચાર્ય**એ પણ વિસ્તારથી સમવાય સંબંધનું ખંડન કરેલ છે. જિજ્ઞાસુ ત્યાં પણ દૃષ્ટિપાત કરી શકે છે.

## ❖ આત્મા કથંચિદ્ અનિત્ય ❖

(**तत.**) તેથી ઉપાદાનકારણ અને ઉપાદેય = કાર્ય વચ્ચે, ગુણ-ગુણી વગેરે વચ્ચે સર્વથા ભેદ માનવાના બદલે કથંચિત્ અભેદ માનવો જરૂરી છે. તેથી ગુણ વગેરેના નાશ-ઉત્પાદ દ્વારા ગુણી વગેરેના નાશ-ઉત્પાદ સિદ્ધ થશે. આથી આત્માદિ દ્રવ્યમાં કથંચિત્ અનિત્યસ્વભાવ પણ માનવો જરૂરી છે. આમ કાર્યજનન-અજનન અવસ્થામાં દ્રવ્યસ્વભાવ બદલાવાથી સર્વ દ્રવ્યમાં કથંચિત્ અનિત્યસ્વભાવ સિદ્ધ થાય જ છે.

## ❄ મૃત્પિંડાદિમાં નિત્યાનિત્યરૂપતા ❄

(**मृत्पि.**) મૃત્પિંડ વગેરે પણ જે સમયે ગોળ આકાર અને શક્તિવિશેષ - આ બન્ને પ્રકારના પર્યાયરૂપે નાશ પામે છે, તે જ સમયે કંબુગ્રીવા વગેરે સંસ્થાન અને જલાહરણાદિ શક્તિ - આ બન્ને પ્રકારના પર્યાયસ્વરૂપે ઉત્પન્ન થાય છે. તેમ જ રૂપ, રસ, ગંધ, સ્પર્શ, મૃદ્દ્રવ્ય વગેરે સ્વરૂપે તેનો જન્મ કે વિનાશ ન થવાથી તે સ્વરૂપે તે નિત્ય છે. આ અંગે **વિશેષાવશ્યકભાષ્ય**માં જણાવેલ છે કે 'અહીં માટીનો પિંડ જે સમયે પિંડસંસ્થાનપર્યાય અને શક્તિવિશેષપર્યાય - આ બન્ને સ્વરૂપે વિનાશ પામે છે, તે જ

*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત કો.(૧૧)માં છે.

1. इह पिण्डः पिण्डाकार-शक्तिपर्यायविलयसमकालम्। उत्पद्यते कुम्भाकार-शक्तिपर्यायरूपेण।।

उप्पज्जइ कुंभागार-सत्तिपज्जायरूवेण।। [1]रूवाइ-दव्वयाए न जाइ न य वेइ तेण सो निच्चो। एवं उप्पाय -व्यय-धुव्वस्सहावं मयं सव्वं।।" (वि.आ.भा.१९६४-६५) इति।

एवञ्चाऽनेकान्तवादानुसारतः स्वजात्यनुच्छेदेनैव नित्यता प्रतिवस्तु स्वीकार्या, न तु सर्वथा। इदमेवाऽभिप्रेत्य नित्यवादिनं प्रति श्री**शीलाङ्काचार्येण सूत्रकृताङ्गवृत्तौ** "यदि स्वजात्यनुच्छेदेनाऽस्य नित्यताऽभिधीयते ततः परिणामाऽनित्यत्वमस्मदभीष्टमेवाऽभ्युपगतमिति न काचित्क्षतिः। अथ अप्रच्युताऽनुत्पन्नस्थिरैकस्वभावत्वेन नित्यत्वमभ्युपगम्यते ? तन्न घटते, तस्याऽध्यक्षबाधितत्वात्। न हि क्षणभाविपर्यायाऽनालिङ्गितं किञ्चिद्वस्तु प्रत्यक्षेणावसीयते, निष्पर्यायस्य च खपुष्पस्येव असद्रूपतैव स्याद्" (सू.कृ.१/१/४/८ पृ.५०) इत्युक्तमित्यवधेयम्।

किञ्च, ज्ञानादिकारणीभूतात्मादिद्रव्यैकान्तनित्यतावादिमते गुण-गुणिनोः सर्वथाभेदसम्बन्धे स्वीक्रियमाणे द्रव्याऽभावः प्रसज्येत। न हि स्वकीयसर्वगुणेभ्यो व्यतिरिच्य किञ्चिद् आत्मादिद्रव्यमस्ति।

સમયે કુંભસંસ્થાનપર્યાય અને જલાધારશક્તિપર્યાય - આ બન્ને સ્વરૂપે ઉત્પન્ન થાય છે. તેમ જ રૂપાદિસ્વરૂપે અને દ્રવ્યસ્વરૂપે નથી તે ઉત્પન્ન થતો કે નથી તે નાશ પામતો. તેથી તે સ્વરૂપે તે નિત્ય છે. આમ સર્વ વસ્તુ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય સ્વભાવવાળી માન્ય છે.'

## ❋ સ્વજાતિના ઉચ્છેદ વિના નિત્યતા : શ્રીશીલાંકાચાર્યજી ❋

**(एव.)** આ રીતે અનેકાન્તવાદ મુજબ, સ્વજાતિના ઉચ્છેદ વિના જ પ્રત્યેક વસ્તુમાં નિત્યતા સ્વીકારવી જોઈએ. સર્વથા નિત્યતા તો સ્વીકાર્ય જ નથી. આ જ અભિપ્રાયથી **સૂયગડાંગજીસૂત્ર**ના પ્રથમ શ્રુતસ્કંધના પ્રથમ અધ્યયનના ચોથા ઉદ્દેશાની આઠમી ગાથાની વ્યાખ્યામાં શ્રી**શીલાંકાચાર્યજી**એ નિત્યવાદીને જે જણાવેલ છે તે ખરેખર ધ્યાનમાં રાખવા લાયક છે. ત્યાં તેઓશ્રીએ જણાવેલ છે કે "જો સ્વજાતિના અનુચ્છેદથી વસ્તુમાં નિત્યતા તમે કહેતા હો તો અમને માન્ય એવી પરિણામઅનિત્યતાને જ તમે સ્વીકારેલી કહેવાશે. તેથી તેમાં અમને કોઈ વાંધો નથી. તથા જો અવિનષ્ટ-અનુત્પન્ન કેવળ સ્થિર એક સ્વભાવરૂપે નિત્યતાને તમે માનતા હો તો તે વાત સંગત નહિ થઈ શકે. કારણ કે તેવી નિત્યતા પ્રત્યક્ષ પ્રમાણથી બાધિત છે. પ્રત્યેક વસ્તુમાં ક્ષણે ક્ષણે નવા નવા પર્યાયોનો ઉત્પાદ-વ્યય થતો જ હોય છે. ક્ષણિક પર્યાયથી શૂન્ય કોઈ પણ વસ્તુ પ્રત્યક્ષ પ્રમાણથી જણાતી નથી. તથા નિત્ય વસ્તુને પર્યાયશૂન્ય માનશો તો આકાશપુષ્પની જેમ એકાંતવાદીસંમત નિત્ય વસ્તુ અસત્સ્વરૂપ = મિથ્યા જ બની જશે."

## ❋ એકાન્તભેદપક્ષમાં દ્રવ્યનો ઉચ્છેદ ❋

**(किञ्च.)** વળી, જ્ઞાનાદિ ગુણના કારણભૂત આત્માદિ દ્રવ્યમાં એકાન્તનિત્યતાને માનનારા વાદીના મત મુજબ ગુણ-ગુણી વચ્ચે સર્વથા ભેદસંબંધ જ માન્ય કરવામાં આવે તો દ્રવ્યનો જ ઉચ્છેદ થવાની આપત્તિ આવશે. કારણ કે પોતાના સર્વ ગુણોને છોડીને કોઈ આત્મા વગેરે દ્રવ્ય હોતા નથી, રહેતા નથી. સ્વકીય સર્વ ગુણોની બાદબાકી કરવામાં આવે તો દ્રવ્ય તરીકે બચે શું ? આમ ભેદસંબંધ પક્ષમાં દ્રવ્યનો ઉચ્છેદ થશે. તથા દ્રવ્ય ન હોવાથી ગુણોનો પણ ઉચ્છેદ થશે. કારણ કે ગુણો પણ દ્રવ્યને

1. रूपादिद्रव्यतया न जायते न व्येति तेन स नित्यः। एवमुत्पाद-व्यय-ध्रौव्यस्वभावं मतं सर्वम्।।

गुणा अपि द्रव्यं विहाय निराधारा नाऽवतिष्ठन्ते इति गुणाभावः। यद्वा गुणानां साश्रयकत्वनियमेन अनन्तद्रव्यवृत्तिता प्रत्येकं गुणेषु स्यात्, एकान्तभेदाऽविशेषात्।

***एतेन*** [1]"णिच्चं गुण-गुणिभेये दव्वाभावं अणंतियं अहवा। अणवत्था समवाए किह एयत्तं पसाहेदि ?।।" (द्र.स्व.प्र.४७) इति **द्रव्यस्वभावप्रकाश**गाथाऽपि ***व्याख्याता।*** द्रव्याऽऽनन्त्याऽऽपादनमत्र दर्शितरीत्या प्रत्येकं गुणेषु अनन्तद्रव्यवृत्तित्वापत्तिरूपमवसेयम्।

છોડીને નિરાધાર દશામાં રહેતા નથી. અથવા એમ કહી શકાય કે 'ગુણો હંમેશા કોઈકને કોઈક આશ્રયમાં રહેતા હોય છે' - આવો નિયમ હોવાથી દરેક ગુણો અનંત દ્રવ્યમાં રહેવાની આપત્તિ દુર્વાર બનશે. આનું કારણ એ છે કે નૈયાયિકમત મુજબ, ગુણમાં સમાન રીતે તમામ દ્રવ્યોનો સર્વથા ભેદ રહે છે.

### ✻ સર્વ ગુણ તમામ દ્રવ્યમાં રહેવાની આપત્તિ ✻

[redacted] :- નૈયાયિકમતે જ્ઞાન ગુણ જેમ આત્માથી સર્વથા જુદો છે તેમ ઘટ-પટ વગેરે દ્રવ્યથી પણ તે સર્વથા જુદો જ છે. તેથી 'જ્ઞાન ગુણ આત્મામાં જ કેમ રહે ? ઘટ-પટ વગેરે અનંતા દ્રવ્યોમાં કેમ ન રહે ?' આ બાબતનું નિયમન નૈયાયિકમતમાં નહિ થઈ શકે. તેથી વિનિગમક ન હોવાના લીધે જ્ઞાન ગુણ સર્વ દ્રવ્યોમાં રહેશે. તે જ રીતે બાકીના પણ સર્વ ગુણો સર્વ દ્રવ્યમાં રહેશે.

### ❋ પ્રત્યેક ગુણમાં અનન્તદ્રવ્યવૃત્તિતાની આપત્તિ ❋

(एतेन.) **દ્રવ્યસ્વભાવપ્રકાશ**માં આ અંગે એવું જણાવેલ છે કે "ગુણ અને ગુણી વચ્ચે સર્વથા ભેદ માનવામાં આવે તો દ્રવ્યનો અભાવ થઈ જશે. અથવા અનંત દ્રવ્ય થઈ જશે. ગુણ-ગુણીમાં સમવાય સંબંધને માનશો તો અનવસ્થા આવશે. તથા તેમાં એકત્વ = અભેદ કઈ રીતે સિદ્ધ થઈ શકશે ?" આ વાતનો પણ ખુલાસો ઉપર જે વાત જણાવી તેના દ્વારા થાય છે. 'અનંત દ્રવ્ય થવાની આપત્તિ' કહેવા દ્વારા ઉપર જણાવ્યા મુજબ પ્રત્યેક ગુણમાં અનન્તદ્રવ્યવૃત્તિતાની આપત્તિ સમજવી.

### ❁ દિગંબરમત મુજબ ગુણ-ગુણીઅભેદની વિચારણા ❁

[redacted] :- દ્રવ્ય તો ગુણોનો સમુદાય છે. જો દ્રવ્યથી = ગુણસમુદાયથી ગુણ ભિન્ન હોય તો પછી સમુદાય ક્યાંથી સંભવે ? આ રીતે ગુણોને દ્રવ્યથી ભિન્ન માનવામાં દ્રવ્યનો અભાવ (=ઉચ્છેદ પ્રાપ્ત) થાય છે. પ્રદેશો અલગ અલગ હોય તો ભિન્નતા સંભવે. પરંતુ ગુણના અને ગુણીના પ્રદેશો ભિન્ન નથી હોતા. જેમ કે શુક્લ ગુણના જે પ્રદેશો છે તે જ પ્રદેશો ગુણી વસ્ત્રના પણ છે. માટે તે બન્નેમાં પ્રદેશભેદ નથી. માટે તેમાં અભેદ છે. આ જ શાખાના દશમા શ્લોકમાં આ વાત વિસ્તારથી સમજાવવામાં આવશે. પરંતુ જેમ અત્યંત દૂર રહેલા હિમાલય અને વિંધ્ય પર્વતમાં પ્રદેશભેદ હોવાથી તે બન્નેમાં વાસ્તવિક = નૈશ્ચયિક ભેદ છે. તથા અત્યંત નજીક રહેલા પરસ્પર ભળેલા દૂધ-પાણીમાં પ્રદેશભેદ હોવા છતાં પરસ્પર અત્યંત મિશ્રિતતા હોવાથી વ્યાવહારિક અભેદ છે. તેમ એવા પ્રકારના પ્રદેશભેદ અને અભેદ દ્રવ્ય અને ગુણ વચ્ચે નથી. કારણ કે તેમાં પ્રદેશભેદ જ રહેતો નથી. તેથી દ્રવ્ય-ગુણ વચ્ચે વાસ્તવિક અભેદ છે. અહીં વાસ્તવિક ભેદ અને વાસ્તવિક અભેદ વિશે બે ઉદાહરણ છે - (૧) ધનના સંબંધથી 'ધની' એવો વ્યવહાર થાય છે. અહીં ધનનું અસ્તિત્વ ધનીના અસ્તિત્વથી

1. नित्यं गुण-गुणिभेदे द्रव्याभावोऽनन्तिकोऽथवा। अनवस्था समवाये कथमेकत्वं प्रसाधयति ?।।

**पञ्चास्तिकायसङ्ग्रहे कुन्दकुन्दस्वामिना**ऽपि द्रव्य-गुणयोः सर्वथा भेदः [1]"जदि हवदि दव्वमण्णं गुणदो य गुणा य दव्वदो अण्णे। दव्वाणंतियमधवा दव्वाभावं पकुव्वंति।।" (प.स.४४) इत्येवं विप्रतिषिद्धः।

अत्र [2]"सुह-दुक्खसंपओगो न जुज्जई निच्चवायपक्खम्मि। एगंतुच्छेअम्मि वि सुह-दुक्खविअप्पणमजुत्तं" (स.त.१/१८) इति **सम्मतितर्क**गाथाऽपि स्मर्तव्या। एकान्तनित्यवादेऽर्थक्रियाविरहः **सम्मतितर्कवृत्तौ** (भाग-५/का.३/गा.६०/पृ.७२९) तृतीयकाण्डे विस्तरतो दर्शितः। सोऽनुसन्धेयोऽत्र।

"नित्याऽनित्यत्वं च वस्तुनः द्रव्य-पर्यायोभयरूपत्वात्, अनुवृत्त-व्यावृत्ताऽऽकारसंवेदनग्राह्यत्वात् प्रत्यक्ष-

ભિન્ન છે. (૨) જ્ઞાનના સંબંધથી 'જ્ઞાની' એવો વ્યવહાર થાય છે. અહીં જ્ઞાનનું અને જ્ઞાનીનું અસ્તિત્વ એક જ છે, અલગ નથી. જો જ્ઞાની જ્ઞાનથી સર્વથા ભિન્ન હોય તો બન્ને અજીવ બની જશે. જો જ્ઞાનને અને જ્ઞાનીને અલગ અલગ માનીને તેનો સંબંધ માનવામાં આવે તો ગુણરહિત થવાથી દ્રવ્યની શૂન્યતાની (=ઉચ્છેદની) આપત્તિ આવશે. તથા દ્રવ્ય વિના નિરાધાર બનવાથી ગુણોની શૂન્યતાનો પ્રસંગ આવશે.

દ્રવ્યનું અને ગુણનું અસ્તિત્વ એક હોવાથી તે બન્નેમાં જે અનાદિ-અનંત સહવૃત્તિપણું છે, તે જ જૈનોનો સમવાયસ્થાનીય સંબધ સમજવો. માટે જૈનોના મતે દ્રવ્ય અને ગુણ વચ્ચે સંજ્ઞાભેદ હોવા છતાં વાસ્તવમાં ભેદ નથી. માટે તે બન્ને અભિન્ન છે. જેનું અસ્તિત્વ ભિન્ન હોય તે જ ભિન્ન હોય.

### ❀ ગુણ-ગુણીમાં પ્રદેશભેદનો અસંભવ ❀

જ્ઞાનનું અને આત્માનું અથવા ગુણ-ગુણીનું અસ્તિત્વ અલગ છે જ નહિ. તથા જે ગુણના પ્રદેશ છે, તે જ ગુણીના પ્રદેશ છે અને જે ગુણીના પ્રદેશ છે, તે જ ગુણના પ્રદેશ છે. આમ તેમાં પ્રદેશભેદ ન હોવાથી ભેદ નથી. ગુણ અને ગુણી વચ્ચે નામભેદ જોવા મળે છે. છતાં પણ તેમાં પ્રદેશભેદ ન હોવાથી ભેદ નથી. માટે ગુણ દ્રવ્યથી ભિન્ન નથી પણ દ્રવ્યનો જ પરિણામવિશેષ છે - એમ માનવું જોઈએ.

### ❀ દ્રવ્ય-ગુણ વચ્ચે સર્વથા ભેદ અમાન્ય ❀

(पञ्चा.) **પંચાસ્તિકાયસંગ્રહ**માં દ્રવ્ય-ગુણ વચ્ચે સર્વથા ભેદનો નિષેધ કરવા માટે **કુંદકુંદસ્વામી**એ પણ જણાવેલ છે કે 'જો દ્રવ્ય ગુણથી અન્ય હોય તથા ગુણો દ્રવ્યથી અન્ય હોય તો દ્રવ્યની અનંતતા થાય અથવા દ્રવ્યનો અભાવ થાય.'

(अत्र.) અહીં **સંમતિતર્ક**ની ગાથા પણ યાદ કરવા યોગ્ય છે. ત્યાં શ્રી**સિદ્ધસેનદિવાકરજી**એ જણાવેલ છે કે 'એકાંત નિત્યપક્ષમાં સુખ-દુઃખનો સંયોગ યુક્તિસંગત બનતો નથી. તેમજ એકાન્ત ક્ષણિકપક્ષમાં પણ સુખ-દુઃખની કલ્પના અયોગ્ય છે.' એકાન્તનિત્યવાદમાં અર્થક્રિયાનો વિરહ **સમ્મતિતર્કવૃત્તિ**માં (ભાગ-૫, પૃષ્ઠ ૭૨૯) ત્રીજા કાંડમાં વિસ્તારથી જણાવેલ છે. તેનું અહીં જિજ્ઞાસુ વાચકવર્ગે અનુસંધાન કરવું.

### ❀ વસ્તુમાં નિત્યાનિત્યતા પ્રત્યક્ષસિદ્ધ : શ્રીહરિભદ્રસૂરિ ❀

("नित्या.) **અનેકાન્તવાદપ્રવેશ**માં તથા **અનેકાન્તજયપતાકા**માં શ્રીહરિભદ્ર**સૂરિજી**એ પ્રત્યેક વસ્તુમાં નિત્યાનિત્યઉભયસ્વભાવની સિદ્ધિ કરવા માટે જણાવેલ છે કે "દ્રવ્ય નિત્ય છે. પર્યાય અનિત્ય છે. તથા વસ્તુ દ્રવ્ય-પર્યાયઉભયાત્મક છે. તેથી તે નિત્યાનિત્યઉભયસ્વભાવવાળી છે. જુદા-જુદા કાળમાં પણ 'આ

1. यदि भवति द्रव्यमन्यद् गुणतश्च गुणाश्च द्रव्यतोऽन्ये। द्रव्याऽऽनन्त्यमथवा द्रव्याभावं प्रकुर्वन्ति।।

2. सुख-दुःखसम्प्रयोगो न युज्यते नित्यवादपक्षे। एकान्तोच्छेदेऽपि सुख-दुःखविकल्पनमयुक्तम्।।

सिद्धम् एव इति। तथाहि – मृत्पिण्ड-शिवक-स्थास-घट-कपालादिषु अविशेषेण सर्वत्र अनुवृत्तः मृदन्वयः संवेद्यते प्रतिभेदं च पर्यायव्यावृत्तिः। तथा च न यथाप्रतिभासं मृत्पिण्डादौ संवेदनम्, तथाप्रतिभासम् एव शिवकादिषु, आकारभेदाऽनुभवात्। न च यथाप्रतिभासभेदं तद्विजातीयेषु उदक-दहन-पवनादिषु तथाप्रतिभासभेदम् एव शिवकादिषु मृदन्वयाऽनुभवात्। ***न च*** अस्य स्वसंवेद्यस्याऽपि संवेदनस्य अपह्नवः कर्तुं ***युज्यते***, प्रतीतिविरोधाद्" (अ.वा.प्र.वृ.४३ + अ.ज.प.भाग-१, अधि.२, पृ.११३) इति **अनेकान्तवादप्रवेशे अनेकान्तजयपताकायां** च **श्रीहरिभद्रसूरयः**।

**सर्वज्ञसिद्धौ श्रीहरिभद्रसूरिभिः** "न नित्यैकान्तवादे यद्, बन्ध-मोक्षादि युज्यते। नाऽनित्यैकान्तवादेऽपि बन्ध-मोक्षादि युज्यते।।" (स.सि.५१) इति उक्तम्। "स्यादुत्पत्ति-व्यय-ध्रौव्ययुक्तं व्यक्तं स्वभावतः। स्वरूपं विश्वभावानां विश्वाऽभ्यन्तरभाविनाम्।।" (न.त.सं. १०९) इति **नवतत्त्वसंवेदने अम्बप्रसादः**। **जैनस्याद्वादमुक्तावल्यां**

---

તે જ છે' - આવી અનુવૃત્તઆકારાવગાહી પ્રતીતિનો વિષય સ્થિર-નિત્ય વસ્તુ બને, સર્વથા ક્ષણિક નહિ. તથા જુદા-જુદા સમયે 'આ તે નથી' - આવી વ્યાવૃત્તઆકારશાલી અનુભૂતિનો વિષય અનિત્ય વસ્તુ બને, એકાન્તનિત્ય નહિ. વસ્તુમાં તો અનુવૃત્ત-વ્યાવૃત્તઉભયાકારનું અવગાહન કરનાર સંવેદન ઉત્પન્ન થાય છે. આમ અનુગત-વ્યાવૃત્તદ્વિવિધઆકારનું અવગાહન કરનાર સંવેદનનો વિષય બનવાથી વસ્તુ એકાન્તનિત્ય કે માત્ર અનિત્ય નથી પરંતુ નિત્યાનિત્યઉભયસ્વભાવયુક્ત છે. આ બાબત પ્રત્યક્ષ પ્રમાણથી જ સિદ્ધ થાય છે. તે આ રીતે :- માટીનો પિંડ, શિવક, સ્થાસ, ઘટ, કપાલ વગેરે અવસ્થાઓમાં સમાન રીતે સર્વત્ર માટીદ્રવ્યનો અન્વય વણાયેલો હોય તેવું સંવેદન થાય છે. તથા તે તમામ અવસ્થાઓમાં અલગ-અલગ પૂર્વોત્તરકાલીન પર્યાયની વ્યાવૃત્તિ = બાદબાકી પણ અનુભવાય જ છે. મતલબ કે જેવા પ્રકારનો = આકારનો પ્રતિભાસ મૃત્પિંડ વગેરેના સંવેદનમાં થાય છે, તેવા જ આકારનો આભાસ શિવક વગેરેના સંવેદનમાં થતો નથી. કારણ કે બન્ને સ્થળે આકારભેદની અનુભૂતિ થાય છે. પરંતુ આ આકારનું સંવેદન આકારગત અત્યંત વૈજાત્યનું અવગાહન પણ કરતું નથી. કારણ કે માટીદ્રવ્યથી વિજાતીય એવા પાણી, અગ્નિ, વાયુ વગેરે દ્રવ્યોમાં જે રીતે મૃત્પિંડ વગેરેના આકારથી તદ્દન વિલક્ષણ એવો પ્રતીતિગત ભેદ ભાસે છે, તે રીતે શિવક, સ્થાસ વગેરેમાં કાંઈ મૃત્પિંડાદિની આકૃતિથી અત્યંત વિભિન્ન એવો પ્રતીતિગત ભેદ ભાસતો નથી. પરંતુ તે તમામમાં માટી દ્રવ્યના અનુગમનું પણ ભાન થાય છે. આ હકીકતનો આપણને સહુને અનુભવ છે જ. જાતે જ અનુભવેલા સંવેદનનો અપલાપ કરવો શક્ય જ નથી. બાકી તો આપણી જ પ્રતીતિનો વિરોધ આવી પડે. મરચાની તીખાશનો અનુભવ જાતે કર્યા પછી 'મરચું જરા પણ તીખું નથી' - આવો અપલાપ ન જ થાય ને !"

## એકાંતપક્ષમાં બંધ-મોક્ષનો અસંભવ

(सर्व.) **સર્વજ્ઞસિદ્ધિ**માં **હરિભદ્રસૂરિજી** જણાવે છે કે 'બંધ-મોક્ષ વગેરે નથી તો એકાંતનિત્યવાદમાં સંગત થતા કે નથી તો એકાન્તઅનિત્યવાદમાં સંગત થતા.' તેમજ 'વિશ્વની અંદર થનારા તમામ વૈશ્વિક ભાવોનું સ્વરૂપ સ્વભાવથી જ કથંચિત્ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુક્ત હોય છે. તથા તેવું સ્વરૂપ વ્યક્ત જ છે' - આમ **નવતત્ત્વસંવેદન**માં શ્રાદ્ધવર્ય **અંબપ્રસાદજી** કહે છે. તેનાથી સર્વ પદાર્થ નિત્યાનિત્ય સિદ્ધ થાય છે. **જૈનસ્યાદ્વાદમુક્તાવલી**માં **યશસ્વત્સાગરજી** જણાવે છે કે 'જીવ એકાન્તનિત્ય હોય તો સુખ

"एकान्तनित्ये सुख-दुःखयोस्तु भोगो न जीवे न तथाप्यनित्ये। क्रमाऽक्रमाभ्यां च तथाहि नित्यानित्ये क्रिया वस्तुनि नो घटेत।।" (जै.स्या.मु.१/३९) इति **श्रीयशस्वत्सागरः**।

प्रकृते "अप्रच्युताऽनुत्पन्नस्थिरैकस्वभावं सर्वं नित्यमित्येवं न व्यवह्रियते, प्रत्यक्षेणैव नव-पुराणादिभावेन प्रध्वंसाभावेन वा दर्शनात्, तथैव च लोकस्य प्रवृत्तेः, आमुष्मिकेऽपि नित्यत्वादात्मनो बन्ध-मोक्षाद्यभावेन दीक्षा-यम-नियमादिकमनर्थकमिति न व्यवह्रियते।

तथैकान्तानित्यत्वेऽपि लोको धन-धान्य-घट-पटादिकमनागतभोगार्थं न सङ्गृह्णीयात्, तथाऽऽमुष्मिकेऽपि क्षणिकत्वादात्मनः प्रवृत्तिर्न स्यात्। तथा च दीक्षा-विहारादिकमनर्थकम्। तस्माद् नित्याऽनित्यात्मके एव स्याद्वादे सर्वव्यवहारप्रवृत्तिः" (सू.कृ.श्रु.स्क.रा.अ.५/सू.३/पृ.३७२) इति **सूत्रकृताङ्गसूत्रवृत्तिप्रबन्धोऽपि** प्रमाणतया कक्षीकर्त्तव्यः।

---

-દુઃખનો ભોગવટો ન થાય. તથા જીવ એકાન્તઅનિત્ય હોય તો પણ સુખ-દુઃખનો સાક્ષાત્કાર સંભવતો નથી. કારણ કે એકાન્તનિત્યમાં તથા સર્વથા ક્ષણભંગુર વસ્તુમાં અર્થક્રિયા ઘટી શકતી નથી.'

## ❋ એકાંત નિત્ય-અનિત્ય બન્ને પક્ષ અયોગ્ય ❋

**(प्रकृ.)** પ્રસ્તુત બાબતમાં **શ્રીસૂત્રકૃતાંગસૂત્રવ્યાખ્યા**નો એક પ્રબંધ પણ પ્રમાણ તરીકે સ્વીકારવા યોગ્ય છે. તે આ પ્રમાણે જાણવો - "તમામ વસ્તુ ક્યારેય નાશ પામતી નથી, ઉત્પન્ન થતી નથી પરંતુ કેવલ સ્થિરસ્વભાવવાળી નિત્ય છે - આવો વ્યવહાર થઈ શકે નહિ, કારણ કે પ્રત્યક્ષ પ્રમાણથી જ જોવા મળે છે કે નવી વસ્તુ જૂની થાય છે, જીર્ણ-શીર્ણ થાય છે. અથવા તો કાળક્રમે વસ્તુનો વિધ્વંસ થતો પણ જોવા મળે છે. તેમજ લોકવ્યવહારમાં પણ ઘટાદિના અનિત્યસ્વભાવને લક્ષમાં રાખીને પ્રવૃત્તિ થતી જોવા મળે છે. ઘડો, કપ-રકાબી વગેરે તૂટી ન જાય તેની કાળજી લોકો રાખે જ છે. આ લોકવ્યવહારથી વસ્તુને એકાન્તે નિત્ય માની ન શકાય. તથા પારલૌકિક પ્રવૃત્તિના આધારે પણ આત્મા વગેરે વસ્તુને સર્વથા નિત્ય તરીકે સ્વીકારી ન શકાય. કારણ કે જો આત્મા એકાન્તે નિત્ય હોય તો તેના સ્વરૂપમાં લેશ પણ ફેરફાર ન થવાથી ન તો આત્મા કદાપિ કર્મથી બંધાય કે ન તો આત્મા કદાપિ કર્મથી છૂટે. તો પછી દીક્ષા, મહાવ્રતો, નિયમો વગેરેનું કશું પણ ફળ આત્માને મળી ન શકે. આથી દીક્ષા વગેરે નિરર્થક-નિષ્ફળ બનવાની આપત્તિ આવે. પરંતુ આ બાબત તો માન્ય કરી શકાય તેમ નથી. તેથી 'આત્મા એકાન્તે નિત્ય છે' - આવો વ્યવહાર કરવામાં આવતો નથી.

## ❀ સ્યાદ્વાદમાં સર્વપ્રવૃત્તિનો સંભવ ❀

**(तथै.)** તથા 'સર્વ વસ્તુ સર્વથા ક્ષણભંગુર જ છે' - આવા પ્રકારનો વ્યવહાર પણ કરી શકાતો નથી. કારણ કે સર્વ વસ્તુ સર્વથા ક્ષણિક જ હોય તો ભવિષ્યકાલીન ઉપભોગ માટે લોકો ધન, ધાન્ય, ઘટ, પટ વગેરે વસ્તુઓનો સંગ્રહ ન કરી શકે. તેમજ પારલૌકિક પ્રવૃત્તિ પણ થઈ નહિ શકે. કારણ કે આત્મા ક્ષણભંગુર હોય, બીજી ક્ષણે લેશ પણ તે ટકવાનો ન હોય, તો દીક્ષા, વિહાર વગેરે કોના માટે ફળદાયી બને ? બધી સાધના નિરર્થક જ બની જાય. તેથી નિત્યાનિત્યસ્વરૂપ સ્યાદ્વાદનો સ્વીકાર કરવો જરૂરી છે. આવા સ્યાદ્વાદમાં જ સર્વ લૌકિક-લોકોત્તર વ્યવહારની પ્રવૃત્તિ સંભવી શકે છે."

नित्यत्वाऽनित्यत्वाऽन्यतरविरहे सुख-दुःखानुभवाद्युच्छेदापत्तेः दुर्वारत्वमेव। तदिदमभिप्रेत्योक्तं **विशेषावश्यकभाष्ये** [1]"सुह-दुक्ख-बंध-मुक्खा उभयनयमयाणुवट्टिणो जुत्ता। एगयरपरिच्चाए सव्वव्ववहारवोच्छित्ती।।" (वि.आ.भा.२४१७) इति। "आत्मन्येकान्तनित्ये स्यान्न भोगः सुख-दुःखयोः। एकान्ताऽनित्यरूपेऽपि न भोगः सुख-दुःखयोः।।" (वी.स्तो.८/१) इति **वीतरागस्तोत्र**कारिकाऽपि स्मर्तव्या। एत्तद्रहस्यं तु अवोचाम **जयलता**ऽभिधानायां **स्याद्वादरहस्यवृत्तौ**।

तस्माद् मिथोऽनुविद्धनित्याऽनित्योभयस्वभावं वस्तु स्वीकार्यम्। न च विरोधः, अवच्छेदकभेदेन अर्पणाभेदेन वा तत्प्रच्यवात्। तथाहि – द्रव्य-पर्यायात्मके वस्तुनि द्रव्यत्वावच्छेदेन नित्यस्वभावः पर्यायत्वावच्छेदेन चाऽनित्यस्वभावः वृक्षे शाखा-मूलावच्छेदेन कपिसंयोग-तदभाववद् न विरुध्येते। यद्वा वस्तुनः सामान्यस्वरूपापेक्षया नित्यस्वभावत्वं विशेषस्वरूपापेक्षया चानित्यस्वभावत्वमिति न विरोधावकाशः।

### नित्यत्व-अनित्यत्व એક પણ ન માનો તો સર્વ વ્યવહારોચ્છેદ

(**नित्य.**) જો નિત્યત્વ-અનિત્યત્વ આ બેમાંથી એક પણ ન હોય તો સુખાનુભવ, દુઃખાનુભવ વગેરેનો ઉચ્છેદ થવાની આપત્તિ દુર્વાર જ બની જશે. આ જ અભિપ્રાયથી **વિશેષાવશ્યકભાષ્ય**માં જણાવેલ છે કે 'નિત્યત્વગ્રાહક દ્રવ્યાર્થિકનય અને અનિત્યત્વગ્રાહક પર્યાયાર્થિકનય - આ બન્નેને અનુસરવામાં આવે તો જ સુખ, દુઃખ, બંધ, મોક્ષ તદનુસારે યુક્તિસંગત બની શકશે. જો બેમાંથી એક પણ નયનો ત્યાગ કરવામાં આવે અર્થાત્ નિત્યત્વ કે અનિત્યત્વ - આ બેમાંથી એકને પણ ન માનવામાં આવે તો સર્વ વ્યવહારનો ઉચ્છેદ થવાની આપત્તિ આવે.' **વીતરાગસ્તોત્ર**માં શ્રી**હેમચન્દ્રસૂરિ**જીએ પણ આ બાબતમાં જણાવ્યું છે કે "જો આત્માને એકાન્તનિત્ય માનવામાં આવે તો સુખ-દુઃખનો અનુભવ થઈ ન શકે. તથા જો આત્માને એકાન્તે અનિત્ય માનવામાં આવે તો પણ સુખ-દુઃખનો ભોગવટો થઈ ન શકે." આ અંગે રહસ્યભૂત બાબતને અમે **સ્યાદ્વાદરહસ્ય**ની **જયલતા** વ્યાખ્યામાં જણાવેલ છે.

### અવચ્છેદકભેદથી સ્વભાવદ્વયસમાવેશ

(**तस्मा.**) વસ્તુને એકાન્ત નિત્ય કે એકાન્ત અનિત્ય માનવામાં ઉપરોક્ત સમસ્યાઓ આવે છે. તેથી વસ્તુમાં પરસ્પર અનુવિદ્ધ નિત્યસ્વભાવ અને અનિત્યસ્વભાવ બન્નેનો સ્વીકાર કરવો જોઈએ. ઉભયસ્વભાવવાળી વસ્તુને માનવામાં કોઈ વિરોધ આવતો નથી. કારણ કે અવચ્છેદકભેદથી કે અપેક્ષાભેદથી વિરોધનો પરિહાર થઈ શકે છે. તે આ રીતે - વસ્તુ દ્રવ્ય-પર્યાયાત્મક છે. તેથી વસ્તુમાં દ્રવ્યત્વાવચ્છેદેન નિત્યસ્વભાવ અને પર્યાયત્વાવચ્છેદેન અનિત્યસ્વભાવ માનીએ તો વિરોધ દોષ રવાના થઈ જાય છે. જેમ 'એક જ વૃક્ષમાં શાખાઅવચ્છેદેન કપિસંયોગ અને મૂલઅવચ્છેદેન કપિસંયોગાભાવ રહે છે' - તેવું માનવામાં કોઈ વિરોધ નૈયાયિકો માનતા નથી. તેમ ઉપર મુજબ એકત્ર સ્વભાવદ્વયસમાવેશ માનવામાં પણ કોઈ વિરોધને અવકાશ રહેતો નથી. અથવા તો એમ પણ કહી શકાય છે કે સામાન્યસ્વરૂપની અપેક્ષાએ વસ્તુમાં નિત્યસ્વભાવ રહે છે અને વિશેષસ્વરૂપની વિવક્ષાથી વસ્તુમાં અનિત્યસ્વભાવ રહે છે. આવું માનવાથી પણ વિરોધને અવકાશ રહેતો નથી.

1. सुख-दुःख-बन्ध-मोक्षा उभयनयमतानुवर्तिनो युक्ताः। एकतरपरित्यागे सर्वव्यवहारव्यवच्छित्तिः।।

***अत एव*** नित्यानित्यस्वभावयोः कपिसंयोग-तदभावयोरिव नाऽव्याप्यवृत्तित्वं येनाऽवच्छेदकभेदेन तावेकत्र समाविशेतामित्युक्तावपि न ***क्षतिः***,

रामे पुत्रत्व-पितृत्वयोः विरुद्धयोः व्याप्यवृत्तिधर्मयोः दशरथ-लवणाद्यपेक्षया समावेशवत् प्रतिवस्तु नित्यानित्यस्वभावयोः सामान्य-विशेषस्वरूपापेक्षया समावेशे विरोधाऽनवकाशात्। तदुक्तं **तत्त्वार्थसर्वार्थसिद्धौ** "द्रव्यमपि सामान्यार्पणया नित्यम्, विशेषार्पणयाऽनित्यमिति नास्ति विरोधः" (त.स.सि.५/३२) इति। इत्थम् अनेकान्तात्मके एव वस्तुनि अर्थक्रियाकारित्वं सम्भवेत्। तदुक्तं **स्वामिकुमारेण कार्त्तिकेयाऽनुप्रेक्षायाम्** [1]"जं वत्थु अणेयंतं तं चिय कज्जं करेदि णियमेण। बहुधम्मजुदं अत्थं कज्जकरं दीसदे लोए।।" (का.अ. २२५) इत्यादिकम्।

वस्तुतस्तु घटादिकं वस्तु न केवलम् अन्वयरूपम् व्यतिरेकोपलब्धेः; नाऽपि केवलं व्यतिरेकात्मकम्, अन्वयोपलब्धेरिति जात्यन्तरात्मकमेवेति नाऽवच्छेदकभेदयाञ्चा नित्याऽनित्यवादिनाम् अस्माकम्।

[redacted] :- (अत.) કપિસંયોગ અને કપિસંયોગાભાવ તો અવ્યાપ્યવૃત્તિ છે. તેથી અવચ્છેદકભેદથી તે બન્નેનો એક જ વૃક્ષમાં સમાવેશ થઈ શકે છે. પરંતુ નિત્યસ્વભાવ અને અનિત્યસ્વભાવ કાંઈ તેની જેમ અવ્યાપ્યવૃત્તિ નથી કે અવચ્છેદકભેદથી તે બન્નેનો એકત્ર સમાવેશ થઈ શકે.

### ⁂ અપેક્ષાભેદથી સ્વભાવદ્વયસમાવેશ ⁂

[redacted] :- (रामे.) તમારી વાત સાચી છે. નિત્યસ્વભાવ અને અનિત્યસ્વભાવ વ્યાપ્યવૃત્તિ છે, અવ્યાપ્યવૃત્તિ નથી. તેથી નૈયાયિકદર્શનની પ્રક્રિયા મુજબ અવચ્છેદકભેદથી તેનો એકત્ર સમાવેશ તમને માન્ય ન હોય તો જૈનદર્શનની પ્રક્રિયા મુજબ અપેક્ષાભેદથી તે બન્નેનો એકત્ર સમાવેશ થઈ શકે છે. જેમ પુત્રત્વ અને પિતૃત્વ - બે ધર્મો વિરોધી અને વ્યાપ્યવૃત્તિ હોવા છતાં પણ રામમાં દશરથની અપેક્ષાએ પુત્રત્વ રહે છે અને લવણ-અંકુશની અપેક્ષાએ પિતૃત્વ રહે છે તેમ વસ્તુમાત્રમાં સામાન્યસ્વરૂપની અપેક્ષાએ નિત્યસ્વભાવ અને વિશેષસ્વરૂપની અપેક્ષાએ અનિત્યસ્વભાવ રહી શકે છે. તેમાં વિરોધને અવકાશ નથી. તેથી જ **તત્ત્વાર્થસર્વાર્થસિદ્ધિ** વ્યાખ્યામાં જણાવેલ છે કે 'દ્રવ્ય પણ સામાન્યસ્વરૂપની વિવક્ષાથી નિત્ય છે તથા વિશેષસ્વરૂપની વિવક્ષાથી અનિત્ય છે - આવું માનવામાં કોઈ વિરોધ નથી.' આમ દ્રવ્યમાં નિત્યસ્વભાવનો અને અનિત્યસ્વભાવનો સમાવેશ નિર્વિવાદરૂપે થઈ શકે છે. આ રીતે વસ્તુ અનેકાન્તસ્વરૂપ હોય તો જ તે અર્થક્રિયાકારી બની શકે. આ અંગે દિગંબર **સ્વામિકુમારે કાર્ત્તિકેયઅનુપ્રેક્ષા** ગ્રંથમાં જણાવેલ છે કે 'જે વસ્તુ અનેકાન્તાત્મક હોય છે, તે જ વસ્તુ નિયમા કાર્યને કરે છે. લોકોમાં પણ દેખાય છે કે અનેકગુણધર્મથી યુક્ત પદાર્થ જ પોતાનું કામ કરે છે.' આ અંગે વિસ્તાર ત્યાંથી જાણી લેવો.

### ⁂ જાત્યન્તરાત્મક ઘટ - સિદ્ધાન્તપક્ષ ⁂

**(वस्तु.)** વાસ્તવમાં તો ઘટ વગેરે વસ્તુ કેવળ અન્વયસ્વરૂપ = નિત્ય નથી. કારણ કે ઘટાદિમાં વ્યતિરેક = અનિત્યતા પણ ઉપલબ્ધ થાય છે. તેમજ ઘટાદિ વસ્તુ કેવળ વ્યતિરેકસ્વરૂપ = અભાવાત્મક = અનિત્ય નથી. કારણ કે કાલાન્તરમાં તેનો અન્વય જોવા મળે છે. તેથી તે જાત્યન્તરસ્વરૂપ જ છે.

1. यद्वस्तु अनेकान्तं तच्चैव कार्यं करोति नियमेन। बहुधर्मयुतोऽर्थः कार्यकरो दृश्यते लोके।।

इदमेवाऽभिप्रेत्य "नान्वयः स हि भेदत्वान्न भेदोऽन्वयवृत्तितः। मृद्भेदद्वयसंसर्गवृत्तिर्जात्यन्तरं घटः।।" (सू.कृ.वृ.१/१/१/१७ पृ.२५ + जै.त.पृ.१७५) इत्येवं **श्रीशीलाङ्काचार्यैः सूत्रकृताङ्गवृत्तौ श्रीविजयानन्दसूरिभिः च जैनतत्त्वादर्शे** संवादरूपेण समुद्धृतेयं कारिका। इयमेव कारिका **तत्त्वार्थसूत्रसिद्धसेनीयवृत्तौ न्यायावतारसूत्रवार्त्तिकवृत्तौ** च "नाऽन्वयो भेदरूपत्वान्न भेदोऽन्वयरूपतः। मृद्भेदद्वयसंसर्गवृत्तिर्जात्यन्तरं घटः।।" (त.सू.५/२९ सि.वृ.पृ.३७७ + न्या.वा.२/३५/पृ.८८) इत्येवं शब्दभेदेन उद्धृता वर्त्तते। **अनेकान्तजयपताकायां श्रीहरिभद्रसूरिभिः** "नान्वयः तद्विभेदत्वान्न भेदोऽन्वयवृत्तितः। मृद्भेदद्वयसंसर्गवृत्ति जात्यन्तरं हि तद्।।" (अने.ज.प.अधिकार-२/पृ.११९) इत्येवम् उद्धृतेयं कारिका। तैरेव **अनेकान्तवादप्रवेशे** ♦"नान्वयः सह(? स हि)भेदित्वाद् न भेदोऽन्वयवृत्तितः। मृद्भेदद्वयसंसर्गवृत्तिजात्यन्तरं घटः।।" (अने.वा.प्र.पृ.४६) इत्येवमुद्धृतेयं कारिका। **कषायप्राभृतस्य जयधवलावृत्तौ** "नाऽन्वयः सहभेदत्वान्न भेदोऽन्वयवृत्तितः। मृद्भेदद्वयसंसर्गवृत्ति जात्यन्तरं हि तद्।।" (क.प्रा.पुस्तक-१/गा.१४ ज.ध.पृ.१३२) इत्येवं **वीरसेनाचार्येण** उद्धृतेयं कारिका। **विशेषावश्यकभाष्यमलधारवृत्तौ** च "नाऽन्वयः स हि भेदत्वान्न भेदोऽन्वयवृत्तितः। मृद्द्रव्यभेदसंसर्गवृत्तिजात्यन्तरं घटः।।" (वि.आ.भा.५४४ वृ.) इत्येवमृद्धृता वर्त्तत इत्यवधेयम् इतिहासरसिकैः। प्रकृते "नान्वयः स हि भेदित्वान्न भेदोऽन्वयवृत्तितः। मृद्भेद्यवश्यसंसर्गवृत्तिजात्यन्तरं घटः।।" (स्या.क.२९) इति **स्याद्वादकलिकायां राजशेखरसूरिवचनमपि** न विस्मर्तव्यम्।

---

માટે ઘટાદિમાં નિત્યત્વના અને અનિત્યત્વના સમાવેશ માટે અવચ્છેદકભેદની તપાસ જાત્યન્તરસ્વરૂપ નિત્યાનિત્યને માનનારા એવા અમારા માટે જરૂરી નથી. આ જ અભિપ્રાયથી **સૂયગડાંગસૂત્રવ્યાખ્યામાં શ્રીશીલાંકાચાર્યજી**એ તથા શ્રી**વિજયાનંદસૂરિજી**એ (= **આત્મારામજી** મહારાજે) **જૈનતત્ત્વાદર્શ** ગ્રંથમાં સંવાદસ્વરૂપે ઉદ્ધૃત કરેલી એક કારિકામાં જણાવેલ છે કે **(૧-૨)** 'ખરેખર તે ઘટ ફક્ત અન્વયસ્વરૂપ = કેવલ માટીસ્વરૂપ નથી. અર્થાત્ ઘડા અને માટી વચ્ચે અન્વય = એકાંતે અભેદ નથી. કેમ કે ઘડામાં પૃથુ, બુધ્ન વગેરે આકારો દ્વારા ભેદ = વ્યતિરેક (અથવા દંડપ્રહારાદિ દ્વારા વિનાશ) ઉપલબ્ધ થાય છે. તથા તે ભેદાત્મક = કેવલવ્યતિરેકી અથવા સર્વથા વિનાશી નથી. કારણ કે તેમાં મૃત્ત્વરૂપે અન્વય વિદ્યમાન છે. અર્થાત્ ઘડો માટીદ્રવ્યસ્વરૂપ પણ છે જ. આમ માટી = અન્વય = સામાન્ય અને ભેદ = વ્યતિરેક = વિશેષ - આ બન્નેના સંસર્ગથી ઘડો રહેલ છે. તેથી ઘડો જાત્યન્તરસ્વરૂપ છે.' આ જ શ્લોક થોડા-ઘણા શાબ્દિક ફેરફાર સાથે (૩) **તત્ત્વાર્થસૂત્રસિદ્ધસેનીય વ્યાખ્યામાં**, (૪) **ન્યાયાવતારસૂત્રવાર્ત્તિકવૃત્તિ**માં, (૫) શ્રી**હરિભદ્રસૂરિ**રચિત **અનેકાંતજયપતાકા** મૂળ ગ્રંથમાં, (૬) શ્રીહરિભદ્રસૂરિરચિત **અનેકાંતવાદપ્રવેશ** ગ્રંથમાં, (૭) **કષાયપ્રાભૃત**ની **વીરસેનાચાર્ય**રચિત **જયધવલા** વ્યાખ્યામાં, (૮) **વિશેષાવશ્યકભાષ્ય**ની **મલધારવૃત્તિ**માં ઉદ્ધૃત કરવામાં આવેલ છે. અર્થમાં ખાસ ફરક નથી. પણ એક જ શ્લોકને જુદા-જુદા ગ્રંથકારોએ-વ્યાખ્યાકારોએ આંશિક ફેરફાર સાથે ઉદ્ધૃત કરેલ છે, તે ઈતિહાસરસિક વિદ્વાનોએ ખ્યાલમાં રાખવા યોગ્ય છે. તથા તેના મૂળ સ્થાન વિશે ઈતિહાસવેત્તાઓએ

---

♦ "स घटो नाऽन्वय एव। कुतः ? इत्याह – ऊर्ध्वादिरूपेण भेदित्वात्। एवं 'न भेद एव'। कुतः ? अन्वयवृत्तितः = मृद्रूपेण प्रवृत्तेः। किं तर्हि ? अन्वय-व्यतिरेकसम्बन्धवर्त्तमानं जात्यन्तरं घटः" (**अनेकान्तवादप्रवेश** - पृ.४६ टिप्पणम्)।

एतदाशयं स्पष्टीकर्त्तुं **विशेषावश्यकभाष्यमलधारवृत्तौ** “द्रव्य-पर्यायोभयरूपं नित्याऽनित्यमेव वस्तु अभ्युपगन्तव्यम्, तस्यैव प्रत्यक्षादिप्रमाणसिद्धत्वात्। तथाहि – मृत्पिण्ड-शिवक-स्थास-घट-कपालादिषु अविशेषेण सर्वत्र मृदन्वयः संवेद्यते प्रतिभेदं च अन्योऽन्यव्यावृत्तिः। यथाप्रतिभासं हि मृत्पिण्डसंवेदनं न तथाप्रतिभासमेव शिवकादिषु, सर्वत्र आकारभेदाऽनुभवात्।

न च यथाप्रतिभासभेदं तत्संवेदनं विजातीयेषु उदक-दहन-पवनादिषु तथाप्रतिभासभेदमेव शिवकादिषु, सर्वत्र मृदन्वयस्य संवेदनात्। न चास्य सर्वजनसंवेद्यस्याऽपि संवेदनस्य अपह्नवः कर्त्तुं युज्यते, अतिप्रसङ्गात्। न चेदं संवेदनं भ्रान्तमिति शक्यते वक्तुम्, देश-काल-नराऽवस्थान्तरेषु इत्थमेव प्रवृत्तेः” (वि.आ.भा.५४४ वृ.) इत्युक्तमिति दिक्।

---

સંશોધન પણ કરવા યોગ્ય છે. (૯) **સ્યાદ્વાદકલિકાપ્રકરણ**માં **શ્રીરાજશેખરસૂરિ** મહારાજે પણ આવા પ્રકારના ભાવનો શ્લોક જણાવેલ છે. તેને પણ અહીં વાચકવર્ગે ભૂલવો નહિ.

### ❀ ભેદાભેદ દ્વારા નિત્યાનિત્યતાની સિદ્ધિ ❀

(एत.) આ જ શ્લોકના આશયને સ્પષ્ટ કરવા માટે **વિશેષાવશ્યકભાષ્યવૃત્તિ**માં મલધારી **શ્રીહેમચન્દ્રસૂરિજી** જણાવે છે કે “સર્વ વસ્તુ દ્રવ્ય-પર્યાયઉભયસ્વરૂપ હોવાથી પ્રત્યેક વસ્તુને નિત્યાનિત્ય જ માનવી જોઈએ. કારણ કે પ્રત્યક્ષ વગેરે પ્રમાણથી વસ્તુ તે સ્વરૂપે જ પ્રસિદ્ધ છે. તે આ રીતે - મૃત્પિંડ, સ્થાસ, શિવક, ઘટ, કપાલ વગેરે અવસ્થામાં સમાન રીતે માટી દ્રવ્યના અન્વયનું સંવેદન થાય છે. તથા મૃત્પિંડ, શિવક, સ્થાસ વગેરે પ્રત્યેક પર્યાયમાં એકબીજાની વ્યાવૃત્તિ = ભિન્નતા પણ જણાય છે. કારણ કે જે પ્રકારે મૃત્પિંડનું સંવેદન થાય છે, તે જ પ્રકારે શિવક, સ્થાસ આદિનું ભાન થતું નથી. માટીનો પિંડ, શિવક, સ્થાસ વગેરે તમામ પર્યાયોમાં આકારભેદનું જ્ઞાન થાય જ છે. આમ અન્વયપ્રતીતિ દ્વારા તથા ભેદપ્રતીતિ દ્વારા ભેદાભેદનો અને તેના લીધે વસ્તુમાં નિત્યાનિત્યતાનો સ્વીકાર કરવો જરૂરી છે.

### ❖ એક દ્રવ્યના પર્યાયોમાં સર્વથા ભેદ નથી ❖

(न च य.) વળી, મહત્ત્વની વાત એ છે કે પાણી, અગ્નિ, પવન વગેરે વિજાતીય દ્રવ્યોમાં જેવા પ્રકારની ભેદની બુદ્ધિવાળું વિષયસંવેદન થાય છે તેવા જ પ્રકારના ભેદનું અવગાહન કરનાર વિષયસંવેદન શિવક, સ્થાસ, ઘટ, કપાલ વગેરેમાં થતું નથી. કારણ કે શિવક, સ્થાસ વગેરેમાં ભેદપ્રતીતિ હોવા છતાં મૃદ્દ્રવ્યની હાજરી પણ પ્રતીત થાય છે. તેથી પાણી, પવન વગેરેમાં જેમ લૌકિક દૃષ્ટિએ સર્વથા ભેદ રહે છે, તેમ માટી દ્રવ્યના પર્યાયોમાં સર્વથા ભેદ રહેતો નથી - તેમ સિદ્ધ થાય છે. માત્ર અમને જ આવો અનુભવ થાય છે - તેવું નથી. સર્વ લોકોને ભેદઅનુવિદ્ધ અભેદનું ભાન થાય છે. સર્વ લોકોને સમ્યક્ પ્રકારે જેનું વેદન થાય એવા સંવેદનનો અપલાપ (= નિષેધ) કરવો યોગ્ય નથી. બાકી તો સર્વ વસ્તુનો અપલાપ કરવાનો અતિપ્રસંગ આવીને ઊભો રહે. તથા ‘ઉપરોક્ત સંવેદન ભ્રાન્ત છે’ - તેમ પણ કહી શકાય તેમ નથી. કારણ કે ક્ષેત્ર બદલાય, કાળ બદલાય, માણસ બદલાય, અવસ્થા બદલાય તો પણ ઉપરોક્ત રીતે એકસરખું જ વસ્તુસ્વરૂપનું સંવેદન સર્વ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં થાય છે. માટે દ્રવ્યસ્વરૂપે નિત્યતા અને પર્યાયસ્વરૂપે અનિત્યતા વસ્તુમાં માનવી જરૂરી છે.” અહીં જે કાંઈ કહેવાયેલ છે તે દિગ્દર્શનમાત્ર છે. તે મુજબ હજુ આગળ ઘણું વિચારવાની અહીં સૂચના

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – 'पशु-मनुष्यादिरूपेण आत्मानः अनित्याः' इत्यवसाय जीवदया-यतनादिषु यतनीयम्। 'चैतन्यरूपेण वयं नित्या' इत्यवगम्य च मृत्यादितो नैव भेतव्यम्। इत्थञ्चाऽऽक्रोशोद्वेगादिकं पलायते। इत्थञ्चार्त्त-रौद्रध्यानविगमेन शुक्लध्यानप्राप्त्या "केवलसंविद्-दर्शनरूपाः सर्वार्त्तिदुःखपरिमुक्ताः। मोदन्ते मुक्तिगताः जीवाः क्षीणान्तरारिगणाः।।" (वि.आ.भा.१९७५ वृ. उद्धृ.) इति **विशेषावश्यकभाष्यमलधारवृत्तौ** उद्धरणरूपेणोक्तं सिद्धस्वरूपमुपतिष्ठते।।११/८।।

---

આપવા માટે 'दिक्' શબ્દનો પ્રયોગ કરવામાં આવેલ છે.

### ❀ નિત્યાનિત્યસ્વભાવપ્રતિપાદનનું પ્રયોજન ❀

**આધ્યાત્મિક ઉપનય** :- 'પશુ-મનુષ્યાદિસ્વરૂપે જીવો અનિત્ય છે' - આવું જાણીને જીવદયા-જયણા વગેરેમાં ઉદ્યમ કરવો. તથા 'ચૈતન્યસ્વરૂપે આપણે નિત્ય છીએ' - આવું જાણીને મોત (મૃતિ) વગેરેથી આપણે કદાપિ ડરવું નહિ. 'जीवन में दया हो, मोत का डर न हो, तो क्या गम हो ?' - આ રીતે વિચારવાથી આક્રોશ, ઉદ્વેગ વગેરે પણ રવાના થાય છે. આ રીતે આર્ત્ત-રૌદ્રધ્યાન જવાથી શુક્લધ્યાન મળે છે. તેનાથી સિદ્ધસ્વરૂપ હાજર થાય છે. સિદ્ધસ્વરૂપને જણાવનારી એક કારિકા **વિશેષાવશ્યકભાષ્યમલધારવૃત્તિ**માં ઉદ્ધૃત કરેલ છે. તેમાં જણાવેલ છે કે 'અંતરંગ શત્રુગણનો ઉચ્છેદ કરીને મોક્ષમાં ગયેલા કેવલજ્ઞાન-દર્શનવાળા જીવો સર્વ પીડા-દુઃખથી મુક્ત બનીને આનંદમાં રહે છે.' (૧૧/૮)

**લખી રાખો ડાયરીમાં.....**

- વાસનામાં બીજાનો ઉપયોગ કરવાનું વલણ છે.
  ઉપાસનામાં બીજાના ઉપયોગમાં આવવાનું વલણ છે.
- શરીરનું બલિદાન કર્યા વિના સાધના અપૂર્ણ રહે.
  તમામ ઈચ્છાનું બલિદાન કર્યા વિના ઉપાસના અધૂરી રહે.
- ધર્મપ્રવૃત્તિ કરતી વખતે પણ બુદ્ધિનો પ્રયત્ન હલકા નિમિત્તને જ શોધવાનો છે.
  પાપ કરતી વખતે પણ શ્રદ્ધા સારા નિમિત્તને શોધે છે.
- 'અહમ્'પ્રેરિત પ્રાર્થના પણ વાસનાનો એક પ્રકાર છે.
  અર્હંપૂર્ણ એવી ઉપાસના 'અહમ્'શૂન્ય હોય છે.

**(૫) સ્વભાવનઈં એકાધારત્વઈં એકસ્વભાવ વિલાસો જી,**
**(૬) અનેક દ્રવ્ય[§] પ્રવાહ ♦એકનઈં, અનેકસ્વભાવ પ્રકાશો□ જી;**
**વિણ એકતા વિશેષ ન✡ લહિઈં, સામાન્યનઈં અભાવઈં જી,**
**અનેકત્વ વિણ સત્તા ન ઘટઈ, તિમ જ વિશેષ અભાવઈં[†] જી ॥૧૧/૯॥ (૧૯૧)**

**સ્વભાવ** જે સહભાવી ધર્મ, તેહનઈં (એક) આધારત્વઈં, એકસ્વભાવ (વિલાસો.) જિમ રૂપ-રસ-ગંધ-સ્પર્શનો આધાર ઘટાદિ એક કહિઈં.

---

पञ्चम-षष्ठौ सामान्यस्वभावौ व्याख्यानयति – '**नाने**'ति।

**नानांभावानामेकाश्रय एकस्वभावो हि विद्येत,**
**चैकानेकवस्तुसन्तानेऽनेकस्वभावः प्रकाशेत।**
**विनैकस्वभावं विशेषो न भवेन्नु सामान्याऽभावेन,**
**सत्ता त्वनेकस्वभावमृते न च स्याद् विशेषाऽभावेन।।११/९।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – नानाभावानाम् एकाश्रये एकस्वभावो हि विद्येत। एकानेकवस्तुसन्ताने च अनेकस्वभावः प्रकाशेत। एकस्वभावं विना सामान्याभावेन नु विशेषः न भवेत्। अनेकस्वभावम् ऋते च विशेषाभावेन तु सत्ता न स्यात्।।११/९।।

(५) **नानाभावानां** = विभिन्नसहभाविधर्माणाम् **एकाऽऽश्रये** = एकस्मिन् आश्रये सति **एकस्वभावो हि** = एव **विद्येत**। "हिः स्याद्धेतौ विवरणे तथा हिरवधारणे" (ए.ना.मा.४४) इति **एकाक्षरनाममालायां वररुचि**वचनादत्र हि अवधारणार्थे प्रायोजि। प्रकृतमुच्यते – यथा रूप-रस-गन्ध-स्पर्शलक्षणानां भिन्न-

---

**અવતરણિકા** :- ચાર સામાન્યસ્વભાવનું નિરૂપણ થઈ ગયું. હવે નવમા શ્લોક દ્વારા ગ્રંથકારશ્રી પાંચમા અને છઠ્ઠા સામાન્યસ્વભાવનું પ્રતિપાદન કરે છે :-

**શ્લોકાર્થ** :- અનેક સ્વભાવોનો એક આશ્રય હોય તો એકસ્વભાવ જ હોય અને એક-અનેકવસ્તુસન્તાનમાં અનેકસ્વભાવ જણાય. ખરેખર એક સ્વભાવ વિના સામાન્યધર્મના અભાવથી વિશેષ ન હોય. તથા અનેકસ્વભાવ વિના વિશેષ ન હોવાથી વસ્તુની સત્તા = અસ્તિતા = વિદ્યમાનતા જ ન હોય.(૧૧/૯)

## ✡ એકસ્વભાવની વિચારણા ✡

**વ્યાખ્યાર્થ** :- (૫) સહભાવી વસ્તુધર્મ હોય તે વસ્તુનો સ્વભાવ કહેવાય. વસ્તુમાં અનેક પ્રકારના સહભાવી ગુણધર્મો = સ્વભાવો રહેલા હોય છે. અનેકવિધ સ્વભાવોનો આશ્રય એક હોય તો વસ્તુમાં એકસ્વભાવ જ હોય. "(૧) હેતુ, (૨) વિવરણ તથા (૩) અવધારણ અર્થમાં 'હિ' જાણવો" - આ મુજબ **એકાક્ષરનામમાલામાં વરરુચિ**એ જણાવેલ છે. તદનુસાર, અહીં અવધારણ અર્થમાં 'હિ' પ્રયોજાયેલ છે. હવે મૂળ વાત ઉપર આવીએ - જેમ કે જુદા-જુદા પ્રકારના રૂપ, રસ, ગંધ, સ્પર્શ વગેરે અનેક

---

§ મો.(૨)માં 'પ્રવાહ દ્રવ્ય' પાઠ. ♦ મ.માં 'એહનઈં' પાઠ. કો.(૧)નો પાઠ લીધેલ છે. □ મો.(૨)માં 'પ્રકારશો' પાઠ. ✡ કો.(૪)માં 'નવિ' પાઠ. † પુસ્તકોમાં 'અભાવિં' પાઠ. કો.(૯) + સિ.નો પાઠ લીધો છે.

નાનાધર્માધારત્વઈં એકસ્વભાવતા. ❑નાનાક્ષણાનુગતત્વઈં નિત્યસ્વભાવતા. એ વિશેષ જાણવો. (૫)

गुणानाम् आधारः घटादिः एकः कथ्यते तथा अस्तित्व-नास्तित्व-नित्यत्वाऽनित्यत्वादीनां नानास्वभावानामाश्रयीभूतं वस्तु एकस्वभावशालीति कथ्यते। अयञ्च विशेषो ज्ञेयः यदुत नानाधर्माणामाधारतया द्रव्ये एकस्वभावता उच्यते नानाक्षणानुगतत्त्वेन च द्रव्ये नित्यस्वभावता इति।

***एतेन*** एकद्रव्याश्रितत्त्वात्, ध्रुवद्रव्यसहभावित्वाच्च द्रव्यनिष्ठयोः एकस्वभाव-नित्यस्वभावयोरैक्यापत्तिरिति ***निरस्तम्,***

उपधेयसाङ्कर्येऽपि उपाध्यसाङ्कर्यात्। न हि नानाधर्माधारत्त्व-नानाक्षणव्यापित्त्वयोरैक्यं कस्यापि विदुषः सम्मतम्।

प्रकृते "स्वभावानामेकाधारत्वाद् एकस्वभावः" (आ.प.पृ.१२) इति **आलापपद्धति**वचनम्, [1]"एक्को

ગુણોનો આધાર = આશ્રય બનનાર ઘડો એક કહેવાય છે. તેમ અસ્તિત્વ, નાસ્તિત્વ, નિત્યત્વ, અનિત્યત્વ વગેરે અનેક સ્વભાવોનો આશ્રય બનનાર વસ્તુ એકસ્વભાવવાળી કહેવાય છે. જો કે વસ્તુ એકસ્વભાવવાળી છે તેમ નિત્યસ્વભાવવાળી પણ છે. તેમ છતાં અહીં ફરક એટલો છે કે અનેક ગુણધર્મોનો આધાર હોવાથી દ્રવ્યમાં એકસ્વભાવ કહેવાય અને અનેક ક્ષણ સુધી દ્રવ્ય અનુગત હોવાથી દ્રવ્યમાં નિત્યસ્વભાવ કહેવાય.

**શંકા** :- (**एतेन**.) પ્રસ્તુતમાં એકસ્વભાવ અને નિત્યસ્વભાવ એક જ દ્રવ્યમાં રહે છે. તથા ધ્રુવ દ્રવ્યના તેઓ સહભાવી છે. તેથી દ્રવ્યમાં રહેલ એકસ્વભાવ અને નિત્યસ્વભાવ - આ બન્ને મતિજ્ઞાન અને આભિનિબોધિકજ્ઞાનની જેમ પરસ્પર અભિન્ન = એક બની જશે.

### ❖ એકસ્વભાવ અને નિત્યસ્વભાવની ભેદરેખા ❖

**સમાધાન** :- (**उपधेय**.) ના, તમારી વાત વ્યાજબી નથી. કારણ કે એકસ્વભાવ અને નિત્યસ્વભાવ - આ બન્નેનો આધાર એક અને ધ્રુવ હોવા છતાં પણ દ્રવ્યમાં રહેનાર અનેકસ્વભાવઆધારતા અને અનેકક્ષણવ્યાપિતા - આ બન્ને ગુણધર્મો એક નથી. આ ગુણધર્મો ઉપાધિ કહેવાય તથા તેનો આધાર બનનાર ઉપધેય કહેવાય. ઉપધેય એક હોવા છતાં પણ ઉપાધિ ભિન્ન = અસંકીર્ણ હોવાથી દ્રવ્યમાં રહેનાર એકસ્વભાવ અને નિત્યસ્વભાવ જુદા-જુદા છે. કહેવાનો આશય એ છે કે દ્રવ્ય અનેક સ્વભાવોનો આધાર હોવાથી એકસ્વભાવવાળું બને છે તથા અનેકક્ષણસ્થાયી હોવાથી દ્રવ્ય નિત્યસ્વભાવવાળું છે. બન્ને સ્વભાવનો આધાર એક જ દ્રવ્ય હોવા છતાં 'તે દ્રવ્યમાં રહેનાર અનેકગુણાધારતા અને અનેકક્ષણવ્યાપિતા - આ બન્ને એક છે' - તેવું કોઈ પણ પ્રાજ્ઞ વ્યક્તિને માન્ય નથી. તેથી તે બન્ને ગુણધર્મથી નિયમ્ય એકસ્વભાવ અને નિત્યસ્વભાવ પણ એક નથી પરંતુ જુદા છે - આવું સિદ્ધ થાય છે.

### ❋ અનેકસ્વભાવ દ્રવ્યગત એકતામાં અબાધક ❋

(**प्रकृते**.) પ્રસ્તુતમાં **આલાપપદ્ધતિ** ગ્રંથનું વચન યાદ કરવા યોગ્ય છે. તેનો અર્થ એવો છે કે 'અનેક સ્વભાવોનો આધાર એક દ્રવ્ય હોવાથી દ્રવ્યમાં એકસ્વભાવ કહેવાય છે.' **દ્રવ્યસ્વભાવપ્રકાશ** ગ્રંથમાં 'અયુત સ્વભાવ હોવાથી પ્રત્યેક દ્રવ્ય એકસ્વભાવવાળું છે' - આવું જે જણાવેલ છે તેનું પણ અહીં સ્મરણ

❑ લી.(૧)માં 'નાનાલક્ષણા' પાઠ. 1. एकोऽयुतस्वभावः।

(એકનઈં=) મૃદાદિક દ્રવ્યનો સ્થાસ-કોશ-કુશૂલાદિક **અનેક દ્રવ્ય પ્રવાહ** છઈં. તેણઈં **અનેકસ્વભાવ પ્રકાશઈં.**

अजुदसहावो" (द्र.स्व.प्र.६१) इति **द्रव्यस्वभावप्रकाश**वचनञ्चानुस्मर्तव्यम्। द्रव्यवृत्तीनां नानास्वभावानां द्रव्यात् पार्थक्येण अविद्यमानत्वात्, द्रव्यैक्याऽबाधकत्वात्, स्वाश्रयीभूतद्रव्यनिष्ठैकत्वप्रयुक्तैक्यशालित्वाच्च द्रव्ये एकस्वभाव इति यावत् तात्पर्यमत्रानुसन्धेयम्। व्याख्यातः पञ्चमः सामान्यस्वभावः।

(६) साम्प्रतं षष्ठं सामान्यस्वभावं व्याचष्टे – **अनेकस्वभावश्च एकानेकवस्तुसन्ताने** = एकद्रव्यस्य अनेकद्रव्यप्रवाहे सति **प्रकाशेत** = ज्ञायेत। यथा एकस्य मृद्द्रव्यस्य स्थास-कोश-कुशूलाद्यनेकद्रव्यसन्तत्या अनेकस्वभावो विज्ञायते, अनेकस्वभावे सति एव एकस्माद् मृत्तिकाद्रव्याद् अनेकद्रव्यसन्ततिसमुत्पादसम्भवात्।

***न चैवं*** घटादावनेकस्वभावाऽयोगः, तस्य पर्यायत्वादिति ***शङ्कनीयम्,***

यतः पर्यायोऽपि घटादिलक्षणो दीर्घकालव्यापित्व-रक्तादिगुणाधारत्वादिना हेतुना कथञ्चिद् द्रव्यात्मकः सन् अपक्व-पक्व-निश्छिद्र-सच्छिद्रघटाद्यनेकद्रव्यसन्तानशालितया प्रथम-द्वितीयादिक्षणवृत्तितया

કરવું. કહેવાનો આશય એ છે કે દ્રવ્યમાં અનેક સ્વભાવ રહે છે. પરંતુ તે વિવિધ સ્વભાવો ક્યારેય પણ પોતાના દ્રવ્યથી છૂટા પડતા નથી. તે અનેક સ્વભાવો દ્રવ્યની એકતામાં કે અખંડતામાં બાધક બનતા નથી. ઊલટું દ્રવ્યની એકતાના અને અખંડતાના લીધે તે અનેક સ્વભાવો પણ એકરૂપતાને અને અખંડતાને ધારણ કરે છે. તેથી દ્રવ્યમાં એકસ્વભાવ રહે છે. આવા પ્રકારના તાત્પર્યનું પ્રસ્તુતમાં અનુસંધાન કરવું. આ રીતે પાંચમા એકસ્વભાવની વ્યાખ્યા થઈ ગઈ.

### ❋ અનેકસ્વભાવની વિચારણા ❋

(૬) (साम्प्र.) હવે છઠ્ઠા સામાન્ય સ્વભાવની ગ્રંથકારશ્રી વ્યાખ્યા કરે છે. એક દ્રવ્યનો અનેકદ્રવ્યપ્રવાહ ચાલે ત્યારે વસ્તુનો અનેકસ્વભાવ જણાય. જેમ કે એક જ માટીદ્રવ્યનો સ્થાસ-કોશ-કુશૂલ વગેરે અનેક દ્રવ્ય સ્વરૂપે મૃત્ત્વાનુગત પ્રવાહ પ્રવર્તે છે. આ અનેકદ્રવ્યપ્રવાહ દ્વારા માટીદ્રવ્યનો અનેકસ્વભાવ જણાય છે. જો એક માટીદ્રવ્યમાં અનેકસ્વભાવ હોય તો જ અનેકદ્રવ્યપ્રવાહ ઉત્પન્ન થઈ શકે ને ? તેથી દ્રવ્ય એક હોવા છતાં તેમાં અનેકસ્વભાવ સિદ્ધ થાય છે.

**શંકા** :- (**न चैवं.**) જો દ્રવ્યમાં અનેકસ્વભાવ માનશો તો ઘટ વગેરેમાં અનેકસ્વભાવ નહિ સંભવે. કારણ કે ઘટ વગેરે તો માટીદ્રવ્યના પર્યાય છે, દ્રવ્ય નહિ.

### ❯ પર્યાયમાં દ્રવ્યત્વનો ઉપચાર ❯

**સમાધાન** :- (यतः.) ના, તમારી શંકા વ્યાજબી નથી. કારણ કે ઘટ વગેરે પર્યાય પણ દ્રવ્યની જેમ દીર્ઘકાલવ્યાપી છે, રક્ત-શ્યામ વગેરે ગુણોનો આધાર છે. તેથી ઘટાદિ પર્યાય પણ કથંચિત્ દ્રવ્ય સ્વરૂપ થઈ શકે છે. તેમજ ઘટાદિ પણ અપક્વ ઘટ, પક્વ ઘટ, નિશ્છિદ્ર ઘટ, સચ્છિદ્ર ઘટ વગેરે અનેક દ્રવ્યોના પ્રવાહને ભવિષ્યમાં ઉત્પન્ન કરે છે. તેમાં ઘટરૂપતાનો અન્વય જોવા મળે છે. તથા તે ઘટાદિ પણ અનેકસ્વભાવને ધારણ કરે જ છે. અથવા ઘટાત્મક દીર્ઘકાલીન પર્યાય સ્વયં જ પ્રથમક્ષણવૃત્તિતા,

પર્યાય પણિ આદિષ્ટદ્રવ્ય કરિયઈં,

श्यामत्व-रक्तत्वादिना वा जलधारणाऽधारणादिलक्षणाम् अनेकस्वभावताम् आबिभर्ति एव।

[1]"एगानेगसरूवं वत्थु च्चिय दव्व-पज्जवसहावं" (ध.स.७२९) इति **धर्मसङ्ग्रहणि**वचनमपि प्रकृते स्मर्तव्यम्।

***एतेन*** द्रव्यत्वेन उपचरिते घटे अनेकस्वभावधारणाऽयोगः, गोत्वेन उपचरिते षण्ढे दुग्धधारणाऽयोगवदिति ***प्रत्यस्तम्,***

गुणाधारत्वादिना घटे अभ्युपगम्यमानायाः कथञ्चिद्द्रव्यरूपतायाः पारमार्थिकत्वात्, प्रमाणराजस्याद्वादपरिकरे तस्या अपि समावेशात्।

गुणान्तरयोगे परेषामपि अनेकस्वभावता सम्मता। तदुक्तं **वैयाकरणमहाभाष्ये पतञ्जलिना**

દ્વિતીયક્ષણવૃત્તિતા વગેરે સ્વરૂપે અનેક સ્વભાવને ધારણ કરે છે. અથવા ભઠ્ઠીમાં પાક્યા પૂર્વે જે ઘડો શ્યામ હતો, તે જ ઘડો પાક્યા પછી લાલ થવાના લીધે શ્યામત્વ-રક્તત્વ વગેરે સ્વરૂપે પણ અનેકસ્વભાવવાળો બને છે. પાકની પૂર્વે કાળા ઘડામાં જલધારણ સ્વભાવ નથી હોતો. કારણ કે ત્યારે તે કાચો હોય છે. પાક પછી રક્ત બનેલા તે જ ઘડામાં જલધારણ કરવાનું સામર્થ્ય જોવા મળે છે. નિશ્છિદ્ર ઘટમાં જલધારણનું સામર્થ્ય હોય છે. સચ્છિદ્ર ઘટમાં જલધારણસામર્થ્ય નથી હોતું. તેથી એક જ ઘડામાં જલધારણ -અધારણાદિસ્વરૂપ સ્વભાવભેદ = અનેકસ્વભાવ સિદ્ધ થાય છે.

### ❀ વસ્તુના સ્વરૂપ એક-અનેક : હરિભદ્રસૂરિજી ❀

(**"एगा.**) અહીં શ્રી**હરિભદ્રસૂરિજી**ની એક વાત યાદ કરવા યોગ્ય છે. તેઓએ **ધર્મસંગ્રહણિ** ગ્રંથમાં જણાવેલ છે કે 'વસ્તુ દ્રવ્ય-પર્યાયસ્વભાવવાળી હોવાથી એક-અનેકસ્વરૂપને ધારણ કરે છે.' આશય એ છે કે દ્રવ્યસ્વભાવયુક્ત હોવાથી વસ્તુમાં એકસ્વરૂપ = એકસ્વભાવ છે તેમજ પર્યાયસ્વભાવવિશિષ્ટ હોવાના લીધે અનેકસ્વરૂપ = અનેકસ્વભાવ પણ વસ્તુમાં વિદ્યમાન જ છે.

[redacted] :- (**एते.**) ઘટ તો પર્યાયાત્મક છે. તેમાં દ્રવ્યત્વનો ઉપચાર કરો એટલે તે અનેકસ્વભાવને કેવી રીતે ધારણ કરે ? જેમ સાંઢમાં ગાય તરીકેનો ઉપચાર કરવામાં આવે તો સાંઢ દૂધને ધારણ કરતો નથી તેમ દ્રવ્ય તરીકે ઉપચરિત ઘટ દ્રવ્યની જેમ અનેકસ્વભાવને ધારણ કરી ન શકે.

### ❀ ઘટમાં દ્રવ્યરૂપતા પારમાર્થિક ❀

[redacted] :- (**गुणाधा.**) ઘડો ગુણનો આધાર હોવાથી તે કથંચિત્ દ્રવ્યાત્મક છે. ઘટમાં સ્વીકારવામાં આવતી કથંચિત્ દ્રવ્યાત્મકતા પણ પારમાર્થિક જ છે, કાલ્પનિક નહિ. પ્રમાણરાજ એવા સ્યાદ્વાદમહારાજના પરિવારમાં ગુણાધારત્વાદિનિમિત્તક ઘટાદિગત કથંચિત્ દ્રવ્યરૂપતાનો પણ સમાવેશ થાય જ છે. આમ ઘટાદિ પદાર્થ કથંચિત્ દ્રવ્યાત્મક હોવાના લીધે અનેકસ્વભાવને નિરાબાધપણે ધારણ કરી શકે જ છે.

### ❀ એકમાં અનેકસ્વભાવ પરદર્શનસંમત ❀

(**गुणान्त.**) અન્ય ગુણનો યોગ થાય તો વસ્તુનો સ્વભાવ બદલાઈ જાય છે. આ રીતે એક જ વસ્તુમાં અનેકસ્વભાવ અન્યદર્શનકારોને પણ માન્ય છે. તેથી જ **વૈયાકરણમહાભાષ્યમાં પતંજલિ** ઋષિએ જણાવેલ

1. एकानेकस्वरूपं वस्तु चैव द्रव्य-पर्यवस्वभावम्।

તિવારઇં આકાશાદિક દ્રવ્યમાંહિં પણિ ઘટાકાશાદિભેદઇં એ (અનેકત્વ) સ્વભાવ દુર્લભ નહીં.

"गुणान्तरयोगाच्च अन्यत्वं भवति, तद् यथा – तमेव गुणान्तरयुक्तं दृष्ट्वा वक्तारो भवन्ति – अन्यो भवान् संवृत्तः" (वै.म.भा.५/३/५७) इति। 'तमेव' इत्यनेन द्रव्याऽभेदो व्यक्त्यभेदो वा सूचितः 'अन्यो भवान्' इत्यनेन च स्वभावभेदः अनेकस्वभावापराभिधानो दर्शितः **पतञ्जलिना**। न ह्यत्र वस्तुभेदोऽभिमतः।

***न च*** तथापि आकाशादिद्रव्येऽनेकस्वभावाऽगतिः, मृत्तिकादेरिव तस्यानेकद्रव्यसन्तत्ययोगादिति ***शङ्कनीयम्***,

आकाशादिद्रव्येऽपि घटाकाश-पटाकाश-पुस्तकाकाशादिसन्तानतोऽनेकस्वभावतायाः सौलभ्यात्। तथाहि – येषु गगनप्रदेशेषु घट अवगाढः ते घटाकाशव्यपदेशमाबिभ्राणाः घटापनयने घटध्वंसादौ वा सति पटावगाहदानव्यापृताः पटाकाशत्वेन व्यवह्रियन्ते, न तु घटाकाशत्वेन; तदपनयनादिदशायां पुस्तकाद्यवगाहदानव्यापृताः पुस्तकाद्याकाशत्वेन व्यपदिश्यन्ते, न तु पटाकाशत्वेन। उपाधिविगमे औपाधिकस्य विगमः परेषामपि सम्मतः। तदुक्तं **भावप्रकाशने शारदातनयेन** "उपाधौ विनिवृत्ते तु

---

છે કે "અન્ય ગુણનો યોગ થવાથી વસ્તુ બદલાઈ જાય છે. તે આ રીતે - તે જ માણસને અન્ય ગુણથી વિશિષ્ટ થયેલો જોઈને લોકો એવું બોલનારા હોય છે કે 'આપ તો સાવ બદલાઈ જ ગયા.' આમ ગુણાન્તરયોગથી વ્યક્તિ-વસ્તુ ભિન્નસ્વભાવવાળી થાય છે." અહીં 'તે જ માણસને' આવું કહેવાથી વસ્તુનો કે વ્યક્તિનો નાશ અભિપ્રેત નથી. તથા 'બદલાઈ ગયા' આ મુજબ કહેવાથી 'સ્વભાવભેદ' અર્થાત્ 'અનેકસ્વભાવ' **પતંજલિ** ઋષિએ સૂચિત કરેલ છે. વસ્તુભેદ કે વ્યક્તિભેદ અહીં અભિપ્રેત નથી.

[illegible] :- (**न च तथा.**) આ રીતે માટી વગેરે દ્રવ્યમાં કે ઘટ વગેરે દ્રવ્યમાં અનેકસ્વભાવની સંગતિ કરવા છતાં પણ આકાશ વગેરે દ્રવ્યમાં અનેકસ્વભાવ રહી નહિ શકે. કારણ કે માટી વગેરેની જેમ આકાશાદિ દ્રવ્યમાંથી અનેક દ્રવ્યોનો પ્રવાહ ઉત્પન્ન થતો નથી.

### ☼ આકાશ વગેરેમાં અનેક સ્વભાવની સંગતિ ☼

[illegible] :- (**आका.**) તમારી શંકા વ્યાજબી નથી. કારણ કે આકાશ વગેરે દ્રવ્યમાંથી પણ ઘટાકાશ, પટાકાશ, પુસ્તકાકાશ વગેરે દ્રવ્યોની પરંપરા ચાલતી હોવાથી અનેકસ્વભાવ આકાશ વગેરે દ્રવ્યમાં પણ સુલભ જ છે. તે આ રીતે સમજવું - જે આકાશપ્રદેશોમાં ઘટ રહેલો છે તે આકાશપ્રદેશોને ઘટાકાશ કહેવાય છે. 'ઘટાકાશ' તરીકેના વ્યવહારનો વિષય બનતા તે આકાશપ્રદેશો કાયમ 'ઘટાકાશ' સ્વરૂપે રહેતા નથી. જ્યારે તે સ્થળેથી ઘડાને દૂર કરવામાં આવે કે ઘટનો ધ્વંસ થાય તથા તે જ આકાશપ્રદેશોમાં પટને મૂકીએ ત્યારે પટને આશરો આપવા માટે પ્રવૃત્ત થયેલા તે જ આકાશપ્રદેશોનો 'પટાકાશ' તરીકે વ્યવહાર થાય છે, પરંતુ ઘટાકાશ તરીકે નહિ. તથા ત્યાંથી પટને ખસેડવામાં આવે કે પટનો ધ્વંસ થાય તથા તે જ આકાશપ્રદેશોમાં પુસ્તક વગેરેને રાખવામાં આવે તો તે આકાશપ્રદેશો પુસ્તકાદિને આશરો આપવા માટે પ્રવૃત્ત થાય છે. ત્યારે તે આકાશપ્રદેશોનો 'પુસ્તકાકાશ' આદિ સ્વરૂપે વ્યવહાર થાય છે. પરંતુ 'પટાકાશ' તરીકે નહિ. આ રીતે સર્વત્ર ઉપાધિનો નાશ થતાં ઔપાધિક વસ્તુનો નાશ અન્યદર્શનકારોને

तज्जन्यो विनिवर्त्तते" (भा.प्र.४/३४) इति। एवं घटाकाश-पटाकाशादिनानाऽऽदिष्टद्रव्यप्रवाहजननेनाऽऽकाशेऽनेकस्वभावोऽवसीयते। एवं धर्मास्तिकायादिषु भावनीयम्।

***न च*** स्वस्मिन् स्वभेदव्यवहारः कथं स्यात् ? इति ***शङ्कनीयम्,***

निरुपाधिकभेदाऽसम्भवेऽपि सोपाधिकभेदस्य अनपलपनीयत्वात्।

यद्वा भेदस्य स्वप्रतियोगितावच्छेदकविरोधित्वेन मास्तु घटाकाशादौ आकाशादौ वा घटाकाशादिभेदः किन्तु पर्वताकाशादौ स निराबाध एव। न हि घटाद्यनधिकरणदेशावच्छेदेन आकाशे घटाकाशत्वपटाकाशत्वादिकं वर्तते। अतः तत्र घटाकाश-पटाकाशादिभेदोऽनाविलः एव, अवच्छेदकभेदेऽवच्छेद्यभेदस्य न्यायप्राप्तत्वात्।

પણ સંમત છે. તેથી **ભાવપ્રકાશનમાં શારદાતનયે** જણાવેલ છે કે "ઉપાધિ રવાના થતાં તેનાથી ઉત્પન્ન થયેલ પદાર્થ રવાના થાય છે." આમ એક જ આકાશ દ્રવ્યમાંથી ઘટાકાશ, પટાકાશ, પુસ્તકાકાશ વગેરે પર્યાયોની પરંપરા ઉત્પન્ન થાય છે. તે પર્યાયોમાં દ્રવ્યત્વનો ઉપચાર કરી આદિષ્ટદ્રવ્ય = ઉપચરિતદ્રવ્ય તરીકે તેઓનો વ્યવહાર થઈ શકે છે. તેથી એક જ આકાશ દ્રવ્યમાંથી ઘટાકાશદ્રવ્ય, પટાકાશદ્રવ્ય, પુસ્તકાકાશદ્રવ્ય વગેરેની પરંપરા ચાલે છે. તેથી આકાશ વગેરેમાં પણ અનેકઆદિષ્ટદ્રવ્યપ્રવાહજનનનિમિત્તે અનેકસ્વભાવ જાણી શકાય છે, માની શકાય છે, પ્રરૂપી શકાય છે. આ પ્રમાણે સિદ્ધ થાય છે. ધર્માસ્તિકાય વગેરેમાં આ જ રીતે અનેકસ્વભાવની વિભાવના કરવી.

**સવાલ** :- (**न च स्व.**) ઘટાકાશ, પટાકાશ વગેરે અંતે તો આકાશસ્વરૂપ જ છે ને ? તેથી તેનાથી આકાશમાં ભેદ કઈ રીતે સિદ્ધ થઈ શકે ? કારણ કે પોતાનામાં પોતાનો ભેદ સંભવતો નથી. સ્વમાં સ્વભેદનો વ્યવહાર કઈ રીતે થઈ શકે ? આથી ઘટાકાશ, પટાકાશ વગેરેમાં આકાશભેદનો વ્યવહાર અસંગત છે. તેથી આકાશમાંથી અનેકદ્રવ્યપ્રવાહઉત્પત્તિની કલ્પના કે તેનો વ્યવહાર અપ્રામાણિક છે.

### એક આકાશના અનેક ભેદ

**જવાબ** :- (**निरुपा.**) હા, તમારી વાત સાચી છે. પોતાનો ભેદ પોતાનામાં ન સંભવે. આકાશમાં નિરુપાધિક = અખંડ = શુદ્ધ આકાશનો ભેદ ન સંભવે. પરંતુ ઘટાકાશ, પટાકાશ વગેરેનો ભેદ આકાશમાં સંભવી શકે છે. કારણ કે ઘટાકાશ સોપાધિક છે, સખંડ છે. અખંડ વસ્તુ કાંઈ સખંડ નથી. તેથી અખંડ વસ્તુમાં સખંડ વસ્તુનો = સાવચ્છિન્ન વસ્તુનો = સોપાધિક પદાર્થનો ભેદ અપલાપ કરવા યોગ્ય નથી.

(**यद्वा.**) અથવા તો એમ કહી શકાય કે ભેદ સ્વપ્રતિયોગિતાઅવચ્છેદક ધર્મનો વિરોધી હોવાથી ઘટાકાશ વગેરેમાં કે આકાશાદિમાં ઘટાકાશાદિભેદ ભલે ન રહે. પરંતુ પર્વતાકાશ વગેરેમાં ઘટાકાશાદિભેદને રહેવામાં કોઈ જ વિરોધ નથી આવતો. કારણ કે ઘટ, પટ વગેરેથી શૂન્ય પર્વતાદિ સ્થાનની અપેક્ષાએ આકાશમાં (પર્વતાકાશ વગેરેમાં) ઘટાકાશત્વ, પટાકાશત્વ વગેરે ભેદપ્રતિયોગિતાઅવચ્છેદક ગુણધર્મો રહેતા નથી. તેથી ત્યાં ઘટાકાશભેદ, પટાકાશભેદ વગેરે નિરાબાધપણે રહી શકે છે. કેમ કે અવચ્છેદકભેદે અવચ્છેદ્યભેદ યુક્તિસિદ્ધ છે. આશય એ છે કે ભેદ સ્વપ્રતિયોગિતાઅવચ્છેદકનો વિરોધી છે. તેથી પ્રતિયોગિતાઅવચ્છેદક જ્યાં ન રહે ત્યાં તદવચ્છિન્નભેદ રહે. જેમ ઘટત્વ જ્યાં ન રહે તે પટમાં

सम्मतञ्च तन्त्रान्तरीयाणामपीदम्। तदुक्तं **भेदधिक्कारे नृसिंहाश्रमेण** "वस्तुतस्तु अवच्छेदकभेदाद् अवच्छिन्नभेद" (भे.धि.पृ.७१) इति। अत एव **धर्मराजाध्वरिन्द्रेण** अपि **वेदान्तपरिभाषायाम्** "भेदो द्विविधः (१) सोपाधिकः (२) निरुपाधिकश्चेति। तत्रोपाधिसत्ताव्याप्यसत्ताकत्वं सोपाधिकत्वम्। तच्छून्यत्वं निरुपाधिकत्वम्। तत्र आद्यो यथा एकस्यैव आकाशस्य घटाद्युपाधिभेदेन भेदः। ... निरुपाधिकभेदो यथा घटे पटभेदः" (वे.प.पृ.२९७) इत्युक्तम्। इत्थमेकस्याऽप्याकाशद्रव्यस्य घटाकाश-पटाकाशाद्यनेकद्रव्यसन्तानोपलब्धेः पारमार्थिकः अनेकस्वभावोऽप्रत्याख्येयः, एकस्याऽपि घटस्य श्यामत्व-रक्तत्वादिना नानास्वभाववत्।

***एतेन*** "विभावपर्यायाः तूपचारेण यथा – घटाकाशमित्यादि" (प.प्र.५७ वृ.पृ.६२) इति **परमात्मप्रकाशवृत्तौ**

---

ઘટત્વાવચ્છિન્નભેદ = ઘટભેદ રહે તેમ ઘટાકાશત્વ વગેરે જ્યાં ન રહે તે પર્વતાકાશમાં ઘટાકાશત્વાવચ્છિન્નભેદ = ઘટાકાશભેદ વગેરે અવશ્ય રહે. તેથી દ્રવ્યમાં સોપાધિકસ્વભેદની સિદ્ધિ થાય છે.

### ❀ વેદાન્તદર્શનમાં ભેદના બે પ્રકાર ❀

(सम्म.) આ વાત માત્ર અમને જ નહિ, અન્ય દર્શનીઓને પણ માન્ય છે. **નૃસિંહાશ્રમ** નામના વેદાન્તી વિદ્વાને **ભેદધિક્કાર** ગ્રંથમાં જણાવેલ છે કે 'વાસ્તવમાં તો અવચ્છેદકધર્મ (= ઉપાધિ) બદલાય તો તેનાથી અવચ્છિન્ન = વિશિષ્ટ વસ્તુ પણ બદલાય છે.' ઘટ, પટ વગેરે ઉપાધિઓ ભિન્ન હોવાથી ઘટાવચ્છિન્ન આકાશ કરતાં પટાવચ્છિન્ન આકાશ ભિન્ન સિદ્ધ થાય છે. પટાવચ્છિન્નાકાશમાં = પટાકાશમાં ઘટાવચ્છિન્નત્વ ન હોવાથી પણ ઘટાકાશભેદ સિદ્ધ થાય છે. તેથી જ **ધર્મરાજ અધ્વરિન્દ્ર** નામના વિદ્વાને પણ **વેદાન્તપરિભાષા** ગ્રંથમાં જણાવેલ છે કે "ભેદના બે પ્રકાર છે. (૧) સોપાધિક અને (૨) નિરુપાધિક. તેમાં સોપાધિક ભેદ તેને કહેવાય કે જેનું અસ્તિત્વ ઉપાધિના અસ્તિત્વનું વ્યાપ્ય હોય. ઉપાધિની સત્તા = વિદ્યમાનતા = અસ્તિતા રવાના થાય એટલે જેનું અસ્તિત્વ રવાના થાય તે સોપાધિક ભેદ કહેવાય. તથા આવું જેનામાં ન હોય તે નિરુપાધિક ભેદ કહેવાય. આ બન્ને ભેદમાં સૌપ્રથમ સોપાધિક ભેદનું દૃષ્ટાંત આકાશ છે. જેમ કે આકાશ પરમાર્થથી એક જ છે. તેમ છતાં ઘટ, પટ, મઠ વગેરે ઉપાધિના ભેદથી આકાશમાં ભેદ પડે છે. ઘટ જ્યાં હોય તે ઘટાકાશ કહેવાય. પટ જ્યાં હોય તે પટાકાશ કહેવાય. ઘટાકાશ, પટાકાશ વગેરે આકાશના સોપાધિક ભેદ છે. કારણ કે ઘટાકાશ ત્યાં સુધી જ હોય છે કે જ્યાં સુધી ઘટ હોય. ઘટની સત્તા નાબૂદ થાય કે ઘટાકાશની સત્તા પણ વિલીન થાય છે. પટનું અસ્તિત્વ મટે કે પટાકાશ પણ નિવૃત્ત જ થાય. આમ ઘટ, પટ વગેરે ઉપાધિની સત્તા એ ઘટાકાશ, પટાકાશ વગેરેની સત્તાની વ્યાપક છે. ઘટાકાશાદિની સત્તા તેની વ્યાપ્ય છે..... નિરુપાધિક ભેદનું ઉદાહરણ ઘટ, પટ વગેરેનો ભેદ છે. ઘટમાં પટનો ભેદ છે તે નિરુપાધિક છે." આ રીતે આકાશ દ્રવ્ય એક હોવા છતાં પણ ઘટાકાશ, પટાકાશ વગેરે સ્વરૂપે તેના અનેક દ્રવ્યનો પ્રવાહ ઉપલબ્ધ થાય છે. તેથી આકાશ વગેરે એક દ્રવ્યમાં પણ પારમાર્થિક અનેકસ્વભાવનો અપલાપ થઈ શકે તેમ નથી. જેમ એક જ ઘડામાં શ્યામત્વ, રક્તત્વ વગેરે સ્વરૂપે અનેકસ્વભાવ આ જ શ્લોકની વ્યાખ્યામાં પૂર્વે જણાવી ગયા તેમ અહીં સમજી શકાય તેમ છે.

### ❖ આકાશ વગેરેમાં પણ વિભાવપર્યાયો વાસ્તવિક ❖

(एतेन.) **યોગીન્દ્રદેવ**રચિત **પરમાત્મપ્રકાશ**ની **વ્યાખ્યા**માં દિગંબર **બ્રહ્મદેવજી**એ કહેલ છે કે "આકાશ વગેરે ચાર દ્રવ્યોમાં વિભાવપર્યાયો માત્ર ઉપચારથી હોય છે. જેમ કે - 'ઘટાકાશ' વગેરે." આ વાત યોગ્ય નથી. ઉપરની વાતથી જ તેનું નિરાકરણ થઈ જાય છે. કેમ કે ઘટ, પટ વગેરે ઉપાધિભેદથી ઉપહિતનો

**ब्रह्मदेवोक्तिः** ***प्रत्याख्याता***, उपाधिभेदे पारमार्थिकस्य उपहितभेदस्य पर्यायार्थिकनयेन न्यायप्राप्तत्वात्।

इत्थमेव [1]"उवसंतकसायवीयरायदंसणारिया दुविहा पन्नत्ता। तं जहा – पढमसमयउवसंतकसायवीयरागदंसणारिया य अपढमसमयउवसंतकसायवीयरायदंसणारिया य। अहवा चरिमसमयउवसंतकसायवीयरागदंसणारिया य अचरिमसमयउवसंतकसायवीयरागदंसणारिया य।... सयंबुद्धछउमत्थखीणकसायवीयरायदंसणारिया दुविहा पन्नत्ता। तं जहा – पढमसमयसयंबुद्धछउमत्थखीणकसायवीयरायदंसणारिया य अपढमसमयसयंबुद्धछउमत्थखीणकसायवीयरायदंसणारिया य। अहवा चरिमसमयसयंबुद्धछउमत्थखीणकसायवीयरायदंसणारिया य अचरिमसमयसयंबुद्धछउमत्थखीणकसायवीयरायदंसणारिया य" (प्र.प.१/सू.३६/१२८ गाथोत्तरम्/पृ.५६/५७) इति **प्रज्ञापना**प्रथमपदे, [2]"पढमसमयणियंठे अपढम चरिमे य तह अचरिमे य" (प.क.भा.९०) इति च **पञ्चकल्पभाष्ये** पर्यायार्थादेशेन दर्शिताः उपशान्तकषायवीतरागदर्शनार्यादिभेदाः निरुपचरिततया सङ्गच्छेरन्।

= ઉપાધિવિશિષ્ટનો જે ભેદ થાય છે, તે પણ પર્યાયાર્થિકનયથી વાસ્તવિક જ છે.

### ❀ ઉપશાંતકષાયાદિ ભેદની વિચારણા ❀

(**इत्थ.**) આ વાત યુક્તિસંગત છે. કેમ કે આવું માનવામાં આવે તો જ ઉપશાંતકષાય વીતરાગદર્શનાર્ય વગેરેના પ્રથમ-અપ્રથમ, ચરમ-અચરમ એવા ભેદો વાસ્તવિકપણે સંગત થાય. **પ્રજ્ઞાપનાસૂત્ર**ના પ્રથમપદમાં જણાવેલ છે કે 'ઉપશાંતકષાય વીતરાગસમ્યગ્દર્શન આર્ય (૧૧મા ગુણસ્થાનકે રહેનારા) બે પ્રકારે બતાવેલ છે. તે આ રીતે - (૧) પ્રથમ સમય ઉપશાંતકષાય વીતરાગસમ્યગ્દર્શન આર્ય અને (૨) અપ્રથમસમય ઉપશાંતકષાય વીતરાગ સમ્યગ્દર્શન આર્ય અથવા (૧) ચરમસમય ઉપશાંતકષાય વીતરાગ દર્શન આર્ય અને (૨) અચરમસમય ઉપશાંતકષાય વીતરાગદર્શન આર્ય... સ્વયંબુદ્ધ છદ્મસ્થ ક્ષીણકષાય વીતરાગ સમ્યગ્દર્શન આર્યો (૧૨ મા ગુણસ્થાનકે રહેનાર સ્વયંબુદ્ધ) બે પ્રકારે બતાવેલ છે. (૧) પ્રથમસમય સ્વયંબુદ્ધ છદ્મસ્થ ક્ષીણકષાય વીતરાગસમ્યગ્દર્શન આર્ય અને (૨) અપ્રથમસમય સ્વયંબુદ્ધ છદ્મસ્થ ક્ષીણકષાય વીતરાગદર્શન આર્ય. અથવા (૧) ચરમસમય સ્વયંબુદ્ધ છદ્મસ્થ ક્ષીણકષાય વીતરાગસમ્યગ્દર્શન આર્ય અને (૨) અચરમસમય સ્વયંબુદ્ધ છદ્મસ્થ ક્ષીણકષાય વીતરાગ સમ્યગ્દર્શન આર્ય.' **પંચકલ્પભાષ્ય**માં પ્રથમ-અપ્રથમ-ચરમ-અચરમસમય વગેરે વિશેષણો દ્વારા નિર્ગ્રંથના ભેદો પાડેલા છે. પર્યાયાર્થ આદેશથી બતાવેલા ઉપરોક્ત ભેદો નિરુપચરિતપણે તો જ સંભવી શકે, જો ઉપાધિભેદથી = વિશેષણભેદથી = અવચ્છેદકભેદથી પ્રાપ્ત થનાર ઉપહિતભેદ = વિશિષ્ટભેદ = અવચ્છિન્નભેદ વાસ્તવિક જ હોય. તેથી તુલ્ય યુક્તિથી આકાશમાં ઘટ, પટ વગેરે ઉપાધિના ભેદથી જે ઘટાકાશ, પટાકાશ વગેરે ભેદો = પ્રકારો પ્રાપ્ત થાય છે, તે પણ ઔપચારિક નહિ પણ વાસ્તવિક જ સિદ્ધ થાય છે. આ પ્રમાણે આકાશ વગેરેના

1. उपशान्तकषायवीतरागदर्शनार्याः द्विविधाः प्रज्ञप्ताः। तद्यथा - प्रथमसमयोपशान्तकषायवीतरागदर्शनाऽऽर्याः च अप्रथमसमयोपशान्तकषायवीतरागदर्शनाऽऽर्याः च। अथवा चरमसमयोपशान्तकषायवीतरागदर्शनाऽऽर्याः च अचरमसमयोपशान्तकषायवीतरागदर्शनाऽऽर्याः च।... स्वयंबुद्धछद्मस्थक्षीणकषायवीतरागदर्शनाऽऽर्याः द्विविधाः प्रज्ञप्ताः। तद्यथा- प्रथमसमयस्वयंबुद्धछद्मस्थक्षीणकषायवीतरागदर्शनाऽऽर्याः च अप्रथमसमयस्वयंबुद्धछद्मस्थक्षीणकषायवीतरागदर्शनाऽऽर्याः च। अथवा चरमसमयस्वयंबुद्धछद्मस्थक्षीणकषायवीतरागदर्शनाऽऽर्याः च अचरमसमयस्वयंबुद्धछद्मस्थक्षीणकषायवीतरागदर्शनाऽऽर्याः च। 2. प्रथमसमयनिर्ग्रन्थोऽप्रथमः चरमः च तथा अचरमः च।

प्रकृते "एकस्याप्यनेकस्वभावोपलम्भाद् अनेकस्वभावः" (आ.प.पृ.१२) इति **आलापपद्धति**वचनम्, [1]"अणेक्करूवा हु विविहभावत्था" (द्र.स्व.प्र.६१) इति **द्रव्यस्वभावप्रकाश**वचनञ्चानुसन्धेयम् ।

"अनेकपर्यायव्यापकैकद्रव्यमयत्वरूपा एकत्वशक्तिः। एकद्रव्यव्याप्यानेकपर्यायमयत्वरूपा अनेकत्वशक्तिः" (स.सा.पृ.६१४) इति **समयसारवृत्तौ आत्मख्यातौ अमृतचन्द्राचार्यः**।

**नयचक्रसारे देवचन्द्रवाचकैस्तु** "समस्तस्वभावपर्यायाऽऽधारभूत-भव्यदेशानां स्व-स्वक्षेत्रभेदरूपाणाम् एकत्वपिण्डीरूपाऽपरित्यागः एकस्वभावः। क्षेत्र-काल-भावानां भिन्नकार्यपरिणामानां भिन्नप्रवाहरूपः अनेकस्वभावः" (न.च.सा.पृ.१६२) इत्युक्तम् ।

पर्यायार्थिकनयपुरस्कारे तु गगनमनन्तभेदभिन्नमेव। एतदभिप्रायेणैव **सप्तपदार्थ्यां** "आकाशस्तु

વિભાવપર્યાયો પણ તાત્ત્વિક જ છે. આ બાબત વાચકવર્ગે ખ્યાલમાં રાખવી.

## ✤ પ્રત્યેક દ્રવ્યમાં અનેક સ્વભાવ ✤

**(પ્રકૃતે.)** પ્રસ્તુતમાં **આલાપપદ્ધતિ**નું અનુસંધાન કરવું કે 'એક દ્રવ્યમાં પણ અનેકસ્વભાવ જોવા મળે છે. તેથી એક દ્રવ્ય પણ અનેકસ્વભાવવાળું હોય છે.' તથા 'અનેકસ્વરૂપવાળા પ્રત્યેક દ્રવ્ય અનેકસ્વભાવમાં રહેલા છે' - આ પ્રમાણે **દ્રવ્યસ્વભાવપ્રકાશ**ના વચનનું પણ અનુસંધાન કરવું.

## ❁ એકત્વ-અનેકત્વશક્તિ ❁

**("अने.) સમયસાર** ગ્રંથની **આત્મખ્યાતિ** વ્યાખ્યામાં **અમૃતચન્દ્રાચાર્યજી**એ "અનેક પર્યાયોમાં વ્યાપક એકદ્રવ્યમયત્વ એ એકત્વશક્તિ છે. તથા એક દ્રવ્યમાં વ્યાપ્ય અનેકપર્યાયમયત્વસ્વરૂપ અનેકત્વશક્તિ છે" - આ પ્રમાણે જે જણાવેલ છે, તે પ્રસ્તુતમાં સ્મર્તવ્ય છે.

## ❋ એકાનેકસ્વભાવ શ્રીદેવચન્દ્રજીની દૃષ્ટિએ ❋

**(नय.) નયચક્રસાર** ગ્રંથમાં ઉપાધ્યાયશ્રી **દેવચન્દ્રજી**એ તો એકસ્વભાવ-અનેકસ્વભાવની ઓળખાણ આ રીતે આપેલી છે કે "સમસ્ત સ્વભાવોનો તથા પર્યાયોનો આધાર બની ચૂકેલા તથા ભવિષ્યમાં આધાર બનનારા એવા જે પ્રદેશો = ઉપાદાનકારણીભૂત અવયવો છે, તે પોતપોતાના જુદા-જુદા ક્ષેત્ર સ્વરૂપ છે. તેમ છતાં તે દ્રવ્યો એક પિંડપણાને = પરસ્પર અનુસ્યૂતપણાને છોડતા નથી. તે દ્રવ્યોનો તે એકસ્વભાવ છે. તથા ક્ષેત્ર (= સ્વઉપાદાનભૂત અવયવો), કાળ (= જીવાદિદ્રવ્યનિષ્ઠ વર્ત્તના પરિણતિ) અને ભાવ = પર્યાય પોતપોતાના ભિન્ન-ભિન્ન કાર્યસ્વરૂપે પરિણમતા હોય છે. તે સર્વનો પ્રવાહ ભિન્ન છે. તે જ અનેકસ્વભાવ છે." દા.ત. વારંવાર ધોકાનો માર પડવાથી કપડાના તાંતણા ઢીલા પડે છે, શિથિલ થાય છે, ઘસાય છે. તેથી પૂર્વે જેટલો ભાર ઉપાડવાની ક્ષમતા તેમાં હતી, તે ઓછી થાય છે. કપડું પૂર્વે નવીન હતું. હવે જૂનું થયું. પહેલાં કરતાં તેનો વર્ણ ઝાંખો પડે છે. બીજાને આકર્ષવાનું કામ હવે તે પટ કે તંતુઓ કરી શકતા નથી. આમ પોતાના વિભિન્ન કાર્યરૂપે પરિણમતા ક્ષેત્ર-કાળ -ભાવોનો પ્રવાહ વિભિન્ન હોવાથી પટમાં અનેકસ્વભાવ હોય છે. આવું તાત્પર્ય સમજવું.

## ❋ આકાશના અનંત ભેદ - શિવાદિત્ય ❋

**(पर्या.)** પર્યાયાર્થિકનયને આગળ કરવામાં આવે તો આકાશના અનંત ભેદ જ છે. આ પર્યાયાર્થિકનયના અભિપ્રાયથી જ, **સપ્તપદાર્થી** ગ્રંથમાં **શિવાદિત્ય મિશ્રજી**એ જણાવેલી એક વાત સંગત થઈ શકે છે. ત્યાં

1. अनेकरूपा हि विविधभावस्थाः।

(એકતા=) એકસ્વભાવ **વિના, સામાન્યાભાવઇ, વિશેષ ન** (લહિઇં=) **પામિઇં.**

घटाकाशादिभेदभिन्नोऽनन्त एव" (स.प.१४/पृ.२१) इति वैशेषिकतन्त्रानुयायिनः **शिवादित्यस्य** वचनम् अवधारणगर्भं सङ्गच्छत इत्यवधेयम्।

एवम् एकान्तक्षणिकपक्षेऽपि एकत्र अनेकस्वभावोऽभ्युपगन्तव्य एव। एतदभिप्रायेण **जयराशिभट्टेन तत्त्वोपप्लवसिंहे** "एकं नीलस्वलक्षणम् अनेकं विज्ञान-नीलादिकं करोति इति वः (बौद्धानां) सिद्धान्तः। तद् अनेकं कार्यं किम् एकेन आकारेण करोति, आकारभेदेन वा ? तद् यदि एकेन करोति, तदा आयाता सर्वकार्याणाम् एकाकाररूपता = एकत्वम्, एकस्य वा अनेकत्वम् आपद्यते। अथ आकारभेदेन अनेककार्यं जनयति, आकारभेदात् तदेकत्वं व्यावर्त्तते, यद्व्यावृत्तौ नैकम् अनेकं कार्यं करोति" (त.सिं.९/पृ.१०५) इत्याद्युक्तम्। ततश्चाऽकामेनाऽपि बौद्धेन अनेककार्यजनके कारणक्षणे अनेकस्वभावोऽङ्गीकर्तव्य एवेत्याशयः।

साम्प्रतम् एकस्वभावानभ्युपगमे बाधमाह - **विना एकस्वभावं** वस्तुन एकान्तेन अनेकस्वभावा-

તેણે જણાવેલ છે કે 'ઘટાકાશ, પટાકાશ વગેરે ભેદથી ભિન્ન એવા આકાશના અનંત ભેદ જ છે.' જકારપૂર્વક શિવાદિત્યવચન પર્યાયાર્થિકનયના અભિપ્રાયથી સંગત થઈ શકે. આ વાતને ખાસ ધ્યાનમાં રાખવી.

## ❀ એકાન્તક્ષણિકપક્ષમાં એકમાં અનેકસ્વભાવસિદ્ધિ ❀

**(एवम्.)** જેમ આકાશ વગેરે નિત્ય દ્રવ્યમાં અનેકસ્વભાવ પરદર્શનકારોને માન્ય છે, તેમ એકાન્તક્ષણિક પક્ષમાં પણ એક જ દ્રવ્યમાં અનેકસ્વભાવ માનવો જ પડે તેમ છે. આ અભિપ્રાયથી **જયરાશિભટ્ટ** નામના વિદ્વાને બૌદ્ધમતની સમીક્ષા કરતી વખતે **તત્ત્વોપપ્લવસિંહ** નામના ગ્રંથમાં જણાવેલ છે કે "તમારા બૌદ્ધ લોકોનો આ સિદ્ધાન્ત છે કે 'એક નીલસ્વલક્ષણસ્વરૂપ કારણ જ વિજ્ઞાનક્ષણ, નીલક્ષણ વગેરે અનેક કાર્યોને કરે છે.' આ અંગે અમે બૌદ્ધને પ્રશ્ન પૂછીએ છીએ કે '(૧) તે કારણક્ષણ અનેકવિધ કાર્યોને શું એક આકારથી કરશે કે (૨) આકારભેદથી કરશે ? (૧) જો કારણક્ષણ એક જ આકારથી = સ્વભાવથી અનેક કાર્યોને કરે તો સર્વ કાર્યોમાં એકાકારતા = એકતા = અભિન્નતા આવી પડશે. (કારણ કે એકાકાર કારણથી જે જન્ય હોય, તે એકાકાર જ હોય.) જો કાર્યમાં અનેકાકારતા = અનેકસ્વભાવ માનવામાં આવે તો એક કારણ અનેકાકાર = અનેકસ્વભાવવાળું સિદ્ધ થવાની બૌદ્ધોને આપત્તિ આવે. (૨) જો 'નીલસ્વલક્ષણ નામનું કારણ આકારભેદથી વિજ્ઞાન-નીલક્ષણાદિ અનેક કાર્યોને ઉત્પન્ન કરે છે' - આવો બીજો વિકલ્પ માન્ય કરવામાં આવે તો આકારભેદથી = સ્વભાવભેદથી કાર્ય કરવાના લીધે કારણમાં એકત્વ = એકસ્વભાવ બાધિત થશે. કારણમાં જો એકસ્વભાવ હોય તો 'એક કારણ અનેક કાર્યને કરે છે' - આવું કહી ન શકાય." આ ચર્ચા દ્વારા અનેકકાર્યજનક ક્ષણિક સ્વલક્ષણ કારણક્ષણમાં અનેકસ્વભાવનો સ્વીકાર બૌદ્ધોએ કરવો જ પડે તેમ છે. ભલે ને તેવો સ્વીકાર કરવાની તેમની ઈચ્છા ન હોય - આ પ્રમાણે પ્રસ્તુત સંદર્ભનો આશય સમજવો.

## ❀ એકસ્વભાવમાં વિપક્ષબાધક પ્રમાણ ❀

**(साम्प्रत.)** એક-અનેકસ્વભાવનું નિરૂપણ કર્યા બાદ હવે ગ્રંથકારશ્રી દ્રવ્યમાં એકસ્વભાવ માન્ય કરવામાં

(તિમ જ અનેકત્વ=) અનેકસ્વભાવ❖ વિના વિશેષા□ભાવઈં સત્તા પણિ ન ઘટઇ. તેહ માટઈં *એકસ્વભાવ અનેકસ્વભાવ એ ૨ સ્વભાવ માન્યા જોઈંઈં⁸ (૬) ॥૧૧/૯॥

भ्युपगमे सामान्यं न स्यात्, **सामान्याभावेन च विशेषः** अपि **न** = नैव **भवेत्**, सामान्यस्य विशेषव्यापकत्वात्। यथोक्तं **विशेषावश्यकभाष्ये** [1]"निस्सामन्नत्ताओ नत्थि विसेसो" (वि.आ.भा. ३२) इति। न च सामान्य-विशेषोभयशून्यं किमपि वस्तु समस्ति। ततश्च वस्तुन एकस्वभावोऽपि स्वीकर्तव्यः।

अधुना अनेकस्वभावाऽनभ्युपगमे बाधकमाह – **नुः** इति विकल्पार्थे, "नु वितर्के च विकल्पेऽनुशयेऽव्ययम्। प्रश्ने" (ए.सं.का.२९) इति **एकाक्षरसंज्ञकाण्डे महीप**सचिवोक्तेः। **अनेकस्वभावं** = नानास्वभावम् **ऋते** = विना वस्तुनः सर्वथा एकस्वभावाऽङ्गीकारे तु विशेषाभावः प्रसज्येत, सर्वथैकरूपत्वात्। **विशेषाभावेन तु सत्ता** = सामान्यम् अपि **न स्यात्**, विशेषस्य सत्ताव्यापकत्वात्,

ન આવે તો બાધક પ્રમાણ દેખાડે છે. તે આ રીતે - વસ્તુમાં સર્વથા અનેકસ્વભાવ જ હોય, એક સ્વભાવ ન જ હોય તો વસ્તુમાં સામાન્ય ધર્મ = અનુગત ધર્મ જ સંભવી નહિ શકે. એકાન્તે અનેકસ્વભાવવાળી વસ્તુમાં અન્વયીસ્વરૂપ = અનુગતસ્વરૂપ = સામાન્યસ્વરૂપ ન સંભવે. તથા વસ્તુમાં સામાન્ય ધર્મ ન હોવાથી વિશેષ ધર્મ પણ ન જ સંભવે. કેમ કે સામાન્ય ધર્મ વિશેષનો વ્યાપક છે. વ્યાપક ન હોય ત્યાં વ્યાપ્ય ન જ હોય. તેથી સામાન્ય ન હોય ત્યાં વિશેષ ન જ હોય. **વિશેષાવશ્યકભાષ્ય**માં જણાવેલ છે કે 'સામાન્ય ન હોવાથી વિશેષ પણ ન સંભવે.' તથા સામાન્ય-વિશેષઉભયશૂન્ય તો કોઈ વસ્તુ જ નથી હોતી. તેથી વસ્તુમાં એકસ્વભાવ પણ સ્વીકારવો જરૂરી છે.

## અનેકસ્વભાવમાં વિપક્ષબાધક પ્રમાણ

(**अधुना.**) એકસ્વભાવનો સ્વીકાર કરવામાં ન આવે તો શું દોષ આવે ? તે જણાવ્યા બાદ હવે ગ્રંથકારશ્રી દ્રવ્યમાં અનેકસ્વભાવનો સ્વીકાર કરવામાં ન આવે તો શું દોષ આવે ? તેને જણાવે છે. મૂળશ્લોકમાં રહેલ 'नु' અવ્યય વિકલ્પ અર્થમાં સમજવો. 'વિતર્ક, વિકલ્પ, અનુશય અને પ્રશ્ન અર્થમાં 'नु' અવ્યય જાણવો' - આ મુજબ **એકાક્ષરસંજ્ઞકાંડ**માં **મહીપ મંત્રી**ના વચન મુજબ 'नु' અહીં એકસ્વભાવઅસ્વીકારના વિકલ્પ પછી અનેકસ્વભાવના અસ્વીકાર-સ્વરૂપ વિકલ્પને જણાવે છે. તે આ રીતે - વસ્તુમાં સર્વથા એકસ્વભાવ જ માન્ય હોય તો અનેકસ્વભાવ વિના વિશેષધર્મનો ઉચ્છેદ થઈ જશે. કારણ કે તમારા મંતવ્ય મુજબ, વસ્તુ સર્વથા એકસ્વરૂપ છે. સર્વથા એકસ્વભાવવાળી વસ્તુમાં ભેદક ધર્મ કઈ રીતે હોય ? તથા વસ્તુમાં વિશેષધર્મ ન હોવાથી સત્તા = સામાન્યધર્મ પણ વસ્તુમાં નહિ સંભવે. કારણ કે વિશેષધર્મ સત્તાનો વ્યાપક છે. જ્યાં વ્યાપક ન હોય ત્યાં વ્યાપ્ય ન હોય. તેથી જ્યાં વિશેષ ન હોય ત્યાં સામાન્યધર્મ પણ ન જ હોય. તથા વ્યવહારનયથી સામાન્ય એ વિશેષથી

❖ પુસ્તકોમાં 'વિશેષાભાવઈં અનેકસ્વભાવ વિના' પાઠ. અહીં આ.(૧)+કો.(૧૩)નો પાઠ લીધો છે. □ લા.(૨)માં 'વિશેષાભાવઈંઈં' પાઠ. * પુસ્તકોમાં 'એકાનેક ૨ સ્વભાવ' પાઠ. આ.(૧)નો પાઠ લીધો છે. ⁸ તિમ જ વિશેષ વસ્તુનો અભાવ તોપણિં માન્યું જ જોઈએ, તે માટેં કહઈ છઈ. પાલિ૦. 1. निःसामान्यत्वाद् नास्ति विशेषः।

व्यवहारनयेन सामान्यस्य विशेषानतिरिक्तत्वाच्च। तदुक्तं **विशेषावश्यकभाष्ये** [1]"न विसेसत्थंरभूअमत्थि सामण्णमाह ववहारो। उवलंभ-ववहाराऽभावाओ खरविसाणं व।।" (वि.आ.भा.३५) इति।

"तु विकल्पेऽवधारणे" (ए.ना.मा.११) इति **एकाक्षरनाममालायां महाराजशाहराजवचनानुसारेण** 'विशेषाभावेन तु सत्ता न स्याद्' इत्यन्वये विकल्पार्थे तुः दृश्यः, विशेषाभावविकल्पे सामान्योच्छेदापत्तिः एवं सूच्यते। 'विशेषाभावेन सत्ता न तु स्यात्' इत्यन्वयेऽवधारणार्थे तुः बोध्यः, विशेषाभावहेतुकः सामान्योच्छेदाऽवश्यम्भावोऽत्र ज्ञाप्यते।

वस्तुनीव सामान्य-विशेषयोरपि एकानेकस्वभावौ विवक्षया अङ्गीक्रियेते अस्माभिः। तदुक्तं **विशेषावश्यकभाष्ये** [2]"सामन्न-विसेसाणं जह वेगाऽणेगया ववत्थाए" (वि.आ.भा.१३७४) इति। "एकस्मिन् अर्थे द्वयोरपि सामान्य-विशेषयोः वृत्तत्वाद् एकार्थता; सामान्यस्य च विजातीयव्यावृत्ताकारप्रत्ययनिबन्धनत्वाद् विशेषाणां तु सजातीय-विजातीयभिन्नत्वप्रतिभासकारणत्वाद् अनेकार्थता" (वि.आ.भा.१३७४ मल.वृ.) इति

---

भिन्न नथी. तेथी ज **विशेषावश्यकभाष्य**मां जणावेल छे के "विशेष करतां भिन्न सामान्य नथी - आम व्यवहारनय कहे छे. कारण के विशेषथी स्वतंत्रस्वरूपे सामान्यनुं ज्ञान थतुं नथी. तथा ते रूपे तेनो व्यवहार पण थतो नथी. तेथी विशेषथी अतिरिक्तरूपे तो सामान्य गधेडाना शींगडानी जेम मिथ्या ज छे." तेथी विशेषधर्मने मान्य करवामां न आवे तो तेनाथी अभिन्न सामान्य पदार्थनो पण उच्छेद थशे.

### ❊ 'तु' शब्दना बे अर्थनी विभावना ❊

("तु.) **એકાક્ષરનામમાલા**માં મહારાજ **શાહરાજે** વિકલ્પ અને અવધારણ અર્થમાં 'तु' અવ્યય જણાવેલ છે. તે બન્ને અર્થ અહીં સંભવે છે. 'विशेषाभावेन तु...' આવો અન્વય કરીએ તો વિકલ્પ અર્થમાં 'तु' સમજી શકાય. વિશેષના અભાવસ્વરૂપ વિકલ્પને સ્વીકારવામાં સામાન્યના ઉચ્છેદની આપત્તિ સૂચિત થાય છે. તથા 'विशेषाभावेन सत्ता न तु स्यात्' આ મુજબ અન્વય કરવાથી અવધારણ અર્થ પ્રાપ્ત થાય છે. મતલબ કે વિશેષના અભાવથી સામાન્ય નહિ જ સંભવે. બન્ને અર્થઘટન વ્યાજબી છે.

### વસ્તુની જેમ સામાન્ય-વિશેષમાં એકાનેકસ્વભાવ

(वस्तु.) જેમ વસ્તુમાં એકસ્વભાવ અને અનેકસ્વભાવ છે તેમ સામાન્ય અને વિશેષ - બન્નેમાં પણ ચોક્કસ પ્રકારની વિવક્ષાથી એકસ્વભાવ અને અનેકસ્વભાવ અનેકાન્તવાદી એવા અમને માન્ય જ છે. તેથી જ **વિશેષાવશ્યકભાષ્ય**માં જણાવેલ છે કે 'જેમ સામાન્ય અને વિશેષ બન્નેમાં વ્યવસ્થાથી = વિવક્ષાથી એકતા-અનેકતા રહેલી છે.' મલધારી શ્રી**હેમચન્દ્રસૂરિજી**એ ઉપરોક્ત બાબતની સ્પષ્ટતા કરતાં **વિશેષાવશ્યકભાષ્યવ્યાખ્યા**માં જણાવેલ છે કે 'એક જ વસ્તુમાં સામાન્ય-વિશેષ રહેલા હોવાથી તે બન્ને એકસ્વરૂપ છે. તેમજ વિજાતીયથી વ્યાવૃત્ત એવા અનુગત આકારવાળી પ્રતીતિનું કારણ વસ્તુગત સામાન્ય છે. તથા પ્રત્યેક પદાર્થમાં સજાતીય-વિજાતીય બન્નેથી વિલક્ષણપણાની પ્રતીતિનું કારણ વિશેષ છે. તેથી કાર્યભેદથી તે બન્ને પરસ્પર ભિન્ન હોવાથી તેઓમાં અનેકતા = અનેકરૂપતા = અનેકસ્વભાવ રહેલો છે."

---

1. न विशेषार्थान्तरभूतमस्ति सामान्यमाह व्यवहारः। उपलम्भ-व्यवहाराऽभावाभ्यां खरविषाणमिव।।

2. सामान्य-विशेषयोः यथा वैकानेकता व्यवस्थया।

**विशेषावश्यकभाष्यवृत्तौ श्रीहेमचन्द्रसूरयः।**

ततश्च घटत्वादिरूपेण घटादेः अनित्यतया केवलपर्यायरूपतोक्तावपि न क्षतिः, विशेषात्मके पर्यायेऽपि एकाऽनेकस्वभावाऽभ्युपगमादिति सिंहावलोकनन्यायेन ज्ञातव्यम्। इत्थं सर्वत्र एकानेकस्वभावौ वाच्यौ। न च सामान्य-विशेषान्यतरस्य प्रतिक्षेपः कर्तुं युज्यते, एकविरहेऽपरस्याऽप्यभावापत्तेः।

इदमत्राकूतम् – सामान्य-विशेषयोः समनैयत्यादेकाऽभावेऽपरस्याऽप्याभावः, तदुभयाभावे च द्रव्यस्याप्युच्छेद आपद्येत, सामान्य-विशेषपर्यायशून्यद्रव्यस्याऽभावात्। तदुक्तं **सम्मतितर्के** [1]"दव्वं पज्जवविउयं दव्वविउत्ता य पज्जवा णत्थि" (स.त.१/१२) इति पूर्वोक्तं (९/३+१०/१) स्मर्तव्यम्। **तत्त्वार्थसिद्धसेनीयवृत्तौ, अनेकान्तजयपताकावृत्तौ, अनेकान्तवादप्रवेशे, स्याद्वादमञ्जर्यां, धर्मसङ्ग्रहणिवृत्तौ, जैनस्याद्वादमुक्तावल्यां, जल्पकल्पलतायाञ्च** "द्रव्यं पर्यायवियुक्तम्, पर्याया द्रव्यवर्जिताः। क्व कदा केन किंरूपा दृष्टा

### ❋ પર્યાયમાં પણ એકાનેકસ્વભાવ માન્ય ❋

**(तत.)** 'ઘટત્વાદિરૂપે ઘટાદિ પદાર્થ અનિત્ય છે. તેથી ઘટાદિ દ્રવ્યાત્મક નથી. દ્રવ્ય તો નિત્ય હોય, ત્રિકાલધ્રુવ હોય. આથી ઘટાદિ પદાર્થ માત્ર પર્યાયાત્મક છે' - આવું કદાચ કોઈ કહે તો પણ અમને શ્વેતાંબરોને કોઈ તકલીફ નથી. કારણ કે અમે તો ઉપર જણાવ્યા મુજબ વિશેષમાં પણ એકાનેકોભયસ્વભાવને માનીએ છીએ. તથા ઘટાદિ પર્યાય તો વિશેષાત્મક જ છે. તેથી વિશેષાત્મક ઘટાદિ પર્યાયમાં પણ એક-અનેકઉભયસ્વભાવ નિરાબાધપણે રહે જ છે. તેથી આ જ શ્લોકની વ્યાખ્યામાં પૂર્વે 'પર્યાયાત્મક હોવાથી ઘટાદિમાં દ્રવ્યવૃત્તિ એકાનેકસ્વભાવ કઈ રીતે રહી શકશે ?' તેવી જે દલીલ કરી હતી તેનું આ બીજું નિરાકરણ સિંહાવલોકન ન્યાયથી જાણવું. આમ સામાન્ય અને વિશેષ બન્નેમાં એકસ્વભાવ અને અનેકસ્વભાવ કહેવા જરૂરી છે. સામાન્ય કે વિશેષ - બેમાંથી એકનો પણ અપલાપ કરી શકાય તેમ નથી. કારણ કે એકની ગેરહાજરીમાં બીજાની પણ ગેરહાજરી થવાની આપત્તિ આવે.

### ✵ સામાન્ય-વિશેષની સમવ્યાપ્તિ શ્વેતાંબરસંમત ✵

**(इदम.)** પ્રસ્તુતમાં તાત્પર્ય એવું છે કે સામાન્ય અને વિશેષ - આ બન્ને પદાર્થ પરસ્પર સમનિયત છે. જ્યાં સામાન્ય હોય ત્યાં જ વિશેષ પદાર્થ હોય. તથા જ્યાં વિશેષ હોય ત્યાં જ સામાન્યપદાર્થ હોય. તેથી વસ્તુમાં એકસ્વભાવ કે અનેકસ્વભાવ ન માનવામાં આવે તો ક્રમશઃ સામાન્ય કે વિશેષ પદાર્થનો અભાવ સિદ્ધ થતાં સામાન્ય-વિશેષ બન્ને પદાર્થનો અભાવ સિદ્ધ થશે. તથા સામાન્ય-વિશેષ બન્નેનો અભાવ હોય તો દ્રવ્યનો પણ ઉચ્છેદ થશે. કારણ કે સામાન્યપર્યાયથી કે વિશેષપર્યાયથી શૂન્ય કોઈ પણ દ્રવ્ય હોતું જ નથી. તેથી જ **સંમતિતર્ક**માં જણાવેલ છે કે 'પર્યાયશૂન્ય દ્રવ્ય કે દ્રવ્યશૂન્ય પર્યાય હોતા નથી.' પૂર્વે (૯/૩ + ૧૦/૧) આ સંદર્ભ જણાવેલ હતો. તેને અહીં યાદ કરવો. **તત્ત્વાર્થસિદ્ધસેનીયવૃત્તિ, અનેકાન્તજયપતાકાવ્યાખ્યા, અનેકાન્તવાદપ્રવેશ, સ્યાદ્વાદમંજરી, ધર્મસંગ્રહણિવૃત્તિ, જૈનસ્યાદ્વાદમુક્તાવલી** તથા **જલ્પકલ્પલતા** ગ્રંથમાં એક કારિકા ઉદ્ધૃત કરેલ છે. તેમાં પણ જણાવેલ છે કે 'પર્યાયરહિત દ્રવ્ય કે દ્રવ્યરહિત પર્યાય ક્યાં, ક્યારે, કોણે, કેવા સ્વરૂપવાળા જોયા છે ? અથવા કયા પ્રમાણથી દ્રવ્યશૂન્ય પર્યાયોને કે પર્યાયશૂન્ય દ્રવ્યને જોયેલ છે ?' પ્રસ્તુતમાં 'દ્રવ્ય' પદથી સામાન્ય

1. द्रव्यं पर्यववियुतं द्रव्यवियुक्ताः च पर्यवाः न सन्ति।

मानेन केन वा ?।।" (त.सि.५/२९/पृ.३७८, अ.ज.प.भाग-१/पृ.११९, अ.वा.प्र.पृ.४६, स्या.म.का.५, ध.स.३३८, जै.स्या.मु.१/२४, ज.क.ल.१/२०) इत्येवम् उद्धृतेयं कारिका इति। प्रकृते द्रव्यपदेन सामान्यं पर्यायपदेन च विशेष उच्यते इत्यवधेयम्।

तदुक्तं **कुन्दकुन्दस्वामिना**ऽपि **पञ्चास्तिकाये** [1]"पज्जयविजुदं दव्वं दव्वविजुत्ता य पज्जया णत्थि। दोण्हं अणण्णभूदं भावं समणा परूविंति।। [2]दव्वेण विणा ण गुणा गुणेहिं दव्वं विणा ण संभवदि। अव्वदिरित्तो भावो दव्व-गुणाणं हवदि तम्हा।।" (पञ्चा.१२, १३) इति।

यथोक्तं **कुमारिलभट्टेन** अपि **मीमांसाश्लोकवार्तिके** आकृतिवादे "निर्विशेषं न सामान्यम्, भवेच्छश-विषाणवत्। विशेषोऽपि च नैवास्ति सामान्येन विना कृतः।।" (मी.श्लो.वा.आकृ.१०) इति।

***एतेन*** "एकरूपस्यैकान्तेन विशेषाभावः, सर्वथैकरूपत्वात्। विशेषाभावे सामान्यस्याऽप्यभावः। अनेक-पक्षेऽपि तथा द्रव्याभावः, निराधारत्वाद्" (द्र.स्व.प्र.६९ वृ.पृ.३७) इति **द्रव्यस्वभावप्रकाशवृत्ति**कृदुक्तिरपि

અને 'પર્યાય' શબ્દથી વિશેષ કહેવાય છે. આ વાત ખાસ ખ્યાલમાં રાખવી.

### ❀ દ્રવ્ય-પર્યાયની સમવ્યાપ્તિ દિગંબરસંમત ❀

(**तदुक्तं.**) માત્ર શ્વેતાંબર સંપ્રદાયમાં જ નહિ, દિગંબર સંપ્રદાયમાં પણ ઉપરોક્ત વાત માન્ય છે. તેથી જ **કુંદકુંદસ્વામી**એ **પંચાસ્તિકાય** ગ્રંથમાં જણાવેલ છે કે 'પર્યાયશૂન્ય દ્રવ્ય કે દ્રવ્યશૂન્ય પર્યાય નથી. દ્રવ્ય-પર્યાય ઉભયથી અનન્યસ્વરૂપ એવી જ વસ્તુને શ્રમણો જણાવે છે. દ્રવ્ય વિના ગુણ નથી હોતા. ગુણો વિના દ્રવ્ય સંભવતું નથી. તેથી વસ્તુ દ્રવ્ય-ગુણથી અવ્યતિરિક્ત = અનન્ય = અભિન્ન છે.'

### ❀ સામાન્ય-વિશેષની સમવ્યાપ્તિ મીમાંસકમાન્ય ❀

(**यथोक्तं.**) માત્ર જૈનશાસનમાં જ નહિ, અન્ય દર્શનમાં પણ ઉપરોક્ત વાત સંમત છે. તેથી મીમાંસકમૂર્ધન્ય **કુમારિલભટ્ટે** પણ **મીમાંસાશ્લોકવાર્તિક**માં 'આકૃતિવાદ' પ્રકરણમાં જણાવેલ છે કે 'વિશેષશૂન્ય સામાન્ય શશશૃંગની જેમ હોતું નથી. તથા સામાન્ય વિના બનેલો વિશેષ પદાર્થ પણ નથી જ હોતો.' આમ સામાન્ય-વિશેષ પદાર્થની સમવ્યાપ્તિ સ્વ-પરદર્શનમાં માન્ય છે - તેમ સિદ્ધ થાય છે.

### ❀ એકાનેકસ્વભાવના અસ્વીકારમાં દ્રવ્યોચ્છેદ ❀

(**एतेन.**) **દ્રવ્યસ્વભાવપ્રકાશવૃત્તિકારે** જણાવેલ છે કે 'વસ્તુને સર્વથા એકસ્વરૂપ માનવામાં આવે તો વિશેષ પદાર્થનો અભાવ = ઉચ્છેદ થઈ જશે. કારણ કે વસ્તુ સર્વથા એકસ્વરૂપવાળી તમે માન્ય કરેલ છે. તથા વિશેષના અભાવમાં સામાન્યનો પણ અભાવ થઈ જશે. કેમ કે વિશેષ વિના એકલો સામાન્ય પદાર્થ રહેતો નથી. તથા વસ્તુને સર્વથા અનેકસ્વભાવવાળી માનવામાં આવે તો તે પક્ષમાં પણ તે રીતે થશે. તેથી દ્રવ્યનો અભાવ થઈ જશે. કારણ કે સામાન્ય-વિશેષનો આધાર ન હોય તેને દ્રવ્ય કઈ રીતે કહી શકાય ?' આ બાબતની પણ છણાવટ અમે પૂર્વે જણાવેલ વિગતથી થઈ જાય છે. સામાન્ય-વિશેષ ઉભયની સમવ્યાપ્તિ હોવાથી **દ્રવ્યસ્વભાવપ્રકાશવૃત્તિકાર**ની વાત વ્યાજબી છે - તેવું અહીં

1. पर्ययवियुतं द्रव्यं द्रव्यवियुक्ताश्च पर्यया न सन्ति। द्वयोरनन्यभूतं भावं श्रमणाः प्ररूपयन्ति।।
2. द्रव्येण विना न गुणा गुणैर्द्रव्यं विना न सम्भवति। अव्यतिरिक्तो भावो द्रव्यगुणानां भवति तस्मात्।।

***व्याख्याता***। तत एकानेकोभयस्वभावता वस्तुनि स्वीकार्या, एकानेकस्वभावयोः समनैयत्यादिति तात्पर्यम्।

***एतावता*** "नैकत्वं व्यवतिष्ठेत नानात्वं चेन्न कल्पयेत्। नानात्वं चावहीयेत यद्येकत्वं न कल्पयेद्।।" (वा.प.३/६-२८) इति **वाक्यपदीये भर्तृहरि**वचनं ***व्याख्यातम्***।

एवमनेकस्वभावानभ्युपगमे द्रव्य-गुण-पर्यायेषु स्वस्वामिभाव-व्याप्यव्याप्यकभावयोरप्युच्छेदः स्यात्। तदुक्तं **नयचक्रसारे देवचन्द्र**वाचकैः "एकत्वाऽभावे सामान्याऽभावः। अनेकत्वाऽभावे विशेषधर्माऽभावः, स्वस्वामित्व-व्याप्यव्यापकता(? त्वयोर)ऽप्यभावः" (न.च.सा.पृ.१६२) इति।

"सामान्य-विशेषयोः कथञ्चिदेकत्वाद्" (द.वै.१/१/ नि.५२ वृ.पृ.१३४) इति **दशवैकालिकनिर्युक्तिवृत्तौ श्रीहरिभद्रसूरिः**।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – 'अद्य वयम् आराधका इति कृत्वा सर्वदैव नियमेन वयम्

---

સમજવું. તેથી વસ્તુમાં એક-અનેક ઉભયસ્વભાવ સ્વીકારવા જરૂરી છે. કારણ કે એકસ્વભાવ અને અનેકસ્વભાવ પણ પરસ્પર સમનિયત છે - તેવું અહીં તાત્પર્ય જાણવું.

### ✤ એક-અનેકરૂપતાની સમવ્યાપ્તિ ભર્તૃહરિમાન્ય ✤

**(एतावता.) વાક્યપદીય** ગ્રંથમાં **ભર્તૃહરિ**એ પણ એક માર્મિક વાત કરેલ છે કે 'જો વસ્તુમાં અનેકતા = અનેકરૂપતા = અનેકસ્વભાવ ન હોય તો એકતા = એકરૂપતા = એકસ્વભાવ રહી ન શકે. તથા જો વસ્તુમાં એકસ્વભાવની કલ્પના કરવામાં ન આવે તો અનેકરૂપતા પણ રવાના થાય.' અમે હમણાં એકસ્વભાવની અને અનેકસ્વભાવની સમવ્યાપ્તિનો = સમનિયતતાનો જે સિદ્ધાન્ત જણાવ્યો તેનાથી ભર્તૃહરિની ઉપરોક્ત વાતનું અર્થઘટન સંગત થાય છે.

### ❋ અનેકસ્વભાવના અસ્વીકારમાં સ્વ-સ્વામીભાવાદિનો ઉચ્છેદ ❋

**(एव.)** આ જ રીતે અનેકસ્વભાવનો સ્વીકાર કરવામાં ન આવે તો દ્રવ્ય-ગુણ-પર્યાય વચ્ચે રહેલો સ્વ-સ્વામીભાવ, વ્યાપ્ય-વ્યાપકભાવ પણ ઉચ્છેદ પામશે. ગુણ-પર્યાયમાં દ્રવ્યનું સ્વત્વ રહે છે. તથા ગુણ-પર્યાયનું સ્વામિત્વ દ્રવ્યમાં રહે છે. જો વસ્તુમાં અનેકસ્વભાવ ન હોય તો ઉપરોક્ત સ્વ-સ્વામિત્વ સંબંધ સંગત ન થાય. તથા દ્રવ્ય વ્યાપ્ય છે અને ગુણ-પર્યાય વ્યાપક છે. જો વસ્તુમાં અનેકતા ન હોય, અનેકસ્વભાવ ન હોય તો ઉપરોક્ત વ્યાપ્ય-વ્યાપકભાવ પણ સંગત ન થઈ શકે. તેથી વસ્તુમાં એક -અનેકસ્વભાવ માનવો જરૂરી છે. આ અંગે ઉપાધ્યાય શ્રી**દેવચન્દ્ર**જી મહારાજે **નયચક્રસાર** ગ્રંથમાં જણાવેલ છે કે "વસ્તુમાં એકસ્વભાવ ન હોય તો સામાન્ય ધર્મ નહિ રહી શકે. તથા વસ્તુમાં અનેકસ્વભાવ ન હોય તો વિશેષધર્મનો અભાવ થઈ જશે. તથા સ્વ-સ્વામિત્વ અને વ્યાપ્ય-વ્યાપકભાવ પણ ઉચ્છેદ પામશે." પૂર્વે કરેલી છણાવટ દ્વારા ઉપરોક્ત કથનનું સ્પષ્ટીકરણ થઈ જાય છે.

### ❀ સામાન્ય-વિશેષ કથંચિત્ અભિન્ન ❀

**("सामा.) દશવૈકાલિકનિર્યુક્તિવૃત્તિ**માં શ્રી**હરિભદ્રસૂરિ**જી જણાવે છે કે 'સામાન્ય અને વિશેષ કથંચિત્ એક = અભિન્ન છે.' આ વાતને પણ અહીં ખ્યાલમાં રાખવી.

### ✽ એકાનેક સ્વભાવનું પ્રયોજન ✽

**આધ્યાત્મિક ઉપનય** :- એકાનેકસ્વભાવની વાત અધ્યાત્મદૃષ્ટિએ એ રીતે ઉપયોગી છે કે આપણે

आराधकत्वेन स्यामः' इति भ्रमभाजनतया नैव भाव्यम्, अनेकस्वभावशालित्वादस्माकम्। को हि जानाति श्वो वयं विराधका नैव भविष्यामः? **प्रज्ञापनासूत्रा**द्यनुसारेण अनन्ताः श्रुतकेवलिनः अद्यापि निगोदपतिताः सन्ति। ततश्चाऽऽराधकत्वमदोन्मादपरता न कार्या किन्तु आराधकत्वलक्षणैकस्वभावस्थैर्याधानकृते जागरितव्यम्। तथा विराधना-विराधकभावग्रस्ताः परे यदा दृश्यन्ते तदा 'एतेषां केवलं विराधकत्वेन रूपेण अयम् एकस्वभावः एव न सर्वदा स्थास्यति, तेषामनेकस्वभावान्वितत्वात्। अद्य भवतु एतेषां विराधकस्वभावः स्वकार्यरतः। श्वः आराधकस्वभावोऽपि एतेषामेवाऽवश्यं स्वकार्योपधायकः भविष्यति' इति विमृश्य साम्प्रतं दोषग्रस्तेष्वपि जीवेषु द्वेष-क्लेशादिप्रादुर्भावो न स्यात् तथा यतनीयम्, न जातुचिद् एकान्तवादः समाश्रयणीयः। तदुक्तं **नमस्कारमाहात्म्ये सिद्धसेनसूरिणा** "नैकचक्रो रथो याति, नैकपक्षो विहङ्गमः। नैवमेकान्तमार्गस्थो नरो निर्वाणमृच्छति।।" (न.मा.२/१३) इति। शुद्धभावानेकान्तवादपरिणत्या च [1]"निव्वाणमक्खयपयं निरुवमसुहसंगयं सिवं अरुयं" (स.स.६४) इति **सम्यक्त्वसप्ततिकायां** दर्शितं निर्वाणपदम् आसन्नतरं भवति।।११/९।।

આજે આરાધક હોઈએ તેટલા માત્રથી કાયમ આરાધક જ રહેવાના છીએ - તેવી ભ્રમણાનો ભોગ બની ન જવું. કારણ કે આપણે અનેકસ્વભાવ ધરાવીએ છીએ. કોને ખબર છે કે આવતીકાલે આપણે વિરાધકસ્વભાવવાળા નથી જ થવાના ? **પ્રજ્ઞાપનાસૂત્ર** વગેરે મુજબ અનંતા ચૌદપૂર્વધરો આજે પણ નિગોદમાં હાજર જ છે ને ! તેથી આરાધકપણાના મિથ્યાભિમાનમાં રાચવાના બદલે, આપણે એકસ્વભાવ -આરાધકસ્વભાવ ટકે તેવી જાગૃતિ રાખવી. તથા અન્ય વ્યક્તિ વિરાધના-વિરાધકભાવમાં અટવાયેલ દેખાય ત્યારે 'તેનો આ ફક્ત એક જ સ્વભાવ કાયમ ટકવાનો નથી. કેમ કે તે અનેકસ્વભાવને ધરાવે છે. તેથી આજે ભલે તેનો વિરાધકસ્વભાવ કાર્યરત દેખાય. પરંતુ આવતીકાલે તેનો આરાધકસ્વભાવ પણ જરૂર કાર્યશીલ બનશે, ગતિશીલ બનશે' - આવું વિચારી વર્તમાનમાં દોષગ્રસ્ત વ્યક્તિ પ્રત્યે બિલકુલ દ્વેષ-દુર્ભાવ-ધિક્કાર પ્રગટે નહિ તેની કાળજી રાખવી. પરંતુ સામેની વ્યક્તિનો જૂનો વિરાધકસ્વભાવ જ આપણા મનમાં રાખીને તેના પ્રત્યે ક્યારેય પણ એકાન્તવાદને = એકસ્વભાવવાદને ધારણ ન કરવો. તેથી તો **સિદ્ધસેનસૂરિજી**એ **નમસ્કારમાહાત્મ્ય**માં જણાવેલ છે કે 'એકચક્રવાળો રથ ચાલતો નથી. એક પાંખવાળું પંખી આકાશમાં આગળ જતું નથી. તેમ એકાન્તમાર્ગમાં રહેલો માણસ મોક્ષને પામતો નથી.' શુદ્ધ ભાવ અનેકાન્તવાદની પરિણતિથી નિર્વાણપદ ખૂબ જ નજીક આવે છે. નિર્વાણપદને બતાવતા **સમ્યક્ત્વસપ્તતિકા**માં જણાવેલ છે કે 'નિરુપમ સુખથી યુક્ત, કલ્યાણકારી, રોગરહિત, અક્ષય એવું નિર્વાણપદ છે.' આ અંગે ઊંડાણથી વિભાવના કરવી. (૧૧/૯)

લખી રાખો ડાયરીમાં.....

- **કષ્ટ-કસોટીમાં વાસના અકળાય છે.**
  **અગ્નિપરીક્ષામાં પણ ઉપાસના સુપ્રસન્ન છે.**

1. निर्वाणमक्षयपदं निरुपमसुखसङ्गतं शिवम् अरुजम्।

**(૭) ગુણ-ગુણીનઈં સંજ્ઞા-સંખ્યાદિકભેદઈં ભેદસ્વભાવો જી,**
**(૮) અભેદવૃત્તિ સુલક્ષણ ધારી જાણો♦ હોઈ અભેદ સ્વભાવો જી;**
**ભેદ વિના એકત્વ સર્વનિં તેણિં,✡ વ્યવહાર વિરોધો જી,**
**વિણ અભેદ કિમ નિરાધારનો, ગુણ-પજ્જવનો બોધો જી ॥૧૧/૧૦॥ (૧૯૨)**

ગુણ-ગુણીનઈં❐, પર્યાય-પર્યાયીનઈં, કારક-કારકીનઈં, **સંજ્ઞા-સંખ્યા**-લક્ષણાદિક**ભેદઈં** કરીઈ નઈ **ભેદસ્વભાવ** જાણવો.(૭)

---

साम्प्रतं सप्तमाऽष्टमौ सामान्यस्वभावौ व्याख्यानयति – '**गुणे**'ति ।

**गुण-गुण्यादिभेदस्वभावः संज्ञा-सङ्ख्यादिकभेदेन,**
**ज्ञेयोऽनन्यवृत्तिसुलक्षणः खल्वभेदस्वभावः तत्र ।**
**भेदाभावे सर्वत्रैक्याद् द्रव्यादिव्यवहारः स्यान्न,**
**विनाऽभेदं निराधारयोर्गुण-पर्याययोर्धीर्भवेन्न ।।११/१०।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् — संज्ञा-सङ्ख्यादिकभेदेन गुण-गुण्यादिभेदस्वभावः ज्ञेयः। तत्र खलु अनन्यवृत्तिसुलक्षणः अभेदस्वभावः ज्ञेयः। भेदाभावे सर्वत्र ऐक्याद् द्रव्यादिव्यवहारः न स्यात्। अभेदं विना निराधारयोश्च गुण-पर्याययोः धीः न भवेत् ।।११/१०।।

**गुण-गुण्यादिभेदस्वभावः** = गुणगुणि-पर्यायपर्यायि-कारककारकि-स्वभावस्वभाविषु भेदस्वभावः **संज्ञा-सङ्ख्यादिकभेदेन** = अभिधान-सङ्ख्या-विभक्ति-लक्षण-कार्य-कारणाऽधिकरण-प्रकार-प्रयोजन-स्थित्यादिभेदद्वारा **ज्ञेयः**। पूर्वं (७/४) सद्भूतव्यवहारनयानुसारेणेदं व्याख्यातमिति न पुनः तन्यतेऽत्र।

---

**અવતરણિકા** :- હવે ગ્રંથકારશ્રી સાતમા અને આઠમા સામાન્યસ્વભાવની વ્યાખ્યા કરે છે :-

**શ્લોકાર્થ** :- સંજ્ઞા, સંખ્યા વગેરેના ભેદથી ગુણ-ગુણી વગેરેમાં ભેદસ્વભાવ રહેલો છે. તથા તેમાં અનન્યવૃત્તિ સ્વરૂપ સુંદરલક્ષણવાળો અભેદસ્વભાવ જાણવો. જો ભેદસ્વભાવ ન હોય તો સર્વત્ર એકરૂપતા આવવાના લીધે દ્રવ્યાદિનો વ્યવહાર નહિ થઈ શકે. તથા અભેદસ્વભાવ ન હોય તો નિરાધાર એવા ગુણ-પર્યાયની બુદ્ધિ નહિ થઈ શકે. (૧૧/૧૦)

### ❀ ભેદસ્વભાવનું પ્રતિપાદન ❀

**વ્યાખ્યાર્થ** :- ગુણ-ગુણીમાં, પર્યાય-પર્યાયીમાં, કારક-કારકીમાં તથા સ્વભાવ-સ્વભાવી પદાર્થમાં ભેદ સ્વભાવ રહેલો છે. (૧) નામભેદ, (૨) સંખ્યાભેદ, (૩) વિભક્તિભેદ, (૪) લક્ષણભેદ, (૫) કાર્યભેદ, (૬) કારણભેદ, (૭) અધિકરણભેદ, (૮) પ્રકારભેદ, (૯) પ્રયોજનભેદ, (૧૦) સ્થિતિભેદ વગેરે દ્વારા ગુણ-ગુણી વગેરેમાં પરસ્પર ભેદસ્વભાવ જાણવો. પૂર્વે સાતમી શાખાના ચોથા શ્લોકની

---

♦ લી.(૧+૩)+મ.માં 'ધારી હોઈ' પાઠ કો.(૧) + કો.(૭+૯) + આ.(૧)નો પાઠ લીધો છે. ✡ પુસ્તકોમાં 'તેણેં' પાઠ. કો. (૮+૧૦)નો પાઠ લીધો છે. ❐ પુસ્તકોમાં '...ગુણિનઈં ... પર્યાયિનઈં ... કારકિનઈં' પાઠ. કો.(૧૩)નો પાઠ લીધો છે.

**અભેદની** જે **વૃત્તિ** તે (**સુલક્ષણ** =) લક્ષણવંત (**ધારી**) **અભેદસ્વભાવ જાણવો.** (૮)

प्रकृते "गुण-गुण्यादिसंज्ञाभेदाद् भेदस्वभावः, संज्ञा-संख्या-लक्षण-प्रयोजनानि (भेदकानि)" (आ.प.पृ.१२) इति **आलापपद्धति**वचनम्, [1]"भिण्णा हु वयणभेदे" (द्र.स्व.प्र.६१) इति **द्रव्यस्वभावप्रकाश**वचनं चानुसन्धेयम्।

उपलक्षणात् प्रतिद्रव्यम् अस्ति-नास्ति-नित्याऽनित्यैकाऽनेक-भव्याऽभव्यादिस्वभावभेदेन षट्स्थान-पतितहानि-वृद्धिसमनुविद्धाऽगुरुलघुपर्यायभेदेन च भेदस्वभावः कक्षीकर्तव्यः। अभेदैकस्वभावे स्वभाव-भेदाद्ययोगादिति भावनीयम्।

**तत्र** = गुणगुणि-पर्यायपर्यायिप्रभृतिषु **खलु** इति निश्चये **अनन्यवृत्तिसुलक्षणः** = अविभक्तप्रदेशवृत्तिः सुष्ठु लक्षणं यस्य स तथा **अभेदस्वभावः ज्ञेयः**। यथा दण्ड-दण्डिनोः मिथोविभक्तप्रदेशवृत्तिता वर्तते तथा आत्मद्रव्य-ज्ञानगुणयोः न प्रविभक्तप्रदेशवृत्तिता वर्तते। अतः ज्ञान-जीवात्मकयोः गुण-गुणिनोः,

વ્યાખ્યામાં સદ્ભૂતવ્યવહારનય મુજબ ઉપરોક્ત વિગતની છણાવટ કરેલ છે. તેથી ફરીથી અહીં તેની છણાવટ અમે કરતા નથી. પ્રસ્તુતમાં 'ગુણ-ગુણી આદિ નામ જુદા હોવાથી તેમાં ભેદસ્વભાવ છે. આમ ગુણ-ગુણી આદિમાં અલગ-અલગ સંજ્ઞા (= નામ), સંખ્યા, લક્ષણ, પ્રયોજન ભેદસ્વભાવને સિદ્ધ કરે છે' - આ પ્રમાણે **આલાપપદ્ધતિ**ના વચનનું તથા 'વચનભેદ હોવાથી ખરેખર પ્રત્યેક દ્રવ્ય ભેદસ્વભાવને ધારણ કરે છે' - આ મુજબ **દ્રવ્યસ્વભાવપ્રકાશ**ના વચનનું પણ અહીં અનુસંધાન કરવું.

### ✻ સ્વભાવભેદ-અગુરુલઘુપર્યાયભેદ દ્વારા ભેદસ્વભાવની સિદ્ધિ ✻

(**उप.**) અહીં નામભેદ વગેરે ૧૦ ભેદક તત્ત્વ દેખાડેલ છે તે ઉપલક્ષણ હોવાથી અન્ય ભેદક તત્ત્વની પણ અહીં સૂચના મળે છે. તે બે ભેદક તત્ત્વ સ્વભાવભેદ અને અગુરુલઘુપર્યાયભેદ છે. તે આ રીતે સમજવું :- દરેક દ્રવ્યમાં અસ્તિસ્વભાવ, નાસ્તિસ્વભાવ, નિત્યસ્વભાવ, અનિત્યસ્વભાવ, એકસ્વભાવ, અનેકસ્વભાવ, ભવ્યસ્વભાવ, અભવ્યસ્વભાવ વગેરે ઉપલબ્ધ થાય છે. પ્રત્યેક દ્રવ્યમાં રહેલા સ્વભાવોમાં ભેદ હોવાથી દ્રવ્યમાં ભેદસ્વભાવની સિદ્ધિ થાય છે. તથા પૂર્વે (૧૧/૧) જણાવેલ ષટ્સ્થાનપતિત હાનિ -વૃદ્ધિવાળા અગુરુલઘુપર્યાયો પણ પ્રત્યેક સૂક્ષ્મ દ્રવ્યમાં જુદા-જુદા હોવાથી દ્રવ્યમાં ભેદસ્વભાવને સ્વીકારવો જરૂરી છે. જો દ્રવ્યમાં સર્વથા અભેદસ્વભાવ જ હોય તો દ્રવ્યમાં ઉપલબ્ધ સ્વભાવોમાં ભેદ ન સંભવે તથા અગુરુલઘુપર્યાયોમાં પણ ભેદ ન સંભવે. આ અંગે શાંતિથી વિજ્ઞ વાચકવર્ગે વિભાવના કરવી.

### ✻ અભેદસ્વભાવનું નિરૂપણ ✻

(**तत्र.**) ગુણ-ગુણી, પર્યાય-પર્યાયી વગેરેમાં અનન્યપ્રદેશવૃત્તિ સ્વરૂપ = અવિભક્તપ્રદેશવૃત્તિતાસ્વરૂપ સુંદરલક્ષણવાળો અભેદસ્વભાવ જાણવો. કહેવાનો આશય એ છે કે દંડના અને દંડીના પ્રદેશો જુદા -જુદા હોય છે. પ્રવિભક્ત = જુદા-જુદા પ્રદેશોમાં = અવયવોમાં દંડ અને દંડી = દંડવાળો માણસ રહે છે. કાષ્ઠ દંડ પોતાના કાષ્ઠઅવયવોમાં રહે છે. જ્યારે દંડી માણસ પોતાના અસ્થિ-મજ્જાદિનિર્મિત અવયવોમાં = પ્રદેશોમાં રહે છે. આમ દંડ અને દંડી - આ બન્ને વચ્ચે પ્રવિભક્તપ્રદેશવૃત્તિતા છે. આવા પ્રકારની પ્રવિભક્તપ્રદેશવૃત્તિતા જ્ઞાન અને જ્ઞાની = આત્મદ્રવ્ય - આ બન્ને વચ્ચે રહેતી નથી. જે

1. भिन्नाः तु वचनभेदे।

रक्तरूप-मृद्द्रव्यलक्षणयोः पर्याय-पर्यायिणोः, मृद्द्रव्य-घटलक्षणयोः कारक-कारकिणोः, दाहकस्वभाव-वह्निलक्षणयोश्च स्वभाव-स्वभाविनोः अविभक्तप्रदेशवृत्तित्वलक्षणोऽभेदस्वभावः कक्षीकर्तव्य इत्याशयः।

***एतेन*** [1]"ण हु ते भिण्णा, अभेदादो" (द्र.स्व.प्र.६१) इति **द्रव्यस्वभावप्रकाश**वचनम्, "गुण-गुण्याद्येकस्वभावाद् अभेदस्वभावः" (आ.प.पृ.१२) इति च **आलापपद्धति**वचनं ***व्याख्यातम्,*** 'अभेदाद् = अविभक्तप्रदेशवृत्तित्वाद्' इत्यर्थात्, अन्यथा आत्माश्रयापत्तेः। तथा 'गुण-गुण्याद्येकस्वभावाद् = गुण-गुण्यादीनाम् अविभक्तप्रदेशवृत्तित्वाद्' इत्यर्थात्, अन्यथा एकस्वभावाऽभेदस्वभावयोरनर्थान्तरतापत्तेः। यथा चानयोः भेदः तथा वक्ष्यते त्रयोदशशाखायाम् (१३/४) इत्यवधेयम्।

एकत्र भेदाभेदोभयविरोधपरिहारस्तु **अनेकान्तजयपताकायां श्रीहरिभद्रसूरिभिः** "अन्योऽन्यव्याप्तिभावेन

---

આત્મપ્રદેશોમાં જ્ઞાન રહે છે, તે જ આત્મપ્રદેશોમાં આત્મા રહે છે. આથી જ્ઞાન અને આત્મદ્રવ્ય - આ બન્ને વચ્ચે અવિભક્તપ્રદેશવૃત્તિતાસ્વરૂપ અભેદસ્વભાવ રહે છે - તેમ માનવું જરૂરી બને છે. તે રીતે પર્યાય અને પર્યાયી પણ જુદા જુદા પ્રદેશોમાં રહેતા નથી. માટીનો લાલ વર્ણ (= પર્યાય) અને માટી દ્રવ્ય (= પર્યાયી) જુદા-જુદા અવયવોમાં રહેતા નથી. કારક અને કારકવાન વચ્ચે પણ પ્રવિભક્તપ્રદેશવૃત્તિત્વ રહેતું નથી. માટીમાંથી ઘડો ઉત્પન્ન થાય છે. પણ માટીદ્રવ્ય (= કારક) અને ઘડો (= કારકી) વિભક્ત = અલગ અવયવોમાં રહેતા નથી. જે પ્રદેશોમાં = અવયવોમાં માટી રહે છે ત્યાં જ ઘડો રહે છે. સ્વભાવ અને સ્વભાવી - આ બન્ને વચ્ચે પ્રવિભક્તપ્રદેશવૃત્તિતા નથી. અગ્નિનો દાહક સ્વભાવ અને અગ્નિ (= સ્વભાવી) પણ અલગ-અલગ પ્રદેશોમાં વૃત્તિ નથી. તેથી તે ચારેય યુગ્મો વચ્ચે પણ અવિભક્ત-પ્રદેશવૃત્તિત્વસ્વરૂપ અભેદસ્વભાવ સ્વીકારવો જરૂરી છે. આ પ્રમાણે અહીં આશય છે.

### ❀ દિગંબરગ્રંથની સ્પષ્ટતા ❀

**(एतेन.) દ્રવ્યસ્વભાવપ્રકાશ** ગ્રંથમાં જણાવેલ છે કે 'ગુણ-ગુણી વગેરે ભિન્ન નથી. કારણ કે તેઓ વચ્ચે પરસ્પર અભેદ છે.' તથા **આલાપપદ્ધતિ** ગ્રંથમાં પણ જણાવેલ છે કે 'ગુણ-ગુણી વગેરેનો એક સ્વભાવ હોવાથી અભેદસ્વભાવ છે.' આ બન્ને ગ્રંથના વચનની પણ સ્પષ્ટતા ઉપર મુજબ થઈ જાય છે. અહીં 'અભેદ = અવિભક્તપ્રદેશવૃત્તિત્વ' એવો અર્થ કરવો. બાકી આત્માશ્રયદોષ આવશે. કેમ કે 'અભેદ હોવાથી ગુણ-ગુણીમાં ભેદ નથી' આવું બોલવામાં હેતુ અને સાધ્ય એક જ બની જાય છે. આવી રીતે '**દ્રવ્યસ્વભાવપ્રકાશ**' વચનનું અર્થઘટન કરવું. તથા 'એકસ્વભાવ' શબ્દનો અર્થ અવિભક્તપ્રદેશવૃત્તિત્વ સમજવો. અર્થાત્ અવિભક્તપ્રદેશવૃત્તિતાના લીધે ગુણ-ગુણી વગેરેનો અભેદસ્વભાવ છે. આવો અર્થ કરવામાં ન આવે તો 'એકસ્વભાવ' અને 'અભેદસ્વભાવ' - આ બન્ને શબ્દો પર્યાયવાચી થવાની આપત્તિ આવે. એકસ્વભાવ અને અભેદસ્વભાવ વચ્ચે જે રીતે ભેદ હોય છે તે રીતે ભેદની = તફાવતની સ્પષ્ટતા આગળ ૧૩ મી શાખાના ચોથા શ્લોકમાં કરવામાં આવશે. આ વાત અધ્યેતાવર્ગે ખ્યાલમાં રાખવી.

### ❀ ભેદાભેદવિરોધ નિર્મૂલ ❀

**(एक.)** 'એકત્ર ભેદ-અભેદ ઉભયનો સમાવેશ કરવામાં વિરોધ આવશે' - આવી શંકાનો પરિહાર

---

1. न हि ते भिन्नाः, अभेदात्।

(ભેદ વિણ=) ભેદસ્વભાવ ન માનિઇં, તો સર્વ દ્રવ્ય-ગુણ-પર્યાયનઈં એકપણું હોઈ.

द्रव्य-पर्याययोः कथम् ?। भेदाभेदो विरुद्धः स्यात् तद्भावानुपपत्तितः।।" (अ.ज.प.भाग-१, अधि.२, पृ.१३२) इत्थमकारि। ज्ञानात्मनोः भेदाभेदसिद्धिः **स्याद्वादरत्नाकरे** प्रथमपरिच्छेदे (१/६/पृ.५१) विस्तरतो द्रष्टव्या। तदनुसारेण च सर्वत्र गुण-गुणिनोः भेदाभेदौ विभावनीयौ।

तदुक्तमेतदुभयस्वभावमधिकृत्य **नयचक्रसारे देवचन्द्रवाचकैः** -"स्व-स्वकार्यभेदेन स्वभावभेदेन अगुरुलघु-पर्यायभेदेन भेदस्वभावः। अवस्थानाऽऽधारताद्यभेदेन अभेदस्वभावः" (न.च.सा.पृ.१६४) इति।

"न भेदोऽभेदस्वरूपत्वाद् नाऽभेदो भेदरूपतः" (न्या.वि.१८५) इति **न्यायविनिश्चये अकलङ्कस्वामि-**वचनमप्यत्र भावनीयम्।

यथाक्रममुभयत्र विपक्षबाधमाह - **भेदाभावे** = गुण-गुण्यादिषु भेदस्वभावविरहे **सर्वत्र** एव

**શ્રીહરિભદ્રસૂરિજીએ અનેકાન્તજયપતાકા**માં આ પ્રમાણે કરેલ છે કે 'દ્રવ્ય અને પર્યાય વચ્ચે પરસ્પર વ્યાપ્તિ = પરસ્પર અનુવિદ્ધતા હોવાના લીધે એકત્ર ભેદાભેદ વિરુદ્ધ બને તેવું કઈ રીતે સંભવે ? કારણ કે ભેદ -અભેદ વચ્ચે વિરોધ માનવામાં આવે તો તે બન્ને વચ્ચે જે પ્રમાણસિદ્ધ વ્યાપ્તિ છે, તે જ અસંગત બની જાય.' આત્મા અને જ્ઞાન વચ્ચે ભેદાભેદની સિદ્ધિ **સ્યાદ્વાદરત્નાકર** ગ્રંથના પ્રથમ પરિચ્છેદમાં વિસ્તારથી દર્શાવેલ છે તેને વાચકવર્ગે જોવી. તથા તે મુજબ સર્વત્ર ગુણ-ગુણીસ્થલમાં ભેદાભેદની વિભાવના કરવી.

### ❋ ભેદ-અભેદસ્વભાવની સિદ્ધિ : શ્રીદેવચન્દ્રજી ❋

(तदु.) ભેદ-અભેદઉભયસ્વભાવને ઉદ્દેશીને ઉપાધ્યાય શ્રી**દેવચન્દ્રજી**એ **નયચક્રસાર**માં જણાવેલ છે કે 'પોત-પોતાના કાર્યના ભેદથી દ્રવ્યમાં ભેદસ્વભાવ રહેલો છે. દા.ત. જીવનો જ્ઞાનગુણ જાણવાનું કાર્ય કરે, દર્શનગુણ જોવાનું કાર્ય કરે, ચારિત્રગુણ સ્થિરતા-સ્વરૂપરમણતાદિ કાર્યને કરે. ધર્માસ્તિકાય ચલનસહાયતા કરે. આમ કાર્યભેદથી દ્રવ્યમાં ભેદસ્વભાવ રહેલો છે. તથા અસ્તિ-નાસ્તિ વગેરે સ્વભાવો જુદા-જુદા હોવાથી પણ સર્વ દ્રવ્યમાં ભેદસ્વભાવ છે. તથા અગુરુલઘુપર્યાય પણ ધર્માસ્તિકાયાદિ દ્રવ્યમાં જુદા -જુદા છે. એક દ્રવ્યનો અગુરુલઘુપર્યાય બીજા દ્રવ્યના અગુરુલઘુપર્યાયની સમાન નથી. વૃદ્ધિ-હાનિપરિણમન પલટાયે જ રાખે છે. તેથી સર્વદ્રવ્યમાં ભેદસ્વભાવ છે. તથા પોતપોતાના સર્વ ધર્મનું અવસ્થાન, તેની આધારતા વગેરેમાં ક્યારેય ભેદ પડતો ન હોવાથી દ્રવ્યમાં અભેદસ્વભાવ રહેલો છે.'

### ⊛ વસ્તુ ભેદાભેદસ્વભાવી : અકલંકસ્વામી ⊛

("न.) **ન્યાયવિનિશ્ચય**માં **અકલંકસ્વામી**એ ભેદાભેદઉભયસ્વભાવને દર્શાવતા કહેલ છે કે 'વસ્તુ માત્ર ભેદસ્વભાવી નથી. કેમ કે અભેદસ્વરૂપ ત્યાં અબાધિત છે. તેમજ કેવલ અભેદસ્વભાવી પણ પદાર્થ નથી. કારણ કે તેમાં ભેદસ્વરૂપ અવ્યાહત છે.' આ કથનની પણ અહીં વિભાવના કરવી. તેની વ્યાખ્યાનું પણ જિજ્ઞાસુ વાચકવર્ગે અવલોકન કરવું.

### ❊ ભેદાભેદ સ્વભાવનો અસ્વીકાર અશક્ય ❊

(यथाक्रम.) પ્રસ્તુત શ્લોકના ઉત્તરાર્ધમાં 'જો ભેદસ્વભાવ અને અભેદસ્વભાવ માનવામાં ન આવે તો શું દોષ આવે ?' - આ બાબતની સ્પષ્ટતા કરેલ છે કે - જો ગુણ-ગુણી વગેરેમાં ભેદસ્વભાવ

**તેણઈં** કરી "**इदं द्रव्यम्, अयं गुणः, अयं पर्यायः**" - એ **વ્યવહારનો વિરોધ** હોઈ.

द्रव्य-गुण-पर्यायेषु **ऐक्यात्** = केवलाभेदाद् 'इदं द्रव्यम्, असौ गुणः, स च पर्यायः' इति **द्रव्यादिव्यवहारः न** = नैव **स्यात्**, विरोधात्। सर्वथा तदभेदे 'ज्ञानं द्रव्यम्, आत्मा पर्यायः, मनुष्यत्वादिः गुणः' इति व्यवहारोऽपि प्रामाणिकः स्यात्, अस्मिन् पक्षे प्रसिद्धव्यवहारबोध्यार्थाऽभेदेन अबाधितार्थकत्वात्।

एवञ्च पदार्थव्यवस्थार्थं भेदस्वभावोऽभ्युपेयः, अन्यथा एकमेव घटादिकं वस्तु सर्वात्मकं स्यात्। तदुक्तं **समन्तभद्रस्वामिना आप्तमीमांसायां** "सर्वात्मकं तदेकं स्यादन्याऽपोहव्यतिक्रमे" (आ.मी.११) इति। ततश्चैकान्ताऽभेदस्वभावो युक्त्यसहत्वेनाऽपारमार्थिक एव।

***यत्तु* मण्डनमिश्रेण ब्रह्मसिद्धौ** "न भेदो वस्तुनो रूपं तदभावप्रसङ्गतः। अरूपेण च भिन्नत्वं वस्तुनो नोपपद्यते।।" (ब्र.सि.२/५) इत्युक्तं ***तदसत्,*** भेदस्य पर्यायविशेषरूपताभ्युपगमेन वस्त्वभावप्रसङ्गा-

ન હોય તો બધા જ દ્રવ્ય-ગુણ-પર્યાયોમાં કેવલ અભેદસ્વભાવના લીધે 'આ દ્રવ્ય છે, પેલો ગુણ છે, અને તે પર્યાય છે' - આ પ્રમાણે જે અલગ-અલગ વ્યવહાર થાય છે તે થઈ નહિ શકે. દ્રવ્ય, ગુણ આદિ સ્વરૂપે ભેદવ્યવહાર કરવો અને તેમાં કેવલ અભેદ સ્વભાવ જ માનવો - આ બાબત વિરોધગ્રસ્ત છે. તથા જો દ્રવ્ય, ગુણ અને પર્યાય વચ્ચે સર્વથા અભેદ જ માનવામાં આવે તો 'આત્મા દ્રવ્ય છે, જ્ઞાન ગુણ છે, મનુષ્યત્વ પર્યાય છે' - આવા લોકપ્રસિદ્ધ વ્યવહારની જેમ 'જ્ઞાન દ્રવ્ય છે, આત્મા પર્યાય છે, મનુષ્યત્વ વગેરે ગુણ છે' - આવા વ્યવહારને પણ પ્રામાણિક માનવો પડશે. કારણ કે દ્રવ્ય, ગુણ, પર્યાય વચ્ચે સર્વથા અભેદ માનો તો પ્રસ્તુતમાં જ્ઞાનને ગુણ કહો કે દ્રવ્ય કહો - અર્થમાં શું ફરક પડે છે ? આત્માને દ્રવ્ય કહો કે ગુણ કહો - અર્થમાં તો કશો જ ફરક નથી ને ! અર્થ અબાધિત હોવાથી તેવા વ્યવહારોને પણ સાચા માનવાની આપત્તિ સર્વથા અભેદસ્વભાવ પક્ષમાં આવશે.

### ❖ ભેદસ્વભાવ આવશ્યક ❖

(**एव.**) આ રીતે પદાર્થની વ્યવસ્થા માટે ભેદસ્વભાવનો સ્વીકાર કરવો જરૂરી છે. બાકી તો એક જ ઘટાદિ વસ્તુ સર્વાત્મક બનવાની આપત્તિ આવશે. આ જ આશયથી **સમંતભદ્રસ્વામીએ આપ્તમીમાંસા** ગ્રંથમાં જણાવેલ છે કે 'અન્યભેદને માન્ય કરવામાં ન આવે તો એક જ વસ્તુ સર્વાત્મક = સર્વસ્વરૂપ બનવાની આપત્તિ આવશે.' તેથી એકાન્તઅભેદ યુક્તિસહિષ્ણુ ન હોવાથી અપારમાર્થિક જ છે - તેમ સમજવું.

### ❖ મંડનમિશ્રના મતનું નિરાકરણ ❖

(**यत्तु.**) **મંડનમિશ્ર** નામના વિદ્વાને **બ્રહ્મસિદ્ધિ** નામના ગ્રંથમાં જે જણાવેલ છે કે 'ભેદ વસ્તુનું સ્વરૂપ નથી. કારણ કે ભેદને વસ્તુનું સ્વરૂપ માનવામાં વસ્તુનો ઉચ્છેદ થવાની આપત્તિ આવે. જે પોતાનું સ્વરૂપ ન હોય તેની અપેક્ષાએ વસ્તુમાં ભેદ સંગત થઈ ન શકે' - તે વાત મિથ્યા જાણવી. કારણ કે અમે જૈનો ભેદને પર્યાયવિશેષાત્મક માનીએ છીએ. તેથી પર્યાયવિશેષાત્મક ભેદને વસ્તુનું સ્વરૂપ માનવામાં વસ્તુનો ઉચ્છેદ થવાની આપત્તિને અહીં અવકાશ રહેતો નથી. અમે જૈનો કાંઈ કેવલ તુચ્છસ્વરૂપ ભેદને માનતા નથી કે જેના લીધે ભેદને વસ્તુનું સ્વરૂપ માનવામાં વસ્તુનો ઉચ્છેદ થવાની આપત્તિ

અનઈં (વિણ અભેદ=) અભેદસ્વભાવ ન *કહિઈં,

ऽनवकाशात्। न ह्यस्माभिः तुच्छैकरूपो भेदः कक्षीक्रियत इति दिक्।

तथा **अभेदं** = द्रव्य-गुण-पर्यायाऽभेदस्वभावं **विना** हि विन्ध्य-हिमाचलयोरिव द्रव्य-गुणयोः द्रव्य-पर्याययोः वा आधाराऽऽधेयभावो न स्यात्। तथा च गुण-पर्यायौ निराश्रयौ स्याताम्। तथा चार्थक्रियाकारित्वाभावेनाऽसत्त्वमापद्येत द्रव्यस्य।

**विद्यारण्येनापि ब्रह्मानन्दे** "स घटो नो मृदो भिन्नो वियोगे सत्यनीक्षणात्। नाप्यभिन्नः पुरा पिण्ड-दशायामनवेक्षणाद्।।" (ब्रह्मा.अद्वैतानन्दप्रकरणे पृ.३५) इति पर्याय-पर्यायिणोः भिन्नाभिन्नता प्रत्यपादि।

"अनन्यत्वेऽपि कार्य-कारणयोः कार्यस्य कारणात्मत्वं, न तु कारणस्य कार्यात्मत्वम्" (ब्र.सू.२/१/९-शा.भा.पृ.४५५) इति **ब्रह्मसूत्रशाङ्करभाष्योक्ति**रपि प्रकारान्तरेण कार्य-कारणयोः भेदाभेदौ एव स्थापयति, एकान्तेन तदभेदे तु कर्तृव्यापारपूर्वमपि कार्योपलब्धिप्रसङ्गात्।

આવે. અહીં જે કાંઈ કહેવાયેલ છે તે તો એક દિગ્દર્શનમાત્ર છે. આ દિશાસૂચન મુજબ હજુ આગળ ઘણું વિચારી શકાય છે. આવું દર્શાવવા માટે કર્ણિકાકારે 'दिक्' શબ્દનો પ્રયોગ કરેલ છે.

### ❁ અભેદ વિના આધારાધેયભાવ અસંગત ❁

(**तथा.**) તથા દ્રવ્ય, ગુણ અને પર્યાયમાં જો અભેદસ્વભાવ માનવામાં ન આવે તો જેમ વિંધ્યાચલ અને હિમાલય વચ્ચે આધાર-આધેયભાવ નથી હોતો તેમ દ્રવ્ય અને ગુણ વચ્ચે અથવા દ્રવ્ય અને પર્યાય વચ્ચે પણ આધાર-આધેયભાવ સંભવી નહિ શકે. તેથી ગુણનો અને પર્યાયનો આધાર દ્રવ્ય બની નહિ શકે. આમ ગુણ અને પર્યાય નિરાધાર બની જશે. આવી સ્થિતિમાં અર્થક્રિયાકારિત્વ અસંભવિત થવાથી દ્રવ્યનો પણ ઉચ્છેદ થઈ જશે.

### ⁂ વેદાન્તદર્શનમાં પર્યાય-પર્યાયી વચ્ચે ભેદાભેદ ⁂

(**विद्या.**) **વિદ્યારણ્યસ્વામી**એ પણ **બ્રહ્માનંદ** ગ્રંથમાં પર્યાય અને પર્યાયી વચ્ચે ભેદાભેદને જણાવતાં કહેલ છે કે 'તે ઘડો માટીથી (સર્વથા) ભિન્ન નથી. કારણ કે માટી રવાના થતાં ઘડો દેખાતો નથી. તથા તે બન્ને એકાન્તે અભિન્ન પણ નથી. કેમ કે પૂર્વે માટીની પિંડઅવસ્થામાં ઘડો જણાતો નથી.' મતલબ કે માટી રવાના થતાં ઘડો રવાના થવાથી તે બન્ને વચ્ચે અભેદ પણ છે. તથા મૃત્પિંડદશામાં મૃદ્દ્રવ્ય હાજર હોવા છતાં ઘડો ગેરહાજર હોવાથી તે બન્ને વચ્ચે ભેદ પણ છે. આમ **વિદ્યારણ્યસ્વામી** દ્વારા મૃદ્દ્રવ્ય અને ઘટપર્યાય વચ્ચે ભેદાભેદ સૂચિત થયેલ છે.

### ⊛ કાર્ય-કારણ વચ્ચે ભેદાભેદ પ્રકારાન્તરથી શંકરાચાર્યસંમત ⊛

("**अन.**) 'કાર્ય-કારણ વચ્ચે અભેદ હોવા છતાં કાર્ય જ કારણાત્મક છે, કારણ કાર્યાત્મક નથી' - આ પ્રમાણે **બ્રહ્મસૂત્રશાંકરભાષ્ય**માં વિલક્ષણત્વઅધિકરણમાં જે જણાવેલ છે, તે પણ અન્ય પ્રકારે કાર્ય-કારણ વચ્ચે ભેદાભેદની જ સિદ્ધિ કરે છે. કારણ કે જો કાર્ય-કારણ પરસ્પર સર્વથા અભિન્ન હોય તો કુંભાર વગેરે કર્તાના પ્રયત્નની પૂર્વે પણ ઘટાદિ કાર્યની ઉપલબ્ધિ થવાની આપત્તિ આવે. તેથી

* આ.(૧)માં 'માનીઈં' પાઠ.

**भास्कराचार्येणा**पि **ब्रह्मसूत्रभास्करभाष्ये** "अवस्था-तद्वतोश्च नाऽत्यन्तभेदः। न हि शुक्लपटयोर्धर्म-धर्मिणोरत्यन्तभेदः किन्त्वेकमेव वस्तु। न हि निर्गुणं नाम द्रव्यमस्ति। न हि निर्द्रव्यो गुणोऽस्ति, तथोपलब्धेः (= परम्परानुस्यूतोपलब्धेः)। उपलब्धिश्च भेदाभेदव्यवस्थायां प्रमाणं व्यवहारिणाम्। तथा कार्य-कारणयोर्भेदाभेदावनुभूयेते" (ब्र.सू.२/१/१८ भा.भा.पृ.१०१) इत्येवं पर्यायपर्यायि-गुणगुणि-कारककारकिणां भेदाभेदौ दर्शितौ।

**तत्त्ववैशारद्यां** "नैकान्ततः परमाणुभ्यो भिन्नो घटादिरभिन्नो वा। भिन्नत्वे गवाश्ववद् धर्म-धर्मिभावाऽनुपपत्तेः। अभिन्नत्वे धर्मिरूपवत्तदनुपपत्तेः। तस्मात् कथञ्चिद्भिन्नः कथञ्चिदभिन्नश्चाऽऽस्थेयः। तथा च सर्वमुपपद्यते" (यो.सू.वि.पा.सू.४३ त.वै.) इति **वाचस्पतिमिश्रे**ण अपि पर्याय-पर्यायिणोः भिन्नाभिन्नत्वं प्रकाशितम्।

**सुदर्शनेनाऽपि शास्त्रदीपिकां** व्याख्यानयता "यत्र हि 'मधुरमिदं द्रव्यमि'त्येवं द्रव्यस्य मधुरत्वेन रूपेण

---

કાર્ય-કારણ વચ્ચે અભેદની જેમ ભેદ પણ આદ્ય શંકરાચાર્યને માન્ય જ છે - તેમ ફલિત થાય છે.

### ❁ ગુણ-ગુણી વગેરે વચ્ચે ભેદાભેદ : ભાસ્કરાચાર્ય ❁

**(भास्क.) બ્રહ્મસૂત્રભાસ્કરભાષ્ય**માં **ભાસ્કરાચાર્ય**એ પણ પર્યાય-પર્યાયી, ગુણ-ગુણી તથા કારક-કારકી વચ્ચે ભેદાભેદ આ પ્રમાણે જણાવેલ છે કે 'અવસ્થા (= પર્યાય) અને અવસ્થાયુક્ત પર્યાયી વચ્ચે અત્યંત ભેદ નથી. કારણ કે શુક્લરૂપાત્મક ગુણધર્મ અને તેના આશ્રયભૂત પટ = ધર્મી વચ્ચે અત્યંત ભેદ જણાતો નથી. પરંતુ તે બન્ને એક જ વસ્તુ તરીકે જણાય છે. ખરેખર, ગુણશૂન્ય કોઈ દ્રવ્ય નામનો પદાર્થ જ નથી. તેમજ દ્રવ્યરહિત ફક્ત ગુણ પણ નથી. કેમ કે પરસ્પર વણાયેલા હોય તે રીતે તે બન્ને જણાય છે. વસ્તુ અંગે વ્યવહાર કરનારા જીવો માટે તો ભેદાભેદની વ્યવસ્થામાં તથાવિધ જાણકારી એ જ પ્રમાણભૂત છે. તેમજ કાર્ય (= કારકી) અને કારણ (= કારક) વચ્ચે પણ ભેદાભેદ જણાય છે.' તેથી વેદાંતમતે પણ પર્યાય-પર્યાયી વગેરે વચ્ચે ભેદાભેદ જ માન્ય છે.

### ❃ અવયવ-અવયવી વચ્ચે ભેદાભેદ : વાચસ્પતિમિશ્ર ❃

**(तत्त्व.) પાતંજલયોગસૂત્ર** ઉપર **વ્યાસ** મહર્ષિએ ભાષ્ય રચેલ છે. તથા તે **યોગસૂત્રભાષ્ય** ઉપર ષડ્દર્શનવ્યાખ્યાકાર **વાચસ્પતિમિશ્રજી**એ **તત્ત્વવૈશારદી** વ્યાખ્યા રચી છે. ત્યાં તેમણે પણ પર્યાય અને પર્યાયી વચ્ચે ભેદાભેદ જણાવેલ છે. તે આ પ્રમાણે :- 'પરમાણુસ્વરૂપ અવયવો કરતાં ઘટાદિ અવયવી એકાન્તે ભિન્ન નથી કે એકાન્તે અભિન્ન નથી. જો તે બન્ને સર્વથા ભિન્ન હોય તો ગાય-ઘોડા વચ્ચે જેમ ધર્મ-ધર્મિભાવ નથી રહેતો, તેમ અવયવ-અવયવી વચ્ચે પણ ધર્મ-ધર્મિભાવ સંગત નહિ થાય. જો તે બન્ને સર્વથા અભિન્ન હોય તો જેમ પરસ્પરઅભિન્ન એવા ઘટાદિ ધર્મી અને તેના સ્વરૂપ વચ્ચે ધર્મ-ધર્મિભાવ નથી, તેમ અવયવ-અવયવી વચ્ચે પણ એકાન્તઅભેદપક્ષમાં ધર્મ-ધર્મિભાવ સંભવી શકશે નહિ. તેથી પરમાણુસ્વરૂપ અવયવો અને ઘટાદિ અવયવી વચ્ચે કથંચિદ્ ભેદ અને કથંચિદ્ અભેદ સ્વીકારવો જરૂરી છે. તે રીતે ધર્મ-ધર્મિભાવ વગેરે તમામ બાબતો સંગત થઈ શકશે.'

### ✡ ગુણ-ગુણી, અવયવ-અવયવી વચ્ચે ભેદાભેદ : મીમાંસક ✡

(सुद.) મીમાંસકમૂર્ધન્ય **સુદર્શને** પણ **શાસ્ત્રદીપિકા**ની વ્યાખ્યા કરતાં જણાવેલ છે કે "જે સ્થળે 'આ

निरूपणं क्रियते तत्र रूप-रसयोः परस्परं भेदाद् मधुरत्वेन निरूप्यमाणस्य द्रव्यस्याऽपि रूपादिभ्यो भेदोऽवभासते। यत्र चाऽभ्यर्हमिदं द्रव्यत्वेनैव रूपेण निरूपणं क्रियते तत्र रूपादिभ्योऽभेदोऽप्यवभासते केनाऽपि गुणेन सामानाधिकरण्याऽभावादित्यर्थः। एवमेवाऽवयवाऽवयविनोरपि भेदाभेदावेव" (शा.दी.सु.वृ.पृ.३९५) इति प्रणिगदितम्।

**वेदान्तसिद्धान्तसङ्ग्रहे वनमालिमिश्रेण** "भेदाभेदौ हि सिद्धान्ते कार्य-कारणयोर्मतौ। स्याद् भेदे गुरुताऽऽधिक्यमभेदे कार्यनिह्नवः।।" (वे.सि.स.५/१४) इत्युक्तं पूर्वोक्तदिशा (२/१६+३/४) भावनीयम्।

**धर्मसङ्ग्रहण्यां श्रीहरिभद्रसूरिभिः** [1]"धम्मा य धम्मिणो इह भिन्नाभिन्ना भवन्ति नायव्वा। न हि धम्मि-धम्मभावो जुज्जइ एगन्तवादम्मि।। [2]एगन्तभेदपक्खे धम्मा एयस्स को णु सम्बन्धो ?। एगन्ताभेदम्मिऽवि

દ્રવ્ય મધુર છે' - આ રીતે દ્રવ્યનું મધુરત્વરૂપે નિરૂપણ કરાય છે તે સ્થળે રૂપ અને રસ વચ્ચે પરસ્પર ભેદ હોવાથી મધુરત્વરૂપે જણાવાઈ રહેલા દ્રવ્યમાં પણ રૂપાદિ કરતાં ભિન્નતા ભાસે છે. તથા જે સ્થળે સામે ચાલીને દ્રવ્યત્વરૂપે જ પુરોવર્તી દ્રવ્યનું નિરૂપણ કરાય છે તે સ્થળે રસની જેમ રૂપાદિ ગુણોથી દ્રવ્યમાં અભેદ પણ ભાસે છે. કારણ કે કોઈ પણ ગુણ સાથે તથાવિધ નિરૂપણમાં સામાનાધિકરણ્ય (શાબ્દિક સમાનવિભક્તિકત્વ) રહેતું નથી. 'इदं द्रव्यम्' - આવા પ્રયોગમાં ગુણનો નિર્દેશ થતો નથી. આથી ગુણ-ગુણી વચ્ચે ભેદાભેદ રહે છે. તે જ રીતે અવયવ-અવયવી વચ્ચે પણ ભેદાભેદ જ રહે છે." ઉપરોક્ત ચાર શાસ્ત્રસંદર્ભોના આધારે પરદર્શનકારો પણ ગુણ-ગુણી, પર્યાય-પર્યાયી, અવયવ-અવયવી વગેરે વચ્ચે ભેદાભેદ માને છે - તેવું સિદ્ધ થાય છે.

(वेदा.) **વેદાન્તસિદ્ધાન્તસંગ્રહ**માં **વનમાલિમિશ્ર**જીએ જણાવેલ છે કે 'સિદ્ધાન્તમાં = **નિમ્બાર્કાચાર્ય**મતમાં કાર્ય અને કારણ વચ્ચે ભેદાભેદ માન્ય છે. જો તે બન્ને વચ્ચે માત્ર ભેદ માનવામાં આવે તો માટીના કાર્યસ્વરૂપ ઘટમાં ગુરુત્વ વધવું જોઈએ. તથા તે બન્ને વચ્ચે માત્ર અભેદ સ્વીકારીને ઘડાને માટીદ્રવ્ય કહેવામાં આવે તો જલાહરણાદિસમર્થ કાર્યનો અપલાપ કરવાનો પ્રસંગ આવશે.' પૂર્વે (૨/૧૬ + ૩/૪) દર્શાવેલ પદ્ધતિ મુજબ આ બાબતની વિભાવના કરવી.

### ❖ ધર્મ-ધર્મી વચ્ચે ભેદાભેદ ❖

(धर्म.) **ધર્મસંગ્રહણિ** ગ્રંથમાં **શ્રીહરિભદ્રસૂરિ**જીએ ધર્મ-ધર્મી વચ્ચે ભેદાભેદસ્વભાવની સિદ્ધિ કરતાં જણાવેલ છે કે "આ જગતમાં ધર્મીથી ગુણધર્મો ભિન્નાભિન્ન સ્વભાવવાળા હોય છે - તેમ જાણવું. એકાન્તવાદમાં ધર્મ-ધર્મિભાવ સંગત થઈ શકતો નથી. જો ધર્મ-ધર્મી વચ્ચે સર્વથા ભેદ માનવામાં આવે તો 'આના સંબંધી આ ગુણધર્મો છે' - તેવું કઈ રીતે બોલી શકાય ? ('આ હિમાલયનો મેરુપર્વત ગુણધર્મ છે' - તેવું જેમ કહી નથી શકાતું, તેમ ઉપરોક્ત વાત સમજવી. એકાન્તે ભિન્ન તરીકે પૂર્વપક્ષીને સંમત હિમાલય-મેરુ વગેરે વચ્ચે જેમ ધર્મ-ધર્મિભાવ નથી સંભવતો તેમ ધર્મ-ધર્મી વચ્ચે પણ ધર્મ-ધર્મિભાવ નહિ સંભવે. આવો અહીં શ્રીહરિભદ્રસૂરિજીનો આશય છે.) તથા જો ધર્મ અને ધર્મી વચ્ચે સર્વથા અભેદ જ હોય તો ધર્મ અને ધર્મી - આમ બે નામ વગેરે કઈ રીતે સંગત થાય ? (મતલબ

1. धर्माश्च धर्मिणः इह भिन्नाऽभिन्ना भवन्ति ज्ञातव्याः। न हि धर्मि-धर्मभावो युज्यते एकान्तवादे।।
2. एकान्तभेदपक्षे 'धर्म एतस्य' को नु सम्बन्धः ?। एकान्ताऽभेदेऽपि द्विधाऽभिधानादि कथं युक्तम् ?।।

दुहाभिहाणादि कह जुत्तम् ?।। [1]एगो धम्मी धम्माऽणेगे जं तेण होन्ति भिन्न त्ति।।" (ध.स.११८७-११८८-११८९) इत्यादि यदुक्तं तदत्राऽनुसन्धेयम्।

"भेदाऽभावे सर्वगुण-पर्यायाणां सङ्करदोषः गुणगुणि-लक्ष्यलक्षण-कार्यकारणतानाशः। अभेदाऽभावे स्थानध्वंसः, 'कस्य एते गुणाः ? को वा गुणी ?' इत्याद्यभावः" (न.च.सा.पृ.१६४) इति **नयचक्रसारे देवचन्द्र**वाचकाः।

पर्याय-पर्यायिणोः एकान्तभेदाभेदनिरासपुरस्सरं भेदानुविद्धाऽभेदसिद्धिकृते **श्रीहेमचन्द्रसूरिभिः योगशास्त्रवृत्तौ** आन्तरश्लोकेषु "येषामेकान्तिको भेदः सम्मतो देह-देहिनोः। तेषां देहविनाशेऽपि न हिंसा

---

કે કુંભ અને ઘટ બન્ને વચ્ચે અભેદ હોવાથી ભૂતલમાં એક ઘડો હોય ત્યારે 'અહીં કુંભ અને ઘડો - એમ બે ચીજ છે' - આવું જેમ બોલી શકાતું નથી, તેમ ગુણ-ગુણી વચ્ચે જો સર્વથા અભેદ જ હોય તો 'આ જગતમાં ગુણ અને ગુણી - આમ બે વસ્તુ છે' આવું કહી નહિ શકાય.) જે કારણે ધર્મી એક છે અને ગુણધર્મો ઘણા છે, તે કારણે તે બન્ને ભિન્ન છે. તથા જે કારણે ધર્મી સાથે બધાય ગુણધર્મો અનુવિદ્ધ છે. તેથી તે બન્ને પરસ્પર અભિન્ન છે."

### ❖ ભેદ-અભેદનો અસ્વીકાર ગુણ-ગુણીભાવનાશાદિનો આપાદક ❖

(**"भेदा.**) પ્રસ્તુત બન્ને સ્વભાવનો સ્વીકાર કરવામાં ન આવે તો કયા દોષ લાગુ પડે ? તેને દર્શાવતા ઉપાધ્યાય શ્રી**દેવચન્દ્રજી** મહારાજ **નયચક્રસાર** ગ્રંથમાં જણાવે છે કે "વસ્તુમાં ભેદસ્વભાવ ન હોય તો દ્રવ્યના સર્વ ગુણો અને સર્વ પર્યાયો વચ્ચે સાંકર્યની = એકરૂપતાની આપત્તિ આવશે. આવી સ્થિતિમાં 'ગુણ કોણ ? તથા ગુણી કોણ ? દ્રવ્ય કોણ ? કયા દ્રવ્યનો કયો પર્યાય અને કયો ગુણ ?' એની વહેંચણી થઈ નહિ શકે. તેમજ ગુણલક્ષણનું લક્ષ્ય ગુણની જેમ પર્યાય બની જશે. તથા પર્યાયલક્ષણનું લક્ષ્ય ગુણ પણ બની જશે. મતલબ કે લક્ષ્ય-લક્ષણભાવનો પણ નાશ થશે. તદુપરાંત કાર્યધર્મ અને કારણધર્મ - આ બન્ને પણ જુદા પડી નહિ શકે. તેથી કાર્યતાનો અને કારણતાનો નાશ થશે. તથા જો વસ્તુમાં અભેદસ્વભાવને ન માનો તો 'સ્થાન = આધાર કોણ બને અને આધેય કોણ બને ?' તે નક્કી ન થવાથી આધારધ્વંસ = આધારાધેયભાવનાશ થશે. તથા ગુણ-ગુણી વચ્ચે જરા પણ અભેદ ન હોય તો 'આ ગુણો કોના છે ? આ ગુણોનો આશ્રય કોણ છે ?' આ બાબતનું નિયમન પણ થઈ નહિ શકે. ગુણ-ગુણીની ઓળખાણ સર્વથા ભેદપક્ષમાં શક્ય નથી." લૌકિક દૃષ્ટિએ પણ વિચારીએ તો કહી શકાય કે વિન્ધ્યાચલ અને હિમાલય વચ્ચે અભેદ ન હોવાથી તે બન્નેમાં આધારાધેયભાવ કે ગુણ-ગુણીભાવ નથી સંભવતો. તેમ તુલ્ય યુક્તિથી કહી શકાય છે કે દ્રવ્ય-ગુણાદિ વચ્ચે અભેદ ન હોય તો દ્રવ્ય-ગુણાદિમાં પણ આધારાધેયભાવ, ગુણ-ગુણીભાવ નહિ સંભવે.

### ❖ પર્યાય-પર્યાયી વચ્ચે ભેદાભેદ : શ્રીહેમચન્દ્રસૂરિજી ❖

(**पर्याय.**) પર્યાય-પર્યાયી વચ્ચે એકાન્તભેદ અને એકાન્તઅભેદ - આ બન્નેને દૂર કરી ભેદાનુવિદ્ધ અભેદની સિદ્ધિ માટે શ્રી**હેમચન્દ્રસૂરિજી**એ **યોગશાસ્ત્રવૃત્તિ**માં બીજા પ્રકાશના આન્તરશ્લોકોમાં કહેલ છે કે 'દેહ અને દેહધારી વચ્ચે જેઓના મતે એકાન્તે ભેદ રહેલો હોય, તેમના મતે દેહવિનાશ કરવા

---

1. एको धर्मी धर्मा अनेके यत् तेन भवन्ति भिन्ना इति। यत् पुनः तेनाऽनुविद्धाः, सर्वेऽपि अतः अभिन्ना इति।।

देहिनो भवेत्।। अभेदैकान्तवादेऽपि स्वीकृते देह-देहिनोः। देहनाशे देहिनाशात् परलोकोऽस्तु कस्य वै ?।।" (यो.शा.प्रकाश-२, श्लो.१९/११७-११८) इत्याद्युक्तम्।

प्रकृते "भेदपक्षेऽपि विशेषस्वभावानां निराधारत्वाद् अर्थक्रियाकारित्वाऽभावः। अर्थक्रियाकारित्वाऽभावे द्रव्यस्याऽप्यभावः। अभेदपक्षेऽपि सर्वथैकरूपत्वादर्थक्रियाकारित्वाऽभावः। अर्थक्रियाकारित्वाभावे द्रव्यस्याऽप्यभावः" (बृ.न.च.६९ पृ.३७) इति **बृहन्नयचक्रवृत्तिकृद्वचनमनुसन्धेयम्।**

एकान्तनित्यद्रव्याऽभिन्नत्वेन एकान्तनित्यत्वापत्त्या गुणादेरपि अर्थक्रियाकारित्वाऽभावोऽभेदपक्षे पूर्वोक्त(११/८)**द्रव्यस्वभावप्रकाश-वीतरागस्तोत्राऽध्यात्मसार-द्रव्यालङ्कार-सूत्रकृताङ्गवृत्त्यादिसन्दर्भानुसारेण** विभावनीयः।

---

છતાં દેહધારીની હિંસા (અને હિંસાજન્ય પાપ) સંભવશે નહિ. તથા જેઓના પક્ષમાં દેહ-દેહધારી વચ્ચે સર્વથા અભેદ સ્વીકારવામાં આવેલ છે તેમના મતે દેહનાશ થતાં દેહધારીનો = જીવનો નાશ થવાથી પરલોક કોનો થશે ?' મતલબ કે એકાન્તઅભેદમતમાં શરીરનાશ પછી પરલોકગામી કોઈ નહિ સંભવે. તેથી દેહ = પર્યાય અને દેહધારી = પર્યાયી દ્રવ્ય વચ્ચે ભેદાનુવિદ્ધ અભેદ માનવો જરૂરી છે.

### ❂ એકાન્તભેદપક્ષનું અને સર્વથા અભેદપક્ષનું નિરસન ❂

**(प्रकृते.)** આ બાબતમાં **બૃહદ્નયચક્રવૃત્તિકારે** બહુ સુંદર વાત કરેલી છે. તે આ મુજબ છે કે 'ધર્મ -ધર્મી વચ્ચે જો સર્વથા ભેદ માનવામાં આવે તો પણ દ્રવ્યનો ઉચ્છેદ થશે. કેમ કે વિશેષસ્વભાવને ધારણ કરનારા ગુણ અને પર્યાય દ્રવ્યથી સર્વથા ભિન્ન હોવાના લીધે નિરાધાર બની જશે. તથા નિરાધાર બનવાથી ગુણ-પર્યાયમાં અર્થક્રિયાકારિત્વ નહિ સંભવે. ગુણ-પર્યાય પોતાનું કોઈ પણ કાર્ય કરી નહિ શકે. અર્થક્રિયાકારી ન હોય તે અસત્ હોય. આવી પરિસ્થિતિમાં ગુણી દ્રવ્યનો પણ ઉચ્છેદ થઈ જશે. તથા ધર્મ-ધર્મી વચ્ચે જો એકાન્તે અભેદ સ્વભાવ માનવામાં આવે તો પણ દ્રવ્યનો ઉચ્છેદ થશે. કારણ કે સર્વથા અભેદપક્ષમાં વસ્તુ એકાન્તે એકરૂપ હોવાથી અર્થક્રિયા (= પોતાનું કાર્ય) કરવા માટે સમર્થ નથી. અર્થક્રિયાકારિત્વ ન હોય તો દ્રવ્યનો પણ અભાવ સુનિશ્ચિત બની જશે.' આ વાતનું પણ અહીં અનુસંધાન કરવું.

### ❀ એકાન્તપક્ષમાં ગુણાદિ અર્થક્રિયાકારી ન બને ❀

**(एका.)** અહીં અભેદપક્ષમાં અર્થક્રિયાકારિત્વનો અભાવ બતાવેલ છે તે નીચે મુજબ સમજવો. દ્રવ્યથી ગુણ-પર્યાય સર્વથા અભિન્ન હોય તો જેમ દ્રવ્ય એકાન્તનિત્યસ્વભાવવાળું છે, તેમ ગુણ-પર્યાય પણ એકાન્તનિત્યસ્વભાવવાળા બની જશે. તથા એકાન્તનિત્યસ્વભાવયુક્ત પદાર્થમાં તો અર્થક્રિયાકારિત્વ સંભવતું નથી - આ વાત પૂર્વે આ જ શાખાના આઠમા શ્લોકના વિવેચનમાં **દ્રવ્યસ્વભાવપ્રકાશ, વીતરાગસ્તોત્ર, અધ્યાત્મસાર, દ્રવ્યાલંકાર, સૂયગડાંગસૂત્રવ્યાખ્યા** વગેરેના સંદર્ભ-સાક્ષીપાઠ દ્વારા સમજાવેલ જ છે. તેથી એકાન્તનિત્ય દ્રવ્યથી અભિન્ન એવા ગુણ-પર્યાય પણ એકાન્તનિત્ય બનવાના લીધે અર્થક્રિયાકારી નહિ બની શકે - તેવી વિભાવના સ્વયં વાચકવર્ગે કરવી.

તો **નિરાધાર ગુણ-પર્યાયનો** *બોધ ન થયો જોઈઈ.
આધારાધેયનો* અભેદ વિના બીજો સંબંધ જ ન ઘટઈ.

---

किञ्च एकान्तभेदपक्षे **निराधारयोश्च गुण-पर्याययोः** द्रव्ये **धीः न** = नैव **भवेत्**। द्रव्यस्य गुण-पर्यायेभ्यः सर्वथाभिन्नत्वे कोऽयं नियमो यदुत 'आत्मद्रव्ये एव ज्ञानादिगुण-मनुष्यादिपर्याययोः भानम्, न तु गगनादौ' इति ?

***न च*** सर्वथाभेदेऽपि द्रव्ये गुणादीनां समवायसम्बन्धः स्याद् इति ***शङ्कनीयम्,***

समवायस्य प्राग् (३/२,३/६,९/१+२१,११/८) इहैव, **जयलताख्यायां** मध्यम**स्याद्वादरहस्यवृत्तौ** (पृ.४१-७४), **भानुमती**नाम्याञ्च **न्यायालोकवृत्तौ** (प्रकाश-१/पृष्ठ २१३-२६६) अस्माभिः निरासात्, आधाराऽऽधेययोरभेदसम्बन्धं विना सम्बन्धान्तराऽयोगाच्च। इदमेवाभिप्रेत्योक्तं **शङ्कराचार्येण ब्रह्मसूत्रशारीरकभाष्ये** "तादात्म्यप्रतीतेश्च द्रव्य-गुणादीनां समवायकल्पनानर्थक्यम्" (ब्र.सू.२/१/१८-शा.भा.पृ.४७७) इति।

---

### ❖ નિરાધાર ગુણાદિપક્ષની સમસ્યા ❖

(**किञ्च.**) વળી, બીજી મહત્ત્વની વાત એ છે કે ઉપર જણાવ્યા મુજબ એકાન્તભેદસ્વભાવ પક્ષમાં ગુણ-પર્યાય નિરાધાર બની જવાથી તે બન્નેની દ્રવ્યમાં બુદ્ધિ જ થઈ નહિ શકે. કારણ કે ગુણથી અને પર્યાયથી દ્રવ્ય એકાન્તે ભિન્ન હોય તો આવો નિયમ કઈ રીતે થઈ શકે કે 'આત્મદ્રવ્યમાં જ જ્ઞાનાદિ ગુણનું અને મનુષ્યત્વાદિ પર્યાયનું ભાન થાય, ગગન વગેરેમાં ન થાય.' કારણ કે જ્ઞાનાદિ ગુણ કે મનુષ્યત્વાદિ પર્યાયો જેમ આત્માથી એકાન્તે ભિન્ન છે તેમ ગગનથી પણ સર્વથા ભિન્ન જ છે.

**નૈયાયિક** :- (**न च.**) દ્રવ્યમાં ગુણ વગેરેનો સર્વથા ભેદ હોવા છતાં સમવાય નામનો સંબંધ સંભવી શકે છે. તેથી સમવાય દ્વારા જ્ઞાન અને આત્મા વચ્ચે આધાર-આધેયભાવ સંભવી શકે છે. તેથી જ્ઞાનાદિને નિરાધાર થવાની આપત્તિને અવકાશ નથી.

### ⁂ આધારતામાં સમવાય અનિયામક ⁂

**જૈન** :- (**समवायस्य.**) તમારી આ દલીલ વ્યાજબી નથી. કારણ કે સમવાય સંબંધનું તો ખંડન અમે પૂર્વે ત્રીજી શાખાના બીજા-છઠ્ઠા શ્લોકમાં, નવમી શાખાના પ્રથમ અને એકવીસમા શ્લોકમાં તથા આ જ શાખાના આઠમા શ્લોકમાં કરેલ છે. તથા મધ્યમપરિમાણ **સ્યાદ્વાદરહસ્ય** ગ્રંથની **જયલતા** ટીકામાં તથા **ન્યાયાલોક** ગ્રંથની **ભાનુમતી** નામની વ્યાખ્યામાં પણ અમે (દ્રવ્યાનુયોગપરામર્શકર્ણિકાકારે) સમવાય સંબંધનું વિસ્તારથી નિરાકરણ કરેલ છે. વળી, આધાર અને આધેય વચ્ચે અભેદ સિવાય બીજો કોઈ સંબંધ સંભવિત પણ નથી. તેથી ગુણ-ગુણી, પર્યાય-પર્યાયી વગેરે વચ્ચે અભેદસ્વભાવ (અભેદ સંબંધ) માનવો વ્યાજબી જ છે. આ જ અભિપ્રાયથી **બ્રહ્મસૂત્રશારીરકભાષ્ય**માં આદ્ય **શંકરાચાર્યજી**એ જણાવેલ છે કે 'દ્રવ્ય અને ગુણાદિ વચ્ચે તાદાત્મ્યની પ્રતીતિ થાય છે. તેથી દ્રવ્ય અને ગુણ વગેરે વચ્ચે સમવાયસંબંધની કલ્પના કરવી એ વ્યર્થ છે.'

---

*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ કો.(૯)માં નથી.

अत्र *प्रवचनसार*गाथा - [1]"पविभत्तपदेसत्तं पुधत्तमिदि सासणं हि वीरस्स।
अण्णत्तमतब्भावो ण तब्भवं ♦भवदि (?होदि) कधमेगं।।" (प्र.सा.२/१४) इति।।११/१०॥

---

यथोक्तं **कुन्दकुन्दस्वामिना प्रवचनसारे** [1]"पविभत्तपदेसत्तं पुधत्तमिदि सासणं हि वीरस्स।
अण्णत्तमतब्भावो ण तब्भवं होदि कधमेगं ?।।" (प्र.सा.२/१४) इति।

**अमृतचन्द्राचार्य**कृता **तत्त्वप्रदीपिका**ऽभिधाना **तद्वृत्ति**स्त्वेवम् "प्रविभक्तप्रदेशत्वं हि पृथक्त्वस्य लक्षणम्। तत्तु सत्ता-द्रव्ययोर्न सम्भाव्यते, गुण-गुणिनोः प्रविभक्तप्रदेशत्वाऽभावात् शुक्लोत्तरीयवत्। तथाहि - यथा य एव शुक्लस्य गुणस्य प्रदेशास्त एवोत्तरीयस्य गुणिन इति तयोर्न प्रदेशविभागः। तथा य एव सत्ताया गुणस्य प्रदेशास्त एव द्रव्यस्य गुणिन इति तयोर्न प्रदेशविभागः।

एवमपि तयोरन्यत्वमस्ति, तल्लक्षणसद्भावात्। अतद्भावो ह्यन्यत्वस्य लक्षणं, तत्तु सत्ता-द्रव्ययोर्विद्यत एव गुण-गुणिनोस्तद्भावस्याऽभावात् शुक्लोत्तरीयवदेव। तथाहि - यथा यः किलैकचक्षुरिन्द्रियविषयमापद्यमानः

---

## ❀ પૃથક્ત્વ અને ભેદની વિચારણા : દિગંબર મત મુજબ ❀

(**यथो.**) દિગંબરાચાર્ય **કુંદકુંદસ્વામી**એ **પ્રવચનસાર** ગ્રંથમાં જણાવેલ છે કે 'પ્રવિભક્તપ્રદેશતા (= અલગ-અલગ પ્રદેશોમાં રહેવાપણું) એ જ પૃથક્ત્વ છે. આ પ્રમાણે જ વીર પ્રભુનો ઉપદેશ છે. અતદ્ભાવ એ અન્યત્વ = ભેદ છે. જે તદ્ભવ = તત્સ્વરૂપ ન હોય તે એક કઈ રીતે હોય ?'

## ✾ અમૃતચન્દ્રાચાર્યમતદર્શન ✾

(**अमृ.**) **અમૃતચંદ્ર** નામના દિગંબરાચાર્યએ કુંદકુંદસ્વામીના ઉપરોક્ત વચનની છણાવટ કરતાં **તત્ત્વપ્રદીપિકા** નામની **પ્રવચનસારવ્યાખ્યા**માં જણાવેલ છે કે "પ્રવિભક્તપ્રદેશત્વ એ જ પૃથક્ત્વનું લક્ષણ છે. અર્થાત્ અલગ-અલગ પ્રદેશોમાં રહેવાપણું એટલે પૃથક્ત્વ. આવું પૃથક્ત્વ તો સત્તા-ગુણ અને ગુણી-દ્રવ્યમાં સંભવતું નથી. કારણ કે શુક્લ ગુણ અને વસ્ત્રની જેમ સત્તા (=ગુણ) અને (ગુણીમાં=) દ્રવ્યમાં પ્રવિભક્તપ્રદેશત્વ રહેતું નથી. તે આ રીતે - જે વસ્ત્રના શુક્લગુણના પ્રદેશો છે તે જ પ્રદેશો વસ્ત્રના = ગુણી દ્રવ્યના છે. વસ્ત્ર જે તંતુઓમાં (= પ્રદેશોમાં) રહે છે તે જ પ્રદેશોમાં વસ્ત્રનો શુક્લગુણ રહે છે. તેથી જેમ વસ્ત્ર અને તેના શુક્લ ગુણ વચ્ચે પ્રદેશવિભાગ = પ્રવિભક્તપ્રદેશવૃત્તિત્વ નથી, તેમ સત્તા-ગુણમાં અને ગુણી-દ્રવ્યમાં પ્રવિભક્તપ્રદેશવૃત્તિતા નથી. કારણ કે સત્તા-ગુણના જે પ્રદેશો છે તે જ ગુણી-દ્રવ્યના પ્રદેશો છે.

## ✤ અતદ્ભાવસ્વરૂપ ભેદની વિચારણા ✤

(**एव.**) તેમ છતાં પણ સત્તા અને દ્રવ્ય વચ્ચે ભેદ તો રહેલો જ છે. કારણ કે ભેદનું લક્ષણ તેમાં વિદ્યમાન છે. ભેદનું લક્ષણ છે અતદ્ભાવ. તે સ્વરૂપે - તે સ્વભાવે ન હોવું તે અતદ્ભાવ. આ અતદ્ભાવ તો સત્તા અને દ્રવ્ય વચ્ચે વિદ્યમાન જ છે. કારણ કે શુક્લ વર્ણ અને વસ્ત્રની જેમ સત્તા (=ગુણ) અને (ગુણી=) દ્રવ્ય વચ્ચે તદ્ભાવ રહેતો નથી. તે આ રીતે - શુક્લ ગુણ ખરેખર એક ચક્ષુ ઈન્દ્રિયનો જ

---

♦ રાસની તમામ હસ્તપ્રતોમાં + પુસ્તકોમાં 'भवदि' પાઠ છે. દિગંબર પ્રવચનસારના મુદ્રિત પુસ્તકોમાં 'होदि' પાઠ છે.

1. प्रविभक्तप्रदेशत्वं पृथक्त्वमिति शासनं हि वीरस्य। अन्यत्वमतद्भावो न तद्भवद् भवति कथमेकम् ?।।"

समस्तेतरेन्द्रियग्रामगोचरमतिक्रान्तः शुक्लो गुणो भवति, न खलु (तथा) तदखिलेन्द्रियग्रामगोचरीभूतमुत्तरीयं भवति, यच्च किलाऽखिलेन्द्रियग्रामगोचरीभूतमुत्तरीयं भवति, न खलु (तथा) स एकचक्षुरिन्द्रियविषयमापद्यमानः समस्तेतरेन्द्रियग्रामगोचरमतिक्रान्तः शुक्लो गुणो भवतीति तयोस्तद्भावस्याऽभावः।

तथा या किलाऽऽश्रित्य वर्तिनी निर्गुणैकगुणसमुदिता विशेषणं विधायिका वृत्तिस्वरूपा सत्ता भवति, न खलु (तथा) तदनाश्रित्य वर्ति गुणवदनेकगुणसमुदितं विशेष्यं विधीयमानं वृत्तिमत्स्वरूपं च द्रव्यं भवति। यत्तु किलाऽनाश्रित्य वर्ति गुणवदनेकगुणसमुदितं विशेष्यं विधीयमानं वृत्तिमत्स्वरूपं च द्रव्यं भवति, न खलु (तथा) साश्रित्य वर्तिनी निर्गुणैकगुणसमुदिता विशेषणं विधायिका वृत्तिस्वरूपा च सत्ता भवतीति तयोस्तद्भावस्याऽभावः। अत एव च सत्ता-द्रव्ययोः कथञ्चिदनर्थान्तरत्वेऽपि सर्वथैकत्वं न शङ्कनीयम्, तद्भावो ह्येकत्वस्य लक्षणम्। यत्तु न तद्भवद् विभाव्यते तत्कथमेकं स्यात्। अपि तु गुण-गुणिरूपेणानेकमेवेत्यर्थः" (प्र.सा.२/१४, वृत्ति) इति।

---

વિષય બને છે. ચક્ષુ સિવાયની બીજી ઈન્દ્રિયોના સમૂહનો વિષય શુક્લ ગુણ બનતો નથી. પરંતુ વસ્ત્ર દ્રવ્ય આવું નથી. ચક્ષુ ઉપરાંત સ્પર્શન ઈન્દ્રિયનો પણ તે વિષય બને છે. ત્વગિન્દ્રિયનો વિષય શુક્લ ગુણ બનતો નથી. ચક્ષુ સિવાયની બીજી ઈન્દ્રિયની વિષયતાને જેમ શુક્લ ગુણ ઓળંગી જાય છે, તેવું વસ્ત્ર માટે બનતું નથી. કેમ કે વસ્ત્ર ચક્ષુભિન્ન ઈન્દ્રિયનો પણ વિષય બને છે. તેથી શુક્લ ગુણ અને ગુણી વસ્ત્ર વચ્ચે તદ્ભાવ નથી. તેથી અતદ્ભાવસ્વરૂપ ભેદ શુક્લ વર્ણ અને પટની વચ્ચે વિદ્યમાન છે.

### ❋ વિધાયક વૃત્તિસ્વરૂપ સત્તા ❋

(**तथा.**) તે જ રીતે સત્તા અને દ્રવ્ય વચ્ચે પણ તદ્ભાવ ન હોવાથી ભેદ રહી શકે છે. તે આ રીતે - સત્તા નામનો ગુણ કોઈકને આશ્રયીને રહે છે. તથા સત્તામાં બીજા કોઈ ગુણ રહેતા નથી. કેવલ નિર્ગુણસ્વરૂપે સત્તા ઉદયમાં આવેલ હોય છે. સત્તા વિશેષણ તરીકે બને છે. સત્તા નિષેધક નહિ, પરંતુ વિધાયક અને વૃત્તિસ્વરૂપ છે. વૃત્તિ = વર્તવું, હોવું, હયાતી. સત્તા નામના ગુણનું સ્વરૂપ આવું છે. જ્યારે દ્રવ્યનું સ્વરૂપ જુદા જ પ્રકારનું છે. દ્રવ્ય સત્તાની જેમ પરાશ્રિત નથી. દ્રવ્યમાં અનેક ગુણો રહેલા છે. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય આદિ અનેક સ્વરૂપે દ્રવ્ય ઉદયમાં આવેલું હોય છે. તે વિશેષ્ય બને છે. સત્તા દ્વારા દ્રવ્ય વિશેષ્ય બનાવાય છે. મતલબ કે સત્તા વગેરે ગુણો વિધાયક = રચનારા છે અને દ્રવ્ય તેનાથી રચાતો પદાર્થ છે. દ્રવ્ય વૃત્તિમત્સ્વરૂપ છે, વૃત્તિવિશિષ્ટાત્મક છે, વૃત્તિવાળું છે, હયાતીવાળું છે, હયાત રહેનાર છે. તેથી ઉપરોક્ત સ્વરૂપે રહેનારી સત્તા દર્શિત દ્રવ્યસ્વરૂપ બનતી નથી. તથા જે ઉપરોક્ત સ્વરૂપવાળું દ્રવ્ય છે તે ઉપદર્શિત સત્તાસ્વરૂપ બનતું નથી. આમ સત્તા અને દ્રવ્ય વચ્ચે તદ્ભાવનો અભાવ છે. સત્તામાં દ્રવ્યાત્મકતા નથી. તથા દ્રવ્યમાં સત્તારૂપતા નથી. આ જ કારણથી સત્તા-ગુણ અને ગુણી-દ્રવ્ય અપૃથક્ હોવાથી કથંચિત્ અભિન્ન હોવા છતાં પણ 'તે બન્ને સર્વથા એક = અભિન્ન બની જશે' - આવી શંકા ન કરવી. કારણ કે તદ્ભાવ = તે સ્વરૂપે / સ્વભાવે પોતાનું અસ્તિત્વ એ જ એકત્વનું = અભેદનું લક્ષણ છે. જે તે સ્વરૂપે થતું જોવા મળતું ન હોય તે કઈ રીતે એક = સર્વથા અભિન્ન બની શકે? પરંતુ ગુણ-ગુણીરૂપે તે અનેક = વિભિન્ન જ હોય - તેવું અહીં અર્થઘટન કરવું." આ મુજબ **અમૃતચન્દ્રાચાર્ય પ્રવચનસાર**ની **વ્યાખ્યા**માં જણાવે છે.

अत्रत्यं तत्त्वं तु अस्मत्कृत**जयलता**तः (स्या.रह.का.१/खण्ड-१/पृष्ठ-९२-१००) विज्ञेयम्।

वस्तुतस्तु भेदस्य अभेदात्मकता अभेदस्य च भेदात्मकता अर्थस्वरूपान्यथाऽनुपपत्त्या सिध्यति। तदुक्तम् **अकलङ्कस्वामिना सिद्धिविनिश्चये** "भेदोऽभेदात्मकोऽर्थानामन्यथाऽनुपपत्तितः। भेदात्मकस्तथाऽभेदः तत्त्वं नैकान्ततः ततः।।" (सि.वि.७/११/भाग-२/पृ.४६८) इति भावनीयम्।

इह क्रमिकव्याख्यातस्वभावाऽष्टकोपेतवस्तूपदर्शनं **पञ्चाध्यायीप्रकरणे** "स्यादस्ति च नास्तीति च नित्यमनित्यं त्वनेकमेकञ्च। तदतच्चेति चतुष्टययुग्मैरिव गुम्फितं वस्तु।।" (पञ्चा.१/२६२) इत्येवमकारि।

द्रव्य-गुण-पर्यायाणामिव द्रव्याणामपि मिथो भेदाऽभेदौ स्त एव, प्रातिस्विकगुणापेक्षया भेदस्य द्रव्यत्वेन चाऽभेदस्य प्रतीतेः। तदुक्तं **कार्त्तिकेयानुप्रेक्षायां स्वामिकुमारेण** [1]"सव्वाणं दव्वाणं दव्वसरूपेण होदि एयत्तं। णिय-णियगुणभेएण हि सव्वाणि वि होंति भिण्णाणि।।" (का.अ.२३६) इति।

---

(**अत्रत्यं.**) અહીં પૃથક્ત્વ અને ભેદ અંગેની આ વાત દિગંબરમત મુજબ કરી છે. આ અંગે જે તાત્ત્વિક વાત છે, તે અમે બનાવેલ **જયલતા** નામની **સ્યાદ્વાદરહસ્યવૃત્તિ**માંથી વાચકવર્ગે જાણી લેવી.

## ❀ ભેદ અભેદસ્વરૂપ અને અભેદ ભેદસ્વરૂપ ❀

(**वस्तु.**) વાસ્તવમાં તો ભેદ અભેદાત્મક છે અને અભેદ ભેદાત્મક છે. કારણ કે તેવું માનવામાં ન આવે તો પદાર્થનું સ્વરૂપ જ અસંગત બની જાય. તેથી તો **અકલંકસ્વામી**એ **સિદ્ધિવિનિશ્ચય** ગ્રંથમાં જણાવેલ છે કે 'ભેદ અભેદાત્મક છે તથા અભેદ ભેદાત્મક છે. કારણ કે તેવું માનવામાં ન આવે તો પદાર્થો જ અસંગત બની જાય. તેથી એકાન્તવાદથી તત્ત્વ સિદ્ધ નહિ થાય.' આ અંગે તેની વ્યાખ્યાના આધારે ઊંડી વિચારણા કરવાની ભલામણ 'પરામર્શકર્ણિકા' વ્યાખ્યામાં કરેલ છે.

## ❖ પંચાધ્યાયીમાં આઠ સ્વભાવનો નિર્દેશ ❖

(**इह.**) પ્રસ્તુત અગિયારમી શાખામાં પાંચમા શ્લોકથી માંડીને દશમા શ્લોક સુધી ક્રમસર જે આઠ સ્વભાવનું વર્ણન કરવામાં આવેલ છે તે આઠ સ્વભાવોથી યુક્ત વસ્તુનો ઉલ્લેખ **પંચાધ્યાયી પ્રકરણ**માં આ મુજબ કરવામાં આવેલ છે કે '(૧) કથંચિત્ અસ્તિસ્વભાવ અને નાસ્તિસ્વભાવ, (૨) નિત્યસ્વભાવ અને અનિત્યસ્વભાવ, (૩) એકસ્વભાવ અને અનેક સ્વભાવ તથા (૪) તત્સ્વભાવ = અભેદસ્વભાવ અને અતત્સ્વભાવ = ભેદસ્વભાવ આ ચાર યુગલોથી જાણે કે વસ્તુ ગૂંથાયેલી છે.'

## ❃ દ્રવ્યોમાં પરસ્પર ભેદાભેદ ❃

(**द्रव्य.**) જેમ દ્રવ્ય અને ગુણ-પર્યાય વચ્ચે ભેદાભેદ છે, તેમ દ્રવ્યોમાં પણ પરસ્પર ભેદાભેદ રહે જ છે. કેમ કે પોત-પોતાના ગુણની અપેક્ષાએ દ્રવ્યોમાં ભેદની પ્રતીતિ થાય છે તથા દ્રવ્યત્વરૂપે સર્વ દ્રવ્યોમાં અભેદની પ્રતીતિ થાય છે. તેથી જ **સ્વામિકુમારે કાર્ત્તિકેયાનુપ્રેક્ષા**માં જણાવેલ છે કે 'સર્વ દ્રવ્યોમાં દ્રવ્યસ્વરૂપે એકતા = અભેદ હોય છે. તથા પોતપોતાના ગુણના ભેદની અપેક્ષાએ સર્વ દ્રવ્યો ભિન્ન પણ છે.' દા.ત. જીવ ચૈતન્યદષ્ટિએ જડદ્રવ્યથી ભિન્ન છે. તથા દ્રવ્યત્વરૂપે અભિન્ન છે. આમ બધા દ્રવ્યમાં સમજવું.

---

1. सर्वेषां द्रव्याणां द्रव्यस्वरूपेण भवति एकत्वम्। निज-निजगुणभेदेन हि सर्वाणि अपि भवन्ति भिन्नानि।।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – गुण-गुण्यादिषु यौ भेदाऽभेदस्वभावौ दर्शितौ ततः अयम् उपदेशो ग्राह्यो यदुत 'अनाविर्भूतविशुद्धगुण-पर्यायाः युष्मद् भिन्नाः इति तदाविर्भावायोद्यन्तव्यम्। दृश्यमानाः परकीयदोषाः परेभ्यो भिन्ना इति न तेभ्यो द्वेषः कार्यः। तेषु तु विशिष्य मैत्र्यादिभावना भावयितव्याः। एवं देहादिपर्याय-पर्यायिणोः परमार्थतो भेदं विज्ञाय विनश्वरदेहेन्द्रियादिकं समुपेक्ष्य शाश्वतं स्वात्मद्रव्यमेव उपासनीयम्। इत्थमेव भेदस्वभावस्य मोक्षपर्यन्तसाध्यसाधकत्वं सम्भवेत्। तदिदमभिप्रेत्य **स्वामिकुमारेण कार्त्तिकेयानुप्रेक्षायाम्** [1]"जो जाणिऊण देहं जीवसरूवादु तच्चदो भिण्णं। अप्पाणं पि य सेवदि कज्जकरं तस्स अण्णत्तं।।" (का.अ.८२) इत्युक्तम्। "ये तु देहात्मनोः भेदं सम्यगेव प्रपेदिरे। तेषां देहप्रहारादावपि नात्मा प्रपीड्यते।।" (त्रि.श.पु.३/५/१००) इति **त्रिषष्टिशलाकापुरुषचरित्र**कारिकाऽपीह स्मर्तव्या।

किञ्च, परकीयाऽप्रकटगुणेभ्यः परात्मानः अभिन्ना इति कृत्वा ते सन्त्येव, केवलं छद्मस्थतया यूयं तान् न पश्यथ। सर्वज्ञास्तु परान् अनन्तगुणसमृद्धरूपेण अपरोक्षतया ईक्षन्त एव। युष्माकं दोषेषु युष्मदभेदस्वभावः स्वकार्यान्वितो न स्यात् तथा अत्यन्तं सावधानतया भाव्यम्। गुणैः सह

## ✡ ભેદાભેદસ્વભાવનો ઉપદેશ સાંભળીએ ✡

[illegible] :- ગુણ-ગુણી વગેરેમાં બતાવેલ ભેદાભેદસ્વભાવ દ્વારા આપણે એવો ઉપદેશ ગ્રહણ કરવા યોગ્ય છે કે - અપ્રગટ વિશુદ્ધ ગુણ-પર્યાય વગેરે તમારા કરતાં ભિન્ન છે. માટે તેને પ્રગટ કરવાનો ઉદ્યમ કરો. બીજામાં દેખાતા દોષ તેના આત્માથી ભિન્ન હોવાથી દોષગ્રસ્ત વ્યક્તિ પ્રત્યે દ્વેષ ન કરો, તેના પ્રત્યે વિશેષરૂપે મૈત્રીભાવને ટકાવી રાખો. એ જ રીતે 'દેહાદિ વિભાવપર્યાયો અને પર્યાયી એવો આત્મા - આ બન્ને વચ્ચે પરમાર્થથી ભેદ રહેલો છે' - આવું જાણીને નશ્વર દેહ, ઇન્દ્રિય વગેરેની સમ્યક્ રીતે ઉપેક્ષા કરીને શાશ્વત નિજ આત્મદ્રવ્યની જ ઉપાસના કરવી જોઈએ. આવું થાય તો જ ભેદસ્વભાવ મોક્ષપર્યન્તના સાધ્યોને સાધનારો બની શકે. આ જ અભિપ્રાયથી **સ્વામિકુમારે કાર્ત્તિકેયઅનુપ્રેક્ષા**માં જણાવેલ છે કે 'આત્મસ્વરૂપથી દેહ પરમાર્થથી ભિન્ન છે - તેવું જાણીને પોતાના આત્માને જ જે ભજે છે, તેનો અન્યત્વસ્વભાવ કાર્યકારક બને છે.' **ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર**માં **શ્રીહેમચંદ્રસૂરિજી** મહારાજે જે જણાવેલ છે તે પણ અહીં યાદ કરવા યોગ્ય છે. ત્યાં **સુપાર્શ્વજિન**દેશનામાં જણાવેલ છે કે 'જે સાધકો આત્મા અને શરીર વચ્ચેનો ભેદ સાચી રીતે સ્વીકારે છે, તેઓના શરીરમાં પ્રહાર વગેરે થવા છતાં પણ તેઓનો આત્મા દુઃખી થતો નથી.' આત્મા આત્મામાં રહે અને શરીર શરીરમાં રહે - તેવી ધન્ય દશાને તેઓ અનુભવતા હોય છે. આ ભેદસ્વભાવનું હાર્દ છે.

(**किञ्च.**) જ્યારે બીજી બાજુ અભેદસ્વભાવનું તાત્પર્ય એમ છે કે - બીજાના અપ્રગટ ગુણો તેના આત્માથી અભિન્ન હોવાથી વિદ્યમાન જ છે. ફક્ત છદ્મસ્થ હોવાથી તે ગુણો તમને દેખાતા નથી. સર્વજ્ઞ ભગવંતો તેના આત્માને અનંતગુણસમૃદ્ધ સ્વરૂપે સાક્ષાત્ જોઈ રહેલા જ છે. તથા દોષો અંગે

1. यो ज्ञात्वा देहं जीवस्वरूपात् तत्त्वतो भिन्नम्। आत्मानमपि च सेवते कार्यकरं तस्य अन्यत्वम्।।

तु युष्मदभेदस्वभाव एव स्वकार्यान्वितः कार्यः। इत्थं हि "स व्याबाधाऽभावात् सर्वज्ञत्वाच्च भवति परमसुखी। व्याबाधाऽभावोऽत्र स्वस्थस्य ज्ञस्य परमसुखम्।।" (वि.आ.भा.१९९२ वृ. उद्धृ.) इति **विशेषावश्यकभाष्यमलधारवृत्ति**समुद्धृतकारिकादर्शितं परमं श्रेयो न दूरे स्यात्।।११/१०।।

તમારો અભેદસ્વભાવ પોતાનું કામ કરી ન બેસે તે માટે અત્યંત સાવધાન રહેવું. ગુણો સાથેના તમારા અભેદસ્વભાવને જ સક્રિય (Active) બનાવશો તો ઝડપથી બેડો પાર થઈ જશે. **વિશેષાવશ્યકભાષ્યમલધારવૃત્તિ**માં ઉદ્ધૃત કરેલી કારિકામાં જે મોક્ષસ્વરૂપ જણાવેલ છે, તે ત્યારે દૂર રહેતું નથી. ત્યાં જણાવેલ છે કે 'તે મુક્તાત્મા પરમસુખી છે. કારણ કે તેને કોઈ પીડા નથી. તથા તે સર્વજ્ઞ છે. પોતાના શુદ્ધસ્વરૂપમાં રહેલા કેવલ જ્ઞાયકસ્વભાવવાળા આત્માને અહીં જે પીડાનો અભાવ છે, તે પરમસુખ છે.' (૧૧/૧૦)

લખી રાખો ડાયરીમાં.....

- વાસનામાં છે સુખનું ટીપું ને દુઃખનો દરિયો.
  ઉપાસનામાં છે નિતાંત નિજાનંદનો મહાસાગર.
- બુદ્ધિ કેવળ સાધ્યની વાત કરીને સાધનામાં આળસુ બને છે.
  શ્રદ્ધા સાધ્યનું લક્ષ કેળવી સાધનામાં વિશેષ ઉલ્લાસ કેળવે છે.
- સાધના અઘરા-આકરા આદર્શોને નજર સામે રાખે છે. દા.ત. તામલી તાપસ.
  ઉપાસના ઉમદા આદર્શોને નજર સામે રાખે છે. દા.ત. બ્રહ્મચર્ય લેતા પેથડશા.
- વિશ્વરૂપદર્શનમાં રાચતી વાસના વિશ્વની વિરૂપતામાં ફસાય છે.
  સ્વરૂપદર્શનમાં મહાલતી ઉપાસના પરમાત્મદર્શનનું સૌભાગ્ય પ્રાપ્ત કરે છે.
- રૂપાળી વાસના અપવિત્ર છે.
  સૌંદર્યશૂન્ય લાગતી ઉપાસના પરમ પવિત્ર છે.

**(૯) શક્તિ અવસ્થિત❐ નિજરૂપાન્તર ♦ભવનિં ભવ્ય સ્વભાવો જી.**

**(૧૦) ત્રિહું કાલિં મિલતા પરભાવિં ✿અભવને અભવ્ય સ્વભાવો જી;**

**શૂન્યભાવ વિણ ભવ્ય સ્વભાવિં ♦કૂટ કાર્યનઈ યોગઈ જી.**

**•અભવ્યભાવ વિણ દ્રવ્યાન્તરતા થાઈ દ્રવ્ય સંયોગઈ જી ॥૧૧/૧૧॥ (૧૯૩)**

અનેકકાર્યકરણ**શક્તિ**ક જે **અવસ્થિત** દ્રવ્ય છઈ, તેહનઈ ક્રમિક (**નિજરૂપાન્તરભવનિં**=) ❖વિશેષા-

---

साम्प्रतम् अवसरसङ्गतौ नवम-दशमौ सामान्यस्वभावौ प्रतिपादयति – '**भव्ये**'ति।

**भव्यस्वभावः स्वरूपान्तरभवनगम्यः शक्तध्रुवस्य,**

**सदा परभावाऽभवनमभव्यभावः परद्रव्ययोगेऽपि।**

**भव्यस्वभावं विना शून्यं स्यान्ननु कूटकार्ययोगेन,**

**भवेदभव्यस्वभावं विना द्रव्याऽन्यता द्रव्ययोगेन।।११/११।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – शक्तध्रुवस्य स्वरूपान्तरभवनगम्यः भव्यस्वभावः (उच्यते)। परद्रव्ययोगेऽपि सदा परभावाऽभवनम् अभव्यभावः (कथ्यते)। भव्यस्वभावं विना ननु कूटकार्ययोगेन (सर्वं) शून्यं स्यात्। (तथा) अभव्यस्वभावं विना द्रव्ययोगेन द्रव्यान्यता भवेत्।।११/११।।

(९) **शक्तध्रुवस्य** = अनेककार्यकरणशक्तिकस्य अत एव शक्त्या अखिलस्वकार्यमयत्वेन सदा अवस्थितस्य द्रव्यस्य **स्वरूपान्तरभवनगम्यः** = अभिव्यक्तिसामग्रीप्राप्तौ क्रमिकविशेषान्तराऽऽविर्भावेन नवमो अभिव्यङ्ग्यो **भव्यस्वभाव** उच्यते।

---

**અવતરણિકા** :- હવે નવમા અને દશમા સામાન્યસ્વભાવને જણાવવાનો અવસર ઉપસ્થિત થયો છે. તેથી ગ્રંથકારશ્રી અવસરસંગતિપ્રાપ્ત તે બન્નેનું પ્રતિપાદન કરે છે :-

**શ્લોકાર્થ** :- શક્તિમાન દ્રવ્યનો ભવ્યસ્વભાવ પોતાના અન્યરૂપના આવિર્ભાવ દ્વારા અભિવ્યક્ત થાય છે. પરદ્રવ્યનો સંયોગ થવા છતાં પણ કાયમ અન્ય સ્વભાવરૂપે પરિણમન ન થવું તે અભવ્યસ્વભાવ જાણવો. ભવ્યસ્વભાવ વિના મિથ્યા કાર્યના યોગે કરીને જગત શૂન્ય થઈ જાય. તથા અભવ્યસ્વભાવ વિના અન્ય દ્રવ્યના યોગે અન્યદ્રવ્યપણે પરિણમન થઈ જાય. (૧૧/૧૧)

### ❖ ભવ્યસ્વભાવની ભાવના ❖

**વ્યાખ્યાર્થ** :- (૯) દ્રવ્યમાં અનેક કાર્યોને કરવાની શક્તિ રહેલી છે. તેથી દરેક કાર્યો અવ્યક્તસ્વરૂપે = શક્તિસ્વરૂપે દ્રવ્યમાં રહેલા જ છે. શક્તિથી પોતાના સર્વકાર્યમયસ્વરૂપે દ્રવ્ય સર્વદા રહે છે. તેથી તે તે સ્વગત સ્વકાર્યની અભિવ્યક્તિની સામગ્રી પ્રાપ્ત થતાં ક્રમશઃ અલગ-અલગ વિશેષ પર્યાયોની અભિવ્યક્તિ થાય છે. આ અભિવ્યક્તિ = આવિર્ભાવ દ્વારા દ્રવ્યનો ભવ્યસ્વભાવ જણાય છે. આ નવમો સામાન્ય ભવ્યસ્વભાવ કહેવાય છે.

---

❐ મો.(૨)માં 'અવસ્થિતિ' પાઠ. ♦ કો.(૬)માં 'ભવનેં' પાઠ. ✿ પુસ્તકોમાં 'અભવન' પાઠ. આ.(૧)નો પાઠ લીધો છે. ♦ મ.માં 'કટ' અશુદ્ધ પાઠ. કૂટ = ખોટા. આધારગ્રંથ - **અખાના છપ્પા**. ● કો.(૧+૯+૮+૬) + આ.(૧) + મો.(૨) + લા.(૧)માં 'અભવ્યતા' પાઠ. ❖ કો.(૯) + સિ.માં 'વિશેષાંતર્ભાવઈ' પાઠ. લા.(૨)માં 'વિશેષતાતાવિર્ભવઈ' પાઠ.

ન્તરાવિર્ભાવઈં અભિવ્યંગ્ય **ભવ્ય સ્વભાવ** કહિઈં. ▸ભવ્યને ભવ્ય કહેવો.◂ (૯).

***एतेन*** "भाविकाले परस्वरूपाऽऽकारभवनाद् भव्यस्वभावः" (आ.प.पृ.१२) इति **आलापपद्धति**वचनं ***व्याख्यातम्***, परस्वरूपपदस्य विशेषान्तरपरत्वात्।

जीवाऽजीवादिद्रव्याणां पारिणामिकत्वादेव भव्यस्वभावसम्भवः। "पारिणामिकत्वे उत्तरोत्तरपर्याय-परिणमनरूपो भव्यस्वभावः" (न.च.सा.पृ.१६६) इति **नयचक्रसारे**-**देवचन्द्र**वाचकाः। ***एतेन*** एकान्ततोऽपरिणामिद्रव्यपक्षे भव्यस्वभावायोगेनार्थक्रियाकारित्वाऽभावः ***सूचितः***।

[1]"भविया सिद्धी जेसिं जीवाणं ते हवंति भवसिद्धा। तव्विवरीयाऽभव्वा संसारादो ण सिज्झंति।।" (गो.सा.जी.का.५५७) इति **गोम्मटसार**प्रदर्शितः मुक्तिगमनयोग्यतालक्षणो भव्यस्वभावः तद्विपरीतश्चाऽभव्यस्वभावोऽत्र नाऽभिप्रेतः, अभव्यजीव-पुद्गलादिद्रव्येषु तादृशभव्यस्वभावस्य मुक्तिगमनार्हेषु च तादृशाऽभव्यस्वभावस्य अवृत्तित्वेन तयोः सामान्यस्वभावत्वाऽयोगात्, इह प्रतिद्रव्यं भव्याऽभव्योभय-

### ✻ આલાપપદ્ધતિ ગ્રંથની સ્પષ્ટતા ✻

(एतेन.) **આલાપપદ્ધતિ** ગ્રંથમાં **દેવસેનજી**એ જે જણાવેલ છે કે 'ભાવી કાળમાં પરસ્વરૂપાકાર થવાથી ભવ્યસ્વભાવ કહેવાય છે' - તેનું પણ અર્થઘટન ઉપરોક્ત નિરૂપણ દ્વારા થઈ જાય છે. કારણ કે ત્યાં 'પરસ્વરૂપ' શબ્દનો અર્થ 'પરદ્રવ્યસ્વરૂપ' નહિ પણ 'અન્ય વિશેષસ્વરૂપ' સમજવો. અર્થાત્ 'ભવિષ્યમાં અન્ય વિશેષસ્વરૂપે વસ્તુના તે તે આકારો થવાથી દ્રવ્યમાં ભવ્યસ્વભાવ કહેવાય છે' - આ પ્રમાણે તેનું અર્થઘટન કરવું.

### ✻ પરિણામી દ્રવ્યમાં જ ભવ્યસ્વભાવ ✻

(जीवा.) જીવ-અજીવ વગેરે દ્રવ્યો પરિણામી હોવાના લીધે જ તેમાં ભવ્યસ્વભાવ સંભવે છે. આ અંગે શ્રી**દેવચન્દ્રજી** ઉપાધ્યાયે **નયચક્રસાર**માં જણાવેલ છે કે "પરિણામી હોતે છતે ઉત્તરોત્તર નવા-નવા પર્યાયસ્વરૂપે પરિણમી જવા સ્વરૂપ ભવ્યસ્વભાવ જાણવો." આવું કહેવાથી એવું સૂચિત થાય છે કે જે વાદીઓના મતમાં દ્રવ્ય સર્વથા અપરિણામી જ છે, તેમના મતે દ્રવ્યમાં ભવ્યસ્વભાવ સંભવી નહિ શકે. તથા ભવ્યસ્વભાવ ન હોવાથી અર્થક્રિયાકારિત્વસ્વરૂપ દ્રવ્યલક્ષણ-સત્લક્ષણ જ તેમાં સંગત નહિ થાય. મતલબ કે અપરિણામી વસ્તુ વાસ્તવમાં અદ્રવ્ય-અસત્ જ બની જશે.

### ● મુક્તિગમનયોગ્યતા સામાન્યસ્વભાવ નથી ●

("भवि.) 'જે જીવોનો મોક્ષ થવાનો છે તે ભવ્યસિદ્ધિ = ભવસિદ્ધિ બને. તથા તેનાથી વિપરીત અભવ્ય જીવો ક્યારેય સંસારમાંથી સિદ્ધ થતા નથી' - આ મુજબ **ગોમ્મટસાર** ગ્રંથમાં જણાવેલ મુક્તિગમન-યોગ્યતાસ્વરૂપ ભવ્યસ્વભાવ અને તેનાથી વિપરીત અભવ્યસ્વભાવ અહીં અભિપ્રેત નથી. કારણ કે તેવો ભવ્યસ્વભાવ અભવ્ય જીવમાં તથા પુદ્ગલાદિ દ્રવ્યોમાં રહેતો ન હોવાથી સામાન્યસ્વભાવાત્મક બનતો નથી. તથા મોક્ષમાં જવાને યોગ્ય જીવોમાં તથાવિધ અભવ્યસ્વભાવ રહેતો ન હોવાથી તે પણ

▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. આ.(૧)+કો.(૧૩)માં છે.

1. भव्या सिद्धिः येषां जीवानां ते भवन्ति भवसिद्धाः। तद्विपरीता अभव्याः संसारान्न सिध्यन्ति।।

**ત્રિહું કાલિં** પર દ્રવ્યમાંહિ *__મિલતાં__ પણિ **પરસ્વભાવઈં** ન પરિણમવું ( = **અભવનૈ**), તે **અભવ્યસ્વભાવ** કહિઈં. (૧૦)

[2]"**अन्नोन्नं पविसंता देंता ओगासमण्णमण्णस्स।**

स्वभावस्येष्टत्वाच्च। **द्रव्यस्वभावप्रकाशे** [1]"भव्वगुणादो भव्वा तव्विवरीएण होंति विवरीया।।" (द्र.स्व. प्र.६२) इत्येवं द्रव्यत्वावच्छेदेनैव भव्याभव्योभयसामान्यस्वभावविधानादिति। ततश्च विशेषान्तराऽऽकारेण भवनयोग्यत्वं = भव्यस्वभावः प्रतिद्रव्यं वर्त्तत इत्यवधेयम्। व्याख्यातो नवमः सामान्यस्वभावः।

(१०) तथा **परद्रव्ययोगेऽपि** = अन्यद्रव्यसमागमेऽपि **सदा** = नित्यं **परभावाऽभवनम्** = अन्यद्रव्यस्वभावेनाऽपरिणमनम् **अभव्यभावः** = अभव्यस्वभावः कथ्यते। इह एकत्रैव स्थाने कार्मण-वर्गणा-भाषावर्गणा-मनोवर्गणौदारिकवर्गणादिपुद्गल-धर्मास्तिकायाऽधर्मास्तिकायाऽऽकाश-जीवादीनां मिथः सम्बन्धविशेषे सत्यपि न जातुचिज्जडः जीवभावेन जीवो वा जडभावेन पुद्गलो वा धर्मास्तिकायादि-भावेन परिणमति तद् अभव्यस्वभावमाहात्म्यं ज्ञेयम्।

इदमेवाऽभिप्रेत्योक्तं **कुन्दकुन्दस्वामिना पञ्चास्तिकाये** [2]"अण्णोण्णं पविसंता दिंता ओगासमण्णमण्णस्स।

સામાન્યસ્વભાવાત્મક બનતો નથી. જ્યારે અહીં તો સામાન્યસ્વભાવનું નિરૂપણ ચાલી રહેલ છે. તથા પ્રસ્તુતમાં દરેક દ્રવ્યમાં ભવ્યસ્વભાવ અને અભવ્યસ્વભાવ - બન્ને અભિપ્રેત છે. એક જીવમાં તો મુક્તિગમનયોગ્યત્વરૂપ ભવ્યત્વ અને તેનાથી વિપરીત અભવ્યત્વ - બન્ને એકીસાથે રહેતા નથી. તથા **દ્રવ્યસ્વભાવપ્રકાશ** ગ્રંથમાં 'ભવ્યગુણના યોગથી દ્રવ્યો ભવ્ય છે તથા અભવ્યગુણના યોગથી અભવ્ય હોય છે' - આ પ્રમાણે જે કહેલ છે, તેનાથી દ્રવ્યત્વઅવચ્છેદેન = દ્રવ્યસામાન્યમાં = સર્વદ્રવ્યોમાં ભવ્ય -અભવ્ય બન્ને સામાન્યસ્વભાવનું વિધાન કરવામાં આવેલ છે. તેથી વિશેષ-વિશેષ આકારરૂપે પરિણમવાની યોગ્યતા તે જ ભવ્યસ્વભાવ છે. તથા તે દરેક દ્રવ્યમાં રહે છે - આવું ફલિત થાય છે. તેથી મુક્તિગમન-યોગ્યતા સ્વરૂપ ભવ્યસ્વભાવ અહીં અભિપ્રેત નથી. આ રીતે નવમા સ્વભાવની વ્યાખ્યા થઈ ગઈ.

### ❯ અભવ્યસ્વભાવનો પરિચય ❯

(૧૦) હવે ગ્રંથકાર દશમા સામાન્યસ્વભાવનું નિરૂપણ કરે છે. પર દ્રવ્યનો સંબંધ થવા છતાં પણ હંમેશા જે અન્ય દ્રવ્યસ્વભાવે પરિણમે નહિ તે અભવ્યસ્વભાવ કહેવાય છે. આ જગતમાં એક જ સ્થળે કાર્મણવર્ગણા, ભાષાવર્ગણા, મનોવર્ગણા, ઔદારિકવર્ગણા વગેરે પુદ્ગલ દ્રવ્યો તથા ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ, જીવ વગેરે દ્રવ્યોનો એક બીજા સાથે વિશેષ પ્રકારનો સંબંધ હોવા છતાં પણ ક્યારેય પણ જડ પદાર્થો જીવસ્વરૂપે પરિણમતા નથી. અથવા જીવ જડરૂપે પરિણમતો નથી. અથવા પુદ્ગલો ધર્માસ્તિકાયાદિસ્વરૂપે પરિણમતા નથી. આ અભવ્યસ્વભાવનું માહાત્મ્ય જાણવું.

### ❈ પરદ્રવ્યસ્વરૂપે અપરિણમન ❈

(**इदमे.**) આ જ અભિપ્રાયથી **કુંદકુંદસ્વામી**એ **પંચાસ્તિકાય** ગ્રંથમાં જણાવેલ છે કે 'એકબીજામાં પ્રવેશ

* પુસ્તકોમાં 'ભિલ...' પાઠ. લા.(૨)નો પાઠ લીધો છે. 1. भव्यगुणाद् भव्याः तद्विपरीतेन भवन्ति विपरीताः।
2. अन्योन्यं प्रविशन्ति ददन्त्यवकाशमन्योऽन्यस्य। मिलन्त्यपि च नित्यं स्वकं स्वभावं न विजहन्ति।।

**मेलंता विय णिच्चं सगं**[§] **सभावं ण विजहंति।।" (पञ्चास्तिकाय-७)**

मेलंता वि य णिच्चं सगं सभावं ण विजहंति।।" (पञ्चा.७) इति। **अमृतचन्द्राचार्यकृता तत्त्वप्रदीपिका**भिधाना **तद्वृत्ति**स्तु लेशत एवम् "अत एव तेषां परिणामवत्त्वेऽपि प्राग्नित्यत्वमुक्तम्। अत एव न तेषामेकत्वापत्तिर्न च जीव-कर्मणोर्व्यवहारनयादेशादेकत्वेऽपि परस्परस्वरूपोपादानम्" (पञ्चा.७, वृत्ति) इति। तदुक्तम् **आलापपद्धतौ** अपि "कालत्रयेऽपि परस्वरूपाऽऽकाराऽभवनाद् अभव्यस्वभावः" (आ.प.पृ.१२) इति। प्रकृते "अवकाशं प्रयच्छन्तः प्रविशन्तः परस्परम्। मिलन्तश्च न मुञ्चन्ति स्व-स्वभावं कदाचन।।" (यो.सा.प्रा.२/२) इति **योगसारप्राभृते अमितगति**वचनमपि स्मर्तव्यम्।

**नयचक्रसारे देवचन्द्र**वाचकैस्तु "त्रिकालमूलाऽवस्थाया अपरित्यागरूपः अभव्यस्वभावः" (न.च.सा.पृ.१६८) इत्युक्तम्। "द्रव्यवर्त्तिनः अस्तित्व-वस्तुत्व-प्रमेयत्वाऽगुरुलघुत्वादयः जीवादिगताश्च जीवत्वादयो धर्मा कालत्रयेऽपि मूलावस्थाया अपरित्यागाद् अभव्यस्वभावविधया ज्ञातव्याः" (न.च.सा.वि.१७०) इति तैरेव **नयचक्रसारविवरणे** स्पष्टीकृतम्।

કરતા, એકબીજાને જગ્યા આપતા દ્રવ્યો ભેગા થાય છે. છતાં પણ કાયમ પોતાના ભાવને = સ્વભાવને છોડતા નથી.' **અમૃતચંદ્રાચાર્યજી**એ પંચાસ્તિકાય ઉપર **તત્ત્વપ્રદીપિકા** નામની વ્યાખ્યા કરેલ છે. તેમાં ઉપરોક્ત બાબતની સ્પષ્ટતા કરતાં તેમણે જે જણાવેલ છે, તેનો અહીં ઉપયોગી અંશ આ પ્રમાણે છે કે 'દરેક દ્રવ્યો પોતાના મૂળ સ્વભાવને છોડતા નથી. તે જ કારણથી દ્રવ્યો પરિણામી હોવા છતાં પણ પૂર્વે દ્રવ્યોમાં નિત્યસ્વભાવની વાત કરેલી છે. તેથી જ બધા દ્રવ્યો એક થવાની આપત્તિ નહિ આવે. વ્યવહારનયના અભિપ્રાયથી જીવ અને કર્મ એક હોવા છતાં પણ એક-બીજાના સ્વરૂપને ધારણ કરતા નથી.' તેથી **આલાપપદ્ધતિ** ગ્રંથમાં પણ જણાવેલ છે કે 'ત્રણેય કાળમાં પરદ્રવ્યસ્વરૂપે વસ્તુના આકારોનું પરિણમન ન થવાથી દ્રવ્યમાં અભવ્યસ્વભાવ છે.' **યોગસારપ્રાભૃત**માં દિગંબરાચાર્ય **અમિતગતિ**એ જે જણાવેલ છે તે પણ આ અનુસંધાનમાં યાદ કરવા યોગ્ય છે. ત્યાં જણાવેલ છે કે 'એક-બીજાને અવકાશ - જગ્યા આપતા તથા એકબીજામાં પ્રવેશ કરતા તેમજ પરસ્પર મળતા એવા પણ આ દ્રવ્યો પોતાના સ્વભાવને છોડતા નથી.'

## ❈ અસ્તિત્વ-જીવત્વાદિ ધર્મો અભવ્યસ્વભાવ : શ્રીદેવચંદ્રજી ❈

**(નય.) નયચક્રસાર**માં ઉપાધ્યાય **શ્રીદેવચન્દ્રજી**એ તો એવું જણાવેલ છે કે 'ત્રૈકાલિક મૂળભૂત અવસ્થાનો ત્યાગ ન કરવો તે અભવ્યસ્વભાવ છે.' **નયચક્રસારવિવરણ**માં તેઓશ્રીએ જ ઉપરોક્ત બાબતનું સ્પષ્ટીકરણ કરતાં એવું દર્શાવેલ છે કે 'દ્રવ્યને વિશે રહેલા અસ્તિત્વ, વસ્તુત્વ, પ્રમેયત્વ, અગુરુલઘુત્વાદિક ધર્મો ત્રણેય કાળમાં મૂળ અવસ્થાને છોડતા નથી. તે જ સ્વરૂપે રહે છે. તે ધર્મો અભવ્યસ્વભાવ તરીકે જાણવા. અનેક ઉત્પાદ-વ્યય થવા છતાં જીવનું જીવત્વ અને અજીવનું અજીવત્વ પલટાય નહિ. તેથી તે અભવ્યસ્વભાવ તરીકે જાણવા.'

§ પુસ્તકોમાં 'सगासगभावं' પાઠ.

**ભવ્ય સ્વભાવ વિના,** (ખોટા =) **કૂટ કાર્યનઈં યોગઈં શૂન્યપણું થાઈં.** એ પરભાવઈં ન હોઈ અનઈં સ્વભાવઈં નવિ હોઈ, તિવારઈં[8] ન હોઈ જ♦. *સ્વભાવે હોઈ, તિવારે ભવ્ય હોઈ.*

यथाक्रममुभयत्र विपक्षबाधमुपदर्शयति – **भव्यस्वभावं विना ननु कूटकार्ययोगेन** = निर्देशस्य भावप्रधानत्वात् कूटत्वस्य तुच्छत्वलक्षणस्य कार्यसन्ततौ सम्बन्धेन = कार्यकदम्बकमिथ्यात्वापादनेनेति यावत् सर्वं **शून्यं स्यात्**। परस्वभावेन तु कार्यं नैव भवति, भव्यस्वभावविरहतो यदि गतिसहकार-स्थितिसहकारादिविशेषगुणानामप्रवृत्त्या स्वभावेनाऽपि न भवेत् तदा कार्यं नैव भवेत्। ततश्च स्वभावेन = निजरूपेण यत् कार्यं जायते, तत्तु भव्यस्वभावेनैवेत्यवधेयम्।

तथा **अभव्यस्वभावं विना द्रव्ययोगेन** = परद्रव्यसंयोगेन एकस्य द्रव्यस्य **द्रव्यान्यता** =

## ❊ ભવ્ય-અભવ્ય સ્વભાવના અસ્વીકારમાં દોષ ❊

(**यथाक्रम.**) ભવ્યસ્વભાવનો અને અભવ્યસ્વભાવનો સ્વીકાર કરવામાં ન આવે તો શું દોષ આવે? આ પ્રશ્નનું સમાધાન કરવા માટે ગ્રંથકારશ્રી એક-એકના અસ્વીકારમાં ક્રમશઃ દોષને દેખાડે છે. ભવ્યસ્વભાવ વિના તુચ્છકાર્યના યોગથી બધું શૂન્ય થઈ જશે. મૂળ શ્લોકમાં 'કૂટ' શબ્દ લખેલ છે તે ભાવપ્રધાન નિર્દેશ છે. તેથી 'કૂટ' એટલે 'કૂટત્વ' સમજવું. કૂટત્વ એટલે તુચ્છત્વ = મિથ્યાત્વ = કલ્પિતત્વ = અસત્ત્વ = નાસ્તિત્વ. મતલબ કે ભવ્યસ્વભાવનો સ્વીકાર કરવામાં ન આવે તો કાર્યસમૂહમાં અસત્ત્વનો સંબંધ થવાથી બધું શૂન્ય થઈ જશે. ભવ્યસ્વભાવનો અસ્વીકાર કાર્યસમૂહમાં અસત્પણાનું આપાદન કરશે. તેથી બધું શૂન્ય બની જશે. આ પ્રમાણેનું અહીં તાત્પર્ય સમજવું. કાર્ય ઉત્પન્ન થાય તો કાં સ્વસ્વભાવથી ઉત્પન્ન થાય કાં પરસ્વભાવથી ઉત્પન્ન થાય. આ પ્રમાણે કાર્યોત્પત્તિમાં બે જ વિકલ્પ સંભવી શકે છે. કાર્ય પરસ્વભાવથી (=પરસ્વરૂપે) તો ઉત્પન્ન નથી જ થતું. આ વાત તો સર્વજનવિદિત છે. તથા ધર્માસ્તિકાય આદિ દ્રવ્યમાં ભવ્યસ્વભાવ જો ન હોય તો ગતિસહાયકતા, સ્થિતિસહકાર વગેરે વિશેષ ગુણોની પ્રવૃત્તિ ન થવાથી પોતાના સ્વભાવથી (=નિજસ્વરૂપે) પણ કાર્ય ઉત્પન્ન ન થાય તો કાર્ય ઉત્પન્ન થઈ જ ન શકે. કારણ કે સ્વરૂપ-પરરૂપશૂન્ય કાર્ય વંધ્યાપુત્રની જેમ અસત્-તુચ્છ જ હોય. આવો અહીં અભિપ્રાય જાણવો. તેથી સ્વભાવથી = નિજરૂપથી જે કાર્ય ઉત્પન્ન થાય છે તે ભવ્યસ્વભાવથી જ થાય છે. આ મુજબ પદાર્થનિર્ણય વાચકવર્ગે કરવો.

[illegible] :- દ્રવ્યમાં ભવ્ય સ્વભાવ ન હોય તો નવા-નવા પર્યાયસ્વરૂપે દ્રવ્યનું પરિણમન જ અસંભવિત થવાથી કાર્યમાત્રનો ઉચ્છેદ થઈ જશે. આનું કારણ એ છે કે અન્યરૂપે = કાર્યસ્વરૂપે પરિણમ્યા વિના તો કારણ પણ કાર્યને ઉત્પન્ન કરી શકતું નથી. તેથી ભવ્યસ્વભાવને માન્યા વગર કાર્યની નિષ્પત્તિ થવી અશક્ય જ છે. 'નિજસ્વરૂપનો ત્યાગ કર્યા વિના પરમાણુ પણ દ્વ્યણુકને ઉત્પન્ન કરી શકતો નથી.' - આ વાત પૂર્વે નવમી શાખામાં પચીસમા શ્લોકમાં વિસ્તારથી જણાવેલ છે. તેનું અહીં અનુસંધાન કરવું.

## ❊ પ્રત્યેક દ્રવ્ય સર્વદ્રવ્યાત્મક થવાની આપત્તિ ❊

(**तथा अभ.**) તથા જો દ્રવ્યમાં અભવ્યસ્વભાવ માનવામાં ન આવે તો અભવ્યસ્વભાવ વિના પરદ્રવ્યનો

8 પુસ્તકોમાં 'તિવારે' પાઠ. આ.(૧)નો પાઠ લીધો છે. ♦ કો.(૧૩)માં 'શૂન્યભાવ, વિગર ભવ્ય સ્વભાવે પૂર્વે લખ્યો છે.' પાઠ છે. *...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત B(૨) + પાલિ.માં છે.

*અનઈ **અભવ્ય** સ્વભાવ (**વિણ=**) ન માનિઈં, તો **દ્રવ્યનઈં સંયોગઈં** ✡**દ્રવ્યાંતરપણું** (**થાઈં**) થયું જોઈઈ, જે માટઈં ધર્માધર્માદિકનઈં જીવ-પુદ્ગલાદિકનઈં એકાવગાહનાવગાઢકારણઈં કાર્યસંકર,

द्रव्यान्तरता **भवेत्** = स्यात्। तथाहि – भव्यस्वभावैकान्ताभ्युपगमे समानाकाशप्रदेशावगाहनाऽवगाढत्वाद् धर्मास्तिकायादिद्रव्यसंयोगेन जीव-पुद्गलयोरपि धर्मास्तिकायादिरूपेण परिणमनं स्यात्, धर्मादिद्रव्याणाञ्च जीवादिरूपेण। तथा च धर्मादीनामिव जीवस्य जडत्वं पुद्गलस्य चाऽमूर्त्तत्वादिकं स्यात्, धर्मादीनां वा जीवस्येव चेतनत्वं पुद्गलस्येव च रूपित्वं प्रसज्येत।

"भव्यत्वाऽभावे विशेषगुणानाम् अप्रवृत्तिः। अभव्यत्वाऽभावे द्रव्यान्तराऽऽपत्तिः" (न.च.सा.पृ.१६८) इति **नयचक्रसारे देवचन्द्र**वाचकोक्तिरप्यत्रानुसन्धेया।

ततश्च कार्यसाङ्कर्यमपि सुदुर्निवारम्। तथाहि – जीवस्य पुद्गलस्य च गति-स्थित्याद्युपष्ट-

સંયોગ થવાથી એક દ્રવ્ય બીજા દ્રવ્યરૂપે બની જશે. તે આ રીતે સમજવું :- જો દ્રવ્યમાં એકાન્તે ભવ્યસ્વભાવ જ માનવામાં આવે તો જે આકાશપ્રદેશોમાં ધર્માસ્તિકાય આદિ દ્રવ્યો અવગાહીને રહેલા છે, તે જ આકાશપ્રદેશોમાં જીવ અને પુદ્ગલ પણ રહેલા છે. તેથી તેઓનો પરસ્પર સંયોગ તો થાય જ છે. તે કારણે ધર્માસ્તિકાય આદિ દ્રવ્યનું જીવાદિ સ્વરૂપે પરિણમન થશે. તેવું બને તો ધર્માસ્તિકાય વગેરે દ્રવ્ય જેમ જડ છે તેમ જીવ પણ જડ થઈ જશે. તથા ધર્માસ્તિકાય વગેરે દ્રવ્ય જેમ અમૂર્ત્ત છે તેમ પુદ્ગલો પણ અમૂર્ત્ત = અરૂપી થઈ જશે. અથવા તો ધર્માસ્તિકાય વગેરે દ્રવ્યો જીવની જેમ ચેતન બની જશે. અને પુદ્ગલની જેમ મૂર્ત્ત = રૂપી બની જશે.

### ❀ ભવ્ય-અભવ્યસ્વભાવ ન હોય તો સમસ્યા સર્જાય ❀

(**"भव्य.**) **નયચક્રસાર** ગ્રંથમાં ઉપાધ્યાય શ્રી**દેવચન્દ્ર**જી મહારાજે આ અંગે મનનીય વાત કરેલી છે. તે પણ અહીં અનુસંધાન કરવા યોગ્ય છે. ત્યાં જણાવેલ છે કે "જો દ્રવ્યમાં ભવ્યસ્વભાવ ન હોય તો ગતિસહકાર, સ્થિતિસહકાર, અવગાહદાન, જ્ઞાયકતા, વર્ણાદિ સ્વરૂપ પંચાસ્તિકાયના વિશેષ ગુણની પ્રવૃત્તિ જ ન થઈ શકે. તથા વિશેષગુણની પ્રવૃત્તિ વિના તો દ્રવ્ય પોતાનું કાર્ય ન જ કરી શકે. તથા દ્રવ્ય જો સ્વકાર્ય ન કરે તો તે દ્રવ્ય વ્યર્થ બને. તથા દ્રવ્યમાં જો અભવનરૂપ અભવ્યસ્વભાવ ન હોય અને એકલો ભવ્યસ્વભાવ જ હોય તો નવા-નવા સ્વરૂપે પલટાઈને તે દ્રવ્ય દ્રવ્યાન્તરસ્વરૂપ બની જાય. જીવ અજીવ બની જાય. તેથી દ્રવ્યત્વ, સત્ત્વ, પ્રમેયત્વ, જીવત્વાદિ ધર્મસ્વરૂપે અભવ્યસ્વભાવ માનવો જોઈએ. તેના પ્રભાવે જ જીવ કદાપિ અદ્રવ્ય, અસત્, અપ્રમેય કે અજીવ વગેરે સ્વરૂપે બનતો નથી પણ જીવસ્વરૂપે જ રહે છે. તથા ધર્માસ્તિકાયાદિ દ્રવ્યો કદાપિ ચેતન બનતા નથી કે રૂપી બનતા નથી."

### ❀ કાર્યસાંકર્ય દોષ ❀

(**ततश्च.**) અભવ્યસ્વભાવનો ઈન્કાર કરી, સર્વ દ્રવ્યોમાં કેવલ ભવ્યસ્વભાવનો સ્વીકાર કરવાના લીધે ધર્માસ્તિકાય આદિ દ્રવ્ય ચેતન અને રૂપી થવાથી તથા જીવ-પુદ્ગલ ક્રમશઃ જડ અને અરૂપી થવાથી

* આ.(૧)માં 'શૂન્યભાવ વિગર ભવ્યસ્વભાવ અનેં અભવ્ય સ્વભાવ ન માનીઈ તો દ્રવ્યનેં રૂપાંતર સંયોગપણું થયું જોઈએ' પાઠ. ✡ કો.(૧૩)માં 'રૂપાંતર...' પાઠ.

અભવ્યસ્વભાવઇં જ ન થાઇં.

તત્તદ્દ્રવ્યનેઇં તત્તત્કાર્યહેતુતાકલ્પન પણિ [§]અભવ્યસ્વભાવગર્ભ જ છઇં.

म्भकत्वम्, धर्मादिद्रव्याणां च भवभ्रमणादिकं घटादिभावेन परिणमनञ्च दुर्निवारं स्यात्। कथञ्चिद-भव्यस्वभावाभ्युपगम एवैतद्दोषपरिहारसम्भवः।

***अथ*** धर्मास्तिकायत्वेनैव गत्युपष्टम्भकत्वम्, अधर्मास्तिकायत्वेनैव स्थित्युपष्टम्भकत्वम्, आकाशत्वेनैव च अवगाहनादातृत्वमित्येवं तत्तद्द्रव्ये प्रातिस्विकरूपेण तत्तत्कार्यहेतुताकल्पनान्न कार्यसाङ्कर्यं भविष्यतीति ***चेत्*** ?

***सत्यम्***, परं तादृशकारणताकल्पनाया अपि अभव्यत्वस्वभावगर्भत्वात्। तथाहि – धर्मास्तिकायादीनां जीवादिद्रव्यान्तररूपेण अभवनपरिणामलक्षणस्य अभव्यस्वभावस्य अनभ्युपगमे तु तेषां जीवत्वादिरूपेण परिणमनाद् भवभ्रमणादिकार्यकारित्वं प्रसज्येतैव, जीवादिष्विव धर्मादिष्वपि तदा जीवत्वादिसत्त्वात्। एवं जीवादीनां धर्मास्तिकायादिद्रव्यान्तररूपेण अभवनपरिणामलक्षणस्य अभव्य-

કાર્યસાંકર્ય દોષ પણ દુર્નિવાર બની જશે. તે આ પ્રમાણે - ધર્માસ્તિકાય-અધર્માસ્તિકાય વગેરેની જેમ જીવ દ્રવ્ય અને પુદ્ગલ દ્રવ્ય પણ ગતિ-સ્થિતિ વગેરેના ઉપષ્ટંભક બની જશે. તથા ધર્માસ્તિકાય વગેરે પણ જીવની જેમ ભવભ્રમણાદિ કરશે અને પુદ્ગલની જેમ ઘટ-પટાદિસ્વરૂપે પરિણમશે. આ રીતે એક-બીજા દ્રવ્યોનું કાર્ય કરવા સ્વરૂપ કાર્યસાંકર્યની આપત્તિ દુર્વાર બનશે. જો પ્રત્યેક દ્રવ્યમાં કથંચિત્ અભવ્યસ્વભાવ માનો તો જ ઉપરોક્ત કાર્યસાંકર્ય દોષનો પરિહાર થઈ શકશે.

**શંકા** :- (अथ.) ગતિસહાયકતા ધર્માસ્તિકાયત્વસ્વરૂપે જ છે, જીવત્વાદિરૂપે નહિ. સ્થિતિઉપકારકતા અધર્માસ્તિકાયત્વરૂપે જ છે, પુદ્ગલત્વાદિસ્વરૂપે નહિ. તથા અવગાહનાદાતૃત્વ તો આકાશત્વરૂપે જ છે, અન્યરૂપે નહિ. આ પ્રમાણેની વ્યવસ્થા આગમપ્રસિદ્ધ છે. આમ તે તે દ્રવ્યમાં ચોક્કસસ્વરૂપે તે તે કાર્યની હેતુતાની કલ્પના આગમાનુસારે કરવાથી કાર્યસાંકર્ય દોષને અવકાશ રહેતો નથી. જીવમાં ધર્માસ્તિકાયત્વ ન હોવાથી જીવ ગતિસહાયતા નહિ કરે. પુદ્ગલમાં અધર્માસ્તિકાયત્વ અવિદ્યમાન હોવાના લીધે તે સ્થિતિમાં ઉપકાર નહિ કરે. ધર્માસ્તિકાય વગેરેમાં જીવત્વ ન હોવાથી તે ભવભ્રમણ નહિ કરે તથા પુદ્ગલત્વ ન હોવાથી તેનું ઘટ-પટાદિરૂપે પરિણમન નહિ થાય.

### કાર્યસાંકર્યપરિહાર અભવ્યસ્વભાવપ્રયુક્ત

**સમાધાન** :- (सत्यम्.) તમે જે વાત કરી તે સાચી છે. પરંતુ ધર્માસ્તિકાયત્વરૂપે ગતિહેતુતા, અધર્માસ્તિકાયત્વરૂપે સ્થિતિનિમિત્તતા વગેરે કલ્પના પણ અભવ્યસ્વભાવથી ગર્ભિત જ છે. જો ધર્માસ્તિકાય વગેરે દ્રવ્યમાં જીવાદિદ્રવ્યસ્વરૂપે નહિ પરિણમવાનો સ્વભાવ = અભવ્યસ્વભાવ માનવામાં ન આવે તો ધર્માસ્તિકાય જીવદ્રવ્યરૂપે પરિણમી જવાથી તેમાં ત્યારે જીવત્વ આવી જશે અને તે ભવભ્રમણાદિ કાર્ય કરશે જ. તે જ રીતે જીવ વગેરે દ્રવ્યમાં ધર્માસ્તિકાય વગેરે દ્રવ્યસ્વરૂપે નહિ પરિણમવાનો સ્વભાવ = અભવ્યસ્વભાવ માનવામાં ન આવે તો જીવ વગેરે પણ ધર્માસ્તિકાયાદિ દ્રવ્યરૂપે પરિણમી જવાથી

§ પુસ્તકોમાં 'અભવ્યત્વસ્વભાવ...' પાઠ છે. લી.(૩)નો પાઠ લીધો છે.

*"आत्मादेः स्ववृत्त्यनन्तकार्यजननशक्तिर्भव्यता, तत्तत्सहकारिसमवधानेन तत्तत्कार्योपधायकताशक्तिश्च तथाभव्यतेति तथाभव्यतयैवानतिप्रसङ्गः" इति तु *हरिभद्राचार्यः**। ॥११/११॥

स्वभावस्याऽनभ्युपगमे तु तेषां धर्मास्तिकायत्वादिरूपेण परिणमनाद् गत्याद्युपष्टम्भकत्वं प्रसज्येतैव, धर्मास्तिकायादिष्विव जीवादिष्वपि तदा धर्मास्तिकायत्वादिसत्त्वात्। ततश्च कथञ्चिदभव्यपरिणामोऽपि सर्वद्रव्येषु कक्षीकर्तव्यः एव।

एतत्सर्वमभिप्रेत्य **द्रव्यस्वभावप्रकाशा**ऽपराऽभिधानस्य **बृहन्नयचक्रस्य वृत्तौ** "भव्यस्यैकान्तेन परपरिणत्या सङ्करादिदोषसम्भवः। अभव्यस्याऽपि तथा (सति) शून्यताप्रसङ्गः, स्वरूपेणाऽपि अभवनाद्" (बृ.न.च.६९ वृ.पृ.३७) इत्युक्तम्।

श्री**हरिभद्रसूरीणान्तु** अयम् अभिप्रायः – आत्मादेः स्वाभाविकी स्ववृत्त्यनन्तकार्यजननशक्तिः = भव्यता। तत्तत्सहकारिसमवधानेन तत्तत्कार्योपधायकताशक्तिश्च अकर्मजा तथाभव्यतेति। तथाभव्यतयैव सर्वेषां भव्यानां युगपद्मुक्तिगमनादिलक्षणोऽतिप्रसङ्गः न सम्भवति। **षड्दर्शनसमुच्चये श्रीराजशेखरसूरिभिः** "काल-स्वभाव-नियति-चेतनेतरकर्मणाम्। भवितव्यतया पाके मुक्तिर्भवति नाऽन्यथा।।" (ष.स.१७९) इति

ત્યારે તેમાં ધર્માસ્તિકાયત્વ વગેરે ગુણધર્મો આવી જશે અને તે ગતિ-સ્થિતિ વગેરેમાં સહાય કરવા માંડશે જ. તેથી સર્વ દ્રવ્યોમાં કથંચિત્ અભવ્યસ્વભાવ પણ માનવો જરૂરી જ છે.

## ❦ સંકર અને શૂન્યતા દોષની આપત્તિ ❦

(एत.) આ બધી જ બાબતને લક્ષમાં રાખીને, '**દ્રવ્યસ્વભાવપ્રકાશ**' જેનું બીજું નામ છે તે **બૃહન્નયચક્ર** ગ્રંથની **વૃત્તિ**માં જણાવેલ છે કે 'જો વસ્તુને એકાન્તે ભવ્યસ્વભાવવાળી માનવામાં આવે તો તેનું પરદ્રવ્યસ્વરૂપે પરિણમન થવાથી સંકર વગેરે દોષનો સંભવ છે. તથા સર્વથા અભવ્યસ્વભાવ માનવામાં આવે તો વસ્તુની શૂન્યતાનો પ્રસંગ આવશે. કારણ કે તેવું માનવાથી વસ્તુનું સ્વરૂપથી પણ પરિણમન નહિ થાય.'

## ❦ ભવ્યસ્વભાવ અંગે શ્રીહરિભદ્રસૂરિજીનો મત ❦

(**श्रीहरि.**) પ્રસ્તુતમાં શ્રી**હરિભદ્રસૂરિજી** મહારાજનો અભિપ્રાય એવો છે કે પોતાનામાં રહેલા અનંત કાર્યને ઉત્પન્ન કરવાની આત્માદિનિષ્ઠ સ્વાભાવિક શક્તિ એ જ ભવ્યતા = ભવ્યસ્વભાવ છે. તથા તે તે સહકારી કારણોની હાજરીથી તે તે કાર્યને તાત્કાલિક ઉત્પન્ન કરવાની શક્તિ એટલે તથાભવ્યતા = તથાભવ્યસ્વભાવ. આ તથાભવ્યતા કર્મજન્ય નથી. તમામ ભવ્ય (= મોક્ષગામી) જીવોમાં ભવ્યતા સરખી હોવા છતાં પણ બધા જ ભવ્યાત્માઓ એકીસાથે મોક્ષમાં જતા નથી. તેનું નિયામક કોઈ હોય તો તથાભવ્યત્વ જ છે. તથાભવ્યત્વ દરેક જીવોનું જુદા-જુદા પ્રકારનું હોય છે. તેથી જ તમામ ભવ્યાત્માઓની એકીસાથે મુક્તિ થવાની આપત્તિને અવકાશ રહેતો નથી. લઘુ **ષડ્દર્શનસમુચ્ચય**માં શ્રી**રાજશેખરસૂરિજી**એ "(૧) કાળ, (૨) સ્વભાવ, (૩) નિયતિ, (૪) ચેતન, (૫) જડ કર્મો - આ પાંચેયનો ભવિતવ્યતાયોગે પરિપાક થાય ત્યારે જ મુક્તિ થાય છે. તે પરિપાક વિના મુક્તિ થતી નથી"

*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ કો.(૧૩)માં નથી. ☐ શાં.માં '...जनशक्ति... पधायवताशक्ति... भव्यता तथाभ...' પાઠ.

यदुक्तं तदत्रानुसन्धेयम्।

यथोक्तं **श्रीहरिभद्रसूरि**भिः **उपदेशपदे** [1]"तहभव्वत्तं चित्तं अकम्मजं आयतत्तमिह णेयं। फलभेया तह-कालाइयाणमक्खेवगसहावं।।" (उ.प.९९९) इति। नानाभव्यजीवानां तथाभव्यत्वं विचित्रं भवति। अतो न सर्वेषां युगपद् मोक्षगमनम्।

***एतेन*** "सांसिद्धिकमिदं ज्ञेयं सम्यक् चित्रञ्च देहिनाम्। तथाकालादिभेदेन बीजसिद्ध्यादिभावेन।।" (यो.बि.२७५) इति **योगबिन्दु**कारिकाऽपि ***व्याख्याता,*** इदं = तथाभव्यत्वम्। तथाभव्यत्वसाम्ये सर्वेषामेव युगपद् धर्मबीजसिद्धिः स्यात्। न चैवं भवतीति तथाभव्यत्ववैचित्र्यसिद्धिरिति भावः।

***न च*** सद्धर्मप्रशंसादिलक्षणस्य बीजस्य लाभः तथाविधनिमित्तवशादेव भविष्यतीति ***शङ्कनीयम्,*** निमित्तोपनिपातस्यापि तथाभव्यत्वाऽधीनत्वात्। तदुक्तं **ललितविस्तरायां श्रीहरिभद्रसूरि**भिः "सर्वथा

- આ મુજબ જે જણાવેલ છે, તેનું પણ અહીં અનુસંધાન કરવું. કાળ, કર્મ વગેરેથી સહકૃત ભવ્યત્વનો પરિપાક એટલે જ તથાભવ્યત્વનો પરિપાક સમજવો. તેના આધારે જીવનો મોક્ષ થાય છે.

### ❈ તથાભવ્યત્વ કાળાદિને ખેંચી લાવે ❈

**(यथोक्तं.)** શ્રી**હરિભદ્રસૂરિ**જી મહારાજે **ઉપદેશપદ** ગ્રંથમાં જણાવેલ છે કે 'તથાભવ્યત્વ ફલભેદથી વિવિધ પ્રકારનું છે. તે કર્મજન્ય નથી. તેને પ્રસ્તુતમાં આત્માના સ્વભાવાત્મક જ જાણવું. તથાવિધ કાળ, પુરુષાર્થ વગેરેને ખેંચી લાવવાના સ્વભાવવાળું તથાભવ્યત્વ છે.' અલગ અલગ ભવ્ય જીવોનું તથાભવ્યત્વ વિવિધ પ્રકારનું હોય છે. તેથી બધા ભવ્યાત્માઓ એકીસાથે મોક્ષમાં જતા નથી.

### ❈ યોગબિંદુ સંવાદની વિચારણા ❈

**(एतेन.)** **યોગબિંદુ** ગ્રંથમાં શ્રી**હરિભદ્રસૂરિ**જી મહારાજે તથાભવ્યત્વને ઉદ્દેશીને જણાવેલ છે કે 'તથાભવ્યત્વ સાંસિદ્ધિક જાણવું. તથાવિધ કાલ વગેરેના ભેદથી સદ્ધર્મપ્રશંસાદિસ્વરૂપ ધર્મબીજની સિદ્ધિ વગેરે થવાથી જીવોનું આ તથાભવ્યત્વ સમ્યગ્ રીતે વિવિધ પ્રકારનું જાણવું.' જો બધા જીવોનું તથાભવ્યત્વ સમાન હોય તો ધર્મપ્રશંસા વગેરે સ્વરૂપ ધર્મબીજની પ્રાપ્તિ પણ બધા જ જીવોને એકીસાથે થવી જોઈએ, જુદા જુદા કાળે નહિ. પણ તેવું બનતું નથી. તેથી બીજસિદ્ધિમાં જે કાલભેદ જોવા મળે છે તેનાથી સર્વ જીવોનું તથાભવ્યત્વ જુદા-જુદા પ્રકારનું હોય છે - તેમ સિદ્ધ થાય છે.

**શંકા** :- **(न च.)** સદ્ધર્મપ્રશંસા વગેરે સ્વરૂપ ધર્મબીજની સિદ્ધિ તથાવિધ મુનિદર્શન-સદુપદેશાદિ બાહ્ય નિમિત્તના આધારે જ થશે. જુદા-જુદા સમયે બાહ્ય નિમિત્તો મળવાના લીધે જીવોને ધર્મબીજની સિદ્ધિ જુદા-જુદા સમયે થાય છે. પરંતુ 'તથાભવ્યત્વ જુદુ-જુદું હોવાથી વિભિન્ન સમયે અનેક જીવોને ધર્મબીજની પ્રાપ્તિ થાય છે' - તેવું માનવાની જરૂર નથી.

### ❈ તથાભવ્યત્વ નિમિત્તને ખેંચી લાવે ❈

**સમાધાન** :- **(निमित्तो.)** તમારી દલીલ બરાબર નથી. કારણ કે બધા જીવોને બાહ્ય નિમિત્તો જુદા -જુદા સમયે કેમ મળે છે ? બધા મોક્ષગામી જીવોને એકીસાથે બાહ્ય નિમિત્તો કેમ નથી મળતા ?

1. तथाभव्यत्वं चित्रम् अकर्मजम् आत्मतत्त्वमिह ज्ञेयम्। फलभेदात् तथाकालादीनामाक्षेपकस्वभावम्।।

योग्यताऽभेदे तदभावात्, तत्सहकारिणामपि तुल्यत्वप्राप्तेः, अन्यथा योग्यताऽभेदाऽयोगात्, तदुपनिपाताऽऽक्षेपस्याऽपि तन्निबन्धनत्वाद्" (ल.वि.पृ.३२) इति।

तथाभव्यत्ववैचित्र्याच्च निमित्तोपनिपातभेदोऽत्रोपपद्यत एव। यथोक्तं **श्रीहरिभद्रसूरिभिः पञ्चसूत्रवृत्तौ** "नाऽविचित्रे तथाभव्यत्वादौ सहकारिभेदः" (प.सू.५/३ पृ.१७) इति। तीर्थकरादिपदलाभेऽपि तथाभव्यत्वमेव नियामकम्। तदुक्तं **योगबिन्दौ** "तीर्थकृद् यो-भविष्यति, तथाभव्यत्वतोऽसौ" (यो.बि. २७४) इति।

***न च*** सर्वजीवराशिहितचिन्तादिनैव तीर्थकरत्वादिलाभः इति न तदर्थं तथाभव्यत्वकल्पनाऽर्हतीति ***शङ्कनीयम्,***

यतः तीर्थकर-गणधर-सामान्यकेवलित्वादिलाभनिमित्ते सर्व-स्वजन-स्वकल्याणचिन्तादावपि तथा-

---

આ પ્રશ્નના જવાબમાં તથાભવ્યત્વ સિવાય બીજું કોઈ નિયામક બતાવી નહિ શકાય. કારણ કે બાહ્ય નિમિત્તોનું સન્નિધાન પણ તથાભવ્યત્વને આધીન છે. તેથી તથાભવ્યત્વનો સ્વીકાર કર્યા વિના તથા તથાભવ્યત્વને વિવિધસ્વરૂપવાળું માન્યા વિના છૂટકો જ નથી. આથી જ **શ્રીહરિભદ્રસૂરિજી** મહારાજે **લલિતવિસ્તરા** ગ્રંથમાં જણાવેલ છે કે 'બધા ભવ્યાત્માઓમાં રહેલી ભવ્યતા = યોગ્યતા જો સર્વથા એકસરખી હોય તો ધર્મબીજસિદ્ધિમાં કાળભેદ = વિભિન્નકાલીનતા થઈ ન શકે. કારણ કે સર્વથા તુલ્ય યોગ્યતા હોય તો બાહ્ય સહકારી નિમિત્તો પણ સમાન કાળે જ મળે ને ! જો જુદા-જુદા સમયે બાહ્ય નિમિત્તો મળે તો યોગ્યતા સર્વથા સમાન = અભિન્ન છે - તેવું નહિ બની શકે. કારણ કે બાહ્ય સહકારી કારણોનું સન્નિધાન ખેંચી લાવવાનું કાર્ય પણ યોગ્યતાનિમિત્તક જ છે.'

### ❀ અંતિમ નિર્ણાયક તથાભવ્યત્વ ❀

**(તથા.)** તથાભવ્યત્વ દરેક જીવોનું જુદું-જુદું હોવાથી બાહ્ય નિમિત્તોની ઉપસ્થિતિમાં કાળભેદ પ્રસ્તુતમાં સંગત થઈ શકે જ છે. **પંચસૂત્રવૃત્તિ**માં **શ્રીહરિભદ્રસૂરિજી** મહારાજે આ જ વાતને જણાવતાં કહેલ છે કે 'તથાભવ્યત્વ વગેરે વિવિધ પ્રકારનું ન હોય તો બાહ્ય સહકારી કારણોમાં પણ ભેદ (કે કાળભેદ) સંગત થઈ ના શકે.' તે જ રીતે તીર્થંકરપદની પ્રાપ્તિ વગેરેમાં પણ તથાભવ્યત્વ એ જ નિયામક છે. તેથી જ **યોગબિંદુ** ગ્રંથમાં જણાવેલ છે કે 'જે જીવ તીર્થંકર થશે તે તથાભવ્યત્વના લીધે જ થશે.'

[illegible] :- (न च.) તીર્થંકરપણાનો લાભ તો સર્વ જીવરાશિનું હિત/કલ્યાણ વિચારવાથી જ થાય છે. તેથી તીર્થંકરત્વ વગેરેની પ્રાપ્તિ માટે કારણસ્વરૂપે તથાભવ્યત્વની કલ્પના કરવી વ્યાજબી નથી.

### ✤ તથાભવ્યત્વ તીર્થંકરપદપ્રાપક ✤

[illegible] :- **(यतः.)** સર્વ જીવોના કલ્યાણની વિચારણા તીર્થંકરપણાનું નિમિત્ત છે. સ્વજન-સ્નેહીજન -પરિચિત જીવોના હિતની ભાવના ગણધરપણાની પ્રાપ્તિમાં નિમિત્ત છે. તથા સ્વકલ્યાણની ઝંખના સામાન્ય કેવલીપણાના લાભનું નિમિત્ત છે. આ તમારી વાત સાચી છે. પરંતુ 'અમુક જીવો સર્વ જીવોના હિતની વિચારણા કરે, અમુક જ જીવો સ્વજનહિતચિંતા કરે, અમુક જીવો સ્વકલ્યાણની જ વિચારણા કરે'-

भव्यत्वमेव नियामकम्। न हि विश्वकल्याणभावनासम्पाद्यतीर्थकरत्वज्ञानवन्तः अपि सर्वे सुचिरं तथाभावनामभ्यस्यन्ति। तदुक्तं **योगबिन्दौ** "तथाभव्यत्वतश्चित्रनिमित्तोपनिपाततः। एवं चिन्तादिसिद्धिश्च सन्न्यायागमसङ्गता।।" (यो.बि.२९१) इति।

***एतेन*** संशुद्धयोगबीजग्रहणमपि ***व्याख्यातम्,***

तत्राऽपि तथाभव्यत्वस्यैव नियामकत्वात्। तदुक्तं **योगदृष्टिसमुच्चये** "चरमे पुद्गलावर्त्ते तथाभव्यत्वपाकतः। संशुद्धमेतन्नियमाद्" (यो.दृ.स.२४) इति। 'एतद् = योगबीजग्रहणम्'।

***एतेन*** अध्यात्म-भावनादिसामग्र्या कर्मबन्धयोग्यताऽपगमेन संशुद्धबीजोपादानसम्भवान्न तथाभव्यत्वकल्पनाऽऽवश्यकीति ***प्रत्यस्तम्,***

तथाभव्यत्वनियोगादेव अध्यात्मादिसामग्र्या कर्मबन्धयोग्यताऽपगमसम्भवात्। तदुक्तं **योगबिन्दौ**

---

આ બાબતમાં નિયામક તો તથાભવ્યત્વ જ છે. 'સર્વ જીવોના હિતની ભાવનાથી તીર્થંકર થવાય' - આવું જાણનારા બધા જીવો કાંઈ તેવી ભાવના દીર્ઘ કાળ સુધી સાચા દિલથી કરી શકતા નથી. ફૂલ ઉપર બેસનારા બધા કાંઈ મધ બનાવી શકતા નથી. તેથી જ **યોગબિંદુ** ગ્રંથમાં જણાવેલ છે કે 'તથાભવ્યત્વના લીધે વિવિધ નિમિત્તોનું સન્નિધાન થવાથી આ રીતે સર્વજન-સ્વજન-સ્વકલ્યાણવિષયક વિચારણાનો લાભ થાય છે. આ વાત સમ્યક્ તર્કથી અને આગમથી સંગત થાય છે.'

**શંકા** :- (**एतेन.**) બાહ્ય નિમિત્તો જેને સમાન મળે તેવા પણ બધા જીવોને યોગમાર્ગનો-મોક્ષમાર્ગનો લાભ થતો નથી. પરંતુ જે જીવો સમ્યક્ શુદ્ધ રીતે યોગબીજનું ગ્રહણ કરે છે તેવા જ જીવોને યોગમાર્ગનો લાભ થાય છે. તેથી બધા ભવ્યાત્માઓનો મોક્ષ એકીસાથે થતો નથી પરંતુ જે જીવો સંશુદ્ધ રીતે યોગબીજનું ગ્રહણ કરે છે તેનો જ મોક્ષ થાય છે. તેથી તેમાં તથાભવ્યત્વને વચ્ચે નિયામક તરીકે લાવવાની જરૂર નથી.

### ❋ તથાભવ્યત્વથી સંશુદ્ધયોગબીજગ્રહણ ❋

**સમાધાન** :- (**तत्रा.**) બાહ્ય સારા નિમિત્તો જે જીવોને સમાન મળે છે તેવા પણ બધા જ જીવો સંશુદ્ધ યોગબીજનું ગ્રહણ કરી શકતા નથી. આ તમારી વાત સાચી છે. પરંતુ અહીં પણ પ્રશ્ન એ જ ઉપસ્થિત થાય છે કે બાહ્ય ધર્મનિમિત્તો જેઓને એકસરખા મળેલા છે તેવા બધા જ ભવ્ય જીવો શા માટે સંશુદ્ધ રીતે યોગબીજનું ગ્રહણ કરતા નથી ? અહીં પણ તમારે તથાભવ્યત્વને જ નિયામક માનવું પડશે. જે જીવોનું તથાભવ્યત્વ અનુકૂળ હશે તેવા જીવો સંશુદ્ધ યોગબીજનું ગ્રહણ કરશે, બીજા નહિ કરે. આ પ્રમાણે સંશુદ્ધયોગબીજગ્રહણ સ્વરૂપ કાર્ય પ્રત્યે પણ તથાભવ્યત્વને જ નિયામક માનવું જરૂરી છે. તેથી જ શ્રી**હરિભદ્રસૂરિ**જી મહારાજે **યોગદષ્ટિસમુચ્ચય** ગ્રંથમાં જણાવેલ છે કે 'ચરમ પુદ્ગલપરાવર્તમાં તથાભવ્યત્વના પરિપાકથી યોગબીજનું ગ્રહણ અવશ્ય સંશુદ્ધ બને છે.'

**શંકા** :- (**एतेन अध्या.**) અધ્યાત્મ, ભાવના વગેરે સામગ્રી દ્વારા કર્મબંધની યોગ્યતા દૂર થવાથી સંશુદ્ધ યોગબીજનું ગ્રહણ થઈ શકશે. તેથી સંશુદ્ધયોગબીજગ્રહણ સ્વરૂપ કાર્ય પ્રત્યે તથાભવ્યત્વને નિયામક માનવાની આવશ્યકતા નથી.

### ❋ તથાભવ્યત્વ-અધ્યાત્માદિ દ્વારા કર્મમલનાશ ❋

**સમાધાન** :- (**तथाभ.**) 'અધ્યાત્મ, ભાવના વગેરે સામગ્રીથી કર્મબંધની યોગ્યતા દૂર થાય છે'

**श्रीहरिभद्रसूरि**भिरेव "यथोदितायाः सामग्र्याः तत्स्वाभाव्यनियोगतः। योग्यताऽपगमोऽप्येवं सम्यग् ज्ञेयो महात्मभिः।।" (यो.बि.४२४) इति। "तत्स्वाभाव्यनियोगतः = तथाभव्यत्वव्यापाराद्" (यो.बि.४२४ वृ.) इति **तद्वृत्तौ** व्यक्तम्। यथोक्तं **पञ्चसूत्रे**ऽपि प्रथमसूत्रे [1]"पावकम्मविगमो तहाभव्वत्ताइभावओ" (प.सू.१) इति।

युगपत् सर्वेषां भव्यानां मुक्त्यलाभनियामकमपि तथाभव्यत्वमेव। इदमेवाऽभिप्रेत्य **पञ्चसूत्रे** पञ्चमे सूत्रे [2]"तहाभव्वत्ताइभावओ" (प.सू.५/३) इत्युक्तमिति श्वेताम्बराऽऽम्नायानुसारेण बोध्यम्।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – भव्यस्वभावतः सम्यग्दृष्टि-श्रावक-साधु-क्षपक-केवलि-मुक्त-स्वरूपेण परिणमनाय या अस्मदीययोग्यता तत्कार्योपधानकृते सावधानतया भाव्यम्। कर्मवशतः, संयोगवशतः, दैन्यवशतः भवितव्यतावशाद् वा कश्चिद् जीवो मोहमूढतया जडतया वा ज्ञायेत तथापि तस्य जडतया परिणमनं न शक्यते कर्तुम्, तस्य तथाविधाऽभव्यस्वभावस्य सत्त्वात्। न हि जीवः जातुचिद् जडतया सम्भूय आत्महानभाग् भवति। न केवलं जडतया, स्वसमानाधिकरणपुण्य

- આ તમારી વાત સાચી છે. પરંતુ અહીં પણ ફરીથી પ્રશ્ન એ જ ઉપસ્થિત થશે કે બાહ્ય નિમિત્તો જે જીવોને એકસરખા મળે છે તે તમામ જીવોને અધ્યાત્મ-ભાવના વગેરેનો લાભ એકસરખો કેમ થતો નથી ? અમુક જ જીવોને અધ્યાત્મ, ભાવના વગેરેનો લાભ કેમ થાય છે ? આ પ્રશ્નના નિયામક તરીકે તથાભવ્યત્વને જ માનવું પડશે. 'તથાભવ્યત્વના બળથી જ અધ્યાત્મ વગેરે સામગ્રી મળવાથી કર્મબંધયોગ્યતા રવાના થશે' - આવું માનવું જરૂરી છે. તેથી જ **યોગબિંદુ** ગ્રંથમાં જણાવેલ છે કે 'અધ્યાત્મ, ભાવના વગેરે શાસ્ત્રોક્ત કર્મબંધયોગ્યતાનાશક સામગ્રીથી કર્મબંધયોગ્યતાનો નાશ થાય છે. તે પણ આ રીતે તત્સ્વાભાવ્યના પ્રભાવે = તથાભવ્યત્વના પ્રવર્ત્તનથી થાય છે - તેમ મહાત્માઓએ સમ્યક્ પ્રકારે જાણવું.' 'તત્સ્વાભાવ્યનિયોગ = તથાભવ્યત્વપ્રવર્ત્તન' - આવું અર્થઘટન **યોગબિંદુવ્યાખ્યાકાર** મહર્ષિએ કરેલ છે. અમે તે મુજબ જ અર્થ કર્યો છે. **પંચસૂત્ર** ગ્રંથના પ્રથમસૂત્રમાં પણ જણાવેલ છે કે 'પાપકર્મનો ઘટાડો તથાભવ્યત્વ વગેરેના પ્રભાવે થાય છે.'

### ❀ પંચસૂત્ર સંદર્ભવિચાર ❀

**(युगपत्.)** એકીસાથે બધા ભવ્યાત્માઓને મોક્ષનો લાભ નથી થતો, તેમાં પણ નિયામક તથાભવ્યત્વ જ છે. આ જ આશયથી **પંચસૂત્ર** ગ્રંથના પાંચમા સૂત્રમાં 'તથાભવ્યત્વ વગેરેના પ્રભાવે યુગપત્ બધા ભવ્યાત્માની મુક્તિ થતી નથી' તેમ જણાવેલ છે. આમ તથાભવ્યત્વ અંગે શ્વેતાંબરપરંપરા મુજબ નિરૂપણ સમજવું.

### ❀ ભવ્ય-અભવ્યસ્વભાવ જાણી યોગ્યતાને સક્રિય બનાવીએ ❀

**આધ્યાત્મિક ઉપનય** :- ભવ્યસ્વભાવના લીધે સમકિતી, શ્રાવક, સાધુ, ક્ષપકશ્રેણીઆરૂઢ, કેવલજ્ઞાની અને મુક્ત સ્વરૂપે પરિણમન થવાની આપણી યોગ્યતાને સક્રિય બનાવવા માટે આપણે સાવધાન રહેવાનું છે. તેમજ કર્મવશ, સંયોગવશ, લાચારીવશ કે ભવિતવ્યતાવશ કોઈ જીવ મોહમૂઢ બનેલો જણાય, જડ જેવો જણાય તો પણ તે જીવ જીવ તરીકે મટીને જડ કદાપિ બનવાનો નથી. કેમ કે તેનો તેવા પ્રકારનો અભવ્યસ્વભાવ વિદ્યમાન છે. જીવ જડ બનવાની નુકસાનીને ક્યારેય ભોગવવાનો નથી. જીવ માત્ર જડ

1. पापकर्मविगमः तथाभव्यत्वादिभावात्। 2. तथाभव्यत्वादिभावतः।

-पापादिरूपतयाऽपि नैव कश्चिदात्मा परिणमति निजचैतन्यस्वभावपरित्यागेन परमार्थतः।

तदिदमभिसन्धाय **योगीन्द्रदेवेन परमात्मप्रकाशे** [1]"पुण्णु वि पाउ वि कालु णहु धम्माधम्मु वि काउ। एक्कु वि अप्पा होइ णवि मेल्लिवि चेयणभाउ।।" (प.प्र.९२) इत्युक्तम्। प्रकृते 'न खलु शालग्रामे किरातशतसङ्कीर्णे प्रतिवसन्नपि ब्राह्मणः किरातो भवती'ति न्यायम्, 'एकत्र वसन्नपि काचः काचः, मणिर्मणिः' इति च न्यायं चेतसिकृत्य तेन सह मैत्र्यादिभावः स्थिरीकार्यः। ततश्च [2]"तीसु वि कालेसु सुहाणि जाणि पवराणि नर-सुरिंदाणं। ताणेगसिद्धसुक्खस्स एगसमयम्मि नऽग्घंति।।" (आ.प.९५९) इति **आराधनापताकायां वीरभद्रसूरि**वर्णितं सिद्धसुखं प्रत्यासन्नं स्यात्।।११/११।।

સ્વરૂપે પરિણમતો નથી - માત્ર આટલું જ નથી. પરંતુ જે આકાશપ્રદેશમાં જીવ રહેલ છે, ત્યાં જ રહેલા પુણ્ય-પાપ વગેરે સ્વરૂપે પણ કોઈ પણ આત્મા પરિણમતો નથી. પોતાના ચૈતન્યસ્વરૂપનો ત્યાગ કરીને કોઈ પણ આત્મા પરમાર્થથી અન્ય સ્વરૂપે પરિણમતો નથી.

### મૈત્રી વગેરે ભાવો ટકાવવા

**(तदि.)** તેથી આ જ અભિપ્રાયથી **યોગીન્દ્રદેવે પરમાત્મપ્રકાશ** ગ્રંથમાં જણાવેલ છે કે 'પોતાના ચૈતન્યસ્વરૂપને છોડીને એક પણ આત્મા પુણ્યરૂપે પણ પરિણમતો નથી, પાપરૂપે પણ પરિણમતો નથી, કાળસ્વરૂપે કે આકાશસ્વરૂપે પણ પરિણમતો નથી. ધર્માસ્તિકાય કે અધર્માસ્તિકાયસ્વરૂપે પણ તે પરિણમતો નથી. કાયા સ્વરૂપે પણ તે પરિણમતો નથી.' (૧) 'સેંકડો ભીલોથી ખીચોખીચ ભરેલા શાલગ્રામમાં વસવાટ કરવા છતાં પણ બ્રાહ્મણ ક્યારેય ભીલ બનતો નથી.' (૨) 'એકત્ર સાથે રહેવા છતાં ય કાચ કાચ તરીકે જ રહે તથા મણિ મણિ તરીકે જ રહે' - આ બન્ને ન્યાયને પ્રસ્તુતમાં લક્ષમાં રાખી મોહમૂઢ જીવો પ્રત્યે મૈત્રી વગેરે ભાવો ટકાવી રાખવા કે જેથી તેના પ્રભાવે **આરાધનાપતાકા**માં દર્શાવેલ સિદ્ધસુખ નજીક આવે. ત્યાં **વીરભદ્રસૂરિજી**એ જણાવેલ છે કે 'ત્રણેય કાળમાં નરેન્દ્ર અને સુરેન્દ્ર પાસે જે શ્રેષ્ઠ સુખો છે તે એક સિદ્ધ ભગવંતના એક સમયના સુખની તુલનાને પામી શકતા નથી.' મતલબ કે ત્રૈકાલિક ઉત્કૃષ્ટ સાંસારિક સુખ કરતાં પણ એક સમયનું સિદ્ધસુખ અત્યંત ચઢિયાતું છે.**(૧૧/૧૧)**

લખી રાખો ડાયરીમાં.....

- **સાધના એટલે કાયાથી ધર્મપ્રવૃત્તિ, વાણીથી ધર્મપ્રશંસા.**
  **ઉપાસના એટલે મનથી પણ ધર્મપક્ષપાત, આત્મરમણતા.**
- **વાસના છે તદ્દન અનાથ.**
  **ઉપાસનામાં છે પરમાત્માનો પાવન સાથ-હાથ.**

1. पुण्यमपि पापमपि कालः नभः धर्माऽधर्ममपि कायः। एकोऽपि आत्मा भवति नैव मुक्त्वा चेतनभावम्।।
2. त्रिषु अपि कालेषु सुखानि यानि प्रवराणि नर-सुरेन्द्राणाम्। तानि एकसिद्धसौख्यस्य एकसमयस्य नाऽर्घन्ति।।

(૧૧) પરમભાવ પારિણામિકભાવ પ્રધાનતાઈં લીજઈ જી,
એ વિણ ★મુખ્યરૂપ કિમ ⌘દ્રવ્યઈં પ્રસિદ્ધ ◆રીતઈં દીજઈ જી ?;
એ સામાન્ય □સ્વભાવ ઈગ્યારહ, સકલ ✡દ્રવ્યનઈં ધારો જી,
આગમ અર્થ વિચારીનઈં જગિ, સુજસ વાદ વિસ્તારો જી ॥૧૧/૧૨॥ (૧૯૪)

સ્વલક્ષણીભૂત **પારિણામિકભાવ, પ્રધાનતાઈં પરમભાવ** ♦સ્વભાવ (લીજઈ=) કહિજઈ. જિમ જ્ઞાનસ્વરૂપ આત્મા.

चरमम् एकादशं सामान्यस्वभावं प्रतिपादयति – '**पारणामिके**'ति।

**पारिणामिकभावो जिनोक्तः परमभावः प्रधानत्वेन,**
**तं विना द्रव्ये सिद्धरीत्या मुख्यरूपं कथं दीयेत ?।**
**एवञ्चैकादश सामान्यस्वभावा हि सर्वद्रव्येषु,**
**सुयशोवादमिह विस्तारयतु जिनागमार्थं मनसि विचार्य।।११/१२।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – जिनोक्तः पारिणामिकभावः प्रधानत्वेन परमभावः। तं विना द्रव्ये सिद्धरीत्या मुख्यरूपं कथं दीयेत ? एवं च सर्वद्रव्येषु एकादश हि सामान्यस्वभावाः। जिनागमार्थं मनसि विचार्य इह सुयशोवादं विस्तारयतु।।११/१२।।

"तांस्तान् भावान् परिणमति इति पारिणामिकः" (द.श्रु.स्क.अध्य.४/नि.२९ चू.पृ.३०) इति **दशाश्रुतस्कन्धचूर्णि**प्रदर्शितरीत्या **जिनोक्तः** = सर्वज्ञतीर्थकरप्रदर्शितः **पारिणामिकभावः** स्वलक्षणीभूतः **प्रधानत्वेन** = सर्वभावेषु मुख्यत्वेन **परमभावः** = परमभावाभिधानः स्वभावः कथ्यते। तदुक्तम् **आलापपद्धतौ** "पारिणामिकभावप्रधानत्वेन परमस्वभावः" (आ.प.पृ.१२) इति। यथा 'ज्ञानस्वरूप आत्मा'

**અવતરણિકા** :- છેલ્લા અગિયારમા સામાન્યસ્વભાવનું ગ્રંથકારશ્રી પ્રતિપાદન કરે છે :-

### ❋ પરમભાવ સ્વભાવની ઓળખાણ ❋

**શ્લોકાર્થ** :- જિનેશ્વર ભગવાને બતાવેલ પારિણામિક ભાવ મુખ્ય હોવાથી પરમભાવ તરીકે કહેવાય છે. તેના વિના દ્રવ્યમાં પ્રસિદ્ધ પદ્ધતિ મુજબ મુખ્ય સ્વરૂપ કઈ રીતે આપી શકાય ? આ રીતે સર્વ દ્રવ્યોમાં સામાન્ય સ્વભાવો અગિયાર જ છે. આમ જિનાગમના અર્થને મનમાં વિચારીને અહીં સુંદર યશોવાદને = વર્ણવાદને ફેલાવો. (૧૧/૧૨)

**વ્યાખ્યાર્થ** :- 'તે તે ભાવરૂપે પરિણમે તે પારિણામિક ભાવ' - આ મુજબ **દશાશ્રુતસ્કન્ધચૂર્ણિ**માં જિનોક્ત પદ્ધતિથી દર્શાવેલ છે. તે સર્વજ્ઞ તીર્થંકર ભગવંતે બતાવેલ સ્વલક્ષણાત્મક = અસાધારણ એવો પારિણામિક ભાવ સર્વ ભાવોમાં મુખ્ય છે. તેથી જ તે પારિણામિક ભાવ 'પરમભાવ' નામનો સ્વભાવ કહેવાય છે. દિગંબર **દેવસેનજી**એ **આલાપપદ્ધતિ** ગ્રંથમાં જણાવેલ છે કે 'પારિણામિક ભાવ સર્વ ભાવોમાં

★ B(૨)માં 'સ્વરૂપ' પાઠ. ⌘ P(૨)માં 'દ્રવ્ય કિમ રૂપે' પાઠ. ◆ પુસ્તકોમાં 'રીતિં' પાઠ. લા.(૨)નો પાઠ લીધો છે. ✡ કો.(૧)માં 'દ્રવ્યનય' પાઠ. ♦ કો.(૧૩)માં 'સ્વભાવ' નથી.

इति कथनम्। [1]"आता ज्ञानमेव" (द.श्रु.स्क.अध्य.५/गा.७/चू.पृ.४५) इति **दशाश्रुतस्कन्धचूर्णि**वचनमप्यत्रानुसन्धेयम्। एतादृशव्यवहारसमर्थनं पूर्वरीत्या (५/१९) परमभावग्राहकद्रव्यार्थिकमतानुसारेण बोध्यम्।

***यद्यपि*** चैतन्यमिव भव्यत्वम्, अभव्यत्वम्, अस्तित्वम्, अन्यत्वम्, कर्तृत्वम्, भोक्तृत्वम्, गुणवत्त्वम्, असर्वगतत्वम्, अनादिकर्मसन्तानबद्धत्वम्, प्रदेशवत्त्वम्, अरूपवत्त्वम्, नित्यत्वमित्येवमादयोऽपि पूर्वोक्ताः (११/४) अनादिपारिणामिका जीवस्य भावाः **तत्त्वार्थसूत्रभाष्या**दौ (त.सू.२/७/पृ.१४७ भा.) अपि दर्शिताः सन्ति। तदुक्तं **दशाश्रुतस्कन्धचूर्णौ** अपि "अस्तित्वम्, अन्यत्वम्, कर्तृत्वम्, भोक्तृत्वम्, गुणवत्त्वम्, असर्वगतत्वम्, अनादिकर्मसन्तानत्वम्, प्रदेशवत्त्वम्, अरूपित्वम्, नित्यत्वम् इत्येवमादयोऽप्यनादिपारिणामिका जीवस्स भावा भवन्ति" (द.श्रु.स्क.अध्य.४/नि.२९/चू.पृ.२९) इति। ***तथापि*** तेषु प्रधानत्वात्, आत्मपदप्रवृत्तिनिमित्तत्वाच्च आत्मनि चैतन्यमेव परमभावस्वभावतया वक्तुं युज्यते।

धर्मास्तिकायादिद्रव्याणामपि अस्तित्वाऽन्यत्व-गुणवत्त्वाऽसर्वगतत्व-प्रदेशवत्त्वाऽरूपवत्त्व-नित्यत्वादि-

---

પ્રધાન = મુખ્ય હોવાથી પરમસ્વભાવ કહેવાય છે.' જેમ કે 'આત્મા જ્ઞાનસ્વરૂપ છે', 'ચેતન ચૈતન્યસ્વરૂપ છે' - ઈત્યાદિ કથન તે પરમભાવનું પ્રતિપાદન. 'આત્મા જ્ઞાન જ છે' - આ મુજબ **દશાશ્રુતસ્કંધચૂર્ણિનું** વચન પ્રસ્તુતમાં અનુસંધાન કરવા યોગ્ય છે. આવા પ્રકારના વ્યવહારનું સમર્થન પૂર્વે પાંચમી શાખાના ૧૯ મા શ્લોકની વ્યાખ્યામાં પરમભાવગ્રાહક દ્રવ્યાર્થિકનયના મત મુજબ જે પ્રમાણે કરેલ છે, તે પ્રમાણે ત્યાંથી પુનઃ તે બાબતનું અધ્યેતાવર્ગે અનુસંધાન કરી જાણી લેવું.

### ❁ વિવિધ પારિણામિક ભાવોની ઓળખાણ ❁

**(यद्यपि.)** જો કે ચૈતન્યની જેમ ભવ્યત્વ, અભવ્યત્વ, અસ્તિત્વ, અન્યત્વ, કર્તૃત્વ, ભોક્તૃત્વ, ગુણવત્ત્વ, અસર્વગતત્વ, અનાદિકર્મસંતતિબદ્ધત્વ, પ્રદેશવત્ત્વ, અરૂપીપણું, નિત્યત્વ વગેરે પણ જીવના અનાદિ પારિણામિક ભાવો છે. આ પ્રમાણે પૂર્વે આ જ શાખાના ચોથા શ્લોકની વ્યાખ્યામાં નિર્દેશ કરેલ છે જ. **તત્ત્વાર્થભાષ્ય** વગેરેમાં પણ તે બતાવેલ છે જ. તેમજ **દશાશ્રુતસ્કંધચૂર્ણિ**માં પણ જણાવેલ છે કે 'અસ્તિત્વ, અન્યત્વ, કર્તૃત્વ, ભોક્તૃત્વ, ગુણવત્ત્વ, અસર્વગતત્વ, અનાદિકર્મસંતાનત્વ, પ્રદેશવત્ત્વ, અરૂપિત્વ, નિત્યત્વ વગેરે પણ જીવના અનાદિ પારિણામિક ભાવો હોય છે.' તો પણ તે તમામ પારિણામિક ભાવોમાં ચૈતન્ય એ જ જીવનો મુખ્ય પારિણામિક ભાવ છે. વળી 'આ આત્મા છે, આ ચેતન છે' - આવી પ્રવૃત્તિનું = શબ્દપ્રવૃત્તિનું નિમિત્ત પણ ચૈતન્ય = જ્ઞાન જ છે. તેથી ચૈતન્યને જ જીવના પરમભાવસ્વભાવ તરીકે જણાવવાની વાત યુક્તિસંગત છે.

### ❁ ધર્માસ્તિકાયાદિમાં પરમભાવનો વિચાર ❁

[redacted] :- જીવમાં ચૈતન્યસ્વરૂપ પરમભાવ છે - તે સમજી શકાય છે. પણ ધર્માસ્તિકાય વગેરેમાં કયો પરમભાવ સંભવે ? જો તે ન હોય તો તે કઈ રીતે સામાન્યસ્વભાવસ્વરૂપ બનશે ?

[redacted] :- **(धर्मा.)** ધર્માસ્તિકાય વગેરે દ્રવ્યો પણ અસ્તિત્વ, અન્યત્વ, ગુણવત્ત્વ, અસર્વગતત્વ, પ્રદેશવત્ત્વ, અરૂપીપણું, નિત્યત્વ વગેરે પારિણામિક ભાવોનો આધાર છે. તેથી પરમભાવ સ્વભાવ સર્વ

---

1. आत्मा ज्ञानमेव।

(એ વિણ=) ૧૧મો એ પરમભાવ સ્વભાવ ન કહિઈં, તો **દ્રવ્યનઈં** વિષઈં,
**પ્રસિદ્ધ (રીતઈં મુખ્ય) રૂપ કિમ દીજઈં ?**
અનંતધર્માત્મક વસ્તુનઈં એક ધર્મપુરસ્કારઈં બોલાવિઈં, તો● તેહ જ પરમભાવનું એ લક્ષણ. **(૧૧)**

पारिणामिकभावाश्रयतया गतिसहायकत्व-स्थितिसहायकत्वादिभावाश्रयतया वा परमभावस्वभावस्य सर्वद्रव्यव्यापित्वात् सामान्यस्वभावत्वमेव, न तु विशेषस्वभावत्वमित्यवधेयमागममर्मवेदिभिः।

परमस्वभावानभ्युपगमे बाधकमुपदर्शयति – **तं** = परमभावस्वभावं **विना द्रव्ये** = द्रव्यत्वावच्छिन्ने अनन्तधर्मात्मके गवादिपदार्थे **सिद्धरीत्या** = शास्त्र-लोक-स्वानुभवादिप्रसिद्धपद्धत्या **मुख्यरूपं** = प्रधानं गमनादिक्रियालक्षणं पदव्युत्पत्तिनिमित्तं सास्नादिमत्त्वलक्षणं वा पदप्रवृत्तिनिमित्तं **कथं** = केन प्रकारेण **दीयेत**?

कथं वा परमस्वभावं विना शास्त्र-लोकादिप्रसिद्ध्यनुसारेण अनुगतरूपेण व्यवहारः स्यात्? अनन्तधर्मात्मकं वस्तु यमेकं धर्मं पुरस्कृत्य व्यपदिश्यते स एव परमभावस्वभावतया ज्ञेयः। यथा चैतन्यमेकमेव अग्रेसरीकृत्य 'चेतन' इत्युच्यते। अत्र नित्यत्वाऽस्तित्व-प्रदेशवत्त्वादीनाम् अनादीनाम्

દ્રવ્યોમાં વ્યાપીને રહેલો છે. અથવા ગતિસહાયકતા, સ્થિતિસહાયકતા વગેરે ભાવોનો આધાર હોવાથી પણ ધર્માસ્તિકાય વગેરેમાં પરમભાવ સ્વભાવને માનવો પડે. આ કારણસર પરમભાવ એ સામાન્યસ્વભાવ જ છે, વિશેષસ્વભાવ નહિ. આ વાત આગમના મર્મને જાણનારા વિદ્વાનોએ ધ્યાનમાં રાખવી.

### ❖ પરમભાવના અસ્વીકારમાં વ્યવહારવિલોપ ❖

**(परम.)** પરમસ્વભાવનો સ્વીકાર કરવામાં ન આવે તો શું દોષ આવે ? તે શ્લોકના બીજા ચરણ દ્વારા દર્શાવવામાં આવે છે. તે આ મુજબ સમજવું. પરમભાવ નામના સામાન્યસ્વભાવ વિના અનંતધર્માત્મક ગાય વગેરે સર્વ દ્રવ્યમાં શાસ્ત્રપ્રસિદ્ધ, લોકપ્રસિદ્ધ, સ્વાનુભવાદિથી પ્રસિદ્ધ એવી પદ્ધતિ મુજબ મુખ્ય પદવ્યુત્પત્તિનિમિત્ત કે મુખ્ય પદપ્રવૃત્તિનિમિત્ત કઈ રીતે આપી શકાશે ? કહેવાનો આશય એ છે કે પ્રત્યેક વસ્તુમાં શબ્દનું વ્યુત્પત્તિનિમિત્ત અને પ્રવૃત્તિનિમિત્ત હોય છે. જેમ કે 'गच्छति इति गौः' આ વ્યુત્પત્તિ મુજબ 'गो' પદનું વ્યુત્પત્તિનિમિત્ત ગમન ક્રિયા છે. તથા સાસ્નાદિમત્ત્વ એ 'गो' પદનું પ્રવૃત્તિનિમિત્ત છે. અનુગત પરમભાવ ન હોય તો શબ્દની વ્યુત્પત્તિનું કે પ્રવૃત્તિનું નિમિત્ત કઈ રીતે મળે ?

### ❖ પરમસ્વભાવ વિના અનુગત વ્યવહારનો અસંભવ ❖

**(कथं.)** તથા પરમસ્વભાવ વિના શાસ્ત્રપ્રસિદ્ધિ કે લોકપ્રસિદ્ધિ વગેરે મુજબ અનુગત વ્યવહાર પણ કઈ રીતે થઈ શકે ? દરેક ગાયમાં પરમભાવ નામનો સામાન્યસ્વભાવ રહે છે. તેથી સર્વ ગાયોમાં 'આ ગાય છે' – આવો અનુગત વ્યવહાર થાય છે. તેથી પરમસ્વભાવ સ્વીકારવો જરૂરી છે. દરેક વસ્તુ અનન્તધર્માત્મક છે. તેમાંથી જે એક ગુણધર્મને આગળ કરીને તે વસ્તુનો વ્યવહાર થાય તે જ ગુણધર્મ પરમભાવ નામના સામાન્ય સ્વભાવ તરીકે જાણવો. જેમ કે ચેતન દ્રવ્યમાં નિત્યત્વાદિ અનંતા ગુણધર્મો રહેલા છે. છતાં તેનું નામ 'નિત્ય' વગેરે પાડવામાં નથી આવતું પરંતુ 'ચૈતન્ય' નામના ગુણધર્મને આગળ કરીને

● ફક્ત લા.(૨)માં 'તો' છે.

अनेकस्वभावानां मध्ये चेतनपदप्रवृत्तिनिमित्ततया चैतन्याख्यः परमस्वभावो मुख्यतया गृहीतः। अतः चैतन्यमेव चेतनस्य परमभावतया अवसेयम्।

प्रकृते "जीवस्य जीवत्वम् अनन्यहेतुकम्, पारिणामिकभावत्वाद्" (वि.आ.भा.३१३५ वृ.) इति **विशेषावश्यकभाष्यमलधारवृत्ति**वचनमपि स्मर्तव्यम्।

**देवचन्द्रवाचकैस्तु नयचक्रसारे** "सर्वेषां पदार्थानां ये विशेषगुणाः चलन-स्थित्यवगाहसहकार-पूरणगलन -चेतनादयः ते परमगुणाः। शेषाः साधारणाः साधारणाऽसाधारणगुणाश्च। तेषां तदनुयायिप्रवृत्तिहेतुः परम-स्वभावः" (न.च.सा.पृ.१७१) इत्युक्तम्। अविनाशित्वादिसाधारणगुण-मूर्त्तत्वादिसाधारणाऽसाधारणगुणानां चलनसहकारित्वादिपरमगुणानुयायित्वेन यत् प्रवर्त्तनं तत् प्रति सर्वद्रव्यसाधारणस्य परमस्वभावस्य हेतुत्वमित्याशयः।

**एवञ्च सर्वद्रव्येषु** [1]"अत्थि त्ति णत्थि णिच्चं अणिच्चमेगं अणेग भेदिदरं। भव्वाभव्वं परमं सामण्णं

તેનું 'ચેતન' એવું નામ પાડવામાં આવે છે. અહીં નિત્યત્વ, અસ્તિત્વ, પ્રદેશવત્ત્વ વગેરે અનેક અનાદિ સ્વભાવો પારિણામિક ભાવો હોવા છતાં ચૈતન્ય નામના પરમભાવનું જ મુખ્યતયા ગ્રહણ કરવામાં આવે છે. ચૈતન્ય એ 'ચેતન' શબ્દનું પ્રવૃત્તિનિમિત્ત છે. કેમ કે જે વસ્તુમાં ચૈતન્ય હોય તેમાં જ 'આ ચેતન છે' - આ પ્રમાણે શબ્દની પ્રવૃત્તિ થાય છે. તેથી ચૈતન્ય એ જ ચેતન દ્રવ્યના પરમસ્વભાવ તરીકે જ્ઞાતવ્ય છે.

### ✱ જીવત્વ સ્વાભાવિક ધર્મ ✱

(प्रकृ.) 'જીવમાં રહેલું જીવત્વ એ સ્વાભાવિક છે. તેનું બીજું કોઈ કારણ નથી. કેમ કે જીવત્વ પારિણામિકભાવ છે.' આ પ્રમાણે **વિશેષાવશ્યકભાષ્યવૃત્તિ**માં મલધારી શ્રી**હેમચંદ્રસૂરિ**જીએ જે જણાવેલ છે તે પ્રસ્તુતમાં યાદ કરવા યોગ્ય છે.

### ❖ પરમસ્વભાવવશ વિશેષગુણાનુયાયી સાધારણાદિગુણપ્રવર્તન : શ્રીદેવચન્દ્રજી ❖

(देव.) ખરતરગચ્છીય ઉપાધ્યાય શ્રી**દેવચન્દ્ર**જી મહારાજે તો પરમસ્વભાવની ઓળખાણ આપતાં **નયચક્રસાર** ગ્રંથમાં જણાવેલ છે કે 'ધર્માસ્તિકાયનો વિશેષગુણ ચલનસહકાર છે. અધર્માસ્તિકાયનો વિશેષગુણ સ્થિતિસહકાર છે. આકાશનો વિશેષગુણ અવગાહનાસહકાર છે. પુદ્ગલનો વિશેષગુણ પૂરણ -ગલન છે. જીવનો વિશેષગુણ ચેતના વગેરે છે. દ્રવ્યાન્તરથી વિવક્ષિત દ્રવ્યને જુદા પાડવાનું મૂલ કારણ બનવાથી તે વિશેષગુણો પરમગુણ = પ્રકૃષ્ટગુણ = પ્રધાનગુણ કહેવાય છે. તથા તે પરમગુણના અનુયાયી અવિનાશિત્વાદિ અન્ય સાધારણગુણો પણ પંચાસ્તિકાયમાં મળે છે. તેમજ કોઈક અસ્તિકાયમાં હોય અને કોઈક અસ્તિકાયમાં ન હોય તેવા મૂર્ત્તત્વાદિ ગુણોને સાધારણ-અસાધારણ સમજવા. ઉપરોક્ત સાધારણ ગુણો અને સાધારણ-અસાધારણ ગુણો હંમેશા ચલનસહકારિત્વાદિ વિશેષગુણને અનુસરીને પ્રવર્ત્તે છે. આ પ્રમાણે જે પ્રવર્ત્તન થાય છે તેમાં હેતુ બને છે દ્રવ્યનો પરમસ્વભાવ. સર્વદ્રવ્યમાં સાધારણ એવા પરમસ્વભાવના પ્રભાવે સાધારણ તથા સાધારણ-અસાધારણ ગુણો વિશેષગુણના અનુસારે જ પ્રવર્ત્તે છે.'

### ⁂ માર્ગાનુસારિણી પ્રજ્ઞા પામીએ ⁂

(एवञ्च.) "(૧) અસ્તિ, (૨) નાસ્તિ, (૩) નિત્ય, (૪) અનિત્ય, (૫) એક, (૬) અનેક, (૭)

1. अस्ति इति नास्ति नित्यमनित्यमेकमनेकं भेदेतरम्। भव्याभव्यं परमं सामान्यं सर्वद्रव्याणाम्।।

**એ ૧૧ સામાન્ય સ્વભાવ સર્વ દ્રવ્યનઈ ધારવા.** ❐વલી હદેંને વિષેં જાણવા.❐

એહવા **આગમ અર્થ** ▣= ભાવભેદ ચિત્તમાંહિ▣ **વિચારીનઈ** (જગિ) જગમાંહિ ✲= વિશ્વનઈ માંહઈ✲ **સુજશ** (વાદ) **વિસ્તારો** *= સુયશ લહો.* ॥૧૧/૧૨॥

सव्वदव्वाणं।।" (द्र.स्व.प्र.५८) इति **द्रव्यस्वभावप्रकाश**दर्शिता **एकादश हि** = एव **सामान्यस्वभावाः** अवधातव्याः **देवसेन**मतानुसारेण। "हिः स्याद्धेत्ववधारणे" (ए.को.३५) इति **एकाक्षरकोषे महाक्षपण**वचनानुसारेण प्रकृते हिः अवधारणार्थे उदलेखि। **जिनागमार्थं** = व्याख्यातस्वरूपं जिनोक्तद्रव्यानुयोगादिविषयं विधिपूर्वं गीतार्थसद्गुरुसन्निधाने कर्णाभ्यां श्रुत्वा, नयनाभ्यां वा पठित्वा, मार्गानुसारिण्या बुद्ध्या अवगम्य, **मनसि** = स्वचेतसि सत्तर्कादिना **विचार्य**, धारणाशक्त्या सम्प्रधार्य, योग्येभ्यः श्रोतृभ्यः स्वाधिकाराऽऽनुरूप्येण सम्यग् दत्त्वा **इह** जगति जिनप्रवचनस्य **सुयशोवादं विस्तारयतु** समर्थो विद्वान्। यतः जिनवचनमप्रतिक्षेप्यम्। तदुक्तं **त्रिषष्टिशलाकापुरुषचरित्रे** "नय-प्रमाणसंसिद्धं पौर्वापर्याऽविरोधि च। अप्रतिक्षेप्यमपरैर्बलिष्ठैरपि शासनैः।।" (त्रि.श.पु. २/३/४४५) इति।

**देवचन्द्र**वाचकास्तु **नयचक्रसारे** "पञ्चास्तिकायाः सामान्य-विशेषधर्ममया एव। तत्र सामान्यतः स्वभाव-

ભેદ, (૮) અભેદ, (૯) ભવ્ય, (૧૦) અભવ્ય, (૧૧) પરમ - આ સર્વ દ્રવ્યોના સામાન્ય સ્વભાવ છે." આ રીતે **દ્રવ્યસ્વભાવપ્રકાશ** ગ્રંથમાં જણાવેલ અગિયાર જ સામાન્યસ્વભાવ છે. આ વાત **દેવસેન** મત મુજબ ખ્યાલમાં રાખવી. 'हि' શબ્દ **એકાક્ષરકોષ**માં મહાકવિ **મહાક્ષપણે** હેતુ અને અવધારણ - અર્થમાં જણાવેલ છે. તે મુજબ અહીં મૂળ શ્લોકમાં 'हि' અવ્યયનો અવધારણ = જકાર અર્થમાં ઉલ્લેખ કરેલ છે. જિનેશ્વર ભગવંતે દર્શાવેલ દ્રવ્યાનુયોગ વગેરે વિશે ઉપરોક્ત રીતે સમજાવેલ પદાર્થને - પરમાર્થને વિધિપૂર્વક ગીતાર્થ સદ્ગુરુની નિશ્રામાં બન્ને કાનથી સાંભળીને અથવા ગીતાર્થ ગુરુની નિશ્રામાં બન્ને આંખથી પ્રસ્તુત વિગતને વાંચીને, મોક્ષમાર્ગાનુસારિણી બુદ્ધિ દ્વારા જાણવો. જાણીને પોતાના મનમાં સુંદર અકાટ્ય તર્કથી તેની વિચારણા કરવી. તથા આ રીતે વિચારણા કરીને ધારણાશક્તિથી તેનું અવધારણ કરવું. સમ્યક્ પ્રકારે પ્રકૃષ્ટ રીતે અવધારણ કરીને યોગ્ય શ્રોતા મળે તો તેમને પોતાના અધિકાર મુજબ સારી રીતે આ પદાર્થો-પરમાર્થો આપવા. આ રીતે જિનવાણીનો, જિનોક્ત તત્ત્વનો સમ્યગ્ વિનિયોગ કરીને આ જગતમાં જિનશાસનના સુંદર મજાના યશોવાદને = વર્ણવાદને સમર્થ વિદ્વાન ફેલાવે - તેવી મંગલ કામના પ્રસ્તુત ૧૧મી શાખાના ઉપસંહારમાં ગ્રંથકારશ્રીએ વ્યક્ત કરેલી છે. કારણ કે જિનવચન આપત્તિરહિત હોવાથી બીજા દ્વારા તેનું ખંડન થઈ શકે તેમ નથી. તેથી જ **ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર**માં જણાવેલ છે કે 'નય અને પ્રમાણ દ્વારા સારી રીતે સિદ્ધ થઈ ચૂકેલું જિનવચન છે. તથા પૂર્વાપર વિરોધ પણ આવતો નથી. તેથી બીજા બળવાન દર્શનો દ્વારા પણ તેનું ખંડન થઈ શકે તેમ નથી.'

## સામાન્ય-વિશેષસ્વભાવ અંગે શ્રીદેવચન્દ્રમત

(देव.) ખરતરગચ્છીય ઉપાધ્યાય શ્રી**દેવચન્દ્ર**જી મહારાજે **નયચક્રસાર**માં આ અંગે મહત્ત્વપૂર્ણ વાત

❐...❐ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. આ.(૧)માં છે. ▣...▣ ચિહ્નદ્વયમધ્યવર્તીપાઠ ફક્ત લી.(૩)માં છે. ✲...✲ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત લા.(૨)માં છે. *...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત કો.(૧૩)માં છે.

लक्षणं द्रव्यव्याप्य-गुणपर्यायव्यापकत्वेन परिणामिलक्षणं स्वभावः। तत्र (१) एकं नित्यं निरवयवम् अक्रियं सर्वगतं च सामान्यम्। (२) नित्याऽनित्यः निरवयव-सावयवः सक्रियताहेतुः देशगतः सर्वगतश्च विशेषः। पदार्थगुणप्रवृत्तिकारणं विशेषः। न सामान्यं विशेषरहितम्। न विशेषः सामान्यरहितः। ते मूलसामान्य-स्वभावाः षट्।

ते चाऽमी – (१) अस्तित्वम्, (२) वस्तुत्वम्, (३) द्रव्यत्वम्, (४) प्रमेयत्वम्, (५) सत्त्वम्, (६) अगुरुलघुत्वम्।.... तत्र अस्तित्वम् उत्तरसामान्यस्वभावगम्यम्। ते चोत्तरसामान्यस्वभावा अनन्ता अपि वक्तव्यत्वेन त्रयोदश। (१) अस्तिस्वभावः, (२) नास्तिस्वभावः, (३) नित्यस्वभावः, (४) अनित्यस्वभावः, (५) एकस्वभावः, (६) अनेकस्वभावः, (७) भेदस्वभावः, (८) अभेदस्वभावः, (९) भव्यस्वभावः, (१०) अभव्यस्वभावः, (११) वक्तव्यस्वभावः, (१२) अवक्तव्यस्वभावः, (१३) परमस्वभावः इत्येवंरूपं वस्तु सामान्याऽनन्तमयम्" (न.च.सा.पृ.१३०-१३५) इत्यादिकम् **अनेकान्तजयपताका**द्यनुसारेण प्राहुः। तत्र धर्मपदं

---

**અનેકાન્તજયપતાકા** વગેરે ગ્રંથ મુજબ નિમ્નોક્ત પ્રમાણે જણાવેલ છે કે - "ધર્મ-અધર્મ-આકાશ-જીવ -પુદ્ગલસ્વરૂપ પંચાસ્તિકાય સામાન્યસ્વભાવમય અને વિશેષસ્વભાવમય જ છે. તેમાં સામાન્યથી સ્વભાવનું લક્ષણ એ કે જે દ્રવ્યમાં વ્યાપ્ય તરીકે પરિણમતો હોય તથા ગુણ-પર્યાયમાં વ્યાપકપણે સદા પરિણમતો હોય તેને સ્વભાવ કહેવાય. તેમાં (૧) સામાન્યસ્વભાવ તેને કહેવાય કે જે એક હોય, નિત્ય હોય, નિરવયવ = અવયવશૂન્ય હોય, અક્રિય હોય તથા સર્વમાં વ્યાપકપણે રહેતો હોય. (૨) તથા જે કોઈક અપેક્ષાથી નિત્ય હોય, કોઈક અપેક્ષાથી અનિત્ય હોય, વિભાગપર્યાયથી સાવયવ હોય, સામર્થ્યપર્યાયથી નિરવયવ હોય, સક્રિયતાનો હેતુ હોય, દેશગત = અવ્યાપ્યવૃત્તિ હોય તથા સર્વગત = આખા દ્રવ્યમાં વ્યાપક હોય તેને વિશેષસ્વભાવ કહેવાય. પદાર્થના ગુણની પ્રવૃત્તિ પ્રત્યે વિશેષસ્વભાવ કારણ છે. સામાન્ય-સ્વભાવ ક્યારેય વિશેષ સ્વભાવ વિના રહેતો નથી. તથા સામાન્યસ્વભાવશૂન્ય વિશેષસ્વભાવ હોતો નથી. તે મૂલ સામાન્યસ્વભાવના છ ભેદ છે.

### ❀ વસ્તુ અનંત સામાન્યસ્વભાવમય ❀

(તે.) તે આ પ્રમાણે :- (૧) અસ્તિત્વ, (૨) વસ્તુત્વ, (૩) દ્રવ્યત્વ, (૪) પ્રમેયત્વ, (૫) સત્ત્વ અને (૬) અગુરુલઘુત્વ... તેમાં અસ્તિત્વ તો ઉત્તર (અવાન્તર) સામાન્યસ્વભાવથી જાણી શકાય છે. તે ઉત્તર સામાન્યસ્વભાવો વસ્તુમાં અનંત છે. તો પણ તેર ઉત્તર સામાન્યસ્વભાવ **અનેકાન્તજયપતાકા** વગેરે ગ્રંથોમાં કહ્યા છે. તે આ મુજબ :- (૧) અસ્તિસ્વભાવ, (૨) નાસ્તિસ્વભાવ, (૩) નિત્યસ્વભાવ, (૪) અનિત્યસ્વભાવ, (૫) એકસ્વભાવ, (૬) અનેકસ્વભાવ, (૭) ભેદસ્વભાવ, (૮) અભેદસ્વભાવ, (૯) ભવ્યસ્વભાવ, (૧૦) અભવ્યસ્વભાવ, (૧૧) વક્તવ્યસ્વભાવ, (૧૨) અવક્તવ્યસ્વભાવ અને (૧૩) પરમસ્વભાવ. આ રીતે અનંત સામાન્યસ્વભાવમય વસ્તુ છે." અહીં પ્રારંભમાં **દેવચન્દ્રજી** મહારાજે 'सामान्य-विशेषधर्ममयाः' આવો સંસ્કૃતમાં નિર્દેશ કર્યો છે. ત્યાં ધર્મશબ્દ સ્વભાવનો વાચક છે. તેથી તેનો અર્થ થશે - સામાન્ય-વિશેષસ્વભાવમય.

स्वभावपरम्, सामान्यमित्यनेन सामान्यस्वभावः ग्राह्यः 'विशेषः' इत्यनेन च विशेषस्वभावः।

उक्ता **देवसेन**मतानुसारेण द्रव्यस्य एकादश सामान्यस्वभावाः। जीवादिद्रव्याणां दश विशेष-स्वभावाः तद्द्वारेण जीवादिद्रव्याणि चोत्तरत्र वक्ष्यन्ते इत्यवधेयम्।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – प्रतिद्रव्यं स्वकीयः परमस्वभावो वर्तते। स च सर्वदा एकरूपः। केवलं जीवद्रव्यस्य अयं विशेषो यदुत तच्चैतन्यं प्रकटाऽप्रकट-शुद्धाऽशुद्धत्वादिरूपेण विविधतया परिणमति। ततश्च तत् पूर्णतया आविर्भावयितुं विशोधयितुञ्चोद्यमः पर्यन्तकालं यावत् कार्य इत्युपदिश्यतेऽत्र। तत एव च [1]"जत्थ न जरा, न मरणं, न रोग-सोगा, न चेव दारिद्दं। न भयं, न इट्ठजोगो, न विओगो जत्थ कइया वि।। [2]साइमणंतं कालं तत्थ सिवम्मि गओ विगयबाहो। जीवो सुहिओ चिट्ठइ पज्जंताऽऽराहणपभावा।।" (आ.प.९२४/९२५) इति **आराधनापताकायां** दर्शितम् अनाबाधं सिद्धस्वरूपं त्वरितं प्रादुर्भवेत्।।**११/१२**।।

---

તે જ પ્રમાણે અમે ગુજરાતીમાં જણાવેલ છે. એ જ રીતે 'सामान्यम्' શબ્દ સામાન્યસ્વભાવને દર્શાવે છે તથા 'विशेषः' આવું પદ વિશેષસ્વભાવને બતાવે છે. તે મુજબ જ અમે પરામર્શકર્ણિકાસુવાસમાં અનુવાદ કરેલ છે. શ્રી**દેવચન્દ્ર**જી ઉપાધ્યાયના મંતવ્યને વિજ્ઞ વાચકવર્ગે ઊંડાણથી વિચારવું.

(उक्ता.) આ રીતે દિગંબર **દેવસેન**જીના મત મુજબ પ્રસ્તુત ૧૧ મી શાખામાં દ્રવ્યના અગિયાર સામાન્ય સ્વભાવનું નિરૂપણ પૂર્ણ થયું. હવે જીવાદિ દ્રવ્યોના દશ વિશેષ સ્વભાવો અને તેના દ્વારા જીવાદિ દ્રવ્યો આગળની બારમી શાખામાં કહેવાશે. આ બાબતને અધ્યેતા વર્ગે ખ્યાલમાં રાખવી.

### 卐 પરમભાવને પૂર્ણ વિશુદ્ધ કરીએ 卐

**આધ્યાત્મિક ઉપનય** :- દરેક દ્રવ્યમાં પોતાનો પરમભાવ હોય છે. તે કાયમ એકસરખો રહે છે. ફક્ત જીવ દ્રવ્યની વિશેષતા એ છે કે જીવનું ચૈતન્ય પ્રગટ-અપ્રગટ, શુદ્ધ-અશુદ્ધ વગેરે સ્વરૂપે વિવિધ પ્રકારનું બનતું હોય છે. તેથી તેને પૂર્ણતયા પ્રગટ કરવાનો અને વિશુદ્ધ બનાવવાનો ઉદ્યમ જીવનના છેડા સુધી કરવો જોઈએ - તેવા પ્રકારનો ઉપદેશ અહીં પ્રાપ્ત થાય છે. તેના પ્રભાવે જ **આરાધનાપતાકા**માં જણાવેલ નિરાબાધ સિદ્ધસ્વરૂપ ઝડપથી પ્રગટ થાય છે. ત્યાં જણાવેલ છે કે "જ્યાં (૧) ઘડપણ નથી, (૨) મરણ નથી, (૩) રોગો નથી, (૪) શોક નથી, (૫) દરિદ્રતા નથી, (૬) ભય નથી, (૭) ઈષ્ટ પુત્રાદિનો સંયોગ નથી, (૮) ક્યારેય પણ કેવળજ્ઞાનાદિનો વિયોગ નથી, તે સિદ્ધશિલામાં અંતિમ આરાધનાના પ્રભાવથી ગયેલો જીવ પીડારહિત બનીને સાદિ-અનંત કાળ સુધી સુખી રહે છે."**(૧૧/૧૨)**

---

1. यत्र न जरा, न मरणम्, न रोग-शोकाः, न चैव दारिद्र्यम्। न भयम्, न इष्टयोगः, न वियोगो यत्र कदाऽपि।। सादिकमनन्तं कालं तत्र शिवे गतः विगतबाधः। जीवः सुखितः तिष्ठति पर्यन्ताराधनाप्रभावात्।।

इति श्रीवर्धमानतपोनिधि-न्यायविशारद-स्वर्गस्थगच्छाधिपतिश्रीमद्विजय**भुवनभानुसूरीश्वर**शिष्यरत्न-पद्ममणितीर्थोद्धारक-पार्श्वप्रज्ञालयतीर्थप्रेरक-पंन्यासप्रवरश्री**विश्वकल्याणविजयगणिवर**शिष्य-मुनि**यशोविजय**गणिरचितस्य **द्रव्य-गुण-पर्यायरासा**नुसारिणो **द्रव्यानुयोगपरामर्शस्य** **परामर्शकर्णिका**ऽभिधानायां स्वरचितवृत्तौ एकादशशाखायां

**गुण-सामान्यस्वभावनिरूपणाख्य**

एकादशोऽधिकारः ।।११।।

પૂજ્યપાદ વર્ધમાનતપોનિધિ ન્યાયવિશારદ સ્વ.ગચ્છાધિપતિ શ્રીમદ્ વિજય **ભુવનભાનુસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન પૂજ્યવર્ય પદ્મમણિતીર્થોદ્ધારક પાર્શ્વપ્રજ્ઞાલયતીર્થપ્રેરક પંન્યાસપ્રવર **શ્રીવિશ્વકલ્યાણવિજયજી** ગણિવરના શિષ્યાણુ મુનિ **યશોવિજય** ગણી દ્વારા સ્વરચિત ***'દ્રવ્યાનુયોગપરામર્શ'*** નામના *(દ્રવ્ય-ગુણ-પર્યાયરાસ* અનુસારી) ગ્રંથની ***'પરામર્શકર્ણિકા'*** નામની સ્વરચિત વૃત્તિની અગિયારમી શાખાના ***'કર્ણિકાસુવાસ'*** નામના ગુજરાતી વિવરણમાં ***'ગુણ-સામાન્યસ્વભાવ નિરૂપણ'*** નામનો અગિયારમો અધિકાર પૂર્ણ થયો.

**• અગિયારમી શાખા સમાપ્ત •**

લખી રાખો ડાયરીમાં.....

- **બહુ બહુ તો બુદ્ધિ સ્થૂલ ધર્મપ્રવૃત્તિમાં જ કેવલ રુચિ રાખે છે.**
  **શ્રદ્ધા સૂક્ષ્મ-શુદ્ધ ધર્મપરિણતિને આત્મસાત્ કર્યા વિના અટકતી નથી.**
- **સાધનામાં બાહ્ય અનુશાસન-નિયંત્રણ-નિયમન મુખ્ય ભાગ ભજવે છે. દા.ત. દારૂડિયો સાળવી.**
  **ઉપાસનામાં આંતરિક અનુશાસન-નિયંત્રણ-નિયમન મુખ્ય ભાગ ભજવે છે. દા.ત. પુષ્પચૂલા સાધ્વી.**

## ❋ શાખા - ૧૧ અનુપ્રેક્ષા ❋

**પ્ર.૧ નીચેના પ્રશ્નોના વિસ્તારથી જવાબ આપો.**

૧. અસ્તિસ્વભાવ, નાસ્તિસ્વભાવ, નિત્યાનિત્યસ્વભાવ ન માનવામાં શું આપત્તિ આવે ?
૨. ભેદાભેદસ્વભાવ અને એકાનેકસ્વભાવ ન માનવામાં શું આપત્તિ આવે ?
૩. ગુણની વ્યાખ્યા જણાવી અસ્તિતા અને અગુરુલઘુતા વિશે સમજાવો.
૪. 'પરમસ્વભાવ' ઉપર છણાવટ કરો.
૫. બૌદ્ધમતમાં કૃતનાશ-અકૃતાગમ દોષ શી રીતે આવે ? તેનું નિરાકરણ શી રીતે થાય ?
૬. વિશેષ ગુણો જણાવો. એમાંથી છ દ્રવ્યમાં કયા કયા વિશેષ ગુણો હોય છે ?
૭. કાર્ય-કારણભાવ વિશે બૌદ્ધમત દર્શાવી તેની અસંગતિ જણાવો.
૮. ભવ્યાભવ્યસ્વભાવનું સ્વરૂપ જણાવો. તે સ્વીકારીએ નહિ તો શું આપત્તિ આવે ?
૯. અચેતનતાને અને અમૂર્ત્તતાને શા માટે અભાવાત્મક માની ન શકાય ?

**પ્ર.૨ નીચેના પ્રશ્નોના સંક્ષેપથી જવાબ આપો.**

૧. સામાન્યસ્વભાવના અને વિશેષસ્વભાવના પ્રકાર જણાવો.
૨. દસ સામાન્ય ગુણો કયા છે ? એમાંથી પ્રત્યેક દ્રવ્યમાં કયા ગુણ હોય છે ?
૩. તથાભવ્યત્વ એટલે શું ?
૪. વસ્તુતા અને પ્રમેયતા પર પ્રકાશ પાથરો.
૫. એકસ્વભાવ, અનેકસ્વભાવ અને ભેદાભેદસ્વભાવની વ્યાખ્યા સદષ્ટાંત સમજાવો.
૬. ચૈતન્ય સામાન્યગુણ પણ છે અને વિશેષગુણ પણ છે - સમજાવો.
૭. અગિયારમી શાખાનો વિષય શું છે ?
૮. પુદ્ગલના સ્વભાવલક્ષણ સ્વરૂપ ગ્રહણગુણનું સ્વરૂપ સમજાવો.
૯. સમવાય સંબંધ માનવામાં શું આપત્તિ આવે ?
૧૦. જૈનદર્શનમાન્ય તથા બૌદ્ધદર્શનમાન્ય અમૂર્ત્ત પદાર્થ જણાવો.

**પ્ર.૩ વાક્ય સાચું છે કે ખોટું ? ખોટું હોય તો સુધારીને લખો.**

૧. સ્વભાવગુણ વિભાગગુણનો વ્યાપ્ય છે.
૨. અસ્તિસ્વભાવના અસ્વીકારમાં બધી વસ્તુ એકસ્વરૂપ બનવાની આપત્તિ આવે.
૩. એકસ્વભાવ એટલે જ નિત્યસ્વભાવ.
૪. નિત્યસ્વભાવ અને અનિત્યસ્વભાવ વ્યાપ્યવૃત્તિ છે.
૫. વસ્તુ સ્વતઃ વ્યંગ્ય કે વ્યંજકવ્યંગ્ય - એમ બે પ્રકારે હોઈ શકે.
૬. અસ્તિત્વ સામાન્યગુણ છે - આવું તત્ત્વપ્રદીપિકામાં જણાવેલ છે.

૭. આકાશના અનેક ભેદ સંભવી શકે.
૮. જે પોતાના ગુણ-પર્યાયમાં વ્યાપ્ત હોય તે સત્ હોય.
૯. દ્રવ્ય પણ અનિત્ય છે અને પર્યાય પણ નિત્ય છે.
૧૦. ગુણ કાયમ દ્રવ્યત્વની સાથે જ રહે છે.

**પ્ર.૪ યોગ્ય જોડાણ કરો.**

| | |
|---|---|
| ૧. ઉપયોગ | (૧) છ વિશેષગુણ |
| ૨. નિત્ય | (૨) સામાન્યવિશેષાત્મકતા |
| ૩. સમવાયાંગ | (૩) અનુવૃત્તિ |
| ૪. છાયા | (૪) સ્વકાર્યકર્તૃત્વ |
| ૫. પ્રત્યભિજ્ઞા | (૫) જીવનું લક્ષણ |
| ૬. દ્રવ્યત્વ | (૬) તે ભાવનો વ્યય ન થાય |
| ૭. અન્વયસંબંધ | (૭) સિદ્ધના ૩૧ ગુણ |
| ૮. વસ્તુત્વ | (૮) આ તે જ છે |
| ૯. ઉત્તરાધ્યયન | (૯) ગુણ-પર્યાયની આધારતા |
| ૧૦. અર્થક્રિયાકારિત્વ | (૧૦) અજીવનું લક્ષણ |

**પ્ર.૫ ખાલી જગ્યા પૂરો.**

૧. ધર્મરાજ અધ્વરિન્દ્ર ભેદના ----- અને ----- એમ બે પ્રકાર બતાવે છે. (સખંડ, અખંડ, સોપાધિક, નિરુપાધિક)
૨. અનેકસ્વભાવ દ્રવ્યગત ------ નું બોધક છે. (નિત્યતા, એકતા, અનિત્યતા, અનેકતા)
૩. ધર્માસ્તિકાય વગેરેમાં અગુરુલઘુગુણો ----- છે. (સંખ્યાતા, અસંખ્યાતા, અનંતા)
૪. ------ ની પ્રતિયોગિતાનો અભાવ એટલે નિત્યત્વ. (પ્રાગભાવ, પ્રધ્વંસ, અત્યંતાભાવ)
૫. વીતરાગસ્તોત્રઅવચૂર્ણિના રચયિતા ----- છે. (શ્રીગુણચંદ્ર, શ્રીવિશાલચંદ્ર, શ્રીવિશાલરાજસૂરિ)
૬. વિશેષગુણોના અવાંતર પ્રકારો ગણતા તે કુલ ---- થાય. (૨૦, ૪૪, ૫૬)
૭. 'સ્વરૂપસત્તા એ જ વસ્તુમાં પ્રમાણનો સંબંધ થવાની યોગ્યતા છે' આવું ----- ગ્રંથ કહે છે. (પ્રકરણપંચિકા, બૃહદ્નયચક્ર, આલાપપદ્ધતિ)
૮. ભેદ વસ્તુનું સ્વરૂપ નથી. આવું વિધાન ------ છે. (સત્ય, અસત્ય, અનૈકાંતિક)
૯. કૈયટે અનિત્યતાના ----- પ્રકાર બતાવેલ છે. (ત્રણ, પાંચ, છ)


**નોંધ** :- પ્રસ્તુત અનુપ્રેક્ષાના ઉત્તરો માટે જુઓ - ભાગ ૭, પરિશિષ્ટ - ૧૭.

લખી રાખો ડાયરીમાં.....

- બુદ્ધિ સદા પુણ્યના ઉદયને ઈચ્છે છે.
  શ્રદ્ધા પ્રારંભમાં પુણ્યના બંધને ઈચ્છે છે.
  આગળ વધીને તે કેવળ કર્મનિર્જરાને ઈચ્છે છે.
- વાસના મૂલ્યહીન મેળવે છે, અમૂલ્ય છોડે છે.
  મૂલ્યહીનને છોડી અમૂલ્ય તત્ત્વને ઉપાસના મેળવે છે.
- નવગ્રૈવેયક અપાવે તેવી સાધના આપણે ઘણી વાર કરી.
  મોક્ષ અપાવે એવી ઉપાસના ક્યારેય ન કરી.
- સાધના કરનાર કદાચ અનંતકાળ ભવભ્રમણ કરી શકે. દા.ત. નિગોદપતિત ૧૪ પૂર્વધર.
  ઉપાસના કરનાર અલ્પ ભવમાં મુક્તિને મેળવે છે.
  દા.ત. કુમારપાળ મહારાજ.
- સાધનામાં સિદ્ધિની તલાશ તરવરે છે.
  ઉપાસનામાં પરમાત્માની પ્યાસ પ્રગટે છે.
- સાધનાનો પ્રારંભ પ્રેરણાથી થાય છે.
  ઉપાસનાનો ઉદય સ્ફુરણાથી થાય છે.
- બુદ્ધિ જખમ પેદા કરી મીઠું ભભરાવે છે.
  શ્રદ્ધા મલમ લગાડ્યા વિના રહેતી નથી.
- અહં, અધીરાઈ, આવેશ, આવેગ બુદ્ધિને પરણેલા છે.
  સમજણભરેલ, ઠરેલ ડહાપણને શ્રદ્ધા વરેલ છે.
- બુદ્ધિ બાહ્ય આરાધનાથી તૃપ્ત થાય છે.
  શ્રદ્ધા આંતરિક આરાધકભાવને પ્રગટાવે છે.
  વાસના અનાકર્ષક વસ્તુની અને વ્યક્તિની બાદબાકી કરે છે.

# દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ

વિશેષ સ્વભાવ નિરૂપણ




## द्रव्यानुयोगपरामर्शः शाखा-१२

विशेषस्वभावनिरूपणम्

# દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ

## ઢાળ-૧૨

## द्रव्यानुयोगपरामर्शः शाखा-१२

### विशेषस्वभावनिरूपणम्

# शाखा - १२ : विशेषस्वभावनिरूपणम्

दशविशेषस्वभावपरिचयः

(i) चेतनस्वभावनिरूपणम् (१२/१)

(ii) अचेतनस्वभावप्ररूपणा (१२/१)

(iii) आत्मनः सर्वथा चेतनतानिरासः (१२/२)

(iv) नञ्शब्दस्य अनेके अर्थाः (१२/२)

(v) मूर्ताऽमूर्तस्वभावनिरूपणं तदस्वीकारे च दोषाः (१२/३-४)

(vi) एकाऽनेकप्रदेशस्वभावनिरूपणम् तदस्वीकारे च दोषाः (१२/५-६)

(vii) द्विधा वृत्तिता, आकाशस्य च सप्रदेशता (१२/७)

(viii) विभावस्वभावप्रतिपादनम् (१२/८)

(ix) शुद्धाऽशुद्धस्वभावदर्शनम् (१२/९)

(x) उपचरितस्वभावदर्शनम् (१२/१०)

उपचरितस्वभावस्य द्विप्रकारता (१२/११)

एकविंशतिस्वभावनिरूपणनिगमनम् (१२/१२)

कालस्य पञ्चदशस्वभावाः (१२/१३)

प्रमाणलक्षणानां शतम् (१२/१४)

चतुष्प्रकारपङ्कप्रक्षालनतो यशोलाभः (१२/१४)

## ❈ ટૂંકસાર ❈

: શાખા - ૧૨ :

અહીં જીવાદિ દ્રવ્યોના દશ વિશેષસ્વભાવને બતાવેલ છે.

(૧-૨) ચેતનસ્વભાવના લીધે આત્મામાં ચૈતન્યનો વ્યવહાર થાય છે. જડ પદાર્થમાં અચેતનસ્વભાવ છે. સિદ્ધ ભગવંતોમાં શુદ્ધ ચેતના પ્રગટ છે. સંસારી જીવોએ શુદ્ધ ચેતનાને પ્રગટાવવાની છે.(૧૨/૧)

જીવનો જે આંશિક અચેતનસ્વભાવ છે, તે જીવને સંપૂર્ણ ચેતનવંતો બનાવનાર ગુરુની મહત્તાને જણાવે છે. (૧૨/૨)

(૩-૪) રૂપ, રસ વગેરે મૂર્તસ્વભાવને કારણે પ્રગટે છે. અરૂપી દ્રવ્યમાં અમૂર્તસ્વભાવ જાણવો. જ્ઞાનાત્મક આત્મા પરમાર્થથી અમૂર્ત છે. કર્મના કારણે તેનામાં મૂર્તત્વ જણાય છે. (૧૨/૩)

(૫) વસ્તુનો એકાકાર પરિણામ એકપ્રદેશસ્વભાવ કહેવાય. આ સ્વભાવને કારણે 'ધર્માસ્તિકાય એક છે' - એવો વ્યવહાર થાય છે. સ્વરૂપસ્થ દરેક સિદ્ધ ભગવંત દ્રવ્યાર્થનયથી એક જ છે. (૧૨/૪)

(૬) પ્રદેશાર્થનય વિવિધ પ્રદેશોના સંબંધથી અનેકપ્રદેશસ્વભાવને જણાવે છે. આત્માના પ્રદેશ અસંખ્ય હોવાથી આત્મામાં અનેકપ્રદેશસ્વભાવ કહી શકાય. (૧૨/૫)

હવાથી વસ્ત્રનો એક છેડો હલતો હોય ત્યારે વસ્ત્ર સ્થિર પણ છે અને હલે પણ છે. આ ઉભય વિશેષ કાર્ય થવાથી અનેકપ્રદેશસ્વભાવને સ્વીકારવો. (૧૨/૬)

એક વસ્તુ બીજામાં રહે તો એક ભાગમાં રહે અથવા વ્યાપીને રહે. જુદા-જુદા કર્મપુદ્ગલો આત્મામાં વિવિધ સ્થાને રહેલા છે. જ્યારે રાગ-દ્વેષરૂપ ભાવ કર્મ તો આત્મામાં સંપૂર્ણપણે વ્યાપેલા છે. તેથી આત્માના ભાવકર્મને દૂર કરવા વિશેષ રીતે પ્રયત્નશીલ બનવું. (૧૨/૭)

(૭) વિભાવસ્વભાવથી અન્યરૂપે પરિણમન થવાથી જીવ સંસારમાં ભટકી રહેલો છે. તે નીકળી જાય તો શુદ્ધાત્માનો સંસાર અસંભવિત છે. (૧૨/૮)

(૮-૯) કૈવલ્ય એ શુદ્ધસ્વભાવ છે. કર્મ-નોકર્મ વગેરે ઉપાધિથી અશુદ્ધસ્વભાવ ઉત્પન્ન થાય છે. બહિર્ભાવ અશુદ્ધ સ્વભાવનું કારણ છે. તેને છોડી અંતર્ભાવ કેળવી આત્મશુદ્ધિ પ્રગટાવવી. (૧૨/૯)

(૧૦) એક સ્થાને નિશ્ચિત થયેલા એક સ્વભાવનો અન્યત્ર ઉપચાર કરવો તે ઉપચરિતસ્વભાવ કહેવાય. જેમ કે 'જીવ રૂપી છે' - આ આરોપ વ્યવહારનયથી થાય છે. નિશ્ચયનયને તે માન્ય નથી. (૧૨/૧૦)

ઉપચરિત સ્વભાવ બે પ્રકારે જાણવા. (૧) 'જીવમાં અજ્ઞાનતા છે' - આ કર્મજનિત ઉપચરિત સ્વભાવ છે. (૨) 'સિદ્ધ ભગવંતમાં પરદર્શિતા છે' - આ સ્વભાવજનિત ઉપચરિત સ્વભાવ છે. આ વ્યવહારનયનો મત સમજવો. નિશ્ચયનયથી આત્મા સ્વજ્ઞાતા અને સ્વદર્શી છે. (૧૨/૧૧)

આમ જીવમાં અને પુદ્ગલમાં '૧૧' સામાન્યસ્વભાવ + '૧૦' વિશેષસ્વભાવ એમ '૨૧' સ્વભાવ જાણવા. તેમાંથી સિદ્ધસાપેક્ષ અમૂર્તસ્વભાવ વગેરેને પ્રગટાવવાનું લક્ષ કેળવવું. (૧૨/૧૨)

કાળમાં '૧૫' સ્વભાવ છે. તેમાં અનેકપ્રદેશસ્વભાવ ઉમેરવાથી ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશમાં સોળ સ્વભાવ જાણવા. આમ જીવે પોતાના સ્વભાવને જાણી તેમાં સ્થિર થવું. (૧૨/૧૩)

આમ પ્રમાણથી અને નયથી '૨૧' સ્વભાવનો સૂક્ષ્મ બોધ જીવે મેળવવો. (૧૨/૧૪)

## ઢાળ - ૧૨

(જી હો સંભવ નામ સુહામણું - એ દેશી◆)

▸હિવઈ આગલી ઢાળે ચેતન દ્રવ્યનું સ્વરૂપ વર્ણવઈ છઇ, તે જાણોજી◂ -

**જી હો ચેતનભાવ તે ચેતના, લાલા ઉલટ અચેતન ભાવ;**

**જી હો ચેતનતા વિણ સર્વથા✡ જીવનઈ, લાલા થાઈ કર્મ અભાવ ॥૧૨/૧॥ (૧૯૫)**

**ચતુર નર ! ધારો અર્થ વિચાર. (આંકણી)**

---

**• द्रव्यानुयोगपरामर्शः •**

**शाखा - १२**

"सामान्य-विशेषयोः कथञ्चिदेकत्वाद्" (द.वै.अ.१/नि.५२ वृ.पृ.१३४) इति **दशवैकालिकनिर्युक्तिहारिभद्रीवृत्ति**वचनात् सामान्यस्वभावनिरूपणाऽनन्तरं द्रव्याणां विशेषस्वभावान् व्याख्यानयति – '**चैतन्ये**'ति।

**चैतन्यव्यवहारः स्यात् चेतनभावतोऽन्यथा।**

**जडभावः, जडत्वे तु कर्माऽसम्बन्ध आत्मनि।।१२/१।।**

**चतुर ! नोऽत्र चित्तेऽर्थो विमृश्यतां च धार्यताम्।। ध्रुवपदम्।।**

**• द्रव्यानुयोगपरामर्शकर्णिका •**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – चेतनभावतः चैतन्यव्यवहारः स्यात्। अन्यथा जडभावः (ज्ञेयः)। जडत्वे तु आत्मनि कर्माऽसम्बन्धः।।१२/१।।

चतुर ! नः ! अत्र चित्ते अर्थः विमृश्यतां धार्यतां च।। ध्रुवपदम्।।

विशेषस्वभावलक्षणन्तु **देवचन्द्रवाचकैः नयचक्रसारे** "भिन्न-भिन्नपर्यायस्वकार्यकरणप्रवर्त्तनसहकारभूताः

---

**❊ દ્રવ્યાનુયોગપરામર્શકર્ણિકા સુવાસ ❊**

[illegible] :- 'સામાન્ય અને વિશેષ અમુક અપેક્ષાએ એક = અભિન્ન છે' - આ મુજબ **શ્રીહરિભદ્રસૂરિજીએ દશવૈકાલિકનિર્યુક્તિવ્યાખ્યા**માં જણાવેલ છે. તેથી દ્રવ્યોના ૧૧ સામાન્યસ્વભાવોનું નિરૂપણ કર્યા બાદ હવે દ્રવ્યોના દશ વિશેષસ્વભાવોની ગ્રંથકારશ્રી વ્યાખ્યા કરે છે :-

[illegible] :- ચેતનસ્વભાવના લીધે ચૈતન્યનો વ્યવહાર થાય. તેનાથી ઊલટો જડસ્વભાવ જાણવો. આત્મા જો જડ હોય તો આત્મામાં કર્મનો સંબંધ થઈ ન શકે. (૧૨/૧)

હે ચતુર નર ! ચિત્તમાં પદાર્થને વિચારો અને ધારણ કરો. (**ધ્રુવપદ**)

**卐 વિશેષસ્વભાવ લક્ષણ 卐**

[illegible] :- વિશેષસ્વભાવનું લક્ષણ ઉપાધ્યાય **શ્રીદેવચન્દ્રજી** મહારાજે **નયચક્રસાર** ગ્રન્થમાં આ મુજબ જણાવેલ છે કે "ભિન્ન ભિન્ન એવા પર્યાયો પોતાનું કાર્ય કરવામાં પ્રવર્ત્તે તેમાં સહકારભૂત એવા

---

◆ કો.(૧૧)માં 'મેંદી રંગ લાગો' પાઠ. ▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ કો.(૧૦+૧૧)માં નથી. ✡ પુસ્તકોમાં 'સર્વથા' પદ નથી. આ.(૧)માં છે.

જેહથી ચેતનપણાનો વ્યવહાર થાઈ **તે (ચેતના =) ચેતનસ્વભાવ.**

पर्यायानुगतपरिणामाः विशेषस्वभावाः" (न.च.सा.पृ.१७६) इत्युक्तम्।

इह तु देवसेनमतानुसारेण दश विशेषस्वभावा उच्यन्ते।

(१) आत्मनि **चैतन्यव्यवहारः** = जीवत्वव्यवहारः **चेतनभावतः स्यात्**। तदिदमभिप्रेत्योक्तं **विशेषावश्यकभाष्यमलधारवृत्तौ** अपि "आत्मनो जीवत्वनिबन्धनं चैतन्यमात्रम्" (वि.आ.भा.४९८ वृ.) इति। येन जीवत्वव्यवहार आत्मनि भवति स चेतनस्वभावः इत्यर्थः। प्रयोगस्त्वेवम् – आत्मा चेतनस्वभावः चेतनव्यवहारविषयत्वात्, यन्नैवं तन्नैवं यथा घट इति।

आत्मनि चेतनस्वभावः स्वत एव भवति, न परतः, अन्यथा ज्ञातृत्वाऽयोगात्, जडवत्। तदिदमभिप्रेत्योक्तम् **अकलङ्कस्वामिना सिद्धिविनिश्चये** "यदि पुनः स्वतो ज्ञाता न स्यात् कुतः परतोऽचेतनवद्" (सि.वि.४/२/स्वो.वृ.भाग-१/पृ.२३१) इति। "चैतन्यमनुभूतिः स्यात्, सा क्रियारूपमेव च। क्रिया मनो-वचः -कायेष्वन्विता वर्तते ध्रुवम्।।" (आ.प.पृ.१०) इति **आलापपद्धतौ देवसेनः**।

"चैतन्यशक्तिः आत्मस्वरूपभूता" (स्या.म.का.१५/पृ.१०३) इति **स्याद्वादमञ्जर्यां मल्लिषेणसूरिः**।

જે જે પર્યાયાનુગત પરિણામો હોય, તે વિશેષસ્વભાવ કહેવાય."

(इह.) પરંતુ અહીં **દેવસેન**મત મુજબ દશ પ્રકારના વિશેષસ્વભાવ કહેવામાં આવે છે.

### ❋ ચેતનસ્વભાવની વિચારણા ❋

(૧) આત્મામાં ચૈતન્યનો = જીવત્વનો વ્યવહાર ચેતનસ્વભાવના લીધે = ચૈતન્યના લીધે થાય. આ જ અભિપ્રાયથી **વિશેષાવશ્યકભાષ્યની મલધારવૃત્તિ**માં પણ જણાવેલ છે કે 'આત્મામાં જીવત્વનું કારણ માત્ર ચૈતન્ય છે.' 'જીવત્વનું = જીવત્વવ્યવહારનું' - એમ સમજવું. મતલબ કે જેના લીધે આત્મામાં ચૈતન્યનો = જીવત્વનો વ્યવહાર થાય છે તે ચેતનસ્વભાવ = ચૈતન્ય છે. પ્રસ્તુતમાં અનુમાનપ્રયોગ આમ જાણવો - આત્મા (= પક્ષ) ચેતનસ્વભાવવાળો છે. કારણ કે તે ચેતનવ્યવહારનો વિષય બને છે (= હેતુ). જેમાં ચેતનસ્વભાવ ન હોય તે વસ્તુ ચેતનવ્યવહારનો વિષય બને નહિ. જેમ કે ઘટ. ઘડામાં ચેતનસ્વભાવ નથી. તેથી ઘડાને ઉદ્દેશીને 'આ ચેતન છે' - આવો વ્યવહાર કોઈ કરતું નથી.

### ❁ આત્મા સ્વતઃ જ્ઞાતા ❁

**(आत्म.)** આત્મામાં ચેતનસ્વભાવ સ્વતઃ જ હોય છે. અન્યની અપેક્ષાએ આત્મામાં ચેતનસ્વભાવ નથી રહેતો. જો પરદ્રવ્યાદિને સાપેક્ષ ચેતનસ્વભાવ આત્મામાં રહેતો હોય તો ઘટાદિ જડદ્રવ્યની જેમ આત્મા કદાપિ જ્ઞાતા જ ન બની શકે. આ અભિપ્રાયથી **સિદ્ધિવિનિશ્ચય** ગ્રંથમાં **અકલંકસ્વામી**એ જણાવેલ છે કે 'જો આત્મા સ્વતઃ જ્ઞાતા ન હોય તો જડદ્રવ્યની જેમ પરતઃ જ્ઞાતા ક્યાંથી બની શકે ?' **આલાપપદ્ધતિ**માં દિગંબર **દેવસેનજી**એ ચૈતન્ય અંગે જણાવેલ છે કે "ચૈતન્ય અનુભૂતિસ્વરૂપ છે. તથા અનુભૂતિ ક્રિયાસ્વરૂપ છે. તેમજ ક્રિયા ચોક્કસ મન, વચન અને કાયા - આ ત્રણમાં અન્વિત = વણાયેલ હોય છે."

### ❖ ચૈતન્યશક્તિ આત્મસ્વરૂપ ❖

("चैत.) કલિકાલસર્વજ્ઞ શ્રી**હેમચંદ્રસૂરિ**જી મહારાજે રચેલી **અન્યયોગવ્યવચ્છેદદ્વાત્રિંશિકા** ઉપર

प्रकृते ज्ञस्वभाव आत्मा ज्ञानादभिन्नतया कक्षीकर्तव्यः, संवेदनोपलब्धेः। न हि ज्ञानभिन्ने घटादौ संवित्तिरुपलभ्यते। एतदभिप्रायेणैव श्रीहरिभद्रसूरिभिः **धर्मसङ्ग्रहण्यां** [1]"णाता संवित्तीओ जीवो न हि णाणभिन्नरूवाणं। सा अत्थि घडादीणं तक्कज्जाऽदरिसणाउ त्ति।।" (ध.स.४७६) इत्युक्तम्।

एकान्तभेदे ज्ञानात्मनोः गुण-गुणिभाव एव विघटेत। तदुक्तं **कार्त्तिकेयानुप्रेक्षायाम्** – [2]"जीवो णाणसहावो जह अग्गी उण्हवो सहावेण। अत्थंतरभूदेण हि णाणेण ण सो हवे णाणी।। [3]जदि जीवादो भिण्णं सव्वपयारेण हवदि तं णाणं। गुण-गुणिभावो य तहा दूरेण पणस्सदे दुण्हं।।" (का.अ.१७८/१७९) इति।

असंज्ञिनामपि अकृत्रिमं चैतन्यम् आहारादिसंज्ञाद्वारेण अवगम्यत एव। यथोक्तं **विशेषावश्यकभाष्ये** [4]"चेयण्णमकित्तिममसण्णीणं" (वि.आ.भा.४७५) इति। सर्वजघन्यं चैतन्यं सूक्ष्मनिगोदा-

---

**સ્યાદ્વાદમંજરી** નામની વ્યાખ્યા શ્રી**મલ્લિષેણસૂરિજી** મહારાજે બનાવેલી છે. તેમાં તેઓશ્રીએ જણાવેલ છે કે 'ચૈતન્યશક્તિ આત્મસ્વભાવાત્મક છે'.

### ❋ જ્ઞાન-જ્ઞાની વચ્ચે અભેદ ❋

**(प्रकृ.)** પ્રસ્તુત આત્મા જ્ઞાનથી અભિન્ન હોવાના લીધે તેને જ્ઞાતા = જ્ઞાયક = જ્ઞાનસ્વભાવી માનવો જરૂરી છે. કારણ કે આત્મામાં સંવેદન ઉપલબ્ધ થાય છે. જે જ્ઞાનભિન્ન છે તેવા ઘટાદિમાં ખરેખર ક્યારેય પણ સંવેદનની ઉપલબ્ધિ થતી નથી. આ જ અભિપ્રાયથી શ્રી**હરિભદ્રસૂરિજી**એ **ધર્મસંગ્રહણિ** ગ્રંથમાં જણાવેલ છે કે "સંવેદનના લીધે જીવ જ્ઞાતા = જ્ઞાનસ્વભાવવાળો છે. જ્ઞાનભિન્નસ્વભાવી એવા ઘટાદિમાં કદાપિ સંવેદના ઉપલબ્ધ થતી નથી. કેમ કે તેમાં ક્યારેય સંવેદનના કાર્યસ્વરૂપ એવી ઈષ્ટપ્રવૃત્તિ કે અનિષ્ટનિવૃત્તિ દેખાતી નથી."

### ✡ એકાંતભેદપક્ષમાં ગુણ-ગુણીભાવ અસંગત ✡

**(एका.)** જો જ્ઞાન અને આત્મા વચ્ચે સર્વથા ભેદ હોય તો તે બંને વચ્ચે ગુણ-ગુણીભાવનો ઉચ્છેદ થઈ જાય. **કાર્ત્તિકેયાનુપ્રેક્ષા**માં **સ્વામિકુમારે** જણાવેલ છે કે 'જેમ અગ્નિ સ્વભાવથી જ ઉષ્ણ છે તેમ જીવ જ્ઞાનસ્વભાવી છે. જો જ્ઞાન આત્માથી અતિરિક્ત હોય તો તેવા જ્ઞાનથી આત્મા જ્ઞાની બની ન શકે. જો સર્વ પ્રકારે જ્ઞાન જીવથી ભિન્ન હોય તો આત્મા અને જ્ઞાન વચ્ચે ગુણ-ગુણીભાવ પલાયન થઈ જશે.'

### ☫ અસંજ્ઞી જીવોમાં પણ સ્વાભાવિક ચેતના ☫

**(असं.)** અસંજ્ઞી જીવોમાં પણ સ્વાભાવિક ચૈતન્ય હોય છે. તે ચૈતન્ય આહારસંજ્ઞા, ભય સંજ્ઞા વગેરે દ્વારા અવશ્ય જણાય છે. તેથી **વિશેષાવશ્યકભાષ્ય**માં જણાવેલ છે કે 'અસંજ્ઞી જીવોમાં સ્વાભાવિક ચૈતન્ય હોય છે.' સર્વ જઘન્ય ચૈતન્ય સૂક્ષ્મ નિગોદના અપર્યાપ્ત જીવની ઉત્પત્તિના પ્રથમ સમયે હોય

---

1. ज्ञाता संवित्तितो जीवो न हि ज्ञानभिन्नरूपाणाम्। साऽस्ति घटादीनां तत्कार्याऽदर्शनादिति।।
2. जीवो ज्ञानस्वभावो यथा अग्निः उष्णः स्वभावेन। अर्थान्तरभूतेन हि ज्ञानेन न स भवेद् ज्ञानी।।
3. यदि जीवात् भिन्नं सर्वप्रकारेण भवति तत् ज्ञानम्। गुण-गुणिभावः च तथा दूरेण प्रणश्यते द्वयोः।।
4. चैतन्यमकृत्रिममसंज्ञिनाम्।

તેહથી ઊલટો તે **અચેતનસ્વભાવ** *કહ્યો છે.*

ऽपर्याप्तोत्पादप्रथमसमयेऽवसेयम्। तदुक्तं **गोम्मटसारे** जीवकाण्डे **नेमिचन्द्राचार्येण** [1]"सुहमणिगोदअपज्जत्तयस्स जादस्स पढमसमयम्हि। हवदि हु सव्वजहण्णं णिच्चुग्घाडं णिरावरणम्।।" (गो.सा.जी.का.३२०) इति। इदमेवाभिप्रेत्य **चक्रेश्वरसूरिणा शतकप्रकरणभाष्ये** [2]"निगोयवत्था जा होइ, तहिं पि चिट्ठइ नाणलवो को वि जीवस्स" (श.प्र.भा.६९४) इत्युक्तम्। उक्तः प्रथमः स्वभावः।

(२) साम्प्रतं द्वितीयं विशेषस्वभावमाह – **अन्यथा** = विपर्ययेण **जडभावः** = अचेतनस्वभावः ज्ञेयः। येनाऽचैतन्यव्यवहारो घटादौ भवति सोऽचेतनस्वभाव इत्यर्थः। तदुक्तं **बृहन्नयचक्रे** [3]"अणुहवभावो चेयणमचेयणं होइ तस्स विवरीयं" (बृ.न.च.६३) इति।

जीवव्यतिरिक्तद्रव्याणामचेतनस्वभावो बोध्यः। तदुक्तं **पञ्चास्तिकाये** [4]"आगास-काल-पुग्गल-धम्मा-

છે. આ અંગે શ્રી**નેમિચન્દ્ર**જીએ **ગોમ્મટસાર**માં જીવકાંડમાં જણાવેલ છે કે "સૂક્ષ્મ નિગોદના લબ્ધિ અપર્યાપ્ત જીવને ઉત્પત્તિના પ્રથમ સમયે સર્વ જઘન્ય જ્ઞાન હોય છે. તે કાયમ પ્રગટ અને નિરાવરણ હોય છે." આ જ અભિપ્રાયથી **ચક્રેશ્વરસૂરિ**એ પણ **શતકપ્રકરણભાષ્ય**માં જણાવેલ છે કે 'જીવની જે નિગોદ અવસ્થા હોય છે, ત્યાં પણ જ્ઞાનનો કોઈક અંશ રહે છે.' આમ પ્રથમ સ્વભાવનું નિરૂપણ પૂર્ણ થયું.

**સ્પષ્ટતા** :- દિગંબર સંપ્રદાય મુજબ, હાલ દ્રવ્યના દશ પ્રકારના વિશેષસ્વભાવની વ્યાખ્યા ચાલી રહી છે. શ્વેતાંબર સંપ્રદાય મુજબ, ચૈતન્યશક્તિ ચેતનસ્વભાવાત્મક છે.

### * અચેતનસ્વભાવનું પ્રતિપાદન *

(૨) હવે ગ્રંથકારશ્રી બીજા વિશેષસ્વભાવને જણાવે છે. ચેતનસ્વભાવથી ઊલટો હોય તે અચેતનસ્વભાવ જાણવો. મતલબ એ છે કે જેના નિમિત્તે અચૈતન્યનો વ્યવહાર થાય તે અચેતન- સ્વભાવ જાણવો. જેમ કે ઘટ-પટ વગેરેને ઉદ્દેશીને 'આ જડ છે, અચેતન છે' - આવો જે વ્યવહાર પ્રવર્ત્તે છે તેમાં ઘટ-પટ વગેરેનો અચેતનસ્વભાવ નિમિત્ત છે. પ્રસ્તુત વિષય અંગે **બૃહદ્નયચક્ર** ગ્રંથમાં જણાવેલ છે કે 'અનુભવસ્વરૂપ ભાવને ચેતન કહેવાય છે. તથા તેનાથી વિપરીત ભાવ અચેતન છે.'

**સ્પષ્ટતા** :- જે જાણે છે, જુએ છે, અનુભવે છે તે ચેતન છે. જેનામાં જાણવાની, જોવાની, અનુભવ કરવાની શક્તિ નથી હોતી તે અચેતન છે. તેથી જાણવા સ્વરૂપ, જોવા સ્વરૂપ, અનુભવ કરવા સ્વરૂપ ભાવને ચેતનસ્વભાવ કહેવાય છે. તથા તેનાથી વિપરીત ભાવને અચેતનસ્વભાવ કહેવાય છે.

### * પંચાસ્તિકાય સંદર્ભ *

(જીવ.) જીવ સિવાયના દ્રવ્યોમાં અચેતનસ્વભાવ જાણવો. તેથી **પંચાસ્તિકાય**માં જણાવેલ છે કે 'આકાશ, કાલ, પુદ્ગલ, ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય - આ પાંચેયમાં જીવના ગુણો નથી. તેથી

*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. આ.(૧)માં છે. 1. सूक्ष्मनिगोदाऽपर्याप्तस्य जातस्य प्रथमसमये। भवति तु सर्वजघन्यं नित्योद्घाटं निरावरणम्।। 2. निगोदावस्था या भवति तत्रापि तिष्ठति ज्ञानलवः कोऽपि जीवस्य। 3. अनुभवभावः चेतनमचेतनं भवति तस्य विपरीतम्। 4. आकाश-काल-पुद्गल-धर्माऽधर्मेषु न सन्ति जीवगुणाः। तेषामचेतनत्वं भणितं जीवस्य चेतनता।।

જો (**સર્વથા**) **જીવનઈં** (**ચેતનતા વિણ** =) ચેતનસ્વભાવ ન કહિઈં, તો રાગ-દ્વેષ[♦]ચેતનારૂપ કારણ વિના જ્ઞાનાવરણાદિ **કર્મનો અભાવ થાઈ.**

धम्मेसु णत्थि जीवगुणा। तेसिं अचेदणत्तं भणिदं, जीवस्स चेदणता।।" (पञ्चा. १२४) इति।

जीवस्य **जडत्वे** = चेतनस्वभावानभ्युपगमे **तु** मत्याद्यनुविद्धराग-द्वेषादिपरिणामस्वरूपचेतनात्मकं कर्मबन्धकारणं न स्यात्। **मेदिनीकरेण मेदिनीकोशे** "तु पादपूरणे भेदे समुच्चयेऽवधारणे। पक्षान्तरे नियोगे च प्रशंसायां विनिग्रहे।।" (मे.को.अव्ययवर्ग-१९/पृ.१८०) इति यदुक्तं तदनुसारेण तुशब्दोऽत्र विनिग्रहार्थे ज्ञेयः। रागादिसमनुविद्धमति-श्रुतादिकमशुद्धचैतन्यम्, केवलज्ञानादिकञ्च शुद्धचैतन्यम्। सर्वथा जडत्वे तु तदुभयाऽभावः इति तुशब्दार्थो विनिग्रहो बोध्यः। ***एतेन*** "अचैतन्यपक्षेऽपि सकलचैतन्योच्छेदः स्याद्" (बृ.न.च.गाथा ६९/पृष्ठ-३७) इति **बृहन्नयचक्रवृत्ति**कृद्वचनमपि ***व्याख्यातम्,*** सकलचैतन्यपदस्य शुद्धाऽशुद्धद्विविधचैतन्यपरत्वात्।

***न चा***स्तु आत्मनि रागादिलक्षणाऽशुद्धचैतन्यविरहः, एवं को दोषः ? इति ***वाच्यम्,***

तथा सति **आत्मनि कर्माऽसम्बन्धः** = ज्ञानावरणीयादिकर्मबन्धाऽभावः प्रसज्येत। न च

તે પાંચેયમાં શાસ્ત્રકારો અચૈતન્ય = અચેતનસ્વભાવ કહે છે તથા જીવમાં ચૈતન્ય = ચેતનસ્વભાવ કહે છે.'

### ❀ દ્વિવિધ ચૈતન્યનું પ્રતિપાદન ❀

(जीवस्य.) જો જીવમાં ચેતનસ્વભાવ માનવામાં ન આવે તો રાગ-દ્વેષાદિ પરિણામસ્વરૂપ ચેતના જીવમાં નહિ રહે. મતિ-શ્રુતાદિથી વણાયેલ રાગ-દ્વેષાદિ પરિણામસ્વરૂપ ચેતના એ જ કર્મબંધનું કારણ છે. કારણ કે રાગ-દ્વેષ વગેરેથી યુક્ત મતિ-શ્રુતાદિ પરિણામો એ અશુદ્ધ ચૈતન્ય છે. તથા કેવલજ્ઞાન વગેરે શુદ્ધ ચૈતન્ય છે. **પ્રાણકર**ના પુત્ર **મેદિનીકરે મેદિનીકોશ** બનાવેલ છે. તેમાં તેમણે "(૧) પાદપૂર્ત્તિ, (૨) ભેદ (= તફાવત), (૩) સમુચ્ચય, (૪) અવધારણ, (૫) પક્ષાન્તર, (૬) નિયોગ, (૭) પ્રશંસા તથા (૮) વિનિગ્રહ - આટલા અર્થમાં 'तु' વપરાય છે" - તેમ જણાવેલ છે. તે મુજબ મૂળ શ્લોકમાં રહેલો 'तु' શબ્દ વિનિગ્રહ અર્થમાં સમજવો. પ્રસ્તુતમાં વિશેષ પ્રકારે નિગ્રહ (= આપત્તિ) આ રીતે સમજી શકાય છે કે જો જીવ સર્વથા જડ હોય તો જીવમાં શુદ્ધ અને અશુદ્ધ બન્ને પ્રકારની ચેતનાનો અભાવ થશે. **બૃહદ્નયચક્રવૃત્તિ**માં 'જીવને સર્વથા અચેતન માનનારા પક્ષમાં પણ સકલ ચૈતન્યનો ઉચ્છેદ થવા સ્વરૂપ દોષ આવશે' - આ પ્રમાણે જે જણાવેલ છે, તેની પણ સ્પષ્ટતા ઉપરોક્ત નિરૂપણ દ્વારા થઈ જાય છે. કેમ કે 'સકલ ચૈતન્ય' પદ શુદ્ધ અને અશુદ્ધ - બન્ને પ્રકારના ચૈતન્યનું બોધક છે.

**શંકા** :- (न चा.) આત્મામાં રાગાદિસ્વરૂપ અશુદ્ધ ચેતના ન હોય તો શું વાંધો આવે ?

### ❀ રાગાદિ કર્મબંધકારણ ❀

**સમાધાન** :- (तथा.) જો આત્મામાં રાગાદિ પરિણામસ્વરૂપ અશુદ્ધ ચેતના માનવામાં ન આવે તો આત્મામાં કદાપિ જ્ઞાનાવરણીય વગેરે કર્મનો સંબંધ જ સંભવી નહિ શકે. કેમ કે કારણ વિના કાર્ય ઉત્પન્ન થઈ ન શકે. 'રાગ-દ્વેષ વગેરે પરિણામો કર્મબંધના કારણ છે' - આ વાત અપ્રસિદ્ધ નથી.

♦ દ્વેષરૂપ. ભા૦.

**यत उक्तम्** – स्नेहाभ्यक्तशरीरस्य रेणुना श्लिष्यते यथा गात्रम्। राग-द्वेषक्लिन्नस्य कर्मबन्धो भवत्येवम् ।। (**प्रशमरति**-५५) **इति**। ▸હે **ચતુર નર** ! આત્મગવેષી નર ! હે આત્મઉપાસી ! હે આત્માર્થી ! હે આત્મ-શરણગતિ નર ! સદ્ગુરુ પાસે આગમના દ્રવ્યાદિ **અર્થ (વિચાર) ધારો**, ગ્રહો, ભણો.◂ ॥૧૨/૧॥

रागादीनां कर्मबन्धकारणता अप्रसिद्धा, तदुक्तं **वाचकमुख्यैः प्रशमरतौ** "स्नेहाभ्यक्तशरीरस्य रेणुना श्लिष्यते यथा गात्रम्। राग-द्वेषक्लिन्नस्य कर्मबन्धो भवत्येवम्।। एवं राग-द्वेषौ मोहो मिथ्यात्वमविरतिश्चैव। ह्येभिः प्रमाद-योगानुगैः समादीयते कर्म।।" (प्र.र.५५-५६) इति।

प्रकृते [1]"जो सो दु णेहभावो तम्हि णरे तेण तस्स रयबंधो। णिच्छयदो विण्णेयं ण कायचेट्ठाहिं सेसाहिं।। [2]एवं मिच्छादिट्ठी वट्टंतो बहुविहासु चिट्ठासु। रागादी उवओगे कुव्वंतो लिप्पदि रएण।।" (स.सा.२४०-२४१) इति **समयसार**गाथे अवधातव्ये।

**चतुर** ! आत्मगवेषक ! आत्मोपासक ! आत्मार्थि ! आत्मशरणागत ! **नः** ! = नर ! सद्गुरुसकाशे सविनयम् उपविश्य तत्त्वं श्रुत्वा **चित्ते अर्थः** = आगमोक्तद्रव्य-गुण-पर्यायपदार्थसमूहः **विमृश्यतां धार्यतां च**।। *ध्रुवपदव्याख्यानम्*।।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – इह खलु मिथ्यात्वानुविद्धाऽज्ञानावरणोदयेन मूढः अयम्

કારણ કે વાચકશિરોમણિ **શ્રીઉમાસ્વાતિજી** મહારાજે **પ્રશમરતિ** ગ્રંથમાં જણાવેલ છે કે 'ઘી-તેલ વગેરે ચીકણા દ્રવ્યથી જેનું શરીર વ્યાપ્ત હોય, ખરડાયેલ હોય તે વ્યક્તિના શરીરને જેમ ધૂળ ચોંટે છે. તેમ રાગ-દ્વેષાદિ પરિણામોથી વ્યાપ્ત એવા જીવને કર્મ ચોંટે જ છે, બંધાય જ છે. આમ રાગ, દ્વેષ, મોહ (= અજ્ઞાન), મિથ્યાત્વ અને અવિરતિ - આ કર્મબંધના કારણ છે. પ્રમાદ અને યોગની સાથે રહેલા રાગાદિ પરિણામો દ્વારા કર્મ ભેગા થાય છે.'

### ❁ રાગાદિ ભાવથી કર્મબંધ ❁

(**प्रकृ.**) પ્રસ્તુતમાં 'તે પુરુષમાં જે તેલ આદિનો ચીકાશભાવ છે તેનાથી તેને રજનો બંધ થાય છે - એમ નિશ્ચયથી જાણવું. શેષ કાયાની ચેષ્ટાઓથી બંધ નથી થતો. તેમ બહુ પ્રકારની ચેષ્ટાઓમાં વર્તતો મિથ્યાદષ્ટિ પોતાના ઉપયોગમાં રાગાદિ ભાવોને કરતો થકો કર્મરૂપી રજથી લેપાય છે' - આ પ્રમાણે **સમયસાર** ગ્રંથની બે ગાથાઓને મનમાં ધારણ કરવી.

(**चतु.**) હે ચતુરનર ! હે આત્મગવેષી મનુષ્ય ! હે આત્મોપાસક માણસ ! હે આત્માર્થી જીવ ! હે આત્મશરણાગત પ્રાણી ! સદ્ગુરુની પાસે બેસીને વિનયપૂર્વક તત્ત્વશ્રવણ કરીને ચિત્તમાં આગમોક્ત દ્રવ્ય-ગુણ-પર્યાયપદાર્થસમૂહાત્મક વિષયને આ પ્રમાણે વિચારો અને ધારણ કરો. (**ધ્રુવપદવ્યાખ્યા**)

### ❁ અશુદ્ધ ચેતનાને ટાળીએ ❁

**આધ્યાત્મિક ઉપનય** :- આ જગતમાં ખરેખર મિથ્યાત્વમિશ્રિત અજ્ઞાનાવરણકર્મના ઉદયથી મૂઢ

▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત કો.(૧૩)માં જ છે.

1. यः स तु स्नेहभावः तस्मिन् नरे तेन तस्य रजोबन्धः। निश्चयतः विज्ञेयं न कायचेष्टाभिः शेषाभिः।।

2. एवं मिथ्यादृष्टिः वर्तमानः बहुविधासु चेष्टासु। रागादीन् उपयोगे कुर्वाणः लिप्यते रजसा।।

आत्मा अनादिकालात् कर्मपुद्गलपरिणामात्मकराग-द्वेषादिमिलितनिजचैतन्यरसाऽऽस्वादनतो मुकुलित-स्व-परपरिणामभेदविज्ञानशक्तिः स्वं परं चैकत्वेन अध्यवस्यति। ततश्च 'अहं रागी, द्वेषी, क्रुद्ध' इत्यादिरूपेण स्वं विकल्पयति। अत इह राग-द्वेषादिपरिणामस्वरूपा चेतना दर्शिता उपचारेण। तां तञ्च परिहरति सम्यग्ज्ञानी, यतः ग्रन्थिभेदोत्तरम् अपरोक्षस्वानुभूतिबलेन 'निखिलरसान्तरविविक्त-मधुरचैतन्यैकरसोऽयमात्मा। भिन्नरसाश्च राग-द्वेषादयः। तैः सह यत् तादात्म्यविकल्पकरणं तत् स्व-परात्यन्तभेदाऽज्ञानादि'ति स्व-परान् विविक्ततया जानाति।

अतो राग-द्वेषाद्युदयकालेऽपि तद्विविक्तनिजात्मद्रव्यस्वरूपं वेदयन् 'अहं रागी, द्वेषी, क्रुद्ध' इत्यादिरूपेण स्वं नैव आत्मज्ञो विकल्पयति। 'रागादयः सन्तोऽपि न मम परिणामाः किन्तु कर्मपुद्गलानामेव, भावकर्मरूपत्वात्। न मम तैः किञ्चित् कार्यम्। ममान्तःप्रतिभासमाना अपि

---

બનેલો આ આત્મા અનાદિ કાળથી કર્મપુદ્ગલના પરિણામસ્વરૂપ રાગ-દ્વેષ વગેરેની સાથે એકમેક બની ગયેલા એવા પોતાના ચૈતન્યરસનો આસ્વાદ કરે છે. પૌદ્ગલિક અને આત્મીય રસનું ભેળસેળપણે -એકરૂપે સંવેદન કરવાના લીધે 'આ મારો પરિણામ તથા આ પારકો પરિણામ' - એવી ભેદવિજ્ઞાનની શક્તિ અનાદિ કાળથી આત્મામાં બિડાઈ ગયેલી છે. તેથી તેવો અજ્ઞાની આત્મા પોતાને અને પરને (= કર્માદિપુદ્ગલોને) એકપણે જાણે છે. આમ સ્વ-પરમાં તાદાત્મ્યનો અધ્યાસ કરવાના લીધે 'હું રાગી, દ્વેષી, ક્રોધી છું' - ઈત્યાદિરૂપે પોતાની જાતને જીવ વિચારે છે. તે કારણે અહીં મૂળગ્રંથમાં (દ્રવ્ય-ગુણ -પર્યાય રાસસ્તબકમાં તથા દ્રવ્યાનુયોગપરામર્શકર્ણિકા વ્યાખ્યામાં) રાગ-દ્વેષાદિ પરિણામસ્વરૂપ ચેતના જણાવેલી છે. આ કથન ઉપચારથી જ સમજવું. તેથી રાગાદિપરિણામાત્મક ચેતનાને તથા તેવા ઉપચારને સમ્યગ્જ્ઞાની છોડે છે. કારણ કે ગ્રંથિભેદ પછી જે અપરોક્ષ સ્વાનુભૂતિ થાય છે, તેના બળથી આત્મજ્ઞ સાધક પોતાને અને પરને ભિન્ન-ભિન્નસ્વરૂપે જાણે છે. આત્માનુભવીને અંદરમાં સ્પષ્ટપણે વેદન થાય છે કે "અન્ય સમસ્ત કાર્મિક-પૌદ્ગલિક રસો વિકૃત છે. તેના કરતાં મારો ચૈતન્યરસ અત્યંત મધુર છે. જેમ બરફમાં ઉપર-નીચે-વચ્ચે-આગળ-પાછળ બધે જ માત્ર શીતળતા હોય છે, તેમ મારામાં સર્વત્ર ચૈતન્યરસ જ વ્યાપેલ છે. તથા તેમાં પણ માત્ર મધુરતા છે, કડવાશ-તીખાશ વગેરે નહિ. જ્યારે આ રાગ-દ્વેષાદિ તો તેનાથી ભિન્ન કડવા-તીખા રસવાળા છે. મારા ચૈતન્યરસની મધુરતા પાસે તે તમામ ફિક્કા છે, બેસ્વાદ છે, નીરસ અને વિરસ છે. આવા રસ-કસહીન બેસ્વાદ રાગાદિ પરિણામોની સાથે જે તાદાત્મ્યનો વિકલ્પ કરવો તે નરી મૂર્ખતા છે. સ્વ-પરની વચ્ચે રહેલા અત્યંત ભેદની સમજણ ન હોવાથી જ અત્યાર સુધી તેવો ભ્રાન્ત તાદાત્મ્યવિકલ્પ પ્રવર્તતો હતો."

**☙ 'હું રાગી' - તેવું આત્માનુભવી ન માને ☙**

(अतो.) 'રાગાદિ મારા પરિણામ નથી પણ કર્મપુદ્ગલના પરિણામ છે' - આવી સમજણ આત્માનુભવી પાસે હોવાથી રાગ-દ્વેષ વગેરેના ઉદયકાળે પણ તે રાગાદિશૂન્ય પોતાના આત્મદ્રવ્યના સ્વરૂપનું સંવેદન કરે છે. તેથી તે સમયે આત્મજ્ઞ સાધક 'હું રાગી છું, દ્વેષી છું, ક્રોધી છું' - ઈત્યાદિ સ્વરૂપે પોતાને માનતા નથી જ. આત્મજ્ઞ સાધક પોતાની જાતને રાગી વગેરે સ્વરૂપે વિકલ્પારૂઢ કરતા નથી. આત્માનુભવી

कर्मप्रेरिता रागादयः तुच्छा वराका नश्वराः नैव मया द्रष्टव्याः। निजनिस्तरङ्ग-निर्विकल्प-निश्चल-नित्य-नीराग-चित्स्वभावे एव मया दृष्टिः सहजशान्तभावेन स्थाप्या अनवरतम्, येन कार्त्स्न्येन स आविर्भवेदि'ति भावनया चैतन्यघनस्वभावे आत्मज्ञो निमज्जति। स्वस्माच्च द्रव्य-भावकर्माणि पृथक्करोति, हंस इव क्षीर-नीरविवेकवत्। तदुक्तं **ज्ञानसारे** "कर्म जीवं च संश्लिष्टं सर्वदा क्षीर-नीरवत्। विभिन्नीकुरुते योऽसौ मुनिहंसो विवेकवान्।।" (ज्ञा.सा.१५/१) इति।

इत्थमेव 'रुच्यनुयायि वीर्यस्फुरणमि'ति न्यायेन शुद्धात्मवीर्योल्लासतो रयाद् रागादिपरिणतिलक्षणाऽशुद्धचेतनाह्रासे केवलज्ञानादिलक्षणशुद्धचेतनाऽऽविर्भावः सम्भवति। देहादिनिरपेक्ष-मोहक्षोभविनिर्मुक्त-निर्भ्रान्त-निस्तरङ्गेन्द्रियातीत-मनोऽगोचर-विकल्पशून्य-शब्दाऽगम्य-मत्यनवगाह्याऽतर्क्य-सर्वविभावरहित

---

સમજે છે કે 'રાગ વગેરે પરિણામો કાલ્પનિક નથી. વાસ્તવિક જ છે. તેમ છતાં તે પરિણામો મારા નથી. કર્મપુદ્ગલોના જ છે. કારણ કે તે ભાવકર્મસ્વરૂપ છે. મારે તેનું કશું પણ કામ નથી. મારી અંદરમાં જણાવા છતાં રાગાદિ પરિણામો કર્મપ્રેરિત જ છે. હું તેનો કર્તા નથી. રાગાદિ વિભાવપરિણામો તુચ્છ છે, અસાર છે, રાંકડા છે, નાશવંત છે. તેથી મારે તેને જોવા જ નથી. મારે તો મારા ચૈતન્યસ્વભાવમાં જ મારી દૃષ્ટિને-શ્રદ્ધાને-રુચિને સ્થાપિત કરવી છે. મારો ચૈતન્યસ્વભાવ નિસ્તરંગ છે, નિર્વિકલ્પ છે, નિશ્ચલ છે, નિત્ય છે, રાગશૂન્ય છે. તેમાં જ સહજ શાંતભાવે મારે મારી દૃષ્ટિને સતત સ્થાપિત કરવી છે. જેથી તે ચૈતન્યસ્વભાવ પૂર્ણપણે પ્રગટ થાય." આવી ભાવનાથી આત્મજ્ઞાની સાધક નિજચૈતન્યઘનસ્વભાવમાં ડૂબી જાય છે. તથા પોતાનાથી દ્રવ્યકર્મને અને ભાવકર્મને છૂટા પાડે છે. જેમ હંસ દૂધ-પાણીને છૂટા કરે છે, તેમ આ વાત સમજવી. **જ્ઞાનસાર**માં **મહોપાધ્યાય શ્રીયશોવિજયજી** મહારાજે જણાવેલ છે કે હંમેશા દૂધ-પાણીની જેમ મળેલા કર્મને અને જીવને જે મુનિરૂપી રાજહંસ વિભિન્ન કરે છે, એ વિવેકી છે.' મહોપાધ્યાયજી મહારાજે આ જ દિશામાં સાધકને મોક્ષમાર્ગદર્શન આપતાં **અમૃતવેલની સજ્ઝાય**માં પણ કહેલ છે કે

**કર્મથી કલ્પના ઉપજે, પવનથી જેમ જલધિ વેલ રે,**
**રૂપ પ્રગટે સહજ આપણું, દેખતાં દૃષ્ટિ સ્થિર મેલ રે.(૨૫)**

### ❀ શુદ્ધ ચૈતન્યસ્વભાવને પ્રગટાવીએ ❀

(इत्थ.) આ રીતે પોતાની દૃષ્ટિને/રુચિને શુદ્ધ ચૈતન્યસ્વભાવમાં દૃઢપણે સ્થાપિત કરતાં કરતાં શુદ્ધાત્માનો વીર્યોલ્લાસ શુદ્ધ પૂર્ણ ચૈતન્યસ્વભાવને પ્રગટાવવા માટે ઉછળે છે. કારણ કે 'રુચિ અનુયાયી વીર્યસ્ફુરણ હોય છે' - આવો નિયમ છે. જે બાબતની રુચિ હોય તે દિશામાં વીર્યોલ્લાસ ઉછળતો હોય છે. ભોગીને ભોગવિલાસમાં વીર્યોલ્લાસ પ્રગટે છે. યોગીને યોગસાધનામાં આંતરિક પ્રબળ વીર્યોલ્લાસ પ્રગટે છે. આના કારણે આત્મજ્ઞ સાધકની રાગાદિ પરિણતિસ્વરૂપ અશુદ્ધ ચેતના ઝડપથી ઘટતાં કેવલજ્ઞાનાદિસ્વરૂપ પૂર્ણ શુદ્ધ ચેતના પ્રગટ થવાની દિશા ખુલતી જાય છે. દેહાદિનિરપેક્ષ, મોહના ખળભળાટ વગરની, ભ્રાંતિરહિત, નિસ્તરંગ, અતીન્દ્રિય, મનનો વિષય ન બનનારી, વિકલ્પશૂન્ય, શબ્દથી અગમ્ય, જ્યાં મતિનું અવગાહન થઈ શકતું નથી તેવી, તર્કનો અવિષય તેમજ સર્વ પ્રકારના

-निजपरिशुद्धचेतनाप्रादुर्भावनम् एव सर्वमुमुक्षूणां कर्तव्यम्। ततश्च प्रतिक्षणं [1]"जो परदेहविरत्तो णियदेहे ण य करेदि अणुरायं। अप्पसरूवसुरत्तो असुइत्ते भावणा तस्स।।" (का.अ.८७) इति **कार्त्तिकेयानुप्रेक्षा**-वचनविमर्शतः स्वकीय-परकीयाऽशुचिमयदेहादिममत्वपरित्यागेन निजात्मपरमशुचिस्वरूपनिमज्जनद्वारा रागादिपरिणतिलक्षणाऽशुद्धचेतनाविघटनकरणसूचनमत्रोपलभ्यते इत्यवधेयम्। इत्थमेव [2]"तत्थ न जरा, न मच्चू, न वाहिणो, णेय सव्वदुक्खाइं। अच्चंतसासयं चिय भुंजंति अणोवमं सोक्खं।।" (कु.मा.१८/३३५) इति **कुवलयमालायाम् उद्योतनसूरि**प्रदर्शितं सिद्धसुखं सुलभं स्यात्।।१२/१।।

---

વિભાવ પરિણામોથી નિર્મુક્ત એવી પોતાની પરિશુદ્ધ ચેતનાને પૂર્ણતયા પ્રગટ કરવી એ જ પ્રત્યેક મુમુક્ષુનું કર્તવ્ય છે. તેથી "જે બીજાના શરીરને વિશે વિરક્ત હોય અને પોતાના શરીરમાં આસક્તિ ન કરે તથા પોતાના શુદ્ધાત્મસ્વરૂપમાં લીન હોય તેની પાસે દેહાદિના અશુચિપણાની ભાવના રહેલી છે" - એ પ્રમાણે **કાર્ત્તિકેયઅનુપ્રેક્ષા** ગ્રંથના વચનનું ચિંતન કરીને સ્વ-પરના અશુચિમય શરીરની મમતાનો ત્યાગ કરવાપૂર્વક પોતાના આત્માના પવિત્ર સ્વરૂપમાં ડૂબકી લગાવવા દ્વારા પ્રતિક્ષણ સાવધાનીપૂર્વક રાગાદિ અશુદ્ધ ચેતનાનો ઘટાડો કરવાની સૂચના અહીં પ્રાપ્ત થાય છે. આ રીતે જ **કુવલયમાળા**માં અંતે દર્શાવેલ સિદ્ધસુખ સુલભ થાય છે. ત્યાં પાંચ અંતકૃતકેવલીના પ્રકરણમાં ૧૮ મા વિભાગમાં છેલ્લે શ્રી**ઉદ્યોતનસૂરિજી**એ જણાવેલ છે કે 'ત્યાં મોક્ષમાં ઘડપણ નથી, મૃત્યુ નથી, વ્યાધિઓ નથી, સર્વ પ્રકારના દુઃખો તો નથી જ. ત્યાં અત્યંત શાશ્વત અનુપમ સુખને જ તે સિદ્ધો અનુભવે છે.' (૧૨/૧)

**લખી રાખો ડાયરીમાં.....**

- **સુખના અને સગવડના ત્યાગ વિના સાધના જામે નહિ. દા.ત. અરણિક મુનિ.**
  **જડ-રાગ અને જીવ-દ્વેષ આ બન્નેના ત્યાગ વિના ઉપાસના જામે નહિ. દા.ત. ધર્મરુચિ અણગાર.**
- **વાસના પારદર્શક રીતે પ્રગટવા તૈયાર નથી.**
  **ઉપાસનાની પારદર્શકતા આપોઆપ વ્યક્ત થાય છે.**
- **પદાર્થોને સાચવવા બુદ્ધિ ઉજાગરા કરે છે.**
  **પરિણામને સાચવવા શ્રદ્ધા આત્મજાગરણ કરે છે.**
- **સાધનાના નિયત દિવસોમાં સાધના સરળ છે.**
  **ઉપાસનાના કોઈ નિયત દિવસ નથી.**

---

1. यः परदेहविरक्तः निजदेहे न च करोति अनुरागम्। आत्मस्वरूपसुरक्तः अशुचित्वे भावना तस्य।।
2. तत्र न जरा, न मृत्युः, न व्याधयः, नैव सर्वदुःखानि। अत्यन्तशाश्वतं चैव भुञ्जन्ति अनुपमं सौख्यम्।।

**જી હો જો ચેતનતા સર્વથા, લાલા વિના અચેતનભાવ;**

**જી હો ધ્યાન-ધ્યેય ગુરુ-શિષ્યની, લાલા સી♦ ખપ શુદ્ધ સ્વભાવ ?॥૧૨/૨॥(૧૯૬) ચતુ.**

**જો** જીવનઈં **સર્વથા** (**ચેતનતા=**) ચેતનસ્વભાવ કહિયઈં, **અચેતનસ્વભાવ** (**વિના=**) ન કહિઈં, તો

आत्मनः सर्वथा चेतनस्वभावत्वे बाधकमाह – '**चेतने**'ति।

**चेतनभाव एकान्ताद् विनाऽचेतनभावतः।**
**ध्यानादिधर्मवैयर्थ्यं गुर्वादितत्त्वविप्लवः॥१२/२॥**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – अचेतनभावतः विना एकान्तात् चेतनभावे ध्यानादिधर्मवैयर्थ्यं (तथा) गुर्वादितत्त्वविप्लवः (प्रसज्येत)॥१२/२॥

**अचेतनभावतः** = कथञ्चिज्जडस्वभावाद् **विना** आत्मनि **एकान्तात्** = सर्वथा **चेतनभावे** सति ज्ञानावरणीयादिलक्षणद्रव्यकर्म-शरीरेन्द्रियादिलक्षणनोकर्मणोः अचेतनद्रव्ययोः संश्लेषतोऽपि अचेतन-द्रव्यप्रभावानङ्गीकाराद् न जातुचिद् आत्मनि चैतन्यविकारः स्यात्, केवलचैतन्यस्य अशेषकर्मशून्यात्म-रूपत्वात्। इदमेवाभिप्रेत्य **दीपिका**भिधानायां **सूत्रकृताङ्गवृत्तौ** उपसर्गाध्ययनविवरणे **श्रीशीलाङ्काचार्येण** "आत्मनो भावः = आत्मत्वम् = अशेषकर्मकलङ्करहितत्वम्" (सू.कृ. १/३/३/९ वृ.) इत्युक्तम्।

इत्थञ्चात्मनि सर्वदा केवलचेतनस्वभावाङ्गीकारे कथञ्चिदपि चाऽचेतनस्वभावाऽनभ्युपगमे तु

[illegible] :- આત્મા ચેતન છે. આ વાત સાચી છે. પણ આત્મા સર્વથા ચેતનસ્વભાવવાળો જ છે. આ વાત સાચી નથી. જો આત્માને એકાંતે ચેતનસ્વભાવી જ માનવામાં આવે તો ગ્રંથકારશ્રી તેવું માનવામાં જે દોષ આવે છે, તેને દેખાડે છે :-

### ❀ આત્મા સર્વથા ચેતન નથી ❀

[illegible] :- અચેતનસ્વભાવ વિના, સર્વથા જો ચેતનસ્વભાવ જ આત્મામાં માનવામાં આવે તો ધ્યાન વગેરે ધર્મસાધના વ્યર્થ જશે તથા ગુરુ વગેરે તત્ત્વનો ઉચ્છેદ થઈ જશે. (૧૨/૨)

[illegible] :- કોઈ પણ અપેક્ષાએ, કોઈ પણ અંશે આત્મામાં અચેતનસ્વભાવને માન્યા વિના, સર્વથા ચેતનસ્વભાવ જ માનવામાં આવે તો ક્યારેય પણ આત્મામાં ચૈતન્ય વિકૃત થઈ નહિ શકે. કારણ કે જ્ઞાનાવરણીય વગેરે દ્રવ્ય કર્મ તથા શરીર-ઈન્દ્રિય વગેરે નોકર્મ તો અચેતન = જડ દ્રવ્ય છે. જો આત્મા કોઈ પણ અંશે જડ દ્રવ્યની અસર ઝીલવા તૈયાર ન હોય તો જડ એવા દ્રવ્યકર્મના અને નોકર્મના સંબંધથી આત્માની ચેતના કઈ રીતે વિકૃત થાય ? કારણ કે કેવલ ચૈતન્યસ્વભાવ તો સર્વકર્મશૂન્યઆત્મસ્વરૂપ છે. આ જ અભિપ્રાયથી **સૂત્રકૃતાંગસૂત્ર**ના ત્રીજા **ઉપસર્ગ** અધ્યયનનું વિવરણ કરતી વખતે શ્રી**શીલાંકાચાર્યજી**એ તેની **દીપિકા** નામની વ્યાખ્યામાં જણાવેલ છે કે 'આત્માનો ભાવ = આત્મત્વ = સર્વકર્મકલંકરહિતત્વ'.

### ⁂ સર્વથાચેતનપક્ષમાં ધ્યાનાદિ નિરર્થક ⁂

(**इत्थ.**) આ રીતે આત્મામાં સર્વદા કેવલચેતનસ્વભાવ જ માનવામાં આવે અને કથંચિત્ પણ અચેતનસ્વભાવ

♦ લી.(૩) + લા.(૨)માં 'શિવપદ' પાઠ.

અચેતનકર્મ-નોકર્મ-♦દ્રવ્યોપશ્લેષજનિતચેતનાવિકાર વિના **શુદ્ધ (સ્વભાવ)** = સિદ્ધસદૃશપણું થાઇં, તિવારઇં **ધ્યાન**‡**-ધ્યેય, ગુરુ-શિષ્યની સી ખપ** થાઈ ? સર્વ શાસ્ત્રવ્યવહાર ઈમ ફોક થઇ જાઈં.

---

कर्म-नोकर्मद्रव्योपश्लेषजनितचैतन्यविकृतिं विना संसारी आत्माऽपि सिद्धात्मसदृशः एव भवेत्, सर्वथा चैतन्यस्वरूपत्वाभ्युपगमात्। तथा च संसारि-सिद्धयोः न कश्चिद् भेदः स्यादित्यर्थः। तथा सति **ध्यानादिधर्मवैयर्थ्यं** = ध्यान-ज्ञान-चारित्रादिधर्मनैरर्थक्यं स्यात्, सर्वथा चैतन्यप्रादुर्भावेण सर्वेषाम् आत्मनां कृतकृत्यत्वात्। तथा **गुर्वादितत्त्वविप्लवः** = गुरुशिष्य-ध्यातृध्येय-ग्राह्यग्राहकादिपदार्थोच्छेदः प्रसज्येत, शुद्धचैतन्यस्य सर्वत्राऽविशेषरूपेण प्रादुर्भूतत्वात्। तथा सति सर्वशास्त्रव्यवहारः व्यर्थः स्यात्। तदुक्तम् **आलापपद्धतौ** "सर्वथा चैतन्यमेवेत्युक्ते सर्वेषां शुद्धज्ञान-चैतन्याऽवाप्तिः स्यात्। तथा सति ध्यान-ध्येय-ज्ञान-ज्ञेय-गुरु-शिष्याद्यभावः" (आ.प.पृ.१४) इति।

***अथ*** पुरुषस्य एकान्तचैतन्यस्वरूपतया अनादिशुद्धत्वमेव तथापि अविद्योपकल्पितः संसारः। अतः तन्निवृत्त्यर्थमेव ज्ञान-ध्यानादेः यम-नियमादेः गुरु-शिष्यादिव्यवस्थायाश्चाऽऽवश्यकतेति **चेत्** ?

---

માનવામાં ન આવે તો કર્મદ્રવ્યના અને નોકર્મદ્રવ્યના સંપર્કથી ઉત્પન્ન થતી કોઈ પણ જાતની ચૈતન્યવિકૃતિ અસંભવિત બનવાથી સંસારી આત્મા પણ સિદ્ધ ભગવંતના આત્મા જેવો જ બની જશે. કારણ કે સિદ્ધ જીવની જેમ સંસારી જીવ પણ વર્તમાન ક્ષણે સર્વથા ચૈતન્યસ્વરૂપ જ છે - તેમ તમે માનો છો. તેથી સંસારી જીવમાં અને સિદ્ધ જીવમાં કોઈ પણ પ્રકારનો ભેદ નહિ રહે. તેવું હોય તો ધર્મધ્યાન, જ્ઞાન, ચારિત્ર વગેરે ધર્મસાધના વ્યર્થ જશે. કારણ કે આત્મામાં સર્વથા ચૈતન્યનો પ્રાદુર્ભાવ થયેલો હોય તો સર્વ આત્માઓ સર્વથા કૃતાર્થ થઈ જવાથી કશું જ કરવાનું રહેતું નથી. તેમ જ 'આ ગુરુ છે. મારા માટે તે ઉપાસ્ય છે. હું શિષ્ય છું. હું તેમનો ઉપાસક છું. હું ધ્યાતા છું. તે પરમાત્મા ધ્યેય છે. આત્મા ગ્રાહક કહેવાય તથા નિર્જરા વગેરે ગ્રાહ્ય કહેવાય...' ઈત્યાદિ પદાર્થનો પણ ઉચ્છેદ થઈ જશે. કેમ કે સર્વત્ર સમાન રીતે શુદ્ધ ચૈતન્યનો પ્રાદુર્ભાવ થવાથી બધા જ જીવો સિદ્ધ સમાન જ હોય તો ધર્મસાધના શા માટે કરવાની ? શા માટે ગુરુ નક્કી કરવાના ? શા માટે પરમાત્માને ધ્યેય બનાવવા ? શા માટે આશ્રવને છોડવા અને નિર્જરા વગેરે તત્ત્વને ગ્રહણ કરવા ? સર્વ જીવો સર્વદા સિદ્ધ જેવા જ હોય તો ઉપરની તમામ બાબતો વ્યર્થ જ બની જશે. તથા જો ઉપરોક્ત રીતે બધું વ્યર્થ માનવામાં આવે તો તમામ શાસ્ત્રવ્યવહારો વ્યર્થ બની જશે. તેથી જ **આલાપપદ્ધતિ** ગ્રંથમાં જણાવેલ છે કે "આત્મા સર્વથા = સર્વ પ્રકારે ચેતન જ છે - આવું માનવામાં આવે તો બધા જ જીવોને શુદ્ધ જ્ઞાનની અને અનાવૃત ચૈતન્યની પ્રાપ્તિ થઈ જશે. તથા બધા જ જીવો જો શુદ્ધ-બુદ્ધ-નિરંજન થઈ જાય તો ધ્યાન, ધ્યેય, જ્ઞાન, જ્ઞેય, ગુરુ, શિષ્ય વગેરેનો અભાવ થઈ જશે."

[redacted] :- (**अथ.**) પુરુષ = આત્મા તો એકાન્તે = સર્વથા ચૈતન્યસ્વરૂપ જ છે. તેથી તે અનાદિ કાળથી શુદ્ધ જ છે. તેમ છતાં અવિદ્યાથી સંસાર રચાયેલો છે. તેથી અવિદ્યાની નિવૃત્તિ માટે જ જ્ઞાન-ધ્યાન આદિ, યમ-નિયમ આદિ તથા ગુરુ-શિષ્ય વગેરેની વ્યવસ્થા આવશ્યક છે. તેથી તે બધું વ્યર્થ થવાની આપત્તિને અહીં અવકાશ નથી.

---

♦ લી.(૩)માં 'પ્રયોગશ્લેષ' પાઠ. ‡ લી.(૧)માં 'ધ્યાતા' પાઠ.

શુદ્ધનઈં અવિદ્યાનિવૃત્તઈં પણિં સ્યો ઉપકાર થાઈ ? તે માટઈં "**अलवणा यवागूः**" **इतिवत्** "અચેતન આત્મા" ઇમ પણિ કથંચિત્ કહિઈં. ॥૧૨/૨॥

**न**, यतः तथा सति पुरुषस्यैकान्तेनैवाऽनादिशुद्धत्वेऽविद्यानिवृत्त्या अपि निरुपकारिण्या सृतम्। ततश्च आत्मनः चेतनस्वभाववद् अचेतनस्वभावोऽपि कथञ्चित् स्वीकर्तव्य एव।

***न चै***वं सति 'संसारी आत्मा अचेतन' इत्यपि व्यवहारः समीचीनः स्यादिति ***वाच्यम्,***

नञोऽल्पार्थत्ववाचित्वे इष्टत्वात्। न हि संसारिणि आत्मनि सिद्धात्मवत् पूर्ण-विशुद्ध-चैतन्य-मभ्युपगम्यतेऽस्माभिः।

***न च*** नञोऽल्पार्थवाचित्वमेवाऽसिद्धमिति ***शङ्कनीयम्,***

'अलवणा यवागूः' इत्यादौ नञोऽल्पार्थत्वप्रसिद्धेः। न हि केवलमभाव एव नञा प्रतिपाद्यते,

### ⊛ આત્મા અનાદિ શુદ્ધ નથી ⊛

**અનેકાંતવાદી** :- (न.) ના, તમારી આ દલીલ વ્યાજબી નથી. કારણ કે પુરુષ = જીવ એકાંતે અનાદિશુદ્ધ જ હોય તો અવિદ્યાની નિવૃત્તિ કરવાની પણ કોઈ જરૂર નથી. કારણ કે તેવી અવસ્થામાં અવિદ્યા હાજર હોય તો પણ પુરુષને કશું નુકસાન થતું નથી. તથા અવિદ્યા રવાના થાય તો પણ પુરુષને કશો લાભ થવાનો નથી. આમ અવિદ્યાનિવૃત્તિ પ્રયોજનભૂત નથી, ઉપાદેય નથી, આદરણીય નથી. કારણ કે તમારા મત મુજબ, બન્ને અવસ્થામાં પુરુષ તો યથાવસ્થિત જ છે, અનાદિશુદ્ધ જ છે, પૂર્ણ-શુદ્ધ ચૈતન્યસ્વરૂપ જ છે. પરંતુ તેવું મનાતું નથી. તેવું માનવું શક્ય પણ નથી. તેથી આત્મામાં ચેતનસ્વભાવની જેમ કથંચિત્ અચેતનસ્વભાવ પણ અવશ્ય માનવો જોઈએ.

**શંકા** :- (**न चैवं**.) જો આત્મામાં ચેતનસ્વભાવની જેમ અચેતનસ્વભાવ પણ માનવામાં આવે તો 'સંસારી આત્મા ચેતન છે' - આવા વ્યવહારની જેમ 'સંસારી આત્મા અચેતન છે' - આવો વ્યવહાર પણ સાચો છે - તેમ સ્વીકારવું પડશે.

### ✤ નગ્ અલ્પાર્થવાચક ✤

**સમાધાન** :- (**नञो**.) 'સંસારી આત્મા અચેતન છે' - આવા વ્યવહારમાં રહેલા નઞ્‌ને = 'अ' વર્ણને અલ્પાર્થવાચક માનવામાં આવે તો ઉપરોક્ત વ્યવહારને સાચો માનવાની વાત અમને ઈષ્ટ જ છે. કારણ કે તેવું માનવાથી 'સંસારી આત્મા અચેતન છે' - આ વાક્યનો અર્થ એવો ફલિત થશે કે 'સંસારી આત્મા અલ્પચેતનાવાળો છે.' તથા આવો અર્થ તો અમને માન્ય જ છે, શાસ્ત્રસંમત જ છે. કારણ કે સંસારી આત્મામાં સિદ્ધ આત્માની જેમ પૂર્ણ-વિશુદ્ધ ચૈતન્ય અમે માનતા નથી. તેથી આ અપેક્ષાએ ઉપરોક્ત વાક્યને સાચું માનવામાં અમને કોઈ તકલીફ નથી.

**શંકા** :- (**न च न.**) નઞ્ = 'अ' વર્ણ અલ્પ અર્થનો વાચક હોય તેવું અમારા જાણવામાં નથી. અમે તો અહીં તેને અભાવવાચક = ભેદવાચક જ માનીએ છીએ. તેથી અમે તો 'સંસારી આત્મા અચેતન છે' આ વાક્યનો 'સંસારી આત્મા ચેતનભિન્ન = જડ છે' - આવો જ અર્થ માનીએ છીએ.

### ⁂ 'नञ्'ના છ અર્થ ⁂

**સમાધાન** :- ('**अल.**) ના, તમારી સમજ અપરિપક્વ છે. કારણ કે અલ્પ અર્થમાં પણ 'नञ्' નો

किन्तु सादृश्यादयः षडर्थाः। तदुक्तम् उद्धरणरूपेण **भाट्टचिन्तामणौ** नञर्थवादे, **ब्रह्मसूत्रशाङ्करभाष्यरत्नप्रभावृत्तौ** च समन्वयाधिकरणे "सादृश्यं तदभावश्च तदन्यत्वं तदल्पता। अप्राशस्त्यं विरोधश्च नञर्थाः षट् प्रकीर्त्तिताः।।" (भा.चि.पृ.११७, ब्र.सू.१/१/४ शा.भा.र.प्र.वृ.१८२) इति। यथाक्रमं तद्दृष्टान्ताः "(१) अनिक्षुः [1]शरः, (२) भूतले घटो नास्ति, (३) अघटः पटः, (४) अनुदरमुदरं तरुण्याः, (५) अब्राह्मणो वार्धुषिकः, (६) असुरो दैत्यः" (श.श.प्र.श्लो.४०/पृ.२३२) इत्येवं **शब्दशक्तिप्रकाशिकायां जगदीशेन** प्रदर्शिता इत्यवधेयम्।

प्रकृते (१) "अ स्वल्पार्थेऽप्यभावेऽपि स्यात्" (अ.स.को.७/१) इति, (२) "नञीषदर्थे सादृश्ये तद्विरुद्ध-तदन्ययोः। व्यतिक्रमे स्वरूपार्थे निषेधाऽभावयोरपि।।" (अ.स.को.७/१२) इति च **अनेकार्थसङ्ग्रहकोशे**

---

= 'अ' વર્ણનો પ્રયોગ પ્રસિદ્ધ છે. જેમ કે 'अलवणा यवागूः' - આવા વાક્યમાં 'રાબમાં સર્વથા મીઠું નાંખેલ નથી' - આવો અર્થ અભિપ્રેત નથી. પરંતુ 'રાબમાં મીઠું ઓછું નાંખેલ છે' - આવો જ અર્થ સંમત છે. તથા ફક્ત અભાવ જ 'नञ्' નો અર્થ છે - આ વાત સાચી નથી. સાદશ્ય વગેરે છ અર્થમાં 'नञ्' નો પ્રયોગ થાય છે. તેથી જ **ભાટ્ટચિંતામણિ** ગ્રંથમાં નઞર્થવાદ પ્રકરણમાં **ગાગાભટ્ટે** તથા **બ્રહ્મસૂત્રશાંકરભાષ્યની રત્નપ્રભા** વ્યાખ્યામાં ઉદ્ધૃત કરેલી એક કારિકામાં જણાવેલ છે કે '(૧) સાદશ્ય (નઞ્સમભિવ્યાહૃત પદાર્થથી નિરૂપિત), (૨) પ્રતિયોગીનો અત્યંત અભાવ, (૩) પ્રતિયોગીનો ભેદ, (૪) પ્રતિયોગીની અલ્પતા, (૫) અપ્રશસ્તપણું અને (૬) વિરોધ - આ છ 'નઞ્' ના અર્થ કહેવાયેલા છે.' 'નઞ્' ના આ છ અર્થના ઉદાહરણ **શબ્દશક્તિપ્રકાશિકા** ગ્રંથમાં **જગદીશ** નામના નવ્ય નૈયાયિકે આ પ્રમાણે આપેલા છે કે "(૧) 'अनिक्षुः शरः' અર્થાત્ શર = મુંજ નામનું ઘાસ મધુર હોવાથી અનિક્ષુ = ઈક્ષુસદશ = શેરડીતુલ્ય છે. અહીં નઞ્ સાદશ્યવાચક છે. (૨) 'भूतले घटो नास्ति' = 'ભૂતલમાં ઘડો નથી' - આ વાક્યમાં નઞ્નો અર્થ 'અત્યંતાભાવ' છે. (૩) 'अघटः पटः' - વાક્યમાં નઞ્નો અર્થ 'ભેદ' છે. (૪) 'अनुदरम् उदरं तरुण्याः' - આ વાક્યમાં 'કન્યાનું પેટ અત્યંત અલ્પ છે' - આવો અર્થ સૂચિત થાય છે. તેથી અહીં 'અલ્પતા' અર્થને નઞ્ દેખાડે છે. (૫) 'अब्राह्मणः वार्धुषिकः' - વાક્યમાં બ્રાહ્મણપદપૂર્વવર્તી નઞ્ 'અપ્રાશસ્ત્ય' અર્થને જણાવે છે. તેથી 'વાર્ધુષિક ખરાબ બ્રાહ્મણ છે' - આવો અર્થ ત્યાં અભિપ્રેત છે. (૬) 'અસુર દૈત્ય' - અહીં સુરશબ્દપૂર્વવર્તી નઞ્નો અર્થ 'વિરોધ' છે. તેથી 'દૈત્ય સુરવિરોધી છે' - આવો અર્થ ત્યાં પ્રાપ્ત થશે."

### ❀ 'अ' તથા 'नञ्'ના વિવિધ અર્થો ❀

**(प्रकृ.)** પ્રસ્તુતમાં (૧) 'अ - અવ્યય સ્વલ્પ અર્થમાં અને અભાવમાં પણ આવે' - આ પ્રમાણે **અનેકાર્થસંગ્રહકોશ**માં **કલિકાલસર્વજ્ઞ શ્રીહેમચંદ્રસૂરિજી**એ જણાવેલ છે.

(૨) 'नञ् આઠ અર્થમાં વપરાય છે. તે આ મુજબ- **(I)** અલ્પતા, **(II)** સાદશ્ય, **(III)** તેનાથી વિરુદ્ધ, **(IV)** તેનાથી ભિન્ન, **(V)** વ્યતિક્રમ = વિપરીત ક્રમ, **(VI)** સ્વરૂપ અર્થ = સ્વરૂપ માત્ર, **(VII)** નિષેધ = પરિવર્જન, **(VIII)** અભાવ' - આમ **શ્રીહેમચંદ્રસૂરિજી**એ **અનેકાર્થસંગ્રહકોશ**માં જણાવેલ છે.

---

1. "शरः = मुञ्जाभिधानतृणविशेषः। तत्र इक्षुसादृश्यं मधुररसवत्त्वेन बोध्यम्" (**शब्दशक्तिप्रकाशिकायाः कृष्णकान्तीटीकायाम्** श्लो.४०/पृ.२३२)

**श्रीहेमचन्द्रसूरि**वचने, (३) "नञभावे निषेधे च तद्विरुद्ध-तदन्ययोः। सादृश्ये चेषदर्थे च स्वरूपाऽर्थेऽप्यतिक्रमे।।" (वि.लो.को.अव्ययवर्ग-१५B/१६A) इति **विश्वलोचनकोशे धरसेना**ऽऽचार्यवचनम्, (४) "अशब्दः स्यादभावेऽपि स्वल्पार्थ-प्रतिषेधयोः। अनुकम्पायाञ्च" (मे.को.अव्यय-२/पृ.१७८) इति, (५) "नञभावे निषेधे च स्वरूपार्थेऽप्यतिक्रमे। ईषदर्थे च सादृश्ये तद्विरुद्ध-तदन्ययोः।।" (मे.को.अव्यय-१६/पृ.१७९) इति च **मेदिनीकोशकार**वचने, (६) "अ स्यादभावे स्वल्पार्थे" (वि.प्र.एका.२५) इति **विश्वप्रकाशकोशा**न्तर्गतायाम् **एकाक्षरनाममालायां महेश्वर**वचनम्, (७) "नाऽभावाऽन्य-विरोधेषु" (वैज.८/७/५) इति **वैजयन्तीकोशे यादवप्रकाश**वचनञ्च स्मर्तव्यानि। (८) "स्वल्पार्थेऽव्ययः पुनः" (एका.२) इत्येवं **एकाक्षरनाममालायां सुधाकलशमु**निना अशब्दवाच्यत्वं स्वल्पार्थे दर्शितम्। (९) "निषेधेऽनादरेऽव्यये।। सज्जात्ये (? साजात्ये) च निराकारे स्वल्पेऽर्थे" (एका.ना.८/९) इत्यादयोऽर्थाः अशब्दवाच्यतया **एकाक्षरीनाममालायां कालिदासव्यासेन** दर्शिताः तेऽप्यत्राऽनुसन्धेयाः।

ततश्च नञोऽल्पार्थवाचकत्वापेक्षयाऽत्र 'कथञ्चिदचेतनः संसारी आत्मा कथञ्चिच्च चेतन' इति वाक्यात् 'सिद्धापेक्षयाऽल्पचैतन्यवान् संसारी आत्मा मतिज्ञानाद्यपेक्षया च चैतन्यवान्' इत्येवं

---

(૩) **વિશ્વલોચનકોશ**માં દિગંબરાચાર્ય **ધરસેનજી**એ પણ ઉપરોક્ત જ આઠ અર્થમાં **નञ**ને જણાવેલ છે.

(૪) **મેદિનીકોશકારે** 'अ શબ્દ અભાવમાં, સ્વલ્પ અર્થમાં, પ્રતિષેધ અર્થમાં અને અનુકંપા અર્થમાં પણ પ્રવર્તે છે' - આમ જણાવેલ છે.

(૫) **અનેકાર્થસંગ્રહકોશ** અને **વિશ્વલોચનકોશ** - આ બંનેમાં ઉપર મુજબ જણાવેલા **નञ્**ના આઠ અર્થ **મેદિનીકોશકારે** અવ્યયવર્ગમાં જણાવેલ છે.

(૬) 'અભાવ અને અલ્પ અર્થમાં **अ** પ્રવર્તે છે' - આ મુજબ **વિશ્વપ્રકાશકોશ** અંતર્ગત **એકાક્ષરનામમાલામાં મહેશ્વરે** જણાવેલ છે.

(૭) 'અભાવ, અન્ય અને વિરોધ અર્થમાં **न** વપરાય છે' - આ પ્રમાણે **વૈજયંતીકોશ**માં **યાદવપ્રકાશજી**એ જણાવેલ છે. તે પણ અહીં યાદ કરવા યોગ્ય છે.

(૮) મલધારી **રાજશેખરસૂરિજી**ના શિષ્ય **સુધાકલશમુનિએ એકાક્ષરનામમાલા**માં अ નામના અવ્યયથી વાચ્ય તરીકે સ્વલ્પ અર્થ જણાવેલ છે.

(૯) **પ્રહ્લાદપુર**માં ઉત્પન્ન થયેલા **દામોદર**પુત્ર **કાલિદાસવ્યાસ** નામના કવિએ **એકાક્ષરીનામમાલા**માં अ શબ્દના અર્થરૂપે **(I)** નિષેધ, **(II)** અનાદર, **(III)** અવ્યય, **(IV)** સજ્જાત્ય (?સાજાત્ય), **(V)** નિરાકાર, **(VI)** સ્વલ્પ વગેરે અર્થ જણાવેલ છે. તેનું પણ અહીં અનુસંધાન કરવું.

### ❀ આત્મા ચેતન-અચેતનસ્વભાવી ❀

(**ततश्च.**) આમ નञ્નો અર્થ ફક્ત અભાવ જ નથી પરંતુ ઉપરોક્ત રીતે તેના અનેક અર્થ છે. તેથી 'સંસારી આત્મા કથંચિત્ અચેતન છે અને કથંચિત્ ચેતન છે' - આ વાક્યમાં 'નञ્' ને અલ્પાર્થવાચક માનવાની અપેક્ષાએ કોઈ વિરોધ આવતો નથી. કારણ કે ઉપરોક્ત વાક્યથી થતો શાબ્દબોધ અમને એ પ્રમાણે માન્ય છે કે 'સંસારી આત્મા સિદ્ધ ભગવંતની અપેક્ષાએ અલ્પ ચૈતન્યવાળો છે અને

शाब्दबोधाभ्युपगमाद् भगवान् स्याद्वाद एव विजयते, सर्वतीर्थकृदविशेषप्रतिपाद्यत्वलक्षणभगवत्त्वस्यैव सार्वत्रिकविजयप्रयोजकत्वात्। प्रकृते "स्याद्वादाश्रयणाद् जीवः स्याज्जीवः, स्यादजीवः" (सू.कृ.श्रु.स्क.२/अ.५/गा.१३/पृ.३७८) इति **सूत्रकृताङ्गदीपिका**व्याख्यावचनम् अनुसन्धेयम्।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – अस्मदीयचैतन्यस्य आवृतत्व-स्वल्पत्व-मलिनत्वाऽविकसितत्वैः चेतनत्वेऽपि वयमचेतनाः इति कृत्वा प्रकट-परिपूर्ण-परिशुद्ध-प्रविकसितचैतन्यसम्पादनमेव अस्मदीय-साधनायाः परमप्रयोजनमभिप्रेतं शास्त्रकृताम्। 'देहाध्यास-रागाध्यासाऽज्ञानादिमयपरिणत्या आत्मा अचेतनस्वभावः अनादिनिधनानावृतसूक्ष्मचैतन्यज्योतिरपेक्षया च चेतनस्वभावः' इति ज्ञानस्य व्यवहार-निश्चयोभयनयविषयावगाहनेन प्रमाणत्वेऽपि निजदृष्टिः नैश्चयिक-नित्य-निस्तरङ्गचेतनस्वभावे एव दृढतया स्थाप्या। उभयस्वभावयोः दृष्टिन्यासे चेतनस्वभावं पूर्णतया शीघ्रतया चाऽऽविर्भावयितुं पुष्कलवीर्यस्फुरणं नैव सम्पद्यते, अनादिकालाऽभ्यस्ताऽचेतनस्वभावसत्यताश्रद्धानं च प्रकृष्यते। व्यवहार-

---

મતિજ્ઞાનાદિની અપેક્ષાએ ચૈતન્યવાળો છે.' આમ 'સંસારી આત્મા ચેતન = જીવ પણ છે અને અચેતન = અજીવ પણ છે' - આવું અલગ-અલગ અપેક્ષાથી કહેવામાં કોઈ વિરોધ નથી. આમ ભગવાન સ્યાદ્વાદ જ સર્વત્ર વિજય પામે છે. સર્વ તીર્થંકર વડે સમાન રીતે પ્રતિપાદ્યત્વસ્વરૂપ વિશિષ્ટ ભગને = ભાગ્યને ધારણ કરવાથી સ્યાદ્વાદ સ્વયં ભગવાન જ છે. તેથી જ તે સર્વત્ર વિજય પામે છે. સાર્વત્રિક વિજયનું પ્રયોજક તાદૃશ ભાગ્ય-સૌભાગ્ય છે. **સૂત્રકૃતાંગસૂત્ર**ની **દીપિકા** વ્યાખ્યામાં શ્રી**શીલાંકાચાર્ય**જીએ જણાવેલ છે કે 'સ્યાદ્વાદનો આશ્રય કરવાથી જીવ કથંચિત્ જીવ છે અને કથંચિત્ અજીવ છે.' આ વાત પણ પ્રસ્તુતમાં અનુસંધાન કરવા યોગ્ય છે.

### ❋ ચેતનાનો વિકાસ કરી વિશુદ્ધિ વરીએ ❋

**આધ્યાત્મિક ઉપનય** :- આપણામાં રહેલ ચૈતન્ય આવૃત (=આવરાયેલ) છે. જેટલા અંશમાં ચૈતન્ય પ્રગટ છે તે અલ્પ, અશુદ્ધ અને અવિકસિત છે. એવા ચૈતન્યને લીધે આપણે ચેતન હોવા છતાં કથંચિત્ અચેતન છીએ. આવું કહેવા દ્વારા શાસ્ત્રકાર પરમર્ષિઓને એવું અભિપ્રેત છે કે "આપણી ચેતનાને અનાવૃત = પ્રગટ, પૂર્ણ, પરિશુદ્ધ અને પ્રકૃષ્ટપણે વિકસિત કરીએ. તે જ આપણી તમામ સાધનાનું અંતિમ ધ્યેય છે. 'દેહાધ્યાસ, રાગાધ્યાસ, નિજશુદ્ધસ્વરૂપનું અજ્ઞાન વગેરેથી વણાયેલી પરિણતિની દૃષ્ટિએ આત્મા અચેતનસ્વભાવવાળો છે. તથા અનાદિ-અનંત સદા પ્રગટ સૂક્ષ્મ ચૈતન્યજ્યોતિની અપેક્ષાએ આત્મા ચેતનસ્વભાવી છે' - આવું જ્ઞાન યદ્યપિ વ્યવહાર-નિશ્ચય બન્ને નયના વિષયનું ગ્રહણ કરવાના લીધે પ્રમાણભૂત છે. તો પણ આપણી દૃષ્ટિ-રુચિ તો માત્ર ને માત્ર નૈશ્ચયિક, નિત્ય, નિસ્તરંગ એવા ચેતનસ્વભાવ ઉપર જ દૃઢપણે સ્થિર કરવી. જો ચેતન-અચેતન ઉભયસ્વભાવ ઉપર આપણી દૃષ્ટિને સ્થાપવામાં આવે તો ચેતનસ્વભાવને પૂર્ણસ્વરૂપે શીઘ્રપણે પ્રગટ કરવા માટે આપણો પુષ્કળ વીર્યોલ્લાસ ઉછળતો નથી. 'હું ચેતન પણ છું અને અચેતન પણ છું' - આવી શ્રદ્ધા થતાં માત્ર ચેતનસ્વભાવને જ અત્યંત ઝડપથી પૂર્ણસ્વરૂપે પ્રગટ કરવાનો વીર્યોલ્લાસ ક્યાંથી પ્રગટે ? ઊલટું અનાદિ કાળથી જેનો અભ્યાસ કરેલો છે, તેવા અચેતનસ્વભાવ ઉપર સહજપણે લક્ષ જવાથી 'મારો જડસ્વભાવ છે. હું અજ્ઞાની છું, કામી છું' - આ બાબતની સત્યતા તેના મગજમાં ઘૂસી જશે. તથા અચેતનસ્વભાવની જ શ્રદ્ધા પરાકાષ્ઠાએ

नयचक्षुः निमील्य परमभावग्राहकनयलक्षणशुद्धनिश्चयनयचक्षुश्चोन्मील्य निरावरण-नित्योद्घाटित-निराबाध-निश्चल-निर्विकाराऽपरोक्षाऽखण्डानन्दपरिपूर्णत्रैकालिकशुद्धचेतनस्वभावोपलब्धौ देहाध्यास-रागाध्यासाऽज्ञानादिमयपरिणतिः विलीयते। येन चाऽस्मत्परमप्रयोजनं सिध्येत् तदेवाऽग्रेसरतया कार्यम्।

***न चैवं*** व्यवहारनयत्यागे एकनयिकत्वापत्त्या स्याद्वादहानिः ***शङ्कनीया***,

शुद्धनयप्राधान्यानुसरणेन उपयोगान्तर्मुखतायां सत्यां वीर्योल्लासेन ग्रन्थिभेदे सति स्याद्वादशासनप्रवेशस्य अनिवार्यत्वात्, अन्यथा अनादिकालाऽभ्यस्तव्यवहारनयमात्रपक्षपाततः कर्तृ-भोक्तृभावदार्ढ्येन तमोग्रन्थिनिबिडता आपद्येत। अत आत्मनि अचेतनस्वभावग्राहिका व्यवहारदृष्टिः त्याज्यैव स्वप्रयोजनसिद्धिकृते। स्वभूमिकोचितव्यवहारस्तु प्रवर्ततां निश्चयदृष्टिं शुद्धचैतन्यस्वभावे प्रस्थाप्य। न

---

પહોંચશે. તેથી વ્યવહારનયની આંખ બંધ કરીને પરમભાવગ્રાહકનયસ્વરૂપ શુદ્ધ નિશ્ચયનયની એક જ આંખ ખોલીને પોતાના આત્માને નિહાળવાનો અંદરમાં જ પ્રયત્ન કરવો. ત્યારે નિરાવરણ, નિત્ય પ્રગટ, નિરાબાધ (દુઃખશૂન્ય), નિશ્ચલ, નિર્વિકાર, અપરોક્ષ, અખંડ, આનંદપરિપૂર્ણ, ત્રૈકાલિક શુદ્ધ ચેતનસ્વભાવના અંદરમાં દર્શન થાય. આવો અપૂર્વ ચેતનસ્વભાવ ખ્યાલમાં આવતાં જ દેહાધ્યાસ, રાગાધ્યાસ, અજ્ઞાન વગેરેથી અશુદ્ધ થયેલી પરિણતિ રવાના થવા માંડે છે. આ રીતે કર્મસાપેક્ષ અચેતનસ્વભાવ ગળવા માંડે, ટળવા માંડે. ટૂંકમાં, જેનાથી આપણું મુખ્ય પ્રયોજન સિદ્ધ થાય તેને જ અગ્રેસર કરવું. લોકમાં પણ કહેવત છે કે 'જે પાણીએ મગ પાકે, તે પાણીએ મગ પકાવવા.' ટૂંકમાં આપણા શુદ્ધ પૂર્ણ ચેતનસ્વભાવને અત્યંત ઝડપથી પ્રગટાવવા માટે અચેતનસ્વભાવદર્શક વ્યવહારનયને છોડી દેવો."

**શંકા** :- (ન ચૈ.) આ રીતે વ્યવહારનયનો ત્યાગ કરવામાં આવે તો એકનયમયત્વની આપત્તિ આવવાથી સ્યાદ્વાદની = પ્રમાણની હાનિ થશે.

### ❀ શુદ્ધનયને પ્રધાન બનાવતાં સમકિત પ્રગટે ❀

**સમાધાન** :- (શુદ્ધ.) ના, તમારી શંકા વ્યાજબી નથી. કારણ કે શુદ્ધનયને મુખ્ય બનાવીને મોક્ષમાર્ગે આગળ વધવાથી ઉપયોગ અંદરમાં વળે છે, બહિર્મુખતા ટળે છે. અંદર શાંતરસમય પરમાનંદમય ચૈતન્યસ્વભાવની પ્રતીતિ થતાં ઉપયોગને વધુને વધુ અંદર વાળવાનો વીર્યોલ્લાસ ઉછળે છે. આ અપૂર્વ વીર્યોલ્લાસથી ગ્રંથિભેદ થાય છે. તેથી સમકિત મળે છે. તેથી તે જીવ સ્યાદ્વાદશાસનમાં - પ્રમાણમાર્ગમાં - મોક્ષમાર્ગમાં પ્રવેશ કરે છે. જિનશાસનમાં પારમાર્થિક પ્રવેશ મેળવવામાં તેને કોઈ અટકાવી શકતું નથી. માટે અહીં સ્યાદ્વાદહાનિની કોઈ જ શંકા મનમાં ન રાખવી. બાકી શુદ્ધનિશ્ચયનયની ઉપેક્ષા કરીને માત્ર વ્યવહારનયનો પક્ષપાત કરવાથી તો કર્તૃત્વભાવ-ભોક્તૃત્વભાવ અત્યંત દૃઢ થશે. તેનાથી તમોગ્રંથિ વધુ નક્કર થશે. નિશ્ચયદૃષ્ટિ અને વ્યવહારદૃષ્ટિ બન્નેનો સ્વીકાર કરવામાં પણ વ્યવહારદૃષ્ટિ જ અનાદિકાળથી અભ્યસ્ત હોવાથી તેનો જ પક્ષપાત વધુ ને વધુ દૃઢ બને છે. તથા તેમ કરવામાં પણ સમસ્યા તો ઉભી જ છે. તેથી ચૈતન્યસ્વભાવને પૂર્ણપણે - શુદ્ધપણે અત્યંત ઝડપથી પ્રગટ કરવાના આપણા પ્રયોજનની સિદ્ધિ માટે આત્મામાં અચેતનસ્વભાવને ગ્રહણ કરનારી વ્યવહારદૃષ્ટિને છોડી જ દેવી. હા, ખ્યાલ રાખવો કે અહીં વાત વ્યવહારને છોડવાની નથી પણ વ્યવહારદૃષ્ટિને છોડવાની છે. વ્યવહારનય = વ્યવહારદૃષ્ટિ = વ્યવહારશ્રદ્ધા છોડાવવાની અહીં વાત ચાલે છે. પોતાના શુદ્ધચૈતન્યસ્વભાવમાં

काऽपि ततो जिनाज्ञाबाधा सम्पत्स्यते।

**न चैवं** नयान्तरप्रतिक्षेपित्वाद् आत्मचैतन्यस्वभावग्राहिण्या निश्चयदृष्टेः दुर्नयत्वं ***शङ्क्यम्***,

तत्प्रतिक्षेपस्य स्वविषयप्राधान्यमात्रे एवोपयोगादित्यादिकं (न.र.पृ.३६) **नयरहस्यानुसारेण** बोध्यम्। "अभिनिविष्टनयान्तरखण्डनस्य शास्त्रार्थत्वाद्" (न्या.ख.खा.भाग २/पृ.४१५) इति व्यक्तं **न्यायखण्डखाद्ये**।

उभयनयसमाहारे वस्तुस्थितिदर्शकज्ञानसिद्धिरस्ति, किन्तु प्रयोजनसिद्धिः नास्ति, अनभ्यस्त-शुद्धचित्स्वभावाद् दृष्टेः विचलनेन पूर्णशुद्धैकचित्स्वभावप्रकटीकरणोद्देश्यकवीर्योल्लासाऽनुपधानात्।

---

નિશ્ચયદૃષ્ટિને દઢપણે સ્થાપીને સ્વભૂમિકાને યોગ્ય એવો વ્યવહાર ખુશીથી પ્રવર્તો. તેવું કરવામાં જિનાજ્ઞાની કોઈ પ્રકારે આશાતના કે હાનિ થવાની સમસ્યા નહિ આવે. **મહોપાધ્યાયજી** મહારાજે સવાસો ગાથાપ્રમાણ **શ્રીસીમંધરજિનસ્તવન**માં આ જ આશયથી વાત કહી છે કે -

***"નિશ્ચયદૃષ્ટિ હૃદય ધરીજી, પાળે જે વ્યવહાર,***
***પુણ્યવંત તે પામશેજી, ભવસમુદ્રનો પાર." (૫/૪)***

અહીં ઉચિત વ્યવહારને પાળવાની વાત કરી છે, વ્યવહારદૃષ્ટિને ઉપાદેય જણાવેલ નથી. દૃષ્ટિ = શ્રદ્ધા-રુચિ-લાગણી-પ્રીતિ-ભક્તિ-આસ્થા તો નિશ્ચયની જ રાખવાની.

[illegible] :- (न चैवं.) આ રીતે વ્યવહારનયનો અપલાપ કરવામાં તો આત્માના ચૈતન્યસ્વભાવને ગ્રહણ કરનાર નિશ્ચયનય = નિશ્ચયદૃષ્ટિ દુર્નય બની જવાની સમસ્યા ઊભી થશે.

### સમ્યગ્ એકાંત ઉપાદેય

[illegible] :- (तत्प्र.) આ સમસ્યાને અહીં અવકાશ નથી. કારણ કે **નયરહસ્ય** વગેરેમાં બતાવેલ પદ્ધતિ મુજબ અહીં એવું સમજવું કે વ્યવહારનયનો = વ્યવહારદૃષ્ટિનો આ રીતે અપલાપ કરવો એ માત્ર નિશ્ચયદૃષ્ટિના વિષયને મુખ્ય બનાવવામાં ઉપયોગી છે. 'વ્યવહારનયવિષય મિથ્યા જ છે' - આવું જણાવવા માટે વ્યવહારનયનો અહીં અપલાપ કરવામાં નથી આવેલ. કેમ કે 'આત્મા ચેતન -અચેતનઉભયસ્વભાવી છે' - આ બોધ પ્રમાણભૂત જ છે. તેથી વ્યવહારનયસંમત અચેતનસ્વભાવ પણ નિશ્ચયનયસંમત ચેતનસ્વભાવની જેમ આત્મામાં હાલ વિદ્યમાન જ છે. પરંતુ બન્ને નયના વિષયમાંથી વ્યવહારનયના વિષયને = અચેતનસ્વભાવને મુખ્ય ન કરવો પણ નિશ્ચયનયના વિષયને = ચેતનસ્વભાવને જ મુખ્ય કરવો. આ બાબતને જણાવવા માટે અહીં વ્યવહારનયનો અપલાપ = ત્યાગ કરેલ છે. અનાદિ કાળથી અભ્યસ્ત અને આત્મસાત્ થયેલી એવી અચેતનસ્વભાવરુચિને - અજ્ઞાનસ્વભાવરુચિને છોડાવવા માટે અહીં તેવો અપલાપ જરૂરી છે. 'પોતાના વિષયની અતિ મજબૂત પક્કડ કરનારા નયનું ખંડન કરવું એ પણ શાસ્ત્રમાન્ય પદાર્થ છે' - આ વાત **મહોપાધ્યાયજી** મહારાજે **ન્યાયખંડખાદ્ય** ગ્રંથમાં કરેલ છે.

### ગ્રંથિભેદના પુરુષાર્થમાં બે નય ભેગા ન કરો

(उभ.) જો વ્યવહાર-નિશ્ચયનયનો સમન્વય કરવામાં આવે તો વસ્તુસ્થિતિદર્શક જ્ઞાનની સિદ્ધિ થશે. પરંતુ પ્રયોજનની સિદ્ધિ નહિ થાય. કારણ કે ચેતન-અચેતન ઉભયસ્વભાવ ઉપસ્થિત થતાં અનાદિ કાળથી અભ્યસ્ત થયેલ અચેતનસ્વભાવની જ રુચિ-શ્રદ્ધા-પક્કડ મજબૂત થશે. શુદ્ધ ચૈતન્યસ્વભાવનો તો અનાદિ કાળમાં પૂર્વે પરિચય થયો જ નથી. તેથી તેની શ્રદ્ધા-પક્કડ બરાબર આવતી નથી. તેથી અનભ્યસ્ત એવા

शुद्धनिश्चयनयार्पणायां तु ग्रन्थिभेदकवीर्योल्लासप्रसूतेः प्रयोजनसिद्धिरस्ति, तत्सिद्धौ च प्रमाणविषयीभूताऽऽत्मतत्त्वगोचराऽपरोक्षानुभूत्या सम्यग्ज्ञानसिद्धिरप्यनाविलैवेत्यनुभवावलम्बी निर्भ्रान्तः पन्था अयम्।

ततश्चैवम् आध्यात्मिकप्रयोजनसिद्धिकृते चित्स्वभावग्राहकशुद्धनयावलम्बने तु न काऽपि शङ्का भीतिः वा कार्या। **अर्जुनवद्** अस्मद्दृष्टिः केवलं निजशुद्धचैतन्यस्वभावलक्ष्ये एव स्थाप्या। एतल्लक्ष्यसिद्धौ सर्वदा शुद्ध-बुद्ध-निरञ्जन-निराकार-निर्मलत्वोपलब्ध्या सिद्धशिलासम्प्राप्तिलक्षणसौभाग्योदयसम्भवः। इत्थञ्च शुद्धस्वात्मद्रव्यध्यानपरायणतया मोक्षः सुलभः स्यात्। तदुक्तं **मोक्षप्राभृते** [1]"जे झायंति सदव्वं परदव्वपरम्मुहा दु सुचरित्ता। ते जिणवराण मग्गे अणुलग्गा लहहिं णिव्वाणं।।" (मो.प्रा.१९) इति भावनीयम्।।१२/२।।

પૂર્ણ શુદ્ધ ચૈતન્યસ્વભાવથી દૃષ્ટિ-આસ્થા-શ્રદ્ધા-વિશ્વાસ ચલાયમાન થાય છે. તેથી 'મારે માત્ર શુદ્ધ ચૈતન્યસ્વભાવ જ પ્રગટાવવો છે. માત્ર તેને પ્રગટ કરવા માટે જ મારે જીવવું છે. પૂર્ણપણે શુદ્ધ ચૈતન્યસ્વભાવને પ્રગટ કર્યા વિના મારો જન્મ વાંઝિયો જશે. હવે એક પળ પણ તેનો પ્રગટ અનુભવ કર્યા વિના અંદરમાં ચેન પડતું નથી. એના વિના હું જીવતો મડદા જેવો જ છું' - આવી પ્યાસ પ્રગટતી નથી. તેના વગર શુદ્ધ ચૈતન્યસ્વભાવને પૂર્ણપણે પ્રગટ કરવાનો વીર્યોલ્લાસ જાગતો નથી. તેથી ગ્રંથિભેદસ્વરૂપ આધ્યાત્મિક પ્રયોજન કઈ રીતે સિદ્ધ થાય ? જ્યારે શુદ્ધનિશ્ચયનયની મુખ્યતા કરવામાં આવે તો ઉપયોગ + દૃષ્ટિ સ્વસન્મુખ થતાં જ્ઞાન + શ્રદ્ધાની સંધિ થવાથી પોતાના પ્રાણ સમાન શુદ્ધ ચૈતન્યસ્વભાવને પરિપૂર્ણપણે પ્રગટ કરવાનો સંકલ્પ થાય છે. તેના બળથી ગ્રંથિભેદ કરનારો અપૂર્વ વીર્યોલ્લાસ જન્મે છે. તેનાથી અપરોક્ષ સ્વાનુભૂતિ સ્વરૂપ આધ્યાત્મિક પ્રયોજન સિદ્ધ થાય છે. તથા અપરોક્ષ અનુભૂતિમાં જે આત્મતત્ત્વ ઉપસ્થિત છે, તે તો પ્રમાણનો જ વિષય છે. તેથી તે અનુભૂતિ યથાર્થ જ છે. તેથી સમ્યગ્ જ્ઞાનની સિદ્ધિ પણ અવ્યાહત જ છે. આ અનુભવગમ્ય માર્ગ છે, નિર્ભ્રાન્ત પથ છે.

## ✡ અર્જુનદૃષ્ટિ કેળવીએ ✡

(**તત.**) તેથી આ રીતે આપણા આધ્યાત્મિક પ્રયોજનની સિદ્ધિ માટે આત્માના ચૈતન્યસ્વભાવને પકડાવનાર/પ્રગટાવનાર શુદ્ધનયનું આલંબન કરવામાં કોઈ પણ પ્રકારની શંકા કે ભીતિ ન કરવી. અર્જુનને જેમ માત્ર ચકલીની એક આંખ જ દેખાય, તેમ આપણને માત્ર આત્માનો શુદ્ધ ચૈતન્યસ્વભાવ જ સર્વદા દેખાય-રુચે-જચે-ગમે તેવું કરવાનું છે. આપણી દૃષ્ટિ-શ્રદ્ધા-રુચિ-લગની-પ્રીતિ-આસ્થા માત્ર આપણા શુદ્ધ ચૈતન્યસ્વભાવસ્વરૂપ લક્ષ્યમાં જ સ્થાપવાની છે. આ તાત્ત્વિક લક્ષ્ય સિદ્ધ થાય પછી જ આપણે કાયમ શુદ્ધ-બુદ્ધ-નિરંજન-નિરાકાર-નિર્મળ બની સિદ્ધશિલા ઉપર બિરાજમાન થવા બડભાગી બનીએ. આ રીતે શુદ્ધ નિજ આત્મદ્રવ્યનું ધ્યાન કરવામાં પરાયણ બનવાથી મોક્ષ સુલભ બને. તેથી જ **કુંદકુંદસ્વામી**એ **મોક્ષપ્રાભૃત**માં જણાવેલ છે કે 'પરદ્રવ્યથી પરાઙ્મુખ થઈને સુંદર ચારિત્રને ધારણ કરનારા જે મહાત્માઓ સ્વાત્મદ્રવ્યનું ધ્યાન કરે છે, તેઓ જિનેશ્વર ભગવંતના માર્ગમાં લાગેલા છે તથા તેઓ જ નિર્વાણને = પરમાનંદને મેળવે છે.' (૧૨/૨)

1. ये ध्यायन्ति स्वद्रव्यं परद्रव्यपराङ्मुखाः तु सुचरित्राः। ते जिनवराणां मार्गे अनुलग्ना लभन्ते निर्वाणम्।।

**જી હો મૂર્ત્તભાવ મૂરતિ ધરઈ, લાલા ઉલટ અમૂર્ત્તસ્વભાવ;**
**જી હો ♦જો મૂર્ત્તતા ન જીવનઈ, લાલા તો સંસાર અભાવ ॥૧૨/૩॥ (૧૯૭) ચતુ**
**મૂર્ત્તિ** કહતાં રૂપ-રસ-ગંધ-સ્પર્શાદિસન્નિવેશ તે જેહથી **ધરિયઈ**, તે **મૂર્ત્તસ્વભાવ** કહિએં.✡

---

तृतीय-चतुर्थौ विशेषस्वभावौ दर्शयति – '**मूर्त्ते**'ति।

**मूर्त्तभावाद्धि मूर्त्तत्वं ध्रियतेऽमूर्त्तताऽन्यथा।**
**मूर्त्तत्वविरहे जीवे भवाऽभावः प्रसज्यते।।१२/३।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – मूर्त्तत्वं मूर्त्तभावाद् हि ध्रियते। अन्यथा अमूर्त्तता (ज्ञेया)। जीवे मूर्त्तत्वविरहे भवाऽभावः प्रसज्यते।।१२/३।।

(३) **मूर्त्तत्वं** = रूप-रस-गन्ध-स्पर्शादिसन्निवेशो **मूर्त्तभावाद्** = मूर्त्तस्वभावाद् **हि** = एव **ध्रियते**। यतो रूपादिसन्निवेशो ध्रियते स मूर्त्तस्वभाव इत्यर्थः। शरीरसंयोगस्तु तत्र सहकारिकारण-भावं भजते। इदमेवाऽभिप्रेत्य **हर्षवर्धनोपाध्यायेन अध्यात्मबिन्दौ** "शरीरसंसर्गत एव सन्ति वर्णादयोऽमी निखिलाः पदार्थाः" (अ.बि.१/१७) इत्युक्तम्। ***एतेन*** "रूपं = मूर्त्तता" (भ.सू.७/७/२८९ पृ.३१० वृ.) इति **भगवतीसूत्रवृत्तौ अभयदेवसूरि**वचनं ***व्याख्यातम्,*** रूपस्य मूर्त्तस्वभावजन्यतया कार्ये कारणोपचारेण तदुपपत्तेः।

प्रकृते "अणुसम्बन्धतो जीवोऽप्ययं रूपी कथञ्चन" (अ.गी.१६/१६) इति **अर्हद्गीतायां मेघविजयो-**

---

[illegible] :- હવે ગ્રંથકારશ્રી ત્રીજા અને ચોથા વિશેષસ્વભાવને દેખાડે છે :-

[illegible] :- મૂર્ત્તસ્વભાવથી વસ્તુ મૂર્ત્તતાને ધારણ કરે છે. તેનાથી અન્યથા અમૂર્ત્તસ્વભાવ જાણવો. જીવમાં મૂર્ત્તતા ન હોય તો સંસારનો જ અભાવ થઈ જાય. (૧૨/૩)

## ❀ મૂર્ત્તસ્વભાવનું પ્રકાશન ❀

[illegible]:- રૂપ, રસ, ગંધ અને સ્પર્શ વગેરેનું સન્નિધાન એ મૂર્ત્તત્વ કહેવાય છે. મૂર્ત્તસ્વભાવના લીધે જ વસ્તુ ઉપરોક્ત મૂર્ત્તત્વને ધારણ કરે છે. મતલબ કે જેના લીધે વસ્તુ રૂપ-રસાદિ સન્નિવેશને ધારણ કરે છે તે મૂર્ત્તસ્વભાવ છે. મૂર્ત્તસ્વભાવ રૂપાદિને ઉત્પન્ન કરે છે. તેના પ્રભાવે દ્રવ્ય રૂપાદિને ધારણ કરે છે. તેમાં શરીરસંયોગ સહકારી કારણ બને છે. આ જ અભિપ્રાયથી **હર્ષવર્ધન** ઉપાધ્યાયે **અધ્યાત્મબિંદુ**માં જણાવેલ છે કે 'શરીરના સંસર્ગથી જ આ વર્ણ વગેરે તમામ પદાર્થો આત્મામાં રહે છે.' મતલબ કે કાર્ય છે રૂપાદિ, મુખ્યકારણ છે મૂર્ત્તસ્વભાવ, સહકારી કારણ છે શરીરસંસર્ગ. 'રૂપ એ જ મૂર્ત્તતા છે' - આ મુજબ શ્રી**અભયદેવસૂરિજી**એ **ભગવતીસૂત્રવ્યાખ્યા**માં જે જણાવેલ છે, તે કાર્યમાં કારણનો ઉપચાર કરવા દ્વારા સંગત થઈ શકે છે. મતલબ કે રૂપ મૂર્ત્તસ્વભાવજન્ય હોવાથી **અભયદેવસૂરિજી**એ કાર્યમાં કારણનો ઉપચાર કરીને રૂપને મૂર્ત્તતા = મૂર્ત્તસ્વભાવ તરીકે જણાવેલ છે.

(પ્રકૃ.) પ્રસ્તુતમાં ઉપાધ્યાય **મેઘવિજયજી** મહારાજે **અર્હદ્ગીતા**માં જણાવેલ એક બાબત યાદ કરવા

---

♦ પુસ્તકોમાં 'જો' નથી. કો.(૧+૬+૮+૧૧)માં છે. ✡ પુસ્તકોમાં 'કહિએં' નથી. આ.(૧)માં છે. લા.(૨)માં 'જાણઈ' પાઠ.

તેહથી વિપરીત (=ઉલટ) તે **અમૂર્ત્તસ્વભાવ** કહિઍં.✿

---

पाध्यायवचनमपि स्मर्तव्यम्।

(४) **अन्यथा** = विपर्ययेण **अमूर्त्तता** = अमूर्त्तस्वभावो ज्ञेयः। यतो रूपादिराहित्यं ज्ञायते स रूपाभावाधिकरणतावच्छेदकधर्मविशेषः पूर्वोक्तः (११/२) अमूर्त्तस्वभाव इत्यर्थः। ***एतेन*** [1]“रूवाइपिंड मुत्तं विवरिए ताण विवरीयं” (द्र.स्व.प्र.६३) इति **द्रव्यस्वभावप्रकाश**वचनमपि ***व्याख्यातम्***। द्रव्येन्द्रियाऽग्राह्यत्वात्, अच्छेद्यत्वात्, अभेद्यत्वात्, अरूपत्वात्, स्वभावतः अनाद्यमूर्त्तपरिणामत्वात्, छद्मस्थानुपलम्भात्, सर्वज्ञवचनात्, तथालोकादिप्रसिद्धेश्च आत्मनः अमूर्त्तत्वं श्री**हरिभद्रसूरि**भिः **दशवैकालिकनिर्युक्तिभाष्यवृत्तौ** (द.वै.अध्य.४/नि.२२५/भा.४०, ४१ हा.वृ.) साधितमिति स्मर्तव्यमत्र। “अपौद्गलिकत्वाद् अमूर्त्तः जीवः” (वि.आ.भा.९० वृ.) इति **विशेषावश्यकभाष्यवृत्तौ श्रीहेमचन्द्रसूरयः** व्याचक्षते। **कुन्दकुन्दस्वामिना पञ्चास्तिकाये** [2]“जे खलु इंदियगेज्झा विसया जीवेहिं होंति ते मुत्ता। सेसं हवदि अमुत्तं...।।” (पञ्चा.९९) इत्युक्त्या मूर्त्तामूर्त्तद्रव्योपदर्शनमकारि।

---

યોગ્ય છે. ત્યાં તેમણે જણાવેલ છે કે ‘અણુનો = પુદ્ગલનો સંબંધ = અવિષ્વગ્ભાવસંબંધ થવાથી આ જીવ પણ કથંચિત્ રૂપી થાય છે.’

## ❈ અમૂર્ત્તસ્વભાવને ઓળખીએ ❈

(૪) આનાથી ઊલટી રીતે અમૂર્ત્તસ્વભાવને જાણવો. મતલબ કે જેના લીધે વસ્તુમાં રૂપાદિથી રહિતપણું જણાય તે અમૂર્ત્તસ્વભાવ છે. પૂર્વે (૧૧/૨) માં જણાવ્યા મુજબ રૂપાભાવની અધિકરણતાનો અવચ્છેદકીભૂત વિશેષ પ્રકારનો ભાવાત્મક ધર્મવિશેષ એ જ અમૂર્ત્તત્વ = અમૂર્ત્તસ્વભાવ તરીકે સમજવો. **દ્રવ્યસ્વભાવપ્રકાશ** નામના ગ્રંથમાં જે જણાવેલ છે કે “રૂપ, રસ વગેરે ગુણોના પિંડને = સમૂહને મૂર્ત્ત કહેવાય. તથા તેનાથી વિપરીત હોય તેને અમૂર્ત્ત કહેવાય” - આ વાતની પણ ઉપરોક્ત રીતે છણાવટ થઈ જાય છે. શ્રી**હરિભદ્રસૂરિજી**એ **દશવૈકાલિકનિર્યુક્તિ**ના ભાષ્યની **વ્યાખ્યા**માં (૧) દ્રવ્ય ઈન્દ્રિયથી અગ્રાહ્યત્વ, (૨) અછેદ્યત્વ, (૩) અભેદ્યત્વ, (૪) અરૂપત્વ, (૫) સ્વભાવથી અનાદિ-અમૂર્ત્તપરિણામત્વ, (૬) છદ્મસ્થ દ્વારા અગૃહ્યમાણત્વ, (૭) સર્વજ્ઞવચન તેમજ (૮) લોકો વગેરેમાં અમૂર્ત્તસ્વરૂપે પ્રસિદ્ધિ - આ આઠ હેતુઓ દ્વારા આત્મામાં અમૂર્ત્તત્વની સિદ્ધિ દશવૈકાલિકભાષ્યના આધારે કરેલ છે. તે પણ અહીં સ્મર્તવ્ય છે. શ્રી**હેમચન્દ્રસૂરિજી**એ **વિશેષાવશ્યકભાષ્યવ્યાખ્યા**માં અપૌદ્ગલિકત્વ હેતુ દ્વારા જીવમાં અમૂર્ત્તત્વની સિદ્ધિ કરી છે. તેનું અહીં અનુસંધાન કરવું. **કુંદકુંદસ્વામી**એ પણ **પંચાસ્તિકાય**માં જણાવેલ છે કે ‘જે વિષયોને ઈન્દ્રિય દ્વારા જીવ ગ્રહણ કરી શકે છે, તે મૂર્ત્ત હોય છે. તે સિવાયના વિષય અમૂર્ત્ત હોય છે.’ આ પ્રમાણે મૂર્ત્ત અને અમૂર્ત્ત દ્રવ્યને ત્યાં જણાવેલ છે.

---

✿ પુસ્તકોમાં ‘કહિઍં’ નથી. આ.(૧)માં છે. લા.(૨)માં ‘જાણઈ’ પાઠ. 1. रूपादिपिण्डो मूर्त्तम्, विपरीते तेषां विपरीतम्।

2. ये खलु इन्द्रियग्राह्याः विषयाः जीवैः भवन्ति ते मूर्त्ताः। शेषं भवति अमूर्त्तम्....।।

**જો જીવનઈં** કથંચિત્ **મૂર્તતાસ્વભાવ નહીં તો** શરીરાદિસંબંધ વિના, ગત્યન્તરસંક્રમ વિના **સંસારનો** અભાવ થાઈ. ॥૧૨/૩॥

---

अनादिद्रव्य-भावकर्मसन्तानपरिणामसम्भिन्नस्वरूपत्वादात्मनः कथञ्चिद् मूर्त्तस्वभावोऽप्यभ्युपगन्तव्यः। इदमेवाऽभिप्रेत्य श्री**हरिभद्रसूरिभिः धर्मसङ्ग्रहण्यां** [1]"णेगंतोऽयं संसारी सव्वहा अमुत्तोत्ति। जमणादि-कम्मसंततिपरिणामावन्नरूवो सो।।" (ध.स.६२६) इत्यावेदितम्।

मूर्त्तस्वभावानभ्युपगमे बाधकमुपदर्शयति – **मूर्त्तत्वविरहे** = सर्वथैव मूर्त्तस्वभावाभावे **जीवे** स्वीक्रियमाणे सति गगनवत् शरीरेन्द्रियादिसम्बन्धविरहेण गत्यन्तरसङ्क्रमो न स्यात्। तदभावे च जीवस्य **भवाऽभावः** = संसारविरहः **प्रसज्यते**। तदुक्तं **बृहन्नयचक्रवृत्तौ** "अमूर्त्तस्याऽपि आत्मनः तथा संसारविलोपः स्याद्" (बृ.न.च.६९, पृ.३७) इति। तदुक्तम् **आलापपद्धतौ** अपि "सर्वथाऽमूर्त्तस्याऽपि तथात्मनः संसारविलोपः स्याद्" (आ.प.पृ.१४) इति। सर्वजीवसंसारशून्यत्वाऽऽपत्तिभयाद् अशुद्धनयेन शुभाऽशुभमूर्त्तस्वभावरूपेण आत्मा परिणमतीति स्वीकर्तव्यम्। इदमेवाऽभिप्रेत्य **प्रवचनसारे कुन्दकुन्दस्वामिना** [2]"जदि सो सुहो व असुहो ण हवदि आदा सयं सहावेण। संसारो वि ण विज्जदि सव्वेसिं जीवकायाणं।।" (प्र.सा.४६)

---

## ✡ કર્માનુવિદ્ધ આત્મા કથંચિત્ મૂર્ત : શ્રીહરિભદ્રસૂરિજી ✡

(**अना.**) આત્માનું સ્વરૂપ, અનાદિકાલીન દ્રવ્ય-ભાવ કર્મપ્રવાહના પરિણામથી વ્યાપ્ત છે. તેથી આત્મામાં કથંચિત્ મૂર્તસ્વભાવ પણ માનવો જરૂરી છે. આ જ અભિપ્રાયથી શ્રીહરિભદ્રસૂરિજીએ **ધર્મસંગ્રહણિ** ગ્રંથમાં જણાવેલ છે કે "સંસારી જીવ સર્વથા અમૂર્ત છે - એવો એકાંત નથી. અર્થાત્ કથંચિત્ મૂર્ત પણ છે. કારણ કે તે અનાદિકાલીન કર્મપ્રવાહના પરિણામથી અનુવિદ્ધ સ્વરૂપવાળો છે."

## ✻ મૂર્તસ્વભાવનો અસ્વીકાર સદોષ ✻

(**मूर्त्त.**) જીવમાં મૂર્તસ્વભાવને સ્વીકારવામાં ન આવે તો શું દોષ આવે ? એ બાબતને શ્લોકના ઉત્તરાર્ધથી ગ્રંથકારશ્રી જણાવે છે કે જીવમાં જો મૂર્તસ્વભાવ સર્વથા જ સ્વીકારવામાં ન આવે તો આકાશની જેમ જીવને પણ શરીર અને ઈન્દ્રિય વગેરેનો સંબંધ થઈ નહિ શકે. તથા શરીર-ઈન્દ્રિયનો સંબંધ ન થવાથી જીવ બીજી ગતિમાં જઈ નહિ શકે. તથા જીવ બીજી ગતિમાં ન જાય તો જીવના સંસારનો જ ઉચ્છેદ થઈ જાય. તેથી **બૃહદ્નયચક્રવૃત્તિ**માં જણાવેલ છે કે 'તથા આત્મા જો એકાંતે અમૂર્ત હોય તો સંસારનો ઉચ્છેદ થઈ જશે.' **આલાપપદ્ધતિ** ગ્રંથમાં પણ જણાવેલ છે કે 'તથા આત્માને સર્વથા અમૂર્ત માનશો તો પણ સંસારનો વિચ્છેદ થવાની આપત્તિ આવશે.' સર્વ જીવોના સંસારનો ઉચ્છેદ થવાના ભયથી અશુદ્ધનયના અભિપ્રાય મુજબ આત્મા શુભ-અશુભ મૂર્તસ્વભાવરૂપે પરિણમે છે - તેવો સ્વીકાર કરવો જરૂરી છે. આ જ અભિપ્રાયથી **પ્રવચનસાર** ગ્રંથમાં **કુંદકુંદસ્વામી**એ જણાવેલ છે કે 'જો આત્મા સ્વયં પોતાના સ્વભાવથી શુભ કે અશુભસ્વરૂપે બનતો નથી તો સર્વ જીવનિકાયોનો સંસાર પણ નથી - એમ ઠરે !' આત્મામાં મૂર્તત્વ ન હોય તો કર્મબંધ જ અસંગત થઈ જાય. તેથી અનુપચરિત

---

1. नैकान्तोऽयं संसारी सर्वथा अमूर्त्त इति। यदनादिकर्मसन्ततिपरिणामाऽऽपन्नरूपः सः।।

2. यदि स शुभः वा अशुभः न भवति आत्मा स्वयं स्वभावेन। संसारोऽपि न विद्यते सर्वेषां जीवकायानाम्।।

इत्युक्तम्। कर्मबन्धान्यथानुपपत्तेः अनुपचरिताऽसद्भूतव्यवहारेण आत्मनि मूर्त्तत्वमभ्युपगम्यते। तदिदमभिप्रेत्य **बृहद्द्रव्यसङ्ग्रहे नेमिचन्द्राचार्येण** [1]"ववहारा मुत्ति बंधादो" (बृ.द्र.स.७) इत्युक्तम्। "अनुपचरिताऽसद्भूतव्यवहारान्मूर्त्त" (बृ.द्र.स.७ वृ.पृ.२३) इति **तद्वृत्तौ ब्रह्मदेवः**।

अत एव **न्यायविनिश्चयविवरणे अकलङ्कस्वामिना** "अनादिमूर्त्तकर्मसम्बन्धात् तत्प्रदेशानुप्रवेशरूपात् कथञ्चिन्मूर्त्तत्वस्याऽपि भावाद्" (न्या.वि.प्रस्ताव-३/का.४०८ वि.) इत्युक्तम्।

***एतेन*** "न हि उपाधियोगाद् अपि अन्यादृशस्य वस्तुनो अन्यादृशः स्वभावः सम्भवति" (ब्र.सू.शा.भा. ३/२/११, शा.भा.पृ.७२४) इति **ब्रह्मसूत्रशाङ्करभाष्य**वचनं ***निराकृतम्***, कर्मोपाधिकृतमूर्त्तस्वभावस्य आत्मनि अनुभवात्, अन्यथा मूर्त्तशस्त्रौषधकृतोपघातानुग्रहानुपपत्तेः। सर्वेषामेव स्वानुभवसिद्धम् एतद् नाऽपह्नोतुं युज्यते। तदुक्तं **ब्रह्मसूत्रशाङ्करभाष्ये** एव "यद् यथा लोके दृष्टं तत् तथैव अनुमन्तव्यं निरूपकैः, नाऽन्यथा" (ब्र.सू.२/३/२६ शा.भा.पृ.६१५) इति पूर्वोक्तं (४/३) स्मर्तव्यमत्र। कर्माणि तु सर्वाणि मूर्त्तानि एव।

---

અસદ્ભૂતવ્યવહારનયથી આત્મામાં મૂર્ત્તત્વ માનવામાં આવે છે. આ જ અભિપ્રાયથી **બૃહદ્દ્રવ્યસંગ્રહ**માં શ્રી**નેમિચંદ્રાચાર્યજી**એ જણાવેલ છે કે 'કર્મબંધ થવાના લીધે વ્યવહારથી આત્મા મૂર્ત્ત છે.' **બૃહદ્દ્રવ્યસંગ્રહવૃત્તિ**માં દિગંબર **બ્રહ્મદેવજી**એ અનુપચરિત અસદ્ભૂતવ્યવહારથી આત્માને મૂર્ત્ત જણાવ્યો છે.

### ❁ કર્મસંબંધથી જીવ મૂર્ત્ત ❁

(अत.) તેથી જ **ન્યાયવિનિશ્ચયવિવરણ**માં **અકલંકસ્વામી**એ કહેલ છે કે 'અનાદિકાલીન મૂર્ત્તકર્મદ્રવ્યના સંબંધના લીધે આત્મામાં કથંચિત્ મૂર્ત્તત્વ પણ છે. તથા કર્મસંબંધ આત્મપ્રદેશોમાં પ્રવેશ કરવા સ્વરૂપ છે.'

### ❁ શંકરાચાર્યમત નિરાકરણ ❁

(एते.) **બ્રહ્મસૂત્રશાંકરભાષ્ય**માં જણાવેલ છે કે 'ઉપાધિના યોગે પણ એકસ્વભાવવાળી વસ્તુનો સ્વભાવ બદલાય તેવું સંભવે નહિ.' પરંતુ ઉપર જણાવેલ બાબત દ્વારા **શંકરાચાર્ય**ની આ વાતનું નિરાકરણ થઈ જાય છે. કારણ કે અનાદિકાલીન મૂર્ત્તકર્મસ્વરૂપ ઉપાધિના લીધે આત્મામાં જે મૂર્ત્તસ્વભાવ ઉત્પન્ન થયેલ છે, તેનો અનુભવ થાય જ છે. જો કર્મોપાધિસંયોગથી આત્મામાં મૂર્ત્તસ્વભાવ ઉત્પન્ન ન થાય તો મૂર્ત્ત શસ્ત્રો દ્વારા આત્મામાં ઉપઘાત અને મૂર્ત્ત બ્રાહ્મી વગેરે ઔષધિ દ્વારા આત્મામાં અનુગ્રહ પણ ન જ થઈ શકે. જેમ આકાશ અમૂર્ત્ત હોવાથી મૂર્ત્તદ્રવ્યો વડે તેમાં અનુગ્રહ કે ઉપઘાત થતો નથી, તેમ આત્મા પણ સર્વથા અમૂર્ત્ત જ હોય તો આત્મામાં પણ ક્યારેય મૂર્ત્તદ્રવ્યો વડે અનુગ્રહ-ઉપઘાત થવો ન જોઈએ. પરંતુ તેવો અનુભવ તો સર્વ લોકોને થાય જ છે. સર્વલોકપ્રસિદ્ધ અનુભવનો તો અપલાપ કદાપિ ન કરી શકાય. ખુદ આદ્ય **શંકરાચાર્ય**એ જ **બ્રહ્મસૂત્રશાંકરભાષ્ય**માં જણાવેલ છે કે 'જે વસ્તુનું દર્શન જે પ્રકારે લોકોમાં થાય, તે વસ્તુને તે પ્રકારે જ નિરીક્ષકોએ સ્વીકારવી જોઈએ. બીજી રીતે વસ્તુનો સ્વીકાર કરી ન શકાય.' આ સંદર્ભ પૂર્વે (૪/૩) દર્શાવેલ છે. તેને અહીં વિજ્ઞ વાચકવર્ગે યાદ કરવો. તેથી કર્મદ્રવ્યના યોગથી આત્મામાં કથંચિત્ મૂર્ત્તસ્વભાવ માનવો જરૂરી છે. તથા કર્મ તો પૌદ્ગલિક હોવાથી મૂર્ત્ત જ છે. આ અંગે **સમયસાર** ગ્રંથમાં **કુંદકુંદસ્વામી**એ જણાવેલ છે કે

---

1. व्यवहाराद् मूर्त्तिः बन्धात्।

तदुक्तं **समयसारे कुन्दकुन्दस्वामिना** [1]"अट्ठविहं पि य कम्मं सव्वं पोग्गलमयं जिणा बेंति" (स.सा.४५) इति।

इदमेवाऽभिप्रेत्य **विशेषावश्यकभाष्यमलधारवृत्तौ** "इष्यते एव संसार्यात्मनो मूर्त्तत्वमपि" (वि.आ.भा.१००५ वृ.) इत्युक्तम्। तदुक्तं **गोम्मटसारे**ऽपि **जीवकाण्डे नेमिचन्द्राचार्येण** [2]"संसारत्था रूवा, कम्मविमुक्का अरूवगया" (गो.सा.जी.का.५६३) इति।

इदञ्चात्रावधेयम् – आत्मनि अमूर्त्तता परमार्थतः, मूर्त्तता चोपचरितव्यवहारतोऽवसेया **माइल्लधवल**-मतानुसारेण। तदुक्तं **द्रव्यस्वभावप्रकाशे** [3]"जो हु अमुत्तो भणिओ जीवसहावो जिणेहिं परमत्थो। उपचरियसहावादो अचेयमाणो मुत्तिसंजुत्तो।" (द्र.स्व.प्र.१२०) इति।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – मूलस्वभावत आत्मनः अमूर्त्तत्वम्, औपाधिकस्वभावतश्च मूर्त्तत्वम्। कर्मोपाधिविगमे मौलिकनिरञ्जन-निराकाराऽमूर्त्तस्वभावः प्रादुर्भवेत्। महत्त्वाकाङ्क्षा-ममता -मान-मताग्रह-मतावेश-माया-मद-मदनादिग्रस्तत्वे कर्मोपाधिः वर्धेत। ततश्च तत्परिहारेण अपवर्गमार्गे अभिगन्तव्यम्।

अमूर्त्तस्वभावव्यञ्जकस्य कर्मोपाधिविगमस्य उपलब्धये कर्तृत्व-भोक्तृत्व-स्वत्व-स्वामित्वभावा अपि

'આઠેય પ્રકારના સર્વ કર્મને જિનેશ્વરો પુદ્ગલમય કહે છે.'

### ❈ સંસારી = મૂર્ત, સિદ્ધ = અમૂર્ત ❈

(**इदमे.**) આ જ અભિપ્રાયથી **વિશેષાવશ્યકભાષ્યમલધારવ્યાખ્યા**માં જણાવેલ છે કે 'સંસારી આત્મામાં મૂર્ત્તત્વ પણ માન્ય જ છે.' **ગોમ્મટસાર**માં જીવકાંડમાં દિગંબરાચાર્ય **નેમિચંદ્ર**જીએ પણ જણાવેલ છે કે 'સંસારમાં રહેલા જીવો રૂપી = મૂર્ત્તસ્વભાવી છે. તથા કર્મવિમુક્ત સિદ્ધાત્માઓ અરૂપી = અમૂર્ત્ત છે.'

### ❁ જીવમાં અમૂર્તતા પારમાર્થિક, મૂર્તતા ઔપચારિક : દિગંબર ❁

(**इदञ्चा.**) અહીં એક બાબત ખ્યાલમાં રાખવી કે દિગંબર **માઈલ્લધવલ**ના મત મુજબ આત્મામાં અમૂર્ત્તતા પરમાર્થથી રહે છે અને મૂર્ત્તતા ઉપચરિતવ્યવહારથી રહે છે. તેથી તેણે **દ્રવ્યસ્વભાવપ્રકાશ**માં જણાવેલ છે કે "જિનેશ્વરોએ જીવને અમૂર્ત્ત કહેલ છે, તે જીવનો પારમાર્થિક સ્વભાવ છે. ઉપચરિતસ્વભાવથી તો જીવ અચેતન અને મૂર્ત્ત છે."

### ✡ કર્મજન્ય ઉપાધિઓને ટાળીએ ✡

[illegible] :- મૂળ સ્વભાવથી આત્મા અમૂર્ત્ત છે. ઔપાધિકસ્વભાવથી આત્મા મૂર્ત્ત છે. કર્મજન્ય ઉપાધિ ઘટાડતા જઈએ તો સ્વાભાવિક નિરંજન-નિરાકાર-અમૂર્ત્ત સ્વભાવ પ્રગટે. મહત્ત્વાકાંક્ષા -મમતા-માન-મતાગ્રહ-મતાવેશ-માયા-મદ-મદન વગેરેમાં અટવાઈ જઈએ તો કર્મજન્ય ઉપાધિઓ વધી જાય. આવું ન બની જાય તેનું પાકું લક્ષ રાખીને મોક્ષમાર્ગે આગળ વધવાનું છે.

### ❈ મૂર્તસ્વભાવને વિદાય દઈએ ❈

(**अमू.**) અમૂર્ત્તસ્વભાવને વ્યક્ત કરનાર કર્મોપાધિવિચ્છેદ મેળવવા માટે કર્તૃત્વભાવ, ભોક્તૃત્વભાવ,

1. अष्टविधमपि च कर्म सर्वं पुद्गलमयं जिना ब्रुवन्ति। 2. संसारस्था रूपिणः कर्मविमुक्ता अरूपगताः।
3. यः खलु अमूर्त्तो भणितो जीवस्वभावो जिनैः परमार्थः। उपचरितस्वभावाद् अचेतमानो मूर्त्तिसंयुक्तः।।

त्याज्याः। तत्कृते चैवम् अन्तः दृढतया सर्वदा श्रद्धेयं यदुत - (१) 'अहं जातु नैव अचलम्, नाऽपि चलामि, न वा चलिष्यामि, अमूर्त्तस्वभावत्वात्, धर्मास्तिकायादिवत्। देहोऽयम् अचलत्, चलति, चलिष्यति च, मूर्त्तत्वात्, वारिद-वाहनादिवत्।

(२) अहं स्वादु अस्वादु वा अशनादिकं नाभौक्षम्, न भुञ्जे, न वा भोक्ष्ये जातुचित्। देहोऽयं भगवत्प्रसादरूपेण लब्धं शुक्लाहारम् अभौक्षीत्, भुनक्ति, भोक्ष्यति च। अहं तु निर्मलरत्नत्रयपर्यायान् भुनज्मि। अशनादिपुद्गलैः देहपुद्गलाः एव तृप्ताः। अहन्तु रत्नत्रयपरिणत्या तृप्यामि पुष्यामि च। इदमेवाभिप्रेत्य **ज्ञानसारे** "पुद्गलैः पुद्गलाः तृप्तिं यान्त्यात्मा पुनरात्मना" (ज्ञा.सा.१०/५) इत्युक्तम्। "आत्मना = आत्मगुणपरिणामेन" (ज्ञा.सा.१०/५ वृ.) इति **ज्ञानमञ्जर्यां ज्ञानसारवृत्तौ श्रीदेवचन्द्र**वाचकाः।

(३) अहं नैव अशयि, न वा शये, न वा शयिष्ये। शरीरमिदं शय्यायाम् अशेत, शेते, शयिष्यते च। अहं तु निजनिर्मलचित्स्वभावे सदैव जागर्मि।

(४) अहं नैव कदापि अभाषे, न वा भाषे, न वा भाषिष्ये। पौद्गलिकोऽयं वचनयोगः एव

---

સ્વત્વ(મમત્વ)ભાવ, સ્વામિત્વભાવ (= માલિકીપણાનો દાવો) પણ છોડવા જરૂરી છે. આ ચારેય પ્રકારના ભાવોને, તેવી બુદ્ધિને, તેવી પરિણતિને છોડવા માટે અંદરમાં કાયમ એવી દૃઢ શ્રદ્ધા કરવી કે :-

"(૧) હું ક્યારેય ભૂતકાળમાં ચાલ્યો નહતો, વર્તમાનમાં પણ ચાલતો નથી કે ભવિષ્યમાં ચાલવાનો નથી જ. કારણ કે મારો મૂળભૂત સ્વભાવ તો અમૂર્ત જ છે. અમૂર્ત એવા ધર્માસ્તિકાય વગેરે નથી જ ચાલતા ને ! આ પ્રત્યક્ષ ઉપલબ્ધ શરીર જ ચાલ્યું હતું, ચાલે છે તથા ચાલવાનું છે. કેમ કે તે મૂર્ત છે. મૂર્તસ્વભાવી વાદળા, વાહન વગેરે જ દોડધામ કરે છે ને ! આ શરીરરૂપી ગાડી પણ આમથી તેમ દોડધામ કરે છે. મારે તેની સાથે શું લેવા-દેવા ?

(૨) સ્વાદિષ્ટ કે બેસ્વાદ અશનાદિનું મેં ક્યારેય ભોજન કર્યું નથી, કરતો નથી કે કરવાનો નથી. આ શરીરે પ્રભુપ્રસાદરૂપે મળેલ શુક્લ (= નિર્દોષ) આહારનું ભોજન ગઈકાલે કર્યું હતું, આજે કરે છે અને ભવિષ્યમાં કરશે. હું તો મારા નિર્મળ રત્નત્રયની પરિણતિને આરોગું છું. ભોજનના પુદ્ગલો દ્વારા શરીરના જ પુદ્ગલો તૃપ્ત થાય છે, પુષ્ટ થાય છે. હું તો જ્ઞાનાદિ રત્નત્રયપરિણતિ વડે જ તૃપ્ત થાઉં છું અને પુષ્ટ થાઉં છું. આ જ આશયથી **મહોપાધ્યાય શ્રીયશોવિજયજી** મહારાજે **જ્ઞાનસાર** પ્રકરણમાં જણાવેલ છે કે 'પુદ્ગલો વડે પુદ્ગલો તૃપ્તિને પામે છે. આત્મા વડે આત્મા તૃપ્તિને પામે છે.' 'આત્મા વડે' = 'આત્મગુણપરિણામ વડે' - આવો અર્થ ઉપાધ્યાય **શ્રીદેવચન્દ્રજી** મહારાજે **જ્ઞાનમંજરી**માં (**જ્ઞાનસારવ્યાખ્યા**માં) કરેલ છે.

(૩) હું ક્યારેય સૂતો નહતો, સૂતો નથી કે સૂવાનો નથી. આ શરીર શય્યામાં-સંથારામાં સૂતું હતું, સુવે છે અને સુવાનું છે. હું તો મારા નિર્મળ જ્ઞાનસ્વભાવમાં સદાય જાગતો જ છું. નિગોદમાં પણ સૂક્ષ્મ ઉપયોગ પ્રગટ જ હોય છે ને !

(૪) હું ક્યારેય બોલ્યો નથી, બોલતો નથી કે બોલવાનો નથી. આ પૌદ્ગલિક વચનયોગ જ

अभाषिष्ट, भाषते, भाषिष्यते च। अहं तु शाश्वतमौनव्रती।

(५) एवमेव अहं नैव व्यकल्पयम्, नैव विकल्पयामि, न वा विकल्पयिष्यामि। मनोयोगोऽयं पौद्गलिकः व्यकल्पयत्, विकल्पयति, किञ्चित्कालं विकल्पयिष्यति च। अहं तु निर्विकल्पस्वभाव एव।

(६) अहं नैव मृदु-कर्कशादिकं वस्तु अस्पृशम्, न च स्पृशामि, न वा स्पर्क्ष्यामि। त्वगिन्द्रियमिदम् अस्पार्क्षीत्, स्पृशति, स्पर्क्ष्यति च। चिच्छक्तिशून्यं हि अनुभूयमानं वस्तु पौद्गलिकमेव निश्चयेन। चितिशक्तिशून्यं वस्तु तु न जीवः, न वा जीवपरिणामः। शुद्धनिश्चयेन राग-द्वेषादयः कर्मपुद्गलानामेव परिणामाः, न मम शुद्धोपयोगलक्षणस्य। अहं तु यथा शिवे तथा देहे। नात्र संशयः कश्चित्। यथावसरं मदीयचैतन्योपष्टम्भेन एतानि काय-वाङ्-मनइन्द्रिय-कर्माणि स्व-स्वकार्याणि कुर्वन्ति यथायोगं भुञ्जन्ति च। तत्र कर्तृत्व-भोक्तृत्वादिपरिणामशून्यः केवलः साक्षी अमूर्त्तः अहम्' इति।

इत्थममूर्त्तस्वभावगोचरदृष्टिदार्ढ्ये सति साम्प्रतं प्राबल्येन असकृद् अनुभूयमानोऽपि कर्मादिसापेक्षोऽस्मदीयमूर्त्तस्वभावः प्रणश्यति। इत्थमेव [1]"सिद्धस्य सुहो♦ रासी सव्वद्धपिंडिओ जइ हविज्ज।

બોલતો હતો, બોલે છે અને બોલશે. હું તો સદા મૌનવ્રતવાળો જ છું.

**(૫)** એ જ રીતે મેં ક્યારેય તર્ક-વિતર્ક-વિકલ્પ-વિચાર કર્યા નથી, કરતો નથી કે કરવાનો નથી. આ પૌદ્ગલિક મનોયોગે જ તર્ક-વિતર્ક-વિકલ્પાદિ કર્યા છે, કરે છે અને હજુ થોડોક સમય તે થોડા -ઘણા વિકલ્પાદિ કરશે. પરંતુ હું તો નિર્વિકલ્પસ્વભાવી જ છું.

### ❖ સંસાર-મોક્ષમાં આત્મા સમાન ❖

(૬) તથા મૃદુ કે કર્કશ વગેરે સ્પર્શવાળી વસ્તુને હું ક્યારેય સ્પર્શ્યો નથી, સ્પર્શતો નથી કે સ્પર્શવાનો પણ નથી જ. આ સ્પર્શનઈન્દ્રિય જ એને સ્પર્શેલી હતી, સ્પર્શે છે અને સ્પર્શવાની છે. ચિતિશક્તિથી શૂન્ય એવી જે જે વસ્તુ અનુભવાતી હોય તે નિશ્ચયથી પૌદ્ગલિક-અજીવ જ હોય. ચૈતન્યશક્તિ વિનાની જે ચીજ હોય તે જીવ તો નથી જ, જીવનો પરિણામ પણ નથી. રાગ-દ્વેષ વગેરે પણ શુદ્ધનિશ્ચયથી કર્મપુદ્ગલના જ પરિણામ છે, મારા પરિણામ નથી. હું તો શુદ્ધઉપયોગ સ્વરૂપ છું. 'जैसो शिव पे, तैसो तन पे।' હું તો જેવો મોક્ષમાં છું. તેવો જ શરીરમાં છું. તેમાં કોઈ શંકા નથી. અવસર પામીને, મારી ચેતનાનો ટેકો લઈને આ કાયા, વચન, મન, ઈન્દ્રિય અને કર્મો પોત-પોતાના કાર્યોને કરે રાખે છે. તથા યથાયોગ્યપણે કાયા, કર્મ વગેરે તેનો ભોગવટો કરે છે. હલન-ચલન-ભોજન-શયનાદિ ક્રિયાનો કે રાગાદિપરિણામ વગેરેનો હું નથી કર્તા કે નથી ભોક્તા. હું તેનો માલિક નથી અને તે મારા નથી. હું તો કેવળ તેનો સાક્ષી છું. અમૂર્ત્ત જ છું."

(इत्थ.) આ રીતે અમૂર્ત્તસ્વભાવની દૃષ્ટિ દૃઢ થતાં કર્મ વગેરેને સાપેક્ષ એવો મૂર્ત્તસ્વભાવ કે જે હાલમાં આપણને પ્રબળપણે વારંવાર અનુભવાય છે, તે સંપૂર્ણપણે નાશ પામે છે. આ રીતે મોક્ષમાર્ગે આગળ વધવામાં આવે તો જ **ઔપપાતિકસૂત્ર**માં, **તીર્થોદ્ગાલિકપ્રકીર્ણક**માં, **પ્રજ્ઞાપનાસૂત્ર**માં, **દેવેન્દ્રસ્તવપ્રકીર્ણક**માં, **આવશ્યકનિર્યુક્તિ**માં, **હરિભદ્રસૂરિ**કૃત **વિંશિકાપ્રકરણ**માં તથા **સમરાદિત્યકથા**માં

♦ क्वचित् 'सुक्खरासी' इति पाठः। 1. सिद्धस्य सुखः राशिः सर्वाद्धापिण्डितो भवेत्। सोऽनन्तवर्गभक्तः सर्वाकाशे न मायात्।।

सोऽणंतवग्गभइओ सव्वागासे न माइज्जा।।" (औ.४४/गा.१५, ती.प्र.१२४९, प्र.२/सू.२११/गा.१७३, दे.प्र.३००, आ.नि.९८२, विं.प्र.२०/६, स.क.भव-९ पृ.८८८ गाथा-१०३८) इति **औपपातिकसूत्रे, तीर्थोद्गालिप्रकीर्णके, प्रज्ञापनासूत्रे, देवेन्द्रस्तवप्रकीर्णके, आवश्यकनिर्युक्तौ, विंशिकाप्रकरणे, समरादित्यकथायां** चोक्तं मोक्षसुखं सुलभं स्यात्।

परम् अधीरः अशान्तः सम्भ्रान्तः मूर्च्छितः क्षुद्रप्रकृतिः दीनः मत्सरी अज्ञश्च जीवः धर्मार्थितायां सत्याम् अपि केवलं बाह्यक्रियानिमग्नो नैवोक्तं गूढं तत्त्वं पश्यति श्रद्धत्ते वा। "बाह्यक्रियारतस्वान्तः तत्त्वं गूढं न पश्यति" (अ.सा.१८/१३७) इति **अध्यात्मसारोक्तिः**रत्र विभावनीया आत्मार्थिभिः।।१२/३।।

દર્શાવેલ સિદ્ધસુખ સુલભ બને. ત્યાં જણાવેલ છે કે "એક સિદ્ધ ભગવંતના ત્રૈકાલિક સુખના સમૂહને ભેગો કરીને એનું અનંતમું વર્ગમૂળ કરવામાં આવે તો પણ લોક-અલોકઆકાશમાં સમાઈ ન શકે."

**❋ સિદ્ધસુખને સમજીએ ❋**

[illegible] :- ૬૫,૫૩૬ નું વર્ગમૂળ (Square root) ૨૫૬ થાય. $\sqrt{૬૫,૫૩૬}$ = ૨૫૬. તેનું વર્ગમૂળ ૧૬ થાય. $\sqrt{૨૫૬}$ = ૧૬. તેનું વર્ગમૂળ ૪ થાય. $\sqrt{૧૬}$ = ૪. તેનું વર્ગમૂળ ૨ થાય. $\sqrt{૪}$ = ૨. મતલબ કે ૬૫,૫૩૬ નું ચોથું વર્ગમૂળ જો ૨ થાય તો એક સિદ્ધ ભગવંતના સુખનું અનંતમું વર્ગમૂળ કેટલા નાના પ્રમાણમાં થાય ? તેમ છતાં તે લોકાલોકમાં = સંપૂર્ણ આકાશમાં ન સમાય. તો એક સિદ્ધ ભગવંતનું સુખ કેટલું વિશાળ હશે !

**❋ બાહ્ય ક્રિયામાં ગળાડૂબ તત્ત્વદર્શી ન હોય ❋**

**(परम्.)** સર્વ ક્રિયામાં ઉપરોક્ત જાગૃતિ વડે મૂર્તસ્વભાવનો ઉચ્છેદ કરીને સાધક મોક્ષમાં જાય છે. આ ગૂઢ તત્ત્વ છે. પરંતુ જે જીવ (૧) અધીરો હોય, (૨) અશાંત હોય, (૩) બેબાકળો હોય, (૪) મૂર્છા-ગૃદ્ધિવાળો હોય, (૫) ક્ષુદ્ર સ્વભાવવાળો હોય, (૬) ઈષ્ટવિયોગાદિમાં દીન-રાંક હોય, (૭) ઈર્ષ્યાળુ હોય, (૮) પોતાના સ્વરૂપની જેને બિલકુલ ઓળખાણ જ ન હોય તેવો જીવ કદાચ ધર્મી બનવાની ઈચ્છા રાખે તો પણ માત્ર બહારની ક્રિયામાં જ તે ગળાડૂબ બને છે. ઉપર જણાવેલ ગૂઢ તત્ત્વને તે નથી જોતો કે નથી તો તેની શ્રદ્ધા કરતો. આ અંગે **અધ્યાત્મસાર**ની એક પંક્તિ ઊંડાણથી વિચારવા યોગ્ય છે. ત્યાં **મહોપાધ્યાયજી**એ જણાવેલ છે કે 'બાહ્ય ક્રિયામાં જ જેનું પોતાનું મન ખૂંચી ગયેલ હોય, તે ગૂઢ-રહસ્યભૂત તત્ત્વને જોતો નથી.' (૧૨/૩)

લખી રાખો ડાયરીમાં.....

- **વાણી-વર્તનના સુધારાથી સાધના સંતુષ્ટ થાય છે.**
  **દા.ત. અંગારમર્દક આચાર્ય.**
  **આત્માને સુધારીને ઉપાસના તૃપ્ત થાય છે.**
  **દા.ત. સ્થૂલભદ્ર સ્વામીજી.**

**જી હો અમૂર્ત્તતા વિણ સર્વથા, લાલા મોક્ષ ઘટઈ નહીં તાસ;**
**જી હો એક પ્રદેશ સ્વભાવતા, લાલા અખંડ બંધ નિવાસ ॥૧૨/૪॥ (૧૯૮) ચતુર.**

અનઈં જો લોકદષ્ટ વ્યવહારઈં ♦મૂર્ત્તસ્વભાવ જ આત્માનઈં માનિઈં તો (**અમૂર્ત્તતા વિણ સર્વથા**) ♦મૂર્ત્ત તે હેતુસહસ્રઈં પણિ અમૂર્ત્ત ન હોઈ, તિવારઈં (**તાસ**) **મોક્ષ ન ઘટઈ**. તે માટઈં ⌘મૂર્ત્તત્વસંવલિત જીવનઈં પણિં અંતરંગ અમૂર્ત્તસ્વભાવ માનવો.

---

आत्मनि अमूर्त्तस्वभावानभ्युपगमे दोषमाह – '**सर्वथे**'ति ।

**सर्वथाऽमूर्त्तताऽयोगे जीवमोक्षो ह्यसङ्गतः।**
**एकप्रदेशभावत्वमखण्डबन्धभाजनम्।।१२/४।।**

प्रकृते दण्डान्वयस्त्त्वेवम् – सर्वथा अमूर्त्तताऽयोगे जीवमोक्षः असङ्गतः हि (स्यात्)। अखण्डबन्धभाजनं (हि) एकप्रदेशभावत्वम् (उच्यते)।।१२/४।।

लोकदृष्टव्यवहारानुसारेण आत्मनि मूर्त्तैकस्वभावमङ्गीकृत्य **सर्वथा** = एकान्तेनैव **अमूर्त्तताऽयोगे** = अमूर्त्तत्वस्वभावाऽभावे स्वीक्रियमाणे सति **जीवमोक्षः** = आत्मनोऽपवर्गः **असङ्गतः** = अनुपपन्नो **हि** = एव स्यात्, मूर्त्तैकस्वभावस्य हेतुसहस्रेणाऽपि अमूर्त्तत्वाऽयोगात्। "हि पादपूरणे हेतौ विशेषेऽप्यवधारणे।। प्रश्ने हेत्वपदेशे च सम्भ्रमाऽसूययोरपि।" (मे.को.अव्यय ८६/८७) इति पूर्वोक्त(२/१४ + ५/१९)**मेदिनीकोश**वचनादत्र हिशब्दोऽवधारणार्थे प्रयुक्तः। मोक्षे त्वात्मनो रूपादिसन्निवेशो नास्ति। अतो लोकदृष्ट्या मूर्त्तत्वसंवलितेऽपि जीवेऽन्तरङ्गाऽमूर्त्तस्वभावः परमार्थतः कक्षीकर्तव्य एव।

---

[redacted] :- જો આત્મામાં અમૂર્ત્તસ્વભાવને માનવામાં ન આવે તો શું દોષ આવે ? આ બાબતને ગ્રંથકારશ્રી જણાવે છે :-

[redacted] :- જો જીવમાં અમૂર્ત્તતા સર્વથા ન હોય તો જીવનો મોક્ષ અસંગત થઈ જશે. અખંડ બંધભાજન થવું એ એકપ્રદેશસ્વભાવ છે. (૧૨/૪)

## ❖ અમૂર્ત્તતાનો અસ્વીકાર સદોષ ❖

[redacted] :- લોકદષ્ટ-લોકપ્રસિદ્ધ વ્યવહાર મુજબ આત્મામાં ફક્ત મૂર્ત્તસ્વભાવનો સ્વીકાર કરીને એકાંતે જ જો અમૂર્ત્તસ્વભાવનો આત્મામાંથી ત્યાગ કરવામાં આવે તો આત્માનો મોક્ષ અસંગત જ થઈ જશે. કારણ કે જેનો સ્વભાવ એકાંતે મૂર્ત્ત હોય તેને હજારો કારણો ભેગા મળીને પણ અમૂર્ત્ત બનાવી ન શકે. "પાદપૂર્ત્તિ, હેતુ, વિશેષ, અવધારણ, પ્રશ્ન, હેતુનો અપદેશ, સંભ્રમ, અસૂયા - આ અર્થમાં 'हि' શબ્દ વપરાય છે" આ મુજબ **મેદિનિકરે મેદિનીકોશ**માં જે જણાવેલ છે, તેને અનુસરીને અહીં 'हि' શબ્દને અવધારણ = જકાર અર્થમાં પ્રયોજેલ છે. આ સંદર્ભ પૂર્વે (૨/૧૪ + ૫/૧૯) દર્શાવેલ હતો. મોક્ષમાં તો આત્માની અંદર રૂપાદિસન્નિવેશ જ નથી. તેથી સર્વથા મૂર્ત્તસ્વભાવી આત્માનો મોક્ષ અસંગત થઈ જશે. આ કારણથી લોકદષ્ટિએ મૂર્ત્તત્વયુક્ત એવા પણ જીવમાં, આગલા શ્લોકમાં જણાવેલ

---

♦ લા.(૨)માં 'મૂર્તિ' પાઠ. ⌘ B(૨)માં 'મૂર્ત્તસં.' પાઠ.

**એકપ્રદેશસ્વભાવ** તે, તે કહિયઈ જે એકત્વપરિણતિ **અખંડ** આકાર **બંધ** કહતા સન્નિવેશ, તેહનો **નિવાસ** ભાજનપણું. ॥૧૨/૪॥

---

"न रूपं न रसो गन्धो न, न स्पर्शो न चाकृतिः। यस्य धर्मो न शब्दो वा तस्य का नाम मूर्त्तता?।। दृशाऽदृश्यं हृदाऽग्राह्यं वाचामपि न गोचरः। स्वप्रकाशं हि यद्रूपं तस्य का नाम मूर्त्तता ?।।" (अ.सा.१८/३७-३८) इति **अध्यात्मसारे** निश्चयनयमतानुसारेण **यशोविजयवाचकैः** यदुक्तं तदिहानुसन्धेयम्।

***एतेन*** "मूर्त्तस्यैकान्तेनाऽऽत्मनो मोक्षस्याऽनवाप्तिः स्याद्" (आ.प.पृष्ठ-१४) इति **आलापपद्धति**वचनम्, "मूर्त्तस्यैकान्तेनाऽऽत्मनो न मोक्षावाप्तिः स्याद्" (बृ.न.च.६९/पृ.३७) इति **बृहन्नयचक्रवृत्ति**वचनञ्च ***व्याख्यातम्।***

(५) पञ्चमं विशेषस्वभावमाचष्टे – **अखण्डबन्धभाजनम्** = अखण्डैकाकारपरिणामसन्निवेशनिवासो हि **एकप्रदेशभावत्वम्** = एकप्रदेशस्वभावः उच्यते। अखण्डैकाकारपरिणामसम्बन्धवत्त्वं द्रव्यार्थादेशेन एकप्रदेशित्वमुच्यते। एकाऽखण्डस्कन्धाकारपरिणतिसम्बन्धशालित्वादेव हि 'धर्मास्तिकायः एकः', 'अधर्मास्तिकाय एक' इत्यादिकं व्यवह्रियते।

---

**દ્રવ્યસ્વભાવપ્રકાશ** ગ્રંથના સંદર્ભ મુજબ, પરમાર્થથી અંતરંગ અમૂર્ત્તસ્વભાવને સ્વીકારવો જ જોઈએ.

### ❀ નિશ્ચયથી આત્મા મૂર્ત નથી ❀

("**न रूपं.**) 'જેને રૂપ, રસ, ગંધ, સ્પર્શ, સંસ્થાન કે શબ્દ - આ ગુણધર્મો ન હોય તે આત્મામાં મૂર્ત્તતા ક્યાંથી હોય ? આંખથી દેખાય નહિ, મનથી પકડાય નહિ, વાણીનો પણ વિષય ન બને એવું સ્વપ્રકાશાત્મક જેનું સ્વરૂપ હોય, તે આત્મામાં મૂર્ત્તતા ક્યાંથી હોય ?' ન જ હોય. આ પ્રમાણે નિશ્ચયનયને અનુસરીને **અધ્યાત્મસાર** ગ્રંથમાં **મહોપાધ્યાય** શ્રી**યશોવિજય** મહારાજે જે કહેલું છે, તેનું અહીં વિજ્ઞ વાચકોએ દૃઢપણે અનુસંધાન કરવું.

### ❋ એકાન્તતઃ મૂર્ત્ત આત્મા અમાન્ય ❋

(एतेन.) **આલાપપદ્ધતિ** ગ્રંથમાં પણ જણાવેલ છે કે 'એકાન્તે મૂર્ત્તસ્વભાવવાળા આત્માને મોક્ષ ક્યારેય મળી નહિ શકે.' **બૃહદ્નયચક્રવૃત્તિ**માં પણ જણાવેલ છે કે 'આત્મામાં સર્વથા મૂર્ત્તત્વ જ માનવામાં આવે તો આત્માને મોક્ષની પ્રાપ્તિ નહિ થાય.' આ બન્ને શાસ્ત્રવચનની પણ ઉપરોક્ત રીતે વ્યાખ્યા થઈ જાય છે.

### ● એકપ્રદેશસ્વભાવની પ્રરૂપણા ●

(૫) ગ્રંથકારશ્રી હવે પાંચમા વિશેષ સ્વભાવની વ્યાખ્યા કરે છે. પાંચમા વિશેષ સ્વભાવનું નામ છે એકપ્રદેશસ્વભાવ. અખંડ એકાકાર પરિણામના સન્નિવેશથી યુક્તપણું તે એકપ્રદેશસ્વભાવ કહેવાય છે. અખંડ એકાકાર પરિણામનો સંબંધ પોતાનામાં હોવો તે જ સ્વગત એકપ્રદેશિત્વસ્વભાવ છે. આ પ્રમાણે દ્રવ્યાર્થનય કહે છે. એકપ્રદેશસ્વભાવના લીધે 'ધર્માસ્તિકાય એક છે, અધર્માસ્તિકાય એક છે' - ઈત્યાદિ વ્યવહાર પ્રવર્ત્તે છે. કહેવાનો આશય એ છે કે ધર્માસ્તિકાય વગેરે દ્રવ્ય એક અખંડ સ્કંધાકારે પરિણમેલ છે. એક અખંડ સ્કંધાકારપરિણતિની રચના ધરાવવી તે જ તેનો એકપ્રદેશસ્વભાવ. તેના લીધે જ 'આ એક દ્રવ્ય છે' - આવો વ્યવહાર ધર્માસ્તિકાય વગેરેમાં થાય છે.

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – 'अहं सर्वदा सर्वत्र निरञ्जनः, निराकारः, अरूपी अलिप्तश्च' इति बाह्यत उक्त्वा येऽभिरुच्या पापप्रवृत्तिपरायणाः विषय-कषायग्रस्ताः च भवन्ति, ते भ्रान्ता ज्ञेयाः। "अर्वाग्दशायां दोषाय वैषम्ये साम्यदर्शनम्। निरपेक्षमुनीनां तु राग-द्वेषक्षयाय तद्।।" (अ.सा. १५/४६) इति **अध्यात्मसार**कारिकां स्मृत्वा वर्त्तमाननिजभूमिकाञ्च विलोक्य तैरिदं बोद्धव्यं यदुत 'मदीयः रूपी कर्मबद्धः स्वभावः अपि वास्तव एव'।

तथा ये साम्प्रतकालीनरागादिमलिनपर्याय-दीर्घकालीनव्याधि-सार्वदिकप्रतिकूलता-सार्वत्रिकपराभवाद्युद्विग्नान्तःकरणतया आराधनोत्साहभ्रष्टा हताशाः च तैः "शुद्धेऽपि व्योम्नि तिमिराद् रेखाभिर्मिश्रता यथा। विकारैर्मिश्रता भाति तथात्मन्यविवेकतः।।" (ज्ञा.सा.१५/३) इति **ज्ञानसार**कारिकार्थविभावनया स्वकीयनिरञ्जन-निराकाराऽमूर्त्तस्वभावं चेतसिकृत्य हतोत्साहता निराकार्येत्युपदेशः। इत्थमेव प्रवृत्तौ क्रमेण "लोकाग्रशिखरारूढाः स्वभावसमवस्थिताः। भवप्रपञ्चनिर्मुक्ता युक्ताऽनन्तावगाहनाः।।" (प.प.२३)

### ❯ ભ્રાન્તિને છોડીએ ❯

**આધ્યાત્મિક ઉપનય** :- 'હું તો સર્વદા સર્વત્ર નિરંજન-નિરાકાર-અરૂપી-અલિપ્ત છું' - આવું ફક્ત હોઠથી બોલીને, મજેથી પાપની પ્રવૃત્તિઓ કરનારા અને વિષય-કષાય-મોહમાં હોંશે-હોંશે તણાતા જીવોને ભ્રાન્ત જાણવા. તેવા ભ્રાન્ત જીવોએ **અધ્યાત્મસાર**નો એક શ્લોક યાદ કરવા જેવો છે. ત્યાં **મહોપાધ્યાયજી**એ જણાવેલ છે કે 'વિષમદશામાં સમાનતાનું દર્શન પ્રાથમિક અવસ્થામાં દોષ માટે થાય છે. નિરપેક્ષવૃત્તિવાળા નિર્ગ્રંથોને તો વિષમતામાં (= રૂપી-સાકાર-કર્મબદ્ધદશા વગેરે વિભિન્ન જીવદશામાં) ચૈતન્યાદિસ્વરૂપે સમાનતાનું દર્શન રાગ-દ્વેષના ઉચ્છેદ માટે થાય છે.' આ બાબતને યાદ કરીને તથા પોતાની વર્તમાન ભૂમિકાને જોઈને તેવા વિભાવગ્રસ્ત જીવોએ એવો બોધ લેવાની જરૂર છે કે 'મારો રૂપી-કર્મબદ્ધ મૂર્તસ્વભાવ પણ વાસ્તવિક જ છે.'

### ❂ અમૂર્તસ્વભાવવિચાર ઉત્સાહવર્ધક ❂

**(તથા.)** તથા વર્તમાનકાળે રાગાદિ મલિન પર્યાયો, શરીરની દીર્ઘકાલીન માંદગી, નિરંતર પ્રતિકૂળ પરિસ્થિતિ, સર્વત્ર પરાભવ વગેરેના લીધે જેઓનું મન અત્યંત ઉદ્વિગ્ન થઈ ગયેલ છે, તેના લીધે જ સાધનામાં જેઓનું મન ચોંટતું નથી તથા હતાશા-નિરાશાની ખીણમાં જેઓ દબાઈ ગયેલા અને દટાઈ ગયેલા છે તેવા જીવોએ **જ્ઞાનસાર**ના વિવેક અષ્ટકના ત્રીજા શ્લોકનો અર્થ ઊંડાણથી વિચારવો. ત્યાં **મહોપાધ્યાયજી** મહારાજે જણાવેલ છે કે 'જેમ સ્વચ્છ એવા પણ આકાશમાં તિમિર રોગથી નીલ-પીત વગેરે રેખાઓથી મિશ્રતા ભાસે છે (પરંતુ છે નહિ), તેમ સ્વચ્છ = નિરંજન આત્મામાં અવિવેકના લીધે (= અજ્ઞાનના કારણે) વિકારોથી મિશ્રતા ભાસે છે, પરંતુ આત્મા હકીકતમાં વિકારમિશ્રિત નથી.' આ બાબતની અંતરમાં ઊંડાણથી વિભાવના કરીને, પોતાના અમૂર્તસ્વભાવ ઉપર, નિરંજન-નિરાકાર દશા ઉપર દૃષ્ટિને કેન્દ્રિત કરવી. આ રીતે તેઓ પોતાની હતોત્સાહતાને/હતાશાને ખંખેરી નાખે તેવો ઉપદેશ અહીં મેળવવા યોગ્ય છે. આ રીતે પ્રવૃત્તિ કરવામાં આવે તો ક્રમશઃ મોક્ષમાર્ગે આગળ વધતાં સિદ્ધસ્વરૂપ સુલભ થાય છે. તેનું વર્ણન કરતા **મહોપાધ્યાય શ્રીયશોવિજયજી** મહારાજે **પરમાત્મ-**

इति **परमात्मपञ्चविंशतिकायां यशोविजयवाचकैः** वर्णितं सिद्धस्वरूपं सुलभं स्यात् ॥१२/४॥

**પંચવિંશતિકા**માં જણાવેલ છે કે 'લોકાગ્ર ભાગસ્વરૂપ શિખરે આરૂઢ થયેલા સિદ્ધ ભગવંતો સ્વભાવમાં સારી રીતે રહેલા છે. સંસારના પ્રપંચથી તેઓ પૂરેપૂરા છૂટી ગયેલા છે. અનન્ત કાળ સુધીની અનંત અવગાહના (= ત્યાં રહેવાપણું) સિદ્ધ ભગવંતોમાં છે.' (૧૨/૪)

લખી રાખો ડાયરીમાં.....

- વાસના એકમાં જ પોતાનો પ્રેમ કેન્દ્રિત કરે છે.
  ઉપાસના અનેકમાં પોતાનો પ્રેમ વ્યાપ્ત કરે છે.
- વાસના શૂન્યમનસ્કતાને પેદા કરે છે.
  ઉપાસના ગુણપૂર્ણતાને સર્જે છે.
- બુદ્ધિ યથાશક્તિ નહિ, યથારુચિ ધર્મને કરે છે.
  કરવા પડતા પાપને શ્રદ્ધા યથારુચિ નહિ પણ અરુચિથી કરે છે.
- વાસના પુદ્ગલકેન્દ્રિત છે.
  ઉપાસના પરમાત્મકેન્દ્રિત છે.
- શક્તિનું અતિક્રમણ કરીને પણ બુદ્ધિ પાપમાર્ગે દોડે છે.
  શક્તિનું અતિક્રમણ કરીને પણ શ્રદ્ધા ધર્મમાર્ગે આગળ વધવા ઉત્સાહી છે.
- બુદ્ધિ સાપમાં મોતદર્શન કરે છે.
  શ્રદ્ધા પાપમાં મોતદર્શન કરે છે.
- વાસના શક્તિ વધારવા ઈચ્છે છે,
  છતાં શક્તિનાશ નોતરે છે.

  ઉપાસના ભક્તિનો ઉછાળો ઝંખે છે અને
  શક્તિસ્રોત, શુદ્ધિસ્રોત પ્રગટાવે છે.
- સાધનાનું પરિણામ દૃશ્ય છે. દા.ત.શ્રીપાલ મહારાજા.
  ઉપાસનાનું પરિણામ અદૃશ્ય છે. દા.ત. કૃષ્ણવંદના.

**જી હો અનેક પ્રદેશ સ્વભાવતા, લાલા ભિન્ન પ્રદેશસ્વભાવ;**
**જી હો જો નહીં એકપ્રદેશતા, લાલા ✡માનો ભેદ ♦હુઈ બહુભાવ ॥૧૨/૫॥(૧૯૯) ચતુર.**

**અનેકપ્રદેશસ્વભાવ** તે કહિયઇ, જે **ભિન્નપ્રદેશ(સ્વભાવ)**યોગઇ તથા ભિન્નપ્રદેશકલ્પનાઈં અનેક પ્રદેશ વ્યવહારયોગ્યપણું.

षष्ठं विशेषस्वभावं व्याख्यानयति – '**नाने**'ति।

**नानाप्रदेशभावस्तु भिन्नप्रदेशयोगतः।**
**यदि नैकप्रदेशत्वमेकत्र बहुता भवेत्।।१२/५।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – नानाप्रदेशभावस्तु भिन्नप्रदेशयोगतः। यदि एकप्रदेशत्वं न (अभ्युपगम्यते तर्हि) एकत्र बहुता भवेत्।।१२/५।।

(६) प्रदेशार्थाऽऽदेशाद् **नानाप्रदेशभावः** = अनेकप्रदेशस्वभावः **तु भिन्नप्रदेशयोगतः** = बहुप्रदेशसम्बन्धाद् बहुप्रदेशित्वव्यवहारयोग्यत्वम्। **अनेकार्थसङ्ग्रहे** "पादपूरणेऽवधृतौ तु विशेषेऽवधारणे" (अने.स.परिशिष्ट-१३) इति **हेमचन्द्राचार्य**वचनादत्र पूर्वोक्ताऽपेक्षया विशेषदर्शनाय तुः बोध्यः। ततश्च अनेकप्रदेशस्वभावादेव 'धर्मास्तिकायस्य द्विप्रदेशिक-त्रिप्रदेशिकादयः बहवो देशाः, लोकाकाशप्रदेशमिताश्चाऽसङ्ख्यप्रदेशाः' इत्यादिकं व्यवह्रियते। ***एतेन*** [1]"धम्मत्थिकायस्स देसा, धम्मत्थिकायस्स पएसा" (प्रज्ञा.१/३) इति **प्रज्ञापनासूत्र**मपि ***व्याख्यातम्***, 'धम्मत्थिकायस्स' इत्यत्रैकवचनस्य **प्रज्ञापनावृत्तिकार**-

**અવતરણિકા** :- છઠ્ઠા વિશેષસ્વભાવની ગ્રંથકારશ્રી વ્યાખ્યા કરે છે :-

**શ્લોકાર્થ** :- અનેકપ્રદેશસ્વભાવ તો વિભિન્ન પ્રદેશોના = અવયવોના યોગના લીધે હોય છે. જો એકપ્રદેશસ્વભાવ ન હોય તો એકમાં અનેકતા આવે. (૧૨/૫)

### ❈ અનેકપ્રદેશસ્વભાવની વિચારણા ❈

**વ્યાખ્યાર્થ** :- પ્રદેશાર્થનયના અભિપ્રાયથી અનેકપ્રદેશસ્વભાવ તો અનેક પ્રદેશોના = અવયવોના સંબંધના લીધે બહુપ્રદેશીપણાના વ્યવહારની યોગ્યતા સ્વરૂપ જાણવો. **અનેકાર્થસંગ્રહ**માં શ્રી**હેમચંદ્રાચાર્યજી**એ "પાદપૂર્ત્તિ, અવધૃતિ, વિશેષ, અવધારણ - અર્થમાં '**तु**' વપરાય છે" - આ પ્રમાણે જણાવેલ છે એ મુજબ પૂર્વે જણાવેલ એકપ્રદેશસ્વભાવની અપેક્ષાએ વિશેષતા = તફાવત જણાવવા માટે અહીં મૂળ શ્લોકમાં '**तु**' શબ્દ વાપરેલો જાણવો. તેથી અનેકપ્રદેશીસ્વભાવના લીધે જ 'એક ધર્માસ્તિકાય દ્રવ્યના દ્વિપ્રદેશિક-ત્રિપ્રદેશિક વગેરે અનેક દેશો હોય છે. તથા લોકાકાશના પ્રદેશ પ્રમાણ અસંખ્યપ્રદેશો હોય છે' - ઈત્યાદિ વ્યવહાર પ્રવર્ત્તે છે. આવું જણાવવાથી 'ધર્માસ્તિકાયના દેશો અને ધર્માસ્તિકાયના પ્રદેશો' - આ પ્રમાણે **પન્નવણાસૂત્ર**માં જે જણાવેલ છે તેની પણ છણાવટ થઈ જાય છે. કારણ કે 'ધર્માસ્તિકાયના' આવું જે કહેલ છે, તેમાં એકવચનનો પ્રયોગ **શ્યામાચાર્યજી**એ કરેલ છે તે, **પન્નવણાવ્યાખ્યાકાર**

✡ 'માનો' પાઠ ફક્ત કો.(૧૩)માં છે. ♦ આ.(૧)માં 'ભેદ માનો' પાઠ. લી.(૧+૨+૩)નો પાઠ લીધો છે. પુસ્તકોમાં 'હુઈ' નથી. 1. धर्मास्तिकायस्य देशाः, धर्मास्तिकायस्य प्रदेशाः।

**જો એકપ્રદેશસ્વભાવ ન હોઈ**, તો અસંખ્યાત પ્રદેશાદિ યોગઈ (**બહુભાવ**=) બહુવચનપ્રવૃત્તિં (**ભેદ માનો**). "એક ધર્માસ્તિકાય" એ વ્યવહાર ન હોઈ. "ઘણા ધર્માસ્તિકાય" ઈત્યાદિક થવું જોઈઈ. *તે માટઈ એકપ્રદેશસ્વભાવ પણિ એમ ઘટઈ છઈ.* ॥१२/५॥

**मलयगिरिसूरि**मतेन (प्रज्ञा.१/३, ३/७९) द्रव्यार्थादेशेन एकप्रदेशस्वभावमाश्रित्य, 'देसा, पएसा' इत्यत्र च बहुवचनस्य प्रदेशार्थादेशेन नानाप्रदेशस्वभावमाश्रित्य उपपत्तेः। यद्वा 'धम्मत्थिकायस्स' इत्यत्रैकवचनस्य **अनुयोगद्वारसूत्रवृत्ति**कृन्मलधारि**हेमचन्द्रसूरि**वराऽभिप्रायेण (अनु.द्वा.सू.४०१/पृ.४३७) सङ्ग्रहनयार्पणया एकप्रदेशस्वभावतः, 'देसा, पएसा' इत्यत्र च बहुवचनस्य व्यवहारर्जुसूत्रनयार्पणया बहुप्रदेशस्वभावत उपपत्तिः कार्या। प्रदेशार्थादेशाद् व्यवहारनयाभिप्रायाद्वा अनेकेषु स्वावयवेषु अपृथग्भावसम्बन्धेन अवयविनो व्याप्तत्वं नानाप्रदेशस्वभावप्रयुक्तमिति यावत् तात्पर्यमुन्नेयम्।

**यदि एकप्रदेशत्वम्** = एकप्रदेशस्वभावः द्रव्ये **न** = नैव अभ्युपगम्येत तर्हि असङ्ख्यप्रदेशादियोगेन **एकत्र** धर्मास्तिकायादौ **बहुता** = बहुवचनप्रवृत्तिः **भवेत्**। एकप्रदेशस्वभावम् अन्तरेण स्कन्धपरिणामाऽयोगेन दिगम्बरसम्मत-स्वतन्त्रकालाणुवद् धर्मादिप्रदेशाणां स्वातन्त्र्यम् आपद्येत। ततश्च 'एकः धर्मास्तिकायः, एकः अधर्मास्तिकायः' इति व्यवहारो न स्यात् किन्तु 'बहवो धर्मास्तिकायाः, बहवश्च अधर्मास्तिकायाः' इत्यादिकं प्रयुज्येत अविगानेन। उपलक्षणाद् एकमेव पटमुद्दिश्य

શ્રી**મલયગિરિસૂરિ**જીના (પ્રજ્ઞા.૧/૩+૩/૭૯ વૃ.) અભિપ્રાય મુજબ, દ્રવ્યાર્થિકનયના આદેશથી = અભિપ્રાયથી એકપ્રદેશસ્વભાવની અપેક્ષાએ સંગત થાય છે. તથા તેઓશ્રીએ 'દેશો-પ્રદેશો' આ મુજબ બહુવચનનો જે પ્રયોગ કરેલ છે, તે પ્રદેશાર્થનયના અભિપ્રાયથી અનેકપ્રદેશસ્વભાવની અપેક્ષાએ સંગત થાય છે. ***અથવા*** તો **અનુયોગદ્વારસૂત્રવ્યાખ્યાકાર** મલધારી શ્રી**હેમચન્દ્રસૂરિ**જીના (અનુ.સૂ.૪૦૧ વૃ.પૃ.૪૩૭) અભિપ્રાય મુજબ એમ કહી શકાય કે 'ધર્માસ્તિકાયના' પદમાં રહેલ એકવચન સંગ્રહનયની વિવક્ષાથી એકપ્રદેશસ્વભાવને આશ્રયીને સંગત થાય છે. તથા 'દેશો-પ્રદેશો' આ પદમાં રહેલ બહુવચન વ્યવહારનયની અને ઋજુસૂત્રનયની અર્પણાથી બહુપ્રદેશસ્વભાવને આશ્રયીને સંગત થાય છે. આ રીતે પણ **પન્નવણાસૂત્ર**ની સંગતિ કરવી. પ્રદેશાર્થનયના આદેશથી અથવા વ્યવહારનયના અભિપ્રાયથી પોતાના અનેક અવયવોમાં અપૃથગ્ભાવ સંબંધથી અવયવી વ્યાપ્ત છે તે અનેકપ્રદેશસ્વભાવથી પ્રયુક્ત છે - ત્યાં સુધીનું તાત્પર્ય વિચારવું.

### ❋ એકપ્રદેશસ્વભાવનો અસ્વીકાર સદોષ ❋

(**यदि.**) જો દ્રવ્યમાં એકપ્રદેશસ્વભાવ ન જ સ્વીકારવામાં આવે તો અસંખ્યપ્રદેશાદિના યોગથી એક-એક ધર્માસ્તિકાય વગેરેમાં બહુત્વ આવી જશે. તેથી પ્રત્યેક ધર્માસ્તિકાય વગેરે દ્રવ્યમાં બહુવચનનો પ્રયોગ કરવાની આપત્તિ આવશે. આશય એ છે કે એકપ્રદેશસ્વભાવ વિના તો સ્કંધપરિણામ જ સંભવી ન શકે. તેથી જેમ દિગંબરસંમત કાલાણુઓ સ્વતંત્ર છે, તેમ ધર્માદિ દ્રવ્યોના પ્રદેશો પણ સ્વતંત્ર બની જવાની આપત્તિ આવશે. તેથી 'એક ધર્માસ્તિકાય', 'એક અધર્માસ્તિકાય' - વગેરે વ્યવહાર નહિ થાય પરંતુ 'અનેક ધર્માસ્તિકાય', 'અનેક અધર્માસ્તિકાય' વગેરે વ્યવહાર છૂટથી નિર્વિવાદરૂપે પ્રવર્તશે. અહીં આ વાત જે

*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. આ.(૧)માં છે.

पटीयनानाप्रदेशविवक्षया 'बहवः पटाः' इत्यादिव्यवहारस्याऽपि प्रामाणिकत्वं प्रसज्येतेति एकत्र भिन्नत्वापादनं द्रष्टव्यम्।

वस्तुन एकप्रदेशस्वभावत्वेनैव वस्त्रैकदेशे कम्पमाने 'वस्त्रं कम्पते' इति सर्वैः एव अविगानेन प्रतीयते। प्रकृते "देशस्य देशिनमन्तरेण कदाचिदप्यभावात् तद्ग्रहणद्वारेण सर्वमपि वस्तु निर्णयेन गृहीतम्" (वि.आ.भा.३१७ म.वृ.पृ.९४) इति **विशेषावश्यकभाष्यमलधारवृत्ति**वचनमपि स्मर्तव्यम्।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् — अनेकप्रदेशस्वभावाद् असङ्ख्येयप्रदेशमयम् आत्मानम् उद्दिश्य देश-प्रदेशव्यवहारः सम्पद्यते। प्रदेशार्थनयाद् व्यवहारनयाद् वा आत्मव्यक्तित्वं सखण्डं विभक्तम् असङ्ख्येयदेश-प्रदेशव्याप्तञ्चेति विज्ञाय स्वकीयैकाऽखण्डाऽविभक्तव्यक्तित्वमदो न कार्यः। अनेकप्रदेशस्वभावबलाद् आत्मरुचकप्रदेशाः पापप्रवृत्तस्याऽपि शुद्धा इति विभाव्य तस्मै नैव कुप्येद् इत्युपदेशः। मोक्षेऽपि पूर्वोक्ताः (११/५-१२) अस्तित्वादिस्वभावाः इहोक्ताश्च (१२/१-४-५)

---

જણાવાયેલ છે તે ઉપલક્ષણ છે. તેથી જો એકપ્રદેશસ્વભાવને માન્ય કરવામાં ન આવે તો એક જ પટને ઉદ્દેશીને પટના અનેક પ્રદેશોની વિવક્ષાથી 'અનેક પટો છે' - ઈત્યાદિ વ્યવહારો પણ પ્રામાણિક થવાની આપત્તિ આવશે. તેથી એકત્ર ભિન્નત્વની સમસ્યા ઊભી થશે. આ વાત પણ ખ્યાલમાં રાખવી.

### ❋ અવયવકંપનથી અવયવીમાં કંપનની પ્રતીતિ ❋

**(वस्तु.)** વસ્તુમાં એકપ્રદેશસ્વભાવ હોવાના લીધે જ વસ્ત્રનો એક ભાગ હલે ત્યારે 'વસ્ત્ર હલે છે' - આવી પ્રતીતિ બધા જ લોકોને નિરાબાધપણે થાય છે. પ્રસ્તુતમાં **વિશેષાવશ્યકભાષ્યમલધારવૃત્તિ**ની એક વાત યાદ કરવા યોગ્ય છે. ત્યાં શ્રી**હેમચંદ્રસૂરિજી**એ જણાવેલ છે કે 'અવયવી વિના તે અવયવીના અવયવ તરીકે પદાર્થનું ક્યારેય પણ અસ્તિત્વ હોતું નથી. તેથી અવયવનું ગ્રહણ = જ્ઞાન કરવા દ્વારા સમગ્ર વસ્તુ નિર્ણય દ્વારા જ્ઞાત થઈ જાય છે.' મતલબ કે અવયવીમાં એકપ્રદેશસ્વભાવ હોવાથી અંશજ્ઞાનથી અંશીનું = અવયવીનું જ્ઞાન સંગત થાય છે.

### ❀ અવિભક્તત્વનું અભિમાન ટાળીએ ❀

[redacted] ઉપનય :- આત્માના પ્રદેશ અસંખ્ય હોવાથી 'આત્માના દેશો, પ્રદેશો' - આવો વ્યવહાર થાય છે. તેમાં નિયામક અનેકપ્રદેશસ્વભાવ છે. પ્રદેશાર્થનયના કે વ્યવહારનયના અભિપ્રાયથી આપણું વ્યક્તિત્વ સખંડ છે, વિભક્ત છે, અસંખ્ય દેશ-પ્રદેશમાં વહેંચાયેલું છે. આવું જાણીને આપણા એક-અખંડ -અવિભક્ત વ્યક્તિત્વનું અભિમાન ક્યારેય ન કરવું. અનેકપ્રદેશસ્વભાવના પ્રભાવથી આત્માના આઠ રુચકપ્રદેશો પાપની પ્રવૃત્તિ કરનાર જીવના પણ શુદ્ધ રહ્યા છે. જો અનેકપ્રદેશસ્વભાવ ન હોય તો પાપિષ્ઠ જીવનો એક આત્મપ્રદેશ મલિન થતાં સંપૂર્ણ આત્મા મલિન થવાની આપત્તિ આવે. તેથી કોઈ જીવ પાપની પ્રવૃત્તિમાં પરાયણ હોય તો પણ અનેકપ્રદેશસ્વભાવપ્રયુક્ત રુચકપ્રદેશશુદ્ધિની વિભાવના કરી તેના પ્રત્યે કોપાયમાન ન થવું. તેના પ્રત્યે દ્વેષ ન કરવો. આવો બોધપાઠ અહીં મેળવવા જેવો છે. પૂર્વે અગિયારમી શાખામાં જણાવેલ અસ્તિત્વાદિ સ્વભાવો તથા આ શાખામાં જણાવેલ ચેતનતા-અમૂર્તતા-અનેકપ્રદેશતાદિ સ્વભાવો મોક્ષમાં પણ છે જ. તેથી જ સિદ્ધ ભગવંતના ગુણને અને સ્વભાવને જણાવવાના અવસરે

चेतनताऽमूर्त्तता-सप्रदेशतादिस्वभावाः सन्त्येव। तदुक्तं **कुन्दकुन्दस्वामिना** सिद्धगुण-स्वभावोपदर्शनावसरे **नियमसारे** [1]"विज्जदि केवलणाणं केवलसोक्खं च केवलं विरियं। केवलदिट्ठि अमुत्तत्तं अत्थित्तं सप्पदेसत्तं।।" (नि.सा.१८२) इति भावनीयमवहितमनसा।।१२/५।।

---

**કુંદકુંદસ્વામી**એ **નિયમસાર**માં જણાવેલ છે કે 'કેવલજ્ઞાન, કેવલ આનંદ, કેવલશક્તિ, કેવલદર્શન, અમૂર્ત્તત્વ, અસ્તિત્વ, સપ્રદેશત્વ હોય છે.' સાવધાન મનથી આની વિભાવના = વિચારણા કરવી. (૧૨/૫)

**લખી રાખો ડાયરીમાં.....**

- વાસનામાં પૂનમની બીજી જ ક્ષણે અમાસ હોય છે.
  ઉપાસનામાં સદા બહાર શરદપૂનમની શીતળ-ચમકતી ચાંદની ચોમેર રેલાય છે.
- બુદ્ધિ સુખની અલ્પતાથી વ્યથિત થાય છે.
  શ્રદ્ધા સદ્ગુણની અલ્પતાથી બેચેન બને છે.
- વાસના જંગલ તરફની આંધળી દોટ છે.
  ઉપાસના ઉપવન તરફનું મંગલ પ્રયાણ છે.
- પ્રાપ્તની ભૂમિકાએ સાધના અટકે છે.
  ઉપાસના વ્યાપ્તની ભૂમિકાએ પહોંચે છે.
- બુદ્ધિનું ચાલકબળ બાહ્ય લાભ છે.
  શ્રદ્ધાનું ચાલકબળ આંતર ગુણલાભ છે.
- સાધનામાં દુઃખની દોસ્તી કેળવવી પડે.
  દા.ત. સૌભરી ઋષિ.
  ઉપાસનામાં દેવ-ગુરુની શરણાગતિ લેવી પડે.
  દા.ત. ધર્મરુચિ અણગાર.
- ફેશન, વ્યસન, વ્યભિચાર, દુરાચાર તરફ વાસનાનું મોઢું છે.
  સાદગીપૂર્ણ મર્યાદાવર્તી ઉપાસના મુક્તિને સન્મુખ છે.

---

1. विद्यते केवलज्ञानं केवलसौख्यं च केवलं वीर्यम्। केवलदृष्टिरमूर्त्तत्वमस्तित्वं सप्रदेशत्वम्।।

**જી હો કિમ સકંપ-નિકંપતા ? લાલા જો નહીં♦ અનેક પ્રદેશ;**
**જી હો અણુસંગતિ પણિ કિમ ઘટઈ, લાલા દેશ-સકલ આદેશ ? ॥૧૨/૬॥ (૨૦૦) ચતુર.**

**જો** અનેકપ્રદેશસ્વભાવ દ્રવ્યનંઈ ✡કહિઈં **નહીં** તો ઘટ-પટાદિક♦ અવયવી દેશથી સકંપ, દેશથી નિષ્કમ્પ દેખિઈં છઈ, તે (= **સંકપ-નિકંપતા**) **કિમ** મિલઈ ?

---

अनेकप्रदेशस्वभावानभ्युपगमे बाधमुपदर्शयति – '**नाने**'ति।

**नानाप्रदेशशून्यत्वे सकम्पाऽकम्पता कथम् ?।**
**व्योमादावणुसंयोगः कथं स्याद् देश-कार्त्स्न्यतः ?।।१२/६।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – नानाप्रदेशशून्यत्वे सकम्पाऽकम्पता कथं (सङ्गच्छेत) ? व्योमादौ अणुसंयोगः देश-कार्त्स्न्यतः कथं स्यात् ?।।१२/६।।

**नानाप्रदेशशून्यत्वे** = एकान्तेनैवाऽनेकप्रदेशस्वभावराहित्येऽङ्गीक्रियमाणे सावयवस्य पटादेः **सकम्पाऽकम्पता** = देशेन सकम्पता देशेन च निष्कम्पता सर्वैरेव साक्षात्क्रियमाणा **कथं** = केन प्रकारेण सङ्गच्छेत ? सकम्प-निष्कम्पतया प्रतीयमानस्य अवयविनः भवदभ्युपगमेनैकप्रदेशस्वभावत्वात् समग्रतया कम्पनम् अकम्पनं वा भवेत्, न तु देशतः सकम्पता अकम्पता च। तथा चाऽनेकप्रदेशस्वभावाऽभ्युपगमोऽपि आवश्यक इति।

---

[redacted] :- અનેકપ્રદેશસ્વભાવનો સ્વીકાર કરવામાં ન આવે તો શું દોષ આવે ? તે બાબતને ગ્રંથકારશ્રી જણાવે છે :-

### અનેકપ્રદેશસ્વભાવનો અસ્વીકાર સદોષ

[redacted] :- જો દ્રવ્યમાં અનેકપ્રદેશસ્વભાવ ન હોય તો એક જ દ્રવ્યમાં આંશિક સકંપતા અને આંશિક નિષ્કંપતા કઈ રીતે થઈ શકે ? તથા આકાશ વગેરેમાં દેશથી કે સંપૂર્ણતાથી અણુસંયોગ કઈ રીતે થઈ શકે ? (૧૨/૬)

[redacted] :- જો દ્રવ્યમાં એકાંતે અનેકપ્રદેશસ્વભાવનો સ્વીકાર કરવામાં ન આવે તો સાવયવ એવા વસ્ત્ર વગેરે દ્રવ્ય અમુક ભાગમાં હલતા હોય અને અમુક ભાગમાં સ્થિર હોય તેવું બની નહિ શકે. કારણ કે સકંપ-નિષ્કંપ તરીકે જણાતા વસ્ત્રમાં તમે તો એકાંતે એકપ્રદેશસ્વભાવ માનો છો. અવયવી એવા વસ્ત્રમાં અખંડ-એકાકારસ્વભાવનો જ તમે સ્વીકાર કરો છો. તેથી કાં તો વસ્ત્ર સંપૂર્ણતયા ફરકશે અથવા સંપૂર્ણતયા સ્થિર રહેશે. પરંતુ અમુક ભાગમાં વસ્ત્ર કંપે અને અમુક ભાગમાં નિષ્કંપ રહે - તેવું ન બને. હકીકત એ છે કે બધા જ લોકો પ્રત્યક્ષથી જુએ છે કે વસ્ત્રનો એક ભાગ હલે છે, બાકીનો ભાગ સ્થિર છે. સર્વથા એકપ્રદેશસ્વભાવને માનવામાં આ શક્ય નથી. તેથી વસ્ત્ર વગેરેમાં અનેકપ્રદેશસ્વભાવનો પણ સ્વીકાર કરવો જરૂરી છે.

---

♦ પુસ્તકોમાં 'ન' પાઠ. કો.(૯)+સિ.નો પાઠ લીધો છે. ✡ પુસ્તકોમાં 'ન કહિઈં' પાઠ. કો.(૯)નો પાઠ લીધો છે.
♦ પુસ્તકોમાં 'ઘટાદિક' પાઠ. આ.(૧)નો પાઠ લીધો છે.

"●ઘટ-પટાદિ અવયવ **કંપઈ** પણિ અવયવી **નિષ્કમ્પ**" - ઈમ કહિઈ તો **चलति** એ પ્રયોગ કિમ થાઈ ?

***अथ*** अवयवा एव केचित् कम्पन्ते किन्तु अवयवी निष्कम्प एवेति ***चेत्?***

***न,*** अवयविनो निष्कम्पत्वे एकत्वे च 'वस्त्रं कम्पते' इति प्रयोग-प्रतीत्यनुपपत्तेः।

***एतेन*** "अवयविनोऽचलत्वम्, अवयवस्य परं चलत्वम्, अविरोधाद्" (क.र.पृ.१२) इति **कणादरहस्ये शङ्करमिश्र**वचनं ***प्रत्यस्तम्***।

***न चा***वयवगतमेव कम्पनं स्वाश्रयसमवेतत्वसम्बन्धेनावयविनि प्रतीयते। वस्त्रन्तु निष्कम्पमेव इति ***वाच्यम्,***

तादृशपरम्परासम्बन्धावच्छिन्नप्रतियोगिताकस्य कम्पनाभावस्याऽप्यवयविनि सत्त्वात्। यथा अवयव-

## अवयव सકંપ, અવયવી નિષ્કંપ : નૈયાયિક

**એકાન્તવાદી** :- (अथ.) પવનના લીધે લટકતા વસ્ત્રના અમુક અવયવો જ હલી રહ્યા છે. પરંતુ અવયવી વસ્ત્ર તો નિષ્કંપ જ છે. ટેબલ ઉપર રહેલા વસ્ત્રના નીચે લટકતા છેડા પવનના લીધે હલી રહ્યા હોય ત્યારે પણ વસ્ત્ર તો નિષ્કંપ જ છે, તેના અવયવો જ સકંપ છે.

## 'वस्त्रं कम्पते' - પ્રતીતિ નૈયાયિકમતમાં અસંગત

**અનેકાન્તવાદી** :- (न, अव.) તમારી દલીલ વ્યાજબી નથી. કારણ કે તમારા સિદ્ધાન્ત મુજબ જો અવયવી વસ્ત્ર નિષ્કંપ હોય અને એક જ હોય તો ઉપરોક્ત પરિસ્થિતિમાં 'વસ્ત્ર કંપે છે' - આ પ્રમાણે સર્વજનપ્રસિદ્ધ વ્યવહાર અને પ્રતીતિ અસંગત થઈ જશે. કારણ કે ઉપરોક્ત વ્યવહાર તથા પ્રતીતિ તો વસ્ત્રમાં જ એકત્વનું અને સકંપતાનું અવગાહન કરે છે. જ્યારે તમે એકત્વના આધારભૂત વસ્ત્રમાં નિષ્કંપતાનું પ્રતિપાદન કરો છો. તેથી સાક્ષાત્સંબંધથી વસ્ત્રમાં નિષ્કંપતાનો સ્વીકાર વ્યાજબી નથી.

(एते.) **શંકરમિશ્રજીએ કણાદરહસ્ય** ગ્રંથમાં જણાવેલ છે કે 'અવયવી અચલ છે, અવયવ જ ફક્ત ચલ છે. આવું માનવામાં વિરોધ નથી.' પરંતુ ઉપર જણાવ્યું તે મુજબ 'વસ્ત્ર હલે છે' - આવી પ્રતીતિ અને વ્યવહાર અસંગત થવાના લીધે શંકરમિશ્રની વાતનું નિરાકરણ થઈ જાય છે.

**શંકા** :- (न चा.) 'અવયવી વસ્ત્ર નિષ્કમ્પ જ હોવા છતાં તેના તંતુઓમાં રહેલી કંપન ક્રિયાનું સ્વાશ્રયસમવેતત્વસંબંધથી વસ્ત્રમાં ભાન થાય છે' - આવું માનવાથી પણ '**वस्त्रं कम्पते**' આવી પ્રતીતિની સંગતિ થઈ શકે છે. સ્વ = કંપનક્રિયા, તેનો આશ્રય = અવયવસ્વરૂપ તંતુઓ, તેમાં સમવેત = સમવાયસંબંધથી આશ્રિત બનશે વસ્ત્ર. તેથી તંતુગત કંપનક્રિયા જ સ્વાશ્રયસમવેતત્વસંબંધથી કે સ્વાશ્રયાશ્રિતત્વ સંબંધથી નિષ્કમ્પ વસ્ત્રમાં રહી શકે છે. તેથી તાદૃશ પરંપરાસંબંધથી પટમાં તંતુગત કમ્પન ક્રિયા ભાસે છે. આ મુજબ માનવાથી વસ્ત્રના એક દેશનું કંપન થતું હોય ત્યારે 'પટ સકંપ છે' - આવો પ્રયોગ થઈ શકશે અને 'અવયવી વસ્ત્ર નિષ્કંપ છે' - આવો અમારો સિદ્ધાન્ત અબાધિત રહેશે.

## પરંપરાસંબંધથી સકંપ બુદ્ધિ અનુપપન્ન

**સમાધાન** :- (तादृश.) તમારી વાત વ્યાજબી નથી. કારણ કે પટના અમુક તંતુઓ હલતા હોય

● પુસ્તકોમાં 'ઘટ-પટાદિ' નથી.

દેશવૃત્તિ કંપનો જિમ પરંપરા સંબંધ છઈ, તિમ દેશવૃત્તિ કંપાભાવનો પણિ પરંપરા સંબંધ છઈ. તે માટઈં "દેશથી ચલઈ છઈ, દેશથી નથી ચાલતો" - એ અસ્ખલિત વ્યવહારઈં* અનેકપ્રદેશસ્વભાવ માનવો.

---

वृत्तेः कम्पनक्रियायाः वस्त्रे स्वाश्रयसमवेतत्वलक्षणः परम्परासम्बन्धः वर्तते तथाऽवयववृत्तेः निष्कम्पताया अपि तादृशपरम्परासम्बन्ध वर्त्तते एव। तथा च परम्परासम्बन्धेन 'वस्त्रं कम्पते' इति प्रतीतिः नोपपत्तिमर्हति, तद्वत्ताज्ञानं प्रति तदभाववत्तानिश्चयस्य प्रतिबन्धकत्वात्।

वस्तुतस्तु 'वस्त्रं कम्पते' इत्यत्र परम्परासम्बन्धो नैव प्रतीयते, अन्यथा परम्परासम्बन्धेन कम्पनक्रियायाः तदभावस्य च समग्रपटवृत्तित्वेन 'वस्त्रमिह देशे कम्पते, तत्र देशे न कम्पते' इति विभागाऽसम्भवात्, अकम्पमानाऽवयवावच्छेदेनाऽपि परम्परासम्बन्धेन सकम्पत्वधीप्रसङ्गाच्च इति **स्याद्वादकल्पलता**सप्तमस्तबकानुसारेण (स्या.क.ल.७/१३/पृ.७८) विभावनीयम्। ततः साक्षात्सम्बन्धेनैव 'वस्त्रं कम्पते', 'वस्त्रं देशे कम्पते देशे च न कम्पते' इत्यादिः प्रत्ययः सार्वजनीनः सङ्गच्छते।

---

અને અમુક તંતુઓ સ્થિર હોય તેવા સંયોગમાં એક જ દીર્ઘ વસ્ત્રના અવયવોમાં કંપન અને કંપનઅભાવ - બન્ને રહે છે. તેથી ત્યારે સ્વાશ્રયસમવેતત્વસંબંધથી અવચ્છિન્ન એવી પ્રતિયોગિતાનો નિરૂપક કંપનઅભાવ પણ વસ્ત્રમાં રહેલ છે. કારણ કે વસ્ત્રમાં જેમ અવયવગત કંપનક્રિયાનો સ્વાશ્રયસમવેતત્વ સ્વરૂપ પરંપરા-સંબંધ રહે છે તેમ અવયવગત નિષ્કંપતાનો = કંપનાભાવનો પણ તે પરંપરાસંબંધ પ્રતિયોગિતાઅવચ્છેદક તરીકે ત્યાં અબાધિત જ બને છે. તેથી તેવી અવસ્થામાં પરંપરાસંબંધથી 'વસ્ત્ર કંપે છે' - આવી પ્રતીતિની સંગતિ થઈ શકશે નહિ. કારણ કે તદ્વત્તાજ્ઞાન પ્રત્યે તદ્અભાવવત્તાનો નિશ્ચય પ્રતિબંધક છે. વસ્ત્રમાં પરંપરાસંબંધથી કંપનક્રિયાની પ્રતીતિ પ્રત્યે વસ્ત્રમાં પરંપરાસંબંધથી નિષ્કંપતાનો નિશ્ચય પ્રતિબંધક હોવાથી ત્યારે તેવી દશામાં 'વસ્ત્ર હલે છે' - આવી બુદ્ધિ થઈ નહિ શકે.

### ❀ સકંપ-નિષ્કંપપ્રતીતિ નૈયાયિક મતમાં અસંગત ❀

**(वस्तुत.)** વસ્તુસ્થિતિ એ છે કે 'વસ્ત્ર હલે છે' - આવી પ્રતીતિમાં પરંપરાસંબંધ જણાતો જ નથી. સાક્ષાત્ સંબંધથી જ વસ્ત્રમાં કંપન ક્રિયાની પ્રતીતિ થાય છે. જો પરંપરાસંબંધથી જ કંપનક્રિયાનું ભાન થતું હોય તો 'વસ્ત્ર આ ભાગમાં હલે છે, તે ભાગમાં હલતું નથી' - આ પ્રમાણેનો વિભાગ સંભવી શકશે નહીં. કારણ કે પરંપરા સંબંધથી કંપનક્રિયા તો સમગ્ર વસ્ત્રમાં રહેલી છે તથા કંપનક્રિયાનો અભાવ પણ સમગ્ર વસ્ત્રમાં રહેલો છે. આવી સ્થિતિમાં 'વસ્ત્ર અમુક ભાગમાં હલે છે, અમુક ભાગમાં હલતું નથી' - આવું કઈ રીતે કહી શકાય ? વળી, પરંપરાસંબંધથી કંપનક્રિયા સમગ્ર પટમાં રહેવાના લીધે પટના જે અવયવો સ્થિર હશે તે ભાગમાં પણ 'વસ્ત્ર હલે છે' - આવી બુદ્ધિ ઉત્પન્ન થવાની આપત્તિ આવશે. **સ્યાદ્વાદકલ્પલતા** વ્યાખ્યાના સાતમા સ્તબકને અનુસારે આ બાબતની વિભાવના કરવી. તેથી માનવું પડશે કે ઉપરોક્ત સ્થળે સ્વાશ્રયસમવેતત્વસ્વરૂપ પરંપરાસંબંધથી નહિ પણ સાક્ષાત્ સંબંધથી જ વસ્ત્રમાં કંપનાદિ રહે છે. તેથી 'વસ્ત્ર હલે છે', 'વસ્ત્ર અમુક ભાગમાં હલે છે, અમુક ભાગમાં સ્થિર છે' - ઈત્યાદિ જે જે પ્રતીતિ અને વ્યવહાર સર્વ લોકોને સ્વરસથી થાય છે તે તે પ્રતીતિ અને વ્યવહાર સાક્ષાત્ સંબંધથી જ થાય છે. તેવું માનવાથી જ તે પ્રતીતિની અને વ્યવહારની સંગતિ થઈ શકે, અન્યથા નહિ.

---

* આ.(૧)માં '...હાર છેં. માટે અનેક...' પાઠ.

किञ्च, वस्त्रैकदेशकम्पने 'वस्त्रं कम्पते', 'वस्त्रं देशतः कम्पते सामस्त्येन च न कम्पते' इत्यादिप्रतीति-व्यवहारौ उपलभ्येते। तादृशाऽस्खलद्वृत्तिकाऽबाधितसार्वलौकिकप्रतीति-व्यवहारयोः बलादेव वस्त्रादिकमवयविद्रव्यं नानाप्रदेशस्वभावं स्वीकर्तव्यम्, अनेकप्रदेशस्वभावाद् वस्त्रादौ विभक्ताऽनेकाकारव्यक्तित्वोपपत्तेः।

"यदि स्थूलम् एकं स्यात् तदा एकदेशरागे सर्वस्य रागः प्रसज्येत, एकदेशाऽऽवरणे च सर्वस्य आवरणं भवेत्, रक्ताऽरक्तयोः आवृताऽनावृतयोश्च भवदभ्युपगमेन एकत्वात्। न च परस्परविरुद्धधर्माध्यासेऽपि एकत्वं युक्तम्, अतिप्रसङ्गाद्" (स.त.३/४९, पृ.६६३) इति **सम्मतितर्कवृत्ति**प्रबन्धोऽपि अत्राऽनुसन्धेयः।

ततश्च सुष्ठूक्तं **विशेषावश्यकभाष्यमलधारवृत्तौ** "न खलु वयं निरंशवस्तुवादिनः किन्तु यथोक्ताऽनन्तधर्मलक्षणवस्तुनः अनन्ताः एव देशाः सन्तीति मन्यामहे" (वि.आ.भा.३१६ वृ.) इति।

---

(**किञ्च.**) વળી, વસ્ત્રનો એક છેડો હલતો હોય ત્યારે કોઈ પૂછે કે 'વસ્ત્ર હલે છે ?' તો જવાબ મળે છે 'હા'. કોઈ પૂછે કે 'આખું વસ્ત્ર હલે છે ?' તો જવાબ મળશે 'ના'. તાત્પર્ય એ છે કે વસ્ત્ર હલે છે ને નથી પણ હલતું. તેથી ત્યાં માનવું પડે છે કે વસ્ત્ર દેશથી હલે છે, સમગ્રપણે હલતું નથી. વસ્ત્રનો અનેકપ્રદેશસ્વભાવ માન્યા વગર ઉપરોક્ત પ્રતીતિની અને વ્યવહારની સંગતિ થઈ શકતી નથી. વળી, અહીં જણાવેલી પ્રતીતિની અને વ્યવહારની ઉપપત્તિ કરવી જરૂરી જ છે. કારણ કે ઉપર જણાવ્યા પ્રમાણે સર્વ લોકોને જે પ્રતીતિ થાય છે તથા સર્વ લોકો જે વ્યવહાર કરે છે તે પ્રતીતિ અને વ્યવહાર અસ્ખલદ્વૃત્તિક છે તથા અબાધિત છે. તેથી તેના બળથી જ વસ્ત્ર વગેરે અવયવી દ્રવ્યમાં અનેકપ્રદેશસ્વભાવ માનવો જોઈએ. અનેકપ્રદેશસ્વભાવના લીધે વસ્ત્રનું વિભક્ત-અનેકાકાર વ્યક્તિત્વ સંભવી શકતું હોવાથી ઉપરોક્ત પ્રતીતિ અને વ્યવહાર સંગત થઈ શકે છે.

### ❈ અવયવીમાં સર્વથા એકસ્વભાવ સદોષ ❈

("**यदि.**) 'જો સ્થૂલઅવયવી વસ્ત્ર દ્રવ્ય એક હોય તો વસ્ત્રના એક ભાગને રંગવામાં આવે તો સંપૂર્ણ વસ્ત્ર રંગાઈ જવાની આપત્તિ આવશે તથા વસ્ત્રના એક દેશને ઢાંકવામાં આવે તો સંપૂર્ણ વસ્ત્ર ઢંકાઈ જવાની આપત્તિ આવશે. કારણ કે અમુક ભાગમાં રંગાયેલ અને અન્ય ભાગમાં ન રંગાયેલ વસ્ત્ર અતિરિક્તઅવયવીવાદી નૈયાયિકના મતે એક જ છે. તથા એક ભાગમાં આવરાયેલ અને અન્ય ભાગમાં ન આવરાયેલ વસ્ત્ર નૈયાયિકના મતે એક જ છે. તેથી કાં તો વસ્ત્ર સંપૂર્ણતયા રંગાયેલ અને આવરાયેલ હશે અથવા તો બિલકુલ રંગાયેલ કે આવરાયેલ નહિ હોય. કારણ કે રંગાવાપણું અને ન રંગાવાપણું બંને વિરુદ્ધધર્મો છે. તથા આવૃતત્વ અને અનાવૃતત્વ આ બંને પણ પરસ્પર વિરુદ્ધ છે. એકાંતવાદીના મતે ઉપરોક્ત પરસ્પરવિરુદ્ધ ગુણધર્મ એક ધર્મીમાં રહી ન શકે. જો પરસ્પરવિરુદ્ધ ગુણધર્મ વસ્ત્રાદિમાં રહેતા હોય તો વસ્ત્રાદિને એક દ્રવ્ય માનવું યોગ્ય નથી. પરસ્પરવિરુદ્ધ ધર્મ જો એક જ ધર્મીમાં માનવામાં આવે તો ઘટત્વ અને પટત્વ સ્વરૂપ વિરુદ્ધ ગુણધર્મોનો આશ્રય એક બનવાની આપત્તિ આવે.' - આ પ્રમાણે **સંમતિતર્કવ્યાખ્યા**માં જણાવેલ છે. તે પ્રબંધનું પણ અનુસંધાન કરવું.

(**तत.**) તેથી **વિશેષાવશ્યકભાષ્યની મલધારવ્યાખ્યા**માં "અમે કાંઈ નિરંશવસ્તુવાદી નથી. પરંતુ 'યથાવસ્થિત અનંતધર્મસ્વરૂપ વસ્તુના દેશો = અવયવો અનંતા છે' એવું અમે અનેકાન્તવાદી માનીએ

अनेकप्रदेशस्वभावानभ्युपगमे एकस्मिन् भागे रक्ते सर्वं वस्त्रं रक्तं स्यात्। ***एतेन*** **तत्त्वसङ्ग्रहे शान्तरक्षितेन** "रक्ते च भाग एकस्मिन् सर्वं रज्येत रक्तवत्। विरुद्धधर्मभावे वा नानात्वमनुषज्यते।।" (त.स.का.५९४ पृ.१९८) इति यदुक्तं तद् ***व्याख्यातम्***, 'नानात्वम् = अनेकप्रदेशस्वभावत्वमि'त्यर्थात्।

अवयविनोऽविष्वग्भावसम्बन्धेनाऽखिलावयवाऽनाश्रितत्वे स्वाश्रयाश्रितत्वसम्बन्धेन तन्त्वादिगत-कम्पनादीनां पटादौ प्रतीत्यनुपपत्तेः। अवयवाऽवयविनोरेकान्तभेदसम्बन्धोपगमे स्थिरवस्त्रनिहितमणि-मौक्तकादिचलने 'वस्त्रम् इह चलति' इति प्रतीत्याद्यापत्तेः, एकान्तभेदाऽविशेषात्।

***न च*** तत्र समवायलक्षणभेदसम्बन्धाऽभ्युपगमेन तयोः वैधर्म्यान्नेयमापत्तिरिति ***वाच्यम्,***

---

છીએ" - આ મુજબ જે જણાવેલ છે, તે યોગ્ય જ છે.

**❋ તત્ત્વસંગ્રહની સ્પષ્ટતા ❋**

(**अने.**) જો અવયવીમાં અનેકપ્રદેશસ્વભાવ માનવામાં ન આવે તો સર્વથા એકપ્રદેશસ્વભાવના લીધે વસ્ત્રનો એક ભાગ રંગવામાં આવે તો આખું વસ્ત્ર રંગાઈ જવાની આપત્તિ આવશે. આ અંગે બૌદ્ધાચાર્ય **શાંતરક્ષિતે તત્ત્વસંગ્રહ**માં જણાવેલ છે કે 'એક ભાગ રંગવામાં આવે તો સમગ્ર લાલ વસ્ત્રની જેમ તે સંપૂર્ણપણે લાલ બની જશે. જો વસ્ત્ર એક ભાગમાં લાલ અને બીજા ભાગમાં સફેદ હોય તો વિરુદ્ધ ગુણધર્મના યોગે વસ્ત્રમાં અનેકતા માનવી પડશે.' અમે ઉપર જે વિગત જણાવી તેનાથી શાંતરક્ષિતની ઉપરોક્ત વાતની પણ સ્પષ્ટતા થઈ જાય છે. ત્યાં 'અનેકતા' શબ્દ દ્વારા અનેકપ્રદેશસ્વભાવનો સ્વીકાર કરવાથી જૈનમત મુજબ તથા હકીકત અનુસારે બધું યુક્તિસંગત બને છે. ઉપરોક્ત સ્થળે અનેક દ્રવ્ય માનવાના બદલે એક દ્રવ્યનો અનેકપ્રદેશસ્વભાવ માનવો વધુ ઉચિત છે.

**અવયવ-અવયવીનો અવિષ્વગ્ભાવ સંબંધ**

(**अवय.**) જો વસ્ત્રાદિ અવયવી દ્રવ્ય પોતાના તંતુ વગેરે તમામ અવયવોમાં અવિષ્વગ્ભાવ સંબંધથી રહેતા ન હોય તો તંતુગત કંપનાદિ ક્રિયાની સ્વાશ્રયઆશ્રિતત્વ સંબંધથી વસ્ત્ર વગેરે અવયવી દ્રવ્યમાં પ્રતીતિ થઈ ન શકે. જો અવયવ-અવયવીનો એકાન્તે ભેદ સંબંધ માનવામાં આવે તો જેમ અવયવ હલતાં 'વસ્ત્ર હલે છે' - તેવી પ્રતીતિ થાય છે, તેમ સ્થિર વસ્ત્ર ઉપર રહેલા મણિ, મોતી વગેરે હલે તો પણ 'વસ્ત્ર હલે છે' - આવી પ્રતીતિ થવી જોઈએ. કારણ કે તંતુઓની જેમ મણિ-મોતી વગેરે પણ પટથી તમારા મતે સમાન રીતે ભિન્ન જ છે. પરંતુ સ્થિર વસ્ત્ર ઉપર રહેલા મણિ, મોતી વગેરે હલે એટલા માત્રથી 'વસ્ત્ર હલે છે' - તેવી પ્રતીતિ કોઈને થતી નથી કે તેવો વ્યવહાર પણ કોઈ કરતું નથી. પરંતુ અવયવ હલતા હોય તો જ તેવી પ્રતીતિ થાય છે. તેથી અવયવ-અવયવી વચ્ચે એકાન્તભેદસંબંધ માની ન શકાય.

**શંકા** :- (**न च.**) અમે અવયવ-અવયવી વચ્ચે સમવાય નામનો ભેદસંબંધ માનીએ છીએ. દૃષ્ટાંતસ્વરૂપ મણિ, મોતી વગેરેનો વસ્ત્ર સાથે સમવાય નહિ પણ સંયોગ સંબંધ છે. તથા દાર્ષ્ટાન્તિક અવયવ અને વસ્ત્ર વચ્ચે સમવાય સંબંધ છે. આમ દૃષ્ટાન્ત અને દાર્ષ્ટાન્તિક વચ્ચે વૈધર્મ્ય હોવાથી ઉપરોક્ત પ્રતીતિની કે વ્યવહારની આપત્તિને નૈયાયિકમતમાં અવકાશ નથી.

देश-कार्त्स्न्यविकल्पपराहतत्वात्। तथाहि – एकान्तभिन्नैकावयवी स्वावयवेषु एकदेशेन समवेयात् कार्त्स्न्येन वा ? इति विकल्पयुगली दुर्वारा। आद्ये अवयव्येकदेशोऽपि स्वावयवेषु एकदेशेन समवेयात् कार्त्स्न्येन वा ? इति दुरन्तानवस्था। द्वितीये विभिन्नानेकावयवसमवेतावयविबहुत्वप्रसक्तिः, यावदवयवेषु अवयविनः समवेतत्वे यावदवयवाऽग्रहे तद्ग्रहो न स्यादिति (स्या.क.ल.७/१३/पृ.८१) **स्याद्वादकल्पलता**नुसारेणाऽवसेयम्।

**प्रशस्तपादभाष्यटीकासङ्ग्रह**ान्तर्गते **कणादरहस्ये** "अवयवी स्वावयवेषु स्वरूपेण वर्त्तते इत्यभ्युपगमाद्" (प्र.पा.भा.टी.स.क.र.पृ.१२) इत्युक्त्या **शङ्करमिश्रेण** अन्ततः समवायाय जलाञ्जलिः दत्त एवेत्यवधेयम्।

इत्थञ्च 'इह भागे वस्त्रं कम्पते, न तत्र' इति प्रतीतेः वस्त्रादीनामवयविनामनेकावयवा-

### ❖ અવયવ-અવયવી વચ્ચે સમવાયસંબંધનું નિરાકરણ ❖

**સમાધાન** :- (देश.) આ દલીલ બરાબર નથી. કેમ કે 'દેશ-સંપૂર્ણ' આ બે વિકલ્પથી તમારા સમવાયનું નિરાકરણ થઈ જાય છે. તે આ રીતે - પોતાના અવયવોથી એકાન્તે ભિન્ન એવો અવયવી પોતાના અવયવોમાં સમવાયસંબંધ દ્વારા એકદેશથી રહેશે કે સંપૂર્ણતયા રહેશે ? આ વિકલ્પયુગલ દુર્વાર બને છે. જો સ્વતંત્ર અવયવી સ્વઅવયવોમાં તમારા મતે એકદેશથી સમવાયસંબંધ દ્વારા રહે તો તે અવયવીનો એક દેશ પણ પોતાના અવયવોમાં એકદેશથી રહેશે કે સંપૂર્ણતયા રહેશે ? આવા પ્રશ્નોની પરંપરાનો અંત નહિ આવે. તથા બીજો વિકલ્પ સ્વીકારવામાં આવે કે 'અવયવી પોતાના અવયવોમાં સંપૂર્ણતયા રહે છે' - તો જુદા-જુદા અનેક અવયવોમાં સમવાય સંબંધથી અનેક અવયવીઓને માનવાની આપત્તિ દુર્વાર બનશે. અર્થાત્ પ્રત્યેક અવયવમાં અવયવી સંપૂર્ણતયા સમવેત હોય તો જેટલા અવયવો તેટલા અવયવી માનવા પડે. તથા તમામ અવયવોમાં એક જ અવયવીને સમવેત માનવામાં આવે તો તમામ અવયવોનું જ્ઞાન ન થતાં અવયવીનું પણ જ્ઞાન નહિ થઈ શકે. પરંતુ હકીકત એ છે કે એક હજાર તંતુઓથી બનેલા વસ્ત્રનું પ્રત્યક્ષ કરનાર માણસ તમામ તંતુઓનું પ્રત્યક્ષ કરતો નથી. અમુક તંતુઓને જોઈને લોકોને વસ્ત્રનો સાક્ષાત્કાર થાય છે. આ બાબત **સ્યાદ્વાદકલ્પલતા** મુજબ સમજવી. તેથી અવયવ-અવયવી વચ્ચે સમવાયસંબંધ માની ન શકાય. અન્યથા એક જ વસ્ત્રમાં એકીસાથે દેશભેદથી સકંપતા-નિષ્કંપતાની પ્રતીતિ થઈ ન શકે.

### ● શંકરમિશ્રમત વિચાર ●

(प्रश.) **પ્રશસ્તપાદભાષ્યટીકાસંગ્રહ**માં અંતર્ગત **કણાદરહસ્ય** પ્રકરણમાં **શંકરમિશ્રજી**એ (**ભવનાથ-મિશ્રજી**પુત્રે) 'અવયવી પોતાના અનેક અવયવોમાં સ્વરૂપસંબંધથી વર્તે છે - આવું અમે સ્વીકારેલ છે.' - આવું જણાવવા દ્વારા અંતે તો સ્વતંત્ર સમવાય નામના સંબંધને જલાંજલિ જ ધરી દીધી છે. આ વાત ખાસ ખ્યાલમાં રાખવી.

### ❀ અવયવ-અવયવી વચ્ચે અપૃથગ્ભાવ સંબંધ ❀

(इत्थ.) આમ 'વસ્ત્ર આ ભાગમાં કંપે છે, તે ભાગમાં હલતું નથી' - આ પ્રમાણે જે પ્રતીતિ બધાને થાય છે તેનાથી સિદ્ધ થાય છે કે વસ્ત્ર વગેરે અવયવી દ્રવ્યને પોતાના અનેક અવયવોની સાથે

તથા અનેકપ્રદેશસ્વભાવ ♦ન માનિઈં તો આકાશાદિ દ્રવ્યઈં, **(દેશ-સકલ આદેશથી) અણુસંગતિ** કહિતા પરમાણુસંયોગ, તે **(પણિ) કિમ ઘટઈ ? ॥૧૨/૬॥**

ऽविष्वग्भावसिद्ध्या नानाप्रदेशस्वभावोऽभ्युपगन्तव्य एव। तत एवैकत्र अवयविनि देश-प्रदेशभेदेन सकम्प-निष्कम्पतादिव्यवहाराद्युपपत्तेरित्याशयः।

“तदेव चलति तदेव न चलति” (त.सिं.९/पृ.९७) इति **तत्त्वोपप्लवसिंहे** वदन् **जयराशिभट्टः** प्रकारान्तरेण स्याद्वादमनुपततीति विभावनीयम्।

एवं “तदेव ज्ञानं ज्ञानत्वांशे निर्विकल्पकं विषयांशे सविकल्पकमिति उभयरूपमेव, अंशभेदेन अविरोधाद्” (न्या.कु.४/४ प्र.वृ.) इति **न्यायकुसुमाञ्जलिप्रकाशे** वदन् **वर्धमानोपाध्यायः** अपि प्रकारान्तरेण अनेकान्तवादमेवानुपततीति विजयतेतराम् अनेकान्तकण्ठीरव इत्यलं प्रसङ्गेन।

प्रकृतं प्रस्तुमः – तथा सर्वथैव नानाप्रदेशशून्यत्वे **व्योमादौ** = आकाशादिद्रव्ये **अणुसंयोगः** = पुद्गलपरमाणुसंयोगः **देश-कार्त्स्न्यतः** = एकदेश-कार्त्स्न्याभ्यां **कथं** = केन प्रकारेण **स्यात्** ? नैव

અવિષ્વગ્ભાવ = અપૃથગ્ભાવ સંબંધ હોય છે. આમ અવયવ-અવયવી વચ્ચે અવિષ્વગ્ભાવ = અપૃથગ્ભાવ સિદ્ધ થવાથી અવયવી દ્રવ્યમાં અનેકપ્રદેશસ્વભાવ માનવો જ પડે. તો જ એક અવયવીમાં દેશભેદથી-પ્રદેશભેદથી સકંપતા-નિષ્કંપતાનો વ્યવહાર તથા પ્રતીતિ સંગત થઈ શકે. આવો આશય છે.

### જયરાશિભટ્ટનું અનેકાન્તવાદને અનુમોદન

(**"तदे.**) "તે જ દ્રવ્ય ચાલે છે અને તે જ દ્રવ્ય ચાલતું નથી" - આ પ્રમાણે **તત્ત્વોપપ્લવસિંહ** ગ્રંથમાં બૌદ્ધમતનિરાકરણ પ્રસંગમાં બોલનાર **જયરાશિભટ્ટ** પણ બીજી રીતે સ્યાદ્વાદને જ અનુસરે છે. કેમ કે એકાન્તવાદમાં તો ચલન-અચલન વિરુદ્ધ ગુણધર્મ હોવાથી એકાન્તે એકપ્રદેશસ્વભાવવાળા દ્રવ્યમાં ન જ રહી શકે - આ પ્રમાણે ઊંડાણથી વિચારવું.

### અનેકાન્તવાદમાં વર્ધમાન ઉપાધ્યાયનો પ્રવેશ

(**एवं.**) **ઉદયનાચાર્યકૃત ન્યાયકુસુમાંજલિ** ગ્રંથ ઉપર **ગંગેશોપાધ્યાયપુત્ર વર્ધમાન** ઉપાધ્યાયે **પ્રકાશ** નામની વૃત્તિ રચી છે. ત્યાં તેમણે જણાવેલ છે કે 'એક જ જ્ઞાન જ્ઞાનત્વઅંશમાં નિર્વિકલ્પક છે. તથા વિષયઅંશમાં સવિકલ્પક છે. તેથી જ્ઞાન નિર્વિકલ્પક-સવિકલ્પકઉભયાત્મક જ છે. જુદા-જુદા અંશમાં નિર્વિકલ્પકત્વ અને સવિકલ્પકત્વ નામના પરસ્પરવિરોધી ગુણધર્મો રહેવાના લીધે પ્રસ્તુતમાં વિરોધ આવતો નથી.' આવું બોલતા **વર્ધમાન** ઉપાધ્યાય- પણ બીજી રીતે અનેકાન્તવાદમાં જ પ્રવેશ કરે છે. આ રીતે અનેકાન્તવાદસ્વરૂપ સિંહ સર્વત્ર અત્યંત વિજયને વરે છે. આ બાબત અહીં પ્રાસંગિક છે. તેથી તેની વધુ ચર્ચા કરવાથી સર્યું.

### આકાશ-અણુસંયોગની મીમાંસા

(**प्रकृ.**) હવે મૂળ વાત ઉપર આવીએ. તથા જો અવયવી દ્રવ્યને એકાન્તે જ અનેકપ્રદેશશૂન્ય માનો તો આકાશ વગેરે દ્રવ્યમાં પુદ્ગલપરમાણુનો સંયોગ કઈ રીતે થઈ શકે ? પુદ્ગલપરમાણુનો સંયોગ

♦ મો.(૨)માં 'ન' પાઠ નથી.

स्यादिति। व्यक्तीभविष्यतीदमग्रे।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – आत्मादिद्रव्याणि अनेकप्रदेशस्वभावशालीनि, कृत्स्नस्वकीयप्रदेशेषु तेषां सत्त्वात्। ततश्च परकीयाऽङ्गोपाङ्गपीडा लेशतोऽपि न कार्या। इत्थं यतनापरायणतया मृदुता अभ्यसनीयेत्युपदेशः। एवमेव "निष्कलो निर्ममः शान्तः सर्वज्ञः सुखदः प्रभुः। स एव भगवानेको देवो ज्ञेयो निरञ्जनः।।" (यो. प्र.३८) इति **योगप्रदीप**दर्शितं सिद्धस्वरूपं तूर्णम् आविर्भवेत्।।१२/६।।

---

આકાશ વગેરેમાં થાય તો દેશથી = અંશથી થાય કે સંપૂર્ણતયા થાય ? આવા બે વિકલ્પ ઊભા થશે. બેમાંથી એક પણ રીતે આ સંયોગ શક્ય નથી જ. આ વાત આગળના શ્લોકમાં સ્પષ્ટ થશે.

### ✤ અનેકપ્રદેશસ્વભાવ વિચાર કોમળતા આપે ✤

[redacted] :- આત્મા વગેરે દ્રવ્ય અનેકપ્રદેશસ્વભાવવાળા છે. કારણ કે સર્વ આત્મપ્રદેશોમાં આત્માનું અસ્તિત્વ છે. તેથી કોઈ પણ જીવના નાના પણ અંગોપાંગને આપણા દ્વારા હાનિ ન પહોંચે તેની આપણે પૂર્ણતયા કાળજી લેવી જોઈએ. આવી આંતરિક કોમળતાને કેળવવાનો આધ્યાત્મિક સંદેશ આ શ્લોક દ્વારા મેળવવા જેવો છે. આ રીતે કોમળતા કેળવાય તો જ **યોગપ્રદીપ**માં વર્ણવેલ સિદ્ધસ્વરૂપ ઝડપથી પ્રગટે. ત્યાં જણાવેલ છે કે 'નિષ્કલ (= સર્વકર્મકલાશૂન્ય), નિર્મમ, શાંત, સર્વજ્ઞ, સુખદાયી, સ્વામી એવા તે સિદ્ધ ભગવંત જ એક માત્ર નિરંજન દેવ જાણવા.' (૧૨/૬)

**લખી રાખો ડાયરીમાં.....**

- **ભગવદ્ ભક્તિમાં ભીંજાવાની, ઓગળવાની, પીગળવાની પ્રકૃતિને ઉપાસના આત્મસાત્ કરે છે.**
  **દા.ત. સગર ચક્રવર્તીના પુત્રો.**
- **બુદ્ધિ પ્રયોગશાળા રચે છે. કારણ કે તેને ખતરા અને અખતરા સાથે રમવું છે.**

  **શ્રદ્ધા મંદિરનું નિર્માણ કરે છે, કારણ કે તેને અરિહંતની સાથે રમવું છે.**
- **સાધનાની આધારશિલા છે પ્રયોગ.**
  **દા.ત. ગગનગામી નાગાર્જુન.**

  **ઉપાસનાની આધારશિલા છે યોગ.**
  **દા.ત. ધનપાલ કવિ.**

એહ જ યુક્તિ વિસ્તારી દેખાડઇ છઈ -

**જી હો દેશ-સકલભેદઈ દ્વિધા, લાલા દીઠી જગમાં વૃત્તિ;**

**જી હો પ્રત્યેકઈ દૂષણ તિહાં, લાલા બોલઈ સમ્મતિવૃત્તિ ॥૧૨/૭॥ (૨૦૧) ચતુર.**

(**જગમાં દેશ-સકલભેદઈ દ્વિધા વૃત્તિ દીઠી.**) એક વૃત્તિ દેશથી છઈ. જિમ કુંડઈ બદર; નઇં બીજી સર્વથી છઇ. જિમ સમાન♦વસ્ત્રદ્વયની. **તિહાં પ્રત્યેકઈ દૂષણ સમ્મતિવૃત્તિ બોલઈ** છઇ. પરમાણુનઈં આકાશાદિકઇં

---

तदेवाऽऽह – '**विश्व**' इति।

**विश्वे वृत्तिर्द्विधा दृष्टा देश-कात्स्न्र्यविकल्पतः।**

**प्रत्येकं दूषणं तत्र भाषितं सम्मतौ स्फुटम्।।१२/७।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – विश्वे वृत्तिः देश-कात्स्न्र्यविकल्पतः द्विधा दृष्टा। तत्र प्रत्येकं दूषणं सम्मतौ स्फुटं भाषितम्।।१२/७।।

**विश्वे** = जगति **वृत्तिः** = वृत्तिता **देश-कात्स्न्र्यविकल्पतः** = एकदेश-साकल्यभङ्गाभ्यां **द्विधा** = द्विप्रकारा **दृष्टा**। तथाहि – (१) 'कुण्डे बदरम्' इत्यादौ एकदेशवृत्तिता = अव्याप्यवृत्तितेत्यर्थः। (२) समानपरिमाणयोः आधाराऽऽधेयभावेन अवस्थितयोः मिथः संयोगविशेषविशिष्टयोः वस्त्रयोः कात्स्न्र्यवृत्तिता = व्याप्यवृत्तितेति यावत्।

**तत्र** = देश-कात्स्न्र्यवृत्तिद्वयमध्ये **प्रत्येकं दूषणं सम्मतौ** = **सम्मतितर्कवृत्तौ** (३/४९/पृ.६६६, ६६७,६८९) तृतीयकाण्डे **स्फुटं भाषितम्**। तथाहि – आकाशादौ परमाणोः एकदेशवृत्तितायां

---

:- આકાશમાં દેશથી કે સંપૂર્ણતયા પરમાણુસંયોગનો અસંભવ જ બતાવે છે :-

## ❋ બે પ્રકારની વૃત્તિતાની વિચારણા ❋

:- વિશ્વમાં બે પ્રકારે વૃત્તિ = વૃત્તિતા દેખાય છે - દેશથી અને સર્વથી. બન્ને પ્રકારમાં દોષ આવે છે - તેવું સંમતિતર્કમાં સ્પષ્ટપણે જણાવેલ છે. (૧૨/૭)

:- જગતમાં બે પ્રકારે વૃત્તિતા = આધેયતા પ્રસિદ્ધ છે. દેશથી = એકદેશથી = એક ભાગથી રહેવાપણું અને સંપૂર્ણતયા રહેવાપણું. તે આ રીતે - (૧) 'કુંડામાં બોર છે' - વગેરે સ્થળે એકદેશવૃત્તિતા = અવ્યાપ્યવૃત્તિતા હોય છે. બોર કે બોરનો છોડ આખા કુંડામાં સંપૂર્ણતયા છવાઈને ન રહે પણ કુંડામાં અમુક ભાગમાં જ રહે છે. તેથી આ એકદેશવૃત્તિતા = એકભાગઅવચ્છિન્ન આધેયતા કહેવાય. તથા (૨) એકસરખા માપવાળા બે વસ્ત્રો પહોળા કરીને એક ઉપર બીજું મૂકવામાં આવે તો પરસ્પર વિશિષ્ટસંયોગવાળા બનીને એક વસ્ત્ર બીજા વસ્ત્ર ઉપર રહે તે સંપૂર્ણવૃત્તિતા = વ્યાપ્યવૃત્તિતા કહેવાય.

## ❋ આકાશ પણ સાવયવ જ છે ❋

(तत्र.) આકાશમાં પરમાણુની દેશવૃત્તિ અને સંપૂર્ણવૃત્તિ - આ બન્નેમાં દોષ આવે છે. એવું **સંમતિતર્કવૃત્તિ**માં ત્રીજા કાંડમાં સ્પષ્ટપણે જણાવેલ છે. તે આ રીતે - જો આકાશ વગેરેમાં પરમાણુની એકદેશવૃત્તિતા

---

♦ લા.(૨)માં 'સમાનવસ્તુદ્વયની' પાઠ.

દેશવૃત્તિ માનતા આકાશાદિકના પ્રદેશ અનિચ્છતાં પણિ આવઇં.

स्वीक्रियमाणायाम् आकाशादेः प्रदेशाः अकामेनाऽपि अभ्युपगन्तव्या एव, अन्यथा आकाशादेः एकदेशे परमाणुपुद्गलस्य वृत्तितैव असिद्धा स्यात्। न हि निरवयवे कस्याऽपि संयोगस्य तद्द्वारेण वा द्रव्यस्य देशवृत्तिता अव्याप्यवृत्तित्वाऽपराऽभिधाना सम्भवति, अवयवलक्षणोपाधिभेदविरहात्, भावाऽभावयोश्चाऽवच्छेदकभेदमन्तरेण एकत्र वृत्तित्वाऽयोगात्।

तदुक्तं **नारायणाश्रमेण भेदधिक्कारसत्क्रियायाम्** "निरवयवे संयोगः किम् अव्याप्य वर्त्तते उत व्याप्य ? नाऽऽद्यः, निरवयवे संयोगस्य स्वाऽत्यन्ताऽभावसमानाधिकरणत्वाऽतिरिक्ताऽव्याप्यवृत्तित्वस्य अनिरूपणात्, तस्य च भावाऽभावयोः एकत्र विरोधेन असम्भवात्, अविरोधे वा विरोधवार्त्तायाः सर्वत्र उच्छेदप्रसङ्गात्, तयोः अविरोधे नियामकाभावेन व्याप्यवृत्तित्वाऽऽपाताच्च" (भे.धि.स.पृ.२५) इति।

= એકભાગઅવચ્છિન્ન વૃત્તિતા સ્વીકારવામાં આવે તો ઈચ્છા ન હોવા છતાં નૈયાયિકાદિ પરવાદીએ આકાશ વગેરેના પ્રદેશો સ્વીકારવા જ પડશે. જો આકાશ વગેરેના દેશ-પ્રદેશો જ ન હોય તો 'આકાશના એક ભાગમાં પુદ્ગલ પરમાણુ રહે છે' - તેવું જ અસિદ્ધ થઈ જશે. ખરેખર નિરવયવ આધારમાં કોઈ પણ સંયોગની કે સંયોગ દ્વારા દ્રવ્યની આંશિક વૃત્તિતા સંભવી શકતી નથી. કેમ કે આંશિક વૃત્તિતા એટલે અવ્યાપ્યવૃત્તિતા. અર્થાત્ પોતે પણ રહે અને પોતાનો અભાવ પણ રહે તેવી રીતે રહેવું. પરંતુ આકાશના અવયવો તો નૈયાયિકને માન્ય જ નથી. નિરવયવ દ્રવ્યમાં અવયવભેદસ્વરૂપ ઉપાધિભેદ સંભવી ન શકે. ઉપાધિભેદ = અવચ્છેદકભેદ વિના તો એક અધિકરણમાં પરમાણુ અને પરમાણુનો અભાવ - બન્ને રહી ન જ શકે. તથા નિરવયવ ગગનમાં તે બન્ને ન રહે તો પરમાણુમાં આંશિકવૃત્તિતા આવી ન શકે. તેથી 'નિરંશ આકાશમાં પરમાણુ અંશતઃ વૃત્તિ = રહે છે' - તેમ કહેવું નૈયાયિક માટે અશક્ય બની જશે.

### ❀ નિરવયવ દ્રવ્યમાં અવ્યાપ્યવૃત્તિ સંયોગનો અસંભવ ❀

(तदु.) આ અંગે **નારાયણાશ્રમ** નામના વેદાન્તી વિદ્વાને **ભેદધિક્કાર** ગ્રન્થની **ભેદધિક્કારસત્ક્રિયા** નામની વ્યાખ્યામાં સુંદર વાત કરી છે કે "નિરવયવ દ્રવ્યમાં અન્ય દ્રવ્યનો (પરમાણુનો) સંયોગ જો રહે તો તે શું વ્યાપ્યા વિના (=સંપૂર્ણતયા ફેલાયા વિના) રહે કે વ્યાપીને રહે ? આ રીતે બે વિકલ્પ ઉપસ્થિત થાય છે. તેમાં પ્રથમ વિકલ્પ તો માન્ય થઈ શકે તેમ નથી. કારણ કે નિરવયવ દ્રવ્યમાં 'સંયોગ વ્યાપ્યા વિના રહે છે' એનો અર્થ એ છે કે તે સંયોગ અવ્યાપ્યવૃત્તિ છે. તથા અવ્યાપ્યવૃત્તિતાનો મતલબ એ છે કે સંયોગ અને સંયોગનો અભાવ - બન્ને એક જ આધારમાં રહે. આથી સંયોગ પોતાના અત્યંતાભાવનો સમાનાધિકરણ બનશે. સ્વઅત્યંતાભાવનું સામાનાધિકરણ્ય એ જ અવ્યાપ્યવૃત્તિત્વ છે. તેના સિવાય અવ્યાપ્યવૃત્તિત્વનું બીજું કોઈ સ્વરૂપ સમજાવી શકાતું નથી. પરંતુ નિરવયવ એક દ્રવ્યમાં સંયોગ અને સંયોગાભાવ - બન્ને સાથે રહી શકતા નથી. કેમ કે તે બન્ને પરસ્પર વિરોધી છે. તેથી નિરવયવદ્રવ્યવૃત્તિ એવા સંયોગમાં સ્વઅત્યન્તાભાવ સામાનાધિકરણ્યસ્વરૂપ અવ્યાપ્યવૃત્તિત્વ અસંભવિત છે. જો સંયોગ અને સંયોગાભાવ - આ બન્ને વચ્ચે વિરોધ માનવામાં ન આવે તો વિરોધની વાર્તા જ સર્વત્ર સમાપ્ત થઈ જશે. તથા જો સંયોગ-સંયોગાભાવ વચ્ચે વિરોધ માનવામાં ન આવે તો

અનઇં સર્વતોવૃત્તિ માનતા પરમાણુ આકાશાદિપ્રમાણ થઈ જાઈ.

निरवयवाकाशे परमाणोः तत्संयोगस्य वा व्याप्यवृत्तित्वे तु तत्परिमाणस्य गगनपरिमाणतुल्यतापत्तिः दुर्निवारैव।

इदमेवाऽभिप्रेत्य **नृसिंहाश्रमेण भेदधिक्कारे** "एकत्र संयोग-तदभावाऽयोगात्, वृक्षादौ अपि औपाधिकभेदवत्येव तदुभयप्रतीतेः, 'अग्रे वृक्षः कपिसंयोगवान्, मूले न' इत्यनुभवाद्" (भे.धि.पृ.२५) इत्युक्तम्। एवञ्चैकत्र विभिन्नावयवावच्छेदेनैव परमाणुसंयोग-तदभावोभयसमावेशः सम्भवति। ततश्च 'आकाशादौ परमाणुः एकदेशेन वर्तते, परमाणुसंयोगश्चाऽव्याप्यवृत्तिः' इत्यभ्युपगमे अकामेनाऽपि नैयायिकेन आकाशादेः अवयवाः स्वीकर्तव्या एव। इत्थम् आकाशादेः सावयवत्वसिद्ध्या अनेकप्रदेशस्वभावः कक्षीकर्तव्य एव।

आकाशादौ कृत्स्नभागे एकस्य परमाणोः वृत्तित्वाऽभ्युपगमे तु परमाणुपरिमाणस्य गगनादि-

અવ્યાપ્યવૃત્તિતાનું કોઈ નિયામક તત્ત્વ હાજર ન હોવાથી બન્નેને વ્યાપ્યવૃત્તિ જ માનવાની આપત્તિ આવશે."

(निर.) તથા નિરવયવ આકાશદ્રવ્યમાં પરમાણુ કે પરમાણુસંયોગ સર્વથા વ્યાપ્યવૃત્તિ જ હોય તો પરમાણુનું પરિમાણ અને આકાશનું પરિમાણ તુલ્ય બનવાની આપત્તિ દુર્વાર જ બનશે.

### ❋ અવયવભેદથી એકત્ર સંયોગ-સંયોગાભાવ માન્ય - નૃસિંહાશ્રમ ❋

(इद.) આ જ અભિપ્રાયથી નારાયણાશ્રમના ગુરુ **નૃસિંહાશ્રમ** નામના વેદાન્તી વિદ્વાને **ભેદધિક્કાર** ગ્રંથમાં જણાવેલ છે કે 'એક જ નિરવયવ દ્રવ્યમાં સંયોગ અને સંયોગાભાવ રહી ન શકે. (કારણ કે વિરોધી ધર્મોનો એકત્ર સમાવેશ કરવા અવચ્છેદકભેદ = ઉપાધિભેદ જરૂરી છે. તથા નિરંશ દ્રવ્યમાં તે મળી શકે તેમ નથી.) જો કે વૃક્ષ વગેરેમાં સંયોગ અને સંયોગાભાવ બન્નેની પ્રતીતિ થાય છે. પરંતુ ત્યાં પણ ઔપાધિકભેદનો આશ્રય કરવો જ પડે છે. શાખાઅવચ્છિન્ન વૃક્ષ અને મૂલાવચ્છિન્ન વૃક્ષ - એમ ઉપાધિભેદવિશિષ્ટ તરીકે ઉલ્લેખ કરવામાં આવે તો સંયોગ-સંયોગાભાવની પ્રતીતિ વૃક્ષમાં થઈ શકે છે. કેમ કે 'અગ્રભાગઅવચ્છિન્ન વૃક્ષ કપિસંયોગી છે પણ મૂલાવચ્છિન્ન વૃક્ષ કપિસંયોગી નથી' - આ પ્રમાણે અનુભવ થાય છે." આમ પરમાણુસંયોગ અને પરમાણુસંયોગાભાવ - બન્નેને એક જ ધર્મીમાં રાખવા હોય તો અવચ્છેદકભેદથી = અવયવભેદથી (= વિભિન્નઅવયવઅવચ્છેદેન) જ તે બન્ને રહી શકે. તેથી 'આકાશ વગેરેમાં પરમાણુ એકદેશથી રહે છે, તેના એક ભાગમાં રહે છે. આકાશાદિમાં પરમાણુસંયોગ અવ્યાપ્યવૃત્તિ છે' - આવું જો માનવામાં આવે તો ઈચ્છા ન હોય તો પણ નૈયાયિકે આકાશ વગેરેના અવયવોને સ્વીકારવા જ પડશે. આમ ઉપયોગી વિચારવિમર્શના ફળસ્વરૂપે પ્રથમ વિકલ્પમાં 'આકાશના એક ભાગમાં પરમાણુ રહે છે' - આવું માનવાથી આકાશ સાવયવ સિદ્ધ થશે, આકાશના પ્રદેશો સિદ્ધ થશે. તથા તેવું સિદ્ધ થવાથી આકાશમાં અનેકપ્રદેશસ્વભાવ સ્વીકારવો જ પડશે.

### ❀ સંપૂર્ણવૃત્તિતા અણુને ગગનતુલ્ય બનાવશે ❀

(आका.) તથા 'આકાશના સંપૂર્ણ ભાગમાં = સંપૂર્ણ આકાશમાં એક પરમાણુ રહે છે' - તેવું જો માનવામાં આવે તો 'પરમાણુનું પરિમાણ ગગનપરિમાણતુલ્ય બની જવાની આપત્તિ આવશે. અર્થાત્

☆ઉભયાભાવઇં તો પરમાણુનઈં અવૃત્તિપણું જ થાઈ.

**"यावद्विशेषा♦भावस्य सामान्याभावनियतत्वाद्"** इत्यादि ॥१२/७॥

परिमाणतुल्यत्वं प्रसज्येत। न चैतद् दृष्टम् इष्टं वा। गगनादिनिरूपितदेश-कार्त्स्न्योभयवृत्तित्वाभावे परमाणाववृत्तितैव समायायात्, देश-कार्त्स्न्येतरविकल्पेन कस्याऽपि कुत्राऽपि अवृत्तेः, यदीययावद्विशेषाभावस्य तत्सामान्याभावव्याप्यत्वात्। गगनादिनिरूपितवृत्तिताविशेषाभावकूटस्य परमाणौ गगनादिनिरूपितवृत्तितात्वावच्छिन्नप्रतियोगिताकाऽभावसाधकत्वेन गगनादेः अनेकप्रदेशस्वभावाऽभावाऽभ्युपगमे परमाणुः गगनादौ अवृत्तिरित्यापद्येत, 'यो यदीययावद्विशेषाभाववान् स तत्सामान्याभाववान्' इति न्यायस्याऽत्र जागरूकत्वादित्याशयः।

'यो यदीययावदि'त्यादेः 'यो यज्जातिसमानाधिकरणोभयाऽवृत्तिधर्मावच्छिन्न-यत्सम्बन्धावच्छिन्नप्रतियोगिताकयावदभाववान् स तज्जात्यवच्छिन्न-तत्सम्बन्धावच्छिन्नप्रतियोगिताकाभाववान्' इत्यर्थः।

પરમાણુ ગગન જેવો મહાકાય બની જશે. પરંતુ આવું તો ક્યાંય જોવા મળતું નથી. તથા શાસ્ત્રકારોને પણ તેવું સંમત નથી. તેથી એકાંતતઃ એકપ્રદેશસ્વભાવવાળા ગગનમાં દેશથી કે સર્વથી પરમાણુ રહી શકતો નથી - તેવું સિદ્ધ થાય છે. તેથી ગગન વગેરેમાં પરમાણુ રહી નહીં શકે. આ જ વાત ફરીથી આવીને ઊભી રહેશે. કારણ કે દેશવૃત્તિ કે સર્વવૃત્તિ - આ બે સિવાય ત્રીજા પ્રકારે તો કોઈની પણ ક્યાંય પણ વૃત્તિતા સંભવતી જ નથી. તથા વસ્તુનો યાવદ્ વિશેષાભાવ = વિશેષાભાવસમૂહ એ તેના સામાન્યાભાવનો વ્યાપ્ય = સાધક છે. તેથી પ્રસ્તુતમાં ગગનાદિનિરૂપિતવૃત્તિતાવિશેષાભાવસમૂહ પરમાણુમાં ગગનાદિનિરૂપિત વૃત્તિતાના સામાન્યાભાવને સિદ્ધ કરી આપશે. તેથી 'પરમાણુ ગગનાદિમાં અવૃત્તિ છે' - એમ સિદ્ધ થશે. આકાશાદિમાં અનેકપ્રદેશસ્વભાવને ન માનનારા નૈયાયિકાદિના મતમાં ઉપરોક્ત દોષ દુર્વાર બનશે. કારણ કે 'જે વસ્તુ જેના તમામ વિશેષાભાવવાળી હોય, તે વસ્તુ તેના સામાન્યાભાવવાળી હોય' - આ ન્યાય = નિયમ અહીં જાગૃત છે. તેવો અહીં આશય સમજવો.

### ❁ યાવદ્વિશેષાભાવ સામાન્યાભાવસાધક ❁

**સ્પષ્ટતા** :- પાણી વગેરેમાં સુગંધ કે દુર્ગંધ નથી. તેથી પાણીમાં ગંધાભાવ સિદ્ધ થાય છે. આ વાત ન્યાયદર્શનમાં પ્રસિદ્ધ છે. જ્યાં પુરુષ, સ્ત્રી કે નપુંસક માણસ ન હોય ત્યાં મનુષ્યસામાન્યનો અભાવ હોય. આ વાત લોકપ્રસિદ્ધ છે. આનાથી એવું તારણ નીકળે છે કે વિશેષાભાવસમૂહ = યાવદ્ વિશેષાભાવ જ્યાં હોય, ત્યાં સામાન્યાભાવ હોય. બાકીની વાત ઉપર સ્પષ્ટ છે.

('યો.) નવ્ય ન્યાયની પરિભાષામાં 'यदीययावद्....' ઈત્યાદિ વ્યાપ્તિને જણાવવી હોય તો એવું કહી શકાય કે પ્રતિયોગિનિષ્ઠ જે જાતિને સમાનાધિકરણ ઉભયઅવૃત્તિ ધર્મથી અવચ્છિન્ન અને જે સંબંધથી અવચ્છિન્ન એવી પ્રતિયોગિતાના નિરૂપક તમામ અભાવો જ્યાં હોય ત્યાં તે જાતિથી અવચ્છિન્ન અને તે સંબંધથી અવચ્છિન્ન એવી પ્રતિયોગિતાનો નિરૂપક અભાવ હોય જ. આની સ્પષ્ટતા કરવી હોય તો એમ કહી શકાય કે - ધારો કે દુનિયામાં પાંચ પ્રકારના ઘડા છે - (૧) નીલ ઘડો, (૨) રક્ત ઘડો, (૩)

☆ કો.(૯)માં 'ઉભયભાવ' અશુદ્ધ પાઠ. ♦ લા.(૨)માં '...**शेषार्थाभा**...' પાઠ.

तेन न स्वरूपासिद्धिः, न वा सिद्धसाधनमिति।

પીત ઘડો,(૪) શ્યામ ઘડો, (૫) શ્વેત ઘડો. તો આ પાંચે પ્રકારના ઘડાના અભાવો જ્યાં હોય ત્યાં ઘટસામાન્યાભાવ કહી શકાય. એટલે કે જ્યાં નીલઘટત્વાદિઅવચ્છિન્નપ્રતિયોગિતાક પાંચ અભાવ હોય, ત્યાં ઘટત્વઅવચ્છિન્નપ્રતિયોગિતાક ઘટસામાન્યાભાવ સિદ્ધ થાય. તેથી નીલઘટત્વઆદિઅવચ્છિન્નપ્રતિયોગિતાક યાવદ્‌વિશેષાભાવ એ વ્યાપ્ય છે. તથા ઘટત્વઅવચ્છિન્નપ્રતિયોગિતાક ઘટસામાન્યાભાવ એ વ્યાપક છે.

અહીં નીલઘટત્વ એ ઉભયઅવૃત્તિ ધર્મ છે. કેમ કે દુનિયામાં રહેલા પાંચ ઘડામાંથી માત્ર એક ઘટમાં જ તે રહે છે પણ ઉભયમાં નથી રહેતો. માટે તેને ઉભય-અવૃત્તિ કહેવાય. વળી તે ઘટત્વસમાનાધિકરણ ધર્મ છે. તેવી રીતે પીતઘટત્વ પણ તાદૃશ ધર્મ જ છે. તો આવા ઘટત્વસમાનાધિકરણ ઉભયઅવૃત્તિ ધર્મોથી અવચ્છિન્ન પ્રતિયોગિતાના નિરૂપક યાવદ્‌વિશેષાભાવ જ્યાં મળશે, ત્યાં આપણને ઘટત્વઅવચ્છિન્ન-પ્રતિયોગિતાક ઘટસામાન્યાભાવ મળશે.

જે સંબંધથી સકલ ઘટવિશેષના અભાવ લઈએ, તે સંબંધથી ઘટસામાન્યાભાવ મળે. એટલે આ રીતે આપણે કહી શકીએ કે -

यो यज्जातिसमानाधिकरण-उभयाऽवृत्तिधर्माऽवच्छिन्न-यत्सम्बन्धाऽवच्छिन्नप्रतियोगिताकयावदभाववान् स तज्जातिअवच्छिन्न-तत्सम्बन्धाऽवच्छिन्नप्रतियोगिताकअभाववान्।

એટલે કે ભૂતલ એ ઘટત્વજાતિસમાનાધિકરણ અને ઉભય-અવૃત્તિ એવા નીલઘટત્વાદિથી અવચ્છિન્ન અને સંયોગ સંબંધથી અવચ્છિન્ન એવી પ્રતિયોગિતાના નિરૂપક યાવદ્‌અભાવવાળું છે. માટે ભૂતલ એ સંયોગસંબંધઅવચ્છિન્ન-ઘટત્વઅવચ્છિન્નપ્રતિયોગિતાક ઘટસામાન્યાભાવવાળું છે.

[redacted] :- અરે ! તમે આવા નિરર્થક વિશેષણો મૂકીને શા માટે ગૌરવ કરો છો ? ઉભય-અવૃત્તિ ન લખો તો શું વાંધો આવે ? માત્ર 'ઘટત્વસમાનાધિકરણ ધર્મ' આટલું જ કહો.

## ❀ સ્વરૂપ અસિદ્ધિ દોષનું નિવારણ ❀

[redacted]:- (तेन.) અરે ! તો તો સ્વરૂપઅસિદ્ધિ નામનો દોષ લાગુ પડશે. કારણ કે ઘટત્વસમાનાધિકરણ-ધર્માવચ્છિન્ન-સંયોગસંબંધઅવચ્છિન્નપ્રતિયોગિતાક યાવદ્‌વિશેષાભાવસ્વરૂપ તમારો હેતુ ભૂતલમાં (=પક્ષમાં) જ નહિ રહે. ઘટશૂન્ય એવું પણ ભૂતલ ઘટત્વસમાનાધિકરણપ્રમેયત્વધર્માવચ્છિન્નપ્રતિયોગિતાક અભાવવાળું ક્યારેય નથી હોતું. અથવા તો ઘટત્વસમાનાધિકરણદ્રવ્યત્વધર્માવચ્છિન્નપ્રતિયોગિતાક અભાવવાળું નથી બનતું. ભૂતલમાં કોઈને કોઈ પરમાણુ વગેરે પ્રમેય દ્રવ્ય કાયમ હોય જ છે. એટલે હેતુ પક્ષમાં ન રહેવાથી સ્વરૂપઅસિદ્ધિ નામનો દોષ આવશે. માટે કહ્યું કે ઉભય-અવૃત્તિ ધર્મ લેવાનો. તેથી ઘટત્વસમાનાધિકરણ પ્રમેયત્વ કે દ્રવ્યત્વ ધર્મ નહિ લઈ શકાય. કારણ કે તે ઉભયવૃત્તિધર્મ છે. પણ ઘટત્વસમાનાધિકરણ નીલઘટત્વ વગેરે વિશેષધર્મ જ પકડાશે. એટલે હવે સ્વરૂપાસિદ્ધિ દોષ નહિ આવે.

[redacted] :- પણ 'યત્ સંબંધ' અને 'તત્ સંબંધ' આ બે પદનો નિવેશ કરવાની આવશ્યકતા નથી.

## ❈ સિદ્ધસાધન દોષનું નિવારણ ❈

[redacted] :- અરે ! તો તો સિદ્ધસાધન નામનો દોષ આવે. કારણ કે આપણે 'સંયોગસંબંધથી જ્યાં યાવદ્‌ઘટવિશેષાભાવ હોય ત્યાં સંયોગસંબંધઅવચ્છિન્નપ્રતિયોગિતાક ઘટસામાન્યાભાવ હોય' - આવું સિદ્ધ કરવું છે. જો હવે 'સંયોગ સંબંધ' પદનો ઉભયત્ર નિવેશ ન કરો તો સામેવાળો કહે કે 'હા ભાઈ !

ततश्चाऽत्र परमाणोः गगनादिनिरूपितवृत्तितानिष्ठवृत्तितात्वसमानाधिकरणोभयाऽवृत्तितद्देशवृत्तितात्वाद्यवच्छिन्न-स्वरूपसम्बन्धावच्छिन्नप्रतियोगिताकाभावकूटवत्त्वेन गगनादिनिरूपितवृत्तितानिष्ठवृत्तितात्वावच्छिन्न-स्वरूपसम्बन्धावच्छिन्नप्रतियोगिताकाऽभाववत्त्वमापद्येतेति प्रघट्टकार्थः। इत्थमाकाशादेरनेकप्रदेशस्वभावानभ्युपगमे परमाणुः गगनाद्यवृत्तिः स्यादिति दिक्।

"सावयवम् आकाशम्, हिमवद्-विन्ध्यावरुद्धविभिन्नदेशत्वात् तदवष्टब्धदेशभूभागवत्, अन्यथा तयोः रूप-रसयोः इव एकदेशाऽऽकाशस्थितिप्रसक्तिः" (स.त.भाग-५/का.३/गा.३३ वृ.पृ.६४२) इत्यादि **सम्मतितर्कवृत्तिवचनमत्र** अनुयोज्यम्।

---

ભૂતલમાં સંયોગ સંબંધથી યાવદ્વિશેષઘટાભાવ હોય તો ત્યાં સમવાય વગેરે વ્યધિકરણ સંબંધથી ઘટસામાન્યાભાવ હોય - આવું તો અમે માનીએ જ છીએ. આમાં તમે નવું શું સિદ્ધ કરવા બેઠા ?' તેથી સિદ્ધસાધન નામનો દોષ લાગુ પડશે. પરંતુ જો 'યત્ સંબંધ' પદનો નિવેશ કરો તો સિદ્ધસાધન દોષ ન આવે. કારણ કે આપણે તો 'જ્યાં સંયોગસંબંધઅવચ્છિન્નપ્રતિયોગિતાક ઘટવિશેષાભાવસમૂહ હોય ત્યાં સંયોગસંબંધથી ઘટસામાન્ય ન રહે' - તેમ સિદ્ધ કરવું છે. તે તો ભૂતલમાં સિદ્ધ છે જ નહિ. ભૂતલમાં તાદશઘટસામાન્યાભાવ સિદ્ધ કરવા માટે આ વ્યાપ્તિ છે. માટે સિદ્ધસાધન નામનો દોષ લાગુ નહિ પડે.

### ✡ પરમાણુ અવૃત્તિ બનવાની આપત્તિ ✡

(तत.) પ્રસ્તુતમાં વૃત્તિતાના બે પ્રકાર છે. દેશવૃત્તિતા અને સર્વવૃત્તિતા. આકાશ વગેરેની પરમાણુમાં દેશવૃત્તિતા કે સર્વવૃત્તિતા નથી. તેથી યાવદ્વિશેષવૃત્તિતાઅભાવ પરમાણુમાં નિશ્ચિત થાય છે. તેનાથી વૃત્તિતાસામાન્યનો અભાવ સિદ્ધ થશે. પ્રસ્તુતમાં પરમાણુનિષ્ઠ વૃત્તિતા = આધેયતા. તે સ્વરૂપસંબંધથી રહે. તેથી વૃત્તિતાઅભાવનો પ્રતિયોગિતાઅવચ્છેદક સ્વરૂપસંબંધ બનશે. તેથી ઉપરોક્ત વ્યાપ્તિ મુજબ ગગનાદિનિરૂપિત વૃત્તિતામાં રહેનાર વૃત્તિતાત્વને સમાનાધિકરણ અને ઉભયઅવૃત્તિ એવા તદ્દેશવૃત્તિતાત્વાદિઅવચ્છિન્ન અને સ્વરૂપસંબંધાવચ્છિન્ન એવી પ્રતિયોગિતાના નિરૂપક તમામ અભાવો પરમાણુમાં રહેતા હોવાથી ગગનાદિનિરૂપિત વૃત્તિતામાં રહેનાર વૃત્તિતાત્વથી અવચ્છિન્ન અને સ્વરૂપસંબંધાવચ્છિન્ન એવી પ્રતિયોગિતાનો નિરૂપક અભાવ પરમાણુમાં સિદ્ધ થવાની આપત્તિ આવશે. આમ આકાશાદિને અનેકપ્રદેશસ્વભાવવાળા માનવામાં ન આવે તો પરમાણુ આકાશાદિમાં અવૃત્તિ બની જશે. અર્થાત્ પરમાણુ ગગનાદિમાં રહી નહિ શકે. આ રીતે પ્રસ્તુત પ્રઘટ્ટકનો અર્થ સમજવો. અહીં જે કાંઈ જણાવેલ છે દિગ્દર્શનમાત્ર છે. તે મુજબ હજુ આગળ ઊંડું વિચારી શકાય તેમ છે. તેવું જણાવવા માટે પરામર્શકર્ણિકામાં 'दिक्' શબ્દનો પ્રયોગ કરેલ છે.

### ❋ આકાશ સાવયવ : સમ્મતિતર્ક વ્યાખ્યા ❋

("साव.) આકાશમાં સાવયવત્વની = અનેકપ્રદેશસ્વભાવની સિદ્ધિ માટે **સમ્મતિતર્કવ્યાખ્યા**માં જણાવેલ છે કે "આકાશ (= પક્ષ) સાવયવ (= સાધ્ય) છે. કારણ કે આકાશના જુદા-જુદા ભાગો દૂરસ્થ હિમાલય -વિન્ધ્યાચલથી ઘેરાયેલા છે (= હેતુ). હિમાલય અને વિંધ્યાચલ દ્વારા વ્યાપ્ત સ્થાનની જગ્યાના વિભાગ જેમ સાવયવ છે, તેમ ઉપરોક્ત હેતુથી આકાશ સાવયવ સિદ્ધ થાય છે. જો આકાશ અનેકપ્રદેશયુક્ત ન હોય તો જેમ રૂપ-રસ એક દ્રવ્યમાં સાથે રહે છે તેમ હિમાલય અને વિંધ્યાચલ એક જ સ્થળે

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – तत्तदात्मप्रदेशगृहीतानि कार्मणवर्गणास्कन्धद्रव्यात्मकानि ज्ञानावरणीयादीनि द्रव्यकर्माणि देशतः आत्मवृत्तीनि, विभक्तात्मप्रदेशनिष्ठत्वात्। ***यद्यपि*** अष्टरुचकप्रदेशेभ्योऽन्यत्राऽखिलाऽऽत्मप्रदेशेषु कर्मद्रव्याणि सन्ति ***तथापि*** नैकमेव तत् तत् कर्मद्रव्यं सर्वात्मप्रदेशवृत्ति किन्तु नानाकर्मद्रव्याणि नानात्मप्रदेशवृत्तीनि इति कृत्वा द्रव्यकर्माणि आत्मनि देशतो वर्तन्ते। तत्तदात्मप्रदेशगृहीतानि तत्तद्द्रव्यकर्माणि अव्याप्यवृत्तीनि इति यावत्तात्पर्यम्। राग-द्वेषादिभावकर्माणि तु अष्टरुचकप्रदेशेभ्योऽन्यत्राऽखिलात्मप्रदेशेषु व्याप्यवृत्त्या सन्ति। अत एव द्रव्यकर्मभ्यो भावकर्माणि बलाधिकानि। ततश्च द्रव्यकर्मनाशादपि भावकर्मनाशः मुख्यवृत्त्या प्रणिधातव्यः इत्युपदिश्यतेऽत्र। सकलद्रव्य-भावकर्मविनाशे च [1]"सुरगणसुहं समत्तं सव्वद्धापिंडिअं अणंतगुणं। न च पावइ मुत्तिसुहंऽणंताहि वि वग्ग-वग्गूहिं।।" (प्र-२/सू.५४/गाथा.१६३, ती.१२४८, दे.प्र.२९८, आ.प्र.१७३, आ.नि.९८१, पु.मा.४९१, कु.प्र.प्र.पृ.१६८/गाथा-४३०) इति **प्रज्ञापनासूत्र-तीर्थोद्गालिप्रकीर्णक-देवेन्द्रस्तवप्रकीर्णकाऽऽत्मप्रबोधाऽऽवश्यकनिर्युक्ति-पुष्पमालादर्शितं कुमारपालप्रबोधप्रबन्धे** चोद्धरणरूपेण प्रोक्तं मोक्षसुखं नैव दुर्लभम्।।१२/७।।

આકાશમાં સાથે રહેવાની આપત્તિ આવે." શ્રી**અભયદેવસૂરિ**જીની આ વાતને પણ અહીં સંલગ્ન કરવી.

### ❀ દ્રવ્યકર્મ કરતાં ભાવકર્મ વધુ બળવાન ❀

[redacted] :- કાર્મણવર્ગણાના સ્કંધસ્વરૂપ જ્ઞાનાવરણીયાદિ કર્મ આત્મામાં દેશવૃત્તિ છે. અલગ-અલગ આત્મપ્રદેશ દ્વારા ગ્રહણ કરાયેલા જુદા-જુદા કાર્મણવર્ગણાના સ્કંધ સ્વરૂપ દ્રવ્યકર્મ આત્માના જુદા જુદા ભાગમાં રહે છે. જો કે સંસારી આત્માના આઠ રુચક પ્રદેશ સિવાય સર્વત્ર દ્રવ્યકર્મ રહે જ છે. પણ એક જ કર્મદલિક સર્વ આત્મપ્રદેશોમાં રહેતું નથી. જુદા-જુદા આત્મપ્રદેશોમાં જુદા-જુદા કર્મદલિકો રહે છે. તેથી અલગ-અલગ આત્મપ્રદેશ દ્વારા ગ્રહણ કરાયેલા જુદા-જુદા દ્રવ્યકર્મ આત્મામાં દેશવૃત્તિ છે. મતલબ કે દ્રવ્યકર્મ અવ્યાપ્યવૃત્તિ છે. જ્યારે રાગ-દ્વેષાદિ સ્વરૂપ ભાવકર્મ તો આઠ રુચક પ્રદેશ સિવાય સંપૂર્ણ આત્મામાં રહે છે. તેથી આપેક્ષિકપણે સર્વવૃત્તિ છે. દ્રવ્યકર્મ દેશવૃત્તિ છે. તેથી તેના કરતાં સર્વવૃત્તિ ભાવકર્મ વધુ બળવાન છે. તેથી સાધકનું મુખ્ય લક્ષ દ્રવ્યકર્મ કરતાં ભાવકર્મને હટાવવાનું હોવું જોઈએ. આવો આધ્યાત્મિક ઉપદેશ અહીંથી ગ્રહણ કરવા યોગ્ય છે. દ્રવ્યકર્મ અને ભાવકર્મ સંપૂર્ણપણે ઉચ્છેદ પામે તો **પ્રજ્ઞાપનાસૂત્ર, તીર્થોદ્ગાલિ પ્રકીર્ણક** (પયન્ના), **દેવેન્દ્રસ્તવપ્રકીર્ણક, આત્મપ્રબોધ, આવશ્યકનિર્યુક્તિ, પુષ્પમાલા** ગ્રંથમાં (શબ્દલેશભેદથી) બતાવેલ તથા **કુમારપાલપ્રબોધ-પ્રબંધ**માં ઉદ્ધૃત કરેલ ગાથામાં જણાવેલ મોક્ષસુખ જરા પણ દુર્લભ નથી. ત્યાં આ અંગે જણાવેલ છે કે "સર્વ કાળનું ભેગું કરેલું દેવતાઓના સમૂહનું સંપૂર્ણ સુખ જો અનંતા વર્ગ-વર્ગ કરવા દ્વારા અનંતગુણઅધિક કરવામાં આવે તો પણ તે સુખ કદાપિ મોક્ષના સુખની તુલના કરી શકતું નથી."

[redacted] :- ૩ નો વર્ગ = $૩^૨$ = ૯ તથા ૯ નો વર્ગ = $૯^૨$ = ૮૧ થાય. $(૩^૨)^૨$ = ૮૧. તેથી ૩ નો વર્ગ-વર્ગ = ૮૧ થાય. આ રીતે ત્રૈકાલિક તમામ દિવ્યસુખનો વર્ગ-વર્ગ કરવાથી જે પરિણામ આવે તેનાથી અનંતગુણ અધિક સુખ પણ મુક્તિસુખની તુલનાને કરી શકતું નથી. (૧૨/૭)

1. सुरगणसुखं समस्तं सर्वाद्धापिण्डितम् अनन्तगुणम्। न च प्राप्नोति मुक्तिसुखम् अनन्तैः अपि वर्ग-वर्गैः।।

**જી હો ભાવ સ્વભાવહ અન્યથા, લાલા છઈ વિભાવ વડ વ્યાધિ;**
**જી હો એ વિણ ન ઘટઈ જીવનઈ, લાલા અનિયત કર્મ ઉપાધિ ॥૧૨/૮॥ (૨૦૨) ચતુર.**

**સ્વભાવથી** જે **અન્યથાભાવ** તે વિભાવસ્વભાવ કહિયઈ. તે (વડ=) મહા **વ્યાધિરૂપ છઈ. એ** વિભાવ-સ્વભાવ માન્યા **વિના જીવનઈ અનિયત** કહતાં નાનાદેશ-કાલાદિવિપાકી **કર્મ ઉપાધિ ન (ઘટઈ=)** લાગો જોઈઈ.

साम्प्रतम् अवसरसङ्गतिप्राप्तं सप्तमं विभावाख्यं स्वभावविशेषमाह – '**स्वे**'ति।

**स्वभावतोऽन्यथाभावो विभावो निष्ठुरो ज्वरः।**
**विना तमात्मनो नैवाऽनियतकर्मयोगता।।१२/८।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – स्वभावतः अन्यथाभावः विभावः (उच्यते)। (स च) निष्ठुरः ज्वरः। तं विना आत्मनः अनियतकर्मयोगता नैव (सम्भवेत्)।।१२/८।।

**स्वभावतः** = मौलप्रकृतेः **अन्यथाभावः** = अन्यप्रकारेण भवनं हि **विभावः** = विभावाभिधानः स्वभावविशेष उच्यते। यथा ज्ञानस्य अज्ञानरूपेण परिणमनं विभावस्वभावः। तदुक्तं **बृहन्नयचक्रे** [1]"सहजादो रूवंतरगहणं जो सो हु विब्भावो" (बृ.न.च.६४) इति। स च **निष्ठुरः** = परिणामकटुकः **ज्वरः** = महाज्वरलक्षणो दुर्दान्तो व्याधिः।

सर्वथा स्वभावैकाऽभ्युपगमपक्षे हि **तं** = विभावस्वभावं **विना आत्मनः** = जीवस्य **अनियत-कर्मयोगता** = विभिन्नदेश-कालविपाकिकर्मोपाधिसङ्गतिः **नैव** सम्भवेत्, संसारिजीवेषु उपाधिसम्बन्ध-

**અવતરણિકા** :- હવે સાતમા વિશેષ સ્વભાવના પ્રતિપાદનનો અવસર છે. અવસરસંગતિપ્રાપ્ત વિભાવ નામના સાતમા વિશેષસ્વભાવને ગ્રંથકારશ્રી જણાવે છે :-

### ❖ વિભાવસ્વભાવ નિષ્ઠુર જ્વર ❖

**શ્લોકાર્થ** :- સ્વભાવથી અન્યથાભાવ તે વિભાવ જાણવો. તે નિષ્ઠુર જ્વર છે. તેના વિના આત્મામાં અનિયત કર્મનો સંયોગ થઈ ન શકે. (૧૨/૮)

### ❈ વિભાવપરિણામની વિચારણા ❈

**વ્યાખ્યાર્થ** :- મૂળભૂત પ્રકૃતિથી અન્ય પ્રકારે દ્રવ્યનું પરિણમન થવું તે 'વિભાવ' નામનો વિશેષસ્વભાવ કહેવાય છે. જેમ કે જ્ઞાનનું અજ્ઞાનસ્વરૂપે પરિણમન તે વિભાવસ્વભાવ કહેવાય. **બૃહદ્નયચક્ર**માં જણાવેલ છે કે 'સહજ સ્વરૂપમાંથી રૂપાન્તરનું ગ્રહણ થવું તે વિભાવ નામનો વિશેષસ્વભાવ છે.' આ વિભાવસ્વભાવ મહાજ્વરસ્વરૂપ વ્યાધિ છે. આત્મા માટે આ વ્યાધિ અત્યંત નિષ્ઠુર છે. તેનું પરિણામ અત્યંત કડવું છે. તેનું માંડ-માંડ દમન કરી શકાય છે.

### ⁂ વિભાવસ્વભાવ વિના કર્મબંધનો અસંભવ ⁂

**(સર્વથા.)** જો આત્માનો ફક્ત સ્વભાવપરિણામ જ એકાંતે માનવામાં આવે તો વિભાવસ્વભાવ વિના જુદા-જુદા દેશમાં, વિભિન્ન કાળમાં, પોતાનું ફળ દેખાડનાર કર્મસ્વરૂપ ઉપાધિનો સંબંધ આત્મામાં સંભવી

1. सहजाद् रूपान्तरग्रहणं यत् स हि विभावः।

"**उपाधिसम्बन्धयोग्यता हि विभावस्वभावः**" ॥१२/८॥

योग्यताया एव विभावस्वभावरूपत्वात्। तथा सति संसाराभाव एव प्रसज्येत, साङ्ख्यमतप्रवेशो वा। तदिदमभिप्रेत्योक्तं **समयसारे कुन्दकुन्दस्वामिना** [1]"अपरिणमंतम्हि सयं जीवे कोहादिएहिं भावेहिं। संसारस्स अभावो पसज्जदे संखसमओ वा।।" (स.सा.१२२) इति। ***एतेन*** "स्वभावरूपस्य एकान्तेन संसाराऽभावः" (आ.प.पृ.१५, बृ.न.च.६९/पृ.३७) इति **आलापपद्धति-बृहन्नयचक्रवृत्तिकृद्वचनं** ***व्याख्यातम्,*** स्वभावपदस्य विभावस्व-भावाननुविद्धस्वभावपरत्वात्।

***न च*** कर्मसम्बन्धेन संसारः सम्भवेत् शुद्धात्मनोऽपि इति ***शङ्कनीयम्***

नानाकर्मसङ्गतौ संसारसम्भवेऽपि अज्ञान-राग-द्वेषाद्यनेकदोषाविर्भावतः विभावस्वभावापत्तेरिति दिक्।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – स्वव्याधिश्रवणमिव स्वकीयविभावस्वभावलक्षणमहाव्याधिश्रवणं

---

જ ન શકે. કારણ કે સંસારી જીવોમાં કર્મઉપાધિનો સંબંધ થવાની યોગ્યતા એ જ વિભાવસ્વભાવ છે. તેથી જો વિભાવસ્વભાવ આત્મામાં લેશ પણ ન હોય તો સંસારનો જ ઉચ્છેદ થઈ જાય અથવા સાંખ્યમતમાં પ્રવેશ થઈ જાય. આ જ અભિપ્રાયથી **સમયસાર** ગ્રંથમાં **કુંદકુંદસ્વામી**એ જણાવેલ છે કે "જીવ સ્વયં ક્રોધાદિ ભાવોથી પરિણમતો ન હોય તો સંસારનો અભાવ માનવાની આપત્તિ આવે. અથવા સાંખ્યમતનો પ્રસંગ આવે." 'એકાન્તે આત્મા સ્વભાવરૂપ જ હોય તો સંસારનો અભાવ થઈ જશે' - આ પ્રમાણે **આલાપપદ્ધતિ**માં અને **બૃહદ્નયચક્રવૃત્તિ**માં જે જણાવેલ છે તેની ઉપરોક્ત બાબતથી છણાવટ થઈ જાય છે. ત્યાં 'સ્વભાવરૂપ' શબ્દ દ્વારા 'વિભાવ સ્વભાવથી અનનુવિદ્ધ માત્ર સ્વભાવરૂપ' આવો અર્થ જ અભિપ્રેત છે.

[illegible] :- (**ન ચ.**) આત્મા ભલે ને કેવલ સ્વભાવવાળો હોય. તેમ છતાં જુદા-જુદા કર્મોનો સંબંધ થવાથી શુદ્ધાત્માનો સંસાર તો સંભવી શકે જ છે ને !

### ❀ શુદ્ધાત્માનો સંસાર અસંભવિત ❀

[illegible] :- (**नानाकर्म.**) વિવિધ કર્મના સંબંધથી જીવનો સંસાર જરૂર સંભવી શકે છે. પણ સંસાર આવે એટલે વિભાવસ્વભાવને માનવાની આપત્તિ દુર્વાર બને. કેમ કે જીવ સંસારી બને એટલે અજ્ઞાન, રાગ, દ્વેષ, વાસના, લાલસા, તૃષ્ણા વગેરે દોષો પ્રગટવાના. આવું બને એટલે વિભાવસ્વભાવ તેમાં માનવો જ પડે. અહીં જે કહેવાયેલ છે તે તો દિગ્દર્શનમાત્ર છે. તેના આધારે હજુ આગળ ઘણું વિચારી શકાય છે. આવું જણાવવા માટે પરામર્શકર્ણિકામાં અહીં 'दिक्' શબ્દનો પ્રયોગ કરેલ છે.

### ✾ વિભાવાત્મક મહારોગને ટાળીએ ✾

[illegible] :- 'તમને કમળો થયો છે. બાકી આંખ પીળી ન થાય' - આવી ડોક્ટરની વાત કમળાને ટકાવવા માટે નથી પણ કમળાને વધતો અટકાવવા માટે અને ભગાવવા માટે છે. તેમ આપણા વિભાવસ્વભાવરૂપ મહારોગની વાત પરમર્ષિઓએ તેને ટકાવવા માટે નહિ પણ તેને વધતો

---

1. अपरिणममाने स्वयं जीवे क्रोधादिभिः भावैः। संसारस्याभावः प्रसजति, साङ्ख्यसमयो वा।।

तत्परिक्षयगोचरयत्नकृते, न तु तत्स्थैर्याय। अनादिकालात् प्रवृत्तोऽयं कर्मसम्पर्कयोग्यतालक्षणः विभावस्वभावः सर्वत्राऽव्याहतप्रसर आत्मविरोधिबलोपेतत्वाद् इन्द्रियद्वारा चित्तवृत्तिबहिःक्षेपेण अनवरतं कर्तृ-भोक्तृभावम् उपदधाति। ततश्च रागादिविभावपरिणामा विकल्पतरङ्गमाला बहिर्मुखता-बन्ध-दशादयश्च निर्मर्यादं प्रवर्धन्ते। तत्फलरूपेण च जन्म-रोग-जरा-मरणादयः सन्ततं जीवं सन्तापयन्ति।

अतो डाकिनीग्रहोपमविभावस्वभावोच्छेदार्थम् 'अहं मूलस्वरूपेण परमानन्दपरिपूर्ण – परमशान्तरसमय -परमनिष्कषाय-परमनिर्विकार-विशुद्धचैतन्याऽखण्डपिण्डोऽस्मि। निजस्वरूपाऽज्ञानेन विभावस्वभावप्रसूत-विभावपरिणामादौ एकत्वाध्यवसायाद् एतावन्तं कालं बाह्याऽभ्यन्तरभवे भ्रान्तोऽहम्। धिग् माम्। साम्प्रतमहम् असारत्वात् कदलीस्तम्भोपमेभ्यो राग-द्वेष-कर्तृत्व-भोक्तृत्वादिविभावपरिणामेभ्यः, तुच्छत्वाच्च

---

અટકાવવા માટે અને ભગાવવા માટે કરી છે. કર્મના સંપર્કમાં આવવાની જીવની યોગ્યતા એ જ વિભાવસ્વભાવ છે. અનાદિ કાળથી આ વિભાવસ્વભાવ સક્રિય છે. અનાદિ કાળથી સક્રિય આ વિભાવસ્વભાવ આત્મવિરોધી એવા બળથી પુષ્ટ થયેલ છે. આત્મવિરોધી બળની સહાયને ધરાવનારા વિભાવસ્વભાવનો પ્રચાર અને પ્રસાર સર્વત્ર અવ્યાહત છે. તીર્થંકરના સમવસરણમાં ગયેલા પણ જીવની ચિત્તવૃત્તિને ઈન્દ્રિય દ્વારા બહાર ફેંકવાનું કામ આ વિભાવસ્વભાવ કરે છે. તેથી ત્યાં અરિહંત પરમાત્માને જોવાના બદલે રત્ન-સુવર્ણાદિના કાંગરા-કિલ્લા ઉપર અને નાચતી અપ્સરા વગેરે ઉપર જ જીવની નજર ચોંટી ગઈ. તેથી ત્યાં પણ રત્નાદિને ભેગા કરવાના કર્તૃત્વભાવમાં કે એ નાચતી અપ્સરાને ભોગવવાના ભાવમાં જ જીવ ઘણી વાર અટવાયો. આ રીતે સર્વત્ર પાંચેય ઈન્દ્રિયોના માધ્યમથી ચિત્તવૃત્તિપ્રવાહને બહાર ફેંકીને વિભાવસ્વભાવ સતત કર્તૃત્વ-ભોક્તૃત્વભાવને પેદા કરે છે. તેના લીધે રાગાદિ વિભાવપરિણામો, માનસિક વિકલ્પસ્વરૂપ તરંગોની હારમાળા, બહિર્મુખદશા, બંધદશા વગેરે બેમર્યાદપણે વધે જ રાખે છે. તથા તેના જ ફળસ્વરૂપે જન્મ, રોગ, ઘડપણ, મોત વગેરે દુઃખો આ જીવને સતત સંતાપવાનું કામ કરે છે.

### ☫ વિભાવવળગાડમાંથી છૂટવાનો ઉપાય ☫

(अतो.) આથી આ વિભાવસ્વભાવ ડાકણના વળગાડ જેવો છે. તે કાઢવા જેવો જ છે. તેને મૂળમાંથી ઉખેડવા માટે નીચે મુજબ આત્માર્થી સાધકે વિશિષ્ટ ભાવના કરવી કે :- "હું મૂળભૂત સ્વરૂપે વિશુદ્ધ ચૈતન્યનો અખંડ પિંડ છું. મારું વિશુદ્ધ ચૈતન્ય પરમાનંદથી પરિપૂર્ણ છે. તેથી મારે બહાર ક્યાંય સુખની ભીખ માંગવાની જરૂર નથી. આ નિર્મળ ચેતનસ્વભાવ પરમ શાંતરસમય છે. એ પરમ નિષ્કષાય અને પરમ નિર્વિકાર છે. તેથી ઉકળાટ-અધીરાઈ-આવેશ-આવેગ-અહંકાર-કપટ-તૃષ્ણા-ભોગતૃષ્ણા વગેરે મારું સ્વરૂપ નથી. આવા ચૈતન્યથી ઝળહળતા મારા મહાન ગંભીર સ્વરૂપની સમજણ ન હોવાના લીધે, વિભાવસ્વભાવના કારણે પ્રગટેલા રાગાદિ વિભાવપરિણામોમાં તન્મય થઈને હું તાદાત્મ્યબુદ્ધિ કરી બેઠો. તેના જ કારણે હું આટલા દીર્ઘ કાળથી દેહ-દુકાન-ઘર-પરિવાર-વિરાધના વગેરે સ્વરૂપ બાહ્ય સંસારમાં ભટક્યો તથા રાગ-દ્વેષાદિવિભાવપરિણામ અને સંકલ્પ-વિકલ્પ વગેરે સ્વરૂપ અભ્યંતર સંસારમાં ભટક્યો. આવી મૂર્ખામી કરનારા એવા મને ધિક્કાર હો. ખરેખર કેળના વૃક્ષના થડને ઉખેડવામાં આવે તો એની અંદરથી નવા-નવા પડ નીકળે જ રાખે છે. પણ તેમાંથી કશું સારભૂત તત્ત્વ નીકળે નહિ.

मृगतृष्णिकातुल्याया अनल्पसङ्कल्प-विकल्पकल्पनातरङ्गमालाया विरमामि। पापोदयोद्वेग-पुण्योदया-कर्षणादिभ्यश्च पृथग् भवामि। अधुना अहं शुद्धचैतन्याऽखण्डपिण्डतया शान्त-सहजरूपेण परिणमामि' इत्यादिविभावनया प्रतिदिनं दीर्घकालं यावद् आदरपूर्वं शुद्धात्मस्वरूपं ध्यातव्यम्। ततो "या शान्तैकरसाऽऽस्वादाद् भवेत् तृप्तिरतीन्द्रिया। सा न जिह्वेन्द्रियद्वारा षड्रसाऽऽस्वादनादपि।।" (ज्ञा.सा. १०/३) इति **ज्ञानसार**कारिकार्थः शुद्धात्मध्यानबलेन सत्यार्थतया अन्तः प्रतिभासते।

तादृशध्यानपरिणमने हि विभावस्वभावसहकारि शुद्धात्मविरोधिबलं क्षीयते, सहजमलरेचः प्राचुर्येण सम्पद्यते, कर्तृत्व-भोक्तृत्वपरिणतिः शिथिलीभवति, विभावदशा-विकल्पदशा-बन्धदशा-बहिर्मुखदशादिकम् अत्यन्तं हीयते, अन्तःकरणस्य निराकुलत्व-नीरवत्व-निर्मलत्वादिकं सञ्जायते, काल-स्वभाव-भवित-व्यता-कर्मादिसमवायः सानुकूलतां भजते, विभावस्वभावश्च बाहुल्येन निष्क्रियतामापद्यते। तन्निष्क्रियता-ऽऽपादने एव केवलचैतन्यस्वरूपात्मस्वभावप्रादुर्भावसम्भवः इति मनसिकृत्य अज्ञान-राग-द्वेष-वासना-लालसा-तृष्णादिस्वरूपेण यथा आत्मनः परिणमनं न स्यात् तथा सततं यतितव्यम्। इत्थमेव

---

આકુળતાસ્વરૂપ રાગ, વ્યાકુળતારૂપ દ્વેષ, કર્તૃત્વભાવ, ભોક્તૃત્વભાવ વગેરે વિભાવપરિણામો અસાર હોવાના લીધે કેળના થડ જેવા છે. મારે તેનું શું કામ છે ? બસ હવે હું તેનાથી અટકું છું. જેમ મૃગજળ તુચ્છ છે, તેમ ઢગલાબંધ સંકલ્પ-વિકલ્પની કલ્પનાના તરંગોની હારમાળા પણ તુચ્છ છે. તેથી તેનાથી પણ હું અટકું છું. પાપોદયમાં ઉદ્વેગ અને પુણ્યોદયનું આકર્ષણ - આ બન્ને મારક તત્ત્વોથી હું જુદો પડું છું. હવે હું શુદ્ધ ચૈતન્યના અખંડ પિંડ સ્વરૂપે શાંતભાવે સહજતાથી પરિણમું છું." આ મુજબની વિભાવનાથી પ્રતિદિન લાંબા સમય સુધી આદરપૂર્વક શુદ્ધ આત્મસ્વરૂપનું ધ્યાન કરવું જોઈએ. શુદ્ધાત્માનું ધ્યાન કરવાના બળે સાધકને અંતરમાં શાંતસુધારસની અનુભૂતિ થાય છે. ત્યાર બાદ તેને **જ્ઞાનસાર**ના તૃપ્તિઅષ્ટકમાં દર્શાવેલી વિગત સત્ય પદાર્થસ્વરૂપે અંદરમાં પ્રતીત થાય છે. ત્યાં **મહોપાધ્યાયજી મહારાજે** જણાવેલ છે કે 'અદ્વિતીય શાંતરસના અનુભવથી અતીન્દ્રિય એવી જે તૃપ્તિ થાય, તેવી તૃપ્તિ જીભથી ષડ્રસને ચાખવાથી પણ નથી થતી.'

### ❈ શુદ્ધચૈતન્યસ્વભાવધ્યાનના સાત ફળને સમજીએ ❈

**(તાદૃ.)** શુદ્ધાત્મસ્વરૂપનું ધ્યાન રોજે રોજ લાંબા સમય સુધી આદરપૂર્વક કરતાં કરતાં તે ધ્યાન અંદરમાં પરિણમે છે. તે ધ્યાન જેમ જેમ પરિણમતું જાય તેમ તેમ (૧) વિભાવસ્વભાવનું સહકારી શુદ્ધાત્મવિરોધી બળ ક્ષીણ થતું જાય છે. (૨) પ્રચુર પ્રમાણમાં અનાદિકાલીન સહજમળનો રેચ થાય છે. મતલબ કે સહજમળની કબજિયાત દૂર થાય છે. (૩) કર્તૃત્વભાવની અને ભોક્તૃત્વભાવની પરિણતિ પ્રશિથિલ બને છે. (૪) વિભાવદશા, વિકલ્પદશા, બંધદશા, બહિર્મુખદશા વગેરે અત્યંત ખલાસ થાય છે. (૫) અંતઃકરણ નિરાકુળ, નીરવ (આંતરિક ઘોંઘાટથી શૂન્ય) અને નિર્મળ બને છે. (૬) કાળ, સ્વભાવ, ભવિતવ્યતા, કર્મ વગેરેનો સમૂહ પણ અનુકૂળ બને છે. તથા (૭) વિભાવસ્વભાવ મોટા ભાગે નિષ્ક્રિય બને છે. આ રીતે તેને નિષ્ક્રિય કરવામાં આવે તો જ કેવલ ચૈતન્યસ્વરૂપ આત્મસ્વભાવ પ્રગટી શકે. આ લક્ષમાં રાખી અજ્ઞાન, રાગ, દ્વેષ, વાસના, લાલસા, તૃષ્ણા વગેરે સ્વરૂપે આપણું

कर्ममुक्तिः सम्भवेत्। अत एव **समयसारे कुन्दकुन्दस्वामिना** [1]"रत्तो बंधदि कम्मं मुच्चदि जीवो विरागसंपत्तो। एसो जिणोवएसो तम्हा कम्मेसु मा रज्ज।।" (स.सा.१५०) इत्युक्तम्। ईदृशज्ञानगर्भवैराग्यबलेन लभ्यमाने निःश्रेयसे न जातु विभावस्वभावप्रचारः। तदुक्तं **रत्नकरण्डकश्रावकाचारे समन्तभद्राचार्येण** "काले कल्पशतेऽपि च गते शिवानां न विक्रिया लक्ष्या। उत्पातोऽपि यदि स्यात् त्रिलोकसम्भ्रान्तिकरणपटुः।। (र.श्रा.१३३) इति भावनीयम्।।१२/८।।

---

પરિણમન ન થાય તેની સતત કાળજી રાખવાની છે. આ રીતે જ કર્મથી છૂટકારો સંભવે. આથી જ **સમયસાર** ગ્રંથમાં **કુંદકુંદસ્વામીએ** "રાગી જીવ કર્મ બાંધે છે અને વૈરાગ્યને પામેલો જીવ કર્મથી છૂટે છે. તેથી હે જીવ ! તું કર્મોમાં રાગ નહિ કર" - આ મુજબ જણાવેલ છે. આવા જ્ઞાનગર્ભિત વૈરાગ્યના બળથી મળતો મોક્ષ સદા વિભાવસ્વભાવથી શૂન્ય જ છે. આ અંગે **રત્નકરંડકશ્રાવકાચારમાં સમન્તભદ્રાચાર્યે** જણાવેલ છે કે 'ત્રણ જગતની ઉથલ-પાથલ કરવા માટે સમર્થ એવો જો ઉત્પાદ પણ થઈ જાય અને સેંકડો કલ્પ પસાર થઈ જાય તો પણ મુક્તાત્માઓમાં એકાદ પણ વિક્રિયા (= વિભાવસ્વભાવકાર્ય) પ્રમાણથી ન જણાય.' (૧૨/૮)

લખી રાખો ડાયરીમાં.....

- **તીક્ષ્ણ બુદ્ધિ સોનાના વરખ લગાડેલ કોલસા જેવી છે, પરિચય થાય કે અંદરની કાળાશ પ્રગટ થયા વિના ન રહે.**
  **ઝળહળતી શ્રદ્ધા એ સોનાની લગડી જેવી તેજસ્વી, નક્કર અને ગુણિયલ છે.**
- **વિકૃત વાસના બુદ્ધિજીવી છે.**
  **સુસંસ્કૃત ઉપાસના પ્રભુજીવી છે.**
- **બુદ્ધિને સામગ્રીના સંગ્રહલક્ષી જીવનમાં રસ છે.**
  **શ્રદ્ધાને સામગ્રીસદુપયોગમય જીવનયાત્રામાં અભિરુચિ છે.**
- **બુદ્ધિ પરદોષદર્શન કરીને બીજા પ્રત્યે દુર્ભાવ પેદા કરે છે.**
  **શ્રદ્ધા પરગુણદર્શન કરીને બીજા પ્રત્યે પ્રમોદભાવ પ્રગટાવે છે.**

---

1. रक्तो बध्नाति कर्म मुच्यते जीवो विरागसम्प्राप्तः। एष जिनोपदेशः तस्मात् कर्मसु मा रज्यस्व।।

**જી હો ♦શુદ્ધસ્વભાવ કેવલપણું લાલા ઉપાધિકજ અશુદ્ધ;**
**જી હો વિણ શુદ્ધતા ન મુક્તિ છઈ, લાલા લેપ ન વિગર અશુદ્ધ ॥૧૨/૯॥(૨૦૩) ચતુર.**
**કેવલપણું** કહતા ઉપાધિભાવરહિતાન્તર્ભાવપરિણતિ✡ તે **શુદ્ધ♦સ્વભાવ.**

---

अधुना द्रव्यस्य अष्टमं नवमञ्च विशेषस्वभावमाचष्टे – '**कैवल्यमि**'ति।

**कैवल्यं शुद्धभावो ह्यशुद्ध उपाधिजस्तथा।**
**शुद्धाद् विना न मोक्षः स्याद् विनाऽशुद्धं न लिप्तता।।१२/९।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – कैवल्यं हि शुद्धभावः (उच्यते) तथा उपाधिजः अशुद्धः (स्वभावः उच्यते)। शुद्धाद् विना मोक्षः न स्यात्। अशुद्धं विना न लिप्तता स्यात्।।१२/९।।

**कैवल्यं** = कर्मादिलक्षणसकलोपाधिशून्यान्तर्भावपरिणतिः **हि शुद्धभावः** = शुद्धस्वभावः उच्यते। ***एतेन*** [1]"कम्मक्खयादु सुद्धो" (बृ.न.च.६६) इति **बृहन्नयचक्र**वचनमपि ***व्याख्यातम्***।

**तथा उपाधिजः** = कर्म-नोकर्मोपाधिजनितबहिर्भावपरिणमनयोग्यतालक्षणः **अशुद्धः** = अशुद्धस्वभाव उच्यते।

***एतेन*** विभावाऽशुद्धस्वभावयोः को भेदः? इति शङ्का ***समाहिता***,

उपाधिसम्बन्धयोग्यताया विभावस्वभावत्वात्, उपाधिजनितरागादिलक्षणबहिर्भावपरिणमनयोग्यतायाः

---

[illegible] :- હવે દ્રવ્યના આઠમા અને નવમા વિશેષસ્વભાવને ગ્રંથકારશ્રી જણાવે છે :-

[illegible] :- કૈવલ્ય એ શુદ્ધસ્વભાવ કહેવાય છે. તથા ઉપાધિજન્ય અશુદ્ધસ્વભાવ કહેવાય છે. શુદ્ધસ્વભાવ વિના મોક્ષ ન થાય તથા અશુદ્ધસ્વભાવ વિના આત્મા લેપાય નહિ. (૧૨/૯)

### ✡ શુદ્ધસ્વભાવને પ્રગટાવીએ ✡

[illegible] :- કર્મ વગેરે સ્વરૂપ તમામ ઉપાધિથી શૂન્ય એવી અંતર્ભાવપરિણતિ એ જ કૈવલ્ય = કેવલપણું છે. ફક્ત આત્મા જ હોય, બીજું કશું ન હોય તો આત્મા શુદ્ધ હોય. તેથી પ્રસ્તુત કૈવલ્ય આત્માનો શુદ્ધસ્વભાવ કહેવાય છે. 'કર્મક્ષયથી પ્રગટ થયેલો સ્વભાવ શુદ્ધસ્વભાવ જાણવો' - આમ **બૃહદ્નયચક્ર** ગ્રંથમાં જે જણાવેલ છે તેની પણ ઉપરોક્ત પ્રતિપાદન દ્વારા છણાવટ થઈ જાય છે.

### ❖ અશુદ્ધસ્વભાવને ઓળખીએ ❖

(**तथा.**) તથા કર્મ-નોકર્મ વગેરે ઉપાધિથી ઉત્પન્ન થયેલ બહિર્ભાવના પરિણમનની યોગ્યતા એ જ અશુદ્ધસ્વભાવ કહેવાય છે.

### ✵ વિભાવ-અશુદ્ધસ્વભાવમાં તફાવતની વિચારણા ✵

[illegible] :- (**एतेन.**) તો પછી વિભાવસ્વભાવમાં અને અશુદ્ધસ્વભાવમાં ભેદ શું પડશે ?

[illegible] :- (**उपा.**) ના, બન્નેમાં તફાવત છે. કારણ કે કર્મ વગેરે ઉપાધિનો આત્મામાં સંબંધ

---

♦ પુસ્તકોમાં 'શુદ્ધભાવ' પાઠ. આ.(૧)નો પાઠ લીધો છે. ✡ લા.(૨) + પુસ્તકોમાં 'પરિણત' પાઠ. કો.(૯)માં 'પરિણમન' પાઠ આ.(૧)નો પાઠ લીધો છે. ♦ આ.(૧)માં 'શુદ્ધસ્વભાવ કેવલપણો તે કહીઈં' પાઠ. 1. कर्म्मक्षयात् शुद्धः।

**ઉપાધિજનિત**બહિર્ભાવપરિણમન❖યોગ્યતા તે **અશુદ્ધ**સ્વભાવ છઈ.

જો (**વિણ શુદ્ધતા**=) શુદ્ધસ્વભાવ ન માનિઇ, તો **મુક્તિ ન** ઘટઇ(છઇ). (**વિગર અશુદ્ધ**=) જો અશુદ્ધસ્વભાવ ન માનિઈં, તો કર્મનો **લેપ ન** ઘટઈ.

---

चाऽशुद्धस्वभावत्वात्। इत्थञ्चानयोः कारणयोग्यता-कार्ययोग्यतालक्षणभेद एवेति स्थितम्।

अशुद्धैकात्मस्वभावाभ्युपगमपक्षे **शुद्धात्** = शुद्धस्वभावाद् **विना न** जातुचिद् आत्मनो **मोक्षः** = अपवर्गः **स्यात्**, मोक्षस्य परिपूर्णशुद्धिसमन्वितात्मस्वरूपत्वात्। न वा क्षायिकशुद्धज्ञानमपि कदाचिदात्मनः स्यात्, प्रकृतविकल्पे आत्मनः सर्वथा अशुद्धस्वभावमयत्वात्।

**प्रकृते** "यदि चेतयितुः सन्ति स्वभावेन क्रुधादयः। भवन्तस्ते विमुक्तस्य निवार्यन्ते तदा कथम् ?।।" (यो.सा.प्रा.१/५६) इति **योगसारप्राभृत**वचनम्, "सर्वथाऽशुद्धैकान्तेऽपि तथात्मनो न कदाचिदपि शुद्धस्वभाव-प्रसङ्गः स्यात्, तन्मयत्वाद्" (आ.प.पृ.१५) इति **आलापपद्धति**वचनम्, "अशुद्धस्यापि तथात्मनो न कदाचिदपि शुद्धबोधप्रसङ्गः स्यात्, तन्मयत्वाद्" (बृ.न.च.६९ वृ.) इति **बृहन्नयचक्रवृत्ति**वचनं च स्मर्तव्यानि।

---

થવાની યોગ્યતા એ વિભાવસ્વભાવ છે. તથા કર્મ વગેરે ઉપાધિઓથી ઉત્પન્ન થયેલ રાગાદિ બહિર્ભાવને આત્મામાં પરિણમાવવાની યોગ્યતા એ આત્માનો અશુદ્ધસ્વભાવ છે. ઉપાધિસંબંધ એ કારણ છે તથા બહિર્ભાવપરિણમન એ કાર્ય છે. આમ વિભાવસ્વભાવમાં અને અશુદ્ધસ્વભાવમાં કારણયોગ્યતા અને કાર્યયોગ્યતા સ્વરૂપ તફાવત રહેલો જ છે.

### ❋ એકાન્તે અશુદ્ધ આત્માનો મોક્ષ અસંભવ ❋

(**अशु.**) જો આત્મામાં સર્વદા-સર્વત્ર એકાન્તતઃ અશુદ્ધસ્વભાવ જ માનવામાં આવે તો તેવા પક્ષમાં = મતમાં આત્મા શુદ્ધસ્વભાવથી રહિત હોવાથી ક્યારેય પણ આત્માનો મોક્ષ નહિ થાય. કારણ કે મોક્ષ તો પરિપૂર્ણ શુદ્ધિથી સંપન્ન એવું આત્માનું સ્વરૂપ છે. આત્મામાં શુદ્ધસ્વભાવ જ ન હોય તો પૂર્ણ વિશુદ્ધ આત્મસ્વરૂપ કઈ રીતે પ્રગટી શકે ? તથા જો આત્મા એકાન્તતઃ અશુદ્ધસ્વભાવવાળો જ હોય તો ક્ષાયિક શુદ્ધ જ્ઞાન પણ આત્મામાં ક્યારેય પ્રગટી નહિ શકે. કારણ કે આત્મા તમારા મત મુજબ અશુદ્ધસ્વભાવમય છે. સર્વથા અશુદ્ધસ્વભાવમય એવા આત્મામાં શુદ્ધ જ્ઞાન કઈ રીતે પ્રગટ થઈ શકે?

### ➤ સર્વથા અશુદ્ધ જીવમાં શુદ્ધ જ્ઞાનનો અનુદય ➤

(**प्रकृते.**) પ્રસ્તુતમાં અનેક શાસ્ત્રવચનો યાદ કરવા લાયક છે. **યોગસારપ્રાભૃત**માં દિગંબરાચાર્ય **અમિતગતિ**એ જણાવેલ છે કે 'જો ચેતન આત્મામાં ક્રોધાદિ ભાવો સ્વભાવથી (= સ્વાભાવિક રીતે) જ રહેતા હોય તો મુક્તાત્મામાં સ્વભાવવશ ઉત્પન્ન થતા ક્રોધાદિ પરિણામોનું નિવારણ કઈ રીતે થઈ શકશે ?' **આલાપપદ્ધતિ**માં **દેવસેન**જીએ પણ જણાવેલ છે કે 'તથા આત્માનો એકાંતે અશુદ્ધસ્વભાવ હોય તો પણ આત્મા ક્યારેય શુદ્ધસ્વભાવવાળો બની નહિ શકે. કારણ કે આત્માને તમે સર્વથા અશુદ્ધસ્વભાવમય માનો છો.' **બૃહદ્નયચક્રવૃત્તિ**માં પણ જણાવેલ છે કે "જો આત્માને અશુદ્ધ જ માનશો તો પણ આત્મામાં ક્યારેય શુદ્ધ જ્ઞાન ઉત્પન્ન નહિ થઈ શકે. કારણ કે આત્માને તમે અશુદ્ધસ્વભાવમય માનો છો."

---

❖ પુસ્તકોમાં 'પરિણામન' પાઠ. **ભા૦** + કો.(૧૦+૧૧)માં 'પરિણમન' પાઠ.

**अत एव** – "શુદ્ધસ્વભાવનઈં કદાપિ અશુદ્ધતા ન હોઈ, અશુદ્ધસ્વભાવનઈં પછઈં પણિ ♦શુદ્ધતા

यदि चात्मनि सर्वथा शुद्धैकस्वभावोऽभ्युपगम्यते तर्हि **अशुद्धं** = कथञ्चिदशुद्धस्वभावं **विना न** जातुचिद् आत्मनः **लिप्तता** = कर्ममलकलङ्कसङ्गतिः **स्यात्**, गगनवत् शुद्धैकस्वरूपत्वात्।

***एतेन*** "शुद्धस्यैकान्तेनाऽऽत्मनो न कर्मकलङ्कावलेपः, सर्वथा निरञ्जनत्वाद्" (आ.प.पृ.१५, बृ.न.च.६९ वृ.) इति **आलापपद्धति-बृहन्नयचक्रवृत्तिवचनं *व्याख्यातम्***। ततश्च कर्मयोग-वियोगयोगेन नयद्वयमतानुसारतः आत्मनि शुद्धाऽशुद्धोभयस्वभावाभ्युपगम एव श्रेयान्, यौक्तिक आगमिकश्चेति। तदिदमभिप्रेत्य **समयसारे कुन्दकुन्दस्वामिना** [1]"जीवे कम्मं बद्धं पुट्ठं चेदि ववहारणयभणिदं। सुद्धणयस्स दु जीवे अबद्धपुट्ठं हवदि कम्मं।।" (स.सा.१४१) इति, **योगसारप्राभृते** च **अमितगतिना** "संसारी कर्मणा युक्तो मुक्तस्तेन विवर्जितः। अशुद्धस्तत्र संसारी मुक्तः शुद्धः पुनर्मतः।।" (यो.सा.प्रा.७/२६) इत्युक्तम्।

***अत एव*** शुद्धस्वभावस्य कदापि अशुद्धता न स्यात्, अशुद्धस्वभावस्य च पश्चादपि शुद्धता न स्यादिति वेदान्त्यादिमतं ***निराकृतम्,***

### ❋ શુદ્ધાત્મામાં કર્મલેપ અસંભવ ❋

(**यदि चा.**) તથા જો આત્માને એકાંતે ફક્ત શુદ્ધસ્વભાવવાળો જ માનવામાં આવે તો લેશ પણ અશુદ્ધસ્વભાવ ન હોવાના કારણે આત્મા ક્યારેય પણ કર્મમલકલંકથી લેપાશે નહિ. જેમ ગગન કેવલ શુદ્ધસ્વરૂપ હોવાથી કર્મથી લેપાતું નથી તેમ આત્મા પણ તમારા મત મુજબ ફક્ત શુદ્ધસ્વભાવવાળો હોવાથી કર્મથી લેપાશે નહિ.

### ✡ વ્યવહાર-નિશ્ચયથી આત્મા બદ્ધ-અબદ્ધ ✡

(एते.) **આલાપપદ્ધતિ**માં અને **બૃહદ્નયચક્રવૃત્તિ**માં પણ જણાવેલ છે કે 'એકાન્તે શુદ્ધ એવા આત્મામાં કર્મકલંકની ચીકાશ નહિ થઈ શકે. કારણ કે તમારા મત મુજબ, આત્મા સર્વથા નિરંજન = અંજનશૂન્ય = શુદ્ધ છે.' આ બન્ને ગ્રંથની પણ સ્પષ્ટતા ઉપરોક્ત નિરૂપણ દ્વારા થઈ જાય છે. તેથી કર્મયોગ થવાથી અને કર્મનો વિયોગ થવાથી વ્યવહાર-નિશ્ચયનયદ્વય મુજબ આત્માને શુદ્ધ અને અશુદ્ધ બન્ને સ્વભાવવાળો માનવો એ જ કલ્યાણકર છે, યુક્તિસંગત છે અને શાસ્ત્રસંમત છે. આ જ અભિપ્રાયથી **સમયસાર**માં **કુંદકુંદસ્વામી**એ જણાવેલ છે કે 'જીવમાં કર્મ બંધાયેલ અને સ્પર્શાયેલ છે - આ વ્યવહારનયનું કથન છે. શુદ્ધનયથી જીવમાં કર્મ નથી તો બંધાયેલ હોતું કે નથી તો સ્પર્શાયેલ હોતું.' તથા **અમિતગતિ**એ **યોગસારપ્રાભૃત**માં જણાવેલ છે કે 'સંસારી જીવ કર્મથી યુક્ત હોય છે તથા મુક્તાત્મા કર્મથી રહિત હોય છે. તેથી તે બન્નેમાં સંસારી જીવ અશુદ્ધ તરીકે અને કર્મોથી મુક્ત થયેલ આત્મા શુદ્ધ તરીકે માન્ય છે.'

[illegible] :- (**अत एव.**) આત્માને શુદ્ધસ્વભાવવાળો જ માનો તો તે ક્યારેય પણ અશુદ્ધ ન થઈ શકે. તથા આત્માને અશુદ્ધસ્વભાવવાળો માનો તો આત્મામાં પાછળથી પણ શુદ્ધિ પ્રગટ થઈ ન શકે.

♦ મો.(૨)માં 'અશુદ્ધતા' અશુદ્ધ પાઠ.

1. जीवे कर्म बद्धं स्पृष्टं चेति व्यवहारनयभणितम्। शुद्धनयस्य तु जीवे अबद्धस्पृष्टं भवति कर्म।।

ન હોઈ" એ ***વેદાન્ત્યાદિ*** મત નિરાકરિઉં. ઉભયસ્વભાવ માનિઈં, કોઈ દૂષણ ન હુવઇ, તે વતી.॥૧૨/૯॥

शुद्धाऽशुद्धोभयस्वभावस्य आत्मनोऽभ्युपगमे निरुक्तदूषणाऽनवकाशात्। तथाहि – संसारिण आत्मनः शुद्धस्वभावः कथञ्चिदेव न तु सर्वथा इति नाशुद्ध्यसम्भवः। तथाऽशुद्धस्वभावोऽपि कथञ्चिदेव न तु सर्वथेति न सम्यक्साधनादिना शुद्ध्यसम्भवः। प्रकृते कथञ्चित्पदेन स्यात्पदाऽनर्थान्तरेण एवात्मनि सापेक्षशुद्धाऽशुद्धोभयस्वभावसिद्धिरवसेया।

तदुक्तं **द्रव्यस्वभावप्रकाशे** "[1]णियम-णिसेहणसीलो णिपादणादो य जो हु खलु सिद्धो। सो सियसद्दो भणिओ जो सावेक्खं पसाहेदि।।" (द्र.स्व.प्र.२५३) इति। तथा चाऽत्र स्यात्पदबलेन निश्चयनयार्पणया शुद्धेऽप्यात्मनि व्यवहारनयार्पणया संसारदशायामशुद्धेरनपलपनीयत्वम्, तत्कार्योपलम्भात्। शुद्धाऽशुद्धोभयस्वभावाऽभ्युपगमे एव अविद्यानिवृत्तितः स्वरूपप्राप्तिलक्षणा मुक्तिः वेदान्तिसम्मता सङ्गच्छेत। सम्मता चेयमस्माकमपि। तदुक्तं **सम्मतितर्कवृत्तौ अभयदेवसूरिभिः** "अष्टविधपारमार्थिककर्मप्रवाहरूपा-

## ❊ શુદ્ધ-અશુદ્ધ ઉભયસ્વભાવી આત્મા ❊

**અનેકાન્તવાદી** :- (शुद्धा.) ઓ ! વેદાન્તી વગેરે એકાન્તવાદીઓ ! તમારી દલીલનું નિરાકરણ તો અમે ઉપર જણાવ્યું તેનાથી જ થઈ જાય છે. કેમ કે અમે આત્માને એકાંતે શુદ્ધ નથી માનતા તથા એકાન્તે અશુદ્ધ પણ નથી માનતા. અમે તો સ્યાદ્વાદી છીએ. અમે આત્માને શુદ્ધ-અશુદ્ધ ઉભયસ્વરૂપ માનીએ છીએ. તેથી અમારા મતમાં ઉપરોક્ત દૂષણને કોઈ અવકાશ રહેતો નથી. તે આ રીતે - સંસારી આત્મામાં શુદ્ધસ્વભાવ કથંચિત્ જ છે, સર્વથા નથી. તેથી સંસારી જીવમાં અશુદ્ધિ સંભવી શકે છે. તે જ રીતે સંસારી જીવમાં અશુદ્ધસ્વભાવ પણ કથંચિત્ જ છે, સર્વથા નથી. તેથી સમ્યક્ સાધનાના માધ્યમથી તેની શુદ્ધિ ભવિષ્યમાં થઈ શકે છે. શુદ્ધિ અસંભવિત નથી. પ્રસ્તુતમાં 'કથંચિત્' શબ્દના અને 'स्यात्' શબ્દના અર્થમાં કોઈ તફાવત નથી. તેના દ્વારા જ આત્મામાં સાપેક્ષ શુદ્ધ-અશુદ્ધ ઉભયસ્વભાવની સિદ્ધિ જાણવી.

(तदु.) તેથી જ તો **દ્રવ્યસ્વભાવપ્રકાશ**માં જણાવેલ છે કે "स्यात् શબ્દ ચોક્કસ પ્રકારના વિધિ -નિષેધ કરવાના સ્વભાવવાળો છે. નિપાતરૂપે 'स्यात्' શબ્દની સિદ્ધિ થાય છે. તે સાપેક્ષ વસ્તુની સિદ્ધિને કરે છે." તેથી અહીં સ્યાત્ શબ્દથી નિશ્ચયનયની વિવક્ષા કરવામાં આવે તો આત્મા શુદ્ધ છે. નિશ્ચયસંમત શુદ્ધ આત્મામાં પણ વ્યવહારનયની વિવક્ષાથી સંસારીદશામાં અશુદ્ધિ માન્ય છે. વ્યવહારસંમત અશુદ્ધિનો સંસારી જીવમાં અપલાપ કરી શકાય તેમ નથી. કારણ કે અશુદ્ધિનું કાર્ય બહિર્ભાવપરિણતિ તો સંસારી જીવમાં જોવા મળે જ છે. અશુદ્ધસ્વભાવ સંસારીદશામાં ન જ હોય તો બહિર્ભાવપરિણતિ શા માટે તેમાં જોવા મળે ? કારણ વિના કાર્ય કેવી રીતે ઉત્પન્ન થાય? તેથી સંસારી જીવની વ્યવહારસંમત અશુદ્ધિ પણ વાસ્તવિક જ છે. આ રીતે શુદ્ધ-અશુદ્ધ ઉભયસ્વભાવને સ્વીકારવામાં આવે તો જ અવિદ્યાનિવૃત્તિથી સ્વરૂપલાભાત્મક જે મુક્તિ વેદાન્તીને માન્ય છે, તે સંગત થઈ શકે. તથા આવી મુક્તિ અમને પણ સંમત છે. તેથી જ **સંમતિતર્કવ્યાખ્યામાં અભયદેવસૂરિજી**એ જણાવેલ છે કે 'આઠેય

1. नियम-निषेधनशीलो निपातनाच्च यः खलु सिद्धः। स स्याच्छब्दो भणितो यः सापेक्षं प्रसाधयति।।

ऽनाद्यविद्याऽऽत्यन्तिकनिवृत्तेः स्वरूपप्रतिपत्तिलक्षणमोक्षाऽवाप्तेः अभीष्टत्वाद्" (स.त.१/१/पृ.१६०) इति। प्रकृते [1]"बंधम्मि अपूरन्ते संसार-भओघदंसणं मोज्झं। बन्धं व विणा मोक्ख-सुहपत्थणा णत्थि मोक्खो य।।" (स.त.१/२०) इति **सम्मतितर्क**गाथाऽपि अवश्यं स्मर्तव्या।

इत्थञ्चाऽशुद्धस्वभाववशाद् मिथ्यात्वादिनिमित्तकं कर्मबन्धं कक्षीकृत्य आत्मनि संसारदशा उपपादनीया, अन्यथा मुक्त्यनुपपत्तेः। न ह्यबद्धो मुच्यते। तदिदमभिप्रेत्योक्तं **पञ्चलिङ्गिप्रकरणे जिनेश्वरसूरिभिः** [2]"मिच्छत्ताइनिमित्तो बन्धो, इहरा कहं तु संसारो ?। न य लोगे वि अबद्धो मुच्चइ पयडं जओ हंदि।।" (प.लि.प्र.९३) इति। किन्तु निवर्तनीयव्यावहारिकाऽशुद्धस्वभावशालिन्यपि आत्मनि नैश्चयिकशुद्धस्वभावसत्त्वात् सम्यग्दर्शन-ज्ञान-चारित्रादिना कर्मक्षयतः पश्चात् शुद्धतायाः सम्भवादित्यूहनीयम्।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – यावद् बहिर्भावपरिणमनं सवेगं स्वरसतः प्रवर्त्तते तावन्ना-

---

પ્રકારના પારમાર્થિક કર્મોના પ્રવાહસ્વરૂપ અનાદિકાલીન અવિદ્યાના આત્યંતિક ઉચ્છેદથી આત્મસ્વરૂપની પ્રાપ્તિરૂપ મુક્તિની ઉપલબ્ધિ અમને અનેકાન્તવાદીને માન્ય છે.' અહીં **સમ્મતિતર્ક**ની ગાથા અવશ્ય યાદ કરવી. ત્યાં વેદાન્તમતનું નિરાકરણ કરતાં જણાવેલ છે કે 'આત્મામાં જો કર્મબંધ જ પરમાર્થથી ન થતો હોય તો સંસારને ઉદ્દેશીને ભયના પ્રાચુર્યનું દર્શન કરવું એ મૂઢતા કહેવાશે. અથવા કર્મબંધ વિના મોક્ષની = સંસારનિવૃત્તિની અને સંસારનિવૃત્તિસુખની કામના જ ન સંભવે તથા મોક્ષ જ ન સંભવે? જે બંધાયેલ ન હોય તેને છૂટવાનો પ્રશ્ન જ અસ્થાને છે.'

### ❀ અશુદ્ધસ્વભાવથી કર્મબંધ ❀

(**इत्थ.**) આ રીતે વ્યાવહારિક અશુદ્ધસ્વભાવના પ્રભાવથી મિથ્યાત્વાદિનિમિત્તક કર્મબંધ આત્મામાં સ્વીકારીને આત્માની સંસારદશાનું સમર્થન કરવું. બાકી તો મોક્ષ જ અસંગત થઈ જશે. કારણ કે જે બંધાયેલ ન હોય, તે મુક્ત થતો નથી. અબદ્ધને શું મુક્ત કરવાનો હોય ? આ જ અભિપ્રાયથી **પંચલિંગી** પ્રકરણમાં **જિનેશ્વરસૂરિજી**એ જણાવેલ છે કે 'મિથ્યાત્વાદિના નિમિત્તે કર્મબંધ થાય. બાકી તો સંસાર કઈ રીતે સંભવે ? કારણ કે લોકમાં પણ પ્રત્યક્ષ દેખાય છે કે બંધાયેલો ન હોય તેની મુક્તિ થતી નથી.' મતલબ કે વ્યવહારનયસંમત અશુદ્ધસ્વભાવ = અશુદ્ધિ આત્મામાં માન્યા વિના છૂટકો નથી. પરંતુ ભવ્યાત્મામાં રહેલી અશુદ્ધિ સમ્યક્ સાધના દ્વારા દૂર થઈ શકે છે. નિવર્તનીય અશુદ્ધસ્વભાવને ધારણ કરનારા આત્મામાં નિશ્ચયનયસંમત શુદ્ધસ્વભાવ પણ રહેલો જ છે. તેથી જ સમ્યગ્ દર્શન-જ્ઞાન-ચારિત્ર વગેરે દ્વારા કર્મક્ષય થયા બાદ આત્મામાં શુદ્ધિ પણ સંભવી શકે છે. આ બાબતનું ઊંડાણથી મનન કરવું.

### ❀ બહિર્ભાવપરિણમન ટાળીએ ❀

**આધ્યાત્મિક ઉપનય** :- જીવનું બહિર્ભાવપરિણમન જ્યાં સુધી વેગપૂર્વક સ્વૈચ્છિકપણે ચાલુ જ છે, ત્યાં સુધી અંતર્ભાવપરિણમન શક્ય જ નથી. તેથી અંતર્ભાવે પરિણમી જવા માટે બહિર્ભાવની

---

1. बन्धे असति संसार-भयौघदर्शनं मौढ्यम्। बन्धं वा विना मोक्ष-सुखप्रार्थना नास्ति मोक्षश्च।।
2. मिथ्यात्वादिनिमित्तो बन्ध इतरथा कथं तु संसारः ?। न च लोकेऽपि अबद्धो मुच्यते प्रकटं यतो हन्दि।।

ऽन्तर्भावपरिणमनं शक्यते कर्तुम्। ततश्चान्तर्भावपरिणमनकृते बहिर्भावपरिणतिः छेद्या, भेद्या मन्दी-कार्या च। तत्कृते ध्यान-कायोत्सर्गादिना शुद्धात्मस्वभावाऽऽभिमुख्यमावश्यकम्। ततश्चान्तर्भाव-परिणतिमार्गः प्रादुर्भवति, शुद्धात्मस्वभाव आविर्भावाय समुल्लसति। आविर्भूतांऽऽशिकशुद्धपरिणतिः अन्तर्भावपरिणतिश्च शुद्धात्मने दीयेते। ततश्च परिपुष्टः शुद्धस्वभावः कार्त्स्न्येन प्रादुर्भवितुम् अधिकं समुल्लसति। अनेन क्रमेण शुद्धात्मभावनेन [1]"अच्चंतनिराबाहं मुत्तिसुहं निरुवममणंतं" (ध.उप. मा.३२ कथा-पृ.१३७) इति **धर्मोपदेशमालाविवरणे जयसिंहसूरि**वर्णितं मुक्तिसुखम् आविर्भवति। तदाविर्भाव-प्रेरणाऽत्र सम्प्राप्या।

प्रकृते [2]"भावेह भावसुद्धं अप्पाणं सुविसुद्धणिम्मलं चेव। लहु चउगइ चइऊणं जइ इच्छह सासयं सुक्खं।।" (भा.प्रा.६०) इति **भावप्राभृतोक्तिः** भावनीया। अष्टमशाखा(८/६-७)प्रदर्शिताऽसद्भूत-व्यवहारपरायणत्वे तु स्वात्मकार्ये मुनेः सुप्तत्वं स्यात्। यथोक्तं **मोक्षप्राभृते** [3]"जो सुत्तो ववहारे सो जोई जग्गए सकज्जम्मि। जो जग्गदि ववहारे सो सुत्तो अप्पणो कज्जे।।" (मो.प्रा.३१) इति पूर्वोक्तम् (७/११) अत्राऽनुसन्धेयम् । [4]"सुत्ता अमुणी, सया मुणिणो जागरंति" (आ.१/३/१०६) इति **आचाराङ्गसूत्रम्**

---

પરિણતિને કાપવી પડે, ભેદવી પડે, ઘસવી પડે, ઓછી કરવી પડે, મંદ કરવી પડે. તે માટે ધ્યાન, કાયોત્સર્ગ વગેરે સાધના દ્વારા **શુદ્ધસ્વભાવસન્મુખ** થવાની આવશ્યકતા છે. તેનાથી અંતર્ભાવપરિણતિની દિશા ઉઘડતી જાય છે, શુદ્ધસ્વભાવ પ્રગટવા માટે સારી રીતે ઉલ્લસિત થતો જાય છે. પ્રગટ થયેલ આંશિક શુદ્ધપરિણતિ અને અંતર્ભાવપરિણતિ શુદ્ધ આત્માને અહોભાવથી સમર્પિત કરવાથી પુષ્ટ થયેલો શુદ્ધ સ્વભાવ પૂર્ણતયા પ્રગટવા માટે વધુ ઉલ્લસિત થાય છે. આ ક્રમથી શુદ્ધાત્માની ભાવનાથી, શુદ્ધ આત્માને ભાવિત કરવાથી **ધર્મોપદેશમાલાવિવરણ**માં **શ્રીજયસિંહસૂરિ**એ વર્ણવેલું અત્યંત પીડારહિત, નિરુપમ, અનંત મુક્તિસુખ પ્રગટ થાય છે. તેને પ્રગટ કરવાની પ્રેરણા અહીં મેળવવા જેવી છે.

## યોગી વ્યવહારમાં સૂતેલા, આત્મકાર્યમાં જાગૃત

**(પ્રકૃ.)** પ્રસ્તુતમાં **ભાવપ્રાભૃત** ગ્રંથની એક ગાથાની વિભાવના કરવા જેવી છે. ત્યાં **કુંદકુંદસ્વામી**એ જણાવેલ છે કે 'જો ચાર ગતિમાંથી મુક્ત થઈને જલ્દીથી શાશ્વત સુખને તું ઈચ્છતો હો તો સુવિશુદ્ધ નિર્મલ આત્માની, ભાવથી શુદ્ધ બનીને, ભાવના કર.' આઠમી શાખામાં દર્શાવેલ 'મારું શરીર, મારું ધન' વગેરે અસદ્ભૂત વ્યવહાર ત્યાજ્ય છે. તેમાં મગ્ન બનવામાં આવે તો પોતાના આત્માના કાર્યમાં મહાત્મા ઉંઘી જાય છે. આ અંગે **મોક્ષપ્રાભૃત**માં **કુંદકુંદસ્વામી**એ જણાવેલ છે કે 'જે યોગી વ્યવહારમાં સૂતેલા હોય તે પોતાના આત્માના કાર્યમાં જાગે છે. તથા જે આત્મા વ્યવહારમાં જાગે છે તે પોતાના આત્માના કાર્યમાં ઉંઘે છે.' પૂર્વે (૭/૧૧) આ સંદર્ભ જણાવેલ હતો. તેનું અહીં અનુસંધાન કરવું.

---

1. अत्यन्तनिराबाधं मुक्तिसुखं निरुपममनन्तम्। 2. भावय भावशुद्धम् आत्मानं सुविशुद्धनिर्मलं चैव। लघु चतुर्गतिं त्यक्त्वा यदि इच्छसि शाश्वतं सौख्यम्।। 3. यः सुप्तो व्यवहारे स योगी जागर्ति स्वकार्ये। यो जागर्ति व्यवहारे स सुप्त आत्मनः कार्ये।। 4. सुप्ताः अमुनयः, सदा मुनयो जाग्रति।

अनुस्मृत्य सदा शुद्धात्मस्वभावे जागरूकतया मुनिभिः भाव्यम्। प्रकृते "या निशा सकलभूतगणानां ध्यानिनो दिनमहोत्सव एषः। यत्र जाग्रति च तेऽभिनिविष्टा ध्यानिनो भवति तत्र सुषुप्तिः।।" (अ.सा. १७/३) इति **अध्यात्मसार**कारिका अपि भावनीया। [1]"सुद्धं तु वियाणंतो सुद्धं चेवप्पयं लहदि जीवो। जाणंतो दु असुद्धं असुद्धमेवप्पयं लहदि।।" (स.सा.१८६) इति **समयसारगाथा**ऽप्यत्र चेतसि कर्तव्या।।१२/९।।

---

'મોહનિદ્રામાં સૂતેલા હોય તે મુનિ નથી. મુનિઓ તો સદા જાગતા હોય છે' - આ મુજબ **આચારાંગસૂત્ર**ને યાદ કરીને મહાત્માઓએ શુદ્ધાત્મસ્વભાવમાં કાયમ જાગૃત રહેવું જોઈએ. **અધ્યાત્મસાર**ની પણ એક કારિકાની અહીં વિભાવના કરવી. ત્યાં મહોપાધ્યાયજીએ જણાવેલ છે કે 'સર્વ જીવના સમૂહને જે (શુદ્ધાત્મદશા) રાત્રિ લાગે છે, તે ધ્યાતા યોગીને દિનમહોત્સવ લાગે છે. તથા જેમાં (દેહાધ્યાસાદિમાં) સર્વ કદાગ્રહી જીવો જાગે છે, તેમાં ધ્યાતા યોગી ઊંઘે છે.' તેમજ **સમયસાર** ગ્રંથની એક ગાથા પણ અહીં ખાસ મનમાં સ્થિર કરવા યોગ્ય છે. તે ગાથાનો અર્થ આ મુજબ છે કે 'શુદ્ધ આત્માને જાણતો-અનુભવતો જીવ શુદ્ધ આત્માને જ પામે છે. અને અશુદ્ધ આત્માને જાણતો-અનુભવતો જીવ અશુદ્ધ આત્માને જ પામે છે.' (૧૨/૯)

લખી રાખો ડાયરીમાં.....

- **પ્રતિકૂળ સંયોગમાં પણ સંસારને છોડવા બુદ્ધિ તૈયાર નથી. અનુકૂળ સંયોગમાં પણ શ્રદ્ધા સંસાર છોડવા રાજી છે.**
- **કટુ અનુભવની લાત ખાધા પછી પણ બુદ્ધિ સુધરતી નથી. અનુભવજ્ઞાનીના સૂચનમાત્રથી શ્રદ્ધા સુધરવા તૈયાર છે.**
- **મરણસ્મરણ સાધનાને વેગવંતી બનાવે છે.**
  **દા.ત. મેતાર્ય મુનિનો ઘાતક સોની.**

  **પ્રભુસ્મરણ ઉપાસનાને ચેતનવંતી બનાવે છે.**
  **દા.ત. મીરા.**

- **વાસના શક્તિ વધારવા ઈચ્છે છે, છતાં શક્તિનાશ નોતરે છે.**

  **ઉપાસના ભક્તિનો ઉછાળો ઝંખે છે અને શક્તિસ્રોત, શુદ્ધિસ્રોત પ્રગટાવે છે.**

---

1. शुद्धं तु विजानन् शुद्धं च एव आत्मानं लभते जीवः। जानन् तु अशुद्धम्, अशुद्धम् एव आत्मानं लभते।।

**જી હો નિયમિત એકસ્વભાવ જે, લાલા ઉપચરિઈં પરઠાણ;**

**જી હો તે ઉપચરિત સ્વભાવ છઈં, લાલા એ વિણ કિમ પરનાણ ? ॥૧૨/૧૦॥(૨૦૪)ચતુર.**

નિયમિત એકસ્થાનકે[♦] નિર્દ્ધારિઉં, જે એકસ્વભાવ, પર[✲]સ્થાનકઈ ઉપચરિઈં, તે ઉપચરિત સ્વભાવ (છઈં=) હોઇ.

दशमं चरमञ्च विशेषस्वभावं व्याख्यानयति – 'एके'ति।

**एकस्वभाव एकत्र निश्चितोऽन्यत्र चर्यते।**

**उपचरित उक्तः स परज्ञानं न तं विना।।१२/१०।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – एकत्र निश्चितः एकस्वभावः अन्यत्र चर्यते, सः उपचरितः उक्तः। तं विना न परज्ञानम्।।१२/१०।।

**एकत्र** स्थाने **निश्चितः** = निर्धारितः **एकस्वभावः** = एकः स्वभावविशेषः **अन्यत्र** = परस्थाने **चर्यते** = उपचर्यते **स** तत्रारोपस्थले **उपचरितः** स्वभावः **उक्तः**। व्यवहारनयगोचरोऽयं स्वभावविशेषः, आरोपस्य व्यवहारनयसम्मतत्वात्, यथा 'आत्मा मूर्त्तः' इति। पुद्गलद्रव्ये प्रमाणतो विनिश्चितस्य मूर्त्तस्वभावस्य आत्मनि व्यवहारनयत उपचारः क्रियत इति मूर्त्तत्वमात्मन उपचरितस्वभावः। पूर्वं (७/९) यो द्रव्येऽसमानजातीयद्रव्यगुणारोपकाऽसद्भूतव्यवहारोपनयो दर्शितः तद्विषयताऽस्य उपचरितस्वभावस्य 'आत्मा मूर्त्तः', 'अहं गौरः' इत्यादिस्थलप्रसिद्धस्य बोध्या। एवं 'द्रव्ये पर्यायोपचारः', 'गुणे गुणोपचारः' इत्यादावपि यथासम्भवं पूर्वोक्तरीत्या (७/६-११) अनुयोज्यम्।

**અવતરણિકા** :- છેલ્લા દશમા વિશેષસ્વભાવનું ગ્રંથકારશ્રી પ્રતિપાદન કરે છે :-

### ❀ ઉપચરિતસ્વભાવની સમજણ ❀

**શ્લોકાર્થ** :- એક સ્થાને નિશ્ચિત થયેલા એક સ્વભાવનો અન્યત્ર ઉપચાર કરવામાં આવે છે, તે ઉપચરિતસ્વભાવ કહેવાય છે. તેના વિના અન્ય વસ્તુનું જ્ઞાન થઈ ન શકે. (૧૨/૧૦)

**વ્યાખ્યાર્થ** :- એક સ્થળે નિર્ધારિત થયેલા જે એક વિશેષસ્વભાવનો અન્ય સ્થળે ઉપચાર કરવામાં આવે છે તે વિશેષસ્વભાવ આરોપના સ્થળમાં ઉપચરિતસ્વભાવ કહેવાયેલ છે. આ ઉપચરિતસ્વભાવ વ્યવહારનયનો વિષય છે. કારણ કે આરોપ વ્યવહારનયમાન્ય છે. જેમ કે 'આત્મા મૂર્ત છે' - આવો આરોપ ઉપચરિતસ્વભાવપ્રયુક્ત છે. મૂર્તસ્વભાવ પુદ્ગલનો છે. આ હકીકત પ્રમાણથી નિશ્ચિત થયેલ છે. પુદ્ગલમાં નિર્ધારિત થયેલા મૂર્તસ્વભાવનો આત્મામાં વ્યવહારનયથી ઉપચાર કરવામાં આવે છે. તેથી મૂર્તત્વ આત્માનો ઉપચરિતસ્વભાવ છે. પૂર્વે સાતમી શાખાના નવમા શ્લોકમાં દ્રવ્યમાં અસમાનજાતીય-દ્રવ્યગુણઆરોપક જે અસદ્ભૂત વ્યવહારનય બતાવેલ હતો તેનો વિષય પ્રસ્તુત ઉપચરિતસ્વભાવ બને છે - તેમ જાણવું. 'આત્મા મૂર્ત છે', 'હું ગોરો છું' - ઈત્યાદિ સ્થળે ઉપચરિતસ્વભાવ પ્રસિદ્ધ છે. આ જ રીતે 'દ્રવ્યમાં પર્યાયનો ઉપચાર', 'ગુણમાં ગુણનો ઉપચાર' વગેરે સ્થળે યથાસંભવ પૂર્વોક્ત

♦ પુસ્તકોમાં '...સ્થાનિ' પાઠ. આ.(૧)નો પાઠ લીધો છે. ✲ પુસ્તકોમાં 'સ્થાનકિ' પાઠ. લા.(૨)નો પાઠ લીધો છે.

(**એ વિણ**=) તે ઉપચરિતસ્વભાવ (**વિણ**=) ન માનિઈં ✡તો "સ્વ-પરવ્યવસાયિજ્ઞાનવંત આત્મા" **કિમ** કહિઈં? જે♦ માટઈં જ્ઞાનનઈં સ્વવિષયત્વ તો અનુપચરિત છઈ.

**तम्** = उपचरितस्वभावं **विना न** = नैव जातुचिद् आत्मनि **परज्ञानं** सम्भवेत्, परविषयताया औपचारिकत्वात्। तथाहि – 'स्व-परव्यवसायिज्ञानवान् आत्मा' उच्यते। ज्ञाने ज्ञेयाकारप्रतिभासित्वं परप्रकाशकत्वं स्वाकारप्रतिभासित्वं च स्वप्रकाशकत्वम्। ज्ञेयाकार-ज्ञानाकारोभयधर्ममयज्ञानस्वभावस्यैव परिच्छेद्यत्वं स्वात्मकज्ञानस्यैव च तत्परिच्छेदकत्वमिति ज्ञानस्य स्व-परव्यवसायित्वमुच्यते। तत्र ज्ञानवृत्ति स्वविषयकत्वं तु अन्यनिरपेक्षतया प्रतीयमानत्वेन निरुपचरितम्।

***न च*** ज्ञानस्य परविषयकत्वमस्तु स्वविषयकत्वं कथम् ? इति ***शङ्कनीयम्,***

दीपस्येव ज्ञानस्य स्व-परप्रकाशकत्वस्य **स्याद्वादरत्नाकरे वादिदेवसूरि**भिः विस्तरेण साधितत्वात्। परेषामपि सम्मतम् इदम्। तदुक्तं **वाक्यपदीयवृत्तौ हेलाराजेन** अपि "यथा घटादीनां दीपः प्रकाशकः

રીતે (૭/૬-૧૧) ઉપચરિતસ્વભાવ અંગે તે તે અસદ્ભૂત વ્યવહારનયને જોડવો.

### ✿ પરજ્ઞાતૃત્વ ઔપચારિક ✿

(**तम्.**) ઉપચરિતસ્વભાવ વિના ક્યારેય પણ આત્મામાં અન્ય વસ્તુનું જ્ઞાન ન થઈ શકે. કારણ કે જ્ઞાનમાં પરવિષયતા ઔપચારિક છે. તે આ રીતે - સ્વ-પરવિષયનો નિશ્ચય કરનાર જ્ઞાન જ્યાં હોય તેને આત્મા કહેવાય. પોતાના જ્ઞાનમાં જ્ઞેયાકારનો જે પ્રતિભાસ થાય છે, તે જ્ઞાનમાં રહેલી પરપ્રકાશકતા છે તથા જ્ઞાનનું જ્ઞાનાકારે જે જાણવાનું થાય છે, તે જ્ઞાનની સ્વપ્રકાશકતા છે. જ્ઞેયાકાર અને જ્ઞાનાકાર એવા બે ધર્મ જ્ઞાનના જ છે. ઉભયધર્મમય જ્ઞાનસ્વભાવ જ જ્ઞેયપણે જાણવા યોગ્ય છે. તથા તે જ્ઞાન પોતે જ પોતાના તથાવિધ સ્વભાવને નિશ્ચયથી જાણે છે. તેથી જીવનું જ્ઞાન સ્વ-પરનું નિશ્ચાયક કહેવાય છે. પરંતુ અહીં જ્ઞાનગત સ્વવિષયતા એ જ પારમાર્થિક છે. કારણ કે તે અન્યનિરપેક્ષસ્વરૂપે પ્રતીત થાય છે. 'જ્ઞાન સ્વવિષયક છે' - એવું જાણવા માટે તે જ્ઞાન સિવાય અન્ય કોઈ પદાર્થની અપેક્ષા રહેતી નથી.

**શંકા** :- (**न च.**) જ્ઞાન દ્વારા ઘટ-પટ વગેરે વિષયો જાણી શકાય છે. તેથી જ્ઞાનમાં પરવિષયકત્વ માની શકાય તેવી વાત છે. પરંતુ 'જ્ઞાન સ્વવિષયક છે' - આ વાત કઈ રીતે સિદ્ધ થઈ શકે ? જ્ઞાનનું જ્ઞાન તો અન્ય જ્ઞાન દ્વારા જ થાય ને !

### ❃ જ્ઞાનમાં સ્વપ્રકાશકત્વ પણ છે ❃

**સમાધાન** :- (**दीप.**) જેમ દીવો સ્વ-પરઉભયને જણાવે છે, તેમ જ્ઞાન દીવાની જેમ સ્વ-પરઉભયનો પ્રકાશ કરે છે. આ બાબતને શ્રી**વાદિદેવસૂરિ**જીએ **સ્યાદ્વાદરત્નાકર** ગ્રંથના પ્રારંભમાં જ વિસ્તારથી સિદ્ધ કરેલ છે. તેથી આ બાબતને અહીં વિસ્તારથી જણાવતા નથી. જ્ઞાનમાં સ્વપ્રકાશકત્વને અન્યદર્શનકારો પણ સ્વીકારે છે. **ભર્તૃહરિ**વિરચિત **વાક્યપદીય** ગ્રન્થના ત્રીજા કાંડની વ્યાખ્યામાં શ્રી**હેલારાજ** નામના વિદ્વાને આ અંગે જણાવેલ છે કે "જેમ ઘટ, પટ વગેરેને જણાવનાર દીવો પોતાના પ્રકાશ માટે બીજા

✡ પુસ્તકોમાં 'તો' નથી. સિ.+કો.(૯)માં છે. ♦ પુસ્તકોમાં 'તે' પાઠ છે. આ.(૧)+કો.(૭)માં 'જે'.

પણિ પરવિષયત્વ તે પરાપેક્ષાઈં પ્રતીયમાનપણઈં તથા પરનિરૂપિતસંબંધપણઈં ઉપચરિત છઈ.

*(**પરનાણ=**)પરવિષયક જ્ઞાન પરાપેક્ષપણે ઉપચરિતસ્વરૂપવાળું કહ્યું પરનિરૂપિતસંબંધે. ઈન્દ્રિયો અને પુસ્તકાદિમાં જે જ્ઞાનસ્વભાવ છે, તે પણ ઉપચરિત ભાવથી જાણવો જોઈએ.

स्वप्रकाशे दीपान्तरं नाऽपेक्षते तथाऽर्थस्य प्रकाशकं ज्ञानमात्मप्रकाशनाय प्रकाशान्तरानपेक्षमिति स्वप्रकाशकं सिद्धम्। जडवैलक्षण्यं हि प्रकाशकत्वमिति तस्यापि प्रकाश्यत्वे जडतापत्तिः। अर्थप्रकाशकाले च प्रकाशकस्याऽप्रकाशेऽर्थसंवेदनमेव न स्यात्, प्रकाशाऽसञ्चेतने तल्लग्नार्थसञ्चेतनाऽसिद्धेः" (वा.प.३/१/१०४ हे.वृ.) इति।

परं परविषयकत्वं तु परापेक्षया प्रतीयमानत्वम्। ततश्च ज्ञाने परापेक्षप्रतीतिविषयतानिरूपकत्व-लक्षणं परविषयकत्वम् उपचरितमेव ज्ञेयम्, परनिरूपितविषयितालक्षणसम्बन्धविशेषात्मकत्वात्।

यथा परविषयकत्वं ज्ञाने परापेक्षतया उपचरितं तथा इन्द्रिय-पुस्तकादिषु ज्ञानवत्त्वमपि उपचरितमेव विज्ञेयम्, परनिरूपितसम्बन्धविशेषाऽपेक्षणात्। तथाहि – इन्द्रिये स्वजनकत्वसम्बन्धेन, पुस्तके स्वप्रति-

દીવાની અપેક્ષા રાખતો નથી. તેમ અર્થને જણાવનાર જ્ઞાન પોતાના જ્ઞાન માટે અન્ય જ્ઞાનની અપેક્ષા રાખતું નથી. તેથી જ્ઞાન સ્વપ્રકાશક = સ્વવિષયક સિદ્ધ થાય છે. જડથી વિલક્ષણતા એ જ જ્ઞાનનિષ્ઠ પ્રકાશકત્વ છે. હવે જો જ્ઞાન પણ પરપ્રકાશ્ય હોય તો જ્ઞાન જડ થવાની આપત્તિ આવે. મતલબ કે ઘટ, પટ વગેરે પદાર્થો પરપ્રકાશ્ય હોવાથી જડ છે. તેમ જ્ઞાન પણ પરપ્રકાશ્ય = જ્ઞાનાન્તરપ્રકાશ્ય હોય તો તે ઘટ, પટ વગેરેની જેમ જડ બની જાય. તથા હકીકત એ છે કે અર્થનો પ્રકાશ (બોધ) કરવાના સમયે જો અર્થપ્રકાશક જ્ઞાનનો જ પ્રકાશ ન થતો હોય તો અર્થનો બોધ જ થઈ ન શકે. કેમ કે જ્ઞાનનો બોધ ન થાય તો જ્ઞાનસંલગ્ન બાહ્ય પદાર્થનો બોધ થઈ જ ન શકે." જેમ ઘટપ્રકાશક બાહ્ય પ્રકાશ પોતાને પણ જણાવે છે તેમ ઘટપ્રકાશક જ્ઞાન પોતાને પણ જણાવે જ છે. સૂર્યના કિરણ, પ્રભા વગેરે ન દેખાય અને ઘટ, પટ દેખાય તેમ બનતું નથી. તેમ જ્ઞાન અંગે સમજવું. તેથી 'જ્ઞાનમાં જે સ્વવિષયકત્વ છે, તે સ્વાભાવિક જ છે' - આમ સિદ્ધ થાય છે.

### ❖ પરવિષયતા પરસાપેક્ષ ❖

(**परं.**) જ્યારે પરવિષયકત્વનું ભાન તો પર વિષય દ્વારા થાય છે. અન્ય વસ્તુની અપેક્ષાએ જ્ઞાનનું જે સ્વરૂપ પ્રતીયમાન છે તે પરવિષયકત્વ છે. પર વિષય વિના માત્ર જ્ઞાન દ્વારા તે પરવિષયકત્વ જ્ઞાનમાં ભાસતું નથી. તેથી પરસાપેક્ષપ્રતીતિવિષયતાનું નિરૂપક પરવિષયક જ્ઞાન છે. આમ પરસાપેક્ષપ્રતીતિવિષયતાનિરૂપકત્વસ્વરૂપ પરવિષયકત્વ જ્ઞાનમાં ઉપચરિત જ છે - તેમ જાણવું. કેમ કે પરવિષયકત્વ એ પરનિરૂપિત-જ્ઞાનીય-વિષયિતાસ્વરૂપ સંબંધવિશેષાત્મક છે.

### ☬ આત્મભિન્ન પદાર્થમાં જ્ઞાન ઔપચારિક ☬

(**यथा.**) જેમ જ્ઞાનમાં રહેનાર પરવિષયકત્વ પરસાપેક્ષ હોવાથી ઉપચરિત છે તેમ ઈન્દ્રિય, પુસ્તક વગેરેમાં રહેનાર જ્ઞાનવત્ત્વ = જ્ઞાન પણ ઉપચરિત = ઔપચારિક જ જાણવું. કારણ કે તાદૃશ જ્ઞાનવત્ત્વ પરનિરૂપિત સંબંધવિશેષની અપેક્ષા રાખે છે. તે આ રીતે - ઈન્દ્રિયમાં સ્વજનકત્વ સંબંધથી = સ્વનિરૂપિત

*...* ચિહ્નદ્વયવર્તી પાઠ મ.માં તથા ઘણી હસ્તપ્રતોમાં નથી. શાં.+કો.(૭)માં છે.

નહિતર અનંત જ્ઞાન, દર્શન, ચારિત્ર ગુણસ્વરૂપી આત્માના સ્વરૂપની સાથે વિરોધ આવશે.* ॥૧૨/૧૦॥

पादकत्वसम्बन्धेन घटादिषु च स्वनिरूपितविषयतासम्बन्धेन ज्ञानं वर्तते। इत्थं ज्ञानवत्त्वोपपत्तये इन्द्रियादीनां स्वभिन्नसन्निकर्षाऽऽलोक-ज्ञानाद्यपेक्षणात् तेषु ज्ञानवत्त्वम् उपचरितमेवाऽवसेयम्।

युक्तञ्चैतत्, इन्द्रिय-विषयादिगतस्य ज्ञानवत्त्वस्य अनौपचारिकत्वाऽभ्युपगमे तु अनन्तज्ञान -दर्शन-चारित्रगुणमयत्वस्याऽऽत्मस्वरूपत्वप्रतिपादने शास्त्र-लोकानुभवविरोधापातादिति।

वस्तुतस्तु ज्ञानं स्वमेव जानाति, स्वरूपमात्रप्रकाशकत्वात्। प्रतिक्षणं तत्तत्स्वभावमयस्वकीय-शुद्धस्वरूपप्रकटनमेव नैश्चयिकं ज्ञानकार्यम्। स्व-परप्रतिभासशालिनं निजस्वभावमेव सदा सर्वेषां ज्ञानं परिच्छिनत्ति। किन्तु तादृशस्वभावं निश्चिन्वाने ज्ञाने घटादिः परः प्रतिभासत इति ज्ञानं परं

જનકતાસંબંધથી (= સ્વનિષ્ઠજન્યતાનિરૂપિત જનકતાસંબંધથી) જ્ઞાન રહે છે. કારણ કે ઈન્દ્રિય જ્ઞાનજનક છે. પુસ્તકમાં સ્વપ્રતિપાદકત્વ સંબંધથી જ્ઞાન રહે છે. કારણ કે પુસ્તક જ્ઞાનનું પ્રતિપાદક છે. તથા ઘટ -પટ વગેરે વિષયોમાં સ્વનિરૂપિતવિષયતા સંબંધથી જ્ઞાન રહે છે. કારણ કે જ્ઞાનનો વિષય હોવાથી ઘટ-પટ વગેરેમાં જ્ઞાનનિરૂપિતવિષયતા રહેલી છે. આ રીતે ઈન્દ્રિય વગેરેમાં જ્ઞાનવત્ત્વ નામના ગુણધર્મની ઉપપત્તિ (= સંગતિ) કરવા માટે ઈન્દ્રિય વગેરેને પોતાનાથી ભિન્ન સન્નિકર્ષ, આલોક, જ્ઞાન વગેરેની અપેક્ષા રહે છે. તેથી ઈન્દ્રિય, પુસ્તક વગેરેમાં જે જ્ઞાનવત્ત્વ = જ્ઞાન નામનો ગુણધર્મ રહે છે તે ઉપચરિત = ઔપચારિક જ છે - તેમ જાણવું.

### ❀ આત્મા જ્ઞાનમય છે ❀

(युक्त.) ઉપર જણાવેલી વાત યુક્તિસંગત જ છે. કારણ કે ઈન્દ્રિય, જ્ઞેય, જ્ઞાપક પુસ્તક વગેરેમાં રહેનાર જ્ઞાનને ઔપચારિક માનવાના બદલે અનૌપચારિક = સ્વાભાવિક માનવામાં આવે તો 'આત્મા અનંત જ્ઞાનમય, અનંત દર્શનમય, અનંત ચારિત્રમય છે' - આવા આગમિક વચનની સાથે વિરોધ આવશે. કારણ કે તમે જ્ઞાનને ઘટ-પટનો અનૌપચારિક ધર્મ માનો છો. તેનાથી 'જ્ઞાનમયત્વ ઘટ-પટાદિનું સ્વરૂપ છે' - એવું સિદ્ધ થશે. ઉપરોક્ત શાસ્ત્રવચન એવું જણાવે છે કે જ્ઞાનમયત્વ આત્માનું સ્વરૂપ છે. તેથી તમારી વાતનો ઉપરોક્ત શાસ્ત્રવચન સાથે તથા લોકોના અનુભવ સાથે વિરોધ આવશે.

### ❀ જ્ઞાનમાં સ્વપ્રકાશકત્વ અનુપચરિત ❀

(वस्तु.) વાસ્તવમાં તો જ્ઞાન પોતાને જ જાણે છે. કારણ કે પરમાર્થથી જ્ઞાન માત્ર પોતાના સ્વરૂપને જ પ્રકાશે છે, અનુભવે છે. તત્ તત્ સ્વભાવમય પોતાના નિર્મળ સ્વરૂપને પ્રતિક્ષણ પ્રગટ કરવું, પ્રકાશવું, અનુભવવું તે જ જ્ઞાનનું તાત્ત્વિક કાર્ય છે. હંમેશા બધા જીવોનું જ્ઞાન સ્વ-પરપ્રતિભાસયુક્ત પોતાના સ્વભાવનો જ નિશ્ચય કરે છે. પરંતુ સ્વ-પરપ્રતિભાસક એવા નિજસ્વભાવનો નિર્ણય કરતા જ્ઞાનમાં ઘટાદિ પર પદાર્થનો પ્રતિભાસ થાય છે. અર્થાત્ તે નિજસ્વભાવનિર્ણયના અવસરે પર પદાર્થ જણાઈ જાય છે. તેથી 'જ્ઞાન પરને જાણે છે' - તેવો ઉપચાર કરવામાં આવે છે. થર્મોમીટરને જોતાં ડોક્ટર દર્દીના તાવને જાણી લે તેવી આ

*...* ચિહ્નદ્વયવર્તી પાઠ મ.માં તથા ઘણી હસ્તપ્રતોમાં નથી. શાં.+કો.(૭)માં છે.

जानातीति उपचर्यते। परं तादृशोपचारस्य सत्यार्थताभाने मिथ्यादृष्टित्वं सुदुर्निवारम्, ज्ञानसामर्थ्य-स्वभावयोः अज्ञानात्। ज्ञानसामर्थ्यम् असङ्गभावेन परद्रव्यादिप्रतिभासनम्। ज्ञानस्वभावस्तु तन्मयभावेन निजस्वरूपप्रतिभासनतः निजोपयोगरूपतया परिणमनम्। ज्ञानं निर्मलतया विभिन्नज्ञेयाकारप्रतिभासरूपेण परिणमतीति परो ज्ञाने ज्ञायत इति कार्ये कारणोपचारः प्रवर्त्तते। अत आत्मार्थी तादृशोपचारम् उपचारत्वेन ज्ञात्वा, स्वज्ञाने परप्रतिभासं स्वीकृत्य 'मदीयज्ञाने परः ज्ञायते' इति मन्यते। 'स्वं जानानं ज्ञानं परं जानाती'ति जानान आत्मार्थी न तन्निमित्तकतादृशोपचारकरणे दोषभाक्।

'स्वात्मद्रव्य-गुण-पर्यायव्यतिरिक्तं ज्ञानं जानाती'ति कथनम् उपचरितव्यवहारः। 'ज्ञानं स्वात्मद्रव्य-गुण-पर्यायमयं वस्तु जानाती'ति कथनं च नैश्चयिकम्। स्वात्मावबोधप्रवणे आत्मज्ञाने लोकालोकौ

---

બાબત છે. પરંતુ જ્ઞાનમાં પરનો પ્રતિભાસ થાય તે સમયે 'જ્ઞાન પરને જાણે છે' - આ પ્રમાણે જે ઉપચાર થાય છે, તેને સત્યાર્થ માની લેવામાં આવે તો મિથ્યાદષ્ટિ થતાં આપણને કોઈ અટકાવી ન શકે. 'જ્ઞાન સાક્ષાત્ પરને જાણે છે' - આવું માનનારે તો અંતર્મુખદશાને પ્રગટવાનો માર્ગ જ બંધ કરી દીધો છે. કેમ કે તેને ન તો જ્ઞાનના સામર્થ્યની ખબર છે કે નથી તો જ્ઞાનના સ્વભાવની ખબર. જ્ઞાનનું સામર્થ્ય અસંગભાવથી પરદ્રવ્યાદિનો પ્રતિભાસ કરવાનું છે. મતલબ કે જ્ઞાનનું સામર્થ્ય પરને જાણવાનું હોવા છતાં તે પરમાં તન્મય થઈને પરનો પ્રતિભાસ કરતું નથી. તથા જ્ઞાનનો સ્વભાવ તો તન્મયભાવથી પોતાના સ્વરૂપનું પ્રકાશન કરીને નિજઉપયોગસ્વરૂપે પરિણમવાનો છે. અર્થાત્ જ્ઞાનનો સ્વભાવ પોતાને જ જાણવાનો હોવાથી પોતાના નિર્મળ સ્વરૂપમાં તન્મય-એકરસ થઈને જ તે પોતાને અને પોતાનાથી અભિન્ન આત્માને જાણે છે. પોતાને અને પોતાનાથી અભિન્ન એવા ચેતનદ્રવ્યને તન્મય થઈને જ જાણવાના લીધે જ્ઞાન જુદા-જુદા જ્ઞેયાકારરૂપે પરિણમતું નથી પરંતુ પોતાના જ્ઞાનોપયોગરૂપે તે મુખ્યપણે પરિણમે છે. નિર્મળ જ્ઞાનમાં જ્ઞેયાકારો જરૂર ઉત્પન્ન થાય છે. પણ જ્ઞાન જ્ઞેયસ્વરૂપે પરિણમતું નથી. પોતાની નિર્મળતાના લીધે જ્ઞાન જુદા-જુદા જ્ઞેયાકારના ફક્ત પ્રતિભાસરૂપે પરિણમે છે. તેથી 'પર પદાર્થ જ્ઞાનમાં જણાય છે' - તેમ કાર્યમાં કારણનો ઉપચાર પ્રવર્તે છે. જ્ઞેય = કારણ. જ્ઞેયાકારપ્રતિભાસ = કાર્ય. માટે 'જ્ઞેયાકાર જણાતા જ્ઞેય જણાય છે' - તેવો વ્યવહાર કાર્યમાં કારણનો ઉપચાર કરીને પ્રવર્તે છે. આત્માર્થી સાધક તે ઉપચારને ઉપચાર તરીકે જાણીને, પોતાના જ્ઞાનમાં પરનો પ્રતિભાસ સ્થાપીને એમ જાણે છે કે મારા જ્ઞાનમાં પર પદાર્થ જણાય છે. તેથી તેમને મિથ્યાત્વનો દોષ લાગતો નથી. કેમ કે તેને ખ્યાલમાં છે કે પોતાને જાણતાં-જાણતાં જ્ઞાન પરને જાણી લે છે. તેના નિમિત્તે ઉપરોક્ત ઉપચાર થાય છે.

### ❀ વ્યવહાર-નિશ્ચયસંમત કથન ❀

('स्वा.) 'પોતાના આત્મદ્રવ્ય-ગુણ-પર્યાયથી ભિન્ન ચીજને જ્ઞાની કે જ્ઞાન જાણે છે' - તેમ કહેવું તે ઉપચાર છે, ઉપચરિત વ્યવહાર છે. તથા 'પોતાના આત્મદ્રવ્ય-ગુણ-પર્યાયમય એક વસ્તુને જ્ઞાન જાણે છે' - આવું કથન નિશ્ચયસંમત છે. આત્માને = પોતાને જાણતાં-જાણતાં આત્મજ્ઞાનીને લોકાલોક પણ જણાઈ જાય છે. મતલબ કે જ્ઞાન જ્ઞેયને જાણવાનો પ્રયાસ કરતું નથી. પોતાના નિર્મળ સ્વરૂપને જાણવા

अपि ज्ञायेते, न तु तत्रात्मज्ञानिज्ञानं प्रयतते। निर्मलनिजस्वरूपप्रज्ञानप्रयासकरणे हि दर्पणकल्पे निर्मलज्ञाने ज्ञेयाकृतयः प्रतिफलन्ति। तदैव च तत्स्वरूपेण निजनिर्मलज्ञानदर्पणप्रभाः परिणमन्त्यो ज्ञेयतया विज्ञायन्ते। अतः ज्ञाने साक्षात् परो नैव ज्ञायते किन्तु स्व-परप्रतिभासशालि ज्ञानमेव साक्षाद् ज्ञायते। ज्ञेयाकारप्रतिभासे 'ज्ञानं परं जानाती'त्युपचर्यते। अतः 'ज्ञानं घटादिकं प्रकाशयती'ति व्यवहारस्तु औपचारिक एव, ज्ञेयादिपरपदार्थसापेक्षत्वात्। ततश्च ज्ञाने घटादिप्रकाशकत्वमौपचारिकमेवेति भावनीयम्।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – प्राधान्येन स्वात्मकज्ञेयाकारावगाहितया निर्मलतरं ज्ञानं निजस्वरूपानुसन्धानपूर्वं ज्ञानिनः संवेदयन्ति। ***यद्यपि*** निर्मलचैतन्यस्वभावबलेन दर्पणकल्पं ज्ञानं स्व-परप्रतिभासशालि ***तथापि*** सम्यग्दृष्टयः परज्ञेयोपसर्जनीभावेन स्वात्मकज्ञेयाकारप्राधान्येन निजज्ञानम् अनुभवन्ति श्रद्दधते च। मिथ्यादृष्टिस्तु प्रतिक्षणं स्वं विमुच्य प्रतिभासमानेन रागादिना परपदार्थेन

---

જતાં જ્ઞાનમાં જ્ઞેય જણાઈ જાય છે. નિર્મળ જ્ઞાનમાં જે જ્ઞેયાકૃતિઓ ઝળહળે છે, તે સ્વરૂપે પોતાના જ્ઞાનદર્પણની પ્રભા (= જ્ઞાનસ્વભાવ) ત્યારે જ પરિણમે છે તથા તે જ ત્યારે જ્ઞેયસ્વરૂપે જણાઈ જાય છે. મતલબ કે પરના પ્રતિભાસનો જેમાં આવિર્ભાવ થયો છે, તેવું જ્ઞાન જ સાક્ષાત્ જણાય છે. પરને જ્ઞાન સાક્ષાત્ (Direct) જણાતું નથી. જ્ઞાનનો જ્ઞેયાકાર જણાતાં પર પદાર્થ જણાય છે. જ્ઞેયો જાણવામાં નથી આવ્યા. પણ જ્ઞેયાકારવાળું જ્ઞાન જાણવામાં આવેલ છે. તેથી 'જ્ઞાન પરને જાણે છે' - તેવો ઉપચાર થાય છે. માટે 'જ્ઞાન ઘટ-પટાદિને જાણે છે, જણાવે છે' - આવા પ્રકારનો જે વ્યવહાર પ્રસિદ્ધ છે, તે વ્યવહાર ઔપચારિક જ છે, વાસ્તવિક નથી. કેમ કે ઘટ-પટાદિને જાણવા-જણાવવા માટે જ્ઞાનને ઘટ-પટાદિ જ્ઞેય વગેરેની અપેક્ષા રાખવી પડે છે. જો સ્વભિન્ન ઘટ-પટાદિ વિષયો જ તે તે કાળમાં ગેરહાજર હોય કે જ્ઞેયાકૃતિઓ જ જ્ઞાનમાં ન પ્રગટે તો જ્ઞાન ઘટ-પટાદિને કઈ રીતે જાણે કે જણાવે? આમ વિષયપ્રકાશન કરવા માટે જ્ઞાન પરસાપેક્ષ બની જાય છે. તેથી ઘટ-પટાદિપ્રકાશકત્વ નામનો ગુણધર્મ જ્ઞાનમાં ઔપચારિક છે, વાસ્તવિક નહિ. આ પ્રમાણે અહીં હજુ ઊંડાણથી વિચાર કરવો.

### ✻ જ્ઞાનમાં પરપ્રતિભાસને ગૌણ બનાવીએ ✻

[redacted] :- અહીં ટબાનું તાત્પર્ય એમ જણાય છે કે જ્ઞાનનું જ્ઞેય જો માત્ર જ્ઞાન પોતે જ બને તો જ્ઞાન અત્યંત નિર્મળ બનતું જાય છે. આત્મજ્ઞાની પુરુષો પોતાના ચૈતન્યસ્વરૂપનું અનુસંધાન કરવા પૂર્વક જ્ઞાનને મુખ્યપણે સ્વાત્મક જ્ઞેયાકારે પરિણમાવે છે. આ રીતે તેઓ અત્યન્ત નિર્મળ જ્ઞાનનો અનુભવ કરે છે. જો કે જ્ઞાન તો અરિસા જેવું છે. તેથી જ્ઞાનમાં જેટલો નિર્મળ ચૈતન્યસ્વભાવ હોય તેટલા પ્રમાણમાં તેના બળથી સ્વ-પરનો પ્રતિભાસ તેમાં થયે જ રાખે છે. તો પણ સમ્યગ્દૃષ્ટિ જીવો જ્ઞાનથી ભિન્ન એવા પર જ્ઞેય પદાર્થોને પોતાના જ્ઞાનમાં ગૌણ કરે છે અને મુખ્યપણે જ્ઞાનને = પોતાને જ જ્ઞાનનો જ્ઞેય બનાવે છે. તેથી તેઓ જ્ઞાનઅભિન્ન જ્ઞેયના આકારને જ મુખ્ય બનાવીને તે સ્વરૂપે પોતાના જ્ઞાનનો અનુભવ કરે છે. તથા તે મુજબ શ્રદ્ધા કરે છે. મતલબ કે પરનું લક્ષ છૂટીને પ્રતિભાસમાન જ્ઞાન અંદરમાં ઝળહળે છે. આ રીતે જ્ઞાનથી અભિન્ન જ્ઞાતાનો અનુભવ સમકિતી કરી લ્યે છે. પરંતુ

साकं तादात्म्यं भजते अनुभवति श्रद्धत्ते च। इदमेवाभिप्रेत्य **यशोविजयवाचकेन्द्रैः अध्यात्मसारे आत्मनिश्चयाऽधिकारे** "उपाधिभेदजं भेदं वेत्त्यज्ञः स्फटिके यथा। तथा कर्मकृतं भेदमात्मन्येवाभिमन्यते।।" (अ.सा.१८/१७) इत्युक्तम्।

अतः ज्ञानेतरज्ञेयप्रतिभासरुचिं परित्यज्य गम्भीराशयेन स्वोपयोगम् अन्तर्मुखं कृत्वा स्वात्मकज्ञेयज्ञप्तिप्राधान्यार्पणमेव शुद्धोपयोगाऽऽविर्भावद्वारा निरुपाधिकानन्दमूर्त्तिज्ञायकाऽभिन्नज्ञानस्वरूपसाक्षात्कारमार्गः। 'ज्ञातुः ज्ञानात्मता मुक्तिः, ज्ञेयैकात्म्यं भवभ्रमः' इति लोकोत्तरन्यायोऽत्राऽनुसन्धेयः।

सर्वेषामेव जीवानां ज्ञानस्य स्वप्रतिभासित्वेऽपि स्वानुभवशालिता तु सम्यग्दृष्टिज्ञाने एव समाम्नाता।

---

મિથ્યાદષ્ટિ જીવ પ્રતિક્ષણ જ્ઞાનને છોડી જ્ઞાનમાં સદા પ્રતિભાસમાન રાગાદિ પરજ્ઞેય સાથે એકાકાર -તદાકાર-તન્મય થઈ જાય છે. તથા રાગાદિ પર પદાર્થ સાથેના તાદાત્મ્યનો આશ્રય કરે છે, પરતાદાત્મ્યનો અનુભવ કરે છે. તથા રાગાદિ પર પદાર્થના તાદાત્મ્યની જ રુચિ-શ્રદ્ધા પકડી રાખે છે. આ જ અભિપ્રાયથી **મહોપાધ્યાય શ્રીયશોવિજયજી** મહારાજે **અધ્યાત્મસાર** ગ્રંથમાં આત્મનિશ્ચય અધિકારમાં જણાવેલ છે કે "જેમ અજ્ઞાની માણસ લાલ-પીળા ફૂલ વગેરે સ્વરૂપ ઉપાધિના વૈવિધ્યથી ઉત્પન્ન થયેલ લાલાશ-પીળાશ વગેરે ભેદોને = પ્રકારોને સ્ફટિકમાં જાણે છે, (આરોપિત કરે છે,) તેમ અજ્ઞાની જીવ કર્મકૃત ભેદભાવોને = રાગાદિપરિણામોને આત્મામાં જ માને છે. તેથી તે 'હું રાગી છું, દ્વેષી છું, ક્રોધી છું' - ઈત્યાદિરૂપે અભિમાન કરે છે."

## ☫ જ્ઞાન સિવાયના પરિણામોની ઉપેક્ષા કરીએ ☫

(अतः.) આથી જ્ઞાન સિવાયના તમામ જ્ઞેયની (= પરજ્ઞેયપદાર્થની) રુચિ-દૃષ્ટિ-અભિલાષા-લક્ષ-શ્રદ્ધા છોડીને ગંભીર પરિણતિથી પોતાના ઉપયોગને અંદરમાં વાળીને, ઉપયોગ પોતાને જ જ્ઞેય બનાવે તેવું કરીને, જ્ઞાનાત્મક જ્ઞેયના જ્ઞાનની મુખ્યતા રાખવી એ જ સ્વાનુભૂતિનો આંતરિક તાત્ત્વિક માર્ગ છે. કેમ કે જ્ઞાન પોતે જ પોતાને જ્ઞેય બનાવે, જ્ઞાન પોતાને જ જાણવા-માણવા ઉત્સુક બને તો જ શુદ્ધ ઉપયોગ પ્રગટ થાય છે. તથા તે શુદ્ધોપયોગ દ્વારા નિરુપાધિક આનન્દ સ્વભાવી એવા જ્ઞાતાથી અભિન્નપણે જ્ઞાનના સ્વરૂપનો સાક્ષાત્કાર થાય છે. પ્રસ્તુતમાં લોકોત્તર ન્યાયને પણ લાગુ પાડવો. તે એ રીતે કે જ્ઞાતા જ પૂર્ણસ્વરૂપે જ્ઞાનાત્મક બની જાય તે મુક્તિ છે. (મતલબ કે જ્ઞાનનું સદા માટે કેવળ સ્વસન્મુખ સ્થિર થઈ જવું તે જ મોક્ષ છે. લોકાલોકસ્વરૂપ પર જ્ઞેયનો તેમાં પ્રતિભાસ થાય તો પણ મુક્તાત્મા તથાસ્વભાવી જ્ઞાનને જ જાણે છે. તે પરજ્ઞેયમાં તાદાત્મ્ય કે મમત્વ ધારણ કરતા નથી.) તથા જ્ઞાતાને રાગાદિ જ્ઞેયમાં તાદાત્મ્ય અનુભવાય તે જ ભવભ્રમ છે. (અર્થાત્ અજ્ઞાનદશામાં જ્ઞાનનું સ્વપ્રકાશકપણું લક્ષ બહાર નીકળી જાય છે તથા પરનું લક્ષ અને પરનો પક્ષ મજબૂત થઈ જાય છે. જ્યારે જ્ઞાનદશામાં જ્ઞેયના પ્રતિભાસ ઉપરથી પોતાનું લક્ષ છૂટી જાય છે અને સ્વપ્રકાશકતાનો પક્ષ દૃઢ થાય છે.)

(सर्वे.) જો કે સમકિતી કે મિથ્યાત્વી તમામ જીવોનું જ્ઞાન સ્વપ્રતિભાસી હોય જ છે. તો પણ સ્વનો = નિર્મળજ્ઞાનનો અનુભવ તો સમકિતીના જ્ઞાનમાં જ માન્ય છે. જ્ઞાની-અજ્ઞાનીને પ્રતિભાસ બેનો હોય છે. પણ જ્ઞાનીને લક્ષ સ્વનું હોય છે, અજ્ઞાનીને પરનું હોય છે. આટલો અહીં તફાવત સમજવો.

अतः स्व-परप्रतिभासकाले रुचिपूर्वम् उपयोगगोचरता तु स्वस्यैव आपादनीया, अन्यथा मिथ्यात्वोच्छेदः दुर्लभ एव। परमपारिणामिकभावात्मकज्ञानभिन्नबाह्याऽऽन्तरपदार्थजिज्ञासानुसन्धान-रुच्याद्यत्यागे स्वानुभवाऽऽशा परित्याज्यैव। अतः अपरोक्षस्वानुभवकामिभिः आदौ तावत् स्वकीयदेहधर्मादिगोचर-रुच्यादिकं परिष्ठापनीयम्।

ज्ञानगत-परप्रतिभासस्वभावरुचिप्राधान्यप्रयुक्तः 'अहं श्यामः, गौरः, कृशः, स्थूलः, उच्चैस्तरः, वामनः' इत्यादिः व्यवहारः औपचारिकः एव। वस्तुत आत्मनि श्यामत्व-गौरत्वादिधर्माः न सन्ति। आत्मनिमित्तकानां देहगतानां तेषामात्मन्युपचारः क्रियते। इदं वस्तुतत्त्वं तथाविधव्यवहारकाले चेतोनिहितं स्यात् तर्हि तथाप्रवृत्त्यवसरे आघात-प्रत्याघाताद्यनुभवं विना असङ्गाऽलिप्तदशाऽऽरोहणं सुलभं स्यात्। तथा च सर्वत्र निरञ्जनः, निराकारः, निर्द्वन्द्वः, निर्लेपः, निरुपमः, निर्विकल्पः, निरावरणः, निराकुलः, निर्ममः, निर्मदः, निष्क्रियः, निर्मलः, निस्पृहः, निष्कषायः, निर्मोहः, निष्प्रकम्पः, निर्विकारः, निरुपाधिकः, निरवधिः, निस्तरङ्गः, नित्यः, निराबाधः, निर्भ्रान्तः, नीरूपः, नीरागः, निष्कर्मा,

તેથી જ્ઞાનમાં જ્યારે સ્વ-પરનો પ્રતિભાસ થતો હોય ત્યારે ઉપયોગનો વિષય રુચિપૂર્વક સ્વ = જ્ઞાન જ બને તેવું કરવું. બાકી મિથ્યાત્વનો ઉચ્છેદ થવો દુર્લભ જ છે. જીવના પરમપારિણામિકભાવસ્વરૂપ જ્ઞાતાથી ભિન્ન બાહ્ય શરીર-પરિવાર-ધન વગેરે જ્ઞેય પદાર્થ તથા રાગાદિ આંતરિક જ્ઞેય પદાર્થ - આ બન્નેની જિજ્ઞાસા, અનુસંધાન, રુચિ, પક્ષ, લક્ષ વગેરે જો છૂટે નહિ, છોડવાની તૈયારી પણ ના હોય તો સ્વાનુભૂતિની આશા છોડી જ દેવી. પરને રુચિપૂર્વક જાણવાનું ચાલુ રાખવું છે અને જ્ઞાનસ્વરૂપ જ્ઞાતાનો સાક્ષાત્કાર કરી લેવો છે - આ બે વાતને મિયાં-મહાદેવની જેમ કદાપિ મેળ પડે તેમ નથી. તેથી અપરોક્ષ સ્વાનુભૂતિની કામનાવાળા આત્માર્થી જીવોએ પોતાના દેહધર્મ વગેરે સંબંધી રુચિ વગેરેને સૌપ્રથમ પરઠવી દેવી પડે, છોડવી પડે.

### ❋ ઉપચાર વખતે જાગૃતિ કેળવીએ ❋

**(ज्ञान.)** તથા 'હું કાળો છું, હું ગોરો છું, હું દૂબળો છું, હું જાડો છું, હું લાંબો છું, હું ટૂંકો છું' - આ પ્રકારે જે વ્યવહાર થાય છે, તે જ્ઞાનગત પરપ્રતિભાસસ્વભાવની રુચિને મુખ્ય બનાવવાથી થાય છે. તેથી તે વ્યવહાર ઔપચારિક છે, વાસ્તવિક નહિ. આત્માની અંદર વાસ્તવમાં ગૌરત્વ, કૃષ્ણત્વ, સ્થૂલત્વ, કૃશત્વ, દીર્ઘત્વ, હ્રસ્વત્વ વગેરે ગુણધર્મો રહેતા નથી. પરંતુ આત્માના કારણે શરીરમાં તે તે ગુણધર્મો આવે છે. તેથી શરીરગત તે તે ગુણધર્મોનો આત્મામાં ઉપચાર થાય છે. આ હકીકત ઉપરોક્ત વ્યવહાર કરતી વખતે મગજમાં બરાબર વસી ગયેલ હોય તો તેવા પ્રકારનો વ્યવહાર કરતી વખતે કોઈ પણ જાતના આઘાતનો કે પ્રત્યાઘાતનો અનુભવ કર્યા વિના આત્મા અસંગ અને અલિપ્ત દશામાં આરૂઢ થતો જાય. તેથી સર્વત્ર (૧) નિરંજન, (૨) નિરાકાર, (૩) નિર્દ્વન્દ્વ, (૪) નિર્લેપ, (૫) નિરુપમ, (૬) નિર્વિકલ્પ, (૭) નિરાવરણ, (૮) નિરાકુળ, (૯) નિર્મમ, (૧૦) નિર્મદ, (૧૧) નિષ્ક્રિય, (૧૨) નિર્મલ, (૧૩) નિસ્પૃહ, (૧૪) નિષ્કષાય, (૧૫) નિર્મોહ, (૧૬) નિષ્પ્રકંપ, (૧૭) નિર્વિકાર, (૧૮) નિરુપાધિક, (૧૯) નિરવધિ (= અમર્યાદિત), (૨૦) નિસ્તરંગ, (૨૧) નિત્ય, (૨૨) નિરાબાધ

निर्बन्धः, निराश्रवः, निर्गुणः, निरपेक्षः, निश्चलः, निष्कलङ्कः, निष्किञ्चनः, निराशंसः, निर्भयः, निरालम्बनः, निरुपद्रवः, नीरजस्कः, निरस्तैनाः, निराहारः, निरुपप्लवः, निष्प्रपञ्चः, निरभिष्वङ्गः, निष्कलः, नीरवः, नीरुजः, निर्जन्मा, निर्जरः, निःसङ्गः, निःसीमः, निर्दोषश्च ज्ञाता एव ग्राह्यः, न तु तदन्यः ज्ञेयः। तदुक्तं **समयसारे** [1]"पण्णाए घित्तव्वो जो णादा सो अहं तु णिच्छयदो। अवसेसा जे भावा ते मज्झ परे ति णादव्वा।।" (स.सा.२९९) इति। ततश्च समस्तवृत्तिसंक्षयेण "वृत्तिभ्यां देह -मनसोर्दुःखे शारीर-मानसे। भवतस्तदभावाच्च सिद्धौ सिद्धं महासुखम्।।" (वै.क.ल.९/२४६) इति **वैराग्यकल्पलतायां यशोविजयवाचकेन्द्र**व्यावर्णितं सिद्धसुखं तरसा सम्पनीपद्येत ।।१२/१०।।

(પીડારહિત), (૨૩) નિર્ભ્રાન્ત, (૨૪) નીરૂપ, (૨૫) નીરાગ, (૨૬) નિષ્કર્મા (કર્મશૂન્ય), (૨૭) નિર્બંધ (= કર્મબંધરહિત), (૨૮) નિરાશ્રવ (= આશ્રવમુક્ત), (૨૯) નિર્ગુણ (= રજોગુણ-તમોગુણ -સત્ત્વગુણરહિત), (૩૦) નિરપેક્ષ (= પોતાના અસ્તિત્વાદિ માટે પરદ્રવ્ય-ગુણાદિની અપેક્ષાથી રહિત), (૩૧) નિશ્ચલ, (૩૨) નિષ્કલંક, (૩૩) નિષ્કિંચન, (૩૪) નિરાશંસ, (૩૫) નિર્ભય, (૩૬) નિરાલંબન, (૩૭) નિરુપદ્રવ, (૩૮) નીરજસ્ક (= કર્મરજકણથી મુક્ત), (૩૯) પાપમુક્ત, (૪૦) નિરાહાર, (૪૧) અવિદ્યાગ્રહણશૂન્ય, (૪૨) આધિ-વ્યાધિ-ઉપાધિ આદિ પ્રપંચથી શૂન્ય, (૪૩) આસક્તિશૂન્ય, (૪૪) નિષ્કલ (= મતિજ્ઞાનાદિના અંશોથી રહિત અખંડ કેવલ ચૈતન્યસ્વરૂપ), (૪૫) નીરવ (કોલાહલશૂન્ય), (૪૬) નીરોગી, (૪૭) જન્મશૂન્ય, (૪૮) ઘડપણ વિનાના, (૪૯) નિઃસંગ, (૫૦) નિઃસીમ (= નિર્મર્યાદ) અને (૫૧) નિર્દોષ જ્ઞાતા એવા આત્માને જ પકડવો, તેનાથી ભિન્ન જ્ઞેયને નહિ. તેથી **સમયસાર** ગ્રંથમાં **કુંદકુંદસ્વામી**એ જણાવેલ છે કે 'પ્રજ્ઞા વડે એવું ગ્રહણ કરવું કે - જે જાણનારો છે, તે નિશ્ચયથી હું છું. બાકીના જે ભાવો છે, તે મારાથી પર = ભિન્ન છે - એમ જાણવું.' આવી જાગૃતિ કેળવવાની આધ્યાત્મિક પ્રેરણા આ શ્લોક દ્વારા પ્રાપ્ત કરવા જેવી છે. તેનાથી સમસ્ત વૃત્તિઓનો સમ્યક્ પ્રકારે ઉચ્છેદ થવાથી **વૈરાગ્યકલ્પલતા**માં **મહોપાધ્યાય શ્રીયશોવિજય** મહારાજે વર્ણવેલ સિદ્ધસુખ ઝડપથી પ્રાપ્ત થાય છે. ત્યાં જણાવેલ છે કે 'દેહવૃત્તિથી શારીરિક દુઃખ ઉત્પન્ન થાય છે. તથા મનોવૃત્તિથી માનસિક દુઃખ પ્રગટ થાય છે. દેહ-મનોવૃત્તિ ન હોવાથી સિદ્ધશિલામાં મહાસુખ સિદ્ધ થાય છે.' (૧૨/૧૦)

લખી રાખો ડાયરીમાં.....

- **સદાચારની અલ્પતાથી સાધના વ્યથિત બને છે.**
  **સદ્ગુણની અલ્પતાથી ઉપાસના બેચેન બને છે.**
- **સાધનાનું પરિણામ દૃશ્ય છે. દા.ત.શ્રીપાલ મહારાજા.**
  **ઉપાસનાનું પરિણામ અદૃશ્ય છે. દા.ત. કૃષ્ણવંદના.**

1. प्रज्ञया गृहीतव्यः यः ज्ञाता सोऽहं तु निश्चयतः। अवशेषा ये भावाः ते मम परे इति ज्ञातव्याः।।

**જી હો ♦કર્મજ-સહજ બિ ભેદ તે, લાલા મૂર્ત્ત-અચેતનભાવ;**

**જી હો પ્રથમ જીવને વળી✡ સિદ્ધનઈ, લાલા અપર પરજ્ઞસ્વભાવ ॥૧૨/૧૧॥(૨૦૫)ચતુર.**

તે ઉપચરિતસ્વભાવ (**બે ભેદ**=) ૨ પ્રકાર છઇ. એક **કર્મજનિત**. એક (**સહજ**=) સ્વભાવજનિત. તિહાં પુદ્ગલ- સંબંધઈ જીવનઈ (**મૂર્ત્ત-અચેતનભાવ**=) મૂર્ત્તપણું અનઈ અચેતનપણું જે કહિઈ છઇ, તિહાં **गौर्वाहीकः** એ રીતિં ★તે જીવનો★ ઉપચાર છઈ, ✱તે કર્મજનિત છઈ.✱

---

उपचरितस्वभावं विभजते – '**कर्मे**'ति।

**कर्म-सहजभेदात् स द्विधाऽचेतन-मूर्त्तता।**

**आद्यो जीवेऽपरः सिद्धे परज्ञताऽन्यदर्शिता।।१२/११।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – कर्म-सहजभेदात् सः (उपचरितस्वभावः) द्विधा। जीवे अचेतन-मूर्त्तता आद्यः (कर्मजनितोपचरितस्वभावः)। सिद्धे परज्ञता अन्यदर्शिता (च) अपरः (सहजोपचरित-स्वभावः)।।१२/११।।

**सः** = उपचरितस्वभावः **कर्म-सहजभेदात्** = कर्मजनित-स्वभावजनितभेदाद् **द्विधा** = द्विप्रकारः। पुद्गलसम्बन्धेन **जीवे अचेतन-मूर्त्तता** = अचेतनता मूर्त्तता च कथ्यते **आद्यः** = कर्मजनितोपचरितस्वभावः। जीवकर्तृककर्मजनितत्वाज्जीवस्यैव स ज्ञेयः। 'गौः वाहीक' इति रीत्या प्रकृत उपचारो बोध्यः। अयमाशयः – वाहीकः = वाहीकदेशोद्भवः, गौः = बलिवर्दः। वाहीके गोरभेदस्य बाधाद्

---

**અવતરણિકા** :- ઉપચરિતસ્વભાવનો વિભાગ ગ્રંથકારશ્રી દર્શાવે છે :-

### ❀ ઉપચરિતસ્વભાવના બે ભેદ ❀

**શ્લોકાર્થ** :- કર્મજનિત અને સ્વભાવજનિત એવા ભેદથી ઉપચરિતસ્વભાવ બે પ્રકારે છે. જીવમાં અચેતનતા અને મૂર્ત્તતા કહેવાય છે, તે પ્રથમ ઉપચરિતસ્વભાવ છે. તથા સિદ્ધ ભગવંતમાં પરજ્ઞતા અને પરદર્શિતા એ બીજો ઉપચરિતસ્વભાવ છે. (૧૨/૧૧)

### ❖ 'गौः वाहीकः' - વાક્યની વિચારણા ❖

**વ્યાખ્યાર્થ** :- કર્મજનિત અને સ્વભાવજનિત એવા ભેદથી ઉપચરિતસ્વભાવ બે પ્રકારનો છે. ઔદારિકાદિ પુદ્ગલનો સંબંધ થવાથી જીવમાં અચેતનતા અને મૂર્ત્તતા કહેવાય છે. તે કર્મજનિત ઉપચરિત-સ્વભાવ કહેવાય છે. આ ઉપચરિતસ્વભાવ જીવે ઉત્પન્ન કરેલા કર્મથી જન્ય હોવાથી જીવનો જ સમજવો. જેમ 'गौः वाहीकः' - આ પ્રકારે લોકોમાં ઉપચાર થાય છે, તેમ 'આત્મા અચેતન છે, આત્મા મૂર્ત્ત છે' - આ પ્રકારનો કર્મજનિત ઉપચરિતસ્વભાવ જાણવો. કહેવાનો આશય એ છે કે વાહીક દેશમાં ઉત્પન્ન થયેલ માણસ બળદ જેવો જડ હોવાથી બળદ કહેવાય છે. વાસ્તવમાં વાહીક માણસ હોવાથી તેમાં ગાય-બળદ કે ઢોરનો અભેદ બાધિત થાય છે. તેથી 'गौः वाहीकः' આ વાક્યમાં 'गो' શબ્દથી

---

♦ પુસ્તકોમાં 'કર્મસહજ' પાઠ. કો.(૧+૫+૮) + (મો.૨)નો પાઠ લીધો છે. ✡ કો.(૯)+સિ.+મ.માં 'વળી' નથી. શાં.માં છે. ★...★ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત P(૩)માં છે. ✱...✱ ચિહ્નદ્વયમધ્યવર્તી કો.(૯)+સિ.માં નથી.

'गो'पदेन गोसदृशो लक्ष्यते। गोसादृश्यञ्च गोगतजाड्य-मतिमान्द्यादिवत्त्वेनैव।

तथा च "जडो मन्दश्च वाहीकः - इति शाब्दबोधः" (त.प्र.खण्ड.४/पृ.३५-३६) इति **तर्कप्रकाशे शितिकण्ठः**। तथा प्रकृते 'अचेतनो मूर्त्तश्च आत्मा' इत्यत्र आत्मनि अचेतनाऽभेदस्य मूर्त्ताऽभेदस्य च बाधाद् 'अचेतन'पदेन अचेतनसदृशः 'मूर्त्त'पदेन च मूर्त्तसदृशो लक्ष्यते। सादृश्यन्त्वत्र यथाक्रमं जाड्यादिमत्त्वेन परिवर्त्तनशीलसंस्थानवत्त्वेन च बोध्यम्।

यद्वा **काव्यप्रकाशा**नुसारेण (का.प्र.२/७) वक्ष्यमाणा (१३/४) गौणी सारोपा लक्षणाऽत्र बोध्या, सादृश्यसम्बन्धेन आत्मनि मूर्त्ताभेदावगमाद् इति आलङ्कारिकानुसारिणी प्रक्रिया।

यद्वा **भाट्टचिन्तामणि**कार**गागाभट्ट**मतानुसारेण (पृ.५८) अचेतन-मूर्त्तपुद्गलवृत्तिजाड्य-परिवर्त्तन-

---

ગોસદૃશ લક્ષિત થાય છે, સૂચિત થાય છે. બળદમાં કે ઢોરમાં રહેલ જડતા, મતિમંદતા વગેરે સ્વરૂપે જ પ્રસ્તુતમાં ગોસાદૃશ્ય છે. તેથી 'વાહીક ઢોર છે' - આવા વાક્યથી શ્રોતાને 'વાહીક દેશમાં ઉત્પન્ન થયેલો માણસ ઢોર જેવો જડ અને મંદ છે' - તેવા પ્રકારનો બોધ લક્ષણા દ્વારા થશે.

### ❋ તર્કપ્રકાશકારમતનો વિચાર ❋

**(તથા.)** આવું જણાવવાના આશયથી **તર્કપ્રકાશ** નામના ગ્રંથમાં **શિતિકંઠ** નામના વિદ્વાને જણાવેલ છે કે "શ્રોતાને 'ગૌઃ વાહીકઃ' આવું વાક્ય સાંભળવાથી 'વાહીક દેશમાં ઉત્પન્ન થયેલો માણસ જડ અને મંદ છે' - તેવા પ્રકારનો શાબ્દબોધ થશે." તેથી પ્રસ્તુતમાં 'આત્મા અચેતન અને મૂર્ત્ત છે' - આવા સ્થળે આત્મામાં અચેતનનો અભેદ અને મૂર્ત પદાર્થનો અભેદ બાધિત હોવાથી 'અચેતન' શબ્દથી 'અચેતનસદૃશ' અને 'મૂર્ત્ત' શબ્દથી 'મૂર્ત્તસદૃશ' પદાર્થ લક્ષિત થાય છે, સૂચિત થાય છે. અમુક આત્મા અને અચેતન - આ બન્નેમાં સાધારણધર્મ જડતા વગેરે છે. તેથી પ્રસ્તુતમાં આત્માની અંદર અચેતનસાદૃશ્ય તો જડતા વગેરે સ્વરૂપે જાણવું. તથા સંસારી આત્મા અને મૂર્ત્ત પદાર્થ - આ બન્નેમાં સાધારણધર્મ પરિવર્ત્તનશીલ સંસ્થાન વગેરે છે. તેથી આત્મામાં મૂર્ત્તસાદૃશ્ય એ પરિવર્ત્તનશીલ સંસ્થાનવત્ત્વ વગેરે સ્વરૂપે જાણવું. તેથી 'આત્મા અચેતન અને મૂર્ત્ત છે' - આવા વાક્યથી લક્ષણાના પ્રભાવે શ્રોતાને એવો બોધ થશે કે 'આત્મા અચેતન જેવો જડ છે તથા મૂર્ત્ત દ્રવ્યની જેમ પરિવર્તનશીલ સંસ્થાનને (=આકારને) ધરાવે છે.' કર્મજનિત ઉપચરિતસ્વભાવના લીધે થતા વાક્યપ્રયોગનું આ રીતે પ્રસ્તુતમાં અર્થઘટન કરવું.

### ❋ કાવ્યપ્રકાશકારના મતનું પ્રદર્શન ❋

**(યદ્વા કાવ્ય.)** અથવા તો **મમ્મટ કવિ**એ બનાવેલ **કાવ્યપ્રકાશ** નામના ગ્રંથ મુજબ પ્રસ્તુતમાં ગૌણી સારોપા લક્ષણા જાણવી. તેરમી શાખાના ચોથા શ્લોકમાં આ લક્ષણાનું વિવેચન કરવામાં આવશે. તે મુજબ 'આત્મા મૂર્ત્તઃ' આવા વાક્ય દ્વારા સાદૃશ્યસંબંધથી આત્મામાં મૂર્ત્ત પદાર્થના અભેદનો બોધ થવાથી ગૌણી સારોપા લક્ષણા પ્રસ્તુતમાં જાણવી. આ પ્રમાણે અલંકારશાસ્ત્રોના વિશારદને માન્ય તેવી પ્રક્રિયા પ્રસ્તુતમાં જાણવી.

### ❋ ગાગાભટ્ટના મતનું આવિષ્કરણ ❋

**(યદ્વા ભાટ્ટ.)** અથવા તો એમ પણ કહી શકાય કે **ભાટ્ટચિંતામણિકાર ગાગા ભટ્ટ** નામના મીમાંસક

शीलसंस्थानादिसजातीयजाड्य-परिवर्त्तनशीलसंस्थानादिमत्त्वेन आत्मनः प्रतीतौ अभ्युपगम्यमानायां गौणी वृत्तिः, न तु स्वशक्यसम्बन्धवत्त्वलक्षणा लक्षणा इति मीमांसकानुसारिणी प्रक्रिया बोध्या। प्रकृते "सिंहनिष्ठक्रौर्यसजातीयक्रौर्यवत्त्वेन देवदत्तप्रतीतिः तदा गौणी" (भा.चि.पृ.५८) इति **भाट्टचिन्तामणि**वचनं स्मर्तव्यम्।

यद्वा 'अचेतनो मूर्त्तश्च आत्मा' इत्यत्र साधारणधर्मजाड्यादि-परिवर्त्तनशीलसंस्थानवत्त्वादिरूपेण निमित्तेन आत्मनः आरोपिताऽचेतनत्वादिना बोधः कक्षीकर्तव्यः। तदुक्तं **वैयाकरणसिद्धान्तलघुमञ्जूषायां नागेशेन** "गौर्वाहीकः – इत्यादावपि साधारणधर्मजडत्वादिरूपेण निमित्तेन वाहीकस्य आरोपितगोत्वेन बोधः" (वै.सि.ल.म.पृ.१२०) इति वैयाकरणानुसारिणी प्रक्रिया प्रतिसन्धेया।

प्रकृते "मुखं चन्द्रः, वाहीको गौः – इत्यादौ चन्द्रादीनां मुखादिभिः सह सम्भवति लक्षणां विनैव

---

મૂર્ધન્યના મત મુજબ 'આત્મા અચેતન અને મૂર્ત્ત છે' - આવા વાક્ય દ્વારા શ્રોતાને અચેતન પુદ્ગલમાં રહેલ જડતા જેવી જડતા આત્મામાં પ્રતીત થઈ શકે છે. તથા મૂર્ત્ત પુદ્ગલમાં રહેલ પરિવર્ત્તનશીલ-સંસ્થાનને સજાતીય પરિવર્ત્તનશીલસંસ્થાન વગેરે આત્મામાં પ્રતીત થઈ શકે છે. આ રીતે અચેતન-મૂર્ત્તધર્મસદૃશ ધર્મની આત્મામાં પ્રતીતિ માન્ય કરવામાં આવે તો પ્રસ્તુતમાં ગૌણી વૃત્તિ સમજવી. પરંતુ સ્વશક્યસંબંધવત્ત્વ સ્વરૂપ લક્ષણા અહીં માન્ય ન થઈ શકે. આ પ્રમાણે મીમાંસક દર્શનને અનુસરનારી પ્રક્રિયા પ્રસ્તુતમાં સમજવી. **ભાટ્ટચિંતામણિ** ગ્રંથમાં **ગાગાભટ્ટે** જે વાત કરી છે, તે અહીં યાદ કરવા લાયક છે. ત્યાં તેમણે જણાવેલ છે કે "કોઈ માણસ 'દેવદત્ત સિંહ છે' - આ બોલે ત્યારે જો શ્રોતાને સિંહની ક્રૂરતા જેવી ક્રૂરતાને ધારણ કરનાર તરીકે દેવદત્તની પ્રતીતિ થાય તો ત્યાં ગૌણી વૃત્તિ સમજવી." આ મુજબ વિચારીએ તો પુદ્ગલવૃત્તિ જડતા-પરિવર્ત્તનશીલ સંસ્થાન વગેરેને સદૃશ એવી જડતા-પરિવર્ત્તનશીલ સંસ્થાન વગેરેની આત્મામાં પ્રતીતિ થાય તો 'આત્મા અચેતન અને મૂર્ત્ત છે' - આ વાક્યમાં ગૌણીવૃત્તિ તેમના મત મુજબ સિદ્ધ થવી ન્યાયપ્રાપ્ત છે.

**❋ નાગેશભટ્ટના મતનું પ્રગટીકરણ ❋**

(**यद्वा 'अचे.**) અથવા એમ પણ કહી શકાય કે 'આત્મા અચેતન અને મૂર્ત્ત છે' - આવા વાક્યમાં આત્મા અને અચેતન-મૂર્ત્ત એવા પદાર્થ વચ્ચે અનુગત = સાધારણ જડતા, પરિવર્ત્તનશીલ સંસ્થાન વગેરે સ્વરૂપ ગુણધર્મના નિમિત્તે આત્મામાં અચેતનત્વનો તથા મૂર્ત્તત્વનો આરોપ કરવામાં આવે છે. તેથી જડતા, પરિવર્ત્તનશીલ સંસ્થાન વગેરે સ્વરૂપે આત્માનો આરોપિત અચેતનાદિ પદાર્થ સ્વરૂપે બોધ સ્વીકારવો જોઈએ. **વૈયાકરણસિદ્ધાંતલઘુમંજૂષા** ગ્રંથમાં **નાગેશ ભટ્ટ** નામના વિદ્વાને જણાવેલ છે કે "બળદ અને વાહીકદેશીય માણસ આ બન્નેમાં અનુગત જડતા વગેરે સ્વરૂપ નિમિત્તના લીધે 'गौः वाहीकः' વગેરે સ્થળે પણ લોકોને વાહીકનો આરોપિત ગોત્વ સ્વરૂપે બોધ થશે." આ પ્રમાણે વૈયાકરણ દર્શનને અનુસરનારી પ્રક્રિયા સમજવી.

**❋ જગન્નાથમતનો પરિચય ❋**

(**प्रकृते.**) પ્રસ્તુતમાં 'મુખ ચન્દ્ર છે', 'વાહીકદેશોત્પન્ન માણસ બળદ છે' - ઈત્યાદિ સ્થળોમાં ચન્દ્ર,

अभेदसंसर्गेणान्वयबोधः, बाधनिश्चयप्रतिबध्यतावच्छेदककोटौ अनाहार्यत्वस्येव शाब्दान्यत्वस्यापि निवेश्यत्वाद्" (र.ग.आनन-२ पृ.१४९) इति **रसगङ्गाधरे** नवीनमतप्रदर्शनावसरे **जगन्नाथः** प्राह ।

ततश्च जगन्नाथदर्शितनवीनमतानुसारेण तद्वत्तागोचरम् अनाहार्यं शाब्दबोधभिन्नं ज्ञानं प्रति तदभाववत्तानिश्चयस्य प्रतिबन्धकत्वनियमाद् वाहीकदेशीयमनुष्ये गोभेदनिश्चये सत्यपि 'गौर्वाहीक' इति वाक्याद् वाहीकस्य गोत्वरूपेण शाब्दबोध इव आत्मनि मूर्त्तभेदनिश्चये सत्यपि 'आत्मा मूर्त्त' इति वाक्याद् अभेदसंसर्गेण आत्मनो मूर्त्तत्वरूपेण शाब्दबोधोऽनाविल एवेति न लक्षणाया आवश्यकत्वम्, प्रकृतशाब्दबोधस्य बाधनिश्चयप्रतिबध्यताकोट्यतिक्रान्तत्वादित्यवधेयम् ।

બળદ વગેરેનો મુખ, વાહીકમનુષ્ય વગેરેમાં અભેદ સંબંધથી અન્વયબોધ લક્ષણા વિના જ સંભવે છે. કારણ કે બાધના નિશ્ચયની પ્રતિબધ્યતાઅવચ્છેદક કોટિમાં જેમ અનાહાર્યત્વ ગુણધર્મનો પ્રવેશ થાય છે, તે જ રીતે શાબ્દબોધઅન્યત્વનો પણ નિવેશ કરવો જરૂરી છે. આ પ્રમાણે **રસગંગાધર** નામના ગ્રંથમાં **જગન્નાથ** નામના પંડિતે નવ્યમત દેખાડવાના અવસરે જણાવેલ છે.

### ⊛ બાધનિશ્ચયપ્રતિબધ્યતા કોટિની વિચારણા ⊛

**સ્પષ્ટતા** :- 'तद्वत्ताज्ञानं प्रति तदभाववत्ताज्ञानं प्रतिबन्धकम्' - આવો નિયમ ન્યાયદર્શનમાં પ્રસિદ્ધ છે. તેમ છતાં તદભાવવત્તાજ્ઞાનની હાજરીમાં તદ્વત્તાગોચર આહાર્યજ્ઞાન તો ઉત્પન્ન થાય જ છે. બાધકાલીન ઈચ્છાજન્ય જ્ઞાન આહાર્યજ્ઞાન કહેવાય છે. "સરોવરમાં અગ્નિના અભાવનું જ્ઞાન હોવા છતાં 'સરોવર વહ્નિમાન છે' - આવું મને જ્ઞાન ઉત્પન્ન થાવ" - આવી ઈચ્છા હોય તો બાધકાલીન તેવું આહાર્યજ્ઞાન ઉત્પન્ન થાય જ છે. તેથી ઉપરોક્ત નિયમમાં થોડો સુધારો કરવો પડશે કે 'तद्वत्तागोचरम् अनाहार्यज्ञानं प्रति तदभाववत्ताज्ञानं प्रतिबन्धकम् ।' અહીં તદભાવવત્તાજ્ઞાન પ્રતિબંધક છે. તેને બાધનિશ્ચય પણ કહેવાય છે. તથા तद्वत्ताविषयક અનાહાર્ય જ્ઞાન પ્રતિબધ્ય છે. નવ્યમતપ્રદર્શન અવસરે જગન્નાથ પંડિતનું કથન એવું છે કે બાધનિશ્ચયની પ્રતિબધ્યતાઅવચ્છેદકકોટિમાં જેમ અનાહાર્યત્વનો સમાવેશ કરવો જરૂરી છે તેમ શાબ્દબોધભેદનો પણ સમાવેશ કરવો જરૂરી છે. કારણ કે બાધનિશ્ચય હોવા છતાં જેમ આહાર્યજ્ઞાન ઉત્પન્ન થઈ શકે છે તેમ શાબ્દબોધ પણ ઉત્પન્ન થઈ શકે છે. તેથી બાધનિશ્ચયની પ્રતિબધ્યતાકોટિમાં આહાર્યજ્ઞાનભેદ અને શાબ્દબોધભેદ - આ બન્નેનો સમાવેશ કરવો જરૂરી છે.

(**ततश्च**.) તેથી **જગન્નાથ** પંડિતે જણાવેલ નવીન મત મુજબ નિયમ આ પ્રમાણે થશે કે 'तद्वत्तागोचरम् अनाहार्यं शाब्दबोधभिन्नं ज्ञानं प्रति तदभाववत्तानिश्चयः प्रतिबन्धकः ।' તેથી જેમ વાહીકદેશીય મનુષ્યમાં ગોભેદનો નિશ્ચય હોવા છતાં 'गौः वाहीकः' - વાક્યથી ગોત્વરૂપે તેનો શાબ્દબોધ થઈ શકે છે તેમ 'આત્મા મૂર્ત્ત છે' - આ વાક્ય દ્વારા આત્મામાં મૂર્ત્તભેદનો નિશ્ચય હોવા છતાં પણ મૂર્ત્તત્વરૂપે આત્માનો શાબ્દબોધ થઈ જ શકે છે. તે માટે અહીં લક્ષણાને માનવાની કોઈ જરૂર નથી. શાબ્દબોધને ઉત્પન્ન થવામાં બાધનિશ્ચય પ્રતિબંધક બનતો હોય તો લક્ષણા કરવી પડે. પરંતુ ઉપરોક્ત પરિષ્કૃત નિયમ દ્વારા પ્રસ્તુત શાબ્દબોધ પ્રતિબધ્ય કોટીમાંથી બહાર નીકળી જાય છે. તેથી લક્ષણા વિના જ અભેદસંસર્ગથી મૂર્ત્તત્વરૂપે આત્માનો શાબ્દબોધ થઈ શકશે. **જગન્નાથ** પંડિતના મંતવ્ય અનુસારે પ્રસ્તુત અર્થઘટન અહીં કરવામાં આવેલ છે. આ વાતને વાચક વર્ગે ધ્યાનમાં રાખવી.

इत्थञ्च 'आत्मा मूर्त्त' इत्यत्र (१) **तर्कप्रकाशक**कृन्मते आत्मनि मूर्त्ताऽभेदो न भासते किन्तु मूर्त्तसादृश्यं भासते।

(२) **काव्यप्रकाशक**कृन्मते आत्मनि सादृश्यसम्बन्धेन मूर्त्ताऽभेदो विभासते।

(३) **गागाभट्ट**मते मूर्त्तधर्मसजातीयधर्मवत्त्वेन आत्मनः प्रतीतेः गौणी वृत्तिः सम्मता।

(४) **नागेश**मते साधारणधर्मरूपेण निमित्तेन आत्मनः आरोपितमूर्त्तत्वेन शाब्दबोधः।

(५) **जगन्नाथोक्त**नव्यमते बाधकालीनः अनाहार्यः शक्तिज्ञानजन्यः अभेदसंसर्गकः मूर्त्तप्रकारकात्मविशेष्यकः शाब्दबोधः सम्भवतीति नानानयाभिप्रायानुसृतमीमांसामांसलमतिमता विमुक्ताग्रहेण विभावनीयमत्रत्यं तत्त्वम्।

***न चा***त्मनि मूर्त्तत्वाद्यभ्युपगमेऽपसिद्धान्तापत्तिरिति ***शङ्कनीयम्***,

संसारदशायाम् आत्मनि कथञ्चिन्मूर्त्तत्वादीनामनेकान्तवादिभिरस्माभिरभ्युपगमात्। तदुक्तं **श्रीशीलाङ्काचार्येण सूत्रकृताङ्गसूत्रवृत्तौ** "संसारिण आत्मनः कर्मणा सहाऽन्योऽन्याऽनुबन्धतः कथञ्चिन्मूर्त्तत्वाद्यभ्युपगमाद्" (सू.कृ.१/१/१/१४ पृ.२१) इति। प्रकृते कथञ्चित्पदेन 'कर्मजनितोपचरितस्वभावा-

**❋ પાંચ વિભિન્ન અભિપ્રાયના તફાવતને સમજીએ ❋**

(इत्थ.) (१) **તર્કપ્રકાશકાર**ના મત મુજબ 'आत्मा मूर्त्तः' - આ સ્થળે આત્મામાં મૂર્ત્ત પદાર્થનો અભેદ નહિ પરંતુ મૂર્ત્ત પદાર્થનું સાદશ્ય લક્ષણા દ્વારા ભાસે છે.

(२) **કાવ્યપ્રકાશ** ગ્રંથમાં દર્શાવેલ મત મુજબ આત્મામાં મૂર્ત્ત પદાર્થના સાદશ્યનું નહિ પણ સાદશ્યસંબંધથી મૂર્ત્ત પદાર્થના અભેદનું લક્ષણા દ્વારા ભાન થાય છે.

(૩) ગાગા ભટ્ટના મત મુજબ મૂર્ત્તધર્મસજાતીયધર્મવત્ત્વરૂપે આત્માની પ્રતીતિ થવાથી ગૌણી વૃત્તિ માન્ય બને છે.

(૪) **નાગેશ ભટ્ટ**ના મત મુજબ સાધારણધર્મ નિમિત્તે આત્માનો આરોપિત મૂર્ત્તત્વરૂપે શાબ્દબોધ થશે.

(૫) **જગન્નાથ** પંડિતે દેખાડેલ નવીનમત મુજબ, 'आत्मा मूर्त्तः' - આ વાક્ય દ્વારા જે શાબ્દબોધ થાય છે તે બાધકાલીન, અનાહાર્ય, શક્તિજ્ઞાનજન્ય છે. અભેદસંબંધથી આત્મામાં મૂર્ત્તનું અવગાહન કરનારો તે શાબ્દબોધ છે. આ રીતે અલગ-અલગ નયના અભિપ્રાયને અનુસરનારી મીમાંસાથી જેની મતિ પુષ્ટ બનેલી છે તેવા વિદ્વાને કદાગ્રહથી રહિત બનીને પ્રસ્તુત તત્ત્વની ઊંડાણથી વિભાવના કરવી.

**શંકા** :- (न चा.) જો આ રીતે આત્મામાં તમે મૂર્ત્તત્વ વગેરે ધર્મોનો સ્વીકાર કરશો તો તમને અપસિદ્ધાન્ત દોષની આપત્તિ આવશે.

**⁕ સંસારી જીવમાં મૂર્ત્તત્વ માન્ય ⁕**

**સમાધાન** :- (संसार.) ના, અમને અપસિદ્ધાન્ત દોષ લાગુ નહિ પડે. કારણ કે અમે અનેકાન્તવાદી સંસારદશામાં આત્મામાં કથંચિત્ મૂર્ત્તત્વ વગેરેનો સ્વીકાર કરીએ જ છીએ. તેથી તો **શ્રીશીલાંકાચાર્યજીએ સૂયગડાંગસૂત્રની વ્યાખ્યામાં** જણાવેલ છે કે "સંસારી આત્મા કર્મની સાથે અત્યંત સંકળાયેલો છે. સંસારદશામાં જીવ અને કર્મ પરસ્પર અનુવિદ્ધ હોવાના લીધે સંસારી આત્મામાં કથંચિત્ મૂર્ત્તત્વ વગેરે

તે માટઈં તે કર્મજ ઉપચરિતસ્વભાવ છઈ. તે (=પ્રથમ) જીવનઈં.

(વળી,) **અપર** કહતાં બીજો, જે સહજ ઉપચરિત**સ્વભાવ**, તે **સિદ્ધનઈં** ♦**પરજ્ઞપણું**, તિહાં કોઈ કર્મોપાધિ છઈ નહીં.□

---

ऽपेक्षया' इत्यर्थः बोध्यः। संसारिणि मूर्त्तत्वप्रतिपादकः **अर्हद्गीता-धर्मसङ्ग्रहणि-विशेषावश्यकभाष्यवृत्ति-समयसार-गोम्मटसार-न्यायविनिश्चयविवरण-बृहद्द्रव्यसङ्ग्रहवृत्त्या**दिसंवादः पूर्वोक्तः (१२/३) इहानुसन्धेयः।

कृत्स्नकर्मविरहे तु पुद्गलसहस्रसम्बन्धेनाऽपि जीवे नाऽज्ञता सम्पद्येत न वा मूर्त्तता, कर्मजनितोपचरितस्वभावविरहात्। अतोऽचेतनतादिः जीवे कर्मजनितः व्यावहारिकसद्भूतस्वभावो बोध्यः। कर्मजोपचरितसद्भूतस्वभावत्वाद् अयं संसारिषु एव जीवेषु सम्भवति, नान्यत्रेति स्व-परदर्शनरहस्यवेदिभिः विभावनीयम्।

**सिद्धे परज्ञता** = अन्यज्ञातृता **अन्यदर्शिता** = परपदार्थप्रेक्षिता च **अपरः** सहजोपचरितस्वभाव उच्यते, सिद्धस्य कृत्स्नकर्मशून्यत्वात्। अत एव व्यवहारातिक्रान्तस्य तस्य कर्मजोपाध्यभाव आगमे दर्शितः।

---

અમે જૈનોએ સ્વીકારેલ છે.'' અહીં 'કથંચિત્' પદનો અર્થ 'કર્મજન્ય ઉપચરિતસ્વભાવની અપેક્ષાએ' આવો કરવો. તેથી અર્થઘટન એવું ફલિત થશે કે - સંસારી આત્મામાં કર્મજનિત ઉપચરિતસ્વભાવની અપેક્ષાએ મૂર્ત્તત્વ વગેરે ગુણધર્મો છે. આ જ શાખાના ત્રીજા શ્લોકમાં **અર્હદ્ગીતા, ધર્મસંગ્રહણિ, વિશેષાવશ્યકભાષ્યવૃત્તિ, સમયસાર, ગોમ્મટસાર, ન્યાયવિનિશ્ચયવિવરણ, બૃહદ્દ્રવ્યસંગ્રહવૃત્તિ** વગેરે ગ્રંથોના સંવાદથી સંસારી જીવમાં મૂર્ત્તત્વનું પ્રતિપાદન કરેલું હતું, તેનું અહીં વાચકવર્ગે અનુસંધાન કરવું.

### ❈ કર્મશૂન્ય આત્મામાં અજ્ઞાનનો અસંભવ ❈

(कृत्स्न.) જો આત્મામાંથી તમામ કર્મો રવાના થઈ જાય તો પુદ્ગલના હજારો સંબંધથી પણ જીવમાં અજ્ઞતા કે મૂર્ત્તતા સંપન્ન થઈ ન શકે. કારણ કે ત્યારે કર્મજનિત ઉપચરિત સ્વભાવ નથી હોતો. તેથી અજ્ઞતા (= અચેતનતા), મૂર્ત્તતા વગેરે ગુણધર્મો એ જીવના કર્મજનિત વ્યાવહારિક સદ્ભૂતસ્વભાવ તરીકે જાણવા. આ અચેતનતા વગેરે કર્મજનિત વ્યાવહારિક સદ્ભૂતસ્વભાવસ્વરૂપ હોવાથી સંસારી જીવોમાં જ સંભવી શકે, અન્યત્ર નહિ. આ વાત સ્વદર્શનના અને પરદર્શનના રહસ્યોને જાણનારા વિદ્વાનોએ ઊંડાણથી વિચારવી.

### ❀ સહજ ઉપચરિતસ્વભાવનો પરિચય ❀

(सिद्धे.) સિદ્ધ ભગવાનમાં પરદ્રવ્યનું જ્ઞાતૃત્વ અને પરવસ્તુદર્શિત્વ નામનો ગુણ એ સહજ (= સ્વભાવજનિત) ઉપચરિતસ્વભાવ કહેવાય છે. કારણ કે સિદ્ધ ભગવંતો સર્વકર્મશૂન્ય છે. સિદ્ધ ભગવંતો સર્વકર્મરહિત હોવાના કારણે જ લોકવ્યવહારને ઓળંગી જાય છે. તેથી સિદ્ધ ભગવંતમાં કર્મજન્ય ઉપાધિનો અભાવ આગમમાં જણાવેલો છે.

---

♦ P(૨)માં 'પરમાજ્ઞ...' અશુદ્ધ પાઠ. □ મો.(૨)માં 'નહીં' પાઠ નથી.

**तदुक्तम् *आचारसूत्रे*** – [1]"अकम्मस्स ववहारो ण विज्जइ, कम्मुणा उवाही जायति" त्ति (आ.१/३/१/सू.११०) ॥१२/११॥

तदुक्तम् **आचाराङ्गसूत्रे** तृतीयाध्ययने [1]"अकम्मस्स ववहारो न विज्जइ, कम्मुणा उवाही जायइ" (आचा.१/३/१/सू.११०) इति। **तद्वृत्तिस्त्वेवम्** "न विद्यते कर्म्माष्टप्रकारमस्येत्यकर्म्मा, तस्य व्यवहारो न विद्यते। नाऽसौ नारक-तिर्यग्-नराऽमरपर्याप्तकाऽपर्याप्तक-बाल-कुमारादिसंसारिव्यपदेशभाग् भवति। यश्च सकर्म्मा स नारकादिव्यपदेशेन व्यपदिश्यत इत्याह – 'कम्मुणा' इत्यादि, उपाधीयते = व्यपदिश्यते येनेति उपाधिः = विशेषणम्। स उपाधिः कर्मणा ज्ञानावरणीयादिना जायते।

तद्यथा – (१) मति-श्रुताऽवधि-मनःपर्यायवान्, मन्दमतिस्तीक्ष्णो वेत्यादि। (२) चक्षुर्दर्शनी, अचक्षुर्दर्शनी, निद्रालुरित्यादि। (३) सुखी दुःखी चेति। (४) मिथ्यादृष्टिः, सम्यग्दृष्टिः, सम्यग्मिथ्यादृष्टिः, स्त्री, पुमान्, नपुंसकः, कषायीत्यादि। (५) सोपक्रमाऽऽयुष्को निरुपक्रमाऽऽयुष्कोऽल्पायुर्दीर्घायुरित्यादि। (६) नारकः, तिर्यग्योनिकः, एकेन्द्रियः, द्वीन्द्रियः, पर्याप्तकोऽपर्याप्तकः, सुभगो, दुर्भग इत्यादि। (७) उच्चैर्गोत्रो नीचैर्गोत्रो

## ✾ અષ્ટકર્મજન્ય ઉપાધિઓની ઓળખાણ ✾

**(तदुक्तम्.) આચારાંગ** સૂત્રના ત્રીજા અધ્યાયમાં જણાવેલ છે કે 'કર્મરહિત જીવને વિશે કોઈ વ્યવહાર થતો નથી. કારણ કે કર્મથી ઉપાધિ ઉત્પન્ન થાય છે.' તેની **ટીકા**માં **શ્રીશીલાંકાચાર્ય**એ નીચે મુજબ છણાવટ કરેલ છે કે "જેને આઠેય પ્રકારના કર્મો નથી હોતા તેવો જીવ અકર્મા (= કર્માતીત) કહેવાય છે. તેને વિશે કોઈ વ્યવહાર થતો નથી. નારક, તિર્યંચ, મનુષ્ય, દેવ, પર્યાપ્ત, અપર્યાપ્ત, બાલ, કુમાર વગેરે સ્વરૂપ સંસારીવ્યવહારનો વિષય કર્મશૂન્ય જીવ બનતો નથી. જે જીવ કર્મયુક્ત છે તેનો જ નારક, તિર્યંચ વગેરે રૂપે વ્યવહાર થાય છે. તેથી **મૂળસૂત્ર**માં જણાવ્યું છે કે 'કર્મથી ઉપાધિ ઉત્પન્ન થાય છે.' જેના દ્વારા વ્યવહાર થાય તેને ઉપાધિ કહેવાય. ઉપાધિ એટલે વિશેષણ. મતલબ કે 'આ જીવ માણસ છે, તે જીવ દેવ છે' - આવા વિશેષણો કર્મના કારણે જીવને લાગુ પડે છે. જ્ઞાનાવરણીય વગેરે આઠ કર્મથી જીવને જુદા જુદા વિશેષણો લાગુ પડે છે.

(तद्य.) તે આ રીતે (૧) 'આ જીવ મતિ-શ્રુતજ્ઞાનવાળો છે. તે જીવ અવધિજ્ઞાનવાળો છે. પેલો જીવ મનઃપર્યાયજ્ઞાનવાળો છે. તે જીવ મંદમતિવાળો છે. આ જીવ તીક્ષ્ણબુદ્ધિવાળો છે' - ઈત્યાદિ વિશેષણો જ્ઞાનાવરણ કર્મના કારણે લાગુ પડે છે. (૨) 'આ જીવ ચક્ષુદર્શની છે. તે જીવ અચક્ષુદર્શની છે. પેલો જીવ ઊંઘણશી છે' - ઈત્યાદિ વિશેષણો દર્શનાવરણ કર્મના કારણે લાગુ પડે છે. (૩) 'આ જીવ સુખી છે અને તે જીવ દુઃખી છે' - આવા પ્રકારનો વ્યવહાર વેદનીયકર્મના કારણે થાય છે. (૪) 'આ જીવ મિથ્યાદષ્ટિ છે. તે જીવ સમ્યગ્દૃષ્ટિ છે. પેલો જીવ મિશ્રદષ્ટિ છે. આ સ્ત્રી છે. તે પુરુષ છે. પેલો નપુંસક છે. આ જીવ કષાયયુક્ત છે' - ઈત્યાદિ વિશેષણો મોહનીયકર્મના કારણે લાગુ પડે છે. (૫) 'આ જીવ સોપક્રમઆયુષ્યવાળો છે. તે જીવ નિરુપક્રમઆયુષ્યવાળો છે. આ જીવ અલ્પઆયુષ્યવાળો છે. તે જીવ દીર્ઘઆયુષ્યવાળો છે' - ઈત્યાદિ વ્યવહાર આયુષ્યકર્મના કારણે ઉત્પન્ન થાય છે. (૬) 'આ જીવ નારકી છે. તે જીવ તિર્યંચ છે. પેલો એકેન્દ્રિય છે. તે દ્વીન્દ્રિય છે. આ પર્યાપ્ત છે. તે અપર્યાપ્ત

1. अकर्म्मणः व्यवहारः न विद्यते, कर्म्मणा उपाधिः जायते।

वेति। (८) कृपणः, त्यागी, निरुपभोगः, निर्वीर्य इत्येवं कर्मणा संसारी व्यपदिश्यते" (आचा.१/३/१, सू.११० वृ.) इति।

निरुपचरितस्वभावबलेन निश्चयतः सिद्धे स्वज्ञातृत्वादिकम् उपचरितस्वभावबलेन च व्यवहारतः परज्ञातृत्वादिकं बोध्यम्। इदमभिप्रेत्य **कुन्दकुन्दस्वामिना नियमसारे** [1]"जाणदि पस्सदि सव्वं ववहारणएण केवली भगवं। केवलणाणी जाणदि पस्सदि णियमेण अप्पाणं।।" (नि.सा.१५९) इत्युक्तम्। 'स्वाश्रितो निश्चयः पराश्रितश्च व्यवहार' इति परिभाषानुसारेणेदमवगन्तव्यम्।

उपचरितस्वभावानभ्युपगमे परज्ञताद्यसम्भवः उपचरितस्वभावैकान्ताभ्युपगमे चाऽऽत्मज्ञताद्ययोगः इति कथञ्चिद् उपचरिताऽनुपचरितस्वभावता आत्मनि स्वीकार्या। ***एतेन*** "उपचरितैकान्तपक्षेऽपि नाऽऽत्मज्ञता सम्भवति, नियमितपक्षत्वात्। तथाऽऽत्मनोऽनुपचरितपक्षेऽपि परज्ञतादीनां विरोधः" (आ.प.पृ.

---

છે. આ જીવ સૌભાગ્યવાળો છે. તે જીવ દુર્ભાગી છે' - ઈત્યાદિ વ્યવહાર નામકર્મના કારણે થાય છે. (૭) 'આ જીવ ઉચ્ચગોત્રવાળો છે અથવા આ જીવ નીચગોત્રવાળો છે' - એવો વ્યવહાર ગોત્રકર્મના કારણે થાય છે. (૮) 'આ જીવ કૃપણ છે. તે જીવ ત્યાગી છે. આ જીવ ઉપભોગ વિનાનો છે. તે જીવ નિર્વીર્ય છે' - આવા પ્રકારનો વ્યવહાર અંતરાયકર્મના કારણે પ્રવર્તે છે. આમ કર્મના કારણે સંસારી જીવ ઉપરોક્ત વિવિધ પ્રકારના વ્યવહારનો વિષય બને છે."

### ✡ આત્મા નિશ્ચયથી સ્વજ્ઞાતા, વ્યવહારથી પરજ્ઞાતા ✡

(निरु.) નિરુપચરિતસ્વભાવના બળથી નિશ્ચયનયની અપેક્ષાએ સિદ્ધ ભગવંતમાં સ્વજ્ઞાતૃત્વ = સ્વપ્રકાશકત્વ વગેરે હોય છે. તથા ઉપચરિતસ્વભાવના પ્રભાવે વ્યવહારનયની અપેક્ષાએ સિદ્ધમાં પરજ્ઞાતૃત્વ = પરપ્રકાશકત્વ વગેરે જાણવું. આ જ અભિપ્રાયથી **કુંદકુંદસ્વામી**એ **નિયમસાર**માં જણાવેલ છે કે 'વ્યવહારનયથી કેવલી ભગવાન બધું જાણે છે, જુએ છે. નિશ્ચયથી કેવલજ્ઞાની પોતાને જાણે છે, જુએ છે.' આ નિરૂપણ 'સ્વાશ્રિત નિશ્ચય અને પરાશ્રિત વ્યવહાર' - આ પરિભાષા મુજબ સમજવું.

### ✱ કથંચિત્ ઉપચરિત-અનુપચરિત સ્વભાવનો સ્વીકાર ✱

(उपचरित.) જો જીવમાં સ્વાભાવિક ઉપચરિતસ્વભાવ માનવામાં ન આવે તો જીવમાં પરવસ્તુજ્ઞાતૃત્વ વગેરેનો સંભવ નહિ રહે. તથા જીવમાં એકાંતે ઉપચરિતસ્વભાવ માનવામાં આવે, અનુપચરિત સ્વભાવ ન માનવામાં આવે તો જીવમાં આત્મજ્ઞાતૃત્વ વગેરે નહિ સંભવે. તેથી આત્મામાં કથંચિત્ ઉપચરિત-સ્વભાવ અને કથંચિત્ અનુપચરિતસ્વભાવ સ્વીકારવો જરૂરી છે. **આલાપપદ્ધતિ** અને **બૃહદ્નયચક્રવૃત્તિ** આ બન્ને ગ્રંથમાં જણાવેલ છે કે 'આત્માને સર્વથા ઉપચરિતસ્વભાવવાળો માનવામાં આવે તો આત્મામાં આત્મજ્ઞતા સંભવશે નહિ. કારણ કે તમને ઉપચરિત પક્ષ જ માન્ય છે. તથા ઉપચરિતપક્ષમાં અનુપચરિત પક્ષ સંભવતો નથી. આત્મજ્ઞાતૃત્વ તો પરનિરપેક્ષ હોવાથી અનુપચરિત જ છે. તથા સર્વથા અનુપચરિત પક્ષને જ માનવામાં આવે તો આત્મામાં પરવસ્તુજ્ઞાતૃત્વનો વિરોધ આવશે.' અમે પૂર્વે જે જણાવેલ છે તેના દ્વારા ઉપરોક્ત બન્ને ગ્રંથના સંદર્ભનું સ્પષ્ટીકરણ થઈ જાય છે. કારણ કે નિશ્ચયનયના =

---

1. जानाति पश्यति सर्वं व्यवहारनयेन केवली भगवान्। केवलज्ञानी जानाति पश्यति नियमेन आत्मानम्।।

१५) इति **आलापपद्धति-बृहन्नयचक्रवृत्तिवचनं** ***व्याख्यातम्***,

एकान्तत एकतरानङ्गीकारेऽन्यतरसम्मतार्थाऽयोगात्। तथाहि – अनुपचरितपक्षापराभिधाननिश्चय-नयाभिप्रायेण आत्मनः केवलं स्वज्ञातृत्वादिकमेव परमार्थसत्, उपचरितपक्षाऽपराभिधानव्यवहारनयादेशेनैव आत्मनः परज्ञातृत्वादिकं सम्भवति। अत एकान्तत निश्चयाङ्गीकारे परज्ञातृत्वादिकम् एकान्ततो व्यवहाराङ्गीकारे च स्वज्ञातृत्वादिकं बाधितं स्यादित्युत्तानार्थः।

तदुक्तं दिगम्बरमतानुवादरूपेण **यशोविजयवाचकैः अनेकान्तव्यवस्थायां** "स्वभावस्याऽप्यन्यत्रोपचाराद् उपचरितस्वभावः। स द्वेधा – कर्मज-स्वाभाविकभेदात्। आद्यो यथा जीवस्य मूर्त्तत्वमचेतनत्वञ्च। द्वितीयो यथा सिद्धात्मनां परज्ञता परदर्शकत्वञ्च" (अने.पृ.७७) इति।

ज्ञानं यथा स्वस्वरूपं तद्रूपीभूय जानाति तथा न परद्रव्यादिकं तद्रूपीभूय जानातीति ज्ञानादौ स्वज्ञतादिकम् अनुपचरितं = नैश्चयिकं = पारमार्थिकम् उच्यते परज्ञतादिकञ्च उपचरितं =

---

અનુપચરિતપક્ષના મતે તો આત્મા ફક્ત આત્માને જ જાણે છે. તેના મતે આત્મજ્ઞાતૃત્વ એ જ પરમાર્થસિદ્ધ છે. જ્યારે વ્યવહારનયથી (= ઉપચરિતપક્ષથી) આત્મા અન્ય વસ્તુને જાણે છે.

**(एका.)** કહેવાનો આશય એ છે કે જે સ્વભાવનો અન્યત્ર ઉપચાર કરવામાં આવે છે, તે સ્વભાવ આરોપસ્થલમાં ઉપચરિતસ્વભાવ કહેવાય છે. અનુપચરિતસ્વભાવથી તો આત્મા આત્મજ્ઞ જ છે. તથા ઉપચરિતસ્વભાવથી આત્મા અન્યજ્ઞ છે. આ બે પક્ષમાંથી કોઈ એક જ સ્વભાવને એકાંતરૂપે માનવામાં આવે તો અન્યપક્ષસંમત વસ્તુ સંભવી નહિ શકે. તેથી એકાંતપક્ષમાં કાં તો આત્મા કેવળ આત્મજ્ઞ જ બની શકશે અથવા તો કેવલ પરજ્ઞ જ બની શકશે. પરંતુ સ્વ-પરજ્ઞાતૃત્વ આત્મામાં સંભવી નહિ શકે. એકાંતે નિશ્ચયનયને સ્વીકારવામાં આવે તો પરજ્ઞાતૃત્વ વગેરે બાધિત થશે. તથા એકાંતથી વ્યવહારનય અંગીકાર કરવામાં આવે તો સ્વજ્ઞાતૃત્વ વગેરે બાધિત થશે. આ પ્રમાણે અહીં સ્પષ્ટ અર્થ સમજવો.

### ❖ અનેકાન્તવ્યવસ્થા પ્રકરણનો સંદર્ભ ❖

**(तदुक्तं.)** દિગંબરમતના અનુવાદરૂપે **મહોપાધ્યાય શ્રીયશોવિજયજી** મહારાજે **અનેકાંતવ્યવસ્થા** પ્રકરણમાં જણાવેલ છે 'પોતાના મૂળ સ્વભાવનો પણ અન્યત્ર ઉપચાર કરવાથી તે અન્યત્ર ઉપચરિત સ્વભાવ તરીકે ઓળખાય છે. કર્મજન્ય અને સ્વાભાવિક એમ બે ભેદથી ઉપચરિતસ્વભાવ પણ દ્વિવિધ છે. પ્રથમ કર્મજન્ય ઉપચરિતસ્વભાવ આ પ્રમાણે છે. દા.ત. જીવમાં મૂર્ત્તત્વ અને અચેતનત્વ ઉપચરિતસ્વભાવ કહેવાય. સ્વાભાવિક ઉપચરિતસ્વભાવ સિદ્ધ ભગવંતોને હોય છે. તેમનામાં રહેલ પરવસ્તુજ્ઞાતૃત્વ અને પરવસ્તુદર્શકત્વ ઉપચરિતસ્વભાવ સ્વરૂપ છે.'

### ❯ પરજ્ઞત્વ સિદ્ધનો સ્વાભાવિક ઉપચરિતસ્વભાવ ❯

**(ज्ञानं.)** પ્રસ્તુતમાં એક વાત ખાસ ધ્યાનમાં રાખવા જેવી છે કે જ્ઞાન જે રીતે પોતાના સ્વરૂપને તદ્રૂપ થઈને જાણે છે, તે રીતે પરદ્રવ્ય વગેરેને તદ્રૂપ થઈને જાણતું નથી. તેથી જ્ઞાન-દર્શનમાં જે સ્વજ્ઞતા-સ્વદર્શકતા સ્વભાવ છે, તે અનુપચરિત = નૈશ્ચયિક = પારમાર્થિક કહેવાય છે. તથા જે પરજ્ઞતા-પરદર્શકતા સ્વભાવ છે, તે જ્ઞાન-દર્શનનો ઉપચરિત = વ્યાવહારિકસ્વભાવ કહેવાય છે. વળી, જ્ઞાનનો સ્વભાવ પ્રકાશકત્વ

व्यावहारिकम् उच्यते। ज्ञानस्य प्रकाशकत्वस्वभावाद् परज्ञत्वम् उपचरितत्वेऽपि स्वाभाविकमुच्यते। ज्ञान-ज्ञानिप्रभृतीनामभेदात् सिद्धात्मनां परज्ञतादिकमुपचरितस्वाभाविकस्वभावरूपतयेहोक्तमित्यवधेयम्।

तैरेव **द्वात्रिंशिकाप्रकरणवृत्तौ** "द्विविधो ह्युपचरितस्वभावो गीयते – स्वाभाविक औपाधिकश्च। आद्यः परज्ञता-परदर्शकत्वलक्षणः। अन्त्यश्च विचित्रः" (द्वा.द्वा.५/१८ वृ.भाग-२/पृ.३२८) इति यदुक्तं तदप्यत्रानुसन्धेयम्। अधिकन्तु तद्वृत्तौ **नयलतायाम्** अवोचाम।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – कर्मजनितोपचरितस्वभावोपदर्शनाशयः तु एवं ज्ञायते यदुत कर्मजनितानां बाह्योपाधीनां जागृतिविरहे कर्मजनकता न दुर्लभा। 'अयं प्रवीणः, स मूर्खः, अयं श्रीमान्, स तु दरिद्रः' इत्याद्यौपाधिकव्यवहारजनितयोः सुख-दुःखयोः नूतनोपाधिजनकत्वं न स्यात् तथा यतितव्यमात्मार्थिना। तदर्थं कर्म-नोकर्मादीनां कर्तृत्वादिभावः त्याज्यः ज्ञातृत्वभावश्चोपादेयः। तथा निरुपचरित-निःसङ्ग-निजस्वरूपप्रकाशकशुद्धचैतन्यस्वभावगोचरौ च कर्तृत्व-भोक्तृत्वभावौ उपादेयौ प्रतिदिनं दीर्घकालं सादरम् अनुपचरितनिजस्वभावाभ्यासवशेन। स चैवम् – 'इमे विभावस्वभावा-

હોવાથી જ્ઞાનગત પરજ્ઞતા ઉપચરિત હોવા છતાં પણ સ્વાભાવિક (=સહજ) સ્વભાવ કહેવાય છે. જ્ઞાન અને જ્ઞાની = કેવલજ્ઞાની વચ્ચે અભેદ હોવાથી પ્રસ્તુતમાં પરજ્ઞતા વગેરે સ્વભાવને જ્ઞાનાદિના સ્વાભાવિક ઉપચરિતસ્વભાવ કહેવાના બદલે સિદ્ધ ભગવંતના સ્વાભાવિક ઉપચરિતસ્વભાવ તરીકે જણાવેલ છે.

### * દ્વાત્રિંશિકાવૃત્તિનો સંદર્ભ *

(तैरेव.) **મહોપાધ્યાય શ્રીયશોવિજયજી** મહારાજે જ **દ્વાત્રિંશિકા** પ્રકરણની **વૃત્તિ**માં જણાવેલ છે કે 'ઉપચરિતસ્વભાવ બે પ્રકારનો કહેવાય છે - સ્વાભાવિક અને ઔપાધિક. સ્વાભાવિક = સ્વભાવજનિત ઉપચરિતસ્વભાવ પરવસ્તુજ્ઞાતૃત્વ ને પરવસ્તુદર્શકત્વ સ્વરૂપ સમજવો. અંત્ય = ઔપાધિક = ઉપાધિજનિત (= કર્મજનિત) ઉપચરિતસ્વભાવ તો અનેક પ્રકારનો છે.' તેમની આ વાતનું પણ પ્રસ્તુતમાં અનુસંધાન કરવું. આ વિષયમાં અધિક નિરૂપણ અમે દ્વાત્રિંશિકા પ્રકરણની **નયલતા** નામની વ્યાખ્યામાં કરેલ છે.

### ● નવી ઉપાધિઓ ભેગી ન કરીએ ●

**આધ્યાત્મિક ઉપનય** :- કર્મજનિત ઉપચરિતસ્વભાવને દર્શાવવાની પાછળ આશય એવો જણાય છે કે બાહ્ય ઉપાધિ કર્મજનિત છે. તથા જો જાગૃતિ રાખવામાં ન આવે તો ઉપાધિ કર્મજનક બની જતાં વાર ન લાગે. 'આ હોંશિયાર, તે મૂરખ, આ શ્રીમંત, તે ગરીબ' - વગેરે સ્વરૂપ ઔપાધિક વ્યવહારથી ઉત્પન્ન થયેલ સુખ-દુઃખ નવી આધિ-વ્યાધિ-ઉપાધિનું જનક બની ન જાય તેની સાવધાની રાખવી તે આત્માર્થી જીવનું ઉમદા કર્તવ્ય છે. તે માટે કર્મ, નોકર્મ (શરીરાદિ) વગેરેનો કર્તૃત્વ -ભોક્તૃત્વભાવ છોડવો તથા જ્ઞાતા-દ્રષ્ટાભાવને ગ્રહણ કરવો. તેમજ નિરુપચરિત નિઃસંગ નિજસ્વરૂપપ્રકાશક શુદ્ધચૈતન્યસ્વભાવને વિશે કર્તૃત્વભાવ અને ભોક્તૃત્વભાવ આદરવો. તે માટે રોજ દીર્ઘકાળ સુધી અહોભાવપૂર્વક નિરુપચરિત નિજસ્વભાવનો અભ્યાસ કરવાની ટેવ પાડવી. તે અભ્યાસ આ રીતે કરી શકાય કે - "(૧) રાગ-દ્વેષ વગેરે વિભાવપરિણામો અને (૨) વિતર્ક-વિકલ્પના તરંગોની હારમાળા ખરેખર વિભાવસ્વભાવ, અશુદ્ધસ્વભાવ, કર્મ, કાળ વગેરે પરિબળોની પ્રેરણાથી નિરંતર પ્રગટ થયે

ऽशुद्धस्वभाव-कर्म-कालादिप्रेरिता राग-द्वेषादिविभावपरिणामाः, वितर्क-विकल्पकल्लोलमाला, कोलाहल -कदन्न-किङ्कर-कृमि-कन्या-कामिनी-कुटुम्ब-काय-काञ्चन-कीर्त्ति-कूप-क्रयाणक-कस्तूरिका-कमल-कट-कपिल -कन्थादयश्च मम दर्पणकल्पे ज्ञाने प्रतिभासन्ते = प्रतिफलन्ति। न चेमे मत्स्वरूपाः, एषां नश्वर-जडोच्छिष्टोत्कर-निर्धमण-स्फोटक-कङ्कालादिरूपत्वात्। अहं तु नित्यः चेतनः परमशुचिरूपश्च। अत एव नाऽहमेषां भवामि, न वेमे मम भवन्ति, एषां पौद्गलिकत्वात्। न चाऽहम् एषां कर्ता, तत्तत्कर्मादिपुद्गल-काल-विभावादिस्वभाव-नियतिप्रभृतिप्रसूतत्वादेषाम्। न चाहमेषां भोक्ता, मम अनादिनिधनपरममधुर-चैतन्यरसमय-निजपरमानन्दभोगनिमग्नत्वात्।

परमार्थत उपयोगरूपोऽहम् उपयोगे एव वसामि। रागादयश्च रागादिष्वेव तिष्ठन्ति। न चोपयोगात्मके मयि रागादिभावकर्माणि, ज्ञानावरणादिद्रव्यकर्माणि, देहादिनोकर्माणि वा सन्ति, परस्परम् अत्यन्तं स्वरूपवैपरीत्येन पारमार्थिकाऽऽधाराऽऽधेयभावरहितत्वात्। सन्तु वा रागादयः मोहादिकर्म-पुद्गलेषु, रागादिभावकर्म-द्रव्यकर्मणां मिथः साजात्यात्। सन्तु वितर्कादयः अन्तःकरणादिषु, कोलाहल

---

જ રાખે છે. (૩) કોલાહલ, કદન્ન (ખરાબ ભોજન), કિંકર, કૃમિ, કન્યા, કામિની, કુટુંબ, કાયા, કાંચન, કીર્ત્તિ, કૂવો, કરિયાણું, કસ્તૂરી, કમળ, સાદડી, કૂતરો (કપિલ), ગોદડી વગેરે પદાર્થો પણ કર્મ, કાળ વગેરે કારણોના પ્રતાપે મળે છે. આ ત્રણેય પ્રકારના આંતર-બાહ્ય પદાર્થોનું પ્રતિબિંબ દર્પણતુલ્ય મારા જ્ઞાનમાં સતત પડે જ રાખે છે. પરંતુ આ પદાર્થો મારું સ્વરૂપ નથી. મારા સ્વરૂપે એ પદાર્થો રહેતા નથી. કારણ કે તેઓ નશ્વર છે, હું નિત્ય છું. કોલાહલ-કદન્ન વગેરે જડ છે. હું ચેતન છું. કાયા-કાંચન વગેરે પુદ્ગલો પણ એંઠવાડ સ્વરૂપ છે. અનંતા જીવોએ ભોગવી-ભોગવીને તેને છોડેલ છે. કન્યા, કામિની વગેરે તો જંગમ (Mobile) ઉકરડો જ છે. કાયા વગેરે ગટરસ્વરૂપ છે. રાગાદિ અને વિકલ્પાદિ તો ફોડલા (ગૂમડા) જ છે. કાયા, કન્યા, કામિની આદિ હાડપિંજર સ્વરૂપ અશુચિ છે, ગંદી ચીજ છે. જ્યારે ચૈતન્યસ્વરૂપ હું તો પરમશુચિ-પરમપવિત્ર છું. આ જ કારણે હું તેઓનો નથી થતો તથા તેઓ મારા નથી થતા. એ પદાર્થો પૌદ્ગલિક છે. એ મારાથી ભિન્ન છે. હું એનો કર્તા નથી. કારણ કે જુદા-જુદા કર્માદિ પુદ્ગલદ્રવ્યો, કાળ, વિભાવ વગેરે સ્વભાવ, નિયતિ વગેરે દ્વારા તેઓ ઉત્પન્ન થયા છે. તથા હું તેઓનો ભોક્તા પણ નથી. કારણ કે હું તો અનાદિ-અનંત પરમ મધુર ચૈતન્યરસમય મારા પોતાના પરમાનંદના ભોગવટામાં ગળાડૂબ છું. હું ક્યાં તેઓને ભોગવવા જાઉં?

### રાગ રાગમાં વસે, જ્ઞાન જ્ઞાનમાં વસે

**(परमा.)** પરમાર્થથી તો હું ઉપયોગસ્વરૂપ છું. ઉપયોગમાં જ હું વસું છું. તથા રાગાદિ પદાર્થો તો રાગાદિમાં જ વસે છે. હું તો ઉપયોગાત્મક છું. તેથી મારામાં રાગાદિ ભાવકર્મ, જ્ઞાનાવરણીયાદિ દ્રવ્યકર્મ કે દેહાદિ નોકર્મ રહેલા નથી. ભાવકર્મ, દ્રવ્યકર્મ અને નોકર્મ - આ ત્રણ અને મારા વચ્ચે અત્યંત સ્વરૂપવિપરીતતા રહેલ છે. મારા ચૈતન્યસ્વરૂપથી અત્યંત વિપરીતસ્વરૂપ ભાવકર્મ-દ્રવ્યકર્મ-નોકર્મનું છે. તેથી તે ત્રણ અને મારા વચ્ચે પારમાર્થિક આધાર-આધેયભાવ રહેતો નથી. અથવા રાગાદિસ્વરૂપ વિભાવ પરિણામો મોહનીયકર્મ વગેરે સ્વરૂપ પુદ્ગલોમાં ભલે રહો. કારણ કે રાગાદિ ભાવકર્મ અને મોહનીયાદિ

-कदन्नादयश्च भाषावर्गणौदारिकवर्गणादिषु, तत एव। कथं प्रातिवेश्मिकगृहस्थितान् रागादीन्, परदेशस्थितांश्च कोलाहल-कदन्नादीन् अहं भुञ्जीय ? भुञ्जन्तु तान् कर्म-मन-इन्द्रिय-देहादयः। अहं तु तेषु स्वत्व-स्वामित्व-कर्तृत्व-भोक्तृत्वादिभावशून्यः साक्ष्येव। न चेमे मत्स्वरूपस्य साधका बाधका वा, मम निजचित्स्वभावलीनत्वात्।

वस्तुतस्तु इमान् सर्वान् रागादीन् नैव कुर्वे, न भुञ्जे, न वा जाने किन्तु रागाद्याकारप्रतिभास-परिणतं मदीयं ज्ञानमेव केवलं जानामि। दर्पणकल्पे ज्ञाने प्रतिबिम्बितान् तत्तज्ज्ञेयाकारान् जाने। ज्ञानं न प्रतिबिम्ब्यमानरागाद्यात्मकम्, अन्यथा तत् प्रतिबिम्ब्यमानकोलाहल-कदन्न-किङ्कराद्यात्मकमपि स्यात्। तथा च तस्य जडता आपद्येत। न खलु दर्पणे प्रतिफलिता अग्निज्वाला दर्पणे वर्तते, किन्तु अग्नौ एव। दर्पणे तु केवलं ज्वालाप्रतिबिम्बं वर्त्तते। तथैव ज्ञानदर्पणे रागादिप्रतिभासो

---

દ્રવ્યકર્મ વચ્ચે પરસ્પર સાજાત્ય રહેલ છે. તે રીતે સાજાત્યના લીધે જ વિતર્ક, વિકલ્પ વગેરે ભાવો અંતઃકરણાદિમાં રહી શકે તથા કોલાહલ ભાષાવર્ગણાદિમાં રહી શકે અને કદન્ન (કુભોજન) આદિ પદાર્થો ઔદારિકાદિ વર્ગણામાં રહી શકે. પરંતુ દ્રવ્યકર્મ તે હું નથી. દ્રવ્યકર્મ તો મારા પાડોશી છે. પાડોશીના ઘરમાં રહેલા રાગાદિને હું કેવી રીતે ભોગવું ? તથા કોલાહલધારક ભાષાવર્ગણા વગેરે તો મારા માટે પરદેશ છે. પરદેશમાં રહેલા કોલાહલ, કુભોજન વગેરેનો હું કેવી રીતે ભોગવટો કરી શકું ? તેથી હું તેઓનો ભોક્તા નથી. કર્મ, મન, ઈન્દ્રિય, શરીર વગેરે ભલે પૂર્વોક્ત ત્રણેય રાગાદિ પદાર્થોનો ભોગવટો કરે. પરંતુ હું તો રાગાદિ ત્રણેય પદાર્થોનો માલિક નથી, કર્તા નથી, ભોક્તા નથી. રાગાદિ ત્રણેય પદાર્થો મારા નથી. તેથી રાગાદિસાપેક્ષ એવા સ્વત્વ, સ્વામિત્વ, કર્તૃત્વ, ભોક્તૃત્વ વગેરે ભાવોથી શૂન્ય એવો હું તેઓનો માત્ર સાક્ષી જ છું. મારે અને તેઓને કોઈ લેવા-દેવા નથી. તે મારા ચૈતન્યસ્વરૂપના સાધક નથી કે બાધક નથી. કેમ કે હું તો મારા ચૈતન્ય સ્વભાવમાં લીન થયેલો છું.'' (**ગુણસેન, ગજસુકુમાલ મુનિ, ખંધક મુનિ, મેતાર્ય મુનિ** વગેરેના દૃષ્ટાંતથી આ બાબતની વધુ સ્પષ્ટ વિભાવના કરી શકાય.)

**❀ 'આત્મા રાગાદિનો કર્તા-ભોક્તા-જ્ઞાતા નથી' - તેવું સંવેદન કરીએ ❀**

(**વસ્તુ.**) ''વાસ્તવમાં તો આ રાગાદિ સર્વ પદાર્થોને નથી તો હું કરતો, નથી તો હું ભોગવતો કે નથી તો હું જાણતો. હું તો રાગાદિ જ્ઞેય પદાર્થોના આકારથી પરિણત થયેલા એવા મારા જ્ઞાનને જ માત્ર જાણું છું. અરીસા જેવા મારા નિર્મળ જ્ઞાનમાં પ્રતિબિંબિત થતા તે તે જ્ઞેયાકારોને હું જાણું છું. જ્ઞાનદર્પણમાં જ્ઞેય એવા રાગાદિ પદાર્થોનું પ્રતિબિંબ પડે છે પણ જ્ઞાન સ્વયં રાગાદિસ્વરૂપે પરિણમી જતું નથી. બાકી તો જ્ઞાનદર્પણમાં કોલાહલ, કુભોજન, કિંકર વગેરેનું પ્રતિબિંબ પણ પડે છે. કોલાહલાદિનો પ્રતિભાસ જ્ઞાનમાં થાય જ છે. તેથી જ્ઞાન કોલાહલ-કુભોજન વગેરે સ્વરૂપે પણ પરિણમી જવાની સમસ્યા સર્જાશે. તો તો જ્ઞાન પોતે જડ થઈ જશે. તેથી નક્કી થાય છે કે જ્ઞાન જ્ઞેયાકારપ્રતિભાસસ્વરૂપે પરિણમે છે. પણ જ્ઞેયસ્વરૂપે પરિણમતું નથી. જેમ અરીસામાં અગ્નિની જ્વાળા દેખાય ત્યારે વિવેકીને ખ્યાલ છે કે 'જ્વાળા તો અગ્નિમાં જ છે. અરીસામાં જ્વાળા પ્રવેશેલ નથી. અરીસામાં જે જણાય છે, તે જ્વાળાનું પ્રતિબિંબ છે.' તે જ પ્રમાણે વિવેકી સાધકને ખ્યાલમાં આવે છે કે 'રાગાદિ પરિણામો જ્ઞાનદર્પણમાં

वर्त्तते, न तु रागादिकम्। तच्च कर्मपुद्गलेष्वेव विद्यते। ततश्च स्वस्मिन् प्रतिफलितरागादिज्ञेयाकारं जानानं ज्ञानमेव मया ज्ञायते। तुच्छासाररागादिप्रतिभासावबोधेन मम अलम्। अहं तु परप्रतिभासौदासीन्येन निजचैतन्यस्वभावतन्मयभावत उपादेयभावेन स्वप्रकाशमयां ज्ञाननिर्मलताम् अनुपचरितां संवेद्मि। ज्ञानगतां परप्रतिभासकताम् उपचरितस्वभावलक्षणाम् उपेक्ष्य अनुपचरितायां स्वप्रकाशतायां दृष्टिस्थापनेन किमपि अपूर्वं शान्तसुधारस-समाधिरसाऽनुविद्धं चैतन्यमयं निरुपाधिकनिजानन्द-माधुर्यमास्वादयामि। रसान्तरानुभवनेनाऽलम्' – इत्यादिरूपेण निजनिरुपाधिकस्वरूपसंवेदनाऽभ्यासः कार्यः विषयाऽऽकर्षणोच्छेदकः। प्रकृते "स्वगुणैरेव तृप्तिश्चेदाकालमविनश्वरी। ज्ञानिनो विषयैः किं तैः, यैर्भवेत् तृप्तिरित्वरी।।" (ज्ञा.सा.१०/२) इति **ज्ञानसार**कारिका भावनीया।

तात्त्विकज्ञानयोगी तु स्वभूमिकोचितप्रशस्ताचार-भावादिकमपि ज्ञानदर्पणप्रतिभासिततया पश्यन् तत्कर्तृत्वादिपरिणतिपरिहारेण उपादेयभावतः ज्ञानदर्पणनिर्मलतां संवेदयन् ज्ञानप्रतिभासितपरद्रव्य-

---

પ્રતિબિંબિત થાય છે. જ્ઞાનમાં રાગાદિનું પ્રતિબિંબ = જ્ઞેયાકાર માત્ર છે. બાકી રાગાદિ તો કર્માદિપુદ્ગલોમાં રહેલા છે. જ્ઞાનદર્પણમાં રાગાદિ વિભાવપરિણામો ઘૂસી નથી ગયા. તેથી પોતાનામાં પ્રતિબિંબિત થયેલા રાગાદિજ્ઞેયાકારને જાણતું જ્ઞાન જ મારા દ્વારા જણાય છે પરંતુ તુચ્છ અને અસાર એવા રાગાદિપ્રતિભાસને જાણવાનું મારે શું કામ છે ? તેને જાણવાથી મારે સર્યું. હું તો રાગાદિ પર પદાર્થના પ્રતિભાસથી ઉદાસીન બનીને મારા પોતાના ચૈતન્યસ્વભાવમાં તન્મય થઈને ઉપાદેયભાવથી જ્ઞાનની નિર્મળતાનું જ સંવેદન કરું. જ્ઞાનની નિર્મળતા સ્વપ્રકાશમય છે, અનુપચરિત છે. જ્ઞાનમાં રહેલી ઉપચરિતસ્વભાવરૂપ પરપ્રતિભાસકતાની ઉપેક્ષા કરીને અનુપચરિત = તાત્ત્વિક એવી સ્વપ્રકાશતામાં જ હું મારી દૃષ્ટિને સ્થાપું છું. તેના દ્વારા નિજાનંદની અપૂર્વ મધુરતાનો આસ્વાદ માણવા મળે છે. આ નિજાનંદની મધુરતા નિરુપાધિક છે. કારણ કે તે શુદ્ધચૈતન્યમય છે. સાથે સાથે શાંતરસનું અમૃત તથા સમાધિરસનું અમૃત પણ તે નિજાનંદમાધુર્યમાં વણાયેલ છે. હવે વિભાવાદિના બીજા રસાસ્વાદની મારે જરૂર નથી." આવા પ્રકારે પોતાના નિરુપાધિક સ્વરૂપનું સંવેદન કરવાનો રોજે રોજ એવો અભ્યાસ કરવો કે જે બાહ્ય વિષયોના આકર્ષણનો ઉચ્છેદ કરે. પ્રસ્તુતમાં **જ્ઞાનસાર**ના તૃપ્તિઅષ્ટકનો બીજો શ્લોક ઊંડાણથી ભાવિત કરવો. તેમાં **મહોપાધ્યાયજી**એ જણાવેલ છે કે 'જો જ્ઞાનીને પોતાના જ્ઞાનાદિ ગુણોથી જ શાશ્વતી તૃપ્તિ થતી હોય તો જેનાથી ક્ષણિક તૃપ્તિનો આભાસ થાય તેવા ઈન્દ્રિયવિષયોની શી જરૂર છે ?' મતલબ કે સ્વગુણતૃપ્ત જ્ઞાનીને બાહ્ય વિષયોની જરાય પડી હોતી નથી.

### ✻ જ્ઞાની શુભ ક્રિયા-ભાવને પણ જ્ઞાનદર્પણમાં સ્થાપે ✻

**(તાત્ત્વિ.)** તાત્ત્વિક જ્ઞાનયોગીના જીવનમાં તેમની પોતાની ભૂમિકાને ઉચિત એવા પ્રશસ્ત આચાર અને પ્રશસ્ત ભાવ અવશ્ય હોય છે. પણ તે પ્રશસ્ત આચાર+ભાવને પણ તેઓ પોતાના જ્ઞાનદર્પણમાં પ્રતિભાસિત સ્વરૂપે જોઈ રહેલા હોય છે. 'મેં આ ક્રિયા કરી. મેં આ શુભ ભાવને કર્યો' - આ મુજબ કર્તૃત્વભાવને તેઓ સ્પર્શતા નથી. પોતાના જ્ઞાનમાં પ્રતિભાસિત થતા વિકલ્પાદિની જેમ પ્રશસ્ત આચારને અને ભાવને જોતા-જોતા તેઓ તેના પ્રત્યે પણ ઉદાસીનભાવ રાખીને જ્ઞાનદર્પણની નિર્મળતાનું જ

गुण-पर्यायगोचरमोहं नैव स्पृशति किन्तु असङ्गभावेन ततः प्रयाति।

प्रकृते "यश्चिद्दर्पणविन्यस्त-समस्ताचारचारुधीः। क्व नाम स परद्रव्येऽनुपयोगिनि मुह्यति।।" (ज्ञा.सा.४/८) इति **ज्ञानसार**कारिका विभावनीया। इत्थमेवाऽऽत्मज्ञानं सम्भवेत्। तदुक्तं **समयसारे कुन्दकुन्दस्वामिना** [1]"कम्मस्स य परिणामं णोकम्मस्स य तहेव परिणामं। ण करेइ एयमादा जो जाणदि सो हवदि णाणी।।" (स.सा.७५) इति।

तच्चेतसिकृत्य उपाधिविसर्जनकृते उपलब्धो मनुष्यभवोऽभिनवोपाधिसर्जने न व्ययितव्यः। तथाविधात्मजागृत्या कर्मोत्खननोद्देशेन बहिरङ्गाऽन्तरङ्गसाधनायां बद्धकक्षतया भाव्यमात्मार्थिना। ततश्च [2]"णट्ठट्ठकम्मबंधा अट्ठमहागुणसमण्णिया परमा। लोयग्गठिदा णिच्चा सिद्धा ते एरिसा होंति।।" (नि.सा.७२) इति **नियमसारे कुन्दकुन्दस्वामि**प्रदर्शितं सिद्धसुखं प्रत्यासन्नतरं स्यात्।।१२/११।।

---

ઉપાદેયભાવે સંવેદન કરે છે. જ્ઞાનની નિર્મળતા જ તેમના અંતઃકરણમાં ઉપાદેયપણે વસેલી હોય છે. તેથી પોતાના જ્ઞાનમાં પ્રતિભાસિત થતા પારકા દ્રવ્ય-ગુણ-પર્યાયનું આકર્ષણ પણ તેમના અંતરમાં જાગતું નથી. પરદ્રવ્યાદિના મોહને તેઓ જરા ય નથી સ્પર્શતા. પરંતુ પોતાના જ્ઞાનમાં ભાસતા પરદ્રવ્યાદિ-પ્રશસ્તક્રિયા-પ્રશસ્તભાવાદિમાંથી તેઓ અસંગભાવથી પસાર થઈ જાય છે. 'મેં આ કર્યું. હું આ જાણું છું' - ઈત્યાદિસ્વરૂપે અહંકારના વમળમાં તેઓ ખૂંચતા નથી.

### ❖ કર્મપરિણામના કર્તા નહિ, જ્ઞાતા રહીએ ❖

**(प्रकृ.)** આ અંગે **જ્ઞાનસાર**ના એક શ્લોકની વિભાવના કરવા જેવી છે. ત્યાં **મહોપાધ્યાયજી** મહારાજે જણાવેલ છે કે 'જ્ઞાનસ્વરૂપ દર્પણમાં જ્ઞાનાદિ સમસ્ત પંચાચારને સ્થાપવાથી જેમનો બોધ નિર્મળ થયેલ છે, તે નકામા પરદ્રવ્યમાં ક્યાં મોહ પામે?' મતલબ કે પોતાના જીવનમાં વણાયેલા અને ઉપયોગી એવા સંયમસાધક આચારમાં પણ કર્તૃત્વભાવ-મમત્વભાવાદિથી જે મોહિત થતા ન હોય તેવા મહર્ષિ અનુપયોગી એવા પરદ્રવ્ય-ગુણાદિસંબંધી સ્વત્વ-સ્વામિત્વ-કર્તૃત્વ-ભોક્તૃત્વાદિ મલિન ભાવોથી મૂઢ ન જ બને. આવું થાય તો જ આત્મજ્ઞાન સંભવે. તેથી **સમયસાર**માં **કુંદકુંદસ્વામી**એ જણાવેલ છે કે 'કર્મના પરિણામને તેમજ નોકર્મના પરિણામને જે આત્મા કરતો નથી પરંતુ જાણે છે, તે જ્ઞાની થાય છે.'

### ❋ બાહ્ય-આંતર સાધનામાં લીન થઈએ ❋

**(तच्चे.)** આ બાબતને મનમાં દૃઢતાથી સ્થાપીને, 'ઉપાધિઓને છોડવા માટે મળેલો માનવભવ નવી નવી ઉપાધિઓને ભેગી કરવામાં વેડફાઈ ન જાય તેવી જાગૃતિ રાખી કર્મને ઉખેડવા માટે બહિરંગ અને અંતરંગ સાધનામાં આત્માર્થી સાધકે સદા સજ્જ રહેવું' - આવી ભલામણ આ શ્લોક દ્વારા પ્રાપ્ત થાય છે. તેનાથી **નિયમસાર**માં જણાવેલ સિદ્ધસુખ ખૂબ નજીક આવે. ત્યાં **કુંદકુંદસ્વામી**એ જણાવેલ છે કે 'આઠેય પ્રકારના કર્મબંધનો નાશ કરીને, આઠ મહાગુણોથી યુક્ત, લોકાગ્રભાગમાં રહેલા, તે સિદ્ધ ભગવંતો આવા સર્વોત્તમ હોય છે.' (૧૨/૧૧)

---

1. कर्मणश्च परिणामं नोकर्मणश्च तथैव परिणामम्। न करोति एनमात्मा यो जानाति स भवति ज्ञानी।।
2. नष्टाष्टकर्मबन्धाः अष्टमहागुणसमन्विताः परमाः। लोकाग्रस्थिताः नित्याः सिद्धाः ते ईदृशा भवन्ति।।

**જી હો દસઈ વિશેષસ્વભાવ એ, લાલા સવિ♦ ઈકવીસ સંભાલિ;**

**જી હો સવિહું પુદ્ગલ-જીવનઈ, લાલા પન્નરભેદ છઈ કાલિ ॥૧૨/૧૨॥(૨૦૯)ચતુર.**

એ **દસઈ વિશેષસ્વભાવ**, નિયતદ્રવ્યવૃત્તિ માટઈ.એ મધ્યે પૂર્વોક્ત ૧૧ સામાન્યસ્વભાવ (**સંભાલિ**=) ભેલિઇં, તિવારઈ **સર્વ** મિલીનઈં **એકવીસ** સ્વભાવ થાઈ. **પુદ્ગલ-જીવનઈ** એ (**સવિહું**=) ૨૧ ઈ સ્વભાવ

---

उपसंहरति – '**विशेषे**'ति।

**विशेषाख्या स्वभावा हि दशैकादशमीलिताः।**

**जीव-पुद्गलयोः सन्ति काले पञ्चदशाऽक्षताः।।१२/१२।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – विशेषाख्याः स्वभावाः दश हि (भवन्ति)। एकादशमीलिताः (एते दशस्वभावाः एकविंशतिः भवन्ति)। (एते एकविंशतिस्वभावाः) जीव-पुद्गलयोः सन्ति। काले पञ्चदश (स्वभावाः) अक्षताः।।१२/१२।।

एते [1]"चेदनमचेदणं पि हु मुत्तममुत्तं च एग-बहुदेसं। सुद्धासुद्ध-विभावं उपचरियं होइ कस्सेव।।" (द्र.स्व.प्र.६०) इति **द्रव्यस्वभावप्रकाश**वचनानुसारेण चेतनस्वभावाद्याः उपचरितस्वभावपर्यवसाना **दश हि** = एव **स्वभावा विशेषाख्याः**, प्रतिनियतद्रव्यवृत्तित्वात्। एते दश विशेषस्वभावाः **एकादश-मीलिताः** = अस्तित्वादि-परमभावस्वभावपर्यवसानैकादशसामान्यस्वभावैः एकादशशाखाव्याख्यातस्वरूपैः सह सम्मीलिता एकविंशतिः भवन्ति। एते एकविंशतिस्वभावाः **जीव-पुद्गलयोः सन्ति**।

---

**અવતરણિકા** :- પ્રસ્તુત વિષયનો ઉપસંહાર કરતા ગ્રંથકારશ્રી જણાવે છે કે :-

### ✧ વિશેષસ્વભાવનિરૂપણ ઉપસંહાર ✧

**શ્લોકાર્થ** :- વિશેષ નામના સ્વભાવ દસ જ છે. પૂર્વના અગ્યાર સામાન્યસ્વભાવની સાથે તે ભેગા કરવામાં આવે તો કુલ એકવીસ સ્વભાવ થાય. જીવમાં અને પુદ્ગલમાં એકવીસ સ્વભાવ રહેલા છે. જ્યારે કાળમાં પંદર સ્વભાવ અબાધિત છે. (૧૨/૧૨)

### ❋ જીવ-પુદ્ગલમાં ૨૧ સ્વભાવ ❋

**વ્યાખ્યાર્થ** :- '(૧) ચેતન, (૨) અચેતન, (૩) મૂર્ત, (૪) અમૂર્ત, (૫) એકપ્રદેશ, (૬) બહુપ્રદેશ, (૭) શુદ્ધ, (૮) અશુદ્ધ, (૯) વિભાવ અને (૧૦) ઉપચરિતસ્વભાવ (સર્વ દ્રવ્યમાં રહેતા નથી પણ) કોઈક જ દ્રવ્યમાં રહે છે' - આ પ્રમાણે **દ્રવ્યસ્વભાવપ્રકાશ** ગ્રન્થમાં જણાવેલ ચેતનસ્વભાવથી માંડીને ઉપચરિતસ્વભાવ સુધીના આ દસ સ્વભાવ જ વિશેષસ્વભાવ કહેવાય છે. કારણ કે આ દસ સ્વભાવ પ્રતિનિયત દ્રવ્યમાં જ રહે છે. પૂર્વે ૧૧ મી શાખામાં જણાવેલ અસ્તિત્વસ્વભાવથી માંડીને પરમભાવસ્વભાવ સુધીના અગ્યાર સામાન્યસ્વભાવની સાથે પ્રસ્તુત દસ વિશેષસ્વભાવને ભેગા કરવામાં આવે તો કુલ એકવીસ સ્વભાવ થાય છે. આ એકવીસ સ્વભાવ જીવ અને પુદ્ગલ દ્રવ્યમાં વિદ્યમાન હોય છે.

---

♦ મ.માં 'સબ' પાઠ. કો.(૨+૪+૭) + આ.(૧)નો પાઠ લીધો છે.

1. चेतनमचेतनमपि हि खलु मूर्त्तममूर्त्तं चैकबहुदेशम्। शुद्धाऽशुद्धविभाव उपचरितः भवति कस्यैव।।

હોઈ. તથા (**કાલિ**=) **કાલ** દ્રવ્યનઈ વિષઈ (**પન્નરભેદ**=) ૧૫ સ્વભાવ (**છઈ**=) હોઇ, ૨૧ માંહિથી ૬ કાઢિઈ તિ વારઈ ॥**૧૨/૧૨**॥ (૨૦૬)

**काले** पुनः **पञ्चदश** स्वभावा **अक्षताः** = अव्याहताः।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – पूर्वोक्ता ये एकादश सामान्यस्वभावाः तेभ्यः चैतन्यस्वरूप-परमस्वभावस्य पूर्णतया विशुद्धरूपेण च प्रादुर्भावाय इह मुख्यतया चेतनस्वभावाऽमूर्त्तस्वभाव-शुद्धस्वभावा उपदर्शिताः। तदाविर्भावाय सततं यतितव्यमिति काक्वा सूच्यते। तत्कृते च स्व-परभेदविज्ञानाभ्यासः कर्तव्यः अहर्निशम्। तथाहि – उपयोगस्य निजचैतन्यस्वरूपत्वम्। रागादेश्च कर्मादिपुद्गलविकारात्मकत्वात् जडत्वम्। बाह्याऽभ्यन्तरविषयसन्निधाने सति उपयोगः तदाकारः सम्पद्यते, निर्मलत्वात्, स्फटिकादिरिव रक्ताद्याकारः।

***यद्यपि*** स्फटिकादिनिर्मलताया इव उपयोगनिर्मलतायाः सर्वदा स्वरूपपरिणमने सामर्थ्यं विद्यते एव, उपयोगस्य निजचैतन्यस्वरूपानुविधायिपरिणामरूपत्वात्, उपयोगनिर्मलतायाश्च उपयोगाभिन्नत्वात्, अन्यथा जीवस्य जडत्वमापद्येत ***तथाऽपि*** गाढमिथ्यात्वदशायां विभावादिस्वभावसामर्थ्यवशतः पञ्चेन्द्रियद्वारा

(**काले.**) જ્યારે કાળમાં તો પંદર સ્વભાવ જ અબાધિત છે.

### ❁ મુખ્ય ધ્યેયને ઝડપથી હાંસલ કરીએ ❁

**આધ્યાત્મિક ઉપનય** :- અગ્યારમી શાખામાં જણાવેલ અગ્યાર સામાન્યસ્વભાવમાંથી ચૈતન્યસ્વરૂપ પરમસ્વભાવને પૂર્ણતયા વિશુદ્ધપણે પ્રગટ કરવાના મુખ્ય ધ્યેયથી બારમી શાખામાં જણાવેલ ચેતન-સ્વભાવ, અમૂર્ત્તસ્વભાવ અને શુદ્ધસ્વભાવને પ્રગટ કરવા સતત તત્પર રહેવાની સૂચના આડકતરી રીતે આમાં પ્રાપ્ત થાય છે. તે માટે રાત-દિવસ સ્વ-પરભેદવિષયક વિજ્ઞાનનો અભ્યાસ કરવો જોઈએ. તે આ રીતે - ઉપયોગ એ આપણું ચૈતન્યસ્વરૂપ છે. તથા રાગાદિ જડ છે. કારણ કે તે કર્મ વગેરે પુદ્ગલોના વિકારસ્વરૂપ છે. જ્યારે જ્યારે બહારના કે અંદરના વિષયોનું સન્નિધાન થાય, ત્યારે ત્યારે ઉપયોગ તે-તે વિષયાકારવાળો બને છે. કારણ કે તે નિર્મળ છે. જેમ જુદા-જુદા પદાર્થો ઉપસ્થિત થતાં સ્ફટિક, દર્પણ વગેરે વસ્તુઓ પોતાની નિર્મળતાના લીધે સન્નિહિત લાલ-પીળા વગેરે પુષ્પ વગેરેના લાલ-પીળા આકારવાળી બને છે, તેમ ઉપયોગ અંગે સમજવું.

### ❁ ઉપયોગમાં રાગાદિતાદાત્મ્યના ભાનને છોડીએ ❁

(**यद्य.**) **જો** કે જેમ સ્ફટિકાદિની નિર્મળતા પોતાના ઉજ્જવળસ્વરૂપે પરિણમવામાં સમર્થ છે, તેમ ઉપયોગની નિર્મળતા હંમેશા પોતાના ચૈતન્યસ્વરૂપે પરિણમવામાં સમર્થ છે જ. કારણ કે પોતાના ચૈતન્ય-સ્વરૂપને અનુસરનારો પરિણામ એ જ તો ઉપયોગનું લક્ષણ છે તથા ઉપયોગનિર્મળતા ઉપયોગથી અભિન્ન જ છે. જુદા-જુદા જ્ઞેયાકારપ્રતિભાસવાળી પરિણતિ ઉપયોગમાં ઉત્પન્ન થાય ત્યારે પણ ઉપયોગની નિર્મળતા તો ચૈતન્યસ્વરૂપે જ પરિણમતી હોય છે. બાકી તો જીવ અજીવ થવાની સમસ્યા સર્જાય. **તો પણ** ગાઢ મિથ્યાત્વની અવસ્થામાં વિભાવસ્વભાવ, અશુદ્ધસ્વભાવ વગેરેના સામર્થ્યના લીધે પાંચેય ઈન્દ્રિયોના માધ્યમથી ચિત્તવૃત્તિપ્રવાહ બહાર ફેંકાય છે, ત્યારે શરીરાદિને અનુકૂળ એવા વિષયોની ઉપલબ્ધિના નિમિત્તે

चित्तवृत्तेः बहिर्मुखगमने सति देहाद्यनुकूल-प्रतिकूलविषयोपलम्भनिमित्तं पौद्गलिककर्मजनितराग-द्वेषादितन्मयत्वम् आपद्यते उपयोगः। तदा निजाऽमूर्त्त-नीरागचित्स्वभावाऽज्ञानात् जीवस्य उपयोगो रागादिरूपेण परिणत इति प्रतिभाति। 'रागादिदशा हि पुद्गलकर्मोदयस्वादः। सा मत्तोऽत्यन्तं भिन्ना वर्त्तते। मदीयमधुरचैतन्यरसास्वादस्तु ततोऽत्यन्तं विलक्षण' इति भेदविज्ञानविरहाद् अज्ञानी जीवः रागादिरसास्वादं निजभावरूपेण वेत्ति। ततश्चाऽज्ञो रागादिपरिणामोपयोगौ एकत्वेनैव अध्यवस्यति। प्रकृते "निर्मलं स्फटिकस्येव सहजं रूपमात्मनः। अध्यस्तोपाधिसम्बन्धो जडस्तत्र विमुह्यति।।" (ज्ञा.सा.४/६) इति **ज्ञानसार**कारिकाभावार्थो विभावनीयः।

यदा तु आत्मार्थिजीवने उपशमभाव-ज्ञानगर्भवैराग्यदशाऽन्तर्मुखता-हृदयाऽऽर्द्रता-कोमलता-भद्रिकतादिगुणोदयः सञ्जायते तदा रागादिविभावपरिणामा भाररूपेण अनुभूयन्ते, मनःसङ्कल्प-विकल्पादिषु च नैरर्थक्यं संज्ञायते। रागादिभिः स्वोपयोगः संमृद्यते सङ्कल्प-विकल्पादिभिश्च स्वजीवनाऽमूल्यकालो लुण्ट्यते - इति संवेत्ति। ततश्च देहेन्द्रिय-मनोमयसंसाराऽसारता अन्तः प्रतिभासते। तत एव निरुक्तत्रिविधसंसारे स्वरसतो दीर्घकालं यावत् स्वात्मानं न युनक्ति। इत्थं भवाभिनन्दितोच्छेदेन

---

રાગાદિભાવ સાથે અને શરીરાદિને પ્રતિકૂળ એવા વિષયોની ઉપલબ્ધિનિમિત્તે (= પ્રાપ્તિનિમિત્તે કે જાણકારી નિમિત્તે) દ્વેષાદિભાવ સાથે ઉપયોગ તન્મયપણાને પામે છે. ઉપયોગ રાગાદિસ્વરૂપ ન બનવા છતાં રાગાદિ સાથે તન્મય તો જરૂર થાય છે. પોતાના અમૂર્ત્તસ્વભાવ, નીરાગસ્વભાવ = વીતરાગસ્વભાવ = શુદ્ધસ્વભાવ અને ચૈતન્યસ્વભાવનું જીવને જ્ઞાન ન હોવાથી તે સમયે જીવને પોતાનો ઉપયોગ રાગાદિ-સ્વરૂપે પરિણમી ગયો હોય તેવું લાગે છે. 'રાગ-દ્વેષાદિદશા પુદ્ગલકર્મના ઉદયનો સ્વાદ છે. તે મારા આત્માથી અત્યન્ત ભિન્ન છે. મારા ચૈતન્યરસનો મધુર આસ્વાદ તેના કરતાં તદ્દન વિલક્ષણ છે' - આ પ્રમાણે ભેદવિજ્ઞાન ન હોવાથી અજ્ઞાની જીવ રાગાદિરસાસ્વાદને પોતાનો ભાવ જાણે છે. તેથી ઉપયોગ અને રાગાદિ પરિણામો તે અજ્ઞાની જીવને એકરૂપે જ લાગે છે. પ્રસ્તુતમાં **જ્ઞાનસાર**ના નિમ્નોક્ત શ્લોકના ભાવાર્થની વિભાવના કરવી. ત્યાં જણાવેલ છે કે 'આત્માનું સ્વભાવસિદ્ધ સ્વરૂપ સ્ફટિક જેવું નિર્મળ છે. તેમાં કર્મજન્ય ઉપાધિના = રાગાદિના સંબંધનો આરોપ કરવાથી ભેદજ્ઞાનશૂન્ય અજ્ઞાની-અવિવેકી જીવ મૂંઝાય છે.'

### ❖ રાગાદિથી અને વિકલ્પોથી જ્ઞાનને છૂટું પાડીએ ❖

(यदा.) જ્યારે ઉપશમભાવ, જ્ઞાનગર્ભ વૈરાગ્યદશા, અન્તર્મુખતા, હૃદયની આર્દ્રતા, કોમળતા, ભદ્રિકતા વગેરે ગુણોનો આત્માર્થી જીવના જીવનમાં ઉદય થાય ત્યારે અંદરમાં ઉઠતા રાગાદિ વિભાવપરિણામો ભારબોજરૂપે અનુભવાય છે તથા મનના સંકલ્પ-વિકલ્પોમાં નિરર્થકતાનું સંવેદન થાય છે. રાગાદિ દ્વારા પોતાનો ઉપયોગ દબાતો હોય તેમજ સંકલ્પ-વિકલ્પાદિ દ્વારા પોતાના જીવનનો અમૂલ્ય સમય લૂંટાતો હોય તેવું તે અનુભવે છે. તેથી (૧) દેહમય સંસાર, (૨) ઈન્દ્રિયમય સંસાર અને (૩) મનોમય સંસાર અસારરૂપ - તુચ્છરૂપ લાગે છે. તેથી જ ત્રિવિધ સંસારમાં તે હોંશે-હોંશે તણાતો નથી. રુચિપૂર્વક પોતાને લાંબા સમય સુધી તેમાં જોડતો નથી. આમ ભવાભિનંદિતાનો ઉચ્છેદ થવાથી ઓઘદૃષ્ટિ રવાના

ओघदृष्टिः विनिवर्त्तते योगदृष्टिश्चोदयते, वर्धते पुष्यते च। रागादिभ्यो विकल्पादिभ्यश्च स्वोपयोगं पृथक् कर्तुं दृढं प्रणिधत्ते। 'देहेन्द्रियमनोमयसंसारेभ्यो व्यावृत्त्य एषोऽहम् अन्तः प्रविशामि। बहिर्नैव अटानि' इत्यादिरीत्या निर्वेद-संवेगगर्भभावनया स्वान्तः स्वोपयोगं रागादिभ्यो विकल्पेभ्यश्च पृथक् कर्तुं तीव्रतया अभ्यस्यति सर्वदा आत्मार्थी।

ततश्च तस्य निराकुलशान्ति-समाधि-समतादिकं स्वान्तः प्रतिभाति। ज्ञानानन्दमयं निजस्वरूपम् अंशतोऽनुभवति। पूर्णस्वरूपेण तद् अनुभवितुं स सवेगम् उल्लसति। शास्त्र-गुरु-कल्याणमित्रादिभ्यो विज्ञातस्य निजसच्चिदानन्दस्वरूपस्य किमपि अपूर्वं माहात्म्यम् आविर्भवति। निजस्वरूपं पूर्णतया शुद्धतया चाविर्भावयितुं दीर्घकालं यावत् शान्तचित्तेन स्वरसतः सहजतया स्वदृष्टिं नाभिकमले हृत्पद्मे वा विनिवेशयति। आलस्याऽनुत्साह-सङ्कल्प-विकल्प-विक्षेप-लयादिविघ्नवृन्दं जयति। ततश्चानन्तानुबन्धिकषायाः स्वयमेव उन्मूलीभवन्ति, तीव्ररागादिविभावपरिणामेभ्यो निरर्थकविकल्पादिभ्यश्चाऽतन्मयभावेन स्वोपयोगः पृथग् भवति। तैरुपयोगो न रज्यते। रागादि-विकल्पादिरसास्वाद-विलक्षणं माधुर्यं निजप्रशान्तचैतन्यस्वभावे आस्वादयति। स्वकीयान्तःकरणाद् आकुलता-व्याकुलतामय-

---

થાય છે તથા યોગદૃષ્ટિ ઉદય પામે છે, વધે છે, તેમજ બળવાન થાય છે. રાગાદિથી અને વિકલ્પાદિથી પોતાના ઉપયોગને છૂટો પાડવાનું પ્રણિધાન અત્યંત દૃઢ થાય છે. 'ખાવા-પીવા વગેરેની જંજાળસ્વરૂપ દેહજગત, વિષયાસક્તિ-ભોગતૃષ્ણાદિમય ઈન્દ્રિયજગત અને સંકલ્પ-વિકલ્પ-અન્તર્જલ્પ વગેરેથી ઉભરાતું મનોજગત - આ ત્રણેય પ્રકારના સંસારમાંથી પાછો ફરીને હું મારી અંદર જ પ્રવેશ કરું છું. મારે બહાર ભટકવું નથી' - આવા પ્રકારની નિર્વેદ-સંવેગગર્ભિત ભાવનાથી આત્માર્થી સાધક સર્વદા પોતાની અંદરમાં પોતાના ઉપયોગને રાગાદિથી અને વિકલ્પાદિથી છૂટો પાડવાનો તીવ્ર અભ્યાસ કરે છે.

### ❋ ગ્રંથિભેદ માટે પુરુષાર્થ કરીએ ❋

(**तत.**) તેથી આકુળતા-વ્યાકુળતા વગરની પરમ શાંતિ-સમાધિ-સમતા વગેરેનો તેને અંદરમાં અહેસાસ થાય છે. જ્ઞાનાનંદમય પોતાના સ્વરૂપની આંશિક અનુભૂતિ થાય છે. પૂર્ણસ્વરૂપે તેનો અનુભવ કરવા માટે આત્માર્થી સાધક વેગપૂર્વક ઉલ્લસિત થાય છે. તે અંગે તેનો વેગવંતો તલસાટ અંદરમાં જાગે છે, ઉછળે છે. શાસ્ત્ર-ગુરુ-કલ્યાણમિત્ર વગેરે પાસેથી જાણેલ પોતાના સચ્ચિદાનંદસ્વરૂપનો કોઈક અપૂર્વ મહિમા-ઉલ્લાસ-ઉમંગ અસંખ્ય આત્મપ્રદેશોમાં પ્રગટે છે. નિજસ્વરૂપને પૂર્ણપણે અને શુદ્ધપણે પ્રગટાવવા માટે લાંબા સમય સુધી શાંત ચિત્તે સ્વરસથી સહજપણે પોતાની દૃષ્ટિને નાભિકમળમાં કે હૃદયકમળમાં તે સ્થાપિત કરે છે. આળસ, અનુત્સાહ, સંકલ્પ-વિકલ્પ-વિક્ષેપ, લય (= ધ્યાનાદિ અવસરે આવતી નિદ્રા) વગેરે વિઘ્નોના વૃંદને તે જીતે છે. તેથી સ્વયમેવ અનંતાનુબંધી કષાય ઉખડે છે. તીવ્ર રાગાદિ વિભાવપરિણામોથી અને નિરર્થક વિકલ્પાદિથી પોતાનો ઉપયોગ છૂટો પડતો જાય છે. કારણ કે ઉપયોગ તેમાં તન્મય થતો નથી. ઉપયોગ તેનાથી રંગાતો નથી. રાગાદિના અને વિકલ્પાદિના રસાસ્વાદથી વિલક્ષણ એવી મધુરતાનો પોતાના પ્રશાંત ચૈતન્યસ્વભાવમાં અનુભવ થાય છે. પોતાના અંતઃકરણમાંથી આકુળતા

रागादि-विकल्पादीनाम् आकर्षणम् अपक्षीयते। ततश्चानादिकालीनं कर्तृत्व-भोक्तृत्वपरिणतिमयं कार्मिकव्यक्तित्वं घोरमिथ्यात्वञ्च विगलतः। 'रागादिभ्यो विकल्पादिभ्यश्च परमशान्तरसमयोऽहं सर्वदैव अत्यन्तं भिन्नोऽस्मी'ति चेतनायमानभेदविज्ञानबलेन निरुपाधिकनिजस्वरूपप्राप्तये अपूर्वम् आत्मवीर्यम् उच्छलति रागादिग्रन्थिश्च भिद्यते। 'स्वयं सर्वदाऽतीन्द्रियाऽमूर्त्त-शुद्धज्ञानात्मक एवाऽस्मि, देहादिरूपेण, रागादिरूपेण, विकल्पादिरूपेण वा नैव जातु परिणतोऽहम्' इत्येवम् अवगच्छति अपरोक्षस्वानुभूतिप्रभावेण। तदुत्तरं देहनिर्वाहादिप्रवृत्त्यवसरेऽपि 'अयं मम परिणामः, एष च परपरिणामः। मम सर्वे एव परिणामाः सर्वदा चैतन्यमयाः, प्रतिभासरूपेण चानुभूयमानाः सर्वे परपरिणामाः पौद्गलिका एव' इति स्फुरति निर्मलसम्यग्दृष्टिचित्ते।

एतत् तत्त्वं नयमर्यादया ज्ञातव्यं चिन्तनीयं भावनीयञ्च मोक्षार्थिना, अन्यथा मुक्तिर्न सुलभा स्यात्। तदुक्तं **भावप्राभृते** [1]"जाव ण भावइ तच्चं जाव ण चिंतेइ चिंतणीयाइं। ताव ण पावइ जीवो जर -मरणविवज्जियं ठाणं।।" (भा.प्रा.११५) इति। एतत्तत्त्वभावनया [2]"सत्तामत्तसरूवं अणंताणंदं परमपयं" (स.क.भव-९-पृ.९७७) इति **समरादित्यकथा**वर्णितं परमपदं प्रत्यासन्नतरं स्यात्।।१२/१२।।

-વ્યાકુળતામય એવા રાગાદિનું અને વિકલ્પાદિનું આકર્ષણ રવાના થાય છે. તેથી અનાદિકાલીન કર્તૃત્વ -ભોક્તૃત્વપરિણતિમય એવું કર્મકૃતવ્યક્તિત્વ તથા ઘોર મિથ્યાત્વ ઓગળે છે. 'પરમશાંતરસમય એવો હું રાગાદિથી અને વિકલ્પાદિથી સર્વદા જુદો જ છું' - આવા જીવંત ભેદજ્ઞાનના બળથી નિરુપાધિક નિજસ્વરૂપની પ્રાપ્તિ માટે અપૂર્વ વીર્યોલ્લાસ ઉછળે છે અને ગ્રંથિભેદ થાય છે. 'પોતે સદા અતીન્દ્રિય -અમૂર્ત્ત-શુદ્ધજ્ઞાનસ્વરૂપે જ રહ્યો છે. દેહાદિરૂપે કે વિકલ્પાદિરૂપે કદાપિ થયો નથી જ' - આવું અપરોક્ષ સ્વાનુભૂતિના પ્રભાવે સમજાય છે. ત્યાર બાદ ભોજન-પાણી-હલન-ચલનાદિ દેહનિર્વાહ વગેરે પ્રવૃત્તિના અવસરે પણ 'આ મારો પરિણામ અને આ પરપરિણામ. મારા બધા જ પરિણામો સર્વદા ચૈતન્યમય છે. તથા પ્રતિભાસરૂપે અનુભવાતા તમામ પરપરિણામો પૌદ્ગલિક જડ જ છે' - આવી પરિણતિ નિર્મળસમકિતીના અંતરમાં સ્ફુરાયમાન રહે છે.

### ✡ નયમર્યાદામાં રહીને તત્ત્વવિચારણા કરીએ ✡

(**एतत्.**) આ તત્ત્વને નયમર્યાદા મુજબ મોક્ષાર્થીએ જાણવું-વિચારવું-ભાવિત કરવું જરૂરી છે. બાકી મોક્ષ સુલભ બને તેવી શક્યતા નથી. તેથી જ **ભાવપ્રાભૃત**માં **કુંદકુંદસ્વામી**એ જણાવેલ છે કે "જ્યાં સુધી જીવ તત્ત્વને ભાવિત કરતો નથી, જ્યાં સુધી ચિંતન કરવા યોગ્ય બાબતોનું ચિંતન કરતો નથી, ત્યાં સુધી જરા-મરણશૂન્ય સિદ્ધશિલાને જીવ પ્રાપ્ત કરતો નથી. આ તત્ત્વની હાર્દિક ભાવના કરવાથી **સમરાઈચ્ચકહા**માં **શ્રીહરિભદ્રસૂરિ**એ વર્ણવેલ પરમપદ ખૂબ નજીક આવે. ત્યાં જણાવેલ છે કે 'પરમપદ = મોક્ષ એ અનંત આનંદમય કેવળ આત્મતત્ત્વના અસ્તિત્વ સ્વરૂપ છે.' (૧૨/૧૨)

1. यावद् न भावयति तत्त्वं यावद् न चिन्तयति चिन्तनीयानि। तावद् न प्राप्नोति जीवः जरा-मरणविवर्जितं स्थानम्।।
2. सत्तामात्रस्वरूपम् अनन्तानन्दं परमपदम्।

તે કિમ છઇં ? તે કહઈ છઇ –

**જી હો બહુપ્રદેશ ચિત્♦ મૂર્તતા, લાલા ✡વિભાવ શુદ્ધ અશુદ્ધ,**

**જી હો ટાલી આદિમસંજુઆ, લાલા સોલ ધરમમુખ□ બુદ્ધ♦ ॥૧૨/૧૩॥ (૨૦૭) ચતુર.**

**બહુપ્રદેશ** કહતાં અનેકપ્રદેશસ્વભાવ ૧, **ચિત્** કહેતાં ચેતનસ્વભાવ ૨, **મૂર્તત્વ**સ્વભાવ ૩, ✡**વિભાવ**-સ્વભાવ ૪, **શુદ્ધ**સ્વભાવ ૫, **અશુદ્ધ**સ્વભાવ ૬ - એ ૬ (**ટાલી**=) કાઢિઈં, તિવારઈં કાલનઈં ૧૫ સ્વભાવ થાઈં.

---

अथ काले के पञ्चदश स्वभावाः ? इत्याशङ्कायामाह – '**बहुप्रदेशे**'ति ।

**बहुप्रदेश-चैतन्य-मूर्त्त-विभाव-शुद्धताः ।**

**अशुद्धता च काले न, धर्मादिष्वादिमान्विताः ।।१२/१३।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – बहुप्रदेश-चैतन्य-मूर्त्त-विभाव-शुद्धताः अशुद्धता च काले न (सम्भवन्ति)। धर्मादिषु आदिमान्विताः ।।१२/१३।।

**बहुप्रदेश-चैतन्य-मूर्त्त-विभाव-शुद्धताः** = अनेकप्रदेशस्वभाव-चेतनस्वभाव-मूर्त्तस्वभाव-विभावस्वभाव-शुद्धस्वभावाः **अशुद्धता च** = अशुद्धस्वभावः पुनः **काले न** = नैव सम्भवन्ति। ततः एकविंशति-मध्याद् निरुक्तषट्स्वभावव्यतिरेके काले पञ्चदश एव स्वभावाः अस्तित्व-नास्तित्व-नित्यत्वाऽनित्यत्वैकत्वाऽनेकत्व-भेदाऽभेद-भव्यत्वाऽभव्यत्व-परमाऽचेतनत्वाऽमूर्त्तत्वैकप्रदेशत्वोपचरितत्वाभिधानाः भवन्ति।

---

[redacted] :- 'કાળમાં ક્યા પંદર સ્વભાવ છે ?' - આવા પ્રકારની શંકા ઉપસ્થિત થાય તો ગ્રંથકારશ્રી જણાવે છે કે :-

## ❁ વિભિન્ન દ્રવ્યમાં સ્વભાવવિચાર ❁

[redacted] :- બહુપ્રદેશ, ચૈતન્ય, મૂર્ત્ત, વિભાવ, શુદ્ધતા અને અશુદ્ધતા - આ છ સ્વભાવ કાળમાં નથી. અનેકપ્રદેશસ્વભાવસહિત આ પંદર સ્વભાવ = સોળ સ્વભાવ ધર્માસ્તિકાય વગેરેમાં હોય છે.(૧૨/૧૩)

## ❋ કાળના પંદર સ્વભાવનો પરિચય ❋

[redacted] :- (૧) અનેકપ્રદેશસ્વભાવ, (૨) ચેતનસ્વભાવ, (૩) મૂર્ત્તસ્વભાવ, (૪) વિભાવસ્વભાવ, (૫) શુદ્ધસ્વભાવ અને (૬) અશુદ્ધ સ્વભાવ. આ છ સ્વભાવ કાળમાં સંભવી શકતા નથી. તેથી એકવીસ સ્વભાવની અંદરથી પ્રસ્તુત છ સ્વભાવની બાદબાકી કરવામાં આવે તો કાળમાં પંદર જ સ્વભાવ બાકી રહે છે. તે આ રીતે (૧) અસ્તિત્વ, (૨) નાસ્તિત્વ, (૩) નિત્યત્વ, (૪) અનિત્યત્વ, (૫) એકત્વ, (૬) અનેકત્વ, (૭) ભેદ, (૮) અભેદ, (૯) ભવ્યત્વ, (૧૦) અભવ્યત્વ, (૧૧) પરમસ્વભાવ, (૧૨) અચેતનત્વ, (૧૩) અમૂર્ત્તત્વ, (૧૪) એકપ્રદેશત્વ, (૧૫) ઉપચરિતત્વ નામના પંદર સ્વભાવ કાળમાં હોય છે.

---

♦ કો.(૧)માં 'ચેતન' પાઠ. લી.(૧)માં 'વિન' પાઠ. ✡ શાં.+મ.માં 'વિભાગ' અશુદ્ધ પાઠ. સિ.+આ.(૧)+કો.(૫+૬+૭+૮+૯+૧૦+૧૧+૧૩)+B(૨)+P(૨+૩) નો પાઠ લીધો છે. □ લી.(૧)માં 'સુખ' પાઠ. ♦ લા.(૨)માં 'બદ્ધ' પાઠ.

(**ધરમમુખ**=ધર્મપ્રમુખનઈં=) ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાયનઈં, **આદિમ** કહતાં અનેકપ્રદેશસ્વભાવ, તે (**સંજુઆ**=) સંયુત કરિઈં, બીજા ૫ **ટાલિઈં**, તિવારઈં **૧૬** સ્વભાવ થાઈં (ઈમ **બુદ્ધ** = જાણો).

**एकविंशतिभावाः स्युर्जीव-पुद्गलयोर्मताः।**

**धर्मादीनां षोडश स्युः, काले ❖पञ्चदश स्मृताः।।** (आलापपद्धति - का.२ - पृ.५) ॥१२/१३॥

**धर्मादिषु** = धर्माऽस्तिकायाऽधर्मास्तिकायाऽऽकाशास्तिकायद्रव्येषु **आदिमान्विताः** = अनेकप्रदेशत्वाभिधान-प्रथमविशेषस्वभावसमेताः कालवृत्तिपञ्चदशस्वभावाः = षोडश स्वभावा भवन्ति।

तदुक्तं **बृहन्नयचक्रे** [1]"इगवीसं तु सहावा दोण्हं, तिण्हं तु सोलसा भणिया। पंचदस पुण काले दव्वसहावा मुणेयव्वा।। (बृ.न.च.६८) [2]इगवीसं तु सहावा जीवे तह जाण पोग्गले णयदो। इयराणं संभवदो णायव्वा णाणवंतेहिं।।" (बृ.न.च. ६९) इति। यथोक्तम् **आलापपद्धतौ देवसेनेन जैनविशेषतर्के** च **यशस्वत्सागरेण** "एकविंशतिभावाः स्युः, जीव-पुद्गलयोर्मताः। धर्मादीनां षोडश स्युः, काले पञ्चदश स्मृताः।।" (आ.प.का.२ पृ.५, जै.वि.त.१/१३) इति।

नानाप्रदेशावष्टब्धनीरूपस्कन्धपरिणामवन्तो ज्ञानशून्या धर्मास्तिकायादयो न जातुचित् परद्रव्यसंयोगेन बध्यन्ते, न वा सङ्कोच-विस्तारशालिनो भवन्ति, न वा परद्रव्यनिमित्तकाऽशुद्धिं विभावपरिणतिं वा

### ધર્માસ્તિકાય વગેરેમાં સોળ સ્વભાવ

(**धर्मा.**) ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય દ્રવ્યમાં તો અનેકપ્રદેશત્વ નામનો પ્રથમ વિશેષ સ્વભાવ + કાળમાં રહેનારા પંદર સ્વભાવ = કુલ સોળ સ્વભાવ હોય છે.

### નયદૃષ્ટિથી સ્વભાવવિચારણા કરવી

(**तदुक्तं.**) **બૃહદ્ નયચક્ર** નામના ગ્રંથમાં પ્રસ્તુત વિષયનું નિરૂપણ કરતા જણાવેલ છે કે 'બે દ્રવ્યમાં તો એકવીસ સ્વભાવ હોય છે. તથા ધર્માસ્તિકાય વગેરે ત્રણ દ્રવ્યમાં તો સોળ સ્વભાવ કહેવાયેલ છે. જ્યારે કાળમાં પંદર દ્રવ્યસ્વભાવ જણાવેલ છે. જીવમાં તો એકવીસ સ્વભાવ જાણવા. પુદ્ગલમાં પણ એકવીસ સ્વભાવ જાણવા. બાકીના દ્રવ્યોમાં નયદૃષ્ટિથી જેટલા સંભવી શકે તેટલા સ્વભાવ જ્ઞાની પુરુષે જાણવા.' **દેવસેન**કૃત **આલાપપદ્ધતિ** તથા **યશસ્વત્સાગર**રચિત **જૈનવિશેષતર્ક** ગ્રંથમાં પણ જણાવેલ છે કે 'જીવમાં અને પુદ્ગલમાં એકવીસ સ્વભાવ શાસ્ત્રકારોને માન્ય છે. ધર્માસ્તિકાય વગેરે ત્રણ દ્રવ્યમાં સોળ સ્વભાવ હોય છે. જ્યારે કાળ દ્રવ્યમાં પંદર સ્વભાવ શાસ્ત્રકારોને સંમત છે.'

### અસંભવિત સ્વભાવ અંગે વિચારણા

(**नाना.**) ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય - આ ત્રણ દ્રવ્ય જ્ઞાનશૂન્ય છે, અરૂપી છે, સ્થૂલસ્કંધાત્મક છે. તે ક્યારેય પણ અન્ય દ્રવ્યના સંયોગથી બંધાતા નથી કે સંસારી જીવની જેમ સંકોચ -વિસ્તારને પામતા નથી કે પરદ્રવ્યનિમિત્તક અશુદ્ધિને કે વિભાવપરિણતિને સ્વીકારતા નથી. તેથી આ

❖ શાં.માં 'पज्ज' અશુદ્ધ પાઠ. **1**. एकविंशतिस्तु स्वभावाः द्वयोस्त्रयाणां तु षोडश भणिताः। पञ्चदश पुनः काले द्रव्यस्वभावाश्च ज्ञातव्याः।। **2**. एकविंशतिस्तु स्वभावा जीवे तथा जानीहि पुद्गले नयतः। इतरेषां सम्भवतो ज्ञातव्याः ज्ञानवद्भिः।।

भजन्तीति चैतन्य-मूर्त्त-विभावैकप्रदेशाऽशुद्धस्वभावरहिताः भवन्ति। आशाम्बरमतानुसारेण रत्नराशिवत् पृथक्-पृथगवस्थितत्वाद् न कालद्रव्येऽनेकप्रदेशस्वभाव इत्यवधेयम्।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – परद्रव्यसंयोग-रागादिपरिणामाभ्यां जीवः अनादिकालतो बन्धदशाव्यग्रतया वर्त्तते। तदुच्छेदकृते आत्मार्थिना शुद्धात्मस्वभावाभिमुखतया सर्वदा स्थेयम्। तत्कृते च स्वात्मा एवम् अनुशासितव्यः यदुत – 'परद्रव्यसम्पर्के इष्टानिष्टविकल्पकल्पनातो रागादिविभाव-परिणामवृद्धेः हे आत्मन् ! निष्प्रयोजनं परद्रव्यसम्पर्कं मा कृथाः। व्यवहारत आवश्यकपरद्रव्य-सम्पर्के सत्यपि इष्टानिष्टविकल्पान् मा स्पृश, विकल्पगण्ड-स्फोटकानाम् आकुलता-व्याकुलतामय-राग-द्वेषादिपूयक्लिन्नत्वात्। स्वरसतो नव-नवविकल्पगण्ड-स्फोटकान् मोत्पादय। विभावस्वभावाऽशुद्ध-स्वभाव-कुसंस्कार-कुकर्मादिसामर्थ्यवशतो जायमानान् सङ्कल्प-विकल्पादीन् उपेक्षस्व। निजनिरुपाधिक-नित्यसन्निहिताऽकृत्रिम-शुद्धचैतन्यघनस्वभावं सावधानतया सम्भालय। स्वान्तः निभालय। तत्र समता-मानसरोवरं पश्य, समाधिक्षीरसागरम् ईक्षस्व, शाश्वतशान्तिस्वयम्भूरमणसमुद्रे निमज्ज। ततः चैतन्य-

ત્રણ દ્રવ્યમાં ઉપચારથી પણ ચેતનસ્વભાવ, મૂર્ત્તસ્વભાવ, વિભાવસ્વભાવ, એકપ્રદેશસ્વભાવ અને અશુદ્ધસ્વભાવ - આ પાંચ સ્વભાવ સંભવતા નથી. કાળ દ્રવ્યમાં બહુપ્રદેશસ્વભાવ નથી. કારણ કે દિગંબરમતે કાલાણુ દ્રવ્ય રત્નના ઢગલાની જેમ પૃથક્ પૃથક્ અવસ્થિત છે. તેથી કાળ દ્રવ્ય દિગંબરમત મુજબ એકપ્રદેશસ્વભાવને ધારણ કરે છે. અનેકપ્રદેશસ્વભાવ તેમાં નથી. આ વાત વાચકવર્ગે ખ્યાલમાં રાખવી.

### બંધદશાને ફગાવો

**આધ્યાત્મિક ઉપનય** :- અન્ય દ્રવ્યના સંપર્કથી અને રાગાદિ પરિણામથી બંધદશામાં વ્યગ્રપણે જીવ અનાદિ કાળથી અટવાયેલ છે. તેથી બંધદશાના ઉચ્છેદ માટે આત્માર્થી જીવે હંમેશા શુદ્ધ આત્મસ્વભાવની સન્મુખ રહેવું જોઈએ. તથા તે માટે પોતાના જ આત્માનું આ રીતે અનુશાસન કરવું જોઈએ કે - "હે આત્મન્ ! પરદ્રવ્યનો સંપર્ક થતાં જ ઈષ્ટ-અનિષ્ટપણાના વિકલ્પની કલ્પનાથી રાગાદિ વિભાવપરિણામોની વૃદ્ધિ થાય છે. તેથી તું નિષ્પ્રયોજનભૂત પરદ્રવ્યના સંપર્કને નહિ કર. વ્યવહારથી આવશ્યક એવા પરદ્રવ્યોનો સંપર્ક કરવો પડે તો પણ તું તેમાંથી શાંતભાવે પસાર થઈ જા. તેમાં તું ઈષ્ટ-અનિષ્ટપણાના વિકલ્પોને અડતો નહિ. કારણ કે વિકલ્પો એ તો ગૂમડા છે, ફોડલા છે. રાગની રસીથી તે ફદફદે છે અને દ્વેષના પરુથી તે ખદબદે છે. માટે સામે ચાલીને, ઈચ્છાપૂર્વક નવા-નવા વિકલ્પગૂમડા પેદા નહિ કર. કદાચ વિભાવસ્વભાવ, અશુદ્ધસ્વભાવ, કુસંસ્કાર, કુકર્મ વગેરેની તાકાતની પાસે તારી પ્રગટ શક્તિ ઓછી પડે અને સંકલ્પ-વિકલ્પો પેદા થઈ જ જાય તો પણ તેની તું ઉપેક્ષા કર. તેમાં તું લાંબા સમય સુધી હોંશે-હોંશે તણાયે રાખ નહિ. તું સાવધાન બનીને તારા પોતાના નિરુપાધિક, નિત્યસન્નિહિત, અકૃત્રિમ અને શુદ્ધ એવા ચૈતન્યઘનસ્વભાવને સંભાળ. તારામાં અંદર જ તું જો. ત્યાં અંદર સમતાના માનસરોવરને તું જો. સમાધિના ક્ષીરસાગરને તું નિહાળ. શાશ્વત શાંતિના સ્વયંભૂરમણ સમુદ્રમાં તું ડૂબકી લગાવ. તેમાંથી તને ચૈતન્યના પ્રકાશથી ઝળહળતા પૂર્ણાનંદ-પરમાનંદના

प्रकाशमयपूर्णानन्दरत्नवैभवं लप्स्यसे। देहेन्द्रियमनोमयसंसारकार्याणि भस्मराशिकल्पानि। तत्कृते मैवं जन्म वृथा कृथाः। विषयातीत-विलक्षण-विमल-विज्ञानघन-विकल्पातीताऽपरोक्षस्वानुभूतिर्हि महार्घ्य-रत्नपरिपूर्णपिटकनिभा। प्रतिक्षणं तत्प्राप्तिकृतेऽतीव चैतन्यस्वभावरसिकतया त्वया भाव्यम्। निरर्थक-विषयस्य निरर्थकताम् अनुभूय सार्थकं स्वीकुरु। निरर्थकमपाकुरु। ततस्त्वमेव शीघ्रं व्यक्तरूपेण सिद्धो भविष्यसि सिद्धपरिवारे च मिलिष्यसि, यतः त्वं तज्जातीयोऽसि। त्वं तत्र शोभिष्यसे' इति।

इत्थं स्वात्मानं वारंवारम् अनुशिष्य अपरोक्षशुद्धात्मस्वभावानुभवे आत्मनोऽबद्धता प्रकाशते। प्रकृते "श्रुत्वा मत्वा मुहुः स्मृत्वा साक्षादनुभवन्ति ये। तत्त्वं न बन्धधीः तेषामात्माऽबद्धः प्रकाशते।।" (अ.सा.१८/१७७) इति **अध्यात्मसार**कारिका विभावनीया। एतत्सर्वं चेतसिकृत्य प्रकृतापवर्गमार्गाऽभि-सर्पणाय अनावश्यकं परद्रव्यसंयोगमपहाय, रागादिपरिणामं मर्दयित्वा, सङ्कल्प-विकल्पजालम् उपेक्ष्य

---

રત્નોનો વૈભવ મળશે. ખરેખર દેહજગત, ઈન્દ્રિયજગત અને મનોજગત - આ ત્રણેય સંસારના કાર્યો રાખના ઢગલા જેવા તુચ્છ છે, માત્ર રાખના પડીકા છે. તેના ખાતર આ અણમોલ માનવજન્મ નકામો હારી ન જા. અપરોક્ષ એવી સ્વાનુભૂતિ તો વિષયના ઝેર વગરની છે. બહારના વૈભવ કરતાં વિલક્ષણ તથા અનેકગણી ચઢિયાતી છે. તે વિમલ છે, વિજ્ઞાનઘન છે. ચૈતન્યથી ઠસોઠસ ભરેલી છે. વિકલ્પના વળગાડથી તે કલંકિત નથી. આવી મહાન લોકોત્તર સ્વાનુભૂતિ એ તો અત્યંત કિંમતી રત્નોથી પરિપૂર્ણ પેટી સમાન છે, કોહીનૂર હીરા તુલ્ય છે, ડાયમન્ડ પેકેટ છે. તેની પ્રાપ્તિ માટે તું પ્રતિક્ષણ અત્યંત ચૈતન્યસ્વભાવનો રસિયો બની જા. નિરર્થક બાબતમાં નિરર્થકતાનું સંવેદન કરીને સાર્થકને સ્વીકારી લે. વ્યર્થને વોસીરાવી દે, વિસરી જા. તો તું પોતે જ અત્યંત ઝડપથી પ્રગટપણે સિદ્ધ ભગવાન બની જઈશ. તથા સિદ્ધોના પરિવારને મળીશ અને તેમાં જ ભળી જઈશ. કારણ કે તું તેમની જ્ઞાતિનો જ છે. સિદ્ધોની નાતમાં તું શોભીશ."

### ❀ શુદ્ધાત્માની સન્મુખ રહીએ ❀

(इत्थं.) આ રીતે પોતાના આત્માનું સારી રીતે વારંવાર અનુશાસન-ઘડતર-સંસ્કરણ કરીને, તે દિશામાં અહોભાવપૂર્વક પ્રયત્ન કરીને જ્યારે શુદ્ધાત્મસ્વભાવનો અપરોક્ષ અનુભવ સાધકને થાય છે, ત્યારે તેને તે અનુભવમાં કર્મબંધશૂન્ય એવો આત્મા જણાય છે. પ્રસ્તુતમાં **અધ્યાત્મસાર**નો એક શ્લોક ઊંડાણથી વિચારવા યોગ્ય છે. ત્યાં **મહોપાધ્યાય શ્રીયશોવિજયજી** મહારાજે જણાવેલ છે કે "આત્મતત્ત્વને સાંભળીને, વિચારીને, વારંવાર યાદ કરીને જેઓ શુદ્ધ આત્મતત્ત્વનો સાક્ષાત્ અનુભવ કરે છે, તેઓને 'આત્મા કર્મથી બંધાયો' - આવી બુદ્ધિ થતી નથી. તથા તેઓને 'આત્મા કર્મબંધશૂન્ય છે' - તેવું અપરોક્ષપણે સમજાય છે." આ તમામ બાબતને લક્ષમાં રાખીને, ઉપરોક્ત મોક્ષમાર્ગે આગળ વધવા માટે બિનજરૂરી પરદ્રવ્યનો સંગ ટાળી, રાગાદિ ભાવોને ગાળી, સંકલ્પ-વિકલ્પની હારમાળાની ઉપેક્ષા કરીને તથા બંધદશાને ફગાવી જીવ સદા શુદ્ધ આત્મસ્વભાવની સન્મુખ રહે તો અચૈતન્યસ્વભાવ, મૂર્ત્તસ્વભાવ, વિભાવસ્વભાવ,

बन्धदशाञ्च परित्यज्य शुद्धात्मस्वभावाऽऽभिमुख्ये सति अचैतन्य-मूर्त्त-विभावाऽशुद्धाऽनित्योपचरित-लक्षणविशेषस्वभावविलयेन स्वकीयाऽमूर्त्त-नित्य-विशुद्धैकचेतनस्वभावस्थैर्यं सम्पद्येतेत्याध्यात्मिकसन्देशोऽत्रोपलभ्यते। ततश्च "सुरासुराणां मिलितानि यानि सुखानि भूयो गुणकारभाञ्जि। समाधिभाजां समतासुखस्य तान्येकभागेऽपि न संपतन्ति।।" (वै.क.ल.१/२३४) इति **वैराग्यकल्पलता**दर्शितं समतासुखं सुलभं स्यात्।।१२/१३।।

---

અશુદ્ધસ્વભાવ, અનિત્યસ્વભાવ, ઉપચરિતસ્વભાવને છોડી પોતાના અમૂર્ત, નિત્ય, વિશુદ્ધ, એક, શુદ્ધ ચેતનસ્વભાવમાં તે સદા માટે સ્થિર બને. આવો સાંકેતિક, આધ્યાત્મિક સંદેશ આ શ્લોક દ્વારા ગ્રહણ કરવા યોગ્ય છે. તે સ્થિરતાના કારણે **વૈરાગ્યકલ્પલતા** ગ્રંથમાં દર્શાવેલ સમતાસુખ સુલભ બને. ત્યાં **મહોપાધ્યાય શ્રીયશોવિજયજી** મહારાજે જણાવેલ છે કે 'તમામ દેવ-દાનવોના જે સુખો છે, તેને ભેગા કરીને તેનો ગુણાકાર કરવામાં આવે તો સમાધિવાળા યોગીઓના સમતાસુખના એક અંશમાં પણ તે દિવ્યસુખો તુલના પામતા નથી.' (૧૨/૧૩)

લખી રાખો ડાયરીમાં.....

- **વાસના કર્મસત્તાની આજ્ઞાને માને છે, પાળે છે.**
  **ઉપાસના ધર્મમહાસત્તાની આજ્ઞાને માને છે, પાળે છે.**
- **વાસના પાપોદય ન થાય તેની તકેદારી રાખે છે.**
  **ઉપાસના પાપબંધ ન થાય તેની જાગૃતિ કેળવે છે.**
- **વાસના પુણ્યહીન પ્રત્યે ધિક્કાર રાખે છે.**
  **ઉપાસના ગુણહીન પ્રત્યે પણ કરુણા દાખવે છે.**
- **વાસનાને શક્તિમાં શ્રદ્ધા છે.**
  **ઉપાસનાને ભક્તિમાં શ્રદ્ધા છે.**
- **બુદ્ધિ પાપને બાંધવામાં બહાદુર છે. પણ પાપફળને ભોગવવામાં કાયર છે.**

  **શ્રદ્ધા પાપને બાંધવામાં કાયર છે. પણ પાપના ફળને ભોગવવામાં બહાદુર છે.**
- **વાસના કેવળ સંજ્ઞાપ્રધાન છે.**
  **ઉપાસના સર્વત્ર સર્વદા આજ્ઞાપ્રધાન છે.**

**જી હો પ્રમાણ-નયનઈં અધિગમઈં♦, લાલા જાણી એહ સ્વભાવ;**
**જી હો સુજસવિબુધ♦જનસંગતિં, લાલા ધરો ચિત્તિ શુભ ભાવ ॥૧૨/૧૪॥(૨૦૮) ચતુર.**

**એહ ૨૧ સ્વભાવ પ્રમાણ-નયનઈં✡ અધિગમઈં** કહતાં જ્ઞાનઈં **જાણીનઈં,**

---

सामान्य-विशेषस्वभावनिरूपणमुपसंहरति – '**प्रमाणे**'ति।

**प्रमाण-नयतो बोधमेकविंशतिगोचरम्।**
**सुयशःप्राज्ञसाङ्गत्यं शुभभावं गृहाण च॥१२/१४॥**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – प्रमाण-नयतः एकविंशतिगोचरं बोधं (विशदीकृत्य) सुयशःप्राज्ञसाङ्गत्यं शुभभावं च गृहाण॥१२/१४॥

"प्रमाण-नयैः अधिगमः" (त.सू.१/६) इति **तत्त्वार्थसूत्र**वचनात्, "प्रमाण-सुनयैरधिगतम्" (पञ्चा. १/७१) इति **पञ्चाध्यायी**वचनात्, "प्रमाण-नयसंसिद्धं श्रीमत् स्याद्वादशासनम्" (जै.स्या.मु.४/७) इति **जैनस्याद्वादमुक्तावली**वचनाच्च **एकविंशतिगोचरं** = व्याख्यातैकविंशतिस्वभावविषयकं **बोधं प्रमाण-नयतो** = प्रमाण-सुनयैः निरुक्तस्वभावान् विशदीकृत्य **गृहाण** ।

**प्रकृते** "ज्ञानं प्रमाणमित्याहुः, नयो ज्ञातुर्मतं मतः। ताभ्यामधिगमोऽर्थानां द्रव्य-पर्यायशालिनाम्॥" (सि.वि.१०/२/भाग-२, पृ.६६३) इति **सिद्धिविनिश्चये अकलङ्को**क्तिरपि स्मर्तव्या।

---

[illegible] :- સામાન્ય અને વિશેષ સ્વભાવના નિરૂપણનો ઉપસંહાર કરતા ગ્રંથકારશ્રી જણાવે છે કે :-

## ❀ સુનય-પ્રમાણ દ્વારા તત્ત્વબોધ ❀

[illegible] :- પ્રમાણથી અને નયથી એકવીસ ભાવ સંબંધી બોધને (વિશદ કરી), સુંદર, યશસ્વી, પ્રાજ્ઞ પુરુષની સંગતિને અને શુભ = પ્રશસ્ત ભાવને ગ્રહણ કરો. (૧૨/૧૪)

[illegible] :- અગ્યારમી અને બારમી શાખામાં જેનું વિવેચન કરવામાં આવેલ છે તે સ્વભાવોને પ્રમાણ અને સુનય દ્વારા સ્પષ્ટ કરીને તેવા એકવીસ સ્વભાવ સંબંધી બોધને ગ્રહણ કરો. કારણ કે 'પ્રમાણ અને નયો દ્વારા વસ્તુતત્ત્વનો બોધ થાય છે' - આ પ્રમાણે **તત્ત્વાર્થાધિગમસૂત્ર**માં **શ્રીઉમાસ્વાતિજી** મહારાજે જણાવેલ છે. **પંચાધ્યાયીપ્રકરણ**માં 'પ્રમાણ અને સુનયો દ્વારા તત્ત્વ જાણેલ છે' - ઈત્યાદિ જણાવેલ છે. તથા **યશસ્વત્સાગરજી**એ **જૈનસ્યાદ્વાદમુક્તાવલી**માં કહેલ છે કે 'શ્રીમાન સ્યાદ્વાદશાસન પ્રમાણ-નયથી સમ્યક્ સિદ્ધ થયેલ છે.'

## ❀ પ્રમાણ-નય દ્વારા પદાર્થ નિર્ણય ❀

(**प्रकृ.**) **સિદ્ધિવિનિશ્ચય** ગ્રંથમાં **અકલંકસ્વામી**એ એક કારિકા જણાવેલી છે. તે પણ પ્રસ્તુતમાં યાદ કરવા યોગ્ય છે. ત્યાં તેમણે જણાવેલ છે કે "જ્ઞાન પ્રમાણ કહેવાય છે તથા જાણકારનો અભિપ્રાય નય તરીકે મનાયેલ છે. આ પ્રમાણ અને નય દ્વારા દ્રવ્ય-પર્યાયયુક્ત પદાર્થોનો નિશ્ચય થાય છે."

---

♦ આ.(૧)માં 'અનુગમેં' પાઠ. ♦ મો.(૨)માં 'જન' પાઠ નથી. ✡ આ.(૧)માં 'અભિગમેં' પાઠ.

इह प्रमाणलक्षणानि नानाग्रन्थानुसारेण दर्श्यन्ते। तदुक्तं –

(१-२) **न्यायावतारे श्रीसिद्धसेनदिवाकरसूरिणा प्रमालक्षणे** च **जिनेश्वरसूरिणा** "प्रमाणं स्व-पराऽऽभासि ज्ञानं बाधविवर्जितम्" (न्या.१/२, प्र.ल.१) इति,

(३) **न्यायावतारवृत्तौ सिद्धर्षिगणिना** "अनेकधर्मपरीताऽर्थग्राहिका बुद्धिः प्रमाणम्" (न्या.१/२९ वृ.) इति,

(४) **तत्त्वार्थसूत्रभाष्ये उमास्वातिवाचकैः** "प्रमीयन्तेऽर्थाः तैः इति प्रमाणानि" (त.सू.१/१२ भा.) इति,

(५) **तत्त्वार्थसूत्रभाष्यवृत्तौ सिद्धसेनगणिभिः** "प्रमेयपरिच्छेदाऽर्थिनः प्रमातुः तत्परिच्छेदसिद्धिप्रधानाङ्गम् अतिशयोपकारित्वात् प्रकृष्टं मानं = प्रमाणम्" (त.सू.१/१० भा.वृ.पृ.७१) इति,

(६) **सम्मतितर्कवृत्तौ श्रीअभयदेवसूरिणा** "प्रमाणं स्वार्थनिर्णीतिस्वभावज्ञानम्" (स.त.२/१ वृ.पृ.५१८, भा-४) इति,

(७) **योगबिन्दौ श्रीहरिभद्रसूरिणा** "दृष्टेष्टाऽबाधितम्" (यो.बि.२३) इति,

(८) **प्रमाणप्रकाशे श्रीदेवभद्रसूरिणा** "ज्ञानं स्वार्थविनिश्चयरूपमबाधं प्रमाणम्" (प्र.प्र.४) इति,

(९) **प्रमाणमीमांसायां श्रीहेमचन्द्रसूरिणा** "सम्यगर्थनिर्णयः प्रमाणम्" (प्र.मी.१/१/२) इति,

(१०) **तत्त्वन्यायविभाकरे श्रीलब्धिसूरिणा** "यथार्थनिर्णयः प्रमाणम्" (त.न्या.वि.भाग-२/किरण-१ सू.३/

---

**❋ પ્રમાણના લક્ષણોને જાણીએ ❋**

(**इह.**) પ્રસ્તુતમાં પ્રમાણના લક્ષણો જુદા-જુદા ગ્રંથો મુજબ દેખાડવામાં આવે છે.

(૧-૨) **ન્યાયાવતાર** ગ્રંથમાં શ્રી**સિદ્ધસેનદિવાકરસૂરિ**જીએ તથા **પ્રમાલક્ષણ** ગ્રંથમાં શ્રી**જિનેશ્વરસૂરિ**જીએ જણાવેલ છે કે "બાધશૂન્ય સ્વ-પરપ્રકાશક જ્ઞાન પ્રમાણ છે."

(૩) **ન્યાયાવતારવૃત્તિ**માં શ્રી**સિદ્ધર્ષિગણી**એ જણાવેલ છે કે 'અનેક ગુણધર્મોથી યુક્ત એવી વસ્તુને ગ્રહણ કરનારી બુદ્ધિ પ્રમાણ કહેવાય.'

(૪) **તત્ત્વાર્થભાષ્ય**માં **ઉમાસ્વાતિ**વાચક કહે છે કે 'જેના દ્વારા પદાર્થો પ્રકૃષ્ટ રીતે મપાય તે પ્રમાણ.'

(૫) **તત્ત્વાર્થભાષ્યવ્યાખ્યા**માં **સિદ્ધસેનગણી** કહે છે કે 'પ્રમેયનો નિર્ણય કરવા ઝંખતા પ્રમાતાને પ્રમેયનો નિર્ણય કરવામાં અતિશય ઉપકાર કરવાથી મુખ્ય કારણ થનાર જે પ્રકૃષ્ટ માપક હોય તે પ્રમાણ.'

(૬) **સંમતિતર્કવૃત્તિ**માં શ્રી**અભયદેવસૂરિ**જીએ જણાવેલ છે કે 'પોતાનો અને પદાર્થનો નિર્ણય કરવાના સ્વભાવવાળું જ્ઞાન એ જ પ્રમાણ છે.'

(૭) **યોગબિંદુ**માં શ્રી**હરિભદ્રસૂરિ**જીએ દૃષ્ટ-ઈષ્ટથી (= પ્રત્યક્ષ-આગમાદિથી) અબાધિતને પ્રમાણ જણાવેલ છે.

(૮) **પ્રમાણપ્રકાશ**માં શ્રી**દેવભદ્રસૂરિ**જીએ જણાવેલ છે કે 'પોતાનો અને પદાર્થનો વિશિષ્ટ નિશ્ચય કરનાર અબાધિત જ્ઞાન પ્રમાણ છે.'

(૯) **પ્રમાણમીમાંસા** ગ્રંથમાં શ્રી**હેમચન્દ્રસૂરિ**જીએ બતાવેલ છે કે 'સાચો અર્થનિર્ણય પ્રમાણ છે.'

(૧૦) **તત્ત્વન્યાયવિભાકર** ગ્રંથમાં શ્રી**લબ્ધિસૂરિ**જીએ કહેલ છે કે 'યથાર્થ નિર્ણય એ પ્રમાણ છે.'

पृ.३११) इति,

**(११-१२-१३-१४) प्रमाणनयतत्त्वालोके श्रीवादिदेवसूरिणा, जैनतर्कभाषायां** महोपाध्यायश्री**यशोविजयेन नयचक्रसारे** श्री**देवचन्द्र**वाचकेन **स्याद्वादभाषायां** च श्री**शुभविजयेन** "स्व-परव्यवसायि ज्ञानं प्रमाणम्" (प्र.न.त.१/२, जै.त.भा.पृ.१, न.च.सा.पृ.१३१, स्या.भा.३) इति,

**(१५) जैनस्याद्वादमुक्तावल्यां यशस्वत्सागरेण** "स्व-परव्यवसायिलक्षणं गदितं ज्ञानमिदं प्रमाणकृद्" (जै.स्या.मु.१/५४) इति,

**(१६) जैनविशेषतर्केऽपि** तेन "ज्ञानं प्रमाणं स्व-परव्यवसायीति लक्षणम्" (जै.वि.त.२/२८) इति,

**(१७) जैनतर्कसङ्ग्रहे श्रीनन्दनसूरिणा** "स्व-परव्यवसायि संवेदनं प्रमाणम्" (जै.त.स.सूत्र-२९/पृ.२९) इति,

**(१८) स्याद्वादमञ्जर्यां श्रीमल्लिषेणसूरिभिः** "प्रमीयते = परिच्छिद्यते अर्थः अनेकान्तविशिष्टः अनेनेति प्रमाणं स्याद्वादात्मकम्। ..... प्रमाणं तु सम्यगर्थनिर्णयलक्षणं सर्वनयात्मकम्, स्याच्छब्दलाञ्छितानां नयानामेव प्रमाणव्यपदेशभाक्त्वाद्" (स्या.म.२८ पृ.१९६ + २०५) इति,

**(१९) प्रमाणपरिभाषायां श्रीधर्मसूरिणा** "यथार्थज्ञानं प्रमाणम्" (प्र.प.१/२) इति,

**(२०) न्यायालङ्कारा**ऽभिधे तद्विवरणे **श्रीन्यायविजयेन** "प्रकर्षेण = संशयादिव्यवच्छेदेन मीयते = परिच्छिद्यते वस्तुतत्त्वं येन तत् प्रमाणम्। तदेव लक्ष्यम्। यथार्थज्ञानत्वं तस्य लक्षणम्।..... यथावस्थितरूपेण

---

**(૧૧-૧૨-૧૩-૧૪) પ્રમાણનયતત્ત્વાલોક** ગ્રંથમાં શ્રી**વાદિદેવસૂરિજી**એ, **જૈનતર્કભાષા**માં **મહોપાધ્યાય** શ્રી**યશોવિજયજી**એ, **નયચક્રસાર**માં શ્રી**દેવચન્દ્ર ઉપાધ્યાયજી**એ તથા **સ્યાદ્વાદભાષા**માં શ્રી**શુભવિજયજી**એ ફરમાવેલ છે કે "સ્વ-પરનો નિશ્ચય કરનાર જ્ઞાન પ્રમાણ છે."

**(૧૫) જૈનસ્યાદ્વાદમુક્તાવલી**માં **યશસ્વત્સાગરજી** કહે છે કે 'સ્વ-પરવ્યવસાયી જ્ઞાન પ્રમાણને = પ્રકૃષ્ટ બોધને કરનાર કહેવાયેલ છે.'

**(૧૬) જૈનવિશેષતર્ક** પ્રકરણમાં **યશસ્વત્સાગરજી**એ સ્વ-પરવ્યવસાયી જ્ઞાનને પ્રમાણ કહેલ છે.

**(૧૭) જૈનતર્કસંગ્રહ**માં શ્રીમદ્ વિજય **નંદનસૂરિજી**એ કહેલ છે કે 'સ્વ-પરનો નિશ્ચય કરનાર સંવેદન એ પ્રમાણ છે.'

**(૧૮) સ્યાદ્વાદમંજરી**માં શ્રી**મલ્લિષેણસૂરિજી**એ કહેલ છે કે "અનેકાન્તવિશિષ્ટ અર્થનો નિશ્ચય જેના દ્વારા થાય તે પ્રમાણ સ્યાદ્વાદસ્વરૂપ હોય છે... જે સમ્યક્ પ્રકારે અર્થનો નિર્ણય કરે તે પ્રમાણ છે. તે સર્વનયાત્મક છે. કારણ કે 'સ્યાત્' શબ્દથી યુક્ત એવા નયોનું જ 'પ્રમાણ' નામ થઈ જાય છે. સાપેક્ષ નયોમાં જ પ્રમાણનો વ્યવહાર થાય છે."

**(૧૯) પ્રમાણપરિભાષા**માં કાશીવાળા શ્રી**ધર્મસૂરિજી**એ કહેલ છે કે 'યથાર્થજ્ઞાન એ પ્રમાણ છે.'

**(૨૦) પ્રમાણપરિભાષા** ઉપર **ન્યાયાલંકાર** નામનું **વિવરણ** શ્રી**ન્યાયવિજયજી**એ રચેલ છે. તેમાં જણાવેલ છે કે 'સંશયાદિની બાદબાકી કરવા સ્વરૂપ પ્રકર્ષથી વસ્તુતત્ત્વનો પૂરેપૂરો નિર્ણય જેના દ્વારા થાય તે પ્રમાણ અહીં લક્ષ્ય છે. તથા યથાર્થજ્ઞાન એ પ્રમાણનું લક્ષણ છે... યથાવસ્થિત સ્વરૂપે વિષયનો

विषयपरिच्छेदीति यावद्" (न्या.१/२) इति,

(२१) **द्वात्रिंशिकावृत्तौ तत्त्वार्थदीपिकायां यशोविजयवाचकैः** "अविसंवादिज्ञानं प्रमाणम्" (द्वा.द्वा.८/१२),

(२२) **नयोपदेशे** तैरेव "सप्तभङ्ग्यात्मकं वाक्यं प्रमाणं पूर्णबोधकृद्" (नयो. ६) इति,

(२३) **गुरुतत्त्वविनिश्चयवृत्तौ** तैरेव "सप्तभङ्गपरिकरितपरिपूर्णार्थबोधकतापर्याप्तिमद्वाक्यस्यैव प्रमाणवाक्यत्वाद्" (गु.त.वि.१/५२ वृ.) इति,

(२४) **तत्त्वार्थवृत्तौ** तैरेव "सप्तधर्मात्मकत्वबोधकतापर्याप्त्यधिकरणं वाक्यं = प्रमाणम्" (त.सू.१/६ वृ.पृ.१५८) इति,

(२५) **द्रव्य-गुण-पर्यायरासस्तबके** तैरेव "सकलनयार्थप्रतिपादकतापर्याप्त्यधिकरणवाक्यं = प्रमाणवाक्यम्" (द्र.गु.प.रा.४/१३ स्त.पृ.५०५) इति।

(२६) **अध्यात्मोपनिषदि** तैरेव "कलितपरमभावं चिच्चमत्कारसारं सकलनयविशुद्धं चित्तमेकं प्रमाणम्" (अ.उप.२/६२) इति।

(२७) **नयचक्रसारे श्रीदेवचन्द्रवाचकेन** "सकलनयग्राहकं प्रमाणम्" (न.च.सा.पृ.२१८) इति,

(२८) **बृहत्स्वयम्भूस्तोत्रे समन्तभद्रस्वामिना** "स्व-पराऽवभासकं यथा प्रमाणं भुवि बुद्धिलक्षणम्" (बृ.स्व.६३) इति,

---

ચારે બાજુથી નિશ્ચય કરે તે પ્રમાણ. ત્યાં સુધીનું તાત્પર્ય સમજવું.

(૨૧) **દ્વાત્રિંશિકા**ની **તત્ત્વાર્થદીપિકા** વ્યાખ્યામાં **મહોપાધ્યાય શ્રીયશોવિજયજી** મહારાજ કહે છે કે 'અવિસંવાદી જ્ઞાન એ પ્રમાણ છે.'

(૨૨) **નયોપદેશ**માં **મહોપાધ્યાય** શ્રી**યશોવિજયજી** મહારાજે જણાવેલ છે કે 'પૂર્ણ બોધનું અવગાહન કરનાર સપ્તભંગીસ્વરૂપ વાક્ય પ્રમાણ છે.'

(૨૩) **ગુરુતત્ત્વવિનિશ્ચયવૃત્તિ**માં **મહોપાધ્યાય** શ્રી**યશોવિજયજી** મહારાજે કહેલ છે કે 'સાત ભાંગાઓથી યુક્ત પરિપૂર્ણ અર્થની બોધકતાની પર્યાપ્તિવાળું વાક્ય જ પ્રમાણવાક્ય છે.'

(૨૪) **તત્ત્વાર્થસૂત્રવૃત્તિ**માં **મહોપાધ્યાયજી** મહારાજે જ જણાવેલ છે કે 'વસ્તુમાં રહેલ સપ્તધર્માત્મકતાની બોધકતાની પર્યાપ્તિનું અધિકરણ બનનારું વાક્ય પ્રમાણ કહેવાય.'

(૨૫) **દ્રવ્ય-ગુણ-પર્યાયરાસના સ્તબક**માં (= ટબામાં) **મહોપાધ્યાયજીએ** જ જણાવેલ છે કે 'સકલ નયોના અર્થોની પ્રતિપાદકતાની પર્યાપ્તિનું અધિકરણ બને તેવું વાક્ય એ પ્રમાણવાક્ય કહેવાય.'

(૨૬) **અધ્યાત્મોપનિષદ્**માં તેઓશ્રીએ જ જણાવેલ છે કે 'પરમ ભાવનો અનુભવ કરનાર તથા જ્ઞાનમહોદયપ્રધાન એવું સર્વનયવિશુદ્ધ એક ચિત્ત જ પ્રમાણ છે.'

(૨૭) **નયચક્રસાર**માં શ્રી**દેવચંદ્ર ઉપાધ્યાયજી** દર્શાવે છે કે 'તમામ નયોનું ગ્રાહક પ્રમાણ છે.'

(૨૮) **બૃહત્સ્વયંભૂસ્તોત્ર**માં શ્રી**સમન્તભદ્રસ્વામી**એ 'પોતાનો અને બીજાનો પ્રકાશ પાથરનાર જ્ઞાનાત્મક પ્રમાણ જગતમાં પ્રસિદ્ધ છે.'

(२९) **आप्तमीमांसायां समन्तभद्रस्वामिना** "तत्त्वज्ञानं प्रमाणम्" (आ.मी.७/१०१) इति,

(३०-३१) **तत्त्वार्थसर्वार्थसिद्धौ पूज्यपादस्वामिना तत्त्वार्थराजवार्त्तिके** च **अकलङ्कस्वामिना** "प्रमिणोति, प्रमीयतेऽनेन, प्रमितिमात्रं वा प्रमाणम्" (त.स.सि.१/१० पृ.५८ + त.रा.वा.१/१० पृ.३५) इति,

(३२) **प्रमाणसङ्ग्रहवृत्तौ अकलङ्कस्वामिना** "मति-श्रुतावधि-मनःपर्यय-केवलानि ज्ञानम् । तदेव प्रमाणम्" (प्र.स.९/१ वृ.पृ.१२७) इति,

(३३) **अष्टशतीभाष्ये अकलङ्कस्वामिना** "प्रमाणम् अविसंवादि ज्ञानम्, अनधिगतार्थाधिगमलक्षणत्वाद्" (आ.मी.२/३६ पृ.४५९) इति,

(३४) **सिद्धिविनिश्चये** च तेनैव "यथा यत्राऽविसंवादः तथा तत्र प्रमाणता" (सि.वि.१/२०) इति,

(३५) **तत्त्वार्थश्लोकवार्त्तिके श्रीविद्यानन्दस्वामिना** "स्वार्थव्यवसायात्मकं ज्ञानं प्रमाणम्" (त.श्लो.वा. १/१०/७७) इति,

(३६) **प्रमाणपरीक्षायां विद्यानन्दस्वामिना** "सम्यग्ज्ञानं प्रमाणम्। स्वार्थव्यवसायात्मकं सम्यग्ज्ञानम्, सम्यग्ज्ञानत्वाद्" (प्र.प.पृ.१) इति,

(३७) **न्यायविनिश्चयविवरणे वादिराजसूरिणा** "प्रमाणम् = अवितथनिर्भासं ज्ञानम्" (न्या.वि.वि.१/५० भाग-१/पृ.३१२) इति,

---

(૨૯) **આપ્તમીમાંસા**માં **સમન્તભદ્રસ્વામી**એ જણાવેલ છે કે 'તત્ત્વજ્ઞાન પ્રમાણ છે.'

(૩૦-૩૧) **તત્ત્વાર્થસર્વાર્થસિદ્ધિ**માં **પૂજ્યપાદસ્વામી**એ તથા **તત્ત્વાર્થરાજવાર્ત્તિક**માં **અકલંકસ્વામી**એ નીચે મુજબ પ્રમાણની ત્રણ વ્યાખ્યા જણાવેલ છે :- "(a) વસ્તુને પ્રકૃષ્ટરૂપે જે માપે-ઓળખે તે પ્રમાણ. (b) જેના દ્વારા વસ્તુ પ્રકૃષ્ટરૂપે મપાય-ઓળખાય તે પ્રમાણ. (c) અથવા પ્રમિતિ માત્ર તે પ્રમાણ છે."

(૩૨) **પ્રમાણસંગ્રહવૃત્તિ**માં **અકલંકસ્વામી**એ જણાવેલ છે કે 'મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય અને કેવલ એ પાંચ જ્ઞાન છે. તે જ પ્રમાણ છે.'

(૩૩) **આપ્તમીમાંસા** ઉપર દિગંબર **અકલંકસ્વામી**એ **અષ્ટશતીભાષ્ય** રચેલું છે. તેમાં તેમણે જણાવેલ છે કે 'અવિસંવાદી જ્ઞાન પ્રમાણ છે. કારણ કે તે અજ્ઞાત અર્થના બોધસ્વરૂપ છે.'

(૩૪) **સિદ્ધિવિનિશ્ચય** ગ્રંથમાં **અકલંકસ્વામી**એ જ જણાવેલ છે કે 'જ્યાં જે પ્રકારે વિસંવાદ ન હોય, ત્યાં તે પ્રકારે પ્રમાણતા સમજવી.'

(૩૫) **તત્ત્વાર્થશ્લોકવાર્ત્તિક** ગ્રંથમાં **વિદ્યાનંદસ્વામી**એ કહેલ છે કે 'પોતાનો અને વિષયનો નિશ્ચય કરનાર જ્ઞાન પ્રમાણ છે.'

(૩૬) **પ્રમાણપરીક્ષા**માં દિગંબર **વિદ્યાનંદસ્વામી**એ જણાવેલ છે કે 'સમ્યક્ જ્ઞાન પ્રમાણ છે. તથા સમ્યક્ જ્ઞાન પોતાનો અને પદાર્થનો નિશ્ચય કરવા સ્વરૂપ છે. કારણ કે તેમાં સમ્યક્ જ્ઞાનત્વ છે.'

(૩૭) **ન્યાયવિનિશ્ચયવિવરણ**માં **શ્રીવાદિરાજસૂરિ** કહે છે કે 'સત્ય પ્રકાશ પાથરનાર જ્ઞાન પ્રમાણ છે.'

(३८) **परीक्षामुखे माणिक्यनन्दिना** "स्वाऽपूर्वार्थव्यवसायात्मकं ज्ञानं प्रमाणम्" (प.मु.१/१) इति,

(३९) **पञ्चाध्यायीप्रकरणे राजमल्लेन** "विधिपूर्वः प्रतिषेधः, प्रतिषेधपुरस्सरो विधिस्त्वनयोः। मैत्री प्रमाणमिति वा स्व-पराकारावगाहि यज्ज्ञानम्।।" (पञ्चा.प्र.६६५) इति,

(४०) **आलापपद्धतौ देवसेनेन** "सकलवस्तुग्राहकं प्रमाणम्। प्रमीयते = परिच्छिद्यते वस्तुतत्त्वं येन ज्ञानेन तत् प्रमाणम्" (आ.प.पृ.१७) इति,

(४१) **बृहन्नयचक्रे माइल्लधवलेन** [1]"गेण्हइ वत्थुसहावं अविरुद्धं सम्मरूवं जं णाणं। भणियं खु तं पमाणं" (बृ.न.च.१६) इति,

(४२) **न्यायदीपिकायां धर्मभूषणेन** "सम्यग् ज्ञानं प्रमाणम्" (न्या.दी.पृ.३) इति,

(४३) **वैशेषिकसूत्रे कणादेन** "अदुष्टं विद्या" (वै.सू.९/२/१२) इति,

(४४) **वैशेषिकसूत्रोपस्कारे शङ्करमिश्रेण** "विशेष्याऽवृत्त्यप्रकारकानुभवो वा विद्या" (वै.सूत्रो.९/२/१२) इति,

(४५) **न्यायसूत्रभाष्ये वात्स्यायनेन** "उपलब्धिसाधनानि प्रमाणानि" (न्या.सू.भा.१/१/३,२/१/१२) इति,

(४६) **न्यायवार्त्तिके उद्योतकरेण** "उपलब्धिहेतुः प्रमाणम्" (न्या.सू.१/१/३-वा.) इति,

(४७) **गौतमसूत्रवृत्तौ रुचिदत्तशास्त्रिणा** "तद्वति तत्प्रकारकत्वरूपप्रकर्षविशिष्टज्ञानकारणत्वं = प्रमाणत्वम्"

---

(૩૮) **પરીક્ષામુખ** ગ્રંથમાં દિગંબર **માણિક્યનંદી**એ દર્શાવેલ છે કે 'પોતાનો અને અપૂર્વ અર્થનો નિશ્ચય કરાવનાર જ્ઞાન પ્રમાણ છે.'

(૩૯) **પંચાધ્યાયી પ્રકરણ**માં **રાજમલ્લ** કહે છે કે 'વિધિપૂર્વક પ્રતિષેધ અને પ્રતિષેધપૂર્વક વિધિ - આ બન્નેની મૈત્રી પ્રમાણ છે. અથવા પોતાના અને પરના આકારને વિષય કરવાવાળું જ્ઞાન પ્રમાણ છે.'

(૪૦) **આલાપપદ્ધતિ**માં **દેવસેનજી**એ દર્શાવેલ છે કે 'સંપૂર્ણ વસ્તુને જે ગ્રહણ કરે, તે પ્રમાણ કહેવાય. જે જ્ઞાન દ્વારા વસ્તુતત્ત્વનો પૂરેપૂરો નિર્ણય થાય છે, તે પ્રમાણ છે.'

(૪૧) **બૃહદ્નયચક્ર**માં **માઈલ્લધવલજી**એ જણાવેલ છે કે 'જે જ્ઞાન વસ્તુના અવિરુદ્ધ = યથાવસ્થિત સ્વરૂપને સમ્યક્સ્વરૂપે જાણે, તે ખરેખર પ્રમાણ કહેવાયેલ છે.'

(૪૨) **ન્યાયદીપિકા**માં દિગંબર **ધર્મભૂષણજી**એ જણાવેલ છે કે 'સમ્યક્ જ્ઞાન પ્રમાણ છે.'

(૪૩) **કણાદઋષિ**એ **વૈશેષિકસૂત્ર**માં જણાવ્યું છે કે 'દોષશૂન્ય વિદ્યા એ જ પ્રમાણ છે.'

(૪૪) **વૈશેષિકસૂત્રોપસ્કાર**માં **શંકરમિશ્રે** બીજી રીતે તેનો પરિષ્કાર કરેલ છે કે 'વિશેષ્યમાં ન રહેનારા ગુણધર્મને પોતાનો પ્રકાર (= વિશેષણ) ન બનાવે તેવો અનુભવ એ વિદ્યા = પ્રમાણ છે.'

(૪૫) **ન્યાયસૂત્રભાષ્ય**માં **વાત્સ્યાયને** જણાવેલ છે કે 'જ્ઞાનના સાધનો એ જ પ્રમાણ છે.'

(૪૬) **ન્યાયવાર્ત્તિક**માં પ્રાચીન નૈયાયિક **ઉદ્યોતકર** જણાવે છે કે 'ઉપલબ્ધિહેતુ એ પ્રમાણ છે.'

(૪૭) **ગૌતમસૂત્રવૃત્તિ**માં **રુચિદત્તશાસ્ત્રી**એ દર્શાવેલ છે કે 'જે જ્ઞાન વિશેષણવિશિષ્ટમાં જ વિશેષણનું

---

1. गृह्णाति वस्तुस्वभावम् अविरुद्धं सम्यग्रूपं यद् ज्ञानम्। भणितं खु तत् प्रमाणम्।

(गौ.सू.१/१/३ वृ.) इति,

(४८) **न्यायमञ्जर्यां जयन्तभट्टेन** "अव्यभिचारिणीम् असन्दिग्धाम् अर्थोपलब्धिं विदधती बोधाऽबोधस्वभावा सामग्री प्रमाणम्" (न्या.म.भाग-१, १/१/३ पृ.३१) इति,

(४९) **न्यायकुसुमाञ्जलौ उदयनेन** "यथार्थानुभवो मानमनपेक्षतयेष्यते" (न्या.कु.४/१) इति,

(५०) **किरणावल्याम् उदयनेन** एव "अव्याप्त्यतिव्याप्तिविरहेण तत्तदर्थव्यवस्थापकं तत्तद्व्यवहारे व्यवहारव्यवस्थापकं प्रमाणम्" (कि.पृथिवीवैधर्म्यनिरूपण-पृ.१२३)

(५१) **न्यायसारे भासर्वज्ञेन** "सम्यगनुभवसाधनं प्रमाणम्" (न्या.सा.१/पृ.११) इति,

(५२-५३-५४-५५) **न्यायसिद्धान्तमञ्जर्यां जानकीनाथेन, तर्कभाषायां केशवमिश्रेण, तर्कसङ्ग्रहे अन्नम्भट्टेन, तर्ककौमुद्यां च लौगाक्षिभास्करेण** "प्रमायाः करणं = प्रमाणम्" (न्या.सि.म.पृ.१, त.भा.पृ.४, त.स.पृ.४, त.कौ. पृ.८) इति सामान्यरूपेण,

(५६) **तर्कप्रकाशे शितिकण्ठेन** "अनुभवत्वव्याप्यजात्यवच्छिन्नप्रमावृत्तिकार्यतानिरूपितकारणताशालित्वे सति व्यापारवत्त्वं = प्रमाणत्वम्" (त.प्र.ख.१/पृ.१४) इति,

(५७) **तार्किकरक्षायां वरदराजेन** "अनुभूतिः प्रमाणम्, सा स्मृतेरन्या" (ता.र.श्लो.५) इति केचनाभिप्रायेण,

(५८) तत्रैव तेनैव "अज्ञातचरतत्त्वार्थनिश्चायकम्" (ता.र.श्लो.६) इति अपराभिप्रायेण,

---

અવગાહન કરવા સ્વરૂપ પ્રકર્ષથી વિશિષ્ટ હોય, તે જ્ઞાનનું જે કારણ બને તે પ્રમાણ છે.'

(૪૮) **ન્યાયમંજરી**માં **જયંતભટ્ટ** નામના પ્રાચીન નૈયાયિકે જણાવેલ છે કે 'અવ્યભિચારી અને અસંદિગ્ધ એવી અર્થની જાણકારીને કરતી જ્ઞાનાત્મક અને અજ્ઞાનાત્મક સામગ્રી પ્રમાણ છે.'

(૪૯) **ન્યાયકુસુમાંજલિ**માં પ્રાચીન નૈયાયિક **ઉદયનાચાર્ય**એ જણાવેલ છે કે 'અન્યની અપેક્ષા રાખ્યા વિના જે યથાર્થ અનુભવ ઉત્પન્ન થાય છે તે માન = પ્રમાણ તરીકે માન્ય છે.'

(૫૦) **કિરણાવલી**માં **ઉદયનાચાર્ય**એ જ કહેલ છે કે 'અવ્યાપ્તિ કે અતિવ્યાપ્તિ વિના, તે-તે પદાર્થની વ્યવસ્થા કરનાર અને તે - તે વ્યવહાર અંગે વ્યવહારની વ્યવસ્થા કરનાર પ્રમાણ છે.'

(૫૧) **ન્યાયસાર**માં નૈયાયિક **ભાસર્વજ્ઞ** જણાવે છે કે 'સમ્યક્ અનુભવનું સાધન પ્રમાણ છે.'

(૫૨-૫૩-૫૪-૫૫) 'પ્રમાનું કરણ = પ્રમાણ' - આ મુજબ પ્રમાણવ્યાખ્યા **ન્યાયસિદ્ધાન્તમંજરી**માં **જાનકીનાથે, તર્કભાષા**માં **કેશવમિશ્રજીએ, તર્કસંગ્રહ**માં **અન્નંભટ્ટે** તથા **તર્કકૌમુદી**માં **લૌગાક્ષિભાસ્કરે** જણાવેલ છે.

(૫૬) **તર્કપ્રકાશ**માં **શિતિકંઠ** નામના નૈયાયિકે થોડી વધુ સ્પષ્ટતા આ મુજબ કરી છે કે 'અનુભવત્વની વ્યાપ્ય એવી જાતિથી અવચ્છિન્ન એવી પ્રમામાં રહેનારી કાર્યતાની કારણતા જે વ્યાપારયુક્ત કારણમાં રહે તે પ્રમાણ કહેવાય.' વ્યાપારયુક્ત કારણને કરણ કહેવાય. માટે 'વ્યાપારયુક્ત' આમ જણાવેલ છે.

(૫૭) **તાર્કિકરક્ષા** ગ્રંથમાં **વરદરાજે** અનેક મતો પ્રમાણ અંગે દર્શાવેલ છે. ત્યાં તેમણે 'केचन' મત મુજબ 'સ્મૃતિભિન્ન અનુભૂતિ એ પ્રમાણ છે' - આમ દર્શાવેલ છે.

(૫૮) ત્યાં જ **વરદરાજે** અન્ય વિદ્વાનના અભિપ્રાયથી કહેલ છે કે 'અજ્ઞાતચર એવા તત્ત્વાર્થનું

(५९) तत्रैव तेनैव "प्रमेयव्याप्तं प्रमाणम्" (ता.र.श्लो.५) इति अपराभिप्रायेण,

(६०) तत्रैव तेनैव "प्रमानियतसामग्रीं प्रमाणम्" (ता.र.श्लो.६) इति केचिदभिप्रायेण,

(६१) **सर्वदर्शनसङ्ग्रहे सायणाचार्येण अक्षपाददर्शना**भिप्रायेण "साधनाश्रयाऽव्यतिरिक्तत्वे सति प्रमाव्याप्तं = प्रमाणम्" (सर्व.द.स.अक्ष. पृ.२३५) इति,

(६२-६३) **मीमांसाश्लोकवार्त्तिके कुमारिलभट्टेन** नैयायिकाभिप्रायेण "प्रमाणं प्रमया व्याप्तं प्रमितिसाधनम्। प्रमाश्रयो वा तद्व्याप्तः" (मी.श्लो.वा.१/४४) इति मतद्वयम्,

(६४) तत्रैव तेनैव स्वाभिप्रायेण "तस्माद् दृढं यदुत्पन्नं न च संवादमृच्छति। ज्ञानान्तरेण विज्ञानं तत् प्रमाणं प्रतीयताम्।।" (मी.श्लो.वा.१/४०) इति,

(६५) **कुमारिलभट्टेन** अन्यत्र "तत्रापूर्वार्थविज्ञानं निश्चितं बाधवर्जितम्। अदुष्टकारणारब्धं प्रमाणं लोकसम्मतम्।।" (**तन्त्रवार्त्तिके** ?) इति,

(६६) **शाबरभाष्यबृहत्यां प्रभाकरमिश्रेण** "अनुभूतिश्च नः प्रमाणम्" (बृ.१/१/५) इति,

(६७) **शास्त्रदीपिकायां पार्थसारथिमिश्रेण** "कारणदोषबाधकज्ञानरहितम् अगृहीतग्राहि ज्ञानं प्रमाणम्" (शा.दी.पृ.१२३) इति,

---

નિશ્ચાયક હોય તે પ્રમાણ.'

(૫૯) ત્યાં જ **વરદરાજે** 'अपर' મત અનુસાર જણાવેલ છે કે 'પ્રમેયવ્યાપ્ત પ્રમાણ છે.'

(૬૦) તથા ત્યાં જ **વરદરાજે** 'केचित्' મત મુજબ 'પ્રમાનિયત એવી સામગ્રી એ જ પ્રમાણ છે' - આમ કહેલ છે.

(૬૧) **સર્વદર્શનસંગ્રહ**માં **સાયણાચાર્યે** અનેક દર્શનોના મતોનું નિરૂપણ કરેલ છે. ત્યાં તેમણે **અક્ષપાદદર્શન** = ન્યાયદર્શન વિભાગમાં જણાવેલ છે કે 'યથાર્થ અનુભવના સાધન ઈન્દ્રિયાદિ તથા યથાર્થ અનુભવનો આશ્રય આત્મા - આ બન્નેથી જે પૃથક્ ન હોય તેમજ યથાર્થ અનુભવ દ્વારા જે વ્યાપ્ત હોય તે પ્રમાણ છે.'

(૬૨-૬૩) **મીમાંસાશ્લોકવાર્ત્તિક**માં **કુમારિલભટ્ટે** નૈયાયિકના અભિપ્રાયથી બે મત આ મુજબ બતાવેલ છે કે '**(A)** પ્રમાથી વ્યાપ્ત પ્રમાસાધન = પ્રમાણ. **(B)** પ્રમાથી વ્યાપ્ત એવો પ્રમાનો આશ્રય = પ્રમાણ.'

(૬૪) તે જ ગ્રંથમાં મીમાંસકમૂર્ધન્ય **કુમારિલભટ્ટ** સ્વમત જણાવતા કહે છે કે 'દૃઢપણે ઉત્પન્ન થયેલ જે જ્ઞાન અન્ય જ્ઞાનથી સંવાદની અપેક્ષા ન રાખે તે જ્ઞાનને પ્રમાણ જાણો.'

(૬૫) **કુમારિલભટ્ટે** જ અન્યત્ર (સંભવતઃ **તંત્રવાર્ત્તિક**માં) જણાવેલ છે કે 'બાધશૂન્ય, નિર્દોષ કારણથી ઉત્પન્ન, લોકસંમત નિશ્ચયાત્મક અપૂર્વ અર્થબોધ પ્રમાણ છે.'

(૬૬) **શાબરભાષ્ય**ની બૃહતીવ્યાખ્યામાં **પ્રભાકરમિશ્ર** જણાવે છે કે 'અનુભૂતિ એ અમને પ્રમાણ છે.'

(૬૭) મીમાંસક **પાર્થસારથિમિશ્રજી**એ **શાસ્ત્રદીપિકાવ્યાખ્યા**માં 'કારણદોષશૂન્ય તથા બાધકજ્ઞાનરહિત એવું અજ્ઞાતગ્રાહક જ્ઞાન એ જ પ્રમાણ છે' - એવું દર્શાવ્યું છે.

(६८) **मीमांसापरिभाषायां श्रीकृष्णयज्वना** "वेदः, स्मृतिः आचारश्च प्रमाणम्। तत्र वेदः स्वतन्त्रः प्रमाणम्, इतरौ तु वेदमूलकतया" (मी.परि.प्रकरण - १/पृ.३) इति।

(६९) **प्रमाणसमुच्चये दिङ्नागेन** "स्वसंवित्तिः फलं चात्र तद्रूपादर्थनिश्चयः। विषयाकार एवास्य प्रमाणं तेन मीयते।।" (प्र.स.१/१०) इति,

(७०) **प्रमाणसमुच्चयटीकायां** "अज्ञातार्थज्ञापकं प्रमाणम् इति प्रमाणसामान्यलक्षणम्" (प्रमा.स.टी.पृ.११),

(७१) **प्रमाणवार्त्तिके धर्मकीर्त्तिना** "प्रमाणमविसंवादि ज्ञानम्" (प्र.वा.२/१) इति,

(७२) **प्रमाणवार्त्तिकालङ्कारे प्रज्ञाकरगुप्तेन** "अभिप्रायाऽविसंवादात् प्रमाणं सर्वमुच्यते" (प्र.वा.१/३/१२-पृ.९) इति,

(७३) **न्यायबिन्दौ धर्मकीर्त्तिना** "अर्थसारूप्यमस्य प्रमाणम्" (न्या.बि.१/२०) इति,

(७४) **न्यायबिन्दुवृत्तौ धर्मोत्तरेण** "अविसंवादकं ज्ञानं सम्यग्ज्ञानम्" (न्या.बि.१/१ वृ.पृ.५) इति,

(७५) **तत्त्वसङ्ग्रहे शान्तरक्षितेन** "प्रमाणं तु सारूप्यं योग्यताऽपि वा" (त.स.१३४४) इति,

---

(૬૮) **મીમાંસાપરિભાષામાં શ્રીકૃષ્ણયજ્વા** જણાવે છે કે 'વેદ, સ્મૃતિ અને આચાર (= સદાચાર-શિષ્ટાચાર) - આ ત્રણ પ્રમાણ છે. તેમાં વેદ સ્વતંત્ર પ્રમાણ છે. તથા સ્મૃતિ અને શિષ્ટાચાર તો વેદમૂલકરૂપે પ્રમાણ છે.'

(૬૯) **પ્રમાણસમુચ્ચય** ગ્રંથમાં બૌદ્ધાચાર્ય **દિઙ્નાગે** જણાવેલ છે કે 'અહીં સ્વસંવેદન ફલ (= પ્રમાણનું ફલ) છે. અર્થાકાર સંવેદનથી અર્થનો નિશ્ચય થાય છે. તેથી જ્ઞાનનો અર્થાકાર એ જ પ્રમાણ છે. તેનાથી બાહ્ય અર્થ નિશ્ચિત કરી શકાય છે.'

(૭૦) **પ્રમાણસમુચ્ચયટીકા**માં જણાવ્યું છે કે 'અજ્ઞાત અર્થને જણાવે તે પ્રમાણ છે - આ પ્રમાણે પ્રમાણનું સામાન્ય લક્ષણ જાણવું.'

(૭૧) **પ્રમાણવાર્ત્તિક** ગ્રંથમાં **ધર્મકીર્ત્તિ** નામના બૌદ્ધાચાર્યએ જણાવેલ છે કે 'અવિસંવાદી જ્ઞાન એ પ્રમાણ છે.'

(૭૨) **પ્રમાણવાર્ત્તિકઅલંકાર**માં **પ્રજ્ઞાકરગુપ્ત** નામના બૌદ્ધ વિદ્વાને જણાવેલ છે કે 'અભિપ્રાયનો વિસંવાદ ન આવવાની અપેક્ષાએ પ્રત્યક્ષાદિ તમામ પ્રમાણ કહેવાય છે.'

(૭૩) **ન્યાયબિંદુ** ગ્રંથમાં **ધર્મકીર્તિ**એ દર્શાવેલ છે કે 'જ્ઞાનમાં રહેલ અર્થસારૂપ્ય = અર્થસાદૃશ્ય એ જ પ્રમાણ છે.'

(૭૪) **ન્યાયબિંદુવૃત્તિ**માં બૌદ્ધાચાર્ય **ધર્મોત્તરે** 'અવિસંવાદી જ્ઞાન એ પ્રમાણ છે' - એ રીતે પ્રમાણનું લક્ષણ સૂચિત કરેલ છે.

(૭૫) **તત્ત્વસંગ્રહ**માં બૌદ્ધાચાર્ય **શાંતરક્ષિતજી**એ જણાવેલ છે કે 'જ્ઞાનમાં રહેલ અર્થસારૂપ્ય એ પ્રમાણ છે. અથવા તો જ્ઞાનમાં રહેલી પોતાને જાણવાની યોગ્યતા એ જ પ્રમાણ છે.'

(७६) **तर्कभाषायां मोक्षाकरगुप्तेन** "प्रमाणं सम्यग्ज्ञानमपूर्वगोचरम्" (त.भा.पृ.१) इति,

(७७) **धर्मोत्तरप्रदीपे** "प्रापणशक्तिरेव ज्ञानस्य प्रामाण्यम्" (धर्मो.प्र.पृ.१९) इति,

(७८) **साङ्ख्यतत्त्वकौमुद्यां वाचस्पतिमिश्रेण** "असन्दिग्धाऽविपरीताऽनधिगतविषया चित्तवृत्तिः बोधश्च पौरुषेयः फलं = प्रमा। तत्साधनं प्रमाणम्" (सा.का.४/कौ.पृ.२१) इति,

(७९) **तत्त्ववैशारद्यां वाचस्पतिमिश्रेण पातञ्जलयोगदर्शना**नुसारेण "अनधिगततत्त्वबोधः पौरुषेयो व्यवहारहेतुः प्रमा। तत्करणं = प्रमाणम्" (यो.सू.१/७ त.वै.पृ.१३१) इति,

(८०) **राजमार्तण्डे भोजराजर्षिणा** "प्रमाणलक्षणं तु अविसंवादि ज्ञानं प्रमाणम्" (यो.सू.१/७) इति,

(८१) **पातञ्जलयोगसूत्रव्याख्याने योगसुधाकरे सदाशिवेन्द्रसरस्वत्या** "वृत्तौ अज्ञातार्थावगाही चितिशक्तेः प्रतिबिम्बः = प्रमा। तत्करणं वृत्तिः = प्रमाणम्" (यो.सू.१/७ यो.सु.वृ.पृ.११) इति,

(८२) **मणिप्रभायां रामानन्देन** "प्रमा च अज्ञातार्थाऽवगाही पौरुषेयो बोधः वृत्तौ प्रतिबिम्बः। तत्करणं वृत्तिः = प्रमाणम्" (यो.सू.१/७ म.प्र.वृ.११) इति,

(८३-८४-८५) **योगवार्त्तिके विज्ञानभिक्षुणा पातञ्जलयोगसूत्रवृत्तौ** च **भावागणेशेन नागोजीभट्टेन** च

---

(૭૬) **તર્કભાષા**માં **મોક્ષાકરગુપ્ત** નામના બૌદ્ધ વિદ્વાને જણાવેલ છે કે 'અપૂર્વ અર્થને પોતાનો વિષય બનાવનાર સમ્યગ્ જ્ઞાન પ્રમાણ છે.'

(૭૭) **ધર્મોત્તરપ્રદીપ**માં જણાવેલ છે કે 'જ્ઞાનની અર્થપ્રાપણશક્તિ એ જ જ્ઞાનમાં રહેલ પ્રામાણ્ય છે.'

(૭૮) **સાંખ્યતત્ત્વકૌમુદી**માં **વાચસ્પતિમિશ્રજી** જણાવે છે કે '(A) અસંદિગ્ધ, અવિપરીત અને અજ્ઞાતવિષયક એવી ચિત્તવૃત્તિસ્વરૂપ ફળ એ પ્રમા છે. તથા તેનું સાધન બનનાર ઈન્દ્રિયાદિ પ્રમાણ છે. તથા (B) બુદ્ધિવૃત્તિમાં પ્રતિબિંબિત ચૈતન્યાત્મક પૌરુષેય બોધસ્વરૂપ ફળ પણ પ્રમા છે. તથા તેવી વિવક્ષા કરવામાં આવે ત્યારે તેનું સાધન બનનાર બુદ્ધિવૃત્તિ સર્વત્ર અનુગત પ્રમાણપદાર્થ છે.'

(૭૯) **પાતંજલયોગસૂત્રભાષ્ય** ઉપર **વાચસ્પતિમિશ્રજી**એ **તત્ત્વવૈશારદી** વ્યાખ્યા બનાવેલ છે. ત્યાં તેમણે **પાતંજલયોગદર્શન**ને અનુસરીને જણાવેલ છે કે 'વ્યવહારમાં હેતુ બને તેવા પ્રકારનો અજ્ઞાત વિષયક પૌરુષેય બોધ એ પ્રમા છે. તથા તે પ્રમાનું કારણ બને તે પ્રમાણ કહેવાય.'

(૮૦) **પાતંજલયોગસૂત્ર**ની **રાજમાર્તંડ** વ્યાખ્યામાં **ભોજરાજર્ષિ**એ જણાવેલ છે કે "પ્રમાણનું લક્ષણ તો 'અવિસંવાદિ જ્ઞાન પ્રમાણ છે' - આ મુજબ જાણવું."

(૮૧) **પાતંજલયોગસૂત્ર** ઉપર **સદાશિવેન્દ્ર સરસ્વતી**એ **યોગસુધાકર** નામની વૃત્તિ રચેલ છે. તેમણે ત્યાં જણાવેલ છે કે 'ચિત્તવૃત્તિમાં ચિતિશક્તિનું = પુરુષનું જે અજ્ઞાત અર્થનું અવગાહન કરનાર પ્રતિબિંબ પડે છે, તે પ્રમા છે. તથા તે પ્રમાનું કરણ (= સાધકતમ કારણ) બનનારી ચિત્તવૃત્તિ એ પ્રમાણ છે.

(૮૨) **પાતંજલયોગસૂત્ર** ઉપર **રામાનંદ** નામના વિદ્વાને **મણિપ્રભા** વ્યાખ્યા રચી છે. ત્યાં તેમણે જણાવેલ છે કે 'ચિત્તવૃત્તિમાં અજ્ઞાતઅર્થવિષયક જે પૌરુષેય બોધ પ્રતિબિંબરૂપે જણાય છે, તે પ્રમા છે. તથા તેનું કરણ બનનારી ચિત્તવૃત્તિ એ પ્રમાણ છે.'

(૮૩-૮૪-૮૫) **પાતંજલયોગસૂત્ર** ઉપર **વાચસ્પતિમિશ્ર**કૃત **તત્ત્વવૈશારદી** વ્યાખ્યા ઉપર **વિજ્ઞાનભિક્ષુ**એ

"अनधिगततत्त्वबोधः = प्रमा। तत्करणं = प्रमाणम्" (यो.वा.१/७/पृ.३१, यो.सू.१/७ वृ.पृ.१०) इति,

(८६) **याज्ञवल्क्यस्मृतिव्याख्यायां मिताक्षरायां विज्ञानेश्वरेण** "प्रमीयते = परिच्छिद्यते अनेन इति प्रमाणम्" (या.व.स्मृ.२/२२ वृ.) इति सामान्यरूपेण,

(८७) **चरकसंहितायां** "उपलब्धिहेतुश्च प्रमाणम्" (च.सं.पृ.२६६) इति,

(८८) **शैवपरिभाषायां** "प्रमाणमात्रसमवेतं प्रमेयार्थाऽवभासनम्" (शै.प.) इति,

(८९) तत्रैव **पौष्करा**भिप्रायेण "संशयादिविनिर्मुक्ता चिच्छक्तिर्मानमुच्यते" (शै.प.परि.१) इति,

(९०) **ब्रह्मविद्याभरणे** "संवादिप्रवृत्तिजननयोग्यज्ञानजनकं = प्रमाणम्" (ब्र.वि.) इति,

(९१) **अद्वैतसिद्धौ मधुसूदनेन** "दोषाऽसहकृतज्ञानकरणं = प्रमाणम्" (अ.सि.पृ.१२४) इति,

(९२) **वेदान्तपरिभाषायां धर्मराजाऽध्वरीन्द्रेण** "प्रमाकरणं = प्रमाणम्" (वे.परि.१/पृ.९) इति,

(९३) **वेदान्तसारे सदानन्देन** "ब्रह्मविद्या = प्रमाणम्" (वे.सा.पृ.५) इति,

(९४) **अद्वैतवेदान्त**मते चित्प्रतिबिम्बिता बुद्धिवृत्तिः = प्रमाणम् इति,

(९५) **विशिष्टाद्वैत**मते यथार्थाऽनुभवरूपं ज्ञानं = प्रमाणम् इति,

(९६) **शुद्धाऽद्वैत**मते वेदाऽविरुद्धयथार्थज्ञानकरणं = प्रमाणम् इति,

---

**યોગવાર્તિક** નામનું વિવરણ રચેલ છે. તેમજ **પાતંજલયોગસૂત્ર** ઉપર જ **ભાવાગણેશ** તથા **નાગોજીભટ્ટ** નામના વિદ્વાને પણ સ્વતંત્ર વ્યાખ્યા રચી છે. ઉપરોક્ત ત્રણેય વિદ્વાનોએ પોતાની કૃતિમાં જણાવેલ છે કે 'અજ્ઞાત તત્ત્વનો બોધ એ પ્રમા છે. તથા તેનું કરણ બને તે પ્રમાણ છે.'

(૮૬) **યાજ્ઞવલ્ક્યસ્મૃતિ**ની **મિતાક્ષરા** નામની વ્યાખ્યામાં **વિજ્ઞાનેશ્વરે** વ્યુત્પત્તિપુરસ્કારથી પ્રમાણની વ્યાખ્યા કરતાં જણાવેલ છે કે 'જેના દ્વારા વસ્તુની પ્રમા = યથાર્થ નિશ્ચય થાય તે પ્રમાણ કહેવાય.'

(૮૭) **ચરકસંહિતા**માં જણાવેલ છે કે 'ઉપલબ્ધિનો હેતુ પ્રમાણ છે.'

(૮૮) **શૈવપરિભાષા**માં જણાવેલ છે કે 'પ્રમેયાત્મક અર્થનો પ્રકાશ જેમાં સમવેત હોય તે પ્રમાણ છે. પ્રમાણ સિવાય અર્થપ્રતિભાસ અન્યત્ર રહેતો નથી.'

(૮૯) **શૈવપરિભાષા**માં જ **પૌષ્કર**મત મુજબ કહેલ છે 'સંશય-ભ્રમાદિરહિત ચિત્શક્તિ એ પ્રમાણ.'

(૯૦) **બ્રહ્મવિદ્યાભરણ**માં કહેલ છે કે 'સંવાદી પ્રવૃત્તિને ઉત્પન્ન કરવા માટે યોગ્ય = સમર્થ એવા જ્ઞાનનું જનક હોય તેને પ્રમાણ જાણવું.'

(૯૧) **અદ્વૈતસિદ્ધિ**માં **મધુસૂદન સરસ્વતી**એ દર્શાવેલ છે કે 'પ્રમાણ તેને કહેવાય કે જેનું કરણ (= અસાધારણકારણ) બનનારું જ્ઞાન દોષશૂન્ય = દોષસહકારશૂન્ય હોય.'

(૯૨) **વેદાન્તપરિભાષા**માં **ધર્મરાજઅધ્વરીન્દ્ર** કહે છે કે 'પ્રમાનું કરણ હોય, તે પ્રમાણ કહેવાય.'

(૯૩) **વેદાન્તસાર**માં **સદાનંદ** કહે છે કે 'ઉપનિષત્ = અધ્યાત્મવિદ્યા = બ્રહ્મવિદ્યા પ્રમાણ છે.'

(૯૪) **અદ્વૈતવેદાન્ત**મત મુજબ, ચિત્પ્રતિબિંબિત બુદ્ધિવૃત્તિ પ્રમાણ છે.

(૯૫) **વિશિષ્ટાદ્વૈત**મત અનુસાર, યથાર્થ અનુભવસ્વરૂપ જ્ઞાન = પ્રમાણ.

(૯૬) **શુદ્ધાદ્વૈતમતે** વેદઅવિરુદ્ધ યથાર્થ જ્ઞાનનું કરણ (ઈન્દ્રિયાદિ) = પ્રમાણ.

(९७) **द्वैतवेदान्त**मते यथार्थज्ञान-तत्साधनानां प्रमाणत्वम् इति,

(९८) **सर्वतन्त्रसिद्धान्तपदार्थलक्षणसङ्ग्रहे गौरीशङ्करेण** "विवादनिर्णयसाधनं = प्रमाणम्" (स.त.सि.प.ल.पृ.१३६) इति एकाभिप्रायेण,

(९९) तत्रैव "कर्तव्यनिश्चायकं प्रमाणम्" (स.त.सि.प.ल.स.पृ.१३६) इति अन्याभिप्रायेण,

(१००) तत्रैव "व्यापारवत्तासम्बन्धेन प्रमितिविभाजकोपाध्यवच्छिन्नाऽसाधारणकारणं = प्रमाणम्" (स.त.सि.प.ल.स.पृ.१३६) इति इतराभिप्रायेण।

स्वतन्त्र-समानतन्त्र-परतन्त्रवचनसमन्वयेन नानानुयोगानुसारेण प्रमाणलक्षणनिश्चयः कार्यः।

इह तु तस्य प्रासङ्गिकत्वात्, **सम्मतितर्कवृत्ति-स्याद्वादरत्नाकरादौ** (स.त.भाग-४/काण्ड-२/गा.१ वृ.पृ.५१८, स्या.र.१/२) विस्तरेण निष्टङ्कितत्वात्, ग्रन्थगौरवभयाच्च नोपदर्शनं क्रियते।

साम्प्रतं प्रकृतं प्रस्तुमः। सुनय-प्रमाणैः अर्थाधिगम आवश्यकः, अन्यथा एकस्मिन्नेवाऽस्ति-

---

(૯૭) **દ્વૈતવેદાન્ત**ના અભિપ્રાયથી, અર્થાનુસારી જ્ઞાન અને તેના સાધનો = પ્રમાણ.

(૯૮) **સર્વતંત્રસિદ્ધાન્તપદાર્થલક્ષણસંગ્રહ**માં **ગૌરીશંકર** ભિક્ષુ અમુક વિદ્વાનોના મતે એમ જણાવે છે કે 'વિવાદ ઊભો થાય ત્યારે નિર્ણયાત્મક ચુકાદો આપવાનું સાધન હોય, તે પ્રમાણ કહેવાય.'

(૯૯) તે જ ગ્રંથમાં તેઓ અન્ય મનીષી તરફથી એમ દર્શાવે છે કે 'કર્તવ્યનો નિશ્ચય કરાવે તેને પ્રમાણ જાણવું.'

(૧૦૦) **સર્વતંત્રસિદ્ધાન્તપદાર્થલક્ષણસંગ્રહ**માં જ **ગૌરીશંકર** અપર વિદ્વાનોનો મત આ મુજબ જણાવે છે કે "પ્રમિતિવિભાજક ઉપાધિથી અવચ્છિન્ન = વિશિષ્ટ એવી જે જે પ્રમા હોય, તેનું વ્યાપારવત્તાસંબંધથી જે જે અસાધારણ કારણ બને તે પ્રમાણ કહેવાય. ચાક્ષુષાદિ પ્રમાના અસાધારણ કારણભૂત ઈન્દ્રિય-વિષયસંબંધાદિ વ્યાપારમાં અતિવ્યાપ્તિ ન આવે તે માટે વ્યાપારવત્તાસંબંધથી કારણતા જણાવી છે. ચાક્ષુષાદિ પ્રત્યક્ષ પ્રત્યે મન વ્યાપારવત્તાસંબંધથી કારણ હોવાથી તેમાં અતિવ્યાપ્તિ ન આવે તે માટે 'અસાધારણ' એવું કારણનું વિશેષણ લગાડેલ છે."

(**स्व.**) સ્વદર્શનના વચનો (૧ થી ૨૭), સમાનતંત્રના વચનો (૨૮ થી ૪૨) તથા પરદર્શનના વચનો (૪૩ થી ૧૦૦) - આ બધાનો સમન્વય કરીને પ્રાજ્ઞ પુરુષોએ જુદા-જુદા અનુયોગ મુજબ પ્રમાણના લક્ષણનો નિર્ણય કરવો.

### ❋ પ્રમાણલક્ષણપરીક્ષાનો અતિદેશ ❋

(**इह.**) (૧) અહીં તો પ્રમાણલક્ષણનિશ્ચય પ્રાસંગિક હોવાથી, (૨) **સમ્મતિતર્કવૃત્તિ, સ્યાદ્વાદરત્નાકર** વગેરે ગ્રંથમાં પ્રમાણલક્ષણનો નિશ્ચય વિસ્તારથી કરેલો હોવાથી અને (૩) ગ્રંથગૌરવનો ભય હોવાથી જુદા-જુદા ગ્રંથોમાં દર્શાવેલ પ્રમાણલક્ષણોની મીમાંસા કરવા પૂર્વક પ્રમાણનું લક્ષણ અહીં જણાવતા નથી.

### ❂ નિરપેક્ષ એકાન્તપક્ષને છોડીએ ❂

(**साम्प्र.**) હવે પ્રસ્તુત વિષયને અમે રજૂ કરીએ છીએ. તે આ મુજબ - સુનયો અને જુદા-જુદા પ્રમાણો

**સુજસ** શોભન અનુયોગ પરિજ્ઞાન યશવંત જે **વિબુધ** પંડિતજન♦, તેહની **સંગતિં** કરીનઈ, સર્વ શંકાદોષ ટાલી, (**ચિત્તિ** =) ચિત્તમાંહિં **શુભ ભાવ ધરો** *ભલી પરેં.* ॥૧૨/૧૪॥

---

नास्ति-नित्यानित्यादिस्वभावाभ्युपगमे निरपेक्षैकान्ताऽऽपातेन साङ्कर्यादिदूषिताः स्वभावाः स्वकार्यकरणाऽक्षमाः स्युः। तदुक्तं **द्रव्यस्वभावप्रकाशे** [1]"णिरवेक्खे एयंते संकरआईहिं दूसिया भावा। णो णियकज्जे अरिहा विवरीए ते वि खलु अरिहा।।" (द्र.स्व.प्र.६६) इति।

अत एव कुतीर्थानि नाऽभिप्रेतार्थसाधकानि। तदुक्तं **विशेषावश्यकभाष्ये** [2]"नाऽभिप्पेयफलाइं तयंगवियलत्तओ कुतित्थाइं। वियलनयत्तणओ चिय वियलाइं वियलकिरिय व्व।।" (वि.आ.भा.१०३९) इति।

तदर्थं **सुयशःप्राज्ञसाङ्गत्यं** कुरु। सद्द्रव्यानुयोगपरिज्ञानप्रयुक्तयशःसमन्वितविबुधसङ्गतिं कृत्वा सर्वविस्रोतसिका-विपर्यय-संशयाऽनध्यवसायकर्दमं **च** प्रक्षाल्य स्वकीयनिर्मलचित्ते **शुभभावं** =

---

દ્વારા પદાર્થનો નિર્ણય કરવો જરૂરી છે. બાકી પ્રમાણ અને સુનય દ્વારા તે સ્વભાવોને સ્પષ્ટ કરવામાં ન આવે તો એક જ વસ્તુમાં પરસ્પરવિરુદ્ધ અસ્તિસ્વભાવ-નાસ્તિસ્વભાવ, નિત્યસ્વભાવ-અનિત્યસ્વભાવ વગેરેનો સમાવેશ માન્ય કરવામાં નિરપેક્ષ એકાન્તવાદ માન્ય કરવો પડશે. તથા તેવું બને તો અસ્તિસ્વભાવ નાસ્તિસ્વભાવરૂપ બની જશે તથા નિત્યસ્વભાવ અનિત્યસ્વભાવરૂપ બની જશે. કારણ કે નિરપેક્ષ એકાન્તવાદમાં અપેક્ષાભેદનો તો સંભવ જ નથી. તેવી સ્થિતિમાં તે તે સ્વભાવો નિયત સ્વકાર્યને કરવા માટે સમર્થ બની નહિ શકે. તેથી જ **દ્રવ્યસ્વભાવપ્રકાશ** ગ્રંથમાં જણાવેલ છે કે "નિરપેક્ષ એકાન્તવાદમાં સાંકર્ય વગેરે દોષોથી દૂષિત થયેલા સ્વભાવો પોતાનું કાર્ય કરવા માટે સમર્થ નહિ બની શકે. પરંતુ વિપરીત પરિસ્થિતિમાં = સાપેક્ષ એકાન્તવાદમાં = અનેકાન્તવાદમાં જ તે તે સ્વભાવો પોતાનું કામ કરી શકશે."

### ❀ નિરપેક્ષ નય વ્યર્થ ❀

(**अत.**) નિરપેક્ષ એકાન્તો વ્યર્થ હોવાથી જ અન્યદર્શનીઓના મતો ઈષ્ટ ફળના સાધક બની શકતા નથી. આ અંગે **વિશેષાવશ્યકભાષ્ય**માં જણાવેલ છે કે "પાંગળા એવા મિથ્યા મતો ઈષ્ટ ફળના સાધક કારણોથી વિકલ હોવાના લીધે તથા અન્ય નયોથી શૂન્ય હોવાના કારણે ઈષ્ટ ફળના સાધક બનતા નથી. અધૂરી ચિકિત્સાક્રિયા જેમ રોગનાશક બનતી નથી, તેમ અધૂરા અન્યદર્શનો મોક્ષસાધક બનતા નથી."

### ❖ ચાર પ્રકારના કાદવને પખાળો ❖

(**तदर्थं.**) તેથી નય-પ્રમાણ અનુસારે સ્વભાવોનો વિશદ બોધ મેળવવા માટે તમે સદ્દ્રવ્યાનુયોગવિષયક વ્યાપક જ્ઞાનથી પ્રયુક્ત એવા યશને ધારણ કરનારા પંડિત જનોની સંગતિ કરો. તેવી સંગતિ કરીને (૧) પોતાના ચિત્તની ચંચળતા, (૨) વિપર્યાસ (= ગેરસમજ), (૩) તત્ત્વવિષયક સંશય, (૪) અનધ્યવસાય (= તત્ત્વનું અજ્ઞાન) - આ ચાર પ્રકારના કાદવનું પ્રક્ષાલન કરો. તથા આવું પ્રક્ષાલન કરીને પોતાના નિર્મળ ચિત્તમાં શુભ ભાવને ગ્રહણ કરો. જે ભાવ = પરિણામ માર્ગાનુસારી ક્ષયોપશમથી

---

♦ પુસ્તકોમાં 'પંડિત' પાઠ. લા.(૨)નો પાઠ લીધો છે. *....* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. આ.(૧)માં છે.

1. निरपेक्षे एकान्ते सङ्करादिभिः दूषिता भावाः। नो निजकार्येऽर्हा विपरीते तेऽपि खलु अर्हाः।।

2. नाऽभिप्रेतफलानि तदङ्गविकलत्वतः कुतीर्थानि। विकलनयत्वत एव विकलानि विकलक्रियेव।।

मार्गानुसारिक्षयोपशमप्रयुक्तप्राशस्त्यसमन्वितपरिणामं **गृहाण**, अन्यथा मिथ्यात्वापत्तेः।

प्रकृते "[1]अत्थित्ताइसहावा सव्वा सब्भाविणो ससब्भावा। उहयं जुगवपमाणं गेण्हइ णओ गउण-मुक्खभावेण।।
[2]सियसद्देण विणा इह विसयं दोण्हं पि जे वि गिण्हंति। मोत्तुण अमियभोज्जं विसभोज्जं ते वि भुंजंति।।
[3]सियसद्देण य पुट्ठा बेंति णयत्था हु वत्थुसब्भावं। वत्थू जुत्तीसिद्धं जुत्ती पुण णय-पमाणादो।।
[4]इय पुव्वुत्ता धम्मा सियसावेक्खा ण गिह्णए जो हु। सो इह मिच्छाइट्ठी णायव्वो पवयणे भणिओ।।"
(द्र.स्व.प्र.७०-७३) इति **द्रव्यस्वभावप्रकाश**गाथाः चेतसि अवधातव्याः।

**विबुधविमलसूरिणा सम्यक्त्वपरीक्षायां** "प्रमाण-नयसापेक्षं स्याद्वादादिसुनिश्चितम्" (स.प.१२) इत्येवं सम्यक्त्वस्वरूपमुपादर्शि तदपि नाऽत्र विस्मर्तव्यम्। न खलु सकलनय-प्रमाणैरर्थाधिगमतो विना विस्तररुचिसम्यक्त्वाऽऽविर्भावो भवति। तदुक्तं **भावदेवसूरिभिः पार्श्वनाथचरित्रे** "द्रव्याणां निखिला भावाः प्रमाणैरखिलैर्नयैः। उपलम्भं गता यस्य स विस्तररुचिर्मतः।।" (पा.च.सर्ग-१/श्लो.६१६/पृ.२५) इति दृढतरं

---

પ્રયુક્ત પ્રશસ્તતાને ધારણ કરે તેને અહીં શુભભાવ તરીકે સમજવો. આવા શુભભાવને ગ્રહણ કરવાની ગ્રંથકારશ્રીએ હિતશિક્ષા આપેલી છે. જો પ્રમાણ-સુનયથી સ્વભાવોનો સ્વીકાર કરવામાં ન આવે તો મિથ્યાત્વની આપત્તિ આવે.

### 'स्यात्' નિરપેક્ષ બોધ મિથ્યા

(प्रकृ.) પ્રસ્તુતમાં **દ્રવ્યસ્વભાવપ્રકાશ** ગ્રંથની ચાર ગાથાઓ ખાસ ખ્યાલમાં રાખવા જેવી છે. ત્યાં આ અંગે એમ જણાવેલ છે કે "અસ્તિત્વ વગેરે ગુણધર્મો સ્વભાવ છે. તથા અસ્તિત્વ આદિ સ્વ-સ્વભાવવાળા સર્વ પદાર્થો સ્વભાવવિશિષ્ટ કહેવાય છે. સ્વભાવ અને સ્વભાવી આ બન્નેને એકીસાથે મુખ્યરૂપે ગ્રહણ કરે તે પ્રમાણ છે. તથા આ બન્નેમાંથી એકને મુખ્યભાવે અને બીજાને ગૌણભાવે માને તે નય જાણવો. **'स्यात्'** શબ્દ વિના જે નય-પ્રમાણના વિષયને ગ્રહણ કરે છે તે અમૃતમય ભોજનને છોડીને વિષમય ભોજન કરે છે. **'स्यात्'** શબ્દથી યુક્ત નયવિષયો વસ્તુસ્વભાવને જ કહે છે. વસ્તુ યુક્તિસિદ્ધ છે. તથા યુક્તિ નય-પ્રમાણને આશ્રયીને જાણવી. આ પ્રમાણે **'स्यात्'** શબ્દને સાપેક્ષ એવા વિષયોને જે ગ્રહણ નથી કરતો તેને મિથ્યાદષ્ટિ જાણવો. એમ આગમમાં કહેલ છે."

### વિસ્તારરુચિ સમકિતને મેળવીએ

(विबु.) 'પ્રમાણ-નયને સાપેક્ષ તથા સ્યાદ્વાદાદિથી સુનિશ્ચિત' એવું સમ્યગ્દર્શનનું સ્વરૂપ **વિબુધવિમલસૂરિજીએ સમ્યક્ત્વપરીક્ષા** પ્રકરણમાં દેખાડેલ છે. તેને પણ અહીં ભૂલવું નહિ. ખરેખર તમામ નયો અને પ્રમાણો દ્વારા પદાર્થનો નિર્ણય થયા વિના વિસ્તારરુચિ નામનું સમ્યગ્દર્શન પ્રગટ થતું નથી. તેથી જ **ભાવદેવસૂરિજીએ પાર્શ્વનાથચરિત્ર**માં જણાવેલ છે કે "તમામ નયો અને પ્રમાણો

---

1. अस्तित्वादिस्वभावाः सर्वे स्वभाविनः स्व-स्वभावाः। उभयं युगपत्प्रमाणं गृह्णाति नयो गौण-मुख्यभावेन।।
2. स्याच्छब्देन विनेह विषयं द्वयोरपि ये गृह्णन्ति। मुक्त्वाऽमृतभोज्यं विषभोज्यं तेऽपि भुञ्जन्ति।।
3. स्याच्छब्देन च स्पृष्टा ब्रुवन्ति नयार्था हि वस्तुस्वभावम्। वस्तु युक्तिसिद्धं युक्तिः पुनः नय-प्रमाणतः।।
4. इति पूर्वोक्तान् धर्मान् स्यात्सापेक्षान् न गृह्णीयाद् यो हि। स इह मिथ्यादृष्टिः ज्ञातव्यः प्रवचने भणितः।।

ध्येयम्।

प्रमाणराजस्याद्वादाश्रयणं विना केवलनयवादाश्रये तत्त्वनिर्णयस्य अशक्यत्वमेव। तदुक्तं **न्यायखण्डखाद्ये** "एकांशस्य प्राधान्ये अपरांशे च गौणत्वे युक्तेः अनवस्थितत्वात्, नयानां परस्परोपमर्दमात्रप्रवृत्तत्वात्, तत्त्वनिर्णयस्य तु स्याद्वादन्यायैकसाध्यत्वाद्" (न्या.ख.खा.पृ.४३३) इति। तदुक्तम् **आलापपद्धतौ** अपि "नानास्वभावसंयुक्तं द्रव्यं ज्ञात्वा प्रमाणतः। तच्च सापेक्षसिद्ध्यर्थं स्यान्नयमिश्रितं कुरु।।" (आ.प.पृ.१५) इति। एतच्च त्रयोदश्यां शाखायां व्यक्तीभविष्यतीत्यवधेयम्।

"अनाविलसकलज्ञानादिगुणैकरसस्वभावं शुद्धात्मपरिणामरूपं परमार्थतः अनाख्येयम् अनुभवगम्यमेव सम्यक्त्वम्" (ध.स.भाग-१/श्लो.२२ वृ.पृ.६७) इति **धर्मसङ्ग्रहवृत्तौ मानविजयवाचकोक्ति**रप्यत्रावश्यमेव स्मर्तव्या स्वानुभूतिरसिकैः।

---

દ્વારા દ્રવ્યોના સર્વ ભાવો જેની જાણકારીમાં આવેલા છે, તે જીવ વિસ્તારરુચિસમકિતવાળો મનાયેલ છે.' આ વાતને દૃઢપણે ધ્યાનમાં રાખવી.

## ❋ તત્ત્વનિર્ણય નયવાદથી નહિ, સ્યાદ્વાદથી સાધ્ય ❋

**(प्रमा.)** સ્યાદ્વાદ સર્વ પ્રમાણોમાં રાજા છે. તેનો આશ્રય કર્યા વિના ફક્ત નયવાદનો આશ્રય કરવામાં આવે તો તત્ત્વનિર્ણય અશક્ય જ છે. તેથી તો **મહોપાધ્યાયજીએ ન્યાયખંડખાદ્ય**માં જણાવેલ છે કે "વસ્તુના અનંતા અંશો-ભાગો-ગુણધર્મો છે. તેમાંથી કોઈ એક અંશને મુખ્ય કરવામાં આવે તથા અન્ય અંશોને ગૌણ કરવામાં આવે તો તત્ત્વનિર્ણય શક્ય નથી. કેમ કે વસ્તુના કયા અંશને મુખ્ય કરવો અને કયા અંશને ગૌણ કરવો ? તેમાં કોઈ નિર્ણાયક સ્થિર યુક્તિ નથી. વળી, નયો તો માત્ર એકબીજાનું ખંડન કરવામાં પ્રવૃત્ત છે. તેથી નયવાદથી તત્ત્વનિર્ણય શક્ય નથી. તત્ત્વનિર્ણય તો માત્ર સ્યાદ્વાદમર્યાદાથી જ સાધ્ય છે." તેથી પારમાર્થિક તત્ત્વનિર્ણય સ્યાદ્વાદથી જ શક્ય છે. **આલાપપદ્ધતિ** ગ્રંથમાં પણ જણાવેલ છે કે 'અનેક સ્વભાવોથી યુક્ત એવા દ્રવ્યને પ્રમાણથી જાણીને તે દ્રવ્યમાં નિજદ્રવ્યાદિસાપેક્ષ અસ્તિસ્વભાવ વગેરેની સિદ્ધિ કરવા માટે (વાક્યપ્રયોગમાં) તે દ્રવ્યને '**स्यात्**' શબ્દ અને 'નય' - આ બન્નેથી મિશ્રિત કરો.' આ બાબત તેરમી શાખામાં સ્પષ્ટ થશે. આ વાત વાચકવર્ગે ખ્યાલમાં રાખવી.

## ❀ તાત્ત્વિક સમ્યગ્દર્શનની ઓળખ ❀

**("अना.)** 'નિર્મળ તમામ જ્ઞાનાદિ ગુણોની સાથે એકરસ થવાના સ્વભાવવાળું સમ્યગ્દર્શન છે. તે શુદ્ધ આત્માના પરિણામસ્વરૂપ છે. શબ્દાદિ દ્વારા પરમાર્થથી સમકિત કહી શકાય તેમ નથી. તે માત્ર સ્વાનુભવગમ્ય જ છે' - આ પ્રમાણે **માનવિજયજી** ઉપાધ્યાયે **ધર્મસંગ્રહવ્યાખ્યા**માં જે જણાવેલ છે, તે વાતને પણ અહીં સ્વાનુભૂતિના રસિયા જીવોએ અવશ્ય યાદ કરવી.

स्वभावदर्शककोष्ठकरचना त्वत्रैवं बोध्या –

**स्वभावः**

**सामान्यस्वभावः**

(१) अस्तिस्वभावः
(२) नास्तिस्वभावः
(३) नित्यस्वभावः
(४) अनित्यस्वभावः
(५) एकस्वभावः
(६) अनेकस्वभावः
(७) भेदस्वभावः
(८) अभेदस्वभावः
(९) भव्यस्वभावः
(१०) अभव्यस्वभावः
(११) परमभावस्वभावः

**विशेषस्वभावः**

(१) चेतनस्वभावः
(२) अचेतनस्वभावः
(३) मूर्त्तस्वभावः
(४) अमूर्त्तस्वभावः
(५) एकप्रदेशस्वभावः
(६) अनेकप्रदेशस्वभावः
(७) विभावस्वभावः
(८) शुद्धस्वभावः
(९) अशुद्धस्वभावः
(१०) उपचरितस्वभावः

(१) कर्मजनित उपचरितस्वभावः (२) स्वभावजनित उपचरितस्वभावः

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – स्वकल्पनया ये सुन्दरविचारतरङ्गा मनसि जायन्ते ते शुभभावतया शीघ्रं न ज्ञेयाः। एवं क्वचित् कुत्रचित् सद्वाक्यश्रवण-पठनादिना मनसि य उत्साहः जायते सोऽपि नाऽधैर्येण शुभभावत्वेनाऽवसेयः। किन्तु स्वभूमिकोचितविविधनय-प्रमाणमीमांसया सत्सङ्गपूर्वं स्व-परस्वभावगोचरमार्मिकबोधमुपलभ्य मार्गानुसारिक्षयोपशमतः यः भावः प्रशस्ततया परिच्छिद्यते, स एव शुभभावत्वेन ग्राह्यः, शुद्धस्वभावप्राप्तिप्रयोजनतः पोषणीयः, वर्त्तमानस्वभूमिकानुसारेण वर्धनीयश्चेत्युपदेशः।

(स्व.) પ્રસ્તુતમાં સામાન્ય-વિશેષ સ્વભાવને દેખાડનાર કોષ્ઠક પરામર્શકર્ણિકા વ્યાખ્યામાં જણાવેલ છે. તે જોવામાત્રથી સ્પષ્ટ હોવાથી અહીં કર્ણિકાસુવાસમાં તેને ફરીથી જણાવતા નથી.

### ❁ પ્રશસ્ત ભાવને ઓળખીએ ❁

**આધ્યાત્મિક ઉપનય** :- પોતાની કલ્પનાથી સુંદર મજાના તરંગો મનમાં ઊભા થઈ જાય તેને શુભ ભાવ તરીકે સમજી લેવાની ઉતાવળ ન કરવી. તેમજ ક્યાંક કોઈક સારા વાક્યને વાંચીને કે સાંભળીને મનમાં ઉત્સાહ પ્રગટી જાય તેની પણ શુભ ભાવ તરીકે ખતવણી કરવાની અધીરાઈ ન કરવી. પરંતુ સ્વભૂમિકાયોગ્ય વિવિધ નયોની અને પ્રમાણની વિચારણા દ્વારા સત્સંગપૂર્વક સ્વ-પરસ્વભાવનો માર્મિક બોધ મેળવી, માર્ગાનુસારી ક્ષયોપશમના આધારે જેમાં પ્રશસ્તતાનો સિક્કો લાગે તેને શુભ ભાવ તરીકે સમજવો, પકડવો, સ્થિર કરવો, શુદ્ધસ્વભાવની ઝડપથી પ્રાપ્તિ કરવાના પ્રયોજનથી જ તેને પુષ્ટ કરવો તથા આપણી વર્ત્તમાન સાધકદશા અનુસારે વધારવો. આમાં પીછેહઠ ન કરવી. આવો અહીં સંદેશ મળે છે.

ग्रन्थिभेदोत्तरकालीनशुद्धचैतन्यस्वभावापरोक्षानुभूतिप्राप्तिकृते तु योगावञ्चकयोगेन यथार्थगुणज्ञता -गुणानुरागादिभावपूर्वं पूर्णवीतरागदेवाधिदेव-परमविरक्तगुरुदेव-पूर्णज्ञानिप्ररूपितपरमानन्दमयविमलविज्ञान-घननिरुपाधिकनिजात्मस्वभावलक्षणधर्मान् स्वशरणत्वेन प्रपद्य, तारकतत्त्वाशातना-हिंसाद्यष्टादशपाप-स्थानकादिगोचरया विनम्रता-विरक्तता-विमलबुद्ध्यादिप्रेरितया स्वचित्तवृत्तिबहिर्गमन-मलिनीकरणव्यथा-लक्षणया पुनरकरणप्रतिज्ञाबलगर्भया स्वदुष्कृतगर्हया [1]"मूढे अम्हि पावे, अणाइमोहवासिए, अणभिन्ने भावओ हिआहिआणं" (प.सू.१ पृ.८) इत्येवं **पञ्चसूत्र**प्रदर्शितपद्धत्यनुसारेण च स्वगर्हया कर्तृत्व -भोक्तृत्वपरिणतिं शिथिलीकृत्य, चित्तवृत्तिप्रवाहं स्वसन्मुखीकृत्य "शुद्धात्मद्रव्यमेवाहम्, शुद्धज्ञानं गुणो मम। नान्योऽहम्, न ममान्ये" (ज्ञा.सा.४/२) इत्येवं **ज्ञानसार**ज्ञापितः शुद्धविकल्पतया सम्मतः शुभभावः

## ❋ શુદ્ધ વિકલ્પ દ્વારા નિર્વિકલ્પસમાધિને પ્રગટાવીએ ❋

**(ग्रन्थि.)** ગ્રંથિભેદ પછીના કાળમાં શુદ્ધ ચૈતન્યસ્વભાવની જે અપરોક્ષ અનુભૂતિ થાય છે, તેને પ્રાપ્ત કરવા માટે તો નીચે બતાવ્યા મુજબના શુભભાવનું ધ્યાન ધરવું જોઈએ.

(૧) સૌપ્રથમ યોગાવંચકયોગથી દેવ-ગુરુ વગેરેના યથાર્થ ગુણોની ઓળખ કરી, તેના પ્રત્યે ગુણાનુરાગ-અહોભાવ વગેરે કેળવીને પૂર્ણ વીતરાગી સ્વરૂપે દેવાધિદેવને, પરમવૈરાગી (= જ્ઞાનગર્ભવૈરાગ્યધારાવાસિત) સ્વરૂપે ગુરુદેવને તથા પૂર્ણસર્વજ્ઞપ્રરૂપિત પરમાનંદમય વિમલ વિજ્ઞાનઘન નિરુપાધિક નિજ આત્મસ્વભાવરૂપે ધર્મને પોતાના શરણ-આધાર-માલિક તરીકે સ્વીકારવા.

(૨) ત્યાર બાદ જાણે-અજાણે, ટાણે-કટાણે પોતાના દ્વારા કોઈ પણ તારકતત્ત્વની આશાતના થઈ હોય કે હિંસા-જૂઠ વગેરે અઢાર પાપસ્થાનક વગેરેનું સેવન થયું હોય - આ તમામ દુષ્કૃતની નિંદા-ગર્હા કરવી. આ દુષ્કૃતગર્હા ગતાનુગતિકપણે ન હોવી જોઈએ. માત્ર બદનામી, દુઃખ, દુર્ગતિ વગેરેના ભયથી પણ પ્રેરાઈને આ દુષ્કૃતગર્હા કરવાની નથી. પરંતુ વિનમ્રતા, વૈરાગ્ય, વિમલબુદ્ધિ, હૃદયની આર્દ્રતા વગેરેથી પ્રેરાઈને તાત્ત્વિકપણે થવી જોઈએ. પોતાની ચિત્તવૃત્તિને પોતે બહારમાં મોકલી, મલિન કરી તેની આંતર વ્યથા-પીડા -રંજ-ડંખ એ જ દુષ્કૃતગર્હાનું સાચું સ્વરૂપ છે. 'ફરીથી આ દુષ્કૃતનું સેવન નથી જ કરવું' - આવા પ્રકારની પ્રતિજ્ઞાનું બળ પણ તે દુષ્કૃતગર્હામાં ભળેલું હોવું જોઈએ. તો જ તે સાનુબંધ દુષ્કૃતગર્હા બને.

(૩) તેમજ "હું મૂઢ અને પાપી છું. અનાદિ કાળના મોહના કુસંસ્કારોથી ખીચોખીચ ભરેલો છું, તેનાથી વાસિત થયેલો છું. 'પરમાર્થથી મારા માટે શું હિતકારી છે અને શું અહિતકારી છે ?' - આની પણ મને આજ સુધી તાત્ત્વિક ઓળખ થઈ નથી. હું કેવો મૂર્ખ શિરોમણિ છું !" - આ પ્રમાણે **પંચસૂત્ર**માં દર્શાવેલી પદ્ધતિ મુજબ દિલથી સ્વગર્હા-આત્મનિંદા કરવી. આ ત્રણેય પરિબળોના માધ્યમે કર્તૃત્વ -ભોક્તૃત્વપરિણતિને શિથિલ કરવી.

(૪) ત્યાર પછી પોતાના ચિત્તની વૃત્તિના પ્રવાહને સ્વસન્મુખ કરવો, સ્વરૂપગ્રાહી બનાવવો.

(૫) ત્યાર બાદ 'શુદ્ધ આત્મદ્રવ્ય એ જ હું છું. શુદ્ધ જ્ઞાન એ જ મારો ગુણ છે. શુદ્ધાત્મદ્રવ્ય સિવાય હું બીજું કાંઈ પણ તત્ત્વ નથી. શુદ્ધ જ્ઞાન સિવાયના બીજા કોઈ પણ ભાવો મારા નથી' - આ મુજબ **જ્ઞાનસાર**

1. मूढः अस्मि, पापः, अनादिमोहवासितः, अनभिज्ञो भावतो हिताऽहितयोः।

पौनःपुन्येन शान्तचित्तेन ध्यातव्यः, तत एव कालान्तरे निर्विकल्पसमाधिप्रसवात्। तदुक्तं **धर्मपरीक्षायां यशोविजयवाचकैः** [1]"अण्णे पुग्गलभावा, अण्णो एगो य नाणमित्तोऽहं। सुद्धो एस वियप्पो अविअप्प-समाहिसंजणओ।।" (ध.प.९९) इति। इत्थं निर्विकल्पसमाधिमयाऽपरोक्षस्वानुभूतिप्रवाहः संवर्धनीयः। तत एव कालान्तरे शुद्धभावपराकाष्ठाप्राप्तौ "यत् सौख्यं चक्रि-शक्रादिपदवीभोगसम्पदः। ततोऽनन्तगुणं तेषां सिद्धावक्लेशमव्ययम्।।" (गु.क्र.१३३) इति **गुणस्थानकक्रमारोहे श्रीरत्नशेखरसूरि**दर्शितं सिद्धसुखं प्रादुर्भवेत्।।१२/१४।।

इति श्रीवर्धमानतपोनिधि-न्यायविशारद-स्वर्गस्थगच्छाधिपतिश्रीमद्विजय**भुवनभानुसूरीश्वर**शिष्यरत्न-पद्ममणितीर्थोद्धारक-पार्श्वप्रज्ञालयतीर्थप्रेरक-पंन्यासप्रवरश्री**विश्वकल्याणविजयगणिवर**शिष्य-मुनि**यशोविजयगणि**रचितस्य **द्रव्य-गुण-पर्यायरासानु**सारिणो **द्रव्यानुयोगपरामर्शस्य परामर्शकर्णिका**ऽभिधानायां स्वरचितवृत्तौ द्वादशशाखायां **विशेषस्वभावनिरूपणा**ऽऽख्यः द्वादशः अधिकारः।।१२।।

પ્રકરણમાં **મહોપાધ્યાય શ્રીયશોવિજયજી** મહારાજે જે શુભભાવ જણાવેલ છે, તેનું શાંત ચિત્તે ધ્યાન ધરવું જોઈએ. એ શુભ ભાવ 'શુદ્ધ વિકલ્પ' તરીકે માન્ય છે. વારંવાર તેનું ધ્યાન ધરવાથી કાલાંતરે નિર્વિકલ્પ સમાધિ ઉત્પન્ન થાય છે. તેથી જ તો **ધર્મપરીક્ષા** ગ્રંથમાં **મહોપાધ્યાય શ્રીયશોવિજયજી** મહારાજે જ જણાવેલ છે કે "પુદ્ગલભાવો જુદા છે. તથા જ્ઞાનમાત્રસ્વરૂપ એવો હું જુદો છું. હું એક છું, જ્ઞાનમાત્રસ્વરૂપ છું - આ ભાવ 'શુદ્ધવિકલ્પ' છે. તે નિર્વિકલ્પસમાધિને ઉત્પન્ન કરનાર છે." તેથી 'હું કેવળ જ્ઞાનસ્વરૂપ છું' - આ ભાવને દૃઢ રીતે શાંત-સ્વસ્થ ચિત્તે વારંવાર અંદરમાં ઘૂંટવાથી નિર્વિકલ્પ સમાધિમય અપરોક્ષ સ્વાનુભૂતિનો પ્રવાહ પ્રગટે છે. આ પ્રવાહનું સંવર્ધન કરવું. તો તેનાથી જ કાલાન્તરે શુદ્ધભાવની પરાકાષ્ઠા પ્રાપ્ત થતાં **ગુણસ્થાનકક્રમારોહ** ગ્રંથમાં જણાવેલ સિદ્ધસુખ પ્રગટે છે. ત્યાં શ્રી**રત્નશેખરસૂરિ**જીએ જણાવેલ છે કે 'ચક્રવર્તી, ઈન્દ્ર વગેરે પદવીના ભોગવટાની સંપત્તિનું જે સુખ છે તેનાથી અનન્તગુણ અધિક ક્લેશશૂન્ય શાશ્વત સુખ સિદ્ધ ભગવંતોને સિદ્ધશિલામાં હોય છે.' **(૧૨/૧૪)**

પૂજ્યપાદ વર્ધમાનતપોનિધિ ન્યાયવિશારદ સ્વ.ગચ્છાધિપતિ શ્રીમદ્ વિજય **ભુવનભાનુસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન **પૂજ્યવર્ય** પદ્મમણિતીર્થોદ્ધારક પાર્શ્વપ્રજ્ઞાલયતીર્થપ્રેરક પંન્યાસપ્રવર શ્રી**વિશ્વકલ્યાણવિજયજી** ગણિવરના શિષ્યાણુ મુનિ **યશોવિજય** ગણી દ્વારા સ્વરચિત ***'દ્રવ્યાનુયોગપરામર્શ'*** નામના (***દ્રવ્ય-ગુણ-પર્યાયરાસ*** અનુસારી) ગ્રંથની ***'પરામર્શકર્ણિકા'*** નામની સ્વરચિત વૃત્તિના ***'કર્ણિકાસુવાસ'*** નામના ગુજરાતી વિવરણમાં ***'વિશેષસ્વભાવનિરૂપણ'*** નામનો બારમો અધિકાર પૂર્ણ થયો.

**બારમી શાખા સમાપ્ત**

1. अन्ये पुद्गलभावाः, अन्य एकश्च ज्ञानमात्रोऽहम्। शुद्ध एष विकल्पोऽविकल्पसमाधिसञ्जनकः।।

## ❁ શાખા - ૧૨ અનુપ્રેક્ષા ❁

**પ્ર.૧ નીચેના પ્રશ્નોના વિસ્તારથી જવાબ આપો.**

૧. આત્મા શુદ્ધ અને અશુદ્ધ ઉભયસ્વભાવી શી રીતે થાય ?
૨. 'नञ्' ના વિવિધ અર્થ સદૃષ્ટાંત જણાવો. તેમાંથી 'અચેતન' શબ્દમાં આત્માને આશ્રયી કયો અર્થ સંગત થાય છે ?
૩. અષ્ટકર્મજન્ય ઉપાધિઓ કઈ છે ?
૪. ઉપચરિતસ્વભાવ વિશે શિતિકંઠ, મમ્મટકવિ, ગાગાભટ્ટ અને નાગેશભટ્ટના મંતવ્ય જણાવો ?
૫. એકપ્રદેશ અને અનેકપ્રદેશ સ્વભાવને સમજાવો. તે ન સ્વીકારીએ તો શું આપત્તિ આવે ?
૬. ઉપચરિતસ્વભાવ તથા તેના પ્રકાર સદૃષ્ટાંત સમજાવો. સંસારીમાં અને સિદ્ધમાં તેની સંગતિ કરો.
૭. ચેતનસ્વભાવ એટલે શું ? આત્માને સર્વથા ચેતન કહી શકાય ?
૮. મૂર્ત્ત અને અમૂર્ત્ત સ્વભાવ વિશે છણાવટ કરો અને તેના અસ્વીકારમાં આવતી આપત્તિ જણાવો.
૯. આત્મા નિશ્ચયથી સ્વજ્ઞાતા છે, વ્યવહારથી પરજ્ઞાતા છે - સમજાવો.

**પ્ર.૨ નીચેના પ્રશ્નોના સંક્ષેપથી જવાબ આપો.**

૧. આત્મામાં શુદ્ધસ્વભાવને ન સ્વીકારો તો શું આપત્તિ આવે ?
૨. સદૃષ્ટાંત ઉપચરિતસ્વભાવને સમજાવો.
૩. વૃત્તિતાના બે પ્રકાર સદૃષ્ટાંત જણાવો.
૪. પ્રશમરતિ ગ્રંથના આધારે 'કર્મબંધ' ને સમજાવો.
૫. અવિષ્વગ્ભાવસંબંધ દ્વારા અનેકપ્રદેશસ્વભાવ કઈ રીતે સિદ્ધ થશે ?
૬. ચેતનસ્વભાવને મલ્લિષેણસૂરિજીના શબ્દોમાં ઓળખાવો.
૭. જીવના દસ વિશેષસ્વભાવને જણાવો.
૮. આત્માના અશુદ્ધ સ્વભાવનો સ્વીકાર શા માટે આવશ્યક છે ?
૯. 'वस्त्रं कम्पते' આવી પ્રતીતિ નૈયાયિકમતમાં અસંગત શા માટે છે ?
૧૦. એકાંતે મૂર્ત્ત આત્માને શા માટે સ્વીકારી ન શકાય ?

**પ્ર.૩ વાક્ય સાચું છે કે ખોટું ? ખોટું હોય તો સુધારીને લખો.**

૧. સર્વથા અનુપચરિતસ્વભાવવાળો આત્મા આત્મજ્ઞ બની નહિ શકે.
૨. શુભભાવ = માર્ગાનુસારી એવો પ્રશસ્ત ભાવ.
૩. શબ્દશક્તિપ્રકાશિકા ગ્રંથમાં 'नञ्' ના છ અર્થ આપેલા છે.
૪. મૂર્ત્તસ્વભાવથી જીવ મૂર્ત્તતાને ધારણ કરે છે.
૫. तद्वत्तागोचरम् आहार्यज्ञानं प्रति तदभाववत्ताज्ञानं प्रतिबन्धकम्।

૬. કાલાણુ દ્રવ્ય રત્નના ઢગલાની જેમ પૃથક્ પૃથક્ અવસ્થિત છે - આ દિગંબરની માન્યતા છે.
૭. અવયવ સકંપ હોય અને અવયવી નિષ્કંપ હોઈ શકે.
૮. વિભાવ તે નિષ્ઠુર જ્વર છે.
૯. 'કુંડામાં બોર છે' - આ ઉદાહરણ સંપૂર્ણવૃત્તિતાને સૂચવે છે.
૧૦. જેટલા ધર્માસ્તિકાયના સ્વભાવ છે તેટલા જ આકાશના સ્વભાવ છે.

**પ્ર.૪ યોગ્ય જોડાણ કરો.**

| | |
|---|---|
| ૧. ધર્માસ્તિકાય | (૧) સહજસ્વરૂપનું રૂપાંતર = વિભાવ |
| ૨. બૃહન્નયચક્ર | (૨) પંદર સ્વભાવ |
| ૩. મમ્મટ કવિ | (૩) સંસારના ઉચ્છેદની આપત્તિ |
| ૪. નાગેશ ભટ્ટ | (૪) એકવીસ સ્વભાવ |
| ૫. કાળ | (૫) આત્મામાં આરોપિત મૂર્ત્તત્વ |
| ૬. એકાંતે અમૂર્ત્ત આત્મા | (૬) વિભાવસ્વભાવ |
| ૭. ગાગા ભટ્ટ | (૭) સોળ સ્વભાવ |
| ૮. વિશેષાભાવસમૂહ | (૮) આત્મામાં મૂર્ત્તધર્મસજાતીયધર્મવત્ત્વ |
| ૯. જીવ અને પુદ્ગલ | (૯) ગૌણી સારોપા લક્ષણા |
| ૧૦. લાલસા | (૧૦) સામાન્યાભાવ |

**પ્ર.૫ ખાલી જગ્યા પૂરો.**

૧. ------ માં સંકોચ-વિકાસ થતા નથી. (ધર્માસ્તિકાય, જીવાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય)
૨. જ્ઞાનગત ------ એ જ પારમાર્થિક છે. (સ્વવિષયતા, પરવિષયતા, સર્વવિષયતા)
૩. આત્માની ---- નયસંમત અશુદ્ધિ વાસ્તવિક જ છે. (વ્યવહાર, નિશ્ચય, ઉભય)
૪. વિભાવસ્વભાવ વિના કર્મનો ----- અસંભવ. (બંધ, ઉદય, નિર્જરા)
૫. ------ સ્વભાવ સહજ સ્વરૂપમાંથી રૂપાંતરને સૂચવે છે. (ચેતન, મૂર્ત્ત, વિભાવ)
૬. 'આ કૃપણ છે' - એવો વ્યવહાર ------ કર્મથી પ્રવર્તે છે. (મોહનીય, ગોત્ર, અંતરાય)
૭. 'ધર્માસ્તિકાયના દેશો' - વાક્યમાં ---- નય 'ધર્માસ્તિકાયના' શબ્દમાં રહેલ એકવચનને સિદ્ધ કરે છે. (નૈગમ, સંગ્રહ, વ્યવહાર)
૮. તર્કપ્રકાશકાર ----- છે. (કૈયટ, નાગેશ ભટ્ટ, શિતિકંઠ)
૯. આરોપ ---- નયને માન્ય છે. (વ્યવહાર, નિશ્ચય, ઉભય)
૧૦. ભેદધિક્કાર ------ દર્શનનો ગ્રંથ છે. (વેદાંત, મીમાંસક, નૈયાયિક)

---

નોંધ :- પ્રસ્તુત અનુપ્રેક્ષાના ઉત્તરો માટે જુઓ - ભાગ ૭, પરિશિષ્ટ - ૧૭.

# શ્રેયસ્કરશ્રી અંધેરી ગુજરાતી જૈન સંઘ પ્રકાશિત સાહિત્ય સૂચિ

૧૦૬, એસ.વી.રોડ, ઈર્લા, વિલે પારલે (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૬૫. ફોન : ૨૬૭૧૨૬૩૧/૨૬૭૧૯૩૫૭

| નં. | પુસ્તકનું નામ | મૂલ/ટીકાકાર | સમ્પાદન/અનુવાદ ગુજરાતી/હિન્દી |
|---|---|---|---|
| ૧. | નય રહસ્ય (સંસ્કૃત+હિન્દી) | પૂ.મહો.યશોવિજયજી મ.સા. | પ.પૂ.મુનિશ્રી જયસુંદર વિ.મ.સા. |
| ૨. | જ્ઞાનબિંદુ (પ્રા. + સં. + ગુજ.) | પૂ.મહો.યશોવિજયજી મ.સા. | પ.પૂ.મુનિશ્રી જયસુંદર વિ.મ.સા. |
| ૩. | ઉપદેશ રહસ્ય | પૂ.મહો.યશોવિજયજી મ.સા. | પ.પૂ.મુનિશ્રી જયસુંદર વિ.મ.સા. |
| ૪. | પ્રિયંકર નૃપ કથા (સંસ્કૃત) | પ.પૂ.શ્રી જિનસુર મુનિપતિ | — |
| ૫. | સમ્યક્ત્વ ષટ્સ્થાન ચઉપઈ (ગુજ.) | પૂ.મહો.યશોવિજયજી મ.સા. | પ.પૂ.મુનિશ્રી અભયશેખર વિ.મ.સા. |
| ૬. | ન્યાય સિદ્ધાન્ત મુક્તાવલી (ભાગ-૧) (સં. + ગુજ.) | પં.વિશ્વનાથ પંચાનન | પ.પૂ.મુનિશ્રી અભયશેખર વિ.મ.સા. |
| ૭. | ન્યાય સિદ્ધાન્ત મુક્તાવલી (ભાગ-૨)* (સં. + ગુજ.) | પં.વિશ્વનાથ પંચાનન | પ.પૂ.મુનિશ્રી અભયશેખર વિ.મ.સા. |
| ૮. | ધર્મપરીક્ષા (પ્રા. + સં. + ગુજ.) | પૂ.મહો.યશોવિજયજી મ.સા. | પ.પૂ.મુનિશ્રી અભયશેખર વિ.મ.સા. |
| ૯. | પ્રતિમા શતક (પ્રા. + સં. + ગુજ.)* | પૂ.મહો.યશોવિજયજી મ.સા. | પ.પૂ.મુનિશ્રી અજીતશેખર વિ.મ.સા. |
| ૧૦. | ષોડશક પ્રકરણ (ભાગ-૧+૨) (સં. + ગુજ.) | પૂ.મહો.યશોવિજયજી મ.સા. | પ.પૂ.મુનિશ્રી યશોવિજય વિ.મ.સા. |
| ૧૧. | અધ્યાત્મ ઉપનિષદ્ (ભાગ-૧+૨) (સં. + ગુજ.) | પૂ.મહો.યશોવિજયજી મ.સા. | પ.પૂ.મુનિશ્રી યશોવિજય મ.સા. |
| ૧૨. | પ્રશાંત વહિતા (ભા-૧)(ગુજ.)* | આનંદઘન ચોવીસી (સાર્થ) | પૂ.આ.ભુવનરત્નસૂરિ મ.સા. |
| ૧૩. | પ્રશાંત વહિતા (ભા-૨) (ગુજ.) | આનંદઘન ચોવીસી (સાર્થ) | પૂ.આ.ભુવનરત્નસૂરિ મ.સા. |
| ૧૪. | સુકૃતસાગર (પ્રતાકાર-સંસ્કૃત) | વિદ્વત્પ્રકાંડ શ્રીરત્નમણ્ડનગણી | પૂ.મુનિશ્રી પ્રદ્યુમ્ન વિ. મ.સા. |
| ૧૫. | શતકનામા પંચમ કર્મગ્રન્થ (પ્રા. + ગુજ.) | પ.પૂ.દેવેન્દ્રસૂરિ મ.સા. | પ.પૂ.મુનિશ્રી અભયશેખર વિ.મ.સા. |
| ૧૬. | સમાચારી પ્રકરણ - કૂપદૃષ્ટાંત* આરાધક-વિરાધક ચતુર્ભંગી (સં.+ગુજ.) | પૂ.મહો.યશોવિજયજી મ.સા. | પ.પૂ.મુનિશ્રી અભયશેખર વિ.મ.સા. |
| ૧૭. | દ્વાત્રિંશદ્-દ્વાત્રિંશિકા (ભા.૧ થી ૮)(સંસ્કૃત + ગુજ.) | પૂ.મહો.યશોવિજયજી મ.સા. | પ.પૂ.મુનિશ્રી યશોવિજય મ.સા. |
| ૧૮. | દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ + દ્રવ્યાનુયોગ પરામર્શ (ભા.૧ થી ૭)(સંસ્કૃત + ગુજ.) | પૂ.મહો.યશોવિજયજી મ.સા. | પ.પૂ.મુનિશ્રી યશોવિજય મ.સા. |
| ૧૯. | દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ + અધ્યાત્મ અનુયોગ (ભા.૧ + ૨)(સંસ્કૃત + ગુજ.) | પૂ.મહો.યશોવિજયજી મ.સા. | પ.પૂ.મુનિશ્રી યશોવિજય મ.સા. |

★. સ્ટાર નિશાનીવાળા ગ્રન્થો હાલ ઉપલબ્ધ નથી.

## • 'દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ' - ભાગ ૧ થી ૭ની પૃષ્ઠસૂચિ •


| ભાગ | | ઢાળ/શાખા | પૃષ્ઠ |
|---|---|---|---|
| (૧) | ૧ + ૨ | | ૧-૨૪૨ |
| | ૧. | દ્રવ્યાનુયોગ માહાત્મ્ય | ૧-૮૬ |
| | ૨. | દ્રવ્ય-ગુણ-પર્યાય ભેદસિદ્ધિ | ૮૭-૨૪૨ |
| (૨) | ૩ + ૪ + ૫ | | ૨૪૩-૬૭૪ |
| | ૩. | દ્રવ્ય-ગુણ-પર્યાય અભેદસિદ્ધિ | ૨૪૩-૩૫૮ |
| | ૪. | દ્રવ્ય-ગુણ-પર્યાય ભેદાભેદસિદ્ધિ + સપ્તભંગી સ્થાપન | ૩૫૯-૫૬૨ |
| | ૫. | નય-પ્રમાણસાપેક્ષ ભેદાભેદસિદ્ધિ + દ્રવ્યાર્થિકનયનિરૂપણ | ૫૬૩-૬૭૪ |
| (૩) | ૬ + ૭ + ૮ | | ૬૭૫-૧૧૦૪ |
| | ૬. | દિગંબરસંમત નયનું નિરૂપણ | ૬૭૫-૮૧૪ |
| | ૭. | ઉપનય પરામર્શ | ૮૧૫-૯૦૪ |
| | ૮. | આધ્યાત્મિકનય નિરૂપણ + દેવસેનમત સમીક્ષા | ૯૦૫-૧૧૦૪ |
| (૪) | ૯ + ૧૦ | | ૧૧૦૫-૧૬૪૬ |
| | ૯. | ઉત્પાદાદિ વિચાર | ૧૧૦૫-૧૩૮૪ |
| | ૧૦. | દ્રવ્યભેદ નિરૂપણ | ૧૩૮૫-૧૬૪૬ |
| (૫) | ૧૧ + ૧૨ | | ૧૬૪૭-૧૯૬૦ |
| | ૧૧. | ગુણ + સામાન્યસ્વભાવ નિરૂપણ | ૧૬૪૭-૧૮૪૪ |
| | ૧૨. | વિશેષસ્વભાવ નિરૂપણ | ૧૮૪૫-૧૯૬૦ |
| (૬) | ૧૩ + ૧૪ + ૧૫ | | ૧૯૬૧-૨૩૫૨ |
| | ૧૩. | સ્વભાવમાં નયયોજના | ૧૯૬૧-૨૧૧૦ |
| | ૧૪. | વ્યંજનપર્યાય-અર્થપર્યાય નિરૂપણ | ૨૧૧૧-૨૨૪૪ |
| | ૧૫. | જ્ઞાન માહાત્મ્ય | ૨૨૪૫-૨૩૫૨ |
| (૭) | ૧૬ + ૧૭ | | ૨૩૫૩-૨૮૩૪ |
| | ૧૬. | દ્રવ્યાનુયોગપરિજ્ઞાન પ્રાધાન્ય | ૨૩૫૩-૨૫૮૪ |
| | ૧૭. | ગુરુપરંપરા પ્રશસ્તિ | ૨૫૮૫-૨૬૨૯ |
| | • | ૧ થી ૧૮ પરિશિષ્ટ | ૨૬૩૦-૨૮૩૪ |


★ સંપૂર્ણ ★

**નોંધ :-** 'દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ' - આ પુસ્તકના કુલ સાત ભાગના પ્રકાશન સાથે જ **'દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ + અધ્યાત્મ અનુયોગ'** ભાગ ૧-૨ પણ પ્રકાશિત થયેલ છે. તે બન્ને ભાગમાં રાસ+ટબો+પરામર્શ+શ્લોકાર્થ+આધ્યાત્મિક ઉપનય+પાઠાંતરાદિની ટિપ્પણી + દરેક શાખાનો ટૂંકસાર સમાવિષ્ટ છે.

जिनपतिप्रथिताऽखिलवाङ्मयी,
गणधराऽऽननमण्डपनर्तकी।
गुरुमुखाम्बुजखेलनहंसिका,
विजयते जगति श्रुतदेवता।।




श्रुतअधिष्ठायिका मा सरस्वती

स्वकल्पनया ये सुन्दरविचारतरङ्गा मनसि
जायन्ते ते शुभभावतया शीघ्रं न ज्ञेयाः।

(कर्णिका-पृ.१९५६)

પોતાની કલ્પનાથી સુંદર મજાના તરંગો મનમાં ઉભા થઈ જાય
તેને શુભભાવ તરીકે સમજી લેવાની ઉતાવળ ન કરવી.

(કર્ણિકા સુવાસ)


દ્રવ્ય
ગુણ
પર્યાય

प्रकाशक

**શ્રી અંધેરી ગુજરાતી જૈન સંઘ, ઈર્લા**

પરમને પામવાનું પરિપૂર્ણ પરિબળ

દ્રવ્ય ગુણ પર્યાયનો રાસ

ISBN - 978-81-925532-4-5

MULTY GRAPHICS
(022) 23873222 23884222